ॐ

नमः श्रीसिद्धेभ्यः

# અધ્યાત્મ સુધા

(ભાગ–૫)

('બહેનશ્રીનાં વચનામૃત' ઉપર પૂજ્ય 'ભાઈશ્રી શશીભાઈ'ના પ્રવચનો)

હે શુદ્ધાત્મા ! તું મુક્તસ્વરૂપ છો. તને ઓળખવાથી પાંચ પ્રકારનાં પરાવર્તનોથી છુટાય છે માટે તું સંપૂર્ણ મુક્તિને દેનાર છો. તારા પર એકધારી દૃષ્ટિ રાખવાથી, તારા શરણે આવવાથી, જન્મમરણ ટળે છે. ૧૬૬.

તા. ૧૮-૦૭-૧૯૮૭, વચનામૃત–૧૬૬,૧૬૭
પ્રવચન નં. ૧૨૨

'બહેનશ્રીનાં વચનામૃત' ૫૦ પાનું. ૧૬૬ બોલ છે. **'હે શુદ્ધાત્મા! તું મુક્તસ્વરૂપ છો.'** પોતાને ને પોતાને, સ્વ આત્માને સંબોધન કરે છે. પોતે પોતાને કહે છે. પોતે પોતાને જુએ છે અને પોતે પોતાને કહે છે. **'હે શુદ્ધાત્મા! તું મુક્તસ્વરૂપ છો.'** અર્થાત્

ભાવબંધ, દ્રવ્યબંધ એવું કાંઈ પણ કદાપિ તારામાં નથી – એટલે પોતામાં નથી. તારામાં નથી એટલે પોતામાં નથી. અબદ્ધસ્પૃષ્ટ છે. 'સમયસાર'ની ગાથા–૧૫. એમાં આત્માનું સ્વરૂપ પાંચ ભાવો સહિત કહેતાં અબદ્ધસ્પૃષ્ટ છે (અર્થાત્) કર્મથી બંધાયેલો પણ નથી અને કર્મથી સ્પર્શાયેલો પણ નથી. શુદ્ધાત્માને વિષે કર્મનો કોઈ સંબંધ નથી. કર્મનો સંબંધ સંસારની પર્યાય સાથે છે પણ શુદ્ધાત્માની સાથે જરાપણ નથી.

અહીંયાં પણ એ રીતે જોતા આ વચનમાં મહિમા જ (કર્યો) છે કે, હે શુદ્ધાત્મા ! હે ભગવાન આત્મા ! તું તો મુક્તસ્વરૂપ છો. સંસારના બંધન અને સંસારનો એક પડછાયો પણ તારામાં નથી. સંસાર સંબંધીની કોઈ અસર શુદ્ધાત્મા સુધી પહોંચતી નથી. પોતાના સ્વતંત્ર પ્રતાપથી સ્વભાવમાં પોતાનું પરમાત્મ દ્રવ્ય સદાય પરમાત્મ સ્વરૂપે જ બિરાજમાન રહે છે. પોતે પરિપૂર્ણ પ્રત્યક્ષ છે. સ્વરૂપે કરીને–સ્વભાવે કરીને પોતે પરિપૂર્ણ પ્રત્યક્ષ છે, સહજ પ્રત્યક્ષ છે અને એની પાસે બીજું બધું ગૌણ છે. એ સ્વરૂપ પાસે–નિજાત્મસ્વરૂપ પાસે બીજું બધું ગૌણ છે.

**'હે શુદ્ધાત્મા ! તું મુક્તસ્વરૂપ છો.'** ત્યારે જેનું વજન વર્તમાન વર્તતી અવસ્થા ઉપર છે એને તર્ક ઊઠે છે કે, તને આ અવસ્થામાં સંસાર છે એનું શું ? અત્યારે આ સંસારદશા છે એનું શું ? જ્ઞાની કહે છે કે, અત્યારે તું પરમેશ્વર પદે બિરાજમાન છે એનું શું ? એનું વજન ત્યાં છે. એનું શું ? ફક્ત તને ઓળખતા જ – ઓળખવાથી જ જે સ્વરૂપે પોતે છે એ સ્વરૂપનું એને ઓળખાણ થાય, તો ઓળખાણ માત્રથી જ એના પાંચ પરાવર્તનો છૂટી જાય છે. પરાવર્તન એટલે પરિભ્રમણનું ચક્કર. દ્રવ્ય પરાવર્તન, ક્ષેત્ર પરાવર્તન, કાળ પરાવર્તન, ભવ પરાવર્તન અને ભાવ પરાવર્તન. પાંચ પ્રકારના ચક્કર છે, જે જઘન્ય પછી મધ્યમ અને ઉત્કૃષ્ટ બધા પ્રકારે પૂરા થાય ત્યારે એને પાંચ પરાવર્તન પૂરા થયા કહેવામાં આવે છે.

પ્રશ્ન :– આ જીવે કેટલા પરાવર્તન કર્યા ?

સમાધાન :– અનંત. કેમકે નીચે ભૂતકાળનો છેડો નથી. ક્યારનો આ જીવ છે ? એનો કોઈ આદિકાળ નહીં હોવાથી એના પંચ પરાવર્તન પણ અનંત વાર થયા છે. એક-બે વાર નહીં પણ અનંતવાર થયા છે. આ જીવના દુઃખનો હિસાબ માંડે તો એ પણ ગણ્યા ગણાય નહીં એટલા થયા છે. ક્યાંય સુખી થયો જ નથી. બધે એ

દુ:ખી જ થયો છે, દુ:ખ જ ભોગવતો આવ્યો છે. જો એવું એને સમજાય તો સુખ નિધાન એવું જે પરમ પદ છે એના શરણમાં જાય, એને વળગે અને પાંચ પરાવર્તનથી છુટકારો પામે.

મુમુક્ષુ :- પાંચ પરાવર્તન જરા વિસ્તારથી સમજાવશો.

પૂજ્ય ભાઈશ્રી :- દ્રવ્ય પરાવર્તનમાં રજકણ સાથે સંબંધ છે. જે રજકણોનો, જગતના પુદ્ગલોનો સંબંધ થાય છે, એમાં અનંતા પરમાણુમાંથી કોઈ પરમાણુ એવો નથી કે જેની સાથે એને સંયોગ સંબંધ ન થયો હોય, એમ લેવું છે. સર્વ પરમાણુ સાથે એને દ્રવ્યે સંયોગ થાય છે, તો સર્વ પરમાણુ સાથેનો પૂરો થઈ જાય ત્યારે એને દ્રવ્ય પરાવર્તન કહે છે. એવી રીતે ક્ષેત્ર પરાવર્તનમાં ચૌદ બ્રહ્માંડનું જે ક્ષેત્ર છે ૩૪૩ ઘન રાજુ, એમાં ક્યાંય એ ઊપજ્યો નથી એવું નથી. પછી એમાંથી એ ક્રમ લેવાય છે કે, અહીંયાં ઊપજે પછી લોકાકાશના બાજુના પ્રદેશે ઊપજે. વચ્ચે બીજા ભવોમાં ક્યાંય બીજે બીજે ઊપજે એ એના ક્રમમાં ન આવે, એ વધારામાં જાય. પછી બાજુના પ્રદેશે ઊપજે, વળી પાછો કેટલાક ભવ બીજે કરી આવે એ ન ગણાય વળી પાછો એની બાજુમાં ઊપજે. એમ કરીને આખું ચૌદ બ્રહ્માંડ પૂરું કરે. ક્રમથી ઉત્પન્ન થવામાં ક્ષેત્ર પૂરું (કરે). વચ્ચે જેટલો ક્રમ તૂટી જાય એટલું વધારાનું, એટલા જન્મ-મરણ વધારે (કર્યા). એ એનું ક્ષેત્ર પરાવર્તન (છે).

દ્રવ્ય, ક્ષેત્ર, કાળ પરાવર્તન. સર્વકાળમાં એ જન્મ્યો છે. કોઈ કાળમાં, એ અવસર્પિણિ, ઉત્સર્પિણિના બધા આરામાં એ જન્મી ચૂક્યો છે. એમાં પણ ક્રમ ચૂકીને પાછો ઉત્પન્ન થાય એ એને મેળ ખાતો નથી, એ એમાં ગણાતું નથી. એ કાળમાં આયુષ્ય પણ લેવાય છે કે જઘન્ય આયુષ્યે ઊપજે, ત્યારપછી એક સમય વધીને ઊપજે, ત્યારપછી એક સમય વધીને ઊપજે; જેમકે નારકીનું દસ હજાર વર્ષનું આયુષ્ય છે. તો નારકીનું દસ હજાર વર્ષનું પહેલી નારકીનું આયુષ્ય છે, ઉત્કૃષ્ટ ચોરાસી હજાર વર્ષનું આયુષ્ય છે. તો દસ હજાર વર્ષ અને ચોરાસી હજાર વચ્ચેના જેટલા સમયો છે એમાં પહેલી જ નારકીમાં દસ હજાર ને એક સમય, દસ હજાર ને બે સમય, દસ હજાર ને ત્રણ સમય, દસ હજાર ને ચાર સમય, દસ હજાર ને પાંચ સમય... એવા એના આયુષ્ય થયા છે. એ કાંઈ સીધે સીધો નારકીમાંથી નારકીમાં ન જાય

ને પાછો બીજા ભવોમાં આવી જાય એ ભવ નહીં ગણવાના. વળી પાછો એ ક્રમમાં આગળનો સમય પકડે ત્યારે એને એના કાળ પરાવર્તનને ગણવામાં આવે છે. એવી રીતે એણે બધી ગતિના બધા આયુષ્ય ભોગવ્યા છે, એવી રીતે એણે બધા ભવ ભોગવ્યા છે. કોઈ ભવ એણે બાકી રાખ્યો નથી. એમ બધા ભાવે, બધા પ્રકારના અસંખ્ય પ્રકારના વિકારી ભાવ છે એ બધા પણ એ કરી ચૂક્યો છે. પુણ્યના અનંતવાર, પાપના અનંતવાર (એમ) શુભાશુભ બન્ને પ્રકાર અનંતવાર કરી ચૂક્યો છે.

અત્યારે માણસ એ વિષયનું જ્ઞાન નથી એટલે લોભાય છે, પણ પુણ્ય તો થાયને. તપ કરીએ તો પુણ્ય તો થાયને, ઉપવાસ કરીએ તો પુણ્ય તો થાયને, મંદિરમાં દર્શન કરવા આવીએ તો પુણ્ય તો થાયને, શાસ્ત્ર વાંચીએ તો પુણ્ય તો થાયને, દાન આપીએ તો એટલું પુણ્ય તો થાયને ! ભાઈ ! અનંતવાર તારા બધા શુભાશુભભાવ થઈ ચૂક્યા છે. મિથ્યાદૃષ્ટિ કરી શકે તે બધા. સમ્યક્દૃષ્ટિ કેટલાક શુભભાવ કરે છે એ મિથ્યાદૃષ્ટિને નથી થતાં. આમાં એ અપવાદનો વિષય છે. એવી જ રીતે સમ્યક્દૃષ્ટિ જે ભવમાં જે સ્થાનમાં ઊપજે છે એ પણ ત્યાં ભવમાં ને ક્ષેત્રમાં અપવાદરૂપ છે. એ બધા અપવાદ લઈ લેવા. સંસારદશામાં જે થાય એ બધા પ્રકાર આ જીવ કરી ચૂક્યો છે. કેટલી વાર કરી ચૂક્યો છે ? (કે) એકવાર, બેવાર, લાખ, કરોડ, અબજવાર નહીં પણ અનંતવાર પાંચે પરાવર્તન કરી ચૂક્યો છે. અહીંયાં કહે છે...

પ્રશ્ન :– એ બધા પૂરા થાય ત્યારે એક પરાવર્તન થયું કહેવાય ?

સમાધાન :– ત્યારે એક પરાવર્તન પૂરું થયું. અનંતકાળ જાય એમાં. એવા એવા કેટલા પરાવર્તન કર્યાં ? કે અનંત કર્યાં.

પ્રશ્ન :– કોઈ વસ્તુ ભોગવવાની બાકી રહી છે ?

સમાધાન :– કાંઈ બાકી (નથી) બધુંય એઠ છે. Vomit કરેલું માણસને ઘૃણાનો વિષય થાય છે. એમ થાય છે કે મેસૂબ ખાધો છે કે શ્રીખંડ ખાધો છે કે બહુ સારો દૂધપાક ખાધો છે, ખીર બહુ સારી હતી (પરંતુ) Vomit થયેલું ફરીને ચાટી જાય એવી કોઈને વૃત્તિ થતી નથી. આ ભૂલી જાય છે એટલે એને ફરી ફરીને વ્યામોહ થાય છે કે, આ લઈ લઉં, આ ભોગવી લઉં, આ જોઈએ, મને આ જોઈએ, મને આ જોઈએ, મને આ જોઈએ – એ બધું અનંતવાર થઈ ચૂક્યું છે.

મુમુક્ષુ :- હીરા-દાગીના જોવે છે, એનો ભોગ કરવો છે.

પૂજ્ય ભાઈશ્રી :- અનંતવાર. એક-બેવાર નહીં પણ અનંતવાર તું પોતે હીરાના જીવમાં અનંતવાર ઊપજ્યો છો, ખાણમાં જઈને પડ્યો છો. એકેન્દ્રિય થઈને ! હીરાની ખાણમાં, સોનાની ખાણમાં. સોનું ગમ્યું તે 'દી સોનાની ખાણમાં, હીરા ગમ્યા તે 'દી હીરાની ખાણમાં, મોતીનો મોહ થયો તે 'દી મોતી પરવાળાના જીવમાં (ઉત્પન્ન થયો છે). આ છીપલીમાં મોતી ઊપજે છે ને ? સાચા મોતી એ જીવ છે. છીપલું એકેન્દ્રિય જીવ છે.

મુમુક્ષુ :- આ બીજા જીવોની વાત છે ?

પૂજ્ય ભાઈશ્રી :- ના, પોતાની વાત છે. પોતાની વાત છે. પોતે ત્યાં મૂળામાં મફતે ગયો છે અને મોટો દેવ થયો છે, મોટો રાજા થયો છે, મોટો અબજોપતિ થયો છે-બધું થઈ ગયો છે. કાંઈ એણે બાકી રાખી નથી. મિથ્યાદૃષ્ટિને થાય એ બધું થઈ ગયું છે.

પ્રશ્ન :- જીવના ભાવ છે પંચ પરાવર્તનમાં પાછા ઇ ને ઇ ભાવ પાછા Rotation માં આવતાં હશે ?

સમાધાન :- હા, પંચ પરાવર્તનમાં એવા ને એવા ભાવ આવે છે. કારણ કે ભાવ તો મર્યાદિત છે. કેવી રીતે આવે ? ભાવ મર્યાદિત છે અને કાળ અમર્યાદિત છે. તો આવે કે ન આવે ?

પ્રશ્ન :- ભાવવાન તો મર્યાદિત નથી ને ?

સમાધાન :- ભાવવાન અમર્યાદિત છે. પણ અહીંયાં તો વિકારીભાવ છે ને ? એના પ્રકાર છે એ મર્યાદિત છે. અસંખ્યાત પ્રકાર છે એની મર્યાદા છે અને સમય અનંત છે, એટલે ફરી ફરીને એ આવે છે અને ફરી ફરીને એના ફળમાં એનો ભોગવટો પણ થાય છે. એમ.

મુમુક્ષુ :- એક સરખો રસ નથી હોતો.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ બદલાયા કરે છે. રસ ઓછોવત્તો થયા કરે છે, છતાં પણ એવો ને એવો ફરીને થાય છે ખરો. ભલે અનંતકાળે થાય પણ એવો ને એવો રસવાળો પાછો થાય છે. એનાથી એવું જ કર્મ બંધન થાય છે એવો જ એને ભોગવટો

થાય છે.

મુમુક્ષુ :– ભાવરસ પણ નવા નવા નથી થતા કોઈ નવો ભાવ છે એવું નથી એ તો કરેલા જ ભાવ કરે છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, કરેલા જ છે. કોઈ નવો નથી. અશુભ પણ કરેલો અને શુભ પણ કરેલો. અત્યાર સુધીમાં એણે કાંઈ નવીન કર્યું નથી. કરેલું જ બધું કર્યું છે, આ પરિસ્થિતિ છે. હવે એ ચક્કર એવું છે કે, જેમાંથી છૂટવું મુશ્કેલ છે પણ એક માત્ર સ્વરૂપને, શુદ્ધાત્મસ્વરૂપને ઓળખવા માત્રથી એનાથી છુટાય છે. ઓળખવાથી છૂટી જવાય છે એમ કહે છે.

પ્રશ્ન :– સ્વભાવ અમર્યાદિત છે ?

સમાધાન :– હા, સ્વભાવ અમર્યાદિત છે, વિભાવ મર્યાદિત છે એવો એક બોલ આવશે આમાં. વિભાવ છે એ મર્યાદિત છે અને સ્વભાવ છે એ અમર્યાદિત છે. શક્તિમાં પણ સ્વભાવ અમર્યાદિત છે અને વિભાવ મર્યાદિત છે, એમ છે.

પ્રશ્ન :– અર્ધ પુદ્ગલ પરાવર્તન એટલે શું કહે છે ?

સમાધાન :– અર્ધ પુદ્ગલ પરાવર્તન એટલે આ જે દ્રવ્ય પરાવર્તન છે એનું અડધું. પચાસ ટકા. અર્ધ પુદ્ગલ પરાવર્તન એટલે જે પૂરું પુદ્ગલ પરાવર્તન છે– પૂર્ણ પુદ્ગલ પરાવર્તન છે એનો અડધો ભાગ. એને અર્ધ પુદ્ગલ પરાવર્તન કહે છે. જે દ્રવ્ય પરાવર્તન કહ્યું ને ? એક પરમાણુનો સંયોગ થયો, બેનો થયો, અનંતાનો થયો, એ બધાનો પૂરો થાય એમાં અડધો. એ ઘણો લાંબો કાળ છે પણ છતાં મર્યાદિત છે, મર્યાદિત કાળ છે. આમ તો પુદ્ગલ પરાવર્તન પણ મર્યાદિત કાળ છે. કેમકે એક પૂરો થઈને ફરીને પુદ્ગલ પરાવર્તન થાય છે, પાછું ફરીને થાય છે. આ તો એનું અડધું.

જે જીવને મુક્તિનો કાળ નજીક આવે છે – એટલે અર્ધ પુદ્ગલ પરાવર્તનની અંદર એ આવે છે ત્યારે તે જીવ સમ્યક્ત્વ ઊપજવા યોગ્ય છે, તે જીવને સમ્યગ્દર્શન ઊપજી શકે છે. પણ જે જીવ એથી બહાર છે એને સમ્યગ્દર્શન (ત્યાં સુધી) કદી ઊપજતું નથી. ત્યાં સુધી નથી ઊપજતું. જાણવાનો વિષય છે. જાણવાનો વિષય છે એટલે આધાર લેવાનો નથી, એમ. એ બધું જાણવાના વિષયમાં જાય છે.

અહીંયાં એ પ્રશ્ન થવા યોગ્ય છે કે, હે શુદ્ધાત્મા ! '**તને ઓળખવાથી પાંચ પ્રકારનાં પરાવર્તનોથી છુટાય છે...**' તો એની અંદર એવું શું છે ? આ કઈ જાતની ઓળખાણ ? કેવા દ્રવ્ય સ્વરૂપની આ ઓળખાણ ? કે જેની ઓળખાણ થતાં જ પાંચ પરાવર્તનથી છુટાય છે ! આટલો બધો જેનો પ્રતાપ છે, એમ કહે છે. જે દ્રવ્યસ્વરૂપને, જે શુદ્ધાત્મસ્વરૂપને ઓળખવામાં આવે છે એ એવું ઓળખવામાં આવે છે, એને પોતાને પોતાની એવી ઓળખાણ થાય છે કે, મારામાં તો પાંચે પ્રકારના પરાવર્તનનો અભાવ છે. પાંચે પ્રકારના પરાવર્તનમાં થતાં જે વિકારી પરિણામ એ સર્વ ભાવોનો મારામાં અભાવ છે. એના અભાવ સ્વભાવે જ હું સદાય છું. ગજબ કરી કે હું અત્યારે સુધી ભૂલી ગયો એને ! આવા મહા પદાર્થને હું ભૂલી ગયો ! આવા નિજ ભગવાનને જ હું ભૂલી ગયો ! આ મેં એક બહુ મોટો ગજબ કર્યો છે. જેમ માણસ કહે ને કે, ભાઈ ! ગજબની ભૂલ કરી છે તમે ! આવી તો ભૂલ થતી હશે ? તમે આખી જિંદગી હારી જાવ એવી તો કાંઈ ભૂલ થતી હશે ? એમ કહે. કોઈ માણસ એવી ભૂલ કરે તો (કહે), અરે ! તમે આખી જિંદગી હારી ગયા આવી ભૂલ કરી ! અહીંયાં કહે છે કે, તું આખા ભગવાનને ભૂલી ગયો ! એવી ભૂલ કરી કે અનંતભવ હારી ગયો એની પાસે ! એક ભવ હાર્યો નથી પણ અનંતભવ હારી ગયો.

મુમુક્ષુ :- જેમાંથી સર્વને જાણવાની પર્યાય ઉત્પન્ન થાય એને જ ભૂલી ગયો.

પૂજ્ય ભાઈશ્રી :- હા ! સર્વને જાણવાની સર્વજ્ઞ શક્તિને જ ભૂલ્યો. પોતાની સર્વને જાણવાની પર્યાય ઊભી થાય એવો શક્તિવાન છે. એનું નામ તે સર્વજ્ઞ શક્તિવાન છે.

મુમુક્ષુ :- જેમાંથી ઉત્પન્ન થાય એને જ ભૂલી ગયો.

પૂજ્ય ભાઈશ્રી :- એને જ ભૂલી ગયો. જે સર્વોત્કૃષ્ટ મહાન છે એને જ ભૂલી ગયો. પોતાને પાછો, એને એટલે પોતાને જ ભૂલી ગયો. કોઈ નાનીસૂની ભૂલ નથી. જેમ માણસ કોઈ તીવ્ર મિથ્યાત્વ દશામાં દેવ-ગુરુ-શાસ્ત્ર, સત્પુરુષ આદિનો અપરાધ કરે છે ત્યારે એમ કહેવાય છે કે, આ ભવ હારી ગયો. કેમકે બહુ તીવ્ર મિથ્યાત્વના ઉદયમાં જ એ પ્રકારે જોડાતા થાય છે. ત્યારે એ એક ભવ હારી ગયો નથી ખરેખર તો પાછળના એ ઘણાં ભવ હારી જાય છે. કેટલા હારી જાય છે ? એનો હિસાબ

કાઢવો બહુ મુશ્કેલ છે. એટલી મોટી સંખ્યામાં હારી જાય છે. ત્યારે એને એમ કહેવાય છે કે, આવી ગજબની ભૂલ કરી ! આ એક બહુ ગજબની ભૂલ કરી છે કે, પોતાના પાંચ પરાવર્તનને ઓળખાણ માત્રમાં છૂટી જાય એવા સ્વદ્રવ્યને ભૂલી ગયો છે.

એની ઓળખાણ કરી લેવી, પ્રથમમાં પ્રથમ એની ઓળખાણ કરી લેવી. અહીંયાં એના ઉપર વજન છે. એ સૂચવવામાં આવે છે, એનો નિર્દેશ કરવામાં આવે છે કે, જો તું અનાદિનો ભૂલી ગયો છો, એકવાર ઓળખાણ તો કરી લે ! જ્ઞાન લક્ષણથી, જ્ઞાનસ્વભાવી, જ્ઞાનમય ચૈતન્યપિંડ તું આત્મા છો એવી ઓળખાણ તો રાખ તું. માણસને કોઈવાર પરિચિત માણસ ઓળખાણ ન હોય એવી રીતે વર્તે તો માણસને દુઃખ થાય છે ને ? કે, આ તો આપણને ઓળખતો પણ નથી એવી રીતે વાત કરે છે. ઓળખાણ ઘણી હોય, એવી ઘનિષ્ઠ ઓળખાણ હોય ને પછી કોઈ એવી રીતે આંખ ફેરવીને વાત કરે કે જાણે ઓળખતો જ નથી, તો કેવું દુઃખ લાગે ?

અહીંયાં એમ કહે છે કે, તું પોતે જ પરમ પદાર્થ પરમેશ્વર પદે બિરાજમાન (છો). આવા મહાન આત્મા સાથે તારે ઓળખાણ પણ છોડી દેવી છે ? ઓળખાણ પણ રાખવી નથી ? અમસ્તો તો બધે જાય છે કે, આમ જેટલા મોટા હોય એની સાથે ઓળખાણ વધારું. શું કરે છે ? એક વખત ભૂલભૂલમાં પણ 'રાજીવ ગાંધી' એ સામે જોઈ લીધું હોય તો કહે, 'મારી સામું જોતા હતા, હોં !' 'વાત કરી ?' તો કહે, 'ઇ ભલે વાત ન કરી પણ મારા સામું જોતા હતા.' ઠીક !

મુમુક્ષુ :– આપણે 'માતાજી'ની વાત કરો ને ! જરીક નજર પડે તો એમ થાય કે આજ મારા સામું જોતા હતાં.

પૂજ્ય ભાઈશ્રી :– હા, મારા સામું જોતા હતાં.

અહીંયાં કહે છે કે, તું સામું જોવા જેટલી ઓળખાણ પણ નથી રાખતો ? આ તો સાક્ષાત્ સર્વજ્ઞપદે બિરાજમાન છે, પરમાત્મ તત્ત્વ છે કે જેની ઓળખાણ માત્રમાં જ પંચ પરાવર્તન સાફ થઈ જાય છે. એની ઓળખાણ રાખવાની તને કાંઈ લાલચ નથી ? બહારમાં તો તને લાલચ થાય છે પણ અંદરમાં કાંઈ થતું નથી. ગમે તે પ્રકારે એનો મહિમા આવે તો અંદર આવે. મહિમામાં–આત્મસ્વરૂપના મહિમામાં આત્મરસ ઊપજે છે. જ્યાં આત્મરસ ઊપજે છે ત્યાં વિભાવરસ છે એની શક્તિ ખલાસ

થાય છે. વિરુદ્ધરસની શક્તિ ખલાસ થાય છે.

'સોગાનીજી'ના પત્રોમાં પદ આવે છે. આમ તો ઘણું કરીને 'દોલતરામજી'નું છે. 'ગુણ અનંત કે રસ સબૈ અનુભવ રસ કે માંહિ.' અનુભવરસમાં શુદ્ધાત્માના અનંતગુણનો રસ છે, માટે અનુભવ જેવો કોઈ બીજો ઉત્કૃષ્ટ રસ નથી. પરમ શાંતરસ છે. એ અમૃતરસ છે કે, એ અમૃતરસને સ્વાદતા એની કોઈ તૃપ્તિ જ થાય નહીં. જીવ નિજરસને જાણે પીધા જ કરે. એવો એ અનુભવરસ છે અને એમાં સદાયને માટે વિભાવરસનો અભાવ છે. વિભાવમાં ચૈતન્યરસનો અભાવ છે અને ચૈતન્યના અનુભવરસમાં વિભાવરસનો સદાને માટે અભાવ છે. એકમાં બીજાનો અભાવ છે. હવે ક્યો રસ લેવો એ એને પોતાને વિચારવાનું છે અને વિવેક કરવાનો છે. આમ તો શાંતરસ છે કોઈ ઉપદ્રવ નથી, નિરુપદ્રવી રસ છે, નિરૂપાધિક રસ છે અને વિભાવરસમાં તો ઉપદ્રવ અને આકુળતા છે અને દુઃખ છે. એ અશાંતિનો ઉપદ્રવ છે એની અંદર તો. આટલો સામેસામો ફેર છે અને તું શાંતસ્વભાવી ને એનો અવિવેક કરીને તું ઉપદ્રવમાં જા !! આ તે ઊંધી લાઇન પકડવાની કોઈ હદ ખરી કે નહીં ?

હવે એના લાભને વર્ણવે છે કે, '**તને ઓળખવાથી પાંચ પ્રકારનાં પરાવર્તનોથી છુટાય છે માટે તું સંપૂર્ણ મુક્તિને દેનાર છો.**' તું તો મુક્તસ્વરૂપ છો પણ અવસ્થામાં જે મુક્તિ થાય એ મુકિતનો દાતાર પણ તું જ છો. કોઈ બીજા પરમેશ્વર મુકિત કરી દેતા નથી કે મુક્તિના દાતાર નથી. તું પોતે જ મુક્તિનો દાતાર છો, મુક્ત અવસ્થા પ્રગટ થાય, સહજમાત્રમાં મુક્ત અવસ્થા પ્રગટ થાય. છેલ્લે વાર નથી, વાર છે ઇ પહેલે છે. જેટલો કાળ સમ્યગ્દર્શન પામવામાં કાઢયો એટલો કાળ સાધકદશાનો નથી. જેટલો ઉત્કૃષ્ટ કાળ ચોથા ગુણસ્થાનમાં કોઈ કાઢે એટલો કાળ કોઈ મુનિદશામાં ન કાઢે. ચતુર્થ ગુણસ્થાનમાં સાગરોપમના આયુષ્ય છે, એટલો કાળ કોઈ મુનિદશામાં ન કાઢે. અને જેટલો કાળ મુનિદશામાં કાઢે એટલો કાળ કાંઈ ક્ષપકશ્રેણીમાં કાઢે નહીં. ધ્યાનમાં એટલો કાળ નથી. સંપૂર્ણ મુક્ત થવામાં તો ઓછામાં ઓછા કાળમાં અંતર્મુહૂર્તની અંદર એકાગ્ર થાય તો એ પૂર્ણદશાની-પરમેશ્વરપદની પ્રાપ્તિમાં આવી જાય છે.

મુમુક્ષુ :- સિદ્ધમાં આવ્યા પછી ઘણો કાળ જાય છે.

પૂજ્ય ભાઈશ્રી :– પછી તો સર્વકાળ એમાં જ જાય છે.

મુમુક્ષુ :– ક્ષપકશ્રેણી કરતા ઘણો મોટો કાળ પાછો આવી ગયો.

પૂજ્ય ભાઈશ્રી :– સર્વ કાળ એમાં જાય છે. પછી નીચે આવવાનો પ્રશ્ન રહેતો નથી. એનું ફળ એટલું મોટું છે. આરાધનાના અસંખ્ય સમયનું ફળ કેટલું ? આમ હિસાબ મૂકાય છે. કે અનંત... અનંત... અનંત... સાદિ અનંતકાળ. આરાધનામાં ભલે અલ્પ સુખ છે, પણ એના ફળમાં સુખ કેટલું ? કે પરિપૂર્ણ સુખ છે, પરમાનંદ છે. એમાં કોઈ અપૂર્ણ સુખ છે નહીં. દુઃખનો અભાવ કેટલો ? કે સર્વાંશે દુઃખનો અભાવ છે. જરાપણ દુઃખ ન થાય. આગામી કાળમાં, કોઈ કાળમાં દુઃખનો એક અનંતમાં ભાગે પણ કણ ન ઊપજે એટલો નુકસાનથી બચવાનો ફાયદો અને અનંત સમાધિરૂપ શાંતિમાં બિરાજમાન રહેવાનો પરમાનંદના લાભનો ફાયદો. લાભ અને નુકસાન બન્નેમાં અનંતો ફાયદો. કાળ થોડો છે.

બહારમાં કોઈ એમ કહે કે, તમારે થોડું દેવાનું છે ને જાઝું લેવાનું છે. તો એને હોંશ ચડી જાય કે, બસ ! લાખો-કરોડોનો હીરો આપણને હજારોમાં મળે ! અહીંયાં એમ કહે છે કે, અસંખ્ય સમયની તારી સાધના, આરાધના એના ફળમાં તને અનંત કાળ મુક્તિ છે જા !! કોઈ ’દી તારે કાંઈ ઉપાધિ નહીં. ત્રણલોકનો નાથ થઈને બિરાજમાન થઈ જા તું ! આથી શું બીજું જોઈએ ? અને એ પ્રાપ્તિની રીત, વિધિ એ બધું ચોખ્ખેચોખ્ખું આમાં પડ્યું છે. જે દરેક વ્યાપારમાં કહે છે ને કે, એનું રહસ્ય હોય છે, ઇ કોઈ કોઈને બતાવતું નથી કે પોતે કેવી રીતે કમાઈ લે છે. પૂછે તો એનો જવાબ આપે નહીં. તો અહીંયાં કહે છે કે, સિદ્ધપદની કમાણીનું રહસ્ય સંતોએ, જ્ઞાનીઓએ ખુલ્લું મૂકી દીધું. અમને આ રીતે લાભ થયો છે અને હે જગતના જીવો ! તમે પણ બધા આ લાભ લઈ લ્યો. પેલાપણે એમ કહે છે કે, મારી હરીફાઈમાં કોઈ આવે નહીં, એને હું બતાવું નહીં. અહીંયાં કહે છે કે, અહીંયાં અમારો ખુલ્લો ચોપડો છે.

મુમુક્ષુ :– દરિયો છે, જેટલું પીવાય એટલું પીવો.

પૂજ્ય ભાઈશ્રી :– પીવાય એટલું તમારી શક્તિ હોય એટલું પીવો, દરિયો ખુલ્લો છે. વળી બધા સંપૂર્ણ સુખી થાવ એ જ અમારી ભાવના છે. કોઈ જીવને કિંચિતમાત્ર દુઃખ ન રહે એ જ અમારી ભાવના છે. ભાવનાની વિશાળતા તો જુઓ ! એમ નથી

કે મનુષ્ય પૂરતી એ વાત મર્યાદિત છે. જગતના સર્વ જીવો, અનંતા જીવો માટે એક જ વાત છે, બીજી કોઈ વાત નથી.

મુમુક્ષુ :- આ કાળમાં તો 'ગુરુદેવશ્રી'એ બતાવ્યું. મોટો ઉપકાર !

પૂજ્ય ભાઈશ્રી :- **એ તો એક મોટી આશ્ચર્યની ઘટના થઈ છે. કાળ એટલો હીણો છે; એવા હીણા પરિણામવાળા જીવો અહીંયાં હોય છે, આવે છે કે આવા મહાપુરુષ ભાગ્યે જ એ બધાની વચ્ચે હોય શકે, છતાં નસીબદાર આપણે છીએ. ખરેખર તો નસીબદાર આપણે છીએ કે, એ આપણી વિદ્યમાનતાના કાળમાં પ્રત્યક્ષ સત્ સમાગમનો અવસર મળી ગયો.**

મુમુક્ષુ :- તક ઝડપવાની રહી ને !

પૂજ્ય ભાઈશ્રી :- તક ઝડપવાની, એનો લાભ લેવાનો રહ્યો. જેટલો લઈ શકે એટલો લાભ લેવાનો રહ્યો. 'શ્રીમદ્જી'એ એક જગ્યાએ પોતાને સંબોધન કર્યું છે. પોતાનું નિજ સંબોધન છે કે, હે આત્મા ! આવો સરસ દાવ આવ્યો છે અને જો તું ચૂકી જઈશ તો તારા જેવો પણ કોઈ બીજો મોટો મૂર્ખ નથી. એમણે તો સ્પષ્ટ લખ્યું છે કે, જો અમે હવે અહીંયાં અમારું આત્મહિત ન સાધીએ તો અમારા જેવા મૂર્ખ પણ ઓછા જાણવા. કેટલો અંદરથી પુરુષાર્થ જોર કરે છે એ વાત છે. **એકાવતારી છે ને** ! બધું ખંખેરતા જાય છે. લોકો મને આમ જોશે, આવું લખીશ તો લોકો મને આમ જોશે એ ગણતરી એમાં નથી. એ નજર એની અંદર નથી કે, મેં આવું લખ્યું કે અમે મૂર્ખ, અમે ઇ ગણાશું. એવી વાત અમારા માટે અમારે લખવી ? કાંઈ નહીં બધું ખંખેરીને હવે આમાંથી નીકળી જવું છે, ત્યાં કોની સામે જોવું ? કે કોઈની સામે જોવાનો પ્રશ્ન રહેતો નથી.

**'તને ઓળખવાથી પાંચ પ્રકારનાં પરાવર્તનોથી છુટાય છે માટે તું સંપૂર્ણ મુક્તિને દેનાર છો.'** પૂરેપૂરી મુક્તદશા જેના સન્મુખ એકાગ્ર થવાથી જ પ્રગટ થાય છે. એકાગ્રતામાં જ મુક્તિ થઈ જાય છે, એને બંધન રહેતું નથી. કારણશુદ્ધપર્યાયનું વર્ણન કરતાં 'ગુરુદેવશ્રી' એ એક ન્યાય, બહુ સૂક્ષ્મ ન્યાય કાઢયો છે કે, આ વસ્તુનું સામર્થ્ય કેટલું ? કે, વસ્તુનું સામર્થ્ય એટલું કે જેના વર્તમાનને જોતાં કેવળજ્ઞાન ફાટે ! ત્રિકાળ તો એવું ને એવું છે પણ જોવે છે એ તો વર્તમાન જ જણાય છે. અને વર્તમાનમાં

પણ એનું જે અગાધ સામર્થ્ય છે, એનો વર્તમાન વર્તતો અંશ છે એને કારણશુદ્ધપર્યાય કહી છે. કારણશુદ્ધપર્યાય એટલે કહી કે, એ કાર્ય શુદ્ધનું અવલંબનભૂત હોવાથી, વર્તમાન એક શુદ્ધ કાર્યનું અવલંબનભૂત હોવાથી એને અહીંયાં કારણનું નામ દીધું. તો કહે છે, એનું વર્તમાન વર્તતું, ખાલી એક સમયનું વર્તમાન વર્તતું એને જોતાં કેવળજ્ઞાન ફાટે ! વસ્તુના અગાધ સામર્થ્યને કેવી રીતે બતાવવું ? એટલું અગાધ... અગાધ... અગાધ... સામર્થ્ય છે કે જોનારની આ હાલત થાય છે, અવસ્થા જે જોનાર છે એની આ હાલત થાય છે. વસ્તુનો મહિમા તો એમાં ડૂબીને એને માણવો એ સિવાય કોઈ વસ્તુનો મહિમા બીજી રીતે થઈ શકે એવું નથી. વસ્તુની બહાર રહીને વસ્તુનો મહિમા શું કરવો ? અથવા જે ચૈતન્ય વસ્તુ (છે) એને આ જડ વાણી, ચૈતન્ય અને જડ તો સામેસામા (છે), જડ તો એનો દુશ્મન છે, દુશ્મનથી કેટલીક વાત થાય સજ્જનની ? એનામાં પણ એ શક્તિ નથી.

એવો એ **'સંપૂર્ણ મુક્તિને દેનાર છો.'** પ્રમાણનું દ્રવ્ય લઈને એ રીતે 'ગુરુદેવ' કહેતા કે જે ણમો સિદ્ધાણં–સિદ્ધપદ છે, સર્વોત્કૃષ્ટ પદ છે એ સિદ્ધપદ છે, એ તારા પેટમાં એવી અનંતી સિદ્ધની પર્યાય છે. અનંતી સિદ્ધની પર્યાય પ્રગટ કરે એવું તારું દ્રવ્ય છે. તો અનંતી સિદ્ધની પર્યાય એની અંદર સમાવેશ પામેલી છે, પડેલી છે; અને એક પછી એક પછી અનંતકાળ પર્યંત એ સિદ્ધદશા પરિણમ્યા જ કરે, થયા જ કરે. તારું એવડું મોટું પેટ છે કે એનો ક્યાંય પત્તો લાગે એવું નથી. અંદર અનંતી સિદ્ધની પર્યાય છે. આવો તું સિદ્ધ પર્યાયનો પણ જનક છો, ઉત્પાદક છો. એક સમયના સિદ્ધપદનો પણ તું ઉત્પાદક છો. એટલે તો એને કોઈ ઉત્પન્ન નથી કરી શકતું. શુદ્ધાત્માને કોઈએ ઉત્પન્ન કર્યો નથી. એક સમયની સિદ્ધદશા, પરમાત્મદશાને પોતે ઉત્પન્ન કરે છે, એ દ્રવ્ય તો અનાદિ અનંત અનઉત્પન્ન છે, એને ઉત્પન્ન કરવાનો પ્રશ્ન રહેતો નથી.

પ્રશ્ન :– સિદ્ધદશાને ઉત્પન્ન કરે છે એટલે ?

સમાધાન :– નવી ઉત્પન્ન થાય છે ને સિદ્ધદશા ? ઉત્પાદ થાય છે ને ? સિદ્ધદશાનો ઉત્પાદ થાય છે. ક્યાંથી ઉત્પાદ થાય છે ? અંદરમાં જે સિદ્ધત્વ પડ્યું છે એમાંથી ઉત્પન્ન થાય છે, ક્યાંય બહારથી સિદ્ધદશા આવતી નથી. કેટલી આવે છે ? કે અનંતી આવે છે. અનંતકાળ પર્યંત આવ્યા જ કરે, આવ્યા જ કરે, છતાં જે મૂળ સ્વરૂપ છે

(એ) એવું ને એવું, એટલું ને એટલું, એમ ને એમ, જરા પણ હાનિ નહીં, જરા પણ વૃદ્ધિ નહીં. કાંઈ નહીં, એમાં કોઈ જાતનો ફેરફાર નહીં. એવું ને એવું ધ્રુવ તત્ત્વ છે. જેટલો એ ધ્રુવનો મહિમા આવે એટલી પર્યાય ઉજ્જવળ થાય આ સીધી વાત છે.

ખરેખર તો સમ્યગ્દર્શન છે એ પોતાના નિજ સ્વરૂપના મહિમાના ફળસ્વરૂપે ઉત્પન્ન થયેલી પહેલીવહેલી દશા છે. ત્યાંથી એને મહિમા આવ્યો એમ ગણી શકીએ. પછી ઉત્તરોત્તર જેટલી શુદ્ધદશા છે એ બધી ખરેખર તો શુદ્ધ સ્વરૂપમાં લીન થતાં, એના મહિમાથી એમાં લીન થતાં, એના રસથી એમાં લીન થતાં ઊપજતી દશા છે સિવાય બીજું કાંઈ નથી. એ શુદ્ધાત્માની અહીંયાં ભક્તિ ચાલે છે. ખરેખર તો આ બોલમાં લઈએ તો નિશ્ચયભક્તિ ચાલે છે. શુદ્ધાત્માની ભક્તિ (ચાલે છે).

**'માટે તું સંપૂર્ણ મુક્તિને દેનાર છો. તારા પર એકધારી દૃષ્ટિ રાખવાથી, તારા શરણે આવવાથી, જન્મમરણ ટળે છે.'** અવસ્થાને પછી જન્મ-મરણ રહેતા નથી. એકધારી દૃષ્ટિ રાખવાનો અર્થ એ છે કે, દૃષ્ટિ ચ્યુત થાય તો પાછો મિથ્યાત્વમાં આવી જાય છે; એટલે દૃષ્ટિ તો એકધારી રાખવાનો વિષય છે. આમ તો ઉપયોગ પણ એકધારો રહે એ જ એના માટે ભલું છે અને કલ્યાણકારક છે, છતાં પણ ઉપયોગ તો સાધકદશામાં બહાર જાય છે. ઉપયોગ બહાર જાય છે એટલું સાધકદશાને પણ અનુકૂળ નથી, એટલું એ પોતાની સાધકદશાને અનુકૂળ નથી, તોપણ સાધકદશાનો અંશ બળવાન હોવાથી સાધકદશાને એ નાશ કરી શકતો નથી. ઉપયોગ બહાર જાય એ સાધકદશાને પ્રતિકૂળ હોવા છતાં; ઉપયોગનું બળ નથી પણ સાધકદશાનું બળ હોવાથી સાધકદશાનો એ નાશ કરી શકતો નથી. એટલે વળી પાછો એ બહાર ગયેલા ઉપયોગનો નાશ થાય છે અને વળી પાછો એ પોતે અંદરમાં ડૂબે છે, લીન થાય છે અને સાધકદશામાં વૃદ્ધિગતપણું થતું જાય છે.

મુમુક્ષુ :– તો એમ થયું કે અનંતગુણમાં સૌથી વધારે તાકાત શ્રદ્ધાગુણની નક્કી થઈ.

પૂજ્ય ભાઈશ્રી :– શ્રદ્ધાગુણની તાકાત તો છે. આમ તો બધા ગુણોને અનંત તાકાત છે. શક્તિ તો દરેકને પોતપોતાની પૂરી શક્તિ છે. કોઈ ગુણ શક્તિએ અધૂરો કે ક્ષતિવાળો નથી, ખામીવાળો નથી પણ શ્રદ્ધાગુણની વિશિષ્ટતા એ છે કે પહેલેથી

જ એ પૂરી શક્તિથી સવળો પરિણમે છે. બીજા ગુણોની અંશ શક્તિ વ્યક્ત થાય છે, અંશે શક્તિ વ્યક્ત થાય છે; જ્યારે શ્રદ્ધાગુણ પહેલેથી પૂરી શક્તિથી પરિણમે છે. એનો એવો જ વિશિષ્ટ પ્રકારનો સ્વભાવ છે, એની પ્રકૃતિ છે. ઊંધાઈમાં એમ જ છે – મિથ્યા શ્રદ્ધામાં પૂરો ઊંધો પડ્યો છે; એટલે તીર્થંકરને સાંભળે, ધારણા બરાબર કહે એવી રીતે કરે (કે) શાસ્ત્ર કહે, દેવ-ગુરુ કહે એવી જ ધારણા કરે, તોપણ શ્રદ્ધાને ઉથલાવવામાં એને હજી પુરુષાર્થની આવશ્યકતા રહે છે. એવું નથી કે શાસ્ત્ર ને દેવ-ગુરુ કહે એ અનુસાર એની સમજણ ને જ્ઞાન થઈ જાય માટે એને સમ્યગ્દર્શન થવાનું કે થઈ ગયું એ વાત ખરેખર બરાબર નથી. કેમકે એ શ્રદ્ધાગુણ પૂરી શક્તિથી ઊંધો પડેલો છે અને એને સવળો કરવા માટે; થાશે પૂરેપૂરો સવળો, પણ એને સવળો કરવા માટે જે હદનો પુરુષાર્થ જોઈએ, સમજણ સરખી આવ્યા પછી. યથાર્થ સમજણ આવ્યા પછી પણ એને એટલું કાર્ય થાય એટલું કારણ પુરુષાર્થમાં આપ્યા વિના એ શ્રદ્ધા ગુણ પલટતો નથી, એટલે એ એક સ્વતંત્ર વિષય છે. પુરુષાર્થનો વિષય એકદમ સ્વતંત્ર છે.

મુમુક્ષુ :– મારો કહેવાનો મુદ્દો ઇ હતો કે ચારિત્રગુણ ઢીલો પોચો થાય, જ્ઞાનગુણની તારતમ્યતામાં વધઘટ થાય પણ શ્રદ્ધાગુણ છે એ તો..

પૂજ્ય ભાઈશ્રી :– પૂરો જ પરિણમે છે એમાં વધઘટ ક્યાં થાય ?

મુમુક્ષુ :– એટલે ઇ અપેક્ષાએ એની તાકાત...

પૂજ્ય ભાઈશ્રી :– પૂરોપૂરો સવળો (જ પરિણમે છે.)

મુમુક્ષુ :– ચારિત્ર ગુણ ને (બીજા) ઢીલાપોચા થયા કરે.

પૂજ્ય ભાઈશ્રી :– ચારિત્ર–જ્ઞાનમાં ભલે ગમે એટલી મચક આવે, શ્રદ્ધામાં મચક ન આવે. જો શ્રદ્ધામાં ફેર પડે તો પાછો પૂરેપૂરો મિથ્યાત્વમાં આવે.

મુમુક્ષુ :– મારું કહેવાનું એ છે કે તાકાત સૌથી વધારે એની છે.

પૂજ્ય ભાઈશ્રી :– મિશ્ર ગુણસ્થાનમાં બીજે–ત્રીજે ગુણસ્થાને છે પણ એ તો બહુ અલ્પ સમય છે, પડે ત્યારે જઘન્ય અંતર્મુહૂર્તનો વિષય છે, પણ તરત જ પહેલે ગુણસ્થાને આવે છે. કારણકે એ તો કેવળીગમ્ય છે. કોઈ પડનારને એ અનુભવ પકડાતો નથી કે અત્યારે હું બીજા ગુણસ્થાનમાં છું કે હું ત્રીજા ગુણસ્થાનમાં છું એ સમજાતું

નથી, કાંઈ એના ઉપયોગનો વિષય બનતો નથી એટલો સૂક્ષ્મ કાળ છે. પહેલે ગુણસ્થાને આવી જાય છે તો પૂરેપૂરો પાછો મિથ્યાદૃષ્ટિ થઈ ગયો, અધૂરો રહ્યો નથી. અને સવળો (પડે તો) ? કે એ આચરણમાં એટલી બધી મચક ખાય કે બળભદ્ર વાસુદેવનું શબ છ મહિના ઊંચકીને ફરે, દરેક બળભદ્રની આ સ્થિતિ (થાય). બળભદ્ર ને વાસુદેવ સગા ભાઈ હોય અને એને છ મહિના એનું મડદું ઊંચકીને ફરે. મારો ભાઈ મર્યો જ નથી ને મરે જ નહીં ને મને મૂકીને ક્યાંય જાય નહીં. અમારા સંબંધની તમને ખબર નથી એમ કહે. લોકો તો એમ કહે કે, આ તે ક્ષાયિક સમ્યક્દૃષ્ટિ છે કે આ તે પાગલ છે ? એટલો ચારિત્રનો ઉપદ્રવ થાય.

જેમ દરિયામાં ઝંઝાવાત થાય એવા પરિણામની અંદર ચારિત્રના ઝંઝાવાત ઊભા થાય પણ શ્રદ્ધા એક અંશે એને મચક આપે નહીં. કોનું બળ વધારે ? ચારિત્રના ઝંઝાવાતનું કે શ્રદ્ધાના ખૂંટાનું ? એ ખૂંટો હલતો નથી. એવી મોટી મોટી લડાઈઓ ચક્રવર્તીઓ લડે છે. પુરાણની અંદર તો બધા દૃષ્ટાંતો છે. 'ભરત' ચક્રવર્તીનું, 'બાહુબલી'નું, 'રામચંદ્રજી'નું એ બધા દૃષ્ટાંતો પ્રસિદ્ધ છે. ચારિત્રના–ચારિત્રમોહના ચાળા એવા દેખાય કે સાધારણ પ્રાણીને તો શંકા પડી જાય કે, આ તે કોઈ જ્ઞાની છે કે પાગલ છે ?

મુમુક્ષુ :– અત્યારે 'રામચંદ્રજી' હોય તો શંકા પડી જાય.

પૂજ્ય ભાઈશ્રી :– અરે...! તે દી' પણ આ જીવે શંકા જ કરી છે, અત્યારે શું ? તે દી' હતો તો એણે શંકા જ ઉઠાવી છે અને અત્યારે પણ શંકા ઉઠાવે. જરાક નજીક જઈને જો એને રહેવાનો પ્રસંગ આવે તો એને શંકા પડે.

મુમુક્ષુ :– તે દિવસે પણ ધોબી હતા ને અત્યારેય ધોબી જ છીએ.

પૂજ્ય ભાઈશ્રી :– હજી ધોબી જ છીએ એમ ને ?

મુમુક્ષુ :– શંકા ઉઠાવે એ ધોબી.

પૂજ્ય ભાઈશ્રી :– 'રામચંદ્રજી'ની શંકા ધોબીએ ઉઠાવી હતી ને ? એમ. એવું જ છે જીવનું.

એમાં એવું છે કે, એક વિચારથી નિર્ણય કરે કે આ જ્ઞાની છે અને એની ઓળખાણ હોવી બીજી વાત છે, ઓળખાણ હોવી એ બીજી વાત છે. અને એમ ને એમ ઓઘેઓઘે

માની લે કે, આ જ્ઞાની છે એટલે આપણે તો એમની ભક્તિ કરવા યોગ્ય છે આમ છે, તેમ છે એ બીજી વાત છે. ઓઘસંજ્ઞામાં એટલી શક્તિ નથી કે પોતાના નિર્ણયમાં એ ટકી શકે. કોઈ એવો પ્રસંગ બને, પોતાના જ ઉદયનો કોઈ એવો બને કે, એને પોતાને પ્રતિકૂળતા ઉત્પન્ન થાય એવો કોઈ પ્રસંગ એના નિમિત્તે (એટલે કે) જ્ઞાનીના નિમિત્તે બને અથવા કોઈ કડવું કહે, કોઈ ઠપકો આપી દે, બીજો કાંઈ અવગુણ બતાવે. એને એમ થાય કે, આ જ્ઞાની નથી લાગતા, મને અન્યાય કરે છે. જ્ઞાની અન્યાય કરે નહીં ને આ તો મને ચોખ્ખો અન્યાય કરે છે માટે જ્ઞાની લાગતા નથી. આ તો નીતિનો વિષય છે. સમ્યક્જ્ઞાન, સમ્યગ્દર્શન ધર્મ હોય એને કાંઈ નીતિ ન હોય કાંઈ ? માટે આ અનીતિ થાય છે. માટે આ જ્ઞાની નથી.

મુમુક્ષુ :– ત્યાં ગુરુ વચનને મૂકી દે.

પૂજ્ય ભાઈશ્રી :– મૂકી દે. એની અંદર, ભલે બહાર ન કહે પણ ઓઘસંજ્ઞામાં અંદરમાંથી એને વિશ્વાસ છે એ એટલો બળવાન હોતો નથી. ઓળખાણ સાચી હોય તો એને કોઈપણ પરિસ્થિતમાં એવી શંકા પડતી નથી. આ એક ઓળખાણની વિશિષ્ટ વાત છે.

મુમુક્ષુ :– અપમાન સહન ન થયું ત્યાં માન કષાય હોય ને ?

પૂજ્ય ભાઈશ્રી :– માન હોય, લોભ હોય ગમે તે પ્રકાર હોય. પણ એ વિચારબળ એટલું હીણું હોય છે, અશક્ત હોય છે કે, જે એણે વિચારથી નિર્ણય કર્યો છે એમાં એ ટકી શકે નહીં. આજે ચાલે છે.... પંડિતો કહે તે સાચું કે જ્ઞાની કહે તે સાચું ? વિદ્વાનો કહે તે સાચું કે જ્ઞાની કહે તે સાચું ? પણ તને હજી એટલી શંકા દૂર થઈ નથી.

મુમુક્ષુ :– જ્ઞાનીએ તો શાસ્ત્રો રચ્યા છે.

પૂજ્ય ભાઈશ્રી :– શાસ્ત્રો જ આત્મામાંથી આવ્યા છે. એમનું એક વચન છે અરે...! એક શબ્દ છે એમાં અનંત આગમ ભર્યાં છે. એમ કહે કે, આ આત્મા છે.. એટલે એમાં અનંત આગમ ભર્યાં છે ઇ તને ખબર નથી. આત્માની હયાતી જ્યાં એમ કહે કે આ આત્મા છે! તો કહે (છે), એમાં અનંત આગમ ભર્યાં છે. તને પ્રતીતિ આવે છે ? પ્રતીતિ આવે તો તારો બેડો પાર છે, નહીંતર ક્યાંય રખડપટ્ટીનો આરોવારો

નથી, એવો વિષય છે.

મુમુક્ષુ :- અહીંયાં શબ્દો પડ્યા છે, **'હે શુદ્ધાત્મા !'** ઝણઝણાટી બોલાવી દીધી છે.

પૂજ્ય ભાઈશ્રી :- આ તો નેવું વર્ષ પહેલા 'શ્રીમદ્જી' લખી ગયા છે કે, જ્ઞાનીના એક વચનમાં, એક વચનમાં નહીં અરે...! એક શબ્દમાં - એમ એવો શબ્દ, એવી વાત લીધી છે. અનંત આગમ ભરેલા છે. એની પ્રતીતિ એને આવે ત્યારે એણે જ્ઞાની ઓળખ્યા છે, નહીંતર એ જ્ઞાનીને ઓળખતો નથી. જ્ઞાનીને ઓળખતો નથી એટલે જેને સત્ પ્રગટ્યું છે એને ઓળખતો નથી. જેને સત્ અવસ્થામાં વ્યક્ત થયું છે એને ઓળખતો નથી તો તારા અવ્યક્ત સત્‌ને તું ક્યાંથી ઓળખવાનો હતો ? એને તું ઓળખી શકીશ નહીં.

અહીં તો કહે છે ને ! **'તને ઓળખવાથી પાંચ પ્રકારનાં પરાવર્તનોથી...'** દૂર થવાય છે. તો એ તો અપ્રગટ સત્ છે, અવ્યક્ત સત્ છે, અહીંયાં પ્રગટેલું સત્ છે. એના તો ઘણાં ચિહ્નો બહાર આવે છે. શું કહે છે ? ઓળખ્યા પછી એકધારી એની દૃષ્ટિ રહે (તો) એ સંસાર તરી જાય છે. એના શરણમાં અવસ્થા જાય, અવસ્થા એની સેવા કરે છે. હું ધ્યાન કરું છું એમ નહીં, અવસ્થા મારું ધ્યાન કરે છે. મારા શરણમાં અવસ્થા આવે છે, મારે કોઈને નમવાનો પ્રશ્ન રહેતો નથી. અવસ્થા મને નમે છે, હું કોઈને નમું છું એ પ્રશ્ન છે નહીં. એવો શુદ્ધાત્માનો ત્રણે કાળે જયવંત મહિમા છે. અજ્ઞાની સ્વીકારે તોપણ જયવંત છે અને ન સ્વીકારે તોપણ જયવંત છે. ૧૬૬ (બોલ પૂરો થયો).

**વાણીથી અને વિભાવોથી જુદું છતાં કથંચિત્ ગુરુવચનોથી જાણી શકાય એવું જે ચૈતન્યતત્ત્વ તેની અગાધતા, અપૂર્વતા, અચિંત્યતા ગુરુ બતાવે છે. શુભાશુભ ભાવોથી દૂર ચૈતન્યતત્ત્વ પોતામાં વસે છે એવું ભેદજ્ઞાન ગુરુવચનોથી કરી જે શુદ્ધદૃષ્ટિવાળો થાય તેને યથાર્થ દૃષ્ટિ થાય, લીનતાના અંશ વધે, મુનિદશામાં વધારે લીનતા થાય અને કેવળજ્ઞાન પ્રગટી પરિપૂર્ણ મુક્તિપર્યાય પ્રાપ્ત થાય. ૧૬૭.**

૧૬૭. એમાં 'ગુરુદેવ'નો મહિમા લીધો છે. '**વાણીથી અને વિભાવોથી જુદું છતાં કથંચિત્ ગુરુવચનોથી જાણી શકાય એવું જે ચૈતન્યતત્ત્વ તેની અગાધતા, અપૂર્વતા, અચિંત્યતા ગુરુ બતાવે છે.**' પહેલી વાત આ લીધી છે. ગુરુ મહિમામાં આત્માનો મહિમા છે અને આત્માનો મહિમા બતાવતા બતાવતા બતાવનાર એવા ગુરુનો મહિમા કહેવામાં આવે છે. એમ સામેસામું (છે). એવી શૈલીથી વાત જળવાઈ રહે છે.

મુમુક્ષુ :– એક જૈનદર્શનની વિશેષતા જબરદસ્ત છે. અનંત કાળમાં અનંત જ્ઞાની, અનંત કેવળી થઈ ગયા કોઈએ એમ નથી કીધું કે, અમારી સેવાથી સહાય થશે અને છતાં કોઈ સેવા કર્યા વગર રહ્યા નથી. ક્યાંય કોઈ ધર્મમાં ક્યાંય નથી, કોઈ જૈન જ્ઞાનીએ કીધું નથી.

પૂજ્ય ભાઈશ્રી :– એમ છે કે, જે શુદ્ધ સ્વભાવનો આદર કરવા માટે ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ શુભનો નિષેધ કરે, એને જ ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ શુભ હોય છે. એના જેવું બીજાને શુભ હોય નહીં. આ ન્યાયે બધું ચાલે છે. દેવ, ગુરુ અને શાસ્ત્રથી પણ મારો આત્મા સર્વોત્કૃષ્ટ છે, આરાધ્ય છે. એ જે જીવ, જે દેવ, ગુરુ, શાસ્ત્રની સેવા અને આરાધના કરે છે એ બીજો કરી શકે નહીં. એને જે મહિમા આવે એ બીજાને આવે નહીં. એ વિષય સહજ છે. શું કીધું ?

શ્રીગુરુ વાણીથી જે ચૈતન્યતત્ત્વ બતાવે છે તે વાણીથી જુદું છે અને જેટલા વિકલ્પો

ઊઠે છે એ વિકલ્પોથી પણ જુદું છે. '**વાણીથી અને વિભાવોથી જુદું...**' હોવા '**છતાં કથંચિત્ ગુરુવચનોથી જાણી શકાય એવું...**' છે. ગુરુવચનોમાં તે કથંચિત્ વ્યક્ત થાય છે. સર્વાંશે તો સર્વજ્ઞની દિવ્યધ્વનિમાં પણ વ્યક્ત થવાનું સામર્થ્ય વાણીને નથી. વાણી એની પાસે પાંગળી છે. અને છદ્મસ્થની, શ્રીગુરુની વાણી ચોથા ગુણસ્થાને પણ કથંચિત્ એને વ્યક્ત કરે છે. જો સર્વાંશે વ્યક્ત ન કરી શકાય તો તો એને દર્શાવવાનો વ્યવહાર કે પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. પણ અનુભવી મહાત્માઓ જે તત્ત્વને અનુભવે છે એને કથંચિત્પણે વાણી દ્વારા વ્યક્ત કરી શકે છે. કોઈ અંશે એ વ્યક્ત થાય છે, એટલી વાત છે.

'**વાણીથી અને વિભાવોથી જુદું છતાં કથંચિત્ ગુરુવચનોથી જાણી શકાય એવું જે ચૈતન્યતત્ત્વ...**' પોતાનું તત્ત્વ છે, મૂળ તત્ત્વ છે. '**તેની અગાધતા, અપૂર્વતા અને અચિંત્યતા ગુરુ બતાવે છે.**' આમાં પોતાના સ્વાનુભવની વાત લીધી છે. ગુરુએ ચૈતન્યતત્ત્વ બતાવ્યું, તો એ ચૈતન્યતત્ત્વ જ્યારે પોતે જોયું ત્યારે એમને એની અપૂર્વતા ભાસી છે. અત્યારે પણ ઘણીવાર એ વાત પ્રત્યક્ષ ચર્ચામાં આવે છે કે, એમ લાગવું જોઈએ કે આ કોઈ અપૂર્વ આવે છે. વાણીની અપૂર્વતા ભાસે ત્યારે એને ખરેખર એ વાણીમાં જે વાચ્ય છે એ ભાસે છે. કેમકે વાચ્ય પોતે અપૂર્વ છે. વાણીનું વાચ્ય છે એ અપૂર્વ છે. એ એને ભાસે ત્યારે એને વાણીમાં અપૂર્વતા ભાસ્યા વિના રહેતી નથી.

જ્યારે એ વાણીમાં અપૂર્વ તત્ત્વ આવે છે ત્યારે એ અપૂર્વ તત્ત્વની અપૂર્વતા ચિંતવી ન શકાય છતાં જ્ઞાનમાં જાણી શકાય; મનથી ચિંતવી ન શકાય છતાં જ્ઞાનમાં એ જાણી શકાય એવું છે. મનથી નહીં ચિંતવાતું હોવાથી એને અચિંત્ય તત્ત્વ કહેવામાં આવે છે. મનની મર્યાદામાં એ વિષય આવતો નથી. અથવા જે જ્ઞાન, મન સાથે પ્રવૃત્તિ કરી રહ્યું છે – ક્ષયોપશમ જ્ઞાન એને ભાવમન કહે છે, એની દિશા બાહ્ય પદાર્થ તરફની છે, મન આત્માથી બાહ્ય છે એટલે બાહ્ય પદાર્થ તરફની (એની દિશા) છે અને જે શુદ્ધ ચૈતન્યતત્ત્વ છે એ તો અંતર્મુખ રહેલું અંતઃતત્ત્વ સ્વરૂપ છે. એટલે બાહ્ય ભાવમાં અંતઃતત્ત્વ પ્રકાશિત થઈ શકતું નથી. એટલે પણ એને અચિંત્ય કહેવામાં આવે છે.

'**અગાધતા...**' જેના સામર્થ્યની કોઈ હદ નથી, છેડો નથી, તળિયું નથી એવું

ચૈતન્યતત્ત્વ શ્રીગુરુ બતાવે છે. જ્યારે આત્માનું વર્ણન આવે છે, આત્મરસથી ભીંજાઈને, આત્માના મહિમામાં તરબોળ થઈને આત્માને દર્શાવે છે ત્યારે સાંભળનારને આમ લાગવું જોઈએ કે, અરે ! આ કોઈ અપૂર્વ તત્ત્વને બતાવે છે. જેને બતાવે છે એ કોઈ અગાધ તત્ત્વ છે, કોઈ અચિંત્ય વિષય છે. મનના ચિંતવનથી પાર સીધું જ જ્ઞાનમાં ગમ્ય થાય. મનના વિકલ્પને એકબાજુ રાખીને, એની આડને છોડીને સીધું જ્ઞાનમાં ગમ્ય થાય એવો જ્ઞાનમય અગાધ, અપૂર્વ, અચિંત્ય તત્ત્વ આત્મા છે, પોતે જ છે. એવું બહુ ચોખ્ખું, બહુ સ્પષ્ટ વાણીમાં કથંચિત્ છે છતાં જ્ઞાનમાં સ્પષ્ટ છે બન્ને વાતનું સંતુલન રહે છે. વાણીમાં કથંચિત્ આવે છે અને જ્ઞાનમાં જેવું કહેવા ધારે છે એવું પૂરું આવે છે. આમ કેવો ફેર પડે છે એ બતાવે છે અને એ રીતે એ સમજાય છે. જે સમજાય છે એ આ રીતે સમજાય છે. ત્યારે સમજાવ્યું, દેખાડ્યું અને દેખ્યું એમ નિમિત્તનૈમિત્તિક સંબંધ લાગુ પડે છે. નહીંતર બધું ઉપરથી જાય છે. જેટલું આત્માનું વર્ણન કરે એ વર્ણન કરનાર ભલે જ્ઞાનની સમક્ષ અને સ્વભાવની સમીપ જઈને કહે તોપણ પોતાને એની અચિંત્યતા અને અપૂર્વતા ન લાગે તો એ ઉપરથી જાય. એને એની કિંમત આવતી નથી.

પ્રશ્ન :– અનુભવમાં, જ્ઞાનમાં પૂરું લાગે એટલે ?

સમાધાન :– પૂરેપૂરું લાગે. વ્યક્ત થાય છે કથંચિત્ અને દેખાય છે પૂરું. 'ગુરુદેવશ્રી' દૃષ્ટાંત આપતા હતા કે, થાંભલાની એક હાંસ જોતા આખો થાંભલો દેખાય છે. આ પહેલ પાડે છે ને થાંભલા ઉપર ડિઝાઇન પાડે તો બધા પાસા એકસરખા પાડે. એ નજરની સામે જેટલા અંશો આવે એટલા દેખાય. તો કહે, આ થાંભલાની એક હાંસ દેખાય છે; હાંસ એટલે એનો ખૂણો, આખો થાંભલો આવો છે એમ દેખાય છે. સામે આંશિકપણે છે, જ્ઞાનમાં આંશિકપણે છે ? જ્ઞાનમાં પૂરો દેખાય છે. છૂપાયેલા ચોરનો અંગૂઠો દેખાય, અંગૂઠો દેખાણો ઇ એમ તર્ક કરે કે, મેં તો એકલા અંગૂઠાને જોયો, મેં ક્યાં આખો જોયો છે ? અરે ભાઈ ! એ અંગૂઠો દેખાતા તારા જ્ઞાનમાં આખો આવી ગયો છે. પૂરેપૂરો માણસ જ તારા જ્ઞાનમાં આવી ગયો છે કે આખો માણસ કોઈ ઊભેલો છે. નહીંતર અંગૂઠો હોય ક્યાંથી ? ત્યાં તર્ક વિતર્ક કરતો નથી કે, અંશ જ જોયોને ! અહીંયાં તું કહે છે કે, મેં તો જ્ઞાનનો અંશ જોયો છે, જ્ઞાયક

ક્યાં આખો જોયો છે ? બાપુ ! જ્ઞાયક વગર જ્ઞાનનો અંશ હોય ક્યાંથી ? આ તો નક્કી કર તું. જ્ઞાયક વિનાનો જ્ઞાનનો અંશ આવ્યો ક્યાંથી ? જ્ઞાનનો અંશ જ્ઞાયક વિના કદી હોતો નથી. વિશેષ લઈશું...

## તા. ૧૯-૦૭-૧૯૮૭, વચનામૃત–૧૬૭
## પ્રવચન નં. ૧૨૩

'બહેનશ્રીનાં વચનામૃત' પાનું ૫૧. ૧૬૭મો (બોલ) ચાલે છે. 'ગુરુદેવશ્રી'નો મહિમા, પોતાના શુદ્ધ ચૈતન્યતત્ત્વને જે રીત અને જે વિધિથી દર્શાવે છે, બતાવે છે એ પડખેથી મહિમા કરેલો છે. આ બોલમાં બહુ કસ ભરેલો છે. કહે છે કે, ગુરુવાણી છે, જે વાણી દ્વારા – જે વાણીના નિમિત્તે શુદ્ધાત્માને બતાવે છે, દર્શાવે છે એ વાણીથી પણ મારું ચૈતન્યતત્ત્વ જુદું છે. જે ચૈતન્યતત્ત્વ બતાવે છે એ મારું ચૈતન્યતત્ત્વ બતાવે છે અને એ ગુરુની વાણીથી પણ જુદું છે. વાણી તો પુદ્ગલાત્મક છે તોપણ એ વાણીથી કથંચિત્ વ્યક્ત થતું; કથંચિત્ વ્યક્ત થતું હોવાથી કથંચિત્ જાણી શકાય એવું કહેવામાં આવે છે. કથંચિત્ વ્યક્ત થતું હોવાને લીધે એ જાણી શકાય છે એમ કહેવું છે. ગુરુવચનોથી એ જાણી શકાય છે અને બીજાના વચનોથી એ જાણી શકાતું નથી. કેમકે બીજાના વચનોમાં એ વ્યક્ત થતું નથી. સંપૂર્ણ વ્યક્ત થવું તો સર્વજ્ઞની વાણીમાં પણ અશક્ય છે પણ છદ્મસ્થની વાણીમાં અથવા સર્વજ્ઞની વાણીમાં તે વ્યક્ત થાય છે અને તે કથંચિત્પણે વ્યક્ત થાય છે. કોઈ અંશે વ્યક્ત થાય છે. કથંચિત્ એટલે કોઈ અંશે વ્યક્ત થાય છે. ભલે વ્યક્ત થાય છે આંશિકપણે પણ જણાય છે પૂરેપૂરું. જેને જણાય છે એના મતિ-શ્રુત જ્ઞાનમાં એવી શક્તિ છે, એવી યોગ્યતા છે, એવી ક્ષમતા છે કે કથંચિત્ વ્યક્ત થતું હોવા છતાં જાણે પૂરેપૂરું. કથંચિત્ વ્યક્ત થાય એટલે કથંચિત્ જાણે અને કથંચિત્ ન જાણે એમ નહીં, જાણે પૂરું. વ્યક્ત થાય કથંચિત્ અને જાણે પૂરું.

પ્રશ્ન :– એમ કેમ સમજવું ?

સમાધાન :– થાંભલાની એક હાંસ દેખાતા આખો થાંભલો જણાઈ આવે છે

(એમ). હાથમાં આમળો હોય છે, હાથમાં ટમેટું હોય છે - બન્ને સરખાં કદનું ફળ છે, તો એનો ઉપરનો સામેનો ભાગ દેખાય છે, પણ જેવો ભાગ ઉપર છે એવો જ ભાગ નીચે છે એમ જ્ઞાનમાં તો બરાબર પ્રતીત થાય છે. જ્ઞાનમાં એમ નથી થતું કે, ઉપરનો ભાગ દેખાય છે કોને ખબર નીચે ટમેટું હશે કે બીજું કાંઈ હશે ? આમળાની જગ્યાએ ટમેટું હશે કે ટમેટાની જગ્યાએ નીચે આમળો હશે એવું તો કાંઈ લાગતું નથી. જેટલો ભાગ દેખાય છે વ્યક્ત થતો એનો છેડો છે ને અવ્યક્ત થતો જે ભાગ છે ત્યાંથી અવ્યક્તને પણ જ્ઞાન તો પકડી લે છે.

મુમુક્ષુ :- થાંભલો તો પહેલાં જોયેલો છે એટલે એનો ખ્યાલ આવી જાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- એ દલીલ આવે છે કે જે પહેલાં જોયેલું છે એટલે ખ્યાલમાં આવે છે અને ન જોયેલું હોય તો ખ્યાલમાં ન આવે. ન જોયેલું હોય તો ખ્યાલમાં ન આવે એમ કહેવું છે ? એ ન જોયેલું હોય તો ખ્યાલમાં ન આવે એવું થોડું છે ? કહો ! અથવા કોઈપણ ચીજ પહેલાં તો પૂરેપૂરી જોયેલી હોતી નથી. દરેક ચીજ પહેલાં અજાણી છે પછી એ જાણવામાં આવે છે. છતાં એ બરાબર જાણી શકાય છે.

મુમુક્ષુ :- ચોરનો અંગૂઠો જ જોયો છે ચોર આખો ક્યાં જોયો છે ?

પૂજ્ય ભાઈશ્રી :- કોઈ 'દી જોયો તો ચોર ? ચોરની શિકલ કેવી હોય એના ઉપર કાંઈ મહોર મારેલી છે ? કાંઈ રજિસ્ટ્રેશન કરેલું છે કે, આવી શિકલવાળો માણસ ચોર સમજવો, એવું કાંઈ છે ? છુપાયેલા ચોરનો આંગળો એક જોઈ લીધો, છુપાયેલો માણસ ચોર છે, ગમે તેવી શિકલ ધરાવતો હોય તોપણ તે ચોર જ છે.

મુમુક્ષુ :- અડધી રાતે ઘરમાં ક્યાંથી ઘૂસે ?

પૂજ્ય ભાઈશ્રી :- અથવા તો તાળું તૂટેલું છે ને ઘર ખુલ્લું છે ક્યાંથી ? બંધ કરીને ગયા હતા. ઘર બંધ કરીને તાળું મારીને ગયા હોય એ તાળું તૂટેલું પડ્યું હોય ને ઘર ખુલ્લું હોય ને માણસ છૂપાયેલો ઊભો હોય. જોયો તો ચોરને ? ક્યાંથી નક્કી કર્યું ? જ્ઞાન નક્કી કરે છે કે નહીં કે આખે આખો ચોર છે ? કે અધૂરો ચોર છે એમ નક્કી કરે છે ?

પ્રયોજનના વિષયમાં તર્ક પણ ઊઠતો નથી ! વિચારવા જેવી વાત એટલી છે કે, જ્યાં પોતાના ઘરમાં ચોરી થઈ છે, ઘર ખૂલી ગયું છે. બંધ કરેલું પોતે જાતે

જ તાળું મારેલું છે અને ખૂલી ગયું છે. ચીજ બધી અસ્તવ્યસ્ત, કબાટ ખુલ્લાં પડ્યા છે, વેરણછેરણ વસ્તુ પડી છે, ચોર આવી ગયો છે એ જોયા વગર નક્કી કરે છે. આ ઘરમાં ચોર દાખલ થયો છે એ તો ચોરના અંગૂઠાને જોયા વગર નક્કી કરે છે ને કે નથી કરતો ? એટલી જ્ઞાનમાં શક્તિ છે કે બાકીના સંયોગો ઉપરથી બાકીની વાત નક્કી કરે છે. ચોરની હાજરી નથી, ઉપસ્થિત – મોજૂદ નથી દેખાતો તોપણ એ આવી ગયો છે એની ઉપસ્થિતિ ક્યાંથી નક્કી કરે છે ? કે નથી નક્કી કરતું જ્ઞાન ? તો એનો એક અવયવ જોઈ લે તો એને પછી કોઈને પૂછવા જાવું પડે ? કે લાઉં કોઈક વિદ્વાનને પૂછી લઉં કે એક આંગળો દેખાણો હોય તો આખો ચોર હશે કે નહીં હોય ? એવો કાંઈ તર્ક કરવા જાય છે ? જ્યાં એને પોતાને લાભ–નુકસાન જણાય છે ત્યાં એને તર્ક પણ ઊઠવાની જગ્યા નથી. તો જ્ઞાનમાં જે જ્ઞાનસ્વભાવ છે એ જ્ઞાનસ્વભાવને જે વ્યક્ત રીતે દર્શાવી રહ્યાં છે, ભલે કથંચિત્ વાણીમાં આવે છે તોપણ એને જ્ઞાનમાં પૂરો આવે છે, જ્ઞાનમાં અધૂરો આવતો નથી, અંશ આવતો નથી તેથી એને પૂછવા જાવું પડતું નથી. એને પૂછવું નથી પડતું. સમજનારને પૂછવું નથી પડતું.

મુમુક્ષુ :– એની પરિણતિ Continue રહે છે.

પૂજ્ય ભાઈશ્રી :– અહીંયાં તો શું છે કે, જે દર્શાવે છે એમાં કથંચિત્ આવ્યું એમ કહે છે. જેણે જાણ્યો એણે તો આખો જાણ્યો. આખું તત્ત્વ એના જ્ઞાનમાં આવી ગયું. અંશ ઉપરથી આખું તત્ત્વ એને જ્ઞાનમાં આવી ગયું. એમ કહેવું છે.

મુમુક્ષુ :– બરાબર છે પણ અનુભવ થયા પછી વાત છે ને ? Continuty રહે છે ને એમાં પણ ?

પૂજ્ય ભાઈશ્રી :– નહીં. જ્યારે સમજે છે ત્યારે. જ્યારે એમ કે, જ્યારે શ્રીગુરુ આત્માને દર્શાવે છે અને કોઈ લાયક જીવ, પાત્ર જીવ આત્માને એ વાણીના નિમિત્તે પોતાના ચૈતન્યતત્ત્વને ઓળખે છે ત્યારે એને આખું અખંડ તત્ત્વ, પરિપૂર્ણ તત્ત્વ એના જ્ઞાનમાં સમજાય છે, લક્ષમાં આવે છે કે, હું આવો. જે કહેવા માગે છે એવો હું તો આવો છું એમ પકડાય છે.

પ્રશ્ન :– એવું અજ્ઞાનીને પકડાય છે ?

સમાધાન :- હા ! પણ એનું અજ્ઞાન મટવાની તૈયારી છે ત્યાં. છે, સાંભળવા બેઠો છે ત્યારે અજ્ઞાની છે. જ્યારે એને સમજાય છે ત્યારે એ સન્મુખ થાય છે. ત્યારે એ જ્ઞાની થવાની સન્મુખ થઈ જાય છે અથવા જ્ઞાની થવાની સમીપતા એને આવી જાય છે. નજીક થઈ જાય છે એ જીવ, એમ લેવું છે.

પ્રશ્ન :- એને ચોક્કસ જ્ઞાન કહેવું છે ?

સમાધાન :- હા, બરાબર ચોક્કસ જ્ઞાન છે. એ ચોક્કસ જ્ઞાન છે, અચોક્કસ જ્ઞાન નથી.

પ્રશ્ન :- જ્ઞાનીને છે એવી જાતનું ચોક્કસ જ્ઞાન છે ?

સમાધાન :- નહીં, એટલું અનુભવવાળું જ્ઞાન નથી. અનુભવમાં ચોક્કસ હોય એટલું ચોક્કસ નથી. પણ છતાં અનુભવ કરાવે એવું ચોક્કસ છે.

પ્રશ્ન :- નિર્ણયનો તબક્કો છે આ ?

સમાધાન :- હા, નિર્ણયનો તબક્કો છે. એને એમ ભાસે છે કે આવું મને અપૂર્વપણે સમજાય છે. પૂર્વે હું મારું આત્માનું ચૈતન્યતત્ત્વ આવું સમજ્યો નથી, જેવું શ્રીગુરુએ સમજાવ્યું એવું હું સમજ્યો નથી, એટલે ગુરુવાણીમાં એને અપૂર્વતા ભાસે છે કે કોઈ અપૂર્વ તત્ત્વને દર્શાવે છે.

પ્રશ્ન :- અમારે કઈ રીતે લેવું ?

સમાધાન :- આવું પોતાને લાગવું જોઈએ, ગમે ત્યારે પણ આવું લાગવું જોઈએ. પ્રત્યક્ષ ચર્ચામાં આ વાત પૂજ્ય 'બહેનશ્રી' ઘણીવાર કરે છે કે આત્મા જ્ઞાયક એમ સાંભળીએ છીએ, રોજ કહેવાય છે ને રોજ સાંભળવામાં આવે છે પણ અપૂર્વતા લાગવી જોઈએ. એમાં આ કહેવા માગે છે. એકવાર પોતાને પણ આ વાત અપૂર્વ લાગી છે. પછી એ તત્ત્વ જ એવું કોઈ અપૂર્વ છે કે જ્યારે એ સંભળાવે છે ત્યારે એના ભાવો અપૂર્વ અપૂર્વ જ લાગે છે. એવું કદી લાગતું નથી કે, હવે આ તો એની એ વાત પૂર્વે સાંભળી છે એની એ વાત છે. ૧૧ મી ગાથા ને ? સાંભળી છે આ તો. ભૂતાર્થને આશ્રિત સમ્યગ્દર્શન થાય છે એ જ કહેવું છે ને ? ઇ તો ખબર છે. એ વાત એવી રીતે આવતી નથી. એ ભાવો પણ અપૂર્વ આવે છે અને સાંભળનારને પણ એમાં અપૂર્વતા ભાસે છે. તો એ બન્નેની સંધિ થાય છે અને તે યથાર્થ પદ્ધતિથી

સાંભળે છે – તે યથાર્થ રીતથી સાંભળે છે. બાકી જેને એમ લાગે છે કે આ મને ખબર છે, આ ગાથા તો મેં સાંભળી છે કે વાંચી છે અથવા એનો અર્થ તો મને આવડે છે ને સમજાય છે, ચાલો પાકું થાય એટલા માટે ફરીને સાંભળવા બેસીએ, બાકી આપણને તો ખબર છે. એને એક પ્રકારની ઉપેક્ષા વર્તે છે. આ તો પૂર્વાનુપૂર્વ છે, મારા માટે કાંઈ નવું નથી એમ સાંભળીને, એમ જાણીને, એવા અભિપ્રાયથી એને ઉપેક્ષા થાય છે એટલે પછી એને એનો રસ આવતો નથી.

જ્યારે યથાર્થ પદ્ધતિથી શ્રવણ કરનારને કે વાંચન કરનારને એનો જ્યારે જેટલી વાર એ વિષય સાંભળે એટલી વાર એને રસ આવે, એનો રસ ચડે. આ એનું લક્ષણ છે કે, બરાબર યથાર્થતા છે કે નહીં. એનો એને રસ આવે અને નહીંતર એને એનો રસ આવે નહીં. સીધી વાત છે એ તો. રસ કાંઈ લાવ્યો લવાતો નથી. રસ લાવ્યો લવાય નહીં, પરાણે ઉત્પન્ન કરાય નહીં અને એને જો એ વિષય જ્ઞાનમાં ગમ્ય થાય તો એને રસ આવ્યા વિના રહે પણ નહીં. સીધે સીધી વાત છે. બહુ કસ છે આ બોલની અંદર !

એ કહે છે એ વાણીથી ભલે એ જુદું છે અને મને જે વિકલ્પ ઊઠે છે એનાથી પણ એ ચૈતન્યતત્ત્વ જુદું છે. જે ચૈતન્યતત્ત્વ શ્રીગુરુ દર્શાવી રહ્યાં છે એ કોઈ અપૂર્વ ચૈતન્યતત્ત્વ છે, અગાધ જેનો સ્વભાવ છે એવું છે અને ચિંતવનમાં મનથી ન લઈ શકાય એવું એ અચિંત્ય ચૈતન્યતત્ત્વ છે. એવું ચૈતન્યતત્ત્વ વાણીથી પણ જુદું છે, વિકલ્પથી પણ જુદું છે અને છતાં એ 'ગુરુદેવ'ની વાણી અને વિકલ્પો નિમિત્ત જેમાં પડે છે એનાથી એ કથંચિત્ વ્યક્ત થઈ રહ્યું છે. આ એક વિશિષ્ટ પ્રકારનો ચમત્કાર છે કે જે કથંચિત્પણે વ્યકત થઈ રહ્યું છે ! વ્યક્ત થઈ રહ્યું છે કથંચિત્પણે અને જણાઈ રહ્યું છે અખંડ પરિપૂર્ણપણે !! આ એક ચમત્કારનો વિષય છે, બસ ! એમ શ્રીગુરુ બતાવે છે. આ બતાવે છે એમાં આ વાત છે.

વ્યાખ્યાનમાં તો ઘણી વાત આવતી હોય. અનેક દૃષ્ટાંત, અનેક દાખલા, અનેક નય, અનેક ન્યાય, અનેક યુક્તિ એવું ઘણું અનેક પડખાંથી, અનેક અપેક્ષાઓ અને વિવિક્ષાઓથી વ્યાખ્યાન ચાલતું હોય પણ સાચો શ્રોતા ખરેખર જે ચૈતન્યતત્ત્વનો શ્રોતા છે એ તો એક અપૂર્વ, અચિંત્ય, અગાધ ચૈતન્યતત્ત્વને જ સાંભળે છે. બીજું

સાંભળતો હોવા છતાં જાણે કે સાંભળતો નથી. એ એમ કહે છે કે, શ્રીગુરુ આ એક વાત કરે છે ને મને આ એક વાત સંભળાય છે કે સમજાય છે, બીજી વાત તો ઘણી આવે છે પણ અમારું એના ઉપર લક્ષ નથી.

'અર્જુન' બાણાવલીએ મત્સ્યવેધ કર્યો હતો ને ? તો એને 'દ્રોણાચાર્ય' પૂછે છે કે, આ પાણીનો હોજ છે, એમાં પાણી છે, એમાં થાંભલાનું પ્રતિબિંબ છે, એમાં ઉપરના છેડે માછલું (છે). ત્યાં એક બનાવેલું માછલું હોય છે એ લગાડેલું છે અને એની આંખ છે એના ઉપર લક્ષ આપીને એને વીંધવાનું છે. 'અર્જુન' તને આ બધો ખ્યાલ છે ને ? 'અર્જુન' કહે છે, કાંઈ ખ્યાલ નથી, મને કાંઈ દેખાતું નથી. જે વીંધવાની છે એની-આ માછલાની આંખ સિવાય મને કાંઈ દેખાતું નથી. તો ગુરુ 'દ્રોણાચાર્યે' તર્ક નક્કી કર્યો કે, આ મેં તને આટલું બધું સમજાવ્યું એમાં તેં કાંઈ વાત હાથમાં ન લીધી ને એક આ જ વાત લીધી. એણે કહ્યું કે શાબાશ છે તને ! મારે જે કહેવું છે એ તારા લક્ષમાં છે. હવે મારે તને સમજાવવાની પણ જરૂર નથી.

એમ એક ચૈતન્યતત્ત્વ જેનું મહત્ત્વ છે અથવા જે એક માત્ર અભિધેય છે. કહેવાનો વિષય છે, કહેવા યોગ્ય કાંઈ હોય તો આ અપૂર્વ ચૈતન્યતત્ત્વ છે. શ્રીગુરુ જાણે એને એકને જ કહે છે અને શ્રોતા પણ જાણે એને એકને જ સાંભળે છે. બીજું કાંઈ સાંભળતો નથી.

અહીં એ વાત લીધી છે. પ્રવચનોમાં ઘણી વાત આવે છે એવું નથી લીધું, એક ચૈતન્યતત્ત્વ બતાવે છે. **'શુભાશુભભાવોથી દૂર ચૈતન્યતત્ત્વ પોતામાં વસે છે...'** ચૈતન્યતત્ત્વ ક્યાં વસે છે ? એ **'ચૈતન્યતત્ત્વ પોતામાં વસે છે...'** અને એ ચૈતન્યતત્ત્વની નજીકમાં, બાજુમાં શુભાશુભભાવો થાય છે એનાથી એ દૂર વસે છે. એ બન્ને વચ્ચે ભાવથી સમીપતા નથી. ક્ષેત્રથી કદાચ સમીપતા ગણાય છે તોપણ ભાવથી બન્ને વચ્ચે સમીપતા નથી. બન્ને વિરુદ્ધ જાતિના ભાવો છે. શુભાશુભભાવો અને ચૈતન્ય સ્વભાવ – બન્ને વિરુદ્ધ જાતિના ભાવો છે, બન્નેને મેળ ખાતો નથી.

મુમુક્ષુ :– કોઈ અપેક્ષાએ ક્ષેત્રથી પણ દૂર કહેવાય ને ?

પૂજ્ય ભાઈશ્રી :– એના ક્ષેત્રમાં નથી એમ ગણીને એનું ક્ષેત્ર દૂર ગણવામાં (આવે છે) અથવા ભિન્ન ક્ષેત્ર પણ કહેવામાં આવે છે. કેમકે એ વિલીન થઈ જાય

છે. શુભાશુભભાવોનો નાશ થાય છે. ચૈતન્ય સ્વભાવ અનાદિ અનંત અખંડપણે સદાય મોજૂદ રહે છે, હયાત રહે છે. એટલે એનો નાશ થતા આનો નાશ થતો નથી. એ એનાથી સર્વથા ભિન્ન છે એમ સ્પષ્ટ કરે છે. દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી ને ભાવથી સર્વથા ભિન્ન છે. કેમકે એનો નાશ થતાં ચૈતન્ય સ્વભાવમાં કિંચિત્‌માત્ર નાશ થવાની પ્રક્રિયા થતી નથી.

ચૈતન્યતત્ત્વ ગુરુ વચનોથી જાણી શકાય છે. આ એક શક્યતાનો વિષય પણ આમાં લીધો છે. ચૈતન્યતત્ત્વ જાણી શકાય છે. કોઈ અમને કહેનાર હોય તો જાણી શકાય કે નહીં ? કે હા ! ગુરુ વચનોથી એ બરાબર જાણી શકાય છે, પૂરું જાણી શકાય છે. જેટલું ગુરુના જ્ઞાનમાં છે એટલું ભલે વાણીથી વ્યક્ત ન થતું હોય પણ જેટલું કહેનારના જ્ઞાનમાં છે એટલું જ સાંભળનારના જ્ઞાનમાં તે આવી શકે છે. એમાં બીજી તકલીફ ઊભી થતી નથી કે અધૂરું કહેવાય છે માટે ન સમજાય એ વાત નથી. કહેવાય છે કથંચિત્‌, સમજાય છે, જાણી શકાય છે, બરાબર જાણી શકાય છે, પૂરેપૂરું જાણી શકાય છે. કહેનારના જ્ઞાનમાં પણ પૂરું છે (અને) સાંભળનારના જ્ઞાનમાં પણ પૂરું આવે છે.

પ્રશ્ન :– શબ્દ છે કથંચિત્‌ ?

સમાધાન :– શબ્દમાં વ્યક્ત થાય છે કથંચિત્‌. છતાં આટલી વ્યવસ્થા, બરાબર યોગ્ય વ્યવસ્થા છે એમાં કાંઈ ખામી નથી. દર્શાવે છે એમાં એ રીતે જોતાં કાંઈ ખામી નથી, પૂરું દર્શાવે છે એમ કહેવાય છે. 'સોગાનીજી' એમ કહેતા કે, એક કલાકના પ્રવચનમાં પૂરેપૂરી વાત આવી જાય છે. એમને ક્યાંય વાત અધૂરી દેખાણી નથી. એટલે કે પૂરી વાત આવી જાય છે એમ કહે છે. એનો અર્થ શું છે કે, સમજાય છે પૂરું માટે કહે છે પણ પૂરું, એમ.

મુમુક્ષુ :– આમ તો જ્ઞાનીને પૂરેપૂરો આખો જ્ઞાનમાં ખ્યાલમાં (આવે) હું આવો છું. એટલે વાણીમાં ભલે અધૂરાશ આવે પણ એમાં વ્યક્ત પૂરેપૂરું (થાય છે.)

પૂજ્ય ભાઈશ્રી :– જે જ્ઞાનમાં છે એ તો પૂરું છે ને. તો જે જ્ઞાનમાં છે એ કહેવાય છે. જ્ઞાનમાં જે તત્ત્વ છે, જાણવામાં આવી રહ્યું છે, જણાઈ રહ્યું છે, અનુભવાઈ રહ્યું છે એ કહેવાય છે, એમ વાત છે. ભલે વાણીમાં શક્તિ નથી એટલે કથંચિત્‌ વ્યક્ત

થાય છે પણ જે જ્ઞાનમાં છે તે જ કહેવામાં આવે છે. ત્યાં સુધી લંબાય છે. સાંભળનારનું જ્ઞાન પણ ત્યાં સુધી લંબાય છે કે, આ જ્ઞાનમાં આવું પૂરું છે. વાણીમાં ભલે એટલું નથી પણ જે કહેવા માગે છે એ આટલું જ્ઞાનમાં છે, એટલું શ્રુતજ્ઞાન, મતિ-શ્રુત જ્ઞાનમાં લંબાઈ જાય છે.

પ્રશ્ન :- અજ્ઞાની હોવા છતાંય ?

સમાધાન :- અજ્ઞાની છે ઇ પછી અજ્ઞાની રહેવાનો નથી.

મુમુક્ષુ :- પણ અત્યારે વર્તમાનમાં જ્યારે સાંભળે છે ત્યારે તો અજ્ઞાની છે ને ?

પૂજ્ય ભાઈશ્રી :- હા, સાંભળે છે ત્યારે એ અજ્ઞાની છે પણ અંદર (સ્વભાવની) સમીપ જાય છે ત્યારે એનું અજ્ઞાન મટવાની તૈયારી થઈ જાય છે. સૂરજ ઊગવાનો હોય – સૂર્ય ઊગવાનો હોય સવારે છ ને પાંચ મિનિટે ઊગે છે, તો પોણા છ વાગે અંધારું ચાલ્યું જાય છે. ત્યાં તર્ક કરે છે કે, હજી ક્યાં ઊગ્યો છે પણ ? હજી ક્યાં સૂરજ ઊગ્યો છે ? ભાઈ ! નથી ઊગ્યો પણ આ બધા ઊગવાના જ લક્ષણ છે. શું એને કહે છે ? પો ફાટ્યો છે. ફાટ્યો છે એમ કહેવાય છે. એ પ્રકાશનો પૂંજ ફાટવાનો છે. તો અજવાળું તો અગાઉથી થવા લાગે છે. એ સૂર્ય ઊગવાનું ચિહ્ન બરાબર છે. પણ હજી ઊગ્યો નથી ને ? કે એ પ્રશ્ન અસ્થાને છે, અહીંયાં એ પ્રશ્ન અસ્થાને છે. હવે એ વિચારવાનો પ્રશ્ન નથી. હજી પણ અજ્ઞાન છે ને ? હજી પણ અજ્ઞાન છે ને ? હવે એ અજ્ઞાન મટવાનું છે. હજી પણ અજ્ઞાન છે એ મટવાની વાત ચાલી રહી છે. એ મટવાની વાત ઊભી થઈ છે. હવે છે.. છે.. છે.. છે.. એ વાત ઉપર વજન દેવાનું નથી. એમ છે ખરેખર તો.

મુમુક્ષુ :- જ્ઞાની ગુરુથી જ જાણી શકાય છે, અજ્ઞાની ગુરુથી જાણી શકાતું નથી.

પૂજ્ય ભાઈશ્રી :- એ એક વિશિષ્ટતા છે. જ્ઞાની ગુરુના વચનોથી જ એ જાણી શકાય છે, બીજા કોઈના વચનોથી એ જાણી શકાતું નથી. જેને આત્મજ્ઞાન નથી એવા કોઈપણ કહેનાર હોય, એ વાત સાંભળીને કહેનાર હોય, એ વાત ધારીને કહેનાર હોય – તોપણ એના વચનોથી એ જાણી શકાતું નથી.

એક તર્ક અત્યારે ઉપસ્થિત થયો છે. 'ગુરુદેવ' પાસેથી સાંભળ્યું છે. જેણે પ્રત્યક્ષ 'ગુરુદેવ' પાસેથી સાંભળ્યું છે, એ વાત બરાબર 'ગુરુદેવ' કહેતા હતા એવી જ

ધારણામાં લીધી છે અને એવી જ કહે છે એવા જે વિદ્વાન વાંચનકારો તેનાથી આત્મતત્ત્વ જણાય કે ન જણાય ? કે તેનાથી દેશનાલબ્ધિ પણ આવે નહીં અને સંસ્કાર પણ પડે નહીં.

હમણાં એ વાત પૂજ્ય 'બહેનશ્રી' પાસે ચર્ચાણી હતી. એ પ્રશ્ન ઉપસ્થિત થયો હતો ત્યારે એ વાત ચર્ચાણી હતી. અહીંયાં (એક મુમુક્ષુ) આવ્યા હતા ને ? એ વચમાં થોડાક દિવસો પહેલાં ત્યાં હતા. એમણે જ આ પ્રશ્ન પૂછ્યો હતો. આપ 'ગુરુદેવ'નો આટલો મહિમા કરો છો, હવે એમની વાણી રહી ગઈ છે. પોતે સ્વર્ગમાં બિરાજમાન છે, વાણી રહી ગઈ છે. તો મહિમામાં ને મહિમામાં એમ કહી દ્યો ને કે, ના ના એમની વાણી રહી છે એનાથી દેખાઈ જશે. આ માનોને ટેપમાં વાણી રહી ગઈ છે કે એનાથી દેશનાલબ્ધિ થઈ જશે. એવો મહિમા કરી દ્યો ને ? એવી વાત ચાલતી નથી. પ્રત્યક્ષ જ્ઞાનીની વાણીથી જ દેશનાલબ્ધિ થાય, એનાથી જ સંસ્કાર પડે, એ જ માત્ર પ્રત્યક્ષનું જ નિમિત્ત છે, પરોક્ષનું નિમિત્ત થતું નથી. એ તો વસ્તુસ્થિતિ છે. એમાં ખરેખર એ વાણીનો મહિમા ઘટતો નથી, એમાં 'ગુરુદેવ'નો મહિમા ઘટતો નથી, ઊલટાનો એમાં મહિમા વધે છે, સમજાય તો ! એમાં ઘટવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

કહે છે કે, '**શુભાશુભ ભાવોથી દૂર ચૈતન્યતત્ત્વ પોતામાં વસે છે...**' ચૈતન્યતત્ત્વ તો ચૈતન્યતત્ત્વમાં જ વસે છે, શુભાશુભભાવમાં એનો નિવાસ નથી, એનો એમાં વાસ નથી. જેટલા શુભાશુભભાવો ઉત્પન્ન થાય એ શુભાશુભભાવોમાં ક્યાંય ચૈતન્યતત્ત્વ નથી. એનાથી ઘણું દૂર છે. એ વિભાવ છે, આ સ્વભાવ છે. સ્વભાવ અને વિભાવ વિરુદ્ધ જાતિના ભાવ છે એટલે એક બીજાથી ભાવે ઘણા દૂર છે. વિરુદ્ધ જાતિના ભાવ હોવાથી ભાવે ઘણા દૂર છે.

પ્રશ્ન :- જ્ઞાનીના મહિમામાં પોતાનો મહિમા આવી જાય છે ને ? વિરોધ જે કરતા હોય છે એમાં પોતાના આત્માનો વિરોધ આવી જાય છે ને ?

સમાધાન :– હા, પોતાનો જ વિરોધ છે. એટલે તો જે સત્પુરુષનો, જ્ઞાનીનો મહિમા કરે છે એને દર્શનમોહ મંદ થાય છે અને જે વિરોધ કરે છે એને દર્શનમોહ તીવ્ર થાય છે. આત્માનો જે સ્વભાવ અને સ્વાનુભૂતિનું આવરણ કરનાર કોણ ? કે દર્શનમોહ એક. જ્ઞાનાવરણીય નહીં. શું ? ચોથા ગુણસ્થાને જ્ઞાનાવરણીય હોય છે

અને બારમા ગુણસ્થાને પણ કેવળજ્ઞાનાવરણીય તો વિદ્યમાન છે, વર્તે છે. જ્ઞાનાવરણીય સ્વાનુભૂતિને આવરણ નથી કરતું. આ કરણાનુયોગથી સમજવું હોય તો. દર્શનમોહ આવરણ કરે છે અને એ દર્શનમોહ સત્‌નો જેને મહિમા છે, જેને સત્ પ્રગટ્યું છે એવા સત્પુરુષનો પણ જેને મહિમા છે, એને એ દર્શનમોહ ઉપર ઘા પડે છે, એનો દર્શનમોહ ગળે છે, એનો દર્શનમોહ નબળો થાય છે. ક્રમે કરીને એ દર્શનમોહને ટાળવાને સમર્થ થાય છે, યોગ્ય થાય છે. એ તો સીધેસીધો જ હિસાબ છે.

'શ્રીમદ્‌જી'એ, 'શ્રીમદ્ રાજચંદ્રજી'એ ઘણો સત્પુરુષનો મહિમા કર્યો, ઘણો સત્સમાગમનો મહિમા કર્યો એનું આ એક જ કારણ છે. પોતાને પૂર્વભવનું જાતિસ્મરણ જ્ઞાન હતું અને ધર્મ પામવા માટે કેટલા ધમપછાડા એમણે અજ્ઞાનપણે કર્યા છે એ બધું એમને ખ્યાલમાં હતું. એ એમના ખ્યાલમાં હતું. જીવ ઊંધો લટક્યો છે, ભૂખ-તરસ વેઠીને ભૂખ્યો-તરસ્યો રહીને ઊંધા માથે તપશ્ચર્યા કરી છે પણ સાચો રસ્તો એને જડ્યો નથી એ બધું એમને ખ્યાલમાં છે. અને સત્સમાગમે, કેવા ઘોર અજ્ઞાનમાંથી નીકળવામાં એને સત્સમાગમે સાચો રસ્તો સૂઝવા માટે પ્રકાશ મળ્યો છે. એ વાત પોતાના અનુભવગમ્ય હોવાથી વર્તમાન ભવમાં જ્યારે આ શિખામણ એમણે આપી છે, ત્યારે કોઈ સત્પુરુષ એમને સમાગમમાં નહીં મળવા છતાં પણ, સત્સમાગમ નહીં મળવા છતાં પણ એ વાત એમણે આગળ કરી છે. બીજી બધી વાતને પાછળ રાખીને આ એક વાત એમણે આગળ કરી છે. એ એક એમના અનુભવનો નિચોડ છે એમ કહીએ તો ચાલે. એ વિષયનો એમના અનુભવનો જે નિચોડ છે એ વાત એમણે પત્રોમાં, સમાગમમાં આવેલા મુમુક્ષુઓને વારંવાર કરી છે.

એક જગ્યાએ તો એવું પણ એમણે કહ્યું છે કે હું સત્પુરુષનો મહિમા, સત્પુરુષની ભક્તિ અને સત્પુરુષના સમાગમની વધુ વાત કરું છું એટલે તમે મને હેરાન કરશો નહીં. એટલે એ નિમિત્તે તમે મને સત્પુરુષ ગણીને તમે મારો મહિમા કરો ને મારી ભક્તિ કરો ને મારો આદર કરો અને એ ઉપદ્રવ મને ન થાય એટલું ધ્યાન રાખી એટલો મને બચાવીને આ વાત તમે સમજજો. પાછા મને હેરાન કરી નાખતા નહીં. ઠીક ! કેટલી સૂચના આપી છે એમણે ! વ્યક્તિગત આટલી વાત પોતાની કરતા જાય છે અને વિષયને બહાર મૂકતા જાય છે. આ એક અસાધારણ એમની વાત

છે. એ ત્રેવીસમાં-ચોવીસમાં વર્ષમાં એ વાતને ખોલી છે, કે પચીસમાં વર્ષમાં ખોલી છે.

મુમુક્ષુ :– 'બહેનશ્રી'એ કીધું હતું ને 'ગુરુદેવ'ને કે આહારદાન હોય, જન્મ જયંતી હોય... આપણને બોજા જેવું લાગે છે...

પૂજ્ય ભાઈશ્રી :– હા એમ છે ખરેખર.

મુમુક્ષુ :– ('ગુરુદેવે' કીધું હતું કે,) 'બહેન' તમારે જોયા કરવું.

પૂજ્ય ભાઈશ્રી :– હા, બરાબર છે. જન્મ જયંતી ઉપર ખાસ કરીને હીરાથી વધાવવાની શરૂઆત થઈ તો એ વાત એમને ગમતી વાત નહોતી. બીજું કે, 'ગુરુદેવ'ની ઉપસ્થિતિમાં પાછો એ પ્રસંગ બનતો હતો એટલે પણ એ વાત એમને ગમતી નહોતી. પછી 'ગુરુદેવ'ની આજ્ઞા થઈ ગઈ એટલે પછી એક એવો પ્રકાર છે એ કે, બધા વિકલ્પોનું ત્યાં પૂર્ણવિરામ છે. એની સામે વિકલ્પ નહીં. એ વિકલ્પ નહીં. 'ગુરુદેવ'ના વિકલ્પ સામે પછી કોઈ વિકલ્પ નહીં, એ વિશેષતા છે.

શું કહે છે ? કે, સમસ્ત પ્રકારના શુભાશુભભાવોથી, કોઈ એમાં અપવાદ કે અપેક્ષા નથી. એમાં પછી કોઈ અપવાદ કે અપેક્ષા નથી. એવા સમસ્ત શુભાશુભભાવોથી દૂર વસે છે – પોતાનું ચૈતન્યતત્ત્વ છે એનાથી અત્યંત દૂર વસે છે. ચૈતન્યતત્ત્વમાં શુભાશુભભાવોનું અસ્તિત્વ નથી. જ્યાં શુભાશુભભાવોની હયાતી છે એમાં ચૈતન્યતત્ત્વ એટલે ચૈતન્યસ્વભાવ નથી. એવું જે ભેદજ્ઞાન.. આ મૂળ છે. તમામ સિદ્ધિનું, 'આત્મસિદ્ધિ'નું આ મૂળ છે.

**'એવું ભેદજ્ઞાન...'** આ ભેદજ્ઞાનનો વિષય છે. કર્મથી તું જુદો છો એવું ભેદજ્ઞાન અહીંયાં ન લીધું. શરીરથી તું જુદો છો એવું ભેદજ્ઞાન અહીંયાં ન લીધું. એ તો આપોઆપ એમાં આવી જાય છે એમ કહે છે. એની અવસ્થામાં થતો જે વિભાવભાવ એનાથી ચૈતન્યતત્ત્વ દૂર છે પછી એ વિભાવભાવના વિષયભૂત જે પુદ્‌ગલો છે, એના આલંબનભૂત જે દ્રવ્યકર્મ ને નોકર્મના પુદ્‌ગલો છે એ તો આપોઆપ જ દૂર ભાસે છે. એને દૂર છે, ભિન્ન છે એનો જુદો પ્રયત્ન કરવો પડતો નથી. જેણે અંતરંગમાં રાગથી વિભાવથી શુદ્ધ ચૈતન્યસ્વભાવને ભિન્ન પાડ્યો, ભિન્ન છે એને ભિન્ન જ્ઞાનમાં– લક્ષમાં લીધો, એને એ શુભાશુભભાવના વિષયભૂત પુદ્‌ગલો ભિન્ન જ ભાસે છે. પછી એમાં અભિન્ન ભાસવાનો પ્રશ્ન રહેતો નથી.

મુમુક્ષુ :- દ્રવ્યકર્મ અને નોકર્મ તો પ્રગટ ભિન્ન છે, પણ આ જે ભાવ છે ઇ જ કઠણ છે.

પૂજ્ય ભાઈશ્રી :- પ્રગટ ભિન્ન છે એ બુદ્ધિમાં ન્યાયથી સમજવામાં એમ લાગે છે, પણ વેદનમાં પણ ભિન્ન આવવા જોઈએ. વેદનમાં ભિન્ન આવવા જોઈએ. જેમ કે શરીરની વેદના થાય - શાતા થાય કે અશાતા થાય, કોઈપણ. વેદનીના બન્ને પ્રકાર છે - શાતા અને અશાતા. શાતા વેદનીયમાં પણ ચૈતન્યતત્ત્વ ભિન્ન ભાસે અને અશાતા વેદનીયમાં પણ ભિન્ન ભાસે ત્યારે એણે શરીરના પુદ્‌ગલો ભિન્ન છે એમ જાણ્યું કહેવાય. માત્ર યુક્તિથી જાણે, બુદ્ધિગમ્ય કરે એટલે ભિન્ન પડી જાય છે એમ છે નહીં. અને એ ક્યારે થાય છે ? કે જ્યારે શુભાશુભભાવથી પણ ભિન્નતા ભાસે છે ત્યારે એને શાતા-અશાતા વેદનીયથી પણ પોતાનું ચૈતન્યતત્ત્વ ભિન્ન ભાસે છે. નહીંતર શાતા-અશાતાથી ભિન્ન ભાસે નહીં. ખબર પડે કે, શરીર ને આત્મા જુદો છે. અને બહારમાં તો આ મરણના પ્રસંગો તો રોજ જોવા મળે છે.

જુઓ ! મરણ કેમ કહ્યું ? કે એમાં હવે એ ખોળીયામાં આત્મા રહ્યો નહીં, માટે જુદું તત્ત્વ આવું સંયોગથી જુદું પડી ગયું એટલે એને મરણ કહીએ. તો એવી ભિન્નતા તો સમજાય છે. અને ક્યારેક કોઈને એવા પ્રસંગે સ્મશાન વૈરાગ્ય પણ ઊપજે છે પણ એ વૈરાગ્ય પણ ટકતો નથી. પણ આવું જોયું ને વૈરાગ્ય થયો ને કેમ ન ટક્યો ? કે એણે એનાથી ભિન્ન ચૈતન્યનો આધાર લીધો નથી. પ્રસંગનો આધાર લીધો, પ્રસંગ વ્યતીત થઈ ગયો, આધાર લીધેલો ભાવ પણ વ્યતીત થઈ ગયો, ટકી શક્યો નહીં. સીધેસીધું લીધું. આધાર તો તું એવાનો લે કે, જે સદાય મોજૂદ રહે. ક્યારે પણ એ આધારભૂત તત્ત્વ ખસે નહીં એવા શાશ્વત તત્ત્વનો આધાર લે. ક્ષણિક પ્રસંગનો આધાર એ આધાર લેવાયોગ્ય વસ્તુ નથી. એમ કહેવું છે.

મુમુક્ષુ :- બુદ્ધિથી નક્કી કરે છે એ તો ઉપરની વસ્તુ છે. પેલામાં અંદર જવું પડે.

પૂજ્ય ભાઈશ્રી :- એ પરના આધારે નક્કી કરે છે, સંયોગથી નક્કી કરે છે. વિયોગથી વિયોગને નક્કી કરે છે. સંયોગથી એ સંયોગને નક્કી કરે છે અથવા એકબીજાના આધારે એકબીજાને નક્કી કરે છે. એ નક્કી કરવાનો આધાર ખોટો છે, એ પદ્ધતિ પણ ખોટી છે. એટલે એ વસ્તુ ટકવાની નથી. કોઈને ટકતી નથી.

પ્રશ્ન :– શુભાશુભથી જે જુદો નથી પડતો એટલે શુભાશુભનો આધાર લે છે ?

સમાધાન :– શુભાશુભના આધારમાં ઊભો છે ત્યાં સુધી ક્યાંથી જુદો પડે ? જ્યાં સુધી શુભાશુભભાવનો આધાર લે છે અને જ્યાં સુધી શુભાશુભભાવ પણ મને લાભનું કારણ છે, મારા છે અને લાભનું કારણ છે (એમ) એમાં મમત્વ કરે છે ત્યાં સુધી તો એનો આધાર છોડવાનો ભાવ ઊભો થતો નથી, એ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

પ્રશ્ન :– મમત્વ કેમ થઈ જાય છે ?

સમાધાન :– અનાદિનું થઈ ગયું છે. હવે તો સમજીને છોડે. કાંઈ નવું નથી, અનાદિનું એણે કરી રાખ્યું છે.

મુમુક્ષુ :– જે વખતે નક્કી કરી રાખ્યું છે કે, આ હું નહીં આ હું નહીં, ઇ વખતે પણ એનું અસ્તિત્વ રાખીને નક્કી કરે છે.

પૂજ્ય ભાઈશ્રી :– એમ છે કે, એણે શુદ્ધ ચૈતન્યને, એનાથી રહિત શુદ્ધ ચૈતન્યને ઓળખ્યો નથી. એટલે તો આમાં વાત લીધી ઉપરમાં જ કે, **'હે શુદ્ધાત્મા !'** શુદ્ધાત્મા એટલે શુભાશુભ રહિત આત્મા. પોતાનો આત્મા, હોં ! કોઈ બીજો નહીં. **'તને ઓળખવાથી પાંચ પ્રકારનાં પરાવર્તનોથી છુટાય છે...'** દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભવ અને ભાવ. પાંચે પ્રકારના વારંવાર–અનંતવાર થનારા પરિભ્રમણના પરાવર્તન છે, એનાથી છૂટીશ. ક્યારે ? કે, જ્યારે શુદ્ધ આત્માને ઓળખીશ ત્યારે.

શુભાશુભભાવથી જે ભિન્ન છે અને જેનાથી શુભાશુભભાવ પણ ભિન્ન છે એને ઓળખ્યા વિના એનાથી જુદું પડાતું નથી. કેમકે અનાદિથી એની સાથે એકત્વ થઈ જ રહ્યું છે, થઈ જ જાય છે. તો જુદું પડવું, જુદું પોતાનું અસ્તિત્વ છે. ચૈતન્યતત્ત્વમાં અસ્તિત્વનું ગ્રહણ થાય, તો અહીંયાં શુભાશુભભાવમાં અસ્તિત્વનું ગ્રહણ થયું છે એ છૂટી જાય. એકસાથે બેમાં અસ્તિત્વનું ગ્રહણ થઈ શકે નહીં. શુભાશુભભાવ તે હું, એમાં જ્ઞાન તે હું આવી શકે નહીં, એવો ભાવ ન આવી શકે. જ્ઞાન તે હું એમ જ્યાં ગ્રહણ કર્યું તો શુભાશુભ હોય તો બાજુમાં રહી જાય, એમાં હુંપણું આવી શકે નહીં. બસ ! સીધી વાત આ છે.

પ્રશ્ન :– એટલે અસ્તિત્વથી વેદન પકડાય ?

સમાધાન :- વેદનથી અસ્તિત્વ પકડે, અસ્તિત્વથી વેદન પકડે. બધું એકસાથે છે. પણ અસ્તિત્વ છે એ સામાન્ય છે, વેદન છે એ વિશેષ છે. વિશેષથી ગ્રહણ થાય છે, સામાન્યથી સીધું ગ્રહણ થતું નથી, એમ (છે).

એ પ્રશ્ન (ઉપર) એકવાર ચર્ચા કરી હતી કે, આત્મા જ્ઞાયકપણે પણ છે અને આત્મા અસ્તિપણે પણ છે. એટલે જ્ઞાયક સ્વભાવે છે, અસ્તિત્વ સ્વભાવે છે. મુમુક્ષુ જીવે અસ્તિત્વથી ઉપાડ કરવો કે જ્ઞાયકપણાથી ઉપાડ કરવો ? આ પ્રશ્ન, સીધો પ્રશ્ન હતો કે જ્ઞાયકપણાથી ઉપાડ કરવો. જ્ઞાયકપણે આત્માને ગ્રહણ કરતાં અસ્તિત્વનું ગ્રહણ એમાં આપોઆપ થઈ જાય છે, કેમકે એ વિશિષ્ટ ગુણ છે. અસ્તિત્વ ગુણ તો છએ દ્રવ્યમાં સામાન્ય છે. એનાથી ભિન્ન આત્મા ગ્રહણ થતો નથી. કેવો આત્મા અહીંયાં ગ્રહણ કરવો છે ? કે ભિન્ન આત્મા ગ્રહણ કરવો છે. દેહથી, સંયોગથી, રાગથી અને એક સમયની પર્યાયથી ભિન્ન સામાન્ય તત્ત્વ ગ્રહણ કરવું છે. તો એ જ્યાં સામાન્યનો અંશ છે જ્ઞાનમાં ત્યાંથી આખા જ્ઞાયકને જુદો પાડી દેવો છે. એમાં કોઈ દ્રવ્ય, ગુણ, પર્યાયના ભેદ પણ ગ્રહણ થતાં નથી. બધું એકસાથે જ થઈ જાય છે.

**'એવું ભેદજ્ઞાન...'** એમ લેવું છે. આવું **'ભેદજ્ઞાન ગુરુવચનોથી કરી...'** ગુરુવચનોના નિમિત્તે કરીને, કરીને એમ લેવું છે. **'જે શુદ્ધદૃષ્ટિવાળો થાય....'** શુદ્ધદૃષ્ટિવાળો થાય એટલે શુદ્ધ આત્મામાં અસ્તિત્વ સ્થાપવાનું જેનું કાર્ય છે, એવી જે દૃષ્ટિ, એવી દૃષ્ટિવાળો જે થાય. એટલે કે પોતાના શુદ્ધાત્મામાં જ એ પોતાની હયાતીને સ્થાપિત કરે **'તેને યથાર્થ દૃષ્ટિ થાય,...'** તેની દૃષ્ટિ યથાર્થ, તેનું જ્ઞાન યથાર્થ, એનું બધું જ જ્ઞાન યથાર્થ. જેની દૃષ્ટિ યથાર્થ તેનું બધું જ જ્ઞાન યથાર્થ છે. જ્ઞાનમાંથી તો જ્ઞાન જ નીપજે છે. જ્ઞાનમાંથી પછી અજ્ઞાન નીપજતું નથી.

જેમ સોનાના દાગીનામાંથી જેટલા દાગીના બનાવો તે બધા સોનાના (બને), એકેય લોઢાનું બને નહીં અને લોઢાના ઢાળામાંથી જેટલા દાગીના બનાવો તે બધા લોઢાના (થાય), એકેય સોનાનો થાય નહીં. એમ અજ્ઞાનભાવમાંથી ગમે તે ક્રિયા કરે તોપણ બધી અજ્ઞાનજનિત અજ્ઞાનમય ક્રિયા છે અને જ્ઞાનથી જેટલું કાંઈ કરે તે બધું જ્ઞાનમય છે. જેટલું કરે તે જ્ઞાનમય છે એમ લીધું.

એટલે તો 'શ્રીમદ્જી'એ ૨૭૨ નંબરના પત્રમાં લીધું છે કે, જેનું સર્વ આચરણ

વંદનીય છે એવા સત્પુરુષને કોઈ ઉદયમાં જોતા મુમુક્ષુજીવને શંકા પડી જાય, ડોલાયમાન થઈ જાય, અચકાટ થઈ જાય, અંદર નિર્ણયમાં એને ગડબડ થાય તો એણે શું કરવું ? આ પ્રશ્નના વિષયમાં ઊભો રાખી દીધો છે એક પત્રની અંદર. પ્રશ્ન મૂકીને વાતને છોડી દીધી છે. ગર્ભિતાર્થમાં એનો જવાબ છે. પણ પોતે તો એ વાત પ્રશ્ન કરીને છોડી દીધી છે. ૨૪માં વર્ષમાં લીધું છે.

**'જે મહત્ પુરુષનું ગમે તેવું આચરણ પણ વંદન યોગ્ય જ છે,...'** જુઓ ! કેવી શૈલી છે ! **'એવો મહાત્મા પ્રાપ્ત થયે...'** એવો મહાત્મા, એનો સત્સમાગમ પ્રાપ્ત થાય ત્યારે એ મહાત્મા પ્રાપ્ત થયા એમ કહેવામાં આવે છે. પ્રાપ્ત થયા એનો અર્થ કે એને એ આદરથી જુએ છે, એને એ વિશ્વાસથી જુએ છે, ત્યારે એના કોઈપણ આચરણમાં **'નિઃસંદેહપણે ન જ વર્તી શકાય...'** તે મહાત્મા પ્રાપ્ત થયે કોઈ એવું આચરણ હોય કે, જેમાં નિઃસંદેહપણે ન જ વર્તી શકાય તેમ એના પરિણામ, કોઈ મુમુક્ષુજીવના વર્તતા હોય **'તો મુમુક્ષુએ કેવી દૃષ્ટિ રાખવી...'** તો એણે ત્યાં શું કરવું ? **'એ વાર્તા સમજવા જેવી છે.'** આ વાર્તા વિચારવા જેવી છે, આ પ્રસંગ વિચારવા જેવો છે, ઊંડા ઊતરીને વિચારવા જેવો છે. બસ ! પત્ર પૂરો કરી દીધો છે. આથી વધારે આ પત્રમાં કાંઈ નથી લખ્યું. એની અંદર એનો જવાબ સમાયેલો છે કે, એણે જે એને સંદેહ થાય છે એ સંદેહને એણે એની અંતરંગ પરિણતિ લક્ષમાં લઈને નિર્મૂળ કરી નાખવો.

મુમુક્ષુ :– કોઈ પાત્ર જીવ હોય તો આવો પ્રશ્ન ન થાય.

પૂજ્ય ભાઈશ્રી :– એ વાત સાચી છે.

મુમુક્ષુ :– 'રામચંદ્રજી' ભગવાનનો દાખલો લ્યો, જ્ઞાની હતા છતાં છ-છ મહિના સુધી (શબ લઈને ફર્યા). આમ વિચિત્રતા જ લાગે ને ? એમ સમ્યક્દૃષ્ટિ હોય લડાઈમાં જાય, મારામારી કરે.

પૂજ્ય ભાઈશ્રી :– મારામારી કરે, મારામારી કરે. વૈરાગ્યની વાત કરે ને એનો લગ્ન પ્રસંગ આવીને ઊભો રહે. ઠીક ! વાત વૈરાગ્યની (કરે). સંદેહ પડી જાય એવો વિષય છે કે આમાં તો નિઃસંદેહપણે વર્તવું મુશ્કેલ પડે એવું છે. એણે ત્યાં શું કરવું ? એ પ્રશ્ન એવી જ્યાએ લાવીને ઊભો રાખ્યો છે કે, એ મુમુક્ષુની પરીક્ષાનો કાળ

થઈ પડે. એની પરીક્ષાનો કાળ થઈ પડે એવો વિષય લાવીને ઊભો રાખ્યો છે. તો એણે કેવી દૃષ્ટિ રાખવી ? ક્યાંથી એણે વિચારવું કે જેથી એને આ સંદેહનું નિવારણ થઈ જાય અથવા ઊપજે નહીં, ઊપજ્યો હોય તો મટી જાય, એવું એણે શું કરવા યોગ્ય છે ? કે, એને એની અંતરંગ પરિણતિને પકડવી. એના સંયોગ કે એના બાહ્ય પરિણામમાં ચારિત્રમાં વર્તતા ઉપયોગને એણે પકડવો નહીં, એમ છે. એ કઠિન વિષય છે, સહેલો નથી. કહેવાય છે અને સમજાય છે એટલો સહેલો નથી. જરા કઠિન વિષય છે.

મુમુક્ષુ :- જ્ઞાની તરીકે માનીએ પછી એ પ્રશ્ન ઊભો જ ન થાય. એના ભાવની અંદર બેઠું હોય કે આ જ્ઞાની છે પછી એ પ્રશ્ન જ ઊભો ન થાય.

બીજો મુમુક્ષુ :- આ એને સમજાય છે, આ શું છે ? એને જ સમાધાન આવે છે.

પૂજ્ય ભાઈશ્રી :- જેને અંદરથી ઓળખાણ થઈ છે, અંતરંગથી ઓળખાણ થઈ છે એને વાંધો નથી આવતો અને બીજો શંકામાં પડી જાય છે એને વાંધો આવી જાય છે. એ શંકા એ જ એનો વાંધો છે. 'જ્યાં શંકા ત્યાં ગણ સંતાપ, જ્ઞાન તહાં શંકા નહિ સ્થાપ' એમ છે.

પછી ૨૭૩ માં લખે છે કે, **'કળિયુગમાં અપાર કષ્ટે કરીને સત્પુરુષનું ઓળખાણ પડે છે.'** સહેલાઈથી પડતું નથી. **'વળી કંચન અને કાંતાનો મોહ તેમાં પરમ પ્રેમ આવવા ન દે તેમ છે.'** સત્પુરુષ પ્રત્યે જે પરમ પ્રેમ, સર્વાર્પણબુદ્ધિ જેને કહે છે એ બહાર પોતાના જે ઉદયમાન સંયોગો છે, આ તો કંચન અને કાંતા મુખ્ય નિમિત્ત છે એટલે લીધું છે, પણ જે કાંઈ ઉદયમાન સંયોગો છે એને લઈને એના ઉપરનો જે પ્રેમ અને વહાલપ છે, એને લઈને એને આ કળિયુગમાં પરમ પ્રેમ સત્પુરુષ વિશે ન આવે એવું બને છે. **'ઓળખાણ પડ્યે અડગપણે ન રહી શકે,...'** જોયું ? ઓળખાણ પડ્યા પછી પણ **'અડગપણે ન રહી શકે એવી જીવની વૃત્તિ છે,...'** આ એક બહુ Delicate position છે – બહુ નાજુક પરિસ્થિતિ છે આ. **'અને આ કળિયુગ છે; તેમાં જે નથી મુઝાતા તેને નમસ્કાર.'** બોલો કેટલી વાત લખી છે !

મુમુક્ષુ :- જ્ઞાની એમ કહે છે.

પૂજ્ય ભાઈશ્રી :- જ્ઞાની એમ કહે છે. એ જ્ઞાની થવાનો છે ને સામે ! આ પરીક્ષામાં પાસ થયો, આ અમારી નાતમાં ભળ્યો, અમે એને નમસ્કાર કરીએ છીએ !!

એમ. ઊગતા સૂરજને પૂજે એના જેવી વાત છે.

**'જગતમાં રૂડું દેખાડવા માટે મુમુક્ષુ કંઈ આચરે નહીં,...'** જગતને કે **'જગતમાં રૂડું દેખાડવા માટે મુમુક્ષુ કંઈ આચરે નહીં, પણ રૂડું હોય તે જ આચરે.'** આ ૨૭૪ માં એક વાત લીધી છે. પત્રોમાં પણ સૂત્રો અને સિદ્ધાંતો જેવી ઘણી વાતો છે.

મુમુક્ષુ :– જેમ 'ગુરુદેવશ્રી'એ કમાલ કરી નાખી એમ 'શ્રીમદ્જી'એ એ જમાનામાં ૧૦૦ વર્ષ (પહેલાં) કમાલ કરી નાખી છે.

પૂજ્ય ભાઈશ્રી :– જૈન દર્શનના સાહિત્યમાં અનુભવની વસ્તુ મૂકી છે.

મુમુક્ષુ :– કંચન, કામિની કીધું ને ? એમ જર, જમીન અને જોરુમાં ક્યાંય સંસારમાં જીવ સલવાઈ જાય છે ને !

પૂજ્ય ભાઈશ્રી :– એ તો એના ઉદયનો મુખ્ય વિષય એ છે, સંસારી જીવને ઉદયનો એ મુખ્ય વિષય છે.

મુમુક્ષુ :– ત્યાં સલવાઈ જાય છે એટલે અહીંયાં આવે નહીં.

પૂજ્ય ભાઈશ્રી :– બે જગ્યાએ તો અર્પણતા રહે નહીં, એમ. આ તો એ આખા ઉદયના તમામ પ્રસંગો ગૌણ છે, એક સત્ અને સત્પુરુષ મુખ્ય છે, આમ છે. એક જીવન સમર્પણ કરવા જેવો વિષય છે. સાધારણ વાત નથી. જીવન સમર્પણ કરવાનો વિષય છે. બાકી તો શું છે કે, પ્રસિદ્ધિ હોય, એ જાતના સત્પુરુષના પુણ્ય હોય, પ્રસિદ્ધિ હોય, પ્રસિદ્ધ સત્પુરુષ હોય તો ટોળાના ટોળા અનુસરે, પણ એ પોતાનો બચકો એમ ને એમ બાંધીને રાખીને. પહેલું આ, પહેલું મારું ઘર, પહેલું મારો ઉદય, પહેલું મારું કુટુંબ, પહેલું મારું, મારું બધું પહેલું ને પછી બાકી વધે એમાં જે થાય ઇ કરવું, એમ હોય છે. ત્યાં કાંઈ લાભ થતો નથી. શું કહે છે ?

મુમુક્ષુ :– ભેદજ્ઞાનની ટૂંકી વાત જ કરી દીધી, શુભાશુભભાવોથી ભિન્ન.

પૂજ્ય ભાઈશ્રી :– આ ભેદજ્ઞાનનો વિષય છે. જે શુદ્ધ ચૈતન્યતત્ત્વ શુભાશુભભાવોથી ભિન્ન છે એવું જે ભેદજ્ઞાન, તે ગુરુના વચનોના નિમિત્તે કરીને એમાંથી ભેદજ્ઞાન પણ એને શીખવા મળે છે, સમજવા મળે છે અને ગુરુવચનોથી એ વિધિ અંગીકાર કરવાનો એને ત્યાં સુધી લાભ મળે છે.

એનાથી **'જે શુદ્ધદૃષ્ટિવાળો થાય...'** છે તેની **'યથાર્થ દૃષ્ટિ થાય,...'** છે. એમાંથી

એ વાત નીકળી. યથાર્થ દૃષ્ટિ થાય છે એટલે એનું બધું યથાર્થ છે, એનું કાંઈ અયથાર્થ નથી. જ્ઞાનનો-સમ્યક્જ્ઞાનનો દીવો જેની પાસે છે, સમ્યક્જ્ઞાનનો પ્રકાશ જેની પાસે છે એનું બધું યથાર્થ છે, એનું કાંઈ અયથાર્થ ગણવામાં આવતું નથી. પણ એને વિભાવભાવ થાય છે એનું શું ? કે એને વિભાવભાવ થાય છે એનાથી ભિન્ન હું છું એવું જ્ઞાન પણ ત્યારે જ વર્તે છે. એ વિભાવભાવ તે હું નહીં એનો નિષેધાત્મક પરિણામ પણ એને ત્યારે વર્તે જ છે. એને તું જો ! એને વિભાવ થાય છે એમ ન જો, પણ એને વિભાવનો નિષેધ થાય છે એમ તું જો, એમ કહેવું છે. નહીંતર ઇ ગડબડ થાય કે, એનું બધું યથાર્થ ? વિભાવ પણ થાય છે. ભાઈ ! વિભાવ થાય છે એમ કાં જો ? વિભાવ વખતે પણ વિભાવથી હું જુદો છું એવું એને જ્ઞાન થાય છે. એ કર્તવ્ય નથી એમ એને જ્ઞાન થાય છે.

તે યથાર્થ દૃષ્ટિ છે અને એમાંથી સ્વરૂપ **'લીનતાના અંશ વધે,...'** લીનતાના અંશ વધે એટલે સ્વરૂપમાં લીનતાના અંશ વધે. સ્વરૂપની લીનતાના અંશ વધે ત્યારે એ ઉપર ઉપરના ગુણસ્થાનમાં પ્રવેશ કરે. ચતુર્થ ગુણસ્થાનમાં હોય તો પંચમ ગુણસ્થાનમાં પ્રવેશ કરે, પંચમ ગુણસ્થાનમાં હોય તો લીનતા વધારીને મુનિદશામાં પ્રવેશ કરે. ત્યારે **'મુનિદશામાં વધારે લીનતા થાય...'** પ્રચૂર લીનતા થાય. ક્ષણે ક્ષણે સ્વરૂપમાં લીન થાય એવી સહજ દશા એને મુનિદશા, એને વાસ્તવિક મુનિપણું કહેવામાં આવે છે.

જે સારી રીતે સ્વરૂપને ક્ષણે ક્ષણે સાધી રહ્યા છે તે સાધુ, તેને ણમો લોએ સવ્વસાહૂણં કહેવામાં આવે છે, એ સાધુ છે. કોઈ બહારમાં ત્યાગ થાય માટે સાધુ થાય એ વાત નથી. સ્વરૂપ લીનતાના અંશ વધે અને વધારે લીનતા થાય, વારંવાર લીનતા થાય. લીનતા થાય એમાં પણ તારતમ્ય વિશેષથી વધુ લીનતા થાય. કાળક્રમે વારંવાર લીનતા થાય, ક્ષણે ક્ષણે લીનતા થાય અને આગળ વધીને તેમાંથી કેવળજ્ઞાન પ્રગટે કે જેમાંથી સ્વરૂપ લીનતા છૂટવાનો પ્રશ્ન જ રહેતો નથી. જે એકવાર એવી રીતે સ્વરૂપમાં લીન થઈ ગયા પછી લીન થતાં... થતાં... થતાં... થતાં... કે જે સદાને માટે બહાર આવ્યા જ નહીં એવા લીન થઈ ગયા. એની અભિલાષા સાધકો કરે છે. એ દશાની-એ અપૂર્વ દશાની અભિલાષા સાધકો કરે છે.

**'કેવળજ્ઞાન પ્રગટી પરિપૂર્ણ મુક્તિપર્યાય પ્રાપ્ત થાય.'** એ બધાનું મૂળ આવું ભેદજ્ઞાન છે. સમસ્ત શુભાશુભભાવોથી મારું શુદ્ધ ચૈતન્યતત્ત્વ દૂર છે. એની દૃષ્ટિ, શુદ્ધ દૃષ્ટિથી એમાં અસ્તિત્વને ગ્રહણ કરે, સ્થાપે અને યથાર્થ જ્ઞાન કરીને લીનતાના અંશો વધારે. મુનિદશામાં ઘણી લીનતા વધારે, કેવળજ્ઞાનમાં સંપૂર્ણ લીનતા પ્રગટ કરે અને પરિપૂર્ણ મુક્ત પર્યાયે સાદી અનંત... અનંતકાળ પર્યંત સમાધિ સુખમાં લીન રહે છે. એ બધાનું મૂળ આ ભેદજ્ઞાન છે, એમ લઈ જવું છે.

મુમુક્ષુ :– એક બોલમાં પહેલેથી છેલ્લે સુધી લઈ લીધું અજ્ઞાનીથી જ્ઞાની સુધીની.

પૂજ્ય ભાઈશ્રી :– ઠેઠ સુધીની વાત લઈ લીધી છે. 'શ્રીમદ્જી'ના વચનોમાં જે સત્પુરુષનો વિષય છે એ આખો વિષય અહીંયાં ૧૬૭ માં આવી જાય છે. કે ગુરુવચનોને તું સાંભળે છે એમાં તને અગાધ, અપૂર્વ, અચિંત્ય ચૈતન્યતત્ત્વ વાણીથી ને વિકલ્પોથી ભિન્ન એવું અપૂર્વ ચૈતન્યતત્ત્વ ભાસે છે, લાગે છે. એ બતાવે છે એવું તને લાગે છે, એમ બતાવે છે એવું તને લાગે છે – તો તને તારા શુભાશુભભાવોથી ભેદજ્ઞાન કરવાનું નજીક છે; સહેલું છે, સહજ છે, નહીંતર ભેદજ્ઞાન એમ ને એમ અદ્ધરથી આવી જતું નથી કે કરી શકાતું પણ નથી. આ પ્રકારની એક તૈયારી લીધી છે. જેને પ્રત્યક્ષ સમાગમ સાંભળવાનો છે એની આ પ્રકારની તૈયારી હોવી ઘટે છે. એમ કહે છે. અહીં સુધી રાખીએ...

સમ્યગ્દર્શન થતાં જ જીવ ચૈતન્યમહેલનો માલિક થઈ ગયો. તીવ્ર પુરુષાર્થીને મહેલમાંનો અસ્થિરતારૂપ કચરો કાઢતાં ઓછો વખત લાગે, મંદ પુરુષાર્થીને વધારે વખત લાગે; પરંતુ બંને વહેલામોડા બધો કચરો કાઢી કેવળજ્ઞાન અવશ્ય પ્રાપ્ત કરશે જ. ૧૬૮.

## તા. ૨૦-૦૭-૧૯૮૭, વચનામૃત-૧૬૮
## પ્રવચન નં. ૧૨૪

'બહેનશ્રીનાં વચનામૃત' બોલ-૧૬૮, પાનું ૫૨ છે. સમ્યગ્દષ્ટિ જ્ઞાનીની દશાનું વર્ણન કરે છે. **'સમ્યગ્દર્શન થતાં જ જીવ ચૈતન્યમહેલનો માલિક થઈ ગયો.'** **'સમ્યગ્દર્શન થતાં...'** એટલે જે જીવને પોતાના મૂળ સ્વરૂપનું, નિજ પરમાત્મપદનું શુદ્ધ શ્રદ્ધાન થાય છે એને સમ્યગ્દર્શન કહે છે. એમ થતાં જ શ્રદ્ધાનું પરિણમન કોઈ એવા પ્રકારનું છે કે, જાણે કે એ આખા પરમાત્મપદ ઉપર કબજો મેળવે છે. આખું દ્રવ્ય જેના કબજામાં આવી ગયું, એવો એક પરિણમનનો પ્રકાર છે. એને શ્રદ્ધા સાથે સંબંધ છે.

અનંત ગુણ છે, એમાં શ્રદ્ધાને કહેવું તો મુશ્કેલ છે એવું એનું પરિણમન છે.

તોપણ કેટલાક ઉપલક્ષણોથી એને દર્શાવવામાં આવે છે. જ્યાં શુદ્ધોપયોગમાં અનાદિથી પૂરી શક્તિથી ઊંધું પરિણમતું શ્રદ્ધાન (હતું) એની શક્તિ સન્મુખની દશામાં વહી જઈને, નિઃસત્ત્વ થઈને, જ્યારે એનો અભાવ થાય છે અને પૂરી શક્તિથી શ્રદ્ધાનનું સવળું પરિણમન થાય છે, ત્યારે પોતાના પરમપદનું સ્વામિત્વ અંદર સાથે સાથે ઊભું થાય છે. માલિક થઈ ગયો એટલે એમાં સ્વામિત્વ આવી ગયું. મારું પરમેશ્વરપદ હું પોતે જ છું, મારાથી એ ક્યાંય છેટું છે એમ નથી, દૂર છે એમ નથી, અનુભવ અપેક્ષાએ તો અભેદ અનુભૂતિસ્વરૂપ છું અને શ્રદ્ધાન અપેક્ષાએ હું જ મારા સર્વ અનંત ગુણોનો માલિક છું.

જ્યાં વસ્તુ મારા કબજામાં છે પછી ચિંતા શેની ? વસ્તુ એવી છે કે, જેનો કદી નાશ ન થાય, જેને કદી કોઈ બાધા પહોંચાડી શકે નહીં એવું અવ્યાબાધ સ્વરૂપ છે પછી ભય શો ? પછી ચિંતા શી ? પછી કોઈ વિટંબણા શી ? કોઈપણ પ્રકારનો ખેદ શો ? કે દુઃખ શેનું ? એવી વસ્તુનો સ્વામિત્વભાવ ઉત્પન્ન થાય છે. એ બધા એના ઉપલક્ષણ છે. એટલે એ ન્યાયે અને એ દૃષ્ટિકોણથી જાણે કે સમ્યક્દૃષ્ટિને કૃતકૃત્યપણું છે. પોતાનું જે કૃતકૃત્ય સ્વરૂપ, એ રૂપ પોતાનું શ્રદ્ધાન અને અભેદ અનુભવ (થયો) એમાં જાણે કે હું તો કૃતકૃત્ય જ છું. મારા સ્વરૂપમાં મારે કાંઈ કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

ત્યારે કોઈ એમાં પ્રશ્ન કરે કે, અંદર હજી અસ્થિરતા છે ને ? એનો રાગ એને લઈને, અસ્થિરતાને લઈને ઉત્પન્ન થાય છે એનું શું ? એ સમ્યક્દૃષ્ટિના સમ્યક્જ્ઞાનમાં એ વાત અજાણી નથી. એને ખબર છે કે જેટલી અસ્થિરતાથી રાગ ઉત્પન્ન થાય છે એટલો કચરો છે, એટલો મેલ છે, એટલો દોષ છે, એટલું દુઃખ પણ છે. પણ જે લાભ થયો ને જે પ્રાપ્તિ થઈ એની પાસે એને નહીંવત ગણવામાં આવે છે. જાણે કે એને નથી, એમ કહેવામાં આવે છે.

પ્રશ્ન :– ચક્રવર્તીનો આટલો બધો પથારો હોય તોપણ એને કાંઈ નહીં ?

સમાધાન :– ચક્રવર્તી છ ખંડના પથારામાં પોતાનો અભાવ જોવે છે કે આ છએ ખંડમાં મને શૂન્યપણું દેખાય છે. જેમ સ્મશાન ખાલી લાગે એવું એને ખાલી ખાલી લાગે છે, ક્યાંય ભર્યું ભર્યું લાગતું નથી. સાધારણ જીવને તો સાધારણ સંયોગો

હોય છે તોપણ એનામાં એને ભર્યું ભર્યું લાગે છે. આ મારું ઘર, આ મારું કુટુંબ, આ બધું મારું, આટલું મારું, આબરુ આટલી મારી, આટલું મારું નામ, આટલું મારું સ્થાન, આટલું આ બધું એને ભર્યું ભર્યું લાગે છે. એ મિથ્યાભાવ છે. એ ભાવ કોઈપણ ભોગે રાખવા જેવો નથી. કોઈપણ ભોગે રાખવા જેવો નથી. એટલો બધો એ જીવને હાનિકર્તા, નુકસાનકર્તા ભાવ છે.

અહીંયાં તો કહે છે કે ચક્રવર્તી પોતાના આયુષ્યને પણ, કાળ ક્રમે એના આયુષ્ય ભિન્ન ભિન્ન પ્રકારના છે. 'ભરત' ચક્રવર્તીનું બહુ મોટું આયુષ્ય હતું. એના પ્રમાણમાં નીચે છેલ્લા ચક્રવર્તી થઈ ગયા એનું એટલું આયુષ્ય ન હોય. કેમકે એ તો જેમ જેમ કાળ ચાલે છે એમ આયુષ્યના પરિમાણમાં પણ ફેરફાર થતો જાય છે. પણ એ ગમે તેટલું આયુષ્ય લાંબું હોય, ટૂંકું હોય પોતાના અનાદિઅનંત શાશ્વત અસ્તિત્વ પાસે એને એ કાળના સમુદ્રમાં એક બિંદુ જેટલું જોવે છે. જેમ માણસ કહે છે ને કે, 'ચાર દિવસની ચાંદની ફીર અંધેરી રાત'. ઇ તો ચાર દિવસ પણ કહેવા જેટલું નથી. અનંતકાળ પાસે કોઈપણ આયુષ્ય, અરે...! તેત્રીસ સાગરનું આયુષ્ય પણ કાંઈ નથી. એવો મોટો કાળ છે. અનાદિઅનંત જીવની હયાતીનો કાળ એટલો મોટો છે. એવો વિશાળ હયાતીવાળો પદાર્થ પોતે છે. એમાં જરાક વચ્ચે થોડા આયુષ્યમાં ઠીક સંયોગો થયા કે જે તારાથી ભિન્ન છે, પાછા એ તારા નથી, તારામાં નથી. એનો આધાર લઈને દુઃખી થવા જેવું નથી કે રખડી મરવા જેવું નથી.

**'ચૈતન્યમહેલનો માલિક...'** થયો, ત્યાં રાગનો અને રાગના વિષયભૂત પૂર્વકર્મના સંયોગોનો માલિક મટી ગયો. પહેલાં માલિકી ઊંધી હોય છે. પરની માલિકી છૂટી ગઈ જ્યાં સ્વની માલિકી થઈ ત્યાં. બે માલિક – બે જગ્યાએ માલિકીપણું રહેતું નથી. વાત ઉપરથી સીધીસાદી દેખાય છે પણ, **'ચૈતન્યમહેલનો માલિક થઈ ગયો.'** એમ કહેવામાં, એ કેવી રીતે એના કબજાનો વિષય છે કે જેને લઈને એ બિલકુલ નિશ્ચિંત છે.

જેમ કોઈને ખજાનો ઘરમાંથી મળી જાય છે, અઢળક દોલત. કોઈએ એમ કહ્યું કે, તું જેટલું ખોદીશ એટલું નીકળ્યા કરશે. પેલો કહે, તો મારે હવે ખોદવાની મહેનત કરવાની શું જરૂર છે ? જો છે જ, એ મારું જ છે, મારા જ ઘરમાં છે ને મારા જ

કબજામાં છે. વાપરી ન શકું એટલું તો ખોદીને બહાર કાઢ્યું છે, હવે ખોદી ખોદીને બીજા ગોડાઉન ભરવા એને કોઈ તાળા તોડે એના કરતા અહીં દટાયેલું પડ્યું છે એ શું ખોટું છે. એ કબજામાં જ છે. પ્રતીતિ આવી ગઈ કે નીકળ્યા કરે છે એ વાત સાચી છે. એને કેટલું એ વાપરે છે, ઓછું વાપરે છે, વધારે વાપરે છે, એનો ભોગ-ઉપભોગ કેટલો છે – એ ગૌણ ચીજ છે. એની કોઈ મુખ્યતા નથી.

એમ અવસ્થામાં કેટલા આનંદને એ ભોગવે છે, કેટલી સ્થિરતાએ એ શુદ્ધ થયો, કેટલી અસ્થિરતા રહી એ કોઈ ગણતરીનો વિષય નથી. કેટલી મોટી ચીજ મળી ગઈ છે. મળી ગઈ છે એટલે હતી એનો પત્તો લાગી ગયો છે. કોઈ નવી આવી નથી. એ એટલી મોટી ચીજ છે કે એની પાસે અવસ્થા વધી-ઘટી એ જોવાની દૃષ્ટિ રહેતી નથી.

જ્ઞાનમાં બધો ખ્યાલ આવે છે કે, કેટલી શુદ્ધતા વધી છે, કેટલી અશુદ્ધતા ગઈ છે. એવી શૈલીથી પણ વર્ણન આવે કે, સમ્યક્દૃષ્ટિ થાય ત્યારથી એને પ્રમાદ હોતો નથી, નિષ્પ્રમાદપણે પોતાની શક્તિ હોય એ સર્વ શક્તિથી, પૂરા ઉદ્યમથી પૂર્ણ થવાનો, ત્વરાથી પૂર્ણ થવાનો એ પ્રયત્નવાન વર્તે છે. એ બધી શૈલીથી વાત આવે. એ બધા આચરણના ને જાણવાના પડખાં છે પણ અહીંયાં જેના ઉપર આખું વજન છે અને જે આધારભૂત તત્ત્વ છે એ તો કૃતકૃત્ય છે. એની પાસે અવસ્થાની શુદ્ધિ, એનું કર્તૃત્વ ખલાસ થઈ જાય છે. અવસ્થામાં અશુભ મટાડીને શુભ કરવું એ કર્તૃત્વનો, તો રાગના કર્તૃત્વનો તો પ્રશ્ન જ અસ્થાને છે, પણ શુદ્ધતા કરવી એવું કર્તૃત્વ પણ હજી જીવનું ખલાસ થાય છે. કરવું શું ?

જ્યાં હું કૃતકૃત્ય છું, કરવાનો પ્રશ્ન મારા સ્વરૂપને વિશે નથી અને હું કૃતકૃત્ય છું એવા ભાવમાં, એવા આલંબનમાં અવસ્થા સહેજે શુદ્ધ થતી જાણવામાં આવે છે. શુદ્ધ કરતી જાણવામાં (આવતી નથી), કર્તૃત્વભાવે શુદ્ધ કરાતી જાણવામાં આવતી નથી પણ શુદ્ધ થતી જાણવામાં આવે છે કે, આપોઆપ આ તો શુદ્ધ થાય છે, અને પૂર્ણ શુદ્ધ થઈને રહેશે. એ સિવાય પરિણામની ગતિમાં બીજું કોઈ વલણ જોવામાં આવતું નથી. વલણ એટલે એવું એક પરિણમનશીલપણું થઈ જાય છે, પરિણમનનો એવો સ્વભાવ થઈ જાય છે કે, ઉત્તરોત્તર શુદ્ધતા વધીને પૂર્ણ શુદ્ધતાએ અસંખ્ય સમયમાં સાધક જીવ પહોંચે જ પહોંચે છે. કોઈને ન પહોંચે એ પ્રસંગ અપવાદમાં પણ

બનતો નથી.

એટલે અહીંયાં એ પુરુષાર્થને પણ ગૌણ કર્યો છે કે, એ ખ્યાલ છે કે **'તીવ્ર પુરુષાર્થીને મહેલમાંનો અસ્થિરતારૂપ કચરો કાઢતાં ઓછો વખત લાગે, મંદ પુરુષાર્થીને વધારે વખત લાગે;...'** છે બન્ને પુરુષાર્થી. સાધક ધર્માત્મા મંદ પુરુષાર્થી હોય તોપણ એ પુરુષાર્થી છે, તીવ્ર પુરુષાર્થી હોય તોપણ એ પુરુષાર્થી છે. કોઈ તીવ્ર પુરુષાર્થી એક ભવતારી હોય, કોઈ મંદ પુરુષાર્થને લઈને બે-ચાર ભવમાં જાય. એ વસ્તુ કોઈ ગણતરીમાં લેવા જેવી નથી અથવા એ ગણતરીમાં મુખ્ય કરવા જેવી નથી. એનો કોઈ એવો હિસાબકિતાબ ખાસ વજનવાળો નથી. કેમકે અનંતકાળમાં એક ભવ કે બે-ચાર ભાવ એ કોઈ ગણતરીનો વિષય (નથી), કાંઈ નથી એ તો નહીંવત છે. અનંતકાળ પાસે એ નહીંવત છે. જેટલો કાળ એણે અજ્ઞાનદશામાં કાઢ્યો અને ભવિષ્યમાં જેટલો કાળ એ પૂર્ણ મોક્ષદશામાં કાઢશે – એ બન્નેની અનંતતા એટલી છે કે વચ્ચે સાધકપણાનો અસંખ્ય સમયનો કાળ એ તો નહીંવત છે. એનો કાંઈ બહુ હિસાબ મૂકવા જેવો નથી.

પ્રશ્ન :– આ તીવ્ર અને મંદ ભેદ કેમ પડ્યા ?

સમાધાન :– એ તો તીવ્ર છે એ તીવ્ર છે અને મંદ છે એ તો મંદ છે જ.

પ્રશ્ન :– ભૂલ શું થઈ એમાં ?

સમાધાન :– ભૂલ નથી. ભૂલ તો મિથ્યાત્વને ભૂલ કહેવાય. ભૂલ નથી પણ સહેજે અકારણપણે મંદતા રાખવાનો અભિપ્રાય નહીં હોવા છતાં, એમ છે. અને અભિપ્રાય નથી એમ નહીં પુરુષાર્થ પણ વર્તે જ છે. યોગ્યતા અનુસાર પુરુષાર્થ પણ વર્તે જ છે, એમાં કચાશ રાખવી કે કસર રાખવી એ અભિપ્રાય નથી. છતાં પણ પુરુષાર્થ ધર્મ મંદ રહે છે. કોઈને તીવ્ર રહે છે, એની તારતમ્યતાના ભેદો છે, એને જ્ઞાની જેમ છે તેમ જાણે જ છે. એ વિષયથી એ અજાણ્યા જરાપણ નથી, તોપણ એ વાત કોઈ મુખ્ય કરવા જેવી નથી, એમ કહેવું છે.

જે વસ્તુ સમ્યગ્દર્શનમાં પ્રાપ્ત થઈ છે એની પાસે બાકીનો જે મોક્ષમાર્ગનો ભાગ રહ્યો એ કોઈ ગણતરીમાં લેવા જેવો નથી, એવો એક ન્યાય છે. એ ન્યાયે એમ પણ કહે કે, સમ્યક્દૃષ્ટિ એમ જાણે છે કે સમ્યગ્દર્શન થયું તો શું થઈ ગયું ? હજી તો

દશા અપેક્ષાએ મારી જઘન્ય દશા છે. અરે...! મુનિ એમ કહે. આમાં એક બોલ આવે છે કે, અહો ! સર્વજ્ઞ પરમાત્માને જોતા હું તો તુચ્છ પામર છું, એમ જોવે. પોતાને પામર જોવે. મહાન સમર્થ આચાર્ય હોય, ધુરંધર મુનિ હોય તોપણ એમ જોવે કે, હું તો પામર છું. કેમકે અનંતમાં ભાગે છે, છદ્મસ્થની દશા છે એ અનંતમાં ભાગે છે. એટલે હું તો મારી પૂર્ણદશા કેમ શીઘ્ર પૂરી થાય એનો જ અભિલાષી છું, એ જ મારો અભિપ્રાય છે અને કામ ઘણું બાકી હોવાથી મારે જલદી જલદી પતાવવું છે. એમ પણ એક ન્યાયથી આવે. પર્યાયાર્થિકનયના ન્યાયથી એવા કથન પણ આવે.

દ્રવ્યાર્થિકનયના ન્યાયથી એવા પણ કથન આવે કે સમ્યગ્દર્શન થઈ ગયું (એટલે) આખા ચૈતન્ય મહેલનો માલિક થઈ ગયો, કૃતકૃત્ય થઈ ગયો, દૃષ્ટિ અપેક્ષાએ કૃતકૃત્ય થઈ ગયો. અને અભિપ્રાય અપેક્ષાએ એવો ઠરે છે, દૃષ્ટિ અપેક્ષાએ એવો ઠરે છે કે કાંઈ ધા-ઉધામાં કરીને દોડાદોડ કરવા જેવી હવે છે નહીં. પૂરી વસ્તુ મારી પાસે છે, કોઈ અધૂરી ચીજ મારી પાસે નથી.

એટલે તીવ્ર પુરુષાર્થીને ઓછો વખત લાગે. કાળને અને પુરુષાર્થની ઉગ્રતાને સીધો સંબંધ છે. જેટલો પુરુષાર્થ ઉગ્ર એટલો પૂર્ણ થવાનો કાળ ઓછો, જેટલો પુરુષાર્થ મંદ એટલો પૂર્ણતા થવામાં કાળ વિશેષ લાંબો, બસ ! પણ એ લાંબો કે ટૂંકો – બન્ને અસંખ્ય સમયથી કોઈને વધારે નથી, આમ છે. એની મર્યાદા અસંખ્ય સમયની છે. અનતંકાળની અનંત સમયની મર્યાદા હોતી નથી.

પ્રશ્ન :– તીવ્ર પુરુષાર્થ અને મંદ પુરુષાર્થ બન્ને સહજરૂપે છે ?

સમાધાન :– સહજ જ છે, બન્ને સહજ છે. કોઈ અસહજ નથી અને એમાં કૃત્રિમતા કામમાં આવતી નથી. કૃત્રિમ વિકલ્પ ઊઠે. મંદ પુરુષાર્થ હોય, પોતાને સમ્યક્જ્ઞાનમાં જ્ઞાન થાય કે, આ પુરુષાર્થ મંદ છે. આ ચાલે છે એ પુરુષાર્થથી તીવ્ર પુરુષાર્થ કરવાવાળા સાધકોનું એને જ્ઞાન પણ હોય છે, એ સંબંધીનું એને જ્ઞાન હોય છે અને ક્યારેક એવો કૃત્રિમ વિકલ્પ પણ ઊઠે કે, તીવ્ર પુરુષાર્થથી હું મારું કાર્ય જલદી શીઘ્રપણે સાધુ. પણ એ અભિપ્રાય અને એ જ્ઞાન રાખીને કે, થાશે એ બધું સહજ થાશે, કૃત્રિમ વિકલ્પથી કાંઈ થવાનું નથી. આવી જાય છે વિકલ્પ પણ એનાથી કાંઈ થાય છે, એ વિકલ્પ કોઈ પુરુષાર્થમાં મદદકર્તા થઈને પુરુષાર્થને ઉગ્ર કરી શકે છે એવા વિકલ્પનું

સાધન છે એમાં સમ્યક્દષ્ટિની માન્યતા હોતી નથી. માન્યતા વિરુદ્ધનો એ વિકલ્પ છે તેથી એનો નિષેધ વર્તે છે અને સહજ પુરુષાર્થમાં પોતે ગમન કરીને, ગતિ કરીને આગળ વધે છે, એ સિવાય એમાં બીજો ઉપાય હોતો નથી.

પ્રશ્ન :- સમ્યગ્દર્શન થયા પછી ઝડપ કરે છે એટલે શું ?

સમાધાન :- ઝડપ કરે છે એનો અર્થ શું કે, મિથ્યાદષ્ટિનો (તો) પત્તો લાગતો નથી. આ તો પોતાની શક્તિ અનુસાર સર્વ ઉદ્યમથી મોક્ષમાર્ગને વિશે પ્રયત્નવાન, પુરુષાર્થવાન હોય છે અને શુદ્ધિ વધારતો વધારતો અસંખ્ય સમયમાં પરિપૂર્ણ દશાને પ્રાપ્ત કરે છે.

મુમુક્ષુ :- ઝડપ...

પૂજ્ય ભાઈશ્રી :- ઝડપ કોઈ કૃત્રિમભાવે કરી શકાય છે એવું કાંઈ નથી. તીવ્ર ચાલે છે એને પણ સહજ પુરુષાર્થ છે, મંદ ચાલે છે એને પણ સહજ જ છે.

પ્રશ્ન :- આવરણ છે શું ?

સમાધાન :- આવરણ તો છે. વીર્યાન્તરાય છે, એને પુરુષાર્થમાં અંતરાય તો છે, જેટલો પુરુષાર્થ મંદ છે એટલો અંતરાય છે એને. નથી એમ નથી કાંઈ.

પ્રશ્ન :- અંતરાય કેવી રીતે તોડવો ?

સમાધાન :- અવલંબને. જેટલું અવલંબન ઉગ્ર આવે છે એટલો અંતરાય છૂટતો જાય છે. પોતાના પરમાત્મપદનું અંતર અવલંબન જેટલું ઉગ્ર થાય છે તેટલો પુરુષાર્થ વધતો જાય છે. એમાં હું આવો ત્રિકાળી શુદ્ધ છું એવો સાથે સાથે વિકલ્પ હોય છે તોપણ એ વિકલ્પ કાર્યકર્તા નથી, વિકલ્પની એમાં મદદ નથી, વિકલ્પ લઈને આગળ વધે છે એમ પણ નથી.

'સોગાનીજી'એ એવો એક બોલ લીધો છે. એમણે પોતાની દશા ઉપરથી કેટલીક વાત સ્પષ્ટ કરી છે. બોલ છે ૧૪૪. 'સમયસાર'ની ૧૪૪મી ગાથા નિર્વિકલ્પદશાની છે, અહીંયાં પણ ૧૪૪ મો બોલ નિર્વિકલ્પદશાનો છે. ૧૪૪ ની કલમ તોફાન મટાડે, વિકલ્પનું તોફાન મટાડે. '**નિર્વિકલ્પ ધ્યાન કે પહલે અનેક પ્રકાર કા ચિંતન...**' સ્વરૂપનું ચિંતવન, હોં ! '**નિર્વિકલ્પ ધ્યાન કે પહલે અનેક પ્રકાર કા ચિંતન ઘંટોં તક ચલે...**' કલાકો સુધી ચાલે. પોતે તો કલાકો સુધી ધ્યાનમાં બેસતા ને ! કલાકો સુધી એ

સ્વરૂપનું ચિંતવન ચાલે. **'ફિર ભી વહ નિર્વિકલ્પતા કા કારણ નહીં હૈ,...'** એ સ્વરૂપનું ચિંતવન કલાકો સુધી ચાલ્યું છતાં એ નિર્વિકલ્પતાનું કારણ નથી. તો કહે, એ શું છે ? કે નિર્વિકલ્પ થવામાં એ પ્રતિબંધ છે. કારણ તો નથી પણ પ્રતિબંધ છે એમણે પોતાની ભાષામાં લીધું **'વહ તો અટકાવ હૈ.'** અટકાવે છે એવું એક કારણ છે. જેને ખ્યાલ નથી એ શું વિચાર કરે છે કે, હું આત્માનું ચિંતવન કરુંને તો એ ચિંતવન કરવાથી મને અનુભવ થઈ જશે. આ કહે છે કે, ચિંતવન કારણ નથી, અહીંયાં ચિંતવન તો અનુભવમાં પ્રતિબંધ છે. ઊલટી સૂલટી માન્યતા થઈ જાય છે. **'નિર્વિકલ્પતા તો...'** તો પછી નિર્વિકલ્પતા થવાનું કારણ શું છે ?

પ્રશ્ન :- ચિંતવનને વિકલ્પ કહ્યો એ હિસાબે ?

સમાધાન :- હા ચિંતવન વિકલ્પ છે ત્યાં. ભલે સૂક્ષ્મ વિકલ્પ છે. અંતર્જલ્પ છે તોપણ એ પ્રતિબંધ છે. કેમકે એ નિર્વિકલ્પદશામાં સૂક્ષ્મ વિકલ્પની હયાતી પણ રહેતી નથી. જેને વિકલ્પ કહીએ એવા સમસ્ત પ્રકારના વિકલ્પનો નાશ થાય ત્યારે એને નિર્વિકલ્પદશા થઈ કહેવાય, ત્યાં સુધી કહેવાય નહીં.

**'નિર્વિકલ્પતા તો અંદર મેં ઉગ્ર અવલંબન સે હી હોતી હૈ.'** વિકલ્પથી નહીં પણ અંદરનું અવલંબન ઉગ્ર થાય છે. અવલંબન તો વર્તે જ છે, પરિણતિમાં અવલંબન વર્તે છે એ ઉગ્ર થઈ જાય છે ત્યારે એને નિર્વિકલ્પ અનુભવ થાય છે.

પ્રશ્ન :- ચિંતવન અને અવલંબનમાં ફેર કેટલો ?

સમાધાન :- બહુ બહુ મોટો ફેર (છે). ચિંતવન મનાશ્રિત ચાલે છે. ચિંતવનને અવલંબન મનનું છે. ચિંતવનના પરિણામ અંશને અવલંબન મનનું છે અને અંદર જે આત્માનું અવલંબન આવે છે એને આધાર છે પોતાનું શુદ્ધ દ્રવ્ય છે, પોતાનું પરમપદ છે, પરમાત્મપદ છે, પરમ પદાર્થનું અવલંબન છે એમાં. એમાં મનનું અવલંબન નથી. એકનું અવલંબન પર છે અને એકનું અવલંબન સ્વ છે, એમ ફેર છે.

મુમુક્ષુ :- ચિંતવનમાં લક્ષ તો આત્માનું જ છે.

પૂજ્ય ભાઈશ્રી :- ચિંતવન સાથે રસ આત્માનો જ છે.

મુમુક્ષુ :- લક્ષ ?

પૂજ્ય ભાઈશ્રી :- હા, લક્ષ પણ આત્માનો છે. રસ પણ છે. જ્ઞાનદશા છે ને !

રસ છે આત્માનો, લક્ષ આત્માનું છે તોપણ... એટલે તો અવલંબન છે એને. ચિંતવનના કાળમાં અવલંબન છે એનું કારણ ઇ છે કે એનું લક્ષ છે, એનો રસ છે. પણ જ્યાં સુધી એમાં મંદતા વર્તે છે ત્યાં સુધી વિકલ્પ ઊભો થાય છે. ત્યાં સુધી વિકલ્પ વારંવાર ઊભો થાય છે. ભલે સ્વરૂપ સંબંધીનો છે પણ એ રાગાંશ ઉત્પન્ન થાય છે. અને એ રસ અને એ લક્ષમાં જ્યાં જોર વધ્યું, ઉગ્રતા થઈ, પુરુષાર્થ વધ્યો ત્યાં નિર્વિકલ્પ પરિપૂર્ણ વીતરાગી તત્ત્વના જોરમાં અવસ્થા પણ વ્યાપ્ય-વ્યાપકભાવે એકદમ તદાકાર, એકાકાર, તન્મયાકાર, સ્વરૂપાકાર થઈ જાય છે. ઉપયોગ અસંખ્ય પ્રદેશમાં પ્રસરી જાય છે અને એ વખતે સૂક્ષ્મ વિકલ્પની પણ હયાતી રહેતી નથી કે નવો ઉત્પન્ન થતો નથી, ઉત્પન્ન થતો બંધ થઈ જાય છે. એટલે એ ઉગ્રતા કારણ છે (પણ) વિકલ્પ કારણ નથી. આમ બે વહેંચણી કરે છે. છે બન્ને. પુરુષાર્થ વર્તે છે અને વિકલ્પ વર્તે છે. તો વહેંચણી કરે છે કે, વિકલ્પ કારણ નથી (પરંતુ) પુરુષાર્થ વધે છે એ કારણ છે. જો ન વધે તો વિકલ્પ ઊભો થયા કરશે અને વિકલ્પ ઊભો થયા કરશે ત્યાં સુધી નિર્વિકલ્પદશા નહીં થાય. નિર્વિકલ્પ દશા થાય ત્યારે એમાં ગુણશ્રેણી નિર્જરા થાય છે. શુદ્ધિ એટલી બધી એકદમ વધે છે.

પ્રશ્ન :- આમ પણ અસ્તિત્વથી ઇ વખતે ફેર પડે છે ને ? એક ઉપરથી બીજા ઉપર ફેર ઇ વખતે જ ફેર પડી જતો હશે ને ?

સમાધાન :- નહીં, એ તો ઉગ્રતા... અસ્તિત્વ તો બદલ્યું જ છે એણે. અસ્તિત્વની સ્થાપના તો જ્ઞાનદશામાં બદલાયેલી જ છે. પણ એને એ વિષયમાં મંદતા ને ઉગ્રતાનો ભેદ છે જે જાણવો જોઈએ, જાણવા યોગ્ય છે.

મુમુક્ષુ :- અનુભવ નથી એને...

પૂજ્ય ભાઈશ્રી :- ના, અનુભવ નથી. એની વાત નથી ચાલતી. અહીંયાં તો એ પોતાની દશાનું કેટલુંક વર્ણન કરે છે. એમને તો એ પ્રશ્ન નથી, એમ. એટલે જે વર્ણન કરે છે એ તો સ્પષ્ટતા કરી, કે આ ક્યાંથી વાત લેવી. પોતાની દશાની વાત મેળવીને કરે છે.

**'નિર્વિકલ્પતા તો અંદર મેં ઉગ્ર અવલંબન સે હી હોતી હૈ. વિચારરૂપ ધ્યાન તો રુકાવટ હૈ,...'** કહેવાય શું કે ધ્યાનમાં બેઠા છે. ધ્યાનમાં તો વિચાર ચાલે છે.

એ વિચાર ચાલે છે ત્યાં સુધી નિર્વિકલ્પદશાનો પ્રતિબંધ વર્તે છે. નિર્વિકલ્પ દશા ત્યાં અટકેલી છે. નિર્વિકલ્પદશા હજી આવતી નથી. **'વિચારરૂપ ધ્યાન તો રુકાવટ હૈ,.. હોતા હૈ...'** નિર્વિકલ્પ ન થાય ત્યાં સુધી હોતા હૈ. **'આ જાતા હૈ...'** લાવવો નથી પણ **'આ જાતા હૈ... લેકિન, વહ અવલંબન નહીં હૈ.'** એનું અવલંબન એ શુદ્ધાત્માનું ચિંતવન એ ખરેખર શુદ્ધાત્માના અવલંબનરૂપ ભાવ નથી. ચિંતવન એ કાંઈ અવલંબન નથી.

ભૂલ ક્યાં કરે છે જીવ ? કે શુદ્ધાત્માનો વિકલ્પ કરે એનું ચિંતવન કરે ત્યારે એ એમ માને છે કે, હું અવલંબન લઉં છું. અવલંબન લેવાવાળો ભાવ જુદો છે અને વિકલ્પરૂપ ભાવ જુદો છે. આ બે વચ્ચે એની વહેંચણી થાય, જુદું પાડી શકે તો એને ભેદજ્ઞાન છે એમ કહેવાય. નહીંતર એને ભેદજ્ઞાન નથી. એ તો રાગને જ પુરુષાર્થ માને છે અને તેથી રાગને પુરુષાર્થ માનીને રાગને વધારવાનો પ્રયત્ન ભૂલ ભૂલમાં કરી જાય છે. એનો રાગ વધી જાય છે, એનો પુરુષાર્થ વધતો નથી.

મુમુક્ષુ :– જરા હજી સ્પષ્ટ કરશો.

પૂજ્ય ભાઈશ્રી :– એમાં શું છે કે, જીવ શુદ્ધાત્માનો વિચાર કરે, વિકલ્પ કરે, સ્વરૂપ ચિંતવન કરે ત્યારે એમ માને છે કે હું શુદ્ધાત્માનું અવલંબન લઉં છું પણ એ વિકલ્પરૂપ, રાગરૂપ, ચિંતવનરૂપ પર્યાય એ અવલંબનનો પર્યાય નથી. અંદરમાં જ્ઞાન, શ્રદ્ધાન, આચરણનો, એક પુરુષાર્થનો એથી વિલક્ષણ જાતનો, બીજી જાતનો, સ્વભાવ જાતનો એક જુદો પર્યાય છે એ અવલંબનનું કામ કરે છે. એમાં ઉગ્રતા આવે એટલી કાર્યસિદ્ધિ છે, એની ઉગ્રતામાં વિકલ્પનો નાશ છે. (વિકલ્પ છે એ) વિભાવ જાત છે. વિકલ્પમાં ઉગ્રતા લાવે તો વિકલ્પ ને રાગ વધી જાય છે, એ તો ઊંધો પુરુષાર્થ છે, એમાં કાર્યસિદ્ધિ થતી નથી. એટલે પરિચય કરીને જો સ્વભાવ-વિભાવની ઓળખાણ ન હોય તો જીવ ભૂલમાં વિભાવને સ્વભાવ માનીને એને જ વધારવા અને સાધવાના પ્રયત્નમાં લાગેલો રહે છે. આ એની ગડબડ થાય છે.

મુમુક્ષુ :– અવલંબન છે ઇ નિર્વિકલ્પ જાતનું.

પૂજ્ય ભાઈશ્રી :– પરિણતિ જ નિર્વિકલ્પ છે ને. પરિણતિમાં અવલંબન છે, એમ.

પ્રશ્ન :– એમાં કેટલા ગુણ લેવા અવલંબનમાં ?

સમાધાન :- અનંતે અનંત ગુણ છે, બધા ગુણ છે, સર્વે ગુણો કામ કરે છે. મુખ્ય ગુણોને અવલંબનનું નામ દેવાય છે. બાકી (અનંત છે).

**'વિચારરૂપ ધ્યાન તો રુકાવટ હૈ,... હોતા હૈ... આ જાતા હૈ... લેકિન, વહ અવલંબન નહીં હૈ.'** એ અવલંબન નથી. **'અવલંબન તો અંદર મેં લિયા હુઆ હૈ,...'** પરિણતિ દ્વારા અંદરમાં જે અવલંબન લીધેલું પડ્યું છે. છે ને ! આ જ્ઞાનદશાની વાત છે. **'લિયા હુઆ હૈ, ઉસમેં હી ઉગ્રતા હોનેપર...'** જે પુરુષાર્થ પરિણતિમાં ચાલે છે એમાં ઉગ્રતા થઈને – **'ઉસમેં હી ઉગ્રતા હોનેપર નિર્વિકલ્પતા હોતી હૈ.'** એમાં ઉગ્રતા આવે ત્યારે નિર્વિકલ્પતા થાય છે. વિકલ્પનો નાશ થાય છે અથવા વિકલ્પ ઉત્પન્ન થતો બંધ થઈ જાય છે. નિર્વિકલ્પ સ્વરૂપના જોરમાં એટલું જોર વધે કે વિકલ્પ, એનાથી વિરુદ્ધ એવો જે વિકલ્પનું ઉત્થાન બંધ થાય ત્યારે એને નિર્વિકલ્પદશા થઈ અને વિકલ્પ ટાળ્યો એમ કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- અવલંબન લિયા હુઆ હૈ, ઇ જરા સ્પષ્ટ (કરોને.)

પૂજ્ય ભાઈશ્રી :- પરિણતિ જે પોતાને ચાલે છે – શુદ્ધ પરિણતિ, જેને જ્ઞાનધારા કહી છે એમાં તો શુદ્ધાત્માનું અવલંબન પોતે લીધેલુ જ છે. એમાં એનો પુરુષાર્થ પણ છે પણ એમાં તીવ્રતા થાય, એ પરિણતિમાં તીવ્રતા થાય ત્યારે નિર્વિકલ્પદશા થાય.

એક વખત (એક મુમુક્ષુભાઈના) પ્રશ્નમાં બહુ સારી ચર્ચા આ વિષયમાં પૂજ્ય 'બહેનશ્રી'એ કરી હતી. સાધકજીવને વારંવાર નિર્વિકલ્પતા આવવાનું કારણ શું છે ? એવું એ શું કરે છે કે જેથી એને વારંવાર નિર્વિકલ્પતા આવે છે. એમ સીધું તો ન પૂછાય કે, આપને વારંવાર નિર્વિકલ્પતા આવે છે એનું શું કારણ છે ? તો કોઈપણ સાધકજીવને આમ થાય છે, એનું શું કારણ છે ? કેમકે એ તો ખબર છે કે કહેનાર તો પોતાના સ્વાનુભવથી મેળવીને જ વાત કહેવાના છે. તો (પૂજ્ય 'બહેનશ્રી'એ કહ્યું), પરિણતિનું કારણ છે. એ પહેલાં લાલબત્તી મૂકીને સ્પષ્ટતા કરે છે કે, કોઈ જ્ઞાની સાધક શુદ્ધ ઉપયોગ ક્યારે આવે એની રાહ જોઈને બેસતા નથી. આ અહીંથી શરૂઆત કરી હતી.

એ એટલા માટે લેવું પડે છે કે, આ બધી શુદ્ધ પર્યાયની વાતો ચાહે પરિણતિની હોય કે શુદ્ધ ઉપયોગની હોય, નિર્વિકલ્પ ઉપયોગની હોય પણ એ કોઈ આશ્રયભૂત

વિષય નથી. એ કોઈ અવલંબનનો વિષય નથી. અને એ કોઈ દૃષ્ટિના વિષયમાં એનો સમાવેશ થતો નથી. બીજી ભાષામાં કહીએ, બીજી રીતે કહીએ, દૃષ્ટિની રીતે કહીએ તો દૃષ્ટિ તો એની સામું પણ જોતી નથી કે આ પુરુષાર્થ ઉગ્ર થયો કે મંદ રહ્યો. દૃષ્ટિ એની સામું પણ જોતી નથી. એને પડી નથી, દરકાર નથી કે આ સાધકદશા કેટલી થઈ અને કેટલી ગઈ. કાંઈ એને જોવાનું (રહેતું) નથી. એને એવી ચીજ મળી ગઈ કે એ શું કરવા એ ચીજને છોડીને, ઉત્કૃષ્ટ ચીજને છોડીને અનઉત્કૃષ્ટ ભાવ પ્રત્યે જાય ? એવું કરવાની એને જરાય આવશ્યકતા નથી. ગોળ મળ્યો હોય એ ખોળ ખાય શું કરવા ? એમ કહે છે. સીધી વાત છે. અમૃત મળ્યું હોય, અમૃત મળ્યું નહીં આ તો અમૃતની સચોડી નાળિયેરી મળી ગઈ છે. ઇ પછી શું કરવા બીજે પોતાની તરસ છીપાવવા જાય ?

મુમુક્ષુ :– જાય તો આ ખોવે.

પૂજ્ય ભાઈશ્રી :– તો આ ખોવે. એ તો એને પોસાતું નથી. કેમકે દૃષ્ટિમાં એકસાથે બીજી વાત રહે એવું નથી. કાં તો દૃષ્ટિના વિષયમાં પોતાનું પરમપદ, પરમેશ્વરપદ રહે અને કાં તો દૃષ્ટિના વિષયમાં આખું પરમેશ્વરપદ છોડીને પછી ગમે ત્યાં પકડે, ગમે એને પકડે. એક સમયના રાગને પકડે કે રાગના વિષયને – પુદ્ગલને પકડે પણ બે સાથે રહે એવું નથી. દૃષ્ટિમાં પરમેશ્વરની સાથે કોઈ રહી શકે એવું નથી. આ દૃષ્ટિને કોઈ બીજી પોસાતી વાત નથી કે એ બીજાને સાથે રાખે એવું એને પોસાતું નથી. એવો જ એનો પોતાનો ધર્મ છે. એવો એનો પરિણમવાનો ગુણ છે.

એટલે વિષય તો અધ્યાત્મનો છે - જ્ઞાનધારા, નિર્વિકલ્પ શુદ્ધોપયોગ કેમ થાય ? કેમ પુરુષાર્થ વધે ? એ બધું જે એની વિધિ છે એ ભલે બધો અધ્યાત્મનો વિષય છે, તોપણ દૃષ્ટિના વિષયમાં એની બાદબાકી છે. એટલો સંકેત છે. એટલે એમ કહે છે કે, કોઈ સાધક નિર્વિકલ્પ ઉપયોગ આવવાની રાહ જોતો નથી. પણ સવિકલ્પ દશા કરતા તો નિર્વિકલ્પદશા ભલી છે, વધારે શુદ્ધિવાળી છે, એની કેમ રાહ જોતો નથી ? આ પ્રશ્ન થાય એવું છે, તર્ક થાય એવો છે. તો કે, એનું કારણ એ છે કે, એ એના અવલંબનનો વિષય નથી. અવલંબનભૂત વિષય એક ત્રિકાળી પરમ પદાર્થ છે, એ સિવાય બીજા કોઈનું અવલંબન સાધક ત્રણકાળમાં લે નહીં, લે તો એની

સાધકદશા રહે નહીં. આ સીધે સીધી વાત છે.

એટલે આટલી વાત મૂકીને, અપેક્ષા રાખીને, મર્યાદા બાંધીને પછી ખુલાસો કરેલો કે, જેની પરિણતિ જેટલી ઉગ્ર છે એટલો ઉપયોગ વારંવાર થાય છે. જેમ દોરાથી પતંગને ખેંચવામાં આવે છે, એમ સાધકને પરિણતિનો દોરો હાથમાં છે. એટલે જેની પરિણતિ ઉગ્ર છે એને ઉપયોગ ખેંચાઈ ખેંચાઈને અંદરમાં આવી જાય છે. બહારમાં જતો ઉપયોગ એકદમ શીઘ્ર પાછો વળીને જોરથી અંદરમાં આવી જાય છે. એ પુરુષાર્થના પરિણમનનો એ પ્રકાર છે. ઉગ્ર પુરુષાર્થના પરિણમનનો એ પ્રકાર છે. પરિણતિનું જોર છે એમ બતાવે છે. વારંવાર શુદ્ધોપયોગ આવે છે એ પરિણતિના જોરને પ્રદર્શિત કરે છે.

મુનિદશામાં જે ક્ષણે ક્ષણે ઉપયોગ થાય છે, એ એમ બતાવે છે કે છઠ્ઠાગુણસ્થાનમાં પંચ મહાવ્રત, સમિતિ, ગુપ્તિ કે વંદન, ભગવાનના દર્શન અને શાસ્ત્રસ્વાધ્યાય આદિમાં વિકલ્પ જાય છે ત્યારે પણ પરિણતિ બહુ ઉગ્ર છે. મુનિરાજની પરિણતિ ઘણી ઉગ્ર છે. એટલે એમનો ઉપયોગ શીઘ્રપણે પાછો અંદરમાં ચાલ્યો જાય છે. એ છઠ્ઠા ગુણસ્થાનની પરિણતિને બતાવે છે. નહીંતર પાંચમાં અને છઠ્ઠામાં ફેર શું ? તો કરણાનુયોગથી અને બાહ્યદૃષ્ટિથી લોકો એમ કહે કે, પાંચમામાં અંશે વ્રત છે અને છઠ્ઠામાં મહાવ્રત છે. એકમાં અણુવ્રત છે અને એકમાં મહાવ્રત છે, એટલો ફેર છે. તો કહે નહીં ! એ વાત થઈ રાગની, એ વિકલ્પની વાત થઈ. અહીંયાં નિર્વિકલ્પ પરિણતિમાં ઘણો ફેર છે. ગુણસ્થાન ફેરે ઘણો ફેર છે. પાંચમાં ગુણસ્થાનમાં એટલી શીઘ્ર શીઘ્ર નિર્વિકલ્પદશા થાય નહીં.

**'અવલંબન તો અંદર મેં લિયા હુઆ હૈ, ઉસમેં હી ઉગ્રતા હોનેપર નિર્વિકલ્પતા હોતી હૈ. યદિ અટકાવરૂપ વિચાર આદિ કો કારણ માના જાય તો વિચાર સે છૂટકર અંદર નહીં આ સકતે.'** (જો) કોઈ મિથ્યાદૃષ્ટિ એમ વિચારે કે, આ શુદ્ધસ્વરૂપનો વિચાર છે ઇ કારણ છે, એમ જો એ માને તો એ વિચારથી છૂટીને નિર્વિચાર દશામાં, નિર્વિકલ્પ દશામાં આવી શકે નહીં. કેટલાક તો આ ભૂલ કરી બેસે છે કે શુદ્ધ સ્વરૂપના ચિંતવનને અને વિકલ્પને જ સાધન માને છે. પછી એમ કહે કે આ..હા..! શું ચિંતવન અને મંથન છે ! ભાઈ ! એ ચિંતવન અને મંથનની કેટલી કિંમત છે એની તને ખબર

નથી. પણ પોતાને ચિંતવન–મંથન ન હોય અને કોઈને ચાલતું હોય તો એમ કહે કે, આહા...! શું એમનું ચિંતવન અને મંથન ચાલે છે. ભાઈ ! તને એ વિષય સમજવામાં વાર છે, એ ચિંતવન મંથનની કોઈ ગણતરી આ માર્ગમાં નથી.

મુમુક્ષુ :– 'સોગાનીજી'એ ઘા કર્યો છે.

પૂજ્ય ભાઈશ્રી :– વિષય એવો છે. જીવને ક્યાંય રાગમાં ઊભો રહેવા દ્યે નહીં. અસિધારા સમાન છે. વીતરાગનો ઉપદેશ અસિધારા સમાન છે, એમ કહે છે.

મુમુક્ષુ :– અસ્તિત્વ ગુણનું ને વીર્યગુણનું કાર્ય જુદું જુદું છે, પણ બન્ને સુસંગત છે.

પૂજ્ય ભાઈશ્રી :– ઇ તો છે જ ને. કાર્ય તો દરેક ગુણને પોતપોતાનું જુદું જુદું છે, પણ જ્યારે બધા ગુણ વિકાસ પામે છે, તો એને વિકાસ પામવાનો ગુણનો ધર્મ બધાનો એક જ પ્રકારનો છે અને તે પોતાના અવલંબનમાં આવે, ગુણ પોતાના અવલંબનમાં આવે, સ્વરૂપના અવલંબનમાં આવે, સ્વરૂપના આશ્રયમાં આવે, સ્વરૂપને સેવે ત્યારે જ એનો વિકાસ થાય. પરને સેવે તો એ બિડાય, મૂંઢાય. એ બધા ગુણ માટે એકસરખો નિયમ છે, સિદ્ધાંત છે. એમાં કોઈ બીજો સિદ્ધાંત નથી. એટલે સ્વરૂપ અવલંબનમાં અનંત ગુણોનું સમગ્ર પરિણમન એક સ્થાને એકાગ્ર થાય છે. એક સ્થાને અગ્ર થાય છે એટલે એકાગ્ર થાય છે.

પ્રશ્ન :– એમાં એમ ન બની શકે કે અમુક ગુણ વધુ વિકાસ પામ્યા હોય ?

સમાધાન :– ઇ તો છે. દરેક ગુણ ઓછાવત્તા પ્રમાણમાં વિકાસ પામે છે. અને એ બધું અકારણપણે છે, એનું કોઈ કારણ શોધવા જાવ તો મળે એવું નથી.

**'વિચાર સે છૂટકર અંદર આ નહીં સકતે.'** જો એને કારણ માને તો. વિચાર (કો) **'અટકાવ માનનેપર હી અંદર આ સકતે હૈં.'** એને સાધન માને તો એનાથી છૂટી ન શકે, એને બાધક માને તો એનાથી છૂટી જાય. **'મંદ શક્તિવશ...'** એટલે ઓછા પુરુષાર્થને લઈને **'પર્યાય મેં અનેક તરહ કા વિચાર ચલતા હૈ,...'** વિકલ્પ ચાલે છે એનું કારણ પુરુષાર્થ ધર્મ ત્યાં મંદ છે. **'વિચાર ચલતા હૈ, ઉસમેં ઉલ્લાસ ભી હોતા હૈ,...'** 'ટોડરમલજી'એ રોમાંચ ખડા થાય, (એમ) ન કીધું ? રોમાંચ ખડા થાય. **'ઉલ્લાસ ભી હોતા હૈ,...'** લેકિન વહ ચિંતન અથવા ઉલ્લાસ **'આદિ કારણ નહીં, બલ્કિ અટકાવ હી હૈ.'** એ કારણ નથી, એ તો અટકાવ એટલે પ્રતિબંધનું કારણ છે.

૧૪૪ માં એ વિષય સ્પષ્ટ કર્યો છે.

પ્રશ્ન :- આ વાત તો છે જ્ઞાનીની, (પરંતુ) અજ્ઞાનીને જ્યારે પહેલી વાર સમ્યગ્દર્શન થાય ત્યારે શું હોય ?

સમાધાન :- ત્યારે પણ એને પુરુષાર્થ ઉગ્ર થાય એટલું જ કાર્ય છે. જેમકે લક્ષમાં આવતા પુરુષાર્થ શરૂ થયો, ચૈતન્ય વીર્યની સ્ફૂરણા સ્વરૂપના પ્રતિભાસથી ચાલુ થઈ, તો એમાં જેટલી ઉગ્રતા એટલી નિર્વિકલ્પદશા નજીક, જેટલી એમાં મંદતા એટલી નિર્વિકલ્પદશા દૂર, એમ. એનો આધાર પુરુષાર્થ ઉપર છે, બીજું કાંઈ નથી. એને પરિણતિ થઈ ગઈ. લબ્ધમાં ગયું ને ? ભાસ્યું એટલે લબ્ધમાં ગયું, એટલે એને ત્યાં પરિણતિ થઈ ગઈ. ત્યાં પરિણતિ થઈ ગઈ, એની પરિણતિ થઈ ગઈ.

'ગુરુદેવશ્રી'એ એક વખત ૧૪૩ ગાથાનું પ્રવચન આપતા આપતા એ વાત લીધી કે, એક ન્યાયે તો એ સમ્યક્ સન્મુખ થયેલો જીવ જ્ઞાની જેવો છે. કેમકે એની પરિણતિ થઈ ગઈ છે. એને પોતાને લક્ષમાં શુદ્ધાત્મા જ છે. પણ હજી એને અનુભવ થયો નથી. એટલે જેવી અનુભૂતિની જ્ઞાનધારા છે એવી એને નથી પણ એને તો લક્ષરૂપ પરિણતિ છે, લક્ષમાં છે એટલી પરિણતિ. અહીંયાં અનુભૂતિ છે. જ્ઞાનધારામાં અનુભૂતિ છે, એવી અનુભૂતિ ત્યાં નથી. એ શુદ્ધોપયોગ થયા પછીની પરિણતિ છે.

પ્રશ્ન :- સ્વરૂપ અવલંબન વખતે ઉપયોગ કાર્યશીલ છે ને ?

સમાધાન :- હા, નિર્વિકલ્પદશામાં તો ઉપયોગ (કાર્ય કરે છે).

પ્રશ્ન :- નિર્વિકલ્પદશા થયા પહેલાં સ્વરૂપનું અવલંબન લ્યે છે, ત્યારે કાર્યશીલ તો ઉપયોગ કાર્યશીલ થયો ?

સમાધાન :- હા, એ તો નિર્વિકલ્પ ઉપયોગ નથી ત્યાં સુધી ઉપયોગ કાર્યશીલ તો બધા કાળે છે. કેમકે ઉપયોગ પોતે જ કાર્ય સ્વરૂપ છે પણ ક્યાં કાર્ય કરે છે ? એટલો સવાલ છે.

મુમુક્ષુ :- સ્વરૂપ અવલંબન વખતે જ.

પૂજ્ય ભાઈશ્રી :- અવલંબન વખતે નિર્વિકલ્પ થાય. જો ઉપયોગમાં શુદ્ધાત્માનું અવલંબન આવે તો શુદ્ધાત્મા નિર્વિકલ્પ હોવાથી ઉપયોગ પણ તદાકાર થાય, નિર્વિકલ્પ થાય. હવે જ્યાં સુધી એને વિકલ્પ વર્તે છે, જ્યાં સુધી એને શુદ્ધોપયોગ નિર્વિકલ્પ

ઉપયોગ નથી ત્યાં સુધી વિકલ્પ વર્તે છે તો ઉપયોગ ત્યાં સુધી વિકલ્પમાં જાય છે, ત્યાં સુધી ઉપયોગ વિકલ્પમાં જાય છે.

પ્રશ્ન :- ઇ બરાબર છે, પણ ઇ વખતે જે Process થાય છે એમાં ઉપયોગ જ મુખ્ય છે ?

સમાધાન :- એમાં ઉપયોગ કરતાં પુરુષાર્થનું કાર્ય છે. વીર્યગુણનું કાર્ય છે એની અંદર. ઉપયોગ તો, કાં તો ઉપયોગ પરમાં અને કાં ઉપયોગ સ્વમાં. એકસાથે બે વિષયને છદ્મસ્થનો ઉપયોગ વિષય કરી શકે નહીં.

પ્રશ્ન :- ઇ તો બરાબર છે પણ સ્વરૂપ અનુભવ પહેલાં ઉપયોગ કાર્યશીલ છે કે એમાં બીજી કોઈ વસ્તુ છે ?

સમાધાન :- નહીં, ઉપયોગ શું છે કે જ્યાં સુધી એ શુદ્ધાત્માના અવલંબનમાં આવતો નથી ત્યાં સુધી ઉપયોગ વિકલ્પમાં જાય છે. મનાશ્રિત થાય છે. પણ એ જેટલો મનાશ્રિત જાય છે એટલો એનો પ્રતિબંધ છે. એટલે એનું કાર્ય એટલું અનુકૂળ નથી. પોતાની સાધનાને અનુકૂળ ત્યાં એટલું કાર્ય નથી. મનનું અવલંબન ઉપયોગને લેવું તે પોતાના કાર્યને અનુકૂળ નથી. ત્યાં પુરુષાર્થ જે છે એ અલ્પ માત્રામાં છે. એ પુરુષાર્થ ઉગ્ર થાય ત્યારે ઉપયોગ મનનું અવલંબન છોડીને શુદ્ધઆત્માના અવલંબનમાં આવી જાય, ત્યારે એને નિર્વિકલ્પ ઉપયોગ કહેવામાં આવે છે, એમ છે.

પ્રશ્ન :- મંદ રાગ થાય તે નિર્વિકલ્પતા ગણાય કે નહિ ?

સમાધાન :- મંદ રાગનો, રાગની મંદતાનો અહીંયાં કોઈ Class જ નથી. અહીંયાં તો ઘણો મંદ રાગ છે. જ્યારે સ્વરૂપનું ચિંતવન છે ત્યારે કેટલો મંદ રાગ છે ? અત્યંત મંદ રાગ છે. પણ એનું અહીંયાં કોઈ કાર્ય-કારણ છે નહીં. સાધનામાં એનું કોઈ કાર્ય-કારણ છે નહીં. એ આરાધના જ નથી બલકે તે વિરાધના છે. રાગનું આરાધન તે વિરાધના છે, તે આરાધના નથી. ઇ તો બે ભાગ જ પાડી દેવા. એમાં ક્યાંય ભાગલાગ રાખવો નહીં. રાગના પરિણમનમાં ભાગલાગ રાખવો નહીં. માણસ નથી કહેતા કે, મારો ભાગલાગ હવે નથી, હું છૂટો થઈ ગયો છું. એમ જેને રાગથી ભેદજ્ઞાન કરવું હોય એને છૂટા પડી જવું. રાગને થોડોક આમ કરીએ તો આમ થાય કે નહીં ? થોડોક રાગને આમ કરીએ, ઠીક કરીએ તો આમ થાય કે નહીં ? એ રાગની રમત

છોડી દેવી. અનાદિથી રાગની રમત જ રમ્યો છે. એ રાગની રમત છોડીને હવે સ્વરૂપમાં વીતરાગતાની રમતમાં આવે. વીતરાગ માર્ગમાં તો વીતરાગતાની રમત છે, રાગની રમત નથી.

પ્રશ્ન :- ઉપયોગ અને અવલંબનમાં શું ફેર ?

સમાધાન :- અવલંબનમાં આધાર લેવાનો છે. ઉપયોગની અંદર ઉપયોગ બહાર જાય છે. અવલંબન બે પ્રકારે છે - એક ચારિત્ર અપેક્ષાએ અને એક દૃષ્ટિ અપેક્ષાએ. દૃષ્ટિ અપેક્ષાએ એટલે માન્યતા અપેક્ષાએ અથવા પરિણતિ અપેક્ષાએ. લબ્ધ પરિણતિનું અવલંબન જોરવાળું છે, સમ્યક્દૃષ્ટિનો ઉપયોગ બહાર જાય તો ચારિત્રનું અવલંબન છે ઇ દોષિત છે, પરિણતિનું અવલંબન નિર્દોષ છે. જોર પરિણતિનું છે, જોર બહુ ઉપયોગના અવલંબનનું નથી. એટલે અવલંબનનો વિષય આવે ત્યારે સ્પષ્ટતા કરવી જોઈએ કે આમાં અવલંબનની કઈ મર્યાદાની વાત ચાલે છે. નહીં તો ઘણાં ગોટા ઊભા થાય. અત્યારે તો આ દિગંબરના વિદ્વાનોનો કોઈ વિષય નથી રહ્યો. આ તો 'ગુરુદેવે' બહુ ખજાનો ખોલ્યો. બાકી અત્યારે ક્યાંય કોઈ સંપ્રદાયનો એ વિષય નથી, સંપ્રદાયમાં ક્યાંય વિષય નથી. બધા આ લાઇનથી અજાણ્યા છે.

આ અવલંબનના બે પ્રકાર છે. એ ક્યાંથી કાઢે ? હજી તો એવી કોઈને ખબર નથી કે, ક્યો ગુણ અવલંબન લ્યે છે ? અને અવલંબન શું ? ને વગર અવલંબન શું ? એનો પત્તો નથી. અભ્યાસ જ નથી. અંદરના પરિણામોનો અભ્યાસ નથી. પરિચય નથી, ભાવને ઓળખે ક્યાંથી ? પરિચય વિના કોઈની ઓળખાણ થાય છે દુનિયામાં ? જોયું છે ક્યાંય પરિચય વગર ઓળખાણ થાય ? પરિચય જ નથી. ચોપડામાંથી કાંઈ જ્ઞાન થાય કાંઈ ? પુસ્તકો વાંચે કાંઈ જ્ઞાન ન થાય.

પ્રશ્ન :- ક્યો ગુણ અવલંબન લે છે ?

સમાધાન :- અવલંબનમાં શ્રદ્ધા મુખ્ય છે. એનું અવલંબનનું કાર્ય એક જ પ્રકારે, એક જ Side નું ગમે ત્યારે રહે છે. પછી શ્રદ્ધા અનુસાર જ્ઞાન, આચરણ, પુરુષાર્થ, સુખ (આદિ) બધામાં અવલંબનનું કાર્ય થાય છે. બધા મુખ્ય ગુણોમાં કાર્ય થાય છે. પણ મુખ્યપણે શ્રદ્ધાને અને ગૌણપણે ચારિત્રને વર્ણવવામાં આવે છે.

મુમુક્ષુ :- ઉપયોગ..

પૂજ્ય ભાઈશ્રી :– ઉપયોગ જ્ઞાતા-દ્રષ્ટા છે, પરિણતિ જ્ઞાતા-દ્રષ્ટા છે. પછી અવલંબન બહાર જાય છે, ઉપયોગ બહાર જાય છે પણ અસ્થિરતાની મુખ્યતાથી કહેવામાં આવે છે. એ ચારિત્રનો વિષય થઈ ગયો. ઉપયોગ બહાર ગયો એનો અર્થ શું ? કે જ્ઞાનીને અસ્થિરતા થઈ. સ્થિરતા–અસ્થિરતા ચારિત્રનો પર્યાય છે, એમ. એ ચારિત્રની મુખ્યતાથી કહેવાય છે. બાકી તો લબ્ધ-ઉપયોગ થઈને એક અખંડ પર્યાય હોવાને લીધે, જ્ઞાનની તો લબ્ધ અને ઉપયોગ થઈને એક અખંડ પર્યાય હોવાને લીધે, એક સમયની પર્યાય છે ને ? એમાં તો બે ભાવ છે એ થાય છે પણ બે ભાગ થતા નથી. તો એક અખંડ પર્યાય હોવાને લીધે અને એમાં પણ શુદ્ધતાના અંશનું જોર હોવાને લીધે, અંતર અવલંબનનું જોર હોવાને લીધે જ્ઞાનીના ઉપયોગને ગૌણ કરવામાં આવે છે. બહાર જાય છે ઇ ઉપયોગને ગૌણ કરવામાં આવે છે. તો શું કહે છે ? કે જ્ઞાની તો જ્ઞાતા-દ્રષ્ટા થઈ ગયા છે. શું કહે ? (જ્ઞાતા-દ્રષ્ટા થઈ ગયા છે). ઉપયોગ તો એનો બહાર જાય છે ને કેમ જ્ઞાતા-દ્રષ્ટા કહો છો ? એ ઉપયોગ બહાર જાય છે એ અલ્પ છે. અલ્પ છે અને એનું સ્વામિત્વ પણ એને નથી. જેમ રાગના વિભાવનું સ્વામિત્વ જ્ઞાનીને નથી, તેમ જ્ઞાનના વિભાવનું સ્વામિત્વ પણ જ્ઞાનીને નથી. એ જેટલો બહાર જાય એટલો જ્ઞાનનો વિભાવ છે તો એનું સ્વામિત્વ એને નથી. એટલે એના મુખ્ય અંશને ગણીને જ્ઞાની જ્ઞાતા-દ્રષ્ટા છે એમ કહેવામાં આવે છે. જ્ઞાતા-દ્રષ્ટાપણાનું જોર છે, મુખ્યપણે એમ વર્તે છે. એટલે જ્ઞાની જ્ઞાતા-દ્રષ્ટા છે એમ કહીએ. જ્ઞાન અપેક્ષાએ એ જ્ઞાતા-દ્રષ્ટા છે.

પ્રશ્ન :– આ પુરુષાર્થમાં તીવ્રતા ને મંદતા જે થાય છે એમાં જ્ઞાનના પરિણમનમાં ફેર પડતો હશે ? દ્રષ્ટિ એક જ હોય બે જ્ઞાનીને પણ જે તીવ્રતા થાય, મંદતા થાય એમાં જ્ઞાનમાં ફેર પડતો હશે ?

સમાધાન :– હા, જ્ઞાનમાં ઉપયોગ અંદર બહાર જાય. જ્ઞાતા-દ્રષ્ટાપણામાં કાંઈ ફેર ન પડે. જ્ઞાનનો જે સ્વભાવ પ્રગટ થયો એમાં કાંઈ ન ફેર પડે. ટૂંકામાં, સ્થૂળ ભાષાએ કહીએ તો સમ્યક્જ્ઞાનમાં કાંઈ ફેર ન પડે. તો ફેર કેટલો પડે ? તો પછી ફેર કેટલો પડે ? કે મંદ પુરુષાર્થમાં ઉપયોગ બહારમાં જાય ને તીવ્ર પુરુષાર્થમાં ઉપયોગ અંદરમાં આવે. પણ બહારમાં જાય ત્યારે સમ્યક્જ્ઞાન છે ને જ્ઞાતા-દ્રષ્ટાપણું છે, છે

ને છે. એમાં કાંઈ બીજો ફેર નથી. એટલે ત્યાં ઉપયોગ બહાર જાય તોપણ સમ્યક્જ્ઞાનની જાતિ બદલાતી નથી. જે જ્ઞાન જાત્યાંતર થયું એ ઉપયોગ બહાર જાય તોપણ ભવ નિવૃત્તિના કારણમાં ઊભો છે અને ઉપયોગ અંદર જાય ત્યારે સાક્ષાત્ ભવનિવૃત્તિમાં કાર્યગત છે. બન્ને વખતે ભવ બાંધવાનું કારણ જાત્યાંતર થયેલું જ્ઞાન કરતું નથી.

એ 'શ્રીમદ્જી'એ બહુ સરસ લખેલું છે કે જે મતિ-શ્રુતનો ક્ષયોપશમ અથવા ક્ષયોપશમવાળું જ્ઞાન પહેલા ભવ હેતુરૂપ થતું હતું, તે જ જેના પ્રતાપથી, જે સમ્યગ્દર્શનના પ્રતાપથી જાત્યાંતર થયું, તેનું તે મતિ-શ્રુત જ્ઞાન હવે જાત્યાંતર થઈને ભવ નિવૃત્તિરૂપ થવા લાગ્યું. એવી વાત લખી છે. એટલે આમ ફેર છે અને ફેર નથી એમ બેય વાત છે. નથી, પ્રકરણ ક્યાંય નથી. ફેર છે અને ફેર નથી ક્યાંથી કાઢે ? એક જ્ઞાનમાં કેટલા અનેકાંત ધર્મયુક્ત જ્ઞાન છે. અનેક ધર્મો છે એની અંદર. એવું જ્ઞાનનું અનેકાંત (છે), અનેકાંતિકપણું છે સમ્યક્જ્ઞાનનું.

મુમુક્ષુ :– આ બધા ગોટાળા કરતાં સીધું ને સટ બતાવો ને.

પૂજ્ય ભાઈશ્રી :– સીધું ને સટ આ છે કે, અંદરમાં અનંત ગુણનો ભંડાર પરમેશ્વર પદ સાક્ષાત્ સિદ્ધ પરમાત્મારૂપે, સિદ્ધપદની મૂર્તિ, દેહાકાર બિરાજમાન છે, આ એક સીધે સીધી વાત છે. આ સિવાય બીજી વાતને કાંઈ લાંબી-ચોડી, માથું મારવાની જરૂર નથી. ક્યાં માથું મારવું ? કે પોતે જ્યાં અટકતો હોય ત્યાં. આ સિવાય બીજી આડીઅવળી વાત કેમ કરો છો ? કે તું બીજે આડોઅવળો જા છો એટલે કરીએ છીએ. નહીંતર વળી પ્રશ્ન થાય કે, જો આ એક જ વાત છે, તો બીજી આડીઅવળી વાતની શું કરવા માંડવી જોઈએ ? પણ તું આડોઅવળો જાય છો એટલે કહેવું પડે છે કે ત્યાં જામાં.. ત્યાં જામાં.. ત્યાં જામાં.

મુમુક્ષુ :– કર્મનું જોર રહેલું (છે).

પૂજ્ય ભાઈશ્રી :– કર્મનું જોર કાંઈ નથી, પોતાની આડોડાઈનું જોર છે. જોર, અવળાઈ પોતાની છે અને નાખે છે કર્મ માથે. પ્રમાણિકતા તો કાંઈક રાખવી જોઈએ કે નહીં ? એવું નથી કાંઈ. એ તો અનીતિ છે, નીતિ નથી. 'દ્રવ્યદૃષ્ટિપ્રકાશ' વાંચ્યું ? વંચાઈ ગયું ને ? તો ઠીક. એક વખત તો બધા શાસ્ત્રો જેટલા ઉપલબ્ધ હોય એટલા નજર સોંસરા તો કાઢવા જોઈએ. એટલે ક્યાં શું પડ્યું છે ? કેવું કેવું પડ્યું છે ?

એ થોડું ખ્યાલમાં રહે.

પ્રશ્ન :– અવલંબન લેવાની વાત કરી, અવલંબન લેવાથી ઉપયોગ Change થાય, તો અવલંબન લેવું કઈ રીતે ?

સમાધાન :– એમાં એવું છે કે, આત્મા જેનું અવલંબન લેવું છે એ વિષય સહજ પ્રત્યક્ષ છે, પરિપૂર્ણ પ્રત્યક્ષ છે, પૂર્ણ પ્રત્યક્ષ છે. જ્યાં સુધી જેવું એ પ્રત્યક્ષ સ્વરૂપ છે એવું પ્રત્યક્ષપણે જ્ઞાનમાં ન આવે કે હું પરિપૂર્ણ પ્રત્યક્ષ છું, ત્યાં સુધી એના અવલંબનમાં આવવું બનતું નથી. હવે કેવી રીતે Practical એના બીજા દૃષ્ટાંતથી થાય છે. કે કોઈપણ પ્રસંગનું અવલંબન ન લેવું હોય અને એ પ્રસંગનું અવલંબન લેવાઈ જતું હોય, તો શું થાય છે ત્યાં ? કે પ્રસંગ પરોક્ષ હોવા છતાં પ્રત્યક્ષવત્ એ સ્મૃતિજ્ઞાનમાં, મતિજ્ઞાનમાં આવી જાય છે. શું થાય છે ? કે પ્રત્યક્ષવત્ થઈ જાય છે.

જેમકે 'ગુરુદેવ' અત્યારે પરોક્ષ છે, સ્વર્ગમાં બિરાજમાન છે, પણ પ્રત્યક્ષવત્ જો લક્ષમાં લેવામાં આવે, તો એમના પ્રત્યે ભક્તિનો ભાવ, બીજો ત્રીજો ભાવ એકદમ કેમ ઉભરાય છે ? તો એનો અર્થ શું થયો ? કે પરોક્ષ ચીજને પણ પ્રત્યક્ષવત્ જો જ્ઞાનમાં લેવાય છે તો ત્યાં એ પ્રસંગનો, એ પદાર્થનો અવલંબન અને આધાર ઉત્પન્ન થઈ આવે છે, પર પદાર્થ હોવા છતાં ! અને આત્મા એનો આધાર નહીં લઈ શકતો હોવા છતાં એવા પરિણામ થઈ જાય છે, તો જે સહજ પ્રત્યક્ષ છે, સહજ પ્રત્યક્ષ છે, પૂર્ણ પ્રત્યક્ષ છે, પરોક્ષતાની ગંધ નથી, નામનિશાન નથી અંદરમાં એવું સહજ પરિપૂર્ણ પ્રત્યક્ષ છે એ જ્ઞાનમાં એકદમ પ્રત્યક્ષતોરથી આવે તો એનું સીધું અવલંબન આવી જાય છે, પુરુષાર્થમાં સીધું જોર આવે છે એને. મુખ્યપણે તો પુરુષાર્થ અવલંબન લ્યે છે એટલે સીધું એનું જોર આવે છે. એ પ્રત્યક્ષતા કારણ છે.

આપણે કોઈવાર આ દૃષ્ટાંત લઈએ છીએ કે, એક માણસ કોઈને ખૂન કરતા જોવે છે, હથિયારથી, છરીથી કે ધારિયાથી કે એવી રીતે નિર્દય રીતે મારે છે અને એ જ પ્રસંગ કોઈએ નથી જોયો, પરોક્ષપણે છાપામાં એના ફોટા સાથે જોવે. ફોટા પાડી લીધા, ફોટા સાથે જુએ, તો જેણે પ્રત્યક્ષ જોયો છે એને તો (એની અસરમાંથી બહાર) કાઢવો મુશ્કેલ પડે. અસાધારણ પ્રસંગ હોવાથી એને એની વિસ્મૃતિ કરવી કઠિન પડે અને છાપામાં ચિત્ર જોયું હોય અને વાંચ્યું હોય (પણ) બીજી સેકન્ડે ભૂલી

જાય. બીજી કોલમ ઉપર નજર જાય ત્યાં ભૂલી જાય. પરોક્ષ-પ્રત્યક્ષનો બહુ મોટો ફેર છે. એટલે પ્રત્યક્ષ જ્ઞાનીના યોગની જે વિશેષ વાત આવે છે એનું કારણ છે કે, એનો Alternative નથી કોઈ-એનો કોઈ વિકલ્પ નથી.

અહીંયાં આત્મા જે સહજ પ્રત્યક્ષ છે, એની પ્રત્યક્ષતા, એનું પ્રત્યક્ષપણું જેટલું જ્ઞાનમાં (આવે), જ્ઞાનનો પણ પ્રત્યક્ષ સ્વભાવ છે ને સ્વરૂપનો પણ સ્વભાવ છે. બસ ! જેટલી સંધિ થાય એટલું અવલંબન જોરથી આવે. એટલે જો 'અનુભવપ્રકાશ'ના અભ્યાસમાં જુઓ તો એ વાત બહુ વારંવાર લીધી છે. જ્યાં વિધિનો વિષય ચાલે છે ત્યાં એમ લે છે કે, સ્વરૂપજ્ઞાની પ્રતીતિનો વિષય પ્રત્યક્ષ કરીને કરીને અનુભવને વધારે છે. પ્રતીતિનો વિષય એટલે શુદ્ધાત્માની જે શ્રદ્ધાનો વિષય છે તે સહજ પ્રત્યક્ષ છે. એની પ્રતીતિ પ્રત્યક્ષ કરી કરીને અનુભવને વધારે છે. એ વાત એમણે અનેક જગ્યાએ લીધી છે. પોતાની શૈલીથી લીધી છે. એ ગ્રંથની અંદર તો એ વાત બહુ પ્રસિદ્ધ છે. (સમય થયો છે).

विभावोमां अने पांच परावर्तनोमां क्यांय विश्रांति नथी. चैतन्यगृह ज खरुं विश्रांतिगृह छे. मुनिवर तेमां वारंवार निर्विकल्पपणे प्रवेशी विशेष विश्राम पामे छे. बहार आव्या – न आव्या ने अंदर जाय छे. १६९.

તા. ૨૧-૦૭-૧૯૮૭, વચનામૃત–૧૬૯,૧૭૦
પ્રવચન નં. ૧૨૫

('બહેનશ્રીનાં વચનામૃત') ૧૬૮મો (બોલ) ચાલે છે. સાધકદશાનો વિષય છે. સ્વરૂપની દૃષ્ટિ થતાં પોતાના પરિપૂર્ણ સ્વભાવનું અસ્તિત્વ પકડાય છે અને એમાં ત્યારપછીની સ્થિરતા, અસ્થિરતા અને દશાના વિકાસનો વિષય ગૌણ છે, એમ લેવું છે. પ્રથમ જે મોક્ષમાર્ગમાં આવે છે અને પોતાના સ્વરૂપની દૃષ્ટિ થઈ જાય છે. એની મુખ્યતામાં સ્વરૂપમાં સ્થિર, વિશેષ સ્થિર થવાય, ઓછું સ્થિર થવાય એ બધું ગૌણ છે. કેમકે પરિપૂર્ણ શુદ્ધ થવામાં તીવ્ર પુરુષાર્થી હો કે મંદ પુરુષાર્થી હો, તે પરિપૂર્ણ શુદ્ધ અવશ્ય થવાનો, થવાનો ને થવાનો જ છે. શ્રેણી માંડે છે એમાં કોઈને અંતર્મુહૂર્તથી વધારે વાર નથી લાગતી. જે મંદ પુરુષાર્થ અને તીવ્ર પુરુષાર્થનો, પુરુષાર્થ ભેદનો પ્રકાર છે એ ચોથા, પાંચમા, છઠ્ઠા, સાતમા ગુણસ્થાનનો વિષય છે. નીચેના ગુણસ્થાનનો વિષય છે. નીચેના ગુણસ્થાનમાં એ પ્રકારો ઊપજે છે, ઉપરના

ગુણસ્થાનમાં શુક્લધ્યાનની શ્રેણી, ક્ષપકશ્રેણી માંડે એમાં તો કોઈ તીવ્ર-મંદનો પછી વિષય રહેતો નથી. એ બધા જ અંતર્મુહૂર્તમાં પૂર્ણતાને પ્રાપ્ત કરી લે છે. એમાં કોઈને વધારે સમય લાગતો નથી. આઠમેથી ઉપર જે શ્રેણી માંડે છે અપૂર્વકરણથી, એમાં તો અંતર્મુહૂર્તમાં જ કેવળજ્ઞાન પ્રાપ્ત કરેલું હોય છે. એમાં કોઈ બીજો ભેદ લાગુ પડતો નથી. નીચેના ગુણસ્થાનમાં જે સમય જાય છે એ ચાર, પાંચ ગુણસ્થાન છે નીચેના – ચોથું, પાંચમું, છઠ્ઠું, સાતમું (એ) ચાર ગુણસ્થાન છે એની કોઈ એટલી વિશેષતા ગણતરીમાં લેવી જોઈએ નહીં. પણ ત્યાં એને જે પોતાના પૂર્ણ સ્વરૂપનું સ્વામિત્વ વર્તે છે અને પોતે પરિપૂર્ણ શુદ્ધ છે એવો જે સ્વાનુભવ વર્તે છે એ વાત વિશેષ છે, એની મુખ્યતા છે. આની કોઈ મુખ્યતા નથી, એમ લેવું છે. એટલો વિષય છે.

મુમુક્ષુ :– આઠમેથી ઊપડેલી શ્રેણીવાળો સીધો પહોંચી જાય કે કોઈ પાછા ફરે ?

પૂજ્ય ભાઈશ્રી :– હા, ઉપશમ શ્રેણીવાળા પાછા ફરે છે. એ ઉપશમ શ્રેણીવાળા પાછા ફરે છે એ જાણવાનો વિષય છે. એ વાતને મુખ્ય કરવાની જરૂર નથી. જાણવાનો વિષય છે કે કોઈ પાછા ફરે છે એવું કેવળજ્ઞાન અનુસાર પ્રસિદ્ધ છે, તો એ ઉપશમ શ્રેણીવાળા પાછા ફરે છે, ક્ષપકશ્રેણીવાળામાં કોઈપણ પાછા ફરતા નથી. આપણે તો પાછા ફરે એની વાત શું કરવા લેવી જોઈએ ?

૧૬૯, મુનિદશાનો બોલ છે. **'વિભાવોમાં અને પાંચ પરાવર્તનોમાં ક્યાંય વિશ્રાંતિ નથી.'** જીવને ઠરીને ઠામ થવાનું એકેય ઠેકાણું નથી. પાંચ પરાવર્તનમાં દેવલોકનું પણ કોઈ એવું સ્થાન નથી કે જ્યાં ઠરીને ઠામ થવાય. બીજી ત્રણ ગતિમાં તો એટલો પુણ્યનો ઉદય જ નથી. મનુષ્યગતિમાં સર્વોત્કૃષ્ટ ચક્રવર્તીનું પુણ્ય છે, તેમ છતાં ક્યાંય પણ જીવને વિશ્રાંતિ મળે કે કાયમ અહીંયાં રહીએ એવું કોઈ ઠેકાણું નથી. બધી જગ્યાએથી જીવનો ભાવ પાછો વળી જાય છે અને એને વિષય બદલવો રહે છે, કેમકે (એને) આકુળતા થાય છે. બધા વિભાવોમાં પણ આકુળતા થાય છે અને વિભાવોના જે બધા વિષયો છે, પાંચ પરાવર્તનમાં જેટલા ભોગ્ય સ્થાનો છે એ બધામાં ક્યાંય જીવ ઠરીને ઠામ સાદી અનંતકાળ રહે એવી સ્થિતિ એની રહેતી નથી. બધેથી એ બદલે છે કે હવે અહીંયાં નહીં... હવે અહીંયાં નહીં... હવે અહીંયાં નહીં.

**'વિભાવોમાં અને પાંચ પરાવર્તનોમાં ક્યાંય વિશ્રાંતિ નથી.'** ક્યાંય એને શાંતિ

નથી અને અજ્ઞાનદશામાં તો અસમાધાન ને અશાંતરસના એટલા બધા પ્રકારો ઊપજે છે. 'શ્રીમદ્જી'એ મનુષ્ય ગતિની વાત કરી છે કે, મનુષ્ય ગતિમાં કઈ અવસ્થા સારી ? બાલ્યઅવસ્થા સારી, યુવાઅવસ્થા સારી, વૃદ્ધાવસ્થા સારી, શું સારું ? કે કાંઈ સારું છે નહીં. કેમકે કાં તો આમ થાય ને કાં તો આમ થાય. એટલે અનુકૂળતા ને પ્રતિકૂળતા બે પ્રકાર છે. પ્રતિકૂળતા થાય તો પ્રતિકૂળતાના દુઃખમાં ને ખેદમાં દુઃખી, દુઃખી થાય. અનુકૂળતા આવે તો એના રસમાં એટલો ચડી જાય અને એના રસમાં ચડી જાય ત્યારે અનેક પ્રકારના એ અનુકૂળતા સંબંધીના ભયસ્થાનો પણ એને મૂંઝવ્યા વિના રહે નહીં. આ પરિસ્થિતિ તો આવે, આવે ને આવે જ. એટલે એમાં પણ દુઃખ, દુઃખ ને દુઃખ જ છે.

અહીંયાં તો એવું નથી પણ દેવલોકમાં પણ એ પરિસ્થિતિ છે. એને પણ ત્યાં એ જ પ્રકારની તીવ્ર આકુળતાનો પ્રસંગ છે. બહારમાં પુણ્યનો ઉદય દેખાય છે પણ અંદરમાં પાર વગરની આકુળતા મિથ્યાદૃષ્ટિ દેવને થાય છે. એવા કર્મ બાંધે છે (કે) જાય એકેન્દ્રિય આદિમાં. એવા કર્મ (બાંધે). તીવ્ર પરિણામ થાય છે. પુણ્યનો ઉદય તીવ્ર છે, એને રસ પણ તીવ્ર જ પડે છે. અને એમાં ઘણી આકુળતા છે. જે તીવ્ર રસ પડે છે એમાં ઘણી આકુળતા છે, ઘણું દુઃખ છે, ક્યાંય એને વિશ્રાંતિ થાય, શાંતિ અંદરથી થાય, વિશ્રાંતિ થાય એ પરિસ્થિતિ કોઈ જગ્યાએ પાંચ પરાવર્તનમાં નથી.

મુમુક્ષુ :– સમ્યગ્દર્શન લઈને જાય એને ..

પૂજ્ય ભાઈશ્રી :– એ તો જુદો પડી જાય છે ને ! એ ત્યાંના સંયોગોથી જુદો પડી જાય છે મોટી વાત એ છે. એટલે એ દેવલોકના ભોગોપભોગમાં લપટાઈને કર્મબંધ કરતો નથી. ત્યાં પણ એનો વૈરાગ્ય વિશેષ એટલો જ હોય છે. બહારમાં અનુકૂળતાના સાધનો ઘણા હોય છે પણ એને ક્યાંય એ શાંતિના સ્થાન દેખાતા નથી. અંદરમાં જે શાંતિનું ધામ જોયું છે એને એમ થાય છે કે, ક્યારે મનુષ્યત્વ પ્રાપ્ત કરીને અંદર ઠરી જાઉં એવી મુનિદશા ઉત્પન્ન કરું ! એ એની અભિલાષા કરે છે. એને દેવલોકની જેલમાં પોસાતું નથી. એને એમ થાય છે કે, આ જેલમાં અપરાધ કરીને આવી ચડ્યા છીએ, ભોગવ્યે છૂટકો છે. બાકી અહીંયાં તો આરાધન થવાની પણ જગ્યા નથી. જેમ માણસને અહીંયાં પુણ્યના યોગ વધી જાય તો એટલા બધા

સંબંધના લફરા વધી જાય કે આ ટાઇમે આ મળવા આવવાના છે ને આ ટાઇમે ફલાણા મળવાના છે ને આ ટાઇમે ફલાણાને વાત કરવી છે ને આ ટાઇમે તમને ફલાણા વાત કરવા માગે છે. Appointment દેવાનો ટાઇમ ન હોય તો સેક્રેટરી રાખવો પડે. એને ક્યાંય (શાંતિ નથી.) એ ગૂંચવાયેલો, ઝંઝાળમાં ગૂંચવાયેલો ઉપયોગ છે એટલો ચંચળ છે. એ ઉપયોગ નિવૃતિ લઈને અંદરમાં શાંતિ લ્યે ક્યાંથી ? એને કોઈ અવસર હોતો નથી. હજી અહીંયાં તો પુણ્ય ઓછા છે તો આ દશા તો નજરે જોવામાં આવે છે. ત્યાં તો એથી વધારે પુણ્ય છે. એને અંદરમાં આકુળતા, તીવ્ર આકુળતા વર્તે છે. એ આકુળતા ને અશાંતિની અંદરમાં એક હોળી છે, આગ છે, (જે) ભડકે બળે છે. એને ખબર નથી પણ જ્ઞાનીને જોઈને કરુણા આવે છે. અરેરે...! બિચારાની આ દશા છે અને આના ફળમાં ક્યાં ધકેલાઈ જશે એની એને પણ ખબર નથી. ક્યાં ચાલ્યો જશે ?

મુમુક્ષુ :– 'ગુરુદેવ' કહેતા કે, કૂતરાની જેમ ખાય ને ઘોડાની જેમ દોડે છે.

પૂજ્ય ભાઈશ્રી :– દોડે છે. અને એ તો એની જેમ છે, પણ પછી એ એવો જ થઈ જશે. અત્યારે એની જેમ છે પછી એ જ પર્યાયને પામી જશે. જેવા એના અહીંયાં ભાવે પરિણામના લક્ષણ છે, દ્રવ્યે પણ એ જ સ્થિતિ ઊભી થતા વાર લાગશે નહીં. નિયમ જ છે. જેવો ભાવ એવું ફળ. જેવો ભાવ એવું ફળ. એમાં ઇન્દ્ર, નરેન્દ્ર, જિનેન્દ્ર કોઈની સિફારશ ચાલતી નથી. કુદરત બંધાયેલી છે. કુદરતી વસ્તુવ્યવસ્થા છે એમાં ફેરફાર કરવાનો કે થવાનો કોઈના અધિકારનો વિષય નથી.

મુમુક્ષુ :– કુદરત બંધાયેલી છે ઇ વચન કોઈ શાસ્ત્રમાં ક્યાંય નથી.

પૂજ્ય ભાઈશ્રી :– આ તો વસ્તુ વિજ્ઞાન છે ને ! જૈનદર્શન તો વસ્તુ વિજ્ઞાન છે. અને એ બધી વાતો એ અનુસાર છે. એવું જ આવે એમાં. એવી જ ભાષા આવે. ભાવ અનુસાર એવી જ ભાષા આવે. જૈનદર્શનને પૂછીએ કે, આ તમારો ક્યો વાદ છે ? કર્મવાદ છે ? કે નહીં. ભલે એ પણ કુદરતી છે. તો કે આ તો સ્વભાવવાદ છે. વસ્તુના જે ગુણધર્મ છે, એના જે સ્વભાવો છે એને પ્રસિદ્ધ કરનારું, એને કહેનારું આ દર્શન છે, સ્વભાવવાદ જેને કહેવામાં આવે છે. એવો વિષય છે.

**'વિભાવો અને પાંચ પરાવર્તનોમાં ક્યાંય વિશ્રાંતિ નથી. ચૈતન્યગૃહ જ ખરું**

**વિશ્રાંતિગૃહ છે.'** પોતાનું ઘર. ઘરે વિશ્રાંતિ મળે છે ને ? એટલે ઉપમા આપી છે ચૈતન્યગૃહ !! પોતાનું જે ચૈતન્યઘર છે એ સાચું વિશ્રાંતિનું ઘર છે, વિશ્રાંતિનું સ્થાન છે કે, જ્યાં સાદી અનંતકાળ પર્યંત જીવ ઠરીને ઠામ થઈને રહે છે. પરિણામ બહાર ગયા એ જીવના શાંતિ, આનંદ, સુખના પ્રાણને ઘાત કરનારા પરિણામ છે. ઉપયોગ બહાર નીકળ્યો કે, જમનો દૂત સમજો, એવી વાત છે. કેમકે એ અશાંતિ લઈને જ જન્મે છે. જેટલું પરિણામ બહાર ખેંચાય છે એ અશાંતિ લઈને જ જન્મે છે. એમાં શાંતિ ક્યાંય નથી.

**'ચૈતન્યગૃહ જ ખરું વિશ્રાંતિગૃહ છે.'** વિશ્રાંતિનું સ્થાન છે. **'મુનિવર તેમાં વારંવાર નિર્વિકલ્પપણે પ્રવેશી વિશેષ વિશ્રામ પામે છે.'** મુનિદશાની વિશેષતા કરી છે કે મુનિદશામાં તો નિર્વિકલ્પપણે એમાં પ્રવેશ કરીને, સારી રીતે ત્યાં વિશ્રામ પામે છે. મુનિને જે શાંતિ છે એવી શાંતિ જગતમાં કોઈ પ્રાણીને નથી. લોકો એમ સમજે છે કે, એમની પાસે કાંઈ સાધન સગવડ નથી. કેટલું એમને આકરું ચારિત્ર પાળવું પડે છે. લોઢાના ચણા ચાવવા પડે છે. ભાઈ ! તારી દૃષ્ટિ કામ આવે એવું નથી અને એ દશાને માપવા માટે તારો ગજ કામમાં આવે એવું નથી. એ માપવાનો ખોટો ગજ છે. એ માપદંડ ખોટો છે. એ તો 'एगंत सोही मुनि वीतरागी' ! એકાંતે એ સુખી છે.

જગતમાં કોઈ સુખી હોય તો આ એક જ છે, એમ લેવું છે. ખરેખર એ શાંતિના સ્થાનમાં એવા વિશેષ વિશ્રામ પામેલા છે. જેને શાસ્ત્રમાં એમ કહે છે કે સ્વરૂપ મંથર થઈ ગયા છે. બહાર નીકળવાના આળસુ છે, એમને બહારની કોઈ પ્રવૃત્તિમાં આવવું પોસાતું નથી. અને રાજા હોય, મહારાજા હોય, સમાજ હોય, આખો સંઘ હોય તોપણ એનાથી દૂર વસે છે અને એમના કોઈ કાર્યનો ભાર એ માથે લેતા નથી. અમુક કામ કરવું પડે સમાજનું કે સંઘનું, અરે...! ગુરુપદે, આપને આચાર્યપદે સ્થાપ્યા, અમે આપને આચાર્યનું પદ આપ્યું માટે હવે આપે અમને રોજ ઉપદેશ તો આપવો પડે, વ્યાખ્યાન તો રોજ કરવું પડે એ બંધન પણ મુનિરાજ સ્વીકારતા નથી. તમારે આચાર્યપદ આપીને મને બંધનમાં નાખવો હોય તો તમારું પદ તમે પાછું લઈ લ્યો. મારે જોઈતું નથી, આમ છે. આચાર્યપદે બેસાડે તો મોટાઈ મળે કે ન મળે ? ભાઈ !

પરમેશ્વરપદ પાસે એ બધા નીચેના પદ છે. પોતે તો પરમેશ્વરપદે બિરાજમાન છે. એની પાસે તો આ નીચેનું પદ છે. બહારનું પદ છે એ નીચેનું પદ છે, ખરેખર તો તે અપદ છે. પંચ પરમેષ્ઠીમાં આચાર્યપદ ત્રીજા નંબરે લીધું છે, એ અપદ છે ? (તો) કે હા ! વ્યવહારે જે પદ છે તે અપદ છે, નિશ્ચયપદ છે એ સ્વપદ છે. ખરું પદ તો નિશ્ચયપદ છે. બાકી વ્યવહારનું પદ છે એ સાચું પદ નથી, આમ છે. આચાર્યપદ અપદ છે ? કે હા ! અપદ છે. કેમકે વ્યવહારનયના વિષયમાં જાય છે. એવું સ્વપદ, એવું સર્વોત્કૃષ્ટ સ્વપદ છે, એમ લીધું (છે).

'પરમાત્મપ્રકાશ'માં તો 'ગુરુદેવ' પ્રવચનમાં એમ કહે છે કે, આચાર્યપદ તો હજી છદ્મસ્થની વાત છે, એ તો આખર છદ્મસ્થ દશા છે પણ અરિહંતપદ છે એ તો કેવળજ્ઞાન દશાનું પદ છે કે નહીં ? તો કે જે ત્રિકાળી કારણપરમાત્મા દૃષ્ટિનો વિષયભૂત પદાર્થ છે એ પરમભાવ છે અને એની પાસે બધા અપરમભાવ છે. ઇ પરમભાવ નથી. આ એની પાસે અપરમભાવ છે. કેમકે દૃષ્ટિ એના સામું જોતી નથી. અરિહંતદશામાં અને સિદ્ધદશામાં એ અરિહંતપણાને અને સિદ્ધપણાને દૃષ્ટિ તો વિષય જ કરતી નથી. જેમ કોઈ તમારે ત્યાં આવે અને તમે સામું એની ન જુઓ તો કેટલું અને કેવું લાગે ? કોઈ તમારે ત્યાં આવે (તો) આવકાર દેવો જોઈએ, આદર સત્કાર કરવો જોઈએ એને બદલે સામું પણ ન જોવે તો ? ઊભો રહે કોઈ ? પાછો વળી જાય. દૃષ્ટિનું એવું વલણ છે. ક્યાંય સામું જોવે નહીં. એવું પરમપદ એને લાગ્યું છે કે પછી એને બીજા સામું જોવાનો પ્રશ્ન રહેતો નથી, એવો વિષય છે.

**'મુનિવર તેમાં વારંવાર નિર્વિકલ્પપણે...'** પ્રવેશ કરે છે. એમના પરિણામ ત્યાં લાગેલા રહે છે. ત્યાં એમને શાંતિ મળે છે, એ વિશ્રામ પામે છે અને એવી શાંતિ અને એવો વિશ્રામ જગતમાં કોઈ સ્થાનમાં, કોઈ પદમાં મળતો નથી. એ પરિસ્થિતિ છે. તેથી તેઓ **'બહાર આવ્યા-ન આવ્યા ને અંદર જાય છે.'** મુનિરાજ તો બહાર આવ્યા ન આવ્યા ને અંદર જાય છે. કેમકે આકર્ષણ અંદરનું છે, બહાર આવવાનું આકર્ષણ નથી. એટલે તો મુનિદશામાં અંદર રહેવાનો કાળ કરતા બહાર રહેવાનો કાળ Double છે. પણ એમ ન કહેવાય કે, અંદર ગયા ન ગયા ને બહાર નીકળી જાય છે એમ ન કહેવાય. એમ કહેવાય કે, બહાર આવ્યા ન આવ્યા ને અંદર ચાલ્યા

જાય છે. આમ કેમ પણ ? બહાર પણ આવે છે ને અંદર પણ જાય છે. વળી અંદર જવા કરતા બહારનો કાળ બમણો છે. છતાં આમ કેમ કહો છે ? કે બહાર આવવાનું આકર્ષણ નથી, અંદર રહેવાનું આકર્ષણ છે.

મુમુક્ષુ :- એનો વેગ અંદર છે.

પૂજ્ય ભાઈશ્રી :- એનો વેગ અંદર છે, એને અંદર રહેવા માટેનું એનું વલણ છે, પ્રયત્ન છે અને અંદર રહેવાનો અભિપ્રાય છે, બહાર આવવાનો અભિપ્રાય નથી. એટલે બહાર આવી જવાય છે અનિવાર્યપણે, આવવું નથી તોપણ. ખરેખર તો એવા એ પ્રયત્નમાં વર્તે છે કે, એકવાર એવી રીતે અંદર જાવું છે કે બહાર અવાય જ નહીં. એવો ધન્ય અવસર ક્યારે આવે કે અંદર ગયા તે ગયા ને પછી બહાર જ અવાય નહીં, એવું ક્યારે બને ? એવા પુરુષાર્થની પાછળ પડેલા છે એ, અને એ દશાની એ પ્રતિક્ષા કરે છે, એ દશાની એ અભિલાષા કરે છે. એમ ને એમ નહીં પણ પ્રયત્ન સહિત ભાવના કરે છે. એટલે એને ખરેખર ભાવના કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- આ મુનિદશા.

પૂજ્ય ભાઈશ્રી :- એ જ મુનિદશા છે, બાકી બધી વાતો છે. બાકી કોઈ મુનિપણું નથી પણ મુનિની વાતો છે, ત્યાં મુનિપણું નથી. આવી દશા હોય ત્યાં મુનિપણું છે. મુનિદશાની અનેક વાતો લીધી છે. 'શ્રીમદ્‌જી'એ અપૂર્વ અવસરમાં એ વિષય વિસ્તારથી લીધો અને મારી આ ભાવના છે, આવો અપૂર્વ અવસર મને ક્યારે આવશે ? એમ લઈને એ બધું વર્ણન કર્યું છે. ખાલી વર્ણન કર્યું નથી પણ પોતાની ભાવનાનો વિષય છે એવી રીતે એનું પ્રતિપાદન કર્યું છે. બહારમાં કોઈ આકર્ષણ નથી. રિદ્ધિસિદ્ધિ પ્રગટ થાય (એની) સામે જોવાની ફુરસદ નથી. ચક્રવર્તી ને ઇન્દ્રો આવીને નમે, દેવલોકમાંથી ઇન્દ્રો આવે, દેવો આવે. કેમકે એને તો ત્યાં એ દશા દુર્લભ છે (એટલે) એવા ભાવ થાય. સમ્યક્‌દૃષ્ટિ દેવો હોય, વંદન કરવા આવે. મુનિરાજને સામે જોવાની જરાપણ ભાવના થતી નથી. સામું જોવે નહીં. એમ જાણે ઠીક છે જ્ઞાનનું જ્ઞેય છે, ગમે તે હો, હું જ્ઞાતાદૃષ્ટા છું, સામે જે કોઈ હોય એ બધું જ્ઞાનનું જ્ઞેય છે. સમસ્વભાવથી, સમભાવથી; નિહાળે તોપણ સમભાવથી નિહાળે છે, આ ઠીક છે એવા વિષમભાવથી નિહાળતા નથી કે ઠીક છે ઇન્દ્રો તો આવ્યા ને, ચક્રવર્તી તો નમવા આવ્યા ને. એવું

ઠીકપણું એને લાગતું નથી, એવી દશા છે એમની. એક જ કામ છે ને બીજું કામ નથી, જગતમાં એમને બીજું કામ નથી, આ એક જ કામ છે. એના માટે એમણે બધા કામથી નિવૃતિ લીધી છે કે કોઈ કામ માથે જોઈએ નહીં.

મુમુક્ષુ :- અમારે ચૈતન્યગૃહમાં વસવું છે, પણ વસાતું નથી.

પૂજ્ય ભાઈશ્રી :- એટલો પુરુષાર્થ કરવો જોઈએ. એવા પુરુષાર્થને લક્ષમાં લઈને એની ભાવનામાં આવવું જોઈએ. મૂળ વાત તો પહેલી ભાવનાની છે. જ્યાં સુધી જીવને પોતાના હિતની અંતરમાંથી ભાવના જાગે નહીં ત્યાં સુધી; ભલે એ પર્યાયાશ્રિત વિષય છે, ત્યાં સુધી દ્રવ્યાર્થિકનયના વિષય સુધી એની પહોંચ થતી નથી, આમ છે. ભલે પર્યાયાર્થિકનયનો વિષય આશ્રયનું સ્થાન નથી, તોપણ પ્રથમ અવસ્થામાં એ પરિસ્થિતિ ઊભી થાય છે. એ જીવ અંતર્મુખ થઈને સ્વદ્રવ્ય સ્વભાવ સુધી જઈ શકે છે, બીજાને અંતર્મુખ થવાનો પ્રશ્ન રહેતો નથી.

મુમુક્ષુ :- અંદર જવાતું નથી કે અંદર જાવું નથી ?

પૂજ્ય ભાઈશ્રી :- એ તો એવું છે કે, કોઈ તો એમ કહે ને કે અમારી તો ઇચ્છા છે. અંદર વળવું છે એવી અમારી ઇચ્છા છે. એથી અમે જગતના વ્યવસાયથી નિવૃત્ત થયા છીએ. અને આ વિષયમાં અને આ વિચારની અંદર અમે યથાશક્તિ પ્રયત્ન કરીએ છીએ પણ વળાતું નથી. તો એને ક્યાં અટક્યો છે એની પોતાને ખબર હોતી નથી. અંતર શોધ, અંતરની તપાસ અને અંતર અવલોકન વગર પોતે ક્યાં અટકે છે એની એને ખબર હોતી નથી કે ખબર રહેતી નથી. અને અંદરમાં શોધ ચલાવે તો પોતે ક્યાં અટકે છે એની ખબર પડ્યા વિના પણ રહેતી નથી. એમાં એને કોઈને પૂછવા જાવું પડે છે કે શ્રીગુરુ બતાવે તો જ ખબર પડે એવું કાંઈ નથી. એને પોતાને જો નીકળવું છે તો એ ક્યાં સલવાણો છે એ તો એના તીવ્ર પરિણામ છે. જ્યાં રોકાણો છે એ તો એના પોતાના જ તીવ્ર રસવાળા પરિણામ છે, એ એટલા બધા સ્થૂળ છે કે જો એ પોતે તપાસ કરવા માગે અને ન જણાય એ પ્રશ્ન અસ્થાને છે. એને જણાય એવું જ છે, ન જણાય એવું બનતું નથી. એને ભાવના હોવી જોઈએ.

પાયાની વાત ભાવનાની છે અને એ વાત પૂજ્ય 'બહેનશ્રી'ના વક્તવ્યમાં વિશેષ આવે છે. ખરી વાત ભાવનાની છે. જીવને ભાવના છે કે કેમ ? અહીંથી એનો પાયો

નખાય છે. જો ભાવનામાં ફેરફાર છે અથવા અંતરની ભાવના યથાર્થ નથી, તો એને આ વિષયમાં સફળ થવાની આશા રાખવી વ્યર્થ છે અને ભાવનાવાળાને નિષ્ફળ જવાનો કોઈ પ્રશ્ન નથી, કોઈ અપવાદ નથી. વસ્તુના સ્વભાવ બહારની એ કોઈ વાત છે. વસ્તુના સ્વભાવમાં એ ચીજ છે કે ભાવના ફળે, ફળે ને ફળે જ. બસ ! આટલી વાત છે. જે કાંઈ વાત છે એ આટલી વાત છે, પછી આગળ શું કરવું એ બધું સૂઝે એવી વાત છે. નહીંતર તો માણસ એમ કહે કે, હવે શું કરવું એ સૂઝતું નથી. પછી કે ભાઈ ! તારી ભાવના હોય તો આગળ શું કરવું એ બધું સૂઝે એવી વાત છે. કદાચ કોઈ ભૂલ રહી હશે તોપણ એ ભાવનાના બળે નીકળી જવાની છે, એ ભૂલ તારી રહેવાની નથી.

કેમકે ભાવના તો ચીજ જ એવી છે કે, પોતાની ભાવના સફળ થવામાં જે કોઈ અવરોધરૂપ પરિણામ છે એ અવરોધનો એને ખ્યાલ આવ્યા વિના રહેતા નથી. કે, આ જ મારા પરિણામ મારી ભાવનામાં મને અવરોધ કરે છે. એ એને તરત જ ખ્યાલમાં આવે છે. ભાવનાવાળાને એ પરિણામ ટકી શકતા નથી, રહી શકતા નથી, અવશ્ય એ છૂટી જાય છે. એટલે આગળનું બધું આપોઆપ જ સૂઝે છે, ન સૂઝવાનો પ્રશ્ન રહેતો નથી. આ જગ્યાએ બરાબર અંદરથી આવી જાય, બસ ! બધી વાતનો નિવેડો છે. કોઈ એને પછી વાંધો નથી. Guarantee આપે છે, પોતાના સ્વાનુભવથી Guarantee આપે છે કે, જો તારી અંતરની ભાવના હોય તો ચૌદ બ્રહ્માંડ ફરે તોપણ તારી ભાવના નિષ્ફળ થાય એ બનવાનું નથી, જા ! તને Guarantee આપીએ છીએ. આથી કઈ મોટી તને Guarantee આપે ? તો આમાં બીજા ક્યાં મોટા વેદ પુરાણ ભણવા છે ?

ભાવનામાં આવવું એમાં કાંઈ મોટા વેદ પુરાણના થોથા ભણવાના છે કાંઈ ? કે એમાં તો ભણવાના નથી. અને જો તને આ બાજુ આવ્યા પછી જો ભાવનામાં આવવું નથી, તો તારા આત્માને એ પ્રશ્ન પૂછ કે, હવે તેં શું કરવા ધાર્યું છે ? માણસને એમ કહે છે કે નહીં ? કે હવે તેં શું કરવા ધાર્યું છે ? કોઈ માણસ તોફાને ચડે તો એને શું કહે ? કે હવે તમે કરવા શું ધાર્યું છે ? શું કરવું છે તમારે ? એ કહો. એમ જો તારે ભાવનામાં આવીને અંદરમાં જાવું નથી ને ઠરવું નથી તો આ તોફાન

કર્યું, તોફાનનું તેં શું ધાર્યું છે઼ઇ નક્કી કર. કાંઈક તો કહીશ કે નહીં કહે ? પોતાના આત્માને પૂછે કે તારો શું વિચાર છે ? શું તારું ધ્યેય છે ? તારે ક્યાં જાવું છે ? શું પ્રાપ્ત કરવું છે ? એકવાર બરાબર ખખડીને જવાબ દે !

મુમુક્ષુ :- ભાવના કરતા તો આવડે છે.

પૂજ્ય ભાઈશ્રી :- બધેય આવડે જ છે. ત્યાં સંસારને ભાવે જ છે. અનાદિથી સંસારની ભાવનામાં આત્મપદાર્થને છોડીને, પરમપદાર્થને છોડીને અન્યની ભાવના કરી જ છે એણે અને અન્યની ભાવનામાં રખડ્યો છે. ઇ તો જેવી ભાવના એવું ફળ છે, સીધેસીધી વાત છે. ત્યાં તો કુદરત બંધાયેલી છે.

આમાં એ મુનિદશાનો વિષય લીધો છે કે, '**મુનિવર તેમાં વારંવાર નિર્વિકલ્પપણે પ્રવેશી વિશેષ વિશ્રામ પામે છે.**' પોતાની ભાવનાનો વિષય હોવાથી, જેની અભિલાષા છે એની વાત દૃષ્ટાંત દેવામાં નીકળી જાય છે કે, જુઓ ! આવું સાધકપણું છે. ઉત્કૃષ્ટ સાધકપણું આ છે. સાધકપણામાં આગળની સ્થિતિ આવવાનો અમારો ભાવ છે, અભિપ્રાય છે એટલે એની વાત વારંવાર કરવામાં આવે છે. અત્યારે કો'કને જ મુનિપણું આવે ને મુનિપણું આવી ન શકે ને અત્યારે તો આમ છે ને તેમ છે એ પ્રશ્ન રહેતો નથી. સ્ત્રી દેહ છે માટે તો મુનિપણાનું ક્યાંથી બની શકે ? પણ ઇ પ્રશ્ન જ ભૂલી જવાય છે, એ વાત ભૂલી જવાય છે.

'શ્રીમદ્જી' ગૃહસ્થમાં લખે છે. એ તો હજી વ્યવસાયવાળા, કુટુંબ પરિવારની પળોજણવાળા હતા. તોપણ એમ કહે છે કે, અમે દેહધારી છીએ કે કેમ એ વાત તો માંડ માંડ યાદ કરીએ ત્યારે ખ્યાલમાં રહે છે કે ના છે, શરીર છે અને શરીર અંગેની લૌકિક મર્યાદામાં રહીને પ્રવૃત્તિ કરવી પડે છે. અંદરની વાત કોઈ જુદી છે. એને ને એને ક્યાંય મળતી પાણ આવતી નથી. સ્વતંત્ર પદાર્થ છે અને પરમોત્કૃષ્ટ તત્ત્વ છે એટલો બધો એનો મહિમા અને એ ઉપરનું એટલું વજન ને વલણ છે કે પોતે દેહ ધારણ કર્યો છે એક ન્યાયે, એક અવસ્થાએ એ વાત વિસ્મૃતિમાં જાય છે. એનું સ્મરણ લાવવું પડે છે. કેટલો ઊંડાણથી એ બાજુનો એનો ભાવનો પ્રવાહ હશે ! કેટલા વેગથી ને કેટલા ઊંડાણમાં ગયેલો એ પ્રવાહ હશે ! અંદાજ કાઢવો મુશ્કેલ પડે એવો વિષય છે.

મુમુક્ષુ :– ભરતમાં છીએ કે વિદેહમાં છીએ, 'બહેનશ્રી'એ કહે છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, એ તો જાતિસ્મરણનો વિષય પ્રત્યક્ષવત્ થઈ જાય છે. પણ એ તો પરક્ષેત્ર છે. વિદેહ છે એ પરક્ષેત્ર છે. આ તો સ્વક્ષેત્રનો મહિમાનો વિષય છે. અંદરમાં ચૈતન્યનો વૈભવ છે, મહા વૈભવશાળી પદાર્થ છે એના વૈભવમાં ડોલે છે. અંદરમાં જ્ઞાનના દરિયા ડોલે છે ને સુખના દરિયા ડોલતા જોવે છે !! (ત્યારે) એ બધું ભૂલી જાય છે, એની પાસે બહારનું બધું ભૂલી જાય છે.

મુમુક્ષુ :– 'શ્રીમદ્જી' કેવળજ્ઞાન વર્તે છે એમ કહે છે.

પૂજ્ય ભાઈશ્રી :– કેવળજ્ઞાન ઇ તો અંદરમાં વિદ્યમાન જોવે છે ને !! અંદરમાં એની હયાતી જોવે છે. એની ખાતરી કરવા માટે કોઈની પાસે જવાની એને જરૂર રહેતી નથી. એ તો ચોવીસમા વર્ષમાં પહેલા પત્રમાં એ વાત લખે છે કે, કેવળજ્ઞાન પામશું.. પામશું.. પામશું.. એમ કરીને લખે છે. ચોવીસમા વર્ષમાં પહેલો પત્ર. ચોવીસમા છે ને ? શરૂઆતમાં જ છે. કારતક સુદ પુનમનો જન્મ છે ને એમનો ? એ બહુ શરૂઆતમાં જ છે. (પત્રાંક–૧૬૫).

**'સર્વ સમર્થ પુરુષો આપને પ્રાપ્ત થયેલા જ્ઞાનને જ ગાઈ ગયા છે, એ જ્ઞાનની દિન પ્રતિદિન આ આત્માને પણ વિશેષતા થતી જાય છે. હું ધારું છું કે કેવળજ્ઞાન સુધીની મહેનત કરી અલેખે તો નહીં જાય.'** સાર્થક થઈ જશે. કેવળજ્ઞાન સુધીનો પુરુષાર્થ હવે મારો સાર્થક થવાનો છે. કેમકે કેવળજ્ઞાન શક્તિને વિદ્યમાન જોવે છે. કેવળજ્ઞાનની શક્તિને સ્પર્શીને, એનો આધાર લઈને અનુભવ થાય છે. રાગના આધારે કાંઈ અનુભવ કરતા નથી. સર્વજ્ઞ સ્વભાવના આધારે અનુભવ કરે છે. સર્વજ્ઞપણું તો એના સ્પર્શથી પ્રગટવાનું જ છે. એમાં કાંઈ પ્રશ્ન રહેતો નથી.

મુમુક્ષુ :– 'ગુરુદેવશ્રી' સર્વજ્ઞશક્તિ બહુ ગાતા. સર્વજ્ઞશક્તિનું વર્ણન જ્યારે ને ત્યારે 'ગુરુદેવ'માં આવે.

પૂજ્ય ભાઈશ્રી :– **'કેવળજ્ઞાન સુધીની મહેનત કરી અલેખે તો નહીં જાય.'** એ કેવળજ્ઞાન પર્યાય ઉપર દૃષ્ટિ નથી એટલે શું કહે છે ? **'મોક્ષની આપણને કાંઈ જરૂર નથી'** ઠીક ! શરૂઆત ત્યાંથી કરે છે. **'મોક્ષની આપણને કાંઈ જરૂર નથી.'** કેમકે એ તો દૃષ્ટિનો વિષય જ નથી પછી એને ક્યાં એની જરૂરિયાતનો સવાલ રહ્યો ?

એથી અનંતગુણ ઉત્કૃષ્ટ–મોક્ષની એક સમયની પર્યાયથી અનંતગુણ ઉત્કૃષ્ટપદે તો હું જ બિરાજમાન છું. પછી મારે એની જરૂર ઇ ક્યાં પ્રશ્ન છે ? **'નિઃશંકપણાની, નિર્ભયપણાની, નિર્મુંઝનપણાની અને નિઃસ્પૃહપણાની જરૂર હતી, તે ઘણે અંશે પ્રાપ્ત થઈ જણાય છે,...'** અંશે પ્રાપ્ત થઈ છે **'અને પૂર્ણ અંશે પ્રાપ્ત કરાવવાની કરુણાસાગર ગુપ્ત રહેલાની કૃપા થશે એમ આશા રહે છે.'** ઠીક ! ગુપ્ત રહેલો કરુણાસાગર ધ્રુવ !! એ ધ્રુવની તો કૃપા થવાની જ છે. **'છતાં વળી એથીયે અલૌકિકદશાની ઇચ્છા રહે છે, ત્યાં વિશેષ શું કહેવું ?'** એક પેરેગ્રાફ એવો લખ્યો છે. આ ૧૬૫ નંબરનો પત્ર છે ને ત્યારપછીના ૧૬૬ ના આંકમાં આ વાત લીધી છે. **'સત્પુરુષના એકેક વાક્યમાં, એકેક શબ્દમાં, અનંત આગમ રહ્યા છે,...'** એ વાત ચોવીસમા વર્ષના પ્રારંભમાં જ એમણે નાખી છે, બીજા જ દિવસના કાગળમાં (છે).

જે વિષય હમણા ચાલ્યો એનો અહીંયાં પૂર્વાપરસંબંધ છે. ક્યાંય વિશ્રાંતિ નથી એ સંબંધમાં એમણે વાત લીધી છે. **'આયુષ્યનું પ્રમાણ આપણે જાણ્યું નથી.'** કોઈને ખબર નથી આયુષ્ય કેટલું છે ? **બાલાવસ્થા અસમજમાં વ્યતીત થઈ; માનો કે ૪૬ વર્ષનું આયુષ્ય હશે,...'** એક દાખલો આપે છે ધારો કે, માનો કે આટલું આયુષ્ય છે. અથવા ધારો કે **'વૃદ્ધતા દેખી શકીશું એટલું આયુષ્ય હશે.'** વૃદ્ધાવસ્થા પણ આવી જશે, ઘડપણ આવશે. **'પણ તેમાં શિથિલદશા સિવાય બીજું કંઈ જોઈ શકીશું નહીં.'** વૃદ્ધાવસ્થામાં તો શરીરની શિથિલતા અને અનેક પ્રકારના ઉપદ્રવોની શરૂઆત એ સિવાય એમાં કાંઈ-વૃદ્ધાવસ્થામાં તો બીજો કાંઈ સ્વાદ નથી. હવે માત્ર એક યુવા અવસ્થા રહી. બાલ્ય અવસ્થામાં સમજણ નથી, વૃદ્ધાવસ્થામાં શારીરિક ઉપદ્રવોને સહન કરવા સિવાય બીજું કાંઈ એમાં છે નહીં.

**'હવે માત્ર એક યુવાવસ્થા રહી.'** હવે યુવા અવસ્થામાં શું થાય છે ? કે **'તેમાં જો...'** મોહનીયબળવતરતા રહે છે. અને **'મોહનીયબળવતરતા ન ઘટી તો સુખથી નિદ્રા પણ નહીં આવે.'** નિરાંતે ઊંઘ આવશે નહીં. નિરોગ નહીં રહેવાય. સંકલ્પ-વિકલ્પ, **'માઠા સંકલ્પ-વિકલ્પ ટળશે નહીં,...'** આવ્યા જ કરશે, એ જ પજવશે **'અને ઠામઠામ આથડવું પડશે,...'** આ લઈ લઉં ને આ મેળવી લઉં, આ લઈ લઉં ને આ મેળવી લઉં. મહત્ત્વકાંક્ષાની સિદ્ધિ માટે એને આથડવું પડશે. માનો કે કોઈને રિદ્ધિ-

સિદ્ધિ હશે, નહીંતર તો આથડવું પડશે. તો ઇચ્છા પ્રમાણે મળી કે ન મળી તો બાજુએ રહી. પાછી હોય એનાથી ઇચ્છા તો હમેશાં મોટી રહે છે. પરંતુ એની ચિંતામાં, એના વિકલ્પમાં, એના સંકલ્પમાં – દુઃખ સિવાય, આકુળતા સિવાય બીજું કાંઈ ભોગવવાનું રહેતું નથી.

હવે એ યુવાન અવસ્થામાં જો કોઈ કાર્ય પ્રવૃત્તિમાં ફાવ્યા તો આંખ ફાટી જશે. તો પાછો અભિમાનનો પારો ચડી જશે કે મેં મારી અક્કલ હોંશિયારીથી બધું મેળવ્યું. મારા કરતાં ઉંમરમાં મોટા, મારા વડિલો, મારા બાપ-દાદાઓ, મારા મુરબ્બીઓ ઇ બધાને પાછળ રાખ્યા ને હું આગળ નીકળી ગયો. **'આંખ તીરછી થઈ જશે.'** ફાવ્યા તો એમ થાશે ને ન ફાવ્યા તો લોકો એમ કહેશે કે, આનામાં કાંઈ બુદ્ધિ નથી, ને આ જો બધું ખોઈ બેઠો ને આને કાંઈ આવડતું નથી ને આ બધું આ ઊંધું પડે છે ને આને બધું અવળું જ સૂઝે છે, ને એ પાછું લોકોનું ગાણું શરૂ થશે એના ઉપર. **'નિષ્ફળ ખેદ બહુ દુઃખ આપશે.'** ન ફાવ્યા તો લોકોનો નિષ્ફળ ખેદ બહુ દુઃખ આપશે.

વળી **'પ્રત્યેક વખત મૃત્યુના ભયવાળો, રોગના ભયવાળો,...'** અથવા સંયોગો ટકશે કે નહીં આજીવિકા સુધીના એના ભયવાળો, કદાચ ક્યાંય માન મળી ગયું હશે તો **'યશ હશે તો તેની રક્ષાના ભયવાળો, અપયશ હશે તો તેને ટાળવાના ભયવાળો, લેણું હશે તો તેને લેવાના ભયવાળો,...'** ડૂબી જાશે તો નહીં ને ? અને **'દેણું હશે તો** હવે તેને ભરવાના ભયવાળો, તેની **હાયવોયના ભયવાળો...'** એમ અનેક પ્રકારે જીવને ચારેકોરથી ભય સતાવ્યા કરે છે. **'પુત્રપુત્રાદિક હશે તો તેની કડાકૂટના ભયવાળો, નહીં હોય તો તેને મેળવવાના ખ્યાલવાળો, ઓછી રિદ્ધિ હશે તો વધારેના** (પ્રાપ્તિના) **ખ્યાલવાળો, વધારે હશે તો તેને બાથ ભરવાના ખ્યાલનો – એમ જ પ્રત્યેક સાધનો માટે** એને એવો જ **અનુભવ થશે.'**

**'ક્રમે કે વિક્રમે ટૂંકામાં કહેવાનું કે, સુખનો સમય હવે કયો કહેવો ? બાલાવસ્થા, યુવાવસ્થા ? જરાવસ્થા ?'** સુખનો સમય કયો કહેવો ? **'નિરોગાવસ્થા ? રોગાવસ્થા ? ધનાવસ્થા ? નિર્ધનાવસ્થા ? ગૃહાવસ્થા ? અગૃહાસ્થાવસ્થા ?'** કયો એને સુખનો સમય કહેવો ? **'એ સર્વ પ્રકારની બાહ્ય મહેનત વિના અનુત્તર અંતરંગ વિચારણાથી જે વિવેક થયો તે જ આપણને બીજી દૃષ્ટિ કરાવી, સર્વકાળને માટે સુખી કરે છે.'**

એમ કરીને અધ્યાત્મદૃષ્ટિ તરફ વળવાનું વલણ લીધું છે.

મુમુક્ષુ :- છેલ્લી લીટી વાંચી એ ફરી વાંચો.

પૂજ્ય ભાઈશ્રી :- **'ક્રમે કે વિક્રમે ટૂંકામાં કહેવાનું કે, સુખનો સમય હવે ક્યો કહેવો ? બાલાવસ્થા ? યુવાવસ્થા ? જરાવસ્થા ? નીરોગાવસ્થા ? રોગાવસ્થા ?** કહેવાનું કે સુખનો સમય હવે ક્યો કહેવો ? **'ધનાવસ્થા ? નિર્ધનાવસ્થા ? ગૃહસ્થવસ્થા ?** ક્યો ? **'એ સર્વ પ્રકારની બાહ્ય મહેનત વિના અનુત્તર અંતરંગ વિચારણાથી જે વિવેક થયો તે જ આપણને બીજી દૃષ્ટિ કરાવી, સર્વ કાળને માટે સુખી કરે છે.'** એ દૃષ્ટિમાં **'વધારે જિવાયું તોપણ સુખી, ઓછું જિવાયું તોપણ સુખી, પાછળ જન્મવું હોય તોપણ સુખી અને ન જન્મવું હોય તોપણ સુખી.'** એમાં તો ગમે તે બહારના કોઈપણ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ હો સુખનો પ્રવાહ અંદરમાંથી સુખસાગરમાંથી આવે છે. એટલે એને કોઈની-બહારની અવસ્થા સાથે કાંઈ નિસબત રહેતી નથી. ગમે તે અવસ્થામાં એ સુખી છે.

મુમુક્ષુ :- Total માર્યો પોતામાં આવવાનો.

પૂજ્ય ભાઈશ્રી :- એમ કરીને પોતે પોતામાં આવવાની વાત લીધી છે.

મુમુક્ષુ :- પત્ર નંબર ક્યો છે ?

પૂજ્ય ભાઈશ્રી :- આ છે રોજનીશીમાં ૧૫૭ નંબર. વર્ષ ત્રેવીસમું છે. ચોવીસમા વર્ષ પહેલામાં પાછા જવું પડે છે. એમાં પત્ર છે. એમની ડાયરીમાંથી લીધેલું છે.

**એક ચૈતન્યને જ ગ્રહણ કર. બધાય વિભાવોથી પરિમુક્ત, અત્યંત નિર્મળ નિજ પરમાત્મતત્ત્વને જ ગ્રહણ કર, તેમાં જ લીન થા, એક પરમાણુમાત્રની પણ આસક્તિ છોડી દે. ૧૭૦.**

મુનિદશાની ભાવનાથી આ મુનિદશાનું વર્ણન છે. અને મુનિદશાનું વર્ણન કહો કે આત્મસ્વરૂપની ભાવનાનો એક વિશેષ પ્રકાર કહો, બન્ને એક છે. ૧૬૯ (બોલ પૂરો થયો).

૧૭૦. **'એક ચૈતન્યને જ ગ્રહણ કર. બધાય વિભાવોથી પરિમુક્ત,...'** કેવું છે ચૈતન્ય ? કે **'બધાય વિભાવોથી પરિમુક્ત'** છે. **'અત્યંત નિર્મળ નિજ પરમાત્મતત્ત્વને જ ગ્રહણ કર તેમાં જ લીન થા, એક પરમાણુમાત્રની પણ આસક્તિ છોડી દે.'** પહેલેથી જ સંપૂર્ણ વીતરાગ થવાની ભાવના અને ધ્યેયથી વાત ચાલે છે. પણ હજી શરૂઆત કરવી છે. (તો કહે છે), આમ શરૂઆત થાય, બીજી રીતે શરૂઆત થાય નહીં. કઠણ કોને પડે છે ? કે જેના પરિણામ સંયોગોની પાછળ તીવ્ર રસથી દોડે છે એને થોડું કઠણ પડે છે. એક પરમાણુમાત્રની આસક્તિ છોડવાની વાત કરે છે. એક પરમાણુની આસક્તિ નહીં ? વાત તો અહીંથી શરૂ થાય છે. પછી જેટલી કાંઈ આસક્તિ રહે એનો નિષેધ પછી આવે છે, નહીંતર એનો નિષેધ આવતો નથી. જ્યાં સુધી એનો નિષેધ ન આવે ત્યાં સુધી એ દિશામાંથી પાછા વળવાનો કોઈ પ્રકાર યથાર્થ રીતે તો ઉત્પન્ન થતો નથી.

પ્રશ્ન :– એક પરમાણુને છોડી દે ત્યાંથી શરૂઆત થાય ?

સમાધાન :– એવા ધ્યેયથી. એક પરમાણુની પણ આસક્તિ મારે રાખવી ન જોઈએ એવા ધ્યેયથી શરૂઆત થાય છે. જૈનશાસનમાં એનું એક સૂત્ર છે કે 'પૂર્ણતાને લક્ષે શરૂઆત તે જ વાસ્તવિક શરૂઆત છે.' એમાં શું મર્મ છે એ વિષયનો ? કે શરૂઆતના બહાને ઘણાં ભૂલા પડે છે કે અમારે આ રીતે શરૂઆત કરવી છે, કોઈ કહે કે અમે આ રીતે શરૂઆત કરીએ, કોઈ કહે અમે આ રીતે શરૂઆત કરીએ. ત્યારે વીતરાગદેવે આ એક સિદ્ધાંત આપ્યો કે વાસ્તવિક શરૂઆત, યથાર્થ શરૂઆત કઈ રીતે થાય ? કે જેને પરિપૂર્ણ શુદ્ધિનું લક્ષ હોય, પરિપૂર્ણ નિષ્કલંક દશાનું લક્ષ હોય. ધ્યેય હોય, લક્ષ હોય એટલે ધ્યેય હોય કે જેનો આદર્શ પૂર્ણ શુદ્ધિનો હોય, પૂર્ણ પવિત્રતાનો હોય એને જ પ્રારંભ થાય. પવિત્ર થવાનો, આંશિક શુદ્ધ થવાની શરૂઆત થવાનો પ્રારંભ કોને થાય ? શરૂઆત કોને થાય ? કે આવો ધ્યેય બાંધે તેને. એમાં શું વાત છે ?

પ્રશ્ન :- પહેલાં શુદ્ધ થવાનો ધ્યેય રાખવો પડે ?

સમાધાન :- પૂર્ણ શુદ્ધ થવાનો, શુદ્ધ થવાનો નહીં પણ પૂરેપૂરા શુદ્ધ થવાનો. મારે તો કષાયનો કલંકનો એક કણ મારા માથે ન જોઈએ. આવું મારે થાવું છે. આ વાત એની પહેલી (હોવી જોઈએ). એને પાયો નાખતી વખતે સાતે માળનું Planning એની પાસે હોવું જોઈએ.

મુમુક્ષુ :- કેટલું આકરું...

પૂજ્ય ભાઈશ્રી :- ઇ વગર કેવી રીતે પાયો નાખે ? અને ક્યા મકાનનો પાયો નાખે ? એક માળના મકાનનો ? બે માળના મકાનનો ? પાંચ માળના મકાનનો ? જેને પાયો નાખવો છે એને આખું મકાન વિચારી લેવું જ પડે. બીજો એમાં પાયો નાખવાનો ક્યાંય ઉપાય જ નથી. બીજી રીતે નાખે તો ઇ મકાન ટકવાનું નથી, પડી જવાનું છે. એમ ને એમ ઉભાંગડે પાયો નાખ્યો હશે તો પડી જવાનું છે. એટલે એમાં જેને શરૂઆત કરવી છે, પાયો નાખવો છે એને પૂર્ણતાના લક્ષે વાસ્તવિક શરૂઆત થશે, બાકી બીજી કોઈ રીતે જેણે શરૂઆત કરી હશે તે જીવો શરૂઆત માટે શરૂઆતમાં જ ભૂલ્યા છે. શરૂઆતના વિષયમાં શરૂઆતમાં જ ભૂલ્યા છે. પછી બીજા વિષયમાં એને કાંઈ સફળતા મળવાનો આગળ કોઈ પ્રકાર ઊભો થાય એ તો આશા રાખવી તદ્દન વ્યર્થ છે. એને સાચી શરૂઆત જ નથી થતી. માને ભલે કે શરૂઆત છે, માને કે અમે આગળ વધી ગયા છીએ પણ એને શરૂઆત થઈ નથી. શરૂઆત થઈ જ નથી એને તો એમ કહે છે. એવી વાત છે. આ સિદ્ધાંત છે.

આ માર્ગનો જે આ સિદ્ધાંત છે, આ ઉપાયનો જે આ સિદ્ધાંત છે એમાં જરાય બાંધછોડ ચાલે એવું નથી. આ બાંધછોડનો વિષય નથી. આ વાત પહેલી પાકી અંદરમાંથી જેને આ લાઇન હાથમાં આવે છે એને ઊગે છે. આ બહુ કુદરતી વિષય છે. જેને યથાર્થ સિદ્ધિ, યથાર્થ મોક્ષમાર્ગ, વીતરાગ માર્ગ જેને પ્રગટ થવાનો છે એને પહેલું આ ઊગે છે, આ અંદરથી ઊગે છે. શિખડાવવું પડતું નથી, એને (અંદરથી ઊગે છે). કેમકે એનો આત્મા પૂર્ણ શુદ્ધ છે ને ? મૂળ ધાતુ તો પૂર્ણ શુદ્ધ છે. તત્ત્વ તો, મૂળ તત્ત્વ તો પૂર્ણ-પરિપૂર્ણ છે. એટલે એમાંથી એને આ ઊગે છે. આ એકદમ કુદરતી વિષય છે. એટલે એને શરૂઆત બરાબર થાય છે અને પછી યથાર્થ રીતે,

યથાર્થ માર્ગમાં, પદાર્થનો યથાર્થ ગુણ પામીને સિદ્ધિને વરે છે. એમાં કાંઈ એને વાંધો આવતો નથી. બાકી એમાં જરાય ફેરફાર કરવા જાય એ માર્ગને સેવવાને બદલે ઉન્માર્ગને સેવી જાય છે, બીજે રવાડે ચડી જાય છે. એટલે બહુ જોર દીધું છે કે, જગતમાં મોક્ષના માર્ગ બે નથી. 'એક હોય ત્રણ કાળમાં પરમાર્થનો પંથ.' મોક્ષના માર્ગ ક્યાંય જગતમાં બે નથી. બહુ અનુભવસિદ્ધ વચનો છે.

એટલે તો એ આખો બોલ વાંચી જવા પાછળ એ કારણ છે કે જે છેલ્લે એક વાત લીધી કે, **'એક પરમાણુમાત્રની પણ આસક્તિ છોડી દે.'** આ ભાવના ને આ અભિપ્રાયથી તારે આ વાતનું મંડાણ કરવું પડે છે. આ વાતનું મંડાણ ક્યાંથી થશે ? શરૂઆત ક્યાંથી થશે ? કે તારે ભાવનામાં ને અભિપ્રાયમાં આ વિષય હશે તો. નહીંતર ક્યાંય ચૈતન્ય ગ્રહણ કરવાની વાત તો ઘણા કહે છે. એક શુદ્ધાત્મા ચૈતન્ય આત્મા, જ્ઞાનાત્મા ગ્રહણ કરવા યોગ્ય છે પણ આ શરત છે એની સાથે. એક મ્યાનમાં બે તલવાર સમાતી નથી. નીચે જ એ વાત પોતે લીધી છે. **'એક મ્યાનમાં બે તલવાર સમાઈ શકતી નથી.'**

સંસારનો કોઈપણ પદાર્થ અલ્પ પણ સુખેચ્છાને કારણે જોઈએ અને આત્માનું સુખ પણ જોઈએ (એમ) બે તલવાર સાથે રહેવાની નથી. કેમકે મ્યાનમાં બીજી તલવારની જગ્યા જ નથી, એમ છે ખરેખર.

એ ૨૫૪ નંબરનો 'શ્રીમદ્જી'નો જે પત્ર છે એમાં મુમુક્ષુને માટે એ વાત લીધી છે કે, જે કોઈ મુમુક્ષુ છે – મુમુક્ષુ છે એટલે સ્વચ્છંદી નથી એવો મુમુક્ષુ છે એને આ લોકની અલ્પ પણ સુખેચ્છા – એ પ્રકારના પરિણામ એની યોગ્યતાને રોકનારા છે. યોગ્યતા વિના ક્યાંય જ્ઞાન પ્રાપ્તિ નથી. આ સૈદ્ધાંતિક વાત છે. તો પહેલા એને અંતર્શોધમાં જનારને પોતાના આત્માને પૂછવું પડે છે કે, તારે બહારમાંથી પરમાણુની કોઈપણ પ્રકારની પર્યાયમાંથી તારે સુખાભાસમાં આવીને રહેવું છે ? સુખાભાસ તો જ્ઞાની કહે છે પણ એને તો સાચું જ સુખ લાગે છે, પણ વાસ્તવિકપણે એ સુખાભાસ છે. એની કોઈ સુખાભાસ હોવા પ્રકારની તને અલ્પ પણ ઇચ્છા છે ? (જો છે તો) તારી યોગ્યતા, આ યથાર્થ પદાર્થનો યથાર્થ બોધ પામવો એ યોગ્યતા નહીં આવે. પદાર્થનો નિર્ણય નહીં થાય. પદાર્થનો નિર્ણય નહીં થાય તો કોઈ રીતે એને સમ્યગ્દર્શન

કે સ્વાનુભવની ભૂમિકા આવવાનો પ્રશ્ન જ રહેતો નથી. સન્મુખ થયા વિના અંદર ક્યાંથી આવે ?

એ વાત એમણે ૨૫૪ નંબરના પત્રમાં બધા મુમુક્ષુઓને ઉદ્દેશીને, 'ખંભાત'ના મુમુક્ષુઓને ઉદ્દેશીને એ પત્ર છે. એ અરસામાં 'ખંભાત'ના ઘણાં ભાઈઓ પરિચયમાં આવી ગયા છે. અને એ પત્રમાં છેલ્લે લખે છે કે, આ પત્રમાં અમે ઘણો ગૂઢ શાસ્ત્રાર્થ પ્રતિપાદન કરેલો છે. ઘણો ગૂઢ શાસ્ત્રાર્થ પ્રતિપાદન કર્યો છે એટલે શાસ્ત્રના મર્મનો વિષય અમે આ પત્રમાં મૂકી દીધો છે. તમે ફરી ફરીને વાંચજો અને આપસમાં એ સંબંધમાં, આ વિષયમાં વિચારોની આપલે કરજો. એવી ભલામણ કરી છે.

અંદરોઅંદર તત્ત્વજ્ઞાનના પત્રના વિષયમાં ચર્ચા, વિચારોની આપ-લે એ એમની પહેલેથી જ ભલામણ હતી. એટલે જે અંદરોઅંદર આપ-લે થતી હતી એ કોઈ એમની આજ્ઞા બહારનો વિષય નહોતો. બહુ શરૂઆતમાં એ વાત આપોઆપ નીકળે છે. કહેવાનો મતલબ એ છે કે એમના પરિચયમાં જે મુમુક્ષુ આવ્યા એ એટલા બધા સ્વચ્છંદથી દૂર રહેનારા હતા કે ધાર્મિક પ્રવૃત્તિ કરવામાં એ એમની આજ્ઞા લેતા હતા, એમને જાણ કરતા હતા. અમારે આમ કરવું કે ન કરવું ? એટલી બધી તૈયારીવાળા હતા. એ બહુ યોગ્યતાને સૂચવે છે. એમનો પ્રકાર બહુ સારો છે.

શું કહે છે ? ૧૭૦ મો બોલ ચાલે છે. **'એક ચૈતન્યને જ ગ્રહણ કર.'** એક શુદ્ધ ચૈતન્યતત્ત્વ, પોતાનું પરમ તત્ત્વ, મૂળ સ્વરૂપ, મૂળ તત્ત્વ – એને હુંપણે અનુભવ કરવો, સ્વનો સ્વપણે અનુભવ કરવો – એ એનું ગ્રહણપણું છે. અનાદિથી પરનો સ્વપણે અનુભવ કરે છે એટલે આમ કહેવાનો પ્રસંગ ઉપસ્થિત થયો છે કે તું સ્વને સ્વપણે ગ્રહણ કર. નહિ તો સ્વ તો સ્વ જ છે, સ્વ ક્યાં પર છે ? પણ પોતે પોતાને અનાદિથી ભૂલ્યો છે અને પરને સ્વપણે ગ્રહણ કરી રહ્યો છે. એને કહે છે કે બધાને છોડીને. એક પરમાણુ, કોઈ પરમાણુમાં પણ સુખની તો ગંધ નથી. સુખ, આનંદ, શાંતિ વિનાનો એક જડ રજકણ છે. વ્યામોહને લઈને તને એમાં સુખ ભાસે છે પણ એ તો સુખથી રહિત છે. એ તો સ્વભાવથી જ સુખથી રહિત છે. તને ક્યાંય આશ્રય આપી શકે, શાંતિ આપી શકે, ક્યાંય તને અનુકૂળ થઈ પડે એ વસ્તુસ્થિતિ પરમાણુમાં તો છે નહીં. તારી કલ્પના ગમે તે હોય બીજી વાત છે, પણ પરમાણુમાં તો એ

પરિસ્થિતિ છે જ નહીં.

મુમુક્ષુ :– પતંગિયા જેવી હાલત છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, (એવી હાલત છે.) એવું છે પણ હવે બહુ શાંત ચિત્તે, વિવેક કરીને રસ્તો એને બદલવાની જરૂર છે. એક વખત દિશા બરાબર મળી ગઈ તો પછીની બધી દશાઓ આપોઆપ ઉત્પન્ન થાય છે. દિશા બદલાયા વિના દશા બદલાતી નથી. એક વખત સાચી દિશા પકડાઈ જાય (તે માટે) આ વસ્તુ થોડો પરિશ્રમ માગે છે, પુરુષાર્થ માગે છે. જ્યાં સુધી સાચી દિશા ન મળે ત્યાં સુધી અવશ્ય અવશ્ય એણે એના માટે તો પ્રયત્ન કરવો જ રહ્યો, બીજો એમાં કોઈ ઉપાય નથી.

(સમય થયો છે...)

## તા. ૨૨-૦૭-૧૯૮૭, વચનામૃત–૧૭૦,૧૭૧
## પ્રવચન નં. ૧૨૬

('બહેનશ્રીનાં વચનામૃત', પાનું ૫૨), ૧૭૦ બોલ. **'એક ચૈતન્યને જ ગ્રહણ કર.'** પોતે ચૈતન્યસ્વરૂપ છે, માત્ર ચૈતન્ય પદાર્થ છે. એ જ સ્વરૂપે – જે સ્વરૂપે છે એ જ સ્વરૂપે અનુભવ કરવાની અંદર પ્રેરણા છે. અન્યથા પ્રકારે અધ્યાસિત થઈને જે અનુભવ થાય છે, એમાં ચૈતન્ય સિવાય પોતે કાંઈને કાંઈ વર્તમાન કર્મજનિત અવસ્થા સ્વરૂપે છે એવો જીવ અનુભવ કરે છે. અથવા પોતાનું શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ સદાય છે, ત્રિકાળ છે અને અત્યારે વર્તમાનમાં પણ મોજૂદ છે. પોતે શુદ્ધ ચૈતન્યસ્વરૂપે હોવા છતાં, મોજૂદ–હયાત હોવા છતાં એને અવગણીને અથવા એને નહીં સ્વીકારીને અન્ય સ્વરૂપે પોતાનો સ્વીકાર કરીને, 'એવો છું' એમ મિથ્યાભાવે, અધ્યાસિત થઈને અનુભવ કરે છે.

એને અહીંયાં કહેવાય છે કે 'એક ચૈતન્ય સ્વરૂપે જ તું તને અનુભવ કર.' ગ્રહણ કર એટલે (તું) તારો એ જ ચૈતન્ય સ્વરૂપે જ અનુભવ કર. માણસ સ્વરૂપે તને અનુભવ ન કર, એમ કહેવું છે. ફલાણા કુળમાં જન્મેલો હું વણિક છું એમ અનુભવ ન કર. અથવા અનેક પ્રકારના વર્તમાનમાં સંબંધ ધરાવનારો છું અને આ મારું જગત છે એમાં આ મારું સ્થાન છે, મારા જગતમાં આ મારું સ્થાન છે એવો અનુભવ તું ન કર, એમ કહેવું છે. એમાં એની નાસ્તિ છે. એવો અનુભવ કરે છે એ છોડી દે, એ તને અનંત દુઃખનું કારણ છે, અનંત દુઃખની પરંપરા એમાંથી સર્જાશે. ફક્ત તારા હિતને માટે તું તારા સ્વરૂપનો અનુભવ કર. કાંઈ અમને સમર્પણ કર એમ કહેતા

નથી. તું જે છો એનો જ અનુભવ કરાવવાની સીધી વાત છે, કોઈ આડીઅવળી પણ એમાં વાત નથી.

પરમદિવસે પ્રશ્ન ચાલ્યો હતો ને ? સીધીસાદી ટૂંકી વાત શું છે ? કે તું ચૈતન્ય સ્વરૂપ છો અને ચૈતન્ય સ્વરૂપ છો એવો જ તું તારો અનુભવ કર. તું ચૈતન્ય સ્વરૂપે હોવા છતાં શા માટે બીજા પ્રકારે તું તને તારો અનુભવ કરે છો ? આ એક જગ્યાએ, આ એક સ્થાનમાં તું પ્રયત્ન કર. કોઈ વિશેષ વાત નથી (પરંતુ) મિથ્યાઅનુભવને છોડાવવો છે. વાસ્તવિક જે સ્વરૂપ છે, જે સ્વરૂપે આત્મા પોતે છે એ સ્વરૂપે એનો અનુભવ કરાવવો છે. એટલી સીધીસાદી વાત છે, સરળ વાત છે.

એટલા માટે 'શ્રીમદ્જી' કહે છે, સત્ સરળ છે, સુગમ છે અને સર્વત્ર તેની પ્રાપ્તિ થઈ શકવા યોગ્ય છે, થઈ શકે છે. સરળ છે એટલા માટે કે પોતે જ જે સ્વરૂપે છે એ સ્વરૂપે અનુભવ કરવામાં અસરળપણું શું છે ? મુશ્કેલપણું શું છે ? એને–જીવને મુશ્કેલપણું તો પોતાને એટલા માટે લાગે છે કે, બીજા સ્વરૂપે પોતાનો અનુભવ એટલી પક્કડથી કરે છે. અનુભવ કરે છે – એટલી સજ્જડ એની પક્કડ છે કે એ છોડતા એને કઠણ લાગે છે. બાકી તો એકદમ સરળ વાત છે કે, પોતે ચૈતન્યસ્વરૂપી આત્મા છે અને જે સ્વરૂપે છે એ સ્વરૂપે એનો અનુભવ હોવો યોગ્ય છે. જે સ્વરૂપે છે એમ અનુભવ હોવાને બદલે અન્યથા અનુભવ હોવો તે એના માટે યોગ્ય નથી.

રાજાનો કુંવર થઈને બજારમાં ભીખ માગવા નીકળે, ઊભી બજારે ભીખ માગે તો એને માટે કાંઈ યોગ્ય છે ? કે આ રાજનો જે રાજા છે, એનો તું કુંવર છો. એક ન્યાયે તો તું ભાવિ રાજા છો અને તું જ બજારમાં ભીખ માગે છો ! એમ તું ચૈતન્ય સ્વરૂપે છો, કોઈની અપેક્ષા નથી, નિરાલંબ નિરપેક્ષ તત્ત્વ છો, તારા અનંત ગુણ સ્વભાવોથી અને શક્તિઓથી – દૈવી શક્તિઓથી અને એ શક્તિઓરૂપ વિભૂતિઓથી તું વિભૂષિત છો !! તારી સ્વતંત્ર શોભાથી તું શોભાયમાન છો અને તું પરમાણુ.. પરમાણુ.. પાસે ભીખ માગે કે, હે પરમાણુના જથ્થાઓ !! મને અનુકૂળતાઓ કરી આપો. મારી અનુકૂળતાઓ તમારી પાસે છે એ અનુકૂળતાઓનું મને દાન દ્યો, એમ ભીખ માગતો ફરે છે.

મુમુક્ષુ :- રાજાના કુંવરની જેવું ને ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ દૃષ્ટાંત પણ ટૂંકું પડે એવું છે. કેમકે રાજાને તો મર્યાદિત રાજ છે, મર્યાદિત સમય માટે મર્યાદિત સંપત્તિનું રાજ રાજે છે. આ અમર્યાદિત સંપત્તિનો ધણી, અમર્યાદિત કાળ પર્યંત રાજ કરે એવો રાજા છે. એ તો દૃષ્ટાંત તો એને ક્યાં પૂરું પડે એવું છે. અનુપમ પદાર્થને કોઈની ઉપમા લાગુ પડે એવું નથી, એટલો મહાન પદાર્થ છે. પોતે એટલો મહાન પદાર્થ છે. બસ ! એકવાર એના ભાનમાં આવે તો બધી દીનતા છોડે. તમામ દીનતા છોડી દ્યે. ગુણવૈભવથી પૂરો, પવિત્રતાથી પણ પૂરો, નિરપેક્ષતાથી પણ પૂરો. કોઈની અપેક્ષા પણ એને થાય કે કરવી પડે એ એના સ્વરૂપમાં નથી. એવા એક ચૈતન્યને જ ગ્રહણ કર. એવા ચૈતન્યને, એવા સ્વરૂપને, નિજ ચૈતન્યને ગ્રહણ કર. ગ્રહણ કર એટલે એનું અવલંબન કર, એનો અનુભવ કર, એને પકડ, એ તો બધું એકાર્થમાં છે.

કેવું છે શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ ? કે **'બધાય વિભાવોથી પરિમુક્ત,...'** છે. પરિમુક્ત છે એટલે ચારે તરફથી મુક્ત છે. આ અવસ્થામાં અનાદિનો સંસાર છે ને ? કે અનાદિનો સંસાર જે અવસ્થામાં છે એ અવસ્થાથી તારું મૂળ સ્વરૂપ, મૂળ ચૈતન્ય સ્વરૂપ અત્યંત.. અત્યંત.. દૂર છે. એટલે એનાથી સર્વથા મુક્ત છે. પરિમુક્ત કહો કે સર્વથા મુક્ત કહો. કોઈ અપેક્ષા (છે ?) કે એમાં અપેક્ષા લાગુ પડતી નથી. અવસ્થાને અપેક્ષા લાગુ પડે છે. અવસ્થા રહિત પરમ તત્ત્વને એ કોઈ અપેક્ષાઓ લાગુ પડતી નથી.

'પરમાત્મપ્રકાશ'માં એ કહ્યું 'યોગીન્દ્રાચાર્ય', 'યોગીન્દ્રદેવ'. જે બંધાણો નથી એને મુક્ત શું કહેવો ? એ ન્યાયે 'સોગાનીજી'એ કહ્યું કે, મુઝે મુક્ત કહના વહ ભી ગાલી દેના બરાબર હૈ. સંસારી કહેવો એ તો ગાળ દેવાની વાત જ છે ચોખ્ખેચોખ્ખી, પણ તું મુક્ત સ્વરૂપે છો એમ કહેવું એ પણ એને લાંછન જેવી વાત છે. કેમકે બંધાયો હોય એને મુક્ત કહીએ. જેલમાં ગયો હોય એને છૂટવાના અભિનંદન દેવાય, પણ જેલમાં ગયો નથી એનો અર્થ કે જેણે ગુનો કર્યો જ નથી, એને સજામાંથી મુક્તિ થયાના અભિનંદન ક્યાં દેવાનો પ્રશ્ન ઊભો થાય છે ? એટલે એમણે એ લીધું કે મુઝે મુક્ત કહના વહ મુઝે ગાલી દેના બરાબર હૈ ઔર સમ્યક્ત્વ, મુક્તિ આદિ પર્યાયોં સે મેરી પહચાન કરાના વહ ભી મેરે લિયે એક લાંછન હૈ, કલંક હૈ. જૈસે કોઈ સ્ત્રી

સે ઉસકે પતિ કી પહચાન કરને મેં આવે, એમ કરીને વાત લીધી છે.

કોઈની પત્નીથી કોઈના પુરુષને ઓળખાવવો હોય તો એ પુરુષની એટલી પ્રસિદ્ધિ નથી, એમ થયું ને ? એમ એક પર્યાયથી, સમ્યગ્દર્શનની પર્યાયથી, મુક્તિની પર્યાયથી, કેવળજ્ઞાનની પર્યાયથી અંદરના પરમાત્માને ઓળખાવવો એ તો એના માટે અનુકૂળ નથી. એ એવો નથી કે એ પર્યાય મહાન છે કે જેનાથી આ ઓછો મહાન છે એની ઓળખાણ આપીએ. આ તો કેવળજ્ઞાનની પર્યાયથી અનંતગુણ વિશિષ્ટ મહાન છે. એનાથી એની ઓળખાણ આપવી પડે એ વાત પણ સમ્યક્દૃષ્ટિને અથવા આત્મજ્ઞાનીને પોસાતી નથી. જેને પોતાનું જ્ઞાન છે, એને પોતાના સ્વરૂપનું એવું જ્ઞાન છે કે, કોઈ પર્યાયથી મારી ઓળખાણ થાય એ વાત મને મંજૂર નથી. એ રીતે મારી ઓળખાણ આપવામાં આવે એ મને યોગ્ય નથી.

પ્રશ્ન :– અહીંયાં પ્રશ્ન થાય છે કે પર્યાય મહાન નથી, દ્રવ્ય મહાન છે. પણ એ આખા મહાન દ્રવ્યની વ્યક્તિ તો પર્યાયમાં થાય છે. તો વારે ઘડીએ પર્યાયને ગૌણ કરો છો.

સમાધાન :– ભલે વ્યક્તિ પર્યાયથી થાય છે તોપણ એનું સ્થાન એની પાસે નીચું છે. કેમકે પર્યાય એક સમયની છે. પૂર્ણ પર્યાય હોય તો; અલ્પ પર્યાયનો તો પ્રશ્ન જ નથી, કેમકે એમાં તો બાકીના ભાગમાં વિકારાંશ છે, વિભાવ અંશ છે, પણ જે પૂર્ણ શુદ્ધ પર્યાય છે એ પણ એક સમયની છે. એક સમયમાં તો એનો નાશ થાય છે. જ્યારે વસ્તુ છે એનો ઉત્પાદ પણ નહીં, એનો નાશ પણ નહીં, એનો ઘસારો નહીં. અને એ પર્યાયનો દાતાર દ્રવ્ય છે. પર્યાય કાંઈ દ્રવ્યની દાતાર નથી. તો દેનારનો હાથ ઉપર કે લેનારનો હાથ ઉપર કહો જોઈએ ? દેનારનો હાથ ઉપર ને ? લેનારનો હાથ તો નીચે જાય છે.

પ્રશ્ન :– પર્યાય ક્ષણિક હોય પણ એવી ને એવી ઉત્પન્ન થવાની શક્તિ છે ને ?

સમાધાન :– એમાં ક્યાં ના છે. એના સ્થાનમાં જેટલી કિંમત છે એની ના નથી. પણ દ્રવ્ય સ્વભાવની સરખામણીમાં તો દૃષ્ટિ એમ કહે છે કે, હું તો એની સામું જોવા પણ તૈયાર નથી. જે ધ્રુવધામ પરમાત્માની સાથે મારે સંબંધ થયો, હવે એ સંબંધમાં કોઈ ફેરફાર કરીને હું કોઈની સામે જોઉં એ પ્રશ્ન સમ્યક્દૃષ્ટિની દૃષ્ટિને નથી.

એ સમ્યક્દષ્ટિ છે. એવી દૃષ્ટિ તે સમ્યક્દષ્ટિ છે કે, જે સર્વોત્કૃષ્ટ મહાન પરમાત્માને છોડીને કોઈ અન્ય દ્રવ્યને, અન્ય ભાવને વિષય કરવા માટે દૃષ્ટિ પોતાનું સ્થાન છોડતી નથી, સ્વસ્થાનને છોડતી નથી. એ દૃષ્ટિ તે સમ્યક્દષ્ટિ છે. એ દૃષ્ટિના અભાવમાં જે કાંઈ દૃષ્ટિ છે તે બધી વિપરીત દૃષ્ટિ અને મિથ્યાદૃષ્ટિ છે.

મુમુક્ષુ :- ખરેખર જે વસ્તુ માનીએ છીએ એ તો ઘણી મહાન છે પણ પર્યાયને કાંઈ સાવ નકામી ચીજ હોય એ રીતે...

પૂજ્ય ભાઈશ્રી :- (એ તો) જે અપેક્ષાથી જે વાત ચાલે છે એમાં તો એમ જ છે ને ! જે દ્રવ્યની અપેક્ષા લઈને, દ્રવ્યના આલંબનનું રક્ષણ કરવાના હેતુથી અને પર્યાયનું આલંબન નહીં લેવાના હેતુથી તો એમ જ કહેવું યોગ્ય છે, એમ જ વિચારવું યોગ્ય છે, એમ જ પરિણમવું યોગ્ય છે. નહીંતર વિપર્યાસ ઊભો થાય. બીજું, કે ચતુર્થ ગુણસ્થાનના સાધકથી માંડીને કોઈપણ શ્રેણીના, કોઈપણ વર્ગના સાધકને જે શુદ્ધ પર્યાય છે, એ શુદ્ધ પર્યાયનું આલંબન કદી કોઈ સાધકને હોતું નથી.

પ્રશ્ન :- છતાં એમ કહે કે શુદ્ધ પર્યાય તે આત્મા.

સમાધાન :- હા, શુદ્ધ પર્યાય તે આત્મા છે, આત્મભાવે છે માટે. તે શુદ્ધ પર્યાય આત્મભાવે હોવાથી એને આત્મા કહેવામાં આવે છે અને એનો અનુભવ હોવાથી એને આત્મા કહેવામાં આવે છે. દ્રવ્યનો અનુભવ કોઈને હોતો નથી, દ્રવ્યમાં અનુભવ થતો નથી. એ ન્યાયે એમ કહેવામાં આવે છે.

પ્રશ્ન :- પોતે પોતાની જાતને જ વિષય કરે છે પર્યાય ?

સમાધાન :- પર્યાય, પોતાની શુદ્ધ પર્યાય પોતાનું અવલંબન લેવા તૈયાર નથી. પર્યાય શુદ્ધ ત્યારે છે કે, શુદ્ધ દ્રવ્યનું અવલંબન લેતા પર્યાય શુદ્ધ છે. એ સિવાય પર્યાયને શુદ્ધતા આવતી નથી અને મલિનતા એમાંથી નાશ પામતી નથી. મલિન પર્યાય પોતે પોતાનું અવલંબન લે છે અને મલિનતાને પ્રાપ્ત કરે છે તો એમાં એ શું લાભ લે છે ? દુઃખને પ્રાપ્ત કરે છે, દુઃખનો લાભ લે છે એ સિવાય તો બીજું કાંઈ એમાં નથી.

કહે છે કે, **'બધાય વિભાવોથી પરિમુક્ત,...'** છે. કોઈપણ વિભાવનો સંબંધ, કોઈપણ અપેક્ષાએ જેને નથી તેને પરિમુક્ત કહેવામાં આવે છે. પરિમુક્ત એટલે સંબંધ

જ નથી. બંધ પછી મોક્ષ, બંધની અપેક્ષાએ મુક્ત એમ નહીં. પહેલા સંબંધ હતો અને મુક્ત થયો એમ પણ નહીં. પરિમુક્તનો અર્થ અહીંયાં એવો છે કે, કોઈપણ પ્રકારનો, કોઈપણ કાળમાં, કોઈપણ ક્ષેત્રમાં જેને કાંઈ સંબંધ નથી, સ્પર્શના નથી, અબદ્ધસ્પૃષ્ટ છે એવા ચૈતન્યને તું ગ્રહણ કર. એવા ચૈતન્ય સ્વરૂપે તું છો, અત્યારે તું છો, અત્યારે તું છો, એવો જ અત્યારે તું એનો અનુભવ (કર), એવો જ અનુભવ કર, અન્યથા અનુભવ ન કર, એમ લેવું છે.

**'બધાય વિભાવોથી પરિમુક્ત,..'** એ નાસ્તિથી લીધું, હવે અસ્તિથી (કહે છે), **'અત્યંત નિર્મળ...'** પરિપૂર્ણ નિર્મળ, પરિપૂર્ણ શુદ્ધ, પરિપૂર્ણ પવિત્ર, સર્વથા પવિત્ર. **'નિજ પરમાત્મતત્ત્વને જ ગ્રહણ કર,...'** નિજ પરમાત્મતત્ત્વ તે હું એમ અવલંબન કર. આ વિષયમાં 'સોગાનીજી'એ વિષયને સ્પષ્ટ કરવા જતા એટલી બધી સ્પષ્ટતા લીધી છે કે, તું પર્યાયમાં હુંપણું રાખીને પણ આ મારું પરમાત્મતત્ત્વ, આનું મારે અવલંબન લેવું છે, ને આ હું અવલંબન લેનારો, એનું હું અવલંબન લઉં – એમ તું પર્યાયમાં અહંપણું રાખીને, એમની ભાષામાં કહીએ તો પર્યાયમાં બેસીને દ્રવ્યની સામે ન જો. અથવા પર્યાયમાં બેસીને તું દ્રવ્યની સામે જુએ છો એ ખરેખર તું દ્રવ્યની સામે જોતો જ નથી, એમ છે ખરેખર તો. એટલે પર્યાય ઉપરની તારી દૃષ્ટિ જ બદલાતી નથી. એ તો એક તને દ્રવ્યનો વિકલ્પ થાય છે કે, હું પરમાત્મતત્ત્વ, હું પરમ સ્વરૂપે, હું શુદ્ધ છું, હું પૂર્ણ છું, એક છું. અને એ વિકલ્પ છે એ નિરર્થક છે. જ્યાં સુધી તારી બેઠક બદલાય નહીં ત્યાં સુધી. એ શૈલી એમની ભાષામાં બહુ સુંદર આવી છે. ઘણી વિશિષ્ટ શૈલીથી એ વાત આવે છે કે, પર્યાયમાં બેસીને પણ દ્રવ્યનું ભજન કર તો એ તારું ભજન સાચું નથી. બેઠક બદલી નાખ. તારી સ્થાપના અનાદિથી પર્યાયમાં સ્થાપી છે, એ ઉથાપીને દ્રવ્યમાં તારી સ્થાપના કર. એને ગ્રહણ કર્યું એમ કહેવામાં આવે છે.

પ્રશ્ન :– સ્થાપના બદલવી એટલે શું ? દ્રવ્યમાં સ્થાપના કરવી ?

સમાધાન :– દ્રવ્યમાં પોતાની હયાતીનો અનુભવ કરવો, પોતાની હયાતીનો સ્વદ્રવ્યમાં અનુભવ કરવો. જ્યાં ત્રિકાળ અસ્તિત્વ સ્વભાવ છે ત્યાં જ એનો અનુભવ કરવો, કે જે અનુભવ કરતા ચાલતી પર્યાયમાં હુંપણાના અનુભવનો અભાવ થઈ

જાય છે. વિપરીત અનુભવ જે છે, એક સમયની પર્યાયમાં પોતારૂપપણાનો અનુભવ છે એ નાશ પામે છે. બે જગ્યાએ પોતાની હયાતીનો અનુભવ થતો નથી.

મુમુક્ષુ :- થાશે બધું પર્યાયમાં, આ બધી ગડમથલ પર્યાયમાં થશે.

પૂજ્ય ભાઈશ્રી :- ગડમથલ પર્યાયમાં છે, પણ આ પ્રકારે એ ગડમથલ મટે છે. એ ગડમથલથી બહાર નીકળવું હોય તો એની દૃષ્ટિ ને એનું લક્ષ છોડી દેવું જોઈએ, એમ કહે છે. એ ભૂતાવળ જેવું છે. પર્યાયમાં વિકલ્પની ભૂતાવળ છે. રાગ-દ્વેષ-મોહ આદિ વિભાવોની ભૂતાવળ છે.

જે કોઈ માણસ-મનુષ્ય ભૂતાવિષ્ટ થાય છે, એટલે એને ભૂત વળગ્યાનો આભાસ થાય છે, એને તો સાચું જ લાગે છે. આમ વાસ્તવિક રીતે આભાસ છે. એને તો એમ જ લાગે છે કે, ખરેખર મારામાં ગરી ગયું છે, ભૂત મારામાં પ્રવેશ કરી ગયો છે. કોઈ કોઈમાં પ્રવેશ કરે એ વસ્તુસ્થિતિ છે નહીં પણ એવી એક એને ભ્રાંતિ થઈ જાય છે. ત્યારે એ ભૂતાવિષ્ટ પુરુષને શું કહેવું પડે ? કે તું ભૂલી જા કે મને ભૂત વળગ્યું છે. બીજું શું કહેવાય એને ? તો એના માટે એને પ્રયોગ કરાય કે, જો આ એક એવા દેવ છે કે જેની પાસે ભૂત ઊભા નથી રહી શકતા. તને ત્યાં લઈ જઈએ એટલે તારું ભૂત ભાગી જશે. ખાલી એક ખોટો પ્રયોગ જ છે એ. 'બોટાદ' પાસે 'સાળંગપૂર'ના હનુમાન છે કે નહીં ? આ 'હનુમાન' એવા છે. 'હનુમાન' તો બધા 'હનુમાન' જ છે, પણ આ 'હનુમાન' એવા છે, પેલાને પહેલેથી સાઇકોલોજીમાં મૂકી દે કે, તને ત્યાં લઈ જઈએ એટલે તારું ભૂત ભાગી જ જાય, રહે જ નહીં. કેમકે 'હનુમાન'નો એને ડર લાગે, ઠીક !

મુમુક્ષુ :- 'સાળંગપુર'ની ધોળી ધજા હજી દેખાય ત્યાંથી ...

પૂજ્ય ભાઈશ્રી :- અહીં આત્માની ધોળી ધજા દેખાડવી છે, એવું છે. એ બધી કલ્પના છે, ભ્રમણા છે, એક માત્ર ઠસાવેલી વાતો છે એ બધી.

મુમુક્ષુ :- પાછળથી મારે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ બધા પ્રયોગ કરે પછી. પછી બધા પ્રયોગ કરે. મરચાનો ધુમાડો આપે, મારે, અનેક પ્રકારના પ્રયોગ કરે એના ઉપર. પણ ઇ તો કો'ક ને એમ ને એમ ચાલ્યું જાય. ઓછી અસર હોય ને. તો એમ કહે કે, બરાબર 'હનુમાનદાદા'

પાસે ગયો હતો ને ભાગી ગયું. હવે કાંઈ વાંધો નથી, હવે મને કાંઈ નથી, એને એમ કહે. કોઈને બહુ તીવ્ર રસે કરીને એ જાતનો ભયનો રસ પડી ગયો હોય; ભય પ્રકૃતિનું પરિણામ છે, ફળ છે, તો એને એ રસ ઉડતા વાર લાગે તો બીજા પણ એથી વધારે પ્રયોગો કરવા પડે. જો ત્યાં જતાંવેત ભાગી જતું હોય તો બધાને જતા વેત (ભાગી જાય), બીજા પ્રયોગ જ ન કરવા પડે. પણ એ બધા માનસિક Treatment ના પ્રયોગ છે, બીજું કાંઈ નથી. માનસિક રોગને માનસિક Treatment આપે છે. છતાં પણ તે રોગ કેટલો તીવ્ર છે, જલદ છે એના ઉપર એને જવા-નહીં જવાનો આધાર છે.

મુમુક્ષુ :- Electric shock આપે છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા આપે જ છે ને. આપણે તો દૃષ્ટાંત એ લેવું છે કે, એને એ જાતનું લક્ષ મટાડવું પડે છે કે મને ભૂત વળગ્યું છે. એ લક્ષ મટાડ્યા સિવાય બીજો કોઈ (ઉપાય નથી.) કોઈપણ પ્રયોગે, કોઈપણ બહાને એ લક્ષ મટાડવાની વાત છે. એમ અહીંયાં પણ એને લક્ષ મટાડવાની વાત છે.

હું વિભાવવાળો છું, આટલો વિભાવ મને - મારામાં થઈ રહ્યો છે, ને થઈ ગયો છે, ને ચોંટી ગયો છે, ને નીકળતો નથી – એ બધી ભૂતાવળનું એને લક્ષ છોડાવવાની વાત છે. અને એ ભૂતાવળ પર્યાયમાં છે. મૂળ વસ્તુ એનાથી દૂર છે. પર્યાય રહિત તત્ત્વ છે એમાં તો કાંઈ સવાલ નથી. ક્ષણિક છે તે નિત્ય નથી અને નિત્ય છે તે અનિત્ય નથી. આ તો ચોખ્ખી વાત છે. તો પોતે નિત્ય છે એમાં એને લક્ષ છોડાવવાની વાત છે. કોઈપણ પ્રકારે, કોઈપણ ન્યાયથી જે એક વાત કહેવી છે એ એક જ કહેવી છે કે, તું એના વિનાનો છો. એનું લક્ષ કર, એનું અવલંબન કર, એનું ગ્રહણ કર અને એ સિવાય બીજો કોઈ આમાં ઉપાય નથી. ગમે એટલી વાત કરીને મૂળ તો વાત ત્યાં લાવીને રાખવી છે કે પરમાત્મપણે પરમાત્મ સ્વરૂપે તારી હયાતી અત્યારે છે.

પ્રત્યક્ષ સ્વરૂપે, સહજ પ્રત્યક્ષ સ્વરૂપે તું મોજૂદ છો, વિદ્યમાન છો એવી જો તારી - તને તારી સહજ પ્રત્યક્ષતા નજર ન આવે તો વસ્તુ એવી મહાન છે કે, તું બધું ભૂલી જઈશ એની પાસે. તને ભૂલવાડવું નહીં પડે પણ તું બધું ભૂલી જઈશ. જ્યાં સુધી તને તારી વસ્તુ નજરમાં નહીં આવે ત્યાં સુધી આ બધી ભૂતાવળમાંથી નીકળવું

પણ તને કઠણ પડે એ સમજી શકાય એવો વિષય છે કે તને કઠણ પડે છે. પણ કઠણ કહે, સહેલું કહે, જે કહે તે આ કર્યે છૂટકો છે, બીજો એમાં ઉપાય નથી કે બીજી કોઈ વાત એમાં થઈ શકે એવું નથી.

પ્રશ્ન :- પર્યાય પર્યાયનું આલંબન કે લક્ષ વાસ્તવમાં લઈ શકે છે ?

સમાધાન :- લે જ છે ને. લે જ છે ને. ત્યારે તો એને મિથ્યાદષ્ટિપણું છે.

મુમુક્ષુ :- વાસ્તવમાં લઈ શકે છે ?

પૂજ્ય ભાઈશ્રી :- હા, હા બરાબર લે જ છે વળી, હકીકતે લે છે, પછી ક્યાં પ્રશ્ન છે ? ત્યારે તો એની સંસારદશા છે. જો લઈ જ ન શકતો હોય, સ્વભાવે કરીને નથી લઈ શકતો, પણ અત્યારે તો અવસ્થામાં તો લે જ છે ને ? જો એના સ્વભાવને જોવે તો એનો સ્વભાવ પર્યાયને અવલંબન લેવાનો નથી અને એ સ્વભાવ વડે કરીને નથી લઈ શકતો. એટલે સ્વભાવ દૃષ્ટિએ જોતા પર્યાયનું અવલંબન સ્વભાવ પોતે લ્યે એ અશક્ય અને અસંભવિત છે. પણ જે પરિસ્થિતિ છે એમાં તો એ લે જ છે અને ત્યાંથી છોડાવવા માટે એને બતાવવું છે કે, તારા મૂળ સ્વરૂપને જો. અને તારા એવા મૂળ સ્વરૂપને તું જો કે, જે સ્વભાવ પર્યાયનું અવલંબન લેવા અસમર્થ છે. એવા તારા મૂળ સ્વરૂપને તું સ્વીકાર, એને જો, તો તારું સહજમાત્રમાં એ અવલંબન, વિપરીત અવલંબન છૂટી જાય. કેમકે અવલંબન લેવું એ કાર્ય પર્યાયનું છે. કાર્ય માત્ર અથવા સમસ્ત કાર્ય પર્યાયમાં થાય છે, દ્રવ્યમાં કોઈ (કાર્ય) થતું નથી. તેમ છતાં એ કાર્ય સ્વરૂપના અવલંબનમાં થયા કરે એ જ પોતાને ઇષ્ટ છે, એ સિવાયની બીજી કોઈ સ્થિતિ પોતાને માટે લાભકારક નથી, શાંતિદાયક નથી, સુખકારક નથી, હિતકારક નથી પણ દુ:ખદાયક છે અને અકલ્યાણનું કારણ છે, અનિષ્ટનું કારણ છે.

મુમુક્ષુ :- આમાં તો મિથ્યા અસ્તિત્વ છે એ ફરે છે.

પૂજ્ય ભાઈશ્રી :- અસ્તિત્વ તો જે, સ્વભાવ તો જ્યાં છે ત્યાં છે. પણ ખોટું અસ્તિત્વ માન્યું છે એ સાચા જ્ઞાનથી જ્યાં સાચું અસ્તિત્વ ત્રિકાળ છે ત્યાં જાણવામાં આવે છે ને સ્વીકારવામાં આવે છે, એટલી વાત છે.

મુમુક્ષુ :- વાત તો બહુ ટૂંકી જ છે.

પૂજ્ય ભાઈશ્રી :- વાત ટૂંકી છે, સરળ છે, થઈ શકે એવી છે, ન થઈ શકે

એવી નથી. ફક્ત પોતાને એ વાત પ્રાપ્ત (કરવી છે) અથવા એ દશા પ્રાપ્ત કરવી છે એટલી એની પોતાની નિર્ણયની તૈયારી હોવી જોઈએ. પોતાને નિર્ણયમાં એ જાતની તૈયારી હોવી જોઈએ. જો કરવા ધારે તો થાય જ છે પણ નથી થતું કારણ કે પોતે કરવા ધારતો નથી. આ સીધેસીધી વાત છે. એ બધી વાતો બહુ અનુભવપૂર્ણ છે.

**'બધાય વિભાવોથી પરિમુક્ત,...'** છે એટલે કે આ ચૈતન્યતત્ત્વ સર્વથા વિભાવોથી તદ્દન અભાવ સ્વરૂપે છે, ત્રણે કાળે એના અભાવસ્વભાવે શુદ્ધ ચોખ્ખું છે. **'અત્યંત નિર્મળ...'** છે એવા **'નિજ પરમાત્મતત્ત્વને...'** પરમાત્મતત્ત્વ એટલે નિજ ઉત્કૃષ્ટ પરમ આત્મતત્ત્વ તે પરમાત્મતત્ત્વ. રૂઢિગત રીતે સર્વોત્કૃષ્ટ પદ કહેવામાં આવે છે પણ ખરેખર પરમ એટલે ઉત્કૃષ્ટ મૂળ આત્મતત્ત્વ તે પરમ આત્મતત્ત્વ અથવા પરમ ઉપાદેયભૂત, પરમ શુદ્ધ, પરમોત્કૃષ્ટ, સર્વોત્કૃષ્ટ, આત્મતત્ત્વ તે પરમાત્મતત્ત્વ છે. પોતે જ છે. તેને જ તું **'ગ્રહણ કર, તેમાં જ લીન થા.'** ગ્રહણ નથી કરતો એટલે એમ કહેવામાં આવે છે, નહીંતર તો એને કહેવું શું કે તું તને ગ્રહણ કર. તું તને ગ્રહણ કર એમ શું કહેવું ? એ કાંઈ કહેવાની વાત છે ? કોઈને એમ સમજાવવું પડે કે તમારી મિલકતના તમે માલિક છો હોં ! એમ કહેવાની શું જરૂર તમારે ઊભી થઈ ?

મુમુક્ષુ :- માલિક છું જ.

પૂજ્ય ભાઈશ્રી :- છું જ પછી એ વાતને કાંઈ સાબિત કરવાની જરૂર હોઈ શકે નહીં.

મુમુક્ષુ :- બીજાની મિલકતને પોતાની માનવી.

પૂજ્ય ભાઈશ્રી :- બીજાની મિલકતને પોતાની માનવા ગયો, મિલકત હાથમાં આવતી નથી અને દીનતાથી ભીખ માગ્યા કરે છે, આ પરિસ્થિતિ છે.

પ્રશ્ન :- આવો શક્તિશાળી આત્મા કેમ ભૂલ ખાય છે ?

સમાધાન :- શક્તિશાળી સ્વીકાર્યો છે ક્યાં પણ ? સ્વીકાર્યો હોય તો ભૂલ કરે નહીં. એના અસ્વીકારમાં એ ભૂલ છે, એના સ્વીકારમાં એવી ભૂલ થતી નથી. જે શ્રદ્ધાએ કરીને એકવાર સ્વીકારે છે, ત્યાં એ એનો માલિક થઈ જાય છે. એ તો ઉપર લીધું. સમ્યગ્દર્શન થતાં એટલે શ્રદ્ધા થતાં તો એ માલિક થઈ જાય છે, પછી એને કેવળજ્ઞાનની પણ પડી નથી. બીજી તો ક્યાં પડી છે ? એટલે તો કહ્યું, લોકો

કહે છે કે ઇશ્વર છે એ સંસારથી પાર કરીને જીવોને મુક્ત કરે છે. તો કહે જેને મુક્તિ પણ નથી જોઈતી એને તું શું દઈશ ? જેને જૈનનું કેવળજ્ઞાન પણ નથી જોઈતું... એમ કરીને 'શ્રીમદ્જી'એ લીધું છે કે નહીં ? જેને જૈનનું કેવળજ્ઞાન પણ નથી જોઈતું એને બીજું લેવાદેવાની શું કડાકૂટ છે પછી ? કે એ લેવાદેવાની કડાકૂટમાંથી હવે અમે છૂટા થયા છીએ, મુક્ત થઈ ગયા છીએ. જે છે ઇ છે, અમારી પાસે સદાયને માટે છે, કાંઈ લેવા કરવાનું, લેવાનો કે દેવાનો (પ્રશ્ન નથી.)

અનંત વીર્યનો પિંડ છે એને નિહાળે ને એમાં ઉલ્લાસીત વીર્યથી એનું જોર ન આવે તો એણે વસ્તુને નિહાળી નથી, એને કાંઈ કલ્પના થઈ છે. નિહાળતા તો એને જોર આવે, આવે ને આવે જ, ન આવે એ પ્રશ્ન રહેતો નથી.

મુમુક્ષુ :- અહીં બેઠા હોય ત્યાં સુધી આવે છે, પછી નથી આવતું.

પૂજ્ય ભાઈશ્રી :- એનો અર્થ કે અહીં બેઠા સુધી આવે છે, એ પણ એટલું બધું ઉપરછલ્લું છે કે જાતા વાર લાગતી નથી.

પ્રશ્ન :- એમાં શું નડે છે ?

સમાધાન :- ફેરફાર અંદરથી કરતો નથી. માંહેથી આત્મા ફરવો જોઈએ, અંદરથી આત્મા ફરવો જોઈએ એ અંદરથી ફરતો નથી. ઉપર ઉપરનો આડંબર થાય છે. હું શાસ્ત્ર વાંચન કરું છું, હું સાંભળું છું, હું વિચાર કરું છું – એ બધી ક્રિયામાત્ર આડંબર છે. અંદરથી આત્મા ન ફરે ત્યાં સુધી બધું આડંબર છે અને એનાથી કાંઈ આત્માને લાભ થાય એવી આશા રાખવી એ ઠગારી આશા છે, એમાં પોતે ઠગાય છે, બીજું કાંઈ નથી.

મુમુક્ષુ :- સાંભળતા સાંભળતા કો'ક દિવસ નંબર લાગી જાય.

પૂજ્ય ભાઈશ્રી :- કઈ રીતે સાંભળે છે ? જે દિવસે એ સાચી રીતે સાંભળશે તે દિવસે વાંધો નહીં આવે. એટલે એને એમ કહે છે કે, સાંભળે છે તે સારું છે. કે સાંભળવામાં કોઈવાર રીત તો બદલે, પણ સાંભળે જ નહીં એને તો રીત પણ બદલવાનો ક્યાં અવકાશ છે ? એમ. તો એટલી અપેક્ષાથી એમ કહેવાય. પણ એનો અર્થ એમ નથી કે જૂની રીતે સાંભળ્યા જ કરે. સાંભળવામાં એને એ સંભળાવવામાં આવે છે કે સાચી રીતે તું સાંભળ, ભાવશ્રવણ કર. કે જે ભાવે તું શ્રવણ કરતાં

એથી વિરુદ્ધનો ભાવ ઊભો થતાં સીધું તારું જ્ઞાન જાગૃત થઈને હાજર થયા વિના રહે નહીં. ભાવશ્રવણ, એવા ભાવથી શ્રવણ કર. તને તારા આત્માને નુકસાન કરનારા પરિણામ થાય અને તેં સાંભળ્યું હોય એનો આંચકો અંદર લાગે નહીં તો તેં સાંભળ્યું નથી, એમ છે ખરેખર.

પ્રશ્ન :- ભાવશ્રવણ એટલે પ્રયોગ કર એમ ?

સમાધાન :- સાંભળીને પ્રયોગ કર. સાંભળવામાં પ્રયોગ જ કરવાનું કહે છે. અવલંબન લે એનો અર્થ શું ? ગ્રહણ કર એનો અર્થ શું ? ચૈતન્યનો વિચાર કર એમ કીધું છે ? ગ્રહણ કરનો અર્થ જ પ્રયોગ કરવો એ છે, Practical વાત છે. ગ્રહણ કરવાની વાત તો Practical વાત છે. એ કોઈ વિચારનો વિષય નથી.

મુમુક્ષુ :- પૂજ્ય 'ગુરુદેવ'ની વાણી અને પૂજ્ય 'માતાજી'ની વાણી જેમણે સાંભળી છે ત્યાં આગળ એક વસ્તુ તો ચોક્કસ છે કે બીજા કરતાં સમાધાનની દૃષ્ટિ મળી છે અને ક્યાંક ઉદયમાં પણ જોડાય ત્યાર પછી પણ એને દુઃખ લાગે છે વાણી તો કોઈ ગજબ છે..

પૂજ્ય ભાઈશ્રી :- એ તો વસ્તુ એટલી ઉત્કૃષ્ટ છે, જલદ છે કે જેની વાણીમાં પણ એ જાતનો પ્રભાવ જોવામાં આવે છે. પણ પોતાને સાક્ષાત ફાયદો ન થાય ત્યાં સુધી વાણી સાંભળ્યાનો, વાંચ્યાનો સંતોષ લેવો જોઈએ નહીં. પહેલા કરતા ફાયદો થયો છે ને ? એ પણ વિચારવાની પદ્ધતિ બરાબર નથી. એ એક પ્રકારનો સંતોષ લેવાની સ્થિતિ છે કે પહેલાં આપણું આવું નહોતું થતું હવે મને આ સમજ્યા પછી આટલો ફાયદો થયો છે. એને બાકી શું રહ્યું છે એના ઉપર નજર જતી નથી. એ સંતોષ લેવાનો તો પ્રશ્ન જ તીવ્ર મિથ્યાત્વનો છે.

દર્શનમોહના દૃષ્ટિકોણથી વિચારીએ તો જે જીવો પર્યાયની અંદર સંતોષ ધારણ કરે છે કે, હવે આ અવસ્થા ઠીક થઈ ગઈ, એને દર્શનમોહ તીવ્ર થાય ત્યારે જ એવો ભાવ થાય. એ જીવ દર્શનમોહના પ્રભાવમાં આવી ગયો. દર્શનમોહ જેનો નાશ થવાનો છે એ તો સમ્યગ્દર્શન થાય તોપણ સંતોષ પામતો નથી અને મુનિદશા આવે તોપણ એને સંતોષ થતો નથી. એ તો 'કુંદકુંદભગવાને' છઠ્ઠી ગાથામાં એ વાત નાખી કે, હું પ્રમત્ત પણ નથી ને હું અપ્રમત્ત પણ નથી. **'ण वि होदि अप्पमत्तो ण पमत्तो**

**जाणगो दु जो भावो।'** પ્રમત્ત અને અપ્રમત્ત હું નથી. પોતે તો પ્રમત્ત-અપ્રમત્તદશામાં ઝુલી રહ્યાં છે. તો કહે છે, મારી શ્રદ્ધા એનો સ્વીકાર કરતી નથી. બીજો એક જ્ઞાયકભાવ છે, જે પરમાત્મ તત્ત્વ છે એના ગ્રહણમાં મને પ્રમત્ત અને અપ્રમત્ત દશાનું ગ્રહણ નથી, એને હું પકડતો નથી. એના આલંબનમાં હું નથી. દશા વર્તે છે, પ્રમત્ત-અપ્રમત્તપણું મુનિદશા છે. એ સર્વ સાધકદશામાં એક જ્ઞાયકભાવનું જ અવલંબન છે અને કોઈ સાધકભાવનું અવલંબન નથી. ત્યારે જ તે ભાવ સાધકપણે છે, નહીંતર એ ભાવ સાધકપણે નહીં રહેતા બાધકપણે થઈ જાય છે, એમ છે.

**'અત્યંત નિર્મળ નિજ પરમાત્મતત્ત્વને જ ગ્રહણ કર,...'** ગ્રહણ કરીને **'તેમાં જ લીન થા,...'** ગ્રહણ કરવું, લીન થવું બધું એકસાથે જ છે. વિશેષ સ્થિર થવું એને લીન થવું એમ કહેવામાં આવે છે. બસ ! કર્તવ્યની અપેક્ષાએ આટલું જ કર્તવ્ય છે. કર્તવ્યની અપેક્ષા લેવામાં આવે તો આટલું જ કર્તવ્ય છે કે પોતાનો સ્વીકાર કરવો, ગ્રહણ કરવો, પોતામાં લીન રહેવું. આથી પરમાત્મતત્ત્વને છોડીને બીજી કોઈ જગ્યાએ પર્યાયને જવાનું કહેવામાં આવતું નથી, એ ઉપદેશથી બહારનો વિષય છે.

**'એક પરમાણુમાત્રની પણ આસક્તિ છોડી દે.'** અથવા કોઈપણ પરમાણુમાત્ર તને અંશે પણ સુખનું કારણ છે, કોઈપણ અંશે એમાં સુખ છે એ કલ્પના તું છોડી દે. એ કલ્પના છે એ અસત્ છે. કલ્પના છે તે અ-સત્ છે, સત્ નથી. કોઈપણ પરમાણુમાત્રમાં સુખની કલ્પના તે અસત્ કલ્પના છે, એટલે કે વસ્તુ એમ નથી. ભ્રાંતિએ કરીને સુખ ભાસ્યું છે. વાસ્તવિક જ્ઞાનથી, સાચી દૃષ્ટિથી, નિર્મળ જ્ઞાનથી જેમ છે એમ જો પરમાણુને જોવામાં આવે તો એમાં સુખની કલ્પના થવાનો પ્રશ્ન રહેતો નથી, આમ છે. જ્યાં સુખ નથી ત્યાં સુખ ન જણાય તો જ્ઞાન સાચું છે. જેમાં સુખ નથી, જ્યાં સુખ નથી ત્યાં સુખની કલ્પના થાય એ જ્ઞાન જૂઠું છે, એ જ્ઞાન છેતરાયું છે, ખરેખર એ સાચું જ્ઞાન નથી. માટે એનું આકર્ષણ છોડી દે. સુખના હેતુથી ઉત્પન્ન થતું જે આકર્ષણ એ સાચું જ્ઞાન અને સાચું શ્રદ્ધાન, સાચી દૃષ્ટિથી એની નિવૃત્તિ કરી નાખ. એવો આ પ્રેરણાનો બોલ છે. ૧૭૦ નંબર છે એ સ્વરૂપને ગ્રહણ કરવાની-સાધવાની એમાં પ્રેરણા છે. અસ્તિ નાસ્તિ બન્નેથી એ વિષય લીધેલો છે.

**એક મ્યાનમાં બે તલવાર સમાઈ શકતી નથી. ચૈતન્યનો મહિમા અને સંસારનો મહિમા બે સાથે ન રહી શકે. કેટલાક જીવો માત્ર ક્ષણિક વૈરાગ્ય કરે કે સંસાર અશરણ છે, અનિત્ય છે, તેમને ચૈતન્યની સમીપતા ન થાય. પણ ચૈતન્યના મહિમાપૂર્વક જેને વિભાવોનો મહિમા છૂટી જાય, ચૈતન્યની કોઈ અપૂર્વતા લાગવાથી સંસારનો મહિમા છૂટી જાય, તે ચૈતન્યની સમીપ આવે છે. ચૈતન્ય કોઈ અપૂર્વ ચીજ છે; તેની ઓળખાણ કરવી, તેનો મહિમા કરવો. ૧૭૧**

૧૭૧. **'એક મ્યાનમાં બે તલવાર સમાઈ શકતી નથી.'** મ્યાનનો આકાર એવો હોય છે અને એનું ક્ષેત્ર એવું હોય છે કે, એમાં બે તલવાર જાય નહીં. એક માંડ માંડ સમાય. એક સમાય તે માંડ માંડ બરાબર સમાય. એનું મ્યાન એટલું ફીટોફીટ બનાવવામાં આવે છે. તલવાર તો અત્યારે કોઈએ વાપરતા જોઈ ન હોય પણ જેણે જોઈ હોય એને બરાબર ખ્યાલ હોય છે. એમાં બીજું કાંઈ સમાવાનો પ્રશ્ન રહેતો નથી. એટલા માટે એ કહેવત થઈ ગઈ છે કે, એક મ્યાનમાં બે તલવાર સમાતી નથી. એનો અર્થ કે પોસાણ નથી, એક જ્ગ્યાએ બીજાનું પોસાણ નથી.

એ વિષય અહીંયાં એ દૃષ્ટાંત ચૈતન્યના મહિમા ઉપર ઉતારવું છે કે, **'ચૈતન્યનો મહિમા અને સંસારનો મહિમા બે સાથે ન રહી શકે.'** જગતના પદાર્થનો મહિમા અને ચૈતન્યનો મહિમા – બે વાત એક સાથે રહેવાની નથી. અનાદિથી જીવને સંસારનો મહિમા છે, શરીરનો મહિમા છે, અનુકૂળતાઓનો મહિમા છે અને બહારની અંદર જે મોટું, સર્વથી અગ્રસ્થાન ધરાવે છે એવી સંપત્તિનો, પૈસાનો, આબરૂનો મહિમા છે. લોકો એમ કહે છે કે, પૈસા હોય તો આબરૂ છે ને પૈસા ન હોય તો આબરૂ પણ નથી, ઠીક !

મુમુક્ષુ :- પૈસા હોય તોપણ આબરૂ ન હોય.

પૂજ્ય ભાઈશ્રી :- ન હોય, પણ હવે તો લોકો પલાખા જુદાં ગણે છે ને ? અત્યારે તો વિપરીતતા એટલી વધી છે કે, ભાઈ ! એ જ આબરૂ છે, માટે યેનકેન પ્રકારેણ, ગમે તેમ કરીને એની પાછળ જાવ અને એને ગમે તેમ કરીને મેળવો. કહે છે કે, ભાઈ ! તારા ચૈતન્યનો મહિમા એમાં ખોવાની વાત છે. તારા સ્વભાવથી તારે શ્રદ્ધા-જ્ઞાને કરીને કેટલું દૂર જાવું છે એનો વિચાર સુદ્ધાં એમાં રહેશે નહીં. પરિસ્થિતિ બહુ આકરી છે.

મનુષ્યભવ જેવો મનુષ્યભવ જીવ બાહ્ય પદાર્થોની પ્રાપ્તિ અર્થે વ્યતીત કરી નાખે છે. બીજી દૃષ્ટિએ કહીએ તો જુગારમાં હારી જાય છે. બાહ્ય પદાર્થો મેળવવા માટેનો એક જુગાર ખેલે છે. બાહ્ય પદાર્થો મળે ન મળે એ તો એના કોઈ પુરુષાર્થને આધીન ચીજ નથી. પણ એની જિંદગી એ હારી બેસે છે એ વાત તો ચોક્કસ જ છે, એમાં તો કોઈ બીજી વાત બનતી નથી.

પ્રશ્ન :- પરપદાર્થમાં મહિમા છે એનું કારણ એની પાછળ સુખબુદ્ધિ છે ?

સમાધાન :- સુખબુદ્ધિ છે. સુખબુદ્ધિ જ છે. અનુકૂળતાની બુદ્ધિ, સુખની બુદ્ધિ એમાં મનુષ્યભવ હારી જવાની વાત છે. 'શ્રીમદ્જી' તો કહે છે કે જે મનુષ્યભવના એક સમયનું મૂલ્યાંકન ચક્રવર્તીની સંપત્તિ કરતા અધિક છે, એવા આખા મનુષ્યભવને અલ્પ સંપત્તિ માટે ખોઈ બેસવું, હારી જવું એમાં મૂર્ખતા સિવાય તો બીજું કાંઈ છે નહીં. જીવની મૂર્ખાઈ છે, બીજું કાંઈ નથી.

મુમુક્ષુ :- રાખને માટે રતનને બાળે છે.

પૂજ્ય ભાઈશ્રી :- રાખને માટે રતનને બાળે છે, ખરી વાત છે. એવું જ છે, બિલકુલ એવું જ છે. જેટલો સમય છે એટલો સમય ચૈતન્ય રત્નની પ્રાપ્તિમાં સદ્ઉપયોગ કરી લે. એમ કરતા બહારમાં તો જે થવાનું છે તે જ થશે પણ આ જીવ પ્રતિકૂળતાઓથી, નિર્ધનતા આદિથી એવો ડરે છે, એવો ભયવાન છે, ખોટું એને એક ભડક ગરી ગઈ છે, ભડક ગરી ગઈ છે. જેમ ભૂતની ભડક ગરી ગઈ હોય એમ, બાકી કાંઈ નથી.

'શ્રીમદ્જી' તો એ વિષયને એટલો બધો હળવો કરી નાખે છે કે, આ જગતમાં

મુમુક્ષુને પ્રતિકૂળતા આવવી એ તો પરમાત્માએ એના ઉપર કૃપા કરી છે એમ સમજવું. જો એને પ્રતિકૂળતા આવે તો એમ સમજવું કે, પરમેશ્વરની એના ઉપર કૃપા થઈ છે. અને જો એ મુમુક્ષુ હોય અને એને પ્રતિકૂળતા ન આવે તો હજી એના ઉપર ઈશ્વરે કૃપા નથી કરી એમ સમજવું, ઠીક ! શું એનો અર્થ છે ? બહુ ગૂઢ ભાષા છે એમની. કે પ્રતિકૂળતામાં મુમુક્ષુજીવ, પાત્ર જીવ છે એ તત્ત્વ તરફ, નિજ હિત તરફ વળવાનું વધારે વલણ કરે છે. યોગ્યતાવાળો જીવ એ સાચો રસ્તો અપનાવામાં અગ્રેસર થાય છે અને એ પોતાના હિતમાં અગ્રેસર થયો એટલે એને જાણે પરમાત્માએ એના ઉપર કૃપા કરી છે.

મુમુક્ષુજીવ છે એ બહુ નબળી દશા છે. નાનીમોટી અનુકૂળતામાં લપટાઈ જાય છે. ત્યારે એને અનુકૂળતાઓ મળે તો જ્ઞાની કહે છે કે, આના ઉપર ભગવાનની કૃપા નથી, આને ઈશ્વર કૃપા કરતો નથી. એટલે એને એમાં ને એમાં સલવાયેલો રાખે છે. ઈશ્વરકર્તાના ન્યાયથી એ વાત લીધી છે, સમજાવાની શૈલી કરી છે એ જાતની. પણ ખરેખર તો એનો અર્થ એ થાય છે કે, મુમુક્ષુની વિચારણાનો એ મુખ્ય મુદ્દો હોવો જોઈએ કે, હું સ્વરૂપની સાવધાની કરતા કદાચ મને બહારમાં આર્થિક મુશ્કેલીઓ ઊભી થશે તો એ વખતે મારી પાત્રતા વધારે ઝળકી ઉઠશે, આ એની વિચારણાનો મુખ્ય મુદ્દો હોવો જોઈએ. એ વખતે તો મારું જવાહર હશે એ બહાર આવી જશે. જેટલી મારામાં યોગ્યતા હશે એ યોગ્યતાને વિશેષ ઉજ્જવળ કરવાની એ તક છે અને મોકો છે, માટે મારે કોઈ પ્રતિકૂળતાથી ડરવાની તો હરગિજ જરૂર નથી. એકાંતે સ્વરૂપની ને નિજ હિતની સાવધાનીમાં રહેવા યોગ્ય છે. અને એમ રહેતા જે થવું હોય તે થાઓ, હું એને માટે તૈયાર છું. એટલું એનામાં ખમીર ન હોય તો પછી એ આ માર્ગમાં આવવા માટે હીનસત્ત્વ થયેલો છે, હીન પુરુષાર્થ થયેલો જીવ છે, એ આ માર્ગમાં આવવા માટે અધિકારી નથી. એને માટે આ પાયાની વાત છે.

મુમુક્ષુ :– જેટલી ભીંસ આપશે એટલી ધાર વધારે...

પૂજ્ય ભાઈશ્રી :– જેટલી સંયોગોની ભીંસ આવશે એટલો એ પોતાના સ્વતત્ત્વ બાજુ વધારે જોરથી જવાનો પ્રયત્નવાન થશે. એ યોગ્યતાની નિશાની છે. એટલે

સંસારમાં જે જે વાતો, જે જે પદાર્થો અને જે જે પ્રસંગો મોટાઈવાળા અને મહિમાવાળા ગણાય છે તે અંગીકાર કરવાનો પ્રયત્ન કરવો નહીં. કરવું, કરાવવું, અનુમોદવું નવ કોટિએ એ મહિમાથી દૂર રહેવું. સીધી વાત છે. મન, વચન અને કાયાથી કરવું, કરાવવું અને અનુમોદવું. ત્રણ તેરી નવ. નવ કોટિએ એનાથી દૂર રહેવું. કેમકે એકસાથે બે વાત રહેવાની નથી.

'શ્રીમદ્જી'માં એક નિર્ણયનો બોલ છે એ તો એવો છે કે સંસારમાં જે જે વાત મોટી-મોટાઈવાળી ગણાય છે એનો જ્યાં સુધી મહિમા ખસતો નથી, મોટાઈ ખસતી નથી ત્યાં સુધી આ જીવને સ્વરૂપની ઓળખાણ થતી નથી. સ્વરૂપની-નિજ આત્મસ્વરૂપની તો એને ઓળખાણ થતી નથી પણ એને બહારમાં સત્પુરુષની પણ ઓળખાણ થતી નથી. એ બે વાત એમણે લીધી છે. એટલે એ પૂરો નુકસાનીમાં ઊભો છે. એને સત્પુરુષ મળે તો ઓળખે નહીં. આ પરિસ્થિતિ બહારની મોટાઈમાં રહી છે. એટલે પૈસાવાળાની ભૂલેચૂકે પ્રશંસા પણ કરવી નહીં. આની પાસે આટલા બધા પૈસા છે ! વાહ..! આની પાસે આટલા બધા પૈસા છે ! આની પાસે આટલી બધી મોટરગાડીઓ છે ! આની પાસે આટલા બધા મકાનો છે ! આટલું બધું (છે) !! ઇ ચોકડી મૂકવા જેવો વિષય છે. પોતાની પાસે નથી તો બીજાની મહિમા કરવા જાશે ત્યાં આત્માનો મહિમા ખોઈ બેસશે. એક મ્યાનમાં બે તલવાર નહીં રહે. આમ છે. આ જરા મુદ્દાનો વિષય છે.

**'ચૈતન્યનો મહિમા અને સંસારનો મહિમા બે સાથે ન રહી શકે.'** 'ગુરુદેવ' તો જ્યારે શેઠ શ્રીમંત શેઠિયાની વાત આવે કે દેવલોકના દેવ પુણ્યના ફળમાં થાય છે ત્યારે ધૂડનો શેઠિયો થયો અને ધૂડનો દેવ થયો એમ કહેતા.

મુમુક્ષુ :- ઘણીવાર શેઠિયાની વાત કરતા...

પૂજ્ય ભાઈશ્રી :- ત્યારે એ સાથે સાથે કહે. ધૂડનો ધણી થયો. એ એટલો એક condemn કરવા જેવો વિષય છે, એ એમનો ટોન હતો. જગતમાં જેનો મહિમા છે એને પોતે કેટલા condemn કરે છે એ એમનો ધ્વનિ હતો એ વિષયમાં. ધૂડ કહીને એમ કહેવા માગતા હતા. આ ચૈતન્યની મહિમા પાસે આ જગતના પદાર્થની મહિમા, સંસારનો મહિમા ? બિલકુલ હોઈ શકે નહીં. એટલે એ વાત આવે ત્યારે

સાથેસાથે આ વાત જોડી દે કે ધૂડનો શેઠિયો થાય ને ધૂડનો દેવ થાય, એમ સાથેસાથે કહી દે.

મુમુક્ષુ :– બે અબજને ચાલીસ કરોડ..

પૂજ્ય ભાઈશ્રી :– ધૂડનો ધણી. સીધો એમ કહે. જેમ ધૂડ છે એ નિર્માલ્ય વસ્તુ છે એમ આ મહિમા કરવા માટે નિર્માલ્ય વસ્તુ છે.

પ્રશ્ન :– નવ કોટિ કેવી રીતે ? એક મન, વચન, કાયા કરવું કરાવવું અનુમોદવું....

સમાધાન :– મનથી કરવું નહીં, કરાવવું નહીં એમ. મનથી કરવું, કરાવવું, અનુમોદવું નહીં; વચનથી કરવું, કરાવવું, અનુમોદવું નહીં; કાયાથી કરવું, કરાવવું, અનુમોદવું નહીં. ત્રણ તેરી નવ થયા કે નહીં ?

મુમુક્ષુ :– ઇ 'ગુરુદેવ' બોલી શકે કે આ બે અબજ તારા નકામા, પણ આપણે કેમ કહેવું ?

પૂજ્ય ભાઈશ્રી :– આપણે 'ગુરુદેવ'ને અનુસરવું છે કે નહીં ? આટલો સવાલ છે.

મુમુક્ષુ :– 'ગુરુદેવ' બોલે તો ચાલે આપણાથી બોલાય ?

પૂજ્ય ભાઈશ્રી :– આપણે એમના શિષ્ય હોય, અનુયાયી હોય તો એમને અનુસરવા માટે તો એ ભાવમાં અને એ લાઇનમાં જવું જોઈએ આપણે. 'ગુરદેવ' ભલે કે આપણે પૈસાનો મહિમા રાખવાનો, એમ ચાલે કાંઈ ? એ તો ઊંધા ચાલવાની વાત છે. એમના રસ્તે - એમના માર્ગે જાવું છે કે કેમ ? એટલો સવાલ છે.

મુમુક્ષુ :– ..સાંભળવા છતાં કોઈપણ વાતનો .. મહિમા તો રહે જ છે...

પૂજ્ય ભાઈશ્રી :– એ બરાબર છે કે કોઈ વિરલ જીવ સાચું ગ્રહણ, યથાર્થ ગ્રહણ કરે છે એવો કોઈ વિરલ જીવ હોય છે. સાંભળનારા હજારો મનુષ્ય હોઈ શકે, એમાં ગ્રહણ કરનાર કોઈક હોઈ શકે, સાચું ગ્રહણ કરનાર કોઈક હોઈ શકે પણ એની કિંમત સૌથી વધારે છે. હજારોથી એની કિંમત વધારે છે. એટલે આમ તો શું છે કે વાત તો પોતાને માટે લેવી છે, પોતાના ઉપર લેવી છે. મારે આમ થવું જોઈએ એવી ભાવનામાં તો આવે. થઈ શકે કેટલું થઈ શકે એ બીજી વાત છે. પણ આ આમ જ હોય, આ જ બરાબર છે, આમ જ હોય, મારે પણ આ જ કર્તવ્ય છે, આમ જ કરાય, બીજું થાય તો મારો દોષ છે, અથવા પોતાને નુકસાન પોતે કરે છે અને

પોતે દોષ કરે છે તો પોતે પોતાને નિંદે, પોતાને ધિક્કારે એ વિષય તો એને આવવો જોઈએ કે નહીં ? તો એ રીતે એવા પ્રયત્નમાં પડેલા પણ કેટલાક જીવો હોય. ભલે પ્રાપ્ત કરનાર કોઈક હોય તો કેટલાક પ્રયત્નમાં લાગેલા હોય શકે કે ન હોય શકે ? એમ. અને આપણે તો પોતા ઉપર લેવું છે ત્યાં ભલેને જાજા લે કે થોડા લે, ભૂખ લાગી હોય તો આપણે ખાઈ લેવું છે. આપણે ન ખાવું હોય તો ભૂખ લાગી નથી. એમ છે. ઘણાં આમ છે, ઘણાં આમ છે એમ ઘણાનો અથવા અહીંયાં આવેલા સમાજનો એક સમાજનું દળ, એક સમૂહ અહીંયાં આવી ગયો એ સમાજની ચિંતા એ રીતે કરવા યોગ્ય નથી કે જે પોતાનું ભૂલીને કરે. એ રીતે તો કરવા યોગ્ય નથી. સમુદ્રની મધ્યમાં ડૂબતો હોય ને ગળકા ખાતો હોય એ સમાજની કેટલી ચિંતા કરે ? કેટલી કરે ? આવે ? વિચાર જ ન આવે એને.

મુમુક્ષુ :- પોતાના છોકરાને મગરમચ્છ ખેંચી લે તો પોતે ન જાય. 'ગુરુદેવ' દાખલો આપતાને કલકત્તાનો !

પૂજ્ય ભાઈશ્રી :- એનો અર્થ એમ છે કે જે સમાજની ચિંતા કરે છે એ પોતાની વર્તમાન હાલતને જોતો નથી. વર્તમાન સ્થિતિમાં પોતે ડૂબે છે, એ ડૂબતો એને પોતાને બચાવવાનો ખ્યાલ નથી અને સમાજની ચિંતા કરવા જાય છે એ વિકલ્પ બેકાર છે, કરવા યોગ્ય નથી.

મુમુક્ષુ :- મારું કહેવાનું એમ છે કે આટલું સાંભળવા છતાં બધા પંડિતો કોઈ છોડવા તૈયાર થાય છે, વાતું બધા કરે છે.

પૂજ્ય ભાઈશ્રી :- એ તો શું થાય ? આ વસ્તુ તો વિરલ જીવને જ, કોઈ વિરલ જીવ આમાં તો કામ કરે એવી જ સર્વકાળે પરિસ્થિતિ રહી છે. આ કાળ તો હીણો કાળ છે જ. હીણા પરિણામવાળા જીવોની જ વધારે ઉપસ્થિતિ છે, પણ સર્વ કાળને વિશે બહુ અલ્પ માત્રામાં આમાં જીવને લાભ લે, સંખ્યાએ લાભ લે એવી જ પરિસ્થિતિ જગતની રહી છે.

મુમુક્ષુ :- એમ શા માટે ?

પૂજ્ય ભાઈશ્રી :- સહજ જ એમ છે. કુદરતી કોઈ કારણ વગર. અકારણપણે એમ છે. એનું કોઈ જગતમાં કારણ નથી. કુદરતી જ એવી પરિસ્થિત રહી છે એમ

જ્ઞાનીઓના જ્ઞાનમાં જાણવામાં આવે છે. જે છે એમ જાણવામાં આવે છે. કારણ-ફારણ કાંઈ નહીં.

મુમુક્ષુ :– ઉંડાણમાં એમ પડ્યું છે કે રૂપિયા વગર નહીં ચાલે એટલે છૂટી શકતા જ નથી.

પૂજ્ય ભાઈશ્રી :– રૂપિયા વગર નહીં ચાલે પણ મારી આત્માની શાંતિ વગર મારે ચાલશે. રૂપિયા વગર નહીં ચાલે પણ શાંતિ વગર મારે ચાલશે. એ તો રખડે છે રખડવા દ્યો, બીજું શું થાય ? જેને એમ થાય છે કે મારી શાંતિ વગર મારે નહીં ચાલે, બીજું બધું ગમે એમ હશે તો ચાલશે પણ મારા આત્માની શાંતિ વગર મારે નહીં ચાલે હવે. મોતને પસંદ કરવું મને તૈયાર છે. મોતની વાત ક્યાં લ્યો 'શ્રીમદ્જી' તો કહે છે કે સાતમી નરક, રવ રવ નરક અને તમતમપ્રભા પૃથ્વી મને સંમત છે જગતની મોહિની મને સંમત નથી. કેમકે એ દર્શનમોહના ગર્ભમાં અનંતા નરક, નિગોદ પડ્યા છે, એક વખતના નહિ. આવી વાત છે. એ તો એ વસ્તુ વિષય જે સમજે છે એને કિંમત છે, ન સમજે એને તો, ન સમજે એ ઘરમાં રહેલા હીરાને કાગડો ઉડાડવા માટે ઘા કરે તો એને કોણ રોકે ? ઘરમાં હીરાનો મોટો પત્થર હોય, કરોડો-અબજોનો હીરો હોય ને કાગડો બેઠો હોય તો ઉડાડવા માટે કરે ઘા ! કોણ ના પાડે એને ? કિંમત ન હોય તો ગમે તેમ પ્રવર્તે એનો કાંઈ ઉપાય નથી. આ તો સમજદારને સમજાવવાની વાત છે. ન સમજવું હોય એને સમજાવવાનો તો કાંઈ પ્રશ્ન નથી.

પ્રશ્ન :– દર્શનમોહ અને મિથ્યાત્વ એમાં મોટો દુશ્મન ક્યો ?

સમાધાન :– બન્ને એક જ છે ને. દર્શનમોહ કહો કે મિથ્યાત્વ કહો, એ તો નામ જુદા જુદા છે. મિથ્યાત્વ મોહનીય કહો કે દર્શનમોહ કહો એ તો નામ જ જુદા જુદા છે. એક જ વાત છે, એક જ ભાવની વાત છે.

મુમુક્ષુ :– શ્રદ્ધામાં આખું શ્રદ્ધાનું જોર ઊંધું છે.

પૂજ્ય ભાઈશ્રી :– ઊંધું જ છે, બિલકુલ ઊંધું છે. સોએ સો ટકા શ્રદ્ધાનું ઊંધુ જોર છે. એટલે એ વિચારવાયોગ્ય વાત છે કે સાતમી નારકી પસંદ કરે છે પણ દર્શનમોહને જ્ઞાની પસંદ કરતા નથી. એ દર્શનમોહની ભયંકરતા કેટલી ? એ ભયંકરતા

જો જીવને ભાસે તો એ જ્ઞાનીના માર્ગને શીઘ્ર અનુસરે. ન ભાસે તો રખડે સંસારમાં, અનાદિનો રખડે છે ને દુઃખી થાય છે એનો કોઈ બીજો ઉપાય નથી.

પ્રશ્ન :- આટલામાં જૈનદર્શન આવી ગયું ?

સમાધાન :- મૂળ વાત આ છે. આખા જૈનદર્શનમાં મૂળ આ વાત છે કે એકવાર દર્શનમોહને હઠાવ તો તારા જેવો કોઈ સુભટ નથી. દસ હજાર સુભટને એકલા હાથે લડનારો એના કરતા આ વધારે સુભટ છે એમ કહ્યું છે. ભુજાએ કરીને સ્વયંભૂરમણ સમુદ્ર તરે એના કરતા વધારે શક્તિ લીધી છે. અને એટલા માટે એવા દર્શનમોહના નાશને પ્રાપ્ત થયા છે એવા જ્ઞાનીઓને વંદન, નમસ્કાર કરવામાં આવે છે. એનું કારણ એ છે એના પુરુષાર્થને જોઈને કહેવામાં આવે છે. (સમય થયો છે...)

## તા. ૨૩-૦૭-૧૯૮૭, વચનામૃત–૧૭૧
## પ્રવચન નં. ૧૨૭

શરૂઆતથી ફરીને લઈએ. **'એક મ્યાનમાં બે તલવાર સમાઈ શકતી નથી.'** એ દૃષ્ટાંતે **'ચૈતન્યનો મહિમા અને સંસારનો મહિમા બે સાથે ન રહી શકે.'** સંસારનો મહિમા એટલે સંસારમાં જે મહિમાવંત પદાર્થો ગણાય છે, કિંમતી પદાર્થો ગણાય છે, જે પ્રસંગોનો મહિમા, સંસારી પ્રસંગોનો મહિમા ગણવામાં આવે છે એવો મહિમા જીવને અનાદિથી છે અને એ મહિમા હોય અને આત્માનો પણ મહિમા હોય, બે વાત એકસાથે બની શકતી નથી. આત્મા જેને મહિમાવંત ભાસે છે એને જગતના પદાર્થોની કિંમત ઊડી જાય છે. જીવને અનાદિથી (મહિમા) છે ખરી પણ એ મહિમા રહેતી નથી. એવો અનંત ગુણથી વિભૂષિત આત્મા છે કે આત્મિક વૈભવ પાસે જગતના પૌદ્‌ગલિક વૈભવ એ તુચ્છ ભાસે છે. જેની મહિમા કરી છે અનાદિથી એની તુચ્છતા ચૈતન્યની ઓળખાણના મહિમાપૂર્વક થાય એ આ બોલનો વિષય છે.

એક જગ્યાએ આગળ લ્યે છે કે, જીવને જો સ્વરૂપનો મહિમા આવશે તો એ મહિમા પમાડશે, બીજી કોઈ ક્રિયા નહીં પમાડે. બહુ સાદી ભાષામાં ચોખ્ખી વાત લીધી છે કે બીજી કોઈ ક્રિયા તને સ્વરૂપનો અનુભવ નહીં પમાડે. એક સ્વરૂપનો મહિમા જ તને સ્વરૂપનો અનુભવ પમાડે. આ એક જ વાત છે. આમાં બીજી ન સમજાય એવી વાત નથી કે આડીઅવળી પણ કોઈ વાત નથી.

મુમુક્ષુ :– 'માતાજી' ઘણી વખત કહે છે કે, આત્માર્થી એને કહીએ કે આત્માનું એક જ પ્રયોજન હોય.

પૂજ્ય ભાઈશ્રી :– બરાબર છે. એક જ પ્રયોજન જેને હોય, બીજું પ્રયોજન રહે એમાં આ પ્રયોજન ઊડી જાય છે. બે પ્રયોજન સાથે રહેતા નથી. ઊડી જાય છે. કોઈ એમ કહે કે આ પણ પ્રયોજન છે ને આ પણ પ્રયોજન છે. એ વાત માની

શકાય એવી નથી, એવું છે. કેમકે જે પોતાના આત્માને મહત્ત્વ આપે છે, પ્રભુત્વ આપે છે એ બીજાને (મહત્ત્વ) આપે એમ બને નહીં અને આપે તો એણે આને મહત્ત્વ આપ્યું છે એ સમજીને આપ્યું છે એ વાત સ્વીકારી શકાય એવી નથી. એવો જે ઉત્કૃષ્ટ મહાન પદાર્થ પોતે છે કે એને ઓળખે ને એનો મહિમા આવે એટલે બીજાનો મહિમા રહેવાનો કોઈ પ્રશ્ન જ રહેતો નથી.

જગતમાં તો પુણ્ય, પુણ્યના ફળ, પુણ્યના પ્રસંગો, પુણ્યના ઉદયના પ્રસંગો એ બધો મહિમાનો વિષય છે. સંક્ષેપમાં લઈએ તો એ બધો મહિમાનો વિષય છે અને એ તો અનાદિથી જીવને છે. એ વાત કાંઈ એને નવી શીખવાની છે, સમજવાની છે કે અંગીકાર કરવાની છે એમ તો નથી. ઇ તો સમજેલો, શીખેલો ને અંગીકાર કરેલી વાત છે. એ પરિસ્થિતિ બદલવા માટે સ્વરૂપની ઓળખાણ કરીને એનો મહિમા જો આવે તો એના પરિણમનની દિશા બદલાય અને એની આત્મકાર્યની સિદ્ધિ થાય. નહીંતર બીજી કોઈ રીતે થઈ શકે એવું નથી. એટલે એ વાત ઉપલક્ષણથી તપાસીને પોતે નિર્ણય કરી શકે, નિશ્ચય કરી શકે (કે) ચૈતન્યનો મહિમા છે કે નહિ ?

ચૈતન્યનો મહિમા આવે તો એને એ વાત સાથે સાથે બની છે કે નહીં એ જોઈ લેવું, તપાસી લેવું કે એને સાંસારિક કાર્યો અથવા પુણ્યના પ્રસંગભૂત જેટલા કોઈ કાર્યો કે વસ્તુઓ છે એનો મહિમા એને ગયો છે કે નહીં ? એ રહે ને આ પણ થાય એ બે વાત બનવાની નથી. એકની નિવૃતિ થાય અને આ મહિમા ઉત્પન્ન થાય. જૂના મહિમાની નિવૃતિ થાય અને આ મહિમાની ઉત્પત્તિ થાય એમ જ બની શકે એવું છે. વસ્તુસ્થિતિ એથી વધારે છે નહીં. એટલે એ દૃષ્ટાંત લીધું કે એક મ્યાનમાં બે તલવાર સમાય એવું નથી.

ક્યાંક ક્યાંક તર્ક વિતર્ક થાય એ વિષય એવો છે કે જ્ઞાનીને કોઈ વાર પુણ્યના ઉદયો હોય છે, જ્ઞાનદશાવાન જીવને પણ પુણ્યના ઉદયો હોય છે. એવા પણ પૂર્વ કર્મને કારણે હોય છે, વર્તમાનનું એ કારણ નથી. અથવા એ પણ પુણ્યના પ્રસંગોની અંદર વચ્ચે ઊભેલા જોવામાં આવે છે અને એને પણ જેટલો વિભાવ રહ્યો છે અથવા જેટલો ચારિત્રનો મોહ રહ્યો છે એટલા પ્રકારે એને પણ ત્યાં પ્રવૃત્તિ અને વિકલ્પ જોવામાં આવે છે. અને ત્યાં શાસ્ત્રકાર એમ કહે કે, સાધકદશામાં અંશે સાધકપણું અને અંશે બાધકપણું રહે છે, રહી શકે છે અને એમ રહેવામાં બાધા નથી. ત્યારે

કોઈને તર્ક થાય કે તો એક મ્યાનમાં બે તલવાર સમાણી કે ન સમાણી ? આટલો તર્ક થાય. એ વાત અહીંયાં લાગુ કરવાનો સવાલ ઊભો થતો નથી.

અહીંયાં જે તબક્કાનો વિષય છે, જે વાત અહીંયાં ચાલે છે એ વાત પેલી વાત સાથે લાગુ થતી નથી. એમ લેવું છે. એટલે એ તર્ક અહીંયાં અસ્થાને છે. ત્યાં તો એટલી ગૌણતાએ એ વાત વર્તે છે કે બાહ્યદૃષ્ટિથી એ વિષય તને સમજાવો કઠિન છે. એટલે તને એમ લાગે છે કે એક મ્યાનમાં બે તલવાર છે. ખરેખર ત્યાં પણ એક મ્યાનમાં બે તલવાર નથી. એને આત્માનો જ પૂરો મહિમા છે, એટલો એને આત્માનો મહિમા છે, તને ખબર નથી એટલો એને આત્માનો મહિમા છે, એમ છે ખરેખર તો. અને જગતનો જરાય મહિમા નથી એ વાત સ્પષ્ટ છે અને એના પુરાવા પણ છે કે 'ભરત' આદિ ચક્રવર્તીને છોડતા કેટલી વાર લાગી ? જો છ ખંડનો મહિમા એને રહ્યો હોત તો એ એટલી સહેલાઈથી સહજમાત્રમાં એને છૂટી ન શકત. એને એ છ ખંડ છૂટયા છે એ સહજમાત્રમાં છૂટી જ ન શકત. એનો અર્થ જ એ છે કે 'ભરતજી' ઘરમાં વૈરાગી હતા જ તે. એને છ ખંડનો સંયોગ હતો માટે વૈરાગી નહોતા એમ નથી. એમ છે ખરેખર તો. પણ બાહ્ય દૃષ્ટિવાનને અંતર્દૃષ્ટિનો વિષય થોડો ઘણો કઠિન પડે છે.

અંતર્દૃષ્ટિથી સમજવાની કોઈપણ પ્રકારે યોગ્યતા આવે છે કોઈ જ્ઞાની સત્પુરુષની કૃપાથી એમ કહી શકાય. કેમકે ત્યાં તો બીજું કાંઈ નથી. એની સ્વતંત્ર આવડતનો તો કાંઈ પ્રશ્ન રહેતો નથી, એ ભૂમિકા તો ઘણી કાચી છે. પણ કોઈ એવા સમાગમને વશ અંતર્દૃષ્ટિથી જોવાની એની પાસે કોઈ થોડી પણ યોગ્યતા આવે છે તો આ વાતને એ સમજી શકે છે અને જ્યારે એ આ વાતને સમજી શકે છે ત્યારે એને એમ સમજાય છે કે આ એક જ્ઞાનીઓનું અદ્ભુત પરાક્રમ છે કે આવા જગતના પ્રસંગોમાં રહ્યા છતાં એ જળ કમળવત્ અલિપ્ત રહી શકે છે. ત્યારે એને જ્ઞાનીનો વિશેષ વિશેષ મહિમા આવે છે. બાહ્ય દૃષ્ટિવાળાને જ્યાં શંકા પડે છે ત્યાં એને ફરીને વધુ મહિમાનું કારણ બને છે. એવું બને છે. એટલે ત્યાં પણ એક મ્યાનમાં બે તલવાર રહી નથી. એમ છે ખરેખર. અને જે મુમુક્ષુ માટે એવી વાત લીધી કે ચૈતન્યનો મહિમા અને સંસારનો મહિમા સાથે ન રહી શકે તો એવો જે શિક્ષાબોધ છે, એવું જેનું સાક્ષાત પરિણમન છે એને એ વિષયમાં એના માટે શંકા કરવાનો શું સવાલ છે ? શું ત્યાં

અવકાશ છે ? ત્યાં શંકાની કોઈ ગુંજાશ રહેતી નથી. કેમકે એ તો એ પરિણમન સ્વરૂપે છે. એને તો એ પરિણત થઈ ગયું છે ને એ વાત પ્રસિદ્ધ છે–પ્રગટ છે પછી એમાં કોઈ વિચાર કરવાની જગ્યા રહેતી નથી.

બીજી એક વાત જુદાં પડખાંની અહીંયાં સ્પષ્ટ કરે છે. **'કેટલાક જીવો માત્ર ક્ષણિક વૈરાગ્ય કરે કે સંસાર અશરણ છે, અનિત્ય છે, તેમને ચૈતન્યની સમીપતા ન થાય.'** 'માત્ર' શબ્દ ઉપર અહીંયાં વાત છે કે જેને ચૈતન્યના મહિમાનો આધાર નથી, એ અસ્તિનું પડખું જેને ઊભું થયું નથી. એટલે 'માત્ર' વાત લઈ લીધી બાદ કરીને, એ બાદ કરીને. માત્ર નાસ્તિના પડખાંથી ક્ષણિક વૈરાગ્ય કરે, અરે...! આ સંસારમાં કોઈ શરણ નથી, કોઈ આ જીવને બચાવી શકે એમ નથી. પૈસા બચાવી શકે એમ નથી, કુટુંબ પરિવાર બચાવી શકે એમ નથી, સગા સ્નેહીઓ અને જેટલા કોઈ પડખીયા છે એ કોઈ કામમાં આવે એવું નથી અને શાશ્વત રહી શકાય એવું નથી. બધું અનિત્ય છે, બદલતું છે, ફરતું જાય છે, પરિણમનશીલ છે. એટલો જ માત્ર આધાર લઈને વૈરાગ્ય કરે. વૈરાગ્ય કરે એટલે એ જગતના પદાર્થોનો મહિમા ન કરે તો તેથી કાંઈ એને ચૈતન્યની-સ્વરૂપની સમીપતા ન થાય.

અહીંયાં તો સ્પષ્ટ શું કરવું છે ? કે ચૈતન્યના મહિમાના આધારે જગતનો મહિમા જવો જોઈએ, સંસારનો મહિમા જવો જોઈએ. માત્ર સંસારનો મહિમા જાય એથી કાંઈ કાર્ય થાય છે એમ નથી. એવા તો અન્યમતની અંદર પણ વૈરાગી જીવો થાય છે કે જુઓ તો ઉદાસીનતાની મૂર્તિ જેવા દેખાય. ઉદાસ... ઉદાસ... ઉદાસ... ક્યાંય કોઈ પ્રવૃત્તિમાં ક્યાંય એનું મન ન લાગે. 'ગુરુદેવશ્રી' દૃષ્ટાંત દેતા એ પ્રકારે કે દ્રવ્યલિંગીમાં શુકલ લેશ્યામાં જીવ આવેલો છે. લેશ્યા પરિણામ છે એ જીવની ચીકાશ-લૂખાશને પ્રદર્શિત કરતા છ પ્રકારના પરિણામો છે. એમાં જે શુકલ લેશ્યા છે એમાં જીવના રાગની ચીકાશ ઘણી ઘટી જાય છે એવી એ શુક્લ લેશ્યા છે પણ એ તો અભવિને હોય છે, અનંત સંસારીને હોય છે. એટલે માત્ર કાંઈ રાગરસ ઘટ્યો એટલું જોવાતું નથી.

રાગરસની સાથે સાથે–ઘટવાની સાથે સાથે એને ચૈતન્યના મહિમાપૂર્વક ઘટ્યો છે ? આ મુખ્ય વાત છે. કેમકે રાગરસ ઘટ્યો છે ત્યારે પરિણામમાં ઉપલકદૃષ્ટિએ મોહનો વક્કર ઓછો દેખાય છે, મોહનું બળ ઓછું દેખાય છે પણ આધાર કોનો એમ થવામાં ? શું આધાર છે ? આ સવાલ છે. કોનો આ જીવે આધાર લીધો છે

એના ઉપર એ વાતનું મૂલ્ય છે, એ વાતની કિંમત છે. જો ચૈતન્યના મહિમાના આધારે એમ થયું છે તો તે યથાર્થ છે પણ એમ નહીં થતાં કોઈપણ અન્ય પ્રકારે થયું છે– સંસારના પદાર્થોની અનિત્યતા અને અશરણતા જાણીને થયું છે, નહીંતર બાર ભાવનામાં તો આ ભાવનાનો વિષય છે, પણ એ બધી જગ્યાએ ચૈતન્યના મહિમાપૂર્વક વાત છે, એમ ને એમ અદ્ધરથી વાત નથી. પણ કોઈ અદ્ધરથી એમ રાગરસને ઘટાડીને ઉદાસ થાય તો એથી કાંઈ ચૈતન્યની સમીપતા થતી નથી.

પ્રશ્ન :– અહીંયાં કષાયનો આધાર છે ને ?

સમાધાન :– હા, અહીંયાં પણ એ પ્રકારના પર્યાયાર્થિકનયના વિષયભૂત ભાવનો બધો આધાર છે કે સંસારના પદાર્થો અનિત્ય છે, બધા સંયોગો જે બદલતા જાય છે, કોઈનો દેહ છૂટે છે, કાંઈ થાય છે, કાંઈ થાય છે એ બધું અશરણપણું ને અનિત્યપણું સ્પષ્ટ એને જોવામાં આવે છે તો થાય છે કે આમાં કાંઈ જીવને કોઈ સ્થાયી સ્થાન મળતું નથી, કાયમી સ્થાન મળતું નથી તો વૈરાગ્ય આવી શકે છે પણ એથી કાંઈ શુદ્ધ સ્વરૂપની સમીપતા, ચૈતન્ય સ્વભાવની સમીપતા એનાથી થાય, એ સાધન થાય અને આ સાધ્ય થાય એમ નથી.

એટલું જરૂર છે કે ચૈતન્યની મહિમા આવે તો એની મહિમા ઊડે. સંસાર અનિત્ય લાગે, અશરણ લાગે એ બધું બરાબર છે પણ એ ચૈતન્યના મહિમાવાળાને લાગે એ એક વાત છે અને ચૈતન્યના મહિમા વગર એમ લાગ તે બીજી વાત છે. અહીં એ સ્પષ્ટતા છે. નહીંતર ત્યાંથી કોઈ એવી શરૂઆત કરે છે કે, ચાલો આ સંસારમાં હવે કાંઈ નથી, અનિત્ય છે, અશરણ છે, કાંઈ નથી. એમાંથી હવે આપણે જુદાં–છેટા રહો, દૂર રહો, અળગા રહો. આમાં કાંઈ રસ લેવા જેવો નથી. પણ એથી કાંઈ એને આત્માની સમીપતા થતી નથી. એ સાધન થાય અને સાધ્ય થાય એમ નથી. તારા સ્વરૂપને સાધન બનાવતા એ પ્રકાર ઊભો થાય તો તે યોગ્ય છે નહીંતર યોગ્ય નથી. બહુ સ્પષ્ટ વાત તો એ છે. નહીંતર એની યોગ્યતા આત્મામાં આવતી નથી.

પ્રશ્ન :– અજ્ઞાનીને જે વૈરાગ્ય આવે છે એ કર્મજનિત વૈરાગ્ય છે ?

સમાધાન :– હા, કર્મજનિત છે, ઉદયજનિત છે.

મુમુક્ષુ :– ઉદયમાંથી છૂટો પડ્યો નથી.

પૂજ્ય ભાઈશ્રી :– ઉદયમાંથી છૂટો પડ્યો નથી, ઉદયમાંથી છૂટો પડ્યો નથી.

ઉદયના આધારે જ બધું તેનું અનાદિથી ચાલે છે તે વાત એમ ને એમ છે. આત્માનો આધાર એણે લીધો નથી. આ સીધે સીધી વાત છે. પહેલેથી આધાર શેનો છે એ વાત આમાં મુખ્ય છે અને એ વાત તપાસવામાં આવે છે.

'ગુરુદેવશ્રી' ઘણીવાર કહેતા 'बालानाम पश्यन्ति लिंगाः' જે બાળબુદ્ધિ જીવો છે– અજ્ઞાનબુદ્ધિ જીવો છે એ બાહ્ય દષ્ટિએ બાહ્ય ચિહ્નોને જુએ છે કે આણે કેટલો ત્યાગ કર્યો ? આણે શું છોડ્યું ? આને કેટલા શાસ્ત્રનું જ્ઞાન આવડે છે ? અને કેટલા શાસ્ત્ર ભણ્યો છે ? શું મોઢે છે ? કેટલું કંઠસ્થ કર્યું છે ? કેટલું કહી શકે છે ? કેટલું બોલી શકે છે ? કેટલું સમજાવી શકે છે ? આ બધા પ્રકાર જે જ્ઞાનના ક્ષયોપશમના બાહ્ય પ્રકારો છે અને ત્યાગ આદિના ચારિત્રમોહના ક્ષયોપશમના જે બાહ્ય પ્રકારો છે એ બધા બાહ્ય ચિહ્નોને જોઈને મહિમા કરનારા બાળ જીવો છે 'बालानाम पश्यन्ति लिंगाः' એ અજ્ઞાની જીવો બાળ જીવો છે. જેમ બાળકને ઓછી બુદ્ધિ છે એમ ઓછી બુદ્ધિવાળા જીવો છે.

એમ કહીને મૂળ વાત ઉપર આવતા કે તત્ત્વદષ્ટિ જીવ તો એમ જોવે છે કે એનું શ્રદ્ધાન અનંત ગુણના પિંડ ઉપર છે કે નહીં ? અનંત ગુણનો પિંડ જે શુદ્ધ સ્વરૂપ આત્મા, સિદ્ધ સમાન આત્મા એના ઉપર એનું શ્રદ્ધાન છે કે નહીં ? એ એના સ્વ તત્ત્વના શ્રદ્ધાનને તપાસીને એની મહિમા કરનારા જીવો એ અંતર્દષ્ટિથી તપાસનારા જીવો છે, અંતર્દષ્ટિવાળા જીવો છે અને એની એ કિંમત–મૂલ્ય કરવાની પદ્ધતિ (છે) એ બરાબર છે. બાકી બાળ જીવોની પદ્ધતિ બરાબર નથી. આ વાત ઘણી વાર કરતા હતા. હાલતાચાલતા ઘણી વાર તો આવો ચર્ચાનો વિષય ચાલતો હતો. ખરેખર તો આમ જોવું જોઈએ કે એની શ્રદ્ધા ક્યાં પડી છે ? અનંત શાંતિના પિંડ ઉપર એની શ્રદ્ધા છે કે નહીં ? નિર્વિકાર પરિપૂર્ણ શુદ્ધ તત્ત્વ ઉપર એની શ્રદ્ધા છે કે નહીં ? આ વસ્તુ તપાસતા, આ વસ્તુ જોતા, આ વસ્તુ સમજતા આવડે તો એનું મૂલ્ય જુદું છે અને નહીંતર અનાદિની જે બાહ્ય દષ્ટિ છે એમાં જીવ ભૂલો પડે છે, એમાં એને કાંઈ સમજણ પડે છે એ વાત રહેતી નથી.

એટલે (અહીંયાં) **'માત્ર ક્ષણિક વૈરાગ્ય'** એમ લીધું છે. **'કેટલાક જીવો માત્ર ક્ષણિક વૈરાગ્ય કરે કે સંસાર અશરણ છે, અનિત્ય છે, તેમને ચૈતન્યની સમીપતા ન થાય.'** એથી કાંઈ ચૈતન્યની સમીપતા થતી નથી. બહાર દષ્ટિ છે અને બહારમાં ફેરફાર

કર્યો અને બાહ્ય દૃષ્ટિએ ફેરફાર કર્યો એમાં તો કાંઈ આગળ વધ્યો નથી. એણે અંદરમાં જવા માટે શું કર્યું એ વાત જોવામાં આવે છે. એટલા માટે અહીંયાં ઓળખાણ કરવાની વાત ખાસ લે છે.

આ બોલમાં નીચે ઓળખાણ કરવાની વાત લીધી છે કે ચૈતન્યની ઓળખાણ કરવી અને પછી એનો ઓળખાણપૂર્વક મહિમા થવો જોઈએ. ઓઘેઓઘે પણ નહીં કે ચાલો, શાસ્ત્રોની અંદર, સત્ શાસ્ત્રોની અંદર અને દિવ્યધ્વનિની અંદર ચૈતન્યનો મહિમા કર્યો છે, જ્ઞાનીઓ પણ ચૈતન્યનો મહિમા કરે છે, શાસ્ત્રો કરે છે, સર્વજ્ઞો કરે છે હું પણ ચૈતન્યનો મહિમા કરું-એમ પણ નહીં, ઓઘે ઓઘે પણ નહીં. ઓઘસંજ્ઞાએ પણ અનંતકાળ એણે ચૈતન્યનો મહિમા કર્યો છે એથી પણ એને ખરો મહિમા ઊપજ્યો નથી. ઓળખીને મહિમા કરવો એમાં ઓઘસંજ્ઞાનો નિષેધ છે. ખરેખર તો એમાં ઓઘસંજ્ઞાનો નિષેધ છે.

પ્રશ્ન :– ઓળખીને મહિમા કરવો એટલે કઈ રીતે કરવો ?

સમાધાન :– ઓળખીને મહિમા કરવો એટલે ઓળખાણ થવી એટલે એને એ જ આત્મા એને પોતાથી પોતાને ભાસવો જોઈએ. ઓઘસંજ્ઞામાં તો દેવ, ગુરુ, શાસ્ત્ર કહે છે તેથી કરે છે. ઓળખાણવાળા એમ કહે છે કે દેવ, ગુરુ, શાસ્ત્ર કહે છે તેથી નહીં પણ મને જ મારો આત્મા એવો અનંત મહિમાવંત ભાસે છે તેથી મને મહિમા આવે છે. અને એ મહિમા રોક્યો રોકી શકાય નહીં, ખાળ્યો ખાળી શકાય નહીં. એમ સ્વતંત્ર પોતાના ઉપાદાનથી ઊપજેલો મહિમા છે એને રોકી શકાતો નથી. એને એ મહિમાથી જગતનો મહિમા ગયો છે. આ વાત તો સ્થૂળ પરિણામમાં પણ સમજાય એવી વાત છે, સ્થૂળ જ્ઞાનમાં પણ સમજાય એવી વાત છે કે, જગતનો અનાદિથી મહિમા હતો એ ગયો એ કાંઈ ન સમજાય એને ? જે પ્રસંગોમાં, જે વાતોમાં, જે પદાર્થોનો એને મહિમા આવતો હતો એ મહિમા ઊડી ગયો, એમાં રસ નથી આવતો એ કાંઈ એને ન સમજાય ? એ સમજાયા વિના રહે નહીં. અને પોતાનો જ આત્મા સાક્ષાત્ સિદ્ધપદ સ્વરૂપ હયાત ભાસે પછી ક્યાં પ્રશ્ન રહે છે ? કે એને કાંઈ પ્રશ્ન રહેતો નથી. એનો મહિમા કરવો એ કેમ કરવો એ કોઈ સમસ્યા રહેતી નથી. એવો વિષય છે.

એટલે એક પડખું માત્ર અહીંયાં નાસ્તિનું છે. એ એક જ પડખેથી આગળ વધવાનો

વિષય નથી **'પણ ચૈતન્યના મહિમાપૂર્વક જેને વિભાવોનો મહિમા છૂટી જાય,...'** પહેલા એમ લીધું કે સંસારનો મહિમા રહી ન શકે. હવે સંસાર શું છે ? કે વિભાવનો વિષય સંસાર છે. સમસ્ત વિભાવ લઈ લીધા. સમસ્ત વિભાવ લઈ લીધા એટલે શું ? કે કોઈ એમ કહે કે, જેણે ત્યાગ કર્યો એને તો ક્યાં પ્રશ્ન છે, છોડીને બેઠા એને શું છે ? એને વિભાવનો મહિમા છે ? બાહ્ય પદાર્થનો ત્યાગ કરી નાખ્યો છે પણ હજી એણે ત્યાગ જે પરિણામથી કર્યો એવા જે વિભાવ પરિણામ, એ પણ શુભ પરિણામ છે પણ વિભાવ પરિણામ છે. એનો મહિમા એને વર્તે છે ? તો એને હજી ચૈતન્યનો મહિમા આવ્યો નથી. વિભાવ રહિત, વિભાવ સ્વભાવથી શૂન્ય છે, વિભાવના અભાવ સ્વરૂપે છે એવા ચૈતન્યનો જે મહિમા એ મહિમા ખરો મહિમા છે. વિભાવનો મહિમા અને સ્વભાવનો મહિમા એમ એક મ્યાનમાં બે તલવાર સાથે રહેતી નથી. એ પહેલી વાતમાં એ ગર્ભિત છે. પાછળમાં ખોલીને સ્પષ્ટ કરીને મૂકી છે.

મુમુક્ષુ :- એનો અર્થ એમ થયો કે અસ્તિપૂર્વક નાસ્તિ છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, અસ્તિપૂર્વક નાસ્તિ છે, એમ જ છે. એ નાસ્તિ યોગ્ય છે-યથાર્થ છે અને અસ્તિ વિનાની નાસ્તિ છે તે યથાર્થ નથી. એમ વાત છે.

મુમુક્ષુ :- જ્ઞાનીઓએ અનિત્ય, અશરણ આદિ બાર ભાવનાની રચના કરી એ એક વાત કીધી એમાંથી અનર્પિતપણે પણ નીકળે કે નિત્ય અને શરણભૂત શું છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ તો એ પૂર્વક જ છે. જ્ઞાનીને તો ચૈતન્યના આશ્રયપૂર્વક એ બધા ભાવો છે. એટલે એ બધું, એ ભાવનાઓ યથાર્થ કહેવામાં આવે છે. અથવા એ બધા ભાવો દ્વારા પણ એ પોતાના ચૈતન્યના મહિમાને વધુ ને વધુ તીવ્ર કરે છે. ચૈતન્યનો મહિમા એટલે એક વાત નથી. ગુણસ્થાન અનુસાર લઈએ તો એની શરૂઆતથી માંડીને એની તીવ્રતાના પ્રકારો અસંખ્ય છે. જે ચૈતન્ય સ્વરૂપના મહિમાને લઈને સ્વરૂપમાં લીન થઈ જવાય છે, સ્વરૂપમાં ડૂબી જવાય છે, નિર્વિકલ્પ થઈ જવાય છે, એના મહિમાનો વિકલ્પ પણ રહેતો નથી એ નિર્વિકલ્પતાના પણ અસંખ્ય ભેદ લીધા. નિર્વિકલ્પતાના તારતમ્ય ભેદે (એટલા ભેદ લીધા) તો એ કહેવાની જરૂર નથી કે એ બધા મહિમાના ભેદ છે. એ કહેવાની જરૂર રહેતી નથી. મહિમા તો મહિમા છે અને એ તો જેટલો મહિમા વધે એટલો વધારી શકાય છે. જેટલો વધે એટલો વધારી શકાય છે.

પ્રશ્ન :- એમ કહેવાય ને કે ગુણશ્રેણી પણ મહિમાનો જ પ્રકાર છે ?

સમાધાન :- હા, મહિમાનો જ પ્રકાર છે. જેટલો મહિમામાં આવે એટલો સ્થિર થાય. એટલે મહિમા જ પમાડે છે. જે સિદ્ધાંત એમણે લીધો છે કે ચૈતન્યનો મહિમા પમાડે છે બીજી કોઈ ક્રિયા પમાડતી નથી. એ વાત અનુભવમાંથી નીકળેલી છે. આખું પરિણમન છે એનો મોટો ફેરફાર અહીંથી છે કે અનાદિનું નહીં ઓળખાયેલું જે આત્મતત્ત્વ એ ઓળખાતા એનો મહિમા આવ્યો એનો રસ-ચિદ્‌રસ ઉત્પન્ન થયો, મહિમામાં ચૈતન્યરસ ઉત્પન્ન થયો તો એ રસથી તું એકવાર જામી જઈશ-સ્થિર થઈ જઈશ. પછી તો આખું જીવન બદલાય છે, જાણે આખો એક નવો અવતાર થઈ ગયો, એક ભવમાં બે ભવ થાય છે. માણસ નથી કહેતા એક ભવમાં બે ભવ થયા. લૌકિક દૃષ્ટિએ તો કોઈ શ્રીમંત હોય ને ગરીબ થઈ જાય તો કહે છે કે બિચારાને એક ભવમાં બે ભવ થઈ ગયા. અથવા કોઈ એકદમ ગરીબ હોય એમાં શ્રીમંત થઈ જાય અથવા એવા ચડઊતરના પ્રસંગો અનેકવાર આવે તો કે એણે તો એક ભવમાં અનેક ભવ કર્યા છે એમ કહીએ. એટલે મોટા ફેરફાર છે, પરસ્પર વિરુદ્ધ ફેરફારો. એમ અનાદિનો જે સંસારરસ છે એ ઊડી જાય અને ચૈતન્યના મહિમાથી નવું જીવન શરૂ થાય એને 'ગુરુદેવશ્રી' એમ કહે છે કે એને નવો અવતાર થયો. જાણે કે એનો નવો અવતાર થયો ! સંસારના બધા રસ છૂટી ગયા અને હવે એ ચૈતન્યના રસમાં ઉજમાળ થયેલો જીવ છે, ચૈતન્યના રસમાં આગળ અને આગળ વધી જશે, આગળ ને આગળ વધતો જશે.

પ્રશ્ન :- બાહ્ય પદાર્થોનો જેટલો મહિમા આવે છે એટલો ચૈતન્યનો મહિમા કેમ નથી આવતો ?

સમાધાન :- કેમકે ઓળખાણ નથી. બાહ્ય પદાર્થોની ઓળખાણ એણે કરી લીધી છે કે આ તો હીરાનો દાગીનો છે, આ તો સોનું છે, આ તો રૂપિયાની નોટોના બંડલના થપ્પા છે. એમાં એણે મહિમા કરી રાખ્યો છે.

પ્રશ્ન :- એની પાછળ ભાવના તો એવી છે ને કે એ એને સુખનું કારણ છે ?

સમાધાન :- એણે સુખનું કારણ માન્યું છે પણ એ બધું મળતા સુખ મળતું નથી એવું પ્રત્યક્ષ જેને એ મળ્યું છે એની હાલત તપાસતા સાબિત થાય છે, પ્રત્યક્ષ જોવામાં આવે છે. એટલે એ સુખનું કારણ માનવા છતાં એ સુખનું કારણ નથી બન્યું

એ વાત હવે પૂરવાર કરવી પડે એવું રહેતું નથી. એ તો સ્પષ્ટ છે. અને પોતે જ તપાસે કે એક ચીજની ઇચ્છા થઈ હતી એ ચીજ મેળવી, હવે કોઈ (ચીજની ઇચ્છા નથી) એવો કોઈ અનુભવ થાય છે ? તપાસીને નક્કી કરી લેવું.

મુમુક્ષુ :– કેવા ઝાવાં મારે છે.

પૂજ્ય ભાઈશ્રી :– ખરી વાત છે ! આવતું નથી, વસ્તુતાએ તો કાંઈ આવતું નથી. કોઈ પદાર્થના દ્રવ્ય, ગુણ, પર્યાય કોઈ પદાર્થમાં કોઈ રીતે સ્પર્શ પણ કરે, આવવાનો ક્યાં પ્રશ્ન છે, સ્પર્શ પણ કરે એ વસ્તુસ્થિતિ નથી. આમ જો એ બરાબર જોવે તો એને એમ લાગે કે આ તો એક ભ્રમ થાય છે કે આનાથી મને સુખ, આનાથી મને સુખ, આનાથી મને સુખ એવો ભ્રમ થાય છે, વસ્તુતાએ એ કોઈ સુખના કારણો નથી. એક વખત એને સુખનું એ સાધન અને કારણ નથી એમ વસ્તુના વિજ્ઞાન અનુસાર, વસ્તુના સ્વરૂપ અનુસાર સમજાય તો એનો રસ વસ્તુના સ્વરૂપ જ્ઞાન અનુસાર ફિક્કો પડે. તો દર્શનમોહ ત્યાં મંદ પડે છે, ત્યાં દર્શનમોહ મંદ પડે છે. એને વસ્તુના જ્ઞાન અનુસાર, વસ્તુ સ્વરૂપના જ્ઞાન અનુસાર એનો મોહ મંદ પડવો જોઈએ. બસ ! તો એનું જ્ઞાન છે એ કાંઈક નિર્મળતા ધારણ કરે, કાંઈક ભૂમિકાની, પ્રાથમિક ભૂમિકાની નિર્મળતા ધારણ કરે. રાગરસ આ રીતે યથાર્થ પ્રકારે ઘટતા એને જ્ઞાનને પોતાનો જ જ્ઞાન સ્વભાવ કે જેનાથી પોતે અજાણ્યો છે, જેની ઓળખાણ એ કરી શક્યો નથી, ઓળખાણ કરવાની ક્ષમતા ને યોગ્યતા પણ કદી એણે પ્રાપ્ત કરી નથી એવી યોગ્યતામાં એ આવે.

ઓળખાણ કરવાની યોગ્યતામાં આવે કે આ જ્ઞાન–વિદ્યમાન વર્તતું જે જ્ઞાન એ જ્ઞાનના આધારે જ્ઞાન સ્વભાવ જોઈ શકાય છે–અવલોકી શકાય છે, ઓળખી શકાય છે અને જો એ એક અંશના આધારે એ અનંત જ્ઞાન સ્વભાવને સમજે. કારણ કે સ્વભાવ અનંત છે સ્વભાવ અધૂરો–અપૂર્ણ હોઈ શકે નહીં, તો એને અનંત ગુણની ખાણ હાથમાં આવે છે. એકલું જ્ઞાન હાથમાં નથી આવતું પણ જ્ઞાનગુણની સાથે અનંત ગુણની ખાણનો પત્તો એને લાગી જાય છે અને જો એકવાર એને ઓળખાણ થઈ તો એનું ભવન ફરી જાય છે–પરિણમન આખું ફરી જાય છે. કેમકે પછી અંદરથી એટલો મહિમા ઊછળીને આવે છે કે મહિમાને પછી રોકી શકાતો નથી. એ મહિમાના ફળમાં એને અભેદ સાક્ષાત અનુભૂતિ (થાય) છે અને એ વિના કદી કોઈને અનુભૂતિ

થઈ એ ત્રણકાળમાં બનતું નથી.

એટલે એ વાત છે કે **'ચૈતન્યના મહિમાપૂર્વક જેને વિભાવોનો મહિમા છૂટી જાય,...'** સર્વ વિભાવોનો મહિમા છૂટી જાય. બહારના પદાર્થોનો તો મહિમા ઘણીવાર છોડ્યો છે પણ જીવે વિભાવનો મહિમા કોઈવાર છોડ્યો નથી. એમાં–વિષયમાં શું સૂક્ષ્મતા છે ? કે બહારના પદાર્થો અશરણ છે, અનિત્ય છે, જીવને કામના નથી, કાંઈ એમાંથી સુખ આવતું નથી એમ ઓઘે ઓઘે સમજીને પણ એણે ત્યાગ કર્યો છે પણ જે વિભાવભાવો છે જેમાં કષાયની મંદતા વર્તે છે અને એને લઈને આકુળતાનો પારો નીચો આવેલો હોવાથી થોડી કષાયની મંદતાની માનસિક શાતા જેને ઊપજે છે એવા વિભાવભાવોનો મહિમા તો ક્યારેય એણે છોડ્યો નથી. છેવટે શું કર્યું છે ? કે બાહ્ય પદાર્થોનો ત્યાગ કર્યો છે પણ વિભાવોનો મહિમા એણે છોડ્યો નથી. એમ થવાનું શું કારણ ? કે વિભાવોનો મહિમા તો ત્યારે જ જાય છે કે જ્યારે સ્વભાવનો મહિમા આવે છે. સ્વભાવના મહિમા વગર પરપદાર્થોનો ત્યાગ થાય છે પણ સ્વભાવના મહિમા વગર વિભાવનો મહિમા કદી જતો નથી.

કોઈ એમ કહે કે, અમને કોઈ બાહ્ય પદાર્થનો મહિમા નહોતોને એટલે અમે કરોડપતિને ત્યાં જન્મ્યા હતાને તોપણ દીક્ષા લઈ લીધી. કરોડો છોડીને દીક્ષા લઈ લીધી. છોડી દીધું આ બધું. કરોડોને છોડીને સંન્યાસ લઈ લીધો, દીક્ષા લઈ લીધી તો કહે (છે), ઊભો રહે. પહેલા તો એ કરોડો તારા હતા જ નહીં. એ તો કોઈ પુણ્યના યોગે સંયોગ હતો પણ વિભાવભાવોનો મહિમા ગયો છે ? તમામ પ્રકારના વિભાવભાવ – એક સૂક્ષ્મ વિકલ્પથી માંડીને જેટલા પણ કોઈપણ પ્રકારના રાગના અંશો છે એમાં એક કણ પણ રાગનો જે છે એનો તને જ્યાં સુધી મહિમા છે ત્યાં સુધી તને સ્વભાવનો મહિમા નથી.

પ્રશ્ન :– એ કેવી રીતે ?

સમાધાન :– કેમકે વિભાવ તો મલિન છે. વિભાવ દુઃખરૂપ છે. વિભાવ સ્વયં દુઃખરૂપ છે અને વિભાવ સ્વયં મલિન છે. સ્વભાવ પવિત્ર છે અને સુખ સ્વરૂપ છે. બે સામા સામા છે તો બે સામા સામા હોય તો બન્નેનો મહિમા રહે ? કેવી રીતે રહે ? બન્નેનો મહિમા રહી શકે નહીં. આ સીધી વાત છે.

પ્રશ્ન :– ચૈતન્યના મહિમાપૂર્વક જેણે વિભાવનો મહિમા... તો ચૈતન્યનો મહિમા

અને વિભાવનો મહિમા બન્ને...?

સમાધાન :- બન્ને સાથે ન રહે એમ કહે છે. ચૈતન્યના મહિમાપૂર્વક વિભાવનો મહિમા છૂટી જવો જોઈએ. અનાદિથી જીવને વિભાવનો-રાગનો મહિમા છે. એને કોઈને કોઈ પ્રકારના રાગનો મહિમા છે. રાગની કિંમત એને જતી નથી. કારણ એ છે કે રાગરહિત એવો જે ચૈતન્ય સ્વભાવ, વીતરાગસ્વરૂપ એવો જે ચૈતન્ય સ્વભાવ એની એને ઓળખાણ નથી. જો રાગના અભાવ સ્વભાવી ચૈતન્ય સ્વરૂપની-ચૈતન્ય સ્વભાવની ઓળખાણ થાય તો રાગની મલિનતા એને સ્પષ્ટ જણાય, ચૈતન્યની પવિત્રતા પણ એને સ્પષ્ટ જણાય, ઓળખાય. તેથી બન્ને પરસ્પર વિરુદ્ધ હોવાને લીધે બન્નેનો મહિમા રહેતો નથી, રહી શકે પણ નહીં.

તો શું થયું છે ? કે બાહ્ય ત્યાગ તો એ પ્રકારના ઉદયને લઈને થઈ શકે છે. શેને લઈને ? એ પ્રકારના ઉદયને લઈને બાહ્ય ત્યાગ તો થઈ શકે છે. પણ વિભાવનો ત્યાગ એ ઉદયાધીન નથી. અહીંયાં શું ફરક છે ? વિભાવનો ત્યાગ તો જ્ઞાન અને પુરુષાર્થને આધીન છે, એ કાંઈ ઉદયને આધીન નથી. અહીંયાં અંદરનું કારણ જુદું છે. બન્નેમાં આખું કારણ જ જુદું છે. વિભાવથી છૂટવા માટે વિભાવનો મહિમા વિભાવની ઓળખાણથી જાય છે કે આ ચીજ દુઃખરૂપ છે, મલિન છે અને આના આધારે રહેવાથી તો એ આધાર શરણભૂત થાય એવી ચીજ નથી. એ પણ શરણભૂત નથી, એ પણ અનિત્ય અને અશરણભૂત છે. એ ભાવ પણ શરણભૂત નથી. ધ્રુવ ચૈતન્ય સ્વભાવ શરણભૂત છે કેમકે એ ધ્રુવ ચીજ છે. આ કાંઈ ધ્રુવ ચીજ નથી.

એટલે ચૈતન્યની મહિમાપૂર્વક (જ્યારે) વિભાવનો મહિમા એને છૂટી જાય ત્યારે **'ચૈતન્યની કોઈ અપૂર્વતા લાગવાથી...'**અહીંયાં આ એક બહુ અનુભવપૂર્ણ શબ્દ મૂક્યો છે કે, એને એ મહિમા લાગે ત્યારે એની અપૂર્વતા ભાસ્યા વિના રહે નહીં. જો કે છદ્મસ્થ જીવ છે, ત્રણકાળનું જ્ઞાન હજી એને થયું નથી પણ છતાં એને પોતાનો અનુભવ એમ કહે છે, અંદરથી એનો અનુભવ પોકાર કરે છે કે, આ જીવને અનંત ભૂતકાળ વ્યતીત થયો એવા અનંતકાળમાં ક્યારે પણ આવો ચૈતન્યનો મહિમા આવ્યો નથી. અપૂર્વતા, એનું નામ અપૂર્વતા છે, ઠીક ! કેવું જ્ઞાન થયું ! અનંતકાળનું જ્ઞાન થયું, આ પ્રકરણને વિશે તો એને અનંતકાળનું જ્ઞાન થયું. અપૂર્વતા એને આવે છે. ચૈતન્યના મહિમામાં કોઈ એવી અપૂર્વતા લાગવાથી એને સંસારનો મહિમા છૂટી જાય. સંસારનો

અને તમામ વિભાવોનો મહિમા છૂટી જાય. કોઈ સંસારની ચીજ અને કોઈ સંસારના કારણભૂત, આશ્રયભૂત કોઈ વિભાવનો મહિમા એને રહે નહીં. એવો જ કોઈ અદ્‌ભુત અને આશ્ચર્યકારક પદાર્થ આત્મા ચૈતન્ય સ્વભાવ પોતે છે, પોતે એવો છે. અદ્‌ભુત અને અદ્‌ભુતથી અદ્‌ભુત આશ્ચર્યકારક છે. એમ લીધું છે.

પ્રશ્ન :– ચૈતન્યની અપૂર્વતા લાગવાથી સંસારનો મહિમા છૂટી જાય એ દશા તો સમ્યગ્દર્શનની એકદમ નિકટ આવેલા જીવની હોય ને ?

સમાધાન :– હા, ઓળખાણમાં છે, એને સમ્યગ્દર્શનની સમીપતા છે, એને સ્વભાવની સમીપતા છે, એ સન્મુખ થઈ જાય છે ત્યારથી એ ઓળખાણમાં એને સ્પષ્ટ કહીએ તો શુદ્ધ સ્વરૂપના-આત્માના-ચૈતન્યના સંસ્કાર પણ એ વખતે પડી જાય છે. એ જ વખતે સંસ્કાર પડી ગયા. એને સંસ્કારનો પ્રશ્ન કોઈ શંકાનું સ્થાન રહેતું નથી. નિઃશંક થઈ જાય છે.

મુમુક્ષુ :– કાલ રાતના પ્રવચનમાં આવ્યું હતું ને ? નિશ્ચયના પ્રકરણમાં બધું આવ્યું હતું.

પૂજ્ય ભાઈશ્રી :– હા.

મુમુક્ષુ :– ૧૬૭ નંબરનો બોલ છે એમાં અચિંત્ય, અપૂર્વ ગુરુ વાણીથી..

પૂજ્ય ભાઈશ્રી :– **'વાણીથી અને વિભાવોથી જુદું છતાં કથંચિત્ ગુરુવચનોથી જાણી શકાય એવું જે ચૈતન્યતત્ત્વ તેની અગાધતા,...'** સ્વરૂપની–સ્વભાવની અગાધતા **'અપૂર્વતા,...'** પૂર્વે જોયું નથી, ઓળખ્યું નથી એવી અપૂર્વતા અને મનથી જે પાર વિષય છે. સીધો જ્ઞાનનો વિષય થાય છે, જ્ઞાનના આધારે જણાય છે, મનના આધારે જણાતું નથી. **'અચિંત્યતા શ્રીગુરુ બતાવે છે.'** એ ગુરુવચનોથી કથંચિત્ આ વિષય વ્યક્ત થાય છે. સર્વથા વ્યક્ત થવાનું સામર્થ્ય તો સર્વજ્ઞને દિવ્યધ્વનિમાં પણ નથી. પણ જે કથંચિત્ વ્યક્ત થાય છે એ પૂરું જણાય છે, જ્ઞાનમાં પરિપૂર્ણ જણાય છે ત્યારે એને ખરો મહિમા આવે છે એ બતાવે છે ને પોતે ઓળખે છે ત્યારે એને ખરો મહિમા આવે છે અને ત્યારે એને વિભાવ શું અને સ્વભાવ શું એ બન્ને વચ્ચેની ચોખ્ખે ચોખ્ખી, પૂરેપૂરી સ્વભાવ વિરુદ્ધતા છે એ એને સમજાય છે, ઓળખાય છે.

એક માણસ કાચના કટકાને હીરા માનીને ભેગા કરતો હોય એવી રીતે જીવ શુભભાવોનો ને વિભાવોનો સંગ્રહ કરે છે–પરિગ્રહ કરે છે, એ કાચના કટકા જેવી

વાત છે. જ્યારે એને કોઈ સાચા હીરા બતાવે છે પછી એ કાચના કટકાને તિજોરીમાં રાખતો નથી. કે આની કોઈ કિંમત નથી આનું કાંઈ આવે એવું નથી, વેચવા જતાં કોઈ એના પૈસા દે એવું નથી એને તિજોરીની બહાર કાઢે છે. આ તિજોરી તો કિંમતી પદાર્થ રાખવા માટેની છે એની જગ્યા મફતના કાંકરાથી ને કાચના કટકાથી રોકી શકાય નહીં. તો સાચા હીરા જેને મળે એ તિજોરીમાં સાચા હીરા રાખે. એ પછી વિભાવોને સ્થાન આપે નહીં. એમ પહેલા વિભાવોને સ્થાન આપ્યું છે એ કાચના કટકાને હીરા માનીને આપી દીધું છે. એ ઓળખાણથી ફેર પડી જાય છે.

મુમુક્ષુ :- એ બધું કાઢી નાખવાનું.

પૂજ્ય ભાઈશ્રી :- કાઢી નાખવાનું. એક એવું દૃષ્ટાંત આવે છે. બે મિત્રો હોય છે એમાં એક મિત્રનું દેહાંત થાય છે ત્યારે એના પુત્રને એણે મરતા પહેલા કહ્યું હોય છે કે આ એક હીરો છે. આમ તો વેચવા જેવો નથી પણ કોઈ એવો વખત આવી પડે, નિર્ધનતા આવી પડે તો આ ફલાણો ફલાણો મારો મિત્ર છે એને વેચજે બીજાને વેચતો નહીં. કેમકે તને હીરાની ખબર પડતી નથી ને કોઈ તને એની કિંમત પૂરી ન આપે છેતરી જાય એટલે આ ઝવેરી છે એની મારફત તું વેચજે અથવા એને વેચજે પણ આડેઅવળે જઈને આપતો નહીં. હવે એ ખરેખર હીરો નહોતો, હતો કાચનો કટકો પણ પેલાને ખબર નહોતી. એણે તો ખાલી હીરો માનીને સાચવી રાખ્યો હતો. પછી એવો વખત આવ્યો એટલે ગયો એની પાસે કે, તમારા મિત્ર અને મારા પિતાશ્રી આવી વાત કરીને ગયા છે એટલે આ હીરો હું તમારી પાસે વેચવા આવ્યો છું, મને એની યોગ્ય કિંમત મળે તો મારી તકલીફો બધી દૂર થઈ જાય.

પેલાએ જોયું કે આ હીરો નથી, આ તો કાચનો કટકો છે. આને જો હું કહીશ કે આ હીરો નથી ને કાચનો કટકો છે તો એને બીજો ધક્કો લાગશે. પછી એને ખ્યાલ આવ્યો કે મારો મિત્ર છે એ થોડો વિચક્ષણ હતો એટલે એણે ઇરાદાપૂર્વક આ યુક્તિ ગોઠવી છે. એણે કહ્યું કે જો તારે હીરો વેચવાની જરૂર નથી. કિંમતી ચીજ કાંઈ વારંવાર ખરીદાતી નથી એટલે આવી ચીજ કાંઈ વટાવી નખાય નહીં. હીરો રાખી લે તારી પાસે. હીરો એમ ને એમ રાખ તારે પૈસાની જરૂર હોય તો લઈ જા મારી પાસેથી પણ એક શરત કે તું હવે મારી દુકાને બેસીને ઝવેરાત પારખવાનો ધંધો તું શીખી જા. આ કળા શીખી જા તો Automatic તને પછી આ ધંધાની

અંદર આપોઆપ પૈસા મળશે, તારે હીરો વેચવા જવો પડશે નહીં અને તારી બધી તકલીફ તારા સ્વતંત્રપણે દૂર થઈ જશે. તારે પછી કોઈની પાસે લાંબો હાથ કરવો પડશે નહીં. એ નિમિત્તે એને પોતાની સાથે લીધો. એ કુશળ ઝવેરી થઈ ગયો પછી તો પૈસા પણ થઈ ગયા, બધું થઈ ગયું. એને એમ થયું બાપા જે હીરો મૂકી ગયા છે ઇ જોવા દે કેટલી કિંમતી વસ્તુ મૂકી ગયા છે ? પહેલા તો ખબર નહોતી પડતી હવે હું તો એની કિંમત આંકુ. જોયું તો કાચનો કટકો નીકળ્યો. એણે વાત કરી એના મિત્રને, આમાં તો આમ છે. આમ કેમ થયું ? તો કહે, બહુ સમજણપૂર્વક થયું છે. એટલે જ તને એ વેચવાની ના પાડી હતી. એ વખતે તને એમ કીધું હોત કે આનું કાંઈ આવે એવું નથી, ફેંકી દે ગટરમાં તો તારા માનસને બહુ આઘાત લાગત.

એમ એક વિચક્ષણતાથી એ વાતને જેમ એ હલ કરે છે એમ જ્ઞાની પણ સ્વરૂપને ઓળખાવવા માટે અનેક પ્રકારે યુક્તિ કરે છે. અનેક પ્રકારે જે વાત કરે છે એ જીવને ઓળખાવવા માટે વાત છે અને જ્યાં ઊભો છે ત્યાંથી એને આગળ લઈ જવો છે, એની શ્રદ્ધાને એવો કોઈ ધક્કો મારીને પાડી દેવો નથી. કેમકે આ વિષય તો ઉદય-પુણ્યનો યોગ હોય તો અનેક પ્રકારની યોગ્યતાવાળા જીવને આ વિષય સમજવા માટે સામે આવે છે. વિભિન્ન યોગ્યતામાં આ વિષય કેવી રીતે સમજાવવો એની યુક્તિ-પ્રયુક્તિ, વિચક્ષણતા જ્ઞાનીઓ જાણે છે અને એ રીતે સામા માણસને Handle કરે છે.

મુમુક્ષુ :– જ્ઞાનીઓની તો અગાધ કરુણતા દેખાય છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, અગાધ કરુણતા છે. 'શ્રીમદ્જી'એ એક જગ્યાએ તો બહુ લખ્યું છે. એ વિષયની કરુણતા કેટલી હોય છે એના ઉપર તો એવું ભાગ્યે જ વાંચવા મળે, જોવા મળે એવો વિષય છે. ૪૩૦ નંબરનો પત્ર છે. **'કોઈપણ જીવ પરમાર્થ પ્રત્યે માત્ર અંશપણે પણ...'** પ્રાપ્ત થાય. પરમાર્થનો એને અંશ પણ પ્રાપ્ત થાય તે થવાના **'કારણને પ્રાપ્ત થાય...'** એવા પ્રસંગને પ્રાપ્ત થાય. કોઈપણ જીવ પરમાર્થ પ્રત્યે માત્ર અંશપણે પણ પ્રાપ્ત થવાના કારણને પ્રાપ્ત થાય **'એમ નિષ્કારણ કરુણાશીલ એવા ઋષભાદિ તીર્થંકરોએ પણ કર્યું છે.'** ભગવાન અને તીર્થંકરોના નામ લઈને (વાત કરી છે). આદિ તીર્થંકરથી વાત લીધી. **'કારણ કે સત્પુરુષોના સંપ્રદાયની સનાતન એવી કરુણાવસ્થા હોય છે...'** આ સત્પુરુષનો સંપ્રદાય છે એમ કહેવું છે. એટલે તમામ સત્પુરુષ, કોઈપણ સત્પુરુષના સમૂહમાંથી કોઈને પણ લઈ લ્યો એમ કહે છે. બધાની

આ સ્થિતિ છે. **'કારણ કે સત્પુરુષોના સંપ્રદાયની...'** હોં ! પેલા સંપ્રદાયની નહીં, વાડાની નહીં. સત્પુરુષોના સંપ્રદાયની સનાતન એટલે ત્રણેયકાળે એવી કરુણ અવસ્થા હોય છે કે **'સમયમાત્રના અનવકાશે આખો લોક આત્માવસ્થા પ્રત્યે હો,...'** એક સમયનું મોડું થયા વિના, સાદી ભાષામાં કહીએ તો, પોતે બહુ સાહિત્યની પરિભાષાથી વાત લીધી છે. **'સમયમાત્રના અનવકાશે...'** એટલે અવકાશ એટલે ખાલી જગ્યા. અન અવકાશ એટલે ખાલી જગ્યા ન પડે. એટલે અત્યારે જ. અત્યારે જ આખો લોક જગતના અનંતા અનંત જીવો **'આત્માવસ્થા પ્રત્યે હો,...'** બધાને આત્મઅવસ્થા પ્રાપ્ત થાઓ. આ તીર્થંકરત્વની ભાવના છે. તીર્થંકર આ ભાવનાથી તીર્થંકરના પુણ્ય બાંધે છે. તીર્થંકરના નામકર્મ ને ગોત્રકર્મને જે બાંધે છે એ આ ભાવનાથી બાંધે છે કે જગત અનઅવકાશ, સમયના એક અવકાશ વગર પણ આખા જગતના બધા જીવોને આત્મઅવસ્થાની પ્રાપ્તિ હો.

મુમુક્ષુ :- છ પદના પત્રમાં પણ આવે છે ને નિષ્કારણ કરુણાશીલ..

પૂજ્ય ભાઈશ્રી :- નિષ્કારણ કરુણાશીલ. **'સમયમાત્રના અનવકાશે આખો લોક આત્માવસ્થા પ્રત્યે હો, આત્મસ્વરૂપ પ્રત્યે હો; આત્મસમાધિ પ્રત્યે હો, અન્ય અવસ્થા પ્રત્યે ન હો, અન્ય સ્વરૂપ પ્રત્યે ન હો, અન્ય આધિ...'** વ્યાધિ, ઉપાધિ **'પ્રત્યે ન હો; જે જ્ઞાનથી સ્વાત્મસ્થ પરિણામ હોય છે, તે જ્ઞાન સર્વ જીવો પ્રત્યે પ્રગટ હો, અનવકાશપણે સર્વ જીવ તે જ્ઞાન પ્રત્યે રુચિપણે હો, એવો જ જેનો કરુણાશીલ સહજ સ્વભાવ છે, તે સંપ્રદાય સનાતન સત્પુરુષોનો છે.'** આટલો ટુકડો નાખ્યો છે.

મુમુક્ષુ :- એટલે એક સત્પુરુષને જાણ અને જો તને મોક્ષ ન મળે...

પૂજ્ય ભાઈશ્રી :- બને નહીં. ન ભૂતો ન ભવિષ્યતિ. એ તો કહ્યું ને, સત્પુરુષનો સંગ પ્રાપ્ત થાય અને આ જીવને દારિદ્રય રહે, ક્યુ દારિદ્રય ? આત્મિક દારિદ્રય રહે એટલે આત્મગુણની પ્રાપ્ત ન થાય અને અવગુણનું દારિદ્રય રહે એમ બને તો આ જગતમાં તે અગિયારમું આશ્ચર્ય છે. 'શ્રીમદ્જી'ની શૈલી એવી જોરદાર શૈલી છે. અગિયારનું આશ્ચર્ય છે. એવું કોઈ 'દી બને નહીં. પણ અમને તો સત્પુરુષ મળ્યા છે ને હજી દારિદ્ર ગયું નથી. તને સત્પુરુષ મળ્યા નથી. આમ વાત છે. તેં સત્પુરુષને ઓળખ્યા નથી. તું ઓળખ અને તારું દારિદ્રય રહે એ તો જગતમાં અગિયારમું આશ્ચર્ય છે. એ તો જગતમાં દસ જ આશ્ચર્ય છે, અગિયારમું છે નહીં. આમ કોઈ 'દિ બને

નહીં અને એવું બને ઇ અમે માનવા તૈયાર નથી. એમ કહે છે.

મુમુક્ષુ :– સત્પુરુષના મહિમામાં આત્માનો મહિમા આવી જાય છે.

પૂજ્ય ભાઈશ્રી :– આવી જાય છે. સીધી વાત છે. સત્પુરુષ છે એ પ્રગટ સત્ છે, પ્રગટ–વ્યક્ત સત્ છે અને આત્મા તો અવ્યક્ત સત્ છે. પ્રગટ સત્ ઓળખાય એ સત્‌ની જાતને ઓળખ્યો છે એ અપ્રગટ સત્‌ને ઓળખ્યા વિના રહેશે નહીં. એમ વાત છે. કેમકે જાત તો બન્નેની એક છે. અપ્રગટ હજી ન ઓળખાય કેમકે તે પ્રગટ નથી થયું પણ પ્રગટ થયું છે એ તો ઓળખાય એવી શક્યતા ઊભી થઈ કે ન થઈ ? કે થઈ. હવે જો તું ઓળખ તો તારો બેડો પાર છે, ન ઓળખ તો એના જેવી કોઈ બીજી દુર્ભાગ્યપણાની નિશાની નથી. સીધી વાત એ છે. ઇ તો એમને લખવાનો જે વિચાર આવ્યો છે એમાં જે ભાઈ ઉપરનો પત્ર છે એને કોઈ બીજાને પ્રત્યે કરુણા કરવા જેવી છે એવી કોઈ વાતની ભલામણ લખી છે.

૪૩૦ 'સોભાગભાઈ' ઉપરનો કાગળ છે, 'સોભાગભાઈ'. 'લીમડી'ના કોઈ ભાઈ છે એને વિશે (લખ્યું છે). એમ કે **'લીમડી વિષે જે આપને વિચાર રહે છે, તે કરુણા ભાવના કારણથી રહે છે, તે અમે જાણીએ છીએ.'** પણ અમારો સંપ્રદાય જ એવો છે–સત્પુરુષોનો સંપ્રદાય જ એવો છે કે જેની ભાવનામાં તો અત્યારે જ આખું જગત આત્મસમાધિને, આત્મભાવને, આત્મગુણને પામો અને એથી વિરુદ્ધપણું એનું ચાલ્યું જાવ એવી ભાવનાવાળો અમારો સંપ્રદાય છે. એવી અનંત નિષ્કારણ કરુણા સત્પુરુષોના હ્રદયમાં સદાય હોય છે. એટલે એમ કે **'આપના અંતઃકરણમાં એવી કરુણાવૃત્તિથી લીમડી વિષેનો વારંવાર વિચાર આવ્યા કરે છે, અને આપના વિચારનું એક અંશ પણ ફળ પ્રાપ્ત થાય અથવા તે ફળ પ્રાપ્ત થવાનું એક અંશ પણ કારણ ઉત્પન્ન થાય તો આ પંચમકાળમાં તીર્થંકરનો માર્ગ બહુ અંશે પ્રગટ થવા બરોબર છે, તથાપિ તેમ થવું સંભવિત નથી અને તે વાટે થવા યોગ્ય નથી એમ અમને લાગે છે. જેથી સંભવિત થવાયોગ્ય છે અથવા એનો જે માર્ગ છે, તે હાલ તો પ્રવૃત્તિના ઉદયમાં છે;...'** પોતે પ્રવૃત્તિમાં છે ને ? પ્રવૃત્તિના ઉદયમાં છે.

**'અને તે કારણ જ્યાં સુધી તેમને લક્ષગત નહીં થાય ત્યાં સુધી બીજા ઉપાય તે પ્રતિબંધરૂપ છે, નિઃસંશય પ્રતિબંધરૂપ છે.'** કોઈ સાધુ હશે એમ લાગે છે. અમે પ્રવૃત્તિમાં છીએ ઇ ઓળખશે નહીં. ઓળખશે નહીં ત્યાં સુધી એ કાંઈ એને કિંમત

આવે એવું નથી. બહુ વાતો લખી છે.

**'ચૈતન્યની કોઈ અપૂર્વતા લાગવાથી સંસારનો મહિમા છૂટી જાય, તે ચૈતન્યની સમીપ આવે છે.'** સીધો જ જવાબ છે, તરત જ છે. એવો જીવ ચૈતન્યની સમીપ આવી જાય છે, એને ચૈતન્ય સ્વભાવની અનુભૂતિ વિશેષ દૂર નથી. ઓળખાણથી એને અનુભૂતિ દૂર નથી. કેમકે અનુભૂતિસ્વરૂપ ચૈતન્યપિંડ, સહજ પ્રત્યક્ષ અનુભૂતિસ્વરૂપ ચૈતન્યપિંડ પોતે જ છે એમ એને ભાસ્યું છે. પછી એના અભેદભાવથી એ લાંબો કાળ દૂર રહે એ પરિસ્થિતિ પરિણામની રહી શકતી નથી. એ ચૈતન્યની સમીપ આવે છે.

**'ચૈતન્ય કોઈ અપૂર્વ ચીજ છે,...'** ફરીને લીધું. અપૂર્વતા લાગવાથી લીધું ને ? ચૈતન્ય કોઈ અપૂર્વ ચીજ છે. આ મારું સ્વરૂપ ભાસ્યું (એ) અપૂર્વ વસ્તુ છે. કદી જોઈ નહોતી એવી વસ્તુ છે. ગજબનો કોઈ અદ્ભુત આશ્ચર્યકારી પદાર્થ છે !! આ ભગવાનની જે પ્રતિમા છે ને એમાં એ વિષય છે કે જે એમાં સ્થિરતા છે, એક સમય સ્થિરતા મેળવવી એ ગમે એવા શક્તિશાળીનું પાણી ઊતરી જાય એવો વિષય છે, જે સાદિઅનંત (કાળ) સ્થિર રહ્યા. કેવી અદ્ભુત ને આશ્ચર્યકારી દશા છે ! આ પ્રતિમા એનું પ્રતિક છે. એ સ્થિતિનું પ્રતિક છે. એને જોતા તો અદ્ભુત અને આશ્ચર્યકારી એ સ્વરૂપ સ્થિરતાનો મહિમા ઊછળે એવી ચીજ છે. આખી એક લાઇન જુદી છે.

એ **'ચૈતન્ય કોઈ અપૂર્વ ચીજ છે; તેની ઓળખાણ કરવી,...'** અને પછી **'તેનો મહિમા કરવો.'** ઓળખાણ કરીને મહિમા કરવો. એ રીતે ઓળખાણથી જો સ્વરૂપ મહિમા થાય તો એને ચૈતન્યની સમીપતા થઈને પરિપૂર્ણ સિદ્ધિ, નિર્વાણપદ સુધીની બધી અવસ્થાઓ એને ક્રમે કરીને પ્રગટે છે એને માટે એને કોઈ શંકા રહેતી નથી.

(વિશેષ લઈશું...)

જેમ કોઈ રાજમહેલને પામી પાછો બહાર આવે તો ખેદ થાય, તેમ સુખધામ આત્માને પામી બહાર આવી જવાય તો ખેદ થાય છે, શાંતિ અને આનંદનું સ્થાન આત્મા જ છે, તેમાં દુઃખ અને મલિનતા નથી - એવી દૃષ્ટિ તો જ્ઞાનીને નિરંતર રહે છે. ૧૭૨.

તા. ૨૫-૭-૧૯૮૭, વચનામૃત-૧૭૨
પ્રવચન નં. ૧૨૮

'બહેનશ્રીનાં વચનામૃત' પાનું ૫૩. ૧૭૨ બોલ. ધર્માત્માની જ્ઞાનદશા કેવી હોય છે (તે સંબંધિત) અનેક પડખેથી આ શાસ્ત્રમાં વર્ણન મળે છે. એમ કહે છે, **'જેમ કોઈ રાજમહેલને પામી પાછો બહાર આવે તો ખેદ થાય, તેમ સુખધામ આત્માને પામી બહાર આવી જવાય તો ખેદ થાય છે,...'** કઈ સ્થિતિની વાત છે ? શુદ્ધોપયોગ–શુદ્ધોપયોગમાં જે નિર્વિકલ્પદશાનો આનંદ છે ત્યારે ઉપયોગ દ્વારા જ્ઞાની આત્મામાં અંતર્લીન છે. એ ઉપયોગ જ્યારે બહાર આવે છે ત્યારે એ બહાર આવવું એ એમના અભિપ્રાયની વિરુદ્ધ છે. એમને બહાર આવવું નથી અને બહાર આવી જવાય છે. **'બહાર આવી જવાય'** એવો શબ્દ વાપર્યો છે. એમ સૂચવે છે કે બહાર આવવું નથી પણ બહાર આવી જવાય છે.

જ્ઞાની આખે આખા બહાર આવી જાય છે એમ તો નથી. ઉપયોગ અને જે ચારિત્રના પરિણામ છે એની અંદર ફેર પડે છે. ચારિત્રના પરિણામ રાગાદિરૂપ ઉત્પન્ન થાય છે અને ઉપયોગમાં સ્વજ્ઞેય છૂટીને પરજ્ઞેયનું ઉપયોગને આલંબન આવે છે. પરિણતિને તો શુદ્ધાત્માનું આલંબન રહે જ છે. જ્ઞાનની પરિણતિને, ચારિત્રની પરિણતિને, સુખની પરિણતિને એને અને શ્રદ્ધાને તો સર્વાંગે શુદ્ધ ચૈતન્ય સ્વરૂપનું

આલંબન છે અને એ આલંબન તો સર્વાંશે છૂટે તો જ્ઞાનદશા ન રહે પણ મિથ્યાત્વની અને અજ્ઞાનની દશામાં આવી જવાય. પણ એવું તો જ્ઞાનીને બનતું નથી.

અહીંયાં જે વાત લીધી છે એ એટલી મર્યાદિત છે, અપેક્ષિત છે, ઉપયોગથી (છે), ઉપયોગને અપેક્ષિત વાત છે. એ શુદ્ધોપયોગની અપેક્ષાએ જેમ કોઈ રાજમહેલને પામીને પાછો બહાર આવે એટલે કોઈએ કહ્યું કે જાવ આમાં રાજમહેલમાં તમે આનંદ કરો, રાજમહેલને સુખેથી ભોગવો. વળી કોઈ એમ કહે કે ભાઈ ! ભૂલ થઈ ગઈ. નીકળો બહાર અહીંયાંથી, તમને અહીંયાં ક્યા વળી આવવા દીધા ? તો જ્યારે રાજમહેલ મળ્યો ત્યારે આનંદ થાય. સારું ઘર મળે તો આનંદ થાય, રાજમહેલનો તો ક્યાં સવાલ છે ? અને પછી એમાં હક નથી, એમાં પગ મૂકવાનો નથી એમ નક્કી થાય તો એક સારી ચીજ મળ્યા પછી ગુમાવવાનો જે ખેદ થાય છે; દૃષ્ટાંતમાં એટલો મુદ્દો છે કે, એક બહુ સારી ચીજની પ્રાપ્તિ થયા પછી એ ચીજ ગુમાઈ જાય તો એનો ખેદ થાય છે. એવી જ રીતે કોઈ દસ-વીસ લાખનો હીરાનો દાગીનો ખરીદ્યો હોય અને એ વાપરે ન વાપરે ને કોઈ ચોરી જાય તો ખેદ થાય છે કે, અરે...! આ ચીજ કેટલા આનંદથી પહેરતા ! કેટલો આનંદ હોત ! અને કેટલા આનંદ માટે આ વાત ખરીદી હતી. આ તો ક્યાં કોઈ ઉપાડી ગયું, કાંઈ પત્તો લાગતો નથી. ખેદ થાય કે ન થાય માણસને ? એક દૃષ્ટાંતરૂપ છે. અહીંયાં તો જે છે એ કોઈ પુદ્‌ગલિક ચીજ મળી છે ને ચાલી જાય છે એમ વાત નથી પણ એક દૃષ્ટાંત, કોઈ એક મુદ્દાથી મર્યાદિત વાત છે.

એમ **'સુખધામ આત્માને પામી...'** અનંત સુખનું ધામ છે એમાં જ્યારે શુદ્ધોપયોગ થાય છે ત્યારે ચારિત્રની એકાગ્રતા થાય છે ત્યારે સર્વ ગુણોના, સમગ્ર અનંત ગુણોનું પરિણમન સ્વરૂપાશ્રિત થાય છે અને એ સ્વરૂપાશ્રિત પરિણામમાં નિર્જરા પણ વિશેષ છે, શુદ્ધિ પણ વિશેષ છે, આનંદ, શાંતિ, સુખનો અનુભવ પણ વિશેષ પ્રકારે છે. એ શુદ્ધોપયોગ છે એ જ મોક્ષનું કારણ છે. જેમ શુદ્ધોપયોગમાં જ ગુણસ્થાન વૃદ્ધિગત થાય છે, ઉપરનું ગુણસ્થાન પ્રાપ્ત થઈ શકે છે. સવિકલ્પ ઉપયોગમાં કોઈ ચોથામાંથી પાંચમામાં આવે એમ બનતું નથી. એટલે મોક્ષમાર્ગી જીવને પણ શુદ્ધોપયોગ ક્યારે થાય છે ? કે જ્યારે પુરુષાર્થનું જોર વધે છે, પુરુષાર્થ એકદમ વધે છે ત્યારે શુદ્ધોપયોગ થાય છે. અને એ પુરુષાર્થના વધતા તબક્કામાં જ ગુણસ્થાન ઉપર ગુણસ્થાન,

ગુણસ્થાન ઉપર ગુણસ્થાન બદલાઈને ઉપર ઉપરના ગુણસ્થાનની પ્રાપ્તિ થાય છે.

'પ્રવચનસાર' જેવા અધ્યાત્મ શાસ્ત્રમાં તો 'કુંદકુંદાચાર્યદેવ' એમ કહે છે કે, આ શુદ્ધોપયોગ છે એ જ મોક્ષનું કારણ છે માટે અમને તો શુદ્ધોપયોગ જ હો ! અમને તો શુદ્ધોપયોગમાંથી બહાર નીકળવાનો અમારો અભિપ્રાય છે નહીં. એ અપેક્ષાએ શુદ્ધોપયોગમાં બહાર નીકળવાનો કોઈ સાધકનો અભિપ્રાય નથી. તેમ છતાં જ્યાં સુધી સાધકદશા છે ત્યાં સુધી શુદ્ધોપયોગ ક્ષણવર્તી રહે છે ને પાછો બહાર નીકળી જાય છે. મુનિદશામાં પણ સાતમાં ગુણસ્થાને શુદ્ધોપયોગ થાય છે અને ક્ષણમાત્રમાં પાછા એ છઠ્ઠા ગુણસ્થાનમાં સવિકલ્પ દશામાં આવી જાય છે. નીચેના ગુણસ્થાનમાં તો એટલી સ્થિરતાનો પ્રશ્ન રહેતો નથી.

પ્રશ્ન :– આવી મહાન ચીજ જોઈ પછી બહાર કેમ આવી જવાનું થાય છે ?

સમાધાન :– બહાર આવવું નથી પણ એટલી પોતાની નબળાઈ છે, પુરુષાર્થની નબળાઈ છે. વીતરાગતા એટલી પ્રાપ્ત નથી. હિસાબકિતાબ મૂકો તો તો સમજાય એવું છે કે બહાર કેટલો કાળ રહ્યો જીવ ? (અનંતકાળ). એક પથરો ઉનાળામાં આખો દિવસ તપ્યો હોય અને સાંજે છ વાગે એના ઉપર છાયો આવે. આ ઓટલે બેસે છે ને ? આ તો ગરમ છે. પછી ત્યાં ઇ પ્રશ્ન થાય છે કે આ છાયો છે ને શું કરવા ગરમ છે ? તો હિસાબ મૂકે તો ખબર પડે કે આખો દિવસ તડકે તપેલો છે માટે અત્યારે ગરમ છે. એમ જ્ઞાનીને પણ જ્ઞાનદશાને વિશે અનંતકાળથી જે અશુદ્ધ પરિણમનના સંસ્કાર છે, અશુદ્ધ પરિણમન અનંતકાળ સેવ્યું છે એ અશુદ્ધ પરિણમન જતાં ક્રમ પડે છે. ક્રમશઃ એ અશુદ્ધતા ઘટતી... ઘટતી... ઘટતી... ઘટતી સર્વનાશ પામે છે. એકસાથે કોઈપણ જીવને, અનંત જીવો સિદ્ધિને વર્યા એમાં એક પણ એવો દાખલો નથી કે એકસાથે સમ્યગ્દર્શન થયું (અને) એ જ વખતે એનો મોક્ષ થઈ ગયો, એવો એકપણ દાખલો નથી. કોઈ દિવસ એવું બનતું નથી. કોઈ જીવને માટે ત્રણે કાળને વિશે બનતું નથી અને એનું કારણ આ છે.

એટલી વાત જરૂર છે કે અનંતકાળની અશુદ્ધિમાં દોષને સેવ્યા છતાં એને કાઢવા માટે અનંતકાળ નથી જોઈતો. એટલો લાભ જરૂર છે અથવા એટલી વિશેષતા પુરુષાર્થની સમ્યક્ પરિણમનની છે કે ઊંધું અસમ્યક્ પરિણમન અનંતકાળ કર્યું છે તોપણ એનો નાશ કરવા માટે અનંતકાળની જરૂર પડતી નથી. શ્રદ્ધાને તો એક જ

સમય લાગે છે. જે અશ્રદ્ધારૂપ સૌથી મોટો દોષ છે, મિથ્યા શ્રદ્ધારૂપ સૌથી મોટો દોષ છે એ સૌથી મોટો દોષ એક જ સમયમાં વ્યતીત થાય છે, એમાં ક્રમ પડતા નથી. પણ ચારિત્ર, સુખ, જ્ઞાન, પુરુષાર્થ એ વગેરે ગુણોની પરિણમનની પૂર્ણતા થવામાં અવશ્ય ક્રમ પડે છે. એમાં કોઈના વશની વાત નથી કે એમાં અક્રમે સીધો જ કોઈનો મોક્ષ થાય.

અત્યારે એક પંથ ચાલે છે – અક્રમે મોક્ષ થવાનો. અક્રમ માર્ગનો. 'દાદા ભગવાન' આવે છે. 'દાદા ભગવાન'નો ચાલે છે. 'દાદા ભગવાન'ના નામે આજે પ્રસિદ્ધ છે.

મુમુક્ષુ :– જુદી જ જાતની વાત કરતા હતા..

પૂજ્ય ભાઈશ્રી :– હા, ઇ બધો ખીચડો છે, બધો ખીચડો છે. ઇ તો પરિસ્થિતિ હોય જ ક્યાંથી ? મૂળમાં જ ક્યાંય વાત નથી ત્યાં પ્રશ્ન રહેતો નથી. 'સોનગઢ' પૂજ્ય 'બહેનશ્રી' પાસે આવ્યા હતા. 'પાલીતાણા'થી એમના અનુયાયીઓને લઈને પૂજ્ય 'બહેનશ્રી' પાસે આવ્યા હતા. અહીંયાં આવ્યા હતા, એક વખત વાત કરતા હતા, એમ કહેતા હતા કે, 'મેં અત્યાર સુધી પચ્ચીસ હજાર મનુષ્યોને સમ્યગ્દર્શનની પ્રાપ્તિ કરાવી છે.' હમણાં કો'ક કહેતા હતા કે ઇ આંકડો હવે પચ્ચીસ હજારમાંથી સાઠ હજારનો થયો છે.

મુમુક્ષુ :– મેં કરાવ્યું..

પૂજ્ય ભાઈશ્રી :– મેં કરાવ્યું છે. મેં સમ્યગ્દર્શન આપ્યું. હજારો માણસોને મેં સમ્યગ્દર્શન આપ્યું. સમ્યગ્દર્શન મેળવવાની લાલચે ભોળા જીવો ફસાય છે. આમ તો 'શંકર'ની આરતી ઉતારે છે ને 'ગણપતિ'ની આરતી ઉતારે છે ને આમ કુદેવને પણ માને છે. હજી તો જેને વીતરાગ દેવ-ગુરુ-શાસ્ત્રના નિર્ણયના ઠેકાણા નથી એનું તત્ત્વજ્ઞાન કોઈ સાચું હોય (એમ બને નહિ). કો'કના ઘરની વાત જરૂર કરે છે 'શ્રીમદ્'માંના ફકરા ઘણાં બોલે છે. 'શ્રીમદ્'ના વચનામૃતોમાંથી, પત્રોમાંથી ઘણીવાર તો બોલે છે.

મુમુક્ષુ :– 'શુદ્ધાત્મા' શબ્દ વાપરે છે..

પૂજ્ય ભાઈશ્રી :– હા, જૈનદર્શનના શાસ્ત્રીય પરિભાષાના ઘણાં શબ્દોનો પ્રયોગ કરે છે. એટલે લોકોને એમ થાય છે કે આની પાસે પણ કાંઈક (છે). આમ તો શું છે કે આમ સમાજ–જનતા આ વિષયથી અજાણી છે. એટલે અધકચરા જે હોય એની

પણ પોલ ચાલે છે. જેને આમાં દુકાનદારી કરવી હોય અને દુકાન માંડવી હોય તો એના પુણ્ય પ્રમાણે સૌનું ચાલે છે. જેમ દુકાન માંડે ને ઓળખીતો - વગર ઓળખીતો કોઈ ને કોઈ ઘરાક આવે જ. આ એના જેવું છે. એ ચાલે છે, એના પુણ્ય છે ત્યાં સુધી ચાલે. એમાં કોઈ દેવ, ગુરુ, શાસ્ત્રનો નિર્ણય પણ જોવામાં આવતો નથી. એ તો કોઈને માટે પણ એમ સમજવું કે જ્યાં દેવ, ગુરુ, શાસ્ત્રની ભૂલ થઈ એટલે એના તત્ત્વજ્ઞાનની સત્યતા-અસત્યતા માટે કોઈ પરીક્ષા કરવાની જરૂર રહેતી નથી. થઈ ગઈ પરીક્ષા, વાત પૂરી થઈ ગઈ. ગમે એટલા પછી એના શાસ્ત્રો હોય, એ શાસ્ત્રોને ભલે અંગ-પૂર્વના નામ આપ્યા હોય, એમાં ભલે 'ગૌતમ ગણધર' અને 'મહાવીરસ્વામી'ના સંવાદો હોય. જ્યાં દેવ, ગુરુ, શાસ્ત્રમાં ભૂલ થઈ એક્કે વાત સાચી હોઈ શકે નહીં. એ બધી મૂળ તત્ત્વમાં સ્થૂળ ભૂલ છે. ચાહે પછી એ સંપ્રદાયોમાં દિગંબર હોય, શ્વેતાંબર હોય કે ચાહે એ પછી એ 'ગુરુદેવ'ના અનુયાયી હોય જ્યાં દેવ, ગુરુ, શાસ્ત્રની ભૂલ થઈ ગઈ (એ) બહુ મોટી ભૂલ થઈ ગઈ. તત્ત્વજ્ઞાનનો વિષય, સિદ્ધાંતજ્ઞાનનો વિષય એની પાસે ખચીતપણે હોઈ શકે નહીં. એવો વિષય છે.

શુદ્ધોપયોગનો વિષય એવો છે કે ત્રણે કાળે ચોથા, પાંચમાં ગુણસ્થાને અને સાતમાં ગુણસ્થાને ક્ષણવર્તી હોય છે એથી વધારે હોતો નથી. પોણી સેકન્ડથી વધારે હોતો નથી. એક સેકન્ડ પૂરો કોઈને હોઈ શકે નહીં. મુનિરાજ પણ તરત બહાર આવી જાય છે. આવવું નથી પણ આવી જાય છે. એવી વાત છે.

પ્રશ્ન :– મુનિરાજની મર્યાદા ક્યાં સુધી છે ?

સમાધાન :– એમને વારંવાર આવે છે. અને તારતમ્યભેદે એમને ઉગ્રતા, વેદનની ઉગ્રતા, સ્થિરતાની વિશેષતા વિશેષ વિશેષ છે. ભલે કાળ એટલો નથી પણ ત્યાં વેદન પ્રચુર છે. આત્માનું સ્વસંવેદન ત્યાં પ્રચુર સ્વસંવેદન છે. એટલે ત્યાં સુધી એવી વાત લીધી છે કે એ છઠ્ઠે ગુણસ્થાને મુનિરાજ આવે અને આહાર કરતા હોય કે પા-અડધી કલાક નિંદ્રા લેતા હોય ત્યારે એમને જે નિર્જરા થાય છે એટલી નિર્જરા તો ચોથા ગુણસ્થાનવર્તી શુદ્ધઉપયોગમાં લીન થયેલા સાધકને પણ હોતી નથી. એટલી તો પરિણતિની નિર્જરા છે ! તો ઉપયોગની કેટલી ? આ ત્રિરાશી મૂકી દેવી. પરિણતિ કરતા ઉપયોગમાં ગુણશ્રેણી નિર્જરા છે. ગુણશ્રેણી એટલે જેને આપણે એમ કહીએ કે વર્ગ વર્ગ વર્ગ જેને કહેવામાં આવે છે $A^A$, $B^B$ આવે છે ને ? એમ કે લાખ તો

લાખને ગુણ્યા લાખ. લાખ પરમાણુ ખરે તો શુદ્ધોપયોગમાં લાખ ગુણ્યા લાખ ખરી જાય. એવી ગુણશ્રેણી નિર્જરા એને કહેવામાં આવે છે. ગણિતનો વિષય છે. ગુણાકાર જ કરતા જવા પડે. એમાં પછી આગળ વધે તો એને ગુણ્યા એટલા, એને ગુણ્યા એટલા, એને ગુણ્યા એટલા. અનંતકાળમાં અનંત કર્મ બંધાયેલા છે એને ખરવાનો કાળ બહુ મર્યાદિત છે. (અનંતા) બંધાણા છે, અનંતાના જથ્થા અંદર પડેલા છે અને કાર્મણવર્ગણામાંથી સમયે સમયે અનંતા આવે છે. એ અલ્પકાળમાં કેમ જાય ? કે આવા શુદ્ધોપયોગની સાધનામાં–શુદ્ધોપયોગની આરાધનામાં એ ઢગલાબંધ ખરે છે. સાધકજીવને બહુ અલ્પ આવે છે, જાય છે ઢગલાબંધ. એટલે અલ્પ કાળમાં એ સર્વ કર્મને નિઃશેષ કરીને સર્વથા મુક્ત થઈ જાય છે.

એવો જે શુદ્ધોપયોગ છે એને દ્રવ્યદૃષ્ટિ રાખીને દરેક સાધક ચાહે છે, ઇચ્છે છે, અભિલાષે છે કે હું શુદ્ધોપયોગમાં જ રહું, એમાં એમની પર્યાયદૃષ્ટિ થતી નથી. દ્રવ્યદૃષ્ટિ રાખીને, દ્રવ્યની જ્ઞાનમાં પણ મુખ્યતા રાખીને શુદ્ધોપયોગમાં રહેવાને એ ઇચ્છે છે. કેમકે અશુદ્ધોપયોગમાં તો અશુદ્ધતાની, રાગાદિની ઉત્પત્તિ છે અને એ કાંઈ શુદ્ધ ઉપયોગની સરખામણીમાં ઇચ્છવા યોગ્ય નથી.

**'તેમ સુખધામ આત્માને પામી બહાર આવી જવાય તો ખેદ થાય છે.'** એ વખતે જરાક ખેદનું પરિણામ થઈ આવે છે. અંદર ડૂબેલો ઉપયોગ અસંખ્ય પ્રદેશમાં વ્યાપ્યવ્યાપકભાવે પ્રસરીને નિજાનંદને માણતો ઉપયોગ–અનુભવતો ઉપયોગ જ્યાં છૂટો પડીને બહાર આવે છે (તો) જરાક ખેદ થઈ જાય છે. કરવો પડતો નથી, વિકલ્પ ઉઠાવવો પડતો નથી પણ એ દશાથી છૂટવાની ભાવના નહીં હોવાથી ભાવના વિરુદ્ધ પરિણમન થઈ જતું હોવાથી ત્યાં સહજ ખેદ થઈ જાય છે. આવી જવાય તો ખેદ થાય છે. અને સરખામણીમાં તો એનું દુઃખ વ્યક્ત કરવા માટે એ બહુ સ્પષ્ટ વાત છે કે જે શુદ્ધોપયોગમાંથી સાધક બહાર આવ્યો ત્યાં ભલે શુદ્ધ આત્માના વિષયક સૂક્ષ્મ અત્યંત મંદ કષાયના પરિણામ હોય તોપણ એમાં એને દુઃખનો અનુભવ થાય છે.

જેમ માછલું પાણીનો જીવ કહેવાય છે એ ઊછળીને સહેજ બહાર હવામાં આવે તોપણ તરફડે છે. ઠંડી રેતમાં આવે તોપણ એ તરફડે છે. ગરમ રેતમાં તો એ જીવી શકે જ નહીં, તત્કાળ મૃત્યુ પામે છે. એમ શુદ્ધોપયોગમાંથી બહાર નીકળે છે એ એવું દુઃખ છે એટલે એમાં ખેદ થયા વિના રહે નહીં. મિથ્યાત્વમાં આવે એ તો એના

પ્રાણનો જ નાશ છે. આનંદપ્રાણ અને જ્ઞાનપ્રાણનો જ એમાં નાશ છે. એમાં તો મૃત્યુ જ છે. એટલે મૃત્યુ ઇષ્ટ છે. ગમે તે ચાર ગતિમાં કોઈપણ સ્થિતિ ઇષ્ટ છે પણ આત્માના આનંદને છોડવાની પરિસ્થિતિ ઇષ્ટ નથી. એ ભૂમિકા છોડવી ઇષ્ટ નથી.

મુમુક્ષુ :– 'સોગાનીજી'એ કહ્યું, ઉપયોગ બહાર નીકલા કિ જમ કા દૂત સમજો.

પૂજ્ય ભાઈશ્રી :– એને મૃત્યુ જેવું છે, એ પ્રાણઘાત તુલ્ય દુઃખ છે. એવો વિષય છે.

પ્રશ્ન :– સુખ છે ઇ જ્ઞાનનું જ્ઞેય છે ?

સમાધાન :– જ્ઞાનનું જ્ઞેય પણ છે અને અનુભવવાનું સ્થાન પણ છે. સુખ છે એ એનું અનુભવનીય–અનુભવવા યોગ્ય એવું સ્થાન પણ છે. બન્ને છે, જ્ઞેય પણ છે અને સુખે કરીને એનો અનુભવ પણ છે. સુખનો અનુભવ સુખમય છે અને સુખમય અનુભવ કોઈપણ જીવને ઉપાદેય છે, એ હેય નથી. જ્ઞેય પછી બીજા પદ આવે છે હેય અને ઉપાદેયનો. સર્વ ભાવ અથવા દ્રવ્ય, સર્વ દ્રવ્યો અને સર્વ ભાવો જ્ઞાનને માટે પ્રથમ તો જ્ઞેય જ છે. પછી એમાં બે વિભાગ ઊભા થાય છે – એક હેયનો અને એક ઉપાદેયનો. એ જ્ઞાનના વિવેક અનુસાર છે. જે ઉપાદેય કરવા યોગ્ય છે એ જો હેય થાય તોપણ અવિવેક છે અને જે હેય કરવાયોગ્ય છે એ ઉપાદેય થાય તોપણ અવિવેક છે. એમ લેવું. આ ઉપાદેય છે. નિજ આનંદ–નિજાનંદ છે તે ઉપાદેય છે, એ કાંઈ હેય નથી. આશ્રય કરવા માટે એને શાસ્ત્રની અંદર હેય કહે છે કે કોઈપણ પરિણામ અંશ આશ્રયનો વિષય નહીં હોવાથી તે હેય છે એમ કહેવાય છે. પણ હેય છે એટલે એ નાશ કરવા યોગ્ય છે એવો અહીંયાં અર્થ નથી.

જેમ રાગ પણ હેય છે, મલિનભાવ પણ હેય છે અને તે નાશ કરવાયોગ્ય છે. એ કક્ષાએ અહીંયાં, એ દૃષ્ટિકોણથી અહીંયાં હેયપણું કહેતા નથી. પણ ઉત્પન્ન કરવા યોગ્ય અને અનુભવ કરવા યોગ્ય હોવા છતાં પણ આશ્રય કરવા યોગ્ય નહીં હોવાથી મર્યાદિતપણે અપેક્ષા રાખીને એને ક્યાંક શાસ્ત્રમાં પણ હેયપણું કહ્યું છે પણ એ મર્યાદા એની જ્યાં કહી હોય તે સમજી લેવી જોઈએ.

પ્રશ્ન :– જ્ઞાની બહાર આવે અને રાગ થાય ઇ એનું જ્ઞેય છે ને ?

સમાધાન :– હા, એ પણ જ્ઞેય છે પણ જ્ઞેય છે એની સાથે હેય પણ છે. એમ લેવું જોઈએ. એને જ્ઞેય છે. જ્ઞેય છે તોપણ એ હેય છે. 'શ્રીમદ્જી' ગૃહસ્થ અવસ્થામાં છે. ઘણાં પત્રોમાં લખે છે કે પ્રવૃત્તિમાં છીએ, ઉપાધિ ઘણી વેદાય છે, જરાપણ અહીંયાં

ગમતું નથી. અહીંયાં ક્યા આવી ચડ્યા ? વનની મારી કોયલ. કોયલને કોઈ વનમાં મારે તો જાય ક્યાં બિચારી ? કારણ કે વન તો એનું રહેવાનું સ્થાન છે. એનું જંગલમાં રહેવાનું સ્થાન છે. એ કાંઈ કોઈના ઘરમાં કોયલ કોઈએ પાળી જોઈ છે ? એ પ્રાણી જ વનનું છે. હજી પોપટને કોઈ લઈ આવે, કોયલને કોઈ લઈ આવે નહીં. મીઠું તો બન્ને બોલે છે પણ એ વનની કોયલ છે, કોયલ વનનું પ્રાણી છે. ત્યાં એને કોઈ મારે (તો) જાય ક્યાં ? એમ અમારે ક્યાં જાવું ? એમ કહે છે.

(એમને) સત્સમાગમ નથી, પોતાને જે દશા વર્તે છે એમાં તો એમને એ કોઈ એવી અપેક્ષા દેખાય છે કે જાણે અમે તો અમારાથી વિશેષ એવા જ્ઞાનીઓના, ભાવલિંગી મુનિઓના, કોઈ વિશેષ સ્થિરતાવાળા જ્ઞાનીઓના, કોઈ વિશેષ ગુણવાન જ્ઞાનીઓના, જેની પ્રચુર આત્મદશા, અધ્યાત્મદશા વર્તતી હોય એના ચરણમાં બેસીને રહીએ, અમારે કાંઈ જોઈતું નથી. એવી ભાવના ભાવી છે. જેની એકદમ પ્રશાંત દશા હોય એવી કોઈ પ્રશમમૂર્તિના ચરણમાં જઈને બેસી જઈએ, બસ ! અમારે આખી દુનિયામાંથી કાંઈ જોઈતું નથી. આ એક મળી ગયું બધું મળી ગયું. એવી ભાવનામાંથી એમણે બહુ જ ઊહાપોહ કર્યો છે. વર્તમાન જે અસત્સંગ ને જે સંયોગનો ઘેરાવો છે એની સામે ઘણો બળાપો ઠાલવ્યો છે તોપણ પાછા કહેતા જાય છે કે મૂળમાંથી તો અમને સમાધિ વર્તે છે, આ અમારું દુઃખ છે તે અસમાધિનું દુઃખ નથી. અંતરમાં તો સમાધાન ને સમાધિ વર્તે છે. એટલે એ ન્યાયે એ જ્ઞેય છે અને છતાં એ ઇચ્છતા નથી તે હેય છે. બન્ને વાત હોય છે. સાધકદશામાં બન્ને પ્રકાર ઊભા થાય છે. મોક્ષદશામાં હેય ઉપાદેયનું દ્વંદ્વ ચાલ્યું ગયું અને નિર્દ્વંદ્વદશા જે મોક્ષમાર્ગમાં અંશમાત્ર હતી તે જ સર્વાંશ સર્વથા થઈ ગઈ પછી ત્યાં હેય ઉપાદેયનું દ્વંદ્વ રહેતું નથી. બે ભાગ ત્યાં (સાધકદશામાં) છે.

**'શાંતિ અને આનંદનું સ્થાન આત્મા જ છે, તેમાં દુઃખ અને મલિનતા નથી,...'** આત્મા તો અનંત શાંતિ અને અનંત આનંદથી ભરચક ભરેલું તત્ત્વ છે. પ્રદેશે પ્રદેશે અનઅવકાશપણે શાંતિ અને આનંદ ભરેલા છે. ત્યાં તો અશાંતિ અને દુઃખને પેસવાની કોઈ ગુંજાશ નથી. એ એવું બહુ મોટું તત્ત્વ તો આત્મા જ છે. **'તેમાં દુઃખ અને મલિનતા નથી-એવી દૃષ્ટિ તો જ્ઞાનીને નિરંતર રહે છે.'** એવી સમ્યક્ એકાંત દૃષ્ટિ જ્ઞાનીને સદાય રહે છે. એનું જ્ઞાન પણ-એ દૃષ્ટિનું અને દૃષ્ટિના વિષયનું જ્ઞાન પણ જ્ઞાનીને

સદાય રહે છે. અને છતાં એનો ઉપયોગ બહાર આવે છે એ સખેદપણે બહાર આવે છે એમને એમાં આવવાની ઇચ્છા નથી. હજી એ પૂર્વ સંસ્કારવશ પરિણામ થઈ જાય છે. પોતાનો પ્રયત્ન તો અંતરમાં લીન રહેવાનો જ ઉદ્યમ વર્તે છે, એ પુરુષાર્થ વર્તે છે અને એ પુરુષાર્થની સફળતા પણ આંશિકપણે વર્તે છે. જેટલી અસફળતા વર્તે છે એટલા બીજા પરિણામ બહારમાં થાય છે, એમ લેવું.

'શ્રીમદ્જી' એક દૃષ્ટાંત આપે છે કે, જેમ કોઈ દરિયામાં તોફાન હોય અને એ તોફાનમાં નાવને ડૂબતી બચાવવાનો નાવિકનો પુરુષાર્થ નિરંતર હોય, પવન ઊંધી દિશાનો હોય એટલે ખેવટિયો નાવને કિનારે લાવવા માગતો હોય તોપણ એ કિનારે આવતા આવતા પણ વચ્ચે ક્યારેક એવો જોરથી પવન આવે કે પાછું થોડુંક પાછું ધકેલાઈ જાય, પચીસ ડગલાં આગળ ચાલે ને વળી બે ડગલાં પાછો પાછળ ધક્કો પણ લાગી જાય, એવા પવનના ઝંઝાવાત હોય. પણ એ તમામ પરિસ્થિતિમાં નાવિકની તો એક જ દિશાની કાર્યવાહી હોય છે કે જે બાજુ કિનારો છે એ જ દિશામાં હું વહાણને લઈ જાઉં ને એ જ એનો પુરુષાર્થ રહે છે.

એમ ચારિત્રમોહના અને બાહ્ય પરિણામોના તોફાનના ઉછાળા આવે છે તોપણ આત્મા તો આત્મા પ્રત્યે જવાના પુરુષાર્થમાં જ નિરંતરપણે રહે છે. બીજી રીતે એને કાંઈ કામ કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. આ હવે બહુ સંયોગોની ગડબડ થઈ ગઈ, હવે અહીંયાં કાંઈ પુરુષાર્થ નહીં રહે ને હવે તો સંયોગોમાં શરણાગતિ સ્વીકારી લેવી પડશે - એ પ્રકારે પોતાના પુરુષાર્થને સાધક ક્યારે પણ છોડી દેતા નથી. પુરુષાર્થહીન થતા નથી, ઊલટાનો ઝંઝાવાતમાં પુરુષાર્થ વધારે થવાની જાગૃતિમાં આવે છે. વેદનાનો કાળ હોય, રોગનો કાળ હોય, શરીરમાં મહારોગનો ઉપદ્રવ થતો હોય અને મૃત્યુ પર્યંતનો પ્રસંગ સામે દેખાતો હોય તોપણ એનાથી જરાપણ ભયભીત થયા વિના પોતાના સ્વરૂપમાં લીન રહેવાના પુરુષાર્થને એ ચાલુ રાખે છે. સફળ થવું ન થવું એ તો સમય સમયની યોગ્યતા ઉપર આધારિત છે પણ પોતાનું જે વલણ છે એ વલણમાં કોઈ ફેરફાર થતો નથી. એનું વલણ ચાલુ રહે છે.

પ્રશ્ન :- વલણમાં હીનાધિકતા થતી હશે ?

સમાધાન :- વલણ છે એ એક સામાન્ય વસ્તુ છે. વલણમાં હીનાધિકતા નથી થતી. વલણ તો એકધારું એક જ બાજુનું રહે. એમાં વલણમાં કોઈ ફેરફાર થઈ જાય

તો આખું વલણ બદલાઈ જાય.

મુમુક્ષુ :- ઓછાવત્તાપણું થાય...

પૂજ્ય ભાઈશ્રી :- ઓછાવત્તાપણું એથી ઉપરના ભાગમાં થાય, પુરુષાર્થ ઓછોવત્તો થાય પણ પુરુષાર્થ કરવાનું વલણ ઓછુંવત્તું ન થાય. પુરુષાર્થ ઓછોવત્તો થાય, એમાં હીનાધિકતા આવે અને એમાં તો બહાર આવી ગયા. હીન પુરુષાર્થને કારણે બહાર આવી ગયા.

'સોગાનીજી' શુદ્ધોપયોગની દશામાંથી બહાર નીકળ્યા અને તરત જ એક પત્ર લખ્યો છે. એ પત્રની અંદર એમણે એ શુદ્ધોપયોગ અને શુદ્ધોપયોગથી ચ્યૂત થવા વિશેનું બહુ સુંદર વર્ણન લીધું છે. બહુ સૂક્ષ્મ ભાવો એની અંદર લીધા છે. એમણે એની અંદર એક વાત કરી છે કે, જેમ કોઈ દીવો ઓલવાતા પહેલાં સતેજ થાય એમ આ વખતની સ્વરૂપલીનતા કોઈ એવી હતી કે જાણે હવે તો આમાં ને આમાં પૂર્ણ થઈ જાઉં અને એ પહેલાં બહાર નીકળું જ નહીં. એવો જોરથી પુરુષાર્થ, શુદ્ધોપયોગ ચાલતો હતો. 'પણ અરે પુરુષાર્થ !' એમ કરીને પુરુષાર્થને સંબોધીને (લખે છે), 'તુને યે ક્યા કર દિયા ?' જેમ દીવો ઓલવાતા પહેલાં વધારે સતેજ થાય છે એમ બહાર આવતા પહેલાંની એ સતેજતા હતી, એમ (કહેવું છે). શુદ્ધોપયોગનો દીવો ઓલવાઈ જતા પહેલાં એટલી ઉગ્રતા હતી. એમ કરીને અલંકારિક ભાષામાં વર્ણન લીધું છે, પણ કેટલાક સૂક્ષ્મ ભાવો બહુ સારા ખોલ્યા છે. એ સારો વિષય (લીધો છે) અને ખેદ થાય છે એ વાત એમાં પણ આવે છે. શુદ્ધોપયોગની બહાર નીકળતા ખેદ થાય છે. એ વિષય અહીંયાં Tally થઈ જાય છે.

૧૪ નંબરનો પત્ર છે. **'અહો ! બિના વિકલ્પ કા કોરા આનંદ હી આનંદ !'** અહીં પેરેગ્રાફથી વિષય શરૂ કરે છે. પત્ર તો બહુ મોટો છે. પ્રસ્તુત વિષય છે એ પેરેગ્રાફ અહીંથી છે. **'અહો ! બિના વિકલ્પ કા કોરા આનંદ હી આનંદ ! ત્રિકાલી ગુબ્બારે કો પૂર્ણ ફુલાયે બિના અબ એક ક્ષણ ભી ચૈન નહીં હૈ !'** એમ. હવે આપણે જેને ફુગ્ગો કહીએ છીએ ને ? એને આ લોકો હિન્દીમાં ગુબ્બારો કહે છે. આપણે નથી કહેતા ગુબ્બારો ? એમ અંદર પુરુષાર્થની હવા ભરીને આત્માને પરિપૂર્ણ રીતે એમાં પ્રસરી જવું. એ પૂર્ણપણે ફેલાયા વિના હવે એક ક્ષણ પણ મને નહીં ગમે. હવે તો એક ક્ષણ પણ મોક્ષ વિના રહેવું ગમશે નહીં. **'એક ક્ષણ ભી ચૈન નહીં**

**હૈ ! ધ્યાનસ્થ અવસ્થા મેં બૈઠા હુઆ, અથાહ જ્ઞાનસમુદ્ર વ ઉસમેં સહજ કેલિ !'** ઐસા અનુભવ, ઉસમેં સહજ હી **'ઐસા અનુભવ માનો 'મૈં હી મૈં હૂઁ.' આનંદ કી ઘૂઁટ પિયે જા રહા હૂઁ...'** આ એમના અનુભવનું વર્ણન છે. ભાષામાં આટલું આવ્યું છે એ પણ બહુ ઘણી વાત છે. નહીંતર આ તો વાણીથી અગોચર વિષય છે, વિકલ્પથી અગોચર વિષય છે, જે મનાતીત વિષય છે એ તો વચનાતીત છે જ એમ કહેવાની ભાગ્યે જ જરૂર છે. એ વિષયને પણ પોતે બહુ સારી રીતે વ્યક્ત કરે છે.

**'ધ્યાનસ્થ અવસ્થા મેં બૈઠા હુઆ, અથાહ જ્ઞાનસમુદ્ર...'** તળિયા વિનાનો અગાધ જ્ઞાનસમુદ્ર. એ સમુદ્રમાં સહેજે સહેજે એવી રીતે ઉપયોગ સ્થિર થયો છે કે બસ ! હું જ હું છું. હુંમાં હુંપણાનો ભેદ નથી. આ તો શબ્દમાં આટલો ભેદ પડે છે. નિર્વિકલ્પ આનંદની ઘૂંટ ઉપર ઘૂંટ, ઘૂંટ ઉપર ઘૂંટ... આનંદનો રસ પીઉં છું. **'આનંદ કી ઘૂઁટ પિયે જા રહા હૂઁ. અરે રે ! વૃતિ આનંદ સે ચ્યુત હોને લગી.'** આ **'અરે રે'** છે એ ખેદસૂચક છે. એ વાત આવી છે, ચાલુ બોલમાં એ અહીંયાં Tally થાય છે કે **'અરે રે ! વૃતિ આનંદ સે ચ્યુત હોને લગી. પર વાહ રે પુરુષાર્થ ! તૂને સાથ રહી ઉગ્રતા કા સંકલ્પ કિયા,...'** આ નિર્વિકલ્પતા ને નિર્વિકલ્પતામાં જરાક બહાર નીકળવાની સ્થિતિ (થઈ), વળી પાછો ઉગ્ર પુરુષાર્થ થયો, વળી એકદમ બહાર આવી ગયા. એ શુદ્ધોપયોગનો દીવો તો ચાલુ જ હતો, જેમ ઓલવાતા પહેલાં એકદમ જોર કરીને ઓલવાઈ જાય એવી રીતે પુરુષાર્થ ઉગ્ર થઈને છૂટી ગયો, એમ. એવી રીતે વાત લીધી છે. **'ઉગ્રતા કા સંકલ્પ કિયા,...'** સંકલ્પ કિયા એટલે અહીં વિકલ્પ ચાલતો નથી પણ ભાષામાં એ એમની અલંકારિક ભાષા છે.

**'માનો અથાહ કી થાહ...'** જેનું નીચે તળિયું નથી એનું જાણે તળિયું લઈ લેવા માટે ન અંદર ઊતર્યો હોય !! જે અગાધ ગુણોનો સમુદ્ર છે, અગાધ જ્ઞાનનો સમુદ્ર છે, અગાધ આનંદ (છે) જાણે કે એને તળિયે પહોંચી જાવું છે. **'માનો અથાહ કી થાહ સદૈવ કે લિયે એકબાર મેં હી પૂરી લે લગા.'** કેવું જોર છે અંદર ! **'પ્રદેશ-પ્રદેશ વ્યક્ત કર દેગા. સહજ આનંદ સે એક ક્ષણ ભી નહીં હટને દેગા.'** હવે તો પૂર્ણતામાં પછી એક ક્ષણ પણ ત્યાંથી હટવાનો પ્રશ્ન રહેતો નથી. એવો જોરથી પુરુષાર્થ ઊપડ્યો એમ કહે છે. **'પર અરે યોગ્યતા !'** આ ખેદ પાછો ઊભો થયો. બહાર જે આવ્યા છે ને ! **'અરે યોગ્યતા !'** (એવી) યોગ્યતા છે. અનંતકાળનો જે વિભાવ

છે એ યોગ્યતા અંદર પડી છે, સ્વકાળે પાછી બહાર આવે છે. **'અરે યોગ્યતા ! તૂને પૂર્ણતા કે સંકલ્પ કા સાથ નહીં દેકર અંત મેં ચ્યુત કરા હી તો દિયા,...'** શુદ્ધોપયોગથી તો ચ્યુત કરાવી જ દીધો. **'તો ફિર ઇસકા દંડ ભી ભુગતના પડેગા.'** બહાર આવ્યો એટલે એમ માનીશ નહીં કે એ દોષનો દંડ ભોગવવો પડશે નહીં. રાગાંશ ઉત્પન્ન થયો કે એનો દંડ ભોગવવો પડશે. એટલી વાત ચાલુ બોલને લાગુ પડે છે.

મુમુક્ષુ :- આમ તો તરત ને તરત દંડ ભોગવે છે.

પૂજ્ય ભાઈશ્રી :- તરત જ દુઃખ શરૂ થાય છે. દુઃખ તો ત્યાંથી જ શરૂ થાય છે. બહાર આવ્યો તો એનો દંડ ભોગવવો પડશે. એટલે એ જ વખતે દુઃખભાવ ચાલુ થઈ જાય છે. હવે જે આનંદમાં પડ્યા હોય એ દુઃખમાં આવવું કોને ગમે ? એટલા માટે અહીંયાં બોલની અંદર એ દૃષ્ટાંત લીધો છે કે મહેલમાં લહેર કરતા હોય એને ત્યાંથી કાઢે ઇ કોને ગમે ? કે નીકળો અહીંથી, ચલો હવે અહીંયાં તમારે કાંઈ આરામ કરવાનો નથી, અહીંયાં કાંઈ રહેવાનું નથી. અહીંયાં ક્યાં આવી ચડ્યા તમે ? એને ભેટ આપી દીધી હતી (કે) જાવ ! આ મહેલ તમને આપ્યો. બીજી સેકન્ડે એમ કહે કે, નીકળો બહાર અહીંથી. જેમ મળેલી ચીજ કોઈએ છીનવી લીધી હોય એમ જ્ઞાની આનંદમાંથી બહાર આવે છે તો એ સખેદપણે બહાર આવે છે, એમને એ ગમતું નથી. ક્યાં આનંદની અદ્ભુત દશા ! ક્યાં નિજાનંદની અદ્ભુત દશા અને ક્યાં પરિણતિવાળી સવિકલ્પદશા ! એમને એ સવિકલ્પદશા માન્ય નથી, એમ વાત છે. એટલે કે એથી એમ કહે છે કે, એમને રાગનો એક કણ પણ માન્ય નથી. અભિપ્રાયની દૃષ્ટિએ એ એમાં આવી જાય છે.

પ્રશ્ન :- જેટલો ઉપયોગ પોતાનો બહાર જાય એટલી ચારિત્રની નબળાઈના કારણે જાય છે ?

સમાધાન :- હા, એટલી પોતાની અશક્તિ છે, નબળાઈ છે એટલે જ એમ થાય છે.

એમાં એ જે દાખલો છે એ આ પત્રમાં છેલ્લે આપ્યો છે. વચ્ચે બીજી વાતો લીધી છે, કેટલીક વ્યવહારિક વાતો પણ લીધી છે. **'દીપક કી લૌ બુઝને કે પહલે સમય અધિક પ્રકાશિત હોતી હૈ.'** લૌ એટલે શિખા. દીવાની શિખા છે એ ઓલવાય એ પહેલાં થોડી વધારે સતેજ થાય છે. **'અધિક પ્રકાશિત હોતી હૈ.'** વૈસે **'સહજાનંદ**

**સે ચ્યુત હોનેવાલા પુરુષાર્થ નિર્બલ હોને કે પહેલે સમય અધિક ઉગ્ર હોતા હૈ.'** એ બધી વાત તો રહી પર્યાયની પર્યાયમાં, એમ કહેતા કહેતા પાછી એમની મૂળ શૈલી ઉપર આવે છે કે, **'દ્રવ્ય તો સહજ પુરુષાર્થ કા પિંડ હૈ, ઉસકી દૃષ્ટિ મેં સહજ હી ચ્યુતિ નહીં હોતી.'** એ દ્રવ્યદૃષ્ટિમાં તો ચ્યુતિ થવાનો પ્રશ્ન જ નથી. આ જે ચ્યુતપણું આવ્યું તે ઉપયોગ આશ્રિત મર્યાદિત વાત છે. પરિણતિમાં કે દૃષ્ટિમાં ચ્યુતિ થવાનો પ્રશ્ન રહેતો નથી.

**'જીવન કે પરિણમન કી અતિ વિચિત્રતા દેખો રે જ્ઞાની !'** જ્ઞાની જુઓ તો ખરા કેવી વસ્તુ વિચિત્ર છે એમ કહે (છે). એક ક્ષણ પણ બહાર નીકળવું નથી, એક સમય બહાર નીકળવું નથી. આનંદમાં વારંવાર અંદર જઈએ છીએ તોપણ બહાર આવી જવાય છે. વસ્તુ વિચિત્ર છે. આ પરિણમનની વિચિત્રતા છે. હું મૂળ સ્વરૂપે અવિચિત્ર છું અને પરિણમન વિચિત્ર છે. એમ કરીને એની વિચિત્રતા જુઓ, એને જ્ઞાનનું જ્ઞેય કરો આથી વધારે એનું કોઈ મૂલ્ય નથી. પત્રોમાં તો ઘણી બધી ઊંડી તાત્ત્વિક વાતો આવી છે.

પ્રશ્ન :– સમ્યગ્દર્શન થયા પછી કેવળજ્ઞાનનો ઓછામાં ઓછો સમય કેટલો ?

સમાધાન :– અંતર્મુહૂર્ત. કોઈ જીવે સમવસરણમાં દ્રવ્યલિંગ પહેલાં ધારણ કર્યું હોય. નહીંતર તો પ્રશ્ન ઊભો થાય કે ક્યારે દીક્ષા લીધી ? પહેલાં દ્રવ્યલિંગ લેવાઈ ગયું હોય અને કષાય તો જે અંતર્મુહૂર્તમાં પૂર્ણ થવાનો હોય એના કષાયની મંદતાની તો શું વાત કરવી ? એટલે દ્રવ્યલિંગ તો એને પહેલાં જ લેવાઈ ગયું હોય. એને પંચ મહાવ્રત સમિતિ, ગુપ્તિના પરિણમનમાં ક્યાંય કઠિનતા લાગે નહીં. એટલી કષાયની પ્રકૃતિ મંદ હોય, શાંત હોય કે એ તો સામાન્ય વાત છે. એને પંચ મહાવ્રત, અઠ્ઠ્યાવીસ મૂળ ગુણ પાળવા એ કાંઈ એને માટે જરા પણ કઠિન ન હોય. એટલી અત્યંત કષાયની મંદતામાં તો પહેલેથી એ જીવ હોય. એમાં સમ્યગ્દર્શન પણ ન થયું હોય, હોં ! મિથ્યાત્વની અવસ્થામાં દીક્ષા લીધી હોય, મિથ્યાદૃષ્ટિએ દીક્ષા લીધી હોય પણ બહુ મંદ કષાય એવો હોય, ચરમશરીરી જીવ હોય એની શું વાત કરવી ! મિથ્યાદૃષ્ટિ એકત્રીસ સાગરની સ્થિતિએ નવમી ગ્રૈવેયકે જાય છે એની મંદતા પણ અસાધારણ હોય છે, જગતમાં કોઈને જોવા ન મળે, તો આ તો તેત્રીસ સાગરે નથી જવાના, સર્વાર્થસિદ્ધિએ નથી જવાના પણ સિદ્ધાલયમાં જવાના છે એની કેટલી હોય ?

એવી તો એને મિથ્યાત્વ દશામાં ચારિત્રના રાગની મંદતા થઈ ગઈ હોય અને દીક્ષા અંગીકાર કરી હોય. આમાં સંસાર તો એક લાતે ફગાવી દેવા જેવો છે. એટલે દીક્ષા તો એણે વાત વાતમાં લીધી હોય એમ કહીએ તો ચાલે. એ જીવ સમવસરણમાં સર્વજ્ઞની સન્મુખ હોય, તીર્થંકરદેવની જિનેશ્વરની સામે હોય એમાં ગોળી વાગે ને સીધું સમ્યગ્દર્શન ! પ્રત્યક્ષ આત્માને પ્રત્યક્ષવત્ હથેળીમાં બતાવી દે એવી દિવ્યધ્વનિ છૂટતી હોય ! અને સીધા દર્શન કરે. દર્શન કરે ઇ ઉપયોગ ગયો ઇ ગયો, શુદ્ધોપયોગ બહાર નીકળે નહીં, અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાન લઈ લે અને અંદરને અંદર જામી જાય. એને પહેલો ને છેલ્લો એક જ શુદ્ધોપયોગ લંબાઈ જાય અને એ અંતર્મુહૂર્તમાં-એ દીર્ઘ અંતર્મુહૂર્ત છે. સમ્યગ્દર્શનનો શુદ્ધોપયોગ લઘુ અંતર્મુહૂર્તનો-જઘન્ય અંતર્મુહૂર્તનો છે, આ છે ઇ ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત છે પણ ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત લાગે જ લાગે. ન લાગે એવું બને નહીં, એમ.

પ્રશ્ન :- દીર્ઘ અંતર્મુહૂર્ત એટલે અડતાળીસ મિનિટ થઈ ને ?

સમાધાન :- હા, કોઈ જીવને બીજી રીતે પણ બને છે. જેવું 'ભરત' ચક્રવર્તીને બન્યું. ક્ષાયિક સમ્યગ્દર્શન તો 'ઋષભદેવ' ભગવાનના સમવસરણમાં પ્રાપ્ત કરી લીધું. ધર્મનો માર્ગ 'ઋષભદેવ' ભગવાનની દેશના પછી ચાલુ થયેલો. એ પહેલાં તો અહીંયાં કોઈને ધર્મની શરૂઆત નહીં થયેલી. એટલે ભગવાન તીર્થંકર દશામાં જ્યારે દિવ્યધ્વનિનો ઉપદેશ શરૂ થયો ત્યારે અનેક જીવો ધર્મને પામ્યા એમાં 'ભરત' ચક્રવર્તી 'બાહુબલી', અનેક જીવો ધર્મને પામ્યા એમાં ક્ષાયિક સમ્યગ્દર્શન લીધું. ચરમશરીરી છે ને એટલે ક્ષાયિક સમ્યગ્દર્શનમાં આવ્યા છે. તોપણ ચક્રવર્તી થાય છે, છ ખંડના રાજમાં અમુક સમય ગાળે છે પણ એટલા બધા વૈરાગી છે કે વાત મૂકી દ્યો ! પોતાના કારભારથી જરાક છૂટા પડે એટલે પોતાના ધ્યાનના આવાસની અંદર (ચાલ્યા જાય). અહીં આપણે સામાન્ય માણસો એને ધ્યાનની રૂમ ગણાવે કે ધ્યાનની નાની રૂમ બનાવે કે ધ્યાનનો મોટો (રૂમ બનાવે). એમનો તો આવાસ જ જુદો હોય છે એમાં ચાલ્યા જાય. રાજકાજના કંટાળાથી છૂટીને શુદ્ધોપયોગમાં રહે. જો કે જરૂર નથી કે જુદો આવાસ હોય તો જ શુદ્ધોપયોગ થાય. એ તો પોતાના યુદ્ધની છાવણીમાં હોય તોપણ શુદ્ધોપયોગમાં આવી જતા અને શયનખંડમાં હોય તોપણ શુદ્ધોપયોગમાં આવી જતા. જ્યારે પણ પોતાની ધ્યાનની સ્થિતિમાં વિકલ્પ આવે કે સ્વરૂપ ધ્યાનમાં

જવું છે (કે તરત) શુદ્ધોપયોગ લાગી જતો હતો. એટલો પુરુષાર્થ ! નીચેના ગુણસ્થાનમાં એવી જમાવટ કરેલી... એવી જમાવટ કરેલી... કે જેવી દીક્ષા લીધી (કે) અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાન ! પંચ મહાવ્રત, સમિતિ, ગુપ્તિ, વ્યવહાર ચારિત્રમાં આવ્યા જ નહીં. એટલે લોકો પૂછે ને કે ભાઈ ! વ્યવહાર ચારિત્ર તો પાળવું પડે ને ? વ્યવહાર ચારિત્ર પાળે એને નિશ્ચય ચારિત્ર થાય ને ? ઇ કારણ છે ને આ કાર્ય છે ને ? પછી ફળ મળે ને ? આ કહે છે, ના. 'ભરત' ચક્રવર્તી વ્યવહાર ચારિત્રમાં આવ્યા જ નથી. સીધા નિશ્ચય ચારિત્રમાં શ્રેણી માંડી કેવળજ્ઞાન લીધું. અનેક પ્રકારના દૃષ્ટાંતો બને છે. એટલે જે સિદ્ધાલયમાં ગયા છે એમાં તો ઘણી વિચિત્રતા છે જુદા જુદા વિભિન્ન પ્રકારના પરિણમનથી ભૂતકાળમાં જ્ઞાનદશા ચાલી છે. પણ આ સર્વસામાન્ય વાત છે કે શુદ્ધોપયોગમાંથી બહાર આવે, ખેદ થાય અને ખેદ થાય તોપણ દૃષ્ટિ અને પરિણતિ છૂટવાનું બનતું નથી. એવી જે જ્ઞાનદશા છે એ જ્ઞાનદશા મુમુક્ષુને તો વંદનીય છે અને પૂજનીય છે. વિશેષ લઈશું...

આંખમાં કણું ન સમાય, તેમ વિભાવનો અંશ હોય ત્યાં સુધી સ્વભાવની પૂર્ણતા ન થાય. અલ્પ સંજ્વલનકષાય પણ છે ત્યાં સુધી વીતરાગતા અને કેવળજ્ઞાન ન થાય. ૧૭૩.

તા. ૫-૮-૧૯૮૭, વચનામૃત-૧૭૩
પ્રવચન નં. ૧૨૯

'બહેનશ્રીનાં વચનામૃત' પાનું ૫૩. ૧૭૩. સ્વભાવની પૂર્ણતા સંબંધી સિદ્ધાંત છે. **'આંખમાં કણું ન સમાય, તેમ વિભાવનો અંશ હોય ત્યાં સુધી સ્વભાવની પૂર્ણતા ન થાય.'** પૂજ્ય 'ગુરુદેવ'ની કૃપાથી આપણને આ વાત સહેલી લાગે છે કે બરાબર છે. અનંત ચતુષ્ટય-કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંતવીર્ય, અનંતસુખ એ સ્વભાવની પૂર્ણતા છે અને એવી સ્વભાવની પૂર્ણતા વિભાવ અંશ હોય, થોડો પણ વિભાવ અંશ હોય, અલ્પ પણ વિભાવ અંશ હોય ત્યાં સુધી પ્રગટ થતી નથી. પ્રથમ એ અરિહંત દશામાં ઉત્પન્ન થાય છે. પરમેશ્વર પદ એને કહેવાય છે.

એક વીતરાગ દર્શનને છોડીને તેમાં પણ દિગંબર સાહિત્યને છોડીને ઈશ્વરને પરિપૂર્ણ માનવા છતાં વિભાવ અંશની ક્રિયાવાળા ઈશ્વરને સ્વીકારવામાં આવે છે. જૈનેત્તર તો માને અને એ મોટી સંખ્યા છે, મનુષ્યમાં અત્યારે જૈનેત્તરની સંખ્યા બહુ મોટી છે પણ જૈન નામધારી સંપ્રદાય પણ એક બાજુથી સ્વભાવની પૂર્ણતા માને, કેવળજ્ઞાન, કેવળદર્શનને સ્વીકારે (જ્યારે) બીજી બાજુ વિભાવ અંશને પણ સ્વીકારે. આ વિપરીત અભિનિવેશ સહિત કેવળજ્ઞાનનો સ્વીકાર છે. કેવળજ્ઞાનને નથી માનતા એમ નથી પણ વિપરીત અભિનિવેશ સહિત માને છે કે કેવળજ્ઞાન પણ હોય અને એને ઇચ્છા પણ હોય. ઇચ્છા સહિતપણું માને છે. ઇચ્છા સહિતપણાની ક્રિયાઓ પણ

માને છે. આહારની ક્રિયા માને, દેહાધ્યાસ હોય અથવા દેહ પ્રત્યેનો રાગ હોય અને દેહને તંદુરસ્ત રાખવા અથવા નિરોગ રાખવા રોગ રહિત કરવા પ્રયત્ન થાય એ વગેરે પ્રકાર. અઢાર દોષ તો એ પણ બીજા કહે છે, અઢાર દોષરહિત અરિહંત તો માને છે કે અઢાર દોષ રહિત અરિહંત હોય, પણ ક્ષુધા, તૃષા, નિંદ્રા એ બધા જે પ્રકાર છે એની અંદર વિચારભેદ છે પણ કેટલીક ક્રિયાઓ જ એવી છે કે જે વિભાવઅંશ વિના–રાગાંશ વિના થઈ શકતી નથી, ઉત્પન્ન થઈ શકતી (નથી), ઉત્પન્ન હોતી નથી.

એટલે અહીંયાં એક સિદ્ધાંત છે. વસ્તુનું સ્વરૂપ એવું છે. આગમ અનુસાર આ સિદ્ધાંત છે. દૃષ્ટાંત લીધો છે કે આંખમાં કણું ન સમાય. ઝીણામાં ઝીણો રજકણ હોય તોપણ આંખમાં એ ખૂંચ્યા કરે છે. આવડી મોટી આંખમાં એક બાજુ ખૂણામાં પડ્યું રહે તો શું વાંધો ? જ્યાં સુધી એ કણ નીકળે નહીં ત્યાં સુધી ઉપયોગ ત્યાં ને ત્યાં રહે છે. ઉપયોગ ત્યાં ને ત્યાં રહે છે નહિ, એમ કહે છે કે જીવ ત્યાં ને ત્યાં રહે છે એમ કહે.

અહીંયાં એમ કહે છે કે, પરમ પદાર્થ જે આત્મા–શુદ્ધાત્મા, શુદ્ધ જ્ઞાન, શુદ્ધ દર્શન, શુદ્ધ ચૈતન્ય, શુદ્ધ આનંદ એવું જે પરમેશ્વર પદ જે પરમ તત્ત્વના આધારે પ્રગટ થાય એને અલ્પ પણ કષાયનું કલંક કેમ શોભે ? કેમ હોય એને ? એ કોઈ રીતે હોવા યોગ્ય નથી. મધ્યસ્થ થાય તો એ તો ન્યાયથી સ્વીકારે એવી વાત છે કે પરિપૂર્ણ નિષ્કલંક પરમાત્માને અલ્પ પણ કષાય, વિભાવનો અંશ અથવા કષાયનો અંશ અથવા રાગનો અંશ, કોઈપણ પ્રકારની વિકૃત અવસ્થા; જ્યાં અલ્પતા નથી, પૂર્ણતા થવામાં જ્યાં અલ્પતા નથી, સ્વભાવનું ને સ્વભાવનું અલ્પજ્ઞપણું અથવા અલ્પ આનંદ, ઓછો આનંદ એવી ક્ષતિ હોય ત્યાં પણ પૂર્ણતા ન હોય, પૂર્ણતા હોય ત્યાં એવી ક્ષતિ ન હોય તો વિપર્યાસ કેમ હોય ? વિપરીતતા કેમ હોય ? આ તો ન્યાયથી સમજી શકાય એવી વાત છે કે જેને સ્વભાવની અલ્પતા ન હોય તેને પૂર્ણતા હોય. પૂર્ણતા કહેતા જ અલ્પતા પૂરી થઈ ગઈ. તો પછી એને રાગાદિ વિપર્યાસ કેમ હોય ? વિકૃતિ કેમ હોય ? સ્વભાવની અલ્પતા પણ જ્યાં નિષિદ્ધ છે અથવા સ્વીકાર્ય નથી ત્યાં વિપરીતતાનો સ્વીકાર કેવી રીતે થઈ શકે એ પદની અંદર ? એ તો કોઈ રીતે હોઈ શકે નહીં.

એ મૂળ આગમ સિવાય જૈન નામધારી આગમોમાં પણ આ ગડબડ આવી

ગઈ છે અને અન્યમતો તો ચોખ્ખા ઈશ્વરકર્તાપણું માનીને ઈશ્વરને ઇચ્છાવાળા સ્થાપે છે. ત્યાં તો ઈશ્વર સંબંધીનો કોઈ પવિત્રતા અને અપવિત્રતા, દોષ અને નિર્દોષપણાનો વિચાર સુદ્ધાં પણ ત્યાં નથી. ત્યાં તો વિચાર પણ નથી.

મુમુક્ષુ :- અહીંથી તો ધર્મની શરૂઆત થવાની છે. સર્વજ્ઞતાથી તો શરૂઆત છે.

પૂજ્ય ભાઈશ્રી :- જો ધર્મને નિરૂપણ કરવો હોય, તત્ત્વનું નિરૂપણ કરવું હોય તો ધર્મનું મૂળ જે સર્વજ્ઞ છે એનું સ્વરૂપ અને એની વાણીના આધાર વિના કોઈ રીતે તત્ત્વનું નિરૂપણ કે ધર્મનું નિરૂપણ થઈ શકે એવું નથી, અસંભવિત છે, ન થઈ શકે.

મુમુક્ષુ :- આ સ્વરૂપ તો ચોખ્ખું જાણવું જોઈએ.

પૂજ્ય ભાઈશ્રી :- ચોખ્ખું સ્વરૂપ છે કે પરિપૂર્ણ સ્વભાવ જ્યાં નિર્દોષ સ્વભાવ થાય, પૂર્ણ સ્વભાવ થાય, જરાપણ દોષનું કલંક ન રહે એવી સ્થિતિ હોય તેને જ પરમેશ્વર પદ કહીએ. એવું જ પદ સહુને-આપણે સહુને આરાધ્ય છે. એ તો આરાધ્યપદ છે ને ! આરાધન કોનું કરવું છે ? સદોષપણા સહિતનું આરાધન કરવું છે ? એ આરાધનનો વિષય હોઈ શકે નહીં. થોડું (સદોષપણું) સ્વીકારવામાં શું વાંધો ? થોડું હોય તો શું વાંધો ? એ વાત પણ અહીંયાં પોસાય એવી નથી. એટલે આંખમાં કણાનું દૃષ્ટાંત લીધું. એક શરીરની સ્વચ્છતાવાળાને એમ કહો કે થોડોક મેલ ક્યાંક રહી જાય તો તમને શું વાંધો ? કપડાંની સ્વચ્છતાવાળાને કહો કે, થોડો ડાઘ કપડે હોય તો શું વાંધો ? નવું કાપડ લેવા આવે, સફેદ કાપડ પસંદ કરતા હોય (એ) ડાઘવાળું હોય તો ? આછો ડાઘ હોય તો ? અલ્પ ડાઘ હોય તો ?

મુમુક્ષુ :- શું કામ લેવું ?

પૂજ્ય ભાઈશ્રી :- કેમ ? એમાં શું ? એટલામાં શું વાંધો ? ત્યાં તો બરાબર સમજાય છે, જ્યાં પ્રયોજન છે ત્યાં સમજાય છે. અહીંયાં તો કદાગ્રહ હોય, મતાગ્રહ હોય તો જ એને આ વાત ન બેસે. નહીંતર ન્યાયથી તો સીધેસીધું સમજાય એવું છે કે જેનું આરાધન કરવું છે, આરાધવાને યોગ્ય પદ તો સંપૂર્ણ નિર્દોષ જ હોઈ શકે. એમાં કોઈ દોષનો સમાવેશ એ પ્રકારનો સ્વીકાર કરીને કોઈ રીતે આરાધન થઈ શકે નહીં.

**'અલ્પ સંજ્વલનકષાય પણ છે...'** એ સંજ્વલન કષાયમાં કેટલી હદ સુધીની

ક્રિયાઓ હોય, મુનિદશામાં અલ્પ સંજ્વલન કષાય છે તો ત્યાં કેટલી ક્રિયા હોય ? ત્યાં કેટલી ક્રિયા ન હોય ? કેટલો રાગ ઊઠે ? દ્રવ્ય સંબંધીનો પણ કેટલો મર્યાદિત રાગ ઊઠે ? કે 'સંયમના હેતુથી યોગ પ્રવર્તના' આથી વધારે જરાય નહીં. આહાર (કેમ) ? તો કે સંયમના હેતુથી. એ પણ મર્યાદિત. સંજ્વલન કષાય છે ને ! એકવાર, ઊભા ઊભા, ઉણોદરી, બસ ! ત્રણે–એકવાર, ઊભા ઊભા અને ઉણોદર. ત્રણે અઠ્ઠાવીસ મૂળગુણમાં એના મૂળગુણ છે. એ ત્રણે મૂળગુણ છે. પેટ ભરીને આહાર લે તો મૂળગુણ તૂટે છે. મૂળગુણમાં ફેર પડે છે.

એ સંજ્વલનકષાય છે, અલ્પ પણ–જરાક પણ સંજ્વલનકષાયનો કણ હોય ત્યાં સુધી વીતરાગતા અને કેવળજ્ઞાન ન થાય. પરિપૂર્ણ જે વીતરાગદશા, એ અલ્પ પણ સંજ્વલન રહે, છેલ્લી હદનો સંજ્વલન કષાય વિદ્યમાન રહે ત્યાં સુધી વીતરાગતા ન થાય, પરિપૂર્ણ વીતરાગતા ન થાય. જ્યાં પરિપૂર્ણ વીતરાગતા ન થાય ત્યાં કેવળજ્ઞાન ન થાય. થોડોક રાગ રહે અને જ્ઞાન પૂર્ણ થાય એવું કોઈ દિવસ બને નહીં. એટલે ચારિત્ર પહેલું પૂરું થાય છે. ચારિત્ર પૂરું થયા પછી કેવળજ્ઞાન થાય. ચારિત્ર અધૂરું રહે અને કેવળજ્ઞાન થાય (એમ બને નહિ). બારમું (ગુણસ્થાન) વ્યતીત થાય અને તેરમું ઊપજે. બારમા ગુણસ્થાને યથાખ્યાત ચારિત્ર થયું, કેવળજ્ઞાન હજી તેરમે થશે. એનું કારણ એ છે કે જ્ઞાન તો જ્યાં સુધી પૂર્ણ શુદ્ધ ચારિત્ર ન થાય ત્યાં સુધી જ્ઞાન પૂર્ણપણે ઊઘડતું નથી. છે બન્ને સ્વતંત્ર ગુણ પણ પરિણમનના સિદ્ધાંતમાં, પર્યાયોના સિદ્ધાંતમાં પર્યાય અપેક્ષિત જે અનેક સિદ્ધાંતો છે એમાં કેટલાક સિદ્ધાંતો એક ગુણ ને બીજા ગુણના પરિણમનના નિમિત્તનૈમિત્તિકરૂપે પારિણામિકભાવે છે. કોઈ કાળમાં બીજો ફેર ન પડે અને એ પર્યાયમાં અવિનાભાવીપણું હોય છે કે આમ હોય તો જ આમ હોય, આમ હોય તો જ આમ થાય નહીંતર બીજી રીતે થઈ શકે નહીં.

મુમુક્ષુ :– સમ્યગ્દર્શન હોય તો જ સમ્યક્જ્ઞાન કહેવાય. એક બીજાને નિમિત્ત પડે.

પૂજ્ય ભાઈશ્રી :– હા. સમ્યગ્દર્શન અને સમ્યક્જ્ઞાન, સમ્યક્ચારિત્ર ત્રણે સાથે ઊઘડે છે. પણ સમ્યગ્દર્શન હોય તો બન્નેને સમ્યક્ કહેવાય છે. નહીંતર એ જ્ઞાન છે એમાં કોઈને ભ્રાંતિ થાય એવું હોય છે. જ્ઞાન તો આગમ અનુસાર છે પણ આત્માની અભિમુખ જ્ઞાન છે અથવા સ્વસંવેદનરૂપ જ્ઞાન, આત્માનું જેમાં લક્ષ છે અને સ્વયંનું

પોતાનું જેમાં વેદન છે એ કાર્ય તો સ્વયં જ્ઞાનગુણની પર્યાયમાં થાય છે. પણ એટલું સૂક્ષ્મ ન સમજાય તો એને એમ કહે કે સમ્યગ્દર્શન હોય એનું જ્ઞાન સમ્યક્ હોય. બાકીનાનું આગમજ્ઞાન આગમ અનુસાર હોય તોપણ સમ્યક્ નહીં. કેમકે આગમજ્ઞાનને લોકો સમજે છે કે શાસ્ત્ર કહે છે એમ જ આ કહે છે. શાસ્ત્ર કહે છે માટે અને એમ શાસ્ત્ર અનુસાર કહે છે માટે જ્ઞાન સાચું ? નહિ. અંદરમાં એને સમ્યગ્દર્શન હોય તો એનું જ્ઞાન સમ્યક્જ્ઞાન સાચું. જો સમ્યગ્દર્શન ન હોય તો એનું જ્ઞાન, સાચું નહિ.

જ્ઞાન છે એવું જ માને છે. એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કરે નહીં. રાગથી ધર્મ થાય નહીં. એક સમયની કોઈપણ શુદ્ધાશુદ્ધ પર્યાય આશ્રયનો વિષય નથી. ત્રિકાળી પરમ પદાર્થ પરમ તત્ત્વ એ એક જ આશ્રયભૂત નિજ સ્વરૂપ છે. જ્ઞાન તો આગમ અનુસારનું છે. તો એને પૂછે કે સમ્યગ્દર્શન (છે ખરું) ? કે સમ્યગ્દર્શન માનીએ છીએ પછી સમ્યગ્દર્શનનો શું કરવા વાંધો પાડો ? અમે જેવું કહીએ છીએ, જેવું વાંચીએ છીએ, જેવું વિચારીએ છીએ એવું જ માનીએ છીએ. તો એવું માનવું એ શ્રદ્ધા થઈ કે ન થઈ ? આમાં શંકા કેમ (કરો છો) ? કે, ઊભા રહો. શુદ્ધ ઉપયોગ થયો છે ? નિર્વિકલ્પ શુદ્ધોપયોગ પ્રગટ થયો છે ? કેમકે સમ્યગ્દર્શન ઘણાને નથી સમજાતું (કે) સમ્યગ્દર્શન શું કહેવાય. બધું શાસ્ત્ર અનુસાર છે, ચોખ્ખે ચોખ્ખી વાત છે, આમાં કાંઈ ભૂલ તો દેખાતી નથી. તો કે શુદ્ધોપયોગ થયો છે ? તો કે શુદ્ધોપયોગ ને અશુદ્ધોપયોગ વળી શું ? નિર્વિકલ્પ ઉપયોગ થયો છે ? તો કે .. નિર્વિકલ્પમાં ક્યારેક વિચાર ને ચિંતવનમાં એકાગ્રતા થઈ જતી હોય તો એને નિર્વિકલ્પ ઉપયોગ કહેવો કે ન કહેવો ? તો કે હજી ઊભા રહો. પ્રદેશે પ્રદેશેથી આત્માનો આહ્‌લાદરૂપ આનંદ ઉત્પન્ન થયો છે કે નહીં ? શુદ્ધોપયોગના કાળમાં અંદરથી આત્માના આનંદનો ઊભરો આવ્યો છે કે નહીં ? કે મન સાથેની ચિંતવન દશા રહી છે ? કષાય મંદ હોય, શાંતિ લાગે, શાતા ઊપજે, રોમાંચ ખડા થાય. એ 'ટોડરમલજી'એ 'રહસ્યપૂર્ણ ચિઠ્ઠી'માં લીધું છે ને ? સમ્યક્દૃષ્ટિની વાત લીધી છે કે રોમાંચ ખડા થાય. તોપણ એ મન આશ્રિત સ્વરૂપ ચિંતવનની દશા (છે) એને શુદ્ધોપયોગ અને એને આનંદ કહેવામાં આવતો નથી. એ જુદી વાત છે, આ જુદી વાત છે. બે દશા જુદી જુદી છે.

એમ અહીંયાં 'ગુરુદેવ'ની કૃપાથી વાત આપણને સીધીસાદી લાગે કેમકે આપણે સ્વીકારી છે પણ બહુ મોટી સંખ્યામાં આ વિષય જેમ છે એમ સ્વીકારવામાં આવતો

નથી. શ્વેતાંબર આદિમાં તો નથી સ્વીકારતા પણ દિગંબરની અંદર પણ આવું ચોખ્ખું વસ્તુનું સ્વરૂપ વ્યવહારે પણ શ્રદ્ધામાં નહીં હોવાથી અન્ય દેવની સ્થાપના કરવામાં આવે છે. એ જ જિનમંદિરમાં સ્થાપના કરવામાં આવે છે. જે જિનમંદિરમાં દેવાધિદેવ વીતરાગ જિનેન્દ્ર પરમાત્માની સ્થાપના (કરી હોય) એ જ મંદિરમાં રાગ સહિતના દેવની સ્થાપના (કરે). આ ગડબડ થઈ ગઈ. એનું કારણ કે આવી સીધીસાદી વાત પણ વિચારીને સ્વીકારી નથી, વ્યવહારે વિચારીને સ્વીકારી નથી.

ણમો અરિહંતાણં કહીએ છીએ એ ણમો અરિહંતાણં એ અરિહંતાણં એટલે પદ કેવું ? હમણાં એક દિગંબરના વિદ્વાને એ વાત સ્પષ્ટ કરી છે. દિગંબર સમાજમાં પણ કુદેવને બિરાજમાન કરવાનું જોર વધતું જાય છે. જે જે તેરાપંથી મંદિરોમાં જ્યાં જ્યાં નથી ત્યાં ત્યાં પણ બહુ જોરથી તકરાર કરીને પણ બિરાજમાન કરે છે. એક વિદ્વાને હમણાં કહ્યું છે કે સમાજની પરિસ્થિતિ જોતા એવું લાગે છે.. કેમકે સાધુઓ વીસપંથીઓના વધારે, સાધુને લોકો માને, સાધુ તો ત્યાગી એટલે એનું માન વધારે હોય, સાધુઓ સ્થાપન કરાવે. કોણ લડાઈ કરે ? સજ્જન માણસો તો અમસ્તા પણ થોડા આઘા રહે. 'કાનજીસ્વામી'ના મંદિરો સિવાય, દેરાસરો સિવાય કોઈ દિગંબર દેરાસર સાજું નહિ રહે. બધા કુદેવની સ્થાપનાવાળા થઈ જશે. આ લોકો બહુ ચુસ્ત છે. 'કાનજીસ્વામી'ના ભક્તો છે એ બહુ ચુસ્ત છે. 'કાનજીસ્વામી'ના મંદિરો છે એ શુદ્ધ તેરાપંથી આમન્યાના રહેશે. ત્યાં કુદેવને કોઈ બિરાજમાન નહીં કરે. દિગંબરના ને દિગંબરના પંડિતે આગાહી કરી છે. એ 'ગુરુદેવ'ની કૃપા છે.

મુમુક્ષુ :– 'ગુરુદેવ' તો બહુ કહેતા સર્વજ્ઞ..

પૂજ્ય ભાઈશ્રી :– વિષયને સ્પષ્ટ બહુ કર્યો, સમજણ ઉપર વજન ઘણું આપ્યું. ભાઈ ! તું સમજ. એક વખત વસ્તુનું સ્વરૂપ સમજો; દેવ, ગુરુ, શાસ્ત્રનું સ્વરૂપ સમજો. દેવ કેવા હોય છે ? એના નિરૂપિત વીતરાગતાને ઉપાદેય, સંપૂર્ણ પરિપૂર્ણ વીતરાગતાને ઉપાદેયતાવાળા સિદ્ધાંતો કેવા હોય ? એના લક્ષણો કેવા હોય ? અને નિર્ગ્રંથ–બાહ્યાભ્યંતર નિર્ગ્રંથ ગુરુઓ કેવા હોય એનું સ્વરૂપ સમજ્યા વિના આત્માને જોખમ ઘણું છે, થોડું જોખમ નથી. મનુષ્યભવ અનંત કાળે આવ્યો છે, ઘડીકમાં આંખ મીંચાઈ જાશે. ક્યાં દુર્ગતિમાં જાશે એનો પત્તો લાગશે નહીં. એ પ્રત્યક્ષ સત્પુરુષની બલિહારી છે.

આગમ તો છે. આગમમાં ક્યાંય, આચાર્યોના આગમમાં ક્યાંય ગડબડ નથી થઈ કે તું કુદેવને ને કુદેવીઓને સ્થાપજે એવી તો ક્યાંય ગડબડ નથી. પણ પ્રત્યક્ષ સત્પુરુષ વિના એ વાતનું રક્ષણ થવું પણ મુશ્કેલ છે, એનું રક્ષણ થવું મુશ્કેલ છે.

મુમુક્ષુ :-

પૂજ્ય ભાઈશ્રી :- આ તો નજરે દેખાય એવી વાત છે.

મુમુક્ષુ :- સત્પુરુષ વિના કેવું થાય.

પૂજ્ય ભાઈશ્રી :- કેવું થાય.

પ્રશ્ન :- આગમમાં ક્યાંય દેવ-દેવીનું નામ નહીં હોય ?

સમાધાન :- નહીં, ક્યાંય નહીં ને. મૂળ આગમમાં કુદેવનો ઉલ્લેખ છે એનો નિષેધ કરવાનો. કે કોઈપણ કુદેવ-દેવીને માને તો એને ગૃહિત મિથ્યાત્વ લાગે. એમ છે. વાત એવી રીતે આવે છે કે ક્યાંય કુદેવ-દેવીને માની શકાય નહીં. સમ્યક્દૃષ્ટિ એને માને નહીં એમ વાત આવે. સ્થાપવાનો તો પ્રશ્ન જ હોઈ શકે નહીં. ઉથાપવાની વાત હોય. વિપરીત છે, સામે સામી વાત છે, એમ.

મુમુક્ષુ :- શાસનની રક્ષા કરવા માટે દેવ-દેવીની સ્થાપના કરી છે.

પૂજ્ય ભાઈશ્રી :- કોને શાસન કહેવું ? ટોળાશાહીને શાસન કહેવાય ? ટોળાશાહીને શાસન કહેવાય ?

મુમુક્ષુ :- આજે નથી સ્થાપેલું, ભગવાનની વખતે સ્થાપેલું છે.

પૂજ્ય ભાઈશ્રી :- ના રે ના. ભગવાનને અનંત વીર્ય પ્રગટ થયું છે. અરિહંત પરમાત્માને કેવળજ્ઞાન, કેવળદર્શન, કેવળવીર્ય, અનંત વીર્ય છે. અનંતજ્ઞાન, અનંતદર્શનની સાથે અનંતવીર્ય પ્રગટ થયું છે. એના શાસનની રક્ષા કરવાને કોઈની જરૂર નથી. એ તો સ્વયં રક્ષિત છે. આત્મા સ્વયં રક્ષિત છે, એમનું શાસન પણ સ્વયં રક્ષિત છે.

મુમુક્ષુ :- પરમાત્મની નબળાઈની વાત થઈ ને .. ?

પૂજ્ય ભાઈશ્રી :-- હા, ચોખ્ખે ચોખ્ખી વાત છે. એ તો 'કર્તા ઈશ્વર જો ગણે ઈશ્વર દોષ પ્રભાવ' અન્યમતિમાં એમ સ્થાપે છે કે અમારા ઈશ્વરની આજ્ઞા વિના, ઇચ્છા વિના એક પાંદડું પણ ન હલે. તો એને એક મોટી તાકાત માની કે કેટલું સામર્થ્ય છે ! ભાઈ ! ભૂલી ગયો તું, ઇ તો દોષ છે. એ તો દોષ સ્થાપ્યો એના ઉપર કે એમને એવી ઇચ્છા હોય છે. પૂર્ણતાને ઇચ્છા ન હોય ને ઇચ્છા હોય ત્યાં

પૂર્ણતા ન હોય. પણ એ દૃષ્ટિકોણ જૈનદર્શન સિવાય ક્યાંય નથી. ઊંધા દૃષ્ટિકોણથી વિપરીતતાને સ્થાપે કે શાસનની રક્ષા કરશે.

વીતરાગતામાં જે શક્તિ છે... સીધો પ્રશ્ન આ છે કે જે શક્તિ વીતરાગતામાં છે એ શક્તિ રાગમાં છે ? તો કુદરત કોની સાથે બંધાયેલી છે ? નિર્દોષતા સાથે કે સદોષતા સાથે ? જુઓ ! કેટલાક અંતઃકૃત કેવળી થાય છે. એને કેવળજ્ઞાન ઉત્પન્ન થયા પહેલાંના સમય સુધી ઉપસર્ગ અને પરિષહ હોય છે. ઘોર ઉપસર્ગ અને ઘોર પરિષહ હોય છે. કેમ ત્યાં કોઈ શાસનદેવ કે શાસનદેવીઓ આવતા નથી ? મુનિઓના ઉપસર્ગ દૂર કરવા કેમ કોઈ શાસન દેવ કે દેવીઓ આવતા નથી ? આવે છે ? ત્યાં અંતર સાધનામાં અને એકાગ્રતામાં આગળ વધે છે, શુક્લધ્યાનમાં આગળ વધે છે. જ્યાં ફડાક કેવળજ્ઞાન થાય છે કે સીધા આકાશમાં પાંચસો ધનુષ ઊંચે બિરાજમાન થઈ જાય છે. કાં ખડ્ગાસને હોય તો ખડ્ગાસને, ધ્યાનમાં પદ્માસને હોય તો પદ્માસને (બિરાજમાન થઈ જાય છે). અને ત્યાં જગતના કોઈ પરમાણુ કે કોઈ રાગી-દ્વેષી જીવોની, મોહી જીવોની ત્યાં પહોંચની કોઈ પરિસ્થિતિ નથી.

મુમુક્ષુ :– મંદિરોના ઊથલપાથલ થઈ ગયા તોપણ કોઈ રક્ષા કરવા આવ્યું નહિ.

પૂજ્ય ભાઈશ્રી :– હા, થઈ ગયા ને. થઈ ગયા કે નથી થઈ ગયા ? મુસલમાન બાદશાહઓએ પતન કરી નાખ્યા, ખંડન કરી નાખ્યા, તોડી નાખ્યા. ક્યાં ગયા બધા શાસન દેવ ? એ વસ્તુસ્થિતિ જ નથી.

અહીં તો જિનસિદ્ધાંત એમ કહે છે કે એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કાંઈ કરી જ શકે નહીં. પછી શાસનદેવ બીજાનું કરી શકે એ વાત જૈનસિદ્ધાંતમાં ક્યાં આવી ? એણે જૈનશાસન તોડ્યું કે જૈનશાસનની રક્ષા કરી ? એણે તો જૈનશાસન તોડ્યું છે, એણે ક્યાં રક્ષા કરી છે ? રક્ષા કરવાનો પ્રશ્ન જ નથી. કોઈ દલીલ માટે એમ કહે કે એવા ઘણાં ધર્માત્માઓ થયા કે જેની પ્રતિકૂળતાઓ વખતે અનુકૂળતાઓ થઈ ગઈ. જેમ કે 'સુદર્શન શેઠ'. તો કે એ તો એના પુણ્ય છે અથવા કોઈ દેવને એવો વિકલ્પ એના પુણ્યના નિમિત્તે આવે છે, આના પુણ્યના ઉદયના નિમિત્તે આવે છે, બીજું કાંઈ નથી. બધાને થાય એ પ્રશ્ન નથી. પુણ્યનો ઉદય હોય તો (વિકલ્પ આવે). આ તો ધર્માત્મા હતા પણ અધર્માત્મા હોય, સંસારી હોય તો પુણ્યનો ઉદય હોય, પાપ કરે ને સવળું પડે. આ તો પાપમાં નહોતા ઊભા પણ પાપમાં ઊભા હોય ને સવળું

પડે. પડે કે ન પડે ? ઇ તો પુણ્યનો વિષય છે એમાં કોઈ દેવ દેવીની જરૂર નથી. અને કોઈ કાંઈ કરી શકે એ વસ્તુની સ્થિતિ નથી. પણ શ્રદ્ધાના ઊંધા લાકડા એવા ગરી જાય કે એના ફળમાં અધોગતિમાં જાય. એ ૧૭૩ (વચનામૃતમાં) વસ્તુનું સ્વરૂપ પ્રદર્શિત કર્યું છે. આ રીતે માનવું, આ વિષયમાં બીજી રીતે માનવું નહીં. શ્રદ્ધા તો ચોખ્ખી રાખવી.

કોઈ કહે કે, ભાઈ ! મંડનખંડનમાં ન પડવું. બધા મતોની વાત થાય ને ? કે બીજા મતવાળા આમ માને છે. શુદ્ધ આમ્નાય આમ માને છે તો મંડન ખંડન ન કરવું, મંડન ખંડનમાં ન પડવું. પણ નિર્ણય કોને કરવાનો ? જો નિર્ણયની ભૂલ રહી હશે તો નુકસાન પોતાને થશે. મંડન ખંડનથી તો નુકસાન માનીને બચવા માગે છો ને ? વાત તો એટલી જ છે કે બીજી કાંઈ છે ? કે મંડન ખંડનના પરિણામથી જીવને રાગ-દ્વેષ થાય ને નુકસાન થાય. પણ જ્ઞાનમાં સમજણમાં સાચો નિર્ણય તો કરવો પડે કે ન કરવો પડે ? એમાં મંડન ખંડનનો પ્રશ્ન રહેતો નથી. તો પછી મંડન ખંડન કોને કહેવાય ? વિષય તો સ્પષ્ટ થવો જોઈએ કે નહીં ?

મંડન ખંડન તો તેને કહેવાય કે જે આગ્રહ રાખે, પોતાને માટે નહીં, બીજાને માટે પણ આગ્રહ રાખે એને મતનું સ્થાપન પરાણે કરવું છે એમ થાય. એને મંડન ખંડન કહેવાય. પોતાની આરાધના માટે પોતે માને, પોતે સ્થાપે તો એને કાંઈ મંડન ખંડન કહેવાય નહીં. પણ તમે કેમ માનતા નથી ? એ મંડન ખંડન છે. જિજ્ઞાસુ હોય તો સાચી વાત કરે. એ પણ જિજ્ઞાસુ હોય તો. સાચી વાત તો અમને આમ લાગે છે, તમે પણ ન્યાયથી વિચારી જુઓ. અમે તમે સહુ આત્માનું પોતાનું ભલું કરવા નીકળ્યા છીએ તો ભલું શેમાં થાય છે એ વાતને વિચારી જુઓ. બસ ! આથી વધારે આગ્રહ રાખવા જાય તો ત્યાં મંડન ખંડન છે અને સાચી વસ્તુસ્થિતિ સમજવી એને મંડન ખંડન કહેવાય નહીં. એટલો ફેર છે.

મુમુક્ષુ :– વ્યક્તિ કે સંપ્રદાય ઉપર દ્વેષબુદ્ધિ ન હોય પણ ઇ પહેલાં ભૂમિકા અનુસાર ખંડન મંડનનો ભાવ તો આવે જ ને !

પૂજ્ય ભાઈશ્રી :– ખંડન મંડન તો આગ્રહ હોય તો થાય, (આગ્રહ) રાખવાની મનાય છે. આગ્રહ કષાયનો ઉત્પાદક છે. આગ્રહ બીજા માટે ન રખાય. પોતાના માટે ગમે તેટલો આગ્રહ રાખે, બીજા માટે નહીં. બીજાને છૂટા મૂકી દેવા. જિજ્ઞાસુ

હોય તો ન્યાય સમજવા માગે એને ન્યાય બતાવી શકાય. પણ તમે માનો જ માનો એ વાત અનિષ્ટને ઉત્પન્ન કરનારી છે. એમાંથી કોઈ ઇષ્ટ ફળ આવે નહીં, એમાંથી સારું ફળ ન આવે.

મુમુક્ષુ :- આ માર્ગમાં બીજાનું કામ પણ શું છે ? આપણે આપણું કરવું.

પૂજ્ય ભાઈશ્રી :- પોતાને તો પોતાનું ભલું કરવું છે, પોતાનું હિત કરવું છે. કે બીજાનું પણ હિત કરવું છે ? બીજાનું હિત કરી શકતો નથી.

મુમુક્ષુ :- તીર્થંકર ન કરી શક્યાને.

પૂજ્ય ભાઈશ્રી :- તીર્થંકર કરી શક્યા હોય તો પહેલા તીર્થંકર થયા તે 'દી બધા પામી ગયા હોત. એમને તો બધા પામે એવી ભાવના હતી. એ ભાવે તો તીર્થંકર નામકર્મ બાંધ્યું હતું. એ તો બની શકતું નથી.

ધર્મની રક્ષા કરવાનો ભાવ આવે, ધર્માત્માની રક્ષા કરવાનો ભાવ આવે એ બીજો વિષય છે. કોઈ સત્ય ધર્મને ઉથાપતો હોય, સિદ્ધાંત તોડતો હોય તો એની સામે સાચો સિદ્ધાંત આ છે, ધર્મની અને સિદ્ધાંતની સ્થાપના કરવી એ બીજો વિષય છે. એ ભૂમિકા અનુસારના રાગ આવ્યા વિના રહેતા નથી. એનો અર્થ એ નથી કે એ મંડન ખંડનમાં જાય છે. ભગવાન 'કુંદકુંદાચાર્ય' (વખતે) સંક્રાંતિકાળ હતો. શ્વેતાંબરની શરૂઆત હતી. 'અષ્ટપાહુડ'ની અંદર ઘણી વાતો લખી છે. એની અંદર મુનિપણું, અરિહંતપણું એ વગેરેની અંદર કોઈ વિકૃતિ કરે, ફેરફાર કરે, માને-મનાવે (એ) નિગોદમાં જાય ત્યાં સુધી વાત લીધી છે. એ વસ્તુનું સ્વરૂપ છે. મતના આગ્રહ માટે નિગોદમાં જશે એમ નથી કહ્યું. મતની રક્ષા કરવા, સંપ્રદાયની રક્ષા કરવા માટે એમ નથી કહ્યું. કે દિગંબર સંપ્રદાયની રક્ષા કરવા માટે આમ કહ્યું એમ વાત નથી. એ વસ્તુનું સ્વરૂપ જ છે કે જે સાચા દેવ, ગુરુ, શાસ્ત્રના સ્વરૂપમાં ફેરફાર કરીને સિદ્ધાંતને સ્થાપે એટલે ઉત્સૂત્રનું નિરૂપણ કરે એનું ફળ નિગોદ જ છે. એ વસ્તુનું સ્વરૂપ છે. એ કોઈ દ્વેષથી એને નિગોદમાં મોકલવાની વાત કરી દીધી છે કે મતનું રક્ષણ કરવા માટે આગ્રહ રાખીને એવું બોલ્યા છે એવું કાંઈ નથી. એ વસ્તુનું સ્વરૂપ જ એમ છે. વસ્તુના સ્વરૂપની આ જાહેરાત છે.

'ગુરુદેવ' તો એ વાત બહુ સમજાવતા કે સાહેબ ! ચીભડાના ચોરને ફાંસીની સજા થાશે. એ તો અન્યાય કહેવાય. ચીભડાના ચોરને (ફાંસી) ? કોઈ ચીભડું ચોરે

.. તો એ તો નાનો ગુનો ને મોટી સજા અન્યાય ગણાય ને ? આ એવું થાશે. એમાં શું ? જરાક ભગવાનને આભૂષણ પહેરાવ્યા એમાં શું થઈ ગયું ? કે મુનિપણામાં થોડોક ફેરફાર કરી નાખ્યો એમાં શું ? પણ ત્યાગ તો રાખ્યો છે. કાંઈ ઘરબારી સંસારી તો નથી થયા, દુકાન-કુટુંબ તો છોડ્યું જ છે. એવું ચાલતું નથી. એ વીતરાગ મૂળ સ્વરૂપ ઉપર અને મૂળ માર્ગ ઉપર પ્રહાર છે અને એનો અપરાધ બહુ મોટો ગણવામાં આવે છે. ખરેખર એ મોટો છે ને મોટો ગણવામાં આવે છે અને એનું ફળ પણ એટલું જ મોટું છે, એનું ફળ નાનું હોઈ શકે નહીં. મોટો અપરાધ, એનું ફળ પણ એટલું જ હોય.

પ્રશ્ન :- કોઈ કોઈનું હિત કરી શકે નહીં તો ગુરુ-શિષ્યનો સંબંધ કઈ રીતે ?

સમાધાન :- ગુરુ-શિષ્યનો સંબંધ એટલો કે ગુરુ પોતાના રસ્તે જાય છે. માર્ગ જોયો છે અને માર્ગે જતાં આંગળી ચીંધતા જાય છે કે આ માર્ગ છે. જે અનુસરવા માગે છે એને શિષ્ય કહેવામાં આવે છે. અનુસરનારને પોતાના નિજ સ્વરૂપની-નિજ આત્માની કોઈ એવી કરુણા આવે છે, દયા આવે છે એને સ્વદયા કહે છે કે અરેરે...! આ આત્મા બહુ ભટક્યો, બહુ દુઃખી થયો. હવે આ આત્મા મુક્ત થાય એવો કોઈ રસ્તો ચીંધાડનાર હોય તો એના ચરણમાં રહી જાઉં. એવી એને ભાવના થાય છે તો એને એ ગુરુ કહે છે. ગુરુ કહે છે કે, હું કાંઈ ગુરુ-ફુરુ નથી. હું તો એક આત્મા છું. **'ण वि होदि अप्पमत्तो ण पमत्तो'** હું તો જ્ઞાયક ભાવ છું. **'जाणगो दु जो भावो'** જ્ઞાયકભાવ છું. મારે ગુરુપણું શું ? તારે સમજવું હોય તો આ વસ્તુનું સ્વરૂપ છે. પેલો પરિભ્રમણમાંથી બચવા માગે છે અને બચે છે ત્યારે એને ઉપકારબુદ્ધિનો રાગ આવ્યા વિના રહેતો નથી. એ ભૂમિકાનો રાગ ન આવે તો એણે એ ભૂમિકાનો ત્યાગ કર્યો ગણાય, છોડી દીધી ગણાય. એવું તો બનતું નથી. યથાર્થ ભૂમિકામાં એવું બનતું નથી.

એ ગુરુ-શિષ્યનો સંબંધ કહેવા માત્ર, વ્યવહાર માત્ર છે. વસ્તુતાએ કોઈ આત્મા કોઈનો ગુરુ નથી, કોઈ આત્મા કોઈનો શિષ્ય નથી. નિશ્ચય ગુરુ પણ પોતાનો આત્મા અને નિશ્ચય શિષ્ય પણ પોતાનો આત્મા. આમ છે. ગુરુ-શિષ્ય કાંઈ છે નહીં ખરેખર. ગુરુ- શિષ્યમાં ગુરુપણું માને તો એ સાચા ગુરુ નહીં, એને કુગુરુ કહેવામાં આવે છે. આમ છે ખરેખર. સાચા ગુરુ તો શિષ્ય પ્રત્યે ગુરુપણું કરતા નથી. આમ છે.

પંચ પરમેષ્ઠીમાં એ વિચક્ષણતા છે. ણમો લોએ સવ્વસાહૂણં. આચાર્ય ગણધરપદે બિરાજમાન જે છે એ તો ગુરુ છે. તીર્થંકરના પ્રધાન શિષ્ય છે અને તીર્થંકરને પરમગુરુ કહે છે. તીર્થંકર કહે છે, હું તો વીતરાગ થયો છું. હું તો મારા પ્રધાન શિષ્ય કે અપ્રધાન શિષ્ય કોઈની સામું જોતો નથી. મારે તો હવે કાંઈ મારું-તારું રહ્યું નથી. તો કે ગુરુની શું દશા ? કે ગુરુ કહે છે કે પણ અમે ઇ જ થવા માગીએ છીએ. આ જેટલો સંજ્વલનનો મંદ કષાય રહ્યો છે એટલી પ્રવૃત્તિ છે પણ એમાં કોઈના વિશે ગુરુપણું માનવાનો પ્રશ્ન નથી. ણમો લોએ સવ્વસાહૂણં. એ પણ પંચ પરમેષ્ઠીમાં છે. એક સમયનો દીક્ષિત થયેલો ભાવલિંગી સંત છે એને નમસ્કાર કરે છે. આપની દીક્ષા આટલી મોટી, આપ ગણધરપદે બિરાજમાન (છો), આ હજી પહેલું પગલું (ભરે છે), સાધુપણામાં પહેલો પગ માંડ્યો છે. એણે સાધુપણામાં પગ માંડ્યો ને ! મારા નમસ્કાર છે. છે કે નહીં ?

પ્રશ્ન :– ત્યાં ગુણને નમસ્કાર છે ?

સમાધાન :– ગુણને નમસ્કાર છે. એ ભાવલિંગની દશાને નમસ્કાર છે, એ આત્મદશા અને પવિત્રતાને નમસ્કાર છે. એમ છે. વ્યક્તિનો પ્રશ્ન નથી. ત્યાં વ્યક્તિગત વ્યવહાર એવો ન કરે. શિષ્ય આચાર્યને વંદનાદિ કરે, આચાર્ય થઈને શિષ્યને વંદનાદિ ન કરે. પણ પંચ પરમેષ્ઠીમાં ણમો લોએ સવ્વસાહૂણં કરે. ગણધર ભગવાન પણ પંચ નમસ્કાર મંત્રનું ઉચ્ચારણ કરે છે. ઉચ્ચારણ કરે એટલે વિકલ્પ કરે છે, એવો રાગ આવે છે એનો નિષેધ હોઈ શકે નહીં. એમ ગુરુ-શિષ્ય છે. એ ક્યારે થઈ શકે ? જેને વંદન ન કરતા હોય, ણમો લોએ સવ્વસાહૂણં કેમ થઈ શકે ? એ વસ્તુના સ્વરૂપને, આત્મભાવને, આત્મદશાને, આત્માની પવિત્રતાને, આત્માના ગુણોને નમસ્કાર કરવાના છે. ત્યાં ગુરુ-શિષ્યપણાનો વ્યક્તિગત પ્રશ્ન રહેતો નથી.

પ્રશ્ન :– પંચ પરમેષ્ઠીમાં પાંચેય પરમેષ્ઠી ગુણની દૃષ્ટિએ સરખાં ?

સમાધાન :– ના, ગુણની દૃષ્ટિએ સિદ્ધ ભગવાન સૌથી વધારે ગુણવાન છે. અરિહંત ભગવાન એથી ઓછા ગુણવાન છે ત્યાં અસિદ્ધત્વ રહ્યું છે. અને સિદ્ધ તે સિદ્ધ અને બાકીના બધા સંસારી. સિદ્ધ નહીં તે સંસારી, એમ કહેવાય છે.

મુમુક્ષુ :– આચાર્ય, ઉપાધ્યાય અને સર્વ સાધુ.

પૂજ્ય ભાઈશ્રી :– અરિહંતને પણ સંસારી કીધા છે. સિદ્ધ નથી કાંઈ. જીવોના બે વિભાગ કરવામાં આવે–બે વર્ગ કરવામાં આવે–સિદ્ધ અને સંસારી તો અરિહંત

ભગવાન સિદ્ધમાં નથી જતા, સંસારીમાં જાય છે. બે જ વિભાગ કરવામાં આવે તો.

પ્રશ્ન :- મુકિત નથી મળી એટલે સંસારીને ?

સમાધાન :- અસિદ્ધત્વ છે જ ને. મુક્તિ નથી મળી તો કાંઈ કારણ છે તો નથી મળી. એટલું પણ કારણ ત્યાં વિદ્યમાન છે એટલે મુક્તિ નથી મળી. પણ પહેલાં એને નમસ્કાર કર્યા.

પ્રશ્ન :- અરિહંત ભગવાનને શું...?

સમાધાન :- .. છે અમુક જે પ્રતિજીવી ગુણો છે એ સંપૂર્ણપણે શુદ્ધ નથી થયા. અનુજીવી ગુણો બધા શુદ્ધ થયા છે એમ છે. એ અસિદ્ધત્વ નામનો દોષ છે, એ પ્રકારનો કષાય નથી. એમ છે. એમને પહેલા નમસ્કાર કર્યા છે. શું વાત છે ?

પ્રશ્ન :- પ્રતિજીવી ગુણો ને અનુજીવી ગુણો એટલે શું ?

સમાધાન :- આ જ્ઞાન, દર્શન, ચારિત્ર, વીર્ય એ બધા અનુજીવી ગુણો છે. અને શાસ્ત્રની અંદર બીજા પદાર્થને અનુસરતા પ્રતિજીવી ગુણો આવે છે. જેમ કે અવ્યાબાધત્વ. એ સંપૂર્ણપણે વ્યક્ત નથી. સૂક્ષ્મત્વ સંપૂર્ણપણે વ્યક્ત નથી થયું એમ. એ બધા પ્રતિજીવી ગુણ છે. બહુ શરૂ શરૂમાં થોડું વાંચેલું એટલે એવું આછું આછું યાદ છે, બાકી બધા ગુણો ને એના નામ એવું બધું ક્રમસર યાદ નથી. અનુજીવી, પ્રતિજીવી ગુણ છે. ટૂંકામાં એટલું સમજે કે અસિદ્ધત્વ છે. સિદ્ધત્વ નથી ત્યાં અસિદ્ધત્વ છે. બીજો ભેદ, પેટા ભેદ ન આવડે (કે) પ્રતિજીવી ગુણો ક્યા ક્યા.

મુમુક્ષુ :- હસ્તી છે ને !

પૂજ્ય ભાઈશ્રી :- હસ્તી છે જ ને. હસ્તી વગર કેમ રહે ? એ તો સિદ્ધાલયમાં બિરાજમાન થઈ જાય. પ્રતિજીવી ગુણો જે વિચ્છેદ નથી થયા અવિચ્છેદ દશામાં એની હસ્તી છે. અઘાતીયા છે ને ! કલાસ, વર્ગ ભણ્યા હોય એને બધું યાદ હોય. આમાં '(જૈન) સિદ્ધાંત પ્રવેશિકા'માં આવે છે. એમાં બધી વ્યાખ્યા છે. અનુજીવી ગુણોના નામ, પ્રતિજીવી ગુણોના નામ.

મુમુક્ષુ :- અરિહંતને પહેલા નમસ્કારની વાત ચાલતી હતી.

પૂજ્ય ભાઈશ્રી :- હા, હા ! એમને પહેલા નમસ્કાર કર્યા છે (કેમકે) ઉપકારી થાય છે. સિદ્ધ પરમાત્મા સંસારીને ઉપકારી થતાં નથી. અરિહંત પરમાત્મા ઉપકારી થાય છે. 'શ્રીમદ્જી'એ તો ૨૨૫ નંબરના પત્રમાં સંકેત કર્યો છે કે, અનાદિ મહામંત્ર,

નમસ્કાર મહામંત્રની અંદર સિદ્ધ ભગવાન મહાન હોવા છતાં, અરિહંત ભગવાન કરતા મહાન હોવા છતાં પહેલા નમસ્કાર અરિહંત ભગવાનને કર્યા છે. એ અનાદિનો એવો કોઈ સંકેત સૂચવે છે કે ભલે પદ નીચું હોય તોપણ જ્યાં સત્ પ્રગટ થયું હોય એવા સત્પુરુષો 'પ્રત્યક્ષ સદ્‌ગુરુ સમ નહીં પરોક્ષ જિન ઉપકાર' એવો લક્ષ, એ લક્ષ કરાવવા માટે નમસ્કાર મંત્રની અંદર આવી પ્રયોજના અનાદિથી લાગે છે. કુદરતી સંકેત ઉપરથી એ વાત લીધી છે કે કોણ ઉપકારી થઈ શકે ? એ વાત કોઈ વિચક્ષણ જીવ સમજી શકે એને માટે અનાદિની આ પ્રકારની પરિસ્થિતિ છે.

ગમે એવો બુદ્ધિમાન હોય, ગમે એવો વિચક્ષણ હોય પણ 'પાવે નહીં ગુરુ ગમ બિના યેહી અનાદિ સ્થિત'. એ અનાદિ સ્થિતિ છે. એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કરી શકતો નથી. પણ નિમિત્તનૈમિત્તિક સંબંધ પારિણામિકભાવે છે, અવિનાભાવી એમ જ હોય. કોઈ પ્રગટ સત્પુરુષના બોધ વિના-ઉપદેશ વિના કોઈ જીવને સ્વરૂપનું લક્ષ થાય કે સ્વરૂપનું જ્ઞાન થાય એવું કોઈ દિવસ બનતું નથી, બની શકે નહીં. એવો જ વિષય છે.

અંતર્મુખ થવાનો જે કોઈ માર્ગ અને ઉપાય છે એ અંતર્મુખ થયા તે જ વ્યક્તપણે કહી શકે, દર્શાવી શકે. એમાં એકલી ભાષા કામ ન આવે, ભાવ સાથે ભાષા હોય એ જ કામ આવે એમ કહેવું છે. ભાષા તો એવી અજ્ઞાની પણ કરી શકે પણ એકલી ભાષા એમાં કામ આવતી નથી. આવું નિમિત્તનૈમિત્તિકનું (સ્વરૂપ) છે. એટલે એની કિંમત કોઈ જુદી આંકવામાં આવે છે.

પરમાર્થની અંદર એ વિષય બીજી રીતે મૂલ્યાંકન કરવામાં આવે છે કે, અનંતકાળથી પરિભ્રમણ કરતા એવા જીવને આ એક પરિસ્થિતિ છે કે એને સત્પુરુષનો સમાગમ થવો જોઈએ, એની પાત્રતા સહિત હોવો જોઈએ. જો ઓળખે તો એનાથી પામે, ન ઓળખે તો નિમિત્ત કાંઈ કરતું નથી એ અનુસાર કાંઈ થાય નહીં. અનંતવાર સમવસરણમાં ગયો અનંતવાર ગુરુને સેવ્યા, જ્ઞાનીને સેવ્યા પણ ઓઘે ઓઘે, કાં લોકસંજ્ઞાએ અને કાં ઓઘસંજ્ઞાએ. એટલે એને પત્તો લાગ્યો નથી. એને ન તો સ્વસંવેદન સમજાયું છે કે ન તો એને સ્વસંવેદન ભણીનું કાંઈ લક્ષ થયું છે. કાંઈ થતું નથી. શેમાંથી ચાલ્યું હતું ? પંચ પરમેષ્ઠી.

મુનિદશા કેવી હોય, અરિહંતદશા કેવી હોય વ્યવહારે જાણપણું એનું કરી લેવું જોઈએ. નહીંતર જાણે અજાણે ન હોય એને માનવા લાગી જાય.

મુમુક્ષુ :- અરિહંત પહેલાં કેમ એ 'મોક્ષમાર્ગપ્રકાશક'માં બતાવ્યું છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, પણ ત્યાં એકદમ એનો રહસ્યાર્થ નથી ખુલ્યો એવી ભાષા છે. એનું જે રહસ્ય છે એ ખોલ્યું નથી. સામાન્ય લીધું છે કે અરિહંત ઉપકારી થાય છે, સિદ્ધ ઉપકારી નથી થતા માટે અરિહંતને નમસ્કાર કર્યા છે. 'શ્રીમદ્જી'એ પત્રમાં રહસ્ય ખોલ્યું છે કે અમે જે સત્પુરુષની પ્રધાનતા કરાવીએ છે (તેનું કારણ) પંચ પરમેષ્ઠીપદમાં, નમસ્કાર મંત્રમાં પણ આ વાતનું રહસ્ય છુપાયેલું હોય એવું અમને લાગે છે. મૂળ તો શું છે કે એમને પૂર્વભવનું જાતિસ્મરણ છે અને કેવી કેવી રીતે આ જીવ આથડ્યો છે ? કેવી કેવી સંભવિત ભૂલો કરી બેઠો છે ? કુગુરુમાં ગુરુપણું, કુદેવમાં દેવપણું (માન્યું છે), અને કેવો કેવો દુઃખી થઈને માર ખાધો છે એ બધું એમને ચલચિત્રની જેમ નજર સામે છે. એટલે એ લીધું છે કે અનંતકાળથી પરિભ્રમણ કરતા એવા આ આત્માની જેને કરુણા આવે છે અને કરુણા આવે ત્યારે એની વેદના એને જાગે છે ત્યારે આ આત્મા પોતાના સ્વરૂપને સમજવાનો અધિકારી થાય છે, પાત્રતા આવે છે, એ વખતે એને પાત્રતા આવે છે. અને એ સ્વરૂપ સમજવાનો અધિકારી થાય અને જો કોઈ સત્પુરુષ સમજાવનાર મળે તો એ અવશ્ય પામે છે, ન પામે એવું બનતું નથી. પછી જગતમાં એવો કોઈ પ્રકાર કે કુદરતમાં એવો કોઈ નિયમ કે સિદ્ધાંત નથી કે ત્યાં ન પામે. ત્યાં પામે જ પામે અને એ વગર કોઈ પામે એ પણ વસ્તુની સ્થિતિ નથી. આમ છે.

આ તો સાંભળે કે આ આત્મા બહુ દુઃખી થયો છે. થયો હશે. જાણે કો'કનો આત્મા દુઃખી થયો હશે. પરિભ્રમણમાં અનંત જન્મ-મરણ કર્યા, તો કે કર્યા હશે. જાણે પોતાને કાંઈ લેવાદેવા નથી. ત્યારે પેલું તો એને પોતાનું સાંભરે છે અને જેમ કોઈએ ભૂતકાળમાં કાંઈ કહી દીધું હોય તો અત્યારે આંસુડા પડે છે કે નહીં ? અપમાન કર્યું હોય, એવો પ્રસંગ બન્યો હોય તો અત્યારે આ દુઃખના આંસુ આવે એમ. ઇ તો કાંઈ નથી એવા દુઃખના પ્રસંગો જો એને ખ્યાલમાં આવે તો એને એના આત્માની કરુણા અને દયા આવ્યા વિના રહે નહીં અને એના આંસુ એને પડ્યા વિના રહે નહીં. એમ છે. પેલો તો રોતો બંધ રહે, આને બંધ રાખવો મુશ્કેલ પડે. એવી અંદરથી વેદના ઊઠે તો પાત્રતા ઊભી થઈ છે, પાત્રતા પ્રગટ થઈ છે. હવે એનો અનંતાનુબંધી અને દર્શનમોહ ગળ્યો, ગળી જાય છે. વિદ્યમાન છે ખરો પણ એ ગળી જાય છે,

**'હું છું ચૈતન્ય.' જેને ઘર મળ્યું નથી એવા માણસને બહાર ઊભાં ઊભાં બહારની ચીજો, ધમાલ જોતાં અશાન્તિ રહે છે; પરંતુ જેને ઘર મળી ગયું છે તેને ઘરમાં રહ્યાં રહ્યાં બહારની ચીજો, ધમાલ જોતાં શાન્તિ રહે છે; તેમ જેને ચૈતન્યઘર મળી ગયું છે, દૃષ્ટિ પ્રાપ્ત થઈ ગઈ છે, તેને ઉપયોગ બહાર જાય ત્યારે પણ શાન્તિ રહે છે. ૧૭૪.**

શક્તિ વગરનો થાય છે.

૧૭૪ માં લીધું છે, ધર્માત્માની–જ્ઞાનીની દશાનો વિષય લીધો છે. એ પણ સમીક્ષા કરી છે કે જ્ઞાની અને અજ્ઞાનીની પરસ્પર દશા કેવી હોય છે. **'હું છું ચૈતન્ય.' જેને ઘર મળ્યું નથી...'** આ ઘર છે. ચૈતન્ય, સ્વ-ચૈતન્ય સ્વરૂપ પોતાનું જે સ્વ ઘર છે. જેમ પોતાના ઘરમાં પોતે આરામથી–ચેનથી રહે છે એવું પોતાના સ્વરૂપમાં નિવાસ કરવાનું, વિલાસ કરવાનું, આરામ કરવાનું આરામગૃહ એ ચૈતન્ય છે. એ જેને ઘર મળ્યું નથી, એવું ઘર જેને મળ્યું નથી **'એવા માણસને બહાર ઊભાં ઊભાં બહારની ચીજો, ધમાલ જોતા અશાંતિ રહે છે;...'** એમ કે એને લોહવાટ થાય છે કે મને આ મળ્યું, મારી પાસે હજી આ નથી, હજી મારી પાસે આ નથી, હજી મારી પાસે આ નથી. બહારની ચીજો જોવે એટલે એનું માથું ખરાબ થાય છે. જગતમાં તો પાંચ ઇન્દ્રિયના વિષયોની વિધવિધતા એટલી બધી છે કે બીજું જોવે છે ને એને એમ થાય છે કે મારે નથી, આ મારે નથી, આ મારે નથી.

બીજી ચીજોને, ઘરની બહાર ઊભો છે શાંત ચૈતન્ય ઘરની બહાર ઊભો છે એટલે બીજી જગતની ચીજો જોતા, જગતની ધમાલ જોતા એને અશાંતિ રહે છે, બેચેની રહે છે, કારણ વગર બેચેની રહે. એવા માણસો હોય છે, તમારે શું ચિંતા

છે ને શું પ્રતિકૂળતા છે ? તો કહે, એવું તો કાંઈ ખાસ નથી પણ ચેન પડતું નથી. આ તો જોવામાં આવે છે કે નહીં ? આ જે 'અમેરિકા'થી હિપ્પી લોકો આવે છે એ બધા કરોડોપતિ ને અબજોપતિ હોય છે પણ વગર કારણે; બધું સાધનસંપન્ન સંપત્તિવાળા હોવા છતાં જે સંપત્તિ ઉપરનો જે એનો રસ એકવાર એ તીવ્રથી એટલો બધો તીવ્રતાથી ગયો કે એનું ચેન છે એ લુટાઈ ગયું. શાંતિ છે ઇ લુટાઈ ગઈ, અશાંતિ ઊભી થઈ ગઈ. ત્યાં સુધી એને અશાંતિ ઊભી થાય છે કે ગાંજો, ચરસ, દારૂ એવું કાંઈક પીવે અને ઘેનમાં પડ્યો રહે તો એને ટાઇમ નીકળે નહીંતર આપઘાત કરીને, ટાઇમ ન નીકળે તો આપઘાત કરે. અને કાં તો એટલી બધી અશાંતિ થાય કે પાગલ થઈને ફરે. એ બહારની સ્થિતિમાંથી બચવા માટે ટીકડી લે છે, ગાંજો પીવે છે, ચીરૂટ પીવે છે, એવા બધા પદાર્થો – કેફી પદાર્થો નાખીને (પીવે). એ (માત્ર) પુરુષો નહિ, ત્યાં તો બૈરાઓની પણ એ સ્થિતિ છે. કરોડોપતિ, અબજોપતિ Multi millionare હોય પણ એને ક્યાંય ચેન પડે નહીં.

અહીંયાં પણ ઘણાને એવી ગતિ પડી ગઈ હોય, માઠી ગતિ પડી ગઈ હોય પછી એને ચેન ન પડે. બહુ રસ લેતા લેતા લેતા લેતા નીચેની ગતિ પડી ગઈ હોય પછી એને પાછલા દિવસોમાં હખ ન પડે. જ્યાં સુધી આયુષ્ય પૂરું થાય ત્યાં સુધી લોહવાટ લોહવાટ લોહવાટ કર્યા જ કરે, અશાંતિ રહ્યા જ કરે, એને ચેન પડે નહીં. કારણ વગર કાંઈ કોઈ વિચાર પણ ન હોય ત્યાં. પણ જે એણે રસ લીધો છે, પ્રાપ્ત કરવામાં, રક્ષણ કરવામાં અથવા મારું છે એમ માનવામાં જે રસ લીધો છે, એણે એના આત્માની શાંતિને લૂટી લીધી છે. એટલે એને અશાંતિ થયા જ કરે છે, અશાંતિ રહ્યા જ કરે છે. અને પોતાના પરમ શાંત સ્વરૂપમાં સ્વાનુભવથી જેઓ સ્વઘરમાં આવ્યા નથી એની ઓછાવત્તા અંશે તો આ દશા હોય, હોય ને હોય છે. સમર્થ દૃષ્ટાંતથી સમજી શકાય એટલે કહેવામાં આવે છે. બાકી જ્યાં સુધી પોતાના સ્વરૂપ ઘરમાં ન આવે ત્યાં સુધી જીવની અશાંત દશા માને ન માને, કહે ન કહે, સ્વીકારે ન સ્વીકારે પણ એને અશાંત દશા જ નિયમથી હોય છે, એને શાંતિ હોઈ શકતી નથી. એ નિયમબદ્ધ વાત છે.

મુમુક્ષુને કે જ્ઞાનીને વૈરાગ્ય આવે છે એનું કારણ આ છે અથવા વૈરાગ્ય હોય છે એનું કારણ આ છે કે એ સમજે છે કે તીવ્ર રાગ છે એ મારી શાંતિને લૂંટે છે

એ એને સમજણ આવી છે, એ એની પાસે સમજણ છે. એટલે ક્યાંય પણ ચાહે પૂર્વકર્મનો ઉદય અનુકૂળતાનો હોય કે પ્રતિકૂળતાનો હોય, બેમાંથી એક પણ પ્રસંગમાં, એકેય ઉદયમાં એ તીવ્રરસે કરીને પરિણમતા નથી. કેમકે એ તીવ્ર રસ છે એની શાંતિને લૂંટનારો છે. એને આત્મરસ શાંતરસ ઉત્પન્ન થયો છે (એટલે) પરિણમન એના Controlમાં ને લગામમાં રહે છે. નિરસ થઈને ઉદયને ભોગવતા એ ખરી જાય છે. તીવ્રરસથી ઉદયને ભોગવતા નથી. એ સહજ છે. શાંતિ-અશાંતિનો વિષય લીધો છે. વિશેષ લઈશું...

## તા. ૧૧-૦૮-૧૯૮૭, વચનામૃત–૧૭૪,૧૭૫
## પ્રવચન નં. ૧૩૦

જ્ઞાનદશા અને અજ્ઞાનદશા વચ્ચે સમીક્ષા કરી છે. શાંતિના પડખેથી. અજ્ઞાનદશામાં ચાહે તે પ્રકારના સંયોગો હોય, બહારથી સર્વ પ્રકારની સાનુકૂળતા દેખાતી હોય તોપણ અશાંતિ અને અશાંતિ જ રહે છે. ક્યારે પણ જીવને શાંતિ મળે એવું બનતું નથી. જ્ઞાનદશામાં કોઈપણ પ્રકારના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ વચ્ચે રહેવાનું થાય, કોઈ પણ પરિસ્થિતિમાં શાંતિ જ રહે છે. બાહ્ય અપેક્ષાએ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવની ગણના થાય છે. ખરેખર તો જ્ઞાની પોતાના શાંત સ્વરૂપ આત્મામાં રહ્યા છે એટલે એ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવમાં રહ્યા નથી. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવનો સ્વ સ્વરૂપે અનુભવ કરતા નથી. તેથી કહેવાય છે તોપણ ખરેખર તેઓને સ્વીકાર્ય નથી. તેથી તેમને શાંતિ રહે છે.

મૂળ શબ્દમાં જોઈએ. **'હું છું ચૈતન્ય.'** અહીંથી શરૂઆત કરી છે. આ જ્ઞાનીનું પરિણમન છે. જ્ઞાનીનું આ નિજઘર છે એમ કહેવું છે. જ્યાં પોતે છે, રહે છે એટલે જ્યાં છે. રહે છે એટલે કોઈ નવો નિવાસ કર્યો છે એમ નથી. પણ જ્યાં પોતે શાશ્વતપણે સદાય છે. કેવો છે ? ક્યાં છે ? કે ચૈતન્યમાં ચૈતન્યમય છે, ચૈતન્યપણે છે, ચૈતન્ય સ્વરૂપે છે. એવું નિજઘર છે. એવું ઘર જેને મળ્યું નથી. એમ લેવું છે. **'હું છું ચૈતન્ય.'** એ નિજઘરના નિવાસનો ભાવ છે. એમ કહેવું છે. નિજઘરમાં જેણે પોતાનું હોવાપણું સદાય અનુભવગોચર કર્યું છે એને નિજઘર મળી ગયું એમ કહેવામાં આવે છે. હતું ખરું પણ પોતે શોધતો હતો. જેમ પોતાની ચીજ પોતાની પાસે હોય ને ખોવાઈ ગઈ હોય ને શોધે એમ શોધતો હતો. જ્યાં સ્વાનુભવ થયો ત્યાં એ ઘર મળી ગયું. જ્યાં સુધી સ્વાનુભવ થયો નથી ત્યાં સુધી તે ઘર મળ્યું નથી. જે જે આત્માઓને એવું પોતાનું ઘર મળ્યું નથી એવા માણસને એવા જીવને... દૃષ્ટાંત લીધો છે.

**'જેને ઘર મળ્યું નથી એવા માણસને બહાર ઊભાં ઊભાં બહારની ચીજો, ધમાલ**

**જોતાં અશાંતિ રહે છે;...'** એ એવો દૃષ્ટાંત છે કે જેમ કોઈ ઘર બહાર વિનાનો માણસ છે ક્યાંય એને રહેવાનું ઠેકાણું નથી; એ અનેક પ્રકારની ચીજો જોવે છે, ધમાલ જોવે છે. બીજાને પોતાના ઘરમાં નિવાસ કરતા જોવે છે. એને અશાંતિ રહે છે કે આ બધું બહારમાં તો ઘણું છે. આખી દુનિયાની ધમાલ ચાલે છે પણ મારે તો રહેવાનું ઠેકાણું નથી. ક્યાં રહેવું એ સમસ્યા છે. એને એ બહારની અનેક વૈભવશાળી ચીજો જોતા પણ અશાંતિ રહે છે. મોટા મોટા મકાન જોવે, બજાર જોવે, અનેક પ્રકારના વૈભવ જોવે, હજારો ચીજો જોવા મળે પણ પોતાને રહેવાનું ઠેકાણું નથી તો બીજી તો કોઈ વ્યવસ્થા છે નહીં એની પાસે એનો અર્થ એમ થયો. માણસ પહેલાં સ્થાયી રહેવા માટે છેવટે ભાડાનું ઘર, પણ રહેવા માટે વિચાર પહેલો કરવો પડે છે. ત્યારપછી બીજી વાત શરૂ થાય છે. તેને બહારની ચીજો બહાર ઊભા જોતાં જોતાં અશાંતિ રહે છે.

**'પરંતુ જેને ઘર મળી ગયું છે તેને ઘરમાં રહ્યાં રહ્યાં બહારની ચીજો, ધમાલ જોતાં શાંતિ રહે છે;...'** જેને પોતાનું ઘર છે એને એ વાતની નિરાંત છે એમ કહેવું છે. જેને પોતાનું ઘર છે એને એ વાતની નિરાંત છે કે મારે મારું ઘર છે, એમાં કોઈ બીજી આપત્તિ કે બીજો કોઈ વિકલ્પ કરવાપણું છે નહીં. એ બહારની અનેક ચીજો જોવે તોપણ પેલાને જે અશાંતિ થાય છે, દૃષ્ટાંતમાં સામે અપેક્ષા લેવી છે, ઘર વિનાના માણસને અનેક ચીજો જોતા જે અશાંતિ થાય છે તે ઘરમાં શાંતિથી નિવાસ કરતા ઘરે બેઠા બેઠા જોતાં એને શાંતિ રહે છે. ઘરની અટારીમાંથી બેઠા બેઠા બધું જોવે. આખું શહેર દેખાય એવું ઊંચાઈવાળું મકાન હોય. એને આખું શહેર જોતા બધે શાંતિ જ છે. આ દેખાય છે, આ દેખાય છે, આ દેખાય છે. શાંતિ છે એને. જેને ઘર નથી એને અશાંતિ છે.

દૃષ્ટાંત સાદો લાગે પણ Practical side થી થોડો વિચારે તો બહુ ખ્યાલ આવે એવો છે કે ઘર નથી એમ ખબર પડે કે આપણે ઘર નથી, તો કેટલી અશાંતિ ઊભી થાય છે ? જરાક એ પરિસ્થિતિનો ખ્યાલ લઈ લેવો કે આપણને ક્યાંય ઘર નથી તો શું કરશું ? ક્યાં રહેશું ? રાત પડે (ત્યારે) માણસ પોતાના ઘરમાં આરામથી નિશ્ચિંત થઈને સૂવે છે. હવે આપણે આપણાં ઘરમાં છીએ બધું સલામત છે. છ કલાક બરાબર આરામથી ઊંઘી જાવ. કોઈ જાતની ચિંતા ને વિકલ્પ કરવાની જરૂર નથી.

પણ જેને ઘર જ નથી એને ક્યાં બેસવું, ક્યાં સૂવું એ એક મોટી ઉપાધિ લાગે છે. અશાંતિ છે એને મોટી. એ દૃષ્ટાંત લીધું છે.

**'તેમ જેને ચૈતન્યઘર મળી ગયું છે,...'** હું ચૈતન્ય છું એવું જેને નિજઘર મળી ગયું છે. શાશ્વત એવું સ્થાન. પોતે જ્યાં રહ્યો છે, અનંત ગુણધામમાં અસંખ્ય પ્રદેશમાં વ્યાપ્યવ્યાપકપણે પોતે જ્યાં રહ્યો છે એવું જેને ચૈતન્યઘર મળી ગયું છે. નિરાકુળ શાંત સ્વરૂપ અનંત શાંતિનું ઘર છે, અનંત આનંદનું સુખનું જે ઘર છે એ જેને મળી ગયું છે. **'દૃષ્ટિ પ્રાપ્ત થઈ ગઈ છે,...'** દૃષ્ટિ સત્તાને ગ્રહે છે કે આ હું છું, આ છું, આ છું, આ છું. દૃષ્ટિમાં જે પોતાનું ચૈતન્ય સ્વરૂપ છે ત્યાં હોવાપણું – ત્યાં અસ્તિત્વનું શ્રદ્ધાએ કરીને ગ્રહણ થાય છે. જેને એવી સ્થિતિ ઉત્પન્ન થઈ ગઈ છે એ જ્ઞાનદશા છે–સાધકદશા છે.

**'તેને ઉપયોગ બહાર જાય ત્યારે પણ શાંતિ રહે છે.'** એનો ઉપયોગ અરિહંત અવસ્થા ઉત્પન્ન થયા પહેલાં બહાર જાય છે. આમ તો સાતમા ગુણસ્થાન પછી એ સ્થિતિ નથી પણ એ અધૂરી સ્થિતિ છે; પણ તેરમાં ગુણસ્થાને તો પછી ઉપયોગ ક્યારે પણ બહાર જવાનો અવકાશ રહેતો નથી. અનઅવકાશપણે એક સમયના અવકાશમાં પણ ક્યારેય ઉપયોગ બહાર જાતો નથી. સંપૂર્ણપણે. ત્યાં તો એવી સ્થિતિ છે. એ પહેલાં ખાસ કરીને ચોથા ગુણસ્થાને નબળી દશા છે. પાંચમા ગુણસ્થાને એથી બળવાન દશા છે. છઠ્ઠા ગુણસ્થાને એથી બળવાન દશા છે એટલે ઉપયોગ વારંવાર અંદર આવી જાય છે. તોપણ એ ચાર, પાંચ અને છ ગુણસ્થાનમાં ત્રણ ગુણસ્થાનમાં ઉપયોગ બહાર જાય છે. ઉપયોગ બહાર જાય છે ત્યારે મુખ્યપણે તો શાંતિ રહે છે. કેમકે એ જ્ઞાનની દશા–ઉપયોગરૂપ જ્ઞાનની દશા પણ સર્વાંશે ઘર છોડીને બહાર જતી નથી.

જ્ઞાનનો એક ભાગ આત્મા સાથે પોતાના સ્વઘરમાં જોડાઈને રહે છે એને લબ્ધ જ્ઞાન કહે છે. એ જ જ્ઞાનની અવસ્થાનો એક ઉપયોગ નામનો ભાગ છે એ બહાર જાય છે. આંશિકપણે બહાર જવાનું થાય છે. સર્વાંશે બહાર જવાનું થતું નથી, તોપણ શાંતિ રહે છે. થોડી અશાંતિ થાય છે, ઉપયોગ જેટલો બહાર જાય છે એટલી અશાંતિ તો છે પણ એ અશાંતિ એટલી અલ્પ છે અને અંદરમાં જે જ્ઞાનદશા છે એમાં જે શાંતિ છે એ એટલી સવિશેષ છે કે એની પાસે એને શાંતિ રહે છે અને અશાંતિ

નથી એમ કહેવામાં આવે છે.

નરકની અંદર નારકીને સમ્યગ્દર્શન થાય છે તો એને ત્યાં શાંત દશા ઉત્પન્ન થઈ જાય છે. પૂર્વકર્મને લઈને અનેક પ્રકારની ત્યાં પ્રતિકૂળતાઓ છે. ભયંકરમાં ભયંકર શરીર વેદનાના રોગો છે. અજવાળાનું તો ક્યાંય નામનિશાન નથી. સાગરોપમના સાગરોપમના આયુષ્ય ભોગવે પણ એક અજવાળાનું કિરણ મળે નહીં. અંધારું અંધારું અંધારું. અહીં તો બે કલાક લાઇટ જાય તો એને ક્યાંય હખ પડે નહીં. સાગરોપમના આયુષ્ય ઘોર અંધારામાં કેમ જતાં હશે ? એમાં આથડે, પડે, તીવ્ર ગંદકીમાં પડે, ત્યાં બીજા માર મારે, માર મારે ત્યારે વેદના પણ થાય તોપણ ત્યાં અંદરથી શાંતિ મળે. એ બધું ગૌણ કરી શકે અને મુખ્ય શાંતસ્વરૂપ આત્માને મુખ્ય કરીને એનો અનુભવ કરી શકે, સ્વરૂપને વેદે એટલી શક્તિથી કામ થાય છે.

અહીંયાં તો થોડો અવાજ થાય તો કહે, મારો ઉપયોગ રહેતો નથી. ઘોંઘાટ થાય છે, અવાજ થાય છે. સારું છે Main road ઉપર મંદિર આપણે બનાવ્યું નથી. લોકોને મોહ હોય છે કે Main road ઉપર આપણું મંદિર હોવું જોઈએ. ત્યાં તો અવાજ આવ્યા જ કરે. અશક્તિ એટલી છે કે થોડોક અવાજ આવે તોપણ એને ડખલ થઈ જાય છે, અંદરમાં જાણે અવાજ ગરી જતો હોય ને આત્મામાં અવાજ ગરી જતો હોય એવી ડખલ થાય છે. મારામાં થાય છે. ભાઈ ! તારામાં પ્રતિબિંબ પડે છે.

ગમે તેટલા ગમે તે પ્રકારના જ્ઞાનમાં પ્રતિબિંબ પડે તો જ્ઞાન હલે નહીં એવો જ્ઞાનનો અચલિત જ્ઞાતા સ્વભાવ છે, અડગ જ્ઞાતા સ્વભાવ છે. એના સ્વભાવથી એને અનુભવગોચર નહીં કરવાથી ભ્રાંતિએ કરીને એને એમ ભાસે છે કે મારામાં કાંઈક થાય છે, મને અસર પહોંચે છે. અવાજ ભલે ત્યાં થાય છે પણ અસર મને પહોંચે છે. કહે છે, એ તારી ભ્રાંતિ છે. તારા સ્વભાવથી તું તને જોતો નથી. સામી ચીજની મુખ્યતા કરીને તું એનો અનુભવ કરે છો તને એમ થાય છે કે એની અસર મારામાં પહોંચે છે. એમ ખરેખર બનતું નથી.

ત્યાં (નરકમાં) એવી જ્ઞાનકળા ખીલી ગઈ છે એવી શક્તિ આવી ગઈ છે કે તમામ પ્રકારની પ્રતિકૂળતાઓ જે અશાંતિના નિમિત્તો કહીએ, દુઃખના નિમિત્તો કહીએ એની ઉપસ્થિતિમાં પણ એ 'અંતર સુખરસ ગટાગટી'. ઘટક ઘટક.. સુખને ઘૂંટડે ઘૂંટડે

પીવે છે. એથી એ દશાનો મહિમા કરવામાં આવે છે. એની શક્તિ જોઈને, એની શાંતિ જોઈને એને વિશેષપણે અભિનંદવામાં આવે છે, વંદવામાં આવે છે, પૂજવામાં આવે છે. એ કારણ છે.

પ્રશ્ન :- આમ તો અજ્ઞાની પણ પોતાના ઘરમાં જ છે ને ?

સમાધાન :- છે એના ઘરમાં એમ જ્ઞાની જાણે છે. એને એ વાત સ્વીકાર્ય નથી. એ તો ગોતે છે. સોનું હાથમાં છે ને ખોવાઈ ગયું છે એવું થયું એને. એ સોનું તો એના હાથમાં છે ઇ તો હતું જ તે. પણ ઇ કેટલો ભયાકુળ આકુળ-વ્યાકુળ થાય. ક્યાં ગયું ? ક્યાં ગયું ? હમણાં હજી વીસ, પચીસ હજાર દઈને આવ્યા છીએ ને ગયું ક્યાં ? દાગીનો ક્યાં મૂકાઈ ગયો ? કોઈ લઈ ગયું કે શું ? થઈ ગયું શું આ ઘડીકમાં ? હોય હાથમાં ને હાથમાં. કેટલી દુઃખની પરિસ્થિતિ છે ! એમ અનંત દુઃખ છે. જ્યાં સુધી પોતાના શાંત ઘરમાં એનો પત્તો લાગીને પોતાના નિવાસસ્થાનને જોયું નથી, નિવાસસ્થાનને નિવાસસ્થાન તરીકે અનુભવમાં લીધું નથી ત્યાં સુધી અનંત દુઃખ છે. શાંતિ માટે ચારેકોર ફાંફાં મારે છે. અહીંથી શાંતિ લઉં, અહીંથી શાંતિ લઉં, આમાંથી શાંતિ લઉં, આમ કરતાં શાંતિ લઉં, આમ નહીં કરતાં શાંતિ લઉં. ક્યાંય શાંતિ મળે એવું નથી. કેમકે બહાર ઊભો છે.

મુમુક્ષુ :- સહેલું કેટલું છે, પોતે પોતામાં રહે.

પૂજ્ય ભાઈશ્રી :- સહેલું એટલું જ છે. પોતે ને પોતે પોતાની અણરુચિએ કરીને અઘરું કરી મૂક્યું છે. કઠણ અરુચિએ છે. પરની રુચિ થતાં કઠણ છે. પરની રુચિ ને સ્વની અરુચિ એક જ વાત છે. એ તો કથન જુદી જુદી રીતે થાય છે. અને સ્વરૂપની રુચિ અને પરની અરુચિએ સુગમ છે અને સહેલું છે. એમ છે. આની અંદર રુચિ-અરુચિનો એક બોલ છે. કઠણ ને સહેલું ઇ રીતે લીધું છે. અનુભવનો વિષય છે. રુચિના બોલ છે ને ? ૪૨, ૪૩, ૪૪, ૭૭, ૯૮, ૧૩૮, ૧૫૪, ૨૭૩, ૩૦૩, ૩૪૮.

૩૪૮. **'રુચિની ઉગ્રતાએ પુરુષાર્થ સહજ લાગે અને રુચિની મંદતાએ કઠણ લાગે.'** આ સ્વરૂપ કેમ પ્રાપ્ત થાય ? આ તો બહુ અઘરી વાત છે. કેટલાક લોકો તો આ બહુ ઊંચી વાત છે ને અઘરી વાત છે એમ કરીને જ પડતું મૂકે છે. આ તો બહુ ઊંચી ઊંચી વાત છે, આપણું કામ નહીં આમાં. કાં તો એમ કહે કે આ એક પરમાણુ પ્રત્યે પણ ચાહના ને રાગ કરવાની ના પાડે છે. એક કણ રાગનો

પણ પોસાવાની ના પાડે છે. આ તો જંગલમાં ચાલ્યા જાય એની વાત છે. ભાઈ ! એવું કાંઈ નથી.

જ્યાં છો ત્યાં, જે સંજોગોમાં તને રુચિ છે એમાંથી તારી રુચિ ફરી જાય તો એ બધા સંજોગો જંગલ જ છે તારા માટે. જેમ જંગલ પ્રત્યે રુચિ નથી. એમ જીવને સંયોગો પ્રત્યે રુચિ છે ત્યારે એને એમ લાગે છે કે આ બહુ કઠણ વાત છે. જો રુચિની–સ્વરૂપરુચિની-આત્મરુચિની ઉગ્રતા થાય તો એને એવું ન લાગે, એમ કહે છે. આ અનુભવનો વિષય છે. જેને આત્મરુચિ પ્રગટી છે એને પોતાના રુચિના અનુભવથી એમ લાગે છે કે આ સહજ છે, આમાં કાંઈ અઘરી વાત નથી. જેને રુચિ પ્રગટી નથી અથવા સ્વરૂપની અરુચિ છે અથવા મુમુક્ષુમાં છે પણ ઘણી મંદ રુચિ છે ત્યારે એને અઘરું લાગે. રુચિ વધતા સહેલું લાગે, રુચિ મંદ પડે ત્યારે એને અઘરું લાગે. બહુ અનુભવસિદ્ધ બોલ લીધો છે.

રુચિની સાથે પ્રમાદની વાતને જોડી છે '**પોતે પ્રમાદ કરે તો દુર્ગમ થાય છે અને પોતે ઉગ્ર પુરુષાર્થ કરે તો પામી જવાય છે. બધેય પોતાનું જ કારણ છે.**' કોઈ સંયોગોનું કારણ છે, અમુક પ્રકારના સંયોગો ઊભા થયા છે એટલે હવે મારું સ્વકાર્ય હું ન કરી શકું એમ નથી અને સાનુકૂળતાઓ, બધી બાજુની સાનુકૂળતાઓ થઈ ગઈ છે માટે હવે હું મારું કામ કરી શકીશ એમ પણ અહીંયાં છે નહીં. એ સાનુકૂળતાઓ કાંઈ એને કામ કરી દે એમ છે નહીં. અંદરથી એને સ્વકાર્યની, સ્વહિતની રુચિ જાગે તો જ કામ થાય એવું છે, સંજોગો ગમે તે હો. આમ વાત છે. મુખ્ય વાત તો એવી છે કે એને શાંતિની જરૂર છે કે નહીં ? આ મુખ્ય વાત છે. (જો જરૂર છે) તો એ પ્રમાદ કરે નહીં.

જુઓ ! અંદરમાં જ્ઞાનનો પ્રવાહ ચાલુ છે. છે કે નહીં ? કે બંધ રહી જાય છે ક્યારેક ? જાણવું એવું જે કાર્ય–જાણનરૂપ જે જ્ઞાન એ સદાય ઉત્પન્ન થયા જ કરે છે. પ્રવાહરૂપે એને જોવામાં આવે તો એ નિરંતર પ્રવાહિત છે. ક્યારેય નથી એવું છે ? જે નિરંતર પ્રવાહિત છે એવી જે જ્ઞાનની ધારા, એની જે જાગૃતિ કે એમાં જે જાગૃતિ કે હું તો જ્ઞાનમય છું, મારી જે જ્ઞાનધારા (છે) તે સદાય હોવાને લીધે, તે સદાય ઉત્પન્ન થતી હોવાને લીધે મારું જ્ઞાનમય સ્વરૂપ છે એમાં હું જાગૃત રહું કે હું જ્ઞાનમય સ્વરૂપે છું તો એને શાંતિ છે. અને એની અવગણના કરીને માત્ર જ્ઞેયોમાં

જે લુબ્ધ છે અથવા જે પદાર્થોનું જ્ઞાનમાં પ્રતિબિંબ પડે છે એવા જ્ઞાનાકારો પ્રત્યે જે લુબ્ધ છે, બન્ને એક જ વાત છે. જ્ઞાનાકાર પ્રત્યે જે આકર્ષિત છે, લુબ્ધ છે અથવા જ્ઞેયોમાં લુબ્ધ છે બન્ને એક જ વાત છે, એને એ જ્ઞાનધારા સાથે, જ્ઞાન સાથે, જ્ઞાનમય સ્વરૂપ સાથે કાંઈ સંબંધ રહેતો નથી, છૂટી જાય છે. કાં તો તું તારા સ્વરૂપની અવગણના કર ને કાં તો તું પરની અવગણના કર. બેની અવગણના થશે નહીં ને બેની સાવધાની પણ થશે નહીં.

પરની સાવધાનીમાં સ્વરૂપની અસાવધાની છે. સ્વરૂપની સાવધાનીમાં, અપ્રમાદભાવે સ્વરૂપની સાવધાનીમાં પરની અવગણના થશે. નહીંતર પરની સાવધાનીમાં સ્વકાર્યનો પ્રમાદ થશે. એ પ્રમાદમાં બહુ મોટું નુકસાન છે એમ કહે છે. બહુ મોટું નુકસાન છે. પ્રમાદ મહારિપુ છે. શાસ્ત્રમાં એ વિષય આવે છે. પ્રમાદ મહારિપુ છે. રિપુ એટલે દુશ્મન–શત્રુ. બે ઉપમા આપી છે – એક શત્રુની અને એક ચોરની. પ્રમાદ ચોર છે. તારા આત્માના ગુણના ધનને ચોરે છે અને દરિદ્રી બનાવીને, દીન બનાવીને ભીખ માગતો બનાવીને ચાર ગતિમાં પરિભ્રમણ કરાવે છે. એ કામ પ્રમાદ કરે છે. એનું સ્વરૂપ ઓળખીને પ્રમાદને છોડવા યોગ્ય છે. ૩૪૮ માં એ વિષય લીધો છે.

(અહીંયાં ચાલતા વિષયમાં) **'તેમ જેને ચૈતન્યઘર મળી ગયું છે, દૃષ્ટિ પ્રાપ્ત થઈ ગઈ છે,...'** એટલે પોતાની શ્રદ્ધાએ સ્વ-સ્વરૂપનો બરાબર કબજો લીધો છે કે હું તો અહીંયાં જ છું. ક્યાંય આવ્યો છું, ક્યાંય ગયો છું (એવું) કાંઈ બન્યું નથી. સદાય મારા સ્વરૂપને વિશે જ રહ્યો છું અને રહીશ. **'તેનો ઉપયોગ બહાર જાય ત્યારે પણ શાંતિ રહે છે.'** તોપણ એને એટલી અશાંતિ થતી નથી. અલ્પ અશાંતિ થાય (એ) બીજી વાત છે.

મુમુક્ષુ :– નિશ્ચય નિહાલભાઈ ક્યાંય ગયા નથી ને આવ્યા પણ નથી.

પૂજ્ય ભાઈશ્રી :– હા, એ વાંચનમાં ત્યાં પ્રશ્ન નીકળ્યો હતો કે 'સોનગઢ' જાશો ને કે ? એ બોલ્યા ત્યારે એમ કે, હવે 'સોનગઢ' જવાના છો ને ? કે હું તો ક્યાંય જતો પણ નથી ને આવતો પણ નથી. નિમિત્ત અપેક્ષાએ એમ કહેવાય કે ફલાણાં ગામમાં રહીએ છીએ. ફલાણાં ગામમાં ફલાણાં સરનામે ફલાણાં ઘરમાં રહીએ છીએ એમ નિમિત્ત અપેક્ષાએ બોલાય, બોલવાનું વ્યવહાર કથન છે.

આત્મા ક્યાં રહે ? કે આત્માના અસંખ્ય પ્રદેશને છોડીને, પોતાની વ્યાપ્યવ્યાપકતા

છોડીને આત્મા ક્યાંય જઈ શકતો નથી. પણ એવી પોતાની વ્યાપ્યવ્યાપકતા પોતાના પ્રદેશમાં અનુભવવાને લીધે બીજાની વ્યાપકતા પોતામાં અનુભવે અને પોતાને બીજામાં વ્યાપેલો અનુભવે ત્યારે એમાંથી આકુળતાનો જન્મ થાય છે, દુઃખનો જન્મ થાય છે, પોતે એમાં દુઃખી દુઃખી થઈ જાય છે. ફક્ત સ્વરૂપનું અજ્ઞાન એક જ એમાં કારણ છે, બીજું કાંઈ કારણ નથી એમાં. કોઈ પૂર્વકર્મનું કારણ નથી કે કોઈ બીજાનું પણ કારણ નથી કે ફલાણાંને કારણે આમ થાય છે. એમ છે નહીં.

**'તેને ઉપયોગ બહાર જાય ત્યારે પણ શાંતિ રહે છે.'** એ એની-જ્ઞાનીની અંતરંગદશા છે. એ અંતરંગદશાને ઓળખે ત્યારે એ અંતરંગદશા જેને લઈને પ્રાપ્ત છે, એ અંતરંગદશા જેને લઈને ઉત્પન્ન થઈ છે એવા પુરુષાર્થનું પણ એને જ્ઞાન થાય, પુરુષાર્થની પણ એને સમજ આવે અને ત્યારે એને એનું બહુમાન થયા વિના રહે નહીં.

અનાદિથી વતર્માન સુધીનો અનંત કાળ ગયો. જીવ સંયોગોની ઉપેક્ષા કરી શક્યો નથી અને પોતાના સ્વ-સ્વરૂપની અપેક્ષા કરી શક્યો નથી. આ તકલીફ છે. એટલું એણે સંયોગને મહત્ત્વ આપ્યું છે કે એની ઉપેક્ષા કરીને સ્વરૂપની અપેક્ષા કરવી એટલું માત્ર જે પડખું ફેરવવું છે એ નથી કરી શક્યો. જેણે આત્મિક પુરુષાર્થ દ્વારા એ પ્રકાર ઉત્પન્ન કર્યો, આખા જગતને જેણે ગૌણ કર્યું, 'જગત ઇષ્ટ નહીં આત્મથી' એ સ્થિતિમાં જે આવ્યા એણે એક અસાધારણ પુરુષાર્થનું પરાક્રમ કર્યું અને જે સુખના અને દુઃખના નિમિત્ત કહેવાય છે એ સર્વની અવગણના કરીને સ્વરૂપલીનતા કરી, પ્રાપ્તિ કરી, દૃષ્ટિ કરી, ચૈતન્યઘર એને મળ્યું. અને સ્વભાવમાં રહેલી અનંત શાંતિ પ્રાપ્ત કરવાનું બીજ (રોપ્યું), અહીંયાં શરૂઆત થઈ ત્યાં બીજ રોપ્યું. હવે એનો વડલો થાશે. નાનું બીજ છે એનો મોટો વડલો પાંગરવાની શક્તિ છે. એમાંથી અનંત શાંતિ પાંગરશે. પહેલો જે પુરુષાર્થ કર્યો ત્યાં કામ જઘન્ય દશાનું થયું પણ એ બીજરૂપ કામ-બીજભૂત કામ થયું છે. જો કે જ્ઞાનીઓએ તો એની પૂર્વભૂમિકાને બીજજ્ઞાન કહ્યું છે.

બીજજ્ઞાન-સુધારસનો વિષય આવે છે ને એમાં એમણે આ વાત લીધી છે. એને એનું નામ મોટું આપ્યું કે મુખને વિશે સુધારસ પ્રગટ થાય છે. પ્રગટ થાય છે એવી વાત લીધી છે. કેમકે બીજ છે એમાં શક્તિ છે. વનસ્પતિનું જે બીજ છે એમાં એની

શક્તિ છે. કેળાના બીજમાંથી કેળું મીઠું ઉત્પન્ન થાય છે, કેરીના બીજમાંથી આંબો થાય છે. ગોટલી તો આટલી છે (પણ) અનેક ઢગલાબંધ કેરી થવાનું એમાં (સામર્થ્ય છે), આખું વૃક્ષની (થવાની) શક્તિ પડી છે. એમ પોતાના સ્વરૂપ અવલોકનમાં કેવળજ્ઞાનનું સામર્થ્ય પડ્યું છે. કેવળજ્ઞાન એમાંથી ઉત્પન્ન થઈ જશે. એ બીજજ્ઞાન કહી દીધું છે.

મૂળ તો જે અનુસંધાન છે એ અહીંથી છે. વિદ્યમાન જ્ઞાની અને મુમુક્ષુજીવ એનો જે નિમિત્તનૈમિતિક સંબંધ લીધો છે. 'પાવે નહીં ગુરુગમ વિના યેહી અનાદિ સ્થિત.' એ આ બીજજ્ઞાન. અનુભૂતિ કાળે તો ઉપયોગ અંતર્મુખ થઈ જાય છે. સમવસરણમાં હોય તોપણ ભગવાન સામું જોતો નથી. જ્યારે સ્વાનુભવ થાય છે ત્યારે ઉપયોગ તો લીન થઈ જાય છે. પણ જે ઉપયોગ હજી લીન નથી થયો એવી ઉપયોગની દશામાં એને બીજજ્ઞાન તરીકે, એ જ્ઞાનમાં પોતાના નિજ સ્વભાવનું ભાવભાસન થાય એવું બીજ રોપવામાં આવે છે. એ કાળે જ્ઞાનીના સદ્દુપદેશથી થાય છે. એટલે એ તબક્કાને પણ એ અપેક્ષાએ મહત્તા આપવામાં આવી છે. કેમકે એ પહેલાંનો દરેક જીવનો અનંત કાળ અનંત દુઃખમાં, અનંત જન્મ-મરણમાં, પરિભ્રમણમાં ખૂબ દુઃખી થયો. કોઈ પાર નહીં એટલું દુઃખ એણે ભોગવ્યું છે. એનો છેડો આવ્યો.

જેને જેનાથી બીજજ્ઞાન થાય છે, જે નિમિત્ત પડે છે એ જ્ઞાનીનો એ ઉપકાર બહુ માને છે એનું કારણ પણ એ જ છે કે નજર સામે પોતાનો ભૂતકાળ તરવરે છે કે આ જીવ કેટલો દુઃખી થયો. અને ભવિષ્યકાળ તરવરે છે કે હવે કેટલો સુખી થશે. આ બધાનું કારણ આ બીજજ્ઞાન અહીંથી મળ્યું એ છે. તો એનો ઉપકાર એટલો બધો એ ગાય છે કે એટલો ઉપકાર એ બીજા કોઈનો ગાતા નથી.

જેમકે 'સોગાનીજી' નું દૃષ્ટાંત લઈએ કે એમને 'ગુરુદેવ'થી પ્રાપ્તિ થઈ તો એ કહ્યું કે મારા માટે તો અનંત તીર્થંકરોથી પણ 'ગુરુદેવ' અધિક છે. 'ગુરુદેવ' તો હજી તીર્થંકર થયા નથી, થશે ત્યારની વાત ત્યારે. પણ થાશે તો બીજા તીર્થંકરોની બરાબર પદ છે એમનું. (તીર્થંકર) પદમાં તો કોઈ તીર્થંકર અધિક છે 'શાંતિનાથ' અધિક છે કે 'મહાવીર' ભગવાન અધિક છે કે 'ઋષભદેવ' ભગવાન પહેલાં થયા માટે અધિક છે અને બીજા ભગવાનની 'અરનાથ' ભગવાનની પ્રતિમા બહુ સ્થાપિત જોવામાં આવતી નથી, 'કુંથુનાથ' ભગવાનની બહુ સ્થાપિત જોવામાં આવતી નથી, 'ધર્મનાથ'

ભગવાનની બહુ સ્થાપિત જોવામાં આવતી નથી. સાત, આઠ, દસ તીર્થંકરની પ્રતિમાઓ વિશેષપણે જોવાય છે. એમાં 'ઋષભનાથ', 'મહાવીર સ્વામી', 'શાંતિનાથ', 'પાર્શ્વનાથ', 'નેમિનાથ' 'વાસુપૂજ્ય' ભગવાન એ સાત-આઠ (પ્રતિમાઓ જોવા મળે છે). બાકી તો ચોવીસ તીર્થંકરોમાં બહુ ઓછા તીર્થંકરોની પ્રતિમાઓ પ્રસિદ્ધ છે. બીજે તો સ્થાપના જ ઓછી કરવામાં આવે છે. તેથી કોઈ હીનાધિક તો નથી.

આ તો તીર્થંકર થયા પહેલાં અનંત તીર્થંકરોથી અધિક છે (એમ કહ્યું). એટલું બધું કહેવાની પાછળ કાંઈક રહસ્ય છે. એ અતિશયોક્તિથી કહે છે, કાંઈ વધારે પડતું કહી દે છે એમ નથી. એની પાછળ એક રહસ્ય છે કે બીજજ્ઞાન અહીંથી મળ્યું. બીજજ્ઞાન મળ્યું પછી ઝપટ થઈ એમને તો. એકદમ ચોવીસ-અડતાલીસ કલાકમાં સ્વાનુભવ સુધી પહોંચી ગયા. વ્યાખ્યાન સાંભળ્યું એમાં બીજજ્ઞાન મળ્યું. આ નિમિત્ત નૈમિતિક સંયોગ. જ્ઞાન અને રાગ જુદા છે, બસ ! આટલી વાત બીજજ્ઞાનમાં નિમિત્ત પડી ગઈ. જ્ઞાનમાં જ્ઞાન સ્વભાવ છે, રાગમાં વિભાવ છે. બે જુદી જુદી ચીજ છે. વિભાવ તે હું નથી, જ્ઞાન સ્વભાવ તે હું છું. આ અંદર બીજજ્ઞાન પડ્યું. હવે કેવળજ્ઞાન થઈને ફાટશે. બીજજ્ઞાનમાંથી એ કેવળજ્ઞાન ફાટશે. એ કેવળજ્ઞાન હવે એને હાથવેંતમાં દેખાય છે. અરે...! કેવળજ્ઞાનની એને તમા રહેતી નથી. આ તો એની મસ્તી છે.

જેને લોટરી લાગી ગઈ એને પૈસા હાથમાં-કબજામાં છે, એના એકાઉન્ટમાં જમે થઈ ગયા પછી એને એ ક્યારે એમાંથી-ખાતામાંથી બહાર કાઢીને મકાન બાંધશે અને ક્યારે દાગીના કરશે એની કોઈ ચિંતા એને હોતી નથી. એ તો વસ્તુનો ઉપભોગ છે એ ગૌણ થઈ જાય છે, વસ્તુ મુખ્ય રહે છે. વસ્તુનો ઉપભોગ છે એ ગૌણ થઈ જાય છે. એ બીજજ્ઞાનની પ્રાપ્તિ કરાવે છે.

'સોભાગભાઈ' 'ઇડર' ગયા ને ? ત્યાં એ બીજજ્ઞાનની પ્રાપ્તિ થઈ. પછી પુરુષાર્થ કર્યો, અનુભવ થયો એટલે કાગળ લખ્યો. અનુભવ થયો પછી 'શ્રીમદ્જી'ને કાગળ લખ્યો છે કે દેહ અને આત્મા ફટાક દઈને જુદા થઈ ગયા છે. એટલે કે હવે દેહાતીત દશા રહે છે. હવે આ દેહને સ્વસ્થતા છે કે અસ્વસ્થતા છે, દેહ પડશે કે રહેશે એ કોઈ વિકલ્પ નથી રહ્યો. હવે હું મારામાં બરાબર સ્વસ્થ છું. સદાને માટે મારામાં છું અને મારી સંપૂર્ણ તંદુરસ્તી સહિત જ છું. રોગ, શોક, ભય, ખેદ કાંઈ હવે આમાં સ્થાન પામી શકે એવું નથી. એવો આનંદઘન શાંતિનો ઘન છું કે હવે

નિશ્ચિંત થઈ ગયો છું. એમ કહે કે હવે આપની કૃપાથી હું નિશ્ચિંત થઈ ગયો છું. કહે એમ. એ એવો એક વિવેક કરવાની પદ્ધતિ છે. બીજજ્ઞાન મળ્યું છે એટલે વિવેક કરવાની એ પદ્ધતિ છે.

મુમુક્ષુ :- એ ભૂમિકાનો ખ્યાલ હશે ને ? કે આને બીજજ્ઞાન...

પૂજ્ય ભાઈશ્રી :- બરાબર પાકી ગયું હતું. છેલ્લા છ-આઠ મહિનાથી એમના સમાગમ માટે એ બહુ તડપતા હતા. છેલ્લે એમ લખતા હતા કે જો હવે તમારા દર્શન નહીં થાય તો કદાચ હું જીવી જ નહીં શકું, મારો દેહ છૂટી જશે. એટલી વેદનામાં એ આવ્યા હતા. ખરી વાત એ છે કે વેદના વિના જન્મ થતો નથી. ખરી વાત એ છે. એટલે એ વેદનામાં એ આવ્યા ત્યારે પોતે 'સાયલા' આવ્યા હતા. 'વવાણિયા' હતા. ('સોભાગભાઈ') બહુ પથારીવશ હતા, તબિયત અસ્વસ્થ હતી અને આયુષ્ય છૂટવાને થોડા દિવસો જ બાકી હતા. ચાલો 'ઇડર' જાવું છે. છોકરાઓ ના પાડવા મંડ્યા. છોકરા મોટી ઉંમરના. આ પોતે વૃદ્ધ હતા. 'શ્રીમદ્જી' કરતા ૪૩-૪૪ વર્ષ ઉંમરમાં મોટા હતા. બાપાજીને આ ઉંમરે મુસાફરી ક્યાં ? તે 'દી તો આટલી સગવડના સાધનો નહોતા કે ફર્સ્ટ કલાસમાં જાય કે ગાડી લઈને જાય કે સ્ટેશનવેગન લઈને જાય. જે સાધનો હતા (તે વાપરતા). 'સાયલા'થી સ્ટેશન જવું હોય તો ગાડામાં જવું પડે, ટ્રેનમાં પણ એવું જ બધું. 'ઇડર' ગયા છે. ત્યાં બીજજ્ઞાનની પ્રાપ્તિ કરી છે. પછી અનુભવ થયો છે. પણ એ શરીરની અસ્વસ્થ દશા કહો કે મનુષ્ય આયુ પૂર્ણ કરવાનો છેડો આવી ગયો હતો લગભગ અને તદ્દન અશક્ત દશા (હતી). અનંત જન્મ-મરણને કાપી નાખ્યા. કાયમનું સાજું કરી લીધું. આપણે શું કહે છે ? મોટો નફો થાય, કોઈ ધંધો કરતા પાંચ-પચીસ લાખ રૂપિયા આવી જાય ત્યારે માણસ એમ કહે છે કે આણે જિંદગીનું સાજુ કરી લીધું. આ એક વખત જ્યાં બીજજ્ઞાન આવ્યું (ત્યાં) અનંત જન્મ-મરણ ન થાય એવું એને અનંતકાળનું સાજું કરી લીધું. એટલે વિશેષ ઉપકાર ગાવાનું કારણ ઇ છે.

જો કે એમની તો પહેલેથી જ એટલી ભક્તિ હતી. બહુમાન તો પહેલેથી જ હતું. એને એ પોતાના ભગવાન તરીકે જ જોતા હતા. એટલે બહુમાન તો એમને પહેલેથી જ હતું. પાછળથી તો થાય એમાં કાંઈ નવાઈ નથી, એ તો સહજ છે. પહેલેથી જ હતું. એ જાતની એમને ઓળખાણ હતી. એમની અંતરંગ દશાની ઓળખાણ હતી,

'સોભાગભાઈ'ને 'શ્રીમદ્જી'ની અંતરંગદશાની ઓળખાણ હતી. બધા મુમુક્ષુઓને એવી ઓળખાણ નથી થતી. જેને થાય છે તેને તે દશા પ્રાપ્ત થવાનો સુઅવસર આવી ગયો છે. એમ નક્કી વાત છે.

મુમુક્ષુ :– કહેવાય છે કે જેને જ્ઞાનીની અંતરંગ દશાનો ખ્યાલ આવે છે એને થાય જ છે.

પૂજ્ય ભાઈશ્રી :– કેમકે એને એનો મહિમા આવે ને ! એનો મહિમા આવે કે ઓહો...! આ બધા સંયોગો વચ્ચે અંદરમાં આ સાવ છૂટા રહે છે !! અલૌકિક પુરુષાર્થ છે અંદરમાં !! અને બહારમાં જે કાર્યો દેખાય છે એનાથી ગુપ્ત એવું કોઈ કાર્ય અંદરમાં આવું થાય છે !! એ વસ્તુની જે અદ્ભુતતા છે, વિશિષ્ટતા છે એ સમજાય છે અને સમજાય છે ત્યારે એને ઓળખાય છે ત્યારે એનો મહિમા આવ્યા વિના રહેતો નથી. અને મહિમા આવે એને એ દશા પ્રાપ્ત થયા વિના પણ રહેતી નથી. આ નિયમ છે. આ સૈદ્ધાંતિક વાત છે વસ્તુના સ્વરૂપમાં છે. શેમાંથી ચાલી ગયું ?

મુમુક્ષુ :– દૃષ્ટિ પ્રાપ્ત થઈ ગઈ છે.

પૂજ્ય ભાઈશ્રી :– **'દૃષ્ટિ પ્રાપ્ત થઈ ગઈ છે, ઉપયોગ બહાર જાય ત્યારે પણ શાંતિ રહે છે.'** એ અંદરની અંતરંગ દશા છે. જ્ઞાની અનંતવાર મળ્યા છે પણ અંતરંગ દશાથી કોઈવાર ઓળખાયા નથી. એકવાર પણ ઓળખાયા નથી. ઓળખે તો એનો નિવેડો આવ્યા વિના રહે નહીં. સત્સમાગમ કરવાનો શા માટે ઠામઠામ ઉપદેશ છે ? કે તું સાન્નિધ્યમાં હોઈશ, પરિચયમાં હોઈશ તો તને કોઈવાર જો તારી જિજ્ઞાસા હશે તો - એ શરત છે, તને અંતરંગદશા–જ્ઞાનીની અંતરંગદશા ઓળખવાનું કારણ છે, નિમિત્ત છે, પ્રસંગ છે, અવસર છે. પણ જો તું દૂરને દૂર રહીશ સત્સમાગમ નહીં કર તો તો તને એ અવસરની તક નથી અને ઓળખાણ નથી તો બીજજ્ઞાન નથી ને બીજજ્ઞાન નથી તો અનુભવજ્ઞાનનો પ્રશ્ન રહેતો નથી. એ વિષયની આખી Link છે.

કોઈ જીવને અનંતકાળમાં એ પ્રસંગ બન્યા વિના; જ્ઞાની તો અનંતવાર મળ્યા છે પણ મળ્યા છે માટે કાંઈ દેશનાલબ્ધિ અથવા સંસ્કાર મળ્યા છે કે બીજજ્ઞાન મળ્યું છે એમ નથી. જ્ઞાની અનંતવાર મળ્યા છે પણ એકવાર પોતે ઓળખ્યા નથી. આ તો આમાંથી એ વિષય લીધો છે કે ઉપયોગ બહાર જાય ત્યારે પણ જ્ઞાનીને શાંતિ રહે છે – એ એની અંતરંગદશાનો વિષય છે. બહારમાં એ દશા દેખાતી નથી એટલે

એને અંતરંગદશા કહીએ પણ એ જ્ઞાનીની મૂળદશા છે અને બહારમાં જે દશા દેખાય છે એ એની ઉત્તરદશા છે. મૂળ અને ઉત્તર(દશા). 'શ્રીમદ્જી'એ એક જગ્યાએ આ શબ્દ વાપર્યો છે.

મૂળદશા અને ઉત્તરદશા. ઉત્તરદશાનો પરિચય તો બધાને થાય છે. સામાન્ય રીતે ઓઘેઓઘે માન્યા હોય કે આ જ્ઞાની છે. તો કે બરાબર છે. પૂજા કરે છે, ભક્તિ કરે છે, સદ્ઉપદેશ આપે છે, શાસ્ત્ર વાંચે છે, અનેક પ્રકારની જે બાહ્ય ક્રિયાઓ અજ્ઞાનીઓ કરે એ બધી ક્રિયાઓ જ્ઞાની પણ બહારમાં કરતા જોવામાં આવે છે. ખાય છે, પીવે છે, બોલે છે, ઊઠે છે, સૂવે છે, હાલે છે, ચાલે છે. આ બધું જ પૂર્વ ઉદયના ક્રમ અનુસાર વિભિન્ન પ્રકારે થતું જોવામાં આવે છે એ ઉત્તરદશા છે, એ જ્ઞાનીની મૂળદશા નથી. ઉપદેશ આપે છે એ મૂળદશા નથી, શાસ્ત્ર વાંચે છે એ મૂળદશા નથી. અંદરમાં જે ઉપયોગ બહાર જાય ત્યારે પણ શાંતિ રહે છે એ જ્ઞાનીની મૂળદશા છે અને એટલે ઊંડે જઈને જ્યારે એ જ્ઞાનીને ઓળખે ત્યારે ઓળખનારનો બેડો પાર થઈ જાય છે. એ એક મહત્ત્વનો વિષય ગણવામાં આવ્યો છે. કેમકે અહીંથી ગાડીનો પાટો બદલાઈ જાય છે પછી સ્ટેશન બીજા આવે છે, પછી આ સ્ટેશન આવતા નથી.

મુમુક્ષુ :– જ્ઞાનીને બહારથી ઓળખ્યા ..

પૂજ્ય ભાઈશ્રી :– બહારથી ઓળખે એટલે અંદરની પરિણતિની ઓળખાણ નથી પણ ઘણાં જ્ઞાની માને છે એટલે એ પણ માને છે, એમ. એ ઓઘસંજ્ઞાએ છે. આ જીવે ધર્મના ક્ષેત્રમાં ઘણીવાર, અનંતકાળમાં અનંતવાર પ્રવૃત્તિ કરી છે પણ બહુભાગ ઓઘસંજ્ઞાએ (કરી છે). કેટલીક વાર તો ઓઘસંજ્ઞામાંથી લોકસંજ્ઞામાં પણ પડ્યો છે લોકોની ગણતરીએ હું અહીં આવું છું, અહીંયાં મારી હાજરી છે, મારી અહીંયાં ગણના છે, મારું સ્થાન છે. લોકો મને આમ જોવે છે, મને આત્માર્થી ગણે છે, મને જ્ઞાની ગણે છે, મને ધર્મી ગણે છે, મને દાતા ગણે છે, મને ફલાણો ગણે છે, મને પંડિત (ગણે છે, એમ) કાંઈ ને કાંઈ લોકોની નજરમાં મારું સ્થાન એ લોકસંજ્ઞા અને ઓળખાણ વગર એમ ને એમ સ્વીકાર થવો તે ઓઘસંજ્ઞા. એ ઓઘસંજ્ઞા અને લોકસંજ્ઞા દર્શનમોહની વૃદ્ધિનું કારણ છે. દર્શનમોહ સાથે એને વિચારીએ તો એ દર્શનમોહની વૃદ્ધિનું કારણ છે. એનાથી મિથ્યાત્વ ગળતું નથી, ઊલટાનું મિથ્યાત્વ એનાથી તીવ્ર થાય છે. એટલે ચેતવા જેવો વિષય છે કે ક્યાંક લાભનો ધંધો કરવા જતા નુકસાનનો તો થઈ જતો નથી ને ? એ ચેતવા જેવો વિષય છે. ૧૭૪ બોલ (પૂરો) થયો.

**સાધક જીવને પોતાના અનેક ગુણોની પર્યાયો નિર્મળ થાય છે. વિકસે છે. જેમ નંદનવનમાં અનેક વૃક્ષોના વિવિધ પ્રકારનાં પત્ર-પુષ્પ-ફળાદિ ખીલી ઊઠે, તેમ સાધક આત્માને ચૈતન્યરૂપી નંદનવનમાં અનેક ગુણોની વિવિધ પ્રકારની પર્યાયો ખીલી ઊઠે છે. ૧૭૫.**

૧૭૫ બોલ પણ જ્ઞાનદશાનો બોલ છે. જ્ઞાનીની દશા, અનંતગુણ જેને આંશિકપણે પ્રગટ થયા છે અને અનંત ગુણવાન છે તેથી કરીને એ અનંત ગુણવાન છે. એમાંથી વિભિન્ન ગુણોની અપેક્ષા લઈને જ્ઞાનદશાનું વર્ણન કરવામાં આવે છે. આ શાસ્ત્રને વિશે જ્ઞાનદશાના અનેક બોલ છે પણ બધામાં જુદી જુદી વાત હોય છે. વિષય એકનો એક, પણ એ વિષય એટલો બહોળો છે અને એટલો ઊંડો છે કે એને એક બોલમાં પૂરો કહી દે એવું બનતું નથી. જો કે પૂરું તો કહેવાનું સામર્થ્ય વાણીમાં પણ નથી, છતાં પણ યત્કિંચિત્ જેટલું કહેવાયોગ્ય છે, કથન કરી શકવાયોગ્ય છે એટલું પણ કહેવામાં અનેક પડખાં પડે છે. એમાં ભિન્ન ભિન્ન પડખેથી વાત ચાલે છે. કેટલાક બોલ આગળ આવી ગયા છે. અહીંયાં પણ આ ૧૭૫ પછી ૧૭૭ પણ એમ જ છે, એ જ વિષય છે.

**'સાધક જીવને પોતાના અનેક ગુણોની પર્યાયો નિર્મળ થાય છે, વિકસે છે.'** આમ તો 'ગુણ અનંત કે રસ સબૈ અનુભવરસકે માંહિ, તાતે અનુભવ સારીખો ઔર દૂસરો નાહીં.' 'દોલતરામજી'નું ઘણું કરીને પદ છે એમાં કહ્યું છે. 'દિપચંદજી'એ લીધું છે. એની અંદર અનંત ગુણનો રસ પડે છે. અનંતગુણ પરિણમે છે, પ્રગટ થાય છે એમ કહેવાના બદલે એની અંદર અનંતગુણનો રસ પડે છે. એક અનુભવરસ એમ કહેતા એમાં અનંતગુણનો રસ પ્રગટ થાય છે અને એ અનંત ગુણોની, અનેક ગુણોની નિર્મળ

સ્વભાવિક દશા છે, મળ વિનાની પવિત્રદશા છે. નિર્મળ એટલે મળ વિનાની એ પવિત્ર દશા છે. અને એ દશા જેમ જેમ સમય જાય છે તેમ તેમ વિકાસ પામે છે.

એક બોલમાં લીધું છે કે, મુનિરાજ છે એ છઠ્ઠા ગુણસ્થાને આવ-જા કરે છે તો તે તેના તે ગુણસ્થાને, ત્યાં ને ત્યાં છઠ્ઠા-સાતમામાં છે એમ ન સમજવું. પણ મુનિરાજ પોતાની નિર્મળતામાં આગળ વધી રહ્યા છે એમ સમજવું. એ દૃષ્ટાંત છે. એ દૃષ્ટાંતે સિદ્ધાંત લઈએ તો પ્રત્યેક ગુણસ્થાને ચોથા ગુણસ્થાને પણ સાધકજીવ આગળ વધી રહ્યા છે, પાંચમાં ગુણસ્થાને હોય તો ત્યાં પણ સાધકજીવ આગળ વધી રહ્યા છે. એટલે વિકસે છે એમ લીધું. વિકાસ પામે છે.

મુમુક્ષુ :- આપે જે રસની વાત કરી એ જરા વિશેષ સ્પષ્ટ કરશો.

પૂજ્ય ભાઈશ્રી :- એ અનંતગુણોનો રસ પડે છે એટલે રસ તો શક્તિવાચક છે. એક તો રસ રસવાચક પણ છે અને એનો એક બીજો અર્થ એમાંથી ઉત્પન્ન થાય છે - શક્તિવાચક છે. શક્તિ પ્રગટ થાય છે અને એમાં અવગાઢતા હોય છે. રસને લઈને પરિણામમાં ગાઢપણું હોય છે, અવગાઢતા હોય છે. એટલે અનંતગુણનું અવગાઢપણું અનુભવરસમાં હોય છે. એટલે અનુભવરસની છાપ એટલી પડે છે કે જેણે એકવાર એ અનુભવરસ ચાખ્યો, એનો આસ્વાદ લીધો એ જીવને કદાચ એ દશાથી પડી જાય તોપણ ફરીને એ દશાનું ગ્રહણ થવું બને છે. કેમકે એ રસનો સ્વાદ એને ક્યાંય આવતો નથી. ભ્રાંતિએ કરીને, પાછું ભ્રાંતિ થવાથી જાય છે કે આમાં સુખ છે, આમાં સુખ છે, આમાં સુખ છે પણ સરવાળે બધેથી આથડે છે, ક્યાંય સુખ મળતું નથી પાછો ફરે છે. વળી પાછો અનુભવરસમાં આવે છે. એટલે એ વાત ઊભી થઈ છે બીજજ્ઞાનમાંથી. બીજજ્ઞાનમાં અનંત સુખનો સાગર એના લક્ષ ઉપર આવ્યો છે, લક્ષમાં આવી ગયેલી વાત છે. ત્યાં એનો સંસ્કાર ઊભો થયો છે. ત્યાં પણ, રસ તો ત્યાં પણ પડ્યો છે. રસ તો ત્યાં ઊભો થયો છે એટલે તો પછી એ રસ વૃદ્ધિગત થઈને અનુભવ સુધી જાય છે. પણ એ તો જઘન્યમાં જઘન્ય રસ છે એની આટલી શક્તિ છે. અનુભવરસની તો એટલી શક્તિ હોય એમ કહેવાનો, સમજાવવાનો પ્રશ્ન રહેતો નથી.

મુમુક્ષુ :- .. પર્યાયમાં એટલે રસ..

પૂજ્ય ભાઈશ્રી :- દરેક પર્યાયનો આધાર જ અથવા પર્યાયનો દોર, જેમ પતંગનો

આધાર દોર ઉપર છે, એમ પર્યાયનો પતંગ ઊડે છે એનો દોર એના રસમાં છે. ક્યાં કેટલો રસ પડે છે અવલોકન કરે તો એને ખબર પડે. નહીંતર તો અંધારામાં જાય. પણ તેથી કાંઈ એનું ફળ ન થાય એમ કાંઈ બનતું નથી. જેટલો જ્યાં રસ લે એ બધો સફળ જ છે. ચાહે અવળો હોય કે ચાહે સવળો.

અહીંયાં જ્ઞાનીના સ્વભાવરસનું કથન છે. આ જ્ઞાનદશાના બોલમાં જ્ઞાનીના સ્વભાવરસનું કથન ચાલે છે. કહે છે કે, **'સાધક જીવને પોતાના અનેક ગુણોની પર્યાયો નિર્મળ થાય છે, વિકસે છે.'** અનંતે અનંત ગુણો ચોખ્ખી શુદ્ધ નિર્મળ અવસ્થાએ પરિણમે છે, એનો વિકાસ થાય છે, વધતી દશા ચાલે છે અને તે વધતી દશા જ્ઞાનીને પોતાને ખ્યાલમાં પણ આવે છે.

'શ્રીમદ્જી'નું દૃષ્ટાંત લઈએ તો ચોવીસ વર્ષની વયે એમને નિર્મળ સમ્યગ્દર્શન પ્રગટ થયું છે, સાધકદશાની શરૂઆત થઈ છે. ઉગતી ઉંમર છે, યુવાન ઉંમર છે અને ધંધામાં પ્રવેશ કર્યો છે. એ વખતે ધંધો વધી જાય છે, સંયોગો વધી જાય છે, કામકાજની ધમાલ વધી જાય છે, પ્રવૃત્તિ વધી જાય છે. વૈરાગ્ય ઘણો છે, બધેથી છૂટવા માગે છે. પોતે પોતાના અંગત કાર્યમાં લખે છે કે અનુભવદશા વધતી ચાલે છે. ક્યારેક તો આ દેહ છે કે કેમ એ પણ અમે ભૂલી જઈએ છીએ એવી વિદેહી દશા (વર્તે છે). 'મુંબઈ'ની ધમાલમાં પણ આ પ્રવૃત્તિ ઘટાડવા માંગીએ છીએ (પરંતુ) રંચમાત્ર ઘટતી નથી. અહીંયાં પ્રવૃત્તિ વધી અને સંયોગો વધ્યા, અનુકૂળ થયા, પૈસા થયા. સાધારણ દશા, સાધારણ આર્થિક સ્થિતિ હતી. એ જમાનામાં પરદેશ સાથે મોતીનો એક્સપોર્ટનો બહારનો મોટો વેપાર હતો. તો એથી કાંઈ દશા ઘટી ગઈ એમ છે નહીં. વધતી દશા ચાલી છે. દશા વિકસે છે. જેમ જેમ સમય જાય છે પ્રતિસમયે, સમયે સમયે દૃષ્ટિના પરિણમનનો પુટ લાગે છે અને અનંતગુણને ખીલવાનું એ નિમિત્ત પડે છે. એવી એ વધતી દશા છે. વિશેષ લઈશું...

તા. ૧૨-૮-૧૯૮૭, વચનામૃત-૧૭૫
પ્રવચન નં. ૧૩૧

પાનું ૫૪. ૧૭૫ બોલ ચાલે છે. જ્ઞાનદશાનું વર્ણન છે. ફરીને લઈએ. **'સાધક જીવને પોતાના અનેક ગુણોની પર્યાયો નિર્મળ થાય છે, વિકસે છે.'** પ્રતિસમય પોતાના શુદ્ધાત્મ સ્વરૂપનું આલંબન રહેતું હોવાને લીધે વિકલ્પ કરવો પડતો નથી.

મુમુક્ષુ :- સહજ છે.

પૂજ્ય ભાઈશ્રી :- સહજ છે. જે સ્વરૂપનો રસ નિર્વિકલ્પ દશામાં અપૂર્વ મહિમાના ફળસ્વરૂપે વેદનમાં આવ્યો એ રસ એટલો પડ્યો કે વગર વિકલ્પે સ્વરૂપનું વેદન અને સ્વરૂપનું આલંબન સાધકજીવને નિરંતર પોતાની દશામાં ચાલુ રહે છે. ઊલટી દશાથી એ સમજી શકાય એવું છે. ઊલટી જે દશા છે, પોતાનું જે મનુષ્યપણું છે પોતાનું નામ છે, પોતે પોતાને જે રૂપે માને છે એ બધો પ્રકાર, એમાં શું વિકલ્પ ઉઠાવે છે ? હું ફલાણો છું એમ રોજ ઊઠીને યાદ કરવું પડે છે કે હું ફલાણો છું ? એટલો રસ લીધો છે એણે (કે યાદ નથી કરવું પડતું).

પ્રશ્ન :- ઊંધું જે પડ્યું છે એ રસ લીધો છે ?

સમાધાન :- એ પણ રસ લીધો છે.

પ્રશ્ન :- હવે આ સીધું કરવું હોય તો રસ તોડવો ?

સમાધાન :- બસ ! સીધી વાત છે એ તો. રસ લેતા ઘૂંટાઈ ઘૂંટાઈને એ એવું પરિણમન–પરિણતિ થઈ જાય છે કે એનો વિકલ્પ ઉઠાવવો પડતો નથી. 'શ્રીમદ્જી'ને કોઈ પ્રસંગ એવો બન્યો છે કે કોઈ નાનું બે-ત્રણ વર્ષનું બાળક હશે એનું નામ પહેલેથી પાડી દીધેલું હશે. તો એને એમ કહે કે તારું આ નામ નહીં, હોં ! તારું આ નામ. તો કહે, ના મારું આ જ નામ. જે નામ પાડ્યું એ નામથી બધા એટલી વાર એને બોલાવે અને એ એટલી વાર એમાં રસ લ્યે, બાળક પણ રસ લ્યે છે. એને બીજા

નામથી બોલાવો કે હવે તારું આ નામ નહીં, આ નામ. રસથી કેટલું કામ થાય છે.

એમ અદ્‌ભુતથી અદ્‌ભુત મહા આશ્ચર્યકારી અનંતગુણોનું નિધાન આત્મા છે. સાક્ષાત્ પરમાત્મપદ સ્વરૂપ છે એનો મહિમા, જેટલો છે એટલો મહિમા જ્ઞાનમાં ભાસે ત્યારે એનો રસ ઊપજે છે. એ રસ ઊપજતા વધતા વધતા એ રસની કોઈ એવી એકાકાર દશા થાય છે કે ત્યારપછી એની પરિણતિમાં પણ સર્વ ગુણોની પર્યાય સ્વરૂપરસને લીધે અને અંતર અવલંબન વર્તતું હોવાને લીધે નિર્મળ થાય છે, વિકાસ પામતી જાય છે, વિકસતી જ જાય છે.

આમાં દૃષ્ટાંત લે છે. **'જેમ નંદનવનમાં અનેક વૃક્ષોનાં વિવિધ પ્રકારનાં પત્ર-પુષ્પ-ફળાદિ ખીલી ઊઠે,...'** નંદનવન કે કોઈ સારો બગીચો લ્યો. કેટલાક પાંદડાં એવા કલાત્મક હોય છે એક રંગના, બે રંગના, ત્રણ રંગના એક જ પત્તામાં ફૂલના જેવા રંગો હોય, ત્રણ-ત્રણ રંગ હોય. એક ઝાડ ઉપર બે-ત્રણ રંગના ફૂલ આવે. એક જ રંગના આવે ત્યાં સુધી ઠીક પણ બે રંગના, ત્રણ રંગના (ફૂલ આવે). ઇ જેમ ખીલી ઊઠે છે, નંદનવનમાં અનેક વૃક્ષો ખીલે છે એના પત્રો, પુષ્પો, ફળ આપોઆપ કુદરતી જેમ ખીલે છે, એમાં કોઈની કર્તાબુદ્ધિ કામ આવતી નથી. સ્વયં જ ખીલે છે. એવો કુદરતી કોઈ પ્રકાર છે.

**'તેમ સાધક આત્માને ચૈતન્યરૂપી નંદનવન...'** લીધું છે અહીંયાં. નંદનવનમાં શીતળતા છે, શાંતિ છે. માણસને ત્યાં રહેતા આહ્‌લાદ છે એમ સાધકને ચૈતન્યરૂપી નંદનવનમાં પણ આહ્‌લાદ અને શીતળતા છે. પૂજ્ય 'બહેનશ્રી'ના વક્તવ્યમાં જ્યાં જ્ઞાનદશાની વાત આવે છે ત્યાં આત્મા એક ક્રીડા કરવાનો બગીચો છે, આત્મા આત્માનો ક્રીડા કરવાનો એક બાગ છે એ વાત અવારનવાર આવે છે. ૧૭૭ માં પણ એ વાત લીધી છે. **'ચૈતન્યની સ્વાનુભૂતિરૂપ ખીલેલા નંદનવનમાં...'** ત્યાં પણ એ નંદનવનની ઉપમા આપી છે.

**'તેમ સાધક આત્માને ચૈતન્યરૂપી નંદનવનમાં અનેક ગુણોની વિવિધ પ્રકારની પર્યાયો ખીલી ઊઠે છે.'** કેટલાક ગુણોને તો નામ પણ નથી, સંજ્ઞા નથી. ગુણો નથી એમ નથી પણ એની સંજ્ઞા નથી. અને એવા દૈવી ગુણો છે (એની) દૈવી અવસ્થા– દિવ્ય અવસ્થા ખીલે છે. એની મહિમા જગતના કોઈ પદાર્થથી ન થઈ શકે. આટલો આટલો મહિમા કરે, એની સ્તુતિ ગાય, એની ભક્તિ કરે માટે એનો મહિમા પૂરો

પડે છે એમ છે નહીં. સ્વાનુભૂતિનો મહિમા કોઈપણ રીતે પૂરો થતો નથી. એવી એ કોઈ અલૌકિક ચૈતન્યના વૈભવશાળી દશા છે, ચૈતન્યનો વૈભવ જેમાં ભરેલો છે. કોઈ Term થી, કોઈ સામે બરાબરીથી એની મહિમા થાય એમ નથી.

જેમ 'શ્રીકૃષ્ણ'ને ત્યાં 'સુદામા' ગયા તો શું કર્યું એણે ? કે એની પાસે હતું એ લઈ ગયા. એણે પોટકીમાં બાંધ્યા તાંદુલ-ચોખા, એ પણ કાંઈ મશીનછડ એની પાસે હોય નહીં. લાલ ફોતરી એના ઉપર લાગેલી હોય, સાદા હોય. એની પાસે જે છે એનાથી ભક્તિ કરે છે. કહેવાનો મતલબ એ છે. 'શ્રીકૃષ્ણ' અર્ધ ચક્રી હતા, આ ગરીબ બ્રાહ્મણ હતા, બહારમાં દારિદ્ર્ય હતું પણ પ્રેમ બન્નેનો જુદો હતો. 'શ્રીકૃષ્ણ'એ એમ ન કીધું કે અહીંયાં તમે પહેલાં મારા મેવા, મીઠાઈ ને પકવાન ખાવ. તું શું લાવ્યો છે એ વાત કર. એમણે જોયું કે આવડા મોટા સોનાના મહેલો છે એમાં પોટકી ખોલવી કેવી રીતે ? સંકોચ થાય ને ? એને ખબર નહીં કે આટલો બધો વૈભવ હશે. 'દ્વારકા'માં રાજ કરે છે એ ખબર મળ્યા હતા એટલે ગયા, લાવો મળીએ. એને શું ખબર કે આટલો બધો વૈભવ હશે. ('શ્રીકૃષ્ણ' કહે છે), કાંઈ સંકોચ રાખવાની જરૂર નથી. ઇ ચોખામાં જે મીઠાશ આવશે એવી પકવાનમાં નહીં આવે.

એમ ભક્તિ કરનાર પાસે એટલું સાધન નથી. બહુ બહુ તો પૈસા મૂકે, હીરા મૂકે, ગાય, સ્તુતિ કરે, નાચ કરે-ગમે તે કરે. પણ ઇ તો જેટલું સાધન છે એ મર્યાદિત સાધન છે. ચૈતન્યના વૈભવ પાસે એની કોઈ ગણતરી નથી. એ કોઈ એનાથી એ બરાબરી થાય છે; વધવાનો તો પ્રશ્ન જ નથી, પણ એ ચૈતન્યનો વૈભવ એટલો કિંમતી છે કે એની પાસે એનું કોઈ મૂલ્ય થાય એવું નથી. કોઈ Term થી થાય એવું નથી. પણ ભક્તને તો એની પાસે જે છે એટલી એની મર્યાદા છે અને એની અંદરની જો ભક્તિ હોય તો એને એ દર્શનમોહનું ગળવાનું નિમિત્ત છે.

એમાં એ જ વખતના બાહ્ય અને અભ્યંતર એવા બે પ્રકારના પરિણામ એક સાથે ઊપજે છે, જો અંતરંગ ભક્તિ હોય તો. એ થોડો તત્ત્વદૃષ્ટિએ વિચારવા જેવો વિષય છે. જેટલો ચારિત્રમોહનો રાગાદિ ભાવરૂપ રાગરૂપ પરિણમન છે એ ભક્તિમાં બાહ્ય રાગરૂપે દેખાવ દે છે. પછી એને અનુકૂળ મન-વચન-કાયાની ચેષ્ટા હોય છે, પ્રવૃત્તિ હોય છે એટલે બીજા પણ સમજે છે અને પોતે પણ સમજી શકે છે કે આ પ્રકારનો રાગ વર્તે છે. અંતરંગમાં જે જ્ઞાનદશાની ઓળખાણ હોય, મૂળ દશાની-

અંતરંગ દશાની અંતર પરિણતિની ઓળખાણ હોય કે જે ચૈતન્યરૂપી નંદનવનમાં અનેક ગુણોની વિવિધ પ્રકારની પર્યાયો ખીલેલી છે એવા દિવ્ય ગુણોનો ધારણ કરનાર આ આત્મા છે એવું જેને ઓળખાણ હોય છે એના જ્ઞાનમાં એક અંતરંગ પરિણમન પણ છે, એ ભક્તિના ભાવના કાળમાં. એ એનું જ્ઞાન દર્શનમોહને ગાળે છે.

જગતના સર્વ સંસારી જીવનો મોટામાં મોટો શત્રુ આ દર્શનમોહ છે. એકચક્રી રાજ એ કરે છે. સર્વ જીવોને સંસારના ધોંસરે જોડે છે અને સંસારની મજૂરી કરાવે છે. 'સમયસાર'ની અંદર આ વિષય લીધો છે. દસ હજાર સુભટને એકલે હાથે જીતનાર દર્શનમોહને જીતી શકતો નથી. કહેવાય શૂરવીર પણ દર્શનમોહને જીતી શકતો નથી. 'શ્રીમદ્જી'એ તો એથી મોટી ઉપમા લીધી છે કે કોઈ ભુજાએ કરીને સ્વયંભૂરમણ સમુદ્ર તરી જાય એટલે હાથથી, નાવમાં બેસીને નહીં, પાણીને કાપી-કાપતો જાય. સૌથી મોટો અસંખ્ય યોજનનો સમુદ્ર છે, છેલ્લો સમુદ્ર છે. તોપણ દર્શનમોહને તરવું એ સમુદ્રને તરવું મુશ્કેલ છે, આ (- સ્વયંભૂરમણ) તરી શકાય એવું છે. એવો જે અઘરો કોયડો છે, કઠિન દુષ્કર કાર્ય છે એ, જ્ઞાનદશામાં બિરાજમાન જો કોઈ વિદ્યમાન જ્ઞાની હોય તો એની ભક્તિમાં ગળવા માંડે છે. અધ્યાત્મ જગતનું આ એક ગુપ્ત રહસ્ય છે. બહુ ઓછાને એ વિષયની ખબર છે. સામાન્ય રીતે લોકો એમ સમજે છે કે આ બધા એક રાગ છે, રાગ છે. બહારમાં જોર રાગનું દેખાય છે, દેખાવ રાગનો આવે છે પણ જો એને ભક્તિ છે એમાં આ એક પ્રકાર બને છે. ઓઘભક્તિમાં દર્શનમોહ એટલો મંદ નથી થતો, એટલો રસ તૂટતો નથી. ઓળખાણવાળાને તો એનો રસ તૂટે છે.

પ્રશ્ન :– રાગની સાથે શું છે ?

સમાધાન :– રાગની સાથે જ્ઞાન છે ને. બે મુખ્ય પર્યાય – જ્ઞાન અને રાગ. બન્ને જ્ઞાનદશામાં બિરાજમાન જ્ઞાનીની ભક્તિ કરે છે. મહિમા છે ને ? ૧૭૫માં જ્ઞાનદશાનો મહિમા ચાલે છે ને ? તો રાગથી તો શુભકર્મ બંધાય છે ત્યાં.

પ્રશ્ન :– ભક્તિ કરે તો ન્યાલ થઈ જાય ખરો ?

સમાધાન :– હા, હા ! દર્શનમોહ ગળે તો શું થાય ? ન્યાલ જ થાય ને ! 'શ્રીમદ્જી'એ તો ત્યાં સુધી કહ્યું છે કે જ્ઞાનીના ચરણમાં કે જ્ઞાનીના સાન્નિધ્યમાં રહે તો તું જ્ઞાનની માગણી નહીં કરતો. શું કીધું ? તું જ્ઞાનની માગણી નહીં કરતો.

ઘણું કરીને 'મણિભાઈ ગાંધી' સાથે જ આ વાત ચાલી છે. પણ તું ભક્તિની માગણી કરજે.

પ્રશ્ન :- એમાં તત્ત્વ ન ઊડી જાય ?

સમાધાન :- ના, એમાં એ તો કહ્યું કે આ અધ્યાત્મ જગતનું તાત્ત્વિક રહસ્ય આમાં છુપાયેલું છે. ૨૦૦ નંબરની એક વચનાવલી છે, ચૌદેક બોલ એમાં લીધા છે. એમાં જ્ઞાની પ્રત્યેના બહુમાનના, વિશેષ બહુમાનના બોલ લીધા છે. એમાં છેલ્લો બોલ આ લીધો છે કે આ ગુપ્ત તત્ત્વને જે આરાધે છે એ અમૃતને પામે છે, એટલે અમર થઈ જાય છે. એથી શું વધારે બીજો લાભ હોય ?

કોઈ એમ કહે કે જન્મ-મરણ મટાડવાની Tablet આપી દઉં તો દેવું કરીને પૈસા ખર્ચે કે નહીં ? જ્ઞાનમાર્ગની શ્રેણી કહી એમાં જ્ઞાની પ્રત્યે ભક્તિ કરવાના અને અભક્તિ નહીં થવાના અનેક પડખાની ચોખવટ તેર બોલ સુધી એમણે કહ્યું. તેરમાં બોલમાં એ વાત કરી કે, **'આ જ્ઞાન માર્ગની શ્રેણી કહી, એ પામ્યા વિના બીજા માર્ગથી મોક્ષ નથી.'** હવે એક વાત અહીંયાં મૂકી દીધી છે. **'એ ગુપ્ત તત્ત્વને જે આરાધે છે, તે પ્રત્યક્ષ અમૃતને પામીને અભય થાય છે.'** આપણે તો હમણાં જ પ્રસંગ ગયો ને ! પ્રત્યક્ષ અમૃતને પામીને એમ. એને ખબર નથી પડતી એમ નહીં. ત્યારે ખબર પડે છે.

એવું જ્ઞાનદશાનું વર્ણન કરવાનું કારણ છે. નહીંતર જ્ઞાનીઓને એનું કાંઈ પ્રદર્શન કરવું નથી પણ એની પાછળ હેતુ રહેલો છે. અનાદિથી જીવ આ વિષયથી અજાણ્યો રહ્યો છે. કોઈ એમ કહે કે પણ એમાં તત્ત્વ આવ્યું ક્યાં ? તો કહે છે, જો તત્ત્વ અહીંયાં આવ્યું કે એમને આત્મા પ્રગટ થયો છે કે નહીં ? આ જે વાત લીધી કે સાધક આત્માને ચૈતન્યરૂપી નંદનવનમાં અનેક ગુણોની વિવિધ પ્રકારની પર્યાયો ખીલી ઊઠેલી છે. તો અનંતગુણોથી સત્ પ્રગટ્યું છે કે નહીં ? એ તત્ત્વ નથી ? જે સત્ પ્રગટ થયું એ તત્ત્વ નથી ? એ જે તત્ત્વ છે એ તત્ત્વની ઉપાદેયતામાં, એની મહિમા વગર ઉપાદેયતા કેવી રીતે થાય ?

અત્યાર સુધી જીવ રાગ ને રાગના વિષયની ઉપાદેયતામાં આ તત્ત્વની વિમુખ ચાલ્યો છે. હવે આ તત્ત્વ, પ્રગટ જે તત્ત્વ છે એની ઉપાદેયતા, એનું બહુમાન, એની મહિમા એ આવ્યા વિના તને અંદરમાં તારું જે અપ્રગટ તત્ત્વ છે એની મહિમા ને એની ઉપાદેયતા ક્યાંથી લાવીશ ? એ આવવાનો કોઈ અવસર હોતો નથી. એની

સંધિ છે એ રીતે, અંતર-બાહ્ય એ રીતે સંધિ છે. એટલે એમણે એ વાત લીધી છે કે એ ગુપ્ત તત્ત્વને જે આરાધે છે. કેમકે આ વાત જગતના લોકોને ખ્યાલમાં નથી. એને એમ થાય છે કે આ તો એકલો ભક્તિનો રાગ છે. તો કે, નહીં. આમાં દર્શનમોહને જીતવાનો ઉપાય રહેલો છે અને આથી સહેલો બીજો કોઈ સુગમ ઉપાય દર્શનમોહને ટાળવાનો નથી. આમ છે.

પ્રશ્ન :– રાગથી ભક્તિ કરવી એ તો હેય કીધું છે ને ?

સમાધાન :– રાગ તો શું છે કે રાગ છે એટલે રાગ પરિણમે છે. ભક્તિ તો જ્ઞાનથી થાય છે, ઓળખાણથી થાય છે. પણ જેને ઓળખાણ થાય છે એને રાગ છે એ રાગ ચાલતો રાગ પછી એના જ્ઞાનની સાથે ખેંચાય છે, તણાય છે. વિરુદ્ધ દિશામાં જઈ નથી શકતો. છે તો વિરોધી. રાગ છે એ આત્માનો વિરોધી છે પણ ત્યાં એ વિરોધીનું બળ નથી ચાલતું. એટલે એને જ્ઞાનની સાથે ઢસડાવું પડે છે. એ પણ રાગથી ભક્તિ કરવા લાગે છે. બાકી એ શુભરાગથી તો પુણ્યકર્મનો બંધ થાય છે. એ શુભરાગ છે એનાથી તો પુણ્યકર્મનો બંધ થાય છે અને એનાથી જે જ્ઞાન છે અથવા આત્મગુણો પ્રત્યે, આત્મસ્વભાવ પ્રત્યે, આત્મતત્ત્વ પ્રત્યે જે બહુમાનનો ભાવ છે એ એને દર્શનમોહને ગાળવાનું કારણ છે. ઇ ગુપ્ત તત્ત્વ છે. બાહ્યમાં પેલો રાગ છે એ ગુપ્ત તત્ત્વ નથી, ભક્તિનો રાગ એ ગુપ્ત તત્ત્વ નથી પણ આ ગુપ્ત તત્ત્વ છે. એને જે આરાધે છે. એના વગર કોઈ ભક્તિ કરે છે, એના વગર કેવી રીતે કરે ? તો કહે દેખાદેખીથી કરે. બીજા પણ ભક્તિ કરે છે લાવ હું પણ કરું. કેમકે બીજાનો દેખાવ સારો લાગે છે તો અહીંયાં મારો દેખાવ સારો લાગશે. અથવા આ ભક્તિ કરીશ તો પુણ્ય બંધાશે અને પુણ્ય બંધાશે તો પછી આગળ ઉપર એના ફળ ભોગવવા મળશે. અનુકૂળતાઓની પ્રાપ્તિ થશે અને 'પુણ્યે પાપ ઠેલાય' પ્રતિકૂળતાઓ નાશ પામશે. એ વગેરે પ્રકારે કોઈ અનુચિત રીતે ભક્તિ કરે છે તો એને તો એ યોગ્ય નથી. એ પ્રકાર યોગ્ય નથી. એ પ્રકાર તો નહીં હોવો જોઈએ. પણ એવો પ્રકાર કોઈને હોય છે એટલે બધાને એવો પ્રકાર હોય છે એમ પણ સમજવા યોગ્ય નથી.

મુમુક્ષુ :– મોટે ભાગે એવું થાય છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, મોટે ભાગે થાય. પણ હવે આપણે તો આપણું કામ

છે. ઝાઝાનું કામ છે કે આપણું કામ છે ? આ સંસાર સળગે છે. જેમ જંગલ સળગતું હોય ને પોતે અંદર રહી ગયો હોય તો શું કરે ? કે મોટે ભાગે બધું સળગે છે માટે આપણે પણ હવે ભલે સળગી જઈએ, એમ કોઈ વિચારતું નથી. આમાંથી હું રસ્તો ક્યાં કાઢું ? કેવી રીતે એક કેડી ગોતી લઉં, છેવટ સડક ન મળે તો એક કેડી ગોતી લઉં કે જ્યાંથી હું બહાર નીકળી જાઉં. એમ વિચારે છે કે નહીં ? એમ જોવાનું છે.

મુમુક્ષુ :– આ વખતે તો ભક્તિ બહુ ઊછળી હતી. દિન પ્રતિદિન વધતી જાય એવું લાગ્યું. આ પ્રસંગના નિમિત્તે.

પૂજ્ય ભાઈશ્રી :– સારી વાત છે. સમજાય, જેમ જેમ એ વિષય સમજાય. આ તેર બોલમાં તો એમણે સર્વ શાસ્ત્રોની શાખ મૂકી છે. સર્વ શાસ્ત્રોમાં આ વાત કહેલી ને માન્ય રાખેલી છે એમ કહ્યું છે અને પોતાને પોતે ભૂલી ગયો છે એવું જે સ્વરૂપનું અજ્ઞાન છે એ અજ્ઞાન ટાળવા અને જ્ઞાનની પ્રાપ્તિ કરવા માટે જેને એ જ્ઞાનની પ્રાપ્તિ થઈ છે તેને સર્વ પ્રકારની લોકલજ્જા આદિ કારણોથી વિમુખ થઈને, તે કારણોને છોડી દઈને, બીજાનો આશ્રય છોડી દઈને પોતે જ પોતાના હિત ખાતર એ રસ્તો પકડી લે. ઘણાં બોલ એવા લીધા છે. લોકલજ્જાના લીધા છે, એમના વિકલ્પથી પ્રતિકૂળ ન જવું, સર્વ ઇચ્છા તન-મન-ધનની આસક્તિ ત્યજીને એક નિષ્ઠા રાખવી. એમને એ જોઈતું નથી પણ પોતાને ઉપદેશ એ વગર નહીં પરિણમે એવી સમજણથી ભક્તિ કરવી. પડખાં ચોખ્ખા કર્યા છે. અને એ પ્રકાર ન આવે તો એ નિજ છંદે ચાલીને કાર્ય કરવા જાય છે તો અનંત કાળે પણ જ્ઞાન નહીં પામે એ વાતની અગિયારમાં બોલમાં ચોખવટ કરી છે અને કોઈ શાસ્ત્રની મુખ્યતા કરીને જ્ઞાનીને ગૌણ કરે તો એની ના કહી છે કે એ પરોક્ષ આજ્ઞા છે. તારે પ્રત્યક્ષ આજ્ઞા આરાધવાની જરૂર છે.

મુમુક્ષુ :– જ્ઞાનીમાંથી જ શાસ્ત્રોની રચના થઈ છે ને !

પૂજ્ય ભાઈશ્રી :– હા ! એ તો આત્મામાંથી–જ્ઞાનીના આત્મામાંથી નીકળેલી વાણી છે.

મુમુક્ષુ :– શાસ્ત્ર અને તત્ત્વ વાંચવું અને જ્ઞાનીને ઉડાડવા !

પૂજ્ય ભાઈશ્રી :– એ બની શકે નહીં. આ ૨૦૦ નંબરનો જે આંક છે– વચનાવલી. ચૌદ બોલમાં છેલ્લે એ વાત કહી દીધી છે કે આ ગુપ્ત તત્ત્વ છે. દર્શનમોહને નાશ

કરવાનું આ (ગુપ્ત તત્ત્વ છે). એ ગુપ્ત તત્ત્વનો અર્થ આ છે. કેમકે જીવને દર્શનમોહ કેવી રીતે બંધાય છે એની ખબર નથી અને દર્શનમોહ કેવી રીતે નિવૃત્ત થાય છે એની પણ એને ખબર નથી. એટલે એ ગુપ્ત તત્ત્વનો વિષય લીધો છે. તે પ્રત્યક્ષ અમૃતને પામીને અભય થઈ જાય છે. પછી એને અમૃત મળી ગયું. એને જગતમાં જેમ જ્ઞાની નિર્ભય છે એમ જ્ઞાનીના ચરણમાં રહેલો, શરણમાં રહેલો મુમુક્ષુ આત્મા પણ નિર્ભય છે. એને પછી કાંઈ ભય છે નહીં.

એટલે જે કોઈ ગ્રંથ ગ્રંથોમાં શાસ્ત્રોમાં જ્ઞાનદશાનું જે વર્ણન આવે છે એની પાછળ આ રહસ્ય છે કે કોઈ રીતે પણ જીવ જ્ઞાનીની અંતરંગ દશાને–મૂળ દશાને ઓળખે, ઓળખીને એનું બહુમાન કરે તો એ ગુપ્ત તત્ત્વનું એને આરાધન થઈને પ્રત્યક્ષ અમૃત એને મળે છે. એ બહુ મોટી વાત છે.

હમણા 'વડવા'માં એક ભાઈ મળ્યા હતા. એ 'ગુરુદેવ' પાસે આવી ગયેલા. ત્યાં વાંચન કરે છે. મૂળ 'લીંબડી'ના છે. પ્રત્યક્ષ સત્પુરુષ ઉપર તો 'શ્રીમદ્જી'ના પત્ર પત્રની અંદર એ વાત છે. એટલે એ એને અડીને જે વાંચે એને તો એ વાત મુખ્યપણે છે એમાં તો કાંઈ પ્રશ્ન નથી. એમણે કહ્યું કે, આખા ગ્રંથનું કેન્દ્રસ્થાન 'શ્રીમદ્ રાજચંદ્ર' આવડું મોટું Volume છે, આખા ગ્રંથના કથનનું કેન્દ્રસ્થાન એક પ્રત્યક્ષ સત્પુરુષનું આરાધન કરવું (એ છે). આવે છે ? મેં કહ્યું કે, તમે 'લીંબડી' એટલે નજીક છો 'સોનગઢ'માં 'કાનજીસ્વામી' પાસે કોઈ 'દી આવ્યા છો ? તો કહે હા ! આવ્યો છું. આત્મજ્ઞાન વિશે કોઈ 'દી ચર્ચા કરી છે ? માણસ તો અભ્યાસુ હતા. બીજા જેમ વાંચી જાય એમ નહીં. આ તો દ્રવ્યાનુયોગ, દ્રવ્યાર્થિકનય ને પર્યાયાર્થિકનય ને.. બીજા શાસ્ત્રો ઓછા વાંચે, આને તો બીજા શાસ્ત્રોનું વાંચન ઠીક હતું. તો કે ખરેખર વાત ઇ છે કે જ્યારે હું શરૂઆતમાં ગયો, નાની ઉંમરમાં એનો પ્રવેશ થયેલો, જ્યારે શરૂઆતમાં હું ગયો ત્યારે આ વાત સમજવાની મારી Capacity નહોતી ને જ્યારે વાંચવા ને સમજતો ગયો ત્યારપછી હું ગયો નથી.

પ્રત્યક્ષ જ્ઞાની બિરાજમાન હોય એનું મહત્ત્વ જો આટલું બધું ખુદ 'શ્રીમદ્જી' (કરતા હોય), ત્યાં તો 'કૃપાળુદેવ'ના નામથી સંબોધન કરાય છે, એ વિષય ઉપર વજન જવું જોઈએ. થોડા ઘણાં અંશે તો (જવું જોઈએ). એ તો બહુ મોટી વાત છે. જો આ પૃથ્વી ઉપર કોઈ સમ્યક્દૃષ્ટિ જીવ હયાતી ધરાવતું હોય તો એ તો બહુ

મોટી વાત છે. આખા જગતમાં જેમ દુષ્કાળ હોય ને એક જ જગ્યાએ પાણી મળતું હોય તો અમૃત મળે છે એમ કહેવાય કે પાણી મળે છે એમ કહેવાય ? પાણી હોય તોપણ એને અમૃત કહેવાય. તો આ તો અમૃતને અમૃત કહેવું છે. સીધેલું ચોખ્ખું અમૃત છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- ત્યાં તો બધા પત્રોનો વિષય એક જ ચાલે છે, કહેવાનો મારો મુદ્દો હતો. એ પોતે પણ પોતાનું વક્તવ્ય આપે ત્યારે એ પ્રત્યક્ષ જ્ઞાનીપુરુષ અને સત્પુરુષને ખૂબ મહત્ત્વ આપે. તો આટલો વિચાર કેમ નહીં કરતા હોય ? આ એક વિષય ચાલ્યો હતો. પછી એને 'વચનામૃત' આપ્યું અને 'અનુભવપ્રકાશ' આપ્યું. ઇ બે એણે નહોતા વાંચ્યા. પછી એને વિચાર આવ્યો કે, આવવું છે, ઇ બાજુ આવવું છે. તમારે તો નજીક છે આવવું હોય તો ક્યાં આઘું છે ? લોકો તો પાંચસો-હજાર માઈલથી આમાં આવે છે. એવું છે કે મનુષ્ય જન્મનો બહુભાગ ચાલ્યો જાય.

એ જે જ્ઞાનદશાનું વર્ણન કરે છે ખરેખર તો એ સ્વભાવ દશા છે અને મુમુક્ષુજીવ અપ્રગટ અવ્યક્ત સ્વભાવ સીધો ગ્રહણ કરી શકતો નથી એટલે એને પ્રગટ દશા દ્વારા એ સ્વભાવ જ બતાવવામાં આવે છે. જ્ઞાનદશા-સાધકદશા એ માધ્યમ છે સ્વભાવને સમજાવાનું, સ્વભાવને ગ્રહણ કરાવવાનું. કેમકે એ સ્વભાવ આકારે સ્વભાવ સદૃશ ઉત્પન્ન થયેલી દશા છે. પેલું અવ્યક્ત તત્ત્વ છે, જે ચૈતન્ય પિંડ આત્મા શક્તિરૂપ છે શ્રદ્ધાનો વિષય છે તે તો સદાય ગુપ્ત જ રહે છે. એ ગુપ્ત તત્ત્વ છે. જે સૃષ્ટિને લક્ષમાં નથી. સાતસો વચનમાં એ વાત લીધી છે. ગુપ્ત તત્ત્વ સૃષ્ટિને લક્ષમાં નથી. સૃષ્ટિને એટલે જગતની અંદર ધરમ ધરમ કરીને ધરમની ધમાલ કરનારા ઘણાં છે પણ આ અંદરમાં ગુપ્ત તત્ત્વ પડ્યું છે–સ્વભાવનો પિંડ આત્મા એ સૃષ્ટિને લક્ષમાં નથી. એનું લક્ષ એની વ્યક્ત પ્રગટ દશા દ્વારા થઈ શકે. એટલે જ્ઞાનદશાનું વર્ણન કરવામાં આવે છે. એની પાછળ એટલો જ હેતુ છે.

સમ્યગ્દર્શનથી માંડીને જેટલી કોઈ અધ્યાત્મિક દશા છે – પંચમ ગુણસ્થાનની 'રત્નકરંડ શ્રાવકાચાર'ની વાત હોય કે મુનિદશાની વાત હોય, કોઈ આચરણનો ગ્રંથ હોય, બધે-પહેલેથી છેલ્લે સુધી જેટલી આત્માને આશ્રિત અધ્યાત્મિક દશાઓ છે એનો મહિમા ખરેખર સ્વભાવના મહિમાના દૃષ્ટિકોણથી જ કરવામાં આવ્યો છે અને એ

દ્વારા સ્વભાવને દર્શાવવામાં આવ્યો છે કે સ્વભાવ આટલો મહિમાવંત છે, મહાન છે.

એ રીતે મુનિદશાનું વર્ણન લઈએ છીએ કે દેહાતીત દશા છે. એમને કોઈ દેહની ખેવના નથી, દેહની સાવધાની રહેતી નથી. રોગાદિ ઊપજે તોપણ એને મટાડવા માટેનો કોઈ વિકલ્પ આવતો નથી. બીજી કોઈ દેહની પ્રતિકૂળતાઓ આવે, ઉપસર્ગ પરિષહ કોઈપણ પ્રકારે (આવે), સર્પ તો ઉપરથી ચાલ્યા જાય. મોટા મોટા સર્પ હોય ઉપરથી ચાલ્યા જાય અને કોઈવાર તો ઉપર આવીને બેસે. એને એમ થાય કે આ કાંઈક પત્થર-બત્થર હશે. શરીર મેલું થઈ ગયું હોય અને ધ્યાનમાં અડોલ આસનમાં એમ ને એમ હોય. આવીને અહીંયાં ફેણ માંડીને બેસે ને અહીંયાં ફેણ માંડીને બેસે. કાંઈ નથી. જેને જે ચીજ ઉપર મમત્વ નથી એને શું છે ? દેહનું મમત્વ ટાળ્યું છે. તો એવી અધ્યાત્મદશા જે આત્માના આશ્રયે એવી સ્થિર અડોલ દશા છે એ મૂળ ચીજનું સામર્થ્ય કેટલું ? જેની સન્મુખ થતાં થનાર દશાની આ હાલત છે તો મૂળ ચીજનું સામર્થ્ય કેટલું ? એ વાત સર્વ જગ્યાએથી નીકળે છે, બધી જગ્યાએથી એ વાત નીકળે છે.

મુમુક્ષુ :– પ્રત્યક્ષ જ્ઞાનીનો મહિમા તો 'શ્રીમદ્'માં આવે છે.

પૂજ્ય ભાઈશ્રી :– એણે પોતે એમ કહ્યું કે મારી એ વખતે સમજવાની શક્તિ નહોતી.

મુમુક્ષુ :– એ તો ઠીક પણ બીજા જે પેલી બાજુ વળેલા છે ઇ તો જ્ઞાની માને..

પૂજ્ય ભાઈશ્રી :– માનતા નથી. માનતા જ નથી.

મુમુક્ષુ :– કોઈ ક્રિયા જોઈને..

પૂજ્ય ભાઈશ્રી :– ક્રિયા જોઈને એના કરતા શું છે કે શૈલી જુદી જુદી છે. જરા Out of topic છે, થોડું વિષયાંતર છે પણ સમજવા જેવી વાત છે કે 'ગુરુદેવશ્રી'એ પ્રસિદ્ધપણે શ્વેતાંબર અને દિગંબર વચ્ચેનું સ્પષ્ટ અંતર પ્રસિદ્ધ કરી દીધું. એ પ્રસિદ્ધ કરતા અનેક પ્રકારના ઉપસર્ગ, પરિષહનો સામનો પણ કરવો પડ્યો. તોપણ દાંડી પીટીને નગારાની ચોંટ ઉપર એ વાત મૂકી દીધી. દિગંબરની જે વાત છે એની પાસે શ્વેતાંબર તો ગૃહિત મિથ્યાત્વના વર્ગમાં જાય છે. આટલી બધી ચોખવટ (કરી). 'મોક્ષમાર્ગ પ્રકાશક'નો આધાર પણ લીધો. ત્યારે એ લોકો મધ્યસ્થતાના અંચળા નીચે શું (પકડતા હતા) ? આપણે ખંડન મંડનમાં પડવું નહીં, મત મતાંતરમાં પડવું નહીં.

આપણે તો એક આત્માનું હિત થાય ને આત્માના જ્ઞાનને ને આત્મજ્ઞાનને મુખ્ય કરવું.

હવે 'શ્રીમદ્જી'ની શૈલી એવી નહોતી, જેવી 'ગુરુદેવ'ની શૈલી હતી. તો શૈલી ફેરે સિદ્ધાંત ફેર ઘણાં સમજે છે. શૈલી ફેરે સિદ્ધાંત ફેર જ્ઞાનીઓ કરતા નથી. સિદ્ધાંત એકનો એક હોય છે, શૈલી જુદી જુદી થાય છે. ત્યાં જે લોકો આવે જાય છે અને જે અહીંયાં નથી આવતા એની માન્યતા એવી છે કે આ મતના ખંડન મંડનમાં પડ્યા છે, એમાં તો આત્માર્થ પણ ન રહે. કારણ કે ખંડન મંડનનો વિષય એવો છે કે એમાં આત્માર્થ છૂટી જાય, એ વાત બરાબર છે તો આત્મજ્ઞાન તો પ્રાપ્ત થાય ક્યાંથી. એટલે આ ભાઈ પણ થોડું એમના વક્તવ્યમાં ખંડન મંડનનું એવું બોલી ગયા હતા. તો કહ્યું, ખંડન મંડનમાં ન પડાય પણ સત્ય શું છે એનો નિર્ણય કરવો પડશે કે નહીં ? એ તો બરાબર છે. એમાં ખંડન મંડનની વાત નથી.

પોતાના આત્મા માટે શું સત્ય છે અને શું અસત્ય છે એનો નિર્ણય કરવો એમાં ખંડન મંડન નથી આવતું. ખંડન મંડન તો એની પ્રવૃત્તિ કરવામાં છે કે એને તોડી નાખો, એનું બધું તોડી નાખો, એનું ભાંગી નાખો, એનો નાશ કરો, એની સાથે લડાઈ કરો, એનું આમ કરો, તેમ કરો. એમાં ખંડન મંડન આવે છે. પણ પોતાને સત્યનું શોધન કરવું છે ને સાચું સત્ય શું છે એ શોધી કાઢવું છે એ ચીજ સામે છે તો બે સરખી નથી અથવા બે છે એનો અર્થ જ કે એક નથી. પ્રશ્ન કર્યો કે, જેમકે તમે પ્રવચન કરો છો હવે ઈનશર્ટ કરીને, પાટલૂન પહેરીને, ટાઈ પહેરીને બેસો જોઈએ પ્રવચન કરવા. પાટલૂનમાં ઈનશર્ટ કરીને આવો ને ઉપર ટાઈ પહેરીને બેસો જોઈ. અત્તર બત્તર છાંટો ને આમ સુગંધી... થઈ ગયું હોય ને વાળ બાળના પટિયા-બટિયા પાડ્યા હોય ને બધો તમારો દેખાવ એવો હોય કે જાણે 'અમેરિકા'થી હમણાં જ ઊતર્યા ! કોણ તમારું પ્રવચન સાંભળશે ? સાંભળે કોઈ ? મુમુક્ષુની ભૂમિકામાં પણ મુમુક્ષુને યોગ્ય એની રહેણીકરણી હોય. એના પ્રસંગે એ પ્રકાર હોય.

મુનિદશા તો અસંગદશા છે, જેને તિલતુષમાત્ર પરિગ્રહ નથી. દેહાતીત જેની દશા છે તો એ મુનિઓના પણ આરાધ્યદેવ જે મુનિન્દ્ર છે, જે વૈરાગ્યમહેલના શિખરના શિખામણી થઈને વીતરાગ થઈ ગયા છે, કેવળ અસંગદશામાં બિરાજમાન છે એના શરીરે શૃંગાર ક્યાંથી આવ્યો ? વાત તો બરાબર છે. એ વાત તો કોઈ રીતે બેસે એવું નથી. આ તો સામાન્ય બુદ્ધિમાં બેસે એવો દાખલો છે કે, બે વાત છે તો બેમાં

બે બરાબર એક સરખી તો છે નહીં. એટલે તો બે છે. એક નથી તો એકમાં સત્ય શું ને અસત્ય શું ? એ શોધવું તો આત્માર્થીનું કાર્ય છે, એ તો આત્માર્થીનો ધર્મ છે, આત્માર્થીની ફરજ છે. ભલે એકમાંથી બે જુદાં પડ્યા પણ બે થયા એનો અર્થ કે બે સાચાં નથી, એક જ સાચું છે. હવે એ કોણ સાચું એ પોતાને નક્કી કરવાનું છે. ખંડન મંડનમાં ભલે ન પડે પણ પોતાના આત્માના હિત માટે એણે શોધ કરવી આવશ્યક છે, જરૂરી છે, એની જવાબદારી છે. નહીંતર જોખમ એની માથે છે બીજાના માથે નથી.

મુમુક્ષુ :– આત્માના હિત માટે એ જવાબદારી છે. સરસ વાત છે. બે સાચા નથી બરાબર છે.

પૂજ્ય ભાઈશ્રી :– બે સાચા નથી. બે સત્ય જગતમાં હોય નહીં, એક મ્યાનમાં બે તલવાર હોય નહીં. જગતમાં બે જૈન નથી. 'શ્રીમદ્જી'એ કહ્યું છે–જગતમાં બે જૈન નથી, એક જ જૈન છે. 'એક હોય ત્રણ કાળમાં પરમાર્થનો પંથ' એ એમણે કહ્યું છે. જ્યાં ઉત્કૃષ્ટ જ્ઞાન છે ત્યાં ઉત્કૃષ્ટ ત્યાગ સંભવે છે. જ્યાં સર્વોત્કૃષ્ટ ત્યાગ સંભવે છે ત્યાં જ ઉત્કૃષ્ટ જ્ઞાન સંભવે છે આ તો એમના વચન છે. બધા એમના જ વચન છે ક્યાંય વિરોધ તો નહીં આવવો જોઈએ. જ્યાં ઉત્કૃષ્ટ ત્યાગ નથી એનો અર્થ કે ત્યાં કેવળજ્ઞાન વર્તતું નથી. આ તો સિદ્ધાંત તૂટે છે. સિદ્ધાંત ક્યાંય તૂટવો ન જોઈએ, શૈલી ગમે તે હો. એનું સંશોધન તો એણે પોતે કરવું જોઈએ.

મુમુક્ષુ :– 'શ્રીમદ્જી' એ મીઠી ભાષામાં ઘણું કહ્યું છે ને 'ગુરુદેવે' પ્રતિકાર પણ ઘણું કર્યું.

પૂજ્ય ભાઈશ્રી :– પછી એમ કહ્યું કે 'શ્રીમદ્જી'એ સ્થાનકવાસી ઉપર તો પ્રહાર કર્યો છે ? તો કે હા. તો આપ એમ કહી શકશો કે 'કૃપાળુદેવ' પોતે ખંડન મંડનમાં પડ્યા હતા ત્યાં ? એવું નથી. એક Limit તો આવશે જ કે જ્યાં તમારે અસત્ છે તે અસત્ છે એમ કહેવું પડશે, સત્ છે એ સત્ છે એમ કહેવા માટે. ચોખ્ખું સત્ બહાર જુદું પાડવું હોય તો અસત્થી એ જુદું છે, અસત્સ્વરૂપે નથી એ વાત એમાં આવ્યા વિના રહેશે નહીં. એ કોઈ ખંડન મંડનનો વિષય નથી. એટલે વિષય થોડો ઊંડાણમાં ગયા પછી પત્તો લાગે એવો છે, ઉપર ઉપરથી ચાલે તો પત્તો ખાય એવું નથી.

મુમુક્ષુ :- જે ખંડન મંડન કહે છે પણ ઉપરની સપાટી પર છે એટલે એમ કહે છે.

પૂજ્ય ભાઈશ્રી :- ઇ લોકો તો એમ બચાવ કરે છે કે, અંદર તો બન્ને વાત એક છે, તત્ત્વ તો બન્નેનું એક છે. બહારની વિધિમાં ફેર છે. એ એમ બચાવ કરે છે. એમ પણ નથી. તાત્ત્વિક દૃષ્ટિએ પણ કેટલાક સિદ્ધાંતો, પાયાના સિદ્ધાંતોમાં સામે સામો તફાવત છે. કેવળજ્ઞાનની દશા એ લોકો સ્થાપે છે એવી કેવળજ્ઞાનની દશા નથી. કેવળદર્શન ઉપયોગ, કેવળજ્ઞાન ઉપયોગ એ પણ એમ નથી. એવી રીતે તાત્ત્વિક સિદ્ધાંતોની અંદર ફેર છે.

પ્રશ્ન :- એટલે અર્થના અનર્થ કરે છે એમ થયું ને ?

સમાધાન :- નહીં, સિદ્ધાંતો જ પોતાની કલ્પના પ્રમાણે સ્થાપિત કરેલો છે. કેવળજ્ઞાનના સ્વરૂપને ઓળખીને નહીં. એટલે તો બન્ને તત્ત્વમાં ફેર પડે છે એનું કારણ શું ? કે એ દશાને ઓળખતા નથી. સંપૂર્ણ વીતરાગતા હોય ને સંપૂર્ણ જ્ઞાન હોય અને જે સંપૂર્ણપણે નિરવશેષ અંતર્મુખદશા હોય એમાં બાહ્ય પ્રવૃત્તિની મર્યાદા કેટલી હોય એ નક્કી થવું જોઈએ. જેમકે વિહાર વગેરે હોય છે, અરિહંતદેવને વિહાર હોય છે. એક ક્ષેત્રથી બીજા ક્ષેત્રે વિહાર થાય છે. વિહાર કરે છે એમ નહીં પણ વિહાર થાય છે. તો એ ડગલાં ભરીને ચાલે નહીં. પદ્માસને હોય તો એ ઊભા થઈને ચાલવા મંડે એમ નહીં. કે ખડ્ગાસને હોય તો પછી ડગ ભરે એમ નહીં. જેમ તીર જાય, જેમ હવામાં Plane જાય છે એવી રીતે જાય. કેમકે એની તો અંતર્મુખદશા છે, ઉપયોગ કાંઈ બહાર આવતો નથી. વાણી નીકળે છે, જો કે એ કાંઈ આત્માની ક્રિયા નથી, વાણી તો જડની ક્રિયા છે પણ એમના નિમિત્તે નીકળે છે. એમની હયાતીના નિમિત્તે નીકળે છે, એ સમવસરણમાં વિદ્યમાન છે એ નિમિત્તે વાણી નીકળે છે. તોપણ એમાં હોઠ ચાલે નહીં, જીભ ચાલે નહીં, કંઠ ચાલે નહીં, હાલતા-ચાલતા કંઠ દેખાય એ કાંઈ ચાલે નહીં. નેત્ર છે. એ લોકો આંખો ચોડે છે. એ એમને કહ્યું કે, આંખો ચોડવાની વાત અમને બરાબર નથી લાગતી. ધ્યાનસ્થ અવસ્થા અંતર્મુખ અવસ્થા હોય એમાં જે નેત્રો ચંચળ દશાને સૂચવે છે, આત્માની ચંચળતાને સૂચવે છે એ દશા નીચે ધ્યાનસ્થ મુમુક્ષુને કે સાધક અવસ્થામાં ન હોય તો કેવળજ્ઞાનીને હોવાનો તો સવાલ જ નથી. અનેક પ્રકારે એની અંદર ઘણાં ફેરફારો છે.

મુમુક્ષુ :- ચંચળતાનો ખ્યાલ નહીં હોય એટલે આ...

પૂજ્ય ભાઈશ્રી :- નહીં એ દશાની ઓળખાણ જ નથી. દશાની ઓળખાણ નથી. એવી વાત આવે છે કે પોતે દવા મંગાવે. આહાર કરે, બીજો-ત્રીજો આહાર મંગાવે, પોતાના માટે ગોચરી મંગાવે - યાચકવૃત્તિ. દેવાધિદેવ ત્રણલોકના નાથ થઈને બિરાજમાન થયા હોય, જેનો સમવસરણનો વૈભવ જોનારા ચકિત થઈ જાય એવો તો જેનો સમવસરણનો વૈભવ (છે) એ ચપટી લોટમાંથી પિંડો બનીને રોટલી થાય છે કે બીજું કાંઈ થાય છે ? એ યાચકવૃત્તિ કેમ હોઈ શકે ? એ પ્રશ્ન નથી. નિહાર તો જન્મથી નથી. તો એ કોઈ પ્રશ્ન નથી કે એ પ્રકારનું હીન પુણ્ય હોય. આટલા ઉત્કૃષ્ટ પુણ્યનો ઉદય વર્તતો હોય એને રોગથી ગ્રસિત થાય (એમ કહે). મુનિ આહાર ન માગે, મુનિ દવા ન માગે. આહાર ન માગે, દવા ન માગે. માગે નહીં કાંઈ. ત્યાં મુનિપણું ચાલ્યું જાય એ તો. એ તો સર્વોત્કૃષ્ટ મુનિન્દ્ર છે એ દશામાં એ પ્રશ્ન નથી. પણ એ દશાને ઓળખ્યા નહિ એટલે એમાં ગડબડ થઈ આવે છે. વાત ઓળખવાની છે. એમ કહે, એ એક જ ભૂલ થઈ ને ! થોડીક જ ભૂલ થઈ ને ! એમ નથી.

તત્ત્વદષ્ટિમાં તત્ત્વની એક ભૂલ છે એ સરાસર બધા સિદ્ધાંતોને તોડનારી ભૂલ છે. એક જગ્યાએ તત્ત્વમાં ભૂલ્યો એની નવાણું વાત તત્ત્વની સાચી આવતી હોય તો નવાણું એ નવાણું ખોટી છે. એ તત્ત્વના જે આચારાંગ, સૂયગડાંગ જે બધા (શાસ્ત્રો) છે એની અંદર તો ઘણી મૂળ વાતો છે. કેમકે એ તો યાદ રહે જ ને. જુદાં તો આમાંથી જ પડ્યા છે ને. એ વાત તો તીર્થંકરના શ્રીમુખેથી સાંભળેલી હોય, એની પરંપરા ચાલી હોય, એટલે ઇ પાંચસો વર્ષમાં એની ધારણા તો કરી જ હોય. એ વાત નથી. એવી વાતો અંદર આવે એટલે એની અંદર બધું બરાબર છે એમ નથી. જરાક ભેળસેળ થયું, એની અંદર કલ્પના કરીને કાંઈ પણ ઉમેર્યું એ દૂધના તપેલામાં ઝેરનું ટીપું નાખી દીધું. ખલાસ થઈ ગઈ વાત. પછી એ દૂધ વપરાય નહીં. એમ છે. આખું બધું એકેય સાચું નથી એમ કહેવાય, સાચું હોય તોપણ સાચું નથી. એ એવો વિષય બની જાય છે.

મુમુક્ષુ :- આમ તો સાંભળનારને ને હિસાબે સાચું છે. ખરેખર તો નવાણું સાચું હોય અને ભલે એક ખોટું હોય પણ સંકલના તૂટી જાય છે એટલે.

પૂજ્ય ભાઈશ્રી :- નહીં એમાં શું છે કે જીવને છેતરાવાનું કારણ બને. સત્ શાસ્ત્ર એને કહીએ અથવા સત્ શાસ્ત્રની માન્યતા એને કહીએ કે જે વિપરીત અભિનિવેશ

(રહિત) હોય. પણ વિપરીત અભિપ્રાયનું એની અંદર મેળવણ નાખ્યું છે, તો વિપરીત અભિનિવેશ (સહિત) સત્ વચનોની ઉપાસના થઈ શકે નહીં. કારણ કે સાથે સાથે બન્ને વાત આવવાની. એને તો જુદી પાડી શકતો નથી કે આમાં વિપરીતતા શું ને અવિપરીતતા શું ? નહીં તો આચારંગમાં તો એ સીધી વાત છે કે 'जो एवं जाणहि सो सव्वं जाणहि' શું ખોટું છે આમાં ? જેણે એકને જાણ્યો તેણે સર્વને જાણ્યું. જેણે આત્મા જાણ્યો તેણે સર્વ જાણ્યું. 'जो एवं जाणहि सो सव्वं जाणहि' આચારંગનું સૂત્ર છે. વિપરીત અભિનિવેશપૂર્વક એ વાત હોઈ શકે.

હું વીતરાગદેવને પણ માનું ને હું કુદેવને પણ માનું, બે વાત કોઈ દિવસ બને નહીં. એમ હું વીતરાગી શાસ્ત્રને માનું ને ભેળસેળવાળા વિપરીત અભિનિવેશ જેમાં સંમલિત થઈ ગયો હોય એને પણ માનું, બે વાત બને નહીં. હું સત્પુરુષ જ્ઞાનીને પણ માનું ને હું સત્પુરુષ ન હોય એવા અજ્ઞાનીને પણ માનું, બે વાત બને નહીં. હું નવ તત્ત્વને માનું ને પુણ્યથી હિત-ભલું થાય, પુણ્યના ઉદયથી સુખ થાય, સુખી થવાય એમ પણ માનું, એમ બને નહીં. વિપરીત અભિનિવેશપૂર્વક કાંઈ પણ માન્યતા (હોય) તે ખોટી માન્યતા, જૂઠી માન્યતા (છે). આખી માન્યતા વિપરીત છે. એને અહીંયાં સ્વીકારવામાં આવતું નથી.

આમ તો થોડાક માટે પૂરી કમાણી ચાલી જાય એ કોઈ પસંદ ન કરે. તમે મહેનત કરી કરી કરી કરી કરીને નેવું રૂપિયા કમાણા ને દસ રૂપિયા કમાવા જતાં નેવું ખોઈ નાખ્યા એ કોઈ પસંદ કરે ? આ વિપરીત અભિનિવેશની વાત એવી છે. તું સત્‌દેવને માનતો આવ્યો, સત્‌ગુરુને માનતો આવ્યો, સત્‌શાસ્ત્ર(ને માનતો આવ્યો), જૈન કુળમાં આવ્યો. હવે એક વિપરીત અભિનિવેશ માટે બધું ક્યાં બગાડે છો ? દેવ, ગુરુ, શાસ્ત્ર અને તત્ત્વજ્ઞાન ઉપર ક્યાં પાણી ફેરવી દે છે ? બધા ઉપર પાણી ફરી જાય છે.

એટલે એ રીતે જ્ઞાનદશાના અનેક પડખાંમાથી પણ એ વિષય સમજવા મળે છે કે વિપરીત અભિનિવેશ ન રહે અને ચોખ્ખે ચોખ્ખી પોતાની સમજણ હોય, ચોખ્ખી સમજણપૂર્વક એનું શુદ્ધ શ્રદ્ધાન ઉત્પન્ન થાય તો એના આત્માને લાભકર્તા છે, હિત કર્તા છે નહીંતર ક્યાં અહિત થાય એની પોતાને ખબર પડે નહીં.

મુમુક્ષુ :– બહુ મુદ્દાની વાત કરી. આટલી મહેનત કરે અને આગળ કમાવા જતા

બધું ડૂબાડે.

પૂજ્ય ભાઈશ્રી :- માંડ માંડ નેવું ભેગા કર્યા ને સોએ પહોંચવા જતાં નેવું ટાળ્યા ? એના જેવી વાત થઈ ગઈ. તું અહીં આવ્યો, અહીંયાં સુધી આવ્યો, સત્પુરુષની નજીક આવ્યો, આવી વાણી (સાંભળવા મળી), તને પ્રત્યક્ષ યોગ થયો બધું (થયું). હવે વચ્ચે થોડોક વિપરીત અભિપ્રાય વચમાં નાખે છે થોડાક માટે ? આ તારું બધું નકામું જાય છે. જેટલું કરે છે એટલું બધું પાણી ફરી વળે છે. એટલે પોતાના હિત માટે કરવાનું છે, કોઈના માટે કરવાનું નથી.

પ્રશ્ન :- દ્રવ્ય, ગુણ, પર્યાયથી 'શ્રીમદ્જી'ને પણ નથી ઓળખ્યા ?

સમાધાન :- હા, ઇ તો છે જ. એ તો સ્પષ્ટ દેખાઈ આવે છે કે ત્યાં સમૂહ ઘણો આવે છે, ત્યાં આપણા કરતા અત્યારે તો એ લોકોનો મોટો સમાજ છે. પરદેશની અંદર પણ મંડળો સ્થાપેલા છે - 'અમેરિકા', 'લંડન', 'આફ્રિકા' બધી જગ્યાએ (છે) પણ કોઈને ઓળખાણથી વાત હોય એ વાત દેખાતી નથી.

એક પ્રશ્ન જરાક ઊંડા ઊતરીને પૂછો એટલે અમને ખબર નથી, એવું કાંઈ અમે જાણતા નથી. અમે તો આ એક પુરુષને પકડી રાખીએ. પણ તમે પકડ્યા જ નથી. પછી શું કરે ? કે અમે તો આ એક સત્પુરુષને પકડી રાખ્યા છે એમ કહે. અમને સંપ્રદાયમાં તો કાંઈ ઠેકાણું લાગતું નથી. અમે સંપ્રદાયમાં જતાં નથી. ભાઈ ! એને પકડવા એ કાંઈ એમ ને એમ અદ્ધરથી વાત ચાલે એવું નથી. એની ઓળખાણ (થવી જોઈએ), એની જ્ઞાનદશાની ઓળખાણનો વિષય છે.

જો એને જ્ઞાનદશા ઓળખાય તો પરોક્ષ રહેલાં સત્પુરુષની દશા એના વચનો ઉપરથી ઓળખાય, ન ઓળખાય એવું કાંઈ નથી અને એનું બહુમાન આવ્યા વિના રહે નહીં. ઓળખાણ અને બહુમાન આવે તો દર્શનમોહ ઉપર ઘા પડ્યા વિના રહે નહીં. જે દર્શનમોહને ઘા મારીને તોડવો છે એ ગૂઢ, બહુ અત્યંત ગૂઢ થઈ ગયેલો દઢ થઈ ગયેલો એ દર્શનમોહનો વિષય છે. હાલતા ને ચાલતા ચોંટી જાય એવો વિષય છે. એને બહુ સહેલાઈથી સુગમપણે એ જ્ઞાનીના શરણમાં જાતા છોડી શકાય છે. એટલે તો 'શ્રીમદ્જી'એ એ વાત કરી કે, જ્ઞાનની માગણી કરવાની તારે જરૂર નથી. એની અંદર રહસ્ય છે. જ્ઞાનની માગણી (ન કરવી) ? જ્ઞાન માટે તો આવ્યો છે. તો કહે (છે), તને જ્ઞાન મળે એવી તારી સ્થિતિ થાય પછી જ્ઞાન મળશે કે એમ

ને એમ તને જ્ઞાન મળશે ? પાત્ર વિના વસ્તુ રહેશે ? કે પાત્ર થયા વિના વસ્તુ રહેશે ? જ્ઞાન તને કો'ક આપશે કે તારા અંદરમાંથી પ્રગટશે ? તો અંદરમાંથી પ્રગટવા માટે તો અંદર જ સાફસુફી જરૂરી છે. બસ ! તું અંદરની સાફસુફીમાં પાત્રતામાં આવ્યો (એટલે) જ્ઞાન તો તને અંદરથી પ્રગટશે.

એક સંકેતમાત્રમાં–જ્ઞાનીના એક વચનમાં અનંત આગમ રહેલા છે એ વાત તને સમજાઈ જશે. ગોળી તો એક વખત વાગવાની જરૂર છે. વારંવાર વાગવાની જરૂર નથી. અંતરભેદ થયો એકવાર (કે) એનો નિવેડો આવી ગયો. સો વખત સાંભળે તો એને કાંઈ ગોળી વાગે એવું કાંઈ નથી. એક વખત એની તૈયારી થાય તો ગમે ત્યારે એક વખતે બેડો પાર છે. અને નહીંતર યોગ અયોગ બરાબર છે. યોગ થયો જ નથી. અનંતવાર થયો છે એવો એકવાર વધારે થયો. એટલે નથી થયો એ બધું સરખું છે.

પ્રશ્ન :– અપસિદ્ધાંતોની સ્થાપના પાછળ સંસારની રુચિ ને રસ પડેલા છે ?

સમાધાન :– હા, સંસારની રુચિ ને રસ કરતાં પણ પોતાને મુખ્ય કરવાની વાત હોય છે. જ્યાં જ્યાં સત્‌માંથી કોઈ જુદું પડે છે, સત્યથી કોઈ જુદું પડે છે ત્યાં પોતાનું કારણ હોય છે. નહીંતર જ્યારે સંપ્રદાય જુદો થયો અને એ દશામાં તો એ લોકોને ત્યાગ-વૈરાગ્ય તો ઘણો હતો, બધા ત્યાગી હતા. આટલો પરિગ્રહ કપડાં-બપડાંનો એ વખતે હતો નહીં. એ તો વલકલ (પહેરતા), એ પણ જ્યારે નગરમાં આહાર કરવા જાય ત્યારે વીંટાળી દે, અર્ધફાલક. કોઈ ઝાડની છાલ વીંટાળીને જાય. પાછા જંગલમાં નગ્ન થઈને રહે, એવું કાંઈ નહીં કે પહેરે જ. પણ મૂળ વાત થઈ ગઈ જુદાં પડવાની એટલે સાચી વાતથી બીજી વાત ફેરફાર કરીને, કલ્પના કરીને લોકોનું આકર્ષણ થાય એવા બધા ઉપાય આપોઆપ એ જ પ્રકાર ચાલે કે લોકો કેવી રીતે આપણી બાજુ વળે ? લોકો કેવી રીતે આપણી બાજુ વળે ? એની પાછળ આ એક ધ્યેય થઈ જાય છે. એટલે પછી એને લગતી બધી પરંપરા ઊભી કરે. તમારે આમ છે, દશલક્ષણ પર્યુષણ તો અમારા એ પહેલાં આટલા પર્યુષણ. તમારે આમ તો અમારે આમ, તમારે આમ તો અમારે આમ. તમારી પહેલાં અમારે આવે વહેલું કામ થઈ જાય. ભાઈ ! એ રીતે કાંઈ આરાધન થતું નથી. સર્વજ્ઞની પરંપરા, વીતરાગ સર્વજ્ઞદેવ એ પરંપરાના (એનાથી વિપરીત) ચીલે ચાલવામાં એનો (જુદો) ચીલો

ચાતરવાની આજ્ઞા નથી. આજ્ઞા બહાર જવાથી તો કાંઈ લાભ થવાનો નથી.

પ્રશ્ન :– એ વખતે પણ જુદાં પડ્યા ત્યારે માનકષાય પોસાયો ?

સમાધાન :– માનને કારણે. પૈસા જોતા નહોતા. કારણ કે ઘરબારી તો હતા નહીં. એટલે કોઈ લોભનો પ્રશ્ન નહોતો. માનનો જ પ્રશ્ન (હતો). મનુષ્યમાં એ એક જ મુખ્ય વાત હોય છે. લોભ જતો કરવો સહેલો છે, માન જતું કરવું એટલું સહેલું નથી. (સમય થયો છે)...

મુક્તદશા પરમાનંદનું મંદિર છે. તે મંદિરમાં નિવાસ કરતા મુક્ત આત્માને અસંખ્ય પ્રદેશે અનંત આનંદ પરિણમે છે. આ મોક્ષરૂપ પરમાનંદમંદિરનો દરવાજો સામ્યભાવ છે. જ્ઞાયકભાવે પરિણમીને વિશેષ સ્થિરતા થવાથી સામ્યભાવ પ્રગટે છે. ૧૭૬.

તા. ૧૪-૮-૧૯૮૭, વચનામૃત–૧૭૬,૧૭૭
પ્રવચન નં. ૧૩૨

મુક્તદશાનો મહિમા કર્યો છે. દેવ મહિમા છે. સત્ દેવ–સાચાં દેવ કેવા હોય છે એનું સંક્ષેપમાં વર્ણન છે. આનંદગુણથી વાત કરી છે. '**મુક્તદશા પરમાનંદનું મંદિર છે.**' જુઓ ! કેવી ભાષા (આવી છે) ! પરમ આનઁદ ક્યાં રહે છે ? કે જ્યાં મુક્તદશા હોય છે ત્યાં પરમાનંદ ઉત્પન્ન થાય છે. જે દશાને પ્રતિબંધ હોય, જે દશામાં મલિનતા હોય અને જે દશામાં દુઃખ હોય એમાં આનંદ વ્યાપ્તો નથી, આનંદ ઉત્પન્ન થતો નથી. પ્રતિપક્ષ એ છે.

એક મુક્તદશા એવી છે કે એમાં માત્ર મુક્તપણું છે એટલું જ નહીં પણ ઉત્કૃષ્ટ આનંદની, આત્માના પરમ આનંદની એમાં ઉત્પત્તિ હોય છે એટલે મુક્તદશા સ્વયં પરમાનંદનું મંદિર છે. એમ લીધું છે. અરિહંત પરમાત્મા અને સિદ્ધ પરમાત્માને મુક્તદશા છે. એથી નીચેના ગુણસ્થાનમાં એટલે બાર ગુણસ્થાન પર્યંત સ્વભાવને પ્રતિબંધવાળી દશા છે. કેમકે બારમા ગુણસ્થાનમાં ચારિત્ર પ્રગટ્યું છે તોપણ જ્ઞાન છદ્મસ્થ અવસ્થાનું પૂર્ણ જ્ઞાનની અપેક્ષાએ અનંતમાં ભાગે છે. ભલે ગણધરદેવનું જ્ઞાન બાર અંગની રચનારૂપ હોય તોપણ જ્ઞાનશક્તિ જ્ઞાનનો વિકાસ એ અનંતમાં ભાગે છે, કેવળજ્ઞાનની

સરખામણીમાં. એ જ્ઞાનના પરિણમનમાં પૂર્ણ પરિણમનમાં એ પ્રતિબંધ છે. સ્વભાવનો પ્રતિબંધ છે ત્યાં મુક્તદશા નથી. અને જ્યાં સ્વભાવનો પ્રતિબંધ હોય ત્યાં આનંદ પણ પૂરેપૂરો હોઈ શકે નહીં. પૂરો આનંદ ક્યાં આવે ? કે જ્યાં દશામાં કોઈપણ પ્રકારનો પ્રતિબંધ ન હોય અને પરિપૂર્ણ–પૂર્ણ દશા હોય, સંપૂર્ણ વિકસિત દશા હોય ત્યાં પૂર્ણ આનંદ હોય છે.

**'મુક્તદશા પરમાનંદનું મંદિર છે. તે મંદિરમાં નિવાસ કરતા મુક્ત આત્માને અસંખ્ય પ્રદેશે અનંત આનંદ પરિણમે છે.'** હવે એ આનંદના ક્ષેત્રની વાત કરે છે કે એવા મુક્તદશાના પરમાનંદના મંદિરમાં નિવાસ કરતાં, બિરાજમાન રહેતા મુક્ત આત્માને ક્યાં આનંદ આવે છે ? કે સર્વ પ્રદેશે. અસંખ્ય પ્રદેશે એટલે આત્માના સર્વ પ્રદેશે. પ્રદેશે પ્રદેશે, એક એક પ્રદેશે અનંત આનંદનો અનુભવ છે, પ્રદેશ પ્રદેશથી અનંત આનંદનો અનુભવ છે. એ આનંદ વચનાતીત છે અને મનાતીત છે. વચનથી પણ પાર છે અને મનથી પણ પાર છે. જ્યાં વચનની ગતિ નથી, શક્તિ નથી, મનની ગતિ નથી, મનની કોઈ શક્તિ નથી એવું પરમાનંદનું પરિણમન મુક્તદશામાં સર્વ પ્રદેશેથી અનુભવગોચર થાય છે. નીચે ચોથા ગુણસ્થાને પણ સમ્યગ્દર્શનના કાળમાં પ્રથમ આત્માનંદનો અનુભવ થાય છે ત્યારે પણ અસંખ્ય પ્રદેશેથી જ અનુભવ થાય છે.

અન્ય મતમાં એ વિષયથી અજાણ હોવાથી કલ્પના કરેલી છે. માનસિક આનંદને એ આત્માનો આનંદ માને છે અને તે રીતે એ આનંદ મનમાં થાય છે. એટલે ક્યાં આનંદ થાય છે ? તો કહે, અહીંયાં આનંદ થાય છે–હૃદયમાં આનંદ થાય છે એમ કહે. શું એ લોકો કહે ? કે અમારા હૃદયમાં આનંદ ઊભરાય છે અથવા કોઈ ઉપયોગને શરીરના ઉપરના ભાગમાં ગણીને એમ કહે છે કે અહીંયાં ઉચ્ચસ્થાન છે, સર્વોત્કૃષ્ટ ઉચ્ચસ્થાન છે ત્યાં આનંદનો અનુભવ થાય છે. ઇ કલ્પના છે. વસ્તુતાએ આનંદ છે એ આત્માના ગુણનું પરિણમન હોવાથી, આનંદ શક્તિનું એ પરિણમન હોવાથી અને આનંદ શક્તિ પૂરા દ્રવ્યમાં વ્યાપેલી હોવાથી એની પ્રગટ અવસ્થા પણ સર્વ પ્રદેશમાં વ્યાપે છે. જો કે સર્વ ગુણની વિકારી કે અવિકારી અવસ્થા બધા જ પ્રદેશમાં વ્યાપે છે.

માણસને એમ લાગે છે કે હું આંખથી જોઉં છું એટલે મને આંખની જ્ગ્યાએ જ માત્ર જ્ઞાન થાય છે. એ ઉપયોગ ત્યાં લાગે છે અને ત્યાં એની એકાગ્રતા હોય

છે એટલે એને એવો આભાસ થાય છે. વસ્તુતાએ જ્ઞાનનું પરિણમન સર્વ પ્રદેશમાં થાય છે. જ્ઞાનનું પરિણમન સર્વ પ્રદેશમાં થાય છે. એવી જ રીતે વેદનાનું એક સ્થાન હોય ત્યાં જ વેદના થાય છે એમ નથી. વેદના થાય ત્યારે જે દુઃખ થાય છે એ અસંખ્ય પ્રદેશે આનંદ ગુણનું ઊલટું, વિપરીત, વિકારી પરિણમન દુઃખરૂપ થઈને પરિણમે છે. એ પણ સર્વ પ્રદેશે પરિણમે છે. પણ એ પ્રકારનું અવલોકન નથી એટલે એનો ખ્યાલ સુદ્ધાં આવતો નથી. વિચાર કરે, અવલોકન કરે તો સમજાય એવું છે. આગમથી, ન્યાયથી, તર્કથી, યુક્તિથી પણ સમજાય એવું છે કે જો આત્મામાં ગુણ સર્વ પ્રદેશે (વ્યાપ્ત છે), આત્મા એક અખંડ દ્રવ્ય હોવાને લીધે એનો ગુણ જો સર્વ પ્રદેશે વ્યાપેલો હોય તો એની અવસ્થા પણ સર્વ પ્રદેશે જ પરિણમે, એમાં કોઈ પ્રદેશ બાદ રહીને પરિણમે એમ બની શકે નહીં.

અહીંયાં એ વાત લીધી છે કે '**તે મંદિરમાં નિવાસ કરતા મુક્ત આત્માને અસંખ્ય પ્રદેશે અનંત આનંદ પરિણમે છે.**' પ્રદેશે પ્રદેશે, સર્વ પ્રદેશે અનંત અનંત પરમાનંદ પરિણમે છે એવા ભગવાન અરિહંતદેવ છે. આપણે અરિહંતદેવના પ્રતિમાજીને સ્થાપિત કરીએ છીએ ત્યાં અરિહંતદેવના પ્રતિમાજીને સ્થાપન કરીએ છીએ તો એ અનંત આનંદની મૂર્તિને સ્થાપન કરીએ છીએ. અનંત જ્ઞાન, અનંત આનંદ, અનંત વીર્યની મૂર્તિ છે અને જીવનની અંદર એવી જ દશા પ્રાપ્ત કરવાનો પોતાનો આદર્શ છે એટલે એ આદર્શને સ્થાપવામાં આવે છે.

પ્રશ્ન :- પ્રદેશ એટલે દરેક મુક્ત આત્માના પ્રદેશ સરખા જ ને ?

સમાધાન :- હા, અસંખ્ય પ્રદેશ સરખાં જ છે. દરેક જીવનો આકાર નાનો મોટો હોય કોઈ અરિહંત ભગવાનની કાયા પાંચસો ધનુષ્યની (હોય). જેમકે 'સીમંધર' પરમાત્મા અત્યારે બિરાજમાન છે એમની કાયા પાંચસો ધનુષ્યની છે. 'ઋષભદેવ' ભગવાનની કાયા પણ પાંચસો ધનુષ્યની હતી. છેલ્લે અંતિમ તીર્થાધિનાથ 'મહાવીર' પરમાત્મા થયા એમની કાયા સાત હાથની હતી. પહેલાં હાથનું માપ હતું ને ? સાત હાથની હતી. તોપણ પ્રદેશો સર્વના સરખાં. જીવને કીડી ને કંથવાનું શરીર હોય, કીડી કંથવા, તોપણ એને અસંખ્ય પ્રદેશ છે અને યોજનબંધ મોટું પ્રાણી હોય, જેનું યોજન જેવડું શરીર હોય. આ સ્વયંભૂરમણ સમુદ્રમાં ચાર ચાર યોજનના મોટા મગરમચ્છ હોય છે તો એટલા જ પ્રદેશો છે. પ્રદેશોનો સંકોચ-વિસ્તાર થાય છે પણ

એમાં વધઘટ થતી નથી. સંકોચ–વિસ્તાર થાય છે. એક પ્રદેશ બીજા પ્રદેશને અવગાહન આપે છે એટલે ત્યાં કદ નાનું દેખાય છે. કદ એટલે ક્ષેત્રફળ–Volume નાનું દેખાય છે, કોઈનું મોટું દેખાય છે પણ બધા જીવોના પ્રદેશ એકસરખા છે. આકાશના પ્રદેશથી અથવા એક પરમાણુના માપથી Unit રાખીને માપવામાં આવે તો કેટલા અસંખ્ય પ્રદેશ છે ? કે લોક પ્રમાણ. લોક પ્રમાણ. ચૌદ બ્રહ્માંડ ત્રણસો તેંતાલીસ ઘન રાજુ. જેટલા લોકના પ્રદેશો છે એટલા એક જીવના પ્રદેશો છે, ઓછા નથી, કોઈના ઓછા નથી. અને એવા અનંત જીવો એક લોકની અંદર હોવા છતાં, અનંત અનંત જીવો એક લોકની અંદર હોવા છતાં કોઈને ક્યાંય અથડામણ થતી નથી, ક્યાંય ગરદી થતી નથી, ક્યાંય તકલીફ પડતી નથી.

આ શરીર છે. શરીરની અંદર મુખ્ય જીવ એક (છે). જે આપણે ભાનથી વાત કરીએ છીએ કે હું જીવ છું. ફલાણો ફલાણો હું જીવ છું. તો આ શરીર મારું છે. આ શરીર ઉપર મારો સુવાંગ અધિકાર છે. કેવો ? એમ નથી. ભાઈ ! તારા સિવાય પણ અત્યારે આ શરીરમાં બીજા પાર વગરના જીવો રહેલાં છે. શ્લેષ્મના જીવો, લોહીના જીવો એ સિવાય અનેક પ્રકારના જીવો હોય જ છે. તો એ જીવો પણ અસંખ્ય પ્રદેશી છે. આ જીવ પણ અસંખ્ય પ્રદેશી છે અને એ પ્રત્યેક જીવો પણ અસંખ્ય પ્રદેશી. સરખાં જ પ્રદેશ છે, કદ નાના મોટા છે પણ પ્રદેશ એના સરખાં છે. કોઈ ક્ષેત્રથી પણ નાનો મોટો નથી, કોઈ ગુણથી પણ નાનો મોટો નથી. તેથી બધા જીવો સરખાં છે.

સરખો સ્વભાવ હોવાને લીધે સ્વભાવને ધર્મ કહે છે. 'દીપચંદજી' 'અનુભવ પ્રકાશ'માં બધાને સાધર્મી કહે છે. સરખો ધર્મ ધારણ કરવાવાળા બધાને સાધર્મી કહે છે. આ અજૈન છે માટે સાધર્મી નથી. આ તિર્યંચ ને નારકી છે માટે સાધર્મી નથી. આ હલકા કુળમાં ઢેઢ, ચમાર, ભંગીમાં જન્મ્યો છે માટે સાધર્મી નથી, એમ નથી. બધા જ સાધર્મી છે. એવી વિશાળ દૃષ્ટિ છે. જૈનદર્શનમાં એટલી વિશાળ દૃષ્ટિ છે કે એટલી વિશાળ દૃષ્ટિ જગતના કોઈ સાહિત્યમાં કે કોઈ સિદ્ધાંતમાં નથી. જગતના કોઈ સિદ્ધાંતમાં નથી. બહુ બહુ તો માનવધર્મ સુધી લોકો પહોંચે છે કે બધા મનુષ્યો મનુષ્ય જાતિના હોવાથી બધા સરખાં છે. કોઈને ઊંચ-નીચ ગણોમાં અને કોઈના પ્રત્યે દુઃખ થાય એવું વર્તન ને વલણ કરોમાં. બહુ બહુ તો એટલું કહેવામાં આવે. એટલે એક દેશ ને બીજા દેશ વચ્ચે ફાલતું લડાઈ કરોમાં અને દુઃખી થાવમાં. બધા

પ્રેમથી રહો.

અહીંયાં કહે છે કે એટલું ક્ષેત્ર નથી. બધા જ જીવો સરખાં છે અને કોઈપણ જીવોને કિંચિત્ માત્ર દુઃખનું કારણ પોતે બને એવું કોઈપણ સાધકજીવ અંતરથી ઇચ્છતા નથી. કોઈપણ સાધકજીવની એ વિષયની ભાવનાને વિચારમાં કે તપાસવામાં આવે તો એ સ્પષ્ટ છે કે કોઈ સાધકજીવ, જે આત્માને ઓળખે છે તેથી બધા આત્માને ઓળખે છે. પોતાના આત્માને ઓળખતા હોવાને લીધે સર્વ આત્માનું જેને જ્ઞાન થયું છે. એ કોઈપણ આત્માને પોતાના કારણથી કે પોતાના નિમિત્તથી, દુઃખ આપી શકાતું નથી પણ નિમિત્ત પડે છે એ નિમિત્તપણું પણ, નિમિત્તત્વ પણ સ્વભાવમાં નહીં હોવાને લીધે પોતાની કોઈ અવસ્થા-વિકૃત અવસ્થાથી પણ કોઈને દુઃખ ન થાવ એવી એની ભાવના હોય છે. એટલે બાહ્ય વ્યવહાર પણ જૈન પરંપરા જેવો ક્યાંય પણ જગતના કોઈ સંપ્રદાયમાં જોવામાં આવતો નથી. એ પણ સ્પષ્ટ છે કે એટલી સૂક્ષ્મ વિચારણા, બીજા જીવોને દુઃખ ન પહોંચે એવી સૂક્ષ્મમાં સૂક્ષ્મ વિચારણા ક્યાંય જૈનદર્શન સિવાય કોઈ જગ્યાએ કરવામાં આવતી નથી. એ પણ ખુલ્લી વાત છે એ તો.

પ્રશ્ન :- અહિંસા પરમો ધર્મ ?

સમાધાન :- નહીં. અહિંસા પરમો ધર્મ તો બીજો છે. પોતાની સ્વદયા પાળે છે એ પરમ ધર્મ છે. આ આત્મા અનંત કાળથી બહુ દુઃખી થયો અને દુઃખી થવાનું કારણ પણ પોતે જ (છે). પોતાના જ અપરાધને લઈને દુઃખી થયો એ જ્યારે પોતાને ખ્યાલમાં આવે છે, સમજમાં આવે છે ત્યારે એને પોતાની દયા આવે છે. અને પોતાને અનંત દુઃખમાંથી મુક્ત કરીને પરમાનંદમાં સ્થાપિત કરવા માટે એ જીવ મોક્ષમાર્ગમાં આરૂઢ થાય છે, તૈયાર થાય છે. ત્યારે ભગવાન પણ એને ભવ્ય કહીને સંબોધે છે. હે આત્મા ! ભવ્ય જીવ ! હવે તું અમારી નાતમાં ભળ્યો છો. ભલે વાણી કહે કે ન કહે પણ જ્ઞાનમાં આવી જાય છે કે હવે તું અમારી નાતમાં ભળ્યો. હવે તું સિદ્ધપદમાં આગળ જતાં બિરાજમાન થઈશ. ધન્ય છે તારા પુરુષાર્થને કે તેં દિશા બદલી, હવે તારી દશા બદલાયા વિના રહેશે નહીં. એમ જ્ઞાનમાં આવી જાય છે. 'લહી ભવ્યતા મોટું માન, કોણ ગણે ત્રિભુવન અપમાન' આખો લોક એનું અપમાન કરતો હોય તો ભગવાને એને માન આપી દીધું કે તું હવે છૂટી જઈશ, મુક્ત થઈ જઈશ, અમારા જેવો થઈ જઈશ એની પાસે મોટું માન ક્યુ જોઈએ ?

અહીં કહે છે કે, મુક્તદશાના પરમાનંદમાં નિવાસ કરતાં. ત્યાં જઈને નિવાસ કરે છે. અરિહંત ભગવાન આકાશમાં પાંચસો ધનુષ પૃથ્વીથી ઉપર નિવાસ કરે છે એમ નહીં અને સિદ્ધ પરમાત્મા સિદ્ધાલયમાં નિવાસ કરે છે એમ નહીં. એ તો બહારનું ક્ષેત્ર છે. નિમિત્તથી એ કથન છે. આકાશના અને લોકના ક્ષેત્રનું નિમિત્ત બતાવીને એમ કહેવાય છે. ઉપાદાનથી જોવામાં આવે તો પોતાના અનંત આનંદમાં, આનંદના મંદિરમાં ભગવાન બિરાજમાન છે. એમને અસંખ્ય પ્રદેશેથી સર્વ પ્રદેશેથી અનંત અનંત આનંદ પરિણમી રહ્યો છે; અનંત આનંદનો, પરમાનંદનો એ અનુભવ કરે છે. પૂર્ણ પરમાનંદનો અનુભવ કરતા હોવાને લીધે એમને કિંચિત્‌માત્ર કોઈપણ પદાર્થની ઇચ્છા થતી નથી.

મૂળમાં જે નિરિચ્છીક સ્વભાવ છે, જે સ્વભાવમાં ઇચ્છાનો સદંતર અભાવ છે એવું જે મૂળ આત્મસ્વરૂપ, આત્મસ્વભાવ એવી જ અવસ્થા પૂરેપૂરી પ્રગટ થઈ ગઈ છે. એમને ઇચ્છા હોય નહીં. ઇચ્છા હોય તેને પૂર્ણ દશા હોય નહીં. આમાં જેટલા કોઈ ઈશ્વરને, ભગવાનને, ભગવાનનું કોઈપણ સ્વરૂપ કલ્પીને કોઈપણ નામ આપીને ઇચ્છાવાળા કલ્પે છે એ બધાનો વગર કહ્યે નિષેધ આવી જાય છે. એમને પ્રદેશે પ્રદેશે અનંત આનંદની પરિતૃપ્તિ વર્તે છે, પૂર્ણ તૃપ્ત દશા વર્તે છે. ત્યાં પછી અતૃપ્તિને વશ ઉત્પન્ન થતી જે ઇચ્છા, ઇચ્છા શું બતાવે છે ? ઇચ્છા અતૃપ્તદશાને પ્રગટ કરે છે. એવી કોઈપણ ઇચ્છા ભગવાનને પરમાનંદ જેને પ્રગટ થયો છે એવા પરમાત્માને ક્યારે પણ એક અંશ માત્ર ઇચ્છા ઉત્પન્ન થતી નથી.

જુઓ ! એમના જ્ઞાનમાં સચરાચર ત્રણ લોકના પદાર્થો સર્વ ભૂતકાળ સહિત અને સર્વ ભવિષ્યકાળ સહિત પ્રતિબિંબિત થતા હોવા છતાં પણ એમને ક્યાંય ઇચ્છા થતી નથી. જગતમાં પદાર્થો અને જગતના જીવ, અજીવના ચિત્ર વિચિત્ર અનેક પરિણમન જ્ઞાનગોચર થવા છતાં એ સંબંધમાં કોઈ વિકલ્પ સુદ્ધાં થતો નથી. ઇચ્છા થવાનો પ્રશ્ન નથી, વિકલ્પ પણ થતો નથી. આમ છે. સર્વ પદાર્થોનું પૂરેપૂરું સ્વરૂપ જાણ્યું છે, એની પૂરેપૂરી સર્વ અવસ્થાઓનું જ્ઞાન એકસાથે વર્તે છે. એમને ક્યાંય એ બાજુ ઉપયોગ પણ લઈ જવાનો પ્રશ્ન પણ રહેતો નથી. વિકલ્પ થાય ને ઇચ્છા થાય એ તો વાત બહુ દૂરની છે, પણ ઉપયોગ પણ ફરતો નથી. ઉપયોગ ફરે એવી જગ્યા નથી. જેમ આકાશને હલવાની જગ્યા નથી. આકાશ ક્યાં હલે ? બીજે ક્યાંય

બાકી ખાલી જગ્યા હોય ત્યાં જરાક ખસે ને ? આકાશ એક દોરાવો ખસે ક્યાં ? કે દસે દિશાઓમાં આકાશ... આકાશ... આકાશ... આખું એક જ દ્રવ્ય વ્યાપેલું છે. ત્યાં પછી પાછળ કોઈ ખાલી જગ્યા નથી. અનંત... અનંત... અનંત ક્ષેત્રથી વ્યાપ્ત એક જ દ્રવ્ય અખંડ છે. ત્યાં એને હલવાનો પ્રશ્ન નથી. એમ પૂર્ણ ઉપયોગ થયો એને ફરવાનો પ્રશ્ન નથી.

નિરવશેષ અંતર્મુખ રહેતા રહેતા પણ જે ઉપયોગની સ્વચ્છતામાં અને શુદ્ધતામાં ત્રણકાળ ત્રણલોકનું પ્રતિબિંબ એક સમયમાં પડી જાય એ ઉપયોગને હલવાની કે ફરવાની ક્યાંય જગ્યા નથી. એવું કોઈ જ્ઞેય નથી કે જેને નથી જાણતો ને જાણવા માટે ઉપયોગ ફરે, એવું કોઈ જ્ઞેય નથી. તેથી એ ઉપયોગને ક્યાંય હરવા ફરવાની જગ્યા રહેતી નથી. પરિપૂર્ણપણે સ્થિર છે અને પરમાનંદનું ત્યાં ઉત્પન્ન થવું છે એ પરમાનંદની તૃપ્તિ વર્તે છે. પછી સાદી અનંતકાળ પર્યંત એમાંને એમાં બિરાજમાન રહે છે.

પ્રશ્ન :- ઇચ્છા ને વિકલ્પમાં શું ફેર ?

સમાધાન :- ઇચ્છા જરાક તીવ્રતા બતાવે છે, અપેક્ષા બતાવે છે. કોઈપણ અન્ય પદાર્થને વિશે તીવ્ર અપેક્ષા થતાં ઇચ્છા ઉત્પન્ન થાય છે અને વિકલ્પ છે એ વિચાર માત્ર છે. એમાં અપેક્ષા ન પણ હોય. વિચાર માત્ર છે. આ આમ છે ને આમ નથી. અથવા આમ કેમ નથી અથવા આમ કેમ છે એવો સામાન્ય વિકલ્પ ઊઠી શકે છે, એમ.

ખરેખર તો ઇચ્છાને શાસ્ત્રમાં મૂર્છા કહી છે. ઇચ્છાને મૂર્છા કહી છે અને મૂર્છાને ભગવાન પરિગ્રહ કહે છે. બાહ્ય પદાર્થના સંયોગને ભગવાને પરિગ્રહ નથી કહ્યો. એના ઉપર તો પરિગ્રહનો આરોપ આવ્યો છે, જેને જે બાહ્ય પદાર્થો ઉપર મૂર્છા છે તેને. મૂર્છા એટલે પોતાના બેભાનપણામાં... મૂર્છા એટલે શું ? કે પોતાના બેભાનપણામાં માત્ર પરપદાર્થનું સભાનપણું રહેવું કે મને આ બરાબર રહો, આ બધું મારું બરાબર સચવાઈ રહો, જળવાઈ રહો એની જે સાવધાની અથવા વૃદ્ધિગત થાવ. એવી જે પોતાને ભૂલીને અન્ય પદાર્થ વિશે સાવધાની (રહેવી) એને મૂર્છા કહે છે. અન્ય પદાર્થને વિશે જાગૃતિ (રહે) એને મૂર્છા કહે છે. કેમકે પોતાને ભૂલ્યો છે અને એ જ પરિગ્રહ છે. વસ્તુ પરિગ્રહ નથી. જો વસ્તુ પરિગ્રહ હોય તો અરિહંત ભગવાનને સમવસરણના દિવ્ય વૈભવનો સંયોગ થયો છે તો એ તો મોટા પરિગ્રહવાન ઠરે. પણ ભગવાન

તો વીતરાગ છે. એ કોઈની સામે જોતા નથી. જે સમવસરણને જોતાં સંસારના સાધારણ જીવો રોકાઈ જાય, આશ્ચર્યમાં ગરકાવ થઈ જાય, ભગવાન તો સામું જોતા નથી. સમવસરણમાં ગંધકુટીમાં સર્વથી ઉપર બિરાજમાન છે પણ સમવસરણની સામું જોતા નથી. સમવસરણનું પ્રતિબિંબ એમના જ્ઞાનમાં જરૂર અવશ્ય પડે છે. પણ પોતે તો પૂરેપૂરા અંતર્લીન જ રહે છે, જરા પણ એક અંશે પણ ઉપયોગ બહાર જતો નથી.

પ્રશ્ન :– ઇચ્છા અને વિકલ્પ હકીકતની જેમ છે કે..

સમાધાન :– વિકલ્પ છે એ રાગરૂપ છે. વિકલ્પ છે એ ચારિત્રગુણનો પર્યાય છે અને રાગરૂપ છે. જેમકે એક જિજ્ઞાસા થાય, કુતૂહલ થાય. કોઈ એમ પ્રશ્ન કરી શકે કે દેવોએ સમવસરણ કેવું બનાવ્યું છે એ જોવાનું ભગવાનને મન નહીં થતું હોય ? કે એમનું મન છે એ મરી ગયું છે. હવે મન જીવતું નથી. અરિહંત પરમાત્માને હજી મન, ઇન્દ્રિય છે અને સિદ્ધ પરમાત્માને તો દેહનો સંયોગ જ નથી, વિદેહી દશા છે. પણ અરિહંત પરમાત્માને પણ મન મરી ગયું છે, પહેલાં જ મરી ગયું છે. મન જીવતું નથી. એટલે કાંઈ મનમાં વિકલ્પ થવાનો પ્રશ્ન રહેતો નથી. ઇચ્છા નથી, વિકલ્પ નથી, કાંઈ નથી.

**'અસંખ્ય પ્રદેશે...'** આનંદ આનંદ **'અનંત આનંદ પરિણમે છે. આ મોક્ષરૂપ પરમાનંદમંદિરનો દરવાજો...'** આ મંદિરમાં ક્યાંથી દાખલ થવાય છે એમ હવે કહે છે. આ મોક્ષરૂપ જે પરમાનંદ મંદિર છે એ મંદિરનો **'દરવાજો સામ્યભાવ છે.'**

'પ્રવચનસાર'નો વિષય ચાલતો હશે, પહેલાં અધિકારમાં આ વિષય ચાલ્યો છે. એટલે એમાં અનુસંધાન લાગે છે. આચાર્ય ભગવાને મોક્ષના આનંદનો બહુ મહિમા કર્યો છે અને એ મોક્ષનો આનંદ ક્યાંથી ઉત્પન્ન થાય છે ? કે જ્યાં સામ્યભાવ ઉત્પન્ન થાય છે. સામ્યભાવ–ચારિત્રને, મુનિદશાના ચારિત્રને, મુનિદશા યોગ્ય સ્વરૂપ સ્થિરતાને સામ્યભાવ કહે છે. સામ્ય છે તે મોહ, ક્ષોભવિહીન આત્મપરિણામ છે. જેમાં મોહ અને ક્ષોભ – દર્શનમોહનો અભાવ છે અને જેમાં ક્ષોભ એટલે ખળભળાટ અસ્થિરતા ચારિત્રમોહનો જેમાં અભાવ છે એવા જે આત્માના વિષમભાવરહિત સમભાવરૂપ પરિણામ, એક સરખાં પરિણામ, જ્ઞાતાદૃષ્ટા(રૂપ પરિણામ છે). સોનું અને માટીના ઢેફાને એક સરખાં જ્ઞેય તરીકે જાણે છે. શત્રુ અને મિત્રને એક સરખાં જ્ઞેય તરીકે જાણે છે. જીવન અને મરણ – પ્રાણનો સદ્‌ભાવ અને પ્રાણનો અભાવ થવો એ બન્ને

પ્રસંગને જે એક સરખાં જાણે છે. ભવ અને મોક્ષની પર્યાય વચ્ચે પણ જેને સામ્યભાવ છે 'ભવ-મોક્ષે પણ શુદ્ધ વર્તે સમભાવ જો' એવા માત્ર જ્ઞાતા દૃષ્ટા પરિણમનમાં જે સ્થિર થયા છે એને ચારિત્રવંત મુનિરાજ કહેવામાં આવે છે અથવા મુનિ ભગવાન એને કહેવામાં આવે છે.

(એક વિદ્વાને) 'નિયમસાર'નો કળશ લઈને એ સારો અર્થ કર્યો હતો કે, મુનિરાજ 'પદ્મપ્રભમલધારીદેવ' પોતે એમ કહે છે કે જો મુનિરાજમાં અને અરિહંત દેવમાં, સિદ્ધ પરમાત્મામાં અમે ફેર માનીએ તો અમે ખરેખર જડબુદ્ધિ છીએ. કેવી વાત કરી છે ! પંડિત હોય કરણાનુયોગનો અભ્યાસ કર્યો હોય ઇ ગુણસ્થાનની લાકડી–ફૂટપટ્ટી હાથમાં લે કે મુનિરાજને તો છઠ્ઠું-સાતમું ગુણસ્થાન છે, ભગવાનને તેરમું-ચૌદમું ગુણસ્થાન છે અને એમાં ફેર માને તો જડ છે તો પછી આ કરણાનુયોગનું શું ? ભાઈ ! ઇ કરણાનુયોગનો અહીંયાં અધિકાર ચાલતો નથી. અહીંયાં જે સ્વભાવનો અધિકાર ચાલે છે–અધ્યાત્મનો અધિકાર ચાલે છે ત્યાં એ બધા સિદ્ધાંતોથી પર એવી કેટલીક વાતો ચાલે છે.

અધ્યાત્મના એવા અનેક સિદ્ધાંત છે, એક નથી, એવા અનેક સિદ્ધાંત છે કે જે દ્રવ્યાનુયોગ, કરણાનુયોગ, ચરણાનુયોગ અને કથાનુયોગ (એ) બધા ચારેય અનુયોગથી પાર કેટલીક વાત કરે છે. એની અપેક્ષા જ એને લાગુ ન પડાય. લાગુ પાડે તો એ સમજી શકે નહીં, લાગુ પાડે તો એ સમજી શકે નહીં. એવો અધ્યાત્મનો વિષય એવો ઉત્કૃષ્ટ વિષય છે. કહે છે કે મુનિમાં–મુનિરાજમાં અને અરિહંત, સિદ્ધ પરમાત્મામાં ફેર માનવો એ તો જડબુદ્ધિ છે. એવી આત્માની બુદ્ધિ નહીં, આત્મા એવી બુદ્ધિવાળો નથી એમ કહે છે.

એ દૃષ્ટાંત એમણે નીચે ઉતાર્યું પછી કે ચોથા ગુણસ્થાન કે પાંચમાં ગુણસ્થાનવર્તી સાધક હોય ને એના ને ભગવાનમાં ફેર માનવો એ પણ જડબુદ્ધિ છે. એની પાછળ હેતુ છે કે નિમિત્તત્વ એક સરખું રહ્યું છે. જે અરિહંત પરમાત્માથી જીવને બોધ મળે અને એનું ભવભ્રમણ મટી જાય, એ જ બોધ અહીંયાં નીચેના ગુણસ્થાનના કોઈપણ સાધકથી મળે છે. એટલે પોતાને તો નિમિત્તપણે જે રીતે ભગવાન નિમિત્ત પડે છે એ જ રીતે નિમિત્તપણે બીજા સાધકો નિમિત્ત પડે છે. મારું ભવભ્રમણ છૂટવામાં તો બન્ને તુલ્ય છે–સરખાં છે એવો હેતુ જોઈને એમાં ફેર પાડવાની એ ઇચ્છા કરતાં નથી.

એની અંદર આવી ગંભીર વાત છે.

મુમુક્ષુ :– Quality એક જ છેને એની અંદર.

પૂજ્ય ભાઈશ્રી :– જાતિ એક છે પણ જાતિ એક હોય પણ તારતમ્ય ભેદ તો ખરા ને ? કે તારતમ્ય ભેદ હોવા છતાં પણ... સાંભળવા જેવો વિષય છે, તારતમ્યભેદ હોવા છતાં પણ એનું નિમિત્તત્વ એકસરખું છે જરાપણ ઓછું વધારે નથી. એમ છે. બીજા જીવને ભવભ્રમણનો છેદ થવામાં એક સરખું નિમિત્ત છે. તો તું તારી અપેક્ષાએ વિચાર અથવા પોતે કરે છે એ અપેક્ષાએ વિચાર કરે તો એને શું ફેર પડ્યો ? કરોડપતિ એક લાખ આપે કે લખપતિ એક લાખ આપે, એક લાખ મળે છે એમાં શું ફેર પડે છે ? એમાં એક રૂપિયો ઓછોવત્તો થતો નથી.

સાધકજીવોનો પરમાત્મા તુલ્ય મહિમા કરવામાં આવે છે. પરમાત્મા તુલ્ય જે મહિમા કર્યો છે એનું કારણ એ છે. 'શ્રીમદ્જી'એ ૨૫મા વર્ષમાં ઇ પત્ર લીધો છે ને ? કે જ્યારે સત્પુરુષ જ્ઞાની મળે છે ત્યારે એના પ્રત્યે મુમુક્ષુ જ્ઞાની જીવને કેવી ભક્તિ જાગે છે ? કે કોઈ દિવ્યજ્ઞાનધારી પરમાત્મા મારા માટે દેહધારણ કરીને અહીંયાં આવ્યા છે. એમ એ પોતાને તરવાનું નિમિત્ત જોઈને કોઈ 'દિવ્યજ્ઞાનધારી પરમાત્મા' એમ શબ્દ લીધો છે. કેમકે પરમાત્મા તારે છે. એટલે તો સત્પુરુષને તીર્થ કહેવામાં આવે છે. બીજા જે તીર્થ છે એ તો, બહારમાં જે ક્ષેત્ર તીર્થ છે એ તો જડ છે. ચાહે 'સમ્મેદશિખર' હોય કે ચાહે 'ગીરનાર', 'શેત્રુંજય' હોય પણ એ તો પરમાણુનો ઢગલો છે–જથ્થો છે, જ્યારે જ્ઞાની છે; અત્યારે તો મુનિ અને અરિહંતો છે નહીં, તો એ જીવંત તીર્થ છે. 'તારે તે તીર્થ' – તરવામાં નિમિત્ત થાય તે તીર્થ. એમ છે. એ જીવંત તીર્થ કહેવાય છે. સામ્યભાવમાંથી એ વાત (કરી).

**'આ મોક્ષરૂપ પરમાનંદમંદિરનો દરવાજો સામ્યભાવ છે.'** સામ્યભાવરૂપ ચારિત્રદશા ઉત્પન્ન થયા વિના કોઈને સીધો મોક્ષ થાય એવું કદી બનતું નથી. એને ચારિત્ર થાય, થાય ને થાય. ચારિત્રદશા વચ્ચે આવ્યા વિના રહેતી નથી. ચારિત્રદશા એટલે મુનિદશા, મુનિદશા એટલે અંતર-બાહ્ય નિર્ગ્રંથદશા. એને મુનિદશા કહેવામાં આવે છે. એમાં અંતર-બાહ્ય નિર્ગ્રંથદશામાં ક્યાંય બીજો ફેરફાર ચાલે એવું નથી. જેમ દેવના સ્વરૂપમાં અંતર-બાહ્ય ફેરફાર એ પોસાણની ચીજ નથી, એમ મુનિદશામાં દેવ, ગુરુ, દેવ પછી ગુરુનું સ્થાન છે એ નિર્ગ્રંથગુરુ(ની) અંતર-બાહ્ય જેવી દશા હોય એવી વીતરાગદશામાં કાંઈ

ફેરફાર પોસાય એવું નથી. જરાક ફેરફાર માને એટલે એ જીવ માર્ગના બદલે ઉન્માર્ગમાં આવે છે. જરાક એમાં ફેર કલ્પે, સ્વીકારે એટલે માર્ગને બદલે ઉન્માર્ગમાં આવે છે. ફેરફાર સ્વીકાર્ય નથી, નિષેધવાળાનો તો પત્તો જ લાગે એવું નથી. ફેરફાર સ્વીકાર્ય નથી. ફેરફાર કરીને અરિહંત માનો, ફેરફાર કરીને જૈન સાધુ માનો એ ચાલે એવું નથી. ઉન્માર્ગમાં જાય. નિષેધ સીધો કરે કે આ ન જોઈએ ઇ તો પ્રશ્ન જ નથી, એનો તો કોઈ Class છે નહીં. એ છેલ્લા Class માં છે એના પછી કોઈ Class નથી.

પ્રશ્ન :– એ રીતે જિનવાણીમાં થોડો ફેરફાર હોય તો ?

સમાધાન :– એ પણ ઉન્માર્ગમાં જાય છે. ત્યાં તો ઇ તો ચોખ્ખી વાત આવે છે, જિનવાણીમાં જ એ વાત આવે છે કે ભગવાને જે સિદ્ધાંતો કહ્યાં, જે વસ્તુનું સ્વરૂપ કહ્યું, જે માર્ગનું સ્વરૂપ કહ્યું એમાં કિંચિત્ માત્ર ફેર કરે.. 'ગુરુદેવ' તો એમ કહેતા ને 'સમયસાર'ની અંદર પ્રવચનો ચાલતા (ત્યારે કહેતા), આમાં એક અક્ષર એક માત્રાનો હેરફેર ચાલે એવું નથી. એક માત્રાનો ફેર કરે એટલે તત્ત્વનું ખૂન થાય છે એમ કહે. ઇજા પહોંચે છે એમ નહીં, તત્ત્વનું ખૂન થઈ જાય છે. આખું તત્ત્વ ઊલટું થઈ જાય છે. એ પણ ઉન્માર્ગમાં જાય છે.

**'આ મોક્ષરૂપ પરમાનંદમંદિરનો દરવાજો સામ્યભાવ છે.'** જ્ઞાતા-દૃષ્ટારૂપ વીતરાગભાવ છે અને અહીંયાં એ ચારિત્રનો અધિકાર ચાલે છે એટલે મુનિદશાની વાત છે. મુનિદશા પૂર્વભૂમિકામાં આવે છે અને પછી જ એને મોક્ષદશા પરમાનંદની દશા પ્રગટ થાય છે.

**'જ્ઞાયકભાવે પરિણમીને વિશેષ સ્થિરતા થવાથી...'** આ મુનિદશાની વાત લેવી છેને એટલે પ્રથમ સમ્યગ્દર્શનના કાળે જ્ઞાયકભાવે પરિણમીને પછી વિશેષ સ્વરૂપ સ્થિરતા–ચારિત્રની સ્થિરતા વિશેષ થવાથી સામ્યભાવ પ્રગટે છે. એને સમ્યગ્દર્શન ઉપરાંત વીતરાગભાવની વધારે સ્થિરદશા (પ્રગટે) એને સામ્યભાવ કહેવામાં આવે છે. અને એ સામ્યભાવ સ્વયં એવો ભાવ છે કે જેના સદ્ભાવમાં એને બીજા કોઈ પંચ મહાવ્રત, સમિતિ, ગુપ્તિ અને દેવ, ગુરુ, શાસ્ત્ર સિવાયના વિકલ્પો એને પોસાતા નથી. બીજા વિકલ્પો પોસાતા નથી એને ઉત્પન્ન પણ થતાં નથી. એમ વાત છે. કોઈ એમ કહે કે પણ આટલી વસ્તુ હોય એમાં વસ્તુ ક્યાં નડે છે ? પણ વસ્તુનો વિકલ્પ છે કે નહીં ? આ સવાલ છે. એટલે એક વિવાદ છે કે વસ્ત્ર સહિત મુનિપણું, વસ્ત્ર

રહિત મુનિપણું. તો આત્માને પરદ્રવ્ય હોવાથી વસ્ત્ર નુકસાન કરતું નથી. પરદ્રવ્ય નુકસાન નથી કરતું પણ પરદ્રવ્ય પ્રત્યેનો ગ્રહણ કરવાનો જે વિકલ્પ છે, જે વિકલ્પની સાથે શરીરની શાતા અશાતાને સંબંધ છે અને જેને લઈને શરીરની શાતા અશાતાનો વિકલ્પ થાય છે એ મુનિદશામાં હોતો નથી.

મુનિ શરીરની શાતા અશાતાના વિકલ્પમાં રહેતા નથી, આવતા નથી. શાતા અશાતા થાય છે ખરી. રોગ આવે, અનેક પ્રકારના પ્રાણીકૃત, મનુષ્યકૃત ઉપદ્રવ થાય એને ઉપસર્ગ કહે છે; અને પરિષહ કુદરતી ઠંડી, ગરમી, વરસાદ અને રોગાદિનો ઉપદ્રવ થાય, પરિષહ પડે, ક્ષુધા, તૃષાનો પરિષહ પડે તોપણ મુનિ શાતા અશાતાની મુખ્યતાએ કોઈ પ્રવૃત્તિ એના વિકલ્પમાં આવીને કરતાં નથી. પોતે કરતાં નથી, બીજાની પાસે કરાવતા નથી, કોઈ કરે એનું અનુમોદન પણ કરતાં નથી. આમ છે.

'ગુરુદેવશ્રી' બહુ સરસ વર્ણન કરતાં કે મોઢા સામે કોળિયો આવે ઇ કોને ન ગમે ? એમ કહે. મોઢા સામે કોળિયો આવે એ કોને ન ગમે ? તો કે એક વીતરાગી વીતરાગભાવ એવો છે (કે,) મોઢા સામે કોળિયો આવે, ન આવે એની સાથે કાંઈ લેવા દેવા નથી. એવી અંદરના આનંદની મસ્તી છે. એમ હોવાનું કારણ છે કે અંદર એટલો પ્રચુર આનંદ વર્તે છે અને આત્માનું પ્રચુર સ્વસંવેદન વર્તે છે કે એમાંથી બહાર નીકળીને શાતા અશાતાની ઉપાધિ કરવાના પરિણામ એમને ઉત્પન્ન જ ન થાય. એ પરિણામમાં એટલી ઉપાધિ કરી જ શકે નહીં.

જેમ આર્ય મનુષ્યને કોઈ એમ કહે કે તું ફલાણાનું ખૂન કર. આલે તને પિસ્તોલ આપીએ, છરો આપીએ. ભાઈસાહેબ મારું કામ નહીં. કેમકે મારા પરિણામ નહીં ચાલે. શું કહે એ ? મારા પરિણામ ચાલશે નહીં, કામ નહીં કરે. મારા પરિણામ એવી રીતે કામ નહીં કરી શકે. એમ મુનિરાજ એમ કહે છે કે મારા પરિણામ કોઈ પરપદાર્થની પ્રવૃત્તિમાં ને શાતા અશાતાની પ્રવૃત્તિમાં કામ જ કરી શકતા નથી ને. કામ નથી કરી શકતા. એટલે તીવ્ર કષાયમાં (આવતા નથી). ત્રણ કષાયનો અભાવ થયો હોવાને લીધે એ પરિણામ એટલી મર્યાદામાં આવીને કામ કરે એ બનતું નથી.

એ ત્રણ કષાયના અભાવને જેઓ સમજે છે એ બરાબર આ વિષય સમજે છે અને ત્રણ કષાયના અભાવને ન સમજે એને એ તર્ક થાય છે, પ્રશ્ન થાય છે કે આટલી પ્રવૃત્તિ થાય એમાં શું વાંધો ? આટલું કરે એમાં શું વાંધો ? આટલું કરે

એમાં શું વાંધો ? એ બની શકતું નથી. એમાં શું ? મકાનમાં રહે એમાં શું વાંધો ? ગામમાં આવે ને કોઈ મકાનમાં રહે તો એમાં શું વાંધો ? એ પ્રશ્ન જ નથી. એ ગામમાં રહે નહીં, મકાનમાં રહે નહીં. આહાર પૂરતા આવ્યા હોય તોપણ આહાર કરીને પાછા જંગલમાં વળી જાય છે.

ચક્રવર્તી હોય ને મુનિ થાય તો પછી એને તો પોતાના મોટા પાંચ-પચીસ માઈલના બગીચા હોય છે. સેંકડો માઈલના બગીચા મોટા ઉપવન હોય છે એની રાજધાનીની આજુબાજુમાં મોટા મોટા બગીચાઓ ઉપસાવ્યા હોય છે, બનાવડાવ્યા હોય છે. ત્યાં એકાદી સારી એવી Latest ઝૂંપડી બનાવીને એકલા એકાંતમાં રહે. જ્યાં બીજી કાંઈ તકલીફ ન પડે બધી સુવિધા હોય. એ કોઈપણ વ્યવસ્થા મુનિને સ્વીકાર્ય હોતી નથી, એટલો કષાય નથી એમ કહેવું છે. એટલી સગવડતા ને અગવડતામાં આવવાના વિકલ્પનો ત્યાં સદ્ભાવ નથી, એવો વિકલ્પ ઉત્પન્ન થતો નથી, એવો વિકલ્પ થવાનો કષાય નથી એમ છે. એવો વીતરાગભાવ–નિષ્કષાય વીતરાગભાવને અહીંયાં સામ્યભાવ કહેવામાં આવે છે. આ સામ્યભાવ છે.

મુમુક્ષુ :– પોતાનું થૂંક પણ નથી લગાડતા.

પૂજ્ય ભાઈશ્રી :– કાંઈ નહીં ને. રોગ થાય તોપણ લબ્ધિ પ્રગટી હોય તો એને કેટલાક મુનિને ખ્યાલ પણ ન હોય કે આ રોગ મટાડવાની લબ્ધિ પોતાને ને પોતાને છે. વિકલ્પ પણ ન કરવો પડે, શ્વાસોચ્છ્‌વાસ માત્રથી દૂર થઈ જાય. એમને એ વિકલ્પ સુદ્ધાં આવતો નથી અને આવે તો એ કષાય છે. શું છે ? એ કષાય છે એમાં ત્રણ કષાયનો અભાવ રહેતો નથી. સંજ્વલનકષાયના મંદ ઉદયમાં પરિણમે છે. એમને એટલો તીવ્ર કષાય આવતો નથી. અને એથી એ દુઃખી નથી પણ એ સુખી છે ખરેખર તો. શાંતિના ફુવારા અસંખ્ય પ્રદેશેથી ઉત્પન્ન થાય છે, મુનિરાજ એમાં સ્નાન કરે છે. શાંતિના ફુવારામાં પ્રદેશે પ્રદેશેથી શાંતિના ફુવારા છૂટે છે અને એમાં એ સ્નાન કરે છે. એમાં એને ક્યાંય દુઃખની વાત છે નહીં.

પ્રશ્ન :– મુનિરાજને લબ્ધિનો ખ્યાલ છે ?

પૂજ્ય ભાઈશ્રી :– ન પણ હોય ને હોય, બન્ને હોય. બન્ને બને. કોઈ મુનિને ખ્યાલ આવે, કોઈ મુનિને એવો ખ્યાલ નથી પણ આવતો અને પોતાની સાધનામાં જ આગળ વધ્યે જાય છે. ન પણ ખ્યાલ આવે. ખ્યાલ હોય તો એનો ઉપયોગ ન

કરે. ન ખ્યાલ હોય તો ઉપયોગ કરવાનો પ્રશ્ન રહેતો નથી. પણ ખ્યાલ હોય તો એ ઉપયોગ કરે નહીં. ઉપયોગ કરવાની વૃત્તિ થાય એટલે મુનિપણાનો નાશ થાય.

જેમકે 'વિષ્ણુકુમાર' મુનિ. બીજા મુનિઓએ કહ્યું કે મુનિરાજ આપની પાસે આ લબ્ધિ છે અને આ બધા મુનિઓનો ઉપસર્ગ ટાળો, નહીંતર આ સાતસો મુનિઓનો કચ્ચરઘાણ નીકળી જશે. એમને વિકલ્પ ઊઠ્યો. વાત તો સાચી જ છે. બધા મુનિ બચી જતા હોય તો લાવ મારી લબ્ધિનો ઉપયોગ કરું. ગઈ મુનિદશા.

મુમુક્ષુ :– ફરી પાછી લઈ લીધી.

પૂજ્ય ભાઈશ્રી :– ઇ તો લઈ જ લે. એમાં તો પ્રશ્ન નથી કાંઈ. પણ ઇ વખતે તો ગઈ. એ વખતે મુનિદશાનો નાશ થાય છે. કેમકે મુનિને એ પ્રવૃત્તિ યોગ્ય નથી છતાં પ્રવૃત્તિ થાય, વિકલ્પ થાય (એટલે) મુનિદશાથી ચ્યુત થાય, સમ્યગ્દર્શનથી ચ્યુત ન થાય. એટલે વળી પાછા એ મહાત્મા એ છઠ્ઠા-સાતમાં ગુણસ્થાનનું પગથિયું નીચે ઊતરી ગયું (અને) ચોથા ગુણસ્થાને આવે છે, વળી પાછા પુરુષાર્થ માંડીને છઠ્ઠે-સાતમે ગુણસ્થાને આરૂઢ થાય છે.

પ્રશ્ન :– સમ્યગ્દર્શન વમી ન જાય ?

સમાધાન :– સમ્યગ્દર્શન ન વમે, સમ્યગ્દર્શન ન વમે. સમ્યગ્દર્શનના વમવાનો પ્રશ્ન નથી. ત્યાં ચારિત્રથી ચ્યુત થાય છે પણ શ્રદ્ધાથી ચ્યુત થતાં નથી. કેમકે શ્રદ્ધાથી ચ્યુત થવાનું કોઈ કારણ નથી. ઇ તો ધર્મની રક્ષા કરવાનો વિકલ્પ છે, ધર્મથી વિરુદ્ધ જાય તો અશ્રદ્ધા થાય. દેવ, ગુરુ, શાસ્ત્ર-કોઈ રીતે એની વિરુદ્ધ જાય તો શ્રદ્ધા છૂટે કે એમાં ફેરફાર કરે તો શ્રદ્ધા છૂટે. પણ અહીંયાં તો રક્ષાનો ભાવ છે, મુનિઓની રક્ષા કરવી છે એટલે એને કાંઈ શ્રદ્ધા છૂટવાનો પ્રશ્ન રહેતો નથી.

પ્રશ્ન :– બચાવાનો ભાવ છે ઇ વખતે એને એવો ખ્યાલ હશે ને કે આ મારા નિમિત્તે બચી જવાની યોગ્યતાવાળા છે.

સમાધાન :– એટલે પોતાને શું છે કે એને બચવાનું તો એ પ્રકારના આયુષ્ય બધાના હોય છે. આ પ્રસંગ પણ બનવાનો હોય છે આમનો વિકલ્પ નિમિત્ત થાય છે. એ સમજે છે, સમ્યગ્દર્શન છે એટલે સમજે છે કે આ તો વિકલ્પ માત્ર છે પણ એવો કોઈ યોગાનુયોગ જે પુણ્યનો યોગ છે, લબ્ધિ એટલે પુણ્યનો યોગ છે કે વિકલ્પ આવતા જ આ બધાનું રક્ષણ થઈ જશે. પણ હું કરી શકું છું અને મેં કર્યું એ વાત

તો એને ત્યાં સમ્યગ્દર્શનના સદ્ભાવને લઈને હોતી નથી. સમ્યક્જ્ઞાન હોય છે એટલે એવું કોઈ જ્ઞાન વિપરીત થતું નથી, શ્રદ્ધા વિપરીત થતી નથી. જાણે છે કે ચારિત્રમાં વિપરીતતા થઈ એટલી અને એ કર્તવ્ય નહોતી પણ છતાં મારાથી રહેવાયું નહીં. એ દશાથી મારામાં વીતરાગતામાં રહી શકાયું નહીં એટલે અસ્થિરતા આવી, અસ્થિરતા આવીને વિકલ્પ થયો, વિકલ્પ થયો ને બહારમાં જે બનવાનું હતું એ પુણ્ય અનુસાર બન્યું. સૌ સૌના પુણ્ય અનુસાર ને સૌના આયુષ્ય અનુસાર બન્યું છે. એમાં હું કાંઈ કર્તા હર્તા નથી. મેં બચાવ્યા એ વાત ત્યાં છે નહીં. અહીં તો થોડુંક કરે ત્યાં એને એમ થઈ જાય કે હું કરું છું, હું કરું છું, હું કરું છું એમ થઈ જાય. એવું નથી.

પ્રશ્ન :– સાતસો મુનિની ઉપેક્ષા કરે તો દોષ ન લાગે ?

સમાધાન :– ઉપેક્ષા કરીને બીજા રાગમાં રહે તો દોષ લાગે. દોષ રાગનો લાગે છે, વીતરાગતાનો દોષ લાગતો નથી. ઇ બીજા સાતસો મુનિઓમાં ઘણાં લબ્ધિધારી હશે. પણ એ કોઈને દોષ નથી લાગતો. કેમકે એ પોતાના આનંદમાં ને પોતાની વીતરાગતામાં બિરાજમાન રહે છે તો એ સાતસોમાંથી કોઈને દોષ નથી લાગતો. અને આને વિકલ્પ ઊઠે છે ઇ દોષ લાગે છે. ઇ કાંઈ ગુણ છે એમ નથી કહેવું એ પણ અવગુણ છે, દોષ છે, એમ છે.

મુમુક્ષુ :– છઠ્ઠા-સાતમા ગુણસ્થાને ચ્યુત થવાની યોગ્યતા ઊભેલી છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, આ કાળની અંદર તો છઠ્ઠા–સાતમામાંથી કોઈ આગળ જતું જ નથી. એટલે ચ્યુત થઈને આયુષ્ય પૂર્ણ થાય ત્યારે ચતુર્થ ગુણસ્થાને દેવલોકમાં જાય છે. ત્યાં ચોથું ગુણસ્થાન હોય છે, ત્યાં તો પાંચમું પણ હોતું નથી. પણ એ બધું ગૌણ છે. જેઓ સાધકદશામાં પ્રવેશ કરીને અસંખ્ય સમયમાં સિદ્ધ થવાના છે એને વચ્ચે પરિણામની અંદર આવું થોડુંક ઉપર-નીચે જાવાનું થાય અને એને લઈને થોડો સમય લાગે, કોઈ એક-બે ભવ લાગે તો એ કોઈ ગણતરીનો વિષય નથી, એ કોઈ ગણતરીનો વિષય નથી. ખરેખર એની કોઈ મુખ્યતા હોઈ શકે નહીં. જાણવાનો વિષય છે.

(અહીંયાં) શું કહે છે ? કે પરમાનંદ મંદિરના પ્રવેશ દ્વારરૂપ જે સામ્યભાવ છે ચારિત્રદશા છે એ પ્રગટે છે અને પછી પરમાનંદની દશા પ્રગટ થાય છે. એમ લેવું છે. દરવાજો કહીને પછી પ્રગટ થાય છે એ પૂર્વક્રમનો અવિનાભાવી સંબંધ છે. એમ

ને એમ સીધી કોઈને પરમાનંદ અને મુક્તિની દશા પ્રગટ થતી નથી.

ઘણા (લોકો) પ્રશ્ન પૂછે છે કે અન્યમતમાં કેમ મુક્તિ ન થાય ? કે અન્યમતમાં આવું ચારિત્ર – અંતર-બાહ્ય ચારિત્ર જ ક્યાંય જોવામાં આવતું નથી. તો જેની પાસે આગળની-નીચેની દશા નથી એને એથી ઉપરની દશા ક્યાંથી આવી જાય ? એ આવવાનો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. ૧૭૬ (પૂરો) થયો.

મુમુક્ષુ :– 'સોનગઢ'ને મોક્ષનો દરવાજો કહે છે એ ઉપચારથી કહેતા હશે ને ?

પૂજ્ય ભાઈશ્રી :– જ્યાં ધર્માત્માના દુષ્કાળના કાળમાં ત્યાં સુકાળ છે એટલે એમ કહેવામાં આવે છે. અત્યારે ક્યાંય ધર્માત્મા જોવામાં આવતા નથી. જે વિશ્વમાં આપણે આવાગમન કરી શકીએ એવી લગભગ છ અબજની વસ્તી છે. છસ્સો કરોડ થયા ને ? એક સો કરોડ એટલે એક અબજ થયા ને ? લગભગ છસ્સો કરોડ આસપાસના સંખ્યાના મનુષ્યોમાં આંગળીને વેઢે ગણાય એમ એકાદ ધર્માત્મા હોય. જાણ્યે અજાણ્યે કોઈ બીજા હોય તો, જાણ્યે અજાણ્યે અપવાદ ખાતર લેવાય છે. એ તો દુષ્કાળ જ કહેવાય ને ! એટલે એને મોક્ષનો દરવાજો કહેવામાં આવે છે. ત્યાં પામવાનું કારણ છે. કદાચ કોઈ મુમુક્ષુજીવ પાત્ર થઈને સમાગમ કરે તો એને બીજજ્ઞાન મળતા એ બીજમાંથી વડલો થાય–મુક્તિ થાય. એટલું નિમિત્તત્વ જોઈને કહેવામાં આવે છે.

પ્રશ્ન :– બીજજ્ઞાન એટલે ?

સમાધાન :– બીજજ્ઞાન એટલે સ્વરૂપનું બીજ રોપાઈ જાય. જે જ્ઞાનથી સ્વભાવનું બીજ રોપાઈ જાય એવું જ્ઞાન થાય. એને બીજજ્ઞાન કહે છે. પછી એને અંતર પ્રયત્નથી અનુભવ થઈ જાય છે.

**ચૈતન્યની સ્વાનુભૂતિરૂપ ખીલેલા નંદનવનમાં સાધક આત્મા આનંદમય વિહાર કરે છે. બહાર આવતાં ક્યાંય રસ લાગતો નથી. ૧૭૭.**

૧૭૭. જ્ઞાનદશાનું વર્ણન છે, જે ૧૭૫ માં આવી ગયું એ વિષય વારંવાર ફરીને પ્રવચનમાં આવતો હશે એટલે તરત આવે છે. **'ચૈતન્યની સ્વાનુભૂતિરૂપ ખીલેલા નંદનવનમાં સાધક આત્મા આનંદમય વિહાર કરે છે.'** આ સાધક આત્મા ક્યાં વિહાર કરે છે ? બહારમાં ક્યાંય વિહાર કરતા નથી. 'ગુરુદેવ'નો વિહાર થયો. અહીંથી અહીંયાં ગયા, અહીંથી અહીંયાં ગયા. એ તો સ્વાનુભૂતિના આનંદમય નંદનવનમાં વિહાર કરે છે. મુક્તિ–મુક્તદશાનો વિજયધ્વજ લહેરાવતા લહેરાવતા આવે છે ને ? 'દ્રવ્યદૃષ્ટિપ્રકાશ'માં. મુક્તિદૂત છે. 'ગુરુદેવ'ને મુક્તિદૂતનું નામ આપ્યું. મુક્તદશાનો વિજયનો ધ્વજ લહેરાવતા લહેરાવતા મોક્ષ પ્રત્યે આગળ વધી રહ્યા છે. મુક્તદશા પ્રત્યે આગળ વધી રહ્યા છે, સ્વાનુભવમાં આગળ વધી રહ્યા છે. કેવી દૃષ્ટિથી જોવે છે ! જોવા જોવાની દૃષ્ટિ દરેકની પોતાની યોગ્યતા અનુસાર હોય છે.

અહીંયાં સાધકજીવને આ દૃષ્ટિએ જોવે છે કે ચૈતન્યની સ્વાનુભૂતિરૂપ નંદનવન ખીલી ઊઠ્યું છે. એ સ્વાનુભૂતિમાં અનંત ગુણના પત્ર, પુષ્પ, ફળ વગેરે ખીલી ઊઠ્યા છે. દિવ્યગુણો ખીલી ઊઠ્યા છે અને એમાં આનંદની મુખ્યતા છે. સાધક આત્મા આનંદમય, આનંદવિભોર થઈને એમાં વિહાર કરે છે. એને પછી જગતની કોઈ તમા રહેતી નથી. દુનિયામાં યોગ્યતા અનુસાર જેમ જેને ઠીક પડે એમ કરે, પોતે પોતાના આનંદમાં બિરાજમાન રહે છે. કાંઈ કોઈની ચિંતા કે ઉપાધિ કરવાની એમને જરૂર હોતી નથી. આમ છે. ભાઈ ફલાણાં માણસ આમ વિરોધ કરે છે ને ! ઇ એનામાં. મારે કાંઈ લેવા દેવા નથી. તો કહે, આ ભક્તિ તમારી કરે છે ને ! તો કહે છે, ઇ એનામાં. મારે કાંઈ લેવા દેવા નથી. એમ છે.

એ તો ચૈતન્યનું સ્વાનુભૂતિનું નંદનવન અંદરમાં ખીલી ગયું છે અને એની અંદર એ આનંદની મસ્તીમાં મોજ કરે છે, વિહાર કરે છે. ત્યાંથી એમને બહાર જોવું ગમતું નથી. **'બહાર આવતાં...'** હજી સિદ્ધ દશા નથી કાંઈ, અરિંહત દશા નથી એટલે બહાર થોડા પરિણામ આવે છે પણ એ બહાર આવે છે એમાં **'ક્યાંય રસ લાગતો નથી.'** એમને નીરસ દશા છે. ઉદાસીનભાવ છે, ઉપેક્ષાભાવ છે, ક્યાંય રસ લેવાનું મન થતું નથી. એવી દશામાં સાધક છે. એ પરિણમન કરે છે એના પરિણમનને વિહાર કહેવામાં આવે છે. વિહાર એટલે ચાલવું. પરિણમને પણ ચાલ કહેવામાં આવે છે. એ પોતે પોતામાં અંતર બાહ્ય, ઉપરમાં એમ લીધું, ઉપર ૧૭૪ માં અસ્તિથી લીધું

છે, જેને ચૈતન્યઘર મળી ગયું છે તેને ઉપયોગ બહાર જાય ત્યારે પણ શાંતિ રહે છે. કેમકે એટલી અશાંતિ થતી નથી. બીજાને બહારના વિષયમાં રસ લઈને જે અશાંતિ ઉત્પન્ન થાય એવો રસ એમને આવતો નથી, એ નાસ્તિથી વાત છે. એવો રસ આવતો નથી એટલે એમને અશાંતિ થતી નથી; ઊલટાની એમને અંદરની શાંતિની ધારા તો ચાલુ હોય છે, એ ધારાનો કાંઈ નાશ થતો નથી માટે શાંતિ જ રહે છે એમ ગણવામાં આવે છે. અલ્પ અશાંતિને ગણવામાં આવતી નથી. એ રીતે બન્ને વાત એક જ છે પણ અસ્તિ-નાસ્તિથી લીધી છે. ૧૭૪માં અસ્તિ લીધી છે, અહીંયાં નાસ્તિથી વાત લીધી છે. '**બહાર આવતાં** એમને **ક્યાંય રસ લાગતો નથી.**' કાલે જે 'શ્રીમદ્જી'ની વાત કરી હતી કે પ્રશ્નના ઉત્તર દેવામાં પણ અમને પત્ર લખવાની પ્રવૃત્તિ થતી નથી. દિવસોના દિવસો નીકળી જાય છે પણ અંદરના સ્વાનુભૂતિના બાગમાં જે વિહાર કરે છે એને બહારમાં આવવું ગમતું નથી. એવી મસ્ત દશા હોય છે.

પ્રશ્ન :– રસ ઉપર આધાર છે ને શાંતિ અશાંતિનો ? રસ ક્યાં છે એની ઉપર શાંતિ-અશાંતિનો આધાર છે ને ?

સમાધાન :– હા, રસ બહારમાં નથી. રસ પોતામાં છે. પોતાના અનુભવરસમાં, અનંત ગુણના રસમાં મસ્ત થઈને પડેલા છે, એને બહારની કડાકૂટમાં ફાવતું નથી.

(અહીં સુધી રાખીએ).

**પહેલાં ધ્યાન સાચું હોતું નથી. પહેલા જ્ઞાન સાચું થાય છે કે – આ શરીર, વર્ણ, ગંધ, રસ, સ્પર્શ આદિ બધાંથી જુદો હું છું; અંદરમાં વિભાવ થાય તે હું નથી; ઊંચામાં ઊંચા શુભભાવ તે હું નથી; બધાંથી જુદો હું જ્ઞાયક છું. ૧૭૮.**

**તા. ૧૫-૮-૧૯૮૭, વચનામૃત–૧૭૮**
**પ્રવચન નં. ૧૩૩**

૧૭૮. ભેદજ્ઞાનના વિષયમાં સ્પષ્ટીકરણ છે. '**પહેલાં ધ્યાન સાચું હોતું નથી. પહેલાં જ્ઞાન સાચું થાય છે...**' સ્વરૂપ ધ્યાનના વિષયમાં સ્પષ્ટીકરણ છે. જ્ઞાન કર્યા પહેલાં અથવા જ્ઞાન થયા પહેલાં ધ્યાન કરવાનો કોઈ પ્રયત્ન કરે છે. ધ્યાન તો એકાગ્રતારૂપ પરિણામ છે. જે વિષયમાં–જે સ્વરૂપમાં એકાગ્ર થવું છે એ સ્વરૂપનું જ્ઞાન ન હોય તો એમાં એકાગ્ર થવાનું કંઈ બની શકે નહિ. જગતમાં ઘણી ધ્યાનની શિબિર ચાલે છે ને ? ત્યાં એ મન, વચન, કાયાના કેટલાક પ્રયોગોને ધ્યાન કહે છે. ત્યાં ધ્યાનની પ્રક્રિયા તો કરાવે છે. એકાંત સ્થળની અંદર પદ્માસનથી કે અમુક પ્રકારે બેસીને (ધ્યાન કરાવે છે).

અહીંયાં આત્માની ક્રિયા, ધ્યાન તો આત્માની ક્રિયા છે, ધ્યાન કોઈ શરીરની ક્રિયા નથી. જો કે ધ્યાન વગરનો કોઈ જીવ નથી. ચાર પ્રકારના ધ્યાન કહ્યાં છે. આર્તધ્યાન, રૌદ્રધ્યાન, ધર્મધ્યાન અને શુક્લધ્યાન. જગતમાં આર્તધ્યાન પ્રાયઃ તમામ જીવોને હોય છે. કોઈ જીવ તીવ્ર કનિષ્ઠ પરિણામ કરીને રૌદ્રધ્યાનમાં જાય છે. એટલે ધ્યાન તો જીવ કરે જ છે અથવા પોતાના રુચિના વિષયમાં, પોતાને સુખ લાગ્યું

છે, ભાસ્યું છે, સુખનો નિશ્ચય કર્યો છે એ વિષયમાં જીવને એકાગ્રતા તો થઈ જાય છે, કરવી પડતી નથી, સહેજે થઈ જાય છે. માણસ રોજ છાપું વાંચે. છાપું એટલું એકાગ્રતાથી વાંચે કે બાજુમાં શું થાય છે ઇ ખબર ન પડે. અંદર છાપામાં સમાચાર શું છે એની આતુરતા કુતૂહલવૃત્તિ (એટલી હોય છે). આ રસ્તા ઉપર પાટિયા નથી લખતા ? વાંચવામાં એટલા એકાગ્ર થઈ જાય, કો'ક અડફેટે ચડે તો ખબર પડે નહીં.

ધ્યાન કરતાં જીવને આવડે છે એનો અર્થ એ છે. દૃષ્ટાંત એ છે કે એને એકાગ્ર થતાં આવડે છે. જ્યાં એને રસ છે, જ્યાં એની રુચિ છે, જ્યાં એને સુખબુદ્ધિ છે ત્યાં જીવની એકાગ્રતા સહેજે થાય છે. હવે આત્મામાં સુખ છે એવું એને આત્માનું જ્ઞાન થાય અને મારો આત્મા જ મને ઉપાદેય છે એનાથી જ મને સુખની પ્રાપ્તિ થશે એવું પહેલાં સાચું જ્ઞાન થાય તો એને સાચું ધ્યાન થાય.

અહીંયાં તો બન્ને વાત લીધી છે કે જ્ઞાન થવામાં સ્વ-પર પદાર્થ બન્ને લઈ લીધા છે. ભેદજ્ઞાનનો વિષય લેવો છે કે **'આ શરીર, વર્ણ, ગંધ, રસ, સ્પર્શ આદિ બધાંથી જુદો હું છું;...'** અને **'અંદરમાં વિભાવ થાય તે હું નથી;...'** ક્યાં સુધી ? કે એ વિભાવમાં **'ઊંચામાં ઊંચા શુભભાવ તે હું નથી; બધાંથી જુદો હું** (જ્ઞાનસ્વરૂપી) **જ્ઞાયક છું.'** એવું પરથી જુદાંપણાનું જ્ઞાન થાય ત્યારે એને ધ્યાન થાય. કેમ આમ લીધું ? કે એનું જે પરથી એકત્વનુંસંધાન છે–પર સાથે એકપણાનું પરિણમન છે એ ધ્યાન છૂટે તો એને આ ધ્યાન થાય. પરનું પણ ધ્યાન રહે અને સ્વનું પણ ધ્યાન થાય એમ તો કાંઈ બની શકે નહીં. વિરુદ્ધ વિષયના બે ધ્યાન તો કેવી રીતે થાય ? એમ બની શકે નહીં.

એટલે અહીંયાં ભેદજ્ઞાનની વાત લીધી છે કે શરીરથી હું જુદો છું. પહેલી વાત એ લીધી છે. કહેવા માત્ર નથી પણ શરીરના શાતા-અશાતાના પ્રસંગમાં પણ જીવ જ્ઞાતાપણે રહે અથવા પોતાના ભિન્ન જ્ઞાન સ્વભાવમાં સાવધાન થાય તો એને ધ્યાન થવાનો પ્રસંગ છે. એટલે ભેદજ્ઞાન કરે તો એને ધ્યાન થાય, ભેદજ્ઞાન ન કરે તો ધ્યાન થાય નહીં. ક્યાં સુધી ભેદજ્ઞાન કરવું ? 'સમયસાર'ના 'નિર્જરા અધિકાર'માં એવો એક પ્રશ્ન ચાલ્યો છે કે ક્યાં સુધી ભેદજ્ઞાન કરવું ? ભેદજ્ઞાન ત્યાં સુધી કરવું કે જ્યાં સુધી જ્ઞાન જ્ઞાનમાં સ્થિર ન થાય ત્યાં સુધી. એટલે એ જ્ઞાન જ્ઞાનમાં સ્થિર થવું એ ધ્યાનની પરિભાષા છે જ્ઞાનથી.

સ્થિર થવું તે ધ્યાન છે. કોને સ્થિર થવું છે ? કે જે જ્ઞાન બહારમાં જાય છે એ જ્ઞાનને સ્વમાં સ્થિર થવું છે, પોતાનામાં સ્થિર થવું છે. જ્ઞાન જ્ઞાનમાં સ્થિર થાય તેને ધ્યાન કહેવામાં આવે છે. આ જ્ઞાનપ્રધાન ધ્યાનની પરિભાષા છે. ત્યાં ('સમયસાર'માં) એ વાત લીધી છે, કે જ્યાં સુધી ઉપયોગ પરથી છૂટીને જ્ઞાનમાં સ્થિર ન થાય ત્યાં સુધી ભેદજ્ઞાન ભાવવું. શુદ્ધોપયોગ થાય ત્યારે (જ્ઞાન) સ્થિર થાય છે અને વારંવાર શુદ્ધોપયોગ થઈને મુનિદશા થાય એથી પછી વારંવાર શ્રેણી માંડીને કેવળજ્ઞાનમાં તદ્દન સ્થિર ઉપયોગ થઈ જાય ત્યારે એ શુક્લધ્યાન છે. પછી એ ધ્યાન ક્યારેય મટતું નથી કે ધ્યાનનો નાશ થતો નથી, ધ્યાન છૂટતું નથી. પરિણમન અપેક્ષાએ સમય સમયનું પરિણમન છે પણ પ્રત્યેક સમયમાં સાદી અનંતકાળ પર્યંત એ ધ્યાન ચાલુ રહે છે, ધ્યાન મટતું નથી.

એનો અર્થ એ સ્પષ્ટ થયો કે ધ્યાન એ કોઈ શરીરના પ્રયોગની ક્રિયા નથી, વાણીના મૌન રહેવાના પ્રયોગની ક્રિયા નથી કે મનની ચંચળતા ઘટાડવા માટે મનની અંદર કોઈ પણ કલ્પનાઓ કરીને પ્રયોગ કરે એ કોઈ ધ્યાન કરવાનો ખરેખર પ્રકાર નથી. ધ્યાન તો જે અનાદિથી પરદ્રવ્ય સાથે અને રાગ સાથે એકત્વ થયું છે એ જ અપધ્યાન છે, એ જ માઠું ધ્યાન છે, એ વિપરીત ધ્યાન છે એ ધ્યાન છોડાવીને પછી આ ધ્યાન થાય છે. એ ધ્યાન રહે ને આ ધ્યાન થાય એવું બનતું નથી.

ભેદજ્ઞાનમાં ધ્યાનનું પડખું લીધું છે, એકાગ્રતાનું પડખું લીધું છે. જ્ઞાયકભાવપણે અભ્યાસ કરતાં. બોલ છે – જ્ઞાયકનો જ્ઞાયકપણે અભ્યાસ કરીને એમ લેવું છે. જે ભેદજ્ઞાન કરવામાં આવે શરીરથી જુદાપણું વર્ણ, રંગ, ગંધ, સ્પર્શ લીધા છે એ પાંચ ઇન્દ્રિયોના વિષયો લીધા છે. ચક્ષુ ઇન્દ્રિયનો વિષય વર્ણ છે, ઘ્રાણેન્દ્રિયનો વિષય ગંધ છે, જીભનો–રસના ઇન્દ્રિયનો વિષય રસ છે, અને શરીર આખું સ્પર્શેન્દ્રિયરૂપ છે. બધે સ્પર્શ થાય છે. સુંવાળો, ખરબચડો, ઠંડો, ગરમ, હલકો, ભારે, સ્નિગ્ધ, રૂક્ષ. સ્પર્શના આઠ પ્રકારના પર્યાય છે. એમાં જીવ કલ્પના કરે છે કે આ ઠીક છે અથવા આ અઠીક છે એ એમાં એકાગ્રતા કરે છે. ઠીક-અઠીકપણું કરીને એકાગ્રતા કરે છે. એણે જ્ઞાનથી એમાં ઠીક-અઠીકપણું, ઇષ્ટ-અનિષ્ટપણાની બુદ્ધિ એટલે અભિપ્રાયનો નાશ કરી નાખવો જોઈએ.

સમજણનો વિષય છે કે જગતનો કોઈ પદાર્થ વર્ણ, રંગ, ગંધ, સ્પર્શ અને શરીર

સુદ્ધાં, જે ઇન્દ્રિયોના માધ્યમ દ્વારા શરીર ઇન્દ્રિયો અવયવ છે ને ? આંખ, કાન, નાક વગેરે. એનાથી પણ હું ભિન્ન, એના વિષયથી પણ હું ભિન્ન અને શુભાશુભ રાગથી પણ હું ભિન્ન (છું). માત્ર જ્ઞાયકપણે હું છું. એવું ભેદજ્ઞાન કરે અને એનાથી જુદાંપણું જાણીને ભેદજ્ઞાન કરે. એમાં ઇષ્ટ-અનિષ્ટપણાનો નિશ્ચય છે તે જૂઠ છે, કલ્પના માત્ર છે. ખરેખર કોઈ પદાર્થ ઇષ્ટ નથી, કોઈ પદાર્થ જ્ઞાનને અનિષ્ટ નથી. કેમકે કોઈ પદાર્થ જ્ઞાનને બાધા પહોંચાડી શકતો નથી, નુકસાન કરી શકતો નથી, કોઈ પદાર્થ જ્ઞાનમાં વૃદ્ધિ કરી શકતો નથી. તેથી કોઈ પદાર્થ ન તો જ્ઞાનને ઇષ્ટ છે, ન તો કોઈ પદાર્થ જ્ઞાનને અનિષ્ટ છે.

મુમુક્ષુ :– આમ તો એક જ વિષય ઉપર કેન્દ્રીયકરણ કરી શકે છે અને પદાર્થો તો અનેક છે.

પૂજ્ય ભાઈશ્રી :– એટલે જુદાં જુદાં પદાર્થ ઉપર. ક્યારેક સ્પર્શના વિષય ઉપર એ એકાગ્ર થયો, ક્યારેક રસના વિષય ઉપર એકાગ્ર થાય છે. ક્યારેક શરીરની અશાતામાં–વેદના આદિમાં એકાગ્ર થાય છે. ક્યારેક શરીરની શાતામાં એકાગ્ર થાય છે, ક્યારેક કોઈ શુભરાગમાં, કોઈ અશુભરાગમાં એકાગ્રતા થાય છે કે નહિ ? પોતાના પરિણામથી તો સમજાય એવું છે. તો એવી એકાગ્રતા છે એની પાછળ અભિપ્રાય ખોટો છે. એક તો ઇષ્ટ-અનિષ્ટપણાથી સુખ-દુઃખની બુદ્ધિ રહેલી છે. પરપદાર્થથી સુખ-દુઃખની બુદ્ધિ રહેલી છે.

બધા જીવોને ધારાવાહી ઉદય ચાલુ છે. ઉદયમાં કોઈને કોઈ ઉદયના ક્રમવાળો પદાર્થ સામે આવે જ છે. આ જીવ કાં તો એમાં ઠીકપણાની કલ્પના કરે છે કાં તો અઠીકપણાની કલ્પના કરે છે. આ મને ઠીક છે અથવા આ મને અઠીક છે. જ્યાં સુધી પરપદાર્થમાં ઠીક અને અઠીકપણાનો નિશ્ચય મટે નહીં ત્યાં સુધી એ બાજુ પરિણામની ગતિ થવી કોઈ રીતે બંધ થઈ શકે નહીં. આ તો સમજી શકાય એવો વિષય છે કે જ્યાં ઠીકપણું માન્યું હોય ત્યાં સુખ લેવાની બુદ્ધિ થાય, જ્યાં અઠીકપણું માન્યું હોય એને હડસેલો મારવો, એને દૂર કરવું, એને આઘું કરવું એ પ્રકારનો એને ભાવ થયા વિના રહે નહીં.

પ્રશ્ન :– જ્ઞાનથી ગડબડ કરે છે ને ?

સમાધાન :– કલ્પના કરે છે, વિભાવ કરે છે. જ્ઞાન તો માત્ર જાણે, પણ એ

જાણવા ઉપરાંત જાણીને વિશેષ ભાવ એ કરે છે કે આ ઠીક છે, આ ઠીક છે કે આ ઠીક નથી. એ બન્ને વધારે પડતી વાત છે. માત્ર જાણવાનો એનો ધર્મ છે, સ્વભાવ છે એના બદલે જાણવા ઉપરાંત ઠીક-અઠીકપણું કરે છે અને એ દુઃખની ઉત્પત્તિનું, વર્તમાનમાં એ દુઃખની ઉત્પત્તિનું આકુળતાજનક કાર્ય છે. ભવિષ્યમાં એ પરિણામના નિમિત્તે જે કર્મ બંધાયા એના વિપાકમાં પાછો એ દુઃખ જ ભોગવશે. જો ત્યાં સુધી ભેદજ્ઞાને નહીં ચડ્યો હોય તો.

એવું નથી કે પૂર્વે અજ્ઞાનભાવે બાંધેલા કર્મો ઉદયમાં આવે એટલે દુઃખી થવું જ પડે, દુઃખી થઈને એને ભોગવવા પડે એવો કોઈ નિયમ નથી. ઉદયમાં જરૂર આવે એનો વાંધો નથી પણ જો ભેદજ્ઞાન કરી શકતો હોય તો એ જીવને કર્મના ઉદયના કાળે કોઈ પ્રકારની આકુળતા અથવા દુઃખ થતું નથી. એ દુઃખથી બચી શકે છે. ઉદયથી બચવાનો પછી પ્રશ્ન નથી રહેતો. કેમકે એ ઉદયમાં દુઃખ થતું હતું એટલે જ્યાં જ્યાં ઉદયમાં દુઃખ થાય ત્યાં ઉદયથી ન બચ્યો. જ્યાં ઉદયથી ભિન્ન પડ્યો ત્યાં ઉદય ઉદયમાં રહ્યો, પોતે પોતામાં રહ્યો અને ઉદય સાથેનો સંબંધ રહ્યો નહીં.

મુમુક્ષુ :– એટલે સંસારનું ધ્યાન છે એ ઉદયમાં લેપાય છે એટલે છે.

પૂજ્ય ભાઈશ્રી :– ઉદય તો આવે જ છે પણ પોતે પોતાને ભૂલીને આ ભૂલ કરે છે. પોતાને ભૂલવાની પોતે ભૂલ (કરે છે). હું જ્ઞાયકપણે છું એ વાત ભૂલી જાય છે. જ્ઞાન ઉત્પન્ન થતું હોવા છતાં, સમયે સમયે જ્ઞાન ઉત્પન્ન થતું હોવા છતાં હું જ્ઞાયકપણે છું એ વાત ભૂલે છે. કેમકે એ ઉદયમાં એટલો સાવધાન છે કે એણે ઉદયને જ સર્વસ્વ બનાવી દીધું છે અને જે પોતાનું સર્વસ્વ છે જ્ઞાયકપણું એ ચૂકી ગયો.

શ્રીગુરુ તો એનું સર્વસ્વ બતાવે છે કે જો તું જ્ઞાયક છો એ જ તારું સર્વસ્વ છે. બહુમાનથી વિનયથી એમ કહેવાય કે સર્વસ્વના દેવાવાળા છે. પણ એમની પાસેથી કાંઈ આપ્યું છે ? એમની પાસેથી કાંઈ આપ્યું નથી. પોતે પોતાના સર્વસ્વને જોયું, એને દર્શાવ્યું. પણ એ દર્શાવ્યું ક્યારે ? કે પોતે જોયું ત્યારે. નહીંતર તો દર્શાવે છે તોપણ જોતો નથી. સમવસરણમાં ભગવાને દર્શાવ્યું (પણ) આણે જોયું નહીં એ તો નકામું જ છે.

એટલે સ્વપર પદાર્થની ભિન્નતા જાણીને પરપદાર્થમાંથી સુખ લેવાની બુદ્ધિ કે દુઃખી થવાની બુદ્ધિ એવા અભિપ્રાયને મટાડીને અને એની ઉપાદેયતા છોડીને જો

જીવ પોતાના સ્વરૂપનું સાચું જ્ઞાન કરે કે હું તો માત્ર જ્ઞાતા સ્વરૂપે છું અને જ્ઞાતાપણે રહેતા મને મારા આનંદ અને સુખનો અનુભવ થાય, જો જ્ઞાતાપણે ન રહેવાય તો સુખનો અને આનંદનો, શાંતિનો અનુભવ થાય નહીં. એવું પહેલાં જ્ઞાન સાચું થાય તો એને સ્વરૂપમાં રહેલા સુખ પ્રત્યે આકર્ષણ ઉત્પન્ન થાય, મહિમાવંત સ્વરૂપ પ્રત્યે એનું આકર્ષણ ઉત્પન્ન થાય. આકર્ષણ ઉત્પન્ન થાય તો એકાગ્રતા થાય.

એકાગ્રતા ક્યાં થાય છે ? જ્યાં આકર્ષણ થાય છે ત્યાં એકાગ્રતા થાય છે. આકર્ષણ કેમ થાય છે ? કે ત્યાં સુખબુદ્ધિ પડેલી છે માટે આકર્ષણ થાય છે. બધી વખતે વિચાર કરવો પડતો નથી કે અહીંયાં સુખ છે કે નહીં, અહીંયાં સુખ છે કે નહીં. વિચાર કરે તો ખબર પડે કે સુખ છે નહીં ત્યાં. લાડવો બનાવ્યો છે પણ એ લાડવામાં સુખ છે ક્યાંય ? એક એક રજકણ જોવે. એમાં ક્યાંય સુખ છે નહીં. કોઈ રજકણમાં સુખ નથી. એ સુખ છે કે નહીં એમ જોવા ઊભો રહે તોપણ એને સમજણ પડે. પણ પહેલેથી સુખબુદ્ધિ કરી લીધી હોવાને લીધે એટલું તપાસવા પણ રહી શકતો નથી. સીધો જ ઉલઝીને પડે છે. એવો નિર્ણય સાથે પરિણામના સહજ ગતિમાન થવાપણાને સંબંધ છે. નિર્ણય સાથે એનો સંબંધ છે. એટલે સત્ શાસ્ત્રમાં પણ પ્રથમ સ્વરૂપ નિર્ણય કરવાનું વિધાન છે. ભગવાને એ ફરમાન કર્યું છે કે તું પહેલાં સ્વરૂપનો નિર્ણય કર. એ નિર્ણય કર્યા વિના તારી કોઈપણ પરિણામમાં કર્તવ્ય અકર્તવ્યની કોઈ વાત બરાબર યથાર્થપણે નક્કી થશે નહીં, યથાર્થતા નહીં આવે.

મુમુક્ષુ :– સમજણમાં આ વાત આવે છે practicalમાં નથી આવતી.

પૂજ્ય ભાઈશ્રી :– એ તો ભાષા, પરિભાષા અને વિચાર એ અનુસાર (થવા) એ એક ચીજ છે અને એનો પ્રયોગ કરવો એ તદ્દન બીજી ચીજ છે. મીઠાઈને જોવી એક વાત છે અને મીઠાઈને ખાવી એ બીજી વાત છે. જોવાથી પેટ ભરાય નહીં, વર્ણન કરવાથી પેટ ભરાય નહીં. એમ છે.

મુમુક્ષુ :– આખા પરિણામને પલટો ખવડાવવો છે.

પૂજ્ય ભાઈશ્રી :– એમાં એવું છે કે, જો જીવને એટલી પ્રતીતિ થાય, આ સમજણથી સમજણપૂર્વકનો વિશ્વાસ અને ખાતરી ઊભી થાય કે આ જ મારા સુખનો ઉપાય છે ને રસ્તો છે તો જીવ પ્રયોગ કર્યા વિના રહે નહીં. જ્યાં સુધી એને પ્રતીતિપૂર્વકનો વિચાર નથી, ખાતરીપૂર્વકનો વિચાર નથી, વિચારમાં વિશ્વાસ સાથે ભળતો નથી ત્યાં

સુધી એ પ્રયોગે ચડતો નથી. આમ વાત છે.

એટલે 'દિપચંદજી'એ 'સાધ્ય-સાધક અધિકાર'માં એ વાત લીધી છે કે પ્રતીતિપૂર્વકનો વિચાર સાધક છે અને અનુભવ થવો તે સાધ્ય છે. એમ અનુભવ સાથે વાત લીધી છે. કેમકે પ્રયોગ તો અનુભવ કરાવે છે. એટલે જ્યાં સુધી જીવ સાંભળે છે, હા પાડે છે તોપણ હજી એને ઊલટો વિશ્વાસ મટતો નથી અને સૂલટો વિશ્વાસ થતો નથી ત્યાં સુધી એને પ્રયોગની પ્રક્રિયા ચાલુ થતી નથી. ત્યાં સુધી એને કાર્યસિદ્ધિ થવાનો કોઈ પ્રશ્ન રહેતો નથી.

એ પહેલી લીટી છે કે **'પહેલાં ધ્યાન સાચું હોતું નથી.'** પહેલાં એટલે જ્ઞાન પહેલાં. સ્વરૂપજ્ઞાન પહેલાં સ્વરૂપધ્યાન કોઈ દિવસ સાચું હોઈ શકે નહીં. કોઈ કહે ભલે અમને આત્મા કેવો છે એની ખબર ન હોય, ભલે અમને ભાવભાસન ન હોય પણ અમે આત્મામાં એકાગ્ર થવા ચાહીએ છીએ, ઇચ્છીએ છીએ, માટે એકાગ્ર થવા માટે અમે ધ્યાનમાં બેસીએ. એ ઊંધો અભિપ્રાય લઈને બેસે અને એને ધ્યાન થાય એવું કોઈ દિવસ બની શકે નહીં. અભિપ્રાય સાફ થઈ જવો જોઈએ, ચોખ્ખો થઈ જવો જોઈએ પછી જ ધ્યાન છે એ થઈ શકે છે અથવા આપોઆપ થાય છે. થઈ શકે છે અથવા આપોઆપ થાય છે.

તિર્યંચ ક્યાં ધ્યાન ધરવા જાય છે ? તિર્યંચ છે ઇ કાંઈ ધ્યાન ધરવા જાય છે ? એને કોઈ એમ કહે છે કે ચાલો આ તમારા ધ્યાનનો રૂમ છે. હવે આ રૂમની આજુબાજુ ક્યાંય ગડબડ - અવાજ થાય, તમને ધ્યાનમાં ખલેલ પડે એવું કાંઈ નહીં બનવા દઈએ. અને આ બધી તમારા ધ્યાન માટેની સામગ્રી છે. સામે ભગવાનની મૂર્તિ રાખે, ફોટો રાખે કે કોઈ પણ પ્રકારે (કાંઈ કરે). એવું તો કાંઈ ત્યાં (છે નહિ). ધ્યાનની બાહ્ય સામગ્રી નહીં મળવા છતાં એને સ્વરૂપ ધ્યાન થાય છે કે નહીં ? કે સમ્યગ્દર્શન થાય ત્યારે એને સ્વરૂપધ્યાન થાય છે, સ્વરૂપની એકાગ્રતા થાય છે. અને પંચમ ગુણસ્થાનમાં તો અનેકવાર સ્વરૂપધ્યાન થાય છે. ત્યાં પદ્માસને રહેવું કે ખડ્ગાસને રહેવું એ પણ પ્રશ્ન નથી ઊપજતો. માછલીને શું કરવાનું ? પગ જ નથી. સંજ્ઞી પંચેન્દ્રિય માછલા હોય છે, સમ્યક્દૃષ્ટિ પંચમ ગુણસ્થાનવર્તી (માછલા) હોય છે. તિર્યંચને ક્યાં પદ્માસન-ખડ્ગાસનનો સવાલ છે.

મનુષ્યને મનની ચંચળતા મટવા અર્થે પદ્માસન-ખડ્ગાસન એ બાહ્ય સામગ્રી

છે. બીજા પ્રકારે શરીરની સ્થિતિ રહે અને અવયવોના હલન-ચલન, હાથ પગના હલન-ચલન સાથે મનના પરિણામોનું હલન-ચલન થાય, આંદોલન થાય, ચંચળતા થાય તો એકાગ્રતા ન થાય. એ અર્થે એને બાહ્ય સામગ્રી આવી હોવી જોઈએ એવો ઉપદેશ આપવામાં આવે છે. પણ એ બધા નિમિત્તો છે. એટલે અનએકાગ્રતા મટાડવાના નિમિત્તો છે, એકાગ્રતા રહેવાના નિમિત્તો છે. અને તે પણ નિમિત્ત તો ક્યારે ? કે એકાગ્રતા થાય ત્યારે. નહીંતર એ નિમિત્તો નિમિત્તો તરીકે ઉપચારપણું પામતા નથી. એ સ્થિતિ છે.

મુમુક્ષુ :– એક ભાઈ કહે, તમારે ધ્યાન જ ક્યાં છે ? 'સોનગઢ'માં ધ્યાનના ક્યાં પ્રયોગ ચાલે છે. ઇ કહે, શું કરીએ ? literature જ એના માટે, ધ્યાન માટે તો માંડી છે.

પૂજ્ય ભાઈશ્રી :– એ દૂરથી વિચારે છે. એમ કે ત્યાં ધ્યાનની મુખ્યપણે વાતો નથી, જ્ઞાનની મુખ્યપણે વાતો છે. પણ ધ્યાનનું કારણ તો જ્ઞાન છે ઇ એને ખબર નથી. એ ધ્યાન થવા અર્થે તો જ્ઞાનની વાત ચાલે છે. સમ્યગ્દર્શન પણ એક ધ્યાનની પ્રક્રિયા છે. જ્યારે શુદ્ધોપયોગ – સ્વરૂપમાં લીનપણાનો ઉપયોગ થાય ત્યારે જ પ્રથમ શ્રદ્ધા થાય છે. પ્રથમ શ્રદ્ધાની સાથે શુદ્ધોપયોગની લીનતા હોય નહીં અને કોઈ એમ કહે કે અમને સમ્યક્ શ્રદ્ધા થઈ ગઈ છે એ વાત ખોટી છે. એને શ્રદ્ધા ક્યારે થાય છે ? શ્રદ્ધા કેમ થાય છે ? એની એને ખબર નથી. દિગંબરના પંડિતો અને સાધુઓ પણ આમાં ગપ્પા મારે છે, હોં ! ઇ તો 'ગુરુદેવ'ની કૃપા છે કે આ બધો વિષય ચોખ્ખો કર્યો છે અને આપણે વિશ્વાસથી સાંભળ્યું છે કે આ કોઈ સત્પુરુષ છે, જે વાત કહેશે તે સાચી કહેશે. ખોટું કહેવાનું એમને કોઈ કારણ નથી.

મુમુક્ષુ :– આત્માની પરિભાષા જુદી છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા ! એમ તો શાસ્ત્ર વાંચે છે. પણ કલ્પના કરે, ખબર તો હોય નહીં. આત્મજ્ઞાન હોય નહીં, ધ્યાનનો પ્રયોગ એને હોય નહીં પછી એ જે વાત કરે એ તો કલ્પના કરી કરીને વાત કરે છે. એ કોઈ ખરેખર પોતાના અનુભવની વાત કહી શકતા નથી. અનુભવ છે નહીં, કેવી રીતે અનુભવની વાત કરે ?

પ્રશ્ન :– જ્ઞાન વગરના ધ્યાનમાં શું દેખાતું હશે ?

સમાધાન :– લાલ પીળા દેખાય. આંખો બંધ કરે તો. અને આંખો બંધ ન

કરે અડધી ખુલ્લી રાખે કે પૂરી ખુલ્લી રાખે તો અનેક પ્રકારના વિચારના તરંગ થયા કરે. બીજું શું થાય ? એને વિચારના તરંગ થયા કરે. 'શ્રીમદ્‌જી' તો મુમુક્ષુને એમ કહે છે કે, ગુરુ આજ્ઞા વિના ધ્યાન કરવું નહીં. એટલે એનો અર્થ શું ? કે જ્યાં સુધી તારી ધ્યાન કરવાની યોગ્યતા પાકી છે કે નથી પાકી એવું ગુરુને ખબર પડે છે એ તને કહે તો જ ધ્યાન કરજે. નહીંતર તું ધ્યાનના રવાડે ચડી જઈશ. ધ્યાન નહીં થતું હોવા છતાં ધ્યાન થતું હોવાનું તું માનીશ.

મન, વચન, કાયાના એવા પ્રયોગો છે કે કોઈવાર કષાયની મંદતા થાય, મનાશ્રિત પરિણામની પણ ચંચળતા ઘટે અને કષાયની મંદતા વધે એટલે થોડી શાતાની શાંતિ પણ એને અનુભવાય. એને એમ કલ્પના થાય કે હવે મને આત્મામાંથી શાંતિ આવવા માંડી. માટે આ ધ્યાન કરવા યોગ્ય છે, લ્યો અહીંયાં શાંતિ મળે છે. ધ્યાન કરતાં શાંતિ મળે છે એટલે આવું ધ્યાન કરો. એ મિથ્યાત્વને દૃઢ કરે છે. એ ધ્યાન ખરેખર એનું ટકતું નથી. આગળ ચાલતું નથી એનું કોઈ સમ્યક્ ફળ આવતું નથી અને કલ્પનાએ ચડીને એ મિથ્યાત્વને દૃઢ કરી જાય છે. ખરેખર તો એમણે તો બધી વાત જ એમ લીધી છે કે ગુરુ આજ્ઞાએ જ ધર્મની ક્રિયા કરવી. શાસ્ત્ર વાંચવું હોય, ઉપવાસ કરવો હોય, જપ કરવું હોય, તપ કરવું હોય, ધ્યાન કરવું હોય, તારે જે કરવું હોય ઇ તારે ગુરુ આજ્ઞાએ કરવું.

પ્રશ્ન :- એનું શું કારણ ?

સમાધાન :- તને તો ખબર પડતી નથી શું કરાય ને શું ન કરાય. ક્યારે શું કરવું ને ક્યારે શું ન કરવું એ તને ખબર પડતી નથી. આંધળા માણસને દેખતો સાથે હોય તો દેખતો કહે એમ કરવું એમાં કેમ એમ કરવું એ શું પ્રશ્ન છે ? ઇ પ્રશ્ન છે ? કેમકે એને કઈ બાજુ પગ મૂકવો એ દિશા તો એને સૂઝતી નથી. અનાદિનો કોઈ જન્માંધ હોય છે એમ આ જીવ અનાદિનો અંધ છે. તો એને શું કર્તવ્ય અને શું અકર્તવ્ય ઇ તો ભાન નથી. તો પછી એણે ગુરુ આજ્ઞાએ ચાલવું એ એને હિતાવહ છે, એનું હિતનું કારણ છે. નહીંતર ધર્મના બહાને જે કાંઈ કરે, ધર્મના નિમિત્તે જે કાંઈ કરે એ ધર્મ નહીં થતો હોવા છતાં ધર્મ થતો હોવાનું માનીને મિથ્યાત્વને દૃઢ કરી જશે. એટલે ધર્મથી દૂર જશે અને અધર્મને મજબૂત કરશે. લોકો એને ધર્મી માનીને કદી કદાચ માન-પાન પણ આપશે પણ એ તો ધર્મથી દૂર જશે અને મિથ્યાત્વને

લઈને અધોગતિમાં ચાલ્યો જશે, વાર લાગશે નહીં.

એટલે કોઈ એવા કાળમાં કે જે કાળમાં જ્ઞાનીની શક્તિનો સદ્‌ભાવ ન હોય ત્યારે એવા કાળની અંદર સાચા મુમુક્ષુને જ્ઞાનીનો અભાવ બહુ જ ખૂંચે છે, સાલે છે. કેમકે એની એવી ભાવના હોય છે કે હું એમની આજ્ઞા પ્રમાણે ચાલુ. પણ એ પોતે જ નથી તો કોની આજ્ઞા પ્રમાણે ચાલવું ? એને એક બહુ મોટી વિટંબણા લાગે છે. અભિપ્રાય તો બરાબર છે. પણ ત્યાં જ્ઞાનીની ઉપસ્થિતિ નથી તો એ તકલીફ એને વિશેષ માલૂમ પડે છે.

મુમુક્ષુ :– સત્પુરુષની આજ્ઞામાં જ ચાલવા જેવું છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા. કેમકે આ આંધળો છે ને એ દેખતા છે એટલો ફેર છે. આંધળો ક્યારે ક્યાં ભટકાય શું ખબર પડે એની ? એને તો દેખાતું નથી તો ભટકાય. ભટકાય તો દુઃખી થાય. સીધી વાત છે. દેખતો હોય તો એને દોરે. સાથે દેખતો હોય એ એને દોરે કે આમ નહીં આ બાજુ, આ જમણી બાજુ, હવે ડાબી બાજુ ચાલવાનું, હવે જમણી બાજુ ચાલવાનું. ફેર પડે કે ન પડે ? સીધી વાત છે.

પ્રશ્ન :– આંધળાને સાચા ગુરુ મળે કેવી રીતે ?

સમાધાન :– ઇ તો એને જો ગરજ ઊભી થાય તો મળે. ગરજ ઊભી થાય તો જરૂર મળે. એણે મને સાચા ગુરુ-જ્ઞાની ગુરુ મળવા જોઈએ, હોવા જોઈએ એવી એને જરૂરિયાત લાગવી જોઈએ, એ જરૂરિયાતથી એની ગરજ એને ઊભી થવી જોઈએ. હિન્દુસ્તાનના અભણ માણસો 'નાઈરોબી' ને 'આફ્રિકા' પરદેશ ગયા. એણે કેવી રીતે શોધ્યું ? કે ત્યાં કમાણી બહુ સારી છે. અહીંથી પાંચ હજાર માઈલ દૂર છે. 'આફ્રિકા'નો પ્રદેશ અહીંથી પાંચ હજાર માઈલ દૂર છે. ત્યાં આપણા લોકો ગયા છે, ખાસ કરીને 'જામનગર' આજુબાજુના ગામેગામના લોકો ગયા છે. બધા ઓછું ભણેલા અને મજૂરી કરતા હતા, ઇ કહે. જ્યારે અમે અહીંયાં આવ્યા ત્યારે હિન્દુસ્તાનમાં મજૂરી કરતા હતા ને અહીંયાં આવીને મજૂરી જ શરૂ કરી છે.

એક ભાઈ તો અત્યારે કરોડપતિ છે ઇ કહે, હું ત્યાં પણ શાક વેચતો હતો. વાણિયાનો દીકરો કાછિયાનું કામ કરે. બહુ ભણ્યો નથી કાંઈ. અત્યારે તો સિત્તેર-પંચોતેર વર્ષની ઉંમર છે. ભણ્યો નથી, ગરીબ મા-બાપ બધા ગરીબ, સાવ ગરીબાઈ કે ભણવાનો પ્રશ્ન જ નહીં કાંઈ અમારે, ગામડું ગામ નિશાળ હોય નહીં, ભણવાના

સાધન હોય નહીં, ભણવાના પૈસા હોય નહીં. ગામડામાંથી શાક લઈને વેચવા જાતાં હતાં ને અહીંયાં આવ્યા પછી અહીંયાં કાવડ કહે, કાવડમાં આમ બે બાજુ શાક ભરીને વેચવા નીકળતો હતો.

ત્યાં તો એમને એકદમ જાગૃત્તિ આવી જાય છે, શું શું કીધું ? શું કીધું ? ફરીને સમજાવો, બરાબર સમજાવો એમ કહે. તમે કહો ઇ બરાબર સમજી લઉં એકવાર તો. પછી બરાબર પણ થોડી તકલીફ (પડશે). કાંઈ વાંધો નહીં, તકલીફ પડે એનો કોઈ વાંધો નહીં. એમ નથી કહેતો કે મારી પુણ્યાય હશે તો મળશે. ત્યાં તો એવા પ્રયત્ન માટે સાવધાન થઈ જાય છે કે ત્યાં કાંઈ કચાશ રાખતો નથી. કે પુણ્યાય પુણ્યાય કરે છે ત્યાં ?

પ્રશ્ન :- પુરુષાર્થની મહત્ત્વતા ક્યાં ?

સમાધાન :- પુરુષાર્થની મહત્ત્વતા આત્મહિત કરવું છે, સુખી થવું છે એટલે પોતાનો પુરુષાર્થ દોડાવે જ છે. પુરુષાર્થ ત્યાં દોડ્યા વિના રહે જ નહીં ને. એને એમ ખબર પડે કે અહીંથી સુખ મળશે, એને વિશ્વાસ આવે કે આ માર્ગના બતાવનાર છે, આ મોક્ષમાર્ગના દાતા છે એમ જો એને વિશ્વાસ આવે તો એ પીછો છોડે નહીં. સીધી વાત છે. બહાર પણ એમ પૈસાવાળા આવે, રાજા આવે, પ્રધાન આવે, વડાપ્રધાન આવે તો પૂંછડી પટપટાવે છે કે નહીં ? એની ખુશામત કરે, એને સારું લાગે એમ કરે, એને શું ગમે છે, શું નથી ગમતું બધી પહેલેથી તપાસ કરી રાખે. કેટલી ગરજ છે ? એને શાશ્વત સુખી થવું છે ત્યાં પણ એના પ્રમાણમાં – એના અનુપાતમાં એને ગરજ ઊભી થવી જોઈએ.

જ્ઞાનીનો યોગ થવો એ તો પુણ્ય યોગ છે પણ એ તકનો લાભ લેવા માટે પુરુષાર્થ તો પોતાને કરવાનો છે. એમ નથી કે પુણ્યાય હશે તો પછી આત્મહિત થશે. આત્મહિત પુણ્યને આધીન નથી. જ્ઞાનીનો યોગ થવો પુણ્ય આધીન છે પણ આત્મહિત થવું એ પુણ્ય આધીન નથી, એ પુરુષાર્થને આધીન છે. એ વખતે એણે પોતાના હિતરૂપ પુરુષાર્થમાં સાવધાન થવું જોઈએ, જાગૃત થવું જોઈએ, બરાબર વાતને સમજી લેવી જોઈએ અને એને પ્રયોગમાં ઉતારવી જોઈએ. બે તબક્કા છે – પહેલાં સમજવું અને સમજીને પ્રયોગમાં ઉતારવું.

ભેદજ્ઞાનનો વિષય તો બહુ ઊંડા ઊતરીને વિચારવા જેવો છે. ભેદજ્ઞાનનો વિષય

એ એક જ પરિણામની–ભેદજ્ઞાનની એવી પ્રવૃત્તિ છે કે જે એને નિયમથી આત્મસિદ્ધિનું કારણ છે. બીજી રીતે જો દર્શનમોહના પડખાંથી વિચારીએ તો દર્શનમોહને તોડનાર આ એક જ પ્રજ્ઞાછીણી છે અને તે બધા તબક્કે કામ કરે છે. પ્રથમ ભેદજ્ઞાન શરૂ કરે ત્યારે દર્શનમોહને મંદ કરે છે, અનુભવ કરે ત્યારે દર્શનમોહનો નાશ કરે છે અને અનુભવ કર્યા પછી મોક્ષમાર્ગમાં ભેદજ્ઞાન ચાલે છે એ ચારિત્રમોહનો નાશ કરે છે. એટલે આદિ-મધ્ય-અંતમાં એક ભેદજ્ઞાન એક જ પ્રકારનું કાર્ય કરવાનું છે. આમાં લાંબી મૂંઝવણનો વિષય નથી કે પછી શું કરવું ને પહેલાં શું કરવું ને હવે ક્યારે આમ કરવું ને ક્યારે પછી બીજું કરવું એ કાંઈ વાત રહેતી નથી. પહેલેથી ભેદજ્ઞાન શરૂ કર અને ભેદજ્ઞાન ચાલુ રાખ. આ સિવાય બીજું કાંઈ કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

મુમુક્ષુ :– આપે જે કીધું કે .... તો તો ભેદજ્ઞાન થઈ જાય.

પૂજ્ય ભાઈશ્રી :– એ તો ભેદજ્ઞાન કરવા માટેની તો વાત છે. અથવા કોઈ એમ કહે કે જ્યારે આ આત્મા શરીરાદિ સર્વ પદાર્થથી ભિન્ન છે અને ભિન્ન હોવાને લીધે જગતના કોઈ કાર્ય ને પ્રવૃત્તિ આત્મા કરી શકતો નથી, કરી શકતો હોવાનું માને તોપણ કરી શકતો નથી અને ન માને તોપણ કરી શકતો નથી. તો પછી આખો દિવસ શું કરવું ? કે આખો દિવસ ભેદજ્ઞાન કરવું. એ કરી શકાય છે. નિરંતર ભેદજ્ઞાન કરવું એમ છે. અછિન્નધારા. ભેદજ્ઞાન અછિન્ન ધારાથી કરવું એ ('સમયસાર'નો) શ્લોક જ એમ છે.

**भावयेद्भेदविज्ञानमिदमच्छिन्नधारया।**
**तावद्यावत्पराच्च्युत्वा ज्ञानं ज्ञाने प्रतिष्ठते।।१३०।।**

જ્યાં સુધી જ્ઞાન જ્ઞાનમાં સારી રીતે સ્થિર ન થાય ત્યાં સુધી અછિન્ન ધારાથી, આંતરો પાડ્યા વિના ભેદજ્ઞાનની પ્રક્રિયા – ભેદજ્ઞાનનો પ્રયોગ – ભેદજ્ઞાનની ધારા એને ચાલુ રહેવી જોઈએ. આ કામ કરે છે. જ્ઞાની શું કરે છે ? કે ભેદજ્ઞાન કરે છે. મુનિ, જ્ઞાની, મુનિ ધ્યાની શું કરે છે મોક્ષમાર્ગમાં ? કે ભેદજ્ઞાન કરે છે. એવો ભેદજ્ઞાનનો વિષય બહુ મહત્ત્વપૂર્ણ છે.

મુમુક્ષુ :– ચોથા ગુણસ્થાનમાં પહેલેથી જ ઇ શરૂ થાય છે.

પૂજ્ય ભાઈશ્રી :– પ્રથમથી જ શરૂઆત થાય. એ તો લખ્યું પહેલાં ઉપર ઉપરથી

ભેદજ્ઞાન કરવું પછી અંદર ઊંડેથી ભેદજ્ઞાન કરવું. પાછળ બધા બોલ આવશે, ભેદજ્ઞાનના ઘણા બોલો છે. એટલે મુમુક્ષુને કેમ શરૂઆત કરવી ? ત્યાંથી એ માર્ગદર્શન શરૂ કર્યું ભેદજ્ઞાનના વિષયમાં. બધા પડખાં ઘણાં પડખાં, પ્રયોજનભૂત બધા પડખાં આ ગ્રંથમાં તો સ્પષ્ટ છે. એ વાત એવી રીતે ચાલી ગઈ છે અને એવી રીતે સંગૃહિત થઈ ગઈ છે કે ભેદજ્ઞાનના તો બધા પડખાં ચોખ્ખા થાય એવો ગ્રંથ છે.

**પૂજ્ય 'ગુરુદેવશ્રી' આ ગ્રંથનો વિશેષ મહિમા કરતાં હતાં એનું કારણ એ છે કે મુમુક્ષુને કામની એવી ખાસ ખાસ વાતો સંગૃહિત થઈને સાદી ભાષામાં ઓછી બુદ્ધિવાળો પણ સમજી શકે એવી ભાષામાં, બહુ શાસ્ત્રીય અઘરી પરિભાષામાં નહીં, ચોખ્ખી બહાર આવી છે. એમાં કાંઈ વચ્ચે ફોદો નહીં, ગડબડ નહીં કાંઈ. ચોખ્ખે ચોખ્ખી સરળતાથી સુગમ ભાષામાં વિષય સ્પષ્ટ કર્યો છે.**

મુમુક્ષુ :- ઉપર ઉપરથી ભેદજ્ઞાનની જે રીતે શરૂઆત થઈ તે પછી...

પૂજ્ય ભાઈશ્રી :- ઠેઠ સુધીનું થઈ જાય છે. પહેલાં તારે કેમ કરવું ? ક્યાંથી શરૂ કરવું ? શાકમાં કે દાળમાં મીઠું ન નાખ્યું હોય તો તરત ખબર પડે. મીઠું ભૂલી ગયા હોય તો તરત ખબર પડે. પણ મોળી છે કે નહીં એવું વિચારવાનું તો કાંઈ ઇ વખતે વિચાર હતો નહીં તોપણ કેમ ખબર પડી ગઈ ? કે તને જ્ઞાન થાય છે, જ્ઞાનની હાજરી છે. મીઠું નાખ્યું છે ને મીઠા વગરનો તું અનુભવ કરે છો ? કે મોળું લાગે છે. ઇ કઈ જાતની વાત ? મીઠું લાગ્યા પછી મોળું લાગે છે, મીઠું નાખ્યા પછી મોળું લાગે છે કે આમાં મીઠું નથી એના જેવી આ તો તારી વાત છે. મીઠું ન નાખ્યું હોય તો તરત ખબર પડે. પણ જ્ઞાન તો ઉપસ્થિત છે, હાજર છે, જાણી રહ્યું છે, પ્રવૃત્તિ કરી રહ્યું છે અને તું કહે છે કે જ્ઞાન ક્યાં ગોતવું ? જ્ઞાન ક્યાં છે ? જ્ઞાન પકડાતું નથી.

આ પ્રશ્ન ચાલ્યો હતો ને કે રાગ પકડાય છે પણ જ્ઞાન પકડાતું નથી. જેની અગ્રતામાં, જેના હોવાપણામાં તો રાગ છે ઇ ખબર પડે છે. રાગ છે એ કેમ ખબર પડે છે ? કોને ખબર પડી ? કે જ્ઞાનને. જેના હોવાપણામાં આ રાગ છે, આ ક્રોધ છે એમ પકડાય છે એવી જ્ઞાન સત્તા છે એને જોવાનો, એનું નિરક્ષણ કરવાનો તેં અભ્યાસ કર્યો નથી.

મુમુક્ષુ :- આમ તો અજ્ઞાનીને જ્ઞાન અને રાગ બન્ને થાય છે પણ રાગ થયા

પછી જ્ઞાન થાય છે કે આ મને રાગ થયો એમ પકડે છે અને જ્ઞાની તરત જુદાં પાડે છે.

પૂજ્ય ભાઈશ્રી :– આ તો શું છે કે એને રાગમાં કેટલીક મુખ્યતા આપેલી છે (કે) વિકલ્પ કરવો પડતો નથી. રાગની મુખ્યતા, રાગની મુખ્યતાનો વિચાર વિકલ્પ કરવો પડતો નથી. એવું એકત્વ કરી રાખ્યું છે કે એકલો રાગને જ ભાળે છે, જ્ઞાનને ભાળતો જ નથી. આ પરિસ્થિતિ થઈ ગઈ છે.

મુમુક્ષુ :– અજ્ઞાની પ્રયત્ન કરે છે .. જ્ઞાન તો પકડી શકતો નથી. પહેલાં એ રાગને પકડે છે. જ્યારે એ જ્ઞાન કરે છે ત્યારે કહે છે કે આ મને રાગ થયો.

પૂજ્ય ભાઈશ્રી :– પણ એને પૂછે છે કે તને રાગ થયો એમ કેમ ખબર પડી ? રાગ થયો એવી ક્યાંથી ખબર પડી ? કે રાગ થયો એ પણ એક જ્ઞાનની સત્તામાં પકડાણું છે ત્યારે ખબર પડી છે કે રાગ થયો. તો જેમાં એ રાગ જણાયો એ જ્ઞાનનું નિરિક્ષણ તો કર કે એ જ્ઞાન જ્ઞાન સ્વરૂપે છે ? જ્ઞાન માત્ર જ્ઞાન સ્વરૂપે છે કે જ્ઞાન કોઈની સાથે ભળે છે ?

જીભ સ્વાદ લે છે ત્યારે એને એમ લાગે છે કે જાણે આખો આત્મા ગળ્યો થઈ ગયો, આખું મોઢું ગળ્યું ગળ્યું થઈ ગયું. જીભ કોરી રહે છે. એ સ્વાદનો જરાપણ સંગ્રહ કરતી નથી. લૂખી ને લૂખી રહે છે. એનો સ્વભાવ લૂખાપણાનો છે. સ્વાદ તમામ લ્યે. જ્ઞાન જાણે બધું પણ જુદું રહે. બધું જણાવા છતાં જુદું રહે એનું નામ જ્ઞાન. જ્ઞાનમાં કાંઈ ભળે નહીં, ભળવાની કોઈ શક્યતા નથી. પણ એ જુદું છે એના જુદાંપણાનું જ્ઞાન, જ્ઞાન જુદું છે એના જુદાંપણાનું જ્ઞાન એવું જ્ઞાનનું જે જ્ઞાન એ પ્રયોજનભૂત જ્ઞાન છે અને એ જ્ઞાનની અંદર જ્ઞાન જ્યારે જુદાંપણું, જુદું જ્ઞાન જ્યારે એકલું જ્ઞાન જ્યારે નિરિક્ષણમાં આવે છે ત્યારે એને જેમ રાગનો આકુળતારૂપ સ્વાદ છે અથવા જેવી કલ્પના કરી હોય એવો સ્વાદ છે એમ જ્ઞાનનો નિરાકુળતારૂપ સ્વાદ, સ્વસંવેદનરૂપ સ્વાદ એને આવ્યા વિના રહે નહીં.

ખરેખર તો રાગ છે એ કષાય હોવાથી એનો કષાયેલો સ્વાદ છે અને એની અપેક્ષાએ એકલા જ્ઞાનના સ્વાદને વિચારવામાં આવે તો જ્ઞાન એકદમ મધુર સ્વાદવાળું છે. જ્ઞાન તો એકદમ મધુર સ્વાદવાળું છે. જેમ મધમાં એકલી મીઠાશ છે. એક મધનું ટીપું હોય – મધુબિંદુ, એક ટીપું હોય તો એમાં એકલી મીઠાશ છે. એમ જ્ઞાનના

એક કણમાંથી માંડીને આખો જ્ઞાનપિંડ આત્મા એ એકલી નિરાકુળતાનો, મધુરતાનો, શાંતિનો, આનંદનો, આહ્‌લાદનો ને સુખનો ભરચક ભરેલો પદાર્થ છે ! એ રીતે એને સ્વીકારે, સંમત કરે અને એમાં એને આકર્ષણ થાય તો પરિણમનની આખી લાઇન જુદી છે, નહીંતર તો જે છે ઇ અનાદિનું પરિભ્રમણ ને દુઃખ, દુઃખ ને દુઃખ જ છે.

જ્યાં એકત્વ થઈ રહ્યું છે, જુદાં પદાર્થો છે, જુદાં હોવા છતાં જુદાં જણાતાં નથી, અનુભવાતા નથી એનું જુદાંપણું એને પહેલાં જ્ઞાનમાં આવવું જોઈએ. જુદાંપણું આવે તો એનું એને આકર્ષણ છૂટે. જુદાંપણું આવે તો જુદાંની સાથે એકતા કરવા જતાં આકુળતા ને દુઃખ થાય છે એ વાત પણ એની સમજમાં આવે. અને દુઃખ થાય તો દુઃખથી ખસવાનો પ્રયત્ન થાય, દુઃખ ન થાય તો દુઃખથી ખસવાનો પ્રયત્ન થાય નહીં.

એટલે ભેદજ્ઞાનનું એક પડખું એ પણ છે. 'ગુરુદેવશ્રી'એ એ વાત લીધી છે કે ભેદજ્ઞાનનું આ લક્ષણ છે કે એને રાગમાં દુઃખ લાગે. એ ભેદજ્ઞાનનું લક્ષણ છે. અનેક પડખાંથી વાત આવે છે ને. આમાં લીધું છે – 'પરમાગસાર'માં એ વાત લીધી છે. ૩૦૭ છે. અહીંયાં જ દોરી છે બરાબર. **'જ્ઞાન અને રાગ વચ્ચે ભેદજ્ઞાન થવાનું એ લક્ષણ છે કે જ્ઞાનમાં રાગ પ્રત્યે તીવ્ર અનાદર ભાવ જાગે છે, તે જ્ઞાન અને રાગ વચ્ચે ભેદજ્ઞાન થવાનું લક્ષણ છે.'** રાગમાં દુઃખ જણાય, રાગમાં મલિનતા જણાય અને રાગમાં વિપરીતતા જણાય એટલે એને એના પ્રત્યે અનાદરબુદ્ધિ થઈ જાય, તીવ્ર અનાદર થાય. આ નહીં, આ ન જોઈએ, આ ન જોઈએ. આ મારા અહિતનો ભાવ છે, આ મારો ભાવ નથી, આ મારે કરવા જેવો નથી.

મુમુક્ષુ :– આમ તો એને દુઃખ લાગે ત્યારે એ છૂટવા જ માગે છે.

પૂજ્ય ભાઈશ્રી :– દુઃખ લાગે તો જ છૂટવા માગે નહીંતર ત્યાંથી છૂટવાનો એને પ્રયત્ન સાચો થઈ શકે નહીં, ખરેખર સાચો પ્રયત્ન ન થાય.

મુમુક્ષુ :– એની નિશાની તરીકે એને દુઃખ લાગવું જોઈએ.

પૂજ્ય ભાઈશ્રી :– એટલે જ શું છે કે કોઈ આ વાતની સામે એમ તર્ક કરે છે કે, શું કરીએ પણ રાગમાં દુઃખ તો લાગતું નથી. કોઈ વાત સાધારણ લાગે છે, કોઈમાં તો ઉત્સાહ થઈ જાય છે. તો કોઈ એવો અણગમતો રાગ આવે તો એમાં

દુઃખ પણ થાય છે. પણ બધા રાગમાં કાંઈ દુઃખ થાય એવું બનતું નથી. તો શું કરવું ? કે તપાસ. એમાં આકુળતા થઈ રહી છે કે નહીં એમ તું તપાસ. રાગ પોતે સ્વયં ઉપાધિસ્વરૂપ છે કે નહીં એમ તું તપાસ. ઉપાધિ હોય ત્યાં દુઃખ હોય, હોય ને હોય જ. પણ તને તપાસ કરવાની ફુરસદ નથી ને (કહે છે કે) અમને કાંઈ લાગતું નથી શું કરીએ ? એવી રીતે કામ થાય ? એ રીતે તો કામ થાય નહીં.

કહેવાવાળાએ તો સમજીને કીધું છે કે એમ ને એમ કીધું છે ? અદ્ધરથી ગપ્પા માર્યા છે કાંઈ ? એણે અનુભવથી કહ્યું છે. તને કહેનાર પ્રત્યે જો વિશ્વાસ હોય તોપણ તું પોતાની ભૂલ શોધવાનો પ્રયત્ન કર કે મારી ભૂલ થાય છે કાંઈ. મને રાગમાં દુઃખ દેખાતું નથી મારી નક્કી ભૂલ થાય છે. અને જ્યાં સુધી રાગમાં દુઃખ નહીં લાગે ત્યાં સુધી એ દુઃખથી છૂટીને જ્ઞાનમાં જ્ઞાન આવે એ વાત રહેતી નથી. એ થઈ શકશે જ નહીં, બની શકશે જ નહીં. એટલે અહીંયાં તો ભેદજ્ઞાનનું એ લક્ષણ લીધું છે.

**'જ્ઞાન અને રાગ વચ્ચે ભેદજ્ઞાન થવાનું એ લક્ષણ છે કે જ્ઞાનમાં રાગ પ્રત્યે તીવ્ર અનાદર ભાવ જાગે છે, તે જ્ઞાન અને રાગ વચ્ચે ભેદજ્ઞાન થવાનું લક્ષણ છે. આત્મામાં** (અને જ્ઞાનમાં) **રાગની ગંધ નથી. રાગના જેટલા વિકલ્પો ઊઠે છે તેમાં** (હું) **બળું છું'** દાઝું છું. કેવું દુઃખ ? બળું છું. 'સોગાનીજી'એ ભઠ્ઠી, ભઠ્ઠીની ઉપમા આપી છે. એમાં હું બળું છું, એમાં હું દાઝું છું **'તેમાં દુઃખ દુઃખ ને દુઃખ...'** એકાંતે દુઃખ છે. દુઃખ છે એવું નહીં આત્માના અમૃત આનંદ અમૃત સ્વભાવને મારવાનું એ ઝેર છે. **'તેમ પહેલાં જ્ઞાનમાં નિર્ણય કરે...'** એમ પહેલાં જ્ઞાનમાં નિર્ણય થાય **'તો ભેદજ્ઞાન પ્રગટે છે.'** એમ કહેવું છે. તો એને ભેદજ્ઞાન પ્રગટે નહીંતર ભેદજ્ઞાન પ્રગટતું નથી. અને ભેદજ્ઞાન ન પ્રગટે તો એને કોઈ કાર્યસિદ્ધિ થવાનો પ્રશ્ન રહેતો નથી.

અન્ય સંપ્રદાયમાં તો ભેદજ્ઞાનનો વિષય જ નથી. દિગંબર સંપ્રદાયમાં તો 'ભેદજ્ઞાન' શબ્દ ઘણો પ્રચલિત છે. 'છ ઢાળા' વગેરેની અંદર ઘણી વાત છે. ઊંડાણમાં જાવું જોઈએ. અથવા મોક્ષમાર્ગમાં એ ભેદજ્ઞાન જ ખરેખર એક સાધન માત્ર છે એમ ખ્યાલ આવવો જોઈએ, એમ સમજ આવવી જોઈએ. માત્ર બુદ્ધિથી ભેદજ્ઞાનની ગાથાઓ બોલી જાય એટલે કાંઈ ભેદજ્ઞાન થાય એમ નથી. 'શ્રીમદ્જી'એ કહ્યું કે 'આતમ ભાવના ભાવતા જીવ લહે કેવળજ્ઞાન.' જો સ્વરૂપની ભાવના ભાવવામાં આવે તો એ ભાવના

તો કેવળજ્ઞાનનું કારણ છે. તો માંડે એની ધૂન બોલવા. 'આતમ ભાવના ભાવતા જીવ લહે કેવળજ્ઞાન, આતમ ભાવના ભાવતા જીવ લહે કેવળજ્ઞાન.' એમ ધૂન કરાવવા માટે વાત નથી. ભાવના ભાવવા માટે વાત છે. ભાવના ભાવવી એટલે અનંત મહિમાવંત જેવો આત્મા છે, એવો એનો અનંત મહિમા વારંવાર પરિણામમાં થવો એ સ્વરૂપની ભાવના છે. એનાથી અનુભવની પ્રાપ્તિ છે, એના વિના અનુભવની પ્રાપ્તિ નથી. એ ભાષા કે વિકલ્પ એ કોઈ ભાવના નથી.

એટલે સાચાં જ્ઞાનમાં બન્ને વાત લેવી કે હું જ્ઞાયક છું એ સ્વરૂપ જ્ઞાન છે. શરીર જે આયુષ્ય પર્યંત સંયોગમાં રહે છે અને શાતા અશાતાના કાળમાં જેની સાથે પોતાપણું રાખીને જ અનુભવ કરાય છે એવું જે આ શરીર એ એક જુદું ખોખું છે, પુદ્‌ગલનું આત્માના સંયોગમાં રહેલું ખોખું છે.

જેમ ડાબલીમાં હીરો હોય. હીરાને સંયોગમાં એની ડબ્બી હોય. એમ આ ચૈતન્ય હીરાને શરીરરૂપી ડાબલી છે. હીરો જુદો ને ડાબલી જુદી છે. કિંમતી હોય તો મખમલની ડાબલી હોય, સારી હોય, શોભે એવી ડાબલી હોય, શોભાસ્પદ હોય પણ તેથી કાંઈ હીરાની સાથે એની કાંઈ કિંમત થાય ? ડાબલી એ ડાબલી છે, હીરા પાસે ડાબલીની કોઈ કિંમત નથી. એવું એ શરીર જુદું છે.

પાંચ ઇન્દ્રિયના વિષયો આત્માથી જુદાં હોવાને લીધે ન તો મને સુખના કારણ છે, મારાથી ભિન્ન હોવાને લીધે હું એનાથી જુદો હોવાને લીધે ન તો એ મને સુખના કારણ છે અને ન તો મને એ દુઃખના કારણ છે. એનું નામ જુદાંપણું છે. એટલે ઉદયમાં જે કાંઈ થાય એ પૂર્વકર્મ અનુસાર થાય એમાં મને કાંઈ લેવાદેવા નથી. કેમકે હું જાણનાર માત્ર છું. એમ અંદરમાં પ્રયત્ન કરીને જુદો પડે. વળી અંદરમાં જે વિભાવ થાય છે, અનેક પ્રકારના શુભભાવ થાય છે, ઊંચામાં ઊંચા શુભભાવ થાય, ઊંચા શુભભાવ થાય એ તો સારા ને બીજા કરતા ? પણ એ પ્રશ્ન જ નથી. ઊંચામાં ઊંચા શુભભાવ થાય, સ્વાધ્યાયનો રાગ, શાસ્ત્ર ભણવાનો રાગ, શાસ્ત્ર વાંચવાનો રાગ, સમજવાનો રાગ, સમજાવવાનો રાગ બેય આપણે આવી ગયા; એ કોઈ ધર્મની ક્રિયા નથી, એ કોઈ આત્માની ક્રિયા નથી, એ કોઈ આત્મા નથી, એમાં ક્યાંય આત્મા નથી. કોઈપણ રાગમાં આત્મા નથી. એવો હું માત્ર જાણનારો પ્રતિસમય જ્ઞાનધારાએ પરિણમી રહેલો એવો હું માત્ર જ્ઞાયક છું. એમ જ્ઞાયકનો જ્ઞાયકપણે

અભ્યાસ કરીને, પ્રયત્ન કરીને ભેદજ્ઞાન કરવું એ આત્મસિદ્ધિનો ઉપાય છે. એ જ સુખી થવાનો ઉપાય છે, એ જ સંસાર મટાડવાનો – જન્મ-મરણ ટાળવાનો ઉપાય છે.

જન્મ-મરણની, મિથ્યાત્વની ગાંઠ ભેદવી હોય, છેદવી હોય તો એ જન્મ-મરણની, ગાંઠ ગાળવાનો, આ ગાંઠ થાય છે ને કેન્સરની ? ગાળી નાખે એને, અલોપ થઈ જાય, ક્યાં ગઈ ખબર પડે નહીં. એમ આ ગાંઠ ગાળી નાખવાનો ઉપાય છે. ભેદજ્ઞાન કરીને જન્મ-મરણની ગાંઠ ગાળી નાખવાની વાત છે. એ ભેદજ્ઞાનનું કાર્ય છે. જ્યાં સુધી એ વિષયમાં સફળ ન થવાય ત્યાં સુધી; એ વિષયની કાર્યપદ્ધતિ હાથમાં ન આવે ત્યાં સુધી પાછળ પડીને ઊંડા ઊતરવું જોઈએ કે આ કેવી રીતે કરી શકાય ? થઈ શકે ? અને ત્યાં સુધી એને એ વાતની મુખ્યતા છોડવી જોઈએ નહીં. તો જરૂર કાર્ય થાય છે ન થાય એવું કાંઈ નથી. (અહીં સુધી રાખીએ...)

ધ્યાન તે સાધકનું કર્તવ્ય છે. પણ તે તારાથી ન થાય તો શ્રદ્ધા તો બરાબર કરજે જ. તારામાં અગાધ શક્તિ ભરી છે; તેનું યથાર્થ શ્રદ્ધાન તો અવશ્ય કરવાયોગ્ય છે. ૧૭૯.

તા. ૧૬-૮-૧૯૮૭, વચનામૃત-૧૭૯
પ્રવચન નં. ૧૩૪

'બહેનશ્રીનાં વચનામૃત' પાનું ૫૫. બોલ ૧૭૯. **'ધ્યાન તે સાધકનું કર્તવ્ય છે.'** નિજ પરમાત્મપદનું એકાગ્રતારૂપ ધ્યાન કરવું, ધ્યાન થવું એ સાધકનું કાર્ય છે, કરવા યોગ્ય કાર્ય છે. પરમાત્માનું ધ્યાન કરતાં પરમાત્મા થવાય છે. 'શ્રીમદ્‌જી'નો એ વિષયનો એક બોલ છે કે પરમાત્માનું ધ્યાવન પરમાત્મપદને પ્રાપ્ત કરાવે છે પણ એવું ધ્યાવન સત્પુરુષના ચરણકમળની વિનય ઉપાસના વિના થઈ શકતું નથી. એ નિર્ગ્રંથ પ્રવચનનું ઉત્કૃષ્ટ રહસ્ય છે. એવી વાત નાખી છે. ધ્યાન કરવું છે, સ્વરૂપનું ધ્યાન કરવું છે તો આ શરત છે અમારી. હું કહું છું એમ ન કહ્યું. આ નિર્ગ્રંથ પ્રવચન છે એમ કહ્યું. અને નિર્ગ્રંથ પ્રવચન છે એ સીધું ન સમજાય એટલે એ પ્રવચનની અંદર ગૂઢ રહસ્યપણે આ વાત રહેલી છે એમ કહી દીધું. કેમકે સીધું સમજવામાં થોડું અટપટું લાગે છે કે સત્પુરુષ છે એ તો પરદ્રવ્ય છે અને મારે તો મારું ધ્યાન કરવું છે. પરદ્રવ્ય પ્રત્યેના પરિણામ છે ચાહે વિનય ઉપાસનાના હો, બહુમાનના હો તોપણ રાગની ઉત્પત્તિના કારણરૂપ છે, અને સ્વરૂપ ધ્યાન-પરમાત્મપદનું ધ્યાન છે એ તો વીતરાગ પરિણામ સ્વરૂપ છે. તો આ વાત કેવી રીતે છે ? સીધી વાત ન સમજાય એટલે એમ કહ્યું કે આ વિષયમાં થોડું રહસ્ય છે.

કહેવાનું તાત્પર્ય એ છે કે સ્વરૂપમાં ધ્યાન લાગવું, ધ્યાન થવું તે તે પ્રકારની

યોગ્ય ભૂમિકા સંપ્રાપ્ત થયા વિના થઈ શકતું નથી. અને એ કેમ થાય, કેવી રીતે થાય એ માર્ગ સત્પુરુષથી મળે છે અને એ માર્ગ પણ સત્પુરુષથી ક્યારે મળે છે ? કે જ્યારે સત્પુરુષ પ્રત્યેના અત્યંત ભક્તિના પરિણામ હોય ત્યારે સમજાય છે. સત્પુરુષ તો કહે છે, જેને ગ્રહણ કરવું હોય તે ગ્રહણ કરે ન ગ્રહણ કરવું હોય તે ઉપરથી જાય છૂટી જાય. કેમકે એ તો નિષ્પૃહપણે, નિષ્કારણ કરુણાથી કહે છે. આ મારો ભક્ત છે તેથી એને આ રહસ્ય કહું, આ મારો ભક્ત નથી તેથી એને હું ન કહું, એવી ભક્તિ કરનાર પ્રત્યે પણ જેને સ્પૃહા નથી એવા અંતરંગ નિષ્પૃહ વૃતિવાળા સત્પુરુષ હોય છે. પણ જેને ગ્રહણ થાય છે એને અત્યંત ભક્તિ હોય તેને જ ગ્રહણ થાય છે, બીજાને ઉપરથી ચાલ્યુ જાય છે. બીજાને એટલે અભક્તિ કરનારને તો ગ્રહણ થવાનો પ્રશ્ન નથી, અવિનય કરનારને તો ગ્રહણ થવાનો પ્રશ્ન નથી, પણ જેટલી માત્રામાં જેટલી હદે એને ભક્તિ આવી જોઈએ એમાં ન્યૂનતા રહે, ઓછાપણું રહે, અલ્પત્વ રહે તોપણ એને એ માર્ગ સમજાતો નથી.

ધ્યાન તો અંતર્મુખ થવું તેને ધ્યાન કહે છે. કેવી રીતે અંતર્મુખ થવું એ અધ્યાત્મ પ્રકરણનો એક રહસ્યભૂત વિષય છે અને એ અહીંથી મળે છે. એ વાતનો એમણે નિર્દેશ કર્યો છે. એ ધ્યાન થતાં જ પરમાત્મપદનો પ્રત્યક્ષપણે, અતીન્દ્રિય પ્રત્યક્ષપણે ધ્યાનમાં સ્વાનુભવ થાય છે તે જ સાધકપણું છે, તે જ આરાધકપણું છે અને એને જ સાધના અથવા આરાધના કહેવામાં આવે છે. એ સાધકનું કર્તવ્ય છે. તેનાથી તે મોક્ષમાર્ગમાં આગળ વધે છે અને પૂર્ણદશા થવામાં સ્વરૂપ ધ્યાન જ એક માત્ર કારણ છે, બીજું કોઈ કારણ નથી.

પ્રશ્ન :– બાર અંગનો સાર છે ?

સમાધાન :– ધ્યાન તો બાર અંગનો સાર જ છે. ધ્યાન કહો કે શુદ્ધોપયોગ કહો, શુદ્ધોપયોગ એ બાર અંગનો સાર છે. બાર અંગનો સાર શું ? કે શુદ્ધોપયોગ થવો એ બાર અંગનો સાર છે. સમસ્ત જિન પ્રવચનનો એ સાર છે એમ કહેવાય છે. બાર અંગનો સાર કહો અથવા સમસ્ત જિન પ્રવચન અર્હત્ પ્રવચન કહો એનો એ સાર છે – શુદ્ધોપયોગ.

સંતોએ એ વાત સુગમ કરી કે ઉપયોગ શુદ્ધ કેમ થાય ? કે નિજમાં નિજને અવલોકતા ઉપયોગ શુદ્ધ થાય. એક લીટીમાં બાર અંગનો સાર કહેવાનું સામર્થ્ય

પણ તથા પ્રકારનો અનુભવ કર્યો છે એનું છે. આટલું જ સંક્ષેપમાં છે. તમામ વિસ્તાર આ વાતને સમજાવવા માટે છે.

મુમુક્ષુ :- બાર અંગમાં તો કરોડો શ્લોક છે.

પૂજ્ય ભાઈશ્રી :- ઇ આ વાતને સમજાવવા માટે છે. સમસ્ત કથનનું કેન્દ્રસ્થાન આ એક વિષય છે કે તું શુદ્ધોપયોગમાં આવ તો તારું કલ્યાણ થાય, તારું હિત થાય અને એ વિના તું દુઃખી છો. એના અભાવમાં પરિભ્રમણ છે, જન્મ-મરણ છે, ચાર ગતિના દુઃખ છે, અશાતાના, રોગના, પીડાના, ખેદના દુઃખ છે, મૂંઝવણના પણ દુઃખ આને લઈને જ છે. આને જ બોધિ કહે છે, આને જ સમાધિ કહે છે, આને જ કલ્યાણ કહે છે. બીજી કોઈ વાત છે નહિ. 'અનુભવપ્રકાશ'માં તો એ વિષય ઉપર ઘણાં શબ્દો લીધા છે.

મુમુક્ષુ :- પૂજા, પાઠ, શાસ્ત્ર સ્વાધ્યાય..

પૂજ્ય ભાઈશ્રી :- ઇ બધું આમાં સમાઈ જાય છે. જેને શુદ્ધોપયોગ થયો; એ તો તેરમાં કળશમાં 'રાજમલજી'એ કહ્યું 'સમયસાર કળશટીકા' તેરમો કળશ, કે જેને આવી સ્વાનુભૂતિ પ્રગટ થઈ તેને શાસ્ત્ર ભણવાની અટક નથી. અટક નથી એટલે શું ? મૂળ ભાષા ઢૂંઢારી છે પણ એ શાસ્ત્ર વાંચે છે કે નથી વાંચતો ? શાસ્ત્ર એણે વાંચ્યા છે કે નથી વાંચ્યા ? અને શાસ્ત્રના એને અર્થઘટન કરતાં આવડે છે કે નથી આવડતું ? એ બંધન એને લાગુ પડતું નથી. એ મર્યાદા એને નથી લાગુ પડતી. અને એમ કહીને શાસ્ત્રજ્ઞાન અને સ્વાનુભૂતિના જ્ઞાન વચ્ચે શું ઉચ્ચકોટિ ને નીચકોટિનો પ્રકાર છે એ વાત એમણે લઈ લીધી છે કે દ્વાદશાંગ જ્ઞાન પણ વિકલ્પ છે. તે કોઈ અપૂર્વ લબ્ધિ નથી. કેવી વાત કરી ! નહીંતર તો દ્વાદશાંગ જ્ઞાન તો ખરેખર લબ્ધિથી પ્રગટે. પણ એવા વિકલ્પ તો અગિયાર અંગ ને નવ પૂર્વમાં કરી ચૂક્યો છે. એટલે અપૂર્વ લબ્ધિ નથી. અગિયાર અંગ નવ પૂર્વ પણ અપૂર્વ લબ્ધિથી જ પ્રગટે છે. ભણ્યે કોઈનું પૂરું થાય નહીં, એટલા આયુષ્ય હોય નહીં. તો એ કોઈ અપૂર્વ લબ્ધિ નથી અને એ દ્વાદશાંગમાં પણ સ્વાનુભૂતિ કરવાનું વિધાન છે કે તું સ્વાનુભૂતિ કર. મુખ્યપણે એ વાત છે. એટલે સ્વાનુભૂતિનો એટલો મહિમા કર્યો છે અને આ વિકલ્પ છે એમ કરીને એની નીચી કોટિ બતાવી દીધી છે. એ તો વિકલ્પ છે. નિર્વિકલ્પ સ્વાનુભૂતિ એ જ સાધકનું કર્તવ્ય છે. એ જ સાધકને મોક્ષ પામવાનું એક માત્ર કારણ છે. એ

સિવાય બીજું કોઈ કારણ નથી.

પ્રશ્ન :- .. નથી એટલે પોતે આગમ સ્વરૂપ છે ?

સમાધાન :- હા, પોતે આગમ સ્વરૂપ છે. કાલે ચર્ચામાં એક પ્રશ્ન ચાલ્યો હતો ને ? કે આગમની અંદર અમુક વાત છે કે નહીં એવા આગમ આધારની માંગણી થઈ. તો 'ગુરુદેવે' કહ્યું છે એ જ આગમ છે એથી વિશેષ કોઈ આગમ છે એ વાત રહેતી નથી. 'ગુરુદેવે' કહ્યું હોવા છતાં એ વાતની ખાતરી કરવા માટે કોઈ આગમ આધાર તપાસવા માગે તો એને શ્રીગુરુના વચન ઉપર વિશ્વાસ રહ્યો નથી અથવા શ્રદ્ધા રહી નથી. એ વાત સ્પષ્ટ થાય છે. ચર્ચા ચાલી ને ? એનો અર્થ કે એ પોતે જ આગમ સ્વરૂપ છે.

આગમ ક્યાંથી નીકળ્યા ? કે જેને સ્વાનુભૂતિ થઈ એમાંથી આગમ નીકળ્યા. એટલે તો 'શ્રીમદ્જી'એ એ કહ્યું કે, સત્પુરુષના એક વચનમાં નહીં એક શબ્દમાં પણ અનંત આગમ ભરેલા છે. એમ કહે કે, 'આ આત્મા' એટલે એમાં અનંત આગમ છે. 'આત્મા' શબ્દ કહે, 'જ્ઞાયક' શબ્દ કહે, 'સ્વભાવ' એવો શબ્દ કહે તો એની અંદર અનંત આગમ ભરેલા છે. પોતે એ વિષયની અંદર એક વખત એવો ખુલાસો કરે છે કે શાસ્ત્રના એક વચનને અવલોકતા અથવા શાસ્ત્રને અનુસરીને એક વચનને કહેતા અમારો ઉપયોગ હજારો આગમમાં ફરી વળે છે. કેટલો સમય લાગતો હશે હજારો આગમમાં ફરી વળતા ? એ કહેવા ટાણે જ ફરી વળે છે. એનો અર્થ શું ? કે હજારો આગમની અંદર જે નય વિવિક્ષાઓ છે એ તમામ નય વિવિક્ષાઓનો બરાબર ખ્યાલ રહે છે, ક્યાંય પણ સિદ્ધાંત તૂટતો નથી અને એ બધું જ્ઞાનમાં રહીને આ જે કહેવામાં આવે છે તે વચન કહેવાય છે. એકપણ નય દુભાતો નથી એમ કહેવું છે. એ સત્પુરુષોના સમ્યક્જ્ઞાનનો અલૌકિક સાતિશય છે ! લૌકિક સાતિશય નથી, અલૌકિક સાતિશય છે.

**'ધ્યાન તે સાધકનું કર્તવ્ય છે.'** એ વાત રહી જરા ઉચ્ચદશાની **'પણ તે તારાથી ન થાય...'** એવું સ્વરૂપ એકાગ્રતારૂપ ધ્યાન તારાથી ન થાય **'તો શ્રદ્ધા તો બરાબર કરજે જ.'** જે સ્વરૂપનું ધ્યાન કરવાની તારી ભાવના છે એ ધ્યાન સુધી ન પહોંચ તો શ્રદ્ધા તો અવશ્ય કરજે જ, અવશ્ય કરજે જ. શ્રદ્ધા તો કરવાની જ છે. શ્રદ્ધા કથંચિત્ કરવી અને કથંચિત્ ન કરવી એમ કથંચિત્ હોઈ શકે નહીં. શ્રદ્ધા કરવામાં

શું હોય ? શ્રદ્ધા તો અવશ્ય કરવાની છે. શેની શ્રદ્ધા કરવાની છે ? કે પોતામાં પોતાના નિજ સ્વરૂપમાં અગાધ શક્તિ ભરી છે તેનું યથાર્થ શ્રદ્ધાન તો અવશ્ય કરવા યોગ્ય છે. કોઈની શ્રદ્ધા કરાવતા નથી. તું ફલાણાં દેવને માનજે, 'મહાવીર' દેવ સિવાય બીજા દેવને નહીં માનતો એ પ્રશ્ન અહીંયાં નથી. તું તારા સ્વરૂપને માન, તારા સ્વરૂપમાં રહેલું તારું જે અનંત સામર્થ્ય એનો સ્વીકાર કર.

'કુંદકુંદ ભગવાને' 'સમયસાર'માં એ વાત કરી. તીર્થંકરની સ્તુતિ કોને કહેવી ? તું તીર્થંકરને માને છે તો તીર્થંકરની સ્તુતિ કોને કહેવી ? કે 'જીતી ઇન્દ્રિયો જ્ઞાન સ્વભાવે અધિક જાણે આત્મને' જે જ્ઞાયક સ્વભાવને અધિક જાણે અને ઔદયિક ભાવોને, પાંચ ઇન્દ્રિય અને છઠ્ઠા મન દ્વારા પ્રવર્તતા પરિણામ – ઔદયિક ભાવોને ગૌણ કરી જાણે અને અધિકપણે પોતાના જ્ઞાયક સ્વભાવને સ્પર્શે એને જિતેન્દ્રિય કહીએ છીએ, એને તીર્થંકરની સ્તુતિ કરનારો કહીએ છીએ. પણ આમાં તીર્થંકર વચ્ચે ક્યાં આવ્યા ? આમાં તો પોતે ને પોતે આવ્યો. પોતાના જ પરિણામ ને પોતાના આત્માની વાત આવી. તો કહે છે, તીર્થંકરનો આ ઉપદેશ છે અને એ ઉપદેશની તેં માન્યતા કરી, સ્વીકાર કર્યો, સમાદર કર્યો, ઉપદેશ અંગીકાર કર્યો (એ) તીર્થંકરની સ્તુતિ થઈ ગઈ.

તીર્થંકરની સ્તુતિ કર અને એમની આજ્ઞા ઉપર પાછો પગ મૂક અથવા અંદરમાં વિપરીત અભિનિવેશ ચાલુ રાખ અને બહારમાં તું તીર્થંકરને માનતો રહે એ તીર્થંકરની સ્તુતિ નથી ને તીર્થંકરની માન્યતા પણ એમાં નથી. જીવની હંમેશાં આ એક ભૂલ થઈ છે કે સાચા, દેવ, ગુરુ, સત્‌શાસ્ત્ર-તત્ત્વજ્ઞાન મળવા છતાં પણ અંદરમાં કોઈ ને કોઈ પ્રકારે વિપરીત અભિનિવેશ રહી ગયો છે અને તેથી એનું બધું કરેલું નિષ્ફળ ગયું છે, બધા ઉપર પાણી ફરી વળ્યું છે. આ એક ધ્યાન દેવા યોગ્ય વિષય છે. અહીંયાં બહુ સ્પષ્ટ માર્ગદર્શન છે.

પ્રશ્ન :– દરેક બાબતમાં વિપરીત અભિનિવેશ રહિતતા કેવી રીતે થાય ?

સમાધાન :– ખ્યાલમાં ન આવે તો જેને ખ્યાલ પડે એનો સંગ કરવો. બરાબર છે. પોતાને પોતાનો દોષ ખ્યાલમાં ન આવે એ સંભવિત વાત છે. અને તેથી કરીને એ જ વિષયનું માર્ગદર્શન મેળવવા માટે જેનો ખ્યાલ પડે એનો સંગ કરવો જોઈએ. બીજો શું ઉપાય છે એનો ? એ વાત પૂરી સંભવિત છે કે પોતાને પોતાના દોષનો

ખ્યાલ ન આવે અને પોતાના દોષનો ખ્યાલ આવે તો જાણીબૂજીને ક્યો જીવ પોતાનું અહિત કરે ? પોતાના હાથે પોતાના પગ ઉપર કુહાડો કોણ મારે ? હાથમાં કુહાડો લઈને પોતાના પગ ઉપર કુહાડો મારે કોઈ ? જાણીબૂજીને તો કોઈ મારે નહીં. પણ બીજે મારવા જતાં છટકીને અહીંયાં ન વાગે એના માટે એના અનુભવી પાસેથી એ વિષય સમજવો પડે છે. એમ વાત છે. કેમકે એ બહુ વિશાળ વિષય છે. એ વિષય ઘણો વિશાળ છે.

તત્ત્વજ્ઞાનનો વિષય ઘણો વિશાળ છે. ત્યાં આગમના સિદ્ધાંતો, અધ્યાત્મના સિદ્ધાંતો, એ સિદ્ધાંતોનું સંતુલન (કેમ રહે ?) કેમકે કેટલાક અધ્યાત્મના સિદ્ધાંતો એવા છે કે જે આગમના સિદ્ધાંતોથી પર છે. આગમ એમ કહે કે, રાગ જીવની વિકારી અવસ્થા છે તેથી જીવની પર્યાય છે. રાગ જીવની વિકારી પર્યાય છે એટલે એ જીવની અવસ્થા છે. દ્રવ્યાનુયોગનો આગમ આમ કહે. એ જ વિષય ઉપર અધ્યાત્મ એમ કહે કે રાગનો તું સ્વામી નથી, રાગ જડ છે, રાગ પર છે અને રાગ તારામાં થાતો નથી. તારામાં જ્ઞાન થાય છે એમ તારું અસ્તિત્વ બદલી નાખ. તારું હોવાપણું રાગમાં સ્થાપ્યું છે એ તોડવા માટે તને એમ કહીએ છીએ કે રાગ તારામાં થતો નથી. વાસ્તવિકપણે સ્વભાવમાં તો થતો જ નથી. કંઈ કલ્પના નથી પાછું, અદ્ધરથી ઠપકારે છે એમ નથી.

તારા સ્વભાવને તું જો અને તારા સ્વભાવમાં તારી દૃષ્ટિ એટલે અસ્તિત્વની સ્થાપના કરવી અને સર્વસ્વપણે એ નિર્દોષ સ્વભાવની ઉપાદેયતા કરતાં જોર દેવા માટે એમ કહેવાય કે રાગ તારા ક્ષેત્રમાં નથી, તારા પ્રદેશમાં રાગ નથી એમ પણ કહે. તો ત્યાં આગમનો સિદ્ધાંત જ્ઞાનમાં રહે છે. આગમ-અધ્યાત્મની સમતુલા જળવાય છે, જો યથાર્થ રીતે એ અંતર્મુખ વળવા માટે એવી રીતે વાત ઉપાડે તો. જો એ આગમના સિદ્ધાંતને પણ તોડે કે ખરેખર ક્ષેત્ર અપેક્ષાએ અસંખ્ય પ્રદેશમાં ક્યાંય રાગ થતો જ નથી, વિકારી પર્યાય પણ જીવની નથી પણ દ્રવ્યાનુયોગના સિદ્ધાંત પ્રમાણે પણ જડની ને કર્મની છે તો એનું અધ્યાત્મ સાચું નથી એનું અધ્યાત્મ ખોટું છે, એનું બધું ખોટું છે. એમ ક્યાંય પણ તત્ત્વજ્ઞાનના વિષયમાં અનેક પ્રકારના પરસ્પર વિરોધાભાસ લાગે એવા કથનો આવે ત્યાં સિદ્ધાંત ક્યાંય ખંડિત થતો નથી એ વાત એણે પોતાના પ્રયોજન માટે, પ્રયોજનભૂત રીતે તો એને સમજી લેવી જોઈએ. એટલી

જવાબદારી તો અવશ્ય છે.

એ જ રીતે વીતરાગદેવના વિષયમાં, એ જ રીતે સત્પુરુષના વિષયમાં (સમજી લેવું). નિર્ગ્રંથ ગુરુ દેખાતા નથી પણ વીતરાગદેવની સ્થાપના છે. વીતરાગદેવ સાક્ષાત્ દેખાતા નથી. આ ક્ષેત્રે પણ સ્થાપના છે તો એ વિષયમાં એણે ક્યાંય સિદ્ધાંત તૂટે એ પ્રકારનો વિકલ્પ રહે, એ પ્રકારના પરિણામ રહે તો વિપરીત અભિનિવેશ ચાલુ રહે છે અને એ વિપરીત અભિનિવેશ સહિત જેટલું કોઈ કાર્ય કરવામાં આવે છે એ સફળ કદી થતું નથી. એ પરિસ્થિતિ છે.

અહીંયાં નિજ સામર્થ્યનું શ્રદ્ધાન કરવાનો વિષય લીધો છે. જે સ્વરૂપનું ધ્યાન કરવું છે, નિર્વિકલ્પ અભેદ એકાગ્ર પરિણામ થાય એ પહેલાં એનું શ્રદ્ધાન હોય છે. શ્રદ્ધાન ઊંધું હોય, શ્રદ્ધાન બીજું હોય અને ધ્યાન થાય એવું તો કોઈ કાળે બનતું નથી. ધ્યાન તો ઘણાં લગાવે છે. સ્વરૂપ શ્રદ્ધાનના વિષયમાં ગડબડ ઘણી હોય, એ વિષય સમજવામાં પણ ચોખ્ખો ન હોય, અનુભવવામાં અને પરિણમવામાં તો હોય જ ક્યાંથી ? અને સીધું ધ્યાન કરે છે એને તો કોઈ રીતે એ ધ્યાનનો પત્તો લાગતો નથી. એ તો ૧૭૮ બોલમાં આવી ગયું. પહેલાં ધ્યાન સાચું હોતું નથી, પહેલાં જ્ઞાન સાચું થાય છે, જ્ઞાન સાચું થતાં શ્રદ્ધાન સાચું થાય છે અને શ્રદ્ધા-જ્ઞાનપૂર્વક, સાચા શ્રદ્ધા-જ્ઞાનપૂર્વક સાચું ધ્યાન થાય છે. એમ ને એમ કોઈને સાચું ધ્યાન થતું નથી એ વિષય ૧૭૮ માં લઈ લીધો.

એવું સ્વરૂપની એકાગ્રતારૂપ પરમાત્મપદનું ધ્યાન એ સાધકનું કર્તવ્ય છે. ત્રણે કાળના સાધકો નિજ પરમાત્મપદનું ધ્યાન કરે છે. ત્રણે કાળના સાધકો. અને એ ધ્યાન કરતાં કરતાં પરમાત્મપદની પ્રાપ્તિ કરે છે. એટલી હદે તું અત્યારે સીધો ન પહોંચી શકે તો પહેલાં કરવા યોગ્ય, થઈ શકવા યોગ્ય કોઈપણ સ્થિતિમાં એમ નથી કે પહેલાં તું કષાયની મંદતા લાવીને આટલો ત્યાગ કરીશ તો તને શ્રદ્ધા થશે એ વાત નથી શરતમાં. કેમકે એ ચારિત્રમોહની મંદતા છે. જો કે જેને ચારિત્રમોહ, દર્શનમોહ અથવા સર્વ પ્રકારના વિભાવના અભાવ સ્વરૂપ જે શુદ્ધ આત્મા છે એનું શ્રદ્ધાન કરવા માટેની જેની માનસિક તૈયારી અથવા ઉત્સાહરૂપ પરિણામ અથવા એ પ્રકારની ભાવના અને જિજ્ઞાસા થાય એ કષાયની મંદતામાં તો સહેજે આવી જ જાય છે, આવી જાય છે પણ અહીંયાં એને મુખ્યતા આપવી નથી.

અહીંયાં એમ કહે છે કે તું સ્વરૂપનું શ્રદ્ધાન તો અવશ્ય કરજે જ. સ્વરૂપ શ્રદ્ધાન તો અવશ્ય અવશ્ય તું કરજે. ધ્યાન ન થઈ શકે તો કાંઈ નહીં પણ સ્વરૂપ શ્રદ્ધાન તો અવશ્ય કરવા જેવું છે. એટલે સુધી તો પહોંચી જ જજે એમ કહેવું છે. કેમકે 'ગુરુદેવ'ના શબ્દોમાં કહીએ તો જેમ દોરો પરોવેલી સોય ખોવાઈ હોય તોપણ સહેલાઈથી જડી જાય છે એમ જેણે સ્વરૂપ શ્રદ્ધાન કર્યું છે એ ચાર ગતિના પરિભ્રમણના વંટોળમાં ખોવશે નહીં. એ નહીં ખોવાય, એ જડી જશે એમ કહેવું છે. એટલે શ્રદ્ધાનો દોરો પરોવી લેવા જેવો છે. નહીંતર તારો આત્મા અનાદિનો ખોવાયેલો છે, તને પત્તો લાગતો નથી. ઓછામાં ઓછું શ્રદ્ધાન કરી લેજે અને તું એ સર્વ હાલતમાં કરી શકે એમ છો. એમ નથી કે તું ગૃહસ્થ છો એટલે ગૃહસ્થપણું મૂકી દઈશ ત્યારે શ્રદ્ધાન થશે. દીક્ષા લઈશ તો શ્રદ્ધાન થશે એ વાત નથી કે તું આ વ્રત લઈશ કે આ પચ્ચખાણ લઈશ કે આટલો સંયમ પાળીશ કે આટલું દાન દઈશ કે આટલી જાત્રા કરીશ કે આટલું તપ કરીશ કે આટલું જપ કરીશ તો તને શ્રદ્ધાન થશે એવી એકપણ શરત નથી.

શ્રદ્ધાન તું કરવા ધાર ત્યારે, તારા સ્વરૂપ પ્રાપ્તિની ભાવના અને લગનીમાં આવ તો તને શ્રદ્ધાન થવું, તારી વર્તમાન પરિસ્થિતિમાં કોઈપણ સંયોગો હો શ્રદ્ધાન થવાની શકચતા છે. ચાહે તું નિર્ધનમાં નિર્ધન હો, ચાહે કોઈ તવંગરમાં તવંગર હો, રાજા હો કોઈપણ હાલતમાં શ્રદ્ધાન થઈ શકે છે. એના માટે કોઈ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવનો કોઈ પ્રતિબંધ નથી. તિર્યંચને થાય છે. મનુષ્ય તો તિર્યંચથી ઘણો આગળ છે. પોતાના પ્રયોજનને સાધવા માટે તિર્યંચ કરતાં તો મનુષ્યને ઘણી ખબર પડે છે.

આ રસ્તામાં ઢોર ઊભા હોય (એ) ખસતા નથી. આટલા બધા વાહન આવતાં જતાં હોય તોપણ એને એટલો વિકલ્પ નથી આવતો કે આ કો'ક ભટકાઈ જશે તો મને વાગી જશે, એકાદ વાહન ભટકાશે તો મને વાગશે. રસ્તા વચ્ચે બેસવું કે ઊભું ન રહેવું. માણસ હોય તો તરીને ચાલે. કોઈ માણસ એવી રીતે (તરીને) ન રહે તો પછી એને ઉપમા આપે છે કે આને કાંઈ ખબર પડતી નથી. ઢોર જેવો છે એમ કહે. પણ એનો અર્થ શું છે ? કે, એને પોતાના લાભ નુકસાનના પ્રયોજનનો એટલો ઉઘાડ નથી જેટલો મનુષ્યને છે. સર્વથા નથી એમ નથી. એ પણ પામે છે. સંજ્ઞી પંચેન્દ્રિય છે એ બધાને એટલો ઉઘાડ છે પણ એ પણ બહુ જ અલ્પ ઉઘાડ છે. માણસને તો ઘણો ઉઘાડ છે. દેવને–મિથ્યાદષ્ટિ દેવને અને નારકીને તો એક અવધિજ્ઞાન

વિશેષ છે. એનો ઉઘાડ વધારે છે. પણ દેવો રાગમાં ફસાયેલા છે અને નારકીઓ દ્વેષમાં ફસાયેલા છે. અને એ રાગ અને દ્વેષનો રસ અને આવેગ એટલો પૂર જેવો પ્રવાહ છે, એ પ્રવાહ – રાગ-દ્વેષના રસનો પ્રવાહ એટલો પૂર જેવો છે કે એમાં એ જીવ એટલો તણાઈ જાય છે કે એમાંથી બહાર આવીને એને આત્મહિત કરવું એ ઘણું કઠણ છે, ઘણું દુર્લભ છે.

અહીંયાં એનો દૃષ્ટાંત લેવો હોય તો જે લોકો બહુ પ્રવૃત્તિમાં પડ્યા છે અને પુણ્ય ઉદય હોય એ પ્રકારનો. મોટા મોટા કારખાના નાખે, મોટા મોટા ધંધામાં પડે, રાત-દિવસ નવરાશ ન મળે એટલી પ્રવૃત્તિ કરે અને એના રસ ચડી ગયા હોય કે આપણે આપણી હોશિયારીથી આપણે લાખો ને કરોડોના ઢગલા કરવા માંડ્યા છીએ. એને આત્મા નિરાલંબ નિરપેક્ષનું શ્રદ્ધાન કરવું, એ વાત એને સાંભળવી રુચે નહીં. (એમ કહે), અમારે વખત ક્યાં છે આવી વાત સાંભળવાનો ? આ તો નવરાનો ધંધો છે. શું કહે ? આ તો નવરા માણસનો ધંધો છે. અમારે ક્યાં ફુરસદ છે. એનો રસ ચડી જાય છે જીવને. અહીંયાં પણ સહેજ પુણ્ય ઉદય વધતા આ વિષયનો અવકાશ નથી રહેતો તો દેવલોકમાં તો, અહીં તો કાંઈ નથી, એના જોડા જેટલા પણ કોઈના પુણ્ય હોતા નથી. એની મોજડીમાં જે રતન હોય છે એની કિંમત આંકે તો અહીંયાં બધાને વેચાઈ જાવું પડે. એટલા પણ પુણ્ય નથી તો અહીંયાં આ હાલત થાય છે તો ત્યાં શું હાલત થાય ? એટલે ત્યાંથી આત્મહિત સૂઝવું એ વાત (બનતી નથી). એને સાગરોપમના આયુષ્ય, અબજો વર્ષના આયુષ્ય ખલાસ થતાં વાર લાગતી નથી. નારકી પીડામાં પડ્યા છે એમાંથી એને સૂઝવું બહુ મુશ્કેલ છે.

અહીંયાં મધ્યસ્થ પરિણામ છે. તીવ્ર રાગ નહીં તીવ્ર દ્વેષ નહીં. એટલે જો આત્મહિત કરવા ચાહે, આત્માની શ્રદ્ધા કરવાની જો એની અભિલાષા હોય તો સફળ થવાની શક્યતા વિશેષ યોગ્યતા એ મનુષ્ય પર્યાયમાં છે. એટલે ચાર ગતિમાં ત્રણ ગતિ કરતાં મનુષ્ય પર્યાયની કિંમત વિશેષ કરવામાં આવી છે.

મુમુક્ષુ :– શ્રદ્ધા કરવામાં તો વ્રત, તપ બધું જ અંદર જ આવી જાય છે. ભલે આપણે વ્યવહાર ચારિત્રમાં કદાચ વ્રત, તપ ન હોય પણ એક શ્રદ્ધા કરે એમાં બધું આવી જાય છે.

પૂજ્ય ભાઈશ્રી :– એ તો પરમાર્થ સંયમ જ એને કહે છે. જે ઉપયોગ સ્વરૂપમાં

સમાયો એને પરમાર્થ સંયમ કહેવામાં આવે છે.

ભાવલિંગી જેટલો સંયમ પાળે છે–વ્રત, મહાવ્રત અંગીકાર કરે છે, સમિતિ-ગુપ્તિ પાળે છે એને અસંયમી કહ્યો. શું કહ્યું ? અસંયમી કહીને એમ કહ્યું કે 'असंजणं न वंदेहि' એને વંદન કરવા નહીં. એમ લીધું. સમ્યક્દૃષ્ટિ (વંદનીય છે ?) તો કહે છે, અવિરત સમ્યક્દૃષ્ટિ. 'લેશ ન સંયમ પર સુરનાથ જજૈ હૈં' સુરનાથ એટલે ઇંદ્ર. 'છ ઢાળા'માં વાત લીધી. 'કાર્તિકસ્વામી'એ 'કાર્તિકેયાનુપ્રેક્ષા'માં તો ઘણાં શબ્દો લીધા છે – વંદનને યોગ્ય છે, પૂજનને યોગ્ય છે. ઘણાં શબ્દો લીધા છે. ૩૨૬ ગાથા છે.

પ્રશ્ન :– ચોથે ગુણસ્થાને છેને પણ ?

સમાધાન :– એ ચોથા ગુણસ્થાને છે તોપણ એણે નિજ પરમાત્મપદનો પોતા સ્વરૂપે અપરોક્ષ, અત્યંત પ્રત્યક્ષ અનુભવ કર્યો છે અને પરિપૂર્ણ નિર્દોષ પવિત્ર સ્વરૂપનું પવિત્ર ભાવે પવિત્રતા પ્રગટ કરીને અનુભવ કર્યો છે. એ પવિત્રતાને વંદન છે. એના અનંત ગુણ એમાં પ્રગટ થયા છે. 'ગુણ અનંત કે રસ સબૈ અનુભવરસકે માંહી.' અનંત ગુણ પ્રગટ કર્યા છે. એ અનંત ગુણ પ્રગટ કર્યા છે એને નમસ્કાર કર્યા છે. એ તો જ્ઞાનીઓએ બીજા જ્ઞાનીઓને નમસ્કાર કર્યા છે. 'કરે કર જોડી બનારસી વંદન' ભેદજ્ઞાન જેને પ્રગટ થયું છે, જ્ઞાનીઓએ જ્ઞાનીને વંદન કર્યા છે.

મુમુક્ષુને માટે તો બીજી જ વાત છે. મુમુક્ષુને માટે તો એવા સ્વાનુભવી જ્ઞાનીનો પ્રત્યક્ષ યોગ થાય તો એણે એમ સમજવું 'શ્રીમદ્ રાજચંદ્રજી'નો ૨૨૩ નંબરનો પત્ર છે, કે કોઈ દિવ્યજ્ઞાનધારી પરમાત્મા, જ્ઞાનાત્મા મારા માટે અહીંયાં પ્રગટ થઈને આવેલા છે. તો એની બહુમાન, પૂજાથી માંડીને પરાભક્તિ સુધીની સર્વ પ્રકારની ભક્તિ કરવી. પરાભક્તિ એટલે છેવટની હદ. એમ લીધું છે. ત્યાં ગુણસ્થાનનું કોઈ ડહાપણ કરવા જાય તો એને સિદ્ધાંતની સમતુલા રહી નથી. એ સિદ્ધાંતની સમતુલા ખોઈ બેઠો છે. આમ વાત છે. બહુ સારા શબ્દો લીધા છે, હોં !

**'જ્ઞાની તો પરમાત્મા જ છે,...'** અહીંથી વાત લીધી છે. ચોથા ગુણસ્થાનધારી છે ? શું શબ્દો પડ્યા છે ? **'જ્ઞાની તો પરમાત્મા જ છે; અને તેના ઓળખાણ વિના પરમાત્માની પ્રાપ્તિ થઈ નથી...'** ભૂતકાળમાં, **'માટે સર્વ પ્રકારે ભક્તિ કરવા યોગ્ય એવી દેહધારી દિવ્ય મૂર્તિ–જ્ઞાનીરૂપ પરમાત્માની–ને નમસ્કારાદિ ભક્તિથી માંડી પરાભક્તિના અંત સુધી એક લયે આરાધવી, એવો શાસ્ત્રલક્ષ છે.'** એવો શાસ્ત્રનો

કહેવાનો આશય છે. લક્ષ છે એટલે કહેવા ધારેલો (આશય છે). આ લક્ષમાં રાખીને શાસ્ત્રમાં વિસ્તાર આવે છે. આવી વાત નાખી છે. અને આ વાત એમણે સમ્યક્જ્ઞાન થયા પછીના પત્રમાં લખેલી છે. ફાગણ મહિનાનો છે. ચોવીસમાં વર્ષમાં શરૂઆતમાં જ એમને અનુભવ થયો છે. આ આત્મા જ્ઞાન પામ્યો છે એમાં કોઈ શંકા નથી એમ કરીને પોતે જ એક પત્ર લખેલો છે. આત્મા જ્ઞાન પામ્યો છે એમાં કોઈ હવે શંકા નથી, એ કારતક મહિનાનો પત્ર છે, અને ફાગણ મહિનામાં આ પત્ર લખેલો છે. આવું તો કોઈ પોતા માટે લખે નહીં કે જ્ઞાન પામ્યો છે આત્મા પણ હવે કોઈ જીવોના, કો'કના પુણ્ય રહી ગયા છે, કોઈને ગોળી વાગવાની છે એના પુણ્ય રહી ગયા છે તો એ વાત પોતે, પોતાના મુખેથી બહાર આવી ગઈ છે, નહીંતર એવી વાત બહાર ઓછી આવે.

(પત્રાંક-૧૭૦) કારતક સુદ ચૌદશ. 'મુંબઈ'થી 'સોભાગભાઈ'ને એક પત્ર લખે છે કે **'આત્મા જ્ઞાન પામ્યો એ તો નિઃસંશય છે; ગ્રંથિભેદ થયો એ ત્રણે કાળમાં સત્ય વાત છે.'** દર્શનમોહની ગ્રંથિ અમે તોડી નાખી છે. એ ત્રણે કાળમાં સત્ય વાત છે. કેટલા જોરથી સ્વાનુભવની વાત કરે છે ! **'સર્વ જ્ઞાનીઓએ પણ એ વાત સ્વીકારી છે.'** એટલે સર્વ જ્ઞાનીઓ અમારા અનુભવના સાક્ષી છે એમ કહે છે, સ્વીકારે છે, સાક્ષી પૂરે છે **'હવે છેવટની નિર્વિકલ્પ સમાધિ આપણને પામવી બાકી છે, જે સુલભ છે.'** હવે એ છેલ્લી ધ્યાનની-શુક્લધ્યાનની જે નિર્વિકલ્પ સમાધિ છે એ જ બાકી રહી છે બાકી બધું હાથમાં આવી ગયું છે અને એ હવે સુલભ છે. એ કોઈ હવે અઘરી વાત દેખાતી નથી. જેને એકવાર અંતર્મુખ થઈને નિર્વિકલ્પ થતાં આવડ્યું એને એ નિર્વિકલ્પતા પરિપૂર્ણ હદ સુધી કેમ વધારવી એ કળા એમને આવડી ગઈ. એ લાઇન ઉપર એ ચડી ગયો, એમાં એ આગળ વધતો જાય છે એ વાત એને અસુલભ દેખાતી નથી.

પ્રશ્ન :- સર્વ જ્ઞાનીપુરુષોની સાક્ષી છે એ વાતમાં શું આશય છે ?

સમાધાન :- કેમકે મને અનુભવ થયો છે એવો સર્વ જ્ઞાનીઓને અનુભવ થયો છે અને સર્વ જ્ઞાનીઓ જેને સ્વાનુભવ કહે છે એવો જ મને અનુભવ થયો છે. મારા અનુભવમાં એમના વચનો સાક્ષી છે. સ્વાનુભવના દ્યોતક એવા જે વચનો છે એ મારા અનુભવમાં સાક્ષીરૂપ છે એમ કહેવું છે. એની સાક્ષી પૂરે છે. આપણે કહીએને

કે જો મારી વાત સાચી છે. આ ફલાણાં ભાઈ સાક્ષી છે. એમ કહે છે કે મારો અનુભવ સત્ય છે. અનંત જ્ઞાનીઓની એમાં સાક્ષી છે એમ કહેવું છે. પોતે એટલા નિઃશંક છે. કોઈ કલ્પના નથી થઈ ગઈ, કોઈ ભ્રમણા પેદા નથી થઈ કે સ્વાનુભવ થઈ ગયો. એટલી નિઃશંક વાત છે એમ કહેવું છે.

એ છેવટની સમાધિ '**પામવાનો હેતુ પણ એ જ છે કે કોઈ પણ પ્રકારે અમૃતસાગરનું અવલોકન કરતાં અલ્પ પણ માયાનું આવરણ બાધ કરે નહીં; અવલોકનસુખનું અલ્પ પણ વિસ્મરણ થાય નહીં;... માયિક એક પણ ભયનો, મોહનો, સંકલ્પનો કે વિકલ્પનો અંશ રહે નહીં.**' એને અહીંયાં છેવટની સમાધિ કહી છે. અને એવી દશા થાય પછી ગમે તે પ્રકાર બહાર ઉદયમાં હોય, કોઈ જાતની બાધા નથી. એ તો પછી એને યોગ્ય જ હોય છે. અરે...! '**પરમાત્મા પણ તેને પૂછી શકનાર નથી.**' પછી તો બધી મસ્તીમાં વાત કરી છે. '**તેનું કરેલું સર્વ સવળું છે. આવી દશા પામવાથી પરમાર્થ માટે કરેલો પ્રયત્ન સફળ થાય છે. અને એવી દશા થયા વિના પ્રગટ માર્ગ પ્રકાશવાની પરમાત્માની આજ્ઞા નથી એમ મને લાગે છે.**' અમે અત્યારે બહુ ઉપદેશ દેશું નહિ. અમારે હજી આગળ જઈને ઉપદેશ દેવો છે. સમાધિ, ઉત્કૃષ્ટ સમાધિદશા પ્રગટે પછી.

'**માટે દઢ નિશ્ચય કર્યો છે કે એ દશાને પામી પછી પ્રગટ માર્ગ કહેવો–પરમાર્થ પ્રકાશવો–ત્યાં સુધી નહીં. અને એ દશાને હવે કંઈ ઝાઝો વખત પણ નથી.**' મસ્તીમાં આવીને વાત લખી છે. આ તો અંગત પત્ર છે એટલે આવી વાત લખી છે નહીંતર કોઈ જાહેરમાં આવી વાત ન કરે. પણ 'સોભાગભાઈ' ઉપરનો અંગત પત્ર છે એટલે વાત લખી છે.

મુમુક્ષુ :– પત્ર નંબર કેટલો ?

પૂજ્ય ભાઈશ્રી :– ૧૭૦, પત્ર નંબર ૧૭૦ છે. લખે છે, '**આટલા માટે હમણાં તો કેવળ ગુપ્ત થઈ જવું જ યોગ્ય છે.**' કેમકે માર્ગ પ્રકાશતા નથી એટલે હમણાં તો ગુપ્ત થઈ જવું છે. '**એક અક્ષરે એ વિષયે વાત કરવા ઇચ્છા થતી નથી. આપની ઇચ્છા જાળવવા ક્યારેક ક્યારેક પ્રવર્તન છે; અથવા ઘણા પરિચયમાં આવેલા યોગપુરુષની ઇચ્છા માટે કંઈક અક્ષર ઉચ્ચાર અથવા લેખ કરાય છે.**' એમના પ્રતિ બહુ ભાવ હતો એમને. '**બાકી સર્વ પ્રકારે ગુપ્તતા કરી છે. અજ્ઞાની થઈને વાસ**

**કરવાની ઇચ્છા બાંધી રાખી છે.'** કોઈ જ્ઞાની થયા છે એ નજરે અમને જોવે એ પણ અમે ઇચ્છતા નથી. કેમકે પછી ઘણી લપનછપન વધી જાય છે અને એ એમને ત્રાસજનક થાય છે. એટલે એમને એ ઇચ્છા થતી નથી.

મુમુક્ષુ :– 'શ્રીમદ્ રાજચંદ્રજી'એ જાહેર નથી કર્યું પણ પોતાના વિચારો લખી નાખ્યા છે.

પૂજ્ય ભાઈશ્રી :– આ શું છે કે બહુ એમના નજીકના પ્રિય પાત્ર હતા, નજીકના સત્સંગી હતા. 'સોભાગભાઈ' બહુ યોગ્યતાવાળા હતા. આગળ જઈને એ પણ જ્ઞાન પામ્યા છે. એટલે એમની યોગ્યતા જોઈને એમને ખુલ્લું લખ્યું છે પણ સાથે લખ્યું છે કે આ વાતનો એક અક્ષર પણ અમારે જાહેર કરવો નથી. અંગત પત્ર હતો એટલે એ વાત કરી. અત્યારે તો જાહેર થઈ ગયો.

મુમુક્ષુ :– પુસ્તક તો પાછળથી છપાણું ને ?

પૂજ્ય ભાઈશ્રી :– હા, એમના દેહાંત પછી આ તો પુસ્તકારૂઢ થયેલા છે.

૧૭૯ બોલ (પૂરો) થયો. એ શ્રદ્ધાના વિષયનો બોલ છે કે તારા નિજ સામર્થ્યની શ્રદ્ધા કરવાની હદ સુધી પહોંચી જજે. એટલે જન્મ-મરણનો તો છેડો આવી જાય. અનંત જન્મ-મરણ ઊભા રહે એવા ભાવમાં, એવા ભાવો થયા જ કરે, જીવ કર્યા જ કરે અને આખો ભવ વ્યતીત થઈ જાય એ રીતે ભવ વ્યતીત થવા દેવા યોગ્ય નથી. એમ કહેવું છે.

**અંદર ઉપયોગ જાય ત્યાં બધા નયપક્ષ છૂટી જાય છે; આત્મા જેવો છે તેવો અનુભવમાં આવે છે. જેમ ગુફામાં જવું હોય તો પ્રવેશદ્વાર સુધી વાહન આવે, પછી પોતાને એકલાને અંદર જવું પડે, તેમ ચૈતન્યની ગુફામાં જીવ પોતે એકલો અંદર જાય છે, ભેદવાદો બધા છૂટી જાય છે. ઓળખવા માટે 'ચેતન કેવો છે', 'આ જ્ઞાન છે', 'આ દર્શન છે', 'આ વિભાવ છે', 'આ કર્મ છે', 'આ નય છે' એમ બધું આવે, પણ જ્યાં અંદર જાય ત્યાં બધું છૂટી જાય છે. એક એક વિકલ્પ છોડવા જાય તો કાંઈ છૂટે નહિ, અંદર જાય ત્યાં બધું છૂટી જાય છે. ૧૮૦.**

૧૮૦. આ બોલમાં સ્વાનુભવ થાય એ પહેલાંની કેવી પૂર્વભૂમિકા યથાર્થ પ્રકારની હોય છે એ વિષયનું સ્પષ્ટીકરણ છે અથવા એ દશાનું શબ્દચિત્ર છે. એટલે એકદમ સ્વાનુભવની નજીક પહોંચેલા જીવની દશાનું વર્ણન કર્યું છે. **'અંદર ઉપયોગ જાય ત્યાં બધા નયપક્ષ છૂટી જાય છે;...'** શું કહે છે ? કે જ્યારે સમ્યગ્દર્શન થાય છે, શુદ્ધોપયોગ થાય છે, મોક્ષમાર્ગમાં પહેલું પદાર્પણ થાય છે, જીવ પહેલો પગ મૂકે છે ત્યારે ઉપયોગ અંદર જાય છે. અંતર્મુખ થઈને ઉપયોગ પોતાના રાગરહિત સ્વરૂપને–સ્વભાવને અતીન્દ્રિય સ્વસંવેદન જ્ઞાનથી અનુભવ કરે છે. ત્યાં બધા નયપક્ષ છૂટી જાય છે. ત્યાં વ્યવહાર નયનો પક્ષ રહેવાનો તો પ્રશ્ન જ ન નથી પણ નિશ્ચયનયનો પક્ષ પણ ત્યાં છૂટી જાય છે.

નયપક્ષ એટલે શું ? કે અનાદિથી જીવને પર્યાયબુદ્ધિ હોવાને લીધે પર્યાયમાં જે તે પ્રકારનો વિભાવ થાય છે, તેનો એકત્વબુદ્ધિએ અધ્યાસિત થઈને સ્વપણે અનુભવ થવો એને તે રાગનો પક્ષ, તે પક્ષ સહિતનો રાગ ગણવામાં આવે છે.

હવે અહીંયાં જે અંતર્મુખ ઉપયોગ સુધી પહોંચે છે એવા જીવને અનેક નયથી

વિચારો આવે છે કે, આ બધું – તમામ સંસાર અનિત્ય અને અસાર છે. તે સંસાર પ્રત્યેનો જેટલો કોઈ મારો સમય હું આપું છું, મારી શક્તિનો વ્યય કરું છું એ બધો નિરર્થક અને વ્યર્થ છે. એનાથી આ આત્માને માત્ર દુઃખનો જ પ્રસંગ મળવાનો છે, સુખનો કોઈ પ્રસંગ મળવાનો નથી. એટલે એ બધું અસાર છે. એ વ્યવહારનયનો વિષય થયો અને મારો શુદ્ધાત્મા પરમસ્વરૂપે, પરમાત્મપદસ્વરૂપે નિર્વિકલ્પ પરમાનંદની મૂર્તિ છે એ નિશ્ચયનયનો વિકલ્પ થયો. તો બન્ને વિકલ્પ થતી વખતે જે રાગ થયો એ પણ શુદ્ધોપયોગ પ્રગટ થયા પહેલાં એકત્વબુદ્ધિએ અનુભવ થાય છે. આવો રાગ તે હું એમ અનુભવ થાય છે. જેવો વિકલ્પ થયો તેવો હું એવો અનુભવ થાય છે. એટલે એવા રાગને નયપક્ષ કહે છે. નય સંબંધીનો રાગ હોવાથી એને નયપક્ષ કહે છે. વ્યવહારનય સંબંધીના વિકલ્પને વ્યવહારનયનો પક્ષ કહે છે, નિશ્ચયનય સંબંધીના વિકલ્પને નિશ્ચયનયનો પક્ષ કહે છે. અને પૂર્વ ભૂમિકામાં એ બે પ્રકારના વિકલ્પ ચાલે છે એમાં વ્યવહારનયના વિકલ્પો પહેલાં શાંત થઈ જાય છે. પછી એકલા નિશ્ચયનયના વિકલ્પ રહે છે. એ નિશ્ચયનયનો વિકલ્પ પણ છૂટી જાય ત્યારે એનો ઉપયોગ અંતર્મુખ થાય છે ત્યાં સુધી એનો ઉપયોગ અંતર્મુખ થઈને નિર્વિકલ્પ સ્થિતિને પામતો નથી. એનું વર્ણન કરે છે.

'સમયસાર'માં આ વિષય લીધો છે ૧૪૩ અને ૧૪૪ ગાથામાં. 'કર્તા-કર્મ અધિકાર'ની છેવટની આ બે ગાથા છે. એ ગાથામાં આ વિષય 'કુંદકુંદાચાર્યદેવે' લીધો છે. 'અમૃતચંદ્રઆચાર્યદેવે' તો આ બન્ને ગાથાની અલૌકિક ટીકા કરી છે. એમાં ૧૪૩ ગાથાની ટીકામાં જ્યાં આવો નિર્વિકલ્પ શુદ્ધોપયોગ થયો ત્યાં પોતે એના પ્રત્યે પ્રમોદ જાહેર કરે છે. ટીકાની અંદર પ્રમોદ આવી જાય છે. પોતે આચાર્ય છે. ઉપયોગ છૂટીને, વિકલ્પનો ઉપયોગ છૂટીને નિર્વિકલ્પ થયો તો એના પ્રત્યે પ્રમોદ કરે છે કે આ તો વિકલ્પથી પર થયો તેથી એને પરાત્મા કહીએ છીએ, એને પરમાત્મા કહીએ છીએ, એને 'સમયસાર' કહીએ છીએ. એને 'પરમાત્મા' શબ્દ ત્યાં લાગુ કર્યો છે. આચાર્યને ગુણસ્થાનનું જ્ઞાન નહીં હોય ? પંડિતોને હોય છે એટલું આચાર્યને નહીં હોય ? પરમાત્મા તો તેરમા, ચૌદમા ગુણસ્થાને કહેવાય. અહીંયાં કહી દીધું. કેમ થયું હશે આ ? કે, એણે પરમાત્મપદ સ્વરૂપે અત્યંત પ્રત્યક્ષ અનુભવ કર્યો છે. માટે એક ન્યાયે એ પરમાત્મા થયો છે અને પરમાત્મદશાને પામવાના બધા ગુણો એનામાં પ્રગટ થયા છે.

રાજાના કુંવરને રાજા કહે કે ન કહે ? તાજો જન્મેલો હોય તો એનો જન્મોત્સવ મનાવે ત્યારે (કોઈ પૂછે કે), કેમ ભાઈ ! આટલો બધો જન્મોત્સવ ? (તો કહે), કે અમારા રાજાનો જન્મ થયો. આ રાજા પછી કોઈ રાજા નહોતો હવે રાજા આ થશે. અત્યારથી જ એને ભાવિ નૈગમનયથી રાજા કહેવામાં આવે છે. એમ ભાવિ નૈગમનયથી એને પરમાત્મા પણ કહેવામાં આવે છે. એ પરમાત્મા થશે.

એવો એક વિષય 'કુંદકુંદઆચાર્યદેવે' 'પ્રવચનસાર'માં લીધો છે. 'પ્રવચનસાર'ની છેલ્લી પાંચ ગાથાને પંચરત્ન કહી છે. એમાં એક ગાથા છે કે મુનિરાજ તો છઠ્ઠે-સાતમે ગુણસ્થાને છે તોપણ મુનિરાજને ત્યાં સિદ્ધ કહ્યાં છે. હાલતા ચાલતા સિદ્ધ છે. સિદ્ધ તો હાલે ચાલે નહીં. પણ મોક્ષ તત્ત્વ એનું નામ પાડ્યું છે. ગુણસ્થાન અનુસાર તો સંવર, નિર્જરા તત્ત્વ છે અને મોક્ષ તત્ત્વ તો તેરમા, ચૌદમા ગુણસ્થાનને કહેવાય. અહીંયાં કીધા છે કે ભાવલિંગી મુનિરાજને અમે અહીંયાં મોક્ષ તત્ત્વ કહીએ છીએ. કેમકે પહેલા સંસાર તત્ત્વનું વર્ણન કરે છે. કોને સંસાર તત્ત્વ કહ્યું ? કે દ્રવ્યલિંગી મુનિ સંસાર તત્ત્વ છે. પછી એની નીચેના બધા મિથ્યાદૃષ્ટિ સંસાર તત્ત્વમાં આવી જાય છે. અને ભાવલિંગી મુનિ મોક્ષ તત્ત્વ છે. તો ગુણસ્થાનનું જ્ઞાન નહીં હોય ? ભાઈ ! અધ્યાત્મના પણ આગવા સિદ્ધાંતો છે. અધ્યાત્મના સિદ્ધાંતો એ આગવા સિદ્ધાંતો છે. આગવા સમજ્યા ? એ કોઈ અલગ સિદ્ધાંતો છે એમ કહેવું છે. આગવા અને ભાગવા. આ બે આપણી ભાગની મિલકત ને આ મારી આગવી મિલકત. એમ કહેવાય છે. સુવાંગ જેને કહે છે. જેમાં કોઈનો હક હિસ્સો નહીં. એમ અધ્યાત્મના એના આગવા સિદ્ધાંતો છે. એ પણ સમજવું પડે છે અને એ સમજ્યા વિના અધ્યાત્મ શું છે એ સમજાય એવું નથી.

પ્રશ્ન :– .. મોક્ષ તત્ત્વ કીધું એટલે શું અધ્યાત્મ સમજાવવું છે ?

સમાધાન :– ચાર અનુયોગ હોય એના ગ્રંથો ને શાસ્ત્રો હોય તો ઉઘાડ હોય તો પંડિત અને વિદ્વાન સમજે, અર્થઘટન કરે, સમજાવે, બધું થાય. પણ અધ્યાત્મ સમજવું એ વિદ્વતા અને પંડિતાઈનો વિષય નથી. ઇ જુદી વાત છે. અને એ સમજ્યા વિના પેલું બધું સમજેલું મીંડું જ છે. કેમકે ચારે અનુયોગનું તાત્પર્ય અધ્યાત્મ છે. ચારે અનુયોગમાં અધ્યાત્મ ભર્યું છે. સિવાય અધ્યાત્મ જો એને ચાર અનુયોગ સમજાયા હોય તો એ કાંઈ સમજ્યો નથી અને એક અધ્યાત્મને સમજ્યો (તો) ચારે અનુયોગને

એણે સમજી લીધા. આમ લેવું છે.

અહીંયાં કહે છે કે, **'અંદર ઉપયોગ જાય ત્યાં બધા નયપક્ષ છૂટી જાય છે; આત્મા જેવો છે તેવો અનુભવમાં આવે છે.'** જ્યારે એ શુદ્ધોપયોગ, અંતર્મુખ ઉપયોગ, નિર્વિકલ્પ સ્વાનુભવનો ઉપયોગ થાય છે ત્યારે જેવું સિદ્ધપદ સ્વરૂપનિર્ણયમાં આવ્યું હતું તેવો જ પ્રત્યક્ષપણે, અતીન્દ્રિય પ્રત્યક્ષપણે સર્વ પ્રદેશેથી સ્વાનુભવગોચર થાય છે. એટલે તો કહ્યું કે આત્મા જ્ઞાન પામ્યો છે એ વાત નિઃશંક છે, સર્વ જ્ઞાનીઓ એની સાક્ષી છે. કેમકે અતીન્દ્રિય પ્રત્યક્ષ અનુભવ થયો છે. કોઈ અનુમાન નથી કર્યું કે આત્મા આવો છે, મારો આત્મા આવો છે. મને અનુમાનથી એમ લાગે છે કે મારો આત્મા અંદરમાં આવો છે. શાસ્ત્ર એમ જ કહે છે અને મને પણ આવો અનુમાનથી લાગે છે. એમ વિચારનો વિષય નથી પણ વિચારની દશાથી આગળ જઈને, પાર જઈને વિકલ્પની ભૂમિકાનું ઉલ્લંઘન કરીને (અનુભવથી જણાયો છે). એટલે તો ત્યાં 'અતિક્રાંત' શબ્દ વાપર્યો છે. પક્ષાન્તિક્રાંત થયેલો જીવ કેવો હોય છે ? એમ કરીને ત્યાં વર્ણન કર્યું છે.

અતિક્રાંત થવું એટલે પક્ષની દશાનું ઉલ્લંઘન કરી જવું. અનાદિથી જીવ એવી વિકલ્પની દશાનું ઉલ્લંઘન કરીને નિર્વિકલ્પદશામાં કદી આવ્યો નથી; અને એકવાર આવે તો એનું પરિભ્રમણ હોય નહીં. એ શુદ્ધોપયોગની એક ક્ષણની દશા એના અનંત જન્મ-મરણને સાફ કરી નાખે છે. એક સપાટે સાફ કરે છે. એક જ ક્ષણની દશા છે પણ અનંત જન્મ-મરણને એ સાફ કરી નાખે છે. આટલું એનું પ્રભુત્વ છે, આટલી એની શક્તિ છે, આટલો એનો મહિમા છે, આટલો એનો પ્રભાવ છે અને તેથી એ દશાને સર્વ સાધકો, ઊંચી કોટિના સાધકો પણ એ દશાને આવકારે છે, એનું સ્વાગત કરે છે, સમુચિત સ્વાગત કરે છે.

'નિયમસાર'માં લીધું ને ? કે સમ્યકૃદૃષ્ટિઓની સુંદર બુદ્ધિઓને અમે નમસ્કાર કરીએ છીએ. જેને બધું સમાન છે. વાત એ લીધી છેને કે જેને બધું (સમાન છે). સવિકલ્પ, નિર્વિકલ્પની દશાને ઓળંગીને જે આગળ વધી ગયા છે એમ. સવિકલ્પ, નિર્વિકલ્પની વિકલ્પના જેને રહી નથી. એવા જે સ્વતત્ત્વની અંદર જેની સુંદર બુદ્ધિ છે. 'चारुधीषणां' એવો શબ્દ લીધો છે. 'वन्दामहेतं अयं' અમે એને નમસ્કાર કરીએ છીએ. 'પદ્મપ્રભમલધારીદેવ' નો કળશ છે, મુનિરાજ છે. એમ છે. ઘણાંને ન સમજાય

એવો વિષય છે કે મુનિરાજ કાંઈ આવું લખે ? પણ હવે આ તો લખેલું છે, કાંઈ આપણા ઘરનું તો છાપ્યું નથી. આ તો સેંકડો વર્ષ પહેલાં લખાયેલા કળશ છે. આજના તો છે નહીં, સંસ્કૃતમાં છે. શબ્દે શબ્દનો અર્થ છે એ પ્રમાણે થાય છે. ભાઈ ! એ અભિપ્રાયનો વિષય છે. ત્યાં કોઈ વંદન, નમસ્કારનો વ્યવહાર કરવાનો પ્રકાર સમજવો નહીં. આ સ્પષ્ટીકરણ છે. એ અભિપ્રાયનો વિષય છે.

આમાં બીજું દૃષ્ટાંત લઈએ કે, જેમ ગણધરદેવ પંચ પરમેષ્ઠીરૂપ જે નમસ્કાર મંત્ર છે એ નમસ્કાર મંત્ર બોલે છે અથવા નમસ્કાર મંત્રનો વિકલ્પ આવે છે ત્યારે એમ કહેવાય છે કે એમના નમસ્કાર પાંચે પાંચ પરમેષ્ઠીપદને થાય છે. તો જે અરિહંત ને સિદ્ધપદ છે એ તો એમને નમસ્કાર કરવા યોગ્ય છે, વ્યવહારે પણ. પણ આચાર્ય, ઉપાધ્યાય ને સાધુના જે પદ છે એમાં પોતે સર્વોત્કૃષ્ટ આચાર્ય છે. તીર્થંકરના પહેલાં નંબરના આચાર્ય તો ગણધર છે પછી બધાય આચાર્યો એની નીચેની પરંપરામાં આવે છે. અને ઉપાધ્યાય અને સાધુ તો એથી નીચી કોટિના, એ જ દશાના એથી નીચી કોટિના સાધક ગણાય છે. તો પછી એને કેમ નમસ્કાર કરે ? કે એમ નીચી કોટિ, ઊંચી કોટિ ન જોવાય. એના ગુણ જોતા, એની દશા જોતા ગણધરદેવ છઠ્ઠા-સાતમે ગુણસ્થાને રહી જાય અને નવદીક્ષિત કોઈ સાધુ સીધો શ્રેણી માંડે ને મોક્ષ પામે. તો એની યોગ્યતા વધી ગઈ કે નહીં ? માટે એ કોઈ નિયમ થતો નથી કે કોની યોગ્યતા વધારે છે ? આચાર્યની કે સાધુની ? શું કહેશો હવે ? યોગ્યતા કોની વધારે આચાર્યની કે સાધુની ? કાંઈ કહેવાય નહીં. આ તો મારે એની તલવાર છે. પાળે એનો ધર્મ છે. વ્યક્તિગત વિષય છે. કોઈ બીજી રીતે એનો આંક બંધાય એવો નથી. તો એ વ્યવહારે બીજા સાધુને વંદન કરવા ન જાય. ગણધર ઊઠીને એવી રીતે નમસ્કાર કરવા ન જાય. પણ અભિપ્રાયની દૃષ્ટિએ ણમો લોએ સવ્વસાહૂણં. અનંત ભૂતકાળના અનંત ભવિષ્યકાળમાં અને વર્તમાનમાં વિચરતા સર્વ સાધુઓને અમારા નમસ્કાર છે. એ અભિપ્રાયનો વિષય છે, વ્યવહાર કરવાનો વિષય રહેતો નથી. એમ વાતને એના પડખાંથી સમજવી પડે, એની મર્યાદાથી સમજવી જરૂરી છે.

અહીંયાં નિર્વિકલ્પ શુદ્ધોપયોગ જે ચતુર્થ ગુણસ્થાને થાય છે એ વિષયનું જરા વિશેષ સ્પષ્ટીકરણ છે. વિશેષ લઈશું...

## તા. ૧૭-૮-૧૯૮૭, વચનામૃત–૧૮૦
## પ્રવચન નં. ૧૩૫

('બહેનશ્રીનાં વચનામૃત') પાનું ૫૫. ૧૮૦ બોલ ચાલે છે. આ બોલમાં નિર્વિકલ્પ ઉપયોગની પૂર્વભૂમિકાનો વિષય છે. નિર્વિકલ્પ ઉપયોગ થયા પહેલાં આત્માને અનેક નયથી અથવા જ્ઞાનના વિભિન્ન પડખાંથી, એના વિભિન્ન ધર્મોની મુખ્યતાથી વિચારવામાં આવે છે. વિચારદશા છે ને ? શુદ્ધોપયોગ થયા પહેલાં આ વિચારદશા છે અને વિચારદશામાં કેટલાક ધર્મોના ભેદ ઉત્પન્ન થાય છે. એને આત્માનો ભેદવિચાર કહેવામાં આવે છે. ભેદવિચાર.

આત્મા જ્ઞાનસ્વરૂપ છે, આનંદસ્વરૂપ છે, નિર્વિકલ્પસ્વરૂપ છે, પૂર્ણસ્વરૂપ છે એક અભેદસ્વરૂપ છે વગેરે. એ બધા નિશ્ચયનયના વિષયભૂત વિકલ્પો છે. નિર્વિકલ્પ ઉપયોગ થતાં બધા નય પક્ષ છૂટી જાય છે. આ જે નિર્વિકલ્પ ઉપયોગ થાય, ઉપયોગ અંદરમાં જાય એટલે કે ઉપયોગ અંતર્મુખ થાય ત્યાં લક્ષની અંદર તો પહેલેથી અનુભવગોચર જે શુદ્ધ આત્મા છે, નિર્વિકલ્પ આત્મા છે એ જ લક્ષમાં છે. એના લક્ષે તદાકાર ઉપયોગ થાય એવો જોરવાળો પુરુષાર્થ ઉત્પન્ન ન થાય ત્યાં સુધીમાં એના જ લક્ષે ભેદવિચાર ચાલે છે. વિચારના લક્ષે વિચાર ચાલતા નથી કહેવાનો મતલબ એ છે. અથવા વિકલ્પ છે એ વિકલ્પના લક્ષે પણ ત્યાં વિચારનું પરિણમન ચાલતું નથી. વિકલ્પ છે ખરો, રાગાંશ છે ખરો પણ એનું લક્ષ નથી.

જેમ રસ્તામાં માણસ ચાલતો હોય, નિર્ધારિત સ્થળે પહોંચવાની ઉતાવળમાં હોય તો અનેક રસ્તાની અંદર માણસો, વાહનો અનેક વાહનો, અનેક માણસો સામે આવે છે. એનું લક્ષ નથી હોતું. કોઈ પૂછે કે કોણ કોણ માણસો હતા ? ક્યા ક્યા વાહનો હતા ? તો કહે ઘણાં હતા. અમે કાંઈ જોવા રોકાયા નથી. પ્રયોજન તો એટલું હતું કે કોઈની સાથે અથડાયા વિના તરીને ચાલવું છે. એટલું જ પ્રયોજન હતું. એ પ્રયોજન

સિવાય એથી વધારે ઉપયોગને ત્યાં રોક્યો નથી, લંબાવ્યો નથી. એમ જેને નિર્ધારિત સ્થળ એવું જે શુદ્ધાત્મસ્વરૂપ એનું એક માત્ર લક્ષ છે, ત્યાં સ્થિર થવું છે – ત્યાં લીન થવું છે એને એ જ વિષયના જ વિકલ્પો આવે તોપણ એના ઉપર એ રોકાતો નથી એમ અહીંયાં કહેવું છે.

એ દશાના બે વિભાગ લઈએ તો એ રીતે છે કે જે વિકલ્પ છે એ એનું – એ પરિણમનનું બાહ્ય અંગ છે અને અંદરમાં જે શુદ્ધાત્માનું એકાકાર અખંડ અભેદ આત્માનું જે લક્ષ છે અને લક્ષને અનુસરીને – જ્ઞાનને અનુસરીને જે પુરુષાર્થનું પરિણમન છે કે આ જ હું છું, આવો જ હું છું એ પરિણામનું અંતરંગ છે. બે વિભાગ લઈએ તો બાહ્ય અંગથી જોવામાં આવે તો એમ કહેવાય કે ત્યાં વિકલ્પ ચાલે છે, પણ ત્યાં એકલો વિકલ્પ નથી. સમગ્ર પરિણમનને વિચારવામાં આવે તો ત્યાં એકલો વિકલ્પ નથી. વિકલ્પ ઉપરાંત જ્ઞાનમાં-લક્ષમાં શુદ્ધાત્મા છે અને એ સંબંધીનું શુદ્ધાત્મા પ્રત્યયી શુદ્ધાત્મામાં અનુસંધાન કરવા માટે જે ઉત્થાન થયેલો, ઉત્પન્ન થયેલો વેગને-આવેગને પામેલો એવો પુરુષાર્થ પણ છે.

એટલે જેઓ અંતરંગ પરિણમનને સમજતા નથી એ બાહ્ય પરિણમન માત્રને સમજીને એનો વિકલ્પ કરે છે કે, જુઓ ! આત્માનો વિકલ્પ કરતાં કરતાં અંદરમાં ઉપયોગ લીન થઈ ગયો, સમ્યગ્દર્શન પ્રગટ કરી લીધું. કેમકે એણે શુદ્ધાત્માના ઘણાં વિકલ્પ કર્યા માટે એમ થયું. એમ ખરેખર નથી. એવી રીતે કોઈ આત્માના ઘણાં વિકલ્પ કરે માટે એને શુદ્ધોપયોગ થાય એ કોઈ વસ્તુસ્થિતિ નથી. પણ જેણે આત્મા ઓળખ્યો હોય, આત્મા લક્ષગત થયો હોય અને એ પૂર્વક એનો પુરુષાર્થ ઉત્પન્ન થયો હોય તો એ પુરુષાર્થના કોઈ અપૂર્વ પરાક્રમના ફળસ્વરૂપે એને શુદ્ધોપયોગની ઉત્પત્તિ થાય છે.

વિકલ્પના ફળસ્વરૂપે, રાગના ફળસ્વરૂપે વીતરાગતા થાય છે એમ નથી પણ પુરુષાર્થના ફળસ્વરૂપે વીતરાગતા થાય છે. એટલે આખું સમગ્ર પરિણમન ન સમજાય એ વિકલ્પ કરવાની નકલ કરે કે આત્માના વિકલ્પ કરો, આપણે આત્માના વિકલ્પ કરો, આત્માના વિકલ્પ કરતાં કરતાં ક્યાંક આત્માનો અનુભવ થઈ જશે, એ વિકલ્પથી થયો જ નથી અને થતો પણ નથી.

પ્રશ્ન :– બન્નેની જાત જ જુદી છે ?

સમાધાન :– હા, બન્નેની જાત જુદી છે. વિકલ્પ વિભાવ જાતિનું પરિણમન છે અને એ છૂટી જશે. કેમકે એનો નિષેધ વર્તે છે. વિકલ્પથી નિષેધ નથી વર્તતો. પણ જે શુદ્ધાત્માનું જ્ઞાન છે અને એમાં જે પુરુષાર્થથી આદર છે એ સ્વયં જ રાગના નિષેધ સ્વરૂપ છે. વીતરાગ સ્વભાવ, એનું અનુભવકરણ કરવાનો – અનુભવ કરવાનો જે પ્રયત્ન છે એ સ્વયં જ રાગના નિષેધ સ્વરૂપ છે. અથવા ચાલતા વિકલ્પ પ્રત્યે ઉપેક્ષિત છે. કહે છે કે મને ખબર નથી કે કેવા વિકલ્પ આવે છે. મારું ધ્યાન નથી એ વિકલ્પ ઉપર કે આ મેં શુદ્ધાત્માનો શુદ્ધનયનો વિકલ્પ કર્યો કે આનંદના ગુણથી એવો વિકલ્પ કર્યો કે આનંદ સ્વરૂપ છું, એવું તો એને યાદ નથી, એના ઉપર લક્ષ નથી. હોય છે ખરો પણ એનું લક્ષ એકલું શુદ્ધાત્મા ઉપર છે. એટલે એના ફળમાં એને અનુભવ થાય છે. વિકલ્પના ફળમાં અનુભવ થતો નથી.

આ જ વિષયનું સૂક્ષ્મ સ્પષ્ટીકરણ લઈએ તો એટલું છે કે જ્યાં પુરુષાર્થથી ઉપયોગ અંદર ગયો ત્યાં અવસ્થામાં જે વિકલ્પના બડબડીયા બોલતાં હતા એ બંધ થઈ ગયા, ફૂટી ગયા. પછી નવા ઉત્પન્ન થતાં નથી. **'બધા નયપક્ષ છૂટી જાય છે;...'** કોઈ નયનો વિકલ્પ રહેતો નથી. અને **'આત્મા જેવો છે...'** 'ગુરુદેવશ્રી' તો અનુભવના વિષયમાં એમ કહેતા કે જેવો કેવળજ્ઞાનમાં આત્મા જણાય છે એવો ચોથા ગુણસ્થાને આત્મા અનુભવગોચર થાય છે, એમ કહેતાં.

મુમુક્ષુ :– બન્નેમાં ફેર છે ને ? ચોથા ગુણસ્થાનમાં અને કેવળજ્ઞાનમાં. પેલાને જણાય છે અને આને વેદાય છે.

પૂજ્ય ભાઈશ્રી :– ત્યાં પણ વેદાય તો છે જ ને.

મુમુક્ષુ :– વેદાય છે પણ ત્યાં જણાય છે.

પૂજ્ય ભાઈશ્રી :– એટલો ફેર છે પણ જે વેદાય છે એમાં કાંઈ ફેરફાર છે ? જેવો કેવળજ્ઞાનમાં જણાયો એ ભલે અહીંયાં જણાયો નહીં પણ વેદાયો એવો જ. અથવા આત્માના સ્વભાવજ્ઞાનનો વિષય લઈએ તો જેવો કેવળજ્ઞાનમાં સ્વભાવ જણાય છે એવો અહીંયાં અનુભવમાં આવે છે. એવો જ સ્વભાવ અનુભવમાં આવે છે. એમાં કિંચિત્‌માત્ર ફેર નથી. એને અહીંયાં એમ કહે છે કે 'આત્મા જેવો છે તેવો' એટલામાં એ વાત લઈ લીધી.

**'આત્મા જેવો છે તેવો અનુભવમાં આવે છે.'** પછી વિકલ્પવાળી સ્થિતિ સમજાવે

છે કે **'જેમ ગુફામાં જવું હોય તો પ્રવેશદ્વાર સુધી વાહન આવે, પછી પોતાને એકલાને અંદર જવું પડે,...'** અથવા મહેલમાં જવું હોય, ઘરમાં જવું હોય તો આંગણા સુધી વાહન આવે. મોટરમાં બેસીને આવે કે ગાડીમાં બેસીને આવે પણ આંગણા સુધી આવે પછી ઘરમાં જવા માટે તો એને નીચે ઊતરીને ચાલવું પડે, અંદર જવું પડે. એમ અહીંયાં અનુભવ સુધી પહોંચે ત્યાં સુધી એને વિકલ્પ છે. જો કે દૃષ્ટાંત સર્વાંશે લાગુ નથી પડતું. ત્યાં તો વાહનનો આધાર લઈને આગળ વધ્યો છે, અહીંયાં વિકલ્પનો આધાર લઈને આગળ વધ્યો નથી. વિકલ્પના આધારે આગળ નથી વધ્યો. જ્ઞાનના આધારે આગળ વધ્યો છે, ઓળખાણના આધારે – પ્રતિભાસના આધારે આગળ વધ્યો છે અને એથી વધારે કહીએ તો પુરુષાર્થના કારણે આગળ વધ્યો છે. જેટલો પુરુષાર્થ આપ્યો કે ઉત્પન્ન થયો એટલું કારણ આપ્યું એટલું એમાં અનુભવની નજીક થવાનું કાર્ય છે, સમય સમયની પર્યાય લઈએ તોપણ.

**'ગુફામાં જવું હોય તો પ્રવેશદ્વાર સુધી વાહન આવે, પછી પોતાને એકલાને અંદર જવું પડે, તેમ ચૈતન્યની ગુફામાં જીવ પોતે એકલો અંદર જાય છે.'** આ સમજાવવા માટે કહ્યું. શું સમજાવવું છે ? આ દૃષ્ટાંતમાં વાહનનો આધાર નથી સમજાવવો. તો પછી દૃષ્ટાંત શું કરવા આપ્યો ? કે દૃષ્ટાંતનો Point એટલો જ લાગુ પડે છે, દૃષ્ટાંતનો અંશ એટલો લાગુ પડે છે કે અંદર જવામાં જીવને એકલાને જાવાનું છે. વિકલ્પ સાથે અંદર જાવાનું નથી એમ કહેવું છે. વિકલ્પ છૂટી જશે અને ઉપયોગ--જ્ઞાનનો ઉપયોગ માત્ર એકલા જ્ઞાનરૂપે રહીને -- માત્ર જ્ઞાનરૂપે રહીને સ્વરૂપમાં લીન થશે, અંદરમાં જશે, અંતર્મુખ થશે. સાથે વિકલ્પને લઈ જવાનો પ્રશ્ન રહેતો નથી. વિકલ્પને બહાર છોડી દીધા. એમ કહેવું છે.

સમજાવે છે એટલા માટે કે જીવે ઘણાં વિકલ્પ કર્યા. નિર્વિકલ્પ અનુભવ કર્યા પહેલાં એણે અનેક વિકલ્પ કર્યા. ઘણાં નયથી, અનેક પડખેથી, અનેક ધર્મથી, અનેક યુક્તિથી, અનેક અનેક આગમથી એણે આત્મા સમજવાનો પ્રયત્ન કર્યો ત્યાં ઘણાં વિકલ્પો થયા. પણ વિકલ્પ વૃદ્ધિનું કારણ થાય એવો જ્ઞાનાભ્યાસ કરવા યોગ્ય નથી. આ તત્ત્વજ્ઞાનના અભ્યાસમાં આ જગ્યાએ એક લાલબત્તી મૂકેલી છે. સત્પુરુષોએ એ વાત કરી કે તું જ્ઞાનની શ્રેણીએ આગળ વધવામાં ઘણાં આગમો વાંચવાનું થશે, ઘણું વિચારવાનું થશે તોપણ વિકલ્પ વૃદ્ધિગત થાય, વિકલ્પ વધી જાય, વિકલ્પનું

વધવાપણું થાય એ પ્રકારથી તારો જ્ઞાનાભ્યાસ કે તત્ત્વજ્ઞાનનો અભ્યાસ થવો ઘટે નહીં. કેમકે તારે સરવાળે નિર્વિકલ્પ થતાં તત્ત્વની – આત્મતત્ત્વની પ્રાપ્તિ છે અથવા અનુભવ છે. નિર્વિકલ્પ તત્ત્વમાં જ મુક્તિ થાય. એ જ મુક્તદશાનો પ્રારંભ છે અને મુક્તદશા એ નિર્વિકલ્પ સ્વાનુભવથી જ પૂર્ણતા પામે છે. પહેલાં આંશિક મુક્તિ છે પણ નિર્વિકલ્પ ઉપયોગમાં ગુણસ્થાન ઉપર ઉપર ચડવામાં આવે છે અને નિર્વિકલ્પ ઉપયોગની સમાધિમાં જ શ્રેણી માંડીને કેવળજ્ઞાન ને પૂર્ણદશા થાય છે. એટલે વિકલ્પ વધવાનું નથી થતું ને ? આ શાસ્ત્ર વાંચનારાએ, જ્ઞાનનો અભ્યાસ કરનારાએ, તત્ત્વનો અભ્યાસ કરનારાએ એના એ ખ્યાલમાં સાવધાનીથી હોવું જોઈએ.

'શ્રીમદ્જી'એ લીધું છે – જ્ઞાન માર્ગે કાં તો વિકલ્પની વૃદ્ધિ થાય છે કાં તો આગમ વાંચતા વાંચતા અનેક જગ્યાએ સંદેહના સ્થાનો ઊભા થાય છે અને એ સંદેહ થતાં 'જ્યાં શંકા ત્યાં ગણ સંતાપ, જ્ઞાન તહાં શંકા નહીં સ્થાપ' ત્યાં જ્ઞાન નથી, જ્ઞાનનો અભાવ છે. તો અનેક પ્રકારે જ્ઞાન માર્ગે જે વિટંબણા આવે છે એની ત્યાં લાલબત્તી મૂકી છે.

મુમુક્ષુ :– આપે જે કીધું કે વિકલ્પ વધે છે વાંચન, મનન,...

પૂજ્ય ભાઈશ્રી :– વધે છે કે નહીં ?

પ્રશ્ન :– ઇ વાત બરાબર છે પણ ઇ શું રહી જાય છે તેથી વધે છે ?

સમાધાન :– ઓળખાણ, નિર્વિકલ્પ તત્ત્વની ઓળખાણ થતી નથી તેથી વિકલ્પ વધે છે. શેના માટે વિકલ્પ કર્યા ? નીચે આવશે કે આ જ્ઞાન છે, આ દર્શન છે, આ વિભાવ છે, આ કર્મ છે, આ નય છે, ફલાણું છે, ફલાણું છે, ફલાણું છે, એમ બધું ક્યાં સુધી આવે ? ઓળખવા માટે.

મુમુક્ષુ :– તો પ્રયત્ન તો એનો જ ચાલે છે, ઓળખાણનો જ ચાલે છે.

પૂજ્ય ભાઈશ્રી :– ઓળખાણનો ચાલે છે કે કેમ ? આ જરા Check કરવા જેવો વિષય છે.

મુમુક્ષુ :– મારું કહેવાનું એમ છે કે એમાં પ્રયત્ન નથી થતો.

પૂજ્ય ભાઈશ્રી :– પ્રયત્ન શું છે કે પ્રયત્ન વિકલ્પના આધારવાળો છે. શું રહી જાય છે ? બહુ સ્પષ્ટ કરીએ તો કે અનાદિથી જીવ રાગના આધારે પરિણમન કરી રહ્યો છે. હવે વીતરાગ સ્વભાવી, રાગ રહિત નિર્વિકલ્પ આત્મસ્વભાવ, એમાં એની

ઓળખાણ કરીને એમાં એકાગ્ર થવું છે. એ કાર્ય માટે પણ જો રાગનો જ આધાર લેવામાં આવે તો અનાદિથી એણે જે કર્યું છે એ જ કર્યું છે, બીજું નવું શું કર્યું એણે ? કાંઈ નવીન કર્યું નથી, કોઈ ફેરફાર કર્યો નથી. એનું એ જ કાર્ય એણે કર્યું છે.

પ્રશ્ન :– તો વિકલ્પ તોડવા કેવી રીતે ?

સમાધાન :– વિકલ્પ તોડવા પડતા નથી. એ કહેશે આગળ કે એક એક વિકલ્પને છોડવા પડતા નથી, એક એક વિકલ્પ છોડવા જાય તો છૂટતા પણ નથી, પણ જો નિર્વિકલ્પ સ્વરૂપમાં અહંપણું થઈને એવું જોરથી અહંપણું થાય કે લીનતા થઈ જાય તો આપોઆપ બધા વિકલ્પ એકસાથે છૂટી જાય એમ કહેવું છે. એટલે એણે ઓળખાણના પ્રયત્નમાં પણ રાગનો આધાર નહીં લેતા જ્ઞાન લક્ષણથી જ્ઞાનના આધારે જ્ઞાન સ્વભાવને ઓળખવો જોઈશે.

એ તો આપણે 'નિર્ભ્રાંત દર્શનની કેડી'માં છેલ્લા ત્રીજા પ્રકરણમાં એ વાત લીધી છે કે, ઓળખાણમાં શું કરે છે ? કે અનાદિની રાગની મુખ્યતાવાળી વિચાર કરવાની જે પદ્ધતિ છે એ જ વિચારથી, એ જ પદ્ધતિથી એ આત્માનું જ્ઞાન કરે છે કે આત્મા જ્ઞાન સ્વરૂપ છે, આત્મા નિર્વિકલ્પ સ્વરૂપ છે, આત્મા આનંદ સ્વરૂપ છે. પણ કોનો આધાર લઈને ? વિકલ્પનો આધાર લઈને. દુશ્મનનો પક્ષ લઈને કેવી રીતે પોતાનું હિત કરશે ? ઇ તો તને મારશે. એના પક્ષમાં જતાં તો તને મારી નાખશે એ તો. એટલે રાગનો આધાર છોડીને; રાગ ને જ્ઞાન બન્ને પ્રવર્તે છે પાછા, એમ નથી કે જ્ઞાન લાવવું ક્યાંથી અમારે ? જ્ઞાન પણ વિદ્યમાન છે અને ધારાવાહીપણે જ્ઞાનની ધારા જ્ઞાન ભંડારમાંથી ચાલી જ આવે છે. બંધ કરવી હોય તોપણ થાય એવું નથી. તારે બંધ કરવી હોય તો થાય એવું નથી. પણ તું એનો આધાર જ્યાં સુધી લેતો નથી, એને મુખ્યતા જ્યાં સુધી આપતો નથી અને એના આધારે એની ઓળખાણ કરતો નથી, બીજાના આધારે એની ઓળખાણ કરે છો, એના વિરુદ્ધ સ્વભાવના આધારે, વિભાવ સ્વભાવના આધારે એની ઓળખાણ કર તો વિભાવના આધારે સ્વભાવ ન ઓળખાય. તો કદી ન ઓળખાય. કલ્પના થાય, વિભાવ ભળીને એમાં કલ્પના થાય, પણ કદી સ્વભાવની ઓળખાણ ન થાય.

પ્રશ્ન :– આ વિભાવના ..

સમાધાન :– એટલે તો વિકલ્પ વધે છે. વિકલ્પ શું કરવા વધી ગયા ? વિકલ્પ

કાંઈ વધારવા નથી. પણ છતાં તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરતાં વિકલ્પ કેમ વધ્યા ? કે એણે રસ્તો ઊલટો પકડ્યો છે. અંદરમાં સાચો રસ્તો હજી એણે પકડ્યો નથી એ વાત નક્કી છે. જે રસ્તે જાય એ રસ્તે જે સ્ટેશન આવતું હોય એ આવે. એક રસ્તે જાય અને બીજા રસ્તાનું સ્ટેશન ક્યાંથી આવવાનું હતું ? જ્ઞાનનો આધાર લે તો જ્ઞાન સ્વયં નિર્વિકલ્પ સ્વરૂપ છે. જ્ઞાનનો આધાર લે તો જ્ઞાન સ્વયં પ્રત્યક્ષ સ્વરૂપ છે. જ્ઞાનનો આધાર લે તો જ્ઞાન સ્વયં અનુભૂતિ સ્વરૂપ છે – અનુભવ સ્વરૂપ છે. તો ત્યાં પ્રત્યક્ષ જ્ઞાનનો નિર્વિકલ્પ અનુભવ થશે. જો એનો આધાર લેશે તો. વિભાવનો આધાર લેશે તો વિકલ્પો વધશે. એમાંથી કદી પણ એને નિર્વિકલ્પ અનુભવ આવશે નહીં.

પ્રશ્ન :– વિકલ્પો એક એક સમય દૂર કરવા માંગીએ પણ વણઝારની જેમ ચાલ્યા આવે છે તો ત્યાં શું આપણે જ્ઞાયકનો આશ્રય લેવાથી ?

સમાધાન :– બસ ! જ્ઞાયકનો જ્ઞાયકપણે અભ્યાસ કરવો. બહુ મહાન ઉપદેશ વચન છે. કેવું ? મહાન ઉપદેશ વચન છે. જ્ઞાયકનો જ્ઞાયકપણે અભ્યાસ કરવો. હું જ્ઞાયક છું. હું જ્ઞાયકરૂપે છું, હું જ્ઞાયક સ્વરૂપે છું એમ અભ્યાસ કરવો. અભ્યાસ કરવો એટલે વારંવાર એનો આધાર લેવાનો પ્રયત્ન કરવો, એનું અવલંબન લેવાનો પ્રયત્ન કરવો. આ એક વિષય એવો છે કે એમ કરવા જતાં તને જે કાંઈ આડું આવશે ઇ વિકલ્પ છે તારો. એવો અભ્યાસ કરવા જતાં તને કોઈ રસ્તામાં રોકનાર ઊભું થશે, અવરોધક કારણ ઊભું થશે તો એ તારો જ વિકલ્પ છે. તો તને એનો અભ્યાસ થશે કે આ મારે હું જ્ઞાયક છું એમ લેવું હતું ને આ વિકલ્પ કેમ આવ્યો ? જે વિકલ્પ આવ્યો એ વિકલ્પ આવવા અંગેનો પહેલાં રસ લીધો છે માટે આવ્યો છે, મફતનો તો આવ્યો નથી. શું કરવા રસ લીધો છે ? એમાં રસબુદ્ધિ કેમ આવી ? એમાં સુખબુદ્ધિ કેમ આવી ? એ ભૂલ થઈ છે અને એ ભૂલ ન થાય એના માટે આ જ્ઞાયકનો અભ્યાસ કરવા જેવો છે. એટલે વળી પાછો વિચારમાં જ્ઞાન ઉપર આવે. વચ્ચે બીજું આ જે અવરોધક ઊભું થશે એનો પણ વિચાર આવશે, પણ એનો વિચાર એને તોડવા માટે આવશે અને જ્ઞાયકનો વિચાર જ્ઞાયકનો આધાર લેવા માટે આવશે.

એમ અનેક પ્રકારે જે વિચારો ચાલે છે એને નયપક્ષના વિચારો કહે છે અને એ જ્યાં નિર્વિકલ્પ અનુભવ થાય છે ત્યાં એ બધા ઉત્પન્ન થતાં બંધ થાય છે. એને

છૂટી ગયું એમ કહેવામાં આવે છે. જૈનધર્મની શરૂઆત આ શુદ્ધોપયોગથી થાય છે અને પૂરેપૂરો જૈનધર્મ શુદ્ધોપયોગમાં જ પ્રગટે છે. એટલે શુદ્ધ ઉપયોગની સત્ શાસ્ત્રોની અંદર ઘણી મહિમા કરી છે. કેમકે એ શુદ્ધોપયોગ છે એ સ્વભાવ આકારે છે- સ્વભાવસદશ ભાવે છે, એ ભાવ સ્વભાવસદશ છે. તેથી સ્વભાવના મહિમામાં આ રીતે પણ શુદ્ધોપયોગ દ્વારા પણ સ્વભાવનો મહિમા કરવામાં આવે છે.

મુમુક્ષુ :- શરૂઆત થાય જ્ઞાયકના વિકલ્પથી ત્યારે તો ખાલી વિકલ્પ જ હોય છે. કારણ કે એમાં વિશ્વાસ નથી આવતો. વિશ્વાસ આવે તો ચાલુ થઈ જાય.

પૂજ્ય ભાઈશ્રી :- વિશ્વાસ તો નજરે જોવે ત્યારે વિશ્વાસ આવે છે. એક વાત તમને કહેવા છતાં માન્યામાં ન આવતી હોય તો તમને નજરોનજર દેખાડીએ તો પછી તમને કાંઈ સમજાવાનું રહે ખરું ? કે ન રહે. એમ અહીંયાં એમ કહે છે કે તમને એમ કહ્યું કે આત્મા જ્ઞાન સ્વરૂપ છે, આત્મા જ્ઞાયક સ્વરૂપ છે અને એ જ્ઞાન કરવા સિવાય બીજું કાંઈ કરતો નથી. 'आत्मा स्वयं ज्ञानं ज्ञानात अन्यत् करोति किम' શું કરે એ ? કે જ્ઞાન સિવાય એ કાંઈ કરે નહીં ને કરી શકે પણ નહીં. તો એમ થાય છે જોઉં તો ખરો. જોઈને વિશ્વાસ કરવો. એમ ને એમ તો વિશ્વાસ આવવાનો નથી. અદ્ધરથી કર્યો હશે તો ટકવાનો નથી. એ તો નક્કી વાત છે. ઓઘે ઓઘે અદ્ધરથી કર્યો હશે તો ટકવાનો નથી. તો હું જોઈને તપાસીને નક્કી કરું કે જ્ઞાન સિવાય બીજું કાંઈ કરી શકે છે કે કરે છે ? બસ ! જોયા કરે એને કે કેમ છે આ ? કહે છે એમ છે કે બીજુ કાંઈ છે ? કરવાનું કાંઈ નથી એને. ફક્ત એ સ્વીકારવા માટે, વિશ્વાસ થવા અર્થે એને તપાસવાનું છે. એ તપાસ જો એ કરે તોપણ ઘણું કર્યું છે એણે. એટલી તપાસ કરે તો એણે ઘણું કર્યું છે. ઘણું કર્યું છે એટલે એ રસ્તે ચડવાનો એણે રસ્તો પકડ્યો છે એ દિશા એણે પકડી છે અને નહીંતર એણે અનાદિથી આ દિશા નથી પકડી. ખરી વાત ઇ છે કે અનાદિથી આ દિશા નથી પકડી. એમ છે.

પ્રશ્ન :- એ વિભાવ દશા પકડનાર પણ આત્મા જ છે ને ?

સમાધાન :- વિભાવદશાએ પરિણમનારને ? હા, એ તો જીવના જ પરિણામ છે. એમાં કાંઈ સવાલ નથી. પણ એ વિકૃત પરિણામ છે. રોગિષ્ટ પરિણામ છે. તાવ આવે એ શરીરની અવસ્થા છે પણ એ રોગિષ્ટ અવસ્થા છે. સોજા ચડે એ શરીરની અવસ્થા છે પણ એ રોગિષ્ટ અવસ્થા છે. આ શરીરની અવસ્થા છે પણ શરીરની

છે એટલે રાખવા જેવી છે એમ નથી. સોજા છે એટલે કાંઈ રાખવા જેવા છે ? એ કાંઈ એને પોતાના હિતની વાત નથી, અહિતની વાત છે.

મુમુક્ષુ :- વિભાવ દશામાં જવાનું જે મન થઈ જાય છે તો એવા કાંઈક કર્મ હશે ને ?

પૂજ્ય ભાઈશ્રી :- મૂળ તો શું છે કે વિભાવ રહિત સ્વભાવે હું છું એનું પોતાને અજ્ઞાન છે ને એને લઈને મન થાય છે. પૂર્વકર્મને લઈને નહીં. પૂર્વકર્મ તો જ્ઞાનીને પણ આવે છે. જ્ઞાનીને જે પૂર્વકર્મ ઉદયમાં આવે છેને એ અજ્ઞાનભાવે બાંધેલા ઉદયમાં આવે છે. બરાબર ? કેમકે કોઈ જીવ પહેલાં તો જ્ઞાની અનાદિનો તો છે નહીં. નવું જ્ઞાન એને થાય છે ત્યારે એને પૂર્વકર્મનો ઉદય કાંઈ બંધ નથી થઈ જતો. સંચિત કર્મ બધા એના પરિપાક કાળે ઉદયમાં આવે જ છે. તો એ અજ્ઞાનભાવે ઉદયમાં આવે છે પણ એને વિભાવરૂપે પરિણમવાનું મન થતું નથી. એટલે કર્મનો ઉદય ખરેખર કારણ નથી પણ પોતાના સ્વરૂપનું અજ્ઞાન એ કારણ છે.

'ગુરુદેવે' 'પરમાગમસાર'માં એવો એક બોલ લીધો છે. પોતાના સ્વ હસ્તાક્ષરમાં એ વાત લીધી છે. શરૂઆતનો ત્રીજો બોલ છે ઘણું કરીને. ત્રીજો બોલ છે.

**'ચૈતન્ય સ્વભાવનું અજ્ઞાન...'** નિજ ચૈતન્ય સ્વભાવનું અજ્ઞાન **'તે રાગ દ્વેષનું કર્તૃત્વ મનાવે છે.'** અથવા કરાવે છે. બીજું કાંઈ નથી. પહેલી જ લીટી છે. તમારા પ્રશ્નનો ઉત્તર છે કે કોણ જીવને રાગ-દ્વેષ કરવા પ્રેરે છે ? કે નિજ ચૈતન્ય સ્વભાવનું અજ્ઞાન. રાગ-દ્વેષ રહિત મારું સ્વરૂપ છે એ વાત એને જ્ઞાનમાં નથી, એનું અજ્ઞાન વર્તે છે એ એને રાગ-દ્વેષ કરાવે છે. તો એને શું જ્ઞાન છે ? હું ચૈતન્ય સ્વભાવી આત્મા છું એવું જ્ઞાન નથી ને એને શું જ્ઞાન છે ? કે હું ફલાણો માણસ છું. આવો ઘરબારી છું, આવો સંસારી છું આવો દુકાનદાર કે નોકરિયાત છું, ફલાણો છું, ફલાણો છું, ફલાણો છું. બસ ! એ એણે સ્વીકાર્યું છે અને એનો આધાર લઈને બધા જ રાગ-દ્વેષ કરે છે, જેટલા કરે છે એટલા.

પ્રશ્ન :- જ્ઞાનાવરણીય શું ભાવ ભજવે છે ?

સમાધાન :- જ્ઞાનાવરણીય કરતાં મોહનીય વધારે ભાવ ભજવે છે. મોહનીય ભાવ ભજવે છે. જ્ઞાનાવરણીય ખરેખર (ભાવ ભજવતો નથી). જ્ઞાનાવરણીય હોય છે પણ મુખ્ય કામ મોહનીયનું છે, જ્ઞાનાવરણીયનું નથી. મોહ છે, જીવને જે પરપદાર્થ

પ્રત્યનો મોહ છે, સંયોગ પ્રત્યેનો મોહ છે અને શુભાશુભ રાગનો જે મોહ છે આ એક જ એને સ્વરૂપજ્ઞાન થવામાં આડખીલી છે. મોટામાં મોટી આડશ હોય તો આ છે. આ રાગ-દ્વેષનું કર્તૃત્વ થતાં રાગ-દ્વેષથી અકર્તા સ્વભાવે અને જ્ઞાતા-દૃષ્ટા સ્વભાવે છે એવો આત્મા જીવને દૃષ્ટિમાં આવતો નથી તેથી પરિભ્રમણનું મૂળ એવું જે રાગ-દ્વેષનું કર્તૃત્વ અને પરિભ્રમણનું મૂળ એવું જે અજ્ઞાન એ જ સંસારનું બીજ છે. પોતાના હસ્તાક્ષરની અંદર છે.

મુમુક્ષુ :– 'ગુરુદેવશ્રી' તો મંત્રો આપી ગયા છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા ! ઝેર ઉતારવાના મંત્રો જ છે, ખરેખર એમ છે. મોહનું ઝેર ઉતારી નાખે એવા આ મંત્રો છે. હિતબુદ્ધિએ કરીને બુદ્ધિમાં આટલી તૈયારી કરે કે મારે મારું હિત કરી લેવું છે એવી હિતબુદ્ધિએ કરીને આ વિષયમાં અનુસરે, આ વચનોને અનુસરે એટલે એનું હિત થાય જ થાય, ન થાય (એમ નથી). એ Guaranteed વાત છે કે થાય જ થાય, ન થાય એ પ્રશ્ન નથી.

**'જેમ ગુફામાં જવું હોય તો પ્રવેશદ્વાર સુધી વાહન આવે, પછી પોતાને એકલાને અંદર જવું પડે,...'** એમ લીન થવા વખતે ઉપયોગ એકલો રહી જશે વિકલ્પનો સંગ છૂટી જશે. જે સંગ એને રુચતો નહોતો તે છૂટી જશે. જે સંગ જીવને રુચે છે એ સંગ એ જીવ છોડી શકતો નથી, એને એ સંગ છૂટતો નથી. **'ભેદવાદો બધા છૂટી જાય છે.'** ભેદના જેટલા કથનો છે એ અનુસાર જેવું વસ્તુનું ભેદવાળું સ્વરૂપ છે એ બધું વિકલ્પમાં એને સાધન છે, એને માટે જે કાંઈ વિષય કરવાનું સાધન છે એ વિકલ્પ છે. વસ્તુના ભેદોનો ભેદપૂર્વક વિકલ્પ વિષય કરે છે. એટલે એને ભેદવાદ કહેવામાં (આવે છે). વાદ એટલે કથન. એ બધા છૂટી જાય છે અથવા ભેદના કથન અનુસારનો વિષય છે એ પરિણમનમાંથી છૂટી જાય છે. એ છૂટતા પહેલાં હવે પૂર્વ પર્યાયની વાત હવે લે છે.

આમથી ઉપરથી વાત લીધી છે કે એ છૂટતા પહેલાં આત્માને **'ઓળખવા માટે...'** મૂળ સ્વરૂપને – અસલ સ્વરૂપને ઓળખવા માટે **'ચેતન કેવો છે, આ જ્ઞાન છે,...'** ચેતનમાં આ જાણે છે તે જ્ઞાન છે, દેખે છે તે **'આ દર્શન છે, આ વિભાવ છે, આ કર્મ છે, આ નય છે,...'** આ નયનો વિષય છે એ બધું આવે. **'એમ બધું આવે, પણ જ્યાં અંદર જાય ત્યાં બધું છૂટી જાય છે.'** એટલે ઓળખવાના કાળમાં એવા વિકલ્પો

આવે છે, એવા ભેદોથી ઓળખવાનું બને છે એ સિવાય બીજો ઉપાય નથી. ભેદ પાડીને ઓળખવા સિવાય બીજો કોઈ ઉપાય નથી.

કોઈ ગમે તેટલો યોગ્ય અને પાત્ર હોય, તૈયાર હોય તોપણ આ જ્ઞાન તે આત્મા છે એટલો ભેદ તો પાડવો જ પડે છે. એટલો ભેદ પહેલાં અવશ્ય આવે છે. કેમકે પહેલાં ભેદમાં ઊભો છે. અને ભેદમાં ને ભેદમાં એનો ભેદાત્મક વિષય આવે છે અને ત્યારે એને પરિણમનમાં ભેદ પડે છે પણ ઓળખાય છે જ્ઞાનમાં અભેદ સ્વરૂપ. ચાલતા પરિણામમાં ભેદ ચાલે છે. જ્ઞાનનો ભેદ પડે છે, દર્શનનો ભેદ પડે છે, કોઈપણ એક નયના વિષયનો ભેદ પડે છે. ચાહે નિશ્ચયનયના વિષયનો ભેદ પડે કે વ્યવહારનયના વિષયનો ભેદ પડે પણ એને ઓળખાય છે અભેદ સ્વભાવી આત્મા.

ભેદથી ભેદને પકડવો નથી, ભેદથી ભેદ છોડીને અભેદને પકડવો છે એમ છે. કેમકે અભેદને સમજાવવા માટે બીજો કોઈ ઉપાય નથી. કોના માટે ? જે ભેદમાં ઊભો છે એના માટે. 'સમયસાર'માં એનું દૃષ્ટાંત લીધું છે કે શાસ્ત્રકારે કેમ ભેદનો વ્યવહાર કર્યો ? કે અનાર્યને અનાર્યની ભાષામાં સમજાવ્યા સિવાય અનાર્ય કોઈ રીતે સમજી શકે એવું નથી.

આ બીજા દેશમાં જાય છે તો એને એની ભાષામાં વાત કરો તો સમજે નહીંતર કાંઈ સમજે નહીં, સામું જોઈ રહે. તમે બોલો તો એ સામું જોઈ રહે એ કાંઈ સમજે નહીં. ઇ બોલે ઇ તમે સામું જોઈ રહો કાંઈ સમજો નહીં. પણ એની ભાષામાં બોલવામાં આવે તો એ બરાબર સમજી જાય છે. આમાં બીજો વિકલ્પ શું કામ આવે ? કે આમાં બીજો કોઈ વિકલ્પ કામમાં આવતો નથી.

એમ અહીંયાં જે જીવ અનાદિથી ભેદમાં ઊભો છે, ક્યારે પણ અભેદ સ્વરૂપનું અભેદભાવે અવલંબન લીધું નથી, એને ભેદવચન સિવાય સમજાવવાનો કોઈ ઉપાય નથી. પણ સમજાવનાર શ્રીગુરુ ત્યારે પણ એમ કહેતાં જાય છે કે જો જે તને ભેદથી કહીએ છીએ પણ તને ભેદમાંથી ઉઠાડી મૂકીને, અનાદિનો તું ભેદમાં ઊભો છો એ ભેદમાંથી ઉઠાડી મૂકીને તને અભેદમાં પહોંચાડવા, અભેદ સમજાવવા, અભેદનું અવલંબન લેવા માટે ભેદથી સમજાવીએ છીએ. અમારા કહેવાના ભેદરૂપ કથનમાં અંતર્ગર્ભિત અભેદ આત્મા કહેવા ધારીએ છીએ. આમ વાત છે. તો અમે જે કહેવા ધારીએ છીએ એ તું લક્ષમાં લેજે, અમારા વચનને ખાલી પકડી રાખીશ નહીં. એમ

કહે છે. એટલે ઓળખવા માટે ત્યાં એ વાત લીધી છે કે ઓળખવા માટે આવા અનેક પ્રકારના ભેદ વિકલ્પો આવે.

'સમયસાર'નો 'કર્તા-કર્મ અધિકાર' શરૂ કર્યો છે ત્યાં પહેલાં કળશમાં માંગલિક પૂરું કરીને પહેલાં કળશમાં એ વાત કરી છે. ૪૭ માં કળશમાં. કે શુદ્ધાત્મા કેવો છે ? આ શાસ્ત્રમાં જે શુદ્ધાત્મા આચાર્ય ભગવાન કહેવા ધારે છે કે મારા અનુભવથી હું એકત્વ વિભક્ત આત્માને દર્શાવીશ (એ) કેવો છે ? કે જે શુદ્ધાત્મા **'भेदवादान् खण्डयत्'** સંસ્કૃતની અંદર એવો શબ્દ લીધો છે. એ શુદ્ધાત્મા એવો અભેદ છે કે ભેદના કથનોને તોડી પાડે છે. ખંડન કરી નાખે છે કે એવો (ભેદરૂપ) નહીં. આત્મા જ્ઞાનસ્વરૂપ છે ? તો કહે છે, માત્ર જ્ઞાનનો ભેદ પાડે એવો નહીં. આત્મા આનંદસ્વરૂપ છે ? (તો કહે છે), માત્ર આનંદનો ભેદ પાડે એવો નહીં. આત્મા અસંખ્ય પ્રદેશે છે ? કે માત્ર ક્ષેત્રનો ભેદ પાડે એવો નહીં. એ અધિકારમાં પોતાને છેલ્લે નિર્વિકલ્પ અનુભવનો વિષય લેવો છે. વાત ખેંચીને ત્યાં સુધી લઈ જવી છે તો તારણ પણ એવા સંકેતથી કરેલો છે. 'કળશ ટીકા'માં તો ટીકાકાર કળશ લ્યે છે. ૪૭ મો કળશ છે.

મુમુક્ષુ :– ભેદ જ આવે છે... અભેદ તો આવતો નથી.

પૂજ્ય ભાઈશ્રી :– અભેદ કહે તોપણ એ ભેદરૂપ છે. અભેદનો એક ભેદ થયો. કેમકે ભેદ અને અભેદ પ્રતિપક્ષ છે ને ! તો ઇ એક ભેદ થઈ ગયો એમ. ૪૬ મો માંગલિકનો છે અને ૪૭ મો આ કળશ છે કે, **'परपरिणतिमुज्झत् खण्डयद्भेदवादा-निदमुदितमखण्डं ज्ञानमुच्चण्डमुच्चैः'** **'इदम् ज्ञानम् उदितम्'** આ જ્ઞાનનો ઉદ્યોત થયો, આ જ્ઞાનનો પ્રકાશ થયો, ઉદય થયો. બહુ અધ્યાત્મ પ્રધાન 'રાજમલજી'ની ટીકા છે. **'इदम्'** એટલે **'વિદ્યમાન છે,'** પ્રગટ છે, વિદ્યમાન છે, પ્રત્યક્ષ છે **'એવી ચિદ્રૂપશક્તિ પ્રગટ થઈ. ભાવાર્થ આમ છે...'** તરત જ એનો ભાવાર્થ કરે છે **'કે જીવદ્રવ્ય જ્ઞાનશક્તિરૂપે તો વિદ્યમાન જ છે, પરંતુ કાળલબ્ધિ પામીને પોતાના સ્વરૂપનું અનુભવશીલ થયું.'**

**'इदम् ज्ञानम् उदितम्'** **'ज्ञानम् उदितम्'** નો અર્થ એ છે કે પોતાના સ્વરૂપનું અનુભવશીલ થયું એને જ્ઞાનનો ઉદય કહીએ છીએ, બીજું કાંઈ કહેતા નથી. કેવી ટીકાની પદ્ધતિ છે ! અનુભવશીલ થયું એટલે અનુભવવાનો સ્વભાવ થઈ ગયો. કોનો સ્વભાવ થઈ ગયો ? કે જ્ઞાનનો સ્વભાવ થઈ ગયો. જ્ઞાનનો પોતાને જ અનુભવવાનો

સ્વભાવ થઈ ગયો એવા સ્વભાવ, પરિણમન સ્વભાવવાળું જ્ઞાન ઉત્પન્ન થયું. એટલે શું કહે છે ? કે હવે પછી આ જ્ઞાનનો ઉપયોગ કદાચ બીજે જશે તોપણ એ પોતાના સ્વાનુભવને છોડીને જાશે નહીં. કેમકે એનો સ્વભાવ થઈ ગયો છે. અનુભવશીલ થયો છે એટલે એનો એ સ્વભાવ છોડીને બીજાનું જ્ઞાન કરશે નહીં. પોતાને વેદતા વેદતા, પોતાને અનુભવતા અનુભવતા, પોતાને જાણતા જાણતા બીજું જણાશે. સ્વ-પરપ્રકાશક છે એટલે બીજું તો એમાં જણાશે પણ એ પોતાને જાણતા જાણતા જણાશે. એટલે એવો એનો સ્વભાવ ચાલુ થઈ ગયો.

મુમુક્ષુ :- તે વખતે વિકલ્પો ચાલતા હોય.

પૂજ્ય ભાઈશ્રી :- હા. માંગલિકમાં સમ્યક્જ્ઞાનનો મહિમા કર્યો છે એ જ વાત ચાલી છે. શું કહો છો ?

પ્રશ્ન :- તે વખતે વિકલ્પો ચાલતા હોય છે, ઉપયોગ એ બાજુ હોય છતાં તે વખતે જ્ઞાનને વેદે જ છે ?

સમાધાન :- હા, જ્ઞાનધારા ચાલુ જ છે. બરાબર જ્ઞાનને વેદતો જ જાય છે. એમ જ છે.

પ્રશ્ન :- તો વજન કોની ઉપર છે ? જ્ઞાન ઉપર છે કે ચાલતી ક્રિયા ઉપર છે ?

સમાધાન :- જ્ઞાન ઉપર છે. નહીં ચાલતી ક્રિયા ઉપર નથી. જ્ઞાન ઉપર છે. તો જ ટકી શકે ને. વજન એનું છૂટતું જ નથી. એટલે તો એ સ્વભાવ થઈ ગયો એમ કહે છે. વિકલ્પ નથી કરવો પડતો કે હું જ્ઞાન ઉપર વજન રાખું અને જ્ઞાનને પકડી રાખું, એમ વિકલ્પ નથી કરવો પડતો. એ અનુભવશીલ થઈ ગયું છે, એ તો એનો સ્વભાવ થઈ ગયો છે. એવા કોઈ અપૂર્વ રસે કરીને નિર્વિકલ્પ શુદ્ધોપયોગમાં સ્વરૂપનું રસાસ્વાદન કર્યું છે (કે) એ વિકલ્પમાં આવ્યા પછી પણ એનું રસાસ્વાદન છૂટતું નથી. એમ છે. એટલો તીવ્ર રસ આપ્યો છે. બહુ ઊંડે જઈને રસ લીધો છે પછી એ રસ છૂટતો નથી, વધતો જાય છે.

**'કેવું થતું થકું જ્ઞાન (ચિદ્રૂપશક્તિ) પ્રગટ થયું ?'** કે **'परपरिणतिम् उज्झत्' 'જીવ-કર્મની એકત્વબુદ્ધિને છોડતું થકું.'** જે કર્મનો ઉદય હતો એની સાથે એકત્વબુદ્ધિએ પરિણમતો હતો એ એકત્વબુદ્ધિને તો ઉખાડીને ફેંકી દીધી. મૂળમાંથી ઉખાડી નાખી. હવે એકત્વબુદ્ધિનો પ્રશ્ન રહેતો નથી. ચારિત્રમોહના રાગ-દ્વેષ છે (એ) અલ્પ છે, એ

એકત્વબુદ્ધિના નથી. ચારિત્રમોહના રાગ-દ્વેષ છે એનાથી ભિન્નપણું અનુભવવાનું ચાલુ રહે છે.

**'વળી શું કરતું થકું ?** અહીંયાં વાત લીધી છે કે **'भेदवादान् खण्डयत्'** આ શબ્દ લીધો છે. **'भेदवादान् खण्डयत्'** એટલે શું ? **'भेदवादान्'** નો હવે અર્થ કરે છે કે, આત્મામાં ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય છે. 'ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય યુક્તમ્ સત્' 'ઉમાસ્વામી' ભગવાનનું સૂત્ર છે. એ ભેદવાદમાં જાય છે. અથવા આત્મામાં એના દ્રવ્ય-ગુણ-પર્યાય છે. તો કહે છે, એ દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદ ભેદના કથનમાં જાય છે.

**'અથવા આત્માને જ્ઞાનગુણ વડે અનુભવે છે.'** શેનાથી આત્મા અનુભવાય ? કે જ્ઞાનથી આત્માનો અનુભવ થાય. **'ઇત્યાદિ અનેક વિકલ્પોને...'** **'खण्डयत्'** એટલે **'મૂળથી ઉખાડતું થકું.'** કેવું અભેદ જ્ઞાન, સ્વરૂપજ્ઞાન, અનુભવજ્ઞાન ઉત્પન્ન થયું ? કે આવા ભેદના કથનોને મૂળથી ઉખાડી નાખતું ઉત્પન્ન થયું. આ સમ્યક્ અનુભવજ્ઞાનનો મહિમા ચાલે છે. આવી રીતે કર્યો છે. અને એવું કાર્ય કરવામાં એ કેવું છે ? કે **'અતિશયરૂપ પ્રચંડ છે'** આવું કામ કરવા માટે એ અતિશય પ્રચંડ છે એમ કહે છે. જેમ પ્રચંડ વાવાઝોડું હોય તો ઝાડના ઝાડને, વનના વન મૂળમાંથી ઢાળી દે. ઢગલો કરી નાખે. એમ વિકલ્પોને મૂળમાંથી ઊખેડતું ઊખેડતું આગળ વધે છે. એવું પ્રચંડ જ્ઞાન કામ કરે છે.

**'અહો શિષ્ય ! અહીં શુદ્ધજ્ઞાન પ્રગટ થતાં જીવ કર્તા અને જ્ઞાનાવરણાદિ પુદ્‌ગલપિંડ કર્મ...'** જીવ કર્મને કરે **'એવો વિપરીતપણે બુદ્ધિનો વ્યવહાર..'** એનો પ્રસંગ કેવો **?** **'તેનો અવસર કેવો ?'** એની જગ્યા ક્યાં ? એની ગુંજાશ ક્યાં ? પ્રશ્ન ચિહ્નમાં મૂક્યું છે. એનો અવસર કેવો ? કે એ વાત ક્યાંય રહેતી નથી. એ તો બહુ દૂરની વાત છે.

**'ભાવાર્થ આમ છે કે જેમ સૂર્યનો પ્રકાશ થતાં અંધકારનો અવસર નથી'** ક્યાંક ખૂણેખાંચરે અંધારું રહી જાય તો ? કે પ્રકાશ પહોંચે ત્યાં અંધારું રહેવાનો પ્રશ્ન રહેતો નથી. **'જેમ સૂર્યનો પ્રકાશ થતાં અંધકારનો અવસર નથી તેમ શુદ્ધસ્વરૂપ-અનુભવ થતાં વિપરિતરૂપ મિથ્યાત્વબુદ્ધિનો પ્રવેશ નથી.'** જ્યાં શુદ્ધ સ્વરૂપનો અનુભવ થયો એવા તિર્યંચને પણ કોઈપણ પ્રકારે ક્યાંય પણ વિપર્યાસ રહેતો નથી. આ વિપર્યાસ ટળી જાય છે, બધા જ વિપર્યાસ ટળે છે એમ કહેવું છે.

**'અહીં કોઈ પ્રશ્ન કરે છે કે...'** આવા શુદ્ધ સ્વરૂપનો અનુભવ થતાં **'શુદ્ધજ્ઞાનનો અનુભવ થતાં માત્ર વિપરીત બુદ્ધિ મટે છે કે કર્મબંધ** (પણ સાથે સાથે) **મટે છે ? ઉત્તર આમ છે કે વિપરીત બુદ્ધિ મટે છે, કર્મબંધ પણ મટે છે. વિપરીત બુદ્ધિ મટતાં પુદ્ગલસંબંધી છે જે દ્રવ્યપિંડરૂપ જ્ઞાનાવરણાદિ કર્મોનું આગમન તે પણ કેમ થઈ શકે ?'** કેમ હોઈ શકે ? કેમ થઈ શકે ? એ પણ થઈ શકતું નથી. એ રીતે અહીંયાં માંગલિક કરવાની સાથે બીજા કળશમાં જે અધિકાર શરૂ કરવો છે એ અધિકારને અનુરૂપ વિષયનો પ્રારંભ કરે છે, અનુસંધાન કરે છે.

પ્રશ્ન :- માંગલિકમાં શું સમ્યક્જ્ઞાનનો મહિમા છે ?

સમાધાન :- **'શુદ્ધ જ્ઞાનપ્રકાશ પ્રગટ થાય છે.' 'ज्ञानज्योतिः स्फुरति' 'શુદ્ધ જ્ઞાનપ્રકાશ પ્રગટ થાય છે. કેવો છે ? સર્વોત્કૃષ્ટ છે.'** એના બધા વિશેષણોથી મહિમા કરે છે. **'વળી કેવો છે ?' 'अत्यन्तधीरं' 'ત્રિકાળ શાશ્વત છે.'** આ અત્યંત ધીર જ્ઞાન છે. આકરું, ઉતાવળું જ્ઞાન નથી. બહુ ધીરું જ્ઞાન છે. વિવેકવંત છે ને ! **'વળી કેવો છે ?' 'विश्वं साक्षात् कुर्वत्' 'સકળ જ્ઞેયવસ્તુને એક સમયમાં પ્રત્યક્ષપણે જાણે છે. વળી કેવો છે ? સમસ્ત ઉપાધિથી રહિત છે. વળી કેવો છે ? ભિન્ન-ભિન્નપણે સકળ દ્રવ્ય-ગુણ-પર્યાયનો જાણનશીલ છે.' 'पृथग्द्रव्यनिर्भासि'** બધા જુદાં જુદાં ગુણ દ્રવ્યોને જાણે છે. બીજામાં એનો સંકેલો કરી લીધો.

મુમુક્ષુ :- એનો અર્થ એમ થાય કે બધું જાણે છે.

પૂજ્ય ભાઈશ્રી :- ભેદ, અભેદ બધું જાણે છે. જ્ઞાનમાં એનું પ્રતિબિંબ પડે છે એટલું જ. અવલંબનનો વિષય નથી.

મુમુક્ષુ :- જ્ઞાન ધીર છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, ધીર છે એ ધીર એવું છે કે જોડે રહેલા રાગમાં અટવાતું નથી, પોતામાં ને પોતામાં જ પરિણમે છે.

પ્રશ્ન :- કેવી રીતે આમાં આગળ વધે છે ?

સમાધાન :- બરાબર સ્થિર થઈને આગળ વધે છે.

**'ઉક્ત પ્રકારે જે મિથ્યાદૃષ્ટિ જીવો છે તેમની કર્તૃકર્મપ્રવૃત્તિને અર્થાત્ 'જીવવસ્તુ પુદ્ગલકર્મની કર્તા છે.'** જીવવસ્તુ કર્મને કરે છે **'એવી પ્રતીતિને સંપૂર્ણપણે દૂર કરતો થકો.'** જ્ઞાનનો ઉદય થાય છે, જ્ઞાનનો પ્રકાશ પ્રગટ થાય છે. **'તે કર્તૃકર્મ-પ્રવૃત્તિ કેવી**

**છે ? એકલો હું જીવ દ્રવ્ય ચેતનસ્વરૂપ પુદ્ગલકર્મને કરું છું...**' હું જીવ અને પુદ્ગલકર્મને બાંધું છું અને '**એમ હોતાં વિદ્યમાનરૂપ છે જે જ્ઞાનાવરણાદિક પિંડ તે મારું કૃત્ય છે,...**' મારું કરેલું છે '**આવું છે મિથ્યાદૃષ્ટિનું વિપરીતપણું, તેને દૂર કરતું થકું જ્ઞાન પ્રગટ થાય છે.**' આખા સંપ્રદાયમાં આ વાત ચાલી છે. જીવ કર્મને કરે, જીવ કર્મને કરે, કર્મનો ઉદય જીવને કરે, કર્મનો ઉદય જીવના રાગને કરે. આ કહે છે કે આવું જે મિથ્યાદૃષ્ટિનું વિપરીતપણું છે એને દૂર કરતું થકું જ્ઞાન પ્રગટ થાય છે. '**ભાવાર્થ આમ છે કે અહીંથી કર્તૃકર્મ અધિકારનો પ્રારંભ થાય છે.**' કર્તા-કર્મનું પ્રકરણ અહીંથી શરૂ કરીએ છીએ. એવી રીતે વિષય અનુસંધાન લઈ લીધું છે.

મુમુક્ષુ :– જે લોકો આ વાતને પ્રતિપાદન આપે છે કે કર્મ કરે છે, કરે છે ઇ એવી રીતે જ અનુભવે છે.

પૂજ્ય ભાઈશ્રી :– શું વાંચતા હશે એ વિચારવા જેવું ખરું ને ? 'કળશ ટીકા' વાંચે તો એના આગમના સિદ્ધાંતો એણે જે પકડી રાખ્યા હોય.. કેમકે જીવના વિભાવના નિમિત્તે કર્મ બંધાય છે, કર્મનો વિપાક આવે છે ને જીવ પોતામાં સાવધાન રહેતો નથી એટલે એમાં જોડાઈને વળી પાછો રાગાદિ ભાવ ઉત્પન્ન કરે છે. આ બધું કરણાનુયોગમાં તો એને ભણવામાં આવે. હવે અધ્યાત્મના સિદ્ધાંતો, જ્યાં આ બધી ટીકા વાંચે તો એને ક્યાંય બેસે નહીં. આમાં કાંઈ બધી નિશ્ચયની વાતો કરી લાગે છે. આ બધું નિશ્ચયનું છે. એમ કરીને સમજણ ન પડે એટલે (કાઢી નાખે). પૂછવા જાય તો આબરુનો સવાલ ઊભો થાય કે આ શું કહે છે ? સમજણ પડી નહીં તો પૂછવા આવ્યા ને.

મુમુક્ષુ :– જેને પૂછવા જાય ઇ એવો જ જવાબ આપે.

પૂજ્ય ભાઈશ્રી :– ઇ તો એવું છે કે જેની પાસેથી ધર્મ પ્રાપ્ત કરવો, પહેલાં તેણે ધર્મ પામ્યાની ખાતરી કરવી. 'શ્રીમદ્જી'નું આ વચન છે. જેની પાસેથી ધર્મ પામવો હોય એ ધર્મ પામ્યો છે કે નહીં એમ પહેલાં ખાતરી કરવી. પછી તું એની પાસે પૂછવા જાજે. નહીંતર એને જેટલા ઊંધા લાકડા બેઠેલા છે એ બધા તને ગરી જતાં વાર લાગશે નહીં. આ પરિસ્થિતિ ઊભી થશે. ગંભીર વિષય છે.

પ્રશ્ન :– બિન અનુભવી અને અનુભવીની પરીક્ષા કેમ કરવી ?

સમાધાન :– દર્દી થાય ત્યારે ડૉક્ટરને કેમ નક્કી કરે છે ? ત્યારે ડૉક્ટરનું ભણીને

જાય છે દવાખાને ? કે બધા ડૉક્ટર લાઇનમાં ઊભો રહો. હું પણ ડૉક્ટર થઈને આવ્યો છું. હવે મારે તમને Select કરવા છે. એમ ભવરોગનો સાચો દર્દી થાય તો ઇ સમજે એને ખબર પડે કે આની દવા આને લાગુ પડે છે. આની દવા સાચી છે એમ સમજાય એવું છે એને.

મુમુક્ષુના નેત્રો મહાત્માને ઓળખી લ્યે છે. 'શ્રીમદ્જી'નું આ વચન છે. બરાબર ખબર પડે છે. પાંચ ડૉક્ટરને બોલાવ્યા હોય તો એમ કહે કે આની દવા લેવાની. આણે મારો રોગ પકડ્યો છે, એમ-કહે. એમ ભવરોગના કારણને બધું કહેવાવાળા છે, એમાં ગપ્પા મારનારા પણ છે ને કલ્પના કરનારા પણ છે ને સાચું કહેવાવાળા છે. હવે તું સાચો દર્દી થઈને જા. જો તારી વેદના, તારી નાડ ઉપરથી કહીએ છીએ કે બોલ તને અહીંયાં દુઃખે છે. ન્યાં નહીં અહીંયાં દુઃખે છે. નક્કી કર, હજી પાકું કર. કોણ સાચું કહે છે ઇ તરત બધું ખબર પડે એવું છે, ન ખબર પડે એવું કાંઈ નથી. (જો ન ઓળખાય) તો તો કોઈને રસ્તો જ મળે નહીં એવું થઈ જાય. પણ એમ કાંઈ છે નહીં.

અહીંયાં શું કહે છે ? કે ઓળખવા વખતે આ બધા પ્રથમ અવસ્થામાં વિકલ્પો હોય છે પણ લક્ષ જે વસ્તુને ઓળખવી છે એના ઉપર હોય અને ઓળખવા માટે થતાં વિકલ્પો ઉપર લક્ષ ન હોય એમ ઓળખવાની એની પદ્ધતિ હોવી જોઈએ, તો ઓળખાય. પણ વિકલ્પની મહત્તા રાખે – બહુ સારા વિકલ્પ આવ્યા, બહુ સારા ભાવ આવ્યા, આત્માના જ ભાવ આવ્યા, હું તો બધા આત્માના જ ભાવ કરું છું, ઇ સિવાય બીજો ભાવ જ કરતો નથી. એમ ન હોય. આત્માને ઓળખવો છે, જેવો છે એવો ઓળખવો છે એણે જ્ઞાનના લક્ષણે, જ્ઞાનના આધારે ઓળખવાનો-ઓળખવાની દિશામાં પ્રયત્ન કરવો જોઈએ. એના વિકલ્પ કરવા માટે વિકલ્પ કરવો છે, આત્માનો વિકલ્પ કરવા માટે વિકલ્પ કરવો છે એ રીતે તો વિકલ્પ આત્માનો પણ કર્તવ્ય નથી.

મુમુક્ષુ :– ઇ વખતે તો વિકલ્પની સાથે એકમેક થઈને વિકલ્પ કરે છે પણ જુદાં પડીને વિકલ્પને અનુભવતો નથી.

પૂજ્ય ભાઈશ્રી :– સંશોધકવૃત્તિ નથી. ખરી વાત શું છે ? કે નિર્ણય કરવાની દિશામાં જે સંશોધકવૃત્તિ હોવી જોઈએ એ પ્રકારે-ઇ લાઇને ઊપડતો નથી. એમ ને એમ ઓઘેઓઘે વિકલ્પો કર્યા કરે કે શાસ્ત્રો વાંચ્યા કરે. એવી રીતે ઉપર ઉપરથી

શાસ્ત્રો વાંચે કે આત્માના વિકલ્પો કરે એથી કાંઈ વળે એવું નથી. એમ છે. આગળ આવશે નિર્ણયની દિશામાં તું પ્રયત્ન કર. આમાં જ આવશે.

**'એક એક વિકલ્પ છોડવા જાય તો કાંઈ છૂટે નહીં,...'**. આ વિકલ્પ ન જોઈએ, આનો વિકલ્પ ન જોઈએ, આનો વિકલ્પ ન જોઈએ, ઘરનો વિકલ્પ ન જોઈએ, પરિવારનો વિકલ્પ ન જોઈએ, દુકાનનો વિકલ્પ ન જોઈએ, શરીરનો વિકલ્પ ન જોઈએ પણ એમ કાંઈ વિકલ્પ છૂટતા નથી. ન જોઈએ એ આવીને ઊભું રહે. જે વિષયનો એને વિકલ્પ કરવો ન હોય એ વિષય આવીને ઊભો રહે એના વિકલ્પમાં. કેમ એમ થાય છે ? કે ભાઈ ! તેં પહેલાં પૂર્વે રસ લીધો છે. ભૂતકાળમાં એ વિષયનો તેં રસ લીધો છે તો એનો વિકલ્પ તને આવ્યા વિના રહેશે નહીં. એ રસ તોડવો કેવી રીતે ? કે વિરુદ્ધ રસથી તૂટશે. વિભાવરસ સ્વભાવરસ વધતા તૂટે છે. એ સિવાય એને તોડવાનો બીજો કોઈ ઉપાય જગતમાં નથી.

એટલે કહે છે કે **'એક એક વિકલ્પ છોડવા જાય તો કાંઈ છૂટે નહીં,...'** અને અંદર નિર્વિકલ્પ સ્વરૂપના જોરમાં–પુરુષાર્થમાં **'અંદર જાય...'** લીન થાય, અંતર્મુખ થાય તો એને **'ત્યાં બધું છૂટી જાય છે.'** છોડવા માટે બીજો કોઈ નોખો (–જુદો) પ્રયત્ન કરવો પડે– અલગ પ્રયત્ન કરવો પડે એમ નથી. આપોઆપ જ બધું છૂટી જાય છે, એવું જ કોઈ એક કાર્ય થતાં બીજા કાર્યનો નાશ આપોઆપ છે. કેમકે એકસાથે બે કાર્ય તો થતાં નથી. વિરુદ્ધ કાર્ય કેમ થાય ? એટલે આપોઆપ છૂટી જાય છે.

જેને નિર્વિકલ્પ સ્વરૂપ આત્મા ઓળખાયો... 'ગુરુદેવે' તો કોઈવાર પ્રવચનમાં એ વાત કરી છે કે જેને નિર્વિકલ્પ સ્વરૂપ આત્મા ઓળખાયો એને હું નિર્વિકલ્પ છું એનું જોર એવું આવે, સ્વરૂપે કરીને જ હું નિર્વિકલ્પ છું એનું એટલું જોર આવે કે એનો વિકલ્પ વમાઈ જશે, વિકલ્પ વમવાનો એનો કાળ પાકી ગયો છે. ઇ જોર એમ બતાવે છે કે હવે એના વિકલ્પનો નાશ થવાનો કાળ પાકી ગયો છે. એને એની ઓળખાણ કહેવામાં આવે છે. નહીંતર બીજા કોઈ રસ્તે તો વિકલ્પનો નાશ થાય એવું નથી. બાહ્ય વિષયોનો ત્યાગ કરે માટે એનો વિકલ્પ છૂટે છે એવું તો પ્રત્યક્ષ અનુભવગોચરપણે બનતું નથી. આ એક જ એનો ઉપાય છે. અહીં સુધી રાખીએ.

નિર્વિકલ્પ દશામાં 'આ ધ્યાન છે, આ ધ્યેય છે' એવા વિકલ્પો તૂટી ગયા હોય છે. જોકે જ્ઞાનીને સવિકલ્પ દશામાં પણ દૃષ્ટિ તો પરમાત્મતત્ત્વ પર જ હોય છે, તોપણ પંચ પરમેષ્ઠી, ધ્યાતા-ધ્યાન-ધ્યેય ઇત્યાદિ સંબંધી વિકલ્પો પણ હોય છે; પરંતુ નિર્વિકલ્પ સ્વાનુભૂતિ થતાં વિકલ્પજાળ છૂટી જાય છે. શુભાશુભ વિકલ્પો રહેતા નથી. ઉગ્ર નિર્વિકલ્પ દશામાં જ મુક્તિ છે. – એવો માર્ગ છે. ૧૮૧.

તા. ૧૮-૦૮-૧૯૮૭, વચનામૃત–૧૮૧
પ્રવચન નં. ૧૩૬

'બહેનશ્રીનાં વચનામૃત' પાનું–૫૬. ૧૮૧ બોલ. મોક્ષમાર્ગ મોક્ષનો ઉપાય છે. સાધક ધર્માત્માની દશા છે એ આ બોલનો વિષય છે. બે પ્રકારે મોક્ષમાર્ગની દશા પ્રવર્તે છે. એક નિર્વિકલ્પ શુદ્ધોપયોગની દશા છે, બીજી એક સવિકલ્પ દશા પણ છે. બન્ને દશા સંબંધીનું અહીંયાં સ્પષ્ટીકરણ છે.

**'નિર્વિકલ્પ દશામાં 'આ ધ્યાન છે આ ધ્યેય છે' એવા વિકલ્પો તૂટી ગયા હોય છે.'** વીતરાગભાવનું ઉગ્રપણું થતાં, વીતરાગ સ્વભાવ પ્રત્યેનું જોર વધતાં – પુરુષાર્થ વધતાં જે શુદ્ધ ઉપયોગની દશા થઈ, નિર્વિકલ્પદશા થઈ એમાં કોઈ વિકલ્પ નથી. વિકલ્પ જેનું નામ કહીએ એવો કોઈ વિકલ્પ ત્યાં નથી. શુદ્ધોપયોગ સ્વયં ધ્યાનદશા છે. પોતે જ ધ્યાનદશા છે તોપણ 'આ ધ્યાન છે અને આ ધ્યેય છે' એ વિકલ્પ પણ ત્યાં નથી. એવા વિકલ્પો તૂટી ગયા હોય છે. કેમકે એ મુખ્યપણે સ્વસંવેદન અને આનંદના ભોગવટાની દશા છે. બહારમાં પણ તીવ્ર રસે કરીને કોઈપણ વિષયનો આનંદ લેવામાં આવે છે ત્યારે એ સંબંધીનો વિકલ્પ નથી રહેતો માત્ર આનંદનો જ

ભોગવટો છે.

જેમ કે કોઈ માણસ બહુ કિંમતી દાગીનો પહેરે છે તો એને દાગીનો પહેર્યાનો હરખ છે, આનંદ છે. આ દાગીનો કિંમતી છે એવા વારંવાર કોઈ વિચારો આવતા નથી. અથવા આ આ રીતે ખરીદ્યો હતો, અહીંયાં ખરીદ્યો હતો, એમાં આટલા આટલા હીરા છે, આટલું ફલાણું છે, આ આમ છે, આમ છે, આવી કારીગરી છે એ કાંઈ વિચાર વિકલ્પ રહેતા નથી. માત્ર એને ભોગવટાનો આનંદ હોય છે.

એમ નિર્વિકલ્પદશામાં આનંદનો એકાકાર ભાવે ભોગવટો છે ત્યાં ધ્યાન ધ્યેયના વિકલ્પ પણ નથી. મારું સ્વરૂપ મને ધ્યેયરૂપ છે, આશ્રયરૂપ છે એવો પણ વિકલ્પ નથી. હું એનું ધ્યાન કરું એવો પણ વિકલ્પ નથી. આ વિકલ્પના ઉત્કૃષ્ટ દૃષ્ટાંત છે. જો ધ્યાનદશાના કાળમાં ધ્યાનનો વિકલ્પ નથી તો બીજો વિકલ્પ હોવાનો ત્યાં પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. ધ્યાનદશાના કાળમાં ધ્યાનનો વિકલ્પ નથી તો પછી બીજો ક્યાંથી વિકલ્પ હોય ? કે એ બીજા વિકલ્પનો પણ પ્રશ્ન પછી રહેતો નથી. એ મોક્ષમાર્ગની દશા છે.

**'જોકે જ્ઞાનીને સવિકલ્પ દશામાં પણ દૃષ્ટિ તો પરમાત્મતત્ત્વ પર જ હોય છે,...'** જ્ઞાનીને સવિકલ્પદશાનો કાળ આવે, શુદ્ધોપયોગ છૂટી જાય, નિર્વિકલ્પ છૂટી જાય અને સવિકલ્પદશામાં આવે ત્યારે જ્ઞાનનો વિષય બદલાય છે, દૃષ્ટિનો વિષય બદલાતો નથી. દૃષ્ટિ તો જ્યારથી પરમાત્મતત્ત્વ ઉપર ગઈ અને પરમાત્મતત્ત્વનો દૃષ્ટિએ સ્વીકાર કર્યો ત્યારથી દૃષ્ટિ પોતાના વિષયનો ત્યાગ નથી કરતી, પોતાના વિષયને છોડતી નથી. સાદી અનંત કાળ પર્યંત સવિકલ્પ દશામાં આવે ગુણસ્થાન ઉપર ઉપરના, આવે કેવળજ્ઞાન થાય, સિદ્ધ દશા થાય તોપણ દૃષ્ટિ તો જે શરૂ થઈ તે થઈ, પ્રતિ સમય સાદી અનંત કાળ પર્યંત પોતાના વિષયને બદલતી નથી.

સર્વોત્કૃષ્ટ વિષય પોતાનું પરમાત્મતત્ત્વ છે. એ પરમાત્મતત્ત્વને દૃષ્ટિ છોડતી નથી એટલે એ વાત લે છે કે, જ્ઞાની સવિકલ્પદશામાં આવ્યા ત્યારે તેની બાહ્ય પ્રવૃત્તિ અને ચેષ્ટા બીજા સામાન્ય જીવો જેવી દેખાય. ખાવું, પીવું, બોલવું, બેસવું, ઊઠવું, ચાલવું, સૂવું, અનેક પ્રકારે વાતચીત કરવી તો બીજા જીવોની દશા ને આની દશા સરખી લાગે છે. તો સરખી થઈ ગઈ ? જ્ઞાની અજ્ઞાની થઈ ગયા એ વખતે ? એને રાગરૂપ ચારિત્ર વર્તે છે, જ્ઞાનમાં બીજો વિષય આવે છે. પોતાના પરમાત્મ સ્વભાવને

છોડીને ઉપયોગ બીજા વિષય ઉપર જાય છે ત્યારે એને અજ્ઞાનદશા થઈ કે નહીં ? દૃષ્ટિ તો જે પરમાત્મતત્ત્વ ઉપર આવી ગઈ એ દૃષ્ટિ પછી પરમાત્મતત્ત્વ ઉપરથી ખસતી નથી. ત્યાં ને ત્યાં જ એની દૃષ્ટિ રહે છે. દૃષ્ટિ રહે છે એટલે આ નજર નહીં – આંખ નહીં, ચક્ષુ ઇન્દ્રિયનો ઉપયોગ નહીં, દૃષ્ટિ એટલે અહીંયાં શ્રદ્ધાન. દૃષ્ટિનો અર્થ છે અહીંયાં શ્રદ્ધાન.

દર્શન શબ્દના બે અર્થ થાય છે. શાસ્ત્રમાં દર્શન શબ્દનો પ્રયોગ છે એમાં દર્શન એટલે દેખવારૂપ દર્શન ઉપયોગ, જે ચક્ષુદર્શન અને અચક્ષુદર્શન બે વિભાગે છે. અને એક દર્શન એટલે શ્રદ્ધાન. જ્યાં જે વિવિક્ષા ચાલતી હોય, જે પ્રકરણ ચાલતું હોય એ અનુસાર એનું અર્થઘટન કરવું. શબ્દ એકનો એક છે, એના વિષય–વાચ્ય બે જુદાં જુદાં છે.

અહીંયાં દૃષ્ટિ એટલે શ્રદ્ધાન. જ્ઞાનીને સવિકલ્પ દશા હોય ત્યારે પણ શ્રદ્ધાન તો પરમાત્મતત્ત્વનું જ રહે છે. હું પરમાત્મા છું એવું શ્રદ્ધાનું પરિણમન મટતું નથી, એવું શ્રદ્ધાનું પરિણમન છૂટતું નથી પણ એવું શ્રદ્ધાનું પરિણમન એવું ને એવું ચાલુ રહે છે. જેવું નિર્વિકલ્પ દશામાં ચાલુ થયું તેવું ને તેવું સવિકલ્પ દશામાં ચાલુ રહે છે. ફેરફાર થાય છે એ ઉપયોગમાં થાય છે અને રાગ અને વીતરાગતામાં (થાય છે) એટલે જ્ઞાન અને ચારિત્રના પરિણામમાં ફેરફાર થાય છે, શ્રદ્ધાના પરિણામમાં કાંઈ ફેરફાર થતો નથી.

પ્રશ્ન :– નિર્વિકલ્પ શ્રદ્ધા થયા પહેલા આવી રીતે કોઈપણ વિચાર કરે કે, હું પરમાત્મા છું ?

સમાધાન :– હા, વિચારે એટલે એના જ્ઞાનમાં પરમાત્મતત્ત્વ ભાસ્યું હોય તો હુંપણે જ ભાસ્યું હોય કે બીજાના સ્વરૂપે ભાસ્યું હોય ? પોતા સ્વરૂપે ભાસ્યું હોય. પોતા સ્વરૂપે પોતાનું પરમાત્મતત્ત્વ ભાસ્યમાન થતાં એની એટલી બધી મુખ્યતા આવે કે બીજું બધું ગૌણ થઈ જાય. એમ થાય.

પ્રશ્ન :– ભાવભાસન થયા પહેલાં કઈ રીતે લેવું ?

સમાધાન :– એનું જિજ્ઞાસુ રહેવું. ભાવભાસન ન થયું હોય તો મારું સ્વરૂપ ખરેખર જેને પરમાત્મતત્ત્વ કહેવામાં આવે છે, જેને પરમેશ્વરપદ કહેવામાં આવે છે, જેને સર્વોત્કૃષ્ટ પરમ પદાર્થ કહેવામાં આવે છે એ ખરેખર કેવું છે એની જિજ્ઞાસામાં

રહેવું જોઈએ, તો એનું ભાવભાસન થાય. ટૂંકામાં ભાવભાસન નથી થયું તો ભાવભાસન થવા અર્થેની એની પ્રવૃત્તિ હોવી જોઈએ. પરિણામની જે પ્રવૃત્તિ છે, પરિણમન છે એ ભાવભાસન માટેની હોવી જોઈએ. તો ભાવભાસન થાયને. ભાવભાસન માટેની પ્રવૃત્તિ ન હોય તો ભાવભાસન ન થાય. એને આપણે નિર્ણય કહીએ છીએ કે નિર્ણયની દિશામાં પ્રથમ પ્રયત્ન કર. પહેલો પ્રયત્ન ક્યાં કરવો ? કે નિર્ણયની દિશામાં કરવો.

એવો એક પત્ર 'શ્રીમદ્જી'એ 'લલ્લુજી મુનિ' ઉપર લીધો છે કે 'દેવકરણજી' વગેરે પોતાને પરમાત્મા માનવા લાગ્યા છે કે, હું પરમાત્મા છું. તો અમને આ વાત કાંઈ ઠીક લાગતી નથી. એમ પોતાને કોઈ પરમાત્મા માની લ્યે તો એ વાત અમને કાંઈ ઠીક લાગતી નથી. અને ભય છે કે કદાચ એ સ્વેચ્છાચારરૂપ, સ્વચ્છંદરૂપ દશામાં આવી જાય. તો એનો ઉત્તર એમણે આપ્યો છે કે, સર્વ આત્માઓ મૂળ સ્વરૂપે તો પરમાત્મ સ્વરૂપે જ છે. એટલે જે કોઈ આત્મા પોતાના મૂળ સ્વરૂપને જેમ છે એમ પરમાત્મ સ્વરૂપે માને તો તે ઇષ્ટ છે, સારી વાત છે. તેમ છતાં પણ એમ કરીને અપેક્ષા બતાવી છે કે જ્યાં સુધી એનો પ્રત્યક્ષ અનુભવ ન થાય, ત્યાં તો સીધી એ વાત લીધી છે કે જ્યાં સુધી એવા પરમાત્મપદનો પ્રત્યક્ષ અનુભવ ન થાય, અતીન્દ્રિય પ્રત્યક્ષ અનુભવ ન થાય ત્યાં સુધી એ વિષયમાં જિજ્ઞાસુ રહેવું સારું છે. બસ ! આટલું માર્ગદર્શન આપી દીધું. એટલે તમે પણ કે કોઈપણ જ્યાં સુધી એ પ્રગટ દશાને ન પામો ત્યાં સુધી તમે એની જિજ્ઞાસામાં રહો તો તમને સ્વચ્છંદ નહીં થાય અને નહીંતર પરમાત્મ સ્વરૂપે છું એવી કલ્પના કરીને કાંઈને કાંઈ સ્વચ્છંદ થઈ જશે એમ.

એ 'પરમાગમસાર'માં પ્રશ્ન ઉઠાવ્યો છે. શું માને ? તો રાગાદિને શું માને ? આત્માને શું માને ? એમ કરીને વાત લીધી છે. આ બાજુ છે, ડાબા હાથ બાજુ (છે). અનેક જાતના ઘણા ખુલાસા આ ગ્રંથમાં તો આવ્યા છે. એવો પ્રશ્ન કર્યો છે (કે), રાગને પોતાનો માનવો કે ન માનવો ? હજી રાગથી ભિન્ન પડ્યા નથી, હવે ભિન્ન પડવા માટે પોતાનો ન માનવો અને છતાં જાણવું કે મારી દશામાં થાય છે, એ પ્રકારનો (પ્રશ્ન છે). હમણાં આવા કરે છે, ચિહ્ન બધા કરી નાખે છે તરત મળે. પાછળ નોંધ કરેલી છે. અહીંયાં તો સ્પષ્ટ જ્ઞાનદશાનો જ વિષય છે.

**'જ્ઞાનીને સવિકલ્પ દશામાં પણ દૃષ્ટિ (અર્થાત્ શ્રદ્ધાન) તો પરમાત્મતત્ત્વ પર જ હોય છે,...'** એને પોતાનું સ્વરૂપ પરિપૂર્ણ શુદ્ધ, પરમપદ સ્વરૂપ છે એવું શ્રદ્ધાન ચાલુ રહે છે અને ઉપયોગ બહાર જાય છે, સવિકલ્પ દશામાં બુદ્ધિપૂર્વકના રાગની ઉત્પત્તિ થાય છે અને ત્યાં સવિકલ્પ દશા થાય છે. બન્ને વાત લીધી છે. સવિકલ્પ દશા હોય છે તોપણ સ્વરૂપશ્રદ્ધાન રહે છે અને સ્વરૂપશ્રદ્ધાન રહે છે, હોય છે તોપણ જ્યાં સુધી પૂર્ણ થતો નથી, સાધકદશામાં રહે છે ત્યાં સુધી પંચ પરમેષ્ઠી, ધ્યાતા-ધ્યાન- ધ્યેય ઇત્યાદિ સંબંધી વિકલ્પો પણ હોય છે. બન્ને વાત સામે સામે લીધી છે.

સવિકલ્પદશામાં પંચ પરમેષ્ઠીના નમસ્કાર મંત્રથી માંડીને પોતાના સ્વરૂપ વિષયના પણ અનેક પ્રકારના (વિકલ્પો) આ મારું ધ્યેય સ્વરૂપ છે એનું ધ્યાન આવું મને હોવું ઘટે છે. હું પોતે ધ્યાતા છું, ધ્યાતાના આવા લક્ષણો છે. ધ્યાતા પુરુષ આવો હોય એ વગેરે અનેક પ્રકારે વિચાર પોતાના આવે છે, વિકલ્પ ઉત્પન્ન થાય છે. પણ એ વિકલ્પ છે એ વિકલ્પ જ ચાલુ રહે એમ નથી. સવિકલ્પ અને નિર્વિકલ્પ દશાના સિદ્ધાંતને વિચારીએ તો નિયમ એવો છે કે પુરુષાર્થની ઉગ્રતા થતાં નિર્વિકલ્પ સ્વભાવ પ્રત્યે પુરુષાર્થનું જોર વધતા નિર્વિકલ્પ દશા થાય અને જ્ઞાનીને સાધકને પુરુષાર્થ ધર્મ મંદ રહેતા તે સવિકલ્પ દશામાં આવે છે.

'પ્રવચનસાર'માં 'ચરણાનુયોગ સૂચક ચૂલિકા' નામનો છેલ્લો અધિકાર છે, ત્રીજો અધિકાર છે. ત્રણ અધિકારમાં એ ગ્રંથ વહેંચાયેલો છે એમાં ત્રીજા અધિકારમાં એ વાત લીધી છે. ત્યાં 'અમૃતચંદ્રઆચાર્યદેવે' એવી શૈલી કરી છે, કથન શૈલી એવી કરી છે કે જે શુભ વિકલ્પ છે અથવા વ્યવહાર છે, જ્ઞાનીને મોક્ષમાર્ગની દશામાં જે વ્યવહારને યોગ્ય શુભ વિકલ્પ છે તે પુરુષાર્થના દૃષ્ટિકોણથી વિચારવામાં આવે તો તે શુદ્ધિનો જ મંદ પુરુષાર્થ છે. શું કહ્યું ? શુદ્ધિનો જ મંદ પુરુષાર્થ છે. શુદ્ધિનો એટલે એનો અર્થ એમ થયો કે શુદ્ધિના મંદ પુરુષાર્થ કાળે સવિકલ્પ દશા છે અને શુદ્ધિના ઉગ્ર પુરુષાર્થ કાળે નિર્વિકલ્પ દશા છે. આ સાધક દશામાં સવિકલ્પ અને નિર્વિકલ્પ દશા થવાનો સિદ્ધાંત છે.

મુમુક્ષુ :- આ જે શુદ્ધિનો મંદ પુરુષાર્થ છે એ આરોપિત કથન છે.

પૂજ્ય ભાઈશ્રી :- આરોપિત એટલે ?

મુમુક્ષુ :- એટલે કે સ્વભાવ તો એક તરફ ચાલુ જ છે..

પૂજ્ય ભાઈશ્રી :– ચાલુ છે પણ એમાં તારતમ્ય ભેદ પડે છે. પુરુષાર્થમાં, વેગમાં, જોરમાં તારતમ્ય ભેદ પડે છે તો જ્યારે પુરુષાર્થ મંદ પડે ત્યારે રાગની ઉત્પત્તિ થઈ જાય. કેમ ? કે જે પુરુષાર્થ છે ઇ તો વીતરાગ સ્વભાવ પ્રત્યે છે પણ એમાં મંદતા આવે ત્યાં બુદ્ધિપૂર્વકનો રાગ ચાલુ થઈ જાય. અને પોતાના વીતરાગી સ્વભાવમાં એકદમ જોર વધે ત્યારે રાગ ઉત્પન્ન થતો બંધ થઈ જાય અને રાગ રહિત જે દશા રહે એનો અનુભવ થાય. એને વીતરાગી દશાનો શુદ્ધ ઉપયોગનો અનુભવ કહેવામાં આવે છે. રાગ ઉત્પન્ન થાય ત્યારે રાગ પણ અનુભવમાં આવે છે કે અવસ્થામાં રાગ થાય છે.

મુમુક્ષુ :– મંદ રાગને પુરુષાર્થ કીધો.

પૂજ્ય ભાઈશ્રી :– નહીં, મંદ પુરુષાર્થ છે એ રાગને ઉત્પન્ન થવામાં નિમિત્ત પડે છે. ઉત્પન્ન થવામાં નિમિત્ત પડે છે એમ લેવું. બે ગુણ વચ્ચેનો નિમિત્તનૈમિત્તિક સંબંધ લઈએ તો પુરુષાર્થ ધર્મ મંદ રહે ત્યારે રાગની ઉત્પત્તિ અવશ્ય થાય, થાય ને થાય જ, એમ. એમણે શૈલી એવી કરી છે કે જ્ઞાનીને વ્યવહાર છે. કેમકે પંચ પરમેષ્ઠી, ધ્યાતા-ધ્યાનનો વિકલ્પ એ શુદ્ધિનો જ મંદ પુરુષાર્થ છે. એટલે કે ક્યારેય એણે પુરુષાર્થને છોડ્યો નથી. ચારિત્રનો અધિકાર ચાલે છે ત્યાં આચરણનો અધિકાર છે. તો કહે છે, સાધકે ક્યારે પણ પુરુષાર્થને છોડ્યો નથી પણ પુરુષાર્થમાં તીવ્રતા-મંદતા થયા કરે. અને તીવ્રતા મંદતા થયા કરે એમાં મંદતા થાય ત્યારે એને વિકલ્પ ને રાગની ઉત્પત્તિ થાય, વ્યવહારના પરિણામ થાય અને એકદમ તીવ્રતા થાય ત્યારે નિર્વિકલ્પ શુદ્ધોપયોગની વીતરાગી દશા ઉત્પન્ન થાય.

જેમ કે છઠ્ઠુ-સાતમું ગુણસ્થાન મુનિરાજનું લઈએ તો મુનિરાજ ક્ષણમાં છઠ્ઠા ગુણસ્થાને આવે છે, ક્ષણમાં સાતમાં ગુણસ્થાને આવે છે. તો છઠ્ઠા ગુણસ્થાને ક્યારે આવે છે ? કે એ વખતે એનો પુરુષાર્થધર્મ મંદ થાય છે તો છઠ્ઠા ગુણસ્થાને આવે છે. સાતમામાંથી છઠ્ઠે આવ્યા ઇ તો સીધો ગુણસ્થાન ફેરનો વિષય છે. એક ને એક ગુણસ્થાનમાં પણ સવિકલ્પ અને નિર્વિકલ્પ દશા રહે છે. અહીંયાં તો ગુણસ્થાન જ બદલાય છે. સાતમાં ગુણસ્થાનમાં સવિકલ્પદશા, રાગની ઉત્પત્તિ થાય નહીં. એ તો નિર્વિકલ્પ દશાનું ગુણસ્થાન છે. એટલે જ્યારે એમને પુરુષાર્થ મંદ વર્તે એટલે છઠ્ઠા ગુણસ્થાનમાં આવે. છઠ્ઠા ગુણસ્થાનમાં આવે, પોતે જાગૃત છે, એકદમ પુરુષાર્થ વધી

જાય છે વળી સાતમામાં આવે છે. એમાં પાછી મંદતા આવે તો છઠ્ઠામાં આવે પાછો પુરુષાર્થ વધી જાય ને સાતમામાં આવે. એમ હજારોવાર છઠ્ઠા-સાતમા ગુણસ્થાનમાં મુનિરાજનું આવાગમન થાય છે.

એટલે એવા '**વિકલ્પો પણ હોય છે; પરંતુ નિર્વિકલ્પ સ્વાનુભૂતિ થતાં વિકલ્પજાળ છૂટી જાય છે.**' વિકલ્પ તૂટી જાય છે એમ કહો, વિકલ્પની જાળ છૂટી જાય છે એમ કહો. મુનિરાજ તો ઉપદેશ આપતા હોય. શાસ્ત્રસભામાં મુનિરાજ ઉપદેશ આપતા હોય, બીજા મુનિઓ પણ સાંભળતા હોય, ગૃહસ્થો, રાજાઓ સાંભળવા આવે, ઇંદ્રો સાંભળવા આવે તો એ પણ કહેતા કહેતા વિકલ્પ છૂટી જાય છે. સ્વરૂપમાં લીન થઈ જાય છે. પાછા વિકલ્પમાં આવે તો વિષયની Link તૂટ્યા વિના ધારાવાહી એ વિષયનું નિરુપણ ચાલતું હોય એવું સાંભળનારને લાગે. કેમકે એમનો કહેવાનો મુખ્ય વિષય શુદ્ધ આત્મા છે. એટલે એ સવિકલ્પ દશામાં આવે તોપણ વિષય બદલાતો નથી અને નિર્વિકલ્પ દશામાં આવે તોપણ વિષય તો બદલાતો નથી. વિષય બદલાતો નથી એટલે એમ ને એમ લાગે છે. અને કોઈ વખત કરણાનુયોગનો વિષય હાથમાં લીધો હોય, ચરણાનુયોગનો લીધો હોય, કથાનુયોગનો લીધો હોય, કોઈપણ વિષય હાથમાં લે. મુનિઓએ છઠ્ઠા-સાતમાં ગુણસ્થાને પુરાણો લખ્યા છે. 'જિનસેનાચાર્ય'એ. પછી આ 'મહાપુરાણ' લખ્યું. 'રવિષેણઆચાર્ય' થયા. કથાનુયોગ લખે, તીર્થંકરના મહાપુરુષોના પુરાણ લખે. તોપણ મૂળમાં જે વિષય શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્રનો છે એ તો પરમાત્મ તત્ત્વ જ છે. સવિકલ્પ દશામાં પણ એ વિષય શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્રથી ત્રણે પરિણામથી કરીને છૂટતો નથી. શ્રદ્ધાથી છૂટવાનો તો પ્રશ્ન જ નથી પણ એમનું આંશિક જ્ઞાન, લબ્ધ જ્ઞાન અને આચરણની પરિણતિ–ચારિત્રની પરિણતિ, વીતરાગ પરિણતિ ચાલુ ને ચાલુ રહે છે અને એ શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્રના પરિણામ વડે કરીને પોતાના મૂળ વિષયથી એ જરા પણ સર્વથા છૂટી જાય એવું સાધકદશામાં કોઈને બનતું નથી. કોઈપણ ગુણસ્થાને ન બને.

'**પરંતુ નિર્વિકલ્પ સ્વાનુભૂતિ થતાં વિકલ્પજાળ છૂટી જાય છે,...**' ત્યારે વિકલ્પની જાળ છે એ રહેતી નથી. અહીંયાં તો ચોથા, પાંચમાં ગુણસ્થાનનો મુખ્યપણે વિષય ખ્યાલમાં રાખીને ચર્ચા કરી છે કે જ્યારે નિર્વિકલ્પ સ્વાનુભૂતિમાં આવે ત્યારે વિકલ્પની જાળ એકદમ છૂટી જાય છે. અને '**શુભાશુભ વિકલ્પો રહેતા નથી.**' શુભાશુભ વિકલ્પો

હોતા નથી, ઉત્પન્ન થતા નથી. એવી નિર્વિકલ્પ સ્વાનુભૂતિની દશા એ સાધકદશામાં ઉગ્ર પુરુષાર્થના કાળની દશા હોવાથી... છે ને નીચે લીધું છે છેલ્લે **'ઉગ્ર નિર્વિકલ્પ દશામાં જ મુક્તિ છે – એવો માર્ગ છે.'** નિર્વિકલ્પ દશા એ સાધકપણામાં ઉગ્રતાની દશા છે, જે તે ગુણસ્થાનમાં ગુણસ્થાન અનુસાર. પછી ચોથા ગુણસ્થાને જે નિર્વિકલ્પ દશા છે એ છટ્ઠા ગુણસ્થાને ઉગ્ર દશા નથી ગણાતી. કેમકે મુનિરાજ સવિકલ્પ દશામાં આહારનો વિકલ્પ કરે ત્યારે એને જેટલી નિર્જરા છે એ ચોથા ગુણસ્થાનની ઉગ્ર નિર્વિકલ્પ દશા કરતાં ગુણશ્રેણી નિર્જરાથી વીતરાગતા ત્યાં વર્તે છે અને કર્મની નિર્જરા કરે છે. આહારના વિકલ્પ ટાણે, નિદ્રાના વિકલ્પ ટાણે. તો ત્યાં એને ઉગ્રતા મુનિદશાની અપેક્ષાએ તો નીચેના ગુણસ્થાનની કોઈપણ ઉગ્ર દશા છે એ મંદ દશા છે.

કોઈપણ ગુણસ્થાનમાં જે તે ગુણસ્થાનની ઉગ્રમાં ઉગ્ર છેલ્લી હદની નિર્વિકલ્પ દશા ઉગ્રપણે આવે ત્યારે એ ગુણસ્થાનથી પલટો મારીને ઉપરના ગુણસ્થાનમાં બિરાજમાન થાય છે. એવી રીતે નિર્વિકલ્પ દશામાં જ ઉપર ઉપરના ગુણસ્થાનમાં આરૂઢ થવાનું બને છે અને એવી ઉગ્ર નિર્વિકલ્પ દશામાં જ મુક્તિ છે. કારણ કે સાતમા ગુણસ્થાનથી એકદમ ઉગ્રતા આવે તો આગળના ગુણસ્થાનમાં આઠમા, નવમા, દસમા ગુણસ્થાનમાં શ્રેણી માંડીને આગળ વધવા લાગે. તો એ બધી નિર્વિકલ્પ દશાના ગુણસ્થાનની સ્થિતિ છે. તો એ દશામાં જ મુક્તિ થાય છે.

એમ કહીને એક એવા સિદ્ધાંતનું અહીંયાં નિરૂપણ કર્યું છે કે શ્વેતાંબર આદિ બીજા દર્શનની તો ચર્ચા કરવી જ રહી ગઈ પણ આ લોકો તો એમ (કહે છે કે), વિચાર કરતાં કરતાં કરતાં કેવળજ્ઞાન થઈ ગયું. આત્માનો વિચાર કરતાં કરતાં કેવળજ્ઞાન થઈ ગયું. એ પહેલાં બીજો વિચાર ચાલતો હતો પછી એમાં આત્માના વિચારે ચડી ગયા તો એને કેવળજ્ઞાન થઈ ગયું. તો કહે છે, સવિકલ્પ દશામાં ક્યારે પણ કોઈને મુક્તિ પ્રગટ થાય એવું બનતું નથી. અથવા તો અંતરબાહ્ય નિર્ગ્રંથદશા પ્રગટ થયા વિના, એકલી અંતરની નહીં, અંતરબાહ્ય નિર્ગ્રંથ દશા પ્રગટ થયા વિના કોઈને પણ મુક્તિ થાય એવું બનતું નથી. એમાં એ નિર્ગ્રંથ દશામાં પણ, અંતરબાહ્ય નિર્ગ્રંથ દશામાં પણ એકદમ નિર્વિકલ્પ દશાની શ્રેણી શરૂ થાય, શ્રેણી એટલે ઉત્તરોત્તર ચડતો વર્ગ શ્રેણી એટલે વર્ગ. આ નિશાળમાં નથી લખતા ? પાંચમી શ્રેણી, છટ્ઠી શ્રેણી, સાતમી શ્રેણી. શ્રેણી એટલે Class. એમ આ સાતમા ગુણસ્થાનમાંથી આઠમા ગુણસ્થાનમાં,

નવમા ગુણસ્થાનમાં, દસમા ગુણસ્થાનમાં એમ ઉપર ઉપરના ગુણસ્થાનમાં આવે છે. બધા નિર્વિકલ્પ દશાના ઉજ્જવળ ધ્યાનના શુક્લધ્યાનના પરિણામ થાય છે અને એ દશામાં જ પૂર્ણ મુક્ત દશા પ્રગટ થાય છે. સીધી કોઈને બીજા પ્રકારે બીજી રીતે મુક્ત દશા થાય એવું ત્રણકાળ, ત્રણલોકમાં કોઈને માટે બનતું નથી. અને એટલા માટે ચાર ગતિમાં એક મનુષ્ય દશા જ એને માટે સાનુકૂળ છે, બીજી કોઈ દશા સાનુકૂળ નથી.

મુમુક્ષુ :- ભરત ચક્રવર્તીએ ચોથા ગુણસ્થાને જ દીક્ષા લઈ લીધી.

પૂજ્ય ભાઈશ્રી :- હા, બધા જ સાધકો નીચેના ગુણસ્થાને દીક્ષા લે છે ત્યારે કોઈને સાતમું ગુણસ્થાન હોતું નથી. છઠ્ઠાનો તો પ્રશ્ન જ નથી.

મુમુક્ષુ :- ચોથું - પાંચમું.

પૂજ્ય ભાઈશ્રી :- હા, ચોથું કે પાંચમું હોય. કારણ કે છઠ્ઠું તો સાતમા પછી આવે છે. પહેલું છઠ્ઠું કોઈને આવતું નથી કે પહેલાં આચરણ કરે. પંચ મહાવ્રત, સમિતિ, ગુપ્તિ ને અઠ્ઠાવીસ મૂળગુણનું પહેલાં આચરણ કરે તો એને સાતમું પ્રગટે એ તો સિદ્ધાંતમાં પણ નથી. એટલે વ્યવહાર નિશ્ચયનું કારણ થાય એ તો અમસ્તું પણ સિદ્ધાંતમાં નથી. આ વિષય ઉપર બહુ મોટો વિવાદ છે. શ્વેતાંબર-દિગંબર બન્ને સંપ્રદાયમાં અત્યારે વ્યવહાર કારણ અને નિશ્ચય કાર્ય એ મોટો વિવાદાસ્પદ વિષય છે. 'ગુરુદેવે' એ વિષયમાં બહુ પ્રકાશ પાડ્યો છે. અને આ ગુણસ્થાનની જે પરિપાટી છે, અનાદિ અનંત સિદ્ધાંતરૂપ એક સરખો સિદ્ધાંત ત્રણેયકાળે એનો આ નિયમ છે કે પહેલાં સાતમું ગુણસ્થાન આવે અને પછી છઠ્ઠું ગુણસ્થાન આવે, એમ છે.

પ્રશ્ન :- ચોથા ગુણસ્થાને દીક્ષા ગ્રહણ કરે એ વખતે ખરેખર મુનિપણું નથી ને ?

સમાધાન :- ના, ત્યારે ભાવલિંગ દશા નથી. પહેલાં દ્રવ્યલિંગ પછી ભાવલિંગ. પ્રથમ ધ્યાનમાં બેસે ત્યારે સાતમા ગુણસ્થાને આરૂઢ થાય અને એ દીક્ષા લેનારને ખબર હોય છે કે જેવી આ બાહ્ય નિર્ગ્રંથ દશા લીધી એવી અંતરંગ નિર્ગ્રંથ દશા પ્રગટતા હવે વાર લાગવાની નથી.

પ્રશ્ન :- આમ જોઈએ તો એને ભાવલિંગ તો ચોથા ગુણસ્થાનથી પ્રગટ થઈ ગયું છે. આત્માનો અનુભવ તો થઈ ગયો છે તો પછી ભાવલિંગ નથી એમ કેમ

કહેવાય ?

સમાધાન :- ભાવલિંગ તો સાતમા ગુણસ્થાન યોગ્ય મુનિદશાની વીતરાગતાને ભાવલિંગ કહેવાય છે. ચોથા ગુણસ્થાને ભાવલિંગ ન કહેવાય, પાંચમા ગુણસ્થાને ભાવલિંગ ન કહેવાય. એવા પણ ઇતિહાસમાં કિસ્સા બને કે કોઈ જીવને ચોથું જ રહી જાય ને સાતમું ન આવે. પાંચમું હોય ને પાંચમું જ રહી જાય અને સાતમું ન આવે. તો એ ચોથા અને પાંચમા ગુણસ્થાનવર્તી દ્રવ્યલિંગી છે. હવે એ રીતે ગણીએ તો દ્રવ્યલિંગીના ત્રણ પ્રકાર. મિથ્યાદૃષ્ટિ દ્રવ્યલિંગી, ચતુર્થ ગુણસ્થાનવર્તી દ્રવ્યલિંગી અને પંચમ ગુણસ્થાનવર્તી દ્રવ્યલિંગી. એમ ત્રણ પ્રકારે દ્રવ્યલિંગી હોઈ શકે છે. એને ભાવલિંગી ન કહેવાય.

મુનિદશા યોગ્ય વીતરાગતા ત્યાં નથી એમ છે. પાંચમાં ગુણસ્થાને પણ મુનિદશા યોગ્ય વીતરાગતા નથી. ગૃહસ્થ દશાને યોગ્ય વીતરાગતા છે.

પ્રશ્ન :- સ્થિરતા ઓછી છે ?

સમાધાન :- હા, સ્થિરતા ઓછી છે. સ્થિરતા ઓછી છે વીતરાગતા ઓછી છે. એમ જ છે. બિલકુલ એ વર્ગ જ જુદો છે. આ વર્ગ જુદો છે. એક વર્ગમાં પહેલાં નંબરે આવનારો છોકરો ગમે તેટલો હોશિયાર હોય તો એ એ જ વર્ગમાં છે ઉપરના વર્ગમાં નથી. ઉપરના વર્ગમાં ઠોઠ નિશાળીયો હોય તોપણ એ ઉપરના વર્ગનો છે નીચેના વર્ગનો નથી. એમ ફેર છે ઇ તો ફેર જ છે.

મુમુક્ષુ :- ચોથામાંથી પડી જાય તો બીજા ત્રીજામાં આવે ને ?

પૂજ્ય ભાઈશ્રી :- હા, બીજા ત્રીજામાં થઈને પહેલામાં આવે. બીજા ત્રીજામાં થઈને પહેલામાં આવે. બીજું ત્રીજું અંતર્મુહૂર્તનું છે, જઘન્ય અંતર્મુહૂર્તનું છે. એને ખબર પણ ન પડે. એને ખબર નથી આ બીજું આવ્યું ને આ ત્રીજું આવ્યું. એને કાંઈ ખબર ન હોય. તો પહેલામાં આવે ત્યારે એને ખબર પડે.

પ્રશ્ન :- સાતમામાંથી છઠ્ઠામાં આવે છે પાછા એ રીતે ચોથામાંથી બીજા, ત્રીજામાં પડવાનું આવે ?

સમાધાન :- પડવાનું આવે પણ એને ખબર ન પડે. એ કેવળીગમ્ય પરિણામ છે. એટલા સૂક્ષ્મ પરિણામ છે કે એ કેવળીગમ્ય પરિણામ છે. છદ્મસ્થને ઉપયોગમાં તેનું ગ્રહણ થતું નથી એમ લેવું. એટલે એને ખબર ન પડે.

પ્રશ્ન :- પ્રશ્ન એમ છે કે પહેલું, બીજું, ત્રીજું, ચોથું પાંચમું, છઠ્ઠું, સાતમું ક્રમમાં આવે ?

સમાધાન :- ના ના એમ નથી. એવું નથી. પહેલાં પછી સીધું ચોથું આવે. ચોથામાંથી પડે તો બીજા-ત્રીજામાં થઈને પહેલામાં આવે. અને ચોથામાંથી સાતમામાં આગળ જાય તો ચોથામાંથી પાંચમામાં આવીને સાતમામાં પણ આવે. છઠ્ઠામાં ન આવે. પાંચમામાંથી સાતમામાં આવે પણ છઠ્ઠામાં ન આવે. એમ છે. અને છઠ્ઠા ગુણસ્થાનમાંથી પછી સાતમામાં આગળ શ્રેણી આવે તો આ જો ક્ષપકશ્રેણી હોય તો અગિયારમામાં ન આવે, સીધું દસમામાંથી ટપીને બારમાં જાય. એમાં અગિયારમું ગુણસ્થાન ન આવે. કેમકે ઉપશમ શ્રેણીનું ગુણસ્થાન છે. એમાં ઉપશમભાવે જ હોય પણ અહીંયાં ઉપશમભાવ છે નહીં, અહીંયાં ક્ષાયિકભાવ છે. એ ગુણસ્થાનનો ક્રમ જાણી લેવો. જાણવાનો વિષય છે. આ તો એમાં ગોટા મારે છે, બધા ગપ્પા મારે છે. સંપ્રદાયમાં તો એ વિષય પણ ચોખ્ખો નથી.

મુમુક્ષુ :- ફક્ત ખુલાસા માટે જ છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા ઠીક છે. 'ગુરુદેવે' આ બધો ખુલાસો બહુ કર્યો છે. બાકી તો સંપ્રદાયમાં તો બધું ગડબડ ગોટા ચાલે છે. ગુણસ્થાનની કોઈને પૂરી ખબર નથી.

મુમુક્ષુ :- પહેલામાં તો આવ્યા ને અમે એમ કહે.

પૂજ્ય ભાઈશ્રી :- પણ પહેલામાં અનાદિનો છો, પહેલામાં અનાદિનો છે. નિગોદનો જીવ પણ પહેલા ગુણસ્થાનમાં છે અને દ્રવ્યલિંગી મુનિ પણ અઠ્ઠાવીસ મૂળગુણ અને પંચ મહાવ્રત ચોખ્ખા પાળનારો પણ પહેલાં ગુણસ્થાનમાં છે, અભવ્ય જીવ પણ પહેલા ગુણસ્થાનમાં છે.

પ્રશ્ન :- સાતમા ગુણસ્થાનથી ચૌદમા ગુણસ્થાન સુધીની પ્રક્રિયા તો નિર્વિકલ્પ અવસ્થા જ છે. તો કઈ વસ્તુ અંદર ત્રુટી રહી જાય છે કે સાતમામાં પરિપૂર્ણતા નથી ને ચૌદમામાં જ કહેવાય ?

સમાધાન :- અબુદ્ધિપૂર્વકનો રાગ રહે છે. શું રહે છે ? વીતરાગતા પૂરી નથી એનો અર્થ કે રાગનો સદભાવ છે. જો રાગ હયાતી ધરાવે છે તો એ રાગ તો ત્યાં સવિકલ્પદશારૂપ તો છે નહીં. તો એ રાગ ત્યાં નિર્વિકલ્પ દશામાં અબુદ્ધિપૂર્વકનો રાગ હજી જીવે છે, રાગ હજી જીવે છે, બસ !

મુમુક્ષુ :- વર્તમાનમાં પર્યાયમાં રાગ વર્તે છે.

પૂજ્ય ભાઈશ્રી :- વર્તે છે. પણ અબુદ્ધિપૂર્વકનો છે એટલે ધ્યાનસ્થ દશામાં જે તે ગુણસ્થાનમાં બિરાજમાન છે એવા મુનિરાજને પોતાને એ પકડાતો નથી. એના ખ્યાલમાં નથી આવતો પણ એ કેવળજ્ઞાનગોચર છે.

પ્રશ્ન :- સૂક્ષ્મ છે એટલે ખ્યાલમાં આવતો નથી કે ઉપયોગમાં નથી લેતા એટલે ખ્યાલમાં નથી આવતો ?

સમાધાન :- ના ના. ઉપયોગમાં લેવા ધારે તો ન લઈ શકે એટલો સૂક્ષ્મ છે, એટલો સૂક્ષ્મ છે. માત્ર કેવળજ્ઞાનગોચર છે. છદ્મસ્થને પકડાય એવો નથી ત્યાં.

અહીંયાં તો એ વિષય ઉપરથી ચાલ્યું કે ઉગ્ર નિર્વિકલ્પ દશામાં જ મુક્તિ છે. આવો માર્ગ છે. આ સિવાય માર્ગનો – મુક્તિના માર્ગનો બીજો કોઈ પ્રકાર નથી. મુક્તિના માર્ગનો કોઈ બીજો પ્રકાર નથી કે વિચાર કરતાં કરતાં કોઈને કેવળજ્ઞાન થઈ જાય. એવું કાંઈ બનતું નથી. ૧૮૧ બોલ થયો.

પ્રશ્ન :- મંદ પુરુષાર્થ ને તીવ્ર પુરુષાર્થ ઇ આ દૃષ્ટિને હિસાબે જ પુરુષાર્થ સાચો છે એમ કહેવાય ને ?

સમાધાન :- નહીં. અકારણ છે હમેશા. જુઓ ! એક ક્ષાયિક સમ્યક્દૃષ્ટિ, હવે ક્ષાયિક દૃષ્ટિ લઈ લઈએ. એ ચરમશરીરી હોય. કોઈ એક દેવનો ભવ કરીને પછી મનુષ્ય ભવ કરીને જાય, તો એને ત્રણ ભવ થઈ ગયા. વર્તમાન ભવ, ત્યાર પછીનો દેવનો ભવ અને ત્યાર પછી મનુષ્યનો ભવ. બન્ને ક્ષાયિક સમ્યક્દૃષ્ટિ છે. એકનો પુરુષાર્થ અકારણપણે તીવ્ર ચાલે છે, એકનો પુરુષાર્થ અકારણપણે મંદ ચાલે છે.

એવી રીતે ક્ષયોપશમ લઈએ કે અનેક જીવોને ક્ષયોપશમ સમ્યકદર્શન હોવું સંભવે છે. કોઈ જીવ તો તે જ ભવમાં ક્ષયોપશમમાંથી ક્ષાયિકમાં આવીને ચરમશરીરી હોય છે (અને) મુક્તિમાં જાય છે અને કોઈ વધુમાં વધુ પાંચ પંદર ભવે પણ મુક્તિમાં જાય છે. તો એમાં ક્ષયોપશમ સમ્યગ્દર્શનમાં અબજોના અબજો વર્ષ, સાગરોપમના વર્ષ દેવલોકના પસાર થઈ જાય. ક્ષાયિક સમ્યગ્દર્શનમાં, સર્વાર્થસિદ્ધિના દેવમાં ક્ષાયિક સમ્યગ્દર્શન છે એને તેત્રીસ સાગરનું આયુષ્ય હોય છે. ત્યાં પાંચમું ગુણસ્થાન આવે નહીં.

એવો કોઈ નિયમ નથી કે શ્રદ્ધા સરખી છે માટે પુરુષાર્થ સરખો છે. એવો કોઈ

નિયમ નથી કે જેને જ્ઞાન વધુ છે માટે આનો પુરુષાર્થ વધી જાય છે એમ નથી. 'શિવભૂતિ' મુનિને જ્ઞાનનો ઉઘાડ નહોતો અને પુરુષાર્થ વધી ગયો હતો. કેવળજ્ઞાન પામ્યા. એટલે પુરુષાર્થનું પ્રકરણ એકદમ સ્વતંત્ર છે. કોઈવાર આરોપ કરવામાં આવે કે આને લઈને આમ થયું ને આને લઈને (આમ થયું). નિમિત્તનૈમિત્તિક સંબંધ એક ગુણ બીજા ગુણ વચ્ચે જોડવામાં આવે પણ ખરેખર એ સ્વતંત્ર પ્રકરણ છે. એની ચાલ એકદમ સ્વતંત્ર છે.

એમ કહેવાય કે સ્વરૂપ નિર્ણય થાય, આત્માની જાગૃતિ આવે, સ્વરૂપના મહિમાથી આત્માનો પુરુષાર્થ વધીને સમ્યગ્દર્શન નિર્વિકલ્પ ઉપયોગ સુધી પહોંચે. એ વધતો વધતો વધતો જે પુરુષાર્થ છે એ છેલ્લી હદે સવિકલ્પ દશાનો પુરુષાર્થ અને નિર્વિકલ્પ દશાનો પુરુષાર્થ બે વચ્ચે બહુ મોટો ફેર છે. બે વચ્ચે બહુ મોટો ફેર છે. પેલો પહેલાં ગુણસ્થાનનો પુરુષાર્થ છે, પેલો ચોથા ગુણસ્થાનનો પુરુષાર્થ છે. વર્ગ જ જુદો છે આખો. બહુ મોટો ફરક છે, આંતરો ઘણો છે એની અંદર. પણ એક પ્રવાહ અને એની Continuacy બતાવવી હોય, ચાલુ... ચાલુ... ચાલુ, પુરુષાર્થ શરૂ થયો, ચાલુ થયો, ચાલુ થયો... ઊપડ્યો.. ઊપડ્યો... વધ્યો... વધ્યો... વધ્યો.. વધી વધીને નિર્વિકલ્પ થઈ ગયો. ચોથું ગુણસ્થાન પ્રગટ્યું. એમ પ્રવાહ અપેક્ષાએ કહેવાય પણ એ સ્થૂળ કથન છે.

શાસ્ત્રની અંદર જે કથનો આવે એમાં કોઈ સ્થૂળ કથનો હોય છે, કોઈ સૂક્ષ્મ કથનો હોય છે. તો સ્થૂળ કથનથી એમ કહેવાય કે (એ) પુરુષાર્થ વધારીને મોક્ષમાર્ગમાં પહોંચી ગયો. સૂક્ષ્મ કથનથી એ વાત છે કે એ છેલ્લા સમયનો પુરુષાર્થ અને ચતુર્થ ગુણસ્થાનના પહેલાં સમયનો પુરુષાર્થ એ બે વચ્ચે બહુ મોટો ફેર છે. એક જુદો જ તબક્કો છે આખો. એ તો એક સૂક્ષ્મતાએ પરિણામનો અભ્યાસ જો કરવો હોય તો એ રીતે એને સમજવું જોઈએ.

મુમુક્ષુ :- પુરુષાર્થ છે એ અકારણપણે છે.

પૂજ્ય ભાઈશ્રી :- અકારણપણે છે, બરાબર છે.

મુમુક્ષુ :- તો એક જગ્યાએ આમાં જ આવે છે કે જેટલું કારણ આપો એટલું કાર્ય થાય..

પૂજ્ય ભાઈશ્રી :- હા, એટલે જેટલો પુરુષાર્થ વધે એટલી આત્મસિદ્ધિ નજીક

આવે. જેટલો પુરુષાર્થ વધે એટલી વીતરાગતાની સિદ્ધિ થાય.

મુમુક્ષુ :– તો આ તો અકારણ લીધું.

પૂજ્ય ભાઈશ્રી :– પુરુષાર્થ અકારણપણે છે. એના ફળ સ્વરૂપે વીતરાગતા ને આનંદ તો એનું કાર્ય નિયમબદ્ધ છે. પરિણામના કેટલાક નિયમો છે એમાં કોઈ ફેરફાર નથી. ભલે એક ગુણ અને બીજા ગુણ વચ્ચેનો નિમિત્તનૈમિતિક સંબંધ હોય, તોપણ એ ત્રણે કાળે એકસરખાં જ છે. પણ એક સ્વતંત્ર રીતે આત્માના વીર્યગુણના પરિણમનરૂપ પુરુષાર્થને વિચારવામાં આવે તો જે પુરુષાર્થ સ્વરૂપની રચના કરે છે, શુદ્ધતાની રચના કરે છે એની ઉગ્રતા મંદતાનું કારણ-કાર્ય શું ? એની ઉગ્રતા-મંદતાનું કારણ કાર્ય શું ? કોઈ નહીં, અકારણ છે. કોઈ કારણ-કાર્ય નથી. એમ છે.

હવે એની અંદરથી એ વાત સમજ્યા તો ખરા, સમજવામાં આવી. તો એ વાત સમજીને એનો પરમાર્થ શું છે ? આ એક વિચારવા જેવો વિષય છે કે પુરુષાર્થ સહજ છે, કોઈ કૃત્રિમતાનો વિષય નથી. તેથી પુરુષાર્થમાં પરિણામનું કર્તૃત્વ જો પુરુષાર્થ ધર્મને સમજવામાં આવે તો ઊડી જાય છે, ખલાસ થઈ જાય છે. આ એનો પરમાર્થ છે. એમાંથી પરમાર્થ નીકળે છે પાછો. નહીંતર એક ઊલટો દૃષ્ટિકોણ પકડે તો માણસને નિરાશા થાય કે જો અકારણપણે-નિષ્કારણપણે પુરુષાર્થ તીવ્ર અને મંદ થયા કરતો હોય તો હવે પછી આમાં આપણે તો કાંઈ પુરુષાર્થ કેવી રીતે કરવો એ પ્રશ્ન જ રહેતો નથી. જેમ મોક્ષમાર્ગીને તીવ્ર-મંદ આપોઆપ થાય અને એમાં પણ એ સહજ જ કોઈને તે ભવમાં મુક્તિ થાય તો કોઈને ત્રીજા ભવમાં થાય તો પછી અકારણપણે પુરુષાર્થ વર્તતો હોય તો આપણે શું કરીએ ? આપણે તો હજી કાંઈ ઠેકાણું નથી. એમ કરીને એમ લેવા જેવું નથી. ઇ દૃષ્ટિકોણ ખોટો છે.

સાચો દૃષ્ટિકોણ એ છે કે કોઈ પર્યાયનું કર્તૃત્વ જે છે એ વસ્તુસ્થિતિની વસ્તુના સ્વરૂપની સિદ્ધાંત બહારનો વિષય છે. એનો અર્થ કે જીવ જ્ઞાતા-દૃષ્ટા રહી જાય છે. જે થાય એનો જ્ઞાતા-દૃષ્ટા રહી જાય છે. પોતાના પરિણામનો પણ જ્ઞાતા-દૃષ્ટા છે, અન્ય પદાર્થના પરિણામનો પણ આ જીવ જ્ઞાતા-દૃષ્ટા છે. જ્ઞાતા-દૃષ્ટા એનો સ્વભાવ છે. બસ ! જ્ઞાતા-દૃષ્ટા રહે તો તે સ્વભાવમાં રહ્યો છે અને સ્વભાવમાં રહ્યો છે એ જ એને માટે ઇષ્ટ છે.

પ્રશ્ન :– આ જે સહજ પુરુષાર્થ છે ઇ તો ચોથા ગુણસ્થાન પછી શરૂ થાય

ત્યાર પહેલાં તો આપણે વિકલ્પ સહિત પુરુષાર્થ કરવો પડે ને ?

સમાધાન :- હા, વિકલ્પ આવે, વિકલ્પ આવે. જરૂરત છે સુખની અને જરૂરત છે દુઃખ ટાળવાની તો વિકલ્પ આવે ખરો. આ ન આવે એમ કહેવું નથી. પણ આવે માટે, વિકલ્પ આવે માટે કાર્ય થાય (એમ નથી).

પ્રશ્ન :- પુરુષાર્થ આપણે કૃત્રિમ રીતે કરવો પડે છે.

સમાધાન :- હા, કૃત્રિમ રીતે કરવો પડે તો એથી કાંઈ સહજ પુરુષાર્થ થઈ જાય, એ સહજ પુરુષાર્થનું સ્વરૂપ છે એમ તો નથી. પણ એવું આવે. કૃત્રિમ પુરુષાર્થ કરવાનું જોર પણ ક્યારેક આવે કે હું પુરુષાર્થ કરીને મારી દશાને પ્રગટ કરું. પણ એને એ વખતે જ્ઞાન હોવું જોઈએ, સમજણ હોવી જોઈએ કે આ તો એક મને ચાલતી દશાનું, મિથ્યાત્વ દશાનું દુઃખ સહન થતું નથી, એટલે એ મટાડવા માટેનો આ વિકલ્પ છે. આ કાંઈ પુરુષાર્થનું સ્વરૂપ નથી. એને સમજણ હોવી જોઈએ. નહીંતર તો ખોટે ખોટું જોર અંદર વિકલ્પમાં થાય અને વિકલ્પના જોરને પુરુષાર્થનું સ્વરૂપ માની બેસે અને જાય પછી ઊંધે રસ્તે. એમાં તો સવળો રસ્તો મળે એવું નથી. એમ થઈ જાય.

મુમુક્ષુ :- પુરુષાર્થને મહત્ત્વ આપવું પણ કર્તાબુદ્ધિ કાઢી નાખવી.

પૂજ્ય ભાઈશ્રી :- કર્તાપણાની બુદ્ધિ તો રાખવા યોગ્ય છે જ નહીં અને ત્યારે જ સાચો પુરુષાર્થ પ્રગટ થાય છે. કર્તાબુદ્ધિએ સાચો પુરુષાર્થ પ્રગટ જ થતો નથી. એ વાત તો બરાબર પકડી રાખવી, એમાં કાંઈ ફેરફાર નથી. એમ છે.

પ્રશ્ન :- કર્તાબુદ્ધિએ સાચો પુરુષાર્થ નથી થતો એ તો ચોથા ગુણસ્થાને ?

સમાધાન :- નહીં, ઇ પહેલાં, ચોથા પહેલાં (એવું હોય). ચોથાથી તો કર્તાબુદ્ધિનો પ્રશ્ન જ નથી. કર્તાબુદ્ધિ જ ખલાસ થઈ ગઈ. અકૃત્રિમ સ્વભાવ જેણે જોયો, અનુભવ્યો એને પરિણામની કર્તાબુદ્ધિ રહેતી નથી.

પ્રશ્ન :- એટલે સમ્યક્ સન્મુખવાળાને પણ કર્તાબુદ્ધિ તો રહે જ છે ?

સમાધાન :- કર્તાબુદ્ધિ હજી રહે છે, જ્યાં સુધી પ્રત્યક્ષ અનુભવ થતો નથી ત્યાં સુધી. પણ એ કર્તાબુદ્ધિ બહુ જ મંદપણે હોય છે. કેમકે સમ્યક્ સન્મુખવાળાને મિથ્યાત્વ રહે છે તો કર્તાબુદ્ધિ પણ રહે છે. કેમકે બન્ને મિથ્યાત્વના જ અંગ છે. પણ એ બહુ અલ્પ છે, બહુ મંદ છે અથવા રસ રહિત છે, કર્તૃત્વનું જોર નથી, કર્તૃત્વનો રસ નથી પણ હોય છે ખરો, રાગ સાથે એકત્વબુદ્ધિ હોય છે. એટલે તો 'સમયસાર'ની

૧૪૩ ગાથામાં આચાર્યદેવે જ્યાં નિર્વિકલ્પદશા પક્ષાંતિક્રાંત થાય છે એ ચર્ચા કરી. તો કહે છે, હું તો શુદ્ધ આત્મા છું, આનંદ સ્વરૂપ છું, જ્ઞાન સ્વરૂપ છું, પરિપૂર્ણ છું, શુદ્ધ છું, અભેદ છું, નિર્વિકલ્પ છું એવા ભાવ આવે છે ને ? તો કહે છે, એવા ભાવનો વિકલ્પ આવે છે અને એ વિકલ્પમાં હજી એકતા વર્તે છે તેથી એવો વિકલ્પ થયો તેથી શું ? તેથી શું ? એમ કરીને પ્રશ્ન લીધો છે. કે તેથી કાંઈ લાભ માની લઈશ નહીં. એવી ચર્ચા કરી છે. બહુ સૂક્ષ્મ સૂક્ષ્મ ચર્ચાઓ કરી છે. 'ગુરુદેવશ્રી'ના વ્યાખ્યાનો તો બહુ અદ્ભુત આવ્યા છે !! આવી ગાથાઓ ચાલતી ત્યારે તો બહુ અદ્ભુત વ્યાખ્યાનો આવતા હતા. એકદમ સૂક્ષ્મ વ્યાખ્યાનો આવતા હતા. અને એ વિષય ઉપર 'ગુરુદેવ' અંદરથી ખીલી ઊઠતા હતા. એવા સરસ વ્યાખ્યાનો આવેલા છે. ૧૪૩, ૧૪૪ એક એક ગાથાઓ ઉપર બે બે, ત્રણ ત્રણ વ્યાખ્યાનો ચાલેલા છે.

મુમુક્ષુ :- કર્તાપણાની બુદ્ધિ આવ્યા વિના પુરુષાર્થ ઊપડતો નથી એમ લાગે છે.

પૂજ્ય ભાઈશ્રી :- એવી સમજણ કરી રાખી છે, એવો અભિપ્રાય બાંધી રાખ્યો છે એ છોડવા જેવો છે. એ અભિપ્રાય બરાબર નથી. તો પછી કેવી રીતે લેવું ? કે જે આત્મા છે - શુદ્ધ આત્મા છે એ તો પોતાના સ્વરૂપથી પરિપૂર્ણ છે. એમાં રાગ નથી કે એમાં બંધ નથી. એમાં પુણ્ય નથી, પાપ નથી, કોઈપણ પ્રકારના રાગરૂપ આસ્રવ નથી અને એમાં બંધ નથી. ચારે તત્ત્વ એમાં નથી. અપૂર્ણતારૂપ સંવર નિર્જરા તત્ત્વ પણ એમાં નથી. જેવો મોક્ષ છે-મોક્ષ તત્ત્વ છે એવું જ બિલકુલ આત્મસ્વરૂપ છે. આત્મસ્વરૂપ છે એટલે કોઈ બીજાનું સ્વરૂપ નથી પણ પોતાનું સ્વરૂપ છે. તો જે જ્ઞાન પોતાના આવા સ્વરૂપને જાણે, જોવે એ જ્ઞાન(ને) એમાં હવે શું કરવાનું બાકી છે કે વિકલ્પ કરે કે પુરુષાર્થ કરે ? એણે તો જોયું કે જેમ આ સ્વરૂપ પૂર્ણ છે એમાં અનંત વીર્ય પણ પૂર્ણ વીર્ય છે, પૂર્ણ પુરુષાર્થનો પિંડ છે. અવસ્થામાં અલ્પ પુરુષાર્થ, વધુ પુરુષાર્થ (છે) એ અવસ્થાનો વિષય છે. મૂળ સ્વરૂપમાં શક્તિરૂપે પરિપૂર્ણ પુરુષાર્થ, છે. એટલે એમાં ન તો પુરુષાર્થ કરવો છે, ન તો એમાં પુરુષાર્થ લાવવો છે, ન તો એમાં બીજું કાંઈ કરવું છે.

'દ્રવ્યદૃષ્ટિપ્રકાશ' વાંચ્યું છે ને 'સોગાનીજી'નું ? એમાં એક બોલ એવો આવે છે કે શ્રદ્ધા નહીં કરની હૈ, જ્ઞાન નહીં કરના હૈ, પુરુષાર્થ નહીં કરના હૈ. શ્રદ્ધા નથી કરવી, જ્ઞાન નથી કરવું, પુરુષાર્થ નથી કરવો તો કે શું કરવું છે ? તો કહે છે, કાંઈ

કરવાનો પ્રશ્ન જ નથી. તો કહે કેમ કરવાનો પ્રશ્ન નથી ? કે મારા સ્વરૂપમાં હું પરિપૂર્ણ કૃતકૃત્ય છું. તેથી કરીને મારા સ્વરૂપને વિશે તો કાંઈ કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. અને જ્યાં કાંઈ કરવાનું છે એવી જે દશા એ તો મારા સ્વરૂપથી બાહ્ય છે. સ્વરૂપની બહાર છે. જે મારા સ્વરૂપમાં છે નહીં, જેનું અસ્તિત્વ જ મારા સ્વરૂપમાં નથી અને જે દશામાં મારું અસ્તિત્વ નથી એમાં મારે શું કરવાનો પ્રશ્ન ઊભો થાય છે ? કે એમાં મારે કાંઈ કરવાનો પ્રશ્ન ઊભો થતો નથી.

આમ જેવું છે એવું સ્વરૂપને જો જોવામાં આવે તો પરિણામનું કર્તૃત્વ ખલાસ થઈ જાય એવી જ વસ્તુસ્થિતિ છે. કર્તાબુદ્ધિ ન રહે. પુરુષાર્થના વિષયમાં પણ કર્તાબુદ્ધિ ન રહે. એટલે 'રાજમલજી'એ ચોથા કળશમાં એ વાત લીધી છે અને એમણે તો શૈલી જ સળંગ એ લીધી છે. કાલે એક ૪૬ કળશનો આધાર લીધો એમાં એ જ વાત હતી. બસ ! એ આપોઆપ જાણે થાય છે. ભવ્યતાનો પરિપાક થાય છે. **'भेदवादान् खण्डयत्'** માં એ વાત લીધી હતી. કાળલબ્ધિ પાકીને લ્યે છે. કેમ ? કે આ યત્ન સાધ્ય નથી સહજ છે. ચોથા કળશમાં એ વાત લીધી સમ્યગ્દર્શનના વિષયમાં લીધી કે સમ્યગ્દર્શન છે એ પ્રયત્ન સાધ્ય નથી, પણ સહજ જ છે. કાળલબ્ધિ પામીને જ્યારે કોઈ જીવનો મુક્તદશાનો કાળ નજીક આવે છે ત્યારે એ પોતાના પુરુષાર્થે ચડે છે. એના પરિણામ આપોઆપ શુદ્ધ થવા લાગે છે. કોઈ કૃત્રિમ પુરુષાર્થનું આમાં કાંઈ કાર્યગતપણું થતું નથી. આવે ખરો વિકલ્પ, જરૂર લાગે ત્યાં વિકલ્પ આવ્યા વિના રહે નહીં. પણ છતાં એનું સ્થાન શું છે, એની કાર્યની મર્યાદા શું છે એ બધું સમજી લેવું જોઈએ.

મુમુક્ષુ :- એનો અર્થ ઇ થયો કે જ્ઞાન સહિત પુરુષાર્થને કરવો જોઈએ.

પૂજ્ય ભાઈશ્રી :- જ્ઞાન છે એ પુરુષાર્થને ઉત્પન્ન થવામાં નિમિત્ત છે. છતાં પણ એની પુરુષાર્થની સ્વતંત્રતા અબાધિત છે. કેમકે જ્ઞાન ઓછું હોય ને પુરુષાર્થ વધારે હોય, જ્ઞાન વધુ હોય ને પુરુષાર્થ ઓછો હોય. એ બાહ્ય જ્ઞાનની વાત છે, હોં ! અંતર જ્ઞાનમાં તો અંતર જ્ઞાનને અને અંતર પુરુષાર્થને સીધો જ સંબંધ છે. 'શિવભૂતિ' મુનિને બહારનું જ્ઞાન નહોતું પણ એમની જે સ્વરૂપ ગ્રહણ કરવાની અંતરજ્ઞાન શક્તિ હતી એ તો ચોથા ગુણસ્થાનના બાર અંગધારી કરતા વધારે હતી. કેટલા ? ચોથા ગુણસ્થાને સાધક સાચા સમ્યક્દૃષ્ટિ બાર અંગધારી હોઈ શકે અને જેને નવ તત્ત્વના

નામ ન આવડે એવા મુનિ હોઈ શકે. તો એની અંતરજ્ઞાન શક્તિ એટલે સ્વરૂપમાં અંતરંગ સ્વરૂપને ગ્રહણ કરવાની જ્ઞાનશક્તિ એ વધારે જોરદાર છે, વધારે પ્રગટ છે, વધારે વ્યક્ત છે.

મુમુક્ષુ :- કોની ?

પૂજ્ય ભાઈશ્રી :- મુનિની. અને એને લીધે એનો પુરુષાર્થ પણ સવિશેષ છે. એટલે એનું જ્ઞાન અને એના પુરુષાર્થને એમ સીધો સંબંધ છે. પણ બાહ્ય જ્ઞાનને ને પુરુષાર્થને કાંઈ સંબંધ નથી. ઘણાં શાસ્ત્રો વાંચે, ચારે પડખેથી ચોખ્ખું કરે માટે એનું જ્ઞાન મજબૂત થાય, માટે એનો પુરુષાર્થ મજબૂત થાય એ વાતમાં કાંઈ માલ નથી. એમ કહેવું છે.

મુમુક્ષુ :- અંતરંગ જ્ઞાનથી પુરુષાર્થ વધે છે. અંતરંગમાં જ્ઞાન વધે એટલે પુરુષાર્થ વધે છે.

પૂજ્ય ભાઈશ્રી :- એ અંતરંગ જ્ઞાનની શક્તિ વધે છે એ સાચું જ્ઞાન છે. એ જ જ્ઞાન છે ખરેખર. બાહ્ય જ્ઞાન એ જ્ઞાન નથી. ૧૮૨ શરૂ કરશું, પાંચ મિનિટ છે.

**'વિકલ્પો છોડું', 'વિકલ્પો છોડું' એમ કરવાથી વિકલ્પો છૂટતા નથી. હું આ જ્ઞાયક છું. અનંતી વિભૂતિથી ભરેલું તત્ત્વ છું - એમ અંદરથી ભેદજ્ઞાન કરે તો તેના બળથી નિર્વિકલ્પતા થાય, વિકલ્પો છૂટે. ૧૮૨.**

૧૮૨ એ ભેદજ્ઞાનનો બોલ છે. **'વિકલ્પો છોડું, વિકલ્પો છોડું...'** આ ચાલે છે સવિકલ્પ અને નિર્વિકલ્પ દશાના જ બોલ ચાલે છે. ૧૮૦, ૧૮૧, ૧૮૨. વાંચનમાં એ વિષય કાંઈ ચાલતો હશે **'વિકલ્પો છોડું, વિકલ્પો છોડું' એમ કરવાથી વિકલ્પો છૂટતા નથી.'** વિકલ્પને છોડું એ પણ એક વિકલ્પ થયો. એટલે એ રીતે વિકલ્પને છોડવાનો ઉપાય નથી. જેમ કોઈ ચીકણી વસ્તુ છે, આંગળીએ ચોંટી તો અંગૂઠાથી ઉખાડવા જાય તો અંગૂઠે ચોંટે. કેમકે ભીંસ દેવી પડે. વળી એને અંગૂઠે ચોંટે અને આંગળીએ ઉખાડવા જાય તો આંગળીએ ચોંટે. કેમકે એનો ચીકણો ચોંટવાનો સ્વભાવ

છે. એવું આ વિકલ્પનું છે. ઘણો ચીકણો છે, અનંતકાળથી ચાલ્યો આવે છે ને છોડ્યો છૂટતો નથી. તો કહે એને છોડવા માટે છોડું છોડું છોડું અંદર કર્યા કરું તો ? તો કહે છે, એ વિકલ્પ છે એ નહીં છૂટે. એ વળી નવો વિકલ્પ થયો એનો, છોડવાનો નવો વિકલ્પ થયો. એ તો સરવાળે વિકલ્પને વિકલ્પ રહ્યો, વિકલ્પ મટ્યો નહીં.

પ્રશ્ન :- પ્રથમ ભૂમિકામાં આવે છે ?

સમાધાન :- પ્રથમ ભૂમિકામાં આવે છે. આવે છે એટલે રાખવા જેવો છે અને પ્રથમ ભૂમિકામાં રહેવા જેવું છે એમ કાંઈ છે ? નહીં ને ? આવે તો આવે પ્રથમ ભૂમિકામાં. જ્ઞાન કરવાનો વિષય થયો કે પ્રથમ ભૂમિકામાં આવે. ઓળખાણ હોય ત્યારે ઓળખાણ કરવા માટે એવા બધા વિકલ્પો - ભેદ વિકલ્પો ઉત્પન્ન થાય. પણ ઓળખાણ શું કરવા કરવી છે ? કે પ્રત્યક્ષ અનુભવ કરવા માટે ઓળખાણ કરવી છે. આમાં લીધું છે ને ? 'ટોડરમલજી'એ 'નય ચક્ર'નો એક શ્લોક લીધો છે. મોટું જે નયચક્ર છે, બે 'નયચક્ર' ગ્રંથ છે. એક નાનો ગ્રંથ છે, એક મોટો ગ્રંથ છે. મોટા 'નયચક્ર' ગ્રંથની ૨૬૮ નંબરની ગાથા લીધી છે કે, શરૂઆતમાં પ્રથમ ભૂમિકામાં ઓળખવા માટે આત્મા સંબંધીના વિકલ્પો હોય છે. પહેલાં તો યુક્તિમાર્ગથી જાણે 'युक्तिमग्गेण' એમ લીધું છે. જ્યારે આત્માને ઓળખવો હોય ત્યારે યુક્તિમાર્ગથી જાણે ત્યારે એને વિકલ્પ હોય છે પણ એ વિકલ્પ કામના છે માટે એને વળગી પડું ને રાખી લઉં એમ કોઈ વિચારે તો એ માર્ગને ભૂલે છે. પ્રત્યક્ષ અનુભવના કાળમાં તો જ્યાં સાક્ષાત્ અનુભવ છે ત્યાં કોઈ વિકલ્પની આવશ્યકતા નથી, એની મદદની જરૂર નથી. એ હોય તો બાધકરૂપ છે, બાધારૂપ છે. એટલે સાક્ષાત્ સાધક દશામાં એની કાંઈ જરૂર નથી. એ વાત લીધી છે.

મુમુક્ષુ :- બીજાઓને સમજાવવા માટે તો વિકલ્પ કરે ને.

પૂજ્ય ભાઈશ્રી :- બીજાને સમજાવવાનો તો ઉદયભાવ છે, એ તો ઉદયભાવ છે. એ કાંઈ આરાધકભાવ થોડો છે ? ઇ તો ઉદયભાવ છે. અને એ કાંઈ મોક્ષમાર્ગીનો ધર્મ નથી, એ ધર્મ નથી. 'સોગાનીજી'એ લીધું છે કે, સાંભળનારને સાંભળવાનો વિકલ્પ આવે અને સંભળાવનારને સંભળાવવાનો વિકલ્પ આવે એ બન્નેને પોતપોતાની યોગ્યતા જેટલું નુકસાન છે, એમાં કાંઈ લાભ નથી. લાભમાં નુકસાન નથી અને નુકસાનમાં લાભ નથી. સીધો હિસાબ છે. વિશેષ લઈશું...

## તા. ૧૯-૦૮-૧૯૮૭, વચનામૃત-૧૮૨
## પ્રવચન નં. ૧૩૭

'બહેનશ્રીનાં વચનામૃત'. ૧૮૨ બોલ, પાનું ૫૬. ભેદજ્ઞાન અને એનું ફળ લેવું છે. તત્ત્વજ્ઞાનના અભ્યાસ દ્વારા એમ સમજવા મળે છે કે વિકલ્પ છૂટીને નિર્વિકલ્પ દશા થાય ત્યારે ધર્મ શરૂ થાય, ત્યારે સમ્યગ્દર્શન પ્રગટે, ત્યારે સમ્યક્‌જ્ઞાન પ્રગટે અને ત્યારથી જ મોક્ષમાર્ગની શરૂઆત થાય. તેથી સામાન્યતઃ મુમુક્ષુ જીવને વિકલ્પ છૂટીને નિર્વિકલ્પ દશા થાય એવી ભાવનાપૂર્વકનો ભાવ આવે અને અનેક પ્રકારના અનેક પડખેથી જે તત્ત્વજ્ઞાન સંબંધીના વિકલ્પો છે તે બધાનો સરવાળો પોતાનો શુદ્ધાત્મા લક્ષ કરવા યોગ્ય છે, અનુભવ કરવા યોગ્ય છે એમ જાણતા એના પણ વિકલ્પ આવે. અને જ્યાં સુધી વિકલ્પ ઉપર વજન હોય ત્યાં સુધી એને આ વિકલ્પ છૂટે તો સારું આ વિકલ્પ છૂટે તો સારું, આત્માના વિકલ્પ પણ છોડીને હું નિર્વિકલ્પ થાઉં એ પ્રકારના વિકલ્પ છોડવા વિશેના પણ વિકલ્પ આવે છે.

એ સંબંધમાં અહીંયાં માર્ગદર્શન છે કે **'એમ કરવાથી વિકલ્પો છૂટતા નથી.'** શું કહે છે ? કે વિકલ્પ છોડવા ઉપર પણ, જેમ વિકલ્પ કરવા ઉપર વજન દેવા યોગ્ય નથી તેમ વિકલ્પ છોડવા ઉપર પણ વજન દેવા યોગ્ય નથી. એવો કહેવાનો અભિપ્રાય છે. જ્યાં પર્યાય માત્ર ઉપર વજન દેવા યોગ્ય નથી ત્યાં વિકલ્પ કરવા-છોડવાનો પ્રશ્ન રહેતો નથી.

મુમુક્ષુ :- વિકલ્પ છોડવા ઇ તો સાચી વાત છે, વિકલ્પ છોડવા એ ભાવ તો સારો છે.

પૂજ્ય ભાઈશ્રી :- એમ કહેવાય છે કે વિકલ્પ છોડવા એ ભાવ સારો પણ એ સારો ક્યારે ? કે જો એનાથી વિકલ્પ છૂટતો હોય ત્યારે. પણ એવા ભાવથી વિકલ્પ છૂટે છે ?

મુમુક્ષુ :- નથી છૂટતા.

પૂજ્ય ભાઈશ્રી :- તો એ ભાવને કેમ સારો કહેશો ?

પ્રશ્ન :- વજન રહી જાય છે ?

સમાધાન :- હા. પહેલાં વિકલ્પ કરવાના નિમિત્તે વજન ચાલતું હતું હવે વિકલ્પ છોડવાના બહાને વિકલ્પ ઉપર વજન રહે છે. ત્યારે વિકલ્પ ઉપર વજન રહેવાની પરિસ્થિતિ તેની તે રહે છે. એમાં કાંઈ ફરક પડતો નથી. વસ્તુસ્થિતિએ વિચારવામાં આવે તો વિકલ્પ છોડવાના વિકલ્પથી પણ વિકલ્પ તો છૂટવાના નથી. એ રીતે વિકલ્પ છૂટી શકતા નથી, છૂટતા નથી એ પરિસ્થિતિ સ્પષ્ટ છે. એ સૈદ્ધાંતિક વાત છે.

એમ કહીને હવે નિર્વિકલ્પતા કેમ થાય એ ઉપાય પણ બતાવે છે. આ તો વિકલ્પ છોડીને નિર્વિકલ્પ દશા થાય છે અને એવી શુદ્ધોપયોગની ભાવનાવાળાને વિકલ્પ છોડવાનો વિકલ્પ આવે તેથી એ વિષયમાં સ્પષ્ટીકરણ આપે છે. **'હું આ જ્ઞાયક છું,...'** એમ લેવું છે. વિકલ્પ રહિત નિર્વિકલ્પ જ્ઞાયકતત્ત્વ હું છું, નિર્વિકલ્પ જ્ઞાયક સ્વભાવ હું છું. કે જેમાં **'અનંતી વિભૂતિ...'** ભરેલી છે. અનંત અનંત ગુણ વૈભવથી **'ભરેલું તત્ત્વ છું - એમ અંદરથી ભેદજ્ઞાન કરે...'** આ ભેદજ્ઞાન ઉપર ઉપરનું નથી પણ **'એમ અંદરથી ભેદજ્ઞાન કરે...'** એટલે કે અંતર્મુખ વળવાનો પ્રયત્ન કરે, પ્રયાસ કરે **'તો** એને **તેના બળથી...'** એ ભેદજ્ઞાનમાં જોર ઊપજે, બળ-પુરુષાર્થ વિશેષ થાય તો જેવું નિર્વિકલ્પ સ્વરૂપ પોતે છે એના પ્રત્યેનું જે જોર છે એવી એકાકાર નિર્વિકલ્પદશા થાય અને જ્યારે એવી નિર્વિકલ્પ દશા થાય ત્યારે **'વિકલ્પો છૂટે.'** અથવા વિકલ્પો ઉત્પન્ન ન થાય. બન્ને એક જ વાત છે. વિકલ્પો ઉત્પન્ન થતાં બંધ થાય અને વિકલ્પ છૂટ્યા એમ કહો બન્ને એક જ વાત છે.

એમ એક બોલની અંદર ભેદજ્ઞાનથી નિર્વિકલ્પતા થાય એ વાત સ્પષ્ટ કરી દીધી છે. બીજા કોઈ વિકલ્પથી કે વિકલ્પ છોડવાના વિકલ્પથી પણ વિકલ્પ છૂટે અને નિર્વિકલ્પતા થાય નહીં. એટલે નિર્વિકલ્પ દશા અર્થે જે સાધન છે એ સાધનને અંગીકાર કરવું રહ્યું. વિકલ્પ સાધન નથી એ સ્પષ્ટ વાત છે.

હવે હું આ જ્ઞાયક છું એમાં સ્વભાવની વાત લેવી છે. ત્રિકાળી આત્મા જે જ્ઞાનસ્વભાવ છે અથવા પોતાનું જ જે મૂળ શુદ્ધ સ્વરૂપ છે એને લક્ષમાં પોતા સ્વરૂપે લેવામાં આવે ત્યારે પરિણામ એ પ્રત્યે ગતિ કરે, પરિણામ એ પ્રત્યે વળે. જ્ઞાયક

છું એવું મહિમા રહિતપણે જ્ઞાનમાં લેવાનો પણ અહીંયાં પ્રશ્ન નથી. એટલે એ વિષયમાં વિશેષ કહે છે કે, જ્ઞાયક છું એવું ખાલી ખાલી જ્ઞાયક છું એમ નહીં પણ વિકલ્પ કર્યા વિના વિભૂતિઓનો, અનંત ગુણોનો, અનંત શક્તિઓનો વિકલ્પ કર્યા વિના, વિચાર કર્યા વિના અનંત વિભૂતિથી ભરેલો હું જ્ઞાયક તત્ત્વ છું એમ એને ભાવમાં રહેવું જોઈએ. બધા જ વિષયમાં વિસ્તારથી વિકલ્પ કરવો પડે છે એવું નથી. જે વાત સમજવામાં આવી જાય છે એ વાતની પરિપકવ સમજમાં એ સંબંધીનો વિકલ્પ બંધ થાય છે અને અપરિપકવ પરિસ્થિતિમાં વિકલ્પ ઊભો રહે છે એમ થાય છે.

એટલે જેને એકવાર ઓળખાણ થઈ અથવા સ્વભાવનું ભાવભાસન થયું એને બહુ વિકલ્પ કરવાની આવશ્યકતા નથી. જ્ઞાનમાં જેવું સ્વરૂપ ભાસ્યું છે એવું ગ્રહણ કરવાનું છે અને એ ગ્રહણ કરવા અર્થે એનું જોર કેટલું વધે છે એના ઉપર આગળની દશાની પ્રગતિ આધારિત છે. જે કોઈ દશાનો વિકાસ થાય છે, દશામાં પ્રગતિ થાય છે એનો આધાર જ્ઞાન અને પુરુષાર્થ ઉપર છે. સીધી રીતે કહીએ તો સ્વરૂપ સંબંધીનું જ્ઞાન અને એ જ્ઞાનનું જેટલું બળ છે અહીંયાં 'બળ' શબ્દ લીધોને ? **'ભેદજ્ઞાન કરે તો તેના બળથી નિર્વિકલ્પતા થાય.'** ભેદજ્ઞાન શરૂ કરે છે પણ એ ભેદજ્ઞાનમાં કેટલુંક બળ વધે છે ત્યારે એ દશા, એકાકાર દશા ઉત્પન્ન થાય છે. જ્યાં સુધી બળ ઓછું રહે છે ત્યાં સુધી સવિકલ્પ દશા રહે છે. એ તો બીજા ઉપરના ગુણસ્થાનમાં પણ તે ગુણસ્થાન પૂરતું બળ હોય તો તે ગુણસ્થાનની નિર્વિકલ્પ દશા થાય અથવા ઉપરના ગુણસ્થાનમાં પણ વિશેષ બળવાન થઈને જાય અને નહીંતર ઓછા બળમાં ઓછા પુરુષાર્થના કાળમાં સવિકલ્પ દશા રહે.

મુમુક્ષુ :– વિકલ્પ વગર લક્ષ બંધાઈ જાય છે.

પૂજ્ય ભાઈશ્રી :– લક્ષ બંધાઈ જાય છે એમાં વિકલ્પનો સવાલ નથી. જેમ કે અહીંથી ઘરે જવા નીકળીએ તો સીધો રસ્તો નથી ડાબા જમણાં એવા કેટલાક વળાંકે વળવું પડે છે પણ અહીંયાં પહોંચવું છે, આ ઘરે પહોંચવું છે, આ રીતે જવું છે, આ રસ્તે થઈને જવું છે એવા કોઈ વિશેષ વિકલ્પો કરવાની આવશ્યકતા અથવા જરૂર ઊભી થતી નથી. કેમકે એ વિષયમાં પર્યાપ્ત સમજણ છે એટલે વગર વિકલ્પે જ જાણે કાર્ય થવા લાગે છે, આપો આપ જ કાર્ય થવા લાગે છે. એમ બને છે કે નહીં ? એવા અનેક કાર્યો છે કે જેમાં કોઈ વિકલ્પનો પ્રશ્ન રહેતો નથી.

પ્રશ્ન :- એટલે વજન અહીંયાં જ્ઞાયક તરફ આવવું જોઈએ ?

સમાધાન :- હા, વજન જ્ઞાયક ઉપર છે. જ્ઞાયક પણ અનંત વિભૂતિથી ભરેલું એવું જે જ્ઞાયક તત્ત્વ આમ લેવું છે. જો સ્વસ્વરૂપ મહિમાવંતપણે ન દેખાય તો એને સ્વસ્વરૂપ દેખાતું નથી. આ એનો નિયમ છે. કેમકે જે અનંત વિભૂતિથી ભરેલું સ્વયં મહિમાવંત છે એ એવું જ દેખાવું જોઈએ. જેવું છે એવું દેખાય તો એનો મહિમા અવશ્ય અવશ્ય જ્ઞાનમાં (ભાસે). જ્ઞાનમાં એનો મહિમા ભાસે તો એનું બળ ઉત્પન્ન થયા વિના રહે નહીં, એનો રસ ઉત્પન્ન થયા વિના રહે નહીં, એની રુચિ ઉત્પન્ન થયા વિના રહે નહીં. આ બધા પડખાં જ્ઞાનની સાથે સાથે, ભાવ ભાસવાની સાથે સાથે ઊભા થાય છે. જો ઊભા ન થાય તો ભાવ ભાસ્યો નથી આ સીધો હિસાબ છે. એટલે એટલો સંકેત કર્યો છે.

હું જ્ઞાયક છું એમ અંદરથી ભેદજ્ઞાન કરે. ભેદજ્ઞાનના વિષયમાં એવું સંક્ષેપમાં પણ કહી શકાય કે હું જ્ઞાયક છું એવું અંદરથી ભેદજ્ઞાન કરે. પણ અહીંયાં વિકલ્પ છૂટીને નિર્વિકલ્પ થાય છે તો એક વિશેષ વાત એ કરી છે કે જ્ઞાયક છું એવું ખાલી ખાલી નથી, અનંત વિભૂતિથી ભરેલું તત્ત્વ છું એવો ભાવ-એવો મહિમાનો ભાવ પણ સાથે સાથે એવો વિકલ્પ કર્યા વિના હોવો જોઈએ. વિકલ્પ થાય પણ ખરો પણ એ વિકલ્પ થાય એની ઉપર વજન નથી, વિકલ્પ ન થાય તોપણ એવો ભાવ એને રહેવો જોઈએ. એમ કહેવું છે.

પ્રશ્ન :- અંદરથી ભેદજ્ઞાન કરવું એટલે ?

સમાધાન :- અંદરથી ભેદજ્ઞાન કરવું એટલે માણસ નથી કહેતા કે આની હવે આંતરડી કકળે છે. તો એને વેદનાથી એ વિષય આવે છે. એમ એટલું અંદરથી રસપૂર્વક અને અંદરના વલણવાળું પરિણામ હોય તો એને એ અંદરથી ભેદજ્ઞાન છે અથવા એવા સ્વભાવને જાણે કે સ્પર્શીને ભેદજ્ઞાન કરવું છે.

પ્રત્યક્ષ સ્વભાવ છે ને ! ખરેખર તો સ્વભાવ પ્રત્યક્ષ છે અને જે પ્રત્યક્ષ છે એ કોઈ અદ્‌ભુત વિષય છે ! પ્રત્યક્ષતાનો વિષય કોઈ જબરદસ્ત વિષય છે કે જે તત્ત્વ શક્તિરૂપ હોવા છતાં એનો જે પ્રત્યક્ષપણાનો ધર્મ છે એ વસ્તુને જાણે કે પ્રત્યક્ષ જ પ્રદર્શિત કરે છે. પ્રત્યક્ષતાનો ધર્મ વસ્તુને પ્રત્યક્ષપણે જ દર્શાવે છે અથવા જણાવે છે, પ્રત્યક્ષપણે જાણાવે છે. એવું જ્યારે પોતાનું પ્રત્યક્ષ દર્શન છે જેમાં એમાં અંદરથી

ભેદજ્ઞાન આવે છે એટલે એટલા રસપૂર્વક આવે છે એમ કહેવું છે. ઘણો રસ લઈને એ ભેદજ્ઞાન આવે છે.

જ્ઞાયકસ્વભાવનો અનંતગુણ વૈભવનો ઘણો રસ લઈને જે પરિણમન ચાલે છે એને અંદરથી ભેદજ્ઞાન થયું એમ કહે છે અથવા ઉપર ઉપરથી નથી. ઉપર ઉપરથી નથી એટલે ઉપર ઉપરના જ્ઞાયકના વિકલ્પો છે (કે) આ જાણે છે તે જ્ઞાન છે ને જાણું છું તેથી હું જ્ઞાયક છું. બરાબર ન્યાય, યુક્તિ સહિત વાત છે. આગમ પણ સાક્ષી પૂરે છે. એવી બધી સમજણથી હું જ્ઞાયક છું, જ્ઞાયક છું, જ્ઞાયક છું, જ્ઞાયક છું એમ રટણ કરે એવો કોઈ ઉપર ઉપરનો ભેદજ્ઞાનનો વિષય નથી. એવું ભેદજ્ઞાન નિર્વિકલ્પતાનું કારણ થતું નથી. એવું ઉપર ઉપરથી ભેદજ્ઞાન કરે તો શરૂઆતમાં એવી શરૂઆત થાય પણ એથી કાંઈ એના ફળરૂપ જે નિર્વિકલ્પ અનુભવ છે એ અનુભવ આવે નહીં.

સ્વાનુભવ તો ત્યારે ઉત્પન્ન થાય છે કે અંદરથી જ્ઞાયક સ્વભાવના મહિમાપૂર્વક એનું ભેદજ્ઞાનનું બળ ઉત્પન્ન થાય ત્યારે નિર્વિકલ્પ દશા થાય. કેમકે એકાગ્ર થવું છે ને ? નિર્વિકલ્પ દશામાં તો આત્માના સમગ્ર પરિણામ, સર્વ ગુણોના સમગ્ર પરિણામ એક સ્વભાવને વિશે અંતરલીન થઈને વર્તે છે ત્યારે એને સ્વાનુભવ થાય છે. એવી જે સ્વાનુભવ દશા છે એમાં જોર એ સંબંધીનું હોય અને એવું જોર હોય ત્યારે એને અનાદિના જે ભવભ્રમણના મિથ્યાત્વના મૂળિયા છે, જે રસે કરીને છે એનો પણ એણે રસ બહુ લીધો છે. ભવભ્રમણ કરવાના કારણરૂપ પરિણામનો પણ એણે–આ જીવે ઘણો રસ લીધો છે. એ રસ ક્યારે તૂટે ? કે એવા વિભાવ મિથ્યાત્વરસથી વિરુદ્ધ એવો જે સ્વભાવરસ છે એ એટલી જ માત્રામાં સમુત્પન્ન થાય ત્યારે.

ત્રાજવાના પલ્લા જેવો વિષય છે. જેટલું રસ છે એટલું વજન છે. જેટલું વજન છે એટલો જ રસ છે ઇ એનું માપ છે. પૂર્વે એટલું વજન આપ્યું છે કે એ પલ્લું ઊપડી જાય અને પોતાના સ્વભાવરસનું પલ્લું નીચે બેસે, એટલું એને રસથી વજન આવવું જોઈએ. તો એ ત્રાજવાના પલ્લા જેવું છે. જેમ કહે છે ને કે ભાઈ ! ત્રાજવાનો કાંટો કોઈની શરમ રાખતો નથી. જેટલું વજન રાખો એ જ પ્રમાણે એ બતાવે. વજન ઓછું નાખો અને કોઈ એવી ઇચ્છા કરે કે આ વધારે બતાવે તો સારું. ત્રાજવાનો કાંટો એવું કામ કરતો નથી.

એ રીતે નિર્વિકલ્પતા થાય છે, વિકલ્પો મટે છે અને ધર્મદશાનો પ્રારંભ થાય છે. પણ ભેદજ્ઞાન બરાબર થવું જોઈએ. અંદરથી થવું જોઈએ એટલે યથાર્થ પ્રકારે, યથાર્થપણે ભેદજ્ઞાન થવું જોઈએ. જો યથાર્થપણે ન થાય, જે રીતે થવું ઘટે એ રીતે- એ પ્રકારે ન થાય તો એનું ફળ આવવાનો પ્રશ્ન રહેતો નથી. અને થાય અને એનું ફળ ન આવે, કોઈ અંદરથી ભેદજ્ઞાનની પ્રક્રિયા ઉત્પન થાય ને એનું ફળ ધર્મદશા પ્રગટ થવાનું ન આવે, એ પ્રશ્ન રહેતો નથી - એવું બની શકતું નથી. જોર આવવાનું મૂળ કારણ તો એ છે કે જો પ્રત્યક્ષ સ્વરૂપે પોતે જ પોતાના સ્વરૂપથી પરિપૂર્ણ છે અથવા જેવો છે તેવો સ્વરૂપે કરીને જો પોતે પ્રત્યક્ષ છે તો પોતાની દશામાં એ જ વિષયનું પરોક્ષપણું કેવી રીતે ચલાવી લે ? અને કેવી રીતે ચાલુ રહે ? આ પ્રશ્ન છે.

જો ભૂખ લાગી હોય અને ભોજન પણ પીરસેલું હોય અને એ ભોજનનો કોળિયો મોઢામાં પણ મૂકેલો હોય અને ભૂખ લાગી હોય તો કેમ મોઢામાંને મોઢામાં રહે ? સીધું ઊતરી જ જાય એ તો. એક તો ભૂખ લાગી છે અને મોઢામાં આવવા સુધી તો અન્ન પહોંચી ગયું છે, તો એ ભલે મિષ્ટાન્ન છે, મિષ્ટ અન્ન હોય, સારું લાગતું હોય તોપણ ભૂખ લાગી હોય એટલે સીધું જ અંદર ચાલ્યું જાય. એ રહી શકે નહીં.

એમ જે સ્વરૂપ પોતે સ્વરૂપે કરીને પ્રત્યક્ષ છે, આ ભેદજ્ઞાનનો બહુ જે જોર આવવાનો મુદ્દો છે એ આ છે. સ્વરૂપે કરીને પ્રત્યક્ષ છે. એની વ્યાપકતા, શુદ્ધતા અથવા સ્વપરપ્રકાશકતાને લઈને ભિન્નતા, વેદકતા અને પ્રત્યક્ષતા એ ચારે પડખાંમાં પ્રત્યક્ષનું જે પડખું છે એ બળવાન પરિણામમાં બળ થવાને અર્થે મુખ્ય કાર્ય – મુખ્ય ભાગ ભજવે છે કે જો પોતે જ પોતાના સ્વરૂપથી પ્રત્યક્ષ છે તો અવસ્થામાં પરોક્ષપણું રહે કેવી રીતે ? એટલે જે પોતાના સ્વરૂપને ભાવભાસનથી પ્રત્યક્ષ ભાવમાં લે છે કે હું પ્રત્યક્ષ જ આવો છું એનું પરિણમન પ્રત્યક્ષ તોર ઉપર આગળ વધે છે અને એમાં પ્રત્યક્ષતા ઊભી થઈ જાય છે, પ્રત્યક્ષતા ઉત્પન્ન થઈ આવે છે. એનું પરોક્ષપણું લાંબા કાળ સુધી રહેતું નથી. એટલે સમ્યક્સન્મુખ જીવ બહુ અલ્પ સમયમાં સ્વાનુભવ પ્રાપ્ત કરે છે એનું કારણ આ છે. પછી પોતાના સ્વરૂપથી પડદામાં રહેવું એને પોસાતું નથી.

પોતાનું જ પરમેશ્વર પદ; જોવાની ખૂબી ઇ છે, પોતાનું જ પરમેશ્વર પદ અને તે પ્રત્યક્ષ, એ અત્યંત પોતા સ્વરૂપે છે એટલે અત્યંત નજીક છે. પોતા સ્વરૂપે છે

એટલે દૂર છે ? કે, એ તો જ્ઞાનમાં પોતા સ્વરૂપે જ છે. તો પછી દશામાં એથી દૂરપણું કેવી રીતે ચાલે ? પોતાનું પ્રત્યક્ષ પરમેશ્વરપદ પોતા જ સ્વરૂપે પ્રત્યક્ષ હોય તો અવસ્થામાં એનું પરોક્ષપણું કેવી રીતે ચાલી શકે ? અવસ્થા એ રીતે રહી શકતી નથી. એ આપોઆપ જ પલટો મારીને પોતાના પરમાત્મ પદનો પ્રત્યક્ષપણે સાક્ષાત્કાર કરે છે, પ્રત્યક્ષપણે ભેટો કરે છે. એવું સહજ જ બળ ઉત્પન્ન થાય છે એ અંદરના ભેદજ્ઞાનનો મુખ્ય પ્રકાર છે. ભેદજ્ઞાનનું મુખ્ય પડખું આ છે. પછી તો વચ્ચે જે રાગાદિના વિકલ્પ આવે છે એ આવા પ્રત્યક્ષ નિર્વિકાર ચૈતન્ય સ્વરૂપથી વિરુદ્ધ જાતિના વિકારરૂપ હોવાથી એનો નિષેધ આપોઆપ જ આવી જાય છે.

મુમુક્ષુ :– 'શ્રીમદ્‌જી' કહે છે કે પ્રત્યક્ષ છે, અત્યંત પ્રત્યક્ષ છે.

પૂજ્ય ભાઈશ્રી :– અત્યંત પ્રત્યક્ષ છે એટલે પરિપૂર્ણ પ્રત્યક્ષ છે. આત્મા છે, છે એટલું નહીં, કાંઈ અદ્ધર છે કે ક્યાંક ગુફામાં સંતોયેલો છે એમ પણ નહીં. પણ આત્મા પ્રત્યક્ષ છે અને અત્યંત પ્રત્યક્ષ છે, એકદમ પ્રત્યક્ષ છે. પ્રત્યક્ષતામાં જરા પણ પરોક્ષપણું નથી એવો અત્યંત પ્રત્યક્ષ છે. જેમ પ્રકાશમાં – સૂર્યના પ્રકાશમાં જરાપણ અંધારું નથી. એવો આ ચૈતન્યસૂર્ય છે કે જેમાં કોઈ પરોક્ષતાનો અંશ પણ નથી. સ્વરૂપે પ્રત્યક્ષ છે. આ એક પરિણામ ઉપર સ્વભાવને અસર આવવાનો બહુ મોટો આધારભૂત મુદ્દો છે. આમ તો અનેક અનંત ગુણધર્મો છે. આત્મામાં અનંત ગુણધર્મો છે પણ જેનો વિશેષે કરીને આધાર સાધક જીવને વર્તે છે, આવે છે એમાં આ પોતાનું સ્વરૂપે કરીને પ્રત્યક્ષપણું છે એ બહુ મોટી વાત છે. એ એની અવસ્થાના, સવિકલ્પ દશાની અવસ્થાના પરોક્ષપણાનો નાશ કરનારો આધાર ભાવ છે.

પ્રશ્ન :– અત્યંત પ્રત્યક્ષ છે એવો જે શબ્દ લીધો છે એ એના ઉપર ભાર મૂકવા માટે છે ?

સમાધાન :– ભાર મૂકવા કરતાં એવું છે એવું કહ્યું.

મુમુક્ષુ :– પ્રત્યક્ષમાં એ કીધું પણ અત્યંત પ્રત્યક્ષ કીધું એમાં...

પૂજ્ય ભાઈશ્રી :– હા ! એ જરા પ્રત્યક્ષ છે એમ કરીને કોઈ ઢીલુંપોચું કાઢી ન નાખે. એટલે વજન આપવા માટે છે. અને છે પણ અત્યંત પ્રત્યક્ષ. પાછું એમ નથી કે વધારીને કહેવું છે. એવું તો કાંઈ કહેવું નથી. એ તો છે પણ અત્યંત પ્રત્યક્ષ જ છે. પણ એને એ રીતે જેવું છે એવું ખ્યાલમાં ન આવે તો વિષયને સ્પષ્ટ કરે છે.

મુમુક્ષુ :- જેમ જ્ઞાન આત્માનો અસાધારણ ગુણ છે એમ...

પૂજ્ય ભાઈશ્રી :- આ જ્ઞાનનો જ ધર્મ છે. જ્ઞાનનો જ ધર્મ (છે). પ્રત્યક્ષતા-પરોક્ષતા બીજા કોઈ ગુણના પરિણામને લાગુ પડતી નથી. શ્રદ્ધાને પણ લાગુ પડતી નથી. 'ટોડરમલજી'ની ચિઠ્ઠીમાં પ્રશ્ન પૂછ્યો છે કે, શ્રદ્ધાની પ્રત્યક્ષતા ને પરોક્ષતા વિશે આપ સમજાવો. તો કહ્યું કે, ભાઈ ! શ્રદ્ધામાં પ્રત્યક્ષ-પરોક્ષપણું લાગુ પડતું નથી. પ્રત્યક્ષ-પરોક્ષપણું તો જ્ઞાનને જ લાગુ પડે છે. તો જે જ્ઞાન બહિર્મુખ વર્તે છે, ઇન્દ્રિય દ્વારા વર્તે છે ત્યાં પરોક્ષપણું ઉત્પન્ન થાય છે અને જે જ્ઞાન ઇન્દ્રિય દ્વારને છોડીને અંતર્મુખ વળે છે એ જ્ઞાન પોતે પ્રત્યક્ષ સ્વરૂપના આધારે અંતર્મુખ વળતું હોવાથી તદાકાર થઈને પ્રત્યક્ષતા ધારણ કરે છે. એમાં પછી પરોક્ષતા રહેતી નથી. ચિઠ્ઠીમાં એ વિષય છે. 'ટોડરમલજી'ના 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં પાછળ એ વાત લીધી છે.

જેમ કોઈ પ્રસંગ પ્રત્યક્ષ જોયો હોય ને પરોક્ષ જાણવા મળે તો એની અસરમાં ફેર પડે છે કે નહીં ? તો અંદરથી ભેદજ્ઞાન થવું એનો અર્થ કે જેવું જ્ઞાયકસ્વરૂપ છે એવી જ પરિણામમાં અસર આવવી કે હું જ્ઞાયક છું. જ્ઞાયકપણાની અસર ઊભી થવી. એ જ્ઞાયકપણાની અસર ક્યાંથી ઊભી થશે ? કે મનના સંગે પરોક્ષપણે જ્ઞાયક છું, જ્ઞાયક છું, જ્ઞાયક છું એમ કર્યા કરશે તો અસર આવશે ? કે પરોક્ષતામાં એ અસર આવતી નથી. એમ લેવું છે.

અતીન્દ્રિય સ્વાનુભવનો વિષય, ચર્ચા પછી આ પ્રશ્ન શરૂ થાય છે. **'વળી તમે પ્રત્યક્ષ પરોક્ષનો પ્રશ્ન લખ્યો. પણ ભાઈશ્રી ! સમ્યક્ત્વમાં કંઈ પ્રત્યક્ષ પરોક્ષના ભેદ નથી.'** 'ટોડરમલજી' પોતે ઉત્તર આપે છે. રહસ્યપૂર્ણ ચિઠ્ઠી છે ને એમાં એ વિષય લીધો છે **'સિદ્ધશ્રી મુલતાન નગર મહાશુભસ્થાન વિષે'** અત્યારે આ શહેર 'પાકિસ્તાન'માં છે. **'મુલતાન નગર મહાશુભસ્થાનવિષે સ્વધર્મી ભાઈ અનેક ઉપમાયોગ્ય અધ્યાત્મરસરોચક ભાઈશ્રી ખાનચંદજી, ગંગાધરજી, શ્રીપાલજી, સિદ્ધારથદાસજી આદિ સર્વ સ્વધર્મી યોગ્ય. લિં. 'ટોડરમલ'ના શ્રી પ્રમુખ વિનય શબ્દ અવધારજો.'** કેવો અધ્યાત્મ પત્ર છે ને ! **'અહીં યથાસંભવ આનંદ છે.'** જેવી દશા છે એટલો આનંદ છે.

**'તમને ચિદાનંદઘનના અનુભવથી સહજાનંદની વૃદ્ધિ ચાહું છું.'** તમારું સ્વાસ્થ્ય સારું રહે એવી વાત નથી લખી. તમને પણ શુદ્ધ ચિદાનંદઘનના અનુભવથી સહજાનંદની વૃદ્ધિ થાવ અથવા તો તમારી જેવી અભિલાષા છે એવી તમારી પૂર્ણ

દશા થાવ એમ. એ ભાવના છે, શુભભાવના છે. એમાં પહેલાં સ્વાનુભવના વિષયનો પ્રશ્ન ચાલી ગયો છે. અતીન્દ્રિય અનુભવ કેમ થાય છે એ વિષયનો. પછી આ વિષય ચાલ્યો છે.

બીજા પ્રશ્ન (લખ્યા છે) કે **'વળી તમે પ્રત્યક્ષ-પરોક્ષ સંબંધી પ્રશ્ન લખ્યો.'** એટલે બીજો પણ પ્રશ્ન લખ્યો છે. **'પણ ભાઈશ્રી ! (સમ્યક્ત્વમાં) કંઈ પ્રત્યક્ષ-પરોક્ષરૂપ ભેદ નથી. ચોથા ગુણસ્થાને સિદ્ધ સમાન ક્ષાયિકસમ્યક્ત્વ થઈ જાય છે, તેથી સમ્યક્ત્વ તો માત્ર યથાર્થ શ્રદ્ધાનરૂપ જ છે...'** એટલે એમ નથી કે ક્ષયોપશમ કે ઉપશમને પરોક્ષપણું લાગુ પડે ને ક્ષાયિક થાય તો એ સમ્યક્ત્વને પ્રત્યક્ષ લાગુ પડે. એવું સમ્યક્ત્વને વિશે નથી. ઇ એનો ધર્મ જ નથી. તે **'તો માત્ર યથાર્થ શ્રદ્ધાનરૂપ જ છે તે (જીવ)...'** એટલે ક્ષાયિક સમ્યક્દૃષ્ટિ જીવ પણ **'શુભ-અશુભ કાર્ય કરતો પણ હોય છે. (તેથી કાંઈ યથાર્થ પદાર્થશ્રદ્ધાન ન હોય એમ હોતું નથી;...)'**

**'તમે જે લખ્યું હતું કે 'નિશ્ચય સમ્યક્ત્વ પ્રત્યક્ષ છે અને વ્યવહાર સમ્યક્ત્વ પરોક્ષ છે, તે એમ નથી.'** પ્રશ્ન આ લખ્યો છે કે, નિશ્ચય સમ્યક્ત્વ પ્રત્યક્ષ છે અને વ્યવહાર સમકિત છે ઇ પરોક્ષ સમકિત છે. તો કહે છે, એમ કાંઈ નથી. અહીંયાં પ્રશ્ન એવો ચાલ્યો છે. **'સમ્યક્ત્વના તો ત્રણ ભેદ છે. તેમાં ઉપશમ સમ્યક્ત્વ અને ક્ષાયિક સમ્યક્ત્વ તો નિર્મળ છે.'** બન્ને એકદમ નિર્મળ છે. **'કેમકે તે મિથ્યાત્વના ઉદય રહિત છે, તથા ક્ષયોપશમ સમ્યક્ત્વ સમળ છે કેમકે સમ્યક્ત્વમોહનીયના ઉદય સહિત છે,...'** સમ્યક્ત્વમોહનીયનો ઉદયનો અર્થ કે એ ઉદયમાં અલ્પ જોડાણ હોય છે પણ એ કેવળજ્ઞાનગોચર છે. એ એને પોતાને તો શુદ્ધ સમકિત જ અનુભવમાં આવે છે. એને કોઈ એ પકડાય એવો વિષય હોતો નથી.

પ્રશ્ન :– સમ્યક્ત્વમોહનીય કેમ કીધું ?

સમાધાન :– છે એક કર્મની પ્રકૃતિ છે. મિથ્યાત્વમોહનીય, સમ્યક્ત્વમોહનીય (એમ) દર્શનમોહના પ્રકૃતિના ત્રણ ભેદ છે. એમાં સમ્યક્ત્વ મોહનીય, મિથ્યાત્વ મોહનીય અને ત્રીજું નામ છે. ત્રણ મોહની પ્રકૃતિ છે.

પ્રશ્ન :– એટલે ઉદયમાં જોડાણ છે ?

સમાધાન :– હા, સમ્યક્ત્વ મોહનીય. પેલી બે નથી હોતી. પેલી બે ઉપશમ થાય છે અને આ ઉદયમાં આવે છે – સમ્યક્ત્વ મોહનીય. અને જ્યાં સુધી ક્ષયોપશમ

સમકિત ચાલું છે ત્યાં સુધી સમ્યક્ત્વ મોહનીનો ઉદય છે. એમ છે. એટલે એને ક્ષયોપશમ કહેવામાં આવે છે.

પ્રશ્ન :- એટલે તારતમ્યતા ભેદે આ બે ઊંચા સમ્યક્ત્વ છે ?

સમાધાન :- આ બન્ને નિર્મળ છે અને આમાં કેવળજ્ઞાનગોચર સમળપણું છે.

પ્રશ્ન :- સમળપણું છે ?

સમાધાન :- હા, છે સમળપણું. પણ એ તો બહુ અલ્પ છે. આ તો કરણાનુયોગથી એનું માપ છે. અધ્યાત્મમાં એનો કોઈ હિસાબ નથી. અધ્યાત્મના પડખેથી એનો કોઈ હિસાબ નથી. પણ કરણાનુયોગના પડખેથી એનું માપ છે એમ.

ત્યાં '**ક્ષયોપશમ સમ્યક્ત્વ સમળ છે કેમકે સમ્યક્ત્વ મોહનીના ઉદય સહિત છે, પણ આ સમ્યક્ત્વમાં પ્રત્યક્ષ-પરોક્ષના કોઈ ભેદ તો છે નહીં.**' એ જે મુદ્દો – સવાલ છે એનો એ ઉત્તર આપેલો છે. '**શુભાશુભરૂપ પ્રવર્તતા વા સ્વાનુભવરૂપ પ્રવર્તતા...**' શુભ અશુભરૂપે પ્રવર્તતા અથવા પોતાના અંતર અનુભવના શુદ્ધોપયોગરૂપે પ્રવર્તતા '**ક્ષાયિક સમ્યક્ત્વીને સમ્યક્ત્વગુણ તો સામાન્ય જ છે,...**' એ શુભાશુભમાં જાય એટલે સમ્યક્ત્વ ગુણના પરિણમનમાં ફેર પડે અને શુદ્ધોપયોગમાં આવે એટલે એનું સમ્યક્ત્વ એ વખતે વધારે સારું એવું કાંઈ છે નહીં, એ તો સમાન જ છે. '**તેથી સમ્યક્ત્વના પ્રત્યક્ષ-પરોક્ષ ભેદ ન માનવા. પણ પ્રમાણના પ્રત્યક્ષ-પરોક્ષરૂપ બે ભેદ છે તે પ્રમાણ સમ્યક્જ્ઞાન છે, તેથી મતિજ્ઞાન-શ્રુતજ્ઞાન તો પરોક્ષ પ્રમાણ છે; અવધિ, મનઃપર્યય અને કેવળજ્ઞાન પ્રત્યક્ષ પ્રમાણ છે.**'

'**आद्य परोक्षं, प्रत्यक्षमन्यत्**' 'તત્ત્વાર્થસૂત્ર'ના પહેલાં અધ્યાયનો અગિયાર બારનું આ સૂત્ર છે. પહેલું અગિયાર નંબરનું સૂત્ર છે - '**आद्य परोक्षं**'. બારમું સૂત્ર છે '**प्रत्यक्षमन्यत्**' બીજા ત્રણ છે. '**अन्यत्**' એટલે બીજા છે એ પ્રત્યક્ષ છે. '**એવું સૂત્રનું વચન છે.**' એ આગમ અનુસાર. આગમ અનુસાર મતિ-શ્રુત પરોક્ષ છે, અવધિ મનઃપર્યય અંશ પ્રત્યક્ષ છે અને કેવળજ્ઞાન સર્વ પ્રત્યક્ષ છે. આ આગમનો ભેદ છે.

અધ્યાત્મની અપેક્ષાએ મતિ-શ્રુતના સ્વાનુભવના કાળમાં તે વેદન પ્રત્યક્ષ છે એમાં એને પરોક્ષપણું લાગુ પડતું નથી. એમ લેવું. પણ અહીંયાં જે સૂત્ર છે એ તો સામાન્ય મતિ-શ્રુતજ્ઞાન કોઈપણ જીવનું લ્યો, એકેન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિય પર્યંતના જ્ઞાનના પર્યાયમાં મતિ-શ્રુતના પરિણમનને વિચારો તો એ મતિ-શ્રુતને પરોક્ષ કહેવામાં આવે

છે; અવધિ, મનઃપર્યય અને કેવળને પ્રત્યક્ષ કહેવામાં આવે છે.

મુમુક્ષુ :– આમ તો જે સમ્યક્ત્વ થાય છે એ વખતે તો નિર્વિકલ્પ અનુભવ હોય છે. તે વખતે ઉદય તો કર્મજનિત ઉદયમાં પણ જોડાયો હોય છે...

પૂજ્ય ભાઈશ્રી :– એ અબુદ્ધિપૂર્વકનું, અબુદ્ધિપૂર્વકનું. બુદ્ધિપૂર્વકનું નહીં.

પ્રશ્ન :– બુદ્ધિપૂર્વક કે અબુદ્ધિપૂર્વક પણ જે કર્મનું જોડાણ છે એ તો એને આદરબુદ્ધિએ નથી ?

સમાધાન :– નહીં આદરબુદ્ધિ નથી. ઇ તો એને ખબર પણ નથી. જે અબુદ્ધિપૂર્વકનું છે ઇ તો એને મનગોચર કે બુદ્ધિગોચર થતું પણ નથી, કેવળજ્ઞાનગોચર છે. અને એટલું સરાગપણું છે, એટલું મલિનપણું છે અને તેથી તો પૂરેપૂરી વીતરાગતા, શુદ્ધ ઉપયોગ હોવા છતાં પૂરેપૂરી વીતરાગતા નથી અને પૂરેપૂરી વીતરાગતા નહીં હોવાથી એ ઉપયોગથી ચ્યૂત થઈને વળી પાછો ઉપયોગ સરાગ દશામાં બુદ્ધિપૂર્વકના વિકલ્પમાં આવી જાય છે. એનું કારણ પણ એ જ છે કે હજી અહીંયાં રાગ રહ્યો છે, એ રાગની હયાતીને સૂચિત કરે છે એમ છે.

પછી પ્રત્યક્ષ-પરોક્ષનો અર્થ કર્યો છે કે **'તર્કશાસ્ત્રમાં પ્રત્યક્ષ-પરોક્ષનું આવું લક્ષણ કહ્યું છે :–'** **'स्पष्टप्रतिभासात्मकं प्रत्यक्षमस्पष्टं परोक्षम्'** આવો અર્થઘટન કર્યો છે કે **'જે જ્ઞાન પોતાના વિષયને સારી રીતે નિર્મળરૂપે જાણે તે જ્ઞાન પ્રત્યક્ષ છે, અને જે જ્ઞાન સારી રીતે સ્પષ્ટ ન જાણે તે પરોક્ષ છે; મતિજ્ઞાન-શ્રુતજ્ઞાનના વિષય તો ઘણાં છે પરંતુ તે એક જ જ્ઞેયને સંપૂર્ણ પણે તે જાણી શકતા નથી તેથી તે પરોક્ષ છે.'** આમ કહેવા માગે છે. પછી પ્રત્યક્ષ પરોક્ષના સંવ્યવહારિક પ્રત્યક્ષ ને એ બધા ભેદ લીધા છે. ઇન્દ્રિય પ્રત્યક્ષ ને એ બધાના ભેદ લીધા છે.

પછી એમણે સ્વાનુભવની ચર્ચા પાછી એ જ વિષયમાં ઉપાડી છે કે **'એ પ્રમાણે પ્રત્યક્ષ-પરોક્ષ પ્રમાણના ભેદ કહ્યાં છે. સ્વાનુભવ દશામાં આત્માને જાણીએ તે શ્રુતજ્ઞાન વડે જાણવામાં આવે છે. શ્રુતજ્ઞાન મતિજ્ઞાનપૂર્વક જ છે, તે મતિજ્ઞાન-શ્રુતજ્ઞાન પરોક્ષ કહેલ છે તેથી ત્યાં આત્માને જાણવું પ્રત્યક્ષ હોતું નથી.'** એમ આગમ અપેક્ષાએ ત્યાં આત્મા પરોક્ષપણે જણાય છે અને અધ્યાત્મના સિદ્ધાંત પ્રમાણે ત્યાં આત્મા પ્રત્યક્ષપણે જણાય છે. આમ છે.

પ્રશ્ન :– ઇ કઈ રીતે ? બે અપેક્ષા અલગ અલગ કઈ રીતે છે ?

સમાધાન :- જેમકે કેવળજ્ઞાનમાં આત્મા પ્રત્યક્ષ જણાય એવો કાંઈ સ્વાનુભવમાં એના પ્રદેશો સહિત, એના અનંત ગુણભેદો સહિત એવી રીતે તો કાંઈ પૂરો જણાતો નથી.

પ્રશ્ન :- એનું કારણ આવરણ છે ?

સમાધાન :- હા, એનું કારણ આવરણ છે. જ્ઞાનને આવરણ છે, બરાબર આવરણ છે. એ તો કેવળજ્ઞાનાવરણ છે જ ને. કેવળજ્ઞાનાવરણ છે જ તે. આવરણ છે એ અપેક્ષાએ પરોક્ષ છે અને વેદનમાં તો ઇ પરોક્ષપણું નથી. બહુ સ્પષ્ટ વેદન છે, અત્યંત સ્પષ્ટ વેદન છે અને એમાં કોઈ પાંચ ઇન્દ્રિય અને છઠ્ઠા મનનું વચ્ચે નિમિત્ત, માધ્યમ પણ નથી તેથી એને પ્રત્યક્ષ કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- આવરણ કહીએ તો પૂર્ણ અને અપૂર્ણ.. આવરણ છે એટલે અપૂર્ણ અને નિરાવરણ છે એટલે સંપૂર્ણ છે.

પૂજ્ય ભાઈશ્રી :- અપૂર્ણ જ છે બરાબર. હા, નિરાવરણ એટલે સંપૂર્ણ થઈ ગયા.

મુમુક્ષુ :- અપૂર્ણ છે માટે પ્રત્યક્ષ નથી.

પૂજ્ય ભાઈશ્રી :- હા, માટે એને પરોક્ષ કહી દીધું. ત્યાં કેવળજ્ઞાનની અપેક્ષા લેવી.

પ્રશ્ન :- અહીંયાં પરોક્ષનું જે વર્ણન છે એ ઇન્દ્રિય આધિન વર્ણન કર્યું છે ?

સમાધાન :- ના, અહીંયાં એ વાત નથી. જ્યાં સ્વાનુભવ છે ત્યાં ઇન્દ્રિય આધિન છે માટે પરોક્ષ છે એમ વાત નથી.

મુમુક્ષુ :- સ્વાનુભવ તો અતીન્દ્રિય પ્રત્યક્ષ છે.

પૂજ્ય ભાઈશ્રી :- અતીન્દ્રિય છે, અતીન્દ્રિય છે એટલે પ્રત્યક્ષ છે.

પ્રશ્ન :- અને આ જે પરોક્ષપણાનું વર્ણન છે એ ઇન્દ્રિય આધિન છે એટલે પરોક્ષ છે ?

સમાધાન :- નહીં, અહીંયાં સામાન્ય જે મતિ-શ્રુત ચાલે છે એ બધા ઇન્દ્રિય આધિન પરિણામ છે અને શાસ્ત્રની અંદર સ્વાનુભવને પણ પરોક્ષ કહ્યો તો ત્યાં મતિ-શ્રુત પરોક્ષ છે એટલે કેવળજ્ઞાનની જેમ નિરાવરણ દશા નથી. જે કેવળજ્ઞાનમાં પ્રત્યક્ષપણે આત્માનું જાણવું થાય ને અનુભવવું થાય એવું જાણવું ને અનુભવવું નથી. તે અપેક્ષાએ એને પરોક્ષપણું કહેવામાં આવે છે, એમ.

પ્રશ્ન :- અત્યારે જે કાંઈ વેદન થાય છે તે ઇન્દ્રિયના માધ્યમથી વેદન છે. જે

કાંઈ આત્માને વેદન થાય છે એ ઇન્દ્રિયના માધ્યમથી છે અને જ્યારે નિર્વિકલ્પ ઉપયોગ થઈ જાય ત્યારે જે વેદન છે એ અતીન્દ્રિય પરિણમન છે ?

સમાધાન :– એ અતીન્દ્રિય પરિણમન છે. ક્યાંય ઇન્દ્રિયના માધ્યમથી કોઈ પરિણમન નથી. મન તો પહેલાં જ મરી જાય છે. પરમાત્માનો સાક્ષાત્કાર થતાં મન તો પહેલાં મરી જાય છે. આવે છે ને ? એ વિષય 'અનુભવપ્રકાશ'માં આવે છે.

અહીંયાં તો એમણે બહુ ચર્ચા કરી છે. કેમકે પોતે આગમ અને અધ્યાત્મને બન્નેને સાથે લેતા જાય છે. એટલે ત્યાં આગમથી મન સહિતપણું કહેવાય, અધ્યાત્મથી મન રહિતપણું કહેવાય, એ બધો વિષય પણ એમણે ચલાવ્યો છે. અતીન્દ્રિય આનંદ કહે છે એમ પણ લીધું છે. નિર્વિકલ્પદશામાં અતીન્દ્રિય આનંદ આવે છે. એ 'અતીન્દ્રિય' શબ્દનો પ્રયોગ કર્યો છે.

હવે પોતે એ પ્રશ્ન ઉઠાવ્યો છે કે **'અનુભવમાં પણ આત્મા પરોક્ષ જ છે...'** એમ આપે મતિ-શ્રુતની અપેક્ષાએ સ્થાપ્યું. **'તો ગ્રંથોમાં...'** એટલે અધ્યાત્મશાસ્ત્રમાં **'અનુભવને પ્રત્યક્ષ કેમ કહ્યો છે ?'** વિષયને સ્પષ્ટ કરવા પોતે ને પોતે પ્રશ્ન ઉઠાવ્યો છે. શાસ્ત્રમાં તો એને પ્રત્યક્ષ કહ્યો છે, ઉપરની ગાથામાં જ કહ્યું છે. ઉપરની એટલે પોતે એક ગાથાનો આધાર આપ્યો છે કે જ્યારે વિચાર કરવામાં આવે છે, અન્વેષણ કાળ છે, સંશોધન કાળ છે, નિર્ણય કરવાનો કાળ છે. તો **'तच्चाणेसणकाले समयं बुज्झेहि जुत्तिमग्गेण।'** સમય નામ આત્માને યુક્તિ માર્ગથી વિકલ્પથી જાણવામાં આવે છે. **'णो आराहणसमये पच्चक्खो अणुहवो जह्मा।।२६६।।'** આ 'નયચક્ર'માં કહી દીધું. કેમકે ત્યાં પ્રત્યક્ષ અનુભવ હોવાથી આરાધન સમયે ત્યાં પરોક્ષપણું હોતું નથી. આ તો તમે હજી અનુભવ પ્રત્યક્ષનો આધાર આપ્યો. પોતે જ આ પત્રની શરૂઆતમાં જ આ ગાથાનો આધાર આપે છે. 'નયચક્ર'ની ૨૬૬ મી ગાથા છે. અને તમે અહીંયાં પાછા એને 'તત્ત્વાર્થસૂત્ર' અનુસાર **'आद्य परोक्षं'** કહીને પરોક્ષપણે સાબિત કરો છો. પોતે ને પોતે પ્રશ્ન ઉઠાવે છે. એમની તો પ્રશ્ન-ઉત્તરની શૈલી છે.

અન્ય ગ્રંથોમાં તો કહ્યું, ઉપરની ગાથામાં જ કહ્યું છે કે **'पच्चक्खो अणुहवो जह्मा'**. **'અનુભવમાં આત્મા તો પરોક્ષ જ છે, કાંઈ આત્માના પ્રદેશનો આકાર તો ભાસતો નથી,...'** કેવળજ્ઞાનની જેમ ક્યાં ત્યાં ભાસે છે ? માટે ત્યાં પણ અમે પરોક્ષ કહી શકીએ છીએ. ત્યારે તો પરોક્ષ પોતે સાબિત કર્યું છે. એ જ વાતને સમર્થનની અંદર

અનુભવમાં પણ કેવી રીતે પરોક્ષપણું લાગુ પડે ? કે અનુભવમાં આ રીતે લાગુ પડે કે કેવળજ્ઞાનમાં સકળ પ્રત્યક્ષ થાય છે એવી રીતે અહીંયાં સકળ પ્રત્યક્ષ આત્મા થતો નથી. આત્માના ત્રણે કાળના પર્યાયો, દ્રવ્યના અનંત ધર્મો, દ્રવ્યના અનંત ગુણો, ગુણના અનંત ધર્મો અને પર્યાયના અનંત ધર્મો આ બધું કેવળજ્ઞાનમાં પ્રત્યક્ષ છે. એવું તો કાંઈ ચોથા ગુણસ્થાને થઈ શકે નહીં, માટે આત્માનો અનુભવ પરોક્ષ છે ત્યાં જાવ. એમ.

ત્યાં **'કાંઈ આત્માના પ્રદેશને આકાર તો ભાસતો નથી, પરંતુ સ્વરૂપમાં પરિણામ મગ્ન થતાં જે સ્વાનુભવ થયો તે સ્વાનુભવ પ્રત્યક્ષ છે.'** હવે સ્થાપ્યું. **'તે સ્વાનુભવ પ્રત્યક્ષ છે. એ સ્વાનુભવનો સ્વાદ કાંઈ આગમ-અનુમાનાદિક પરોક્ષ પ્રમાણાદિ વડે જણાતો નથી. પોતે જ એ અનુભવના રસાસ્વાદને વેદે છે. જેમ કોઈ અંધ મનુષ્ય સાકરનો આસ્વાદ કરે છે, ત્યાં સાકરના આકારાદિ તો પરોક્ષ છે,...'** એને ચક્ષુ ઇન્દ્રિયથી સાકર પ્રત્યક્ષ નથી પણ એના સ્વાદથી તો એને સાકર પ્રત્યક્ષ છે. બન્ને પડખાં લાગુ પડે છે. અંધ માણસ સાકર ખાય તો એને બન્ને પડખાં લાગુ પડે છે. **'પણ જીભ વડે જે સ્વાદ લીધો તે સ્વાદ પ્રત્યક્ષ છે,...'** એ વ્યવહાર પ્રત્યક્ષ છે. **'એમ સ્વાનુભવમાં આત્મા પરોક્ષ છે, જે પરિણામથી સ્વાદ આવ્યો તે સ્વાદ પ્રત્યક્ષ છે – એમ જાણવું.'**

પ્રશ્ન :– જે પરિણામથી પ્રત્યક્ષ છે એમ બોલ્યા ને ?

સમાધાન :– **'જે પરિણામથી સ્વાદ આવ્યો તે સ્વાદ પ્રત્યક્ષ છે.'** આસ્વાદ આવ્યો, અનુભવ આવ્યો. આનંદનો જે પ્રત્યક્ષ અનુભવ આવ્યો, આનંદ વેદનપ્રત્યક્ષ થયો એ પરિણામથી એ આત્મા ત્યાં પ્રત્યક્ષ છે.

**'કથન તો અનેક પ્રકારના હોય છે.'** હવે પોતે Total મારે છે કે આ રીતે એને પ્રત્યક્ષ જાણવું, આ રીતે એને પરોક્ષ કહીએ, આ રીતે એને પ્રત્યક્ષ કહીએ. **'કથન તો અનેક પ્રકારના હોય છે; પણ તે સર્વ આગમ-અધ્યાત્મ શાસ્ત્રથી વિરોધ ન આવે તેમ વિવક્ષાભેદ વડે જાણવા.'** ઠીક ! આગમ અને અધ્યાત્મ બન્નેની વાત એમણે લઈ લીધી છે કે, આગમપદ્ધતિએ કથન હોય તો એને આગમપદ્ધતિ અનુસાર અર્થ કરવો, એનો અધ્યાત્મપદ્ધતિએ જે અર્થ થતો હોય એ અધ્યાત્મપદ્ધતિએ જાણવો અને બે વચ્ચે કાંઈ વિરોધ નથી. પ્રત્યક્ષ અને પરોક્ષ બેને પરસ્પર વિરુદ્ધ હોવા છતાં ખરેખર વિરુદ્ધ નથી એ વાત એમણે સિદ્ધ કરી છે. એમ કરીને એ વિષય અહીંયાં પૂરો કર્યો

છે. છેલ્લું એટલું કહીને આ વિષય પૂરો કર્યો છે.

ખાસ કરીને તત્ત્વજ્ઞાનના અભ્યાસમાં આગમ-અધ્યાત્મનો વિષય પ્રયોજનભૂત રીતે સમજી લેવો જોઈએ. પોતાને જ્યાં પ્રયોજન (છે), પોતાને જ્યાં અણસમજણ અને અટકવાનું ને રોકાવાનું કે વિકલ્પનું કે શંકા–સંદેહનું કારણ થતું હોય એ પોતાનું પ્રયોજન જ્યાં હોય એ રીતે પ્રયોજનભૂત રીતે આગમનો વિષય સૈદ્ધાંતિક ક્યાંય કોઈ રીતે ફેરફાર ન થાય, સિદ્ધાંતનો ફેરફાર ન થાય એ રીતે, આગમના સિદ્ધાંતનું ખંડન ન થાય એ રીતે અને અધ્યાત્મિક રીતે અધ્યાત્મ સિદ્ધાંતો કેવા છે એ વાત પ્રયોજનભૂત રીતે બરાબર સમજી લેવી જોઈએ. તો એને બુદ્ધિપૂર્વકના ઊંધા લાકડા શ્રદ્ધામાં ન રહે. આગમ-અધ્યાત્મના પ્રયોજનભૂત અભ્યાસથી એને બુદ્ધિપૂર્વકના ઊંધા લાકડા ન રહે, એની સમજણ ચોખ્ખી થઈ જાય. એમ છે.

મુમુક્ષુ :– આમ તો બન્ને પદ્ધતિ આત્માને જ ઉપસાવવાની છે.

પૂજ્ય ભાઈશ્રી :– આગમનો વિષય તો અનેક ભેદે છે. આગમમાં દ્રવ્યાનુયોગના આગમ જે છે એ પદાર્થના ગુણધર્મોનું વિવરણ કરે છે. અને એ પદાર્થના ગુણધર્મોનું વિવરણ કરતાં કરતાં પદાર્થ જે અશુદ્ધ અવસ્થાને ધારણ કરે છે એને પણ એનો ધર્મ કહે છે અને પદાર્થ શુદ્ધ અવસ્થાને ધારણ કરે છે એને પણ એ ધર્મ કહે છે. બન્નેને ધર્મ કહે છે, અધર્મ નથી કહેતાં. જ્યારે અધ્યાત્મ શુદ્ધ અવસ્થાને ધર્મ કહે છે અને અશુદ્ધ અવસ્થાને અધર્મ કહે છે. એમ ફેર પડે છે.

એવી જ રીતે કરણાનુયોગના આગમ છે, તો કરણાનુયોગની અંદર નિમિત્તપણે કર્મના ઉદય, ઉપશમ, સત્તા, ક્ષયોપશમ, બંધ એ વગેરે જે પ્રકાર છે એ બધા પ્રકારોનો વિષય એની અંદર પાછા અપકર્ષણ, ઉત્કર્ષણ પાછા જેટલા ભેદ પ્રભેદો છે એ બધા ચાલે છે. એની સામે આત્માના નૈમિત્તિક પરિણામો અશુદ્ધતામાં કેવા હોય અને શુદ્ધતા થાય તો એ કર્મની નિર્જરાના પ્રકાર કેવા હોય, ક્યા ગુણસ્થાને કેટલી કેટલી કર્મની પ્રકૃતિ નિર્જરે, કેટલી સત્તામાં રહે, કેટલી ઉદયમાં રહે એ બધા પ્રકાર કરણાનુયોગમાં જાય છે. એટલે ઘણી ઘણી વાતો છે, આગમની વાતો તો ઘણી છે. છ દ્રવ્યનો વિષય આગમનો છે, છ દ્રવ્યના ગુણધર્મોનો વિષય આગમનો છે.

એવી રીતે આચરણનો અધિકાર આવે, એવી જ રીતે કથાનુયોગનો અધિકાર આવે તો એ બધા આગમમાં જાય છે અને એ બધામાંથી કેવી રીતે સ્વરૂપના આધારથી

સ્વરૂપનો આધાર લઈને શુદ્ધ પરિણમન; અધ્યાત્મિક પરિણમનનો અર્થ જ છે કે આત્માના આધારે ઉત્પન્ન થતો ભાવ તે અધ્યાત્મભાવ, સ્વભાવના આધારે ઉત્પન્ન થતો ભાવ તે અધ્યાત્મભાવ એ ચારે અનુયોગનું તાત્પર્ય એ છે. ચારે અનુયોગમાં એ વિષય છે અને ચારે અનુયોગમાંથી એ વિષય ગ્રહણ કરે, ખેંચીને – જુદો પાડીને, ખેંચીને એટલે જુદો પાડીને ગ્રહણ કરી લે, ત્યારે એને ચારે અનુયોગનો અભ્યાસ યથાર્થપણે કર્યો કહેવાય. નહીંતર ચારે અનુયોગ વાંચી જાય, ક્ષયોપશમ હોય તો સમજી જાય પણ એમાં કાંઈ એને વળે નહીં અથવા પ્રાયઃ અનર્થનું કારણ થાય.

એ 'શ્રીમદ્જી'એ કહ્યું ને 'ગમ પડ્યા વિના આગમ અનર્થકારક થઈ પડે છે.' તો આગમમાં તો ચારે અનુયોગ છે. ગમ પડ્યા વિના એટલે આત્માનો આધાર કેવી રીતે અંદરમાં લેવો એવી જે જ્ઞાનકળા છે, એવી જે ભેદજ્ઞાનની કળા છે, એવી જે ગમ – ગમ એટલે Technique એવી કળા હાથમાં આવ્યા વિના આગમ છે એ અનર્થનું કારણ થઈ પડે છે.

મુમુક્ષુ :– આગમ તો અધ્યાત્મને બતાવનારું છે. અધ્યાત્મને ગ્રહણ ન કરે અને આગમને પકડી રાખે..

પૂજ્ય ભાઈશ્રી :– હા, તો એ અનર્થનું કારણ થાય.

મુમુક્ષુ :– ખરેખર તો આગમનું પ્રયોજન અધ્યાત્મને બતાવવાનું છે. અધ્યાત્મને ગ્રહણ કરતો નથી અને આગમને પકડી રાખે છે.

પૂજ્ય ભાઈશ્રી :– અધ્યાત્મને બતાવવાનું છે. બરાબર છે. આમાં એ લીધું છે, 'સમયસાર'ની અંદર 'બંધ અધિકાર'માં એ વિષય લીધો છે. 'બંધ અધિકાર'માં લીધો છે કે તત્ત્વજ્ઞાનના અભ્યાસનું ફળ શું ? કે રાગાદિથી ભિન્ન આત્માનું જ્ઞાન કરવું તે શ્રુતના અભ્યાસનું ફળ છે. 'સમયસાર' છે ને ? શાસ્ત્ર અધ્યયનનું ફળ, એમ લીધું છે. શાસ્ત્ર અધ્યયનનું ફળ. ૨૭૪ (ગાથા) છે.

**'શુદ્ધજ્ઞાનમય આત્માના જ્ઞાનથી શૂન્ય હોવાને લીધે,...'** મિથ્યાદષ્ટિ જીવ જ્ઞાનને એટલે જ્ઞાનસ્વભાવી આત્માને – શુદ્ધાત્માને **'નથી શ્રદ્ધતો અને જ્ઞાનને નહીં શ્રદ્ધતો તે, આચારાંગ આદિ અગિયાર અંગરૂપ શ્રુતને (શાસ્ત્રને) ભણતો હોવા છતાં, શાસ્ત્ર ભણવાનો જે ગુણ...'** બસ ! આ શબ્દ વાપર્યો છે. **'શાસ્ત્ર ભણવાનો જે ગુણ'** ગુણ એટલે લાભ થવો. શાસ્ત્ર ભણવાનો ગુણ શું ? આ બહુ મુદ્દાનો વિષય છે, આ

જગ્યાએ આવ્યો છે,

**'શાસ્ત્ર ભણવાનો જે ગુણ તેના અભાવને લીધે જ્ઞાની નથી. જે ભિન્નવસ્તુભૂત જ્ઞાનમય આત્માનું જ્ઞાન તે શાસ્ત્ર ભણવાનો ગુણ છે;...'** આટલી વાત નાખી છે.

**'स किल गुणः श्रुताध्ययनस्य यद्विविक्तवस्तुभूतज्ञानमयात्मज्ञानं'** જ્ઞાનમય આત્માનું જ્ઞાન થવું, જ્ઞાન કરવું એ શાસ્ત્ર ભણવાનો ગુણ છે. ભિન્ન વસ્તુભૂત. **'विविक्त'** અત્યાર સુધી અભિન્ન થઈ રહ્યો છે, રાગ અને પરની સાથે એકતાબુદ્ધિ કરી રહ્યો છે એનાથી જુદો પાડે. આ ભેદજ્ઞાનનો વિષય છે. એ ભિન્નવસ્તુભૂત છે પોતે આત્મા. એ જ્ઞાનમય છે પોતે. નાસ્તિથી ભિન્ન વસ્તુભૂત છે, અસ્તિથી જ્ઞાનમય આત્મા છે. એક વચનમાં અસ્તિ નાસ્તિ બન્ને વાત લઈ લીધી છે. એનું જે જ્ઞાન તે શાસ્ત્ર ભણવાનો ગુણ છે અને જો એવું જ્ઞાન ન થાય તો એનું શાસ્ત્ર ભણતર બધું નકામું છે, વ્યર્થ છે.

મુમુક્ષુ :– કોઈપણ વિષયમાં હેતુ સિદ્ધ ન થાય તો ઇ પદ્ધતિ જ નકામી છે.

પૂજ્ય ભાઈશ્રી :– દુકાન માંડે, માલ ખરીદે. દુકાન વેચાતી લ્યે, ભાડે રાખે જે વેપાર કરવો હોય એ બજારમાં દુકાન માંડીને બેસે કે ક્યાંય ગામને પાદર બેસે ? કે ભાઈ ! પહેલા અહીંથી બધા આવશે માટે ત્યાં દુકાન નાખો. ઇ લારીવાળાનું કામ છે. દુકાનવાળો તો બરાબર જ્યાં જે ચીજનો વેપાર બરાબર ધીકતો ચાલતો હોય ત્યાં દુકાન માંડે, ત્યાં બરાબર ખરીદી-વેચાણ એને ફાવે તોપણ નફો કેટલો થયો છે એના ઉપર એની નજર હોય. પ્રયોજનથી વાત છે કે વગર પ્રયોજનની વાત છે ? એમ શાસ્ત્ર વાંચવું એ પ્રયોજન નથી, પણ એનો ગુણ શું થાય છે એ પ્રયોજન છે. એ પ્રયોજન સામું ન જોવો તો શાસ્ત્ર વાંચ્યું બધું નકામું છે. અહીં સુધી રાખીએ છીએ..

**ચૈતન્યદેવ રમણીય છે, તેને ઓળખ. બહાર રમણીયતા નથી. શાશ્વત આત્મા રમણીય છે, તેને ગ્રહણ કર. ક્રિયાકાંડનો આડંબર, વિવિધ વિકલ્પરૂપ કોલાહલ, તેના પરની દૃષ્ટિ છોડી દે; આત્મા આડંબર વિનાનો, નિર્વિકલ્પ છે, ત્યાં દૃષ્ટિ દે; ચૈતન્યરમણતા વિનાના વિકલ્પકોલાહલમાં તને થાક લાગશે, વિસામો નહિ મળે; તારું વિશ્રામગૃહ છે આત્મા, તેમાં જા તો તને થાક નહિ લાગે, શાન્તિ મળશે. ૧૮૩.**

**તા. ૨૧-૦૮-૧૯૮૭, વચનામૃત–૧૮૩**
**પ્રવચન નં. ૧૩૮**

પાનું ૫૬, ૧૮૩ બોલ. સ્વરૂપ મહિમાનો બોલ છે. સ્વરૂપ મહિમા કરવા ઉપરાંત મુમુક્ષુ જીવને પ્રેરણા કરી છે. કહે છે કે, **'ચૈતન્યદેવ રમણીય છે, તેને ઓળખ.'** ચૈતન્યદેવનો નિર્ણય કર, તેની ઓળખાણ કર. અંદરમાં ચૈતન્યદેવ અતિ રમણીય છે. પોતાને રમવા યોગ્ય એટલે સ્થિર થવા યોગ્ય, ઠરીને ઠામ થાય અને જે શાંતિમાંથી છૂટવું ગમે નહીં એવો આત્મા ચૈતન્યદેવ નિશ્ચયદેવ પોતે જ છે.

'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ'માં એવો એક બોલ છે. નિશ્ચયદેવ પોતે છે, નિશ્ચય ગુરુ પણ પોતે જ છે અને નિશ્ચય શાસ્ત્ર પણ પોતે જ છે. દેવ, ગુરુ અને શાસ્ત્ર ત્રણે આત્મા જ છે. કયો આત્મા છે ? મૂળ સ્વરૂપે જે આત્મા છે એ ત્રણે એમાં આવી જાય છે. કેમકે શાસ્ત્ર પણ એને સ્પર્શીને નીકળ્યા. અને પોતે સ્વયં અનંત શક્તિનો ધારક

દિવ્ય શક્તિઓનો ધારક પોતે જ દેવ છે, અચિંત્યદેવ છે. જેનું ચિંતવન, ચિંતવનમાં જેનો સમાવેશ ન થાય તેવો અચિંત્ય દેવ છે ! 'સમયસાર'માં એ શ્લોક લીધો છે, કળશ છે – અચિંત્યદેવ છે.

આત્મા છે તે અચિંત્ય દેવ છે. તે રમણીય છે, અતિ સુંદર છે. શરીરની સુંદરતાનો કોઈ સવાલ નથી. ગુણોથી સુંદર છે. અનંત ગુણોથી સમૃદ્ધ હોવાથી; જેમ કોઈ ફળથી સમૃદ્ધ હોવાથી વૃક્ષ સુંદર લાગે છે, એમ આ અનંત ગુણોથી એની સુંદરતા છે, રમણીયતા છે. એવા અત્યંત રમણીય ચૈતન્યદેવને પ્રથમ ઓળખ. કેવો છે ? આટલા આટલા વખાણ ખુદ સર્વજ્ઞ પરમાત્મા દિવ્યધ્વનિમાં કરે છે. આટલા વખાણ ખુદ દિવ્યધ્વનિમાં સર્વજ્ઞ પરમાત્મા કરે છે તો એની ઓળખાણ તું કર. એ સિવાય આત્માની બહાર ક્યાંય રમણીયતા નથી.

લોકો તો કહે છે કે, બહારમાં સારા સારા મકાનો હોય, મકાનો બગીચાઓ, વન ઉપવનો, મોટા મોટા સુંદર શહેરો એ બધું અનેક સુંદરતામાં ગણવામાં આવે છે. શરીરની સુંદરતા ગણવામાં આવે છે. 'ગુરુદેવ' તો એ શબ્દોમાં કહેતા, લોકો મહિમા કરે છે (પણ) એ બધી ધૂડ ને માટી છે. શું કહેતા ? એ બધી ધૂડ ને માટી છે. કેમકે એ પરમાણુ પાછા ધૂડરૂપે થાય છે. આ ફૂલ ખરે છે, પાંદડા ખરે છે, આ ફળ પણ બગડી જાય છે. ખાય તોપણ માટી જ થાય છે, બીજું શું થાય છે ? સરવાળે શું થાય છે ? ખાતર માટી થઈ જાય છે. જેટલા પરમાણુ છે એ પરમાણુને સાદી ભાષામાં રજકણ અથવા માટી કહેવામાં આવે છે. પછી ગમે તે પર્યાય એણે ધારણ કરી હોય. એટલે એમ કહે છે કે બહારમાં ક્યાંય રમણીયતા નથી.

**'બહાર રમણીયતા નથી.'** બહારમાં કોઈ સુંદરતા નથી. જ્ઞાન દશામાં આવું બહારના પદાર્થો જણાય છે તો એનું મૂલ્યાંકન આ રીતે થાય છે કે એની કોઈની કિંમત ભાસતી નથી. પોતાના આત્માની કિંમત એટલી લાગે છે, અત્યંત મહિમાવંત લાગે છે અને બહારનો કોઈપણ પદાર્થ મહિમા કરવાને યોગ્ય લાગતો નથી. આ જ્ઞાનદૃષ્ટિ છે. 'આત્મસિદ્ધિ'માં એ વિષય લીધો. 'આત્મસિદ્ધિ'. 'સકળ જગત છે એંઠવત અથવા સ્વપ્ન સમાન.' જેમ સપનું પૂરું થાય તો એ સ્વપ્નની કોઈ પર્યાયની કોઈ વાત મૂર્તરૂપે અસ્તિત્વ ધરાવતી નથી. એમ જગતના તમામ સંયોગોની પર્યાય નાશ પામવા યોગ્ય હોવાથી એનું કોઈ મૂર્ત સ્વરૂપ પછી દેખાતું નથી. વિલીન થઈ જાય

છે. આ 'ઘોઘા' આપણે બાર માઈલ છે ને અહીંથી ? કેવું અત્યારે દેખાય છે ? કે ઠેર ઠેર જુઓ તો મકાન પડીને ટિંબા થઈ ગયા છે, ઉકરડા. બારસો તો જૈનોના ઘર હતા એમ કહે છે. અત્યારે તો બધા મળીને બારસો હશે કે કેમ ઇ સવાલ છે.

મુમુક્ષુ :– પંદર-વીસ તો મેં જોયેલા.

પૂજ્ય ભાઈશ્રી :– હા હશે ને. છે જ ને અત્યારે બધાના કહેવાય છે – આ ફલાણાનું, આ ફલાણાનું એમ તો કહેવાય છે. તાજે તાજી વાત છે. આ પરિસ્થિતિ છે. પલટતું જ જાય છે. એ દ્રવ્ય, પુદ્ગલ દ્રવ્ય એવું છે કે અનેકવિધ પર્યાયે પલટતું જ જાય છે અને એની જે થવા યોગ્ય પર્યાય એને થતી કોઈ રોકી શકે નહીં. કોઈ બનાવી શકે નહીં, કોઈ રોકી શકે નહીં. કોઈના વિકલ્પથી કાંઈ થાય કે કોઈના વિકલ્પ નહિ હોવાને લીધે થતી બંધ થાય; વિકલ્પથી થાય કે વિકલ્પથી ન થાય એ બેમાંથી એકપણ વાત નથી, એકપણ વાત નથી. જે થવા યોગ્ય હોય તે થાય છે, નહીં થવા યોગ્ય હોય તે કદી થતું નથી. પણ એ ગમે તે થાય ન થાય એની કોઈ કિંમત નથી. આ મુખ્ય વાત છે કે બહારમાં કોઈપણ કાર્યની કિંમત નથી. આત્માના પોતાના સ્વકાર્યની અહીંયા અપેક્ષા લેવામાં આવે છે કે આત્માને પોતાના સ્વકાર્યની ઘણી કિંમત છે અને જગતના બાહ્ય કાર્યની કોઈ કિંમત નથી. જેટલા તમામ પ્રકારના રાગ, દ્વેષ, મોહનું ઉત્પત્તિ સ્થાન જો વિચારવામાં આવે તો બાહ્ય પદાર્થને કિંમત આપવાને લીધે છે, બીજું કોઈ કારણ નથી.

પ્રશ્ન :– આવું સમજાવા છતાં કેમ ફરક પડતો નથી, આટલા આટલા વર્ષથી સાંભળીએ છીએ તોપણ ફરક કેમ પડતો નથી ?

સમાધાન :– ભાવથી સાંભળતા નથી.

મુમુક્ષુ :– સાંભળીએ છીએ પણ ફરીને વળી પાછો ત્યાં ચીપકી પડે છે.

પૂજ્ય ભાઈશ્રી :– એટલે પ્રયોજન અહીંયાં લાગતું નથી, એમ થયું ને તો ? અહીંયાં ચીટકતો નથી. બહારમાં રાગ-દ્વેષ થાય ત્યાં ચીટકી પડે છે. એનો અર્થ શું છે ? કે એને અહીંયાં (બહારમાં) પ્રયોજન લાગે છે અને અહીંયાં પ્રયોજન લાગતું નથી. એ તો સીધી વાત છે.

પ્રશ્ન :– આ રીતે કોઈ 'દી હિત જ નહીં થવાનું હોય ?

સમાધાન :– ના એવું નથી. અંદરથી આંતરડી કકળી ઊઠે તો થયા વગર રહે

નહીં. અરેરે ! મારું ક્યારેય હિત નહીં થાય ? શું મારે આમ જ રાગ-દ્વેષ જ કર્યા કરવાના ? શું મારે આ રોજ જે બધું થાય છે – શરીરની પળોજણ ને ઘરની પળોજણ ને દુકાનની પળોજણ ને ધંધાની પળોજણ ને એ બધી, સિવાય એથી આગળ વધીને જેટલા સંબંધોમાં કરતો હોય એટલી પળોજણ, એ જ કરવાનું ? કે આ સિવાય કોઈ મારું હિત કરવાનું ? આ અંદરથી જે ’દી આવે તે ’દી જરૂર હિત થાય છે.

મુમુક્ષુ :– એવું થોડું થોડું બધાને લાગતું હોય છે.

પૂજ્ય ભાઈશ્રી :– થોડું થોડું લાગે શું કામ આવે ? એક બદામનો આજે ઘસરકો કરે પછી પાછો બીજે ’દી સવારે આવે. રોજ આઠ વાગે બદામનું તેલ કાઢવા આવું છું, બદામનું ઠંડું તેલ માથામાં નાખવા જોઈએ, આજે એક વખત ઘસે, કાલે આવે તો પાછું સુકાઈ ગયું હોય. ઇ કે ’દી તેલ ભેગું થાય ને કે ’દી વાપરે ? એ આખી બદામ ઘસાઈ જાય તો એમાંથી એને એક ટીપું તેલ વાપરવા મળે નહીં. કેમકે બીજે ’દી ઊડી ગયું હોય. એમ કલાક સાંભળે, અસર થાય, તેવીસ કલાકમાં તો... તેવીસ કલાક શું તેવીસ મિનિટ પહેલાં તો ઊડી ગઈ હોય. પછી પાછો બીજે દિવસે સાંભળવા આવે. પરિસ્થિતિ આ છે.

જેટલો ઊંડાણથી રસ લઈને જે કાર્યમાં પોતે પ્રવેશ કરે, જેટલા પરિણામ રસ લઈને આવે એટલી એની અસર જળવાઈ રહે. પણ વિપરીત રસ હોવાને લીધે જીવ આ વિષય સામે હોવા છતાં એનો રસ લઈ શકતો નથી. એનું કારણ કે વિપરીત રસ એવો ને એવો દૃઢ થઈને ઊભેલો છે અને એનું મુખ્ય કારણ દર્શનમોહ છે.

જીવના વિભાવરસને અને દર્શનમોહને અવિનાભાવી સંબંધ છે. આમ તો ક્રોધ, માન, માયા, લોભ અનેક પ્રકારના રાગ-દ્વેષ આ બધા જે કષાયના પરિણામ છે એ સમજી શકાય છે, ઓળખી શકાય છે પણ એ તમામ પ્રકારના કષાય પરિણામમાં કષાયરસ છે એને કષાયની શક્તિ કહેવામાં આવી છે. એ કષાયશક્તિ અને દર્શનમોહની આત્માને હણવાની શક્તિ, આત્માના ગુણને હણવાની શક્તિ, ગુણને પ્રગટ ન થવા દેવાની શક્તિ એ એકસાથે કામ કરે છે.

માણસને દર્શનમોહ નથી પકડાતો, મિથ્યાત્વ અવસ્થામાં દર્શનમોહ પકડાતો નથી પણ રસ પકડાય છે. કેમકે અધ્યાત્મનો વિષય બુદ્ધિગમ્ય છે. કરણાનુયોગ જેવો નથી કે ભાઈ ! તને કર્મનો ઉદય હશે શું કરીશ તું ? તને અંદર કેવા કર્મનો ઉદય

હોય, ક્યારે કેવા કર્મનો ઉદય આવે, પૂર્વે કેવા કર્યા હોય. કંઈ તને ખબર ન હોય, બુદ્ધિનો વિષય કાંઈ થાય નહીં. કરવું શું જીવે ? સાવ ભગવાન ભરોસે છોડી દેવું ? કે એવું કાંઈ નથી. તને સમજાય એવો વિષય છે, તારે હિત કરવું હોય તો તને સમજાય એવો વિષય છે કે તારા કષાયરસને તું સમજી શકે એવી વાત છે અને એ કષાયરસની સાથે દર્શનમોહનો અવિનાભાવી સંબંધ છે. તેથી ઉપદેશના પ્રકરણમાં હંમેશાં કષાયરસ ન ઉત્પન્ન થાય એવી અનેક પ્રકારની વિધિ, કષાયરસ ઉત્પન્ન ન થાય એ માટેની વિધિ અનેક પ્રકારે ઉપદેશવામાં આવી છે. વિધિ તો જે છે તે છે પણ અનેક પ્રકારે તેને ઉપદેશવામાં આવેલી છે. કહેનારે શૈલી અનેક પ્રકારે કરી છે.

'શ્રીમદ્જી'નું એક વચન લઈએ કે, કોઈપણ ઉદયના પ્રસંગમાં, સંસારી જીવને ધારાવાહી ઉદય છે, એક સમય ખાલી નથી કોઈને, ઉદયનો એક સમય ખાલી નથી. એ તમામ પ્રસંગોમાં કોઈપણ પ્રસંગોમાં તીવ્ર રસે કરીને ન પ્રવર્તાય તે જ્ઞાનીઓના માર્ગમાં પ્રવેશવાનું દ્વાર છે. જ્ઞાનીના માર્ગમાં તારે પ્રવેશ કરવો હોય, મોક્ષમાર્ગમાં પ્રવેશ કરવો હોય, જ્ઞાની કહો કે ભગવાનના માર્ગમાં, પરમાત્માના, જિનેશ્વરના માર્ગમાં પ્રવેશ કરવો હોય તો પહેલો તારો રસ ઉડાડી દે. ગમે તે પ્રસંગ હોય એની કિંમત શું ? બહારના પ્રસંગની કિંમત શું ? વાત એટલી છે. તારા આત્મા જેટલી કિંમત ? તારા આત્માના હિત જેટલી કિંમત ? તારા આત્માના ગુણ જેટલી કિંમત ? તારા આત્માની શાંતિ જેટલી કિંમત ? આનંદ જેટલી કિંમત ? જ્ઞાન જેટલી કિંમત ? કેટલી કિંમત ?

જો વિષયને વાતને વિચારીને બરાબર એને હૃદયમાં ઠીક કરી હોય તો એને ઉદય કાળે તીવ્ર રસ થાય તો જાગૃતિ આવે કે, અરે...! આ મને નુકસાન કરું છું. જેમ કોઈ સાતમે માળેથી પડતું મૂકવાનું હોય તો એકવાર રૂંવાડાં ઊભા થઈ જાય. થઈ જાય કે ન થઈ જાય ? અરે...! આટલું બધું ઊંચું ઊંચું છે ! અહીંથી કેમ પડતું મુકાશે ? એમ એને અંદરમાં પોતાનું અહિતરૂપ કાર્ય થતાં ખચકાટ આવે, અચકાટ આવે તો એ કાંઈક પાત્રતાનું લક્ષણ છે, એ નિશાની છે.

એટલે હિત માટે જો જીવ તૈયાર થાય અને સારી રીતે તૈયાર થાય; અનંતકાળ વિચારીને, ભૂતકાળ વિચારીને, પોતાના દુઃખોને વિચારીને કે કેટલો દુઃખી થયો અને કેટલો દુઃખી થઈ રહ્યો છે તો એક મોટી વાત એ છે કે સ્વભાવ એને સાથ આપે

છે. એનો આત્મદેવ જે અહીંયાં રમણીય ચૈતન્યદેવ કહ્યો છે એ ચૈતન્યદેવ એને સાથ આપે છે. જગતના બીજા સંયોગો એને સાથ આપે કે ન આપે, શરીર સાથ આપે કે ન આપે કારણ કે ઇ સગું થાતું નથી, શરીર સગું થાતું નથી. ચાલે છે આપણી ઇચ્છા પ્રમાણે ? એ આડોડાઈ કરીને આડું આડું ચાલે છે.

આપણે (એક મુમુક્ષુ હતા) ઇ ઘણીવાર કહેતા હતા. પાછલી ઉંમર હતી. (ઇ એમ કહે), આ પાડોશી છે ને એ આડોડાઈ કરે છે. શરીર કોણ છે ? પાડોશી છે. આ પાડોશીની આડોડાઈ ઘણી છે. પાડોશી આડોડાઈ કરે તો કરવા દ્યો. આત્મા સીધો થાય તો પાડોશીની આડોડાઈ એને નડે એવું નથી. ભલે કર્યા કરે. ઇ એના પ્રમાણે ચાલશે, આત્માની ઇચ્છા પ્રમાણે, વિકલ્પ પ્રમાણે શરીર ચાલે એ પણ વસ્તુસ્થિતિ તો નથી.

એટલે અંદરથી સ્વભાવ એવો છે કે જો જીવ પોતે પોતાનું હિત કરવા તૈયાર થાય તો અંદરમાં સાનુકૂળતા થાય છે. હિત થવા યોગ્ય પરિણામો ઉત્પન્ન થવાની સાનુકૂળતા સ્વભાવમાંથી થવા લાગે છે. એનો આત્મા અંદરથી સળવળી ઊઠે છે કે હવે મારે મારું હિત કરી લેવું છે. તો જરૂર એમાં કાંઈ બીજી તકલીફ નથી. અને એ વિષય તો અહીંયાં લેશે. ક્રિયાકાંડનો આડંબર અને **'વિવિધ વિકલ્પરૂપ કોલાહલ'** આ પ્રેરણાનો વિષય છે.

**'શાશ્વત આત્મા રમણીય છે, તેને ગ્રહણ કર.'** ગ્રહણ અને ત્યાગ બન્નેનો વિષય આમાં લીધો છે. વિધિ-નિષેધ જેને કહેવામાં આવે. શાશ્વત રમણીય આત્માને ગ્રહણ કરવો એટલે જ્ઞાનની અંદર સ્વપણે અનુભવ કરવો એને ગ્રહણ કર્યું એમ કહેવામાં આવે છે. 'રાજમલજી'એ 'કળશ ટીકા'માં જ્ઞાનને સ્વપરગ્રાહક શક્તિ એમ કહ્યું છે. સ્વ અને પરને ગ્રહણ કરનારી શક્તિ. પરને પરપણે ગ્રહણ કરે, પરને સ્વપણે ગ્રહણ કરે નહીં અને સ્વ ને સ્વપણે ગ્રહણ કરે. એ સ્વપરગ્રાહક શક્તિ કહો, સ્વપરપ્રકાશક શક્તિ કહો એ જ્ઞાનની શક્તિ છે. જ્ઞાનની શક્તિને એવા દ્વીરૂપ છે. દ્વીરૂપ – બે રૂપ છે. સ્વને પણ પ્રકાશે અને પરને પ્રકાશે. 'સ્વરૂપા પરરૂપા ભાસી' 'જ્ઞાનશક્તિ દ્વીવિધા પ્રકાશી, સ્વરૂપા પરરૂપાભાસી.' 'બનારસીદાસજી'એ ગાયું છે.

કહે છે કે, તારા જ્ઞાનને – તારા આત્માને, આત્માને કહો કે જ્ઞાનને કહો, જ્ઞાનને કહો કે આત્માને કહો, સ્વપણે ગ્રહણ કર. તું તને તારાપણે ગ્રહણ કર, એમ કહે

છે. મિથ્યાત્વને લઈને વિચિત્રતા એ ઊભી થઈ છે કે તું તને જ પોતા સ્વરૂપે ગ્રહણ કરતો નથી અને તું પરને પોતા સ્વરૂપે ગ્રહણ કરે છો. આ એક મોટી વિડંબણા ઊભી થઈ છે.

એટલે એમ કહેવું પડે છે કે, ભાઈ ! તારું ઘર છે એને તારું ઘર માન. બીજાના ઘરને પોતાનું માનવા જા છો તારા ઘરને તારું માન ને. તારું ઘર છે, ન હોય તો જુદી વાત છે. તારું સ્વરૂપ છે અને તારું જ્ઞાન છે. જે જાણે છે એ તારું જ્ઞાન છે. જાણે છે એ તારું જ્ઞાન છે તો તને તું જ્ઞાન સ્વરૂપે સ્વીકારવામાં તકલીફ શું છે ? વાંધો શું છે ? આડું શું આવે છે ? અંતર વિચાર કરીને તપાસી લે. તો તને સમજાય એવું છે કે મારા ને મારા કોઈ ને કોઈ એવા પરિણામ છે કે જે પરમાં સ્વપણું કરે છે. પરમાં સ્વપણે પ્રવેશ કરવાનો ભાવ કરે છે. થઈ શકતો નથી, અશક્ય છે એટલે એ મિથ્યાભાવ છે. પણ એવો જે ભાવ કરે છે એ જ પરિણામ સ્વમાં સ્વપણું થવા દેતો નથી.

નહીંતર આ તો વિષય એટલો બધો સુગમ સરળ થાય છે કે જે જ્ઞાન છે ઇ જ્ઞાન તો ધારાવાહી ચાલે જ છે અને એ તારું સ્વરૂપ છે, જ્ઞાન તો તારું સ્વરૂપ છે. હવે તારે જ્ઞાનને તારું સ્વરૂપ માનવું એમાં તને વાંધો શું ? માણસ કહે છે ને કે ભાઈ ! આ કામમાં ફલાણાં વાંધો પાડે છે, ફલાણાં ભાઈ વાંધો નાખે છે. પણ હવે આ તારા કામમાં તું ને તું ક્યાં વાંધો નાખે છો ?

તારું જ્ઞાન, તું જ્ઞાન સ્વરૂપી આ વાત તને શ્રદ્ધવામાં, સ્વીકારવામાં, વિશ્વાસ લેવામાં, અનુભવવામાં તને વાંધો શું છે ? વળી જ્ઞાન પોતે અનુભૂતિસ્વરૂપ છે. આબાળ ગોપાળને અનુભવગોચર થઈ રહ્યું છે. તો એ અનુભૂતિસ્વરૂપ છે એ જ્ઞાનનો કેવો સ્વાદ છે ? તારા જ્ઞાન ઉપયોગને જ્ઞાન ઉપર જ લઈ જા ને, બીજે લઈ જા છો એના બદલે. તો તને તારું જ્ઞાનવેદન અનુભવગોચર થશે. કેમકે જ્ઞાનમાં જ્ઞાનવેદન સદાય રહે છે. કદી જ્ઞાન જ્ઞાનવેદનનો ત્યાગ કરી શકતું નથી. પણ તારી દૃષ્ટિ, તારો ઉપયોગ બીજા ઉપર હોવાને લીધે એ વાત તને સમજવામાં આવતી નથી કે અનુભવવામાં આવતી નથી.

મુમુક્ષુ :– એનું કારણ લક્ષ બીજું છે.

પૂજ્ય ભાઈશ્રી :– લક્ષ બીજું છે. લક્ષ બીજું છે તો લક્ષની સાથે કેટલું કેટલું

બીજું છે ઇ વિચારવા જેવું છે. લક્ષ બીજું છે એનો અર્થ કે નિર્ણય ઊંધો છે. કેવો ઊંધો નિર્ણય છે કે શરીરની અનુકૂળતાઓથી સુખ આવે છે. શરીરને અનુકૂળ રહે એવી સગવડોથી સુખ આવે છે. એ સગવડોનું માધ્યમ જે પૈસા છે એનાથી સુખ આવે છે. બીજા જેટલા કોઈ કુટુંબ પરિજન છે એની અનુકૂળતાઓથી સુખ આવે છે, એની પ્રતિકૂળતાઓથી દુઃખ આવે છે. આ બધો નિર્ણય એની અંદર ભેગો છે. એક.

બીજું એની રુચિ ઊંધી છે – લક્ષ ઊંધું છે, બીજું છે તો એની રુચિ પણ ઊંધી છે. એને જડ ભાવ અને જડ પદાર્થો રુચે છે. પાંચ ઇન્દ્રિયના જે વિષયો છે એમાં સ્વાદ રુચે છે, ગંધ રુચે છે. જ્યાં જ્યાં એણે ઠીકપણાની કલ્પના કરી છે એ બધું એને રુચે છે અને એનું જ જ્ઞાન ને એની જ શાંતિ ને એના જ આત્મગુણો એને રુચતા નથી. એની અરુચિ થાય છે. એકની રુચિમાં બીજાની અરુચિ થાય છે. એમ લક્ષ બીજું છે તો આ બધા દુર્ગુણો સાથે ને સાથે અવિનાભાવીપણે કામ કરે છે.

મુમુક્ષુ :– અમૃતની અરુચિ છે અને ઝેરની રુચિ છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, ઝેરની રુચિ છે. ખરી વાત છે. ઝેરની રુચિ અને અમૃતની અરુચિ. પછી એના ફળમાં ચાર ગતિના દુઃખ ન મળે તો થાય શું ? હાથે કરીને ઝેર ખાય તો એનું દુઃખ ન થાય તો થાય શું ?

મુમુક્ષુ :– કુદરત બંધાયેલી છે.

પૂજ્ય ભાઈશ્રી :– કુદરત બંધાયેલી છે. જાણ્યે ખાય કે અજાણ્યે ખાય, ઝેર ખાવાનું ફળ થાય, થાય ને થાય જ. એમ રુચિએ કરીને પરપદાર્થને સેવે, સુખબુદ્ધિએ કરીને પરપદાર્થને ગ્રહણ કરે કે પરપદાર્થ પ્રત્યેના પરિણામ કરે, ગ્રહણ તો ક્યાં કરી શકે છે ? તો એના ફળમાં સંસારદુઃખ ઉત્પન્ન થાય, થાય ને થાય જ. ન થાય એ પ્રશ્ન નથી. અનિવાર્યપણે સંસારદુઃખ એમાં ઊભેલું જ છે.

‘ગુરુદેવશ્રી’ તો બહુ ચોખ્ખું કરીને ગયા કે તારા એક મિથ્યાત્વના ભાવમાં અનંત નિગોદનો ગર્ભ પડેલો છે. એક મિથ્યાત્વના ભાવમાં અનંત નિગોદના ભવનો ગર્ભ પડેલો છે. ગમે તેમ કરીને મરણિયો પ્રયત્ન કરીને એક વાર આને તો તોડી નાખ– મિથ્યાત્વને તોડી નાખ. નહીંતર પાછળ દશા બહુ બૂરી છે અને આંખ ક્યારે મીચાશે એનો કોઈ અત્યારે નિયમ નથી. એટલે એ પહેલા શીઘ્રપણે, ત્વરાથી મિથ્યાત્વનો નાશ થાય એ કરી લેવા જેવું છે. બહુ વજન આપ્યું છે, આ વિષય ઉપર ‘ગુરુદેવશ્રી’એ

જે વજન આપ્યું છે, ખૂબ વજન આપ્યું છે.

જુઓ ! અહીંયાં પણ એ જ વાત છે કે **'શાશ્વત આત્મા રમણીય છે, તેને ગ્રહણ કર. ક્રિયાકાંડનો આડંબર, વિવિધ વિકલ્પરૂપ કોલાહલ, તેના પરની દૃષ્ટિ છોડી દે;...'** બધો કોલાહલ તું છોડી દે. ક્રિયાકાંડનો આડંબર મન, વચન, કાયાની ક્રિયા છે. એને અહીંયાં આડંબર કહે છે. બહારનો દેખાવ થાય અને અંદરમાં કાંઈ ન હોય તો એને આડંબર કહેવામાં આવે છે. ખોટા હીરાનો, પ્લાસ્ટિકના હીરાનો હાર પહેરે તો એને શું કહે ? કે હીરાના દાગીનો પહેરવાનો આડંબર કર્યો છે. એટલે કે મૂળમાં એની પાસે સાચા હીરાના પૈસા નથી. એમ ક્રિયાકાંડનો આડંબર કરે છે એમાં મૂળમાં ધર્મની ક્રિયા નથી. ધર્મનો આડંબર છે પણ એમાં ધર્મ નથી. એટલે એ ક્રિયાકાંડને આડંબર કહેવામાં આવે છે. સાચી વસ્તુ નથી.

મુમુક્ષુ :- પૂજા, પાઠ, સ્વાધ્યાય બે જાતના થયા ને ? આડંબરવાળા અને આડંબર વગરના.

પૂજ્ય ભાઈશ્રી :- બહારની ક્રિયા તો આડંબર જ છે. જેટલું બહાર છે એ તો દેખાવ જ છે ને બીજું શું છે ? આડંબર એટલે દેખાવ. એમાં ક્યાંય આત્મા છે ? આ સ્વાહા કર્યું એમાં કાંઈ આત્મા છે ? ઇ અષ્ટ દ્રવ્યમાં ક્યાંય આત્મા છે ? એમાં ક્યાંય આત્મા નથી. ઇ શુભભાવમાં આત્મા છે ? એમાં પણ ક્યાંય આત્મા નથી. એટલે એને બાહ્ય ક્રિયાનો આડંબર કહેવામાં આવે છે.

પ્રશ્ન :- જ્ઞાનીને કરતા જોવામાં આવે છે ને ?

સમાધાન :- જ્ઞાની કરે છે પણ જ્ઞાની ખરેખર શું કરે છે ઇ તને ખબર નથી.

મુમુક્ષુ :- શું કરે છે એ કહો.

પૂજ્ય ભાઈશ્રી :- પેલા જેવું છે. આગિયાને લાકડામાં નાખ્યા. ભાઈ ! એનાથી અગ્નિ ન સળગે. એની પાસે અંદરમાં સાચી અગ્નિ છે. જ્ઞાની પાસે તો અંદરમાં ધ્યાનાગ્નિ છે. એટલે અંદરની એની ક્રિયા છે એ તને દેખાતી નથી. તને આડંબરનો મોહ છે એટલે તું પણ એમની બહારની ક્રિયા જોવે છો અને પછી એમના ચાળા પાડ કે ઇ કરે ઇ હું કરું, ઇ કરે ઇ હું કરું. તો એથી તો કાંઈ તને શાંતિ નહીં થાય. એ આડંબરથી શાંતિ થવાની નથી. પહેલાં અંદરનું કર. પહેલાં અંદરનું કર, બહારનું થવા યોગ્ય હશે તે થશે. એના બદલે અંદરમાં શૂન્ય, અંદરનું કાર્ય કરવામાં શૂન્ય

અને બહારનું કાર્ય કરવામાં શૂરોપૂરો થઈને હોંશ કરવા મંડે (તો) કહે છે કે એથી તો કાંઈ તારું વળવાનું નથી, એમાં કાંઈ 'દી વળવાનો નથી.

મુમુક્ષુ :- એ આડંબર છે ઇ ઉદય આધિન છે, પેલું તો સ્વભાવ આધિન છે.

પૂજ્ય ભાઈશ્રી :- એ સ્વભાવ આધિન છે અને આમાં તો ક્યાં મોક્ષમાર્ગ જ નથી ને પણ. આત્મા નથી એટલે આત્માનો માર્ગ પણ એમાં નથી. આ વાત તો સાફ થઈ જવી જોઈએ, ચોખ્ખી હોવી જોઈએ. ક્યાંય ભૂલેચૂકે એની કિંમત આંકે નહીં. એટલું તો એને બરાબર બુદ્ધિપૂર્વક પણ પાકું હોવું જોઈએ. નહીંતર આ ઠીક કર્યું, આ સારું કર્યું, આટલું તો કર્યું એવું આવ્યા વિના રહેશે નહીં. અને એ જ તારા દર્શનમોહનો, દર્શનમોહનો રસ વધવાનો પ્રગટ પુરાવો છે. જ્યાં અંદરમાં એના પ્રત્યે ઠીક બુદ્ધિ આવી એ જ તારો દર્શનમોહનો રસ ત્યાં વધ્યો. દર્શનમોહ તો છે પણ ત્યાં રસ વધી ગયો.

**'ક્રિયાકાંડનો આડંબર, વિવિધ વિકલ્પરૂપ કોલાહલ..'** આ લીધા છે (એ) તત્ત્વજ્ઞાનના વિકલ્પો લીધા છે અને બહારની ક્રિયા લીધી છે – બન્ને વાત લીધી છે. બે બોલની અંદર બે પ્રકારની બાહ્ય ક્રિયાને લઈ લીધી છે. **'ક્રિયાકાંડનો આડંબર, વિવિધ વિકલ્પરૂપ કોલાહલ, તેના પરની દૃષ્ટિ છોડી દે;...'** એ હું કરું છું, એ ઠીક કરું છું, એટલું કાંઈક કરું છું એમ જે એમાં તારું વજન છે, એમાં તું તારું આખું અસ્તિત્વ રાખી દે છો, એ દૃષ્ટિ છે. દૃષ્ટિ છે એ અસ્તિત્વની સ્થાપના કરનારો ભાવ છે. આ મેં કર્યું, મેં આટલું કર્યું એ વિપરીત દૃષ્ટિ છે. એને દર્શનમોહ કહેવામાં આવે છે.

પ્રશ્ન :- વિવિધ વિકલ્પરૂપ કોલાહલ એટલે શું ?

સમાધાન :- વિવિધ વિકલ્પરૂપ કોલાહલ. આત્મા નિર્વિકલ્પ સ્વરૂપ છે. ચૈતન્યદેવ, રમણીય ચૈતન્યદેવ નિર્વિકલ્પ સ્વરૂપ છે. એની સામે આ વિકલ્પો છે એ બધા કોલાહલરૂપ છે અને ક્લેશરૂપ છે.

મુમુક્ષુ :- આ નયથી આમ છે ને આ નયથી આમ છે, ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ જેટલા વિકલ્પ છે, વિકલ્પ માત્ર કોલાહલ છે. એવા અવાજનો કોલાહલ માણસને અપ્રિય થઈ પડે છે કે આ શું ? કોલાહલ છે આખો, જેમ શાક માર્કેટમાં હોય છે એવો. એમ આ વિકલ્પમાં અંદરનો વિકલ્પનો કોલાહલ છે.

મુમુક્ષુ :- આત્મા સંબંધીના વિકલ્પો કોલાહલ છે.

પૂજ્ય ભાઈશ્રી :- બધો કોલાહલ છે. વિકલ્પનું ઉત્થાન એ જ કોલાહલ છે એમ કહે છે. એમાં ક્યાંય આત્મા નથી. જેમ બાહ્ય ક્રિયામાં આત્મા નથી એમ વિકલ્પમાં ક્યાંય આત્મા નથી. એ આત્માથી શૂન્ય છે. આત્માથી રહિત છે અને આત્માના અભાવસ્વરૂપે છે. એમાં ક્યાંય આત્મા નથી.

મુમુક્ષુ :- વિકલ્પ મેં ભઠ્ઠી જૈસા દુઃખ લગના ચાહિએ. 'સોગાનીજી'એ કીધું.

પૂજ્ય ભાઈશ્રી :- કીધું છે ને એમણે તો. ક્યાંથી કાઢ્યું હશે એ વિચારવા જેવું છે. દેવાદિક પ્રત્યે ઉપયોગ જાય તો ભઠ્ઠી જેવું દુઃખ લાગવું જોઈએ. બીજે નહીં, સંસારના કાર્યોની તો જુદી વાત છે એ તો મોટી ભઠ્ઠી છે પણ આ એને ભઠ્ઠી લાગવી જોઈએ. ત્યારે એને શાંતિ જોઈએ છે એ વાત, એને શાંતિની ચાહના છે એ વાત ઊભી થાય છે. આ કોલાહલ પણ જોઈએ છીએ અને આ પણ જોઈએ છે બે વાતનો મેળ ખાતો નથી.

**'વિવિધ વિકલ્પરૂપ કોલાહલ, તેના પરની દૃષ્ટિ છોડી દે; આત્મા આડંબર વિનાનો, નિર્વિકલ્પ છે,...'** કોલાહલનો નિષેધ નિર્વિકલ્પથી કર્યો અને અંદરમાં કોઈ દેહ, મન, વાણીની ક્રિયા નથી. આત્માની અંદરમાં કોઈ દેહ, મન, વાણીની ક્રિયા નથી. આત્મા આડંબર વિનાનો અને નિર્વિકલ્પ છે ત્યાં દૃષ્ટિ દે, ત્યાં તારું સર્વસ્વ છે એવી રીતે તારી દૃષ્ટિ ત્યાં દે. અહીંયાં જ મારું સર્વસ્વ છે અને આ આત્માને છોડીને મારું કિંચિત્‌માત્ર ક્યાંય પણ થોડું પણ કાંઈ છે નહીં. આમ વાત છે. આ તો એણે પહેલામાં પહેલો નિર્ણય કરવો જોઈએ. પરિણમન ભલે પાછળથી આવે પણ નિર્ણય તો ગમે ત્યારે થઈ શકે છે. અને આ નિર્ણય ઊંધો નિર્ણય બદલાવવા માટે છે.

એટલે પહેલો બોલ ઓળખવાનો લીધો છે કે ચૈતન્યદેવ રમણીય છે તેને ઓળખ. જેવો એ સુખ સ્વરૂપે છે, આનંદ સ્વરૂપે છે, શાંત સ્વરૂપે છે. આ બધા ભાવો અનંત છે. જેવો છે એવો એને ઓળખ તો તારો ઊંધો નિર્ણય બદલાઈ જાય. ઓળખનો અર્થ એ છે કે તારો ઊલટો નિર્ણય છે એ ફરી જાય તો એ તો બરાબર થઈ શકે એવું છે. નિર્ણય બદલતા એ પરિણમનને લઈ આવશે. પરિણમન જોઈએને તારે કે આવું પરિણમન થવું જોઈએ તો નિર્ણય બદલાશે, તો પરિણમન બદલાશે, નિર્ણય બદલાયા વિના પરિણમન બદલાશે નહીં.

કોઈપણ જીવ, અનંત કાળમાં જેટલા સાધક થયા એમાં કોઈપણ સાધક વિપરીત

નિર્ણય કે વિપરીત અભિનિવેશ રાખીને આત્માને સાધી શકયો છે એવું એકને માટે પણ બન્યું નથી. પહેલો અભિનિવેશ છૂટે છે, પહેલો ઊંધો નિર્ણય છૂટે છે, પછી એનું પરિણમન આવે છે. ઓળખવાની વાત તો કેટલાય બોલમાં લીધી છે. ભલે સંક્ષેપમાં એ વિષય આવે છે પણ એનું જે મહત્ત્વ છે એ મહત્ત્વ સમજવું જોઈએ.

મુમુક્ષુ :– મુદ્દો જ ઇ છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, મુદ્દો એ છે.

**'આત્મા આડંબર વિનાનો, નિર્વિકલ્પ છે,...'** વિકલ્પ સ્વરૂપે નથી પણ નિર્વિકલ્પ સ્વરૂપે છે. તને જે વિકલ્પ સ્વરૂપે તારો પોતાનો અનુભવ આવી રહ્યો છે એવો તારો આત્મા નથી એમ કહેવું છે. તને અત્યારે જેટલા વિકલ્પ થાય છે, પરિણામમાં જેટલા વિકલ્પ થઈ રહ્યાં છે, જ્યારે જ્યારે જે તે પ્રકારના વિકલ્પ થાય છે ત્યારે ત્યારે તેવો હું એમ અનુભવ થાય છે; પણ એવું તારું સ્વરૂપ નથી. તો કેવું છે ? કે એક પણ વિકલ્પ નહીં એવું તારું નિર્વિકલ્પ સ્વરૂપ છે, જ્યાં વિકલ્પનો અવકાશ નથી.

ખરેખર તો સવિકલ્પ અને નિર્વિકલ્પ તો અવસ્થાધર્મ છે. જેમ શુદ્ધિ અને અશુદ્ધિ અવસ્થાધર્મ છે છતાં અપેક્ષાએ આત્માને શુદ્ધ કહેવાય છે. કેમકે જેવી શુદ્ધ અવસ્થા એવો સ્વભાવ છે, માટે. એમ વિકલ્પ અને નિર્વિકલ્પ એ અવસ્થાધર્મ છે પણ જેવી નિર્વિકલ્પ અવસ્થા થાય છે એવો નિર્વિકલ્પ ભાવ સ્વભાવ હોવાથી આત્મા નિર્વિકલ્પ સ્વરૂપે છે એમ કહેવામાં આવે છે. એવો નામથી વ્યવહાર કરવામાં આવે છે. બાકી ખરેખર સવિકલ્પ અને નિર્વિકલ્પની અપેક્ષા પણ એને લાગુ પડતી નથી. અપેક્ષા પણ લાગુ પડતી નથી.

જેમ આત્મા બંધ સ્વરૂપ નથી પણ આત્મા મોક્ષસ્વરૂપ છે એમ કહેવું પડે છે છતાં પણ આત્માને બંધ-મોક્ષની અપેક્ષા લાગુ પડતી નથી. એ તો જેવો છે એવો છે અનાદિથી. બંધાયો હોય એનો મોક્ષ થાય, એને તો પ્રશ્ન રહેતો નથી. એમ શક્તિરૂપ તત્ત્વમાં વિકલ્પ-નિર્વિકલ્પનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. કેમકે એ તો સામર્થ્યરૂપ તત્ત્વ છે એમાં વિકલ્પ શું હોય ? સામર્થ્યને જેમ છે એમ ઓળખે તો જેવું નિર્વિકલ્પ સ્વરૂપ છે એવું બરાબર નિર્વિકલ્પ સ્વરૂપ એને ઓળખવામાં આવે છે.

આત્મા **'નિર્વિકલ્પ છે, ત્યાં દૃષ્ટિ દે;...'** ત્યાં દૃષ્ટિ દે એટલે તારું અહંપણું ત્યાં સ્થાપિત કર. આવો જ હું છું, આ જ હું છું એમ ત્યાં તારી શ્રદ્ધાને બરાબર સ્થાપ.

**'ચૈતન્યરમણતા વિનાના વિકલ્પકોલાહલમાં તને થાક લાગશે, વિસામો નહિ મળે.'** તું ગમે ઇ વિકલ્પ કરીશ પણ તને ક્યાંય વિસામો મળશે નહીં. માણસ કહે છે ને કે ભાઈ ! સવા મણની તળાઈમાં સૂતા પછી પણ ઊંઘ આવતી નથી. કેમ ? કે એ ખરેખર એમાંથી ઊંઘ આવતી તો નથી જ. તળાઈમાંથી ઊંઘ આવે છે ? ઊંઘ એમાંથી આવતી નથી. એ ઊંઘને દેનાર ચીજ નથી. પણ જીવ કલ્પના કરે છે કે આવી અનુકૂળતા હોય અને આવું સગવડવાળું હોય તો મને બરાબર ઠીક રહે. એ એની કલ્પના માત્ર છે, દરેક વિષયમાં એની એ કલ્પના છે. ખરેખર સામી ચીજમાંથી કાંઈ આવતું નથી. તો કાંઈ નથી આવતું છતાં આવે છે એવો રસ લેતાં શું થશે ? કે આકુળતા એટલી ઉત્પન્ન થશે કે તને એનો થાક લાગશે. વગર સમજણે એ દિશામાં આગળ વધનાર જીવોની એવી દશા થાય છે કે એને સરવાળે એટલી બેચેની રહે છે કે ક્યાંય એને સખ પડતું નથી.

મુમુક્ષુ :- થાક લાગે છે તો વિષય બદલ્યા કરે છે.

પૂજ્ય ભાઈશ્રી :- વિષય બદલ્યા કરે છે અને થાક એનો વધતો જાય છે, એમાં કાંઈ થાક ઘટતો નથી. આ તો પ્રત્યક્ષ અનુભવગોચર છે. જેટલો પુદ્‌ગલ સંયોગોમાં અને રાગ પરિણામોમાં અથવા વિભાવ પરિણામોમાં જેટલો તીવ્ર રસ લે એટલી આકુળતાનો વધારે જન્મ થાય. આકુળતા એટલી વધારે ઉત્પન્ન થાય. (આ) નિયમબદ્ધ વાત છે. આને કોઈ રોકી શકે નહીં. થાય, થાય ને થાય. એ વિભાવરસ છે (એ) પોતાના ચૈતન્યરસથી, જડનો રસ અને વિભાવનો રસ પોતાના શાંત ચૈતન્યરસથી સીધે સીધો પ્રતિકૂળ છે. જરાપણ એને અનુકૂળ નથી. એ વાત એને જો પોતાના પરિણમનને અવલોકીને - પરિણમનના અનુભવને જોઈને-તપાસીને જો નક્કી કરે તો એને કઈ દિશામાં જાવું એની અંદરથી સૂઝ પડે. નહીંતર દિશા સૂઝે એવું નથી. વિષય બદલ્યા કરે એને દિશા સૂઝે નહીં કાંઈ. અહીંથી સુખ મળશે ને અહીંથી શાંતિ મળશે, આમ કરતાં અનુકૂળ પડશે, આમ કરતાં પ્રતિકૂળ પડશે, આમ કરતા અનુકૂળ (પડશે, એની) ગડમથલમાંથી બહાર નીકળે નહીં. જિંદગી થઈ જાય પૂરી.

મુમુક્ષુ :- વિષયના કારણ-કાર્યની જો તપાસ કરે તો એને તરત સમજાય.

પૂજ્ય ભાઈશ્રી :- અંદર બધું સમજણ પડે એવું છે, ન સમજણ પડે એવું નથી. પણ અંદર જોવાનો અભ્યાસ નથી. પોતાનો જ પોતાને અભ્યાસ નથી. દુનિયા

આખીનો અભ્યાસ કરવાની તૈયારી છે, એની હોંશ છે પણ પોતાનો અભ્યાસ કરતો નથી. આ તકલીફ છે.

**'ચૈતન્યરમણતા વિનાના વિકલ્પકોલાહલમાં તને થાક લાગશે, વિસામો નહિ મળે;...'** ક્યાંય તને વિસામો મળશે નહીં. બહુ ઘરગથ્થુ શબ્દ છે. વિસામો નહીં મળે. શાંતિ મળવાનો તો પ્રશ્ન નથી પણ તને થોડો વિસામો મળશે કે નહીં ? થાક ખાવા માટેનો થાકલો એને વિસામો કહે છે. છે તમારે શબ્દ છે ? નથી. આ અમારો ગુજરાતી ઘરગથ્થુ શબ્દ છે. માણસ કોઈ પહાડી, શિખર ચડે છે તો વચ્ચે વચ્ચે પગથિયાને બદલે વિસામો ખાવાનું સ્થાન-ઓટલો બનાવ્યો હોય, માણસ બેસી શકે. કાં ઊભો રહીને થાક ખાય નહીંતર બેસવા માટેનું સ્થાન બનાવ્યું હોય તો બેસી શકે. થોડોક આરામ લઈ લે, વચ્ચે થોડોક આરામ લઈ લે એને વિસામો કહે છે.

મુમુક્ષુ :- વિશ્રામ.

પૂજ્ય ભાઈશ્રી :- વિશ્રામ, વિશ્રામ જેને કહે છે. લ્યો ! આ મૂળ શબ્દ 'વિશ્રામ' છે. સાહિત્યની પારિભાષાનો મૂળ શબ્દ 'વિશ્રામ' છે એમાંથી ઊતરી આવેલી આ ભાષા છે – વિસામો. માણસ વચ્ચે વિશ્રામ લે છે ને !

(અહીંયાં) કહે છે કે આ જડને અનુસરીને થતાં પરિણામમાં ક્યાંય તને વિશ્રામ મળે એવું છે ? થોડો પણ આરામ મળે એવું છે ? વિશ્રામ એટલે વચ્ચે થોડો Temporary આરામ મળે એવું છે ? કે ક્યાંય નથી. કોઈ જગ્યાએ વિસામો મળે એવું નથી. ગમે એટલા વિષય બદલે એનો થાક વધતો જાય, આકુળતા વધતી જાય. આ જેટલા તિર્યંચના નજરે દેખાય એવા ભવ જોવામાં આવે છે એ બધાય તીવ્ર આર્તધ્યાનના ફળ સ્વરૂપે છે. આર્તધ્યાનનું ફળ તિર્યંચ ગતિ અને રોદ્રધ્યાનનું ફળ નરક ગતિ. આ જેટલા તિર્યંચો છે એનું જ્ઞાન મૂંઢાઈ ગયું છે. સંજ્ઞી પંચેન્દ્રિય છે તોપણ જ્ઞાન મૂંઢાઈ ગયેલું છે, બીડાઈ ગયેલું જ્ઞાન છે. અસંજ્ઞીને તો ઘણું બીડાઈ ગયું છે. એ ઘણી આકુળતા વધી.. વધી.. વધી.. વધી.. વધી.. વધી.

મનુષ્યપણે હોય (ત્યારે) ખૂબ રસ લ્યે. પોતાના સંયોગો સાચવવા-જાળવવા-વધારવા ઘણો તીવ્રપણે જેટલો રસ લે એ આકુળતા વધી વધીને તિર્યંચમાં ચાલ્યો જાય, બીજું કાંઈ થાતું નથી. ત્યાં ઘણી આકુળતા છે. એ આકુળતા એટલી છે કે એની બુદ્ધિ બહેર મારી જાય. પછી એને ઉઘાડ બંધ થઈ જાય. બુદ્ધિ બહેર મારી

જાય એટલે ઉઘાડ એનો બંધ થઈ જાય. આપણે ત્યાં પહેલાં તો કહેવત હતી. અત્યારે આયુષ્યનું પ્રમાણ થોડું વધારે છે. નહીંતર સાઠે બુદ્ધિ નાઠી એમ કહેતાં. ખબર છે ? સાઠે બુદ્ધિ નાઠી એનો અર્થ શું ? કે લગભગ સાઠ વર્ષનો થાય ત્યારે નવો બંધ પડી ગયો હોય. આગલા ભવનો કુગતિનો, અધોગતિનો, નીચી ગતિનો બંધ પડી ગયો હોય. પછી એની કેટલીક પ્રકૃતિનો, એને અનુસરતી કેટલીક પ્રકૃતિનો ઉદય અહીંયાં શરૂ થઈ જાય. જેમ 'ગુરુદેવ' (આ ભવે કાંઈ) તીર્થંકર નથી થવાના પણ તીર્થંકર પ્રકૃતિને યોગ્ય પુણ્યનો કેટલોક ઉપદેશનો ને શાસનનો પ્રકાર ઊભો થઈ ગયો. એમ એની જે તીવ્ર પ્રકૃતિ હોય એની આગળથી થોડી હવા શરૂ થઈ જાય. તો પછી એને બરાબર Balance ન રહે. તો કેમ આમ છે ? કે ભાઈ ! ઇ સાઠે બુદ્ધિ નાઠી છે. હવે એનો કાંઈ બહુ હરખ-શોક કરવો નહીં. ઇ બધા એના આગલા ભવના પરિણામસૂચક છે. તિર્યંચમાં જાવાનો હોય એટલે એને અનુસરતા બધા એના પરિણામ થઈ જાય.

મુમુક્ષુ :- વડકા ભરે...

પૂજ્ય ભાઈશ્રી :- હા, એટલે એને આકુળતા ઘણી રહે, બેચેની ઘણી રહે અને પછી એને વશ કાંઈ ઠેકાણું રહે નહીં.

મુમુક્ષુ :- આગે સે ચલી આતી હૈ.

પૂજ્ય ભાઈશ્રી :- આગે સે કાંઈ ચલી આતી નથી. એના ખરેખર પરિણામ બગડે છે. જો આત્મહિતની સાવધાની ન રહી તો પરિણામ બગડે છે, ગતિનો બંધ પડી જાય છે અને પછી એના પરિણામ ઉપર એનો Control હોતો નથી.

મુમુક્ષુ :- કાલે એ 'ગુરુદેવે' કીધું હતું...

પૂજ્ય ભાઈશ્રી :- એમ જ છે. એ તો સીધી સમજી શકાય એવી વાત છે કે ૨/૩ આયુષ્ય પછી બંધ પડે છે. ૨/૩ આયુષ્ય વ્યતીત થાય એમાં જે તે પ્રકારના પરિણામ આડાઅવળા કર્યા છે એનો સરવાળો આવી અને એક દોરડું તો તને બાંધવાનું છે. એક એક તાણોવાણો તાણોવાણો દોરડું દોરડું વણાતું વણાતું સીધી એક રસી થઈ જાય છે. એ આયુષ્યનો બંધ પડી જાય છે.

મુમુક્ષુ :- ૨/૩ આયુષ્યે પડી જાય

પૂજ્ય ભાઈશ્રી :- પહેલાં ૨/૩ ન પડે તો પછીના કોઈ પણ ૨/૩ પડે. ઇ

પહેલાં તો કોઈને ન પડે એમ.

પ્રશ્ન :– ન પડવાનું કારણ શું ?

સમાધાન :– એ કુદરતી વ્યવસ્થા છે, કુદરતી વ્યવસ્થા છે.

પ્રશ્ન :– ઉત્કૃષ્ટ પરિણામ હોય એવું ખરું ?

સમાધાન :– ના, એવું કાંઈ નથી. ઉત્કૃષ્ટ-નિકૃષ્ટની સાથે સંબંધ નથી. ગમે એવા પરિણામ કરે. ૨/૩ આયુષ્ય વ્યતીત થયા પહેલાં તો કોઈને આયુષ્યનો બંધ ન પડે.

પ્રશ્ન :– ૨/૩ જ્યારે થાય ત્યારે ...

સમાધાન :– ના, એનો કોઈ નિયમ નથી. કોને ક્યારે પડે એનો કાંઈ (નિયમ નથી). પહેલે વખતે ન પડે તો બીજે વખતે, ત્રીજે વખતે, છેલ્લેમાં છેલ્લે (તો પડી જ જાય).

પ્રશ્ન :– ન પડવાનું કારણ ?

સમાધાન :– એનું કોઈ કારણ નહીં. એ કુદરતી જ છે. એ તો બહુ ગહન વિષય છે. સર્વજ્ઞના જ્ઞાનગોચર કરણાનુયોગનો વિષય છે, છદ્મસ્થનો વિષય નથી.

(અહીંયાં) શું કહે છે ? કે **'વિકલ્પકોલાહલમાં તને થાક લાગશે,...'** આ વચન છે એ પોતાના વિકલ્પની સાથે અંતર મેળવણી કરવા જેવું છે કે પોતાને જે તે પ્રકારના વિકલ્પ ચાલે છે એમાં એને થાક લાગે છે તો એમાંથી એને દૂર થવાનો ભાવ રહેશે. એમાં તને હોંશ રહેશે તો એ વિકલ્પના કોલાહલમાં આગળ વધી જઈશ અને એનું ફળ સારું નથી. એનું ફળ કોઈ સારું નથી. **'તારું વિશ્રામગૃહ છે આત્મા,...'** લ્યો, તરત જ વિશ્રામ શબ્દ લીધો છે. **'તારું વિશ્રામગૃહ છે આત્મા,...'** તારો આત્મા જ તારું વિશ્રામગૃહ છે. ત્યાં તું નિરાંતે રહી શકે એવું છે.

મુમુક્ષુ :– 'સોનગઢ'માં વિશ્રાંતિ ગૃહ છે ને !

પૂજ્ય ભાઈશ્રી :– આત્મામાં સાચું વિશ્રાંતિ ગૃહ છે એમ કહે છે. અને આત્મા સાચું 'સોનગઢ' છે. સોનાનો ગઢ જ્યાં હોય. સોનાનો એટલે ઊંચામાં ઊંચો ગઢ. 'સોગાનીજી'એ એક પત્રમાં એ શબ્દ વાપર્યો છે કે 'ગુરુદેવ' આત્મગઢમાં બિરાજમાન છે. ક્યાં છે ? 'સોનગઢ'માં નહીં પણ આત્મગઢમાં બિરાજમાન છે. અભેદ કિલ્લો છે. બીજા કિલ્લાને તો દુશ્મનો ભેદે, આ કિલ્લાને કોઈ ભેદી શકે એવું નથી. ગમે એવો કિલ્લો હોય તો તોપથી ગાબડું પાડી દે. આત્માને – અભેદ કિલ્લાને કોઈ

ભેદે એવું નથી.

એ અશરણ ભાવનામાં એ આવે છે કે ક્યાંય તને કોઈ શરણ થાય એવું નથી. ગમે એવું રક્ષણ તેં કરી રાખ્યું હોય તોપણ મરણને શરણ થયા વિના તારે છૂટકો નથી. ક્યા ચોકીદારો, ક્યો ગઢ, કયુ મકાન, ક્યા તાળાકૂંચી, ક્યા વૈદ્ય-ડૉક્ટર, ક્યા પૈસા, ક્યા સાધનો, ક્યા શસ્ત્રો તને મરણથી બચાવે એમ છે ? એ બધાની હાજરીમાં ખોખું અહીંયાં દેહનું પડ્યું રહેશે, તું પરિણામ અનુસાર ગતિ કરી જઈશ, એમાં કોઈ રોકી શકે એવું નથી. પછી જગતનો ગમે ઇ જીવ હોય એમાં કોઈ એને રક્ષણહાર નથી. તો કહે, તું ક્યાં સુરક્ષિત છો ? આ બધી પરિસ્થિતિમાં તું ક્યાં સુરક્ષિત છો ? કે તારા આત્મગઢમાં તું સુરક્ષિત છો. તારા એક પ્રદેશને કોઈ ખાંગો કરી શકે એવું નથી કે એક ગુણને કોઈ લઈ જઈ શકે એવું નથી. અને એનું ભાન કરવું, એના ભાનમાં આવવું એ જ તને તારો આત્મગઢ મળી ગયા બરાબર છે, છે તો ખરો જ, પણ તને ભાન નથી, એમ છે. 'પણ નિજ ભાને તેમ' આત્મા સિદ્ધ સમાન છે પણ ક્યારે ? કે એનું ભાન કરે ત્યારે. ન ભાન કરે તો એને સિદ્ધ સમાન નથી. એને તો જે રાંકો, ભિખારી અને જે દીન છે એવો જ પોતે છે.

**'વિકલ્પકોલાહલમાં તને થાક લાગશે, વિસામો નહિ મળે; તારું વિશ્રામગૃહ...'** નિર્વિકલ્પ આત્મસ્વરૂપ એ તારું વિશ્રામગૃહ છે. એ આત્મામાં શાંતિ અને વિશ્રામ મળે એવું છે. 'સાદી અનંત અનંત સમાધિ સુખમાં, અનંત દર્શન અનંત જ્ઞાન સહિત.' એવું **'વિશ્રામગૃહ છે આત્મા, તેમાં જા,...'** તેમાં જા એટલે તેમાં સ્વપણે સ્વપણાનો ભાવ લાવીને નિવાસ કર એમ કહેવું છે. સ્વપણાનો – પોતાપણાનો ભાવ લાવીને નિવાસ કર **'તો તને થાક નહીં લાગે,...'** તો તને થાક લાગશે નહીં અથવા તો અનંત કાળનો લાગેલો થાક અહીંયાં ઊતરી જશે. થાક તો નહીં લાગે પણ ઊલટાનો ઊતરી જશે.

પુરુષાર્થનો વિષય ચાલતો હોય છે, 'ગુરુદેવ'ના વ્યાખ્યાનમાં તો ઘણા એ પ્રશ્ન કરે છે. આમાં અનંત પુરુષાર્થ છે, અનંત પુરુષાર્થ છે એમ કોઈવાર વાત આવે. તો (કોઈ પૂછે) કે સાહેબ ! પુરુષાર્થ અનંત હોય તો એમાં થાક લાગે ? તો કહે, આ તો થાક ઊતરી જાય એવી વાત છે. આત્માનો વિચાર કરવા જઈએ છીએ પણ થાક લાગે છે. પણ એ વિકલ્પમાં તો થાક લાગે એવું જ છે. અંદરમાં નિર્વિકલ્પ સ્વરૂપમાં

તો થાક ઊતરી જાય એવું છે, થાક લાગવાનો પ્રશ્ન રહેતો નથી. પણ એ રસ્તો અને એ દિશા જ્યાં સુધી જોઈ નથી ત્યાં સુધી જીવને મૂંઝવણ થાય છે કે આમાં તો બધે થાક જ લાગે છે, વિકલ્પ કરો થાક લાગે, ભક્તિ કરો થાક લાગે, પૂજા કરો થાક લાગે, ગમે તે કરો બહાર તો થાક જ લાગવાનો છે. એમાં તો ક્યાંય વિશ્રાંતિ મળે એવું નથી.

**'વિસામો નહિ મળે; તારું વિશ્રામગૃહ છે આત્મા,...'** આ બહુ મધુર શબ્દો છે ! **'તારું વિશ્રામગૃહ છે આત્મા,...'** બસ ! એ..યને ત્યાં વિશ્રામ કર ને ! જેમ કોઈ વન-ઉપવનમાં કોઈ વિશ્રામગૃહ બનાવ્યું હોય તો માણસને એમ થાય કે, આહા ! આ તો બહુ સારું વિશ્રામગૃહ છે, અહીંયાં આરામ કરવા જેવો છે. પણ ઇ આરામમાં કહે છે કે તને કલ્પના થઈ છે, ભ્રાંતિ થઈ છે. એ આરામ એ ખરો આરામ નથી. એ વિકલ્પમાં થાક છે.

આત્માના આરામગૃહને છોડીને, શાંત આરામગૃહને છોડીને બીજે ક્યાંય પણ આરામ મળે છે, મળી શકે છે એ આત્માની ભ્રાંતિ છે. ક્યાંય મળતી નથી. સૂવાથી આરામ ખરો કે નહીં ? કે એમાંય પડખું બદલવું પડશે. પછી ? તો છ-આઠ-દસ કલાકે કહે કે, હવે થાક્યાં. સૂતા સૂતા પણ થાક્યાં હવે. કેમ ? સૂવું એ તો આરામ લેવાની વાત છે. શરીરની બધી અવસ્થામાં માણસને આરામ સૂવાથી મળે છે કે જરાક સૂઈએ એટલે આરામ મળે. એ વાત પણ સરવાળે સાચી ઠરતી નથી, સાબિત થતી નથી. ત્યાંથી પણ માણસ થાકે છે. એને એમ થાય છે કે, હું બેસું. બેસું તો હવે થોડોક આરામ મળે. ત્યાંથી થાકે છે તો કહે, હવે સૂવું તો આરામ મળે, ચાલુ તો આરામ મળે. ક્યાંય એને આરામ મળતો નથી. એ એનો અનુભવ બોલે છે તોપણ એની એટલી વિચક્ષણતા નથી કે કાંઈક બીજો વિચાર કરવો. આરામ માટે હવે કાંઈક બીજો વિચાર કરવા જેવો છે. એ વાત એની બુદ્ધિમાં આવતી નથી.

આત્મામાં જા **'તો તને થાક નહિ લાગે, શાંતિ મળશે.'** એને ત્યાં થાક લાગે એવું કાંઈ નથી. નિર્વિકલ્પ અનંત ગુણ નિધાન આત્મસ્વરૂપ છે. એમાં ક્યાંય થાક લાગે એવું નથી. પરિણામ અનંત કાળ પર્યંત સાદી – જ્યારથી સાધકદશા થઈ ત્યારથી શરૂઆત થઈ અનંતકાળ પર્યંત સ્વભાવના પરિણામ ઉત્તરોત્તર વૃદ્ધિગત પામતાં પામતાં પૂર્ણતાને પામે છે. અનંતકાળ પર્યંત એ પરિણામ થાય છે, ક્યાંય થાક લાગવાનો

પ્રશ્ન રહેતો નથી. ક્યાંય થાક લાગવાનો નહીં, ક્યાંય પરિભ્રમણ કરવાનો નહીં, કોઈ ઉપાધિ નહીં. ખરેખર તો થાક લાગે છે એનું કારણ પરિણામ ઉપર ઉપાધિનો બોજો છે. અને બોજો, ઉપાધિનો બોજો ઉપાડવો એ આત્માનો સ્વભાવ નથી. એ આત્માનો સ્વભાવ નથી એટલે એને થાક લાગે છે. એટલે બહારમાં જે ધાર્મિક પ્રવૃત્તિમાં બાહ્ય પ્રવૃત્તિથી જે નિવૃત્તિ લેવાનું કારણ છે એ એટલું જ કારણ છે કે બીજી ઉપાધિનો બોજો એટલો તો નહીં. પછી જે રહ્યો એ વિકલ્પ રહ્યો એ સામાન્ય જે રહ્યો નિરસપણે કરવા યોગ્ય એ પણ આ નિર્વિકલ્પ આત્મસ્વરૂપના આશ્રયથી એને પણ પછી ટાળવાની સુગમતા થાય છે. પણ બાહ્ય પ્રવૃત્તિમાં તીવ્ર રસ લેતો હોય અને પ્રવૃત્તિમાંથી જ એને નિવૃત્તિ લેવા માટે એનો રસ તૈયાર ન હોય તો કે 'દી નિર્વિકલ્પ થવાનો અવસર છે ? એને તો કોઈ રીતે અવસર આવતો નથી. એટલે અંતર નિવૃત્તિ માટે, ઉપયોગની અંતર નિવૃત્તિ માટે બાહ્ય નિવૃત્તિનું અનુમોદન કરવામાં આવ્યું છે એનું કારણ મૂળમાં એ છે. મૂળમાં એ પ્રકાર છે.

મુમુક્ષુ :- પર્યુષણમાં દસ દિવસ નિવૃત્તિ લે છે.

પૂજ્ય ભાઈશ્રી :- પણ અંતર નિવૃત્તિ સાથે સાથે લેવી, તો નિવૃત્તિ-બાહ્ય નિવૃત્તિ સાર્થક થાય. નહીંતર બાહ્ય નિવૃત્તિ અનંત વાર લીધી છે, અનંત વાર નિરર્થક થઈ છે, આ વધુ એકવાર નિરર્થક થાય. એથી કાંઈ એને લાભ થાય નહીં. પાછો પ્રવૃત્તિમાં આવી જઈશ. દસ દિવસ પર્યુષણ કર્યાં અને પછી પાછો (રસ લેવા મંડશે). નિવૃત્તિ લીધી. શું નિવૃત્તિ લીધી ? પાછો રસ એનો એ એનો ચાલુ થઈ જાય છે.

મુમુક્ષુ :- આમાં તો મર્યાદા દસ દિવસની પણ અંતર નિવૃત્તિ લ્યે તો એનું ઘણું ચાલે.

પૂજ્ય ભાઈશ્રી :- સાદી અનંત. એનો રસ જુદો છે. એનો રસ એવો અલૌકિક રસ છે કે એકવાર પણ કોઈ જીવ સ્વસ્વરૂપની શાંતિનો અને આનંદનો આસ્વાદ-અનુભવ લે છે એને પછી બીજું કાંઈ સુહાતું નથી. એને ફરી ફરીને એમ થાય છે કે આના વગર હવે બીજે ક્યાંય સારું લાગે એવું નથી. જેમ માણસ કહે છે ને કે 'ગુરુદેવ'ને સાંભળ્યા હતા પછી કોઈ વક્તાને સાંભળીએ તો રસ ન પડે. વક્તાઓ તો વિભિન્ન ધર્મની અંદર દરેક સંપ્રદાયમાં નામાંકિત વક્તાઓ હોય છે. પણ આપણે જેણે 'ગુરુદેવ'ને સાંભળ્યા છે ઇ લોકો તો એમ કહે કે 'ગુરુદેવ'ને સાંભળ્યા પછી

કોઈની વાતમાં, કોઈના વ્યાખ્યાનમાં, કોઈના Lecture માં રસ પડતો નથી. આ તો એક બહારમાં આટલો ફેર પડે છે. અલૌકિક તત્ત્વના વક્તા હતા ને ! તો અહીંયાં આનંદનો ને શાંતિનો અલૌકિક સ્વાદ આવે છે પછી એને બીજે ક્યાંય શાંતિ તો છે નહીં અને મળતી નથી. એટલે એને ફરી ફરીને આત્મામાં આવીને ઠરવું એ જ વાત એને માટે તો લાગ્યા કરે છે કે આ એક જ ઠરવાનું સ્થાન છે. ક્યાંય મને શાંતિ મળતી નથી, ક્યાંય ચેન થતું નથી, ક્યાંય મને ગમતું નથી.

એટલે પહેલાં બોલમાં એમ કહ્યું કે, જો તારી એવી સ્થિતિ હોય કે તને ક્યાંય ગમતું ન હોય તો આત્મામાં તને ગમશે. કેમકે એ વિસામાનું – શાંતિનું સ્થાન છે. એનો સ્વાદ કોઈ એવો સ્વાદ છે કે એ સ્વાદ આગળ બધા જ સ્વાદ બેસ્વાદ લાગે છે, કષાયેલા સ્વાદ લાગે છે અને એ આત્માને જરાપણ રુચતા નથી.

મુમુક્ષુ :– સિદ્ધાંત જેવો બોલ થઈ ગયો.

પૂજ્ય ભાઈશ્રી :– હા, પોતાની મૌલિક શૈલીથી એ વિષય આવ્યો છે. આગવી શૈલી (છે). દરેક જ્ઞાનીઓને પોતાના સ્વાનુભવને કહેવાની શૈલી પોતાની હોય છે. સિદ્ધાંત ક્યાંય બદલાતો નથી. કોઈ જ્ઞાનીનો એકપણ સિદ્ધાંત બદલાતો નથી. ઘણાંને આ 'શ્રીમદ્જી'નું એવું લાગે છે કે, 'શ્રીમદ્જી' કાંઈક આમ વિચારતા હતા. એવું કાંઈ નથી. સિદ્ધાંત કોઈનો ફેર પડતો નથી. સિદ્ધાંતજ્ઞાનમાં બધા જ્ઞાનીઓનો એક જ સિદ્ધાંત છે. કેમકે બધા જ જ્ઞાનીઓને સ્વપરપ્રકાશક જ્ઞાનમાં સ્વપર પદાર્થનો અનુભવ એક જ પ્રકારે થાય છે. કોઈને બીજી રીતે થતો નથી. કોઈ જ્ઞાનીને પર સ્વપણે ભાસતું નથી, કોઈ જ્ઞાનીને સ્વરૂપમાં બીજા પ્રકારે સ્વરૂપ અનુભવમાં આવતો નથી કે જેથી કરીને એના સિદ્ધાંતમાં ફેર પડે. પર પદાર્થની ને રાગથી પૂરી ભિન્નતા થતાં જ સ્વાનુભવ થાય છે અને એ ભેદજ્ઞાનનો પ્રયોગ કરતાં જ એનું ફળ આવે છે. એ સિવાય બીજી કોઈ તો ત્યાં પ્રક્રિયા નથી, બીજી કોઈ પદ્ધતિ નથી. એટલે ત્રણે કાળના જ્ઞાનીઓનો એક જ અભિપ્રાય અને એક જ સિદ્ધાંત હોય છે એમાં ક્યાંય ફેર પડતો નથી. (સમય થયો છે).

> **ચૈતન્ય તરફ વળવાનો પ્રયત્ન થતાં તેમાં જ્ઞાનની વૃદ્ધિ, દર્શનની વૃદ્ધિ, ચારિત્રની વૃદ્ધિ–સર્વવૃદ્ધિ થાય છે, અંતરમાં આવશ્યક, પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન, વ્રત, તપ બધું પ્રગટે છે. બહારના ક્રિયાકાંડ તો પરમાર્થે કોલાહલ છે. શુભ ભાવ ભૂમિકા પ્રમાણે આવે છે પણ તે શાંતિનો માર્ગ નથી. સ્થિર થઈ અંદર બેસી જવું તે જ કરવાનું છે. ૧૮૪.**

## તા. ૨૨-૦૮-૧૯૮૭, વચનામૃત–૧૮૪
## પ્રવચન નં. ૧૩૯

પાનું ૫૭. ૧૮૪ બોલ. '**ચૈતન્ય તરફ વળવાનો પ્રયત્ન થતાં તેમાં જ્ઞાનની વૃદ્ધિ, દર્શનની વૃદ્ધિ, ચારિત્રની વૃદ્ધિ-સર્વવૃદ્ધિ...**' એટલે સર્વ ગુણોની વૃદ્ધિ '**થાય છે,...**' ઘણું કરીને 'નિયમસાર'નો અધિકાર હશે. કેમકે અહીંયાં વિકલ્પને કોલાહલ કહે છે અને ક્રિયાકાંડને આડંબર કહ્યો છે. આગળના બોલમાં વિષય ચાલ્યો છે એ વિષય ચાલ્યો આવે છે. ચૈતન્ય એટલે ચૈતન્ય સ્વભાવ અંતઃતત્ત્વ સ્વરૂપ જે પરમ તત્ત્વ છે, પરમ પદાર્થ છે એના તરફ વળવાનો પ્રયત્ન–પુરુષાર્થ. પ્રયત્ન એટલે પુરુષાર્થ. કોણે વળવાનો ? કે સર્વ સમગ્ર પરિણમનને વળવાનો. આખું પરિણમન અંતર્મુખ થાય તે પરિણમનમાં જ્ઞાન, દર્શન, ચારિત્ર બધા ગુણોનો સમાવેશ થાય છે, એમ કહેવું છે.

તેમાં જ્ઞાનની વૃદ્ધિ થાય છે. જ્ઞાનની વૃદ્ધિ થાય છે એટલે સ્વરૂપને ગ્રહણ કરવાની

જે જ્ઞાનની જે શક્તિ અથવા જ્ઞાનની જે સ્વસ્વરૂપને અનુભવવાની શક્તિ, સ્વભાવ શક્તિ, પરિણમનમાં એ સ્વભાવ શક્તિનો વિકાસ થાય છે એને વૃદ્ધિ કહે છે.

દર્શનની વૃદ્ધિ (અર્થાત્) શ્રદ્ધા અને દર્શન ઉપયોગ બન્ને નિર્મળ થાય છે. ચારિત્રની વૃદ્ધિ એટલે સ્વરૂપમાં સ્થિર થવાની શક્તિ પણ વૃદ્ધિગત થાય છે. એમ સર્વ ગુણોમાં વૃદ્ધિગતપણું થાય છે. **'સર્વ વૃદ્ધિ...'** એટલે આખું દ્રવ્ય નિર્મળ થાય છે.

'કળશ ટીકા'માં 'રાજમલજી' એમ કહે છે કે, ચારે ગતિમાં સમ્યગ્દર્શન પ્રગટ થાય છે ત્યારે ચારે ગતિના જીવોને પૂર્વે કરેલા અનેક પ્રકારના જે કર્મો છે એનો ઉદય છે. અજ્ઞાન ભાવે નરકમાં ગયો, અજ્ઞાન ભાવે તિર્યંચમાં ગયો, અજ્ઞાન ભાવે કોઈપણ દેવગતિમાં ગયો, ગમે ત્યાં ગયો તે તે કર્મનો ઉદય છે અને તે સર્વ કર્મના ઉદય વચ્ચે પણ સમ્યક્દૃષ્ટિ બંધાતો નથી તેનું કારણ તેનું દ્રવ્ય શુદ્ધત્વરૂપે પરિણમી ગયું છે. એવો શબ્દ વાપર્યો છે.

અહીં જે 'સર્વ વૃદ્ધિ' શબ્દ લીધો છે એ વાત ત્યાં છે. સર્વ વૃદ્ધિ થાય છે એટલે એનું આખું દ્રવ્ય જ શુદ્ધત્વરૂપે પરિણમી ગયું છે. દ્રવ્યનું જે મૂળ શુદ્ધ સ્વરૂપ એ સ્વરૂપ પોતાના સ્વભાવ પ્રમાણે પરિણમવા લાગ્યું અને પોતાના સ્વભાવ પ્રમાણે પરિણમવાની ઢળક એને શુદ્ધ પરિણમનશીલતા કહેવામાં આવે છે. શાસ્ત્રીય પરિભાષામાં એને 'શુદ્ધ પરિણમનશીલતા' કહે છે. શુદ્ધ પરિણમનશીલતા એવો જ દ્રવ્યનો પરિણમન સ્વભાવ છે, એમ કહેવું છે. તો જ્યાં અંતર્મુખનો પ્રયત્ન થયો, અહીંયાં મુદ્દો એ ચાલે છે, કે કોઈપણ જીવને જ્યાં અંતર્મુખનો પ્રયત્ન થયો, અંતર્મુખ સ્વદ્રવ્યને ધ્યેય બનાવ્યું એને આશ્રય સ્થાન તરીકે સ્વીકાર્યું, એને પોતાનું ખરું સ્વરૂપ–સાચું સ્વરૂપ છે એમ શ્રદ્ધા-જ્ઞાનમાં સ્વીકાર્યું ત્યાં આખું દ્રવ્ય શુદ્ધ પરિણમવા લાગે છે. એ સિદ્ધાંત લેવો છે.

પહેલી બે લીટીમાં આ સિદ્ધાંત લેવો છે કે જ્યાં ચૈતન્ય તરફ વળવાનો પ્રયત્ન થયો કે એ પ્રયત્ન થતાં જ તેમાં જ્ઞાન, દર્શન, ચારિત્ર આદિ સર્વ ગુણોની વૃદ્ધિ થવા લાગે છે. અંતર્મુખના પ્રયત્નમાં આખું દ્રવ્ય જ, એનો સ્વભાવ જ એને સાથ આપે છે. એમ કહેવું છે. અંદરથી એને સાથ મળે છે. એવો દ્રવ્યનો કોઈ બેહદ અપરિમિત ફાટંફાટ સ્વભાવ છે કે જો જીવ પોતે અંતર્મુખ થવાનો પ્રયત્ન કરે તો અંદરથી એને બહુ મોટો સાથ મળે છે. પણ તકલીફ એ છે કે એ અંદર અંતર્મુખ વળવાનો પ્રયત્ન

કરતો નથી. થોડી પણ તૈયારી નથી, એમ કહેવું છે. પ્રયત્ન તો કરતો નથી પણ પ્રયત્ન માટે થોડી પણ જીવની તૈયારી નથી. નહીંતર તૈયારી થાય ત્યાં પાત્રતા આવવા માંડે છે.

જ્યાં સાચી જિજ્ઞાસા પ્રગટે અને સાચી ભાવના થાય ત્યાં એની પાત્રતા પ્રગટ થઈ જાય છે. પાત્રતા થાય તો એને પરિણમન થવાનો અવકાશ, પુરુષાર્થ ઊપડવાનો અવકાશ ઉત્પન્ન થાય છે. નહીંતર કાંઈ વિકલ્પ કરે કે મારે સમ્યગ્દર્શન પ્રગટ કરવું છે એટલે એ વિકલ્પથી કાંઈ કામ થવાનું નથી, એવી ઇચ્છા થાય એટલે કોઈ કામ થવાનું નથી.

મુમુક્ષુ :– દ્રવ્ય છે એ શુદ્ધસ્વરૂપે હતું, તો પહેલા શુદ્ધસ્વરૂપ હતું કે પછી...

પૂજ્ય ભાઈશ્રી :– શુદ્ધ સ્વરૂપે હતું, શુદ્ધ સ્વરૂપે પરિણમવાના સ્વભાવ સ્વરૂપે પણ હતું. હતું અને છે. હતું એટલે ? છે જ તે. છે, છે ને છે ત્રણે કાળે છે.

મુમુક્ષુ :– સ્વભાવની પરિપૂર્ણ પર્યાયમાં પર્યાય તો અધૂરી છે.

પૂજ્ય ભાઈશ્રી :– ભલે પર્યાય અધૂરી રહી પણ પર્યાયમાં પણ પર્યાયસ્વભાવ હોય છે. હવે એક બીજી વાત કરવી છે. જેમકે જે શરીરમાં થોડુંક ઝેર નાખવામાં આવે, કોઈ તમાકું ખાઈને, કોઈ બીડી પી ને, કોઈ અફીણ ખાઈને તો એ ઝેર ઝેરને માગે. કેમકે એ શરીરની પર્યાય એવી થઈ જાય છે કે એને એની તલપ લાગ્યા વિના રહે નહીં.

એમ અહીંયાં એની સામે અમૃતનો વિષય છે કે જે પ્રકારે એ જ્યાં પોતે અંતર્મુખ પરિણમવાનો પ્રયત્ન કરે છે ત્યાં પરિણમનમાં એ પરિણમન સ્વભાવ એવો ઉત્પન્ન થઈ જાય છે કે એને અંતર્મુખ વળવું એ પરિણમનનો સ્વભાવ થઈ જાય છે. જેમ ઢાળમાં ઢળવું એ પાણીનો સ્વભાવ છે, ઢાળમાં દડવું એ પાણીનો સ્વભાવ છે એને દેડવવું પડતું નથી. દડતું રોકવા માટે પ્રયત્ન કરવો પડે પણ ઢાળ હોય અને એને દડવા માટે પ્રયત્ન કરવો પડે નહીં.

એમ જે અંતર્મુખ પ્રયત્ન કરીને મોક્ષમાર્ગમાં પ્રવેશ કરે છે; અહીં તો સમ્યક્દર્શનથી એ વાત ઉપાડી છે કે સમ્યક્દર્શન થાય છે, તો એનું પરિણમન, પરિણમવાનો પરિણમન સ્વભાવ અંતર્મુખ વળવાનો, ઢળવાનો થઈ જાય છે. કેમકે મૂળ સ્વભાવે એવો જ છે. એ પણ પર્યાયમાં પ્રગટ થાય છે. ખ્યાલ આવે છે ? એ વિષય લીધો છે 'કર્તા-

કર્મ અધિકાર'ની ૧૪૪ ગાથા પૂરી કરી, પક્ષાંતિક્રાંત કરીને શુદ્ધોપયોગ થયો પછી એક કળશ લીધો છે. (તેમાં કહે છે), જેમ ઢાળમાં પાણી આપોઆપ દડવા લાગે છે એમ જ્ઞાન જ્ઞાનમાં આપોઆપ વળવા લાગ્યું. ક્ષયોપશમ જ્ઞાન હોવા છતાં એ જ્ઞાન જ્ઞાનમાં આપોઆપ વળવા લાગે છે. એવો એક અંતર્મુખ વલણનો પરિણમનનો સ્વભાવ–પર્યાયસ્વભાવ થઈ જાય છે.

બહારમાં લ્યો ને ! પ્રકૃતિ વિભાવમાં લઈએ. તો જેની જે પ્રકૃતિ હોય એ પ્રકૃતિ, વારંવાર પ્રકૃતિ પ્રમાણે એને ભાવ આવ્યા વિના રહે નહીં. એમાં એને કરવું - ન કરવાની જાગૃતિ ન રહે. કે આ કરું તો થાય એવો વિકલ્પ આવે તો થાય અથવા વિકલ્પ કરે કે આ હું ન કરું તો રોકી શકે એમ નહીં. એમ ને એમ જ થઈ જાય, એને સહેજે સહેજે થઈ જાય.

એવો દૃષ્ટાંત 'પ્રવચનસાર'માં આપ્યો છે. અરિહંત ભગવાનનો ત્યાં દાખલો આપતા કે અરિહંત ભગવાનને બધી એવી જ ક્રિયા છે કે વિકલ્પ વિના થઈ જાય છે. વિકલ્પ કરવો પડતો નથી. કેમકે પોતે શુદ્ધ પરિપૂર્ણ નિર્વિકલ્પ થઈ ગયા છે. એ તો દૃષ્ટાંત લીધો છે ત્યાં સ્ત્રી પ્રકૃતિનો, કે मायाचार स्त्रीनाम् જેમ સ્ત્રીઓને માયાચાર સહજ છે. શાસ્ત્રમાં એ દૃષ્ટાંત લીધો છે. એને એ વિકલ્પ ન કરવો પડે. સહેજે... સહેજે... સહેજે એની પ્રકૃતિ એ રીતે (થઈ ગઈ છે). માયાના ફળમાં સ્ત્રી પર્યાય આવી છે. એટલે સહેજે એ પરિણમન થઈ જ જાય, એને કરવું પડે નહીં.

એવો જેમ પર્યાયમાં વિભાવ સ્વભાવ સહેજ થવાનો છે. પર્યાયમાં પરિણમનમાં એવું છે કે જે ઢળક થઈ ગઈ એ સહેજે સહેજે થવા લાગે. એમ કોઈ અપૂર્વ મહિમાના ને અપૂર્વ રસના ફળ સ્વરૂપે જ્યાં શુદ્ધોપયોગ અને સમ્યગ્દર્શન થયું તો જ્ઞાનીઓ કહે છે કે એનું દ્રવ્ય જ શુદ્ધત્વરૂપે પરિણમવા લાગ્યું, દ્રવ્ય જ શુદ્ધત્વરૂપે પરિણમે છે. અનંત ગુણનું સમગ્ર પરિણમન શુદ્ધપણે પરિણમવાનો એક એની અંદર ઢલણ થઈ ગયું, વલણ થઈ ગયું. સહેજે સહેજે પરિણમવા લાગે છે. ચારે ગતિના કોઈપણ પ્રકારના અજ્ઞાનભાવે બાંધેલા કર્મનો ઉદય આવે તોપણ એનું દ્રવ્ય શુદ્ધત્વરૂપે પરિણમે છે.

પ્રશ્ન :– વ્યવહારરાશીમાં આવ્યા પછી વિકલ્પ ઊઠે છે ને ? કે અવ્યવહારરાશીમાં પણ ઊઠે ?

સમાધાન :- મનથી વિકલ્પ ઊઠે છે. સંજ્ઞી પંચેન્દ્રિય થાય, મનવાળું પ્રાણી થાય ત્યારે એને વિકલ્પ ઊઠે. એ પહેલાં મન વગર વિકલ્પ નથી. વિભાવભાવ છે પણ વિકલ્પ નથી. વિકલ્પને મન સાથે સંબંધ છે. એટલે અવ્યવહાર-રાશીમાંથી વ્યવહાર-રાશીમાં આવ્યો, બે ઇન્દ્રિય થયો, ત્રણ ઇન્દ્રિય થયો, ચાર ઇન્દ્રિય થયો, અસંજ્ઞી પંચેન્દ્રિય થયો તો ત્યાં સુધીમાં એને વિભાવ છે, જે તે એના ઇન્દ્રિયના વિષયો સાથેનો વિભાવ છે. ત્રણ ઇન્દ્રિય હોય તો ત્રણ ઇન્દ્રિયનો વિષય, બે ઇન્દ્રિય હોય તો બે ઇન્દ્રિયનો વિષય, ચાર ઇન્દ્રિય હોય તો ચાર ઇન્દ્રિયનો વિષય; પણ મન નથી ત્યાં, તો મન નથી તો ત્યાં વિકલ્પ નથી. વિકલ્પ મનની સાથે થાય છે. પાંચ ઇન્દ્રિય ને છઠ્ઠું મન આવે ત્યારે વિકલ્પના શરૂ થાય.

પ્રશ્ન :- વિભાવ ને વિકલ્પમાં ફેર શું ?

સમાધાન :- વિકલ્પ સમજાય છે. જેટલો વિકલ્પ થાય છે ત્યાં મન હોય છે. મન હોય છે ત્યાં ઉઘાડ વધારે છે. સૌથી વધારે ઉઘાડ સંસારી પ્રાણીમાં પાંચ ઇન્દ્રિય ઉપરાંત છઠ્ઠું મન મળે ત્યારે સૌથી વધારે ઉઘાડ છે. એટલે તો મનવાળા પ્રાણીને જ સમ્યગ્દર્શનનો અધિકાર લીધો છે. અસંજ્ઞી જીવને સમ્યગ્દર્શન થતું નથી. એટલું જ્યાં જ્ઞાન ખૂલે છે પછી એ હેય-ઉપાદેયનો વિવેક કરી શકે છે અથવા હિત અહિતનો વિવેક કરી શકે છે કે આ મારા આત્માને હિતરૂપ છે, આ મારા આત્માને અહિતરૂપ છે.

પ્રશ્ન :- વિભાવ વિકલ્પનું સ્થૂળ સ્વરૂપ છે ?

સમાધાન :- વિભાવ છે એ વિકલ્પનું સ્વરૂપ નહીં એ વિભાવનું જ સ્વરૂપ છે. સ્થૂળ સ્વરૂપ અને સૂક્ષ્મ સ્વરૂપનો સવાલ નથી. વિકલ્પમાં વિકલ્પ સૂક્ષ્મ અને વિકલ્પ સ્થૂળ, ઇ વિકલ્પની મર્યાદા. વિભાવ તો એકેન્દ્રિયને થાય, બે ઇન્દ્રિયને થાય, ત્રણ ઇન્દ્રિયને થાય, ચાર ઇન્દ્રિયને થાય પણ વિકલ્પ નથી કાંઈ, મન જ નથી પછી વિકલ્પ ક્યાંથી હોય ? મનમાં વિકલ્પ ઊઠે છે. આપણે અનુભવ કરો તો ખ્યાલ આવે છે, સંજ્ઞી પંચેન્દ્રિય છીએ કે મનમાં વિકલ્પ કરીએ છીએ. આમ કરવું, આમ ન કરવું. આ અનેક પ્રકારની ઇચ્છા થાય, વિકલ્પો આવે તો એ મનમાં થાય છે. મન ન હોય એને શું ? એટલું જ્ઞાન બીડાઈ જાય એને શું ?

મુમુક્ષુ :- વિભાવ છે ઇ તો જાતિથી ઊલટો ભાવ છે.

પૂજ્ય ભાઈશ્રી :- એ વિકૃત ભાવ છે, વિકારી ભાવ છે.

પ્રશ્ન :– આગળ જતાં શું થોડુંક મળે છે કે વ્યક્તમાં આવે છે ?

સમાધાન :– વ્યક્ત તો છે જ. સૂક્ષ્મ છે ઇ વ્યક્ત છે, સ્થૂળ વિકલ્પ પણ વ્યક્ત છે, અને એકેન્દ્રિય બે ઇન્દ્રિય, ત્રણ ઇન્દ્રિય, ચાર ઇન્દ્રિય, અસંજ્ઞી પંચેન્દ્રિયનો વિભાવ પણ વ્યક્ત જ છે. સ્થૂળ-સૂક્ષ્મનો ત્યાં પ્રશ્ન એટલા માટે નથી કે એને તો ખબર જ નથી. એને તો એ વિભાવ કેવો છે ને કેવો નહીં એને સમજવાની શક્તિ એની પાસે નથી. મન ગુમાવ્યું પછી એ વિભાવ મને દુઃખરૂપ છે એ સમજવાની શક્તિ એની પાસે નથી. તેથી એ દુઃખ મટાડું એ સમજવાની શક્તિ પણ એની પાસે નથી. પછી તો એ એકલો દુઃખને ભોગવે છે. ભોગવતા નવા કર્મ બાંધે છે. પછી તો એકદમ કુદરતના ભરોસે એની સમય સમયની પર્યાય છે. એને કેવી રીતે ઊગરવું એ પ્રશ્ન રહેતો નથી. આમ છે.

પ્રશ્ન :– બે ઇન્દ્રિય, ત્રણ ઇન્દ્રિયની દશામાં અશુદ્ધ પરિણમન છે અને ચાર-પાંચ ઇન્દ્રિય થાય એની અશુદ્ધતા અને આમાં ફેર પડતો હશે ?

સમાધાન :– જ્ઞાનનો ઉઘાડ વધે. પછી અશુદ્ધતા વધે-ઘટે એની સાથે કાંઈ ઉઘાડને મેળ નથી. કોઈ ઉઘાડવાળો જીવ વધારે પણ અશુદ્ધ પરિણમે, કોઈ ઉઘાડવાળો જીવ ઓછો પણ અશુદ્ધપણે પરિણમે. એનો કોઈ મેળ નથી. અશુદ્ધતા છે એનો સંબંધ કોની સાથે ? કોઈ ઇન્દ્રિય જ્ઞાન સાથે નહીં. એકેન્દ્રિયવાળો વધારે અશુદ્ધતામાં પરિણમે, પંચેન્દ્રિયવાળો ઓછી અશુદ્ધતામાં પરિણમે એવો કોઈ નિયમ નથી. પ્રશ્ન શું છે ?

પ્રશ્ન :– એક ઇંદ્રિય જીવ છે એ ઓછા ઉઘાડવાળો છે. પરિણમન છે પણ એને પોતાને ભાન નથી. પંચેન્દ્રિય છે એ મન સહિત છે. હવે ઇ એકેન્દ્રિયમાંથી પંચેન્દ્રિય થાય છે એમાં પરિણમન છે એમાં ફેર પડે છે એટલે એને ગતિ ઊંચી મળે છે ?

સમાધાન :– એ તો જેવા તીવ્ર-મંદ કષાય ઉપર આધાર છે. કષાયની મંદતા તીવ્રતા ઉપર આધાર છે. કોઈ ઉપર જાય, ઉપરવાળો નીચે જાય, નીચેવાળો ઉપર જાય. જેવું કરે એવું પામે. સીધી વાત. એવું નથી કે પંચેન્દ્રિયવાળો નિગોદમાં ન જાય. પંચેન્દ્રિય પણ નિગોદમાં જાવાનો. અને એવું નથી કે નિગોદવાળો પંચેન્દ્રિય ન થાય. એટલે ઉપરની ગતિમાંથી નીચેની ગતિમાં, નીચેની ગતિમાંથી ઉપરની ગતિમાં (જાય). જેવા પરિણામ થાય એવું ફળ મળે અને એ પરિણામ કેમ કરવા, કેમ થવા ઇ કાંઈ કોઈ એવું નથી કે આ આમ જ કરે અને આ આમ જ કરે એવો કોઈ નિયમ નથી.

મુમુક્ષુ :- કુદરતમાંથી છૂટી ગયોને કે જેમ થવું હોય તેમ થાય.

પૂજ્ય ભાઈશ્રી :- હા, બિલકુલ. 'ગુરુદેવ' એક દૃષ્ટાંત આપતા હતા. બહુ સમજવા જેવો વિષય છે. કે વંટોળિયામાં તણખલું ઊડે છે શું એનો નિયમ છે ? ક્યાં જઈને પડશે ઇ ? કહો જોઈએ. કાંઈ એનો નિયમ ખરો ? વંટોળિયામાં આવી ગયેલું તણખલું હવે એ વંટોળમાં ચડ્યું છે એ ક્યાં જશે ક્યારે ઇ શું ખબર પડે ? એમ મન ગુમાવ્યું. અહીંયાં જે પર્યાયમાં હિત કરી શકે છે એમાં હિત ન કર્યું, હિત કરવાની દરકાર ન કરી તો એ પછી વંટોળિયાનું તણખલું છે. ક્યારે ક્યાં જશે એનો મેળ નથી. એકેન્દ્રિયમાં જાય, બે ઇન્દ્રિયમાં જાય, ચાર ઇન્દ્રિયમાં જાય, કાંઈ પત્તો લાગે એવું નથી.

પ્રશ્ન :- એમનો પ્રશ્ન એ છે કે, એકેન્દ્રિયમાંથી વ્યવહારરાશિમાં જીવ ક્યા રસથી આવે છે ?

સમાધાન :- કષાયની મંદતા, કષાયની મંદતા. અબુદ્ધિપૂર્વક સમજણ વગર સહેજે સહેજે કષાયની મંદતા થાય તો એકેન્દ્રિયમાંથી બહાર નીકળી બે ઇન્દ્રિય, ત્રણ ઇન્દ્રિય, ચાર ઇન્દ્રિય, પંચેન્દ્રિય કોઈ પણ પ્રકારની પર્યાય થઈ શકવા યોગ્ય છે અને જીવોની થાય છે.

મુમુક્ષુ :- કર્તા તરીકે નથી કરતો.

પૂજ્ય ભાઈશ્રી :- કર્તા કરવાનો... કાંઈ એને ખબર જ નથી, અબુદ્ધિપૂર્વકનું એનું વલણ છે. જેમ તાવ વધે-ઘટે. એક કલાકમાં માપો (તો) ઘડીકમાં વધે, ઘડીકમાં ઘટે, વળી પાછો વધે, વળી ઘટી આવે. જ્યારે માપો ત્યારે એક કલાકની અંદર પાંચ વખત માપો તો પાંચે વખત પાંચ દોરા જુદાં જુદાં આવે, શું કારણ છે ? એ તાવનો એવો સ્વભાવ છે કે એની ઉષ્ણતા એક સરખી ન રહે. એમ કષાયનો એવો સ્વભાવ છે કે એકસરખી તારતમ્યતા કોઈ જીવની એક પર્યાયમાં ક્યારેય એકસરખી રહે એવું બને નહીં. ચાહે નિગોદની હોય, ચાહે દેવની હોય, ચાહે મનુષ્યની હોય, ચાહે નારકીની હોય, તિર્યંચની હોય, બે ઇન્દ્રિયની હોય, ત્રણ ઇન્દ્રિયની હોય, ચાર ઇન્દ્રિયની હોય. કોઈપણ પર્યાયમાં કષાયનો સ્વભાવ એવો છે કે એકસરખો કષાય તીવ્ર પણ ન રહે, એકસરખો કષાય મંદ પણ ન રહે, રાખવો હોય તોપણ ન રહે. તીવ્ર રાખવો હોય તો ન રહે, મંદ રાખવો હોય તોપણ ન રહે.

કોઈ માણસ ગુસ્સે થાય છે પછી નથી કહેતા કે હવે હમણાં કાંઈ બોલશો નહીં

ટાઢો પડવા દ્યો, એને ઠંડો પડવા દ્યો. એને પાડવો પડ્યો ? એનો અર્થ જ કે ઇ પડી જશે. એકધારી તીવ્રતા રહેશે નહીં.

પ્રશ્ન :– નિગોદના જીવો છે એને તીવ્ર-મંદ થાય છે. થાય છે તો પછી ઉપરના શરીરમાં આવે છે. તો પછી એમ કહેવાય કે નિગોદમાં જે જીવો થાય છે તે અનંતકાળ સુધી ઉપર આવતા જ નથી તો એના પરિણામમાં શું એટલું બધું ?

સમાધાન :– એવું છે કે એવું ભાગ્યે જ કરે છે ઇ. તીવ્ર-મંદ કરીને મંદ કષાય એવો ભાગ્યે જ કરે છે કે જે બે ઇન્દ્રિયમાં આવે. બે ઇન્દ્રિયમાં આવે એવો મંદ કષાય એ ભાગ્યે જ કરે છે, ત્રણ ઇન્દ્રિયમાં આવે એવો ભાગ્યે જ કરે છે. બહુ ભાગ.

મુમુક્ષુ :– આપ એમ કહો છે કે ભાગ્યે જ કરે એ શબ્દ હતો.

પૂજ્ય ભાઈશ્રી :– હા, ભાગ્યે જ થાય છે. બાકી બહુભાગ તો જેવો ઉદય આવે એવું જ પરિણામ કરે છે. નિગોદને યોગ્ય કર્મનો ઉદય છે (તો) એવું જ પરિણામ કરીને નિગોદને યોગ્ય કર્મ બાંધે છે અને ભોગવે છે. ભોગવે છે એવું, બાંધે છે એવું, ભોગવે છે એવું, બાંધે છે એવું. એમ અનંત કાળ જાય છે. એનું આયુષ્ય કાંઈ અનંત કાળનું નથી. આયુષ્ય તો એક શ્વાસોચ્છ્‌વાસમાં અઢાર વખત જન્મ-મરણ થાય એટલું ટૂંકું છે પણ છતાં એવું જ બાંધે છે, એવું જ ભોગવે છે, એવું જ બાંધે છે, એવું જ ભોગવે છે એ પ્રકાર વધારે છે અને ક્યારેક અનંત કાળે સહેજે કષાયની મંદતા થઈ ગઈ, અનંત કાળે, હોં ! તો બે ઇન્દ્રિયમાં આવે, કોઈ ત્રણ ઇન્દ્રિયમાં આવે, કોઈ ચાર ઇન્દ્રિયમાં આવે, કોઈ પંચેન્દ્રિયમાં આવે. જેવું મંદપણું થઈ ગયું હોય. એનો કોઈ નિયમ નથી. ક્યારે થાય, કેમ થાય કોઈ નિયમ નથી. સર્વજ્ઞના જ્ઞાનનો વિષય છે, કોઈ શાસ્ત્ર સિદ્ધાંતમાં એ વિષય નથી આવતો.

મુમુક્ષુ :– તત્ સમયની યોગ્યતા.

પૂજ્ય ભાઈશ્રી :– બસ ! તત્ સમયની યોગ્યતા.

મુમુક્ષુ :– અમારે હવે નિગોદમાં જાવું નથી.

પૂજ્ય ભાઈશ્રી :– એના માટે તો આ સત્પુરુષોના વચનો છે. નિગોદમાં જીવ ન જાય એને બચાવવા માટે તો આ વાત છે.

પ્રશ્ન – આપણે તો પરિણામનો પ્રશ્ન છે કે નિગોદમાંથી પંચેન્દ્રિય સુધી સંજ્ઞીપણું

આવે ત્યાં સુધી એના પરિણામની ચાલ કેવા પ્રકારની હોય છે ?

સમાધાન :- બસ ! કષાયની મંદતાએ ઉપર આવે છે. કષાયની મંદતાએ ઉપર આવે છે, કષાયની તીવ્રતાએ નીચે જાય છે. ટૂંકો હિસાબ આનો આ છે. અને અધ્યાત્મમાં અંતર વલણ કરે તો અનંત ગુણ શુદ્ધત્વરૂપે ખીલવા લાગે. જાજો સમજવાનો વિષય આ છે, પેલા કરતાં પણ. પેલામાં થોડું ઓછું-વત્તું સમજાય તો એનું પ્રયોજન નથી. પણ મુખ્ય જે સમજવાનો વિષય છે એ આ છે કે તું અંદરમાં વળવાનો પ્રયત્ન કર. તારે જ્ઞાન શક્તિ વધારવા માટે કોઈ જુદો પ્રયત્ન નહીં કરવો પડે, તારે ચારિત્ર શક્તિ કે અનંત ગુણમાં કોઈ શક્તિ વધારવા માટે જુદો પ્રયત્ન નહીં કરવો પડે, સર્વ ગુણોની વૃદ્ધિ થઈ જશે.

મુમુક્ષુ :- અનંતકાળથી શુદ્ધાત્માની અશુદ્ધદશા છે.

પૂજ્ય ભાઈશ્રી :- હજી પણ છે જ. પરિણામમાં અનંત કાળથી અશુદ્ધપણું છે અને દ્રવ્ય સ્વભાવે કરીને અનંત કાળથી શુદ્ધપણું છે. આ બન્ને વસ્તુ અનંત કાળથી હતી, છે અને સંસારી જીવોને રહેશે. આપણને નહીં રહે એમ રાખવાનું. આમ અંદરથી આવવું જોઈએ. અનંતકાળથી હતી, વર્તમાનમાં છે, ભવિષ્યમાં નહીં સમજે એને રહેશે, થાશે. બાકી દ્રવ્યે શુદ્ધ છે, પર્યાયે અશુદ્ધ છે. દ્રવ્યે પણ અશુદ્ધ છે એમ નથી અને પર્યાયે પણ શુદ્ધ છે એમ પણ નથી. એટલી વાત સમજવાની છે.

પ્રશ્ન :- સહજપણે થાય છે ?

સમાધાન :- હા. દ્રવ્યે શુદ્ધ તો એના સ્વભાવથી જ છે. પર્યાયે અશુદ્ધ રહેવાનો સ્વભાવ નથી. પર્યાયે અશુદ્ધ થાય છે તે વિભાવ છે અને એ વિભાવ પણ અનાદિથી અકારણપણે છે. ક્યારેય પહેલો થયો હોય તો એનું કારણ ગોતીએ, પણ ક્યારેય પહેલો થયો એવો તો કાંઈ પ્રશ્ન નથી. એટલે અનાદિથી છે. અકારણપણે એટલે કહીએ કે કર્મના ઉદયના લાકડા નાખે છે એ વાત ખોટી છે.

પ્રશ્ન :- જીવ નિગોદમાં ક્યારથી આવ્યો ?

સમાધાન :- એ તો અનંત કાળથી જ નિગોદમાં છે. ઇ તો કર્મનો સંબંધ તો વિભાવ અનાદિનો છે અને કર્મનો સંબંધ પણ અનાદિનો છે. નિશ્ચયથી કર્મને લઈને વિભાવ નહીં ને વિભાવને લઈને કર્મ નહીં. નિમિત્તનૈમિત્તિક સંબંધ જોઈને વ્યવહારે કાર્ય-કારણ કહેવામાં આવે છે, એટલી વાત છે.

હવે વાત લઈએ આપણા પ્રયોજનની કે આપણું પ્રયોજન શું ? કે આપણું સ્વરૂપ વિચારવું એ આપણું પ્રયોજન છે કે મારા જીવે અત્યાર સુધી મારા મૂળ શુદ્ધ સ્વરૂપનું ક્યારે પણ જ્ઞાન કર્યું નહીં, ક્યારેય શ્રદ્ધાન કર્યું નહીં, ક્યારેય સમજવાનો પ્રયત્ન કર્યો નહીં. એટલે હું અત્યાર સુધી જન્મ-મરણમાં ગોથા ખાતો.. ખાતો... ખાતો અહીં સુધી હજી પહોંચ્યો છું. હવે કોઈ કુદરતે આ વસ્તુ સમજવા સામે આવી છે તો હવે એ જન્મ-મરણની ગાંઠ છે એ ગાળી નાખવી (છે). આટલો નિર્ણય, આટલી સમજણ પ્રાથમિક રીતે એની તૈયારી થાય, પાત્રતાની તૈયારી થાય એટલા માટે જીવે કરી લેવી જોઈએ. બસ ! બાકી બધું કાંઈ અનંતકાળનું બધું વિચારવા બેસો કે ક્યાંક એના કારણ-કાર્યને વિચારવા બેસો એ સર્વજ્ઞના જ્ઞાનનો વિષય છે. અત્યારે થોડીક બુદ્ધિ ઉઘડી છે એમાં કેટલીક વાત આવવાની હતી ? માંડ માંડ સંજ્ઞી પંચેન્દ્રિય થયો છે ને થોડીક બુદ્ધિ ઉઘડી છે, કેટલુંક સમજવાનો હતો લાંબું લાંબું ? આટલું ટૂંકું સમજે – એના હિત અહિતનો વિષય (સમજે) તો એનો બેડો પાર થઈ જાય.

મુમુક્ષુ :– અત્યારે નિગોદમાં છીએ નહિ, જાવું નથી, જાવાના નથી પછી એની..

પૂજ્ય ભાઈશ્રી :– પછી જે ગામ જાવું નહીં એનું નામ લેવું નહીં. અત્યારે નિગોદમાં છીએ નહીં ને ભવિષ્યમાં જાવું નથી પછી એનું કારણ શું ? કે જીવનો આત્મઘાત એનું કારણ છે, બીજું કાંઈ કારણ નથી. સ્વભાવનો ઘાત જ કારણ છે. જીવ પોતે જ પોતાના સ્વભાવને મિથ્યાત્વ આદિ પરિણામથી ઘાતે છે તો એનું ફળ અનિષ્ટ જ આવે એમાં શું નવીન છે ?

અહીંયાં બહુ સારો વિષય છે કે, ભાઈ ! તને લાંબી ટૂંકી કાંઈ ખબર ન પડે તો અંદર ચૈતન્ય તરફ વળવાનો પ્રયત્ન કર ને ! તારું દ્રવ્ય શુદ્ધત્વરૂપે પરિણમી જશે, સર્વ વૃદ્ધિ થશે. અરે...! અંતર્મુખ વળવાના પ્રયત્ન કાળે હજી વીતરાગતા નહીં પ્રગટી હોય ને રાગ રહી ગયો હશે તો એના જેટલો જગતમાં કોઈ ઊંચો શુભભાવ નથી. અંતર્મુખના પ્રયત્ન કાળે જે રાગ છે એ રાગમાં કષાયની મંદતાનો મંદપણે પ્રકાર એટલો બધો છે કે એવો શુભનો પ્રકાર જગતની અંદર ક્યાંય નથી. બધા એનાથી હેઠ છે. જેટલા શુભભાવ છે એ અહીંથી હેઠ છે. આ તો અંતર્મુખ વળવામાં કેટલો લાભ છે એમ કહે છે. આખું આત્મદ્રવ્ય તો પરિણમી જશે પણ એ પહેલાં એની સાથે સાથે, ફળ તો એ આવશે આનંદનું ફળ આવશે, આનંદ ફળ આવશે પણ બાજુમાં

ખડ થશે, થોડો રાગ રહી ગયો હશે તો એના જેવું કોઈ ઊંચું શુભ છે નહીં.

પ્રશ્ન :- મિથ્યાત્વ આદિ ભાવથી ઘાતે છે એટલે ?

સમાધાન :- ઘાતે છે એટલે સ્વભાવ બીડાતો જાય છે. એટલો એટલો બીડાતો જાય છે, એટલો બીડાતો જાય છે કે જીવ છેવટે મૂંઢાતો.. મૂંઢાતો.. મૂંઢાતો નિગોદમાં ચાલ્યો જાય છે. સ્વભાવ ઘાતાય છે. ત્રિકાળી સ્વભાવ તો જેમ છે એમ રહે છે, પણ પરિણમનમાં જ્ઞાન બીડાતું જાય, દર્શન બીડાતું જાય, બધા ગુણો (બીડાતા જાય), દુઃખ વધતું જાય, પુરુષાર્થ ઊંધો ને ઊંધો વધારે થતો જાય તો એનો જે સવળો પરિણમવાનો સ્વભાવ છે એનો ઘાત થાય છે, એમ કહેવું છે.

પ્રશ્ન :- જ્ઞાન સ્વભાવને ભૂલીને જીવ બીજો-બીજો વિચાર કરે એ મિથ્યાત્વભાવ છે કે...

સમાધાન :- મિથ્યાત્વ સ્વભાવ, મિથ્યાત્વ કરે છે એમાં પોતાને મૂળ સ્વરૂપથી અન્યથા શ્રદ્ધે છે, સ્વીકારે છે કે જાણે છે, અનુભવે છે. અથવા બહુ ટૂંકામાં કહીએ તો વર્તમાન પર્યાય જેવડો, જેટલો હું, આવી જે પર્યાયબુદ્ધિ છે એ મૂળમાં મિથ્યાત્વ છે. પછી અસંખ્ય પ્રકારના મિથ્યાત્વ (છે). તો જેટલા અસંખ્ય પ્રકારના વિભાવ કરે એવો પોતાનો અનુભવ કરે, જેવો જેવો વિભાવ જ્યારે જ્યારે થાય ત્યારે ત્યારે તેવો હું એવો જે અનુભવ થાય ત્યારે તે પ્રકારના મિથ્યાત્વમાં તે જીવ પ્રવર્તે છે, મિથ્યા ભાવમાં પ્રવર્તે છે. એવી રીતે અસંખ્ય ભેદ (થાય). મૂળમાં એક ભેદે લઈએ તો પર્યાયબુદ્ધિ-'પર્યાયમૂઢાઃ પરસમયાઃ' આ સૂત્ર છે. 'પ્રવચનસાર' 'પર્યાયબુદ્ધિ તે મિથ્યાબુદ્ધિ'. પર્યાયબુદ્ધિ છૂટે, દ્રવ્ય સ્વભાવની દૃષ્ટિ થાય-બુદ્ધિ થાય એટલે એનું મિથ્યાત્વ જાય, અજ્ઞાન જાય. ત્યારે એ મોક્ષમાર્ગે ચડે અને એનું અનંતકાળનું (અજ્ઞાન જાય).

લટકતી તરવાર છે. લટકતી તરવારનો અર્થ શું ? ક્યારે પડે ને ક્યારે એનો શિરચ્છેદ થાય શું ખબર પડે ? માથે લટકતી તરવાર હોય અને કાચા તાંતણે દોરે બાંધી હોય (તો) ભાર ન ઝીલી શકે. પછી નીચે આમ ડોકું રાખવાની સજા કરી હોય. ઉપર લટકતી તરવાર (રાખી હોય). તમને મારવા નથી, મરી જાવ તો નસીબ તમારા. તલવાર લટકતી છે ને નીચે ડોકું રાખીને બેસવાનું છે પછી ઝોકું ખાય કે ન ખાય ? ઊંઘ આવે કે ન આવે ? ન આવે ? લટકતી તરવાર છે. ઇ તો એક

મરણની, આ અનંત મરણની. મિથ્યાત્વ છે એ અનંત મરણની લટકતી તલવાર છે.

મુમુક્ષુ :– કહેવતમાં તો તલવાર છે અત્યારે તો માથે Atombomb લટકે છે, બચવાનો પ્રશ્ન જ નથી.

પૂજ્ય ભાઈશ્રી :– બચવાનો પ્રશ્ન જ નથી. કહેવતો તો બધી જૂની કહેવતો છે ને !

મુમુક્ષુ :– કેટલું ભયંકર મિથ્યાત્વ છે !

પૂજ્ય ભાઈશ્રી :– બહુ ભયંકર, અત્યંત ભયંકર. એટલે તો એ દર્શનમોહ ક્યાં ક્યાં લાગે છે અને ક્યાંય ન લાગે એની એને સાવધાની રાખવી જોઈએ. એક વ્યવહારિક દૃષ્ટાંત લઈએ કે 'ટોડરમલજી'એ 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં લીધું છે કે ભાઈ ! તારે આજીવિકા માટે પ્રવૃત્તિ કરવી હોય તો જગતમાં ઘણી પ્રવૃત્તિ છે પણ તું ધાર્મિક પ્રવૃત્તિ કરીને આજીવિકાનું ગુજરાન કરીશ નહીં. તો કોઈ એમ કહે કે, ના ના પણ અમે સ્વાધ્યાય કરાવીએ ને મહેનતાણું લઈએ. અત્યારે વર્ગ ચલાવે છે ને એવું બધું કરે છે. તો એમાં શું વાંધો ? આમ પણ ગમે ત્યાં થોડી મહેનત કરીને પેટ ભરવું હતું તો આ અહીંયાં મહેનત કરી પણ સાથે સાથે ધાર્મિક કામ પણ થયું કે નહીં ? બમણું કામ થયું કે નહીં ? હવે આમાં શું વાંધો ? કહો ! આમાં રહસ્ય શું છે આમ કહેવા પાછળ ? આવું શું કરવા કીધું ?

સામાન્ય બુદ્ધિથી આ એક વિચારવા જેવો વિષય છે. જગતના પદાર્થનો કોઈ વ્યવસાય કરવો, એ કરતા પાપના જ પરિણામ છે, કોઈપણ ધંધો પ્રમાણિક કે અપ્રમાણિક જે કાંઈ કરે એ બધા પાપના પરિણામ છે. અને ધાર્મિક વ્યવસાય કરે અને વળતર મેળવે એ પણ પાપના જ પરિણામ છે. પણ સાથે સાથે એને એમ લાગે કે હું ધાર્મિક પરિણામ કરું છું તો મને શુભભાવ થાય પણ આર્થિક પ્રયોજન છે એ તો પાપનો જ ભાવ છે પણ ભલે બીજાને તો પાછો ધર્મ સમજાય છે. એનો નિષેધ કેમ કર્યો ? ઉપલક દૃષ્ટિથી જુએ તો તો પેલાં કરતાં પહેલી વાત સારી છે. એક માણસે અહીંયાં મહેનત કરી ને અહીંયાં મહેનત કરી, અહીંયાં સમય બગાડવો, અહીંયાં સમય બગાડવો. તો અહીંયાં તો બીજાને લાભનું કારણ થાય છે. એ કોઈ 'દી બીજાને લાભ થવાનો નથી. આની શીખવણીથી કોઈને ધાર્મિક લાભ થવાનો છે એ વાતમાં તો કાંઈ માલ છે નહીં. તો પછી આને શું નુકસાન ? બીજાની વાત

બીજાની પાસે રહી. હવે આની વાત કરો, આને નુકસાન શું ?

મુમુક્ષુ :- પૈસા લઈને ભણાવે (તો) સાંભળનારને પૂજ્યભાવ ઘટી જાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- ભલે પૂજ્યભાવ ન આવે. તો એમ કહે, શુભભાવનું તો નિમિત્ત થાશે ને ! ચાલો. ઇ પ્રવૃત્તિ કરતાં કરતાં શુભભાવનું તો નિમિત્ત થયું ને ! આ એક જાડી બુદ્ધિથી વિચાર આવે માણસને. ભાઈ ! તું બજારમાં જઈને વેપાર-ધંધો કર એ તારા ચારિત્રમોહની સાથે વધારે સંબંધ રાખનારા પરિણામ છે અને ધાર્મિક વ્યવસાયમાં આર્થિક પ્રયોજન એ દર્શનમોહ સાથે સંબંધ રાખનારા પરિણામ છે. શું છે ? દર્શનમોહ સાથે રાખનારા પરિણામ છે.

કહેવાનો મતલબ બીજો છે. ક્યાં ક્યાં દર્શનમોહ લાગે આ એક સમજવા જેવો વિષય છે. ક્યાં દર્શનમોહ તીવ્ર થાય, ક્યાં દર્શનમોહ લાગે, ક્યાંથી દર્શનમોહ છૂટે, દર્શનમોહના પરિણામને બીજી આનુષંગિક કઈ કઈ પ્રવૃત્તિ સાથે કેવા કેવા સંબંધો નિમિત્તનૈમિતિક છે કે અવિનાભાવી સંબંધો છે ? આ પોતાનું પ્રયોજન જાણીને સમજવા જેવો વિષય છે કે અહીંયાં મારું પ્રયોજન છે. જન્મ-મરણની ગાંઠ સાથે (પ્રયોજન છે).

આ જે મોટું જોખમ છે, એ પ્રકરણ જ એટલું બધું પ્રયોજનભૂત છે કે 'ગુરુદેવે' ૪૫ વર્ષ સુધી એ વિષયને ખોલવાનો પરિશ્રમ કર્યો છે. એ વિષય સમજવા જેવો છે. બધી વાતે વાતે કોઈ ખોલવા ન બેસે પણ જ્યાં વિધિ-નિષેધનો વિષય ચાલતો હોય ત્યારે એને જિજ્ઞાસાથી વિચાર આવવો જોઈએ કે અહીંયાં આમ કહેવાનું શું કારણ છે ? ઉપરથી તો આમ દેખાય છે, અંદરથી કાંઈક બીજું છે ? ઉપરથી તો એને પ્રવૃત્તિ સારી લાગે કે ચાલો બીજાને શુભભાવમાં તો નિમિત્ત પડશે ને. માણસને કમાવું હોય તો શું છે કે પેટ લઈને બેઠો છે તો એ ગમે ત્યાં તો પ્રવૃત્તિનો સમય તો ગયા વિના એને છૂટકો જ નથી. તો શા માટે એ ધાર્મિક વ્યવસાય ન કરે ? તો કહે નહીં, ત્યાં એને દર્શનમોહનો સવાલ ઊભો થાય છે.

મુમુક્ષુ :- ઘણાને પૈસા આપનારને ..

પૂજ્ય ભાઈશ્રી :- એમાં તો પછી બખડજંતર તો ઘણા ઊભા છે. એમાં બીજા આનુષંગિક દોષ તો ઘણા ઊભા છે પણ આ દોષ સીધો દર્શનમોહનો છે. આ તો એક દૃષ્ટાંત લીધો. એવી રીતે જ્યાં જ્યાં દર્શનમોહની પ્રવૃત્તિ થતી હોય ત્યાં ત્યાં એને પોતાને જ્યાં સુધી લાગતું વળગતું એવું પરિણમન ઊભું થતું હોય તો એ વાત

એણે સમજીને ત્યાંથી એણે દૂર થવું જોઈએ.

મુમુક્ષુ :– વિના મૂલ્યે જ્ઞાન આપવું કે શિક્ષણ આપવું, આજીવિકાનું સાધન હોય તો છોડી દેવું.

પૂજ્ય ભાઈશ્રી :– એનું પારિશ્રમિક ન લેવું. જો જરૂર હોય તો કોઈક લૌકિક પ્રવૃત્તિ કરી લેવી. પણ જ્ઞાનની પ્રવત્તિ અર્થે આ પ્રવૃત્તિને સાંકળવી નહીં. 'ટોડરમલજી'એ તો સીધે સીધી વાત કરી છે. એની પાછળ હેતુ આ છે કે એક જગ્યાએ ચારિત્રમોહના દોષનો સવાલ છે, એક જગ્યાએ દર્શનમોહના દોષનો સવાલ છે.

મુમુક્ષુ :– 'ગુરુદેવ' આવી વાત કરી ગયા છે. હરામના પૈસા લઈશ તો નિગોદમાં જઈશ.

પૂજ્ય ભાઈશ્રી :– બહુ કડક કડક બોલ્યા છે. બહુ કડક બોલ્યા છે, એ વાત સાચી છે. એનું કારણ શું ? કે, જીવને દર્શનમોહનો દોષ લાગુ પડે છે.

મુમુક્ષુ :– પૈસા લેવાવાળા તો ઊંધું જ મારે છે.

પૂજ્ય ભાઈશ્રી :– એ તો જે વેચણીયું જ્ઞાન છે ઇ તો ઇ પોતે જ ખરીદાઈ ગયેલો છે. જે વસ્તુ પાંચ, પચીસ, પચાસ, સો, બસો, પાંચસો, હજારમાં, બે હજારમાં, પાંચ હજારમાં ખરીદાતી હોય એની કિંમત કેટલી ? કે એના જેટલી. એને ને એને આ બે વાતને ભેગી કરી એ બહુ મોટો દોષ છે. ઝેરને અને અમૃતને ભેળવાય નહીં. ઝેર ઝેરના ઘરે, અમૃત અમૃતના ઘરે. એમ છે.

પ્રશ્ન :– એ વખતે એના પરિણામમાં શું વસ્તુ હોય કે દર્શનમોહને સીધો જ તીવ્ર કરે ?

સમાધાન :– આ તો સમજવા જેવો વિષય છે કે દર્શનમોહની પ્રકૃતિ ત્યાં ઊભી થાય છે. ત્યાં દર્શનમોહની પ્રકૃતિ ઉત્પન્ન થાય, થાય ને થાય જ. એવું છે. એ થોડો વિશેષ વિચાર કરો તો સમજાય એવું છે કે જે માણસને આર્થિક વ્યવસાય છે એમાં એને અભિપ્રાયમાં કેટલા પૈસા મેળવવા છે ?

મુમુક્ષુ :– ઝાઝા..

પૂજ્ય ભાઈશ્રી :– ઝાઝા નહીં. કેટલા ઇ મને કહો. ઝાઝા એટલે ? Limit નથી, સંખ્યા નથી એને Limit નથી એટલે દર્શનમોહ ઉત્પન્ન થાય છે અનંતાનુબંધીનો કષાય થયો ને ! એટલે એમ થાય છે. એનું કારણ ઇ છે. સમજાય એવું છે કે નથી ?

કે એની અંદર Limit રહેતી નથી, કોઈ Limit જ ન હોય.

પ્રશ્ન :- પૈસા ન લે અને માન માટે પ્રવૃત્તિ કરે તો ?

સમાધાન :- ઇ નો ઇ ધંધો થયો એ તો. હજી આગળ ચાલવું છે ?

મુમુક્ષુ :- દોષ છે એટલે દોષ જ છે.

પૂજ્ય ભાઈશ્રી :- ઇ વળી એનાથી પણ ખરાબ છે. માનનો પ્રકાર એથી ખરાબ છે. કેમકે જ્યાં માન માટે કરશે તો માયા આવ્યા વિના રહેશે નહીં. એ તો લોભમાં પણ માયા ઓછાવત્તા પ્રમાણમાં આવે પણ માનમાં તો સીધો જ માયાનો અવતાર થાય. ભાઈ ! આપણે પૈસાનું કામ નથી અને માનનું પણ કામ નથી. પણ હવે સમાજ વાણિયાનો ઊજળો. ઊજળો કહેવાય ને ? આમાં 'ગુરુદેવ'ના સમાજમાં તો બધા પાછા પૈસાવાળા માણસો વધારે આવે છે. બધા સારા સારા કોઈ Industrialist, કોઈ મોટા પાયરીવાળા, કોઈ સરકારી Officer, કોઈ કાંઈ, કોઈ શેઠિયાઓ. ઓળખાણ વધે તો આપણને કો'ક 'દી લાભ મળે, કાંઈ કામ પડે ત્યારે. આ ઇ નો ઇ ધંધો થયો.

આ તો કેવા કેવા પરિણામથી બચવા જેવું છે (એ વાત છે). બધા દર્શનમોહ વળગવાના ભૂત છે, હોં ! બધે દર્શનમોહનું જ ભૂત વળગશે. એથી આગળ ચાલે કે કાંઈ નહીં, દીકરા-દીકરી તો સારી જગ્યાએ વરશે. સંબંધો હોય, બધાની ઓળખાણ હોય, આપણી એમાં પાછી આપણી સારી આબરુ હોય, સ્થાન હોય, ધાર્મિકવૃત્તિવાળા ગણાતા હોય, આત્માર્થી ગણાતા હોય, કોઈ કાંઈ ગણાતા હોય, કોઈ કાંઈ ગણાતા (હોય), કોઈ પંડિત ગણાતા હોય, કોઈ સમજદાર ગણાતા હોય તો બીજું કાંઈ નહીં પણ સારા ઠેકાણે દીકરા-દીકરી તો વરી જાય. એટલું તો કામ થાય કે ન થાય ? કે તારા સંસારનું કોઈ પ્રયોજન અહીંયાં તું લગાડીશ નહીં મહેરબાની કરીને. નહીંતર મરી ગયો સમજજે, એમ છે. કોઈ પ્રયોજન અહીંયાં લગાડીશ નહીં.

તું તારા આત્માને પહેલાં પૂછી લે કે તું આવ્યો છે શું કરવા અહીંયાં ? છોકરા છોકરી પરણાવવા આવ્યો છો ? પૈસા રળવા આવ્યો છો ? માન લેવા આવ્યો છો ? શું કરવા આવ્યો છો ? એ તું નક્કી કર પહેલાં. જો તારા એક આત્માના હિત માટે આવ્યો હોય તો તો તને ધન્ય છે, તને શાબાશી છે અને બીજું કોઈ પ્રયોજન સાધ્યું તો જગતના પાપ કરતાં વધુમાં વધુ પાપ અહીંયાં લાગશે. એથી વધારે પાપ બીજે ક્યાંય લાગશે નહીં. એટલે આ એક (સમજવા જેવો વિષય છે). જ્યાં જ્યાં આવા

તો કેટલાય પડખાં છે, દર્શનમોહને લગતા અનેક પડખાં છે કે જીવે પોતાનું પ્રયોજન સમજીને વિચારી લેવા જોઈએ.

મુમુક્ષુ :– દર્શનમોહનથી બચવા માટે સંસારના પ્રયોજનની વાત જ નથી. ઇ છોડવા જેવું છે. અહીંયાં ઇ પ્રયોજન રાખીને અવાય જ નહીં.

પૂજ્ય ભાઈશ્રી :– ઇ પ્રયોજન રાખીને ન અવાય. પોતાનું એ પ્રયોજન નહીં હોવું જોઈએ. વીતરાગનો માર્ગ છે (એ) સર્વ શુદ્ધિનો માર્ગ છે, સંપૂર્ણ શુદ્ધિનો માર્ગ છે. એને તો સંપૂર્ણ નિર્દોષતા સાથે જ સંબંધ છે. દોષને પોસવાના, દોષને કરવાના, રાખવાની કોઈ વાત, કોઈ અભિપ્રાય આમાં ચાલે એવું નથી. સીધે સીધી વાત તો એ છે. થોડું વિષયાંતર થયું હતું.

શું કહે છે અહીંયાં ? કે **'અંતરમાં આવશ્યક, પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન, વ્રત, તપ બધું પ્રગટે છે.'** આ સર્વ વૃદ્ધિ થાય છે ને ? તો કહે છે, બહારના આડંબરવાળા નહીં. પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન અને વ્રત, તપ છે બહારના આડંબર વગરના નિશ્ચય અંતરમાં આવશ્યક અંતરમાં અંતર દોષથી પાછા વળી જવાનું શુદ્ધતાને પ્રગટ થવાનું પ્રતિક્રમણ, ભવિષ્યના દોષ ઉત્પન્ન ન થાય એવો શુદ્ધતાનો રસ ઉત્પન્ન થયો છે એના પ્રત્યાખ્યાન, એ વૃત્તિ એની અંદર ખલાસ થઈ ગઈ. વ્રત, વ્રત એટલે અટકવું To stop. વ્રત થવું એટલે અટકી જવું. એ વૃત્તિ અટકી ગઈ એ એનું નિશ્ચય વ્રત છે અને શુદ્ધ સ્વરૂપમાં વિશેષ સ્થિરતાનું પ્રતપન તે જ આત્માનું તપ છે. આ અંતરમાં બધુંય પ્રગટે છે. કોઈ એમ કહે કે, ભાઈ ! તમે આ બધું કરો પણ હવે તમારામાં વ્રત તપ ક્યાં છે ? ભાઈ ! અંતરમાં બધુંય પ્રગટે છે. જો એક આત્મા અંદરમાં દર્શન, જ્ઞાન, ચારિત્રને પ્રાપ્ત કરે અથવા ટૂંકામાં લઈએ તો ચૈતન્ય તરફ વળવાનો અંદરનો પ્રયત્ન કરે તો અનંત ગુણોની વૃદ્ધિ થાય. એમાં આવશ્યક, પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન, વ્રત, તપ બધું પ્રગટે છે.

મુમુક્ષુ :– પેલામાં તો ખાવા-પીવાનો અભિપ્રાય રાખીને કરે છે. આમાં તો એ અભિપ્રાય જ ખૂંચે છે.

પૂજ્ય ભાઈશ્રી :– પેલો તો આડંબર જ છે. ક્રિયાકાંડનો આડંબર અને કોલાહલ છે. કોલાહલ તો મધુર શબ્દ છે પણ ખરેખર કડવો શબ્દ એનો એ છે કે જીવને એમાં એકલો ક્લેશ છે. શું છે ? જીવને ક્લેશ છે. તો કહે છે, એ બધી ક્રિયા કરતાં

તું ક્લેશ પામીશ. એમાં કાંઈ તારો ક્લેશ મટાડવાનો ઉપાય નથી, એ તો ક્લેશ પામવાનો ઉપાય થયો. ક્લેશ મટાડવાની વાત એમાં થતી નથી કે રહેતી નથી. આ વજન આવે એટલે બધું ખોલીને કહે છે. આ વિષય અંતર્મુખ વળવા ઉપર તારું વજન આવે એટલે તને ખોલીને કહે છે કે જો ભાઈ ! અંદરમાં આવશ્યક, પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન, વ્રત, તપ બધું તને પ્રગટ્યું. જો તારો પુરુષાર્થ અંતર ચૈતન્યમાં ગયો દર્શન, જ્ઞાન, ચારિત્ર આદિની વૃદ્ધિ થઈ (તો) તને બધું પ્રગટ્યું, હવે તારે શું જોઈએ ? ઘણાને તો એમ કહેવું પડે છે કે રિદ્ધિ સિદ્ધિ, લક્ષ્મી આદિ સ્વાનુભૂતિયુક્ત જીવના પગમાં આળોટે છે, પણ સ્વાનુભૂતિવાળો એની સામું જોતો નથી. પેલો આળોટે છે ભાઈસાહેબ ! મારી સામું જુઓ, અમે નીચે આળોટિયે છીએ, ગલોટિયા ખાઈએ છીએ. તો કહે છે, તું ખાધા કર. મારે સામું જોવાની ફુરસદ નથી. ત્યાં સુધી શાસ્ત્રની અંદર વિષય ચાલે છે.

મુમુક્ષુ :- ચોસઠ ઋદ્ધિ પ્રગટ થાય પણ મુનિરાજ એની સામે જોતા નથી.

પૂજ્ય ભાઈશ્રી :- જોતા નથી. ખરેખર તો એ પુણ્ય-પાપથી પર થઈ ગયા છે. એ તો સમજાવવા માટે કહેવાય છે કે, જુઓ ! ઇન્દ્રો આકાશમાંથી ઊતરી ઊતરીને વંદન કરવા આવે છે. બહુ પુણ્યશાળી કહેવાયને મુનિરાજ ? કે એને એ પુણ્યનો યોગ લાગુ પડતો નથી. અને ચક્રવર્તીનું રાજ છોડ્યું ને શરીરમાં રોગ થયો તો એને પાપનો યોગ લાગુ પડતો નથી. એમને-મુનિરાજને એમ ન કહેવાય કે, પાપનો ઉદય આવ્યો છે, એમને એમ ન કહેવાય. કેમ ? કે એ ઉદયમાં જોડાતા નથી માટે એને ઉદય નથી એમ કહેવામાં આવે છે. એ તો એનાથી પર થઈ ગયા છે, પરિણમન એનાથી પર થઈ ગયું છે.

એ જ્યારથી સાધકદશા શરૂ થઈ ત્યારથી પુણ્ય-પાપથી પર થવાની એક દશા ઉત્પન્ન થઈ ગઈ. એટલે એને પુણ્ય-પાપના ઉદય લાગુ પડતા નથી. પોતે અડતો નથી, પોતે ભિન્ન રહે છે માટે એનું મૂલ્યાંકન પણ ઇ જ રીતે કરવું એ યોગ્ય ને વ્યાજબી છે ને ન્યાયસર છે. બીજી રીતે કરવું તે અન્યાયસર છે.

બીજા સંસારી માણસને એમ કહેવાય કે, આને પાપનો ઉદય હતો એટલે રોગ આવ્યો. સાધકને એ લાગુ પડતું નથી. છે તો ખરેખર પૂર્વમાં કરેલા પાપનો ઉદય પણ છતાં અત્યારે લાગુ નથી પડતું. એમ છે. પોતે ભિન્ન પડી જાય છે, અનુભવમાં

નથી લેતાં આ મોટી વાત છે. અંદરમાં જે ભિન્ન દશા ઉત્પન્ન થઈ એ કોઈ અલૌકિક પુરુષાર્થની દશા છે. એટલે ઇ પોતે જ એને સ્પર્શતા નથી એનાથી ભિન્ન રહે છે તો એને એ છે એમ લાગુ પાડી શકાય નહીં. એમ વાત છે. એટલે એ બધું અંદરના પુરુષાર્થમાં પ્રગટે છે.

**'બહારના ક્રિયાકાંડ તો પરમાર્થે કોલાહલ છે.'** અને ક્લેશ છે. જે બહારના ક્રિયાકાંડ છે એમાં એકલો ક્લેશ અને કોલાહલ સિવાય બીજું કાંઈ નથી. અમસ્તો અમસ્તો ધમાલ કરે. તપ કર્યું હોય તો ધમાલ કરે, વ્રત લીધું હોય તો ધમાલ કરે, આમ મારું ઊજવો ને ફલાણું કરો ને ઢીકણું કરો. શું કરે છે બધું ? કરે છે ને ઊજવણા બધા ? એ બધો કોલાહલ છે, એમાં કાંઈ છે નહિ.

**'શુભ ભાવ ભૂમિકા પ્રમાણે આવે છે પણ તે શાંતિનો માર્ગ નથી.'** જુઓ ! કેવી સરસ વાત છે ! ભાઈ ! તું વ્રત કર, તપ કર જે કાંઈ અજ્ઞાનભાવે કરે છે મૂળ તો શુભભાવ સિવાય તો કાંઈ નથી. પણ તારી ભૂમિકા પ્રમાણે આવશે. તું એમ માન કે હું છ મહિનાના ઉપવાસ કરું માટે મને મુનિદશા યોગ્ય શુભભાવ થઈ જાય કે દીક્ષા લઉં માટે મુનિદશાનો શુભભાવ થાય એ વાતમાં કાંઈ માલ નથી. દીક્ષા લીધી હશે તોપણ તારો અનંતાનુબંધીનો (કષાય) ચાલુ છે એટલે કે ૧૪૭ પ્રકૃતિ તારી ચાલુ છે. એમાં બધા આસ્રવ તને થવાના છે. એમાં કાંઈ બહારનો કોલાહલ કર્યો ને આડંબર કર્યો એટલે અંદરમાં કર્મ તને છોડી દે એ વાતમાં કાંઈ માલ નથી. એ તો તારી ભૂમિકા પ્રમાણે જ ભાવ આવશે. ભૂમિકાને ઓળંગીને કોઈ જીવ શુભભાવ કરી શકે નહિ. ભલે ક્રિયા ગમે તે કરે પણ એની ભૂમિકા પ્રમાણે શુભભાવ થાય.

કેટલાક શુભભાવ જે સમ્યક્દૃષ્ટિને થાય એ મિથ્યાદૃષ્ટિ દ્રવ્યલિંગીને ન થાય. ચોથા ગુણસ્થાને જે કેટલાક શુભભાવ થાય એ મિથ્યાદૃષ્ટિ દ્રવ્યલિંગીને ન થાય. એમ છે. એટલે એ પ્રકાર આખી Quality જુદી પડે છે. એ ગુણસ્થાન અનુસાર શુભભાવ થશે.

જેમકે મુનિ છે એ મુનિને કેશલોચ લીધો છે. અઠ્યાવીસ મૂળ ગુણમાં આ એક કેશલોચનો મૂળગુણ છે. તો મુનિ દાઢી કરે, કરાવે એ પ્રશ્ન હોતો નથી. તો એને માથાના વાળ, દાઢીના વાળ, મૂછના વાળ વધે છે તો એ અમુક ટાઇમે લોચ કરી નાખે. કોઈ ગૃહસ્થ કહે કે મને એટલી બધી ઉદાસીનતા આવી છે કે મારે હવે દાઢી

નથી કરવી. ભલે દાઢી વધતી કે વાળ ભલે વધતા, જટા વધતી. એમાં બે ફેર પડે કે, લોકો જુદું જાણે કે હજામત કરાવનારા કરતાં આ નહીં હજામત કરાવનારો કાંઈક જુદો દેખાય છે. મોટા મોટા વાળ છે, મોટી દાઢી છે. ભાઈ ! ઇ તારી ભૂમિકાના શુભભાવ નથી. કદાચ તને વિચાર આવ્યો હોય તો આ શુભભાવ છે. ભૂમિકાનો શુભભાવ હંમેશા શોભે છે. ભૂમિકા બહારનો શુભભાવ હોય છે એ કરવા જાય તો એમાંથી બીજું અહંપણું ઊભું થયા વિના રહેશે નહીં. ઇ ભૂમિકા બહારનો કરવા જાય તો એમાંથી અહંપણું ઊભું થાય તો મોટો દોષ ઊભો થઈ જાય છે.

જ્યાં સુધી એની યોગ્ય ભૂમિકા ન થાય ત્યાં સુધી એમ ને એમ ગમે તે પ્રકારે કરવા મંડી જાય એ આ માર્ગ નથી. માર્ગને સમજવો જોઈએ, એની પદ્ધતિ સમજવી જોઈએ. જિનમાર્ગ કહ્યો છે ને ? જે માર્ગે જિનેશ્વરો તીર્થંકરો ચાલ્યા, એ માર્ગ એમણે વિવેકે કરીને નિશ્ચિત કર્યો છે, કેવળજ્ઞાનમાં એ વિષય પ્રસિદ્ધ થયો છે, પોતે પણ એ માર્ગે ચાલીને, ચાલી દેખાડ્યું છે. હવે તું એ માર્ગે ચાલવાને બદલે આડીઅવળી વાત કરવાનું છોડી દે તો સારી વાત છે. એ કોઈ આડીઅવળી પદ્ધતિ અપનાવવી જોઈએ નહીં. જે પદ્ધતિ જિનમાર્ગની છે, અનાદિ અનંત નિયત વ્યવસ્થિત સુનિશ્ચિત પદ્ધતિ છે અને એ જ માર્ગે જીવે ચાલવું જોઈએ.

**'બહારના ક્રિયાકાંડ તો પરમાર્થે કોલાહલ છે. શુભ ભાવ ભૂમિકા પ્રમાણે આવે છે પણ...'** એ ગમે તેવો શુભભાવ આવે, જે તે ભૂમિકાનો આવે તોપણ અને ભૂમિકાની બહારનો કરવાનું ડહાપણ કરે તોપણ તે **'શાંતિનો માર્ગ નથી.'** એનાથી તને શાંતિ વળવાની નથી. એ વાત તો પહેલાં આગળ રાખજે. કહ્યું તને પાછળ પણ સમજજે તું આગળ કે એનાથી શાંતિ નથી. એટલે તને કોઈ શુભભાવની કિંમત આવવી જોઈએ નહીં.

**'શુભ ભાવ ભૂમિકા પ્રમાણે આવે છે પણ તે શાંતિનો માર્ગ નથી. સ્થિર થઈ અંદર બેસી જવું તે જ કરવાનું છે.'** સ્થિર થઈને અંદર બેસી જવું તે જ કરવાનું છે, બીજું કાંઈ કરવાનું નથી. સદા ઉપયોગસ્વભાવી, ઉપયોગધારી, આનંદમય અનંત આનંદનું કંદ આત્મા છે. છે, છે, છે, છે, છે... એને માત્ર જોવો છે કે આવો છે. ક્યારે જોઈ શકે ? કે પરમાંથી આનંદ લેવાની અપેક્ષાવૃત્તિ છોડે ત્યારે, પરમાંથી સુખ લેવાની અપેક્ષાવૃત્તિ છોડે ત્યારે. આ એક શરત નાખે છે કે પરની અપેક્ષાવૃત્તિ છોડીને તું

જેવો છો એવો તને જો. જોવાનું કામ તારું છે, તારે કાંઈ તારામાં બનાવવાનું નથી. છો જ તું તો. જ્ઞાનસ્વભાવી–ઉપયોગસ્વભાવી ઉપયોગને ધારણ કરી રહ્યો છો અને જ્યાં ઉપયોગને ઉપયોગમાં લઈ જા તો અંદરથી આનંદનો ફુવારો છૂટે એવું છે. જો(વે) એટલી વાર છે. શરત એટલી છે કે પરની અપેક્ષાવૃત્તિ છોડી દે. પરની અપેક્ષાવૃત્તિમાં તું તને જોઈ શકે એમ નથી.

મુમુક્ષુ :– બહુ મોટી શરત છે.

પૂજ્ય ભાઈશ્રી :– મોટી ગણે કે નાની ગણે જેવડી છે એવડી છે અને કર્યે છૂટકો છે. પાછું એમ નથી કે મોટી છે શું કરીએ ? બહુ અઘરી છે શું કરીએ ? ઇ તો જેવડી છે એવડી છે. અભ્યાસે બધું સહેલું છે અને અણઅભ્યાસે બધું અઘરું છે. ૮૦ વર્ષના માણસને રોટલી બનાવવી અઘરી છે અને આઠ વર્ષની દીકરીને રોટલી બનાવવી સહેલી છે. અભ્યાસનો વિષય છે.

તેં તને જોવાનો અભ્યાસ કર્યો નથી, પરમાં સુખ નથી એ જોવાનો પણ તેં અભ્યાસ કર્યો નથી એટલે એ મૂકવાનો પણ અભ્યાસ તેં કર્યો નથી. એ વૃત્તિ મૂકવાનો કેમ અભ્યાસ કર્યો નથી ? કે સુખ નથી એમ જોવાનો તેં અભ્યાસ કર્યો નથી. નથી એને નથી જોવું છે અને છે એને છે જોવું છે. આમાં તને બીજું શું વધારે બળ પડે એવું કહીએ ? નથી એને નથી જોવું છે અને છે એને છે જોવું છે. એમાં વધારે બળ પડે એવી કઈ વાત હતી ? કાંઈ ન હોય ને કરવું હોય તો જુદી વાત છે કે ભાઈ ! નથી ત્યાં છે કરી દેવું છે, છે ત્યાં નથી કરી દેવું છે. સમુદ્રને ઊલેચવો છે શું કરીએ પાણી ઘણું છે. એવું તો કાંઈ છે નહીં.

મુમુક્ષુ :– આશ્ચર્ય તો એ છે કે જે અપ્રાપ્ય છે એ સહેલું લાગે છે અને પ્રાપ્ય છે એ અઘરું લાગે છે.

પૂજ્ય ભાઈશ્રી :– અશક્ય છે એની પાછળ અનંત કાળથી મથે છે અને પાછળ પડ્યો છે. રેતીમાંથી તેલ નીકળવાનું નથી એમ પરમાંથી સુખ આવવાનું નથી. તોપણ એની પાછળ પડ્યો છે. સુખનો ભંડાર, આનંદનો ભંડાર અંદરમાં ભર્યો છે. પોકારી પોકારીને જ્ઞાનીઓ અને જિનેન્દ્રો કહે છે (તોપણ) આ સાંભળતો નથી અને એની પાછળ પ્રયત્ન કરતો નથી. આમ છે.

પ્રશ્ન :– આવી ગાંડાય કેમ કરતો હશે ?

સમાધાન :– વિચારવા જેવો વિષય છે, જરૂર વિચારવા જેવો વિષય છે. એ વિચારવું. કોઈના માટે થોડું વિચારવું છે, પોતા માટે જ વિચારવું છે. આ એક અદ્ભુત વિચારણાનું સ્થળ છે. આવી એક સાધારણ વિચિત્રતા નથી પણ અદ્ભુત વિચારણાનું સ્થળ છે.

મુમુક્ષુ :– 'નિહાલભાઈ'નું વાક્ય બરાબર છે, ધ્રુવધામમેં જમે રહો !

પૂજ્ય ભાઈશ્રી :– સ્થિર થઈને અંદર બેસી જવું, અંદરમાં સ્થિર થઈ જવું. બહારના ક્રિયાકાંડના કોલાહલ ને આડંબરથી કાંઈ વળવાનું નથી, પતવાનું નથી, આત્માને કોઈ લાભ થવાનો નથી. અંદરમાં જેટલું સ્થિર થવાય એ વાત પહેલી કર, શુદ્ધોપયોગનો ને સમ્યક્દર્શનનો પ્રયત્ન પહેલો કર, પછી સ્થિરતાનો. બધુ આપોઆપ છે. તારા પુરુષાર્થને, તારા ક્ષયોપશમને, તારી શક્તિને બહારની ક્રિયાકાંડમાં વેડફવાની જરૂર નથી એમ લેવું છે. અહીં સુધી રાખીએ.

**ગૃહસ્થાશ્રમમાં વૈરાગ્ય હોય પણ મુનિરાજનો વૈરાગ્ય કોઈ જુદો જ હોય છે. મુનિરાજ તો વૈરાગ્યમહેલના શિખર ઉપરના શિખામણિ છે. ૧૮૬.**

**તા. ૨૪-૦૮-૧૯૮૭, વચનામૃત-૧૮૬,૧૮૭**
**પ્રવચન નં. ૧૪૦**

બોલ ૧૮૬. મુનિદશાનો વિસ્તાર છે. **'ગૃહસ્થાશ્રમમાં વૈરાગ્ય હોય પણ મુનિરાજનો વૈરાગ્ય કોઈ જુદો જ હોય છે.'** શું કહેવું છે ? મોક્ષમાર્ગમાં વૈરાગ્ય તો આદિ-મધ્ય-અંતમાં સર્વત્ર છે. મુમુક્ષુદશાની શરૂઆતથી માંડીને, મુમુક્ષુદશામાં પણ શરૂઆતથી માંડીને જ્ઞાનીને-ગૃહસ્થ જ્ઞાનીને, પંચમ ગુણસ્થાનવર્તીને બધે જ વૈરાગ્ય હોય છે. વૈરાગ્યની શરૂઆત રાગથી વિરક્તપણાથી થવી જોઈએ. વૈરાગ્યની શરૂઆત રાગથી વિરક્તપણે થયા વિના કે એ પડખાંને સંભાળ્યા વિના કોઈ સીધું બાહ્ય ત્યાગથી વૈરાગ્યની શરૂઆત કરે તો એ કાર્યપદ્ધતિ યથાર્થ નથી.

વૈરાગ્યનો વિષય સામાન્ય રીતે તો આસ્તિક્ય દર્શનમાં બધા જ દર્શનોમાં છે. હિન્દુઓમાં, શ્વેતાંબર આદિમાં બધે જ છે. પણ યથાર્થ વૈરાગ્ય કોને કહેવો એ વિષય જિનદર્શનમાં જિનોક્ત રીતે જે રીતે છે એ પ્રકાર ક્યાંય નથી.

પ્રથમ જ સ્વરૂપની જિજ્ઞાસા અને સ્વરૂપની ભાવનાના બળમાં શરૂઆતથી મુમુક્ષુની (ભૂમિકાથી) લઈએ (તો), ત્યાંથી મુમુક્ષુ દશામાં રાગરસ ફિક્કો પડતો જાય છે અને સમ્યક્દૃષ્ટિને તો નિયમથી જ વૈરાગ્ય હોય છે. 'સમયસાર'નો 'નિર્જરા અધિકાર' છે. (શ્લોક-૧૩૬). **'सम्यग्दृष्टेर्भवति नियतं ज्ञानवैराग्यशक्तिः'** નિયમથી હોય છે.

એવું બને છે કે કોઈ સમ્યક્દૃષ્ટિનો દેખાવ બરાબર હોતો નથી. એવું બનવા

યોગ્ય છે, સંભવિત છે પણ છતાં એનો અંતર વૈરાગ્ય તો હોય જ છે. ઇન્દ્રને કોઈ વૈરાગી ન સમજે. કેમકે ઇન્દ્રાસન ઉપર બિરાજમાન હોય. શક્રેન્દ્ર હોય એકાવતારી. પછીનો મનુષ્ય ભવ ચરમશરીરી છે. અને ઇન્દ્રને ઉચિત શૃંગાર જેને કહીએ એવા આભૂષણ પહેરેલા હોય, દૈવી આભૂષણ પહેરેલા હોય છતાં પણ એનો રસ એમાં છે કે એને એ બધા પ્રકારના પરિણામ ઉત્પન્ન થતાં, અવશપણે ઉત્પન્ન થતાં એમાં દુઃખ છે એ એનો આત્મા જાણે છે. એક સર્વજ્ઞ વીતરાગ જાણે છે, જ્ઞાનીઓ જાણે છે, એનો આત્મા જાણે છે.

મોક્ષમાર્ગમાં તમામ મુમુક્ષુથી માંડીને–યથાર્થ મુમુક્ષુ ત્યાંથી માંડીને સમ્યક્દૃષ્ટિ, પંચમ ગુણસ્થાનવર્તી તો સ્વાભાવિક જ છે કે એ તો વૈરાગ્યને વશ બાહ્ય ત્યાગમાં પણ આવી ગયા છે, ચોથા ગુણસ્થાન સુધી બાહ્ય ત્યાગનો પ્રકાર નથી પણ હોતો તોપણ નિયમથી એ રાગરસથી વિરક્ત છે. આ વૈરાગ્ય ક્યાંથી છે ? કે રાગરસથી વિરક્ત છે. રાગરસથી કેટલા વિરક્ત છે ? કે ખાલી જેવા છે. એને રિક્ત કહ્યાં છે. એની દશા રાગરસથી રિક્ત–ખાલી થઈ ગઈ છે. એ બધા વૈરાગ્ય કરતાં, પંચમ ગુણસ્થાનના વૈરાગ્ય કરતાં અહીંયાં જે મુદ્દો છે એ એટલો છે કે જે મુનિરાજનો વૈરાગ્ય છે એનો તબક્કો જ જુદો છે. સમ્યક્દૃષ્ટિને એ ખ્યાલ છે કે મુમુક્ષુતામાં આ વિષયનો ઉપાડ આવ્યો ત્યારે વૈરાગ્ય કેટલો હતો ? અને ગૃહસ્થ દશામાં સમ્યગ્દર્શન હોવામાં પણ કેટલો વૈરાગ્ય છે ? અને છતાં મુનિદશા કેવી છે અને એનો વૈરાગ્ય કેટલો છે ? એ આખો જુદો જ તબક્કો છે એ એને ખ્યાલમાં છે.

મુમુક્ષુ :– શાસ્ત્રથી કબુલાત આવે એવી કોઈ બાબતની પણ સામે આવીને ઊભા રહે ત્યારે એને વૈરાગ્યનો દૃષ્ટિકોણ...

પૂજ્ય ભાઈશ્રી :– એવું છે કે કોઈપણ વિષયને ક્યા દૃષ્ટિકોણથી જોવો એ મુખ્ય વસ્તુ છે. એક જ વિષયને અનેક દૃષ્ટિકોણથી જોઈ શકાય છે. તો જે જીવોને બાહ્ય દૃષ્ટિ છે એને બહારથી જ બધું જોવાનું બનશે. જેની અંતરદૃષ્ટિ છે એ અંતરદૃષ્ટિથી તપાસ કરશે. 'ગુરુદેવ' એમ કહેતાં 'बालानाम पश्यन्ति लिंगाः' જે માત્ર બાહ્ય ચિહ્નોથી માપ કાઢે છે એ તો બાળક બુદ્ધિ જેવા છે. તત્ત્વ દૃષ્ટિ જીવ તો, એ પોતે કહેતા કે, તત્ત્વ દૃષ્ટિ જીવ તો સામાની શ્રદ્ધા, જેને જે વિષયમાં એ નક્કી કરવા માગે છે એની શ્રદ્ધા, એની દૃષ્ટિ અનંત શાંતિના પિંડ ઉપર છે કે નહીં, આ વસ્તુ એ નક્કી

કરવા માગે છે. એ વસ્તુ એને જો નક્કી થાય છે તો એનું બીજું બધું એને બાજુમાં મૂકી દેવું પડે છે. કેમકે એને ખ્યાલ છે કે આ ઉદયીકભાવનો પ્રકાર છે. પૂર્વકર્મકૃત છે. અમસ્તુ પણ બધાને પૂર્વકર્મકૃત જ હોય છે. સંયોગની અંદર કોઈનો અધિકાર નથી કે રાગથી વધારે મેળવી શકે કે વૈરાગ્યથી ટાળી શકે, એ તો કોઈનો અધિકાર નથી, જ્ઞાનીનો કે અજ્ઞાનીનો. પણ આને માપવાનો જે માપદંડ છે એ ફરી જાય છે.

દરેકને પોતાની યોગ્યતા અનુસાર જ માપવાનો માપદંડ હોય છે. એમાં બીજો માપદંડ કોઈ લાવી શકે નહીં. પોતાની યોગ્યતા અનુસાર માપવું એટલી જ માપવાની શક્યતા દરેકને પોતપોતાની રીતે. બીજાના માપદંડથી કોઈ બીજાને માપી શકે એવું બની શકતું નથી. એટલે એ પ્રશ્ન અહીંયાં ચાલુ પ્રકરણમાં નથી, પણ અહીંયાં જ્યારે વૈરાગ્ય કોઈ જુદો જ હોય છે એમ કહે છે ત્યારે શું કહેવા માગે છે ? કે વૈરાગ્ય તો મુમુક્ષુને પણ છે ને વૈરાગ્ય તો સમ્યક્દૃષ્ટિને પણ છે ને વૈરાગ્ય તો પંચમ ગુણસ્થાનવર્તીને પણ છે. પંચમગુણસ્થાનવર્તીને દેખાય એવો છે, મુમુક્ષુનો પણ દેખાય જાય. કોઈ વાર સમ્યક્દૃષ્ટિનો ન દેખાય, કોઈ વાર સમ્યક્દૃષ્ટિનો દેખાય. મુમુક્ષુમાં એવો ઉપાડ આવે છે.

'શ્રીમદ્જી' કોઈવાર એવું લખે છે કે જ્ઞાની કરતાં મુમુક્ષુનો વૈરાગ્ય વધી જવો જોઈએ. એ કેવી રીતે ? કે જ્ઞાનીને તો થોડી શક્તિ થઈ ગઈ છે. અંતરંગ પરિણતિની એની પાસે શક્તિ છે. એનો ઉપયોગ બહાર જશે તોપણ એ એટલું ગુમાવશે નહીં. કેમકે એનો પરિણતિનો દોર એના હાથમાં છે. એનો પતંગ ઊડીને ક્યાંય આઘે પડવાનો નથી. મુમુક્ષુને એ Control આવ્યો નથી, એની પાસે પરિણતિનો Control હજી આવ્યો નથી. એનો પતંગ જો વધારે ઊડે તો ક્યાં ઊડીને જાય એ કહેવું મુશ્કેલ છે. એટલે જરા વિશેષ વાત લીધી છે. અથવા જેને ઉપાડ કરવો છે, જેને શરૂઆત કરવી છે એને તો અત્યંત જોરથી, પૂરા જોરથી આ માર્ગમાં પ્રવેશ કરવા માટે શરૂઆત કરવાની હોય છે. શરૂઆત એ રીતે કરે એ આગળ વધે છે, નહીંતર આગળ વધી શકતા નથી.

પ્રશ્ન :– મુમુક્ષુના વૈરાગ્યમાં શું શું લેવું જોઈએ ? સમ્યગ્દર્શન પહેલાં મુમુક્ષુના વૈરાગ્યમાં શું શું હોય ?

સમાધાન :– એને પોતાને આત્મભાવના વશ એનો બધે–તમામ ઉદયના

પ્રસંગોમાંથી એનો રસ છે ઇ ઘટી જવો જોઈએ. કોઈપણ ઉદયમાં તીવ્ર રસે કરીને પ્રવર્તવાનું ન બને એટલી સાવધાની એની પોતાની સુવિચારણાને લીધે એની હોવી જોઈએ. એ સુવિચારણાનું એક અંગ છે અથવા મુમુક્ષુ છે, એટલો એ જાગૃત છે કે તીવ્ર રસે કરીને કોઈપણ ઉદયના પ્રસંગમાં પ્રવર્તવું નથી કે જેને લઈને એનો વૈરાગ્ય ઊડી જાય. તો આ એની ભાવનાને વશ, આત્મપ્રાપ્તિની ભાવનાને વશ આ પ્રકાર ઉત્પન્ન થાય છે. જાગૃતિ રહે છે અને તેથી કરીને 'શ્રીમદ્જી'એ એ વિષયમાં એમ કહ્યું કે ઉદયમાં મંદ રસે કરીને પરિણમવું અથવા તીવ્ર રસે કરીને ન પરિણમવું, એ જ્ઞાનીઓના માર્ગમાં પ્રવેશવાનું દ્વાર છે. આવા શબ્દો લીધા છે. એટલે કે એ દ્વાર એટલે પૂર્વભૂમિકા છે.

જો એનો રસ તીવ્ર નહીં હોય તો એને ભૂમિકા યોગ્ય એનો જ્ઞાનની નિર્મળતાનો, સ્વચ્છતાનો પ્રકાર નિર્ણય કરવા સુધીનો કાર્યક્ષમ થશે અને નહીંતર તીવ્ર રસે કરીને જ્ઞાન મેલું થશે અને એ મેલું થયેલું જ્ઞાન પોતાના જ સ્વભાવનો અને પોતાના જ સ્વરૂપનો નિશ્ચય નહીં કરી શકે. કેમકે સર્વ પ્રથમ તો નિર્ણયની દિશામાં મુમુક્ષુ જીવ પ્રયત્ન કરે છે.

આમાં એક બોલ છે કે મતિને વ્યવસ્થિત કરીને, આડાઅવળા તર્ક નહીં ઉઠાવીને. ત્યાં વાત એમ ચાલી છે. કેમકે આમાં પણ અનેક જાતના અપ્રયોજનભૂત તર્ક પણ ઊઠે છે. મતિને વ્યવસ્થિત કરીને અપ્રયોજનભૂત તર્ક નહીં ઉઠાવીને તું પ્રથમ નિર્ણયની દિશામાં પ્રયત્ન કર. આમાં એવો એક બોલ છે. એ નિર્ણય થવા અર્થે સંજ્ઞી પંચેન્દ્રિયપણું તો પ્રથમ આવશ્યક છે એટલે બીજાને તો નિર્ણય થતો નથી, પણ સંજ્ઞી પંચેન્દ્રિય થયા પછી પણ કેટલીક શરત છે. કેમકે એ તો એક નિર્ણય કરવાની શક્તિ મળી ગઈ પણ એ શક્તિ એની ઊલટી જગ્યાએ અથવા જે સ્થાનમાં લગાવવી જોઈએ એ સ્થાનમાં ન લાગે અને અન્યથા બીજી જગ્યાએ લાગે તોપણ એ શક્તિનું જે ફળ આવવું જોઈએ એ ફળ આવતું નથી.

('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથમાં) પાછળ 'ઉપદેશ છાયા'માં તો એક વાત એવી લીધી છે. આપણે 'જ્ઞાનામૃત'માં ખેંચી છે કે સત્-શ્રુતનું અધ્યયન કરવું, શાસ્ત્ર અધ્યયન કરવું. મુમુક્ષુ શાસ્ત્ર અધ્યયન કરે છે. તો કહે છે, ઇન્દ્રિય વિષયો પ્રત્યેની તીવ્રતામાં રહીને ન કરવું. ખાવું, પીવું, શરીર અંગેની કેટલીક રોજિંદી ક્રિયાઓ એવી છે કે જેની

અંદર એને - મુમુક્ષુને ફેરફાર હોવો જોઈએ તો એ પોતે સત્શ્રુતના વિષયને કાંઈક ઉપયોગને સૂક્ષ્મ કરીને (એને) સ્પર્શવાનો એનો પ્રયત્ન કાંઈક સફળ થાય.

શાસ્ત્ર સ્વાધ્યાયનો પણ એક પ્રાથમિક નિયમ છે કે સ્થૂળ ઉપયોગે કદી શાસ્ત્ર સ્વાધ્યાય કરવા યોગ્ય નથી. સ્થૂળ ઉપયોગથી શાસ્ત્ર સ્વાધ્યાય નહીં કરવો જોઈએ. શાસ્ત્ર સ્વાધ્યાય કરતી વખતે બને એટલા સૂક્ષ્મ ઉપયોગે એ વિષયના હાર્દમાં ને એ વિષયના તળિયામાં જવા માટે તૈયારી કરીને થોડુંક બેસવું જોઈએ. એના માટે એ ક્યારે તૈયારી કરી શકે ? કે જો એ આ વિષયની અંદર વિશેષ રસ ધરાવે અને એને કારણે બાકીના બધા વિષયની અંદર એનો રસ ઘટી જાય તો. નહીંતર અનિવાર્યપણે એનો ઉપયોગ સ્થૂળ થઈ જશે અને આ વિષયમાં ઉપયોગ કામ નહીં કરે. એ એટલો મુમુક્ષુનો સામાન્ય વિષય થયો.

અહીંયાં જે કહેવા ધારે છે એ વાત સમજવા યોગ્ય એ રીતે છે કે સમ્યક્દૃષ્ટિ પણ એમ જાણે છે કે, આહા..! શું મુનિદશાનો વૈરાગ્ય ! ક્યાં મારો વૈરાગ્ય અને ક્યાં મુનિદશાનો વૈરાગ્ય ! કોઈ સમ્યક્દૃષ્ટિ તો બહારમાં અત્યંત વૈરાગી દેખાય. ઉદાસીનતાની મૂર્તિ જેવા લાગે, તોપણ એને એમ લાગે કે ક્યાં મુનિદશાનો વૈરાગ્ય ! અને ક્યાં અમારો વૈરાગ્ય ! એ તો એક તબક્કો જ આખો જુદો છે એમ લાગે. એ તો ઉપરના માળનું જ ચણતર છે, એને નીચેના માળ સાથે શું સરખાવીએ ? કેમકે Level જ જુદું છે આખું ત્યાં તો ?

એટલે કહે છે કે ગૃહસ્થાશ્રમમાં જ્ઞાનીને, મુમુક્ષુને વૈરાગ્ય હોય. એ તો સર્વ સાધારણ વાત છે **'પણ મુનિરાજનો વૈરાગ્ય કોઈ જુદો જ હોય છે.'** એ તો કોઈ વાત જ જુદી છે. એ નજરે દેખાય છે. આ વાત કો'ક જુદી છે. એટલે તો અપૂર્વ દશા ગણે છે. આ..હા..! શું મુનિદશા અપૂર્વદશા છે ! એમ ગણે છે.

'માતાજી' સાથે કાલે થોડી ચર્ચા થઈ હતી, પછી 'ગુરુદેવ'ની વાત ચાલી હતી. 'ગુરુદેવે' દીક્ષા લીધી અને પોતાના શાસ્ત્રમાં પણ વાંચ્યું કે આવી રીતે આહાર લેવાય. આવી રીતે (લેવાય). એટલા પ્રમાણિક હતા એમ કે જે વસ્તુ પોતે માનતા હતા એમાં એટલા પ્રમાણિક હતા કે એમને વ્હોરાવનારા ધ્રૂજે ! ધ્રૂજે એટલે શું ? કે ક્યાંક દોષ નહીં થઈ જાય ને આપણો ? ઘરમાં છોકરું રડતું હોય તો મુનિ આહાર ન લે, પાછા વળી જાય. હવે જેને એમ થાય કે માંડ માંડ આપણા ઘરે પધારે તો સારું, પધારે

તો સારું. આહાર વ્હોરવા નીકળ્યા છે અને એમાં આંગણા સુધી આવીને પાછા વળી જાય, તો જેને ત્યાં આહાર દેવાની ભાવના થઈ હોય એને કેટલી બધી અસર થઈ જાય ! એ વાત ચાલી હતી. 'ગુરુદેવ' કહે નહીં કે હું શું કરવા પાછો વળું છું, પણ એ ઝડપથી પાછા વળી જતા. એ કાંઈ યથાર્થ મુનિપણું નહોતું. એ ખબર પડી એટલે એ બધો વિષય સંકેલી લીધો. પણ જે વસ્તુ એ માનતા હતા એ માનવાની અંદર એ ખૂબ પ્રમાણિકતાથી ચુસ્ત રીતે એનું પાલન કરતાં હતા.

એવું મુનિદશાની અંદર પણ મુનિરાજને માસ-ખમણના ઉપવાસ હોય અને એક મહિના પછી આહારનો વિકલ્પ થયો હોય, નગરમાં પ્રવેશ કરે અને કોઈ શોકનો પ્રસંગ જોવામાં આવે કે કોઈને ત્યાં કોઈ ગુજરી ગયું છે ને રોકકળ ચાલે છે, પોતે માર્ગ ઉપરથી પસાર થતાં હોય, તરત જ પાછા વળી જાય છે. એટલો વૈરાગ્ય ઊપજે છે, કે અરે ! જગતની અનિત્યતા. એક મહિનાના જ્ઞાન-ધ્યાન પછી આહારનો વિકલ્પ ઊઠ્યો ત્યાં સામે આ નિમિત્ત છે ! આ આહારનો વિકલ્પ પણ બેકાર છે. આપણે તો જ્ઞાન-ધ્યાન જ ભલું છે. આ ચાલ્યા જાય પાછા જંગલમાં. કોઈપણ એવા એવા છેતાલીસ પ્રકારના આહારના દોષ છે. એમાં એકપણ દોષ એમના ખ્યાલમાં આવે કે શંકા પડે, દોષ હોય નહીં ને શંકા પડે (તોપણ) એમની વૃત્તિ વળી જાય છે. દ્વેષ નથી થયો કે અરે...! આટલું આટલું કર્યા પછી કોઈને સમજણ પડતી નથી કે મુનિને કેમ આહાર (દેવાય). એ પ્રકાર નથી. એમની વૃત્તિ છે એ ઉપશમી જાય છે. નિરાહારી જે આત્મા છે એને આહાર શું ? આ નિરાહારી આત્માને વળી આહારનો વિકલ્પ ઊઠ્યો ? કુદરત સંમત કરતી નથી. ચાલો પાછા, આપણે તો પાછા આત્માની સાધનામાં ચાલો. એવો મુનિરાજનો વૈરાગ્ય કોઈ જુદો જ હોય છે.

શરીરની એટલી ઉપેક્ષા છે. આહારનો વિકલ્પ પણ માત્ર વ્યવહાર સંયમના આશયથી છે, દેહપુષ્ટિના આશયથી નથી. પણ વ્યવહાર સંયમને લક્ષે એટલો વિકલ્પ અને પ્રવૃત્તિ મર્યાદિત છે. સ્વીકૃત ભૂમિકાની છે, ભૂમિકામાં એ વાત સ્વીકૃત છે. એ જ મુનિરાજને જો દેહમાં રોગ થાય તો રોગનો ઉપચાર કરવાનો વિકલ્પ એ સ્વીકારાયેલો નથી. મુનિરાજ રોગનો ઉપચાર કરે નહીં, કરાવે નહીં કે એ સંબંધીની કોઈ પ્રવૃત્તિ Direct-Indirect કોઈ કરે નહીં. એ દેહનો જ વિષય છે. આહાર છે એ દેહનો જ વિષય છે, એમ રોગ પણ દેહનો વિષય છે. એ વિષયમાં (કોઈ વિકલ્પ સ્વીકારાયેલ

નથી). એ વિષયમાં નહીં. વૈરાગ્યનો વિષય લે છે. એ વૈરાગ્ય જ કોઈ જુદી જાતનો છે. ગમે તે વેદના થતી હોય, પીડા થતી હોય, ગમે તે થતું હોય. એમને કોઈ ઔષધનો, દર્દ મટાડવાનો કોઈ વિકલ્પ નથી આવતો. અરિહંત દશાનો તો પ્રશ્ન જ નથી. એ શ્વેતાંબરમાં ખોટું ગપ્પું છે. પણ મુનિરાજને એ પ્રકાર હોય, વિકલ્પ ઊઠે એટલે મુનિપણું ચાલ્યું જાય. મુનિદશા ન રહે. સાતમાં ગુણસ્થાનમાં તો વિકલ્પ જ નથી, પણ છઠ્ઠું ન રહે. ચારિત્રથી ભ્રષ્ટ થઈ જાય, મુનિદશા ચાલી જાય એવી મર્યાદા છે અને એટલો ઉત્કૃષ્ટ વૈરાગ્ય હોય છે. મુનિદશામાં એટલો ઉત્કૃષ્ટ વૈરાગ્ય હોય છે. જુદો જ વૈરાગ્ય હોય છે. એ પોતાને ખ્યાલમાં છે કે આ..હા..! શું એ વૈરાગ્ય છે !! એમ.

નીચેના ચોથા, પાંચમાં ગુણસ્થાનવાળા સાધકને એમ લાગે છે કે આપણે જાણે કાંઈ નથી, મુનિરાજ પાસે આપણે જાણે કાંઈ નથી એવું લાગે. એટલે કહે છે કે **'મુનિરાજ તો વૈરાગ્યમહેલના શિખર ઉપરના શિખામણિ છે.'** આ શબ્દ પ્રયોગ છે 'નિયમસાર'નો. એટલે વિચાર આવ્યો હતો કે 'નિયમસાર' ઉપરના પ્રવચન ચાલતા હશે. એ વખતના આ બોલ લેવાયેલા હશે.

મુમુક્ષુ :– એમના પ્રવચન ચાલેલા છે ને !

પૂજ્ય ભાઈશ્રી :– હા, એવું હશે. કેમકે આ શબ્દ પ્રયોગ 'પદ્મપ્રભમલધારીદેવ'નો છે કે મુનિરાજ તો વૈરાગ્ય મહેલના શિખર ઉપરના શિખામણિ છે. વૈરાગ્યનો કોઈ મહેલ ગણીએ તો મુનિરાજનો વૈરાગ્ય ક્યાં સ્થાન પામે ? કે શિખરના શિખામણિ ઉપર. ટોચનો વૈરાગ્ય છે. એટલો ટોચનો વૈરાગ્ય છે કે જગતમાં સાધારણ સમાજ અને જનતાને એક આશ્ચર્યનો વિષય થાય, એવી એમની દેહાતીત દશા હોય છે. જે આશ્ચર્યનો વિષય થઈ જાય છે કે અરે..! આ તો કેવી રીતે આમ રહેવાતું હશે ! જેને ભૂખ-તરસ માટે કે એને રહેવા, પહેરવા, ઓઢવા માટે કોઈ વ્યવસ્થાનો સ્વીકાર નથી. પોતાના માટે કોઈ આગળથી વ્યવસ્થા કરે એનો, પોતે તો કરે નહીં પણ કોઈ પોતાને માટે કરે એનો સ્વીકાર નથી અને છતાં એ આત્માની શાંતિ અને આનંદના ફુવારા(ની) અંદરથી છોળ ઊઠે છે ને ભરતી આવે છે એમાં રહે છે. આ તે દશા કેટલી અદ્‌ભુત ! એમ.

લોકો જેને દુઃખની સ્થિતિ કહે કે આમને કાંઈ સગવડ નથી, કાંઈ વ્યવસ્થા નથી, કાંઈ ઠેકાણું નથી. તો આ કહે છે કે, અંદરમાં આનંદની અંદર દશા હિલોળા

લે છે, આનંદનો દરિયો અંદરથી હિલોળા લે છે. દરિયો ડોલે છે – જ્ઞાન ને આનંદનો દરિયો જ ડોલે છે અંદરમાં. એવી અદ્ભુત દશાનો વિષય છે. એટલે એ વાત લે છે.

મુમુક્ષુ :– જગત દુઃખી જોવે છે પણ જગત પોતે દુઃખી છે.

પૂજ્ય ભાઈશ્રી :– જગત આખું દુઃખી છે એની પાસે. 'એગંત સોહિ મુનિ વીતરાગી.' એવો જે મુનિરાજનો વૈરાગ્ય છે એ ૧૮૬ ના બોલમાં વૈરાગ્યનું એક પડખું જુદું પાડીને લીધું છે. કેમકે એ તો અનંત ગુણવંત દશા છે. સાધકદશા એ તો અનંત ગુણ જેને પ્રગટ્યા છે એવી દશા છે. કેટકેટલા ગુણોનું વર્ણન કરવું અને કેટલું કરવું ? કેમકે જેટલું સહેજે નીકળી જાય એના ઉપરથી સમજનારે સમજી લેવું કે આ વિષય કેટલો કિંમતી વિષય છે અને કેટલો આદર કરવા યોગ્ય વિષય છે. ૧૮૬ (બોલ પૂરો થયો).

**મુનિ આત્માના અભ્યાસમાં પરાયણ છે. તેઓ વારંવાર આત્મામાં જાય છે સવિકલ્પ દશામાં પણ મુનિપણાની મર્યાદા ઓળંગીને વિશેષ બહાર જતા નથી. મર્યાદા છોડી વિશેષ બહાર જાય તો પોતાની મુનિદશા જ ન રહે. ૧૮૭.**

૧૮૭. એ પણ મુનિદશાનો બોલ છે કે **'મુનિ આત્માના અભ્યાસમાં પરાયણ છે.'** ખુલાસો થઈ ગયો છે, અહીંયાં સ્પષ્ટીકરણ થઈ ગયું છે કે મુનિદશાનું વર્ણન આવે એટલે એવો વિચારમાત્ર ભૂલેચૂકે પણ થવો યોગ્ય નથી કે આ તો મુનિની વાત છે, આપણે તો હજી મુમુક્ષુ છીએ સમ્યગ્દર્શન પણ બાકી છે માટે આપણને કાંઈ હજી લાગતું વળગતું નથી. એ રીતે વિચાર સુદ્ધાં આવવો જોઈએ નહીં. અરિહંત દશા, મુનિ દશા એ ભલે ઉપર ઉપરની દશા છે, તોપણ જેને ગુણ પ્રાપ્તિ છે, જેને આદર છે, વિનય છે, જેને એ વંદનિક અને પૂજનિકના સ્થાને છે એને એ વિષય

સામે આવતા એવા ગુણોની પ્રાપ્તિ અર્થે એનો સમુચિત સમાદર થયા વિના રહેતો નથી. ખૂબ આદરભાવથી, ખૂબ ભાવનાથી એ વિષયને ભાવવામાં આવે છે.

મુમુક્ષુમાં કે સમ્યક્દૃષ્ટિમાં તો કેટલાક આત્માઓ તો સ્ત્રી પર્યાયે હોય, તો એને તો મુનિદશાનો સવાલ પણ નથી કે ઉત્પન્ન થાય; પણ છતાં એ વિષય જ્યાં સામે આવે ત્યારે એટલો ભક્તિ અને બહુમાનથી એ વિષય સામે આવે છે કે એ થાય ન થાય એનો પ્રશ્ન એક બાજુ રહી જાય છે, એનો મહિમા જ અંદરથી ઊમટી આવે છે. એવો વિષય થઈ પડે છે.

બહારમાં દરિદ્રી માણસ 'અમેરિકા'ની વાત, ધનાઢ્ય માણસોની વાતો કરતાં ધરાય નહીં કે ફલાણાંને આમ ને ફલાણાંનું આમ ને. ભલે છાપામાં આવ્યું હોય એ વાંચે, ત્યાં ન ગયો હોય, પણ એને પોતાને અંદરમાં ધન પ્રાપ્તિની ભાવના છે કે મારું ગજું છે કે નહીં ઇ કોઈ વિચાર કરવા નથી રહેતો. એ પ્રાપ્તિની ભાવના ચીજ જ એવી છે કે માણસ ભૂલી જ જાય.

એમ અરિહંત ભગવાનના ગુણોનો, સર્વજ્ઞ પરમાત્માનો વિષય નીકળે કે મુનિદશાનો વિષય શાસ્ત્રમાં ચાલે કે શ્રવણમાં વિષય ચાલે, વાંચવામાં કે શ્રવણમાં, તો મુમુક્ષુ ભૂલી જાય છે કે મારું અત્યારે ગજું કેટલું ? કેમકે એ એના મનોરથનો વિષય છે. 'શ્રીમદ્જી'એ ગાયું છે કે નહીં ? એ સર્વજ્ઞ દશાના અમારા મનોરથ છે. હાલ મારું ગજું નથી. પોતે તો જે સ્થિતિમાં છે એ તો જાણે છે. મારું ગજું નથી પણ એવું જ થાવું છે, થાવું છે તો એવું જ.

મુમુક્ષુ :– મન હોય તો માળવે જવાય.

પૂજ્ય ભાઈશ્રી :– એ તો એક પરિણામનું વિજ્ઞાન છે, એ વિષયના પરિણામનું જ એ વિજ્ઞાન છે કે જેને જેની ભાવના હોય એ પ્રાપ્તિની તીવ્રતામાં એની શક્યતા-અશક્યતાને વિચારવું ભૂલી જવાય છે. ઘણાં Over ambitious હોય છે, લૌકિકની અંદર બહુ જ અતિ મહત્ત્વકાંક્ષી હોય, તો એ ભૂલી જાય છે કે મારું ગજું કેટલું છે. એને આમ થઈ જાઉં ને આમ લઈ લઉં ને આમ મેળવી લઉં ને આમ કરી નાખું ને તેમ કરી નાખું... એને આવ્યા વગર રહે નહીં. હજી અહીંયાં કાંઈ ઠેકાણું ન હોય પણ એને ક્યાંયને ક્યાંય હવાઈ કિલ્લા જેને કહેવામાં આવે છે એ ઊઠે છે કે નથી ઊઠતા ? એ પરિણામનું વિજ્ઞાન એવું છે.

અહીંયાં તો એવું છે કે મુમુક્ષુ છે એણે પૂર્ણતાના લક્ષે શરૂઆત કરી છે. આ તો બહુ વ્યવસ્થિત માર્ગ છે, ઊડાઊડનો કોઈ માર્ગ નથી. બહુ વ્યવસ્થિત એકદમ પદ્ધતિસરનો વિષય છે અને સર્વજ્ઞના અનુસારી એ આખી પદ્ધતિ શાસ્ત્રની અંદર સુવ્યવસ્થિત કરેલી પ્રસિદ્ધ છે. તો એની અંદર તો સીધી શરૂઆત જ અહીંથી લીધી છે કે 'પૂર્ણતાને લક્ષે શરૂઆત એ જ વાસ્તવિક શરૂઆત છે.' મારે પરિપૂર્ણ શુદ્ધ થવું છે એવું ધ્યેય બાંધીને આ માર્ગની અંદર એ આગળ વધવા માગે છે. ધ્યેય વિનાનો, ધ્યેય શૂન્ય થઈને આમાં પ્રવેશ કરે છે એનો તો પત્તો લાગતો નથી. આ માર્ગમાં એને પત્તો પણ લાગતો નથી. એને યથાર્થ ભાવના પણ ઉત્પન્ન થતી નથી, એને યથાર્થ જિજ્ઞાસા ઉત્પન્ન થતી નથી અને યથાર્થ નિર્ણયની દિશામાં એનો કોઈ પ્રયત્ન ચાલી શકતો નથી. કેમકે શરૂઆત અહીંથી થાય છે કે જો એણે પૂર્ણતાનું લક્ષ રાખ્યું (હોય).

બહારમાં પણ એની સ્થાપના, એ ધ્યેયની સ્થાપના એક ન્યાયે ગણવામાં આવે છે. આપણે સર્વજ્ઞ પ્રતિમાને બિરાજમાન કરીએ છીએ એ આપણા ધ્યેયને ખરેખર તો સ્થાપિત કરીએ છીએ. અંતર બાહ્ય, અંતરમાં પણ એ ધ્યેય બહારમાં પણ એની સ્થાપના એ એનો સુસંગત વિષય છે.

(અહીંયાં) શું કહે છે ? કે **'મુનિ આત્માના અભ્યાસમાં પરાયણ છે.'** જુઓ ! શાસ્ત્રના અભ્યાસમાં પરાયણ છે એવી ભાષા નથી આવી. એ તો વિદ્વાનો ને પંડિતો પણ હોઈ શકે કે ભાઈ ! ફલાણાં વિદ્વાન તો દિવસના બાર-બાર, ચૌદ-ચૌદ, સોળ-સોળ કલાક વાંચવાવાળા છે, શાસ્ત્ર જ વાંચતા હોય. મુનિરાજ તો આત્માના અભ્યાસમાં (પરાયણ છે). કેમકે મુનિદશાની ભૂમિકામાં શાસ્ત્ર એમને ઉપકરણ તરીકે સંમત થયેલું છે, પણ શાસ્ત્ર મળે પણ ખરું અને ન પણ હોય. એને માટે એ કોઈ બીજી પ્રવૃત્તિ કરવા જતા નથી. જે ગૃહસ્થ પ્રવૃત્તિ કરે એવી પ્રવૃત્તિ કરવા જતાં નથી. સહેજે કોઈ મુનિ સંઘની અંદર કોઈની પાસે હોય તો બધા સાથે મળીને કે એકલા વાંચન, શ્રવણ કરે અથવા કોઈ આચાર્ય લખતાં હોય તો એ રીતે એમની પાસેથી એ શાસ્ત્ર લખાઈને મળતું હોય. એવો સહેજે સહેજે શાસ્ત્રનો યોગ બને તો શાસ્ત્ર અધ્યયન કરે. પોતે શાસ્ત્ર અધ્યયન કરતાં હોય અને કોઈ એમની પાસે માગે કે, મહારાજ ! અમને શાસ્ત્ર આપશો ? એ જ વખતે (આપી દે). ઉપકરણ હોવા છતાં

એના પ્રત્યે મમત્વ કરવાનો ક્યાંય પણ ઉપદેશ નથી. નહીંતર શાસ્ત્ર(ને) તો એમના જ્ઞાનનું ઉપકરણ કહ્યું છે તોપણ એના પ્રત્યે ઉપકરણ છે માટે મમત્વ કરવું એ પ્રશ્ન મુનિરાજને વૈરાગ્ય દશાની બહારની ચીજ છે. એનો વૈરાગ્ય એવો હોય છે. તરત જ આપી દે છે. કેમકે **'મુનિ આત્માના અભ્યાસમાં પરાયણ છે.'**

આપણા 'ગુરુદેવ'ના સમાજ માટે દિગંબર સંપ્રદાયમાં એક મોટી અફવા છે કે અમે મુનિભક્તો છીએ અને આ લોકો મુનિઓને માનતા નથી. કેમકે અત્યારે જે વિદ્યમાન મુનિના વેશમાં છે એ મુનિદશામાં નથી એમ સમજીને મુનિપણે એનો આપણે સ્વીકાર કરતાં નથી. એમને માનવાનું એક કારણ છે. આપણી સંસ્થા તરફથી આપણાં સમાજ વચ્ચે આ એક ગ્રંથ એવો પ્રસિદ્ધ થયો કે, એ વાત એમને પાછી ખેંચી લેવી પડે એવી છે. આપણી ઉપર એવો જે આરોપ છે કે આપણે મુનિઓને માનતા નથી, એ વાત એમણે પાછી ખેંચી લેવી પડે એમ છે.

મુમુક્ષુ :– 'સોનગઢ'વાળા ખરા મુનિઓને જ માને છે.

પૂજ્ય ભાઈશ્રી :– ગ્રંથનું પ્રકાશન થયું ત્યારે અંદરો અંદર કેટલાક કાર્યકર્તાઓ વચ્ચે ચર્ચા ચાલતી હતી કે આ ગ્રંથની સમાજ ઉપર શું અસર પડશે ? સંપ્રદાય ઉપર શું અસર પડશે ? ત્યારે (એક મુમુક્ષુએ) એકવાર એ ચર્ચામાં ભાગ લેતાં વાત કરી હતી કે મુનિદશાનું જે વર્ણન છે એના ઉપરથી દિગંબર સમાજ ઉપર એવી છાપ પડશે કે મુનિભક્તિ આના જેવી આપણી પાસે કોઈને નથી. કેમકે આવી જે ભાવનાની ને ભાવપૂર્વકની ભક્તિ છે એ તો એ લોકોની પાસે મૂળ વિષય સમજણમાં નથી એટલે એ પ્રકારની ભક્તિ પણ એ લોકોની પાસે નથી. કેમકે એ દશાને ઓળખતા નથી, એ દશાની એમની સમજણ નથી. માત્ર બાહ્ય ત્યાગને એ સમજે છે ને બાહ્ય ત્યાગ કરી બેસે છે ને એને માને છે, પૂજે છે.

અંતરંગ આવી પવિત્ર દશા ને નિર્દોષ દશા હોય છે એ વિષયથી તો એ લોકો અજાણ્યા છે. અને એનો જે મહિમા છે, એ મહિમા એવો છે કે એ મહિમા પાસે બાહ્ય ત્યાગનો મહિમા તો કાંઈ નથી, નહીંવત છે. એટલે આની અંદર જે મુનિ ભક્તિનું પ્રકરણ ચાલ્યું છે આપણે ખાસ કરીને આગ્રાની શિબિરમાં આ વાત વિશેષ ચાલી હતી. કેમકે ત્યાં આપણો સમાજ ઓછો અને દિગંબર સંપ્રદાય મોટો. એની સંખ્યા સાંભળવામાં વધારે હોય. (એક મુમુક્ષુએ કહ્યું), આ મુનિદશાના બોલ લ્યો. આ

ગ્રંથમાંથી 'બહેનશ્રીનાં વચનામૃત'માંથી કેટલાક તો મુનિદશાના ચાકળા જ મંડપની અંદર લગાવેલા હતા. એક એક બોલ ઉઠાવી ઉઠાવીને વાત લેતા હતા. જુઓ ! આ મુનિ ભક્તિ કોને કહેવાય ? મુનિ પ્રત્યેનો આદર અને વિવેક કોને કહેવાય ? અને એ કોઈપણ સમ્યક્દૃષ્ટિ સાધકને કે મુમુક્ષુને આ પ્રકારના પરિણામ આવ્યા વિના રહેતા નથી. એનું ગજું હોય કે ન હોય એ આવ્યા વિના રહે નહીં. પણ એ આખી છાપ બદલાય જાય એવો વિષય આ ગ્રંથથી બહાર આવી ગયો છે.

શું કહે છે ? કે **'મુનિ આત્માના અભ્યાસમાં પરાયણ છે. તેઓ વારંવાર આત્મામાં જાય છે.'** 'અભ્યાસ' શબ્દ છે એ પૂજ્ય 'બહેનશ્રી' વારંવારના પ્રયત્નને લક્ષમાં રાખીને કહેવા માગે છે. જેમકે અનેક બોલમાં એ વિષય આવે છે કે જ્ઞાયકનો જ્ઞાયકપણે અભ્યાસ કરવો. એટલે હું જ્ઞાયક છું અને જ્ઞાયકપણે રહું એવો વારંવાર પ્રયત્ન, અભ્યાસ કરવો એમ કહેવા માગે છે.

અહીંયાં **'આત્માના અભ્યાસમાં પરાયણ છે'** એટલે આત્મામાં સ્થિર રહેવાના પ્રયત્નમાં પડેલા છે. પરાયણ છે એટલે સાવધાન છે, પરાયણ છે એટલે તત્પર છે, લાગેલા જ છે, એ જ ઉદ્યમમાં પડ્યા છે એને પરાયણ કહેવામાં આવે છે. મુનિ તો આત્માના અભ્યાસમાં એટલે અંતરમાં સ્થિર રહેવાના ઉદ્યમમાં અને પુરુષાર્થની અંદર તત્પર છે અને એ કારણથી તેઓ વારંવાર આત્મામાં જાય છે. વારંવાર આત્મામાં ચાલ્યા જાય છે, ક્ષણે ને પળે એ આત્મામાં ડૂબી જાય છે, લીન થઈ જાય છે. કેમકે એમનો એ પુરુષાર્થ અહર્નિશપણે, નિરંતર ચાલુ ને ચાલુ જ રહે છે. એવા કોઈ જબરદસ્ત પુરુષાર્થના તબક્કામાં મુનિદશાનો પ્રવેશ છે.

પ્રશ્ન :– મુનિદશામાં પુરુષાર્થ કેમ એટલો બધો વધી ગયો ? એમાં શું કારણ છે ?

સમાધાન :– અંદરમાં આત્માને જોયો એટલે અને આશ્રય કર્યો એટલે. આત્મા અંદર એવો છે કે એવો પુરુષાર્થ ઊપડે. એનું કારણ પોતાનો આત્મા છે, બીજું કોઈ એનું કારણ નથી. જો પોતે પણ આત્માને જોવે અને જેટલો ગહન દૃષ્ટિથી જોવે, બસ ! એટલો એ બાજુનો ઉછાળો ઉત્પન્ન થયા વિના રહે નહીં. એવી જ કોઈ અદ્‌ભુતથી અદ્‌ભુત ચીજ છે અંદરમાં કે જેનો કોઈ ઉત્કૃષ્ટ દૃષ્ટાંત લઈએ તો એ છે કે સિદ્ધ પરમાત્મા અથવા જ્યારથી અરિહંત દશા થઈ ત્યારથી પરમાત્મ દશામાં પરમાત્મ

દશાની શરૂઆતમાં ઉપયોગ ત્યાંથી ફરવાનો પ્રશ્ન રહેતો નથી. ઉપયોગ તો નહીં પણ કોઈ ગુણના કોઈ પરિણામ અંશ અનંતમે ભાગે પણ વિચલિત થઈને એટલે પોતાના સ્વરૂપને છોડીને ક્યાંય બીજે લાગે એવું ન બને. સાદી અનંત કાળ પર્યંત પોતાના જ આત્મસ્વરૂપને વિશે સર્વ ગુણોના પરિણામ, અનંતે ગુણોના પરિણામ સમગ્ર પરિણમન નિમગ્ન થઈને પૂરેપૂરું નિરવશેષ અંતર્મુખ થઈને રહી જાય છે, એમ જ પરિણમ્યા કરે છે અને એ વિષયને છોડીને ક્યાંય પરિણામ બહાર આવે એ પરિસ્થિતિ રહી શકતી નથી. કારણ ? કારણ કે આત્મા એવો છે. એ જે પરિણામની વાત કરી એ પરિણામ તો ખરેખર એ પરમાત્માની સેવા કરનારું પરિણામ છે. પરિણામ તો એને સેવે છે.

'સોગાનીજી'એ એ શૈલી લીધી છે એ વિશિષ્ટતા છે, એમની શૈલીની વિશિષ્ટતા છે. વાત તો જે છે તે છે ભલે એક જ પ્રકારે કે પર્યાય મેરા ધ્યાન કરો તો કરો, મુઝે કોઈ પર્યાયકી અપેક્ષા નહીં હૈ. પર્યાય નિરપેક્ષ હું છું. એક સમયની પર્યાયથી નિરપેક્ષ હું દ્રવ્ય છું. મારી મહાનતા એવી છે કે પર્યાયને આકર્ષણ થાય છે ને ખેંચાઈને મારી પાસે આવે છે. મારે એની કાંઈ જરૂર નથી. એ આવે તો હું પૂરો અને નહીંતર હું અધૂરો એ વાત મારા માટે નથી. એવી પોતાની દ્રવ્યની મુખ્યતાની જે શૈલી લીધી છે દ્રવ્યદૃષ્ટિપ્રધાન શૈલી છે. એ દ્રવ્ય જ એવું છે.

મુનિદશાની વાત લ્યો કે કોઈપણ દશાની વાત લ્યો દ્રવ્ય જ એવું છે કે જેને અવલોકતા, જેને અનુભવતા, જેનો આશ્રય કરતાં, જેની મહિમા કરવામાં આવે છે એવી સર્વ પ્રકારની સાધકદશાઓ અને સિદ્ધદશા એ બધી ઉત્પન્ન થઈ આવે છે. જેની સામું જોનારની આ હાલત છે, વસ્તુ કેવી હશે ! કરો નક્કી !

એકવાર 'ગુરુદેવશ્રી'એ 'નિયમસાર'ની ૧૫મી ગાથાનું પ્રવચન કરતાં કારણશુદ્ધપર્યાયનો વિષય છે, બહુ સૂક્ષ્મ વિષય છે. આજે પણ વિદ્વાનોને એ વિષય સમજવો કઠિન પડે એટલો બધો સૂક્ષ્મ વિષય છે, આજે પણ. 'ગુરુદેવ' તો જેટલી વાર એ વિષય ચાલતો હતો એટલી વાર યથાર્થ રીતે સમજાવતા પણ કેટલોક વિષય ભાષામાં મર્યાદિત રીતે આવે એવી જ સૂક્ષ્મતા હોય છે. આ વિષયને સમજાવવા-કારણશુદ્ધપર્યાયને સમજાવવા એક વખત એ વાત લીધી કે કારણશુદ્ધપર્યાય તો દ્રવ્યની ઉપરની સપાટીની એને ઉપમા આપીએ છીએ કે જે જ્ઞાનાદિની પર્યાય છે એ જેની

સન્મુખ થતાં, જેની ઉપલી સપાટી એટલે વર્તમાનને આશ્રય કરે છે, ત્રિકાળ તો ભૂત ને ભવિષ્ય છે એનો તો અવસ્થાથી આશ્રય થઈ શકતો નથી, અવસ્થા વર્તમાનને આશ્રય કરે છે. દ્રવ્યનું જે વર્તમાન વર્તી રહ્યું છે એને પોતે કારણશુદ્ધપર્યાય કહે છે. જે દ્રવ્યનું વર્તમાન વર્તે છે એની સન્મુખ થતાં એ સન્મુખ થનારમાં કેવળજ્ઞાન ફાટે ! દ્રવ્ય કાંઈ આવે નહીં અંદર અને પર્યાય કાંઈ અંદર જાય નહીં પણ માત્ર આમ અભિમુખ થાય ત્યાં અંદર કેવળજ્ઞાન ફાટે એ દ્રવ્યની તાકાતનો વિષય કેવી રીતે વાણીમાં આવે ? એનું વર્તમાન જો આવું તો એનું ત્રિકાળ અગાધ અબાધિત સામર્થ્ય કેવું ? એ સમ્યક્ શ્રુતજ્ઞાનનો, મતિજ્ઞાનનો વિષય છે અને કેવળજ્ઞાનનો વિષય છે. અસમ્યક્જ્ઞાનનો એ વિષય થઈ શકતો નથી. એ વિષય ઉપર પ્રવચન ચાલતા ત્યારે એ એવી રીતે સમજાવતા. એવું એ દ્રવ્ય જ એવું છે.

બાહ્યથી આશ્ચર્યકારક દશા લાગે કે મુનિદશામાં કેમ રહેવાતું હશે ? કે એ મુનિદશાની રમણતા એવી છે કે ખરેખર એ દશા છોડીને જનસાધારણની પ્રવૃત્તિમાં આવે તો એ તો દુઃખદાયક પ્રવૃત્તિ છે, એમને પ્રત્યક્ષ દુઃખદાયક છે અને આ સુખદાયક પ્રવૃત્તિ છે.

મુમુક્ષુ :– આવું મહાન ચમત્કારિક દ્રવ્ય કીધું એને પર્યાય ગ્રહણ કરી લ્યે તો પર્યાયની તાકાત પણ..

પૂજ્ય ભાઈશ્રી :– હા, ઇ ગ્રહણ કરવાની તાકાત એનામાં છે, ઇ ગુણ એનામાં છે, ઇ ધર્મ એનામાં છે.

પ્રશ્ન :– તો એ પેલાથી એનું સામર્થ્ય ઓછું કેવી રીતે ?

સમાધાન :– કેમકે આ સમયવર્તી છે, (દ્રવ્ય) ત્રિકાળવર્તી છે. બીજું, પર્યાય સન્મુખ થાય છે, દ્રવ્યને હલવાનો પ્રશ્ન નથી. આપણે એક વસ્તુ તકલાદી લઈએ અને એક વસ્તુ ટકતી લઈએ, તો એની કિંમતમાં તો ફેર પડે જ છે ને ? આ ઇ ની ઇ ચીજ છે તો આ વસ્તુ ટકશે, એમાંથી જ બનાવેલી છે. આ કાપડ લ્યો ને કે ભાઈ ! આ શાલ છે. આનું વજન પાંચસો ગ્રામ છે અને આ દોઢ કિલોની વજનવાળી છે. એ જ સૂતર, એ જ ઉન, એ જ વણકર, એ જ Design, એ જ Colour, Material બધું એનું એ છે પણ ટકાઉપણામાં ફેર પડશે. કિંમત કોની વધે ? (ટકાઉની). સીધી વાત છે.

મુમુક્ષુ :– પર્યાયની મુખ્યતા આપવાનો પ્રશ્ન નથી કરતો પણ પર્યાયનું સામર્થ્ય પણ...

પૂજ્ય ભાઈશ્રી :– પર્યાયનું સામર્થ્ય પર્યાયને યોગ્ય જેટલું કાંઈ છે તેટલું સમજવું જોઈએ પણ છતાં પણ એ સામર્થ્ય કેળવાયું ક્યાંથી ? કે દ્રવ્ય સન્મુખ થઈ ત્યાં. એટલે એ દ્રવ્ય તો કોઈ અચિંત્ય વિષય છે ! એની પાસે એમ કહેવાય છે કે એક સમયની સિદ્ધ દશા એનાથી અનંતગુણવિશિષ્ટ આત્મદ્રવ્ય છે. અનંતગુણ ! 'ગુરુદેવશ્રી' એમ કહેતા કે એક સમયનો તું સિદ્ધ નથી, તારા પેટમાં અનંતી સિદ્ધની પર્યાય પડી છે. એટલે કે અનંત સિદ્ધ પર્યાયનો સંગ્રહ કરીને તું બેઠો છો, એક સિદ્ધની પર્યાય, એક સમયની સિદ્ધની પર્યાયનો શું હિસાબ છે એની પાસે.

મુમુક્ષુ :– એક સમયની પર્યાય ત્રણ લોકને પી જાય છે...

પૂજ્ય ભાઈશ્રી :– ત્રણ લોકને પી જાય ઇ એની એક સમયની શક્તિ છે એથી અનંત ગુણી શક્તિ ત્રણ લોકને પીવાની સ્વદ્રવ્યમાં પડેલી છે. એમ છે. શક્તિનો ભંડાર ઇ છે. આ તો ક્ષણમાં કેવળજ્ઞાનની હોય તો ક્ષણમાં નાશ પામી જશે. એટલી તકલાદી છે કે એક સમયનું આયુષ્ય લઈને જ જન્મે છે અને આ ત્રિકાળ છે.

મુમુક્ષુ :– એવી પર્યાયનો દાતાર દ્રવ્ય છે માટે..

પૂજ્ય ભાઈશ્રી :– એનો દાતાર દ્રવ્ય એમાંથી ઊપજી છે ને બહારથી તો આવવાનો પ્રશ્ન નથી.

એ મુનિદશાનો વિષય ચાલે છે કે **'મુનિ આત્માના અભ્યાસમાં પરાયણ છે.'** પાછળ પડી ગયા છે, પૂર્ણ થવા માટે પુરુષાર્થમાં પાછળ પડી ગયા છે. જેમ કહેને કે આ તો આની પાછળ હાથ ધોઈને લાગી ગયા છે. એમ મુનિરાજ પોતાની પરિપૂર્ણ દશા કરવા માટે દિવસ-રાત્રિ તત્પર છે. **'તેઓ વારંવાર આત્મામાં જાય છે. સવિકલ્પ દશામાં પણ મુનિપણાની મર્યાદા ઓળંગીને વિશેષ બહાર જતા નથી.'** પાછું એમ નથી કે અંદર બસ મુનિદશા છે ને બહારમાં ત્યાગ છે ને અંદરમાં મુનિદશા આવી ગઈ છે એટલે પછી એનો વિકલ્પ પાછો અમર્યાદિત હોય એવું બનતું નથી. આ તો મુનિદશાનો સિદ્ધાંત છે પણ એવી જ રીતે પંચમ ગુણસ્થાનનો, એવી જ રીતે ચતુર્થ ગુણસ્થાનનો, એવી જ રીતે મુમુક્ષુતાનો દરેકની મર્યાદા છે. એ મર્યાદા છોડીને પરિણામ જાય એટલે એ દશાનો ત્યાગ થઈ જાય, એ દશા રહે નહીં. આ નિયમ છે.

મુમુક્ષુ :- મુમુક્ષુ મર્યાદા બહાર જાય તો ....

પૂજ્ય ભાઈશ્રી :- હા, એટલે જાણ્યે-અજાણ્યે દેવ-ગુરુ-શાસ્ત્ર-સત્પુરુષની વિરાધના થાય તો મુમુક્ષુતા ચાલી જાય. મર્યાદા બહાર છે. સપ્ત વ્યસનમાં આવે (તો) મુમુક્ષુતાની મર્યાદા બહાર ચાલ્યો જાય. એટલે અમુક એને પોતાની ભૂમિકાની મર્યાદામાં રહેવું તો એ ભૂમિકામાં રહે નહીંતર એ ભૂમિકા છૂટી જાય છે.

એવી રીતે ચતુર્થ ગુણસ્થાનમાં, એવી જ રીતે પાંચમાં ગુણસ્થાનમાં, એવી જ રીતે છઠ્ઠા-સાતમા ગુણસ્થાનમાં. જ્યાં જે પ્રમાણે હોય એ ભૂમિકા અનુસાર સમજી લેવું. મુમુક્ષુતાની વાત તો એટલા માટે લઈએ છીએ કે જે ભૂમિકામાં આપણે છીએ એ ભૂમિકાનો આપણે યથાશક્તિ આપણા હિતના અર્થે, આપણા પ્રયોજનના લક્ષે, પોતાના જે કોઈ પ્રકારના પરિણામ હોય, જ્ઞાનીની આજ્ઞાએ, જ્ઞાનીના આશ્રયે આત્માર્થી થઈને પૂછીને પોતાની સમસ્યા છે એમ પ્રશ્ન કાઢીને, કોઈના માટે પ્રશ્ન પૂછવાનો નહીં, સમજણ કરી લેવી.

**'તેઓ વારંવાર આત્મામાં જાય છે. સવિકલ્પ દશામાં પણ મુનિપણાની મર્યાદા ઓળંગીને વિશેષ બહાર જતા નથી.'** આ સામાન્ય રીતે અત્યારે જે મુનિના વેશમાં છે ફંડ-ફાળા કરે છે કે કોઈ અત્યારે તો Limit બહાર પ્રવૃત્તિ ગઈ છે કે કાદવ ઊખેળવા જેવો નથી. દોરા-ધાગા-જ્યોતિષથી માંડીને જંતર-તંતર-મંતરથી માંડીને બજારના ભાવ કહેવાથી માંડીને તો એ તો બહુ જ શ્રાવકોથી પણ અનુચિત પ્રવૃત્તિ છે પણ એ તો મુમુક્ષુ પણ ન કરે. જ્યોતિષ આદિમાં તો મુમુક્ષુ પણ ન જાય.

મુમુક્ષુ :- Non-veg છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, Non-veg છે. મુનિ માટે ઇ Non-veg છે એમ કીધું.

મુમુક્ષુ :- મનુષ્યની ખોપરી બાળીને દવા બનાવે.

પૂજ્ય ભાઈશ્રી :- ઓ..હો..! ઇ તો ભાઈ આપણે સાંભળેલી વાત નથી. એ તો મંતર જંતરમાં ઊતરે એટલે એનું કાંઈ ઠેકાણું રહે નહીં. પણ એ તો જેને શ્રદ્ધા ઠીક કરવી છે ને એને મંતર, તંતર, જંતર, યોગ, વિદ્યા, જ્યોતિષ આ બધા લફરાં એને છૂટી જવા જોઈએ. એક પણ લફરું એને કામમાં ન આવે. નહીંતર એની શ્રદ્ધા છે એ તીવ્ર અવળી છે, થોડી નહીં. કેટલી ? તીવ્ર અવળી છે. હજી તો મંદ મિથ્યાત્વ દર્શનમોહનો અનુભાગ ઘટાડવો એ ભૂમિકામાં તો મુમુક્ષુને આવવું પડે છે. પછી એનો

અભાવ થાય છે. તીવ્ર મિથ્યાત્વના કાળમાં કોઈને સીધું સમ્યગ્દર્શન આવે એવો કોઈ પરિણામનો વિજ્ઞાનનો પણ એ વિષય નથી, પરિણામનો ક્રમ એ નથી. એટલે મુમુક્ષુની ભૂમિકા, સમ્યક્ સન્મુખની ભૂમિકા એ બધું એ સૂચવે છે કે એનો દર્શનમોહ મંદ થવા લાગ્યો છે. ચારિત્રમોહમાં મંદતા એટલી ન આવે, કોઈને આવે પણ દર્શનમોહ તો એનો મંદ થાય તો દર્શનમોહનો નાશ થાય. દર્શનમોહનો અનુભાગ ઘટ્યા વિના તીવ્ર રસે પરિણમતો હોય એને કોઈ (મિથ્યાદર્શનનો) અભાવ થવાનો પ્રશ્ન રહેતો નથી. કેમકે ઉપશમાવે છે ને ? પહેલાં ઉપશમાવે છે. પ્રથમ તો ઉપશમ પ્રગટે છે. ક્ષાયિક, ક્ષયોપશમ પ્રથમ પ્રગટતું નથી. એ એ જ સૂચવે છે કે ક્યારે દબાવે છે ? કે એની શક્તિ ઘટે છે તો દબાવે છે, દુશ્મનને તમે ક્યારે દબાવી શકો ? નબળો પડ્યો હોય તો દબાવી શકો. સબળો હોય તો શું થાય ? એ નબળો પાડવાની વાત છે. ત્યારે ઉપશમે છે નહીંતર ઉપશમ થવાનો પ્રશ્ન રહેતો નથી.

શું કહે છે ? કે **'સવિકલ્પ દશામાં પણ મુનિપણાની મર્યાદા ઓળંગીને વિશેષ બહાર જતા નથી.'** અઠ્યાવીસ મૂળગુણમાં તો એક ગુણમાં ફેર પડે એટલે મુનિદશા ચાલી જાય. એક વખત મધ્યાહ્ન સમયે, ઊભા ઊભા, ઊણોદરીપૂર્વક, હાથમાં કવલાહાર (લ્યે). હાથના કોળિયાથી હાથમાં કોઈ ભાણું ભાણું માંડીને પાત્ર બાત્ર કે કાંઈ નહીં એવી રીતે એનો જે મૂળ ગુણનો વ્યવહાર છે એમાં ક્યાંય જરા પણ તિલતૂષમાત્ર ફેરફાર કરવાનો કોઈને અધિકાર નથી. એમાં ફેરફાર કરે એટલે એ વીતરાગની, સર્વજ્ઞની આજ્ઞા ઉપર, પરમેશ્વરની આજ્ઞા ઉપર પગ દઈને ચાલવા માગે છે. બહુ મોટો દોષ થાય. કોઈ કરે એને થાય, કરાવે એને થાય, અનુમોદે એને થાય. આ સ્થિતિ ઊપજે.

**'સવિકલ્પ દશામાં પણ મુનિપણાની મર્યાદા ઓળંગીને વિશેષ બહાર જતાં નથી.'** આવ્યા હતા ને પેલા તમારા મિત્ર ? (એ કહે), તમે મુનિદશાને માનતા નથી. તમે ભૂલી ગયા, ભાઈ ! મુનિદશાની શિથિલતાને કે મુનિદશાના ભંગને અમે સ્વીકારતા નથી. મુનિદશાને એટલી ચુસ્તપણે અમે સ્વીકારીએ છીએ કે તમે જે એની અંદર ફેરફાર સ્વીકારવા તૈયાર થયા, એ અમે સંમત કરતાં નથી. મુનિદશાને દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવનું બહાનું કાઢીને જે કાયદો વીતરાગનો તમે તોડવા માગો છો એ હક્ક તમે કોનું Licence લઈને આવ્યા છો ? એકદમ પાછા હટી ગયા કે આ વાત તો બરાબર છે. આ લોકો ચુસ્તતા એટલી રાખવા માગે છે કે જરાય પોલ ચલાવવા

માગતા નથી અને પોલ ચાલે ઇ ધર્મ કેમ હોય ? ધર્મમાં પોલ કેમ ચાલે ? ચાલે જ નહીં. ચાલે નહીં. આ બહુ-એકદમ નક્કર વિષય છે.

**'બહાર જતાં નથી. મર્યાદા છોડી વિશેષ બહાર જાય તો પોતાની મુનિદશા જ ન રહે.'** આ નિયમ છે, સિદ્ધાંત છે. બધી ભૂમિકાનો આ સિદ્ધાંત છે કે મર્યાદાનું ઉલ્લંઘન થયું કે ગયો. એ દશાનો એણે ત્યાગ કર્યો. મુનિદશા હોય, અઠ્યાવીસ ઉત્તર ગુણમાં દોષ થાય, મુનિદશાના ચોરાસી લાખ ઉત્તર ગુણ છે એમાં ભૂલ થાય, એમાં દોષ લાગે (અને) પોતાનો ખ્યાલ જાય તો આચાર્યાદિની પાસે જઈને અથવા મંદિરમાં આચાર્ય ન હોય ને એકલા હોય તો ભગવાનની સમક્ષ જઈને પોતાના દોષનું પ્રાયશ્ચિત લે અથવા નિંદા-ગર્હા કરે. એ રીતે ઉત્તર ગુણમાં હજી એ પ્રકારનો અતિચાર દોષ, અનાચાર દોષ એ વગેરે છે. મૂળ ગુણમાંથી તો બહાર જાય તો મુનિદશાનો ત્યાગ થાય. એ નિદ્રાની મર્યાદા છે. આહારની મર્યાદા, નિદ્રાની મર્યાદા બધી મર્યાદા છે.

શ્વેતાંબરના (એક સાધુએ) પૂછ્યું હતું. અમદાવાદમાં મળવાનું થયું હતું. મુનિદશામાં ઉદ્દિષ્ટ આહાર ન લેવાય. એ ક્યા શાસ્ત્રમાં (છે) ? મુનિદશાનો જ પ્રશ્ન ચાલ્યો. છેડ્યો એમણે પછી આપણે તો કાંઈ વાંધો નહોતો. મુનિદશામાં તો ઉદ્દિષ્ટ આહાર લેવાતો નથી. ઉદ્દિષ્ટ અને આધાકર્મી આહારનો નિષેધ છે. તો કહે, ક્યા શાસ્ત્રમાં છે ? એ પ્રશ્ન પૂછ્યો. મેં કહ્યું, 'પ્રવચનસાર'માં છે. પાછળ ચરણાનુયોગ સૂચક ચૂલિકા છે ને ? એમાં આચરણનો અધિકાર ચાલ્યો છે. પછી કાંઈ આગળ વાત ન ચલાવી. ઇ તો ચેક કર્યું કે આ અદ્ધરથી કહે છે કે કાંઈ સમજીને કહે છે. ગમે તેમ હોય પણ પ્રશ્ન એમણે કર્યો. ક્યા શાસ્ત્રમાં છે ? જો કે એ વિષય તો બીજા આચારંગના બીજા શાસ્ત્રમાં પણ છે. હમણાં જ એક શાસ્ત્ર વાંચ્યું એમાં એ વિષય ચાલ્યો હતો.

મુમુક્ષુ :- પાંચમાં ગુણસ્થાનની ઉચ્ચ કોટિની જે અગિયારમી પ્રતિમા છે તેને...

પૂજ્ય ભાઈશ્રી :- શ્રાવકની ટોચની ભૂમિકા એ મુનિની શરૂઆતની લગોલગની ભૂમિકા છે. એમ ત્યાં અનુસંધાન છે. 'કાર્તિકેયાનુપ્રેક્ષા' લ્યો. 'કાર્તિકેયાનુપ્રેક્ષા'માં પણ આ વિષય છે. ત્યાં તો બધું લીધું છે. પાંચમાં ગુણસ્થાનની અગિયારે અગિયાર પ્રતિમાથી માંડીને પછી મુનિદશામાં કેવી રીતે સાધક પ્રવેશ કરે છે (એ લીધું છે).

જેમ કોઈ જીવ સમ્યક્ સન્મુખ થાય અને પોતાના શુદ્ધાત્મ સ્વરૂપને લક્ષે એની પરિણામની સર્વ પ્રક્રિયા ચાલતાં ચાલતાં એ વ્યાપ્ય-વ્યાપકભાવે સહજપણે પરિણમી જાય, એમ મુનિદશામાં જે પંચમ ગુણસ્થાનની ઉત્કૃષ્ટ દશામાં આવે, ગમન, આગમન, દિશા બધાનો ત્યાગ એની અંદર આવે છે. મુનીદશાના લગભગ જે અણુવ્રત છે ને આ તો મહાવ્રતના જ અણુવ્રત છે, મહાવ્રતના જ અણુવ્રત છે. એટલે એટલા એ વ્રતો હોય છે કે લગભગ મુનિદશાની નજીક જ પહોંચી જાય છે. શ્રાવકદશામાં જ તે. સહજમાં, સહજમાત્રમાં એ મુનિદશામાં પ્રવેશ કરે છે. એને કોઈ હઠ કરવી પડે, એને કોઈ તકલીફ પડે કે એને માનસિક રીતે કોઈ બીજી વાત ઊભી થાય એવું બનતું નથી. સહેજે સહેજે મુનિદશામાં આવી જાય. ઇ તો શાસ્ત્ર વાંચે તો બધું સહેજે સમજાય એવું છે કે આ માર્ગ કેટલો સહજ છે.

કહે છે કે, **'મર્યાદા છોડી વિશેષ બહાર જાય તો પોતાની...'** દશામાં રહેતા નથી. એમ નથી કે કોઈ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી કોઈ વસ્તુ ચાલી શકે છે એવું પણ ખરેખર સ્વીકારવું જોઈએ નહીં. અહીં સુધી રાખીએ છીએ.

**ન બની શકે તે કાર્ય કરવાની બુદ્ધિ કરવી તે મૂર્ખતાની વાત છે. અનાદિથી જીવે એવું કર્યું છે કે ન બની શકે તે કરવાની બુદ્ધિ કરે છે અને બની શકે છે તે કરતો નથી. મુનિરાજને પરના કર્તૃત્વની બુદ્ધિ તો છૂટી ગઈ છે અને આહાર-વિહારાદિના અસ્થિરતારૂપ વિકલ્પો પણ ઘણા જ મંદ હોય છે. ઉપદેશનો પ્રસંગ આવે તો ઉપદેશ આપે, પણ વિકલ્પની જાળ ચાલતી નથી. ૧૮૮.**

## તા. ૨૬-૦૮-૧૯૮૭, વચનામૃત-૧૮૮
## પ્રવચન નં. ૧૪૧

'બહેનશ્રીનાં વચનામૃત' પાનું ૫૮. ૧૮૮. મુનિદશાનો બોલ ચાલે છે. વૈરાગ્ય મહેલના શિખરના શિખામણિ. મુનિરાજ કેવા હોય છે ? જૈનદર્શનના ખૂબ ઉત્કૃષ્ટ સાધક અથવા મૂર્તિમંત જિનમાર્ગ જેને કહીએ એવા મુનિ જૈનદર્શનમાં જિનપણું અને વીતરાગપણું સહજ જ પ્રદર્શિત કરે છે. એમનો બાહ્ય દેદાર પણ એવો જ છે. માર્ગ કેવો હોય એ પાત્ર જીવને તો વિના ઉપદેશે એમ જ સમજાય જાય છે.

શું કહે છે અહીંયાં ? **'ન બની શકે તે કાર્ય કરવાની બુદ્ધિ કરવી તે મૂર્ખતાની વાત છે.'** જે અશક્ય હોય એને સમજ્યા વગર શક્ય બનાવવા જાય તો એ કાંઈ અશક્ય શક્ય થઈ શકશે નહીં. તલમાંથી તેલ નીકળે, ભોગાવાની રેતીમાંથી તેલ નીકળે નહીં. રેતીનો કલર ભલે તલ જેવો હોય. આવે છે ને ? અને દાણો પણ એવડો હોય પણ તલમાંથી તેલ નીકળે, ભોગાવાની રેતીમાંથી તેલ નીકળે નહીં. એમ જીવમાંથી સુખ આવે પણ અજીવમાંથી-જડમાંથી સુખ આવે એ અશક્ય છે. દેહને ગમે તેટલો સાચવે, સંભાળે તો તેથી કાંઈ શરીર આત્મા થાય કે શરીર મડદું છે એ મટીને સચેતન થાય, મડદું જીવતું થાય એવું તો કોઈ દિવસ બને નહીં.

**'ન બની શકે તે કાર્ય કરવાની બુદ્ધિ કરવી તે મૂર્ખતાની વાત છે.'** એ તો શક્તિ ગુમાવવા સિવાય, એ કાર્ય કરવામાં શક્તિ ગુમાવવા સિવાય બીજું કાંઈ પરિણામ આવી શકે નહીં. લાભનો પ્રશ્ન નથી એકાંતે નુકસાન થાય એવો પ્રકાર છે. અને **'અનાદિથી જીવે એવું કર્યું છે કે ન બની શકે તે...'** કાર્ય કરવા એણે પ્રયત્ન કર્યો છે. અનંતા જીવો અનંત કાળથી જડમાંથી સુખ લેવાનો પ્રયત્ન કરે છે. અનેકવિધ પ્રકારે પ્રયત્ન કરે છે, વિભિન્ન પ્રકારે પ્રયત્ન કરે છે. એક પણ જીવને એક સમય માટે પણ, અનંત જીવમાંથી એક પણ જીવને અનંત કાળમાંથી એક સમય માટે કોઈને એમાંથી સુખ મળ્યું નથી, મળવાનું નથી. મળ્યું પણ નથી અને મળવાનું પણ નથી. કેમકે એ અશક્ય છે – ન બની શકે એવી વસ્તુ છે.

મુમુક્ષુ :– જમીએ છીએ, પાણી પીએ છીએ તો આમ તૃપ્તિ તૃપ્તિ થઈ જાય છે.

પૂજ્ય ભાઈશ્રી :– તૃપ્તિ થતી હોય તો ફરીને પાણી ન માગવું. બરાબર છે ? કે અમે હવે ધરાઈ ગયા. હવે અમારે કોઈ દિવસ ખાવું નથી એવું કોઈ કહે છે ? કે અત્યારે ધરાઈ ગયા એવું લાગ્યું છે, સાંજે પાછા ફરીને માગવા તૈયાર છે. અત્યારે લીધું હોય તો બપોરે માગે, બપોરે ખાધું હોય તો સાંજે માગે છે. એને લાગે છે એવું.

અહીંયાં કહે છે કે વાતને તપાસે કે તારા આત્મામાં શું આવ્યું કે તું ધરાઈ ગયો ? તારા જ્ઞાનમાં શું આવ્યું કે તું ધરાઈ ગયો ? તું તો જ્ઞાન સ્વરૂપી છો. જ્ઞાનાત્મા છો એમાં રજકણ, એવા ક્યા રજકણ કેટલા આવી ગયા જ્ઞાનમાં ? એક પણ નથી આવ્યો. અરે...! એક પણ અડ્યો પણ નથી એમ અહીંયાં તો વાત છે. એ તો અસ્પર્શ સ્વભાવી છે. સ્પર્શ તો પુદ્ગલનો ગુણ પર્યાય છે. જીવને સ્પર્શ નામનો કોઈ ગુણ પર્યાય નથી. એટલે એને કોઈ અડે સ્પર્શે કે એ કોઈને અડે સ્પર્શે એ પ્રશ્ન રહેતો નથી.

પ્રશ્ન :– જીવે કલ્પના કરી રાખી છે કે આ સુખ આવ્યું ?

સમાધાન :– ભ્રમણા છે. કલ્પના કરતાં પણ એ ભ્રમણા છે કે હવે હું ધરાઈ ગયો, હવે મને વાંધો નથી, હવે મને ઠીક છે એ બધી એની ભ્રમણાં છે. ઘડીકમાં એ કલ્પના એની ઊડી જાય છે અને પાછો તેનો તે થઈને ઊભો રહે છે.

પ્રશ્ન :– એ વખતે હોળી સળગે છે ?

સમાધાન :– હા, ખરેખર આકુળતા થાય છે. આકુળતાની હોળી છે. જીવને પરમાંથી સુખ લેવાની બુદ્ધિ છે એ અભિપ્રાય અનંતાઅનંત આકુળતાને ઊપજવાની

ખાણ છે.

અહીંયાં 'બુદ્ધિ' શબ્દ વાપર્યો છે. **'ન બની શકે તે કાર્ય કરવાની બુદ્ધિ કરે છે...'** અનાદિથી જીવે એવું કર્યું છે કે **'ન બની શકે તે કરવાની બુદ્ધિ કરે છે...'** બુદ્ધિ એટલે એવો અભિપ્રાય રાખે છે. એવો નિશ્ચય-નિર્ણય રાખે છે કે ખરેખર હું ખાઈ શકું છું. રોજ ખાય છે એટલે હું ખાઈ શકું છું. વાતમાં કાંઈ માલ નથી.

પ્રશ્ન :- એ વખતે ફક્ત જાણવાનું થાય છે ?

સમાધાન :- આત્મા જાણવા સિવાય કાંઈ કરી શકે નહીં. વિશેષ વિભાવ કરીને જાણવા ઉપરાંત રાગ-દ્વેષ, મોહ એની અવસ્થામાં કરે. એની અવસ્થાનું કાર્ય છે એટલે એ અજ્ઞાનભાવે કરે એમ કહેવાય છે. જ્ઞાનભાવે રાગ-દ્વેષને કરવાનું સ્વભાવમાં સામર્થ્ય નથી. એવું જે સ્વભાવનું જ્ઞાન કે, સ્વભાવ વડે રાગ-દ્વેષ પણ કરી શકાતા નથી, સ્વભાવ દ્વારા, સ્વભાવથી, સ્વભાવ વડે. ત્રીજી વિભક્તિ સાધનની વિભક્તિ છે, કારણની વિભક્તિ છે. કરણ.. કરણ એને કહે છે. કરણ એટલે સાધનં. એનાથી કરી શકાતા નથી.

પ્રશ્ન :- બધું ઇચ્છા પ્રમાણે ન થાય પણ થોડું થોડું તો થાય ને ?

સમાધાન :- થોડું થાય છે એવું દેખાય છે. ભ્રમણા એને એમ થાય છે કે આ થોડું મારી ઇચ્છા પ્રમાણે થાય છે તો બધું કેમ ન હું કરી શકું ? એટલે એને થોડાથી તો કાંઈ ધરપત નથી. છે ? કોઈને થોડાથી ધરપત છે ? એટલે એ બધું કરવા જાય છે. પણ થોડું થાય છે એ તો પૂર્વના પૂણ્ય યોગે થાય છે. અત્યારે તું કરી શકે છો માટે થાય છે એમ નથી. એને શાસ્ત્રમાં કાકતાલીય ન્યાય કહ્યો છે. કેવો ન્યાય કહ્યો છે ? કાકતાલીય ન્યાય કહ્યો છે. કાગને બેસવું ને ડાળને પડવું. હવે જો એ ડાળ સાજી હોય તો દસ જણા ટીંગાઈ જાય તોપણ ન પડે. પાડવી મુશ્કેલ થાય. અને કાગડો બેઠો ને પડ્યો. એ પડવાની તૈયારી થઈ ગઈ હતી. કાગડો તો માત્ર નિમિત્ત છે કે એને સહેજ આંચકો લાગ્યો. બાકી તો એ પડવાની તૈયારી જ થઈ ગઈ હતી. ન બેઠો હોત તો (પણ) પડ્યા વિના રહેત નહીં. પવનનું ઝોકું આવત ને પડી જાત. એની મેળે પડી જાય છે, ઘણાં ઝાડ એની મેળે પડે છે. એટલે એ તો પુણ્યયોગ જોઈને જીવને ભ્રમણા થાય છે અને તેથી વધારે ને વધારે જીવ પુણ્યયોગના કાળમાં છેતરાય છે. પુણ્યનો ઉદય હોય ત્યારે એને છેતરાવાનું વધારે બને છે. કેમકે એ વખતે

એની ભ્રમણાને પુષ્ટિ મળે એવું બાહ્ય કાર્ય થાય છે કે, હું ઇચ્છા કરું છું એમ થાય છે, હું ઇચ્છું છું એવું થાય છે, મારી ઇચ્છા પ્રમાણે હું આ બધા કાર્ય કરી શકું છું.

જ્યારે પુણ્યનો ઉદય ન હોય ને લોકો જેને પાપનો ઉદય કહે છે કે એ ઇચ્છે કાંઈક અને થાય અવળું, ઇચ્છે એનાથી અવળું થાય, ઇચ્છે એનાથી અવળું થાય. તો જો વિચારવાન જીવ હોય, મુમુક્ષુજીવ હોય તો એ વખતે વિચારણા કરી શકે છે કે ખરેખર આ કાર્ય ઉપર મારો અધિકાર ક્યાં છે ? મને વિકલ્પ થયો, ઇચ્છા થઈ એ તો મારો રાગ છે, એ પણ મને દુઃખદાયક છે, મને સુખ અને શાંતિ માટે અનુકૂળ નથી. પણ એ રાગ અનુસાર બહારમાં કાર્ય થવું એવું કોઈ પુદ્ગલ પરમાણુ કોઈના રાગ સાથે બંધાયેલા નથી. એ જગતના સ્વતંત્ર પદાર્થો છે, અનંત શક્તિ સંપન્ન છે.

અત્યારે તો એ સમજાવવું પડે એવું નથી એટમ બોમ્બ બહાર પડ્યા પછી કે એક પરમાણુમાં અનંત શક્તિ છે. (એટલા) માટે તો એને Atomic energy કહે છે. Energy એટલે શક્તિ. સૌથી વધારે શક્તિ કોની ? કે Atomic energy ની. બીજા બધી શક્તિ ઓછી ગણાય છે, એ વ્યક્ત શક્તિ પરમાણુની થઈ. એ અનંત શક્તિ લઈને જે પરમાણુ પોતે અસ્તિત્વ અનાદિ અનંત હયાતી ધરાવે છે, જેનું અસ્તિત્વ કોઈ મિટાવી શકતું નથી. અસ્તિત્વ શક્તિથી માંડીને બીજી અનંત શક્તિઓ, અનંત સામર્થ્યવંત છે એ તારી ઇચ્છાને આધિન થઈને તારી તાબેદારીમાં કામ કરે, કેવળ મૂર્ખતાની વાત છે એમ અહીંયાં કહે છે. એ કેવી રીતે બની શકવા યોગ્ય છે ? કે કોઈ રીતે બની શકવા યોગ્ય નથી.

**'અનાદિથી જીવે એવું કર્યું છે કે ન બની શકે તે કરવાની બુદ્ધિ કરે છે અને બની શકે છે તે કરતો નથી.'** કેમકે એ વિષયનું એને અજ્ઞાન છે. આ અશક્ય છે એ પણ એને અજ્ઞાન છે અને આ શક્ય છે એનું પણ એને અજ્ઞાન છે. કોઈવાર એને જાણવા મળે છે કે આ અશક્ય છે અને આ શક્ય છે. ન સાંભળવા મળ્યું હોય, ન જાણવા મળ્યું હોય એ વાત એક બાજુ રાખીએ પણ આપણને જાણવા મળ્યું છે, સમજવા મળ્યું છે, એ વિષય આપણે નકાર કરતાં નથી, નિષેધ કરતાં નથી, એનો વિરોધ કરતાં નથી તોપણ જ્યાં સુધી અંદરથી મૂળમાંથી નિશ્ચય બદલાતો નથી ત્યાં સુધી એનો નિષેધ યથાર્થ પ્રકારે આવતો નથી. અથવા નિષેધ વિચાર કાળે આવે છે પણ ઉદય કાળે થતો નથી.

એટલે એમાં અયથાર્થતા કેમ લીધી ? કે અમે તો આ વાતની હા પાડી છે અને આ હા પાડવા માટે રોજ કલાક કલાક સ્વાધ્યાયમાં આ જ વિષય વિચારીએ છીએ, સંમત કરીએ છીએ, હા પાડીએ છીએ, દઢ કરીએ છીએ, નક્કી કરીએ છીએ કે આમ જ હોય, આમ જ હોય, આમ જ હોય તોપણ યથાર્થ કેમ નહીં ? કે જ્યારે ખરેખર નિશ્ચય બદલાય કે આ અશક્ય છે અને આ શક્ય છે એવી બુદ્ધિ થઈ જાય ત્યારે એને ઉદય કાળે એનો નિષેધ આવે. કોઈને ઉદય પૂરો થયા પછી થોડો વખત જાય ને વિચાર આવે છે ત્યાં એની એટલી જાગૃત્તિ ઓછી છે. ત્યાં એને નિર્ણયમાં હજી કચાશ છે નહીંતર તો એ સીધો જ સાવધાન થઈને, સાવધાન થઈને જ પ્રવર્તે. સર્વ ઉદયમાં સાવધાન થઈને જ પ્રવર્તે. કેમકે નિર્ણય કાંઈ પાછળ કર્યો નથી, આનો નિર્ણય તો આગોતરો નિર્ણય છે. આગોતરો એટલે In advance. અગાઉ કરેલો છે. તો એને પાછળથી કેમ વિકલ્પ આવે છે ? આગળથી કરેલો નિર્ણય તો પહેલાં હાજર રહેવો જોઈએ અને એ નિષેધપૂર્વક એને કાર્ય થવું જોઈએ.

**'અનાદિથી જીવે એવું કર્યું છે કે ન બની શકે તે કરવાની બુદ્ધિ કરે છે અને બની શકે છે તે કરતો નથી.'** જે થઈ શકવા યોગ્ય છે એને એ કરતો નથી.

પ્રશ્ન :- શું બની શકવા યોગ્ય છે ?

સમાધાન :- પોતાના શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર અને પોતાનું સુખ પ્રગટ કરી શકવા યોગ્ય છે. અનંત જ્ઞાનનો ભંડાર પોતામાં ભરેલો છે ને અનંત સુખનો ભંડાર પણ પોતામાં ભરેલો છે. પ્રદેશે પ્રદેશે અનંત સુખ ભર્યું છે. 'સોગાનીજી'ની ભાષા બહુ રસવાળી હતી. પ્રદેશ પ્રદેશ મેં લબાલબ સુખ ભરા હૈ. રસવાળી ભાષા હતી. ઘણું સુખ ભર્યું છે, અનંત સુખ ભર્યું છે. સુખ એટલું ભર્યું છે કે ઉણપ નથી એટલું સુખ ભર્યું છે. દુઃખ એમાં સમાય નહીં, દુઃખની જગ્યા નથી કે કોઈ ખામી નથી એટલું સુખ ભરેલું છે.

સર્વ ગુણોથી પરિપૂર્ણ છે. જેમ કોઈ ઘડો પૂરો ભરેલો હોય પછી અંદર એક બિંદુ નાખો તો નીચે પડે, જરાય સમાવાની જગ્યા ન હોય એવું પૂર્ણપણું છે. શુદ્ધાત્માનું સર્વ ગુણથી એટલું પૂર્ણપણું છે કે જરાય અપૂર્ણપણું નથી. એવો છું એમ આધાર લેવો એ એનું પહેલામાં પહેલું કાર્ય છે અને એ થઈ શકવા યોગ્ય છે. જેનો તું આધાર લઈ શકતો નથી એનો આધાર લેવાનું કાર્ય તો ભ્રાંતિએ કરીને તું કરે છો. તો આધાર

લેતા તો તને આવડે છે. ન લઈ શકાય એનો આધાર લેવા દોડે છો તો જેનો લઈ શકાય એનો આધાર લેવાની ક્યાં તને તકલીફ છે ? શું તકલીફ પડે છે એ અંદરમાં એને સંશોધન કરવું જોઈએ કે આમાં મને તકલીફ શું છે ? મારા ને મારામાં કામ છે, મારું જ કામ છે.

હવે મુનિરાજનો વિષય લીધો છે કે, **'મુનિરાજને પરના કર્તૃત્વની બુદ્ધિ તો છૂટી ગઈ છે અને આહાર–વિહારાદિના અસ્થિરતારૂપ વિકલ્પો પણ ઘણા જ મંદ હોય છે.'** શું કહે છે ? કે આ જે બુદ્ધિની વાત લીધી એ તો ચોથા ગુણસ્થાને બુદ્ધિ ફરી જાય છે, સ્વાનુભવપૂર્વક નિશ્ચય ફરી જાય છે. સમ્યક્ સન્મુખ થાય છે ત્યારે તો નિશ્ચય બદલાય છે પણ પરિણમન આવે છે ત્યારે તો એ વાતની ગાંઠ વળી જાય છે. એ એક એવો તબક્કો છે કે આખું પરિણમન છે એ મોક્ષમાર્ગની દિશા પ્રત્યે વળીને સમયે સમયે વૃદ્ધિગત થતું જાય છે. તો મુનિરાજને તો પરના કર્તૃત્વની બુદ્ધિ ચોથા ગુણસ્થાને છૂટી ગઈ છે. એમને બુદ્ધિનો પ્રશ્ન અહીંયાં નથી. એ તો નીચે પ્રશ્ન છે. જ્યાં સુધી અનુભવ કર્યો નથી ત્યાં સુધી એની બુદ્ધિ પલટાઈ નથી, સમ્યક્ મતિ-શ્રુત થયા નથી પણ મુનિરાજને તો એ બુદ્ધિ પલટાઈ ગઈ છે. કોઈ પરનું કર્તૃત્વ નથી, પરનું કાર્ય કરી ન શકે. (કરવું) એ અશક્યપણું છે. જીવ પરનું કાર્ય ન કરી શકે, પર જીવનું કાર્ય ન કરી શકે. મારું સુખ અજીવ ન આપી શકે, અજીવનું એક કાર્ય પણ હું ન કરી શકું. એક પરમાણુની પર્યાયને ફેરવવા આ જીવ સમર્થ નથી.

જ્ઞાતા-દૃષ્ટા એવો જે જીવ એક તણખલાના બે ભાગ કરી શકે નહીં. 'શ્રીમદ્જી'એ લીધું છે ને ? ૪૦૮ નંબરનો પત્ર છે. એક તણખલાના બે ભાગ હું કરી શકતો નથી એમ જ્યારે એને સંપૂર્ણપણે પરનો હું અકર્તા છું, કોઈ કાર્ય કરી શકું નહિ. તણખલું દૃષ્ટાંત છે. એ તો હળવામાં હળવું કાર્ય છે. તણખલાના બે ટુકડા કરવા એ કઈ મોટી વાત હતી ? એ પણ હું કરી શકતો નથી એમ જ્યારે સમજાશે ત્યારે વૃત્તિ ઉપશમ થશે. પરના કાર્ય કરવાની જે વૃત્તિનો ઉત્સાહ છે એ ક્યારે ઉપશમિત થશે ? કે હું કરી શકતો નથી એમ સમજાશે ત્યારે.

મુમુક્ષુ :– આ રસોડું ચાલે છે, આ દુકાન ચાલે છે.

પૂજ્ય ભાઈશ્રી :– એ બધું એને કારણે ચાલે છે. એક એક પરમાણુ એની યોગ્યતા પ્રમાણે પરિણમે છે, ન તો કોઈના રાગને આધિન છે, ન તો કોઈના દ્વેષને આધિન

છે. 'સૂર્યકીર્તિ ભગવાન' ની પ્રતિષ્ઠા વખતે થોડી ધમાલ ચાલી. એ વિચાર મૂક્યો. સાથે બેસીને કરીએ. એકલા પણ એ વિચાર આવે કે આપણા રાગથી થવાનું નથી ને કોઈના દ્વેષથી મટવાનું નથી.

પ્રશ્ન :- સ્વયં (થાય છે) ?

સમાધાન :- સ્વયં જ થાય છે. હા, સ્વયં જ થાય છે. કોઈના રાગથી કોઈ કામ થાય કે કોઈના દ્વેષથી કોઈ કામ અટકે એ વસ્તુના સ્વરૂપમાં જ નથી. વસ્તુના સ્વરૂપમાં એ ચીજ નથી.

પ્રશ્ન :- છતાં સૌ પુરુષાર્થ તો કર્યા જ કરે છે ને ?

સમાધાન :- રાગ-દ્વેષનો જે પુરુષાર્થ કરે છે એથી કર્મ બાંધે છે. એટલે કર્મ બાંધવાનો પુરુષાર્થ કરે છે. શું કરે છે ? અથવા રાગ-દ્વેષનો જે પુરુષાર્થ કરે છે એ દુઃખી થવાનો પુરુષાર્થ કરે છે. હવે એ કરવા યોગ્ય છે કે કેમ ? કે એમાં નાનું બાળક પણ એમ કહે કે એ તો કરવા યોગ્ય નથી.

**'મુનિરાજને પરના કર્તૃત્વની બુદ્ધિ તો છૂટી ગઈ છે...'** તો કે હવે શું છે ? કે આહાર વિહારનો વિકલ્પ તો ઊઠે છે. મુનિરાજને પણ આહાર વિહારનો વિકલ્પ તો ઊઠે છે. તો કહે છે કે એ વિકલ્પ છે **'આહાર–વિહારાદિના અસ્થિરતારૂપ વિકલ્પો...'** કેવા છે એ ? એ વિપરીત બુદ્ધિપૂર્વકના વિકલ્પ નથી. અહીંયાં આ ક્ષેત્રથી બીજા ક્ષેત્રે જવું છે એમાં એવી બુદ્ધિ નથી કે આ ક્ષેત્ર મને અનુકૂળ છે કે પ્રતિકૂળ છે માટે અહીંયાં રહેવું કે ન રહેવું એ પ્રશ્ન નથી.

સામાન્ય રીતે એક જ જગ્યાએ જીવ સ્થાયી રહેવા ઇચ્છે છે. ઘર પણ બદલવા માગતો નથી. ભાડાનું હોય તો એને જલદી બદલવું ગમતું નથી. (એમ કહે), અહીંયાં સુખી થયા છીએ, ભલે બંગલો કર્યો પણ આ ઘર તો હમણાં મૂકવું નથી. કેમકે એમાં સુખી થયા છીએ, ઘણાં વર્ષ રહ્યા છીએ. હજી ત્યાં રહેવામાં કાંઈ વાંધો નથી. પછી બીજે ફાવશે કે નહીં ફાવે અહીંયાં તો બરાબર ફાવી ગયું છે. એવી બુદ્ધિ પણ નથી. મુનિરાજને એવી બુદ્ધિ પણ નથી કે આ સ્થળ અનુકૂળ છે માટે અહીંયાં રહેવું અહીંયાં હવા પાણી સારા છે અથવા અહીંયાં સમાજ સારો છે, ધર્મ બુદ્ધિવાન સમાજ છે, ઘણા લાયક અને મુમુક્ષુ જીવ છે. ધર્મી જીવો છે માટે હું અહીંયાં રહું એવું ઇષ્ટપણું, એવું ઠીકપણું પણ મુનિરાજને હોતું નથી. બુદ્ધિ તો હોતી નથી પણ એટલી અસ્થિરતા

નથી હોતી કે ઠીક લાગે ત્યાં રોકાઈ જાવું. મુનિરાજને એવા પરિણામ હોતા નથી કે અહીંયાં ઠીક લાગ્યું છે માટે અહીંયાં રોકાઈ જઈએ. કે અહીંયાં અઠીક છે માટે અહીંથી ચાલ્યા જઈએ. અહીંયાં તો બધા ઉપદ્રવ કરે છે, અહીંયાં તો કોઈ મારો આદર માન કરતું નથી, મારી પાસે કોઈ આવતું નથી, મારો કોઈ ભાવ પૂછતું નથી. ભાવ ન પૂછે એટલે તો જંગલમાં ગયો છે. ભાવ નથી પુછાવવો માટે તો જંગલમાં જવાની વાત છે પછી ક્યાં પ્રશ્ન રહે છે ? પણ કોઈ ઇષ્ટ-અનિષ્ટપણાને કારણે આહાર વિહારનો પ્રસંગ નથી. ફક્ત પોતાને વિકલ્પ આવે છે એ અસ્થિરતાને લઈને આવે છે. સ્વરૂપમાં જો સ્થિર થઈ જાય તો નિર્વિકલ્પ દશા છે. અસ્થિરતાથી વિકલ્પ આવે છે અને આહાર વિહારાદિની જે કોઈ ક્રિયા થવા યોગ્ય હોય તે થાય છે, ન થવા યોગ્ય હોય તે થતી નથી.

સર્વોત્કૃષ્ટ પુણ્ય તો ત્રણે લોકની અંદર, ત્રણે લોકની અંદર ચક્રવર્તી કરતાં સર્વોત્કૃષ્ટ પુણ્ય તો તીર્થંકર પ્રકૃતિના ગણવામાં આવે છે, કેમકે ચક્રવર્તી પણ એને વંદે છે, નમે છે. પછી તો જેમ જેમ કાળ ગયો એમ કાળ હીણો આવતો આવ્યો છે. પુણ્યયોગ ઘટતો જ આવ્યો છે, નીચે નીચે આયુષ્ય પણ ઘટતા આવ્યા છે. પણ પ્રથમ તીર્થંકર 'આદિનાથ' ભગવાન, જેમણે (ધર્મની) શરૂઆત કરી એમને આહારનો વિકલ્પ ઊઠે એટલે આહાર મળે એ પરમાણુ બંધાયેલા નથી. ઠીક ! છ-છ મહિના સુધી વિકલ્પ થયો છે (પણ) આહાર મળ્યો નથી. છ મહિને એકવાર બહાર આવે, બીજા છ મહિને ફરીને એકવાર વારો આવે. આવું સ્વતંત્રપણું છે. નહીંતર તો પુણ્યવંત છે. તીર્થંકરના પુણ્ય લઈને આવ્યા છે, સર્વાર્થસિદ્ધિમાંથી આવ્યા છે. જુઓ ! આ કોઈને હીન પુણ્યથી માણસને દુઃખ લાગી જાય (કે) અરે..રે..! અમારા પુણ્ય નહીં. અરે..રે..! અમારા પુણ્ય નહીં માટે આમ થઈ ગયું, અરે..રે..! અમારા પુણ્ય નહીં માટે આમ (થઈ ગયું). ભાઈ ! તું તો સાધારણ કર્મ લઈને આવ્યો છો પણ તીર્થંકર જે કર્મ લઈને આવે છે એ તો ઉત્કૃષ્ટ પુણ્ય લઈને આવે છે. ત્રણલોકમાં એના ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ પુણ્ય છે. પણ પરમાણુનું આધિનપણું કોઈના વિકલ્પને આધિન નથી. પુણ્ય યોગ હોય તો સ્વયં જ થાય બાકી વિકલ્પ થાય માટે કાર્ય થાય એ વસ્તુના સ્વરૂપમાં નથી.

પ્રશ્ન :– અસ્થિરતા થવાનું કારણ શું ?

સમાધાન :– અસ્થિરતા થવાનું કારણ પોતાનો પુરુષાર્થ નબળો. પુરુષાર્થ

નબળાનું કારણ શું ? કે કોઈ કારણ નહીં–અકારણપણે. એક સમયમાં એટલે વર્તમાન સમયમાં પૂર્ણ વીતરાગ થવાતું હોય તો ચોથા ગુણસ્થાનવર્તી સાધકથી માંડીને કોઈ સાધકને બીજો સમય આ સંસારમાં રહેવાનો અભિપ્રાય નથી. જે સંસારમાં એ અનાદિથી રહ્યો છે એ સંસાર સાથે, જેનો મોક્ષ થવાનો છે, એને પ્રીતિ રહી નથી. કેવી પ્રીતિ રહી નથી ? કે એક સમય પણ એને રહેવું નથી. એવી પ્રીતિ રહી નથી. ઠીક ! એનો અર્થ બીજો થાય છે કે 'સંસરણ ઇતિ સંસાર'. પોતાની પરિણતિ, પોતાનો ઉપયોગ, પોતાના પરિણામ સ્વરૂપમાંથી સરે તે સંસાર છે. એક સમય માટે એમને એ વાત મંજૂર નથી. છતાં થાય છે એ અકારણપણે થાય છે, એનું કોઈ કારણ છે નહીં. બધાનો આ એક અભિપ્રાય છે, અનાદિઅનંત સર્વ સાધકોનો આ અભિપ્રાય છે. કોઈ સાધકને આ અભિપ્રાયમાં ફેરફાર હોય તો એને સાધકપણું હોય એમ સંમત થઈ શકે એવું નથી.

પહેલાં આટલા કાર્ય કરી લઉં. પછી હું મારું કરીશ. પહેલાં સમાજનું કરી લઉં પછી હું મારું કરીશ કે પહેલાં હું મારા ફલાણાંનું કરી લઉં, ફલાણાંને સમજાવી દઉં, ફલાણું આટલું કાર્ય કરી દઉં એ જગતનું કોઈ કાર્ય; ખરેખર તો બીજાનું તો કરી શકતો નથી આ સિદ્ધાંત છે. સાધકને વિકલ્પ ઊઠે છે તો એના નિષેધ સાથે ઊઠે છે કે કરી શકતો નથી અને આ અંદરથી એમ ને એમ પૂર્વકર્મકૃત આવ્યા જ કરે છે, કાંઈ સમજાતું નથી ક્યાં સુધી આવવાનો છે. એટલે એ જલ્દી બંધ થાય એવો એમનો અભિપ્રાય છે. થાય છે એના કારણે, મટે છે એના કારણે.

પ્રશ્ન :– પુણ્યાનુબંધથી સારા પુણ્યો, સારા ભવ મળે, સારા નિમિત્તો મળે એવું કાંઈ ખરું ?

સમાધાન :– પણ એ કાંઈ સારા ભવો ને સારા નિમિત્તો કાંઈ મોક્ષ દશાથી ઉત્તમ છે ?

પ્રશ્ન :– નિમિત્તથી આગળ જવાય ને ?

સમાધાન :– બિલકુલ નહીં. અહીં તો ના પડે છે કે કોઈનું કાર્ય કોઈ કરી શકે એ બુદ્ધિ મિથ્યાબુદ્ધિ છે. એ બુદ્ધિ અનંત સંસારમાં રખડાવનારી બુદ્ધિ છે, એ બુદ્ધિ અનંત નિગોદના ભવમાં જવા માટેનું મૂળિયું છે એ તો. કોઈ નિમિત્ત કાર્ય કરે કે હું નિમિત્તનું કાર્ય કરું એ વસ્તુ સિદ્ધાંતની બહાર છે.

પ્રશ્ન :– પુણ્યાનુબંધી પુણ્ય શું કામ કરે ?

સમાધાન :– કાંઈ કામ ન કરે. બધા ખરી જાય. એ મોક્ષમાં જાય અને જેટલા બાંધ્યા હોય એ બધા ખરી જાય. પુણ્ય બે રીતે ખરે. એક ભોગવીને ઉદયમાં આવીને ખરે, જેને સવિપાક કહીએ અને એક પોતાના તપથી, પોતાની સાધનાના બળથી એને નિષ્ક્રિય અને નિષ્ફળ બનાવી દેવામાં આવે છે, એને અવિપાક નિર્જરા કહેવામાં આવે છે અથવા એને સકામ નિર્જરા કહેવામાં આવે છે. પેલી અકામ નિર્જરા છે, આ સકામ નિર્જરા છે. શાસ્ત્રમાં એ વિષય ચાલ્યો છે.

એક જગ્યાએ તો 'સોગાનીજી'એ પણ લખ્યું છે કે કાં તો કર્મ છે એ ભોગવીને નિવૃત્ત કરે, કાં તો સાધનાના બળે એને નિષ્ફળ કરવાનું રહે છે. સાધક એને સાધનાના બળે નિષ્ફળ કરે છે. મુનિરાજને ઊંચામાં ઊંચા પુણ્ય બંધાય છે. કેમકે એમને તો અત્યંત મંદ કષાય છે. દેહ છૂટે તો સર્વાર્થસિદ્ધિમાં જાય. આ 'નકુલ', 'સહદેવ' ગયા જ ને. અને એ જ મુનિદશામાં સાથે રહેલા ત્રણ ભાઈઓએ સાધનાના બળે ખલાસ કર્યા. એમને ત્યાં ને ત્યાં ધ્યાનાગ્નિમાં બધા કર્મને બાળી નાખ્યા એમ કહેવામાં આવે છે. અને એ પુણ્યાયમાં અને પુણ્યયોગમાં આકુળતા છે, ક્યાંય સુખ છે નહીં. એટલે એક સમય માટે પણ કોઈ સાધક જીવ એની વાંછા કરતો નથી. વાંછા કરે તે સાધક નથી આ સીધી વાત છે.

**'મુનિરાજને પરના કર્તૃત્વની બુદ્ધિ તો છૂટી ગઈ છે અને આહાર–વિહારાદિના અસ્થિરતારૂપ વિકલ્પો પણ ઘણા જ મંદ હોય છે.'** આહાર-વિહારના વિકલ્પો ઊઠે છે એ અસ્થિરતારૂપ વિકલ્પ છે. આહાર ખાઈ શકું છું એ પ્રશ્ન નથી. અરે...! વિહાર કરવામાં શરીરને ચલાવી શકું છું એ બુદ્ધિ મુનિરાજને નથી. શરીરના પરમાણુ શરીરને કારણે ગમન કરે છે, આત્મા આત્માને કારણે. એટલે તો 'ગુરુદેવ' મોટરનું દૃષ્ટાંત દેતા કે પેટ્રોલથી મોટર ચાલે છે એવું ખરેખર નથી. દરેક પરમાણુ પોતપોતાનું કાર્ય કરે છે. કોઈ પરમાણુ તેના સજાતિય એવા બીજા પરમાણુનું પણ કાર્ય કરતો નથી.

એક જીવ પરમાણુનું પણ કાર્ય ન કરે અને સજાતિય એવા બીજા જીવનું પણ કાર્ય ન કરે. બીજાને ધર્મ પમાડે કે ન પમાડે ? એ જ જો એને ધર્મ પમાડે તો એને પછી નરકમાં ઇ જ લઈ જાય, બીજો જ લઈ જાય, નિગોદમાં બીજો લઈ જાય એમ ઠરે. તો તો જીવની કોઈ સ્વતંત્રતા રહેતી નથી. પણ એવું નથી.

પ્રશ્ન :- પેટ્રોલ ન નાખે તો મોટર ચાલે કે નહીં ?

સમાધાન :- ચાલવાની છે. હવે એવી પેટ્રોલ વગરની મોટરો નીકળવાની છે તે 'દી, એનો જવાબ અમારે શોધવો પડશે નહીં. ચાલે છે. એ પેટ્રોલ વગર ચલાવવાની વાત અત્યારે ચાલે જ છે. આવે છે કે નહીં ? ગેસથી ચાલશે.

મુમુક્ષુ :- પેટ્રોલ હોય અને એક વાયર નીકળી જાય છે તોપણ નથી ચાલતી.

પૂજ્ય ભાઈશ્રી :- પણ એ તો એક પરમાણુ બીજા પરમાણુનું કાર્ય કરે એ પ્રશ્ન જ અસંભવિત અને અશક્ય છે. ગેસથી, ઊર્જા શક્તિથી કોઈ ઇલેક્ટ્રોનિક્સથી માણસ એમ કહે કે અડ્યા વગર કેમ કાંઈ થાય ? આ રેડિયો ચાલુ કરવો પડે છે, ફલાણું આમ કરવું પડે છે. હવે આ નીકળ્યા કે નહીં રિમોટ કંટ્રોલ ? પેલા કહે, સ્વીચને અડ્યા વગર કેવી રીતે કામ થાય ? સ્વીચ દબાય નહીં ને એ કેવી રીતે ચાલુ થાય ? કે આ સ્વીચ ન દબાય ને ચાલુ થયું લે ! આ બંધ થયું લે ! વગર સ્વીચે દાબે બંધ થયું. છતાં એક પરમાણુ બીજા પરમાણુનું કાર્ય કરતું નથી. ઇલેક્ટ્રોનિક સર્કિટ જે છે એ લિમિટેડ છે. દરેક જુદી જુદી જગ્યાએ જુદી લિમિટેડ છે. આ કોડલેસ ટેલિફોન આવે છે ને. કોડ એટલે વાયર. આપણે બધાને દોરડાવાળા છે. આ વાયર વગરના ઓવરસીઝ બધા કોડલેસ જ છે ને. અહીંથી અમેરિકા સુધીનું કાંઈ દોરડું છે ? અને એ દોરડું કાંઈ સાજું રહે ? પ્રશ્ન જ નથી. તો એ જે ઇલેકટ્રોનિક કંટ્રોલ છે એ નિમિત્તનૈમિતિક સંબંધનો વિષય છે. કોઈ પરમાણુ કોઈ પરમાણુનું કામ કરે છે એ વસ્તુ સ્વરૂપમાં નથી. એના જ બધા બનાવેલા તૂટી જાય છે. ઉપર જાય ને અડધેથી પડે હેઠા. પડે છે કે નહીં ? એ તો ક્ષયોપશમ જ્ઞાન છે.

ક્ષયોપશમ જ્ઞાનનો અર્થ એ છે કે જેણે ક્ષયોપશમ જ્ઞાનનું સ્વરૂપ જાણ્યું છે એ ક્ષયોપશમ જ્ઞાન કહેતા જ અધૂરું જ્ઞાન સમજે છે. ક્ષયોપશમનો અર્થ જ અધૂરું છે, પૂરું નહીં. ક્ષયોપશમ એટલે ચાહે ગણધરદેવનો ક્ષયોપશમ હોય. એક અંતર્મુહૂર્તમાં બાર અંગની રચના કરે. ક્ષયોપશમ એટલે અધૂરું. કેટલું અધૂરું ? કે કેવળજ્ઞાનના અનંતમાં ભાગે અધૂરું. એક ટકો નહીં, કેવળજ્ઞાનનો એક ટકો છે, પા ટકો છે, એક ટકાનો હજારમો ભાગ છે, લાખમો ભાગ છે ? એક ટકાનો લાખમો ભાગ તો ખરો કે નહીં ? કરોડમો, અબજમો ભાગ (ખરો કે નહિ ?) કે ક્યાંય એનો Ratio Proportion લાગે નહીં. એવો જ્ઞાન ભંડાર આત્મા છે. અનંતા કેવળજ્ઞાનનો સ્વામી છે એની મહત્તા

એને આવે તો એને ક્ષયોપશમની મહત્તા થવાનો કોઈ 'દી પ્રશ્ન રહેતો નથી.

પ્રશ્ન :– 'સીમંધર' સ્વામી તો વહેલા સિદ્ધ થઈ જશે ને ?

સમાધાન :– પ્રશ્ન જ નથી કાંઈ. વહેલા મોડાનો પ્રશ્ન જ નથી. યથાકાળે જ બધું થાય છે. પોતે ચોથા ગુણસ્થાને આ વાત સમજ્યા છે.

ક્રમબદ્ધપર્યાયનો ન્યાય જે 'ગુરુદેવશ્રી'એ પ્રસિદ્ધ કર્યો, વસ્તુસ્થિતિ તો જે છે ઇ છે, આ કાળની અંદર પ્રસિદ્ધ કર્યો, વિષય વસ્તુને પ્રસિદ્ધ કરી છે. ચોથા ગુણસ્થાને દરેક સમ્યક્દૃષ્ટિનો એ અભિપ્રાય થાય છે કે યથાયોગ્ય કાળે યથાયોગ્ય પર્યાય સ્વની કે પરની થાય છે. કોઈની સ્વની કે પરની કરવા કરાવવાનો ક્યાંય પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. અને એ ઉપાધિ જીવ કરે તો ભલે ન કરે તો ભલે, યથા કાળે જ બધી પર્યાયો થાય છે. આ એનો સીધો હિસાબ છે. એટલે વહેલા મોક્ષે જવું કે મોડા મોક્ષે જવું એ પ્રશ્ન નથી. એ તો અનંત વીર્ય પ્રગટ્યું છે. પુરુષાર્થ કાંઈ એમનો થોડો નથી. સર્વ અરિહંતોને અનંત વીર્ય પ્રગટ્યું છે. અનંત પુરુષાર્થ પરિણમનશીલ છે, પરિણમી રહ્યો છે. તો વહેલા મોક્ષે જાય એવું ન બને ? એ પ્રશ્ન જ અસ્થાને છે. સ્વકાળે જ એનું કાર્ય થાય છે. પરકાળે એનું કાર્ય થતું નથી. પણ લાંબું આયુષ્ય તો પુણ્યને લઈને બંધાય છે એવું કાંઈ નથી. કષાયરસને લઈને બંધાય છે. અનુભાગ, સ્થિતિ રસને લઈને પડે છે ને ?

બે રીતે લાંબા આયુષ્ય પડે છે તીવ્ર પાપનો રસ હોય તો નરકનું લાંબું આયુષ્ય પડે, તીવ્ર પુણ્યનો રસ હોય તો દેવનું લાંબું આયુષ્ય પડે. બેમાંથી એક તો ઇષ્ટ હશે ને ? કે નરકનું આયુષ્ય અનિષ્ટ અને દેવનું આયુષ્ય ઇષ્ટ ? તો કે તો ભગવાનને મોડું થયું, ઠીક ! લાંબું આયુષ્ય છે એનો અર્થ શું ? 'સીમંધર ભગવાન'નું એક કરોડ પૂર્વનું આયુષ્ય છે. બરાબર છે ? આવતી ચોવીસીમાં તેરમા તીર્થંકરનો ઉદય થશે ત્યારે અહીંયાં 'સીમંધર ભગવાન' મોક્ષે પધારશે--નિર્વાણમાં સિદ્ધાલયમાં પધારશે. એવડું મોટું આયુષ્ય છે. આ પાંચમો પૂરો થશે, પછી છઠ્ઠો પૂરો થશે, પછી (છઠ્ઠો) પૂરો થશે, પછી (પાંચમો) પૂરો થશે, પછી પાછો જે (ચોથો) શરૂ થશે એમાં પ્રથમ તીર્થંકર 'શ્રેણીક મહારાજા' 'મહાપદ્મ' નામ ધારણ કરીને તીર્થંકર થશે. બીજા, ત્રીજા, ચોથા, પાંચમાં, તેરમાં તીર્થંકર થશે ત્યારે અહીં નિર્વાણનો કાળ આવશે. લાંબું આયુષ્ય ઇષ્ટ કે અનિષ્ટ ? કાંઈ પ્રશ્ન એ નથી. એ તો સહેજે જે પરિણામ થયા તે થયા.

એમને એનો ભોગવટો નથી, આયુષ્યને એ ભોગવતા નથી. આયુષ્ય ભોગવવાથી તે પર થઈ ગયા છે. પોતે નિજાનંદરસ લીન (છે), એકદમ પરમાનંદમાં લીન છે, એમને આયુષ્ય સાથે કાંઈ લેવા-દેવા નથી.

પોતે પરિપૂર્ણ આનંદમાં લીન થઈને બિરાજમાન છે. ચાહે અહીંયાં બિરાજમાન હોય, ચાહે સિદ્ધાલયમાં બિરાજમાન હોય એમને માટે બન્ને સ્થાન તુલ્ય છે, એકસરખા છે. એ તો અત્યારે પરમાનંદમાં છે એટલે (એમ કહેવાય છે), પણ સમ્યગ્દર્શન થાય ત્યારે એમ કહે છે કે, હું તો અત્યારે જ સિદ્ધાલયમાં છું. હું તો સિદ્ધલોકમાં જ છું ને સિદ્ધાલયમાં જ છું. મારે આવવા જવાનો પ્રશ્ન ક્યાં છે ? હું પોતે સિદ્ધ છું અને મારા સ્વરૂપમાં હું બિરાજમાન છું. આવવા જવાનો કોઈ પ્રશ્ન મારા માટે છે નહીં. એ બધા બાહ્યના ફેરફારથી પરિણમન પર થઈ ગયું. પણ પોતાની દૃષ્ટિએ માપે છે બધા. પોતાની દૃષ્ટિએ માપે છે કે ભગવાનને આટલી વાર લાગી, હવે આટલું બધું આયુષ્ય ભોગવવું પડશે પછી સિદ્ધાલયમાં જવાનો વારો આવશે. ભાઈ ! અહીંયાં અને ત્યાં બધું એમને સરખું છે. અભિપ્રાય તો ચોથા ગુણસ્થાને એ છે. અહીં તો પરિણમન જ ચાલે છે. પછી કાંઈ પ્રશ્ન રહેતો નથી.

પ્રશ્ન :– જ્ઞાનીને આયુષ્ય બંધાય છે ઇ પુણ્યના રસને કારણ કે અકારણપણે જ તે ?

સમાધાન :– જેવા પરિણામ છે એ પરિણામ અનુસાર સ્થિતિ પડે છે, નિમિત્ત નૈમિત્તિક પરિણામ સાથે સંબંધ છે. પણ એ એના ભોગવટાથી પર થઈ ગયા છે. કરવા, ભોગવવાથી બન્નેથી પર છે. કર્તૃત્વથી પણ પર છે. એવો કદી વિકલ્પ કરતાં નથી કે એવી આશા રાખતા નથી, અભિલાષા રાખતા નથી કે હવે મને દેવલોકનો ભવ હજો અને હવે મને ત્યાં લાંબું આયુષ્ય મળજો. એ જ્ઞાનીનો અભિપ્રાય નથી. એ અજ્ઞાનીનો અભિપ્રાય છે. પણ જેવા પરિણામ થયા હોય એ પ્રમાણે એની સ્થિતિ ઉત્પન્ન થવું એ વિશ્વનું વિજ્ઞાન છે. એ તો પદાર્થનું વિજ્ઞાન છે, એમાં કરવા-નહીં કરવાનો પ્રશ્ન શું છે ?

પદાર્થ – બધા જ પદાર્થો જ્યારે એની વૈજ્ઞાનિક પરિસ્થિતિ પ્રમાણે જ પરિણમે છે ત્યારે એમાં કરવા નહીં કરવાનો પ્રશ્ન શું હોઈ શકે ? કે હોય તો એ અજ્ઞાન ભરેલો છે, વસ્તુમાં કોઈ અવકાશ નથી. વસ્તુમાં ઘાલમેલ કરવાનો કોઈ અવકાશ

નથી. જે કાંઈ વિકલ્પ થાય કે અભિપ્રાય થાય એ બધા નિષ્ફળ છે, બેકાર છે અને એથી કોઈ જીવને લાભ છે એમ છે નહીં.

પ્રશ્ન :– તીર્થંકર નામકર્મ બંધાય ત્યારે તો સમ્યગ્દર્શન હોય જ ને ?

સમાધાન :– હા, જ્યારે તીર્થંકર નામકર્મની, ગોત્રકર્મની જે કોઈ પ્રકૃતિ બંધાય ત્યારે તીર્થંકર પ્રકૃતિના બંધ કાળે સમ્યગ્દર્શન હોય જ. કેટલાક પુણ્ય સમ્યગ્દર્શન વિના બંધાતા નથી. એવી ઊંચી કોટિના જે પુણ્ય છે એ સમ્યગ્દર્શનની હયાતીમાં એટલે કે કેટલીક પવિત્રતા આવ્યા પછી એવી ઊંચી કોટિના પુણ્ય હોય છે. ત્યાં સુધી હોય શકે નહીં.

પ્રશ્ન :– સમ્યગ્દર્શન થયા પછી પુણ્યમાં તીવ્રતા કેમ આવે ?

સમાધાન :– આવી જાય છે, ઇ એમના પુરુષાર્થની કચાશ છે.

પ્રશ્ન :– પુણ્યમાં રસ આવી જાય છે ?

સમાધાન :– ના. ઇ રસ આવવો એટલે સ્થિતિ પડી ને ? જેટલો રસ એટલી સ્થિતિ પડી ને ! પેલો રસ નહીં – અહીંયાં મિથ્યાત્વના રસની વાત નથી. પણ મોક્ષમાર્ગ પછી પણ ચારિત્ર ગુણનો જેટલો રાગ છે એમાં રાગમાં પણ રસ છે, ભલે અસ્થિરતાનો રસ છે. સ્થિતિ એને અનુસાર પડે છે, એમ. સાગરોપમની સ્થિતિ પડે તો એનો એના પ્રમાણમાં શુભનો રસ છે. ભલે અસ્થિરતાનો છે અને મિથ્યાત્વ સહિતનો નથી પણ એમ ને એમ નથી કાંઈ.

પ્રશ્ન :– શુભના રસમાં બંધાય કે શુદ્ધના રસમાં બંધાય ?

સમાધાન :– કર્મ તો વિભાવભાવથી જ બંધાય. કોઈ સ્વભાવભાવથી કર્મ બંધાય એ પ્રશ્ન નથી. કર્મ ખરે, એ ખરવાનું નિમિત્ત છે. આ બંધાવાનું નિમિત્ત છે. ખરવાના નિમિત્તથી બંધાય નહીં ને બંધાવાના નિમિત્તથી ખરે નહીં. આ સીધેસીધો ચોખ્ખે ચોખ્ખો હિસાબ. એટલે એમાં તો કાંઈ બીજું આડુંઅવળું થવાનો પ્રશ્ન નથી.

પ્રશ્ન :– શુભનો રસ છે કે... ?

સમાધાન :– હા, શુભભાવ છે, શુભભાવમાં રહેલો રસ છે અને એનાથી જ કર્મ બંધાય છે.

પ્રશ્ન :– એ વખતે શુભને ઉપાદેય તો માનતા જ નથી ને ?

સમાધાન :– નથી ઉપાદેય માનતા તોપણ એટલો રસ આવે છે. તીર્થંકરનું દ્રવ્ય

હોય એને એટલો રસ આવે છે. ખબર નથી કે આ જીવ કોઈનું કાંઈ ન કરી શકે ? વિકલ્પ એટલો બધો જોરથી આવે છે કે જગતના સમસ્ત જીવો આ શાસનને પામી જાય તો સારું. 'સવ્વ જીવો કરું શાસન રસી' એક જીવ બાકી રાખવાનો ત્યાં ભાવ નથી, વિકલ્પ નથી. અભિપ્રાયમાં તો એમ છે કે એકનું (પણ) કરી શકતો નથી. પણ એટલો બધો વિકલ્પ ઊઠ્યો એનું કારણ શું ? કે રસ એટલો છે. રસને કારણે એવો વિકલ્પ ઊઠે છે. જ્ઞાન જુદું કામ કરે છે, વિકલ્પ જુદું કામ કરે છે. બન્ને જુદું જુદું કામ કરે છે. અમસ્તી કાંઈ તીર્થંકર પ્રકૃતિ બંધાતી નથી.

મુમુક્ષુ :– 'ગુરુદેવ'ને એમ જ છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, નજરે જોઈએ તો ખ્યાલ આવે એવું છે કે નહીં ? પણ આ તો આપણે તુલના કરવી અસ્થાને છે, પણ 'ગુરુદેવ' અને 'બહેનશ્રી' બન્ને સાધકજીવો આપણી નજર સામે પ્રસિદ્ધ છે. 'ગુરુદેવ'નો વિકલ્પ જુઓ અને આમનો વિકલ્પ જુઓ. એકદમ એ બાજુનો કોઈ (વિકલ્પ), શાસનનું કોઈ કામ હાથમાં તે 'દી લેવા માગે નહીં ને આજે પણ લેવા માગે નહીં, એમ. એટલે એ (ગુરુદેવ) તો એક તીર્થંકર દ્રવ્ય છે.

પ્રશ્ન :– 'ગુરુદેવ' તીર્થંકરનું દ્રવ્ય હતા એને હિસાબે ?

સમાધાન :– હા, એમને વિકલ્પ રહે. વિકલ્પ આવી જાય, કરવો પડે નહીં પણ આવી જાય. અને આવી જાય એટલે કાંઈ એનાથી કર્મ ખરે એમ નહીં, એનાથી કર્મ બંધાય. એમ છે. એટલે પોતે કહેતા. એનો નિષેધ વર્તે છે એની ખાતરી શું ? આટલો બધો જોરથી વિકલ્પ આવે અને છતાં એનો નિષેધ છે એની ખાતરી શું એમની ? કે એ ખાતરી એ હતી એમની કે એ જાહેર રીતે એમ કહેતા કે જે ભાવે તીર્થંકર ગોત્ર બંધાય, જે ભાવે તીર્થંકર (નામ)કર્મ બંધાય એ પણ ઝેરના ઝાડ છે, એમાં અમૃત નથી. શું કહેતા ? વાણી એવી હતી એમની. એને ઝેરનું ઝાડ કહેતા હતા. એ હેય છે.

મુમુક્ષુ :– હેય છે, હેય છે દાંડી પીટીને કહેતા.

પૂજ્ય ભાઈશ્રી :– દાંડી પીટીને કહેતા. એ એમનો નિષેધ જોર કરે છે એની અંદર. પણ છતાં એ કરવા, નહીં કરવાનો પ્રશ્ન નથી. જે સહેજે યોગ્યતાના કાળમાં આવવાનું તે આવવાનું. એક ન્યાયે એ પોતે એ વખતે જ્ઞાતા-દ્દષ્ટા રહે છે અને તેથી

એ જ્ઞાતા-દૃષ્ટાના જોરને હિસાબે એક ન્યાય એમ પણ તોળવામાં આવે છે કે એ કર્તા નથી, કરે છે તોપણ કર્તા નથી, બોલે છે તોપણ બોલતા નથી, ચાલે છે તો ચાલતાં નથી અને ખાય છે તો ખાતા નથી. અન્ય મતમાં એવું આવે છે ને ? એ આ અભિપ્રાય છે એની પાછળ. જ્ઞાતા-દૃષ્ટાપણું છે, એ વખતે જ જ્ઞાતાદૃષ્ટાપણું છે.

રાગને કરું એ તો પ્રશ્ન નથી પણ રાગને ટાળું એ પ્રશ્ન નથી. આમ છે. શું કરવા કરે છે પણ ? નથી ઇચ્છતા, કરવા યોગ્ય નથી આવો સિદ્ધાંત જાણે છે વળી શું કરવા કરે છે ? ભાઈ ! એક સિદ્ધાંત હવે એ પણ તું સમજી લે કે, જેમ રાગ કરવા યોગ્ય નથી એવો અભિપ્રાય છે એમ રાગને ટાળવાનો પ્રશ્ન પણ એ અભિપ્રાયની અંદર સાથે સાથે જ નથી. જો ટાળવાનો અભિપ્રાય હોય તો કરવાનો અભિપ્રાય આપોઆપ સ્થાપિત થઈ જાય છે, એની સ્થાપના કરવી પડતી નથી. આપોઆપ જ સ્થાપિત થઈ જાય છે. એ તો ચારે બાજુથી સમજે તો સમજાય એવું છે, નહીંતર એને સમાધાન થાય એવું નથી. એટલે કોણ સાધક આવો રાગ કેમ કરે છે ? એ પ્રશ્ન અસ્થાને છે.

આ સાધક આમ કરે છે ને નથી કરતા ને આ આમ કરે છે ને કેમ નથી કરતાં ? ને આણે આમ કર્યું ને નથી કરતાં ? એ પ્રશ્ન તારો અસ્થાને છે. એની સમય સમયની યોગ્યતા અનુસાર એ આવે છે, કરવા-ટાળવાનો બેમાંથી એક્કે પ્રશ્ન એના માટે નથી. તારા માટે છે એનું કારણ તને એ વિષયનું જ્ઞાન નથી માટે તારા માટે છે, એના માટે નથી. ખલાસ થઈ ગઈ વાત. એ તો સમજે છે કે હું જ્ઞાતાદૃષ્ટા થયો છું. હવે જે થાય છે એ બધું પૂર્વકર્મકૃત થાય છે. થાવા દ્યો, ઇ બાજી પૂરી થવાની છે હવે.

એક દોરડીને વળ ચડાવી દીધો હોય તો પછી ઇ ઊખડે, આપોઆપ ઊખડે, ઉખાડવી પડે નહીં. પછી જે તીવ્ર હોય એ પહેલાં ઊખડી જાય, ધીમો હોય એ વાર લાગે પછી સાવ સીધું થતાં વધારે વાર લાગે પણ ઇ પડ્યો પડ્યો થઈ જ જશે. ઇ કૃત્રિમ વળ ચડાવ્યો છે એ વળ રહેવાનો નથી.

એમ જે પૂર્વના ભાવો–વિભાવો કરી અનાદિથી જીવ રખડતો ચાલ્યો આવ્યો છે. કેવા કેવા પરિણામ કર્યા છે એને ખબર નથી. એ બધો વળ હવે ઊતરી જવાનો છે. જ્ઞાતા-દૃષ્ટા થઈ ગયા પછી એ વળ રહેવાનો નથી. એ બધા કર્મ પૂર્વકર્મકૃત આવી જવા દ્યો, એ બધા આવી આવી ને ચાલ્યા જશે અને આત્મા એકલો, શુદ્ધ આત્મા

અંતર બાહ્ય રહી જશે. એથી બીજું કોઈ એનું ફળ થવાનું નથી. એનું છેલ્લે આ જ પરિણામ છે.

મુમુક્ષુ :– મૂળ તો કર્તાબુદ્ધિએ પ્રશ્ન કરે એટલે જ આમ છે ને તેમ છે. હું રાગ કરું ને હું દ્વેષ કરું..

પૂજ્ય ભાઈશ્રી :– એ પોતાના દૃષ્ટિકોણથી જુએ છે. પોતાના દૃષ્ટિકોણથી જુએ તો ઊંધું દેખાય. એનો માપદંડ ખોટો છે, સાચું માપ આવશે નહીં. જ્ઞાનીને જ્ઞાનીના દૃષ્ટિકોણથી માપવા જોઈએ.

(અહીંયાં) કહે છે કે, મુનિરાજના **'આહાર–વિહારાદિના અસ્થિરતારૂપ વિકલ્પો...'** એમાંથી વિષય ચાલે છે. અસ્થિરતાના વિકલ્પો બીજી વાત છે અને કર્તૃત્વની બુદ્ધિ એવી હોય એ વિષય બીજો છે. બે વિકલ્પ સરખા દેખાતા હોય તોપણ ખરેખર સરખા નથી. એક મિથ્યાદૃષ્ટિ દ્રવ્યલિંગી મુનિ હોય. એને પંચ મહાવ્રત, અઠ્ઠ્યાવીસ મૂળગુણ નિરતિચાર પાળતા આહાર-વિહારનો વિકલ્પ થાય અને આહાર-વિહાર કરે અને જે ભાવલિંગી સંત હોય એ આહાર વિહારનો વિકલ્પ ઊઠે ને આહાર વિહાર કરે, એક સંઘમાં સાથે હોય, લ્યો ઠીક ! મુનિસંઘમાં સાથે હોય. બેમાં જમીન આસમાનનો ફેર છે. એક સંસારતત્ત્વ છે અને એક મોક્ષતત્ત્વ છે.

ભગવાન 'અમૃતચંદ્રઆચાર્યે' 'પ્રવચનસાર'ની પાંચ રત્ન જેવી ગાથાઓ(ની ટીકા કરી છે). પોતે 'કુંદકુંદઆચાર્ય'ની ગાથાને નામ આપ્યું છે કે હવે પંચ રત્નનો અવતાર થશે. પાંચ ગાથાઓમાં પાંચ રત્નોની વાત છે. ત્યાં દ્રવ્યલિંગી મુનિને સંસારતત્ત્વ કહ્યું છે, ભાવલિંગી મુનિને મોક્ષતત્ત્વ કહ્યું છે. છઠ્ઠે-સાતમે ગુણસ્થાને છે અને એને કેમ મોક્ષતત્ત્વ કહો છો ? આ કરણાનુયોગના પંડિત છે ઇ વાંધો કાઢીને ઊભા રહે. ભાઈ ! આ વાંધા પાડવાનું તારું કામ આમાં નથી. એ મોક્ષતત્ત્વ કહે છે એમાં પણ જે અધ્યાત્મનો અભિપ્રાય અને જે પરમાર્થ છે એ તારા કલ્યાણનું કારણ છે, બીજું કાંઈ નથી. સમજ તો તારા કલ્યાણનું કારણ છે, ન સમજ તો હોનહાર છે, અમે શું કરીએ ? તારા હોનહારનું અમે શું કરીએ ?

સાધકજીવને રાગ ઊઠે છે ત્યાં સુધી કોઈનું હોનહાર સારું જોઈને એને પ્રમોદ થાય છે કે એનું હોનહાર સારું હોય અને આત્માનું સુખ પામીને સુખી થઈ જાય. સારી વાત છે. દુઃખી રહે તો એને એમ થાય કે શું કરીએ ? દુઃખી ન થાય એ

ઇચ્છવા યોગ્ય છે, કોઈ જીવ દુઃખી ન થાય એ ઇચ્છવા યોગ્ય છે પણ કોઈ રીતે આપણા વશનો એ વિષય નથી. એટલે સાચી વાત કરવા છતાં ઘણાં ન સ્વીકારે તો હોનહાર કરીને છોડી દ્યે છે. એના માટે આગ્રહ કે દુરાગ્રહનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**'વિકલ્પો પણ ઘણાં મંદ જ હોય છે.'** એમ. એમાં જરાય આગ્રહ નહીં. આગ્રહ નહીં તો અશુદ્ધ આહાર લે કે નહીં ? એ પાછું નહિ. એનો આગ્રહ નથી. આગ્રહ તો ત્યારે કહેવાય કે કાંઈક કષાય કરે ત્યારે. એમની વૃત્તિ ઊડી જાય છે. આહાર લેવાની વૃત્તિ ઊડી જાય છે. એકદમ આત્મામય પરિણામ થઈ જાય છે અને એટલો પુદ્ગલનો વિકલ્પ ઊઠ્યો હતો એ વિકલ્પ છે એ મરી જાય છે. એ વિકલ્પ મરી ગયા પછી એને જીવતો કરવાનો પ્રશ્ન રહેતો નથી.

મુમુક્ષુ :– આમ તો શું છે કે આત્મામાં ચારિત્રમાં સ્થિર થઈ જાય એટલે વિકલ્પ ઊડી જાય. પાછા બહાર આવે, પાછા ચારિત્રમાં સ્થિર થાય એટલે વિકલ્પ ઊડી જાય એમ જ પ્રક્રિયા.. ?

પૂજ્ય ભાઈશ્રી :– નહીં વિકલ્પ ઊડી જાય છે એમ નથી. એ જ વખતે એ વિકલ્પ ઊડી જાય છે એમાં વિકલ્પથી પણ ઊડી જાય. છેતાલીસ દોષમાંથી એક દોષની શંકા પડી જાય એટલે માનો કે એમને વિકલ્પ આત્માનો આવે. અરે..રે..! આ આત્મા તો અનાહાર સ્વભાવી છે. અનાહારી એવા આત્માને આહારનો વિકલ્પ બેકાર છે. ખાઈ શકું છું ઇ તો પ્રશ્ન જ નથી. એમની વૃત્તિ જે આહાર લેવાના વિકલ્પવાળી વૃત્તિ છે એ મરી જાય છે.

જેમ કોઈ માણસ નથી કહેતા કે હવે ભૂખ મરી ગઈ છે. હવે ખાઈ લ્યો ને. પણ હવે ભૂખ જ મરી ગઈ છે. કોઈ એવો પ્રસંગ બની જાય. ભૂખ લાગી હોય બરાબર અને કોઈ એવો ખરાબ પ્રસંગ બની જાય કે માણસને સાંભળતા આઘાત લાગી જાય. આઘાત લાગે ત્યારે ડૉક્ટરો એમ કહે છે કે, લીવર ઉપર ને હોજરી ઉપરને એટલી બધી અસર થાય છે કે એના પાચકરસો અને આને તેમાં એટલી બધી વિક્રિયા ઉત્પન્ન થઈ જાય છે કે કેટલાકને તો ઊલટી થવા માંડે છે, કેટલાકને ઝાડા થવા માંડે છે, કેટલાકને પેશાબ થઈ જાય છે, કેટલાકને ભૂખ મટી જાય છે, ઊડી જાય છે. એને ખવડાવો (તો કહે), નહીં ખવાય. એક કોળિયો ગળે ઊતરે એવું

નથી એમ કહે. શું કહે ? પણ હમણાં તમે એમ કહેતાં હતા કે કકડીને ભૂખ લાગી છે. તો કહે, એક કોળિયો અમારા ગળે હવે નહીં ઊતરે. તો જેમ એ રીતે શક્ય છે. એ જ રીતે સામે બીજો કષાય જ છે. જે સામે બીજો પ્રસંગ છે ઇ પણ કષાય છે. એક કષાયના આધારે બીજો કષાય આટલો દબાય જાય તો વીતરાગતાના આધારે કષાય ઊડી જાય એમાં શું નવાઈ છે ? ઇ તો બહુ શક્તિવાળું પરિણમન છે. વીતરાગતા તો બહુ શક્તિવાળું પરિણમન છે. એમાં બીજો કષાય ઊડી જાય, વિકલ્પ છૂટી જાય તો છૂટી જાય, એમાં કાંઈ સવાલ નથી બીજો.

મુમુક્ષુ :– એમને તો નિર્વિકલ્પની અપેક્ષાથી જે આહારનો વિકલ્પ આવે છે એટલે ચારિત્રમાં સ્થિર થતાં એ આહારનો વિકલ્પ છૂટી જાય એમ મારું કહેવું છે.

પૂજ્ય ભાઈશ્રી :– નહીંતર પણ સ્થિરતા તો છે જ ને ! (છઠ્ઠા) ગુણસ્થાને વિકલ્પ ઊઠે તોપણ કેટલીક સ્થિરતા તો વીતરાગતા લઈને જ બેઠા છે એ તો. નિર્વિકલ્પતા તો ક્ષણે ક્ષણે આવે છે પણ ઇ જ ક્ષણે નિર્વિકલ્પતા ન હોય અને વિકલ્પ એવો હોય કે અરે..! આત્મા અનાહારી છે એવો વિકલ્પ ઊઠે, લ્યો ! તોપણ ઊડી જાય એ તો. એ તો એમની યોગ્યતા–સ્થિતિ જ એવી છે કે જોવે કે ખલાસ. એની વૃત્તિ ખલાસ થઈ જાય. પછી એમને આહારનો વિકલ્પ રહેતો નથી. પછી એ વાત ગઈ બીજા દિવસ ઉપર. એ નિયમ નથી કે બીજા દિવસે વિકલ્પ આવે જ આવે એવો કોઈ નિયમ નથી. એ તો જ્ઞાન-ધ્યાનમાં ચડી જાય તો કોને ખબર કેટલા ’દી ચાલે એનો કાંઈ મેળ નથી.

**‘ઉપદેશનો પ્રસંગ આવે તો ઉપદેશ આપે,...’** એ પણ મંદ કષાય છે, ત્યાં ઘણો જ મંદ વિકલ્પ છે. ઉપદેશનો પ્રસંગ આવે ત્યાં પણ આ જ વાત લેવી કે ત્યાં પણ ઘણો જ મંદ વિકલ્પ છે તેથી તેમને **‘વિકલ્પની જાળ ચાલતી નથી.’** એમ. નીચેની ભૂમિકામાં વિકલ્પ થોડોક લંબાઈ જાય. શાસ્ત્રની અંદર આટલી આટલી વાત જોરદાર સ્પષ્ટ લખી છે ને હજી દિગંબર થઈને સમજતા નથી, તમને કોઈ એમ કહે. સમજ્યા ? મુનિરાજને વિકલ્પ લંબાતો નથી, એને લાળ લંબાતી નથી. એ વિકલ્પની જાળ (ચાલતી નથી). ઉપદેશનો પ્રસંગ આવે (તો) મંદ વિકલ્પથી દેવાય જાય તો દેવાય જાય, વાત ત્યાં ને ત્યાં ખંખેરીને ઊભા (થઈ જાય), જાણે કોઈને મળ્યા જ નથી. જાણે કોઈને ઓળખતા જ નથી. ખલાસ ! પાછા એ રીતે જ્ઞાન-ધ્યાનમાં લાગી જાય છે.

**તારો દૃષ્ટિનો દોર ચૈતન્ય ઉપર બાંધી દે. પતંગ આકાશમાં ઉડાડે પણ દોર હાથમાં હોય, તેમ દૃષ્ટિનો દોર ચૈતન્યમાં બાંધી દે, પછી ભલે ઉપયોગ બહાર જતો હોય. અનાદિ-અનંત અદ્ભુત આત્માને–પરમ પારિણામિક ભાવરૂપ અખંડ એક ભાવને–અવલંબ. પરિપૂર્ણ આત્માનો આશ્રય કર તો પૂર્ણતા આવશે. ગુરુની વાણી પ્રબળ નિમિત્ત છે પણ સમજીને આશ્રય કરવાનો તો પોતાને જ છે. ૧૮૯.**

તા. ૨૭-૦૮-૧૯૮૭, વચનામૃત–૧૮૯
પ્રવચન નં. ૧૪૨

'બહેનશ્રીનાં વચનામૃત'. પાનું ૫૯ છે. ૧૮૯ બોલ છે. **'તારો દૃષ્ટિનો દોર ચૈતન્ય ઉપર બાંધી દે. પતંગ આકાશમાં ઉડાડે પણ દોર હાથમાં હોય, તેમ દૃષ્ટિનો દોર ચૈતન્યમાં બાંધી દે, પછી ભલે ઉપયોગ બહાર જતો હોય.'** બે ગુણના પરિણમનનો વિષય લીધો છે. એક – દૃષ્ટિ એટલે અહીંયાં શ્રદ્ધાન. પૂજ્ય 'બહેનશ્રી'ની એ પ્રેરણા છે કે એકવાર તારું શ્રદ્ધાન તારા સ્વરૂપનો આશ્રય કરે અથવા તારા શ્રદ્ધાનમાં તારું ધ્રુવ ચૈતન્ય સ્વરૂપ જેવું છે એવું શ્રદ્ધાનમાં આવે, એવું પ્રથમમાં પ્રથમ શ્રદ્ધાનનું કાર્ય થાય તો ઉપયોગની એટલી ચિંતા નથી. અથવા જ્ઞાનગુણનું જે પરિણમન, જેને ઉપયોગ કહેવામાં આવે છે, એ ઉપયોગ છે એ જ્યાં સુધી છદ્મસ્થ અવસ્થા છે ત્યાં સુધી

નિરંતરપણે, અવિચળપણે આત્મસ્થિરતામાં ઉપયોગ રહે એવું કોઈપણ છદ્મસ્થ જીવને બની શકતું નથી.

બુદ્ધિપૂર્વકનો ઉપયોગ છઠ્ઠા ગુણસ્થાન સુધી સ્વરૂપથી બહાર નીકળીને અન્ય પદાર્થને વિશે લાગે છે. અબુદ્ધિપૂર્વકના પરિણામ તો ઠેઠ દસમા ગુણસ્થાન સુધી સૂક્ષ્મ સાંપ્રાય-દસમાં ગુણસ્થાન સુધી બહાર જાય છે. પરિણામનું એ રીતે સ્વરૂપથી બહાર જવું એ આ સ્થિતિ પર્યંત અનિવાર્ય છે. નિવારી ન શકાય એવી આ એક જીવના પરિણામની વૈજ્ઞાનિક સ્થિતિ છે. ભલે જીવ એમ ચાહે કે મારો ઉપયોગ મારા સ્વરૂપમાં જ સ્થિર રહે, જરા પણ મારો ઉપયોગ વિચલિત થઈને બહાર ન જાય પણ એવી ઇચ્છા કે એવી ભાવના કાંઈ કામ આવતી નથી કે એ પ્રમાણે કાર્ય ભજતું નથી, એ પ્રમાણે કાર્ય થઈ શકતું નથી.

જેઓ નિરંતર સ્વરૂપમાં ઉપયોગ સ્થિર કરીને સ્વરૂપમાં ડૂબેલા છે એવા અરિહંત પરમાત્માઓએ આ વિષય સ્પષ્ટ કર્યો કે અમે જે માર્ગે ચાલ્યા છીએ એ માર્ગ તો આ છે કે પહેલાં સ્વરૂપનું શ્રદ્ધાન થવું ઘટે છે. સ્વરૂપનું શ્રદ્ધાન એ અવિચલિત શ્રદ્ધાન છે. શ્રદ્ધાનમાં વિચલિતતા આવતી નથી તો ધીમે ધીમે ગુણસ્થાન અનુસાર ઉપયોગની ચંચળતા પણ છૂટીને તૂટીને અવિચલિતપણે ઉપયોગ સ્વરૂપમાં સ્થિર થઈ જાય એવી દશા ક્રમશઃ પ્રગટ થાય છે. એવું થઈ શકે છે. પણ સીધું જ કોઈ ઉપયોગને સ્વરૂપમાં સ્થિર રાખવા માગે કે મારે સ્વરૂપની બહાર નીકળવું જ નથી તો એ વસ્તુ શક્ય નથી, એ વસ્તુ બની શકે એવું નથી.

ત્રીજી લીટીમાં એમ કહ્યું કે **'ભલે ઉપયોગ બહાર જતો હોય...'** એનો અર્થ એમ નથી કે ઉપયોગ બહાર જાય એમાં મને વાંધો નથી. એવું અહીંયાં કહેવા માગતા નથી અને એવું અર્થઘટન કરવામાં આવે તો એ શબ્દનો છળ પકડેલો ગણાય. ભલે ઉપયોગ બહાર જાય એટલે ઉપયોગ બહાર જાય તો વાંધો નહીં એમ કહેવાનો અહીંયાં બિલકુલ અભિપ્રાય નથી. પણ ઉપયોગ અનિવાર્યપણે બહાર જશે અને ઉપયોગ બહાર જશે તોપણ તને મિથ્યાશ્રદ્ધાન સહિત ઉપયોગ બહાર જશે અને નુકસાન થાય છે એવું નુકસાન શ્રદ્ધાન સ્વરૂપમાં બંધાયેલું હશે અને ઉપયોગ બહાર જશે ઇ બે વચ્ચે ફેર પડશે. મોટો ફેર પડે છે.

શ્રદ્ધાન છે એ અસ્તિત્વને ગ્રહણ કરનારું છે. સ્વરૂપમાં શ્રદ્ધાએ કરીને અસ્તિત્વ

ગ્રહણ કર્યા પછી જે ઉપયોગ બહાર જાય છે તે ક્યાંય પણ અસ્તિત્વ ગ્રહણ કરતો નથી. મારી સત્તા મારામાં છે, મારાથી ભિન્ન સત્તામાં ઉપયોગ જાય છે એનો નિષેધ આવે છે કે જ્યાં મારું સ્થાન નથી, જ્યાં મારું હોવાપણું નથી ત્યાં ફાલતું ઉપયોગ બહાર જાય છે એ દુઃખદાયક છે, દુઃખનું કારણ છે, એ દોષનું કારણ છે અને એ મારા માટે કર્તવ્ય નથી. એવો ભાવ અને એવી સમજણ સ્વરૂપ શ્રદ્ધાનવાળાને રહે છે.

બીજું, કે જીવ પોતાનું ભલું કરવા ચાહે છે. કોઈપણ ધાર્મિક ક્રિયા દ્વારા જીવ પોતાનું હિત કરવા માગે છે, કલ્યાણ કરવા માગે છે પણ એને પહેલાં શું કરીને કલ્યાણ થાય એની એને ખબર નથી. તેથી બહુભાગ જીવો અવિધિએ કરીને ભૂલથી રસ્તો ચૂકીને, રસ્તો છોડીને અન્ય માર્ગે પોતાનું કલ્યાણ કરવાનો પ્રયત્ન કરે છે તેથી તેઓ નિષ્ફળ જાય છે. કલ્યાણના માર્ગને નહીં પ્રાપ્ત થતાં એવા તે જીવો અકલ્યાણને પ્રાપ્ત કરે છે અથવા આત્મિક રીતે પોતાને નુકસાન કરે છે.

એને અહીંયાં સીધી ભલામણ છે કે પ્રથમ તો તારો દૃષ્ટિનો દોર તારું શ્રદ્ધાન છે એ ચૈતન્યમાં બાંધી દે. જો શ્રદ્ધાન ચૈતન્યમાં બંધાયું તો ઉપયોગની એટલી ફિકર નથી. અલબત્ત જેટલો ઉપયોગ બહાર જશે એટલું નુકસાન છે એમાં બે મત નથી તોપણ એમાં એટલું નુકસાન નથી જેટલું શ્રદ્ધાન સ્વરૂપમાં લાગ્યા વિના, લાગ્યા વગર ઉપયોગ બહાર જાય ને નુકસાન થાય.

જેનું શ્રદ્ધાન સ્વરૂપને વિશે નથી એનો ઉપયોગ બહાર જાય છે તો જ્યાં જ્યાં ઉપયોગ જાય છે ત્યાં એનું અસ્તિત્વ ગ્રહણ થાય છે, અસ્તિત્વ ગ્રહણ થતાં તીવ્ર રસ પડે છે અને તીવ્ર રસ પડતાં એકત્વબુદ્ધિએ જે પ્રવૃત્તિ થાય છે એમાં અનંતાનુબંધી કષાય, એકત્વબુદ્ધિ અને મિથ્યાત્વ સહિતના એવા પરિણામ થાય છે કે જે અનંત સંસારના કારણભૂત પરિણામ હોય છે. જ્યારે સ્વરૂપમાં શ્રદ્ધાન લાગ્યા પછી જ્ઞાનદશામાં મોક્ષમાર્ગને વિશે જેઓ પરિણમિત થયા છે એવા ધર્માત્મા પોતાની દશામાં ઉપયોગ બહાર જાય તોપણ તે ઉપયોગથી ચારિત્રનો અસ્થિરતાનો દોષ થાય છે તોપણ તે અનંત સંસારનું કારણ થતું નથી, નવા જન્મ-મરણનું કારણ થતું નથી.

મુમુક્ષુ :– અસ્તિત્વ એ મોટી ચીજ આવી ગઈ.

પૂજ્ય ભાઈશ્રી :– અસ્તિત્વ ગ્રહણ છે એ શ્રદ્ધા દ્વારા થાય છે અને એ વાત ન સમજાય ત્યાં સુધી જીવ બીજે બીજે રસ્તે પોતાનું કલ્યાણ કરવા માટે લાગી જાય

છે. એનો પુરુષાર્થ વ્યર્થ જાય છે, એનો સમય વ્યર્થ જાય છે અને ઊંધા સંસ્કાર દઢ થવાને લીધે એને સન્માર્ગ જલ્દી હાથ આવતો નથી. આ પરિસ્થિતિમાં મુકાઈ જાય છે.

મુમુક્ષુ :- ચક્રવર્તીએ અસ્તિત્વ પકડ્યું છે.

પૂજ્ય ભાઈશ્રી :- જે કોઈ જ્ઞાની હોય પછી એ ચક્રવર્તી હોય, એક તિર્યંચ હોય, ચકલું દેડકું હોય તો પણ એણે પોતાનું ઘર પકડી લીધું છે. શ્રદ્ધામાં એ સંસારને જીતી ગયો એટલે ભગવાને એને જિન કહ્યો. સંસાર જીતી ગયો હોવાથી એને જિન કહી દીધો. અને એ પહેલાં જેટલું કર્યું, દ્રવ્યલિંગી પર્યંતની ભગવાને જિનોક્ત વ્યવહાર કહ્યો એવા વ્યવહારવાળી દીક્ષા આદિ પંચ મહાવ્રત આદિના પાલનની ક્રિયા કરી એ બધું સંસાર અર્થે થયું. શેના માટે થયું ? સંસાર અર્થે થયું. જન્મ-મરણની ગાંઠ ગળવાને બદલે ઊલટાની વૃદ્ધિગત થઈ ગઈ.

શું કહે છે અહીંયાં ? કે **'તારો દષ્ટિનો દોર ચૈતન્ય ઉપર બાંધી દે. પતંગ આકાશમાં ઉડાડે...'** એ દષ્ટાંત લીધો છે કે પતંગ આકાશમાં હજાર ફૂટ દૂર ઊડતો હોય, બે હજાર ફૂટ દોરી છોડી હોય પણ જેના હાથમાં દોર છે એનો પતંગ છે એ એના હાથમાં છે એમ કહેવામાં આવે છે. એ ન્યાયે જ્ઞાનીનો ઉપયોગ અન્ય પદાર્થને વિશે જાય છે ત્યારે પણ નિરર્ગળપણે એના પરિણામ થતાં નથી. આગળિયા વિનાના-Control વિનાના એના પરિણામ થતાં નથી.

એમ કહેવા માગે છે કે સમ્યક્જ્ઞાન સહિતનો અન્ય પદાર્થને વિશે લાગેલો ઉપયોગ રાગાદિનો ઉત્પાદક થતો હોવા છતાં તે સમ્યક્જ્ઞાન એ રાગ ઉપરનો એક Controlling Valve હોય એ રીતે કામ કરે છે. જેમ કોઈ Valve ને Control કરવામાં આવે તો મર્યાદિતપણે જેમ જેનો જે રીતે ઉપયોગ કરવો હોય એ રીતે થઈ શકે છે, એમ કષાય એકદમ મર્યાદામાં આવી ગયો છે. અનંતાનુબંધી છૂટી ગયો છે અને કષાય એકદમ મર્યાદામાં આવી ગયેલો છે. સમ્યક્જ્ઞાનરૂપી ભાન છે, ભાનરૂપી લગામ છે એ નિરંતર જાગૃત છે, સ્વરૂપને વિશે જાગૃત છે. સ્વરૂપને વિશે જાગૃત છે એટલે કે અકષાય સ્વભાવને વિશે જાગૃત છે અને પોતાના અકષાય સ્વભાવથી વિરુદ્ધ એવો જે કષાયકણ ઊપજે છે, એ કષાયકણ મર્યાદાની બહાર જઈ શકતો નથી. એ કષાય ઉપર એનું વજન હોતું નથી, એ કષાયમાં એને રસ હોતો નથી. ઉપયોગ બહાર જાય એના ઉપર એને વજન હોતું નથી, ઉપયોગ બહાર જાય એમાં એને રસ નથી.

એનાથી એ ઉદાસીન છે અને એના નિષેધભાવે પ્રવર્તે છે. તેથી એમાં કાંઈ તાકાત રહેતી નથી. બહુભાગ નિષ્ચેતન જેવો ઉપયોગ કામ કરે છે. જેમ અચેતન કોઈ મડદું થોડીવાર હલી ઊઠે એવું એ મડદું થઈ ગયું છે. રાગાદિ ભાવોનું પ્રાણ વિનાનું મડદું. તેથી એ થોડો જતો હોય તો ભલે જાય એમ કહેવાય છે. થોડો જતો હોય તો ભલે જાય એમ કહેવાય છે એટલે કે એ Control બહાર જતો નથી.

**'અનાદિ-અનંત અદ્‌ભુત આત્માને... અવલંબ.'** શું કહે છે ? અહીંયાં પૂજ્ય 'બહેનશ્રી' આત્માના મહિમાપૂર્વક અવલંબનની વાત કરે છે. આત્માનું અવલંબન રાખ, આત્માનું અવલંબન કર એવી પ્રેરણા આપે છે. પણ એ અવલંબન ક્યારે થશે ? કે જ્યારે જીવને એની મહિમા આવશે ત્યારે. જે જે પદાર્થની આ જીવને મહિમા છે પરિણામ એનું અવલંબન લીધા વિના રહી શકતા નથી. ઘરની મહિમા હોય તો વારંવાર ઘર સાંભરે, શરીરની મહિમા છે એટલે વારંવાર શરીરની સંભાળ કરે છે અને પોતાના જીવન ઉપરથી અને પોતાના પરિણમન ઉપરથી સૌ સમજી શકે એવો, અનુભવગોચરપણે અનુભવ પદ્ધતિથી સમજી શકે એવો એ વિષય છે કે આ જીવને શેની મહિમા છે કે જેનું અવલંબન એને છૂટતું નથી. આ સીધો વિષય છે.

અહીંયાં એમ કહે છે કે, **'અનાદિ-અનંત અદ્‌ભુત આત્માને...'** પછી જે હાયફન-કર્યું છે કે **'પરમ પારિણામિક ભાવરૂપ અખંડ એક ભાવને...'** આત્માને એટલે શું ? આત્મા એટલે મૂળ સ્વરૂપ અહીંયાં એમ લેવું છે. આત્મા એટલે શ્રદ્ધાના વિષયભૂત સ્વરૂપ. પરમ પારિણામિક ભાવરૂપ અખંડ એક પરમાત્મ તત્ત્વ છે, એ પોતાનું પરમપદ છે એનું અવલંબન તું રાખ. શ્રદ્ધાએ કરીને એનું અવલંબન કર, જ્ઞાને કરીને એનું અવલંબન કર, આચરણે કરીને એનું જ અવલંબન કર.

સર્વ ગુણો અંતર્મુખ થઈને જીવનું સમગ્ર પરિણમન સ્વરૂપના અવલંબનમાં રહે એ જ્ઞાનીઓની અને પરમ જ્ઞાનીઓની શિખામણ છે, ભલામણ છે. અથવા આ એમનો બોધ છે – ઉપદેશ છે અને એ પ્રથમ શ્રદ્ધા થતાં ચાલુ થાય છે, બીજી રીતે થઈ શકતું નથી. અન્ય મતિ પણ સ્વરૂપમાં સમાધિ લગાવવાના પ્રયત્ન કરે છે. કોઈ પર્વત ઉપર ચડીને સમાધિ લગાવે છે. કોઈ જમીનમાં દટાઈને, કોઈ પાણીને વિશે જળસમાધિ લે છે. જુદાં જુદાં પ્રકારે. અને સ્વરૂપમાં ઉપયોગ લગાવવા માટે અનેક જાતના પ્રયોગ કરે છે. આપણે તો 'ગુરુદેવશ્રી'ની કૃપા છે એટલે બીજે આડેઅવળે ભાલે ભરાવાની

વાત નથી. સીધી આત્માની વાત પરમ પારિણામિક ભાવની વાત, શુદ્ધાત્મ સ્વરૂપની, પરમાત્મપદની વાત સીધી મળે છે. બહાર જઈએ છીએ ત્યારે ખબર પડે છે કે લોકો કેવી કેવી રીતે ફસાઈ ગયા છે.

'મદ્રાસ'માં એક ભાઈ આવ્યા હતા. જે સ્થાનકવાસી જૈન હતા. નાની ઉંમરના ભાઈ હતા, પાંત્રીસ-ચાલીસ વર્ષના. (એમણે કહ્યું), 'હું એક મધ્યપ્રદેશમાં આશ્રમમાં જાઉં છું. બૌદ્ધમતનો કોઈ ફાંટો છે. બૌદ્ધમતની કોઈ સંસ્થા ચાલે છે. ધ્યાન કરવાનું શીખવાડે છે. છ છ કલાક ધ્યાન કરાવે છે.' મેં કહ્યું, 'ભાઈ ! શેનું ધ્યાન કરો છો ?' શરીરનું ? પૂછ્યું, શેનું ધ્યાન કરો છો ? શરીરનું ધ્યાન કરીએ. શરીરનું ધ્યાન કરો એટલે શું ? શરીરમાં શું ધ્યાન કરો ? તો કે શરીરમાં શું શું થાય છે ઇ જોયા જ કરવાનું, બસ ! શું થયું ધ્યાનમાં ? તો કે એક અઠવાડિયે શરીરમાં ઝણઝણાટી થતી હતી એવી ખબર પડી. પછી કહે, આવું ધ્યાન કરીએ તો શરીરમાં ઘણાં રોગ નથી થતાં. કો'ક કો'ક રોગ સારા એવા થયા હોય તો મટી જાય, ઠીક ! હવે આ બધી ધર્મની લાઇન કે અધર્મની લાઇન ? બિચારાને કાંઈ ખબર નથી.

સ્થાનકવાસી જૈન હતા, આપણા મુમુક્ષુના સગા થાય. જેને ત્યાં ઊતરતા હતા એના સાળા થતાં હતા. 'મુંબઈ' રહેતા હતા. કાંઈ કામ ધંધા અર્થે 'મદ્રાસ' આવેલા. કુદરતી ભાઈ આવી ગયા. આ અમારા સાળા કંઈક વાત કરે છે. સમજવાનો પ્રયત્ન કરો. એ પણ કોઈ ધાર્મિક સંસ્થામાં જાય છે ને કલાકોના કલાકો ધ્યાન કરે છે. સવારના ચારથી છ બે કલાક પછી એક કલાક ચા-પાણી નાસ્તો પાછું આઠથી દસ, બે કલાક બીજું ધ્યાન. બે બે કલાકના કટકે-કટકે. આ છ-છ કલાક તો ક્યાં ટકી શકે ? Practice કરાવે.

પછી જે ભાઈ છે જેને ત્યાં અમે ઊતર્યા હતા એ પણ નાની ઉંમરના છે, આડત્રીસ ચાલીસ વર્ષના. બે વર્ષથી બહુ સારો રસ લ્યે છે. સાંભળ્યા પછી મેં કીધું કેમ ? આમાં તમે ફસાણા નથી એટલો તો કંઈક વિચાર આવે છે ? મને કહે, ખરેખર આ દુનિયામાં ક્યાં કલ્યાણ કરવું ? કેમ કલ્યાણ કરવું ? કોની પાસે જાવું ? કોની સલાહ લેવી ? કોનું માનવું ? કોનું ન માનવું ? ઇ જ નક્કી કરવું મુશ્કેલ છે પહેલું તો. પહેલું તો ઇ નક્કી કરવું મુશ્કેલ છે કે કોણે કલ્યાણ કર્યું છે ? અને કોની પાસેથી કલ્યાણ થાય ને એનો રસ્તો શું છે ? એની સળ સૂઝવી મુશ્કેલ છે.

આ બધા તત્ત્વના બોલ એવા સુંદર છે. સીધી વાત છે કે પરમ પદાર્થ તારો આત્મા છે. પરમાત્મ તત્ત્વ સ્વરૂપ અંદર બિરાજમાન છે. પરમ ભક્તિથી, પરમ આદરથી એના પ્રત્યે જા, એનું અવલંબન લે. પ્રથમ શ્રદ્ધાથી આ કાર્ય થશે. શ્રદ્ધાએ કરીને પહેલાં આ કામ કર. શ્રદ્ધાએ કામ કર્યા પછી પણ તારો ઉપયોગ બહાર જશે, પણ હવે એ પતંગનો દોર તારા હાથમાં આવી ગયો છે. એટલું મુંઝાવાની જરૂર નથી. બહુ પદ્ધતિસર વ્યવસ્થિત રીતે વાત છે.

શું કહે છે ? આ તો એક દૃષ્ટાંત આપ્યો, પણ આ જીવે અનંત કાળમાં આમ જ કર્યું છે. જ્યાં ત્યાં ભાલે ભરાણો છે, કલ્યાણના માર્ગને ચૂકી ગયો છે, અકલ્યાણને દૃઢ કરી ગયો છે. પછી એને કોઈ સાચી વાત કહે તોપણ એને એ સાચી વાત સ્થાન પામે એવું પરિણામની અંદર એના શ્રદ્ધા-જ્ઞાનમાં અવકાશ હોતો નથી. આ પરિસ્થિતિ થાય છે.

**'અનાદિ - અનંત અદ્ભુત આત્માને... અવલંબ.'** પરમ પારિણામિકભાવ સ્વરૂપ છે, અખંડ એક ભાવ છે. જેના એક એક ગુણો જોવામાં આવે તો અલૌકિક ગુણો છે. અદ્ભુતથી અદ્ભુત ગુણો છે, અદ્ભુતથી અદ્ભુત એવું સ્વરૂપ છે. પરમ આશ્ચર્યકારી છે. જેને જોતા ઉપયોગ થંભી જાય એવું સ્વરૂપ છે. જેને જોતા જોનાર થંભી જાય, એવું જે પરમાત્મપદ છે એનું અવલંબન કર, એને તું ઓળખ. ઓળખતા તને એનો મહિમા આવશે, એની કિંમત આવશે. અને તને એમાં જ રહેવાની ભાવના થશે.

આખરમાં તો કાંઈ પણ કરીને તારે સુખ-શાંતિ જોઈએ ને ? કોઈપણ જીવને. તારે કે કોઈ પણ જીવને આખરમાં કાંઈ પણ કરીને જોઈએ તો સુખ-શાંતિ જોઈએ. તો જે અનંત સુખ-શાંતિનો ભંડાર સ્વયં પોતે જ છે અને પોતાની સુખ-શાંતિ એ સિવાય ક્યાંય નથી, આવી વાત વાસ્તવિકપણે જ્યારે તને સમજાશે ત્યારે તને અવલંબન કરવાનું ખરું આકર્ષણ ઉત્પન્ન થશે. અને ત્યાં સુધી તારું પર સંબંધીનું સુખબુદ્ધિપૂર્વકનું ને રસબુદ્ધિવાળુ જે આકર્ષણ છે એ કોઈ રીતે મટી શકશે નહીં અને પરિણામ બહાર જાતાં અટકશે નહીં.

**'પરિપૂર્ણ આત્માનો આશ્રય કર તો પૂર્ણતા આવશે.'** પરિપૂર્ણ આત્માનો. પરિપૂર્ણ આત્મતત્ત્વ છે. પૂર્ણતાના આશ્રયે પૂર્ણતા આવશે. અધૂરી દશા એ ઉપાસનીય નથી,

ઉપાસવા યોગ્ય નથી કે મને સમ્યકૃદર્શન થાય એટલે બસ, મને ખાલી મુનિપણું આવે એટલે બસ ! એ કોઈ ખરેખર ઉપાસવાનો વિષય નથી. પોતાનું જે પરિપૂર્ણ સ્વરૂપ એ પરિપૂર્ણ તત્ત્વ આશ્રય કરવા યોગ્ય છે અને એના આશ્રયે પૂર્ણતા જ ઉપાસવા યોગ્ય છે, બીજું કાંઈ ઉપાસવા યોગ્ય નથી.

**'પરિપૂર્ણ આત્માનો આશ્રય કર તો પૂર્ણતા આવશે.'** નહીંતર ભૂલથી કેટલાક જીવોને એમ થાય છે એક સમ્યગ્દર્શન મને થઈ જાય એટલે બસ. મને એક આત્માનું જ્ઞાન થઈ જાય એટલે બસ ! મને એકવાર અનુભવ થઈ જાય એટલે બસ ! એ વાત પણ અધૂરી સમજણની છે, એ વાત પણ પૂરી સમજણની નથી. અવસ્થા અપેક્ષાએ પણ પૂર્ણતાનું લક્ષ હોવું જોઈએ, આશ્રય અપેક્ષાએ પણ પૂર્ણતાનો જ આશ્રય કર્તવ્ય છે.

અવસ્થા અપેક્ષાએ જે પૂર્ણતાનું લક્ષ છે એવી પૂર્ણ અવસ્થા ભલે પ્રગટ થઈ નથી તોપણ જ્યાં સુધી એવી અવસ્થા પ્રગટ ન થાય ત્યાં સુધી કોઈપણ અધૂરી અવસ્થામાં સંતોષ પકડવો એ મારા માટે કાર્ય હોઈ શકે નહીં. ત્યાં સુધી, જ્યાં સુધી પૂર્ણતા ન થાય ત્યાં સુધી અવિરતપણે મારો પુરુષાર્થ પૂર્ણતા પ્રત્યેનો જ રહેવો જોઈએ એવું જે પરિણમનનું વલણ એને પૂર્ણતાનું ધ્યેય અથવા પૂર્ણતાનું લક્ષ કહેવામાં આવે છે. લક્ષનો અર્થ જ એ છે કે એ બાજુની ચાલ ચાલુ રહેવી. એ બાજુની ચાલ ચાલુ રહેવી એને પૂર્ણતાનું લક્ષ કહે છે. મારે પૂર્ણ થાવું છે ને ચાલ બીજી બાજુની ચાલવા માંડે એને લક્ષ કહેતા નથી.

આપણે કોઈ કોઈ વાર આ વિષય ચર્ચાય છે કે, પૂર્ણતાને લક્ષે શરૂઆત તે જ વાસ્તવિક શરૂઆત છે. શરૂઆતથી માંડીને આગળના કોઈપણ કાર્ય માટે આ એક અત્યંત મહત્વનું સૂત્ર છે અથવા અત્યંત મહત્વનો આ સિદ્ધાંત છે. નહીંતર જીવના પરિણામની ચાલ ક્યારે કઈ બાજુએ હોય એની એને પોતાને ખબર હોતી નથી. આ વાત ખીલે બંધાઈ ગઈ કે મારે પરિપૂર્ણ શુદ્ધ થવું છે. એક કષાયકલંકનો એક કણ પણ મારે ન જોઈએ, ન જોઈએ ને ન જોઈએ. આવું જ્યારે ધ્યેય એનું નક્કી થઈ જાય છે અને એ ધ્યેયને અનુસરતો એ જાગૃત રહે છે ત્યારે એને એ લક્ષ છે એમ કહેવાય. એક કોર વાત સમજી લીધી કે હા, પૂર્ણતાનું લક્ષ હોવું જોઈએ અને વાત એક કોર પડી રહે એમ નથી. એનું અનુસરણ પૂરી જાગૃતિથી ચાલુ રહે ત્યારે એને લક્ષ થયું કહેવાય.

એક દૃષ્ટાંત લઈએ કે, અહીંથી આપણે આપણા ઘરે જાવું છે. પગે ચાલતા નીકળ્યા કે વાહન હોય એની સાથે કાંઈ મતબલ નથી. જેટલું તમે આગળ ચાલશો અને જેટલા વળાંક આવશે એ બધા વળાંક તમે એવી રીતે વળશો કે તમારા ઘર બાજુ પહોંચાય. ચાહે દુનિયાભરના વિચાર કરતાં કરતાં ચાલો, ચાહે કોઈની સાથે વાતચીત કરતા કરતા ચાલો, ચાહે રસ્તાના ટ્રાફિકને તારવતા ચાલો પણ તમે તમારા ઘર બાજુ ચાલો છો. પહોંચતા પંદર મિનિટ થાય કે ત્રીસ મિનિટ થાય, જરૂર નથી કે તમારે વિકલ્પ કરવો પડે કે ઘર આ બાજુ છે, ઘર આ બાજુ છે. એવો વિકલ્પ કરવાની જરૂર રહેતી નથી. વગર વિકલ્પે તમારા ઘર ભણીની તમારી ચાલ તમારા લક્ષની હયાતીને પ્રસિદ્ધ કરે છે, જાહેર કરે છે કે તમારું લક્ષ બરાબર છે, ક્યાંય આડુંઅવળું તમારું લક્ષ નથી, ઘરે જવાનું જ લક્ષ છે.

એમ પરિપૂર્ણ શુદ્ધતા પ્રત્યે જેનું જવાનું લક્ષ છે એ પર્યાયે પર્યાયે, પદે પદે પોતાની શુદ્ધતા વધે છે કે અશુદ્ધતા વધે છે એનો એક અસાધારણ જાગૃત ચોકીદાર થઈ જાય છે. એવી ચોકીદારી પરિણામમાં ઊભી થઈ હોય તો લક્ષ બંધાણું છે નહીંતર લક્ષ વગરનું તીર ક્યાં જઈને પડે, કેવી રીતે આડુંઅવળું જાય એની કાંઈ ખબર રહેતી નથી. આ પરિસ્થિતિ ઊભી થાય.

એક તો એ પૂર્ણતાના લક્ષનો વિષય છે. બીજું, કે પોતાનું જે પરમ પારિણામિકભાવ સ્વરૂપ જે આત્મતત્ત્વ છે, પરમપદ છે, મૂળ સ્વરૂપ છે, અસલ સ્વરૂપ છે એ કેવું છે ખરેખર પરિપૂર્ણ, એ ઓળખ્યા વિના આશ્રય નહીં થાય. એની ઓળખાણથી એનો આશ્રય થશે. જ્યાં સુધી એની ઓળખાણ નહીં થાય ત્યાં સુધી એનો આશ્રય કોઈ રીતે થઈ શકે એવું નથી. ઓઘેઓઘે માન્યું હોય છે કે મારો આત્મા, મારો આત્મા, મારો આત્મા. પણ એમ કાંઈ આત્માનો પત્તો લાગતો નથી.

'સમયસાર'ની અંદર ભગવાન 'અમૃતચંદ્રઆચાર્યે' 'જ્ઞાનમાત્ર' કહીને જે વારંવાર શબ્દપ્રયોગ કર્યો છે એનો ખુલાસો પરિશિષ્ટમાં કર્યો કે, આ જ્ઞાનમાત્ર કહેવા પાછળ અમારો હેતુ જ્ઞાનમય સત્તા જેની છે એવા અખંડ પરિપૂર્ણ આત્માને ઓળખવાનો હેતુ રહેલો છે. આત્માને ઓળખાવવા માટે આ બધી વાત કરી છે. એ પરિશિષ્ટની અંદર ખુલાસો કર્યો. 'હૈદરાબાદ'માં આ પરિશિષ્ટનો વિષય ચલાવ્યો હતો.

એ આત્માની ઓળખાણ કર અને પરિપૂર્ણ આત્માનો આશ્રય કર તો પૂર્ણતા

આવશે. પૂર્ણતાના અવલંબને પૂર્ણતા પ્રગટશે. અવલંબન એ એક એવા પરિણામ છે અથવા પરિણમનનો એ એક એવો પ્રકાર છે કે જેને લઈને પરિણામ તદાકાર થાય છે.

પ્રથમ ચોથા ગુણસ્થાને શુદ્ધાત્માનું, પરિપૂર્ણ આત્માનું અવલંબન આવે છે. અવલંબન ભલે અધૂરું હોય છે તોપણ અવલંબનનો વિષય અવલંબનભૂત તદાકાર પરિણામને લીધે અવલંબનમાં હું પરિપૂર્ણ પરમાત્મા છું એવો અનુભવ થાય છે. એટલે એક ન્યાયે–અનુભવના ન્યાયે તે પરમાત્મા થયો એમ કહેવામાં આવે છે અથવા પરમાત્મસ્વરૂપે પોતે છે એવો જ એને પોતાનો અનુભવ થયો. જેઓ પરમાત્મસ્વરૂપે પોતે છે એવો જ પોતાને પોતાનો અનુભવ થયો કે હું પરમાત્મા, પરિપૂર્ણ પરમાત્મા છું. ભલે અવલંબન અને અનુભવ અધૂરો છે પણ એનો વિષય અને એનો ભાવ અધૂરો નથી. અભિપ્રાય અધૂરો નથી રહેતો.

વળી વિશેષ કરીને વાત એ છે કે શ્રદ્ધાન અધૂરું થાતું નથી. જ્યારે સ્વરૂપ શ્રદ્ધાન પ્રગટે છે અને એ શ્રદ્ધાન અધૂરું થાતું નથી. જેવું પરિપૂર્ણ પરમાત્મપદ છે એવું પૂરું શ્રદ્ધાન થઈ જાય છે. શ્રદ્ધાથી એને એમ થયું કે હું ખરેખર પરમાત્મા છું. ક્યારે ખરેખર પરમાત્મા છું ? કે સદાય છું અને અત્યારે પણ અનુભવગોચરપણે છું. તેથી એમ કહે છે, જ્ઞાની એમ કહે છે કે હું પરમાત્મા છું.

'શ્રીમદ્ રાજચંદ્રજી'એ અમે પચીસમા તીર્થંકર છીએ એવો પોકાર કર્યો. ક્યાંથી કર્યો હશે એમણે પોકાર ? ચોવીસ તીર્થંકર પછી જૈનાગમમાં તો કોઈ પચીસમા તીર્થંકર નથી. હવે આવા મહાપુરુષ છે, જેને મહાવિવેક પ્રગટ્યો છે (એ) કોઈ પાગલપણમાં વાત કરતા નથી. એ એમ કહે કે અમે પચીસમા તીર્થંકર થયા છીએ ત્યારે એની પાછળ શું રહસ્ય છે એણે સમજવું જોઈએ. કે ચોવીસ તીર્થંકરે આત્માનો જે બોધ આપ્યો, વર્તમાન કાળમાં એ ચોવીસ તીર્થંકરના વિયોગના કાળમાં કોઈને એ તીર્થંકર પરમાત્માનો બોધ જોઈતો હોય તો એ જગ્યાએ હવે અમને સ્વરૂપનો બોધ પ્રાપ્ત થવાથી અમે એ કહેવાને સમર્થ છીએ. એમ એમને કહેવું છે. એટલે ચોવીસ તીર્થંકર ચાલ્યા ગયા, પચીસમા જેવું કામ થઈ શકે એવું છે, જો જીવને કરવું હોય તો. આ વાત કહેતા કેટલી બધી હિંમત કરી હશે એમણે !

એ પરમાત્મપદના આશ્રયમાંથી નીકળેલા વચનો છે. કેવી વાત છે ? એ

પરમાત્મપદના આશ્રયમાંથી નીકળેલા વચનો છે. આ કાળના અમે બીજા 'શ્રીરામ' છીએ. ભૂતકાળના 'મહાવીર'ને શોધો માં. વર્તમાનમાં 'મહાવીર' પ્રગટપણે તમારી સામે છે. કેવી કેવી વાત કરી છે ! ત્રણ પુરુષોના નામ લીધા છે. તીર્થંકરની વાત કરી, 'મહાવીર ભગવાન'ની વાત કરી, 'રામચંદ્રજી'ની વાત કરી.

ઘણાં લોકો 'રામચંદ્રજી'ને માને છે, બહોળો સમુદાય છે અને રામની પાછળ તો લોકો એવા આજે પણ ગાંડા અને પાગલ છે કે એક કરોડ વાર રામનું નામ લખો. કેટલું ? એક કરોડ વાર. અબજ વાર લખો, કાંઈ એની Limit જ નથી. એમ બસ ! રામ, રામ ને રામ. બીજું કાંઈ જોઈએ નહીં. મુખ મેં રામ, જાગતા રામ, ઊંઘતા રામ. આ એક સંપ્રદાય આખો ચાલે છે. તો કહે છે, એ રામ કરતાં આ રામ છે એને તમે ઓળખો. ખરો રામ તો અત્યારે છે. એમ કહે છે. બીજો રામ જ આ છે. ગજબ હિંમતથી વાત કરી છે. એનું કારણ એ છે કે સાક્ષાત્ પરમાત્મતત્ત્વનો સ્વ-સ્વરૂપે, નિજ-સ્વરૂપે, અનુભવ પ્રગટ થઈ ગયો છે અને એ અનુભવ કેમ થાય એ કહેવા માટે પોતે બરાબર સમર્થ છે. જો કોઈ પાત્ર જીવ હોય તો એને એ પરમાત્મપદને પમાડવા સમર્થ છે. પાત્ર જીવને માટે તો સંસારમાં ડૂબતાને જેમ કાંડું પકડીને કોઈ બહાર ખેંચી લે, ગળકા ખાતો હોય, છેલ્લું ગળકું ખાવાની તૈયારીમાં હોય ને ગ્યો એમ હોય ત્યાં ફડાક કાંડું પકડીને જેમ કોઈ બહાર ખેંચી લ્યે, એવી રીતે સત્પુરુષો પાત્ર જીવને સંસારમાં ડૂબતા બચાવી લે છે.

**'ગુરુની વાણી પ્રબળ નિમિત્ત છે.'** ગુરુની વાણી કહો, સત્પુરુષની વાણી કહો, મહાપુરુષની વાણી કહો એ પ્રબળ નિમિત્ત છે. જ્યારે આ વચનામૃતો ચાલતા હતા ત્યારે તો 'ગુરુદેવ'શ્રી વિદ્યમાન હતા, બિરાજમાન હતા એટલે 'ગુરુદેવ'ને અનુલક્ષીને કહે છે કે **'ગુરુની વાણી પ્રબળ નિમિત્ત છે.'** તોપના ગોળા જેવી ગુરુની વાણી હતી. લાયક જીવને મિથ્યાત્વના ચૂરેચૂરા ઊડી જાય એવો જેમનો ઉપદેશ હતો. પ્રબળ નિમિત્ત છે એમ કહ્યું. પોતાને અનુભવ થયો છે. ગુરુવાણીથી પોતાના મિથ્યાત્વનો નાશ થયો છે એટલે એની પ્રબળતા કેવી છે એ એમને સ્વાનુભવગોચર છે. એ સ્વાનુભવને લક્ષમાં રાખીને કહે છે.

અનુભવને અનુભવીને કહે છે કે, ગુરુવાણીમાં મિથ્યાત્વને તોડવાનું કેટલું પ્રાબલ્ય છે ! એ પોતાના અનુભવથી કહે છે. અનાદિથી અનંત કાળ પ્રવર્તી ગયો. મિથ્યાત્વ

તૂટ્યું નથી, દર્શનમોહ છૂટ્યો નથી, અનંતાનુબંધીનો કષાય જીવને તૂટ્યો નથી. આ સાથે જે એકસાથે અવિનાભાવીપણે રહેવાવાળા પરિણામ છે, એ જેના નિમિત્તે તૂટે છે એનું નિમિતત્ત્વ જોઈને એ વાણીને પ્રબળ નિમિત્ત કહેવામાં આવે છે. એ નિમિતત્ત્વ જોઈને કહે છે. એવું નિમિતત્ત્વ સર્વ સાધારણની વાણીમાં હોતું પણ નથી. દરેકની વાણીમાં એ વાત હોતી નથી.

**'ગુરુની વાણી પ્રબળ નિમિત્ત છે. પણ સમજીને આશ્રય કરવાનો તો પોતાને જ છે.'** બે વાત એકસાથે કરે છે. આ વિષય હંમેશા પૂજ્ય 'બહેનશ્રી'ની ચર્ચામાં, એમની વાતચીતમાં, એમના ઉપદેશમાં સાથે રહ્યો છે. ગુરુવાણીનો અને 'ગુરુદેવ'નો આત્મહિતાર્થે ભરપૂર મહિમા કરતાં કરતાં પણ સાથે એમ મુમુક્ષુજીવને કહે છે કે આ કોઈ અમે નિમિત્તાધિન દૃષ્ટિથી વાત કરતાં નથી. મહિમા આવે છે એટલે મહિમા જરૂર કરીએ છીએ પણ એ કોઈ નિમિત્તાધિન દૃષ્ટિની વાત નથી.

મુમુક્ષુજીવે એમ સમજવા યોગ્ય છે કે આ વાત, ગુરુવાણીની વાત સમજીને આશ્રય તો પોતાને જ કરવાનો છે. કોઈ બીજો આશ્રય કરી દેશે એ વાત રહેતી નથી. વાણી પોતાનું કાર્ય કરે છે. મારું કાર્ય કરશે, એમ સમજવાનું નથી. ગુરુ પોતાનું કાર્ય કરે છે, ગુરુ મારું કાર્ય કરે છે એ વાત પણ સમજવાની રહેતી નથી. ત્યારે જ એ ગુરુવાણીને યથાર્થ રીતે સમજ્યો છે. નહીંતર એ ગુરુવાણીને યથાર્થ રીતે સમજ્યો નથી.

એટલે બન્ને વાત સાથે લે છે કે ગુરુવાણી પ્રબળ નિમિત્ત હોવા છતાં પણ. પણ ની જે વાત લીધી છે, યોગ્ય શિષ્ય એમ સમજે છે કે 'ગુરુદેવ'ની વાત સમજીને મારે પ્રયત્ન કરવાનો છે, મારે પુરુષાર્થ કરવાનો છે. આશ્રય કરવાનો પુરુષાર્થ હું કરીશ તો મારું કામ થશે. ગુરુવાણી એક વાત છે, પુરુષાર્થ કરવો એ એક બીજી વાત પણ છે. એ વાત ભૂલી જઈને માત્ર ગુરુવાણી, ગુરુવાણી, ગુરુવાણી, ગુરુવાણી એમ ગુરુવાણીનો મહિમા કરવાથી પણ કોઈ કામ થાય છે એમ ખરેખર નથી. પણ જે જીવ, અનાદિથી પોતાના હિતનો રસ્તો જોયો નથી એવા જીવને જ્યારે કોઈ હિતનો રસ્તો દેખાડનાર શ્રીગુરુ મળે છે ત્યારે એને એનો પોતાનો અનંત ભૂતકાળનો ઇતિહાસ ચલચિત્રની જેમ નજર સામે આવે છે કે, અરેરે ! હું ક્યાં ક્યાં ભટક્યો ? કેમકેમ દુઃખી થયો ? માર્ગ માટે મેં કેવા માથા પછાડ્યા ? કેવા આકરા તપ કર્યાં ? કે કેવા

આકરા સંયમ પાળ્યા ? શું શું ન કરવાનું મેં કર્યું ? પણ હું માર્ગ ભૂલ્યો મને ક્યાંય માર્ગ મળ્યો નહીં. ઘણો દુ:ખી થયો. એ દુ:ખની, પોતાની, પોતાના દુ:ખની દયા પોતાને આવે છે, સાથે સાથે કહેનારનો ઉપકાર એને સમજાય છે કે અરેરે..! આમણે કદાચ ન કહ્યું હોત, જોકે ધ્યાન ખેંચાવું એ પોતાની યોગ્યતાનો વિષય છે, કહેનારા અનંતવાર મળ્યા છતાં જીવનું ધ્યાન ખેંચાતું નથી, પણ જ્યારે ધ્યાન ખેંચાય છે ત્યારે એને એમ લાગે છે કે જો આ કહેનાર ન મળ્યા હોય તો મારું ધ્યાન ખેંચાવાનો પ્રશ્ન ક્યાંથી ઊભો થયો હોત ? એટલે એને એના પ્રત્યે એટલો બધો બહુમાનનો ભાવ આવે છે કે 'શ્રીમદ્જી'એ જેમ ૨૨૫ ના પત્રમાં કહ્યું કે કોઈ દેહધારી દિવ્યમૂર્તિ પરમાત્માએ મારા માટે અવતાર લીધો છે.

જ્યારે 'ગુરુદેવ'ના હાથમાં 'સમયસાર' આવ્યું હશે અને અંતરમાં માર્ગ જોયો હશે, સંસ્કારવશ ભલે જોયો હશે ત્યારે એમને કેવો ભાવ આવ્યો હશે ? કે બે હજાર વર્ષ પહેલાં જંગલમાં દિગંબર આચાર્યે દક્ષિણમાં 'મદ્રાસ' પાસે પોન્નુરહીલ ઉપર લખ્યું છે. આ લખ્યું હશે ત્યારે મારા માટે લખ્યું હશે એમ લાગે છે. કેમકે નહીંતર રહે ક્યાંથી ? બે હજાર વર્ષ સુધી મકાન ટકતા નથી ચોપડી કેવી રીતે ટકે ? આ એક સારું મકાન બાંધો તો ૨૦૦ વર્ષનું આયુષ્ય છે. ૧૫૦-૨૦૦ વર્ષમાં મકાન ખલાસ થાય ને નવા કરવા પડે છે. પાયામાંથી પાડીને નવા કરે છે ને ?

બે હજાર વર્ષે પુસ્તકના પાનાં મોજૂદ છે. ૪૧૫ અખંડ ગાથા રહી ગઈ છે. ગાથા અખંડ રહી ગઈ છે નહીં અખંડપણે મોક્ષનો માર્ગ જેમાં રહી ગયો છે. નક્કી મારું આત્મહિત થવાનું હતું. આ ગ્રંથ–આ શાસ્ત્ર મારા માટે લખાયું છે એવો ભાવ એમને આવ્યા વિના રહેતો નથી. શાસ્ત્ર હોય તો (આવા ભાવ આવે છે) તો જો જીવંત કોઈ આચાર્ય હોય, જીવંત કોઈ જ્ઞાની હોય તો એને દેહધારી પરમાત્મા જાણે મને તારવા માટે અવતાર લઈને જ આવ્યા હોય એવું એને લાગે છે. એટલે એને અત્યંત ભક્તિ તો ઉલ્લસે છે સાથે સાથે એને ભાન થાય-હોય છે કે હવે હું નિષ્ક્રિય રહીને અથવા પ્રમાદમાં સમય ગુમાવીને, પ્રમાદ એટલે બીજા બીજા કાર્યો કરવા એનું નામ પ્રમાદ છે, ઊંઘી જવું એનું નામ પ્રમાદ નથી, મારું હિત હવે હું ચૂકીશ નહીં. સતતપણે, અવિરતપણે મારો અંતર પુરુષાર્થ હું ચાલું રાખીશ અને મારું કાર્ય હવે હું સાધી લઈશ. આ તક હવે હું જવા દેવા માગતો નથી. એક બોલમાં કહ્યું

છે કે અનંત ભવ થાય એવા ભાવમાં ભવ વ્યતીત થવા દેવા યોગ્ય નથી. આ પાત્રતામાંથી નીકળેલી, ભૂમિકામાંથી નીકળેલી વાણી છે. એ ભૂમિકામાં આ વાત ઊગે છે એ વાત એમણે પ્રદર્શિત કરી છે.

એ આશ્રય પોતાને કરવાનો છે એમ કરીને પોતાની જાગૃતિ અને પોતાના કાર્યની સભાનતા વર્તે છે અને સાથે સાથે નિમિત્તનું બહુમાન યથાયોગ્યપણે આવી જાય છે એ બન્ને વાત લીધી છે.

મેં અનાદિ કાળથી બધું બહાર-બહારનું ગ્રહણ કર્યું–બહારનું જ્ઞાન કર્યું, બહારનું ધ્યાન કર્યું, બહારનું મુનિપણું લીધું, અને માની લીધું કે મેં ઘણું કર્યું. શુભભાવ કર્યા પણ દૃષ્ટિ પર્યાય ઉપર હતી. અગાધ શક્તિવાળો જે ચૈતન્યચક્રવર્તી તેને ન ઓળખ્યો, ન ગ્રહણ કર્યો. સામાન્યસ્વરૂપને ગ્રહણ કર્યું નહિ, વિશેષને ગ્રહ્યું. ૧૯૦.

તા. ૨૮-૦૮-૧૯૮૭, વચનામૃત–૧૯૦
પ્રવચન નં. ૧૪૩

'બહેનશ્રીનાં વચનામૃત' પાનું ૫૯. (વચનામૃત) ૧૯૦.

સંસાર પરિભ્રમણનું કારણ પોતાની વિચારણામાં કેવી રીતે આત્માર્થી જીવ વિચારે છે ? કે **'મેં અનાદિ કાળથી બધું બહાર-બહારનું ગ્રહણ કર્યું-...'** બધું બહાર બહારનું ગ્રહણ કર્યું એટલે કે **'બહારનું જ્ઞાન કર્યું, બહારનું ધ્યાન કર્યું, બહારનું મુનિપણું લીધું, અને માની લીધું કે મેં ઘણું કર્યું.'** શું કહે છે ? પોતાના ભૂતકાળનો વિચાર કરવામાં આવે, પોતાના કલ્યાણ અર્થે કાંઈ ને કાંઈ કરવા માગતો જીવ બહારનું બહાર બધું કરે છે પણ અંદરમાં આત્માનું કાંઈ કરતો નથી. કાર્ય જે અંદરનું કરવાનું છે, જેના ઉપર આત્મહિતનો આધાર છે, તે કાર્ય થાય નહીં બાકી ગમે તે કાર્ય થાય તો એથી

કાંઈ સંસારનો નાશ થાય એવું બનતું નથી. અને સંસારનો નાશ ન થાય તો અનેક પ્રકારના શુભ પરિણામ અને એના ફળ થાય, પૂર્વાનુપૂર્વ છે. તેથી આત્માને કોઈ લાભ થતો નથી. અથવા વર્તમાનમાં કે ભવિષ્યમાં આત્માને આત્માનું સુખ કે આત્માની શાંતિ પ્રગટ ન થાય તો જે કાંઈ કર્યું તે શું કામનું છે ? જીવને એ શું કામમાં આવે ? કે કાંઈ કામમાં આવે નહીં.

અહીંથી બે વિભાગ પાડી દે છે. એક કાર્યનો વિભાગ તો એવો છે કે જીવ પોતાના સ્વરૂપના અંતર્મુખી દર્શન-જ્ઞાન-ચારિત્રના પરિણામ કરે અને નિર્દોષતાને સાધે, વીતરાગતાને સાધે, સુખ-શાંતિને સાધે અને અલ્પકાળમાં સંસારને તરી જાય. એમાં પછી અનંત કાળ લાગતો નથી. અલ્પકાળમાં સંસારને તરી જાય છે. જીવ એવું ન કરે ત્યાં સુધી માર્ગનો અજાણ હોવાને લીધે, અંતર્મુખ કાર્ય કેમ કરવું એ વિષયમાં પોતે અજાણ હોવાને લીધે કાર્ય તો કરે છે, ધાર્મિક પ્રવૃત્તિ તો કરે છે પણ બધું બહારનું બહાર કરે છે. પરાશ્રિત પરિણામ કરે છે મન, વચન, કાયાને આશ્રિત પરિણામ કરે છે, બહુ બહુ તો દેવ-ગુરુ, વીતરાગી દેવ-ગુરુ-શાસ્ત્રને આશ્રિત પરિણામ કરે છે. પણ એ દેવ-ગુરુ-શાસ્ત્ર અંતર્મુખ કાર્યનો જે સંકેત કરે છે એના ઉપર એનું ધ્યાન જતું નથી. લાગે છે એને એટલું તો જુદું લાગે છે કે જગતમાં જે કોઈ ધર્મના ક્ષેત્રમાં દેવ-ગુરુ-શાસ્ત્રની પ્રવૃત્તિ છે. તે આવી નિર્દોષ નથી અથવા આવા વીતરાગી નિર્દોષ દેવ, વીતરાગી નિર્ગ્રંથ ગુરુ કે વીતરાગી શાસ્ત્ર સિદ્ધાંતો એમ જોવામાં આવતા નથી. એટલે આ સારાંશે ઉત્કૃષ્ટ છે તો પણ કેવળ એ દેવ-ગુરુ-શાસ્ત્રને આશ્રિત પરિણામ થાય. એથી કાંઈ આત્માનું હિત થાય છે એવું નથી.

એ દેવ-ગુરુ-શાસ્ત્ર પણ એમ કહે છે કે 'पर दव्वादो दुग्गई' અમારું જે કથન અથવા અમારી આજ્ઞા અમારો નિર્દેશ તું અંતર્મુખ થાય એટલો છે. પણ તું એ વાત જ અમારી કહેવાની ચૂકી જાય કે ભૂલી જાય કે અવગણના કરી લે, અને તારી માનેલી અનાદિની જે પરિણામની ને મન-વચન-કાયાની બાહ્ય ક્રિયા (છે) એ જ જૂની ક્રિયામાં તું એમ ને એમ વળગ્યો રહે, તો તું અમારી આજ્ઞા માને છે કે અમને માને છે એ વાત પણ અમે કેમ માનીએ કે કેમ સ્વીકારીએ ? આ સવાલ છે.

જે જીવને સંસારનું કારણ શું છે એવો કાંઈક ખ્યાલ આવે ત્યારે એ આમ વિચારે છે કે, અનાદિકાળથી વર્તમાનકાળ પર્યંત જેટલું બધું કર્યું એ બધું આત્માના અંતર્મુખ

સ્વભાવને છોડીને એ પ્રત્યેના અંતર્મુખની દિશાને નહીં ગ્રહણ કરીને; જીવને એ દિશા જ મળી નથી. બહાર ને બહારનું જ બધું કર્યું છે, ગ્રહણ કર્યું છે. જેટલું કર્યું છે એટલું બહારનું બહાર કર્યું છે.

એમાં બે ત્રણ બોલ લીધા છે. તેં બહારનું જ્ઞાન કર્યું છે. બહારનું જ્ઞાન કર્યું એટલે ભલે એ સિદ્ધાંત શાસ્ત્રો વીતરાગના છે તોપણ એણે બહારનું જ્ઞાન કર્યું છે. બહારનું જ્ઞાન કર્યું એટલે જ્ઞાનનું જ્ઞાન ન કર્યું. શાસ્ત્રના અભ્યાસને જ્ઞાનાભ્યાસ કહે છે પણ જ્ઞાનાભ્યાસના બે અર્થ થાય છે. એક તો જ્ઞાન જ્ઞાનનો પરિચય કરીને જ્ઞાનાનુભવ કરે તે જ્ઞાનાભ્યાસ છે. અને એક શાસ્ત્રનો અભ્યાસ થાય તે જ્ઞાનાભ્યાસ છે. વ્યવહારે કહેવામાં આવે છે. નિશ્ચયથી તો એ જ્ઞાનાભ્યાસ છે નહીં, પણ વ્યવહારે કહેવામાં આવે છે કોને ? કે જેને આવો અંતર જ્ઞાનાભ્યાસ છે એનો ઉપયોગ નિરંતર નહીં રહેતો હોય ત્યારે ઉપયોગ બહાર જાય છે અને આ જ અંતર્મુખ જ્ઞાનાભ્યાસને કહેનારા જે વચનો એનું જ પરિચર્યન કરે છે, ચારે પડખેથી એના જ પાયાને દઢ કરે છે, ત્યારે એના ઉપર વ્યવહાર કરવામાં આવે છે. એ બેમાંથી એક્કેય પ્રકાર ન હોય અને કેવળ શાસ્ત્રનું અધ્યયન ક્ષયોપશમની શક્તિ, ધારણાની શક્તિ એટલે જે પરિણામમાં પ્રગટ હોય એના આધારે માત્ર શાસ્ત્રનું અધ્યયન થાય તો એ બધું બહારનું જ્ઞાન છે. એ આત્માનું જ્ઞાન નથી, અંદરનું જ્ઞાન નથી અને એ જ્ઞાન આત્માને હિતકારી કે સુખકારી થતું નથી.

પંડિતશ્રી 'રાજમલજી', 'રાજમલજી' પંડિત 'કળશટીકા'ના પહેલાં કળશમાં (કહે છે) કે, છ દ્રવ્યને જાણતા જાણનારને જ્ઞાન પણ નથી અને જાણનારને સુખ પણ નથી. અધ્યાત્મનો બહુ સારો સંકેત છે. છ દ્રવ્ય તો જિનાગમ સિવાય ક્યાંય નથી. એવો જિનાગમનો જે છ દ્રવ્યનો સિદ્ધાંત છે એટલે જિનાગમના અભ્યાસી જીવોને કહ્યું છે એ વાત સ્પષ્ટ છે. અને અન્ય મતિમાં કહ્યું છે વેદાંતઆદિ કહે છે એને કહ્યું છે એ વાત તો રહેતી નથી. પણ જેમાં છ દ્રવ્યનું નિરૂપણ છે એને વાત કરી છે કે એ બધું બહારનું જ્ઞાન છે અને એ બહારનું જ્ઞાન શાસ્ત્ર અનુસારી શાસ્ત્રને અનુકૂળ હોય તોપણ તે જ્ઞાન આત્માને સુખનું કારણ થતું નથી. અને જે જ્ઞાન આત્માને સુખનું કારણ ન થાય એટલે કે એ સુખનું કારણ ન થાય તો દુઃખનું કારણ થાય. કેમકે બેમાંથી એક કારણ છે, ત્રીજું તો કારણ છે નહીં. કાં તો જ્ઞાન સુખનું નિમિત્ત પડે

કાં તો જ્ઞાન દુઃખમાં નિમિત્ત પડે. તો અનાદિથી સંસારી જીવને એનું મતિ-શ્રુત જ્ઞાન દુઃખમાં જ નિમિત્ત થઈ રહ્યું છે. જે જાણે છે એમાં રાગ-દ્વેષ કરે છે, જે જાણે છે તેનો રાગ-દ્વેષ કરે છે. જો વીતરાગભાવે એ જ્ઞાન અંતર સુખની ઉત્પત્તિ, વીતરાગી સુખની ઉત્પત્તિ ન કરે ત્યાં સુધી એ જ્ઞાન બહારનું જ્ઞાન છે અને એ જ્ઞાન દુઃખનું ઉત્પાદક છે.

મુમુક્ષુ :–

પૂજ્ય ભાઈશ્રી :– નિમિત્ત પડે છે, નિમિત્ત પડે છે. જ્ઞાન છે એ નિમિત્ત પડે છે. આમ તો ગુણ બન્ને સ્વતંત્ર (છે). સુખગુણ સ્વતંત્ર, જ્ઞાનગુણ સ્વતંત્ર. પણ જીવના પરિણમનમાં જ્ઞાનની પ્રધાનતા છે અથવા જીવ જે પદાર્થ છે તે જ્ઞાનસ્વભાવી પદાર્થ છે અથવા જ્ઞાનપ્રધાન દ્રવ્ય – જીવદ્રવ્ય એ આત્મપદાર્થ છે. અને એ જ્ઞાન સ્વપર પ્રકાશક હોવાને લીધે અન્ય જીવોનો સંપર્ક કરે છે. યથાર્થ પ્રવૃત્તિ કરે તો એ સુખનું કારણ થાય. અયથાર્થ પ્રવૃત્તિ કરે તો એ દુઃખનું કારણ થાય. કારણ થાય એટલે નિમિત્ત થાય એમ સમજવું.

શું કહે છે ? કે **'બહારનું જ્ઞાન કર્યું,...'** જેટલું શાસ્ત્રનું જ્ઞાન કર્યું એ જ્ઞાનનું જ્ઞાન નહીં થતાં, જ્ઞાનનું વેદન નહીં થતાં, જ્ઞાનનું અનુભવન નહીં થતાં જે કર્યું એ બધું બહારનું જ્ઞાન કર્યું. 'સમયસાર'ની ૨૦૬ નંબરની ગાથા એટલા માટે લખી. બહુ સુંદર ગાથા લીધી છે કે જે આ જ્ઞાન છે એ એટલું જ કલ્યાણ છે. આ જ્ઞાન છે એટલું જ અનુભવ કરવા યોગ્ય છે. અનુભવનીય છે. એટલું જ કલ્યાણકારી છે. અને એટલું જ આત્માને સંતોષનું કારણ, સુખનું કારણ છે. એટલે જ્ઞાનને છોડીને આગળ ક્યાંય પણ જવા જેવું નથી.

એ સંસારનું કારણ લીધું. બહારનું જ્ઞાન એ સંસારનું કારણ છે. બહારનું ધ્યાન એ સંસારનું કારણ છે. અને બહારનું મુનિપણું એટલે ચારિત્ર એ પણ સંસારનું કારણ છે. ત્રણે સંસારનું કારણ લીધું. જો આત્માના મોક્ષને અર્થે એ કારણ ન થાય (તો) નિયમથી એ સંસારનું જ કારણ થાય. બે જ માર્ગ છે, આમ જો સમગ્ર રીતે વિચારીએ તો બે જ માર્ગ છે, કાં સંસારમાર્ગ છે ને કાં મોક્ષમાર્ગ છે. ત્રીજો માર્ગ નથી કે સંસારમાર્ગ ને મોક્ષમાર્ગ સિવાય પણ કોઈ ત્રીજો રસ્તો (નથી).

એટલે સર્વ જ્ઞાનીઓએ એમ કહ્યું, અનંત જ્ઞાનીઓનું આ વિષય ઉપર જરા વજન

છે કે અનંત કાળથી પરિભ્રમણ કરતાં એવા આ જીવને માર્ગ નથી મળ્યો અને માર્ગ નહીં મળવાને લીધે એણે જે કાંઈ કર્યું છે એ બધું બહારનું ને બહારનું જ કર્યું છે. જ્ઞાન કર્યું બહારનું, ધ્યાન કર્યું બહારનું, ચારિત્ર લીધું, સંયમાદિ, વ્રતાદિ, મુનિપણાના મહાવ્રતના કાર્યો એ બધા પણ બહાર ને બહારના કર્યા છે.

વિચારણીય વિષય એટલો છે કે, હું હવે અંદરનું કાર્ય કરું છું કે બહારનું ? શાસ્ત્ર વાંચું છું, મુખ્યપણે આપણે ત્યાં શાસ્ત્ર અધ્યયનનો વ્યવહાર છે તો હું શાસ્ત્ર વાંચું છું એમાં કાંઈ અંદરનું કાર્ય થાય છે ? કે એકલું બહારનું ને બહારનું શાસ્ત્ર આધારે વાંચું છું. બુદ્ધિ લગાવું છું, વિચાર લગાવું છું, મતિ-શ્રુતજ્ઞાનનો વ્યાયામ જરૂર થાય છે પણ કાંઈ અંદરનું કાર્ય થાય છે ? કે નથી થતું ? અંદરનું કાર્ય થાય એને અંદરનો વિશ્વાસ ઉત્પન્ન થાય. અંદરનું કાર્ય ન થાય એને એક અવિશ્વાસ ઊભો રહે છે, હિત થતું હશે કે નહીં થતું હોય ? હું કાર્ય તો કરું છું પણ આમાં મારું કલ્યાણ થતું હશે કે નહીં થતું હોય ? એક શંકા રહે છે. કોઈને શંકા ન રહે તો એવો ભ્રમ દૃઢ થઈ જાય છે કે હું કરું છું. એને લઈને મને કાંઈને કાંઈ લાભ તો ઊંડે ઊંડે થતો જ હશે ને થતો હશે. આ એક (પરિસ્થિતિ) પણ જ્યાં સુધી નિઃશંક પ્રતીતિ (ન આવે), અંદરથી આત્મા સાક્ષી ન પૂરે ત્યાં સુધી બહારના કાર્યમાં સંતોષ ભૂલથી પણ થાય તો તેવો એક ભ્રમ છે. અને સંસાર પરિભ્રમણનું કારણ એટલું ને એટલું જ, એવું ને એવું જ ઊભું છે એમાં કાંઈ ફેર પડતો નથી.

આ બહુ સુંદર બોલ છે કે, અનાદિકાળથી બધું બહારનું બહારનું બધું કર્યા કર્યું છે, જ્ઞાન પણ બહારનું કર્યું, ધ્યાન પણ બહારનું કર્યું, લોકો ધ્યાન કરે છે. શુભ વિકલ્પ થાય છે, એમાં બહુ બહુ તો કષાયની મંદતા થાય છે. કેટલાક મન-વચન-કાયાને આશ્રિત પ્રયોગોને લઈને પરિણામની ચંચળતા ઘટે છે. Temporary થોડા કાળ પર્યંત માટે. એ જ પરિણામ પાછા વિશેષ ચંચળતાને ધારણ કરી લે છે એનો પોતાને ખ્યાલ હોતો નથી. અને મુનિપણા પર્યંતનું જે કાંઈ વ્રત, સંયમ અને તપશ્ચર્યા આદિનું ગ્રહણ કર્યું (અને) **'માની લીધું...'** આ ભ્રમ સેવાતો હોય છે.

**'માની લીધું કે મેં ઘણું કર્યું.'** મારા આત્માના કલ્યાણ માટે હું કાંઈ કર્યા વિનાનો રહ્યો નથી, મેં કર્યું છે. મારી શક્તિ છે એટલું હું કર્યા કરું છું અને હું કરી શક્યો છું. ખરેખર સંસાર પરિભ્રમણમાંથી કાંઈ ફેરફાર થવાનું કારણ બન્યું હોતું નથી. પણ

જીવે એવું માની લીધું હોય છે અને એમ ને એમ જ અનંત વાર મનુષ્યભવ મળ્યો હોવા છતાં જીવ એ મનુષ્ય આયુને છેલ્લે ગુમાવી બેઠો છે.

પ્રશ્ન :- નડે છે શું ? નડતર શું છે ?

સમાધાન :- પોતાનું જ અજ્ઞાન છે. પોતાની ભાવનાની ખામી છે. ભાવનાની ખામી છે. મારે મારું હિત કરી જ લેવું છે, શીઘ્ર કરી લેવું છે એવી જે અંતર આંતરડીમાંથી જે આત્મભાવના ઉત્પન્ન થાય છે, જેમકે એ આંતરડીની ભાવના છે. અંતરની ભાવના ઉત્પન્ન થાય છે. રાગ-દ્વેષમાંથી જન્મેલી નહીં પણ ચૈતન્યની ચૈતન્યમાંથી જન્મેલી ભાવના... એમ કરીને ૨૧ મો બોલ.. એ બધા અમુલ્ય વચનો આવી ગયા છે. એને લઈને જીવ બહારનું બહાર અથવા ઉપર ઉપર તો કરે જ છે. અંદરની જે મિથ્યાત્વની ગાંઠ છે અથવા એક પડ છે જેને ભેદીને, છેદીને અંદર જાવાનું છે ત્યાં સ્પર્શ પણ થતો નથી. ઊલટાની આવી ભ્રમણાને લીધે, એણે માની લીધું કે મેં ઘણું કર્યું એવી ભ્રમણાને લીધે જીવને એ ગાંઠ વધારે પુષ્ટ થાય છે. કેમકે એ પણ દર્શનમોહનું કારણ છે. એવી માન્યતા એ દર્શનમોહ તીવ્ર થવાનું કારણ છે. લાભ નથી ત્યાં લાભ માન્યો, ધર્મ નથી ત્યાં ધર્મ માન્યો, કલ્યાણ નથી થયું ત્યાં કલ્યાણ માન્યું, કલ્યાણનું કારણ નથી ત્યાં કલ્યાણનું કારણ માન્યું.

પ્રશ્ન :- બહારની ક્રિયા મોક્ષની ઇચ્છાથી કરીએ તો ?

સમાધાન :- મોક્ષની ઇચ્છાથી જ કરે. કરે તો. સામાન્ય રીતે જેને માનો કે પૈસાની જરૂર નથી, કે ઠીક છે હવે આપણે તો જિંદગી(માં) જે કર્યું, જે મળ્યું એ ઠીક છે પણ હવે નિવૃત્તિ લઈ લીધી. આપણે પૈસા માટે પ્રવૃત્તિ કરવી નથી કે સંયોગ માટે કરવી નથી પણ કાંઈક આત્માનું કલ્યાણ થાય એટલા માટે કરવી છે. તો એ બધું બહારનું કરતાં અંદરનું કોઈ કામ થાય છે એમ નથી.

બે વિભાગ શું પાડે છે ? કે એક આત્મપરિણામ છે એનું સ્વાભાવિક અંતર્મુખી કાર્ય જે છે એ એક આખો વિભાગ જુદો છે. એની શરૂઆત, એનું કાર્ય, એની જાતિ, એનું ફળ એ બધું જુદું છે. એ સિવાય ધાર્મિક ક્રિયા જેને કહેવાય છે એમાં જીવ જ્ઞાન કરે છે, એમાં જીવ ધ્યાન કરે છે, એમાં જીવ વ્રત, સંયમ આદિ તપશ્ચર્યા આદિ અનેક પ્રકારની ક્રિયાઓ કરે છે, કાર્યો કરે છે. પણ એ આત્માના અંતરનાં મિથ્યાત્વના પડને અડતો પણ નથી, એને છેદી નાખવાની વાત છે. એને તોડીને નીચે જાવું છે.

જ્યાં સ્વભાવ પડ્યો છે ત્યાં, ત્યાં જતો નથી. એ પડ ઉપર બીજું પડ ખડકે છે, એના ઉપર ત્રીજું પડ ખડકે છે ઇ અંધારું વધતું જાય છે. અને એને એમ લાગે છે કે મેં ઘણું ઘણું કર્યું. મેં જ્ઞાન કર્યું, મેં ધ્યાન કર્યું. મેં ઘણું ઘણું ગ્રહણ કર્યું, ખૂબ કર્યું, મેં આખી જિંદગી ઘણું કર્યું. શું કર્યું ? કે મિથ્યાત્વને દૃઢ કર્યું.

પ્રશ્ન :– મોક્ષની ઇચ્છાથી કરીએ તોપણ મિથ્યાત્વ થાય ?

સમાધાન :– મોક્ષની ઇચ્છાથી કરીને નવમી ગ્રૈવેયક સુધી ગયો છો. અત્યારે તો એવા પરિણામ કોઈના છે નહીં. દિગંબર મુનિપણું લ્યે એને પણ અત્યારે તો નથી. પણ એ મોક્ષની ઇચ્છા એમ કામ નથી આવતી. અહીંયાં જાગૃતિ અને ધ્યેય હોવું જરૂરી છે. માત્ર મોક્ષની ઇચ્છા કામ નથી આવતી. એમાં જીવ છેતરાય છે કે, મારે ક્યાં પણ બીજું કાંઈ જોઈએ છે ? મારે તો મોક્ષ જોઈએ છે, મારું હિત કરવું છે, મારે ક્યાં બીજું કાંઈ કરવું છે ? પણ જીવ છેતરાય છે.

મુમુક્ષુ :– મોક્ષ લેવાના કાટલા જુદાં હોય છે.

પૂજ્ય ભાઈશ્રી :– એણે ઇ Check નથી કર્યું. જે વેપાર કરે એ તો ચેક કરે છે કે આ સોદામાં નફો થયો કે નુકસાન થયું ? ત્રણનો માલ સવા ત્રણે વેચ્યો પણ ખર્ચ આઠ આનામાંથી ચાર આના ગયા. આ છેતરામણ મારે ન જોઈએ, ત્યાં સમજાય છે. ત્રણનો માલ લાવીને સવા ત્રણે વેચીને રાજી નથી થતો. ત્રણનો માલ લાવે તો (જોવે કે) મારો ખર્ચો કેટલો છે ? કે ત્રણના માલ ઉપર આઠ આનાનો ખર્ચો છે. સાડા ત્રણનો ખર્ચો છે ને પોણાચારે વેચું તો ચાર આના મળે. સાડા ત્રણે વેચું ત્યાં સુધી તો કાંઈ ન મળે ને સવા ત્રણે વેચીને એમ માનું કે ના ના હું ચાર આના રળ્યો, કમાણો. એના ઘરમાંથી ચાર આના ગયા છે. મૂડીમાંથી–મુદ્દલમાંથી ગયા છે. ત્યાં જેવી કાળજી અને ચોક્સાઈ લેવાય છે એમ કહે છે કે, અહીંયાં તું જે કાંઈક કરતો હોય, તું શાસ્ત્રનું જ્ઞાન કરતો હોય, આત્માનું ધ્યાન કરવા બેસતો હોય કે તું કોઈ વ્રત, શીલ, સંયમ આદિ પાળતો હોય એની સાથે જોવાનું તને એટલું જ કહેવામાં આવે છે કે તું એમાંથી કાંઈક વિચાર કરે છે કે અંદરનું કાર્ય થાય છે કે બહારનું બહાર કાર્ય થાય છે ?

સત્પુરુષનો આ એક સ્પષ્ટ વિષય ઉપરનો Highlight જેને કહીએ એવો પ્રકાર છે કે તું Check કર. પર્યાયે પર્યાયે અને કાર્યે કાર્યે તું તપાસ તો કર કે કામ અંદરનું

થાય છે કે કામ બહારનું થાય છે ? અંદરનું થાય તો અંદરથી આત્મા પોકાર કરશે. અંદરનો આત્મા એટલો શક્તિશાળી છે કે એ કાંઈ સૂરજ છાબડે ઢાંક્યો રહેશે નહીં. અને બાકી અંધારાના ગમે એટલા પ્રકાર એ બધા અંધારાના પ્રકાર છે, અજ્ઞાનના પ્રકાર એ બધા અજ્ઞાનના પ્રકાર છે. એનાથી સંતોષ માનવાથી મિથ્યાત્વની ગાંઠ દૃઢ થયા સિવાય બીજો કાંઈ લાભ થતો નથી, નુકસાન મોટું થાય.

પ્રશ્ન :- પુણ્યક્રિયાની ઇચ્છા પણ સહજપણે સાચી કર્યા કરે તો ?

સમાધાન :- સહજપણે એટલે શું પણ ? ઇ ધાર્મિક ક્રિયા કરવાની ઇચ્છા એ જ પોતે ઇચ્છા છે. ઇચ્છા-વગર ઇચ્છાનો ક્યાં પ્રશ્ન જ રહ્યો એમાં ? ઇચ્છા વગરનો પ્રશ્ન જ ક્યાં રહ્યો ? અને જીવને રસ ક્યારે થાય ? કોઈપણ કાર્ય કરવાનો રસ ક્યારે થાય ? કે એમાંથી એને સુખ મળે એવું હોય તો. જો એને સુખ ન મળે એવું હોય તો ફાલતું કાર્ય કરવાથી તો કોઈને રસ એમાં ઉત્પન્ન થતો નથી, ઇ તો નિરસપણે થાશે અને છોડી દેશે એ તો.

મુમુક્ષુ :- સહજપણે કરીએ તો અમુક ઇચ્છા તો રોકાયને ?

પૂજ્ય ભાઈશ્રી :- ઇ એમ કરતો જ નથી. એને કલ્યાણની તો ઇચ્છા છે જ કે મારે ધર્મ કરીને મારું હિત તો કરવું જ છે, મારું કલ્યાણ તો કરવું જ છે, મારે સંસારમાં નથી રહેવું. મારે મોક્ષ કરવો છે એનો અર્થ કે મારે સંસારમાં નથી રહેવું.

મુમુક્ષુ :- મોક્ષની વાત છોડી દ્યો સહજપણે જે કાંઈ કરીએ છીએ તે...

પૂજ્ય ભાઈશ્રી :- ઇ તો પહેલાં તપાસી લેવું કે ઇ સહજપણે થાય છે કે એમ ને એમ ચાલે છે ? તપાસી લેવું.

મુમુક્ષુ :- મોક્ષનો આધાર આત્મા ન માન્યો, બહારના સંયોગો માન્યા.

પૂજ્ય ભાઈશ્રી :- મોક્ષનો આધાર આત્માને તો માન્યો નથી પણ મૂળ તો શું છે કે એને બે દિશા ફેર (છે), બે કાર્યના વિભાગ છે, એનો સ્પષ્ટ ખ્યાલ નથી. અંદરનું કાર્ય અને એ જાતનો માર્ગ એ વિભાગ જ જુદો છે, Division જ જુદું છે અને બહારનું જે બધું થાય છે એ આખું જુદું જ છે. બહારનું અંદરનાને કારણ થતું નથી, કારણ-કાર્યનો સંબંધ રહ્યો નથી. આ પરિસ્થિતિમાં એ બહારના કોઈપણ કાર્યને મૂલ્ય આપે છે કે કિંમત આપે છે એટલે સીધો છેતરાય.

મુમુક્ષુ :- પરિણામને ફેરવવા...

પૂજ્ય ભાઈશ્રી :– હા, બહુ મોટો ફેર છે, બહુ મોટો ફેર છે.

'શ્રીમદ્જી'નો એક બોલ છે. ૬૯૩માં છેલ્લે છે. એમણે તો એમ લીધું છે કે, જ્ઞાનીનું જે આજ્ઞાશ્રિતપણું છે અથવા પરમપુરુષ જે સદ્‌ગુરુ એનું આજ્ઞાશ્રિતપણું છે. પરમપુરુષપણું સ્થાપિત કર્યું છે. કેમકે એને ઇ તારણહાર તરીકે જોવે છે. **'તેને વિશે સર્વાર્પણ સ્વાધીનપણું શિરસાવંદ્ય દીઠું છે અને એમ વર્ત્યા છે. તોપણ એવો યોગ પ્રાપ્ત થવો જોઈએ.'** કેમકે બહુભાગ તો એવો યોગ મળતો નથી. અહીંયાં એમના વચનામૃતમાં છેલ્લી લીટી છે – **'નહીં તો ચિંતામણી જેવો જેનો એક સમય છે એવો મનુષ્યદેહ ઊલટો પરિભ્રમણ વૃદ્ધિનો હેતુ થાય.'** આટલી વાત નાખી. મેં જ્ઞાન કર્યું, ધ્યાન કર્યું, વ્રત, શીલ, સંયમ પાળ્યા ને પરિભ્રમણ વૃદ્ધિનો હેતુ થાય ? હા, પરિભ્રમણ વૃદ્ધિનો હેતુ થાય. કેમ એમ ? કે દર્શનમોહને દઢ કર્યો તેથી જીવને આ કારણ કળાતું નથી કોઈને અને ભ્રમણામાં રહે છે કે હું કાંઈક કરું છું, હું કાંઈક કરું છું, હું કાંઈક કરું છું. એને હું કાંઈક કરું છું એમ નહીં હું ઘણું કરું છું એવું આવ્યા વિના રહેતું નથી.

અહીંયાં લીધું છે ને કે **'માની લીધું કે મેં ઘણું કર્યું.'** એ ઘણું કર્યું એ ઊંડે ઊંડે હું ઘણું કરું છું એવું એને આવ્યા વિના રહેતું નથી. એને એ પરિભ્રમણનું કારણ થાય છે, એમ કહે છે.

**'શુભભાવ કર્યા...'** ચોથી લીટી **'શુભભાવ કર્યા પણ દૃષ્ટિ પર્યાય ઉપર હતી.'** એક વિશેષ સૂક્ષ્મ વાત કરે છે કે જ્ઞાન, ધ્યાન અને સંયમ આદિને લીધે તને અનેક પ્રકારના શુભભાવ જરૂર થયા. અશુભ ન થયા અને શુભ જરૂર થયા પણ એ વખતે તારી દૃષ્ટિ હતી એ પર્યાય ઉપર હતી. આ મેં કર્યું, મેં આ કર્યું, મેં આ કર્યું, મેં આ કર્યું, હું આ કરું છું, હું આ કરું છું. એ જે ચાલતા શુભ પરિણામ ઉપરનું અહંપણું છે અથવા ત્રિકાળી સત્તા દૃષ્ટિગોચર થવાને બદલે એકાકાર જ્ઞાનમય દશા, જ્ઞાનમય સત્તા એમાં અહંપણું, એમાં દૃષ્ટિ સ્થાપવાને બદલે, અહંપણું કરીને એમાં દૃષ્ટિ સ્થાપવાને બદલે ચાલતા કેવળ એક ક્ષણના શુભભાવ ઉપર આ કર્યું મેં, મેં આ કર્યું, મેં આ કર્યું, હું આ કરું છું, હું આ કરું છું, એવો વિકલ્પ નથી પણ એવો અનુભવ એને રહ્યા કરે છે, દૃષ્ટિ પર્યાય ઉપર હોવાને લીધે.

**'શુભભાવ કર્યા પણ દૃષ્ટિ પર્યાય ઉપર હતી.'** આ તો તપાસે તો સમજાય એવો વિષય છે કે જો ત્રિકાળી પરમાત્મ દ્રવ્ય પરમ પદાર્થ ઉપર જો દૃષ્ટિ નહોતી

તો એક સમયની પર્યાય ઉપર જ દૃષ્ટિ હતી. પછી એમાં શુભભાવ કર્યા તો એના ઉપર દૃષ્ટિ હતી, અશુભભાવ કર્યા તો એના ઉપર દૃષ્ટિ હતી. જે જે પરિણામ કર્યા એના ઉપર દૃષ્ટિ રહી. એવડો એટલો એ જ હું, એવું જે પરિણામ ઉપરનું દૃષ્ટિપણું એ જ મિથ્યાદૃષ્ટિપણું, એ જ પર્યાયદૃષ્ટિપણું અને એ જ અધર્મનું મૂળ કારણ છે, સંસાર પરિભ્રમણનું આ મૂળ કારણ છે.

'પ્રવચનસાર'માં જેને 'પર્યાયમૂઢાઃ પરસમયા' એમ કહ્યું છે. સૂત્ર બાંધ્યું છે. ૯૨ મી ગાથા છે. જ્ઞેય અધિકાર શરૂ કરતાં, સમ્યક્દર્શનનો અધિકાર શરૂ કરતાં (કહે છે). નહીંતર ચાલે છે દ્રવ્યાનુયોગનો વિષય. દ્રવ્ય, ગુણ, પર્યાય ને ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્યનો વિષય ચાલે છે. એ દ્રવ્ય, ગુણ, પર્યાયની વાત કરતા, પર્યાયની વાત કરતા કરતા એમ કહે છે કે પર્યાયમૂઢાઃ પરસમયા' આ સિદ્ધાંતબોધની સાથે સાથે ઉપદેશબોધ લાગુ કર્યો. ઉપદેશબોધ અને સિદ્ધાંતબોધનો વિષય છે. આચાર્યની ગજબની શક્તિ છે !

'પ્રવચનસાર' ૯૩ મી ગાથા છે. સમ્યક્જ્ઞાનને વિશે પદાર્થનું સમ્યક્જ્ઞાન કેવું હોય છે એનો આચાર્ય મહારાજ આ અધિકારથી પ્રારંભ કરે છે. **'છે અર્થ દ્રવ્ય સ્વરૂપ'**. જેટલા અર્થો છે પદાર્થો છે એ બધા દ્રવ્યરૂપ છે, જગતની અંદર બધી વસ્તુ દ્રવ્યરૂપ છે. **'ગુણ-આત્મક કહ્યાં છે દ્રવ્યને,'** અને એ બધા દ્રવ્યો છે એ ગુણાત્મક છે. એ બધા ગુણના સમૂહરૂપે છે, ગુણમય છે. અનંત ગુણમય બધા દ્રવ્યો છે. વળી એ દ્રવ્ય-ગુણથી પર્યાયો નિપજે છે. આમ દ્રવ્ય-ગુણ-પર્યાયનું સ્વરૂપ સ્થાપતા વચ્ચે નાખે છે કે **'પર્યાયમૂઢ પરસમય છે.'** વાત કરી દ્રવ્ય-ગુણ-પર્યાયની કે બધી વસ્તુ, પદાર્થ બધા દ્રવ્યાત્મક છે. એને બધા ગુણો રહેલા છે. એમાંથી દ્રવ્ય-ગુણમાંથી.. ગુણની ગુણ પર્યાયો કહીએ, દ્રવ્યપર્યાય કહીએ. એ જે દ્રવ્ય-ગુણ-પર્યાયાત્મક વસ્તુ છે એમાં આ જીવ અનાદિથી પર્યાયમૂઢ છે એ પરસમયપણું છે, એ જ અન્ય ધર્મપણું છે, એ જ જિનમતનો ત્યાગ છે. પરસમય. સમય એટલે મત કહેવામાં આવે છે. સમય એટલે મત કહેવામાં આવે છે. તો કે એ જિનનો સમય નથી, જિનનો માર્ગ નથી, એ પર સમય છે. કુળ ધર્મમાં જન્મ્યા હોય તો ? પરસમય છે.

**'पज्जयमूढा हि परसमया'** આટલું નાખી દીધું. પર્યાયની વાત કરી. દ્રવ્ય અને ગુણથી પર્યાયો ઊપજે છે પણ સાથે સાથે અધ્યાત્મની એક વાત કરી દીધી કે એ

પર્યાયની અંદર માત્ર અવધારણ કરીને એકલું જ અસ્તિત્વને ગ્રહણ કરીને જેની દૃષ્ટિ માત્ર શુભાશુભભાવ ઉપર જ રહે છે અથવા વર્તમાન જ્ઞાનના ઉઘાડ ઉપર–ક્ષયોપશમ ઉપર રહે છે એ પર્યાયમૂઢ છે, તે પરસમય છે. તે જ જીવને સંસાર પરિભ્રમણનું મૂળ કારણ છે.

'કર્તા-કર્મ અધિકાર'માં ૯૫ નંબરના કળશમાં આચાર્યદેવ કહે છે કે, **'विकल्पकः कर्ता'** એ વિકલ્પનો કર્તા થયા વગર નહીં રહે. જેની દૃષ્ટિ પર્યાય ઉપર છે એટલે કે જેની દૃષ્ટિ ત્રિકાળી દ્રવ્ય ઉપર નથી એ જીવ એક ક્ષણના વિકલ્પનો કર્તા થયા વિના નહીં રહે, રહેવાનો નથી. એ કર્તા અને કર્મ અભેદપણે થઈને એમાં અભિન્નતા ધારણ કરશે અને આ જ એનું મિથ્યાત્વ છે. અહીંથી ન છૂટે ત્યાં સુધી કોઈ રીતે એ મિથ્યાત્વ છૂટવાનું નથી. ગમે તેટલું કરે. અંદર જશે નહીં અને બહારનો બહાર રહેશે. અહીંના બોલને અનુસાર લઈએ તો એ અંદર જઈ શકશે નહીં અને બહારનો બહાર રહેશે.

એક બોલમાં તો ઘણી વાત લીધી છે. કેમકે અહીંયાં લેવું છે – સંસારનું મૂળ કારણ. સંસારનું મૂળ કારણ તું વેપાર-ધંધો કરે ઇ સંસારનું મૂળ કારણ ? કે તને ગૃહસ્થીપણું મળે ઇ સંસારનું મૂળ કારણ ? એવી ચર્ચા પણ નથી કરતાં. એમાં અશુભ પરિણામ છે. કરવા જેવા છે ઇ પ્રશ્ન જ નથી. એકાંતે પાપના પોટલા છે. એમાં તો કાંઈ પ્રશ્ન જ નથી. પણ અહીંયાં તો એમ કહે છે કે એનાથી બચવું સહેલું છે. આ જ્ઞાન, ધ્યાન અને શુભભાવ ઉપરની દૃષ્ટિથી બચવું અઘરું છે એટલે તું સંસારથી બચ, નહીંતર સંસાર નહીં છૂટે. એટલું તારવવું પડશે. આજે કદાચ તેં અશુભ છોડ્યા હશે, કાલે કેટલા અશુભ કરીશ એનો પત્તો નહીં ખાય.

જીવ પાપને સમજે છે ત્યારે પાપને છોડે છે, કેમકે એ સમજાય એવો વિષય છે કે આત્માને અહિતકારી છે. એટલે પાપ છોડી શકાય છે, છોડે છે. પણ સર્વથા છોડવાનો તો પ્રશ્ન જ રહેતો નથી. પણ મૂળમાંથી પાપ ક્યારે છૂટે ? કે ભેદજ્ઞાન વિના પાપની જડ કપાતી નથી. આ સુપ્રસિદ્ધ (વચનામૃત છે). 'પરમાગમસાર'માં એક વચન આવ્યું છે કે ભેદજ્ઞાન વિના પાપની જડ કપાતી નથી. મૂળમાંથી જો પાપ કાપવું હોય તો શુભાશુભનો નિષેધ કરીને જ્ઞાન સ્વભાવનો આદર કર્યા વિના કોઈ રીતે પાપ ટાળી (નહીં શકાય). પાપ મૂળમાંથી નહીં કપાય. ક્યાંક ને ક્યાંક તો એ

ઊગી નીકળશે, ક્યાંક ને ક્યાંક તો એ ઊગી નીકળશે. એનું કારણ બીજી રીતે અહીંયાં કહે છે કે દૃષ્ટિ પર્યાય ઉપર હતી. જ્યાં સુધી દૃષ્ટિ પર્યાય ઉપર છે ત્યાં સુધી કોઈ રીતે અંતર્મુખ થવાશે નહીં.

પર્યાય પોતે બહિર્તત્ત્વ છે. ત્રિકાળી દ્રવ્ય સામાન્યની અપેક્ષાએ જોવામાં આવે તો આત્માનું એક અંગ ને અવયવ હોવા છતાં એને 'નિયમસાર'ની ૩૮ મી ગાથામાં **'बहित्तच्चं'** એ બહિર્તત્ત્વ છે એમ કહી દીધું. નવ તત્ત્વને બહિર્તત્ત્વ કહી દીધા. એક પરમ પારિણામિકભાવ સ્વરૂપ જે આત્મતત્ત્વ છે એ જ અંતઃતત્ત્વ છે અને એ અંતઃ તત્ત્વ એ જ જીવને ઉપાદેય છે અને બીજું કાંઈ ઉપાદેય નથી. ત્યાં હેય-ઉપાદેયનો વિવેક ચાલ્યો છે, વિષય ચાલ્યો છે. ખરેખર આત્માને આવો આત્મા જ ઉપાદેય છે ને બાકીનું કાંઈ ઉપાદેય નથી. કેમકે નવના વિકલ્પ બહાર જાય છે. નવ તત્ત્વમાં નવના વિકલ્પ બહાર જાય છે. અનાદિનો પર્યાયદૃષ્ટિ જીવ એવા વિકલ્પ કરીને પર્યાયને છોડી શકતો નથી, પર્યાયનો આશ્રય મૂકી શકતો નથી.

**'શુભભાવ કર્યા પણ દૃષ્ટિ પર્યાય ઉપર હતી. અગાધ શક્તિવાળો જે ચૈતન્યચક્રવર્તી તેને ન ઓળખ્યો, અગાધ શક્તિવાળો જે ચૈતન્યચક્રવર્તી તેને ન ઓળખ્યો, ન ગ્રહણ કર્યો.'** જે મૂળ વસ્તુ છે જેના સામર્થ્યથી જેની ઓળખાણ છે. ચૈતન્યની ઓળખાણ શેનાથી છે ? એના સામર્થ્યથી છે. સામર્થ્યનું દળ છે, શક્તિનું દળ છે. વિશેષતા એ છે કે જે જીવ એને ઓળખવા માગે છે (તે જીવ) અલ્પજ્ઞ પર્યાયમાં પૂર્ણ દળની ઓળખાણ કરે છે. ઓળખાણ કરનાર પર્યાય અલ્પજ્ઞ હોવા છતાં એમાં પૂર્ણતાની ઓળખાણ આવે છે–પૂર્ણતાનું ભાવભાસન આવે છે, એનો ફોટો પડે છે, અને ત્યારે એને દિશા ફેર (થાય છે), દિશા ફેર ત્યારે થાય છે. પહેલીવહેલી દિશા ફેર ત્યારે થાય છે. એ અપૂર્વ ચીજ છે.

પ્રશ્ન :– અલ્પજ્ઞતામાં પૂર્ણતા આવી શકે ?

સમાધાન :– એ જ્ઞાનનું એવું સામર્થ્ય છે. વિચાર કરવા જેવું એ છે, જો સામર્થ્યનો વિચાર કરવો હોય તો કે જેના અલ્પ ઉઘાડમાં પૂર્ણતાને ગ્રહણ કરવાની શક્તિ છે, એની પૂર્ણ શક્તિની શું વાત કરવી ! ફરીથી, જેની અલ્પજ્ઞતામાં પૂર્ણતાને ગ્રહણ કરવાની, પૂર્ણતાને ટકાવવાની, પૂર્ણતાને પકડવાની, પૂર્ણતાને ધારણ કરવાની શક્તિ છે કે હું પૂર્ણ છું. એમ ધારણ કરે છે, એમ ગ્રહણ કરે છે, એમ પકડે છે એની ઇ

પર્યાયની પૂર્ણતાની શું વાત કરવી ! એની ગુણસ્વભાવની શું વાત કરવી !! આમ સામર્થ્યને પકડવું જોઈએ. નહીંતર સામર્થ્ય સામર્થ્ય (કહે) પણ કેટલું સામર્થ્ય ? કે અહીંથી નક્કી કર, અહીંથી ઊપડ, ત્રિરાશી મૂકતો જા. આ સામર્થ્ય કેટલું ! મહિમા આવે છે. એને કાંઈક ભાવ ભાસે કે મારું સામર્થ્ય કેટલું છે ! જ્યાં સુધી એને પોતાનું સામર્થ્ય ન ભાસે અગાધ શક્તિવાળો એમ લીધો છે. શક્તિ કહો કે સામર્થ્ય કહો એક જ વાત છે.

'બહેનશ્રી' ચર્ચામાં અનેકવાર કહે છે કે જ્ઞાયક, જ્ઞાયક, જ્ઞાયક એટલે જ્ઞાયક એટલે કોઈ સાધારણ નથી. જ્ઞાયકમાં અનંતું સામર્થ્ય અને અનંત એનો મહિમા ભરેલો છે અને એ તો એનું નામ સાંભળતા કાળજામાં સોંસરવટ ઘા પડે. એટલી વાત કહે છે. એટલી એની પ્રત્યક્ષતાની અસર આવે છે. પ્રત્યક્ષ આત્મા આવો છે. મારો આત્મા પ્રત્યક્ષ આવો છે. એમ એને અંદરમાંથી એ વાત અસર કરીને ન આવે ત્યાં સુધી એ અંદર જાતો નથી.

આ બોલમાં જે વાત લેવી છે એ અંદર-બહારની વાત લેવી છે. બહુ મુદ્દાનો વિષય છે કે ત્યાં સુધી અંદર નહીં જઈ શક તું. બહારથી શબ્દોથી, શાસ્ત્રથી, બીજી રીતે, ત્રીજી રીતે તું ગમે તે રીતે મહિમા કર પણ અંદર જાવું તે જુદી વાત છે અને બહાર રહેવું એ જુદી વાત છે. આ બે વાત સમજાઈ જાય તો જીવ બહારનું પડખું છોડીને અંદરમાં આવી જાય. નહીંતર એનું અંદરમાં જવાનું ધ્યાન રહેતું નથી અને બહારનું બહાર કર્યા કરે. મિથ્યાત્વની ગાંઠ ને પુષ્ટ કરે. એણે જે ઉપાય હાથમાં લીધો છે એ ઊલટાનો પરિભ્રમણ વૃદ્ધિનો હેતુ થાય. જે શ્રીમદ્જીનું છેલ્લું વચન આવ્યું કે, એ ઊલટાનો પરિભ્રમણ વૃદ્ધિનો હેતુ થાય.

**'અગાધ શક્તિવાળો જે ચૈતન્યચક્રવર્તી તેને ન ઓળખ્યો,...'** જુઓ ! પહેલી વાત એ લીધી. કેમકે ઓળખ્યા વિના જેટલો મહિમા છે, જેટલું મહિમાવંત સ્વરૂપ છે એ જ્ઞાનમાં ભાસ્યા વિના, એનો ભાવ ભાસ્યા વિના, ઓળખાણ થયા વિના મહિમા પરાણે લાવી શકાય નહીં ને પરાણે લાવેલો ટકી શકે નહીં. પરાણે એટલે કૃત્રિમ-કૃત્રિમ રીતે આત્માનો મહિમા કર્યા કરે કે આત્માનો મહિમા કરવા જેવો છે અને બીજો મહિમા કરવા જેવો નથી; પણ જ્યાં સુધી એને અંદરમાં જ્ઞાનમાં ભાસે નહીં ત્યાં સુધી મહિમા આવે નહીં ને અનાદિનો ઘર કરી ગયેલો શુભાશુભભાવ અને

એના ફળનો મહિમા, ઘર કરી ગયેલો મહિમા છૂટે નહીં. કેમકે એ મહિમા પણ એક નિશ્ચિત થયેલી ચીજ છે, નિર્ણય થયેલી ચીજ છે અને એ નિર્ણય છૂટવો અને સ્વરૂપ નિશ્ચય થવો બન્નેનો કાળ એક સમકાળ છે, એક કાળે બને છે. સ્વરૂપનો નિશ્ચય થાય એકબાજુથી તો આ નિશ્ચય તૂટે; આ નિશ્ચય તૂટે ને સ્વરૂપનો નિશ્ચય થાય. બન્ને કામ એકસાથે થાય છે. સ્વરૂપનો નિશ્ચય થાય ને જૂનો નિશ્ચય એમ ને એમ રહે એવું બને નહીં. જૂનો નિશ્ચય તૂટે અને સ્વરૂપનો નિશ્ચય આવે નહીં એમ પણ બને નહીં. બેમાંથી એકેય કાર્ય અડધું થતું નથી. એક પડખેથી નથી.

**'અગાધ શકિતવાળો જે ચૈતન્ય ચક્રવર્તી તેને નઓળખ્યો, ન ગ્રહણ કર્યો.'** એને ગ્રહણ કર્યો નહીં. **'સામાન્ય સ્વરૂપને ગ્રહણ કર્યું નહીં...'** એ અગાધ શક્તિ કહો કે દ્રવ્યનું સામાન્ય સ્વરૂપ કહો એને ગ્રહણ કર્યું નહીં એટલે પોતારૂપે ધારણ કર્યું નહીં. એવું મારું સ્વરૂપ છે, એ હું છું, મૂળમાં હું આવો છું, એ વાત એણે ગ્રહણ કરી નહીં. એકલું વિશેષને ગ્રહ્યું. વિશેષને ગ્રહ્યું એટલે જે શુભભાવ કર્યા, અશુભભાવ કર્યા એને પોતાપણે અનુભવ કરે એનું નામ ગ્રહણ કર્યું. પોતારૂપપણે અનુભવ કરવો એનું નામ ગ્રહણ કર્યું. સ્વ સ્વરૂપ પોતા સ્વરૂપે છે એને પોતા સ્વરૂપે ન ગ્રહણ કર્યું કેમકે એની ઓળખાણ થઈ નથી. અને અનાદિનું જે પર્યાયમાં અહંપણું છે પર્યાયબુદ્ધિ હોવાને લીધે તે એમ ને એમ ચાલુ રહી ગયું.

એ રીતે જીવને સંસાર પરિભ્રમણનું કારણ રહ્યું છે. વિષય ભલે નાસ્તિનો છે તોપણ એ વિષયને ટાળ્યા વિના અસ્તિ યથાર્થ રીતે આવશે નહીં. અથવા અસ્તિનું આવવું ને નાસ્તિનું ટળવું એકસાથે હોય છે એમ. એક પડખાંનું કાર્ય અધૂરું થતું નથી. ૧૯૦ પૂરો થયો.

**દૃષ્ટિનો દોર હાથમાં રાખ. સામાન્ય સ્વરૂપને ગ્રહણ કર, પછી ભલે બધું જ્ઞાન થાય. એમ કરતાં કરતાં અંદર વિશેષ લીનતા થાય, સાધક દશા વધતી જાય. દેશવ્રત અને મહાવ્રત સામાન્ય સ્વરૂપના આલંબને આવે છે; મુખ્યતા નિરંતર સામાન્ય સ્વરૂપની-દ્રવ્યની હોય છે. ૧૯૧.**

૧૯૧ બોલની અંદર જ્ઞાનદશાની વાત કરવી છે. મોક્ષમાર્ગી જ્ઞાની ધર્માત્માને એમની દશામાં અનેક આશ્ચર્યકારી વિશેષતાઓ પ્રગટ થતી હોય છે. એ સંબંધીનું અનેક પડખેથી ભિન્ન ભિન્ન પ્રકારે વર્ણન આ ગ્રંથને વિષે છે. એમાં ૧૯૧ બોલમાં પણ એ વિષય છે. એક બોલમાં તો અજ્ઞાની જીવને કેટલીક પ્રેરણા આપવાનો વિષય પણ છે, માર્ગદર્શન આપવાનો પણ વિષય છે અને જ્ઞાનીને કેવી રીતે એ દશા પ્રગટ થાય છે, સાધકદશા કેવી રીતે થાય છે અને વધતી જાય છે એ વિષયનું પણ મુખ્યપણે વર્ણન જોઈને જે કહેવા ધારે છે એમાં એ વાત છે.

પ્રથમ એમ વાત લે છે કે **'દષ્ટિનો દોર હાથમાં રાખ.'** ભાષા એકદમ સાદી દેખાવા છતાં અંદરનું રહસ્ય અને ઊંડાણ એ અનુભવને સ્પર્શી જાય એવું છે. **'દષ્ટિનો દોર હાથમાં રાખ.'** એટલે દૃષ્ટિ શું કામ કરે છે ? દૃષ્ટિનો કાર્ય કરવાનો ગુણ શું છે ? કે દૃષ્ટિ નિજ ચૈતન્યસત્તાને અસ્તિત્ત્વથી ગ્રહણ કરે છે. અભેદ નિજ સત્તાનું ગ્રહણ જે શ્રદ્ધાનમાં થાય એને દ્રવ્યદૃષ્ટિ અથવા સમ્યક્ શ્રદ્ધાન કહેવામાં આવે છે.

પહેલાંમાં પહેલું તારું અસ્તિત્વ ત્રિકાળી દ્રવ્ય સામાન્યમાં શ્રદ્ધાએ કરીને પકડી લે. આ એક પાયો નાખવાની વાત છે. મોક્ષમાર્ગને વિશે કોઈ મૂળની વાત હોઈ તો આ દૃષ્ટિની વાત છે. **'દંસણં મૂલ્લો ધમ્મો'** મૂળ ધર્મ તરીકે એની વાત લીધી. મૂળ મજબૂત હોય છે પછી કોઈ ઝંઝાવાતની અસર મૂળ જેનું મજબૂત હોય એ વૃક્ષને થતી નથી. કેટલાક વૃક્ષ એવા હોય છે એનો ફેલાવો કાંઈ ન દેખાય, આ ઊભા આસોપાલવ ને ઊભા તાડને એવા કેટલાક ઊભા વૃક્ષો થાય છે, બહુ વિસ્તારવાળું ન હોય પણ મૂળ બહુ મજબૂત હોય. દરિયાને કાંઠે જે આ તાડી ને નાળિયેરી છે (એ) દરિયાના તોફાન ને ઝંઝાવાત વર્ષો સુધી સહન કરે તોપણ એમ ને એમ ઊભા રહે. કેમકે એનું મૂળ મજબૂત છે. અને મોટા ઘેઘૂર વડલા હોય, એનો વિસ્તાર ઘણો દેખાય અને મોટા થડ જાડા હોય તો એના મૂળ એટલા પ્રસર્યા હોય અને ગામની વચ્ચે, શહેરની વચ્ચે હોય. પાંચ-પચીસ વર્ષે એક તોફાન આવે ને મૂળમાંથી ઊખેડી નાખે. પેલાને તો બાર મહિને એક-બે તોફાન આવે, આવે ને આવે જ. કેમકે દરિયા કાંઠે છે, એને બીજો કોઈ આશરો નથી. આ તો ચારે બાજુ મકાનોની વચ્ચે હોય તોપણ મૂળમાંથી એને ઊખેડી નાખે. કેમકે એનું મૂળ એટલું મજબૂત નથી, જેટલું મૂળ આનું મજબૂત છે.

એમ આ શ્રદ્ધાનનો વિષય છે એ મૂળનો વિષય છે. 'ગુરુદેવશ્રી' એક વિષય ઉપર બહુ ધ્યાન દોરતા. 'बालनाम् पश्यन्ति लिंगाः' બાહ્યદૃષ્ટિ જીવો, બાળકો જેને કહે, બાલાનામ બાળકો, અજ્ઞાન બુદ્ધિવાળા, બાળક બુદ્ધિવાળા બાહ્ય ચિન્હોને જોવે છે, બાહ્ય લિંગને જોવે છે. એણે ત્યાગ કેટલો કર્યો છે ? એને શાસ્ત્રજ્ઞાન કેટલું આવડે છે ? એની ભાષા કેવીક સારી છે ? એને ગાતા આવડે છે કે નહિ ? એને બજાવતા આવડે છે કે નહિ ? સમજાવતા આવડે છે કે નહિ ? આ બધા બાહ્ય ચિન્હો છે એ બાળકબુદ્ધિ, અજ્ઞાનબુદ્ધિથી જોવે છે.

તત્ત્વદૃષ્ટિ જીવ તો.... એમ કરીને કહેતા કે, જે જીવ તત્ત્વદૃષ્ટિ છે તે એમ જોવે છે કે, અનંત શાંતિના પિંડ ઉપર એની દૃષ્ટિ એટલે શ્રદ્ધાન છે કે નહિ ? હું ત્રિકાળ અનંત શાંતિનો પિંડ છું, ત્યાં એણે શ્રદ્ધાન સ્થાપ્યું છે કે નહિ ? ત્યાં એણે શ્રદ્ધાથી પોતાના સ્વરૂપની સ્થાપના કરી છે કે નહિ ? આ વસ્તુ તત્ત્વદૃષ્ટિનો વિષય છે અને એ તત્ત્વદૃષ્ટિનો જે વિષય છે ત્યાંથી એ તત્ત્વને નક્કી કરે છે, ત્યાંથી એને એ પ્રમાણિત કરે છે, ત્યાંથી એને એ માન્ય કરે છે. એ સિવાય કોઈ બાહ્ય ચિહ્નથી માન્ય કરવાનું તત્ત્વદૃષ્ટિને બનતું નથી. એ દૃષ્ટિના જોર ઉપર વાત જાય છે.

ગઈકાલે એક શ્રીમદ્જીમાંથી બહુ સારી ચર્ચા કરી છે 'કૃપાળુદેવ'નો ૬૭૯ મો પત્ર છે. ૨૯મું વર્ષ છે 'મુંબઈ'થી 'સોભાગભાઈ' ઉપર પત્ર લખેલો છે. **'સર્વ જીવોને એટલે સામાન્ય મનુષ્યોને જ્ઞાની અજ્ઞાનીની વાણીનો ભેદ સમજાવો કઠણ છે, એ વાત યથાર્થ છે કેમકે કંઈક શુષ્કજ્ઞાની શીખી લઈને જ્ઞાનીના જેવો ઉપદેશ કરે, એટલે તેમાં વચનનું સમતુલ્યપણું જોયાથી શુષ્કજ્ઞાનીને પણ સામાન્ય મનુષ્યો જ્ઞાની, મંદ દશાવાન મુમુક્ષુ જીવો પણ...'** સામાન્ય મનુષ્યો તો એને જ્ઞાની માને પણ મુમુક્ષુમાં પણ જેની મંદ દશા છે, જે હજી અધકચરા છે, પોતાને એટલી બધી આ વિષયની સમજણ પડતી નથી, એવા મુમુક્ષુજીવો પણ **'તેવા વચનથી ભ્રાંતિ પામે; પણ ઉત્કૃષ્ટદશાવાન મુમુક્ષુ પુરુષ શુષ્કજ્ઞાનીની વાણી જ્ઞાનીની વાણી જેવી શબ્દે જોઈ પ્રાયે ભ્રાંતિ પામવા યોગ્ય...'** ઘણું કરીને નથી થતા. **'કેમકે શુષ્કજ્ઞાનીની વાણીમાં આશયે જ્ઞાનીની વાણીની તુલના હોતી નથી.'** આ એમણે માર્મિક વાત કરી.

'સમયસાર' વાંચતી વખતે આશય શું છે ? એ આશય જે જ્ઞાનીને હોય છે તે અજ્ઞાનીને નથી હોતો. જ્ઞાનીને બીજાને સમજાવવાનો આશય નથી હોતો, એ પોતાનો

સ્વાધ્યાય કરે છે. પેલાને પોતાનો એ સ્વાધ્યાય કરવાની વસ્તુ જ નથી હોતી. હવે કહે છે, **'જ્ઞાનીની વાણી પૂર્વાપર અવિરોધ, આત્માર્થ ઉપદેશક,...'** બસ ! આ એક દોર છે. **'આત્માર્થ ઉપદેશક, અપૂર્વ અર્થનું નિરૂપણ કરનાર હોય છે;...'** અપૂર્વ એવો જે આત્મા, અપૂર્વ સ્વભાવ, એના અર્થનું નિરૂપણ કરનાર હોય છે. અપૂર્વ વિષયને બહાર મૂકે છે. જે યોગ્ય જીવ હોય છે અથવા ઉત્કૃષ્ટ દશાવાન મુમુક્ષુ હોય છે એમાં એને અપૂર્વતા ભાસે છે. એ શબ્દ નથી જોતો, એને એના ભાવમાં અપૂર્વતા ભાસે છે.

**'અને અનુભવસહિતપણું હોવાથી આત્માને સતત જાગૃત કરનાર હોય છે. શુષ્કજ્ઞાનીની વાણીમાં તથારૂપ ગુણો હોતા નથી;...'** આવા ગુણો અહીંયાં હોતા નથી. **'સર્વથી ઉત્કૃષ્ટ ગુણ જે પૂર્વાપર અવિરોધપણું તે શુષ્કજ્ઞાનીની વાણીને વિષે વર્તવા યોગ્ય નથી, કેમકે યથાસ્થિત પદાર્થદર્શન તેને હોતું નથી;...'** જેને અંદરમાંથી પદાર્થનું સામર્થ્ય જ પકડાણું નથી એટલે એને એ અવિરોધપણું યથાર્થ હોતું નથી. **'તેથી ઠામઠામ કલ્પનાથી યુક્ત તેની વાણી હોય છે.'** એ કલ્પનાથી પદાર્થને, દ્રવ્ય-ગુણ-પર્યાયને કલ્પે છે. એમાં કલ્પના છે કે આવું દ્રવ્ય, આવા ગુણ, આવી પર્યાય. આવા દ્રવ્ય-ગુણ-પર્યાયવાળો. ભાવભાસન અંદરમાં હોતું નથી.

**'એ આદિ નાના પ્રકારના ભેદથી જ્ઞાની અને શુષ્કજ્ઞાનીની વાણીનું ઓળખાણ ઉત્કૃષ્ટ મુમુક્ષુને થવા યોગ્ય છે. જ્ઞાનીપુરુષને તો સહજસ્વભાવે તેનું ઓળખાણ છે, કેમકે પોતે ભાનસહિત છે, અને ભાનસહિત પુરુષ વિના આ પ્રકારનો આશય ઉપદેશી શકાય નહીં, એમ સહેજે તે જાણે છે.'** કોણ ? ઉત્કૃષ્ટ મુમુક્ષુ જાણે છે.

**'અજ્ઞાન અને જ્ઞાનનો ભેદ જેને સમજાયો છે, તેને અજ્ઞાની અને જ્ઞાનીનો ભેદ સહેજે સમજાવા યોગ્ય છે. અજ્ઞાન પ્રત્યેનો જેનો મોહ વિરામ પામ્યો છે, એવા જ્ઞાનીપુરુષને શુષ્કજ્ઞાનીનાં વચન ભ્રાંતિ કેમ કરી શકે ? બાકી સામાન્ય જીવોને અથવા મંદદશા અને મધ્યમદશાના મુમુક્ષુને...'** મધ્યમ દશા સુધી લઈ લીધા. ઉત્કૃષ્ટ દશાવાળાને છોડ્યા છે. **'મંદદશા અને મધ્યમદશાના મુમુક્ષુને શુષ્કજ્ઞાનીનાં વચનો સાદશ્યપણે જોવામાં આવ્યાથી બન્ને જ્ઞાનીનાં વચનો છે એમ ભ્રાંતિ થવાનો સંભવ છે. ઉત્કૃષ્ટ મુમુક્ષુને ઘણું કરીને તેવી ભ્રાંતિનો સંભવ નથી, કેમકે જ્ઞાનીના વચનોની પરીક્ષાનું બળ તેને વિશેષપણે સ્થિર થયું છે.'** આ એની પરીક્ષાદષ્ટિ થઈ.

**'પૂર્વકાળે જ્ઞાની થઈ ગયા હોય,...'** હવે એમ કહે છે, ભૂતકાળના જ્ઞાનીની વાત

કરે છે. **'અને માત્ર તેની મુખવાણી રહી હોય તોપણ વર્તમાનકાળે જ્ઞાનીપુરુષ એમ જાણી શકે કે આ વાણી જ્ઞાનીપુરુષની છે; કેમકે રાત્રિદિવસના ભેદની પેઠે અજ્ઞાની જ્ઞાનીની વાણીને વિષે આશય ભેદ હોય છે,...'** 'આશય' શબ્દ વારંવાર (આવે છે). આશય ભેદ હોય છે. **'અને આત્મદશાના તારતમ્ય પ્રમાણે...'** કોઈની ઉગ્ર દશા હોય, કોઈની મંદ દશા હોય, જેવા જ્ઞાની હોય એવા. **'તારતમ્ય પ્રમાણે આશયવાળી વાણી નીકળે છે. તે આશય, વાણી પરથી 'વર્તમાન જ્ઞાનીપુરુષ'ને સ્વાભાવિક દષ્ટિગત થાય છે. અને કહેનાર પુરુષની દશાનું તારતમ્ય લક્ષગત થાય છે. અત્રે જે 'વર્તમાન જ્ઞાની' શબ્દ લખ્યો છે, તે કોઈ વિશેષ પ્રજ્ઞાવંત, પ્રગટ બોધીબીજસહિત પુરુષ શબ્દના અર્થમાં લખ્યો છે. જ્ઞાનીનાં વચનોની પરીક્ષા સર્વ જીવને સુલભ હોત તો નિર્વાણ પણ સુલભ જ હોત.'** એટલી વાત કરી છે.

પ્રશ્ન :- પત્ર પૂરો થઈ ગયો ?

સમાધાન :- ના. પત્ર તો બહુ મોટો છે. પછી વિષય જુદો લીધો છે, જિનાગમનો વિષય લીધો છે.

પ્રશ્ન :- એમાં જગતજ્ઞાનથી કેવળજ્ઞાનનું સ્વરૂપ નથી એ વાત આમાં વચ્ચે આવે છે.

સમાધાન :- કેવળજ્ઞાનનો વિષય નીચે લીધો છે. ચોથો (મુદ્દો છે). **'કાળનો સૂક્ષ્મમાં સૂક્ષ્મ વિભાગ 'સમય' છે, સૂક્ષ્મમાં સૂક્ષ્મ વિભાગ 'પ્રદેશ' છે...'** ક્ષેત્રનો. અને સૂક્ષ્મ સૂક્ષ્મ અત્યંત નિર્મળ જ્ઞાનથી તેનું સ્વરૂપ ગ્રહણ કરી શકે એવો સાક્ષાત્પણે... મોટો પેરેગ્રાફ છે, બહુ મોટો પત્ર છે. 'ડુંગરભાઈ' સાથે કંઈક ચર્ચા ચાલી છે. કેવળકોટિ અને કેવળજ્ઞાન. અહીં સુધી રાખીએ...

## તા. ૩૦-૦૮-૧૯૮૭, વચનામૃત-૧૯૧
## પ્રવચન નં. ૧૪૪

પાનું ૫૯. ૧૯૧ બોલ. જ્ઞાનદશાનો બોલ છે. '**દૃષ્ટિનો દોર હાથમાં રાખ.**' દૃષ્ટિ એટલે અહીંયાં શ્રદ્ધાન છે. શ્રદ્ધાનું કાર્ય અસ્તિત્વને નિર્વિકલ્પભાવે ગ્રહણ કરવું એ શ્રદ્ધાનું કાર્ય છે. અથવા નિજ સ્વરૂપ જ્ઞાનમાં જેવું અવભાસે એવું સ્વરૂપનું પોતારૂપપણે નિર્વિકલ્પ પ્રતીતિ (થવી) એને પણ શ્રદ્ધાન કહેવામાં આવે છે અથવા એને દૃષ્ટિ પણ કહેવામાં આવે છે.

ફરીથી, જેવું પોતાનું સ્વરૂપ જ્ઞાનમાં જણાય, ભાસ્યમાન થાય, પ્રતિભાસે એવો જ છું, એવો એ જ્ઞાનનો વિષય છે પણ છું એ શ્રદ્ધાનો વિષય છે. એ જ્ઞાન અનુસાર પ્રતીતિ છે, જ્ઞાનપૂર્વક પ્રતીતિ છે. એટલે એવો જ છું એવી જે નિર્વિકલ્પ પ્રતીતિ એવી હોવાપણાની, સત્તાની, હયાતીની, મોજૂદગીની પોતાના પરિપૂર્ણ સામર્થ્યની, ઉપર જેમ કહ્યું એમ અગાધ શક્તિવાળો જે ચૈતન્ય ચક્રવર્તી છે, આત્મા એની જ પ્રતીતિ એવા જ સ્વરૂપે પોતાના હોવાપણાંની પ્રતીતિ, પોતાની હયાતીની પ્રતીતિ, મોજૂદગીની પ્રતીતિ એને દૃષ્ટિ અથવા સમ્યગ્દર્શન અથવા સમ્યક્શ્રદ્ધાન કહેવામાં આવે છે. એ હાથમાં રાખ એટલે એ વાત સહેલી છે. એને છોડીને બધી વાત નકામી છે અથવા એકડા વિનાના મીંડાં જેવી છે. ગમે તેટલા મીંડાં કર્યા કરો બધાની... એકની કિંમત શૂન્ય છે, અનેક મીંડાં હોય તો બધાની કિંમત પણ શૂન્ય છે. એમ પોતાના નિર્વિકલ્પ સ્વરૂપની નિર્વિકલ્પ પ્રતીતિ સિવાય જે કાંઈ છે એ બધું શૂન્યવત છે. શાસ્ત્રનું જાણપણું ? તો કે શૂન્ય છે. અનેક પ્રકારના વ્રત, શીલ, સંયમનું પાલન ? તો કે શૂન્ય છે. આટલું બધું વજન જૈનાગમને વિશે જૈન પરમેશ્વરે શ્રદ્ધાનું કહ્યું છે.

૧૮૯ માં પણ એ કહ્યું કે '**તારો દૃષ્ટિનો દોર ચૈતન્ય ઉપર બાંધી દે.**' અહીંયાં કહે છે કે '**દૃષ્ટિનો દોર હાથમાં રાખ.**' સામાન્ય જે સ્વરૂપ છે અનંત ગુણાત્મક, અનંત ગુણના વૈભવ સ્વરૂપ અને અનંત સામર્થ્ય સ્વરૂપ જે સ્વરૂપ છે એની હયાતી, એની

મોજૂદગી એ દૃષ્ટિનો વિષય થઈ જવો જોઈએ. એ દૃષ્ટિનો વિષય ન થાય ત્યાં સુધી એ જ થવા અર્થે બધો પ્રયત્ન થવો જોઈએ, બીજો પ્રયત્ન અન્ય દિશાનો પ્રયત્ન છે, અન્ય કાર્યનો પ્રયત્ન છે અને એ માર્ગ નથી એક ન્યાયે એને ઉન્માર્ગ કહેવામાં આવે છે. માર્ગ આ છે. ત્રણેય કાળને વિશે આ માર્ગ છે.

**'સામાન્ય સ્વરૂપને...'** સામાન્ય એટલે ત્રિકાળી. ત્રિકાળી શુદ્ધાત્મ સ્વરૂપ, ત્રિકાળી નિજ પરમાત્મપદ એને **'ગ્રહણ કર, પછી ભલે બધું જ્ઞાન થાય.'** શ્રદ્ધામાં એને ગ્રહણ કર. ગ્રહણ કરનો અહીંયાં અર્થ કે પહેલી વાત કે દૃષ્ટિનો દોર હાથમાં રાખ એટલે એને ગ્રહણ કર. શ્રદ્ધામાં એને નિર્વિકલ્પપણે એનું સમ્યક્ શ્રદ્ધાન કર.

**'પછી ભલે બધું જ્ઞાન થાય.'** જેમ ઉપર કહ્યું ને ભલે ઉપયોગ બહાર જતો હોય. એમ ભલે બધું જ્ઞાન થાય એટલે આ સ્વરૂપ સિવાયનું પણ તને જ્ઞાન થાય. સામાન્ય સ્વરૂપ સિવાય વિશેષ પર્યાયના પડખાંઓનું જ્ઞાન થાય, સામાન્ય સ્વરૂપના અંદરના ને અંદરના ગુણભેદોનું તને જ્ઞાન થાય કે કર્મના કોઈ ભેદ-પ્રભેદોનું જ્ઞાન થાય, એને નિમિત્તે થતા જે વિભાવભાવો છે એના ભેદ-પ્રેભદોનું જ્ઞાન થાય એ બધું જ્ઞાન ભલે થાય. એ બધું જ્ઞાન તારા સામાન્ય સ્વરૂપને મુખ્ય રાખ્યું હશે તો એ બધું જ્ઞાન તને એની મુખ્યતામાં જ નિમિત્ત પડશે, તેથી તને એ જ્ઞાનથી બીજું કોઈ નુકસાન થવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

વળી, પરિણામના વિજ્ઞાનનો સિદ્ધાંત એવો છે કે જેની દૃષ્ટિ તેની જ્ઞાનમાં મુખ્યતા. દૃષ્ટિમાં મુખ્ય ગૌણપણું નથી. જ્ઞાનમાં મુખ્ય ગૌણપણું કરે છે. તો જેની દૃષ્ટિ એની મુખ્યતા જ્ઞાન છોડી ન શકે. આ પરિણામના વિજ્ઞાનનો સિદ્ધાંત છે. કોઈ એમ કહે કે ભલે અમને દૃષ્ટિમાં–શ્રદ્ધામાં આત્મા ન આવ્યો હોય પણ અમે તો શાસ્ત્ર વાંચીને આત્માની જ મુખ્યતા કરીએ છીએ. અમે આત્મસ્વરૂપની મુખ્યતા સિવાય બીજું કાંઈ કરતાં નથી. ન બની શકે, એ બની શકતું નથી.

જેની દૃષ્ટિ એની જ જ્ઞાનમાં મુખ્યતા. દૃષ્ટિ જ્યાં સુધી રાગની, એક સમયની પર્યાયની કે એના વિષયભૂત અન્ય દ્રવ્યની દૃષ્ટિ છે એ બધી દૃષ્ટિ એની દૃષ્ટિ છે, પર દૃષ્ટિ છે, મૂઢ દૃષ્ટિ છે, મિથ્યાદૃષ્ટિ છે. ત્યાં સુધી કોઈપણ પ્રકારે આત્મસ્વરૂપની મુખ્યતા જ્ઞાનમાં થઈ શકતી નથી. એવી વૈજ્ઞાનિક પરિસ્થિતિ છે. કરવી હોય એમાં ઇચ્છા ન કામ આવે કે મારે તો આત્માની જ મુખ્યતા કરવી છે ને, મારે તો આત્માની

જ મુખ્યતા કરવી છે. એ થઈ શકતું નથી. બધો આધાર દૃષ્ટિ ઉપર છે. દૃષ્ટિ ખોઈ એણે બધું ખોયું. 'અષ્ટપાહુડ'ની અંદર ભગવાન 'કુંદકુંદાચાર્ય' કહે છે કે, '**सिज्झंति चरियभट्ठा दंसणभट्ठा ण सिज्झंति।।३।।**' ચારિત્રથી ભ્રષ્ટ થયેલો પાછો સીજે છે એટલે એનો ઉદ્ધાર થાય છે, દર્શનથી ભ્રષ્ટ થાય એનો ઉદ્ધાર થતો નથી. કેમકે ચારિત્ર ભ્રષ્ટ થયો (એટલે) મુનિદશામાંથી કોઈ ચ્યુત થયા, પાચમેં કે ચોથે ગુણસ્થાને આવ્યા હોય. મુનિદશા આવતા એને વાર નહીં લાગે. અરે...! એને પૂર્ણ થતાં વાર નહીં લાગે. શ્રદ્ધામાંથી ગયો (પછી) કેટલો કાળ કાઢે ? પછી મિથ્યાત્વ અવસ્થામાં એ કાળ ઘણો લાંબો હોય છે, ઘણો લાંબો હોય છે.

મુમુક્ષુ :– વાત મજાની છે પણ દૃષ્ટિ થતી નથી બીજેથી છૂટતી નથી.

પૂજ્ય ભાઈશ્રી :– એ દૃષ્ટિ નથી થતી તો દૃષ્ટિ થવાના પાયા શોધવા જોઈએ. તરસ લાગી છે પાણી મળતું નથી, શું કરીએ ? મૂકો પડતી વાત એમ કરે છે કોઈ ?

મુમુક્ષુ :– ત્યાં તો પાણી જ જોઈએ.

પૂજ્ય ભાઈશ્રી :– પાણી મળતું નથી કરીએ શું ? અહીંયાં જોયું, અહીંયાં જોયું, અહીંયાં જોયું, ચારે બાજુ જોયું. પાણી ન મળ્યું અમારે શું કરવું ? મૂકો પડતી વાત હવે. ખાવ ગાંઠિયા. ભાઈ ! મરી જાય. ગાંઠિયા ખાવા જાય તો મરી જાય. ગળે ડૂચો રહી જાય એ તો.

મુમુક્ષુ :– પાણી જ જોઈએ.

પૂજ્ય ભાઈશ્રી :– પાણી જ પાણી જોઈએ અને પાણી ન જોઈએ (મળે), પાણી ન મળે તો પાણીનો તડફડાટ, તરસનો તડફડાટ ઉત્પન્ન થયા વિના રહે નહીં. તો આપણને દૃષ્ટિ નથી થઈ, આપણને દૃષ્ટિ નથી થઈ તો આપણને દૃષ્ટિની તરસ કેટલી ? આ વિચાર માગે છે. જો એની તરસ ન હોય તો દૃષ્ટિ થતી નથી. શાસ્ત્ર તો વાંચીએ છીએ, સાંભળીએ છીએ, નીતિનિયમ પ્રમાણે આપણા કાર્યો કરીએ છીએ. પૂજા, ભક્તિ, સ્વાધ્યાય, દયા, દાન, યાત્રા આદિ. પણ દૃષ્ટિ નથી થતી શું કરવું ? આ બધું કર્યા કરવું. અથવા તો આ ન કર્યા કરવું તો કરીએ પણ શું ? એ રીતે ન થાય.

દૃષ્ટિ ન થતી હોય તો એનું દુઃખ છે એ ઉત્પન્ન થયા વિના રહેવું જોઈએ નહીં. તારા એક સ્વજનનો Temporary વિયોગ (થાય), આ દીકરીને સાસરે વળાવે છે કે નહીં ? કેવી રીતે રોવે છે ? બીજાને રડવું આવે એ રીતે રોવે. એટલો વિયોગ

પણ તને પોસાતો નથી. તારા પરમાત્માનો વિયોગ તને કેમ પોસાય ? તારા પરમ પદાર્થનો વિયોગ તને પોસાય છે ? ખાઈ-પીને ટંકારા કરે છે. સરખી ઊંઘ આવે છે. તને કાંઈ પડી તો નથી દરકાર તો નથી ને દૃષ્ટિ થતી નથી શું કરીએ ? શાસ્ત્ર તો વાંચીએ છીએ. એવી રીતે કાંઈ દૃષ્ટિ (થાય નહિ).

પરમાત્મા એટલા સસ્તા નથી કે એમ ને એમ પધારે. એટલા સસ્તા પરમાત્મા નથી. એનું જે મૂલ્ય છે એટલું મૂલ્ય આવે (તો) એની પધરામણી થાય છે અને એનું મૂલ્ય ન આવે તો અનંત કાળ ગયો અને અનંત કાળ હજી જાય, દુઃખી થવા સિવાય બીજો કોઈ ઉપાય એનો નથી, બીજો કોઈ પ્રકાર નથી. અને તને પોસાય તો કર. દુઃખી થવાનું પોસાય તો એ કર. પરમ શાંતિના પિંડ પ્રત્યે જવાનું પોસાણ હોય તો એ કર. રુચિમાં શેનું પોસાણ છે એના ઉપર આખો આધાર છે.

(અહીંયાં) કહે છે કે, **'સામાન્ય સ્વરૂપને ગ્રહણ કર,...'** સામાન્ય સ્વરૂપ એટલે ગુણનિધાન. સામાન્ય સ્વરૂપ એટલે સામાન્ય વાત નથી. પણ અનંત ગુણ નિધાન, અનંત ગુણનો નિધિ ભગવાન સ્વરૂપ ગુણ ભંડાર આત્મા એનું દૃષ્ટિમાં ગ્રહણ કર. **'પછી ભલે બધું જ્ઞાન થાય.'** એ જ્ઞાન તને તારું મૂળ કેન્દ્રસ્થાન છોડીને ક્યાંય આગળ જવા દેશે નહીં. પછી તો જ્ઞાનની અંદર વહેંચણી થઈ જાય છે. કે જેટલું અપ્રયોજનભૂત વિષયરૂપ જ્ઞેયનું જ્ઞાન થાય છે જ્ઞાન એને છોડી દે છે. જ્ઞાન એને નગણ્ય–ગણ્યા વગર મૂકી દે છે. આ આપણે કામની ચીજ નથી આ કોઈ આપણા હાથનો વિષય (નથી), આપણા પ્રયોજનનો આ વિષય નથી. પ્રયોજનભૂત ઉપરની દૃષ્ટિ અને પ્રયોજનભૂત ઉપરનું જ્ઞાન, દૃષ્ટિકોણવાળું જ્ઞાન તે જ્ઞાન સદાય આત્મહિત અર્થે પ્રવર્તમાન રહે છે અને તેથી એ મતિ-શ્રુતજ્ઞાનને ભવ નિવૃત્તિનું કારણ કહેવામાં આવ્યું છે.

'હે કલ્યાણમૂર્તિ સમ્યગ્દર્શન !' 'શ્રીમદ્જી'એ સમ્યગ્દર્શનને સંબોધન કર્યું, માનાર્થે, બહુમાનાર્થે, ભક્તિ અર્થે સંબોધન કર્યું છે કે 'હે કલ્યાણમૂર્તિ સમ્યગ્દર્શન !' સમ્યગ્દર્શનને શું કહ્યું ? કલ્યાણની મૂર્તિ સ્વરૂપ છે. જેના અસદ્ભાવમાં 'જે મતિજ્ઞાન ભવ હેતુરૂપ થતું હતું, એ તારા સદ્ભાવમાં એ જ મતિ-શ્રુતજ્ઞાન ભવ નિવૃત્તરૂપ થવા લાગ્યું. તે અર્થે હે કલ્યાણમૂર્તિ અમે તને નમસ્કાર કરીએ છીએ.' સમ્યગ્દર્શનને નમસ્કાર કરે છે. સમ્યગ્દર્શનના ધણીને પણ નમસ્કાર કરવામાં આવે છે. (સમ્યગ્દૃષ્ટિ)

મોટો છે આ તો એની સંપત્તિ છે, પેલો તો સંપત્તિવાન છે. એમ છે. એમાં તો કાંઈ પ્રશ્ન રહેતો નથી.

સમ્યક્દૃષ્ટિની પૂજા કરાય કે ન કરાય ? દર્શન પૂજા આવે છે. સમ્યગ્દર્શનની પૂજા આવે છે, સમ્યક્જ્ઞાનની પૂજા આવે છે, સમ્યક્ચારિત્રની પૂજા આવે છે. રત્નત્રયની જે પૂજા આવે છે એ સમ્યગ્દર્શનની પૂજા છે. પૂજનીય છે. સ્વામી 'કાર્તિકેયાનુપ્રેક્ષા'ના ૩૨૬ ગાથાની ટીકામાં આચાર્ય ભગવાને સ્પષ્ટ શબ્દો વાપર્યા છે. સમ્યક્દૃષ્ટિ પૂજનીય છે, વંદનીય છે, સ્તુતિ કરવા યોગ્ય છે – ત્રણ શબ્દો વાપર્યા. કોઈ અનર્થ ન કરે એટલે ત્રણ શબ્દો વાપર્યા.

કહે છે કે, **'એમ કરતાં કરતાં અંદર વિશેષ લીનતા થાય.'** જ્યારે શ્રદ્ધાનમાં સ્વરૂપ ગ્રહણ થાય, જ્ઞાનમાં પણ સ્વસંવેદનનો પ્રકાર ઊપજે. સ્વ સંવેદ્યમાન એવા પોતાના આત્માનું સ્વસંવેદનજ્ઞાન ઊપજે, ત્યારે વિશેષ એમ કરતાં કરતાં એમ. **'એમ કરતાં કરતાં...'** એટલે સ્વરૂપના શ્રદ્ધા-જ્ઞાનના પરિણામ કરતાં કરતાં અંદર વિશેષ લીનતા થાય એને ચારિત્રદશા કહેવામાં આવે છે. આ સ્વરૂપ લીનતા તે આત્માનું ચારિત્ર છે, તે સમ્યક્ ચારિત્ર છે, તે જ સાચું ચારિત્ર છે. બાકી ચારિત્ર છે તે ઉપચરિતપણે કહેવામાં આવે છે. આ જ ચારિત્ર છે.

**'એમ કરતાં કરતાં અંદર વિશેષ લીનતા થાય, સાધકદશા વધતી જાય.'** જેમ જેમ લીનતા વધે તેમ તેમ સાધકદશા વધતી જાય. શ્રદ્ધામાં વધવાપણું ઘટવાપણું કાંઈ પ્રશ્ન નથી. જ્ઞાનનું, બાહ્ય જ્ઞાનનું વધવાપણું થાય છે એ કોઈ સાધકદશાનું વધવાપણું નથી. બાહ્ય જ્ઞાન એટલે ઉઘાડજ્ઞાનનું જે વધવાપણું થાય એ કોઈ સાધકદશાનું લક્ષણ નથી. એથી કોઈ સાધકદશા વધી ગઈ છે એમ માનવા યોગ્ય નથી. પણ અંદર વિશેષ લીનતા થાય ત્યારે સ્વરૂપ ગ્રહણ કરવાની જે જ્ઞાનની શક્તિ છે તે અવશ્ય વધે છે. સ્વરૂપ ગ્રહણ, નિજસ્વરૂપગ્રાહી જ્ઞાન. 'રાજમલજી' 'કળશટીકા'માં એને કહે છે કે નિજ સ્વરૂપગ્રાહી જ્ઞાન. એ જ્ઞાનશક્તિ અવશ્ય વધે છે.

કોઈ સાધકને બહારનો ઉઘાડ ન વધે તો એવું લાગે કે જ્ઞાન કેમ વધતું નથી ? સમ્યક્દૃષ્ટિમાંથી મુનિપણું લીધું ને જ્ઞાન કેમ નથી વધ્યું ? શાસ્ત્રનું જ્ઞાન, બહારનું જ્ઞાન ન વધે એવું બને છે. એ જ્ઞાનને લોકો જ્ઞાન સમજે છે એટલે એમ સમજે છે કે આ જ્ઞાન કેમ વધતું નથી ? પણ અંદરમાં સ્વરૂપને ગ્રહણ કરવાની જ્ઞાનની શક્તિ

તો વધી જ ગયેલી છે. એ તો જેટલી લીનતા વધે એટલા અનુસાર, એ અનુસાર પુરુષાર્થ પણ વધેલો છે ત્યારે લીનતા વધી છે. મૂળ કારણ પુરુષાર્થનું છે. સ્વરૂપ રચના–અનંત ગુણોના સ્વરૂપની શુદ્ધ પર્યાયની સ્વરૂપ રચના થવી એ પુરુષાર્થનું કાર્ય છે. એ પુરુષાર્થ વધતા ચારિત્ર વધે છે. એ પુરુષાર્થ વધતા સ્વરૂપ ગ્રહણની જ્ઞાનશક્તિ વધે છે. એ સ્વરૂપ વધતા પણ બીજાં જે જે ગુણોમાં અધૂરાપણું છે, ઓછાપણું છે, અલ્પ શુદ્ધતાનું પરિણમન છે એ બધું વધવા લાગે છે.

જેટલો પુરુષાર્થ એમ એ બધા ગુણો શુદ્ધ વધારે થાય છે અને તે જ સ્વરૂપની સાધના છે અથવા આરાધના છે અને એ રીતે એ સાધકદશા વધતી ચાલે છે. સહજપણે સમયે સમયે ક્ષણે ક્ષણે શુદ્ધ શ્રદ્ધાનનું પરિણમન હોવાને લીધે એ પરિણમન સાથે શુદ્ધ પુરુષાર્થનું પણ પરિણમન હોવાને લીધે મોક્ષમાર્ગમાં તેના તે ગુણસ્થાનમાં સાધક હોય તોપણ તે વધતી દશામાં હોય છે. ગઈકાલે લીધું છે આમાં 'બહેનશ્રી'નો એક બોલ છે. કોઈ એમ માને કે આ મુનિ છે એ તો એમ કે ત્યાં ને ત્યાં છઠ્ઠે-સાતમે ગુણસ્થાને જ છે. પણ ખરેખર એમનો પુરુષાર્થ છે એ વર્ત્યા જ કરે છે. (આમાં) નીચે જ છે આ.

૧૯૩ માં જ્ઞાનીની દશા છે. **'અવિરત સમ્યક્‌દૃષ્ટિને...'** ૬૧ પાને. **'અવિરત સમ્યક્‌દૃષ્ટિને ચોથા ગુણસ્થાન પ્રમાણે અને મુનિને છઠ્ઠા-સાતમા ગુણસ્થાન અનુસાર પુરુષાર્થ વર્ત્યા કરે છે. પુરુષાર્થ વિના કાંઈ પરિણતિ ટકતી નથી.'** પુરુષાર્થ ચાલુ રહે છે એટલે પરિણતિ ટકે છે. તે **'સહજ પણ છે.'** અને સહજ છે એવું જ સહજપણે પુરુષાર્થનું સ્વરૂપ છે. એ એના એ ગુણસ્થાનની અંદર પણ ત્યાં વૃદ્ધિગતપણું થાય છે. તારતમ્ય ભેદે એક ગુણસ્થાનના અસંખ્ય ભેદ છે. કેટલા ?

મુમુક્ષુ :– અસંખ્ય.

પૂજ્ય ભાઈશ્રી :– અસંખ્ય ભેદ છે. ચોથા ગુણસ્થાનના અસંખ્ય, પાંચમાના અસંખ્ય છઠ્ઠા-સાતમાના અસંખ્ય, સાતમાનું બહુ થોડું છે તોપણ. છઠ્ઠાનું તો વિકલ્પવાળું છે. આઠમાના અસંખ્ય, નવમાના અસંખ્ય, દસમાના અસંખ્ય બધાના. તે તે એક એક ગુણસ્થાનના અસંખ્ય ભેદ છે. એ બધો જરા કરણાનુયોગનો સૂક્ષ્મ વિષય છે પણ છે એવી રીતે. અને સ્થૂળ ભેદો લઈએ તો એક ગુણસ્થાનના જઘન્ય-મધ્ય અને ઉત્કૃષ્ટ એવા ત્રણ ભેદ છે. અને પંચમ ગુણસ્થાનથી એ વાત વધારે સ્પષ્ટપણે

સમજી શકાય છે કે પંચમ ગુણસ્થાનમાં એક દર્શન પ્રતિમાનો ધારક પણ પંચમ ગુણસ્થાનવર્તી કહેવાય પણ તે જઘન્ય પંચમ ગુણસ્થાનમાં છે. છઠ્ઠી પ્રતિમા સુધી બ્રહ્મચર્ય ન આવે ત્યારે એને છઠ્ઠું, સાતમે, આઠમે સુધી એને મધ્યમ કક્ષાના પંચમ ગુણસ્થાનવર્તી કહેવાય છે. નવ, દસ, અગિયાર પ્રતિમા ઉત્કૃષ્ટ પંચમ ગુણસ્થાનવર્તી કહેવામાં આવે છે. એ બહારથી સમજાવ્યું. બહારમાં લોકો ત્યાગથી સમજે છે એટલે બહારથી સમજાવ્યું.

અંદરથી સમજવું હોય તો તે જ ગુણસ્થાનમાં સ્વરૂપલીનતા વધી છે. છે હજી તેનું તે ગુણસ્થાન. પાંચમાનું છઠ્ઠું-સાતમું નથી. પણ તે જ ગુણસ્થાનમાં તે ગુણસ્થાનને યોગ્ય સ્વરૂપલીનતા ત્યાં વધી છે. સ્વરૂપ સ્થિરતા એ રૂપ જે વીતરાગભાવ, એ વીતરાગભાવના સદ્‌ભાવને લીધે બુદ્ધિપૂર્વકના કેટલાક પ્રકારના વિકલ્પરૂપ રાગાદિનો અભાવ, ઉત્પન્ન નહીં થવું એવી જે પરિસ્થિતિ એ અંતર-બાહ્ય પરિસ્થિતિ, બહારમાં રાગનો વિકલ્પનો અભાવ, વિકલ્પના અભાવને લઈને તે તે વિકલ્પથી ગ્રહણ થતાં પદાર્થોનો ગ્રહણ થવાનો અભાવ, ગ્રહણ થવાની ક્રિયાનો અભાવ, આત્મા તો ગ્રહણ કરી શકતો નથી પણ ક્રિયા દેખાય છે કે એણે આ ખાધું ને એણે આ ભોગવ્યું. એવી ક્રિયાનો અભાવ એને અંતર-બાહ્ય ગુણસ્થાન કહેવામાં આવે છે.

મુમુક્ષુ :– (સ્વરૂપ બાજુ વલણ થઈ ગયું).

પૂજ્ય ભાઈશ્રી :– એનું ઢલણ થઈ ગયું. જેમ પાણીનું ઢાળમાં દડવાનું વલણ થાય છે, પાણીને ઢાળ આપો એટલે પછી ત્યાં Machinary ગોઠવવાની જરૂર નથી. Automatic પાણી નીચે આવે.

મુમુક્ષુ :– પહેલા ગુણસ્થાને આવે છે તે વખતે પણ ઊંધો પુરુષાર્થ...

પૂજ્ય ભાઈશ્રી :– ઊંધો પુરુષાર્થ છે. ઇ તો આખી રુચિ બદલાઈ ગઈ. રાગની અરુચિ થઈ ગઈ એટલે આખી લાઇન ફરી ગઈ.

મુમુક્ષુ :– એક ને એક ગુણસ્થાનમાં મર્યાદિત સમય સિવાય વધુ ન રહી શકે.

પૂજ્ય ભાઈશ્રી :– નહીં... મર્યાદિત એટલે શું ? કેટલી મર્યાદા ?

મુમુક્ષુ :– જેમકે ચોથા ગુણસ્થાને હીનાધિકતા તો થયા જ કરતી હોય છે. સમયે સમયે...

પૂજ્ય ભાઈશ્રી :– એ હીનાધિકતા જે થઈ હોય છે ઇ તો રાગાદિ ભાવોમાં

ઉપર ઉપર હીનાધિકતા થાય છે. અંદરમાં તો એની દશા જે છે (એ) જેમ જેમ સમય જાય તેમ તેમ વૃદ્ધિગત થતી જાય છે.

મુમુક્ષુ :- વૃદ્ધિગત થતી જાય એટલે પછી બીજી બીજી...

પૂજ્ય ભાઈશ્રી :- આવી જ જાય, આવી જ જાય છે. આવે જ.

મુમુક્ષુ :- ત્યાં અટકવાનો સવાલ જ નથી.

પૂજ્ય ભાઈશ્રી :- કાળે કરીને એ આગળ વધે જ છે. તેથી કોઈપણ સાધક સમ્યગ્દર્શન પ્રાપ્ત થયા પછી અસંખ્ય સમયમાં પૂર્ણ દશાને પ્રાપ્ત થાય છે એવો સિદ્ધાંત છે. જો એ પોતાની સાધકદશાનો ત્યાગ કરીને કેવળ બાધકદશામાં ન આવે તો એને અસંખ્ય સમયમાં પૂર્ણ થવાનું, થવાનું ને થવાનું જ છે.

મુમુક્ષુ :- એટલે મારું કહેવું એમ છે કે સમય મર્યાદા એટલે આગળ વધવા માટે (સમય લાગે કે) અમુકમાં સ્થિર રહે કે આગળ જ વધે..

પૂજ્ય ભાઈશ્રી :- આગળ જ વધે છે.

મુમુક્ષુ :- અને કદાચ એમ માનો કે પાછળ જાય તો પાછળ જ જાય છે, પણ આગળ વધવાનું અટકતું નથી.

પૂજ્ય ભાઈશ્રી :- નહીં. અટકતું નથી. આગળ વધવાનું અટકે નહીં. ભલે તેના તે ગુણસ્થાનમાં હોય તોપણ આગળ વધે છે. ઉપરના ગુણસ્થાનમાં જાય તો આગળ વધે છે એ તો નિર્વિવાદ વિષય થઈ ગયો. પણ તેના તે ગુણસ્થાનમાં હોય એવો એક બોલ છે, તેના તે ગુણસ્થાનની અંદર આગળ વધે છે.

મુમુક્ષુ :- એ તો બરાબર છે કારણ કે પુરુષાર્થ અમુક સ્ટેજે આવ્યા પછી ગુણસ્થાન બદલાય છે...

પૂજ્ય ભાઈશ્રી :- વધે જ છે ને આગળ ચાલે જ છે એ. ઉપરના ગુણસ્થાન પ્રત્યે ગતિમાન પરિણામ છે. ત્યાં ને ત્યાં નથી, ગતિમાન પરિણામ છે. છે એવો એક બોલ છે આની અંદર.

**'એમ કરતાં કરતાં અંદર વિશેષ લીનતા થાય, સાધક દશા વધતી જાય. દેશવ્રત અને મહાવ્રત સામાન્ય સ્વરૂપના આલંબને આવે છે;...'** એ પછી જે બહારમાં દેખાય છે પંચમ ગુણસ્થાનમાં બાહ્ય ત્યાગમાં દેશવ્રત દેખાવ દે છે. અથવા મુનિદશાના મહાવ્રતમાં જે દેખાવ થાય છે એ દેખાવ છે એ સામાન્ય સ્વરૂપના અવલંબને ઉત્પન્ન

થયેલી દશા છે એમ કહે છે. બહારમાં ફેરફાર થયો તો અંદરમાં સ્વરૂપનું અવલંબન આવ્યું છે.

અહીંયાં શું વિચાર કરવા યોગ્ય વિષય છે ? કે કેટલાક જીવો અંદરમાં સ્વરૂપ લીનતામાં આવ્યા વિના, સમ્યગ્દર્શનમાં ન આવ્યા હોય, સ્વરૂપજ્ઞાનમાં-અનુભવ જ્ઞાનમાં ન આવ્યા હોય અને સ્વરૂપલીનતામાં ન આવ્યા હોય અને દેશવ્રત કે મહાવ્રત પાળે તો એ સામાન્ય સ્વરૂપના અવલંબને ઉત્પન્ન થયેલી દશા નથી. તેથી એવા દેશવ્રત અને મહાવ્રતને મિથ્યાચારિત્ર એવું નામ દેવામાં આવે છે. મિથ્યા એટલે ખોટું. જે એને સાચું માને છે એને દુઃખ લાગે છે કે અમે આટલો ત્યાગ કરીએ. તમે ત્યાગ કરતા નથી, અમે ત્યાગ કરીએ છીએ અને અમારા ત્યાગ ઉપર તમે ચોકડી મૂકો છો. ત્યાગ કરીએ એને તમારે ત્યાગ કર્યો છે એટલું તો consider કરો તમે. એમ ના પાડે છે. કહે છે કે ભાઈ ! એ ત્યાગ ખરેખર આત્મહિતના કારણરૂપ ક્યારેય થતો નથી. આ જીવે અનંત વાર એવા ચારિત્ર લીધા છે પણ એ ચારિત્રથી આત્માને લેશ માત્ર પણ ફાયદો થયો નથી. આત્મશાંતિ એને એક અંશે કદી પ્રગટી નથી અને મોક્ષમાર્ગને વિશે એનો પ્રવેશ પણ થયો નથી. એ બધું કર્યું એ બધું બહારનું બહાર કર્યું. ૧૯૦ બોલ પ્રમાણે. એ બધું કર્યું એ બધું એણે બહારનું બહાર કર્યું.

મુમુક્ષુ :– એનો આધાર છે ઇ રાગ છે.

પૂજ્ય ભાઈશ્રી :– એનો આધાર રાગ છે. એનો આધાર પુદ્‌ગલ છે. આખે આખા પરમાત્માનો અનાદર કરીને પ્રવર્તે છે. ભગવાનઆત્મા ઘરમાં બિરાજમાન છે એની સામું જોતો નથી, એનો આદર સત્કાર કરતો નથી, શ્રદ્ધામાં એને શ્રદ્ધતો નથી. શ્રદ્ધામાં એનો વેરી જે રાગ છે એને શ્રદ્ધે છે. વીતરાગતાનો વેરી રાગ છે એને શ્રદ્ધે છે. અને એમ કહે છે કે મારું કલ્યાણ થાય તો સારું. આમ કરતા કરતા મારું કલ્યાણ થાય એવી અભિલાષા કરે છે. એ આશા બધી ઠગારી નીવડે છે. કેમકે એ પરમાત્માનો અનાદર કરીને તો બેઠો છે. ઇ તો બેઠો છે પરમાત્માનો અનાદર કરવા. એ તો કોઈ રીતે કામ થતું નથી.

મુમુક્ષુ :– ધાગો રાખીને મુનિપણું મનાવે એના જેવું થયું. ધાગો રાખીને મુનિપણું મનાવે એના જેવો ગુનો..

પૂજ્ય ભાઈશ્રી :– હા, ઇ તો વિપરીત અભિનિવેશ સહિત જેટલું કરે એટલું

બધું વિપરીતતાનું સાધક થાય છે. વિપરીત અભિનિવેશ સહિત જેટલું કરે એ બધું વિપરીતતાનું સાધક થાય છે. એમાં અભિનિવેશ છે. અભિનિવેશના પ્રકરણને સમજવું જોઈએ.

શું કહે છે ? કે **'દેશવ્રત અને મહાવ્રત...'** જે પંચમ ગુણસ્થાનમાં દેશવ્રત અને મહાવ્રત છે એ **'સામાન્ય સ્વરૂપના આલંબને આવે છે.'** સામાન્ય સ્વરૂપ પરમ વીતરાગ પરમ પદાર્થ એના અવલંબનમાં વીતરાગતા ઉત્પન્ન થાય છે. વીતરાગતા જેટલી વધે છે એટલો રાગનો અભાવ થાય છે. એ રાગનો અભાવ પ્રગટપણે બહાર દેખાય છે. રાગના અભાવસ્વરૂપે જે ક્રિયા મન-વચન-કાયાની થાય છે ત્યાંથી એ દેખાવ દે છે. કોઈને દેશવ્રત તો કોઈને મહાવ્રત સ્વરૂપે એ પ્રકાર બહારમાં આવે છે. એ ખરેખર અંદરના સામાન્ય સ્વરૂપના અવલંબને આવેલી દશા છે. એ સમ્યક્ દશા છે, એ વાસ્તવિક દશા છે અને એને સમ્યક્ ત્યાગ કહેવામાં આવે છે. પેલો મિથ્યા ત્યાગ છે, આ સમ્યક્ ત્યાગ છે.

કોઈ જીવ ચારિત્રને મુખ્ય કરે છે અને માર્ગની વિધિને-યથાર્થ વિધિને સમજતા નથી એને એ પ્રશ્ન થાય છે કે જેટલો ત્યાગ કર્યો એટલું તો એને ત્યાગ ન કર્યો એના કરતા તો સારું કે નહીં ? આ એક પ્રશ્ન થાય છે ? કહે છે કે એ પ્રકારે વિચારવું જોઈએ નહીં. કેમકે એની અંદર તો માર્ગની વિધિ બદલાય છે. ભગવાન જે માર્ગે ચાલ્યા અને પ્રવર્ત્યા એને છોડીને જુદો ચીલો ચાતરવાની વાત થઈ કે હું જે માર્ગે ચાલુ છું એ મારો માર્ગ બરાબર છે. ભલે સમ્યગ્દર્શન ન થયું, ભલે આત્મજ્ઞાન ન થયું પણ ત્યાગ તો કર્યો છે કે નહીં. એટલું છોડ્યું છે એ વાત તો નક્કી છે. કહે છે કે એ માર્ગ નથી. અવિધિએ ચાલવાનો માર્ગ નથી. એટલો પ્રશ્ન અવશ્ય છે કે તને પાપના પરિણામથી છૂટવું હોય, સહેજે તને મંદ કષાયના પરિણામમાં રહેવું હોય તો એનો નિષેધ નથી.

જ્યારે સમ્યક્દૃષ્ટિ મોક્ષમાર્ગના સાધકજીવો પોતાની અંતરની સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની સાધકદશાનું પણ એટલું મૂલ્ય કરતા નથી, શુદ્ધ દશાનું પણ મૂલ્ય કરતા નથી તો પછી તું અશુદ્ધ રાગાદિ પરિણામમાં જે મંદતા થઈ, એવા જે અશુદ્ધ પરિણામ છે જે એની કિંમત આંકીને તારે શું કરવાનું છે ? મોક્ષમાર્ગી જીવ, ધર્માત્મા અલ્પકાલીન-અલ્પકાલ જેનો છે એવા જે ક્ષણિક ભાવો છે એનું મૂલ્ય આંકતા નથી. મૂલ્ય આંકે

તો એમાં પરમાત્માનું અવમૂલ્યન થઈ જાય છે અને તેથી કરીને તેની શુદ્ધ દશા ચાલુ રહેતી નથી. શુદ્ધ દશાથી ભ્રષ્ટ થઈ જવાય છે, છૂટી જવાય છે.

મુમુક્ષુ :– એ રીતે આધારમાં ઘણો ફેર છે.

પૂજ્ય ભાઈશ્રી :– બહુ મોટો ફેર છે. એ આધાર લેવાની જ વાતમાં ગ્રહણ કર. દૃષ્ટિનો દોર હાથમાં રાખ. ગ્રહણ કર એ આધાર લેવાની જ વાત છે. છું છું જે વાત છે, હું આ છું, આ હું છું એ આધાર લેવાની વાત છે. આધાર ઉપર બધો આધાર છે. શેનો આધાર લીધો છે એના ઉપર બધો આધાર છે.

અનાદિથી જીવે રાગનો આધાર છોડ્યો નથી અને અનાદિથી જીવે જ્ઞાનનો આધાર, સ્વરૂપનો આધાર, આત્માનો આધાર લીધો નથી. જ્ઞાન ક્રિયા દ્વારા જ્ઞાન સ્વભાવનો આધાર લે. **'ज्ञानं ज्ञानगुणं विना कथमपि प्राप्तुं क्षमन्ते न हि।'** 'નિર્જરા અધિકાર'માં ૧૪૨(માં) કળશ છે. આચાર્ય મહારાજે Total માર્યો છે કે **'ज्ञानं ज्ञानगुणं विना'** જ્ઞાન જ્ઞાનનો આધાર લે એવું જે જ્ઞાન ગુણનું કાર્ય, જ્ઞાન જ્ઞાન સ્વભાવનો આધાર લે એવું જે જ્ઞાન ગુણનું કાર્ય એ વિના કોઈ રીતે પ્રાપ્તિ થતી નથી. **'प्राप्तुं क्षमन्ते न हि'** પ્રાપ્તિ થવાની ક્ષમતા અવસ્થાને વિશે ઉત્પન્ન થતી નથી. બાકી બધું જે કર્યું તે બધું કરી કરીને ભલે તું તૂટી મર્યો, એકાંતે ક્લેશને પામ્યો છો; ભલે મંદ કષાયની શાંતિ તને ઉત્પન્ન થઈ હોય તોપણ એ ક્લેશની શાંતિ છે. એની પાછળ ક્લેશોદધિ – કલેષનો દરિયો પડેલો છે, એની પાછળ શાંતિનો એક કણ પણ નથી. 'નિર્જરા અધિકાર'માં તો બહુ જોરથી વાત કરી છે.

મુમુક્ષુ :– આખી જાત...

પૂજ્ય ભાઈશ્રી :– આખી જાત, પેલી તો શાંતિ જ નથી એક ન્યાયે. આત્માની શાંતિ પાસે મંદ કષાયની શાંતિ શાંતિ જ નથી. એમ છે ખરેખર તો. બહુ સૂક્ષ્મ વિચારથી તો એમ છે કે એમાં અનંત અશાંતિ છે. કેટલી ? કેમકે અનંતાનુબંધીની અશાંતિ છે ને.

મુમુક્ષુ :– સ્વરૂપની શાંતિ એ ખરી શાંતિ છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, આ તો મૂળ શાંતિ છે. સ્વરૂપની શાંતિ છે, એકાંતે સમ્યક્ પ્રકારની શાંતિ છે અને એ શાંતિની આખી જાત અને Quality અલૌકિક છે. લૌકિકમાં ક્યાંય એવી શાંતિનો મેળ ખાય એવું નથી.

પ્રશ્ન :– ખોટા દેશવ્રત અને મહાવ્રત બાજુ દોરી જાય તો અમારે હવે આકર્ષાવું નહીં ને ?

સમાધાન :– ન જ આકર્ષાવું ને. અત્યાર સુધી બધું ખોટે ખોટામાં જ ચાલ્યું છે. આ તો 'ગુરુદેવ'ની કૃપા છે કે વિષયને ખોલ્યો. અને આ કાળને વિશે સાચા માર્ગનું ઉદ્‌ઘાટન કર્યું. અનાદિથી માર્ગ તો ચાલે છે પણ લુપ્તપ્રાય હતો. તો વાતને ખોલીને એને કહે છે કે ભાઈ ! આ ખોટા રસ્તે સંપ્રદાયમાં ચીલા-ચાલુ જે પ્રકાર થઈ ગયો છે, ત્રણે ફિરકાને વિશે, ભલે એ નામધારી જૈન છે, પણ માર્ગનો એ પ્રકાર સાચો નથી અને એ ત્યાગનો પ્રકાર સાચો નથી. વાત તો સત્ય કહેવા માટે જ અમે કહીએ છીએ પણ એમાંથી કોઈને દુઃખ લાગવા માંડ્યું કે ત્યારે અમારું બધું ખોટું ? એટલે એમાંથી થોડી ગડબડ પણ ઊભી થઈ. સમાજમાં વિરોધ કરવાનો પ્રકાર ઊભો થયો.

'ગુરુદેવે' તો કહે, અમારે કોઈને વ્યક્તિગત કોઈ દુઃખ લગાડવું નથી. અરે...! કોઈપણ પ્રાણીને, એકેન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિય પર્યંતના કોઈપણ પ્રાણીને અમારા મન-વચન-કાયાથી દુઃખ ન હો તે અભિપ્રાયથી તો આગળ વધીને અમે આ માર્ગમાં આવ્યા છીએ. તો એ અભિપ્રાય તો મુમુક્ષુદશામાં થઈ ગયો છે પછી સમ્યગ્દર્શનની વાત તો પછી હોય છે. પણ સત્યનું સ્થાપન કરતાં અસત્યનું ઉથાપન થયા વિના રહેતું નથી. જો કે ચારિત્રમોહની દૃષ્ટિએ સત્યનું સ્થાપન એક રાગ છે, અસત્યનું સ્થાપન એ દ્વેષ છે પણ એ છઠ્ઠા ગુણસ્થાન પર્યંત સાધકદશામાં એવી દશા સત્યના સ્થાપનના રાગની આવે છે, અસત્યના ઉથાપનની પણ દશા આવે છે. તેથી કરીને થોડું કોઈને મન દુઃખ થવાનું નિમિત્ત થાય છે પણ જ્ઞાની ધર્માત્મા એની ક્ષમા ચાહે છે. એ એમની ઉદારતા છે, એ એમની દિલની વિશાળતા છે કે અમારો હેતુ છે ઇ સત્યને સ્થાપન કરવાનો છે અને એમાં પણ તારા જ હિતની વાત છે, અમારે તો બીજી કાંઈ લેવા દેવા નથી. એ તો સર્વસંગપરિત્યાગના માર્ગે આગળ વધે છે. એને કાંઈ લોકોને ભેગા કરવા ને લોકોને જાજા કરવા, લોકદૃષ્ટિએ કાર્ય કરવા એ કાંઈ એમની વૃત્તિ નથી. પણ જગતના જીવો સમજે અને માર્ગને પામે એવો એક સત્પુરુષોનો સંપ્રદાય છે. સત્પુરુષોનો એ સંપ્રદાય છે.

('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથમાં) ૪૩૦ નંબરનો (પત્ર) છે. સત્પુરુષનો સંપ્રદાય. સંપ્રદાય

શબ્દ (છે). ૪૩૦મો (પત્ર). **'કોઈ પણ જીવ...'** 'શ્રીમદ્જી'નો 'લીમડી'ની અંદર વિરોધ હતો. 'લીમડી'ના સ્થાનકવાસી સાધુઓનો મુમુક્ષુઓને જરા ઉપદ્રવ થતો. **લીમડી વિષે જે આપને વિચાર રહે છે, તે કરુણા ભાવના કારણથી રહે છે, એમ અમે જાણીએ છીએ.'** એ જીવોનું પણ કલ્યાણ થાય અને અકલ્યાણથી બચે. હવે એવો જે ભાવ છે એ આ સંપ્રદાયમાં સન્માર્ગમાં ભળેલા જીવોને એવો કરુણાભાવ આવે છે. એટલી વાત કરી છે. એને અનુસરીને કહે છે કે **'કોઈ પણ જીવ...'** એક પણ જીવ, હોં ! **'પરમાર્થ પ્રત્યે માત્ર અંશપણે પણ પ્રાપ્ત થવાના કારણને પ્રાપ્ત થાય...'** કારણનું કારણ, એમ. કોઈપણ જીવ પરમાર્થ પ્રત્યે માત્ર અંશપણે પણ પ્રાપ્ત થવાના કારણને પ્રાપ્ત થાય **'એમ નિષ્કારણ કરુણાશીલ એવા ઋષભાદિ તીર્થંકરોએ પણ કર્યું છે,...'** અહીંથી માંડી છે. ક્યાંથી ? 'આદિનાથ' ભગવાનથી. એક કોડાકોડી પૂર્વ.

મુમુક્ષુ :– ઘણો કાળ !

પૂજ્ય ભાઈશ્રી :– આ ધર્મકાળના પ્રારંભમાં જે ભગવાન 'આદિનાથ' થયા એમના હૃદયને અમે જાણીએ છીએ. કેટલા વર્ષ પછી વાત કરે છે ! **'ઋષભાદિ તીર્થંકરોએ પણ કર્યું છે, કારણ કે સત્પુરુષોના સંપ્રદાયની...'** સત્પુરુષોના સંગ.. એનો સંપ્રદાય જુદો છે એમ કહેવું છે. **'સત્પુરુષોના સંપ્રદાયની સનાતન એવી કરુણાવસ્થા હોય છે...'** કેવી કરુણાવસ્થા હોય છે ? બહુ જોરદાર વાત કરી છે **'કે, સમયમાત્રના અનવકાશે...'** એક સમય મોડું નહીં. અત્યારે થતું હોય તો બીજો સમય નહીં, **'સમયમાત્રના અનવકાશે આખો લોક...'** કેટલો ? કોઈ જીવ બાકી નહીં. પણ ભગવાન ! જગતમાં તો અભવ્ય (જીવો પણ) છે અને કેટલાક ભવ્ય તો અભવ્ય જેવા છે, અભવ્યથી વધે એવા છે, ચડે એવા છે. તો કહે છે, ઇ અમારે કાંઈ જોવું નથી. અમારી ભાવના જુદી છે. અમારી ભાવના કોઈને બાદ રાખતી નથી.

**'સમયમાત્રના અનવકાશે આખો લોક આત્માવસ્થા પ્રત્યે હો.'** બધાને આત્માની અવસ્થા પ્રત્યે થાઓ. **'આત્મસ્વરૂપ પ્રત્યે હો;'** આખો લોક છે એને આત્મસ્વરૂપની પ્રાપ્તિ હો. બધા એ પ્રત્યે જાવ. બધાના પરિણામ એવા જ ગતિમાન હો. **'આત્મસમાધિ પ્રત્યે હો,...'** બધાને આત્માની સમાધિ પ્રગટ હો. **'અન્ય અવસ્થા પ્રત્યે ન હો, અન્ય સ્વરૂપ પ્રત્યે ન હો,'** અન્ય આધિ-વ્યાધિ-ઉપાધિ પ્રત્યે ન હો.

**'જે જ્ઞાનથી સ્વાત્મસ્થ પરિણામ હોય છે, તે જ્ઞાન સર્વ જીવો પ્રત્યે પ્રગટ હો,'**

પાછા ફરીને જ્ઞાનની મુખ્યતાથી કહે છે કે જે જ્ઞાનને લઈને સ્વરૂપ સ્થિરતા અને સ્વરૂપ લીનતા-આત્મસ્થ પરિણામ હોય છે **'તે જ્ઞાન સર્વ જીવો પ્રત્યે પ્રગટ હો, અનઅવકાશપણે સર્વ જીવ તે જ્ઞાન પ્રત્યે રુચિપણે હો.'** બધા જીવોને એવી રુચિ પ્રગટે કે રુચિમાં આત્મા સિવાય બીજો અવકાશ ન હોય, અનવકાશપણે આત્મરુચિ પ્રગટ હો **'એવો જ જેનો કરુણાશીલ સહજ સ્વભાવ છે, તે સંપ્રદાય સનાતન સત્પુરુષોનો છે.'** આવી વાત નાખી છે.

હૈદરાબાદમાં જોતા જોતા આ પેરેગ્રાફ ઉપર ધ્યાન ગયું. કેવી વાત કરી છે ! **'આપના અંતઃકરણમાં એવી કરુણાવૃત્તિથી લીમડી વિષેનો વારંવાર વિચાર આવ્યા કરે છે, અને આપના વિચારનું એક અંશ પણ ફળ પ્રાપ્ત થાય અથવા તે ફળ પ્રાપ્ત થવાનું એક અંશ પણ કારણ ઉત્પન્ન થાય તો આ પંચમકાળમાં તીર્થંકરનો માર્ગ બહુ અંશે પ્રગટ થવા બરોબર છે, તથાપિ તેમ થવું સંભવિત નથી અને તે વાટે થવા યોગ્ય નથી એમ અમને લાગે છે.'** પછી શું કીધું ? ત્યાં જરા તીવ્ર વિરોધ હશે એટલે એમ કહે કે અત્યારે તો તમારી ભાવના ઠીક છે પણ અત્યારે તો કાંઈ પરિસ્થિતિ દેખાતી નથી. સંપ્રદાયની કેટલીક ચર્ચા કરી છે.

પ્રશ્ન :- કારણ-કાર્ય બન્ને એક સાથે રહે છે ?

સમાધાન :- કારણ-કાર્ય તો એકસાથે હોય છે. કોઈ પ્રકરણની અંદર કોઈ જુદાં પરિણામને કારણ કહેવામાં આવે છે, કોઈ વખતે જુદાં પરિણામને કાર્ય પણ કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- ચોથા ગુણસ્થાને...

પૂજ્ય ભાઈશ્રી :- ત્યાં કારણ-કાર્ય અભેદ છે. એક સમયમાં કારણ-કાર્ય અભેદ છે. અને કોઈક જગ્યાએ પૂર્વ કર્મને બતાવવા માટે કારણ-કાર્ય કહેવામાં આવે છે. જેમકે 'શ્રીમદ્જી'એ ૭૫૧ માં લીધું કે સત્પુરુષની અનન્ય ભક્તિ તે પ્રથમ સમકિત છે. કેમકે તે સમકિતનું કારણ રહેલું છે. એવી ભક્તિવાનને સ્વરૂપ નિશ્ચય થાય છે, તે સ્વરૂપનું ભાવભાસન થાય છે, અંશે સ્વભાવ અંશનો વિશ્વાસ આવે છે તે સમકિતને બીજું સમકિત કહીએ છીએ. કેમકે તે મૂળ નિર્વિકલ્પ સમકિતનું કારણ છે. અને નિર્વિકલ્પ સ્વરૂપની નિર્વિકલ્પ પ્રતીતિ અનુભવ થતાં એને પરમાર્થ સમકિત અથવા વાસ્તવિક સમકિત કહીએ છીએ. એમ 'આત્મસિદ્ધિ'ને વિશે અમે ત્રણ પ્રકારના સમકિત

ઉપદેશ્યા છે. પહેલું સમકિત બીજા સમકિતનું કારણ છે અને બીજું સમકિત ત્રીજા સમકિતનું કારણ છે. એમ કરીને ૭૫૧ પત્ર લીધો છે. તો ત્યાં કારણ કાર્ય જુદાં જુદાં પરિણામમાં લીધા કે જુદું પરિણામ કારણ જુદું એનું કાર્ય.

જો સત્પુરુષના શરણમાં અનન્ય ભક્તિ હોય તો એ જીવને જ્ઞાનનો ઉઘાડ ઓછો હોય તોપણ એ સ્વરૂપ નિશ્ચય સુધી પહોંચી શકે. જ્ઞાનનો ઘણો ઉઘાડ હોય પણ આ પ્રકારની ક્ષતિ હોય, જેટલા હદે એને બહુમાન અને ભક્તિ આવવી જોઈએ એમાં ક્ષતિ રહેતી હોય, વિરોધ કરતો હોય તો (એની ચર્ચા જ નથી), પણ જેટલા હદે બહુમાન અને ભક્તિ આવવી જોઈએ એટલા હદે ન આવે અને એમાં ક્ષતિ રહેતી હોય તોપણ એને સ્વરૂપ નિશ્ચય થવાનો સંભવ નથી. એમ ગણીને એને કારણમાં લીધું, આને કાર્યમાં લીધું. આ સ્વરૂપનું ભાવભાસનનું કાર્ય થયું તો સ્વરૂપનો મહિમા અને ભક્તિ એટલી જાગે કે એને અવશ્ય સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય થાય ને થાય જ છે. તો એને કારણમાં (ગણીને) સમ્યગ્દર્શનને કાર્ય (ગણ્યું છે). એ રીતે વાત ચાલી છે.

મુમુક્ષુ :– (જેટલું કારણ આપે તેટલું કાર્ય થાય).

પૂજ્ય ભાઈશ્રી :– હા, એ તો તાત્કાલિક પુરુષાર્થની વાત છે કે અત્યારે તમે તમારા પ્રયોજનની અંદર પુરુષાર્થ ઉત્પન્ન ન કરો; માનો કે તમે જાણ્યું બધું, વાત તમને બધી ઘડ બેસે છે, સમજાય છે, નિષેધ આવતો નથી, વાત સારી લાગે છે, ગમે છે અને એટલા માટે વારંવાર તમે અધ્યયન કરો પણ પુરુષાર્થનો વિષય જુદો છે. અંતર પુરુષાર્થ ઊપડે નહીં ત્યાં સુધી કારણ ઉત્પન્ન થતું નથી તો કાર્ય પણ થતું નથી. એ સમજવું, જાણવું એને બુદ્ધિથી સંમત થવું એ એક મર્યાદિત વિષય છે. એનો પુરુષાર્થ થવો એ એક બીજો વિભાગ છે પાછો. એ Division જ જુદું છે. ત્યાં પ્રવેશ કરીને એ બાજુ આગળ જીવ વધે ત્યારે જેટલું કારણ આપે એટલું કાર્ય થાય એમ કહેવું છે.

મુમુક્ષુ :– રુચિ બરાબર નથી.

પૂજ્ય ભાઈશ્રી :– હા, રુચિની તો ખામી છે જ, એમાં તો કાંઈ સવાલ નથી. રુચિની ખામી છે. પણ એને-જીવને મુમુક્ષુને એવું ન લાગે. ના ના રુચિ તો અમારી બરાબર છે. અમને તો આ જ રુચે છે તેથી અમે આ જ કરીએ છીએ. પણ અંદરની રુચિ અને બાહ્ય કાર્યની રુચિ, વિકલ્પની રુચિ, રાગની રુચિ અને વીતરાગ સ્વરૂપની-

પરમ તત્ત્વની રુચિ તે આખી જાત ફેર છે.

શું કહે છે ? **'દેશવ્રત અને મહાવ્રત...'** ના પરિણામ ભલે એ તે તે ગુણસ્થાનના પાંચમા અને છઠ્ઠા ગુણસ્થાનના શુભરાગના પરિણામ છે તોપણ તે **'સામાન્ય સ્વરૂપના આલંબને આવે છે,...'** સામાન્ય સ્વરૂપની સ્થિરતાને વશે અસ્થિરતાનો નાશ થઈને એથી નીચેની કોટીના રાગનો નાશ થઈને આ દેશવ્રત અને મહાવ્રતના પરિણામ ઉત્પન્ન થયા છે. **'મુખ્યતા...'** સર્વ પરિણામને વિશે એમ લેવું. સર્વ પરિણામને વિશે અને સર્વ કાળને વિશે નિરંતર **'મુખ્યતા નિરંતર સામાન્ય સ્વરૂપની-દ્રવ્યની હોય છે.'** જુઓ ! શું કહે છે ? કે સાધકદશામાં જ્ઞાનમાં કદાચ શુદ્ધાત્માના સ્વસંવેદનને છોડીને ઉપયોગ બહાર જાય. રાગની અંદર શુભાશુભ રાગ સાધકદશામાં ઉત્પન્ન થાય તોપણ શ્રદ્ધા પોતાનો વિષય છોડે નહીં અને જ્ઞાન મુખ્યતાએ પોતાનો વિષય છોડે નહીં, પોતાના સ્વરૂપને છોડે નહીં. અને એ બન્ને હોવાથી આચરણનો અંશ, પુરુષાર્થનો અંશ, સુખ-શાંતિનો અંશ એ પણ એને અંદરમાં પરિણતિની ધારાએ વર્ત્યા જ કરે છે. પરિણતિની ધારા છૂટે નહીં. એમાં તો અનંત ગુણનો અંશ છે. પણ જ્ઞાનમાં **'મુખ્યતા નિરંતર સામાન્ય સ્વરૂપની-દ્રવ્યની હોય છે.'** નિજ સામાન્ય સ્વરૂપની.

હવે કોઈ વખત કેવો વિચિત્ર ઘાટ ઉત્પન્ન થાય છે કે જેમકે સ્થાનકવાસી સંપ્રદાયમાં ભગવાનની પ્રતિમાનો નિષેધ કર્યો. એક છળ પકડ્યું કે આરંભ સમારંભ ને હિંસાના કાર્ય તો આપણે હોય નહીં. જૈનદર્શનની અંદર તો ફૂલની પાંખડીને પણ દુભાવવાની વાત નથી. આ તો તમે મંદિરનું મકાન કરો એમાં તો બહુ મોટી હિંસા છે એમાં પાછા પ્રતિષ્ઠાના જમણવાર ને આ ને તે ને એમાં તો ઘણું થાય. માટે આ વસ્તુ છોડી દેવી. આત્માનું કાર્ય આત્માને અંદરમાં આત્મામાં અંતર્મુખ થઈને કરવું એમાં આ કાંઈ બહારની ધમાલની જરૂર નથી. એમ કરીને એ છળ પકડીને એનો ગુણ કેટલો એનો દોષ કેટલો એની તુલના કર્યા વિના એના આંકડાથી પણ એની તુલના જો સમજે કે દોષ કરતાં ગુણ વૃદ્ધિ ઘણી છે, અશુભ કરતાં શુભની પણ ત્યાં પરિસ્થિતિ ઘણી વિશેષ છે અને ભેદજ્ઞાન અને આત્મધ્યાનનું નિમિત્ત છે એની તો કોઈ ગણતરી જ થાય એવું નથી. એ બધા પ્રકારની અણસમજણને લઈને નિષેધ કરે તો જ્ઞાની એના સામું જોરથી સ્થાપે કે બિલકુલ આ વાત છે એ ભ્રમણાત્મક છે. મોટી ભ્રમણા છે. ભગવાનની સ્થાપનાનો નિષેધ ત્રણકાળને વિશે થઈ શકે નહીં. એનો પુરાવો

અકૃત્રિમ પ્રતિમા અને જિનાલયો છે. એ પુરાવો છે. કુદરતના ઘરનો પુરાવો છે. કોઈએ કર્યું નથી. તો કોઈ તર્ક કરે અથવા દલીલ આપી શકે કે, આપ તો જ્ઞાની છો અને સ્વદ્રવ્યની નિરંતર મુખ્યતા કરવાની તો આપની વાત છે. શું વાત છે ? કે સ્વદ્રવ્યની નિરંતર મુખ્યતા. અને પ્રતિમાની વાત આવે છે ત્યારે તો આપ પરદ્રવ્યની મુખ્યતા કરતા હોય એવું અમને સ્પષ્ટ લાગે છે. કહે કે ન કહે ? એ તો પરદ્રવ્ય છે, પ્રતિમાજી તો પરદ્રવ્ય છે. તો કહે છે, એ સ્વદ્રવ્યની મુખ્યતામાં એ વાત ચાલે છે. સ્વદ્રવ્યની મુખ્યતા છોડીને એ વાત નથી. એક ન્યાયે સ્વદ્રવ્યની મુખ્યતાનો પેટા વિભાગ ચાલે છે. એ તો એ એટલી બધી બુદ્ધિ લગાવે, એટલી બધી બુદ્ધિ પહોંચે એને સમજાય નહીંતર તો એને સમજાય નહીં.

મુમુક્ષુ :– સમ્યગ્દર્શનનું નિમિત્ત છે.

પૂજ્ય ભાઈશ્રી :– સમ્યગ્દર્શનનું નિમિત્ત છે, ભેદજ્ઞાનનું નિમિત્ત છે અને સ્વરૂપજ્ઞાની અને સ્વરૂપધ્યાનીને તો સ્વરૂપ ધ્યાનનું એ નિમિત્ત છે, અવિચળ ધ્યાનનું એ નિમિત્ત છે ખરેખર તો. એવું પરિપૂર્ણ ધ્યાનનું બિંબ છે એ તો. જેને ધ્યાન જામતું હોય એને તો ધ્યાનનું નિમિત્ત પડી જાય છે, સ્વરૂપ સ્થિરતાનું નિમિત્ત પડે છે. એટલે એનો તો ગુણ એટલો બધો છે કે એ ગુણનું કોઈ માપ જ નીકળે એવું નથી કે કેટલો મોટો ગુણ છે. એને અણસમજણથી કોઈ ઉડાવે તો બહુ મોટા દોષમાં આવી જાય, મોટા અપરાધમાં આવી જાય એમ એને ખ્યાલ આવતો નથી. જોરથી નિષેધ કરે તો ત્યાં એને પરદ્રવ્યની મુખ્યતા થઈ જાય છે એવું કોઈ વિચારે તો એ વિચાર બરાબર નથી.

**'મુખ્યતા નિરંતર સામાન્ય સ્વરૂપની–દ્રવ્યની હોય છે.'** ભલે બહારમાં મહાવ્રત દેશવ્રત એ આદિ પ્રકારના ભાવો ચાલતા હોય અને એ પ્રકારની પંચ મહાવ્રત, સમિતિ, ગુપ્તિ આદિની ક્રિયાઓ થતી હોય પણ અંદરમાં નિરંતર સામાન્ય દ્રવ્યની (મુખ્યતા વર્તે છે). આ તો શુભ ક્રિયા છે, પણ કોઈ અશુભભાવ વખતે પણ મુખ્યતા નિરંતર સામાન્ય દ્રવ્ય સ્વરૂપની જ હોય છે, એ સિવાય મુખ્યતા બીજી હોઈ શકે નહીં. એકવાર નિજ પરમાત્માને જેણે જોયા, દર્શન કર્યા એને એની ગૌણતા થવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. કેમકે જગતમાં સર્વોત્કૃષ્ટ પદાર્થ એણે જોયો. એથી ઉત્કૃષ્ટ જગતમાં કોઈ પદાર્થ નથી. જણાતો નથી તો મુખ્યતા થવાનો પ્રશ્ન રહેતો નથી. (અહીં સુધી રાખીએ..)

આત્મા તો નિવૃત્તસ્વરૂપ – શાન્તસ્વરૂપ છે. મુનિરાજને તેમાંથી બહાર આવવું પ્રવૃત્તિરૂપ લાગે છે. ઊંચામાં ઊંચા શુભભાવ પણ તેમને બોજારૂપ લાગે છે, જાણે કે પર્વત ઉપાડવાનો હોય. શાશ્વત આત્માની જ ઉગ્ર ધૂન લાગી છે. આત્માના પ્રચુર સ્વસંવેદનમાંથી બહાર આવવું ગમતું નથી. ૧૯૨.

તા. ૨૮-૦૯-૧૯૮૭, વચનામૃત–૧૯૨,૧૯૩
પ્રવચન નં. ૧૪૫

'બહેનશ્રીનાં વચનામૃત' પાનું ૬૦, ૧૯૨ બોલ છે. મુનિદશાનો મહિમા (કર્યો છે). વીતરાગભાવ સ્વરૂપ ભાવલિંગ તે મુનિદશા છે. નીચેની દશાના તમામ સાધકોને આ દશાની ભાવના રહ્યા કરે છે. અપૂર્વ એવી મુનિદશા પોતાને ક્યારે પ્રગટ થાય. મુનિદશા એટલે માત્ર બાહ્ય ત્યાગની દશા નથી પરંતુ ઉત્કૃષ્ટ આત્મરમણતા અને ઉત્કૃષ્ટ શાંતિની એ દશા છે. એવી સ્વરૂપ રમણતા, નિરૂપાધિ દશા અને શાંત દશાના ચાહક ધર્માત્માઓ છે એમને નિરંતર એવી ભાવના રહે છે.

**'આત્મા તો નિવૃત્તસ્વરૂપ–શાંત સ્વરૂપ છે.'** એ મુનિદશા ક્યાંથી ઉત્પન્ન થઈ ? કે જેના અવલંબને... ઉપર લીધું ને ? મહાવ્રત, દેશવ્રત સ્વરૂપના અવલંબને આવે છે. એ મહાવ્રત અને દેશવ્રતના બાહ્ય ત્યાગના પરિણામ એ પણ વીતરાગતા થવાથી ઉત્પન્ન થયા, વીતરાગતાના નિમિત્તે ઉત્પન્ન થયા. અને આત્માની શાંતિ, મુનિદશાની શાંતિ એ દશા પણ આત્મા નિવૃત્ત સ્વરૂપ અને શાંત સ્વરૂપ છે એના અવલંબને ઉત્પન્ન થઈ છે. એટલે પહેલાં સ્વરૂપને સ્થાપ્યું છે.

કેવું છે પોતાનું નિજ સ્વરૂપ ? કે નિવૃત્ત સ્વરૂપ છે. પ્રવૃત્તિ-નિવૃત્તિથી રહિત એવું નિવૃત્ત સ્વરૂપ છે. આમ નિવૃત્ત સ્વરૂપ કહેવાય છે પણ ખરેખર તો પ્રવૃત્તિ-નિવૃત્તિથી રહિત જ છે. જેને નિવૃત્તિ અને પ્રવૃત્તિની અપેક્ષા લાગુ પડતી નથી એવું જે આત્મસ્વરૂપ છે, પરમ શાંત સ્વરૂપ છે, અજાયબ શાંતિનું ઘર છે. જેની શાંતિ એકાંત શાંત સ્વરૂપ છે સર્વોત્કૃષ્ટ, પરમોત્કૃષ્ટ શાંત સ્વરૂપ છે. જેના અવલંબને અવસ્થામાં પણ પ્રદેશે પ્રદેશે શાંતિ છવાઈ જાય છે, પ્રગટ થઈ જાય છે. મૂળ સ્વરૂપ આત્મા પોતે જ એવો છે.

આત્મા તો શાંત સ્વરૂપ જ છે. એવા શાંત સ્વરૂપના શ્રદ્ધા-જ્ઞાન-આચરણના પરિણામથી **'મુનિરાજને તેમાંથી બહાર આવવું પ્રવૃત્તિરૂપ લાગે છે.'** જગતની પ્રવૃત્તિ તો મુનિરાજ કરતા જ નથી. જગતના કોઈ કાર્યોની પ્રવૃત્તિ તો મુનિરાજને હોતી જ નથી. સર્વ સાવદ્યયોગનો ત્યાગ કરીને જંગલવાસી થયા છે. એમને મહાવ્રતના, સમિતિના, ગુપ્તિના પરિણામ પણ એને પ્રવૃત્તિરૂપ લાગે છે. જોઈને ચાલવું, સંયમને અર્થે આહારનું ગ્રહણ થવું, સંજ્વલન કષાયના, સંજ્વલનના એકદમ મંદ કષાયના પરિણામ છે એ પણ એમને પ્રવૃત્તિરૂપ લાગે છે. એમને બહાર આવવું એ જ પ્રવૃત્તિરૂપ લાગે છે. 'નિયમસાર'માં મુનિરાજ પોતાની મસ્તીથી એમ કહે છે કે અમે તો સ્વરૂપ મંથર થઈ ગયા છીએ. સ્વરૂપમાં એવા જામી ગયા છીએ, એવા જામી ગયા છીએ કે ત્યાંથી બહાર આવવું પોસાતું નથી.

**'મુનિરાજને તેમાંથી બહાર આવવું પ્રવૃત્તિરૂપ લાગે છે. ઊંચામાં ઊંચા શુભભાવ પણ તેમને બોજારૂપ લાગે છે,...'** એ પંચ મહાવ્રત, સમિતિ, ગુપ્તિના પાલનરૂપ ઊંચામાં ઊંચા શુભભાવ છે, ઊંચી કોટીના શુભભાવ છે, જેના ફળમાં સર્વાર્થસિદ્ધિએ જાય. પાંચ પાંડવમાંથી 'નકુલ' અને 'સહદેવ' સર્વાર્થસિદ્ધિમાં ગયા છે. ઊંચામાં ઊંચા શુભભાવના પરિણામ એથી ઉચ્ચ કોટીના શુભભાવના પરિણામ કોઈને હોતા નથી. એ પણ જેમને બોજારૂપ લાગે છે. એનો પણ ભાર લાગે છે. જેમ રૂ છે રૂનો પોલ બનાવ્યો હોય એના ઉપર કાંઈ પણ મૂકો, એક આઠ આનાનો સિક્કો મૂકો તોપણ દબાય છે, રૂ દબાય છે. એમ આત્મા જે જ્ઞાતા-દૃષ્ટા મુનિરાજના સામ્યભાવ સ્વરૂપ જે પરિણામ છે માત્ર જ્ઞાતાદૃષ્ટાપણે એમાં થોડોક સંજ્વલનનો મંદ કષાયનો મહાવ્રત આદિનો શુભરાગ થાય છે એ પણ એમને ઉપાધિ અને બોજો લાગે છે. ભાર ઉપાડવો

પડતો હોય એવું લાગે છે.

'સમયસાર'ની ૩૨૦ ગાથાનો એ વિષય લીધો છે કે જેમ નેત્ર (છે) તેમ જ્ઞાન છે. નેત્ર જેમ માત્ર જાણે છે. નેત્ર પાસે કોઈ કામ કરાવી ન શકાય. જાણનાર એવી જે આંખ-ચક્ષુ એ શું કામ કરે ? જાણવા સિવાય, દેખવા સિવાય એ શું કામ કરે ? આમથી આમ કોઈ ચીજ ફેરવવી હોય તો એ આંખનું કામ નથી. પાંપણ ઊંચી નીચી થાય છે આથી વધારે કોઈ આંખની ક્રિયા જોવામાં આવતી નથી. તો એ પાંપણથી કાંઈ ડુંગરા ખોદી શકાય ? એ પાંપણથી કાંઈ એ ડુંગરાની માટી ઉપાડી ઉપાડીને બીજે ઢગલા થઈ શકે ? એ પાંપણથી દરિયા ઉલેચી શકાય ? કે મોટા મોટા પુલ બાંધી શકાય ? કે કાંઈ નહીં. આંખથી તો કોઈ નાનું કામ પણ થઈ શકે એવું નથી.

મિથ્યાત્વ અવસ્થામાં મિથ્યાદૃષ્ટિ જીવને જ્ઞાન નેત્ર પાસે આવા મોટા કામ કરાવવા છે. મોટા મોટા કામ હું કરું, આવા મોટા કામ હું કરું, જગતમાં ઊથલપાથલના મોટા કામ હું કરું, હું કરું, હું કરું. ભગવાન કહે છે કે ભાઈ ! તું તો જ્ઞાન નેત્ર છો ને ! જ્ઞાન નેત્ર માત્ર જાણે એટલું જ કામ છે. એક વિકલ્પનો કણ છે એ પણ એને જ્ઞાન ઉપર બોજો આવે છે. કર્તૃત્વભાવે અનંતો બોજો આવે છે. મુનિરાજને અકર્તાપણે આ પરિણામ છે. એક ન્યાયે તો સમ્યગ્દર્શન થયા પછી શુભાશુભના જ્ઞાતા થઈ જાય છે. તોપણ એના પરિણામમાં એ ઉપાધિભાવ હોવાથી, ચારિત્રનો ઉપાધિભાવ હોવાથી એટલો બોજો પણ લાગે છે. એટલો બોજો છે, એટલું દુઃખ છે, એટલી આકુળતા છે. એ એમને અભિપ્રાયમાં જરાપણ પોસાતી નથી.

**'ઊંચામાં ઊંચા શુભભાવ પણ તેમને બોજારૂપ લાગે છે, જાણે કે પર્વત ઉપાડવાનો હોય.'** લ્યો ! અશુભભાવ તો તીવ્ર બોજાવાળા પરિણામ છે પણ ઊંચામાં ઊંચા મહાવ્રતના પરિણામ, અહિંસા, સત્ય, અપરિગ્રહ એ પણ જેને પર્વત ઉપાડવા જેવી વાત છે એમના માટે. કેટલી તુલના કરે છે ! અલ્પમાં અલ્પ દોષ છે સંજ્વલન કષાય એટલે અલ્પ દોષ છે એ અલ્પ દોષ પણ એમને મોટો પર્વત જેવડો દેખાય છે. પોતાનો નાનો દોષ પણ મોટો દેખાય છે. બીજાનો મોટો દોષ એમને નાનો દેખાય છે. આ ગુણદૃષ્ટિ છે. ગુણદૃષ્ટિનું એવું કાર્ય છે કે પોતાને ગુણ પ્રગટાવવા છે, પરિપૂર્ણ ગુણ પ્રગટાવવા છે તો પોતાનો નાનો દોષ પણ મોટો દેખાય છે અને બીજાનો મોટો દોષ એને નાનો દેખાય છે.

પ્રશ્ન :– એમ કેમ ?

સમાધાન :– તોલવાના કાટલા ફરે છે. પોતાને ગુણ પ્રગટાવવા છે. કેમકે બીજાના દોષ ઉપર વજન જતા પોતાને રાગ-દ્વેષ થશે. જેને ગુણ પ્રગટાવવા છે અને રાગ-દ્વેષ ટાળવા છે એ શું કરશે ? કે એનો આત્મા તો શુદ્ધ ચૈતન્ય છે. મુખ્ય દૃષ્ટિ શું છે ? દ્રવ્યદૃષ્ટિ છે. આત્મા તો એનો શુદ્ધ ચૈતન્ય છે. બિચારો ભૂલી ગયો છે કે હું શુદ્ધ ચૈતન્ય છું. અવસ્થામાં જરા દોષ થાય છે એ તો ક્ષમ્ય છે. ભૂલી ગયો છે ને (એટલે) ક્ષમ્ય છે. તો એને એ મુખ્ય કરતા નથી. પોતાને જરાક દોષ ઊપજે છે (તો) જરાય પોસાતું નથી. આવા સમ્યક્‌જ્ઞાનના કાટલા છે એ જુદી Type ના છે. એ પોતાના માટેની વાતનો ન્યાય જુદી રીતે તોળે છે, બીજાના માટેનો ન્યાય જુદી રીતે તોળે છે. એમ છે ખરેખર.

મુમુક્ષુ :– 'ગુરુદેવ'શ્રી વિરોધીઓને ભગવાન તરીકે જ જોતા.

પૂજ્ય ભાઈશ્રી :– ભગવાન જ જોતા હતા. માથાનો વાઢનાર હોય તો કે, તું તને ગમે એમ માન અમે તો તને સિદ્ધ સ્વરૂપે જોઈએ છીએ. તું ભલેને ગમે એમ માન. એ લીધું છે, આમાં પૂજ્ય 'બહેનશ્રી'એ એ વાત લીધી છે. શરૂઆતનો જ બોલ છે. ચોથા પાને દસમો બોલ છે. **'અમે બધાને સિદ્ધપણે જ દેખીએ છીએ, અમે તો બધાને ચૈતન્ય જ દેખી રહ્યા છીએ. કોઈને અમે રાગદ્વેષવાળા દેખતા જ નથી.'** પણ એમની અવસ્થામાં રાગદ્વેષ છે તો ખરા. તો કહે છે, પણ અમે સ્વરૂપને જોઈએ છીએ અમે ક્યાં રાગદ્વેષને જોઈએ છીએ. જણાય છે તો ગૌણ કરે છે. વાહ ! સમ્યક્‌જ્ઞાન અને સમ્યક્‌દૃષ્ટિ શું પરિણમન છે ! એ ભલે ને પોતાને ગમે તેમ માનતા હોય. ઇ એમ માને કે હું તો આનો વૈરી છું ને હું આનો વિરોધી છું ને હું તો આમ છું... તું ગમે તેમ માન. ઇ તો તું તારા સ્વરૂપને શુદ્ધ ચૈતન્યને ભૂલ્યો છો એટલે એમ માને છે. તું ગમે તેમ માન એથી કાંઈ વસ્તુ થોડી એમ થઈ જવાની છે. વસ્તુ તો જે છે ઇ વસ્તુ રહેવાની છે. અને તારો આત્મા ને અમારો આત્મા ભિન્ન છે. કોણ કોનું ભલું બૂરું કરે ? એ વસ્તુ અશક્ય અને અસંભવિત છે. કોઈ રીતે કોઈથી બની શકતી નથી. વળી જે કંઈ પણ તારાથી થાય (અને) તું એમ માને છે કે હું આનું અહિત કરું છુ, હું આને નુકસાન કરું છું, હું આને દુઃખ પહોંચાડું છું. પણ ઇ ક્યાં તારા હાથમાં (છે) ? અમારું તો કાંઈ છે જ નહીં. મમત્વ હોય ત્યાં ભય છે અને

મમત્વ હોય ત્યાં દુઃખ છે. જ્ઞાની તો અંતરંગથી નિષ્પૃહ છે.

કાલે ચર્ચામાં એ વાત ચાલી હતી કે, 'ગુરુદેવ'શ્રી કેટલા નિષ્પૃહ હતા કે આટલો પુણ્યના યોગે બધો જનસમૂહ ફરતો ભેગો થઈ ગયો. મંદિરો બંધાણા, મંડળો થયા, ઘણા આત્માર્થી જીવો આવ્યા, કોઈ પામ્યા, બહારમાં ઘણું ઘણું થયું (છતાં) એ નિષ્પૃહ રહ્યા. પાછળ ક્યાંક વ્યવસ્થિત ચાલે તો સારું એના માટે હું કાંઈક વ્યવસ્થા કરું એ વિકલ્પ એમણે કર્યો નથી. વિકલ્પ કર્યો નથી, કોઈ કરાવે તો કર્યો નથી. કોઈ આવતા (અને કહેતા), સાહેબ ! પાછળ કાંઈક બરાબર વ્યવસ્થિત રહે એવું આપનું ધ્યાન પહોંચે એવું કાંઈક સૂચના કરો. (તો કહે), અમારે ક્યાં પેઢી ચલાવવી છે. આ કોઈ પેઢી ચલાવવાનો વિષય નથી. લાયક જીવ થાય, લાયકાત હોય અને એના પુણ્ય હોય તો વળી લોકો સ્વીકાર કરે, નહીંતર જેમ થાવું હોય એમ થાય. અમારું કાંઈ છે નહીં. આ બધામાં અમારું કાંઈ છે નહીં.

મમત્વ હોય ત્યાં ભય છે, મમત્વ હોય ત્યાં દુઃખ છે. સત્પુરુષો અંતરંગથી નિષ્પૃહ છે. પોતાના શુદ્ધ ચૈતન્ય આત્મા સિવાય એને પોતાનું કાંઈ દેખાતું નથી. જગતના છએ દ્રવ્યોનું પરિણમન સ્વકાળની પર્યાય અનુસાર થવાનું છે. હું જ્ઞાતા દૃષ્ટા હવે થઈ ગયો છું. આ સિવાય મારે કાંઈ જોવા જાણવા સિવાય કાર્ય રહ્યું નથી. આમ કરવું ને તેમ કરવું એ પ્રશ્ન નથી.

**'જેને ચૈતન્ય-આત્મા ઉઘડ્યો છે તેને બધું...'** એટલે બધા આત્માઓ ચૈતન્યમય, બીજા બધા આત્માઓ **'ચૈતન્યમય જ ભાસે છે.'** બધું એટલે જડ ચૈતન્યમય ભાસે છે એમ નહીં. સર્વ આત્માઓ ચૈતન્ય સત્તામય ભાસે છે અને એના અવસ્થાના દોષ છે એ ગૌણ કરી જાય છે. એ મુખ્ય વસ્તુ નથી. વસ્તુ તો આત્મા છે એ મુખ્ય વસ્તુ છે. એમ લેવું છે. એક ન્યાયે તો પોતાના દોષને પણ ગૌણ કરે છે. દ્રવ્યદૃષ્ટિથી, સ્વ-દ્રવ્યની મુખ્યતાથી ગૌણ કરે છે અને એક ન્યાયે નાના દોષને પણ મોટો ગણે છે.

મુમુક્ષુ :- પોતાના નાના દોષને પણ મોટો ગણે છે.

પૂજ્ય ભાઈશ્રી :- મોટો ગણે છે. બન્ને વાત, બન્ને નયની વાત એક સાથે છે. પરસ્પર વિરુદ્ધ નયો છે ને ? બન્ને એક સાથે છે.

મુમુક્ષુ :- બીજાના મોટા દોષને નાનો ગણવો એ બહુ સરસ વાત છે.

પૂજ્ય ભાઈશ્રી :- આવે છે, 'પરમાગમસાર'માં એવો એક બોલ આવે છે. પોતાના

નાના રાય જેવડા દોષને મોટો પર્વત જેવડો ગણે છે અને બીજાના પર્વત જેવડા દોષને રાય જેવડો ગણી નાખે છે. એ ગુણદૃષ્ટિનું એવું કાર્ય છે.

મુમુક્ષુ :– તો જ ગુણ પ્રગટે છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, ગુણ દૃષ્ટિથી ગુણ પ્રગટે છે. એમાં આવો પરિણમનનો પ્રકાર ઉત્પન્ન થઈ આવે છે અને એ પ્રકારથી આત્માને વિશે આત્માની શાંતિ વધતી ચાલે છે. એ એનો ગુણ પ્રગટ્યો. એ એની શાંતિનું વિશેષપણે કારણ થાય છે.

શું કહે છે ? કે મુનિરાજને **'ઊંચામાં ઊંચા શુભભાવ પણ તેમને બોજારૂપ લાગે છે, જાણે કે પર્વત ઉપાડવાનો હોય.'** મોટો ભાર ઉપાડવાનો હોય. નિરૂપાધિ જ્ઞાતા-દૃષ્ટામય સામ્યભાવનું પરિણમન છે. જેને જીવન-મરણ સમાન છે. જેને દેહત્યાગનો પ્રસંગ હોય, પોતાનું કાંઈ નથી આમાં. દેહ ચાલુ રહેતો હોય, એથી કાંઈ વિશેષતા નથી. દેહ છૂટતો હોય એથી પણ એને ફેરફાર નથી. જગતના જીવો જે મૃત્યુને થોડીક પળ હડસેલવા માટે પણ આખે આખા ટીંગાઈ જાય છે અને છતાં રંચ માત્ર ફેરફાર થતો નથી, એક સમયનો ફેરફાર ન થાય. અહીંયાં કહે છે કે, કાંઈ નથી જાણે કે કાંઈ નથી. (પણ આ) દેહત્યાગ (થાય છે). તો કહે (છે), હું જ્ઞાતાદૃષ્ટા છું. એ પુદ્‌ગલો એને કાળે છૂટા પડશે, એ પુદ્‌ગલો એને કાળે રહ્યાં છે. મારા થઈને રહ્યાં નથી. 'ગુરુદેવ'શ્રી એમ કહેતા, આ દેહના પુદ્‌ગલો મારા થઈને રહ્યાં નથી, મારે લીધે રહ્યાં નથી. અને મને એનો કોઈ આધાર નથી. મારા જીવન માટે ને મારા પરિણમન માટે, મારી શાંતિ માટે મને એનો કોઈ આધાર નથી. નિરાલંબ, નિરપેક્ષ એવું જે મારું પરમ સ્વરૂપ એ ધ્રુવ ખૂંટાનો મને આધાર છે. શાશ્વત સ્વરૂપ છું પછી ભય શો ? ચિંતા શું ? ખેદ શો ? કોઈ પ્રકારનો અન્ય વિકલ્પ શો ? એને કાંઈ વિકલ્પ કરવાનો પ્રશ્ન રહેતો નથી.

મુમુક્ષુ :– મમત્વનો દોર કપાઈ ગયો એ બહુ મોટી વાત બની ગઈ.

પૂજ્ય ભાઈશ્રી :– ખલાસ થઈ ગયું ત્યાં. ભિન્નપણું, જ્યાં સ્વરૂપે કરીને ભિન્નપણું જાણ્યું છે એને મમત્વનો દોર ખલાસ થઈ ગયો. મમતા ગઈ એટલે ભય ગયો. ખલાસ થઈ ગયું.

મુમુક્ષુ :– 'ગુરુદેવ'શ્રી એ આટલો બધો જાહોજલાલી ને ડંકો વગાડ્યો પણ કાંઈ મમત્વ નહીં, કોઈની સાથે સંબંધ નહીં.

પૂજ્ય ભાઈશ્રી :- કાંઈ નહીં ને. કાંઈ નહીં. બિલકુલ અંતરંગથી નિષ્પૃહ (હતા). પોતાના રૂમમાં ધ્યાનમાં બેસે તો ચૈતન્યગોળો છૂટો અનુભવ કરે. આમ તો ખરેખર તો એ પોતાના જ્ઞાન ધ્યાનથી બહાર નીકળવા માગતા નથી, નીકળે છે તો જે અંદરમાં દેખાય છે એની વાત કરે છે. આ સિવાય બીજો વધારે લગવાડ નથી. જેમ કોઈ વટેમાર્ગુ પોતાના ઇષ્ટ માર્ગે ચાલ્યો જાય અને આંગળી ચીંધીને માર્ગ બતાડતો જાય. બસ ! આવા મોક્ષમાર્ગે ચાલનાર ધર્માત્મા, કોઈ પણ ધર્માત્મા પોતાના માર્ગે ચાલ્યા જાય છે અને વાણીનો યોગ હોય તો આંગળી ચીંધે છે કે આ માર્ગ છે. જેને ચાલવું હોય એ ચાલ્યા આવે, ન ચાલવું હોય તો એની ઇચ્છાની વાત છે. અમારે કોઈની સાથે મમત્વ નથી, લેવાદેવા નથી અમે અમારા રસ્તે ચાલ્યા જઈએ છીએ.

વચમાં એક વખત એવું બન્યું હતું. 'ઘાટકોપર'નો એક પ્રસંગ હતો, ભગવાનની સ્થાપનાનો પ્રસંગ હતો. પૂજ્ય 'બહેનશ્રી'ને બહુ આગ્રહ કરતા હતા કે આપ પધારો ને પધારો. આપને કોઈ તકલીફ ન થાય એવી વ્યવસ્થા કરીશું. તો કહે, અમે તો અંદર બેસીને અમારું કરવા માટે બેઠા છીએ. બહારમાં ઠીક છે આ બધું થાય છે. બીજા જીવોને કાંઈક કારણ બને એટલા પૂરતું અનુમોદન આવે છે બાકી આથી વધારે અમારે ક્યાંય આગળ વધવું નથી. એવું અંતરંગમાં નિષ્પૃહપણું હોય છે. એ બહારના કાર્યો જાણે કે પર્વત ઉપાડવાનો હોય એટલો બોજો લાગે છે. જ્ઞાતાદૃષ્ટા હળવું પરિણમન છે એના ઉપર વિકલ્પનો એક કાર્યનો બોજો એ પોસાણનો વિષય નથી. સમ્યક્દૃષ્ટિને પોસાતું નથી, આ તો મુનિદશાનો વિષય છે. મુનિદશામાં તો બિલકુલ કોઈ રીતે પોસાતું નથી.

બસ ! **'શાશ્વત આત્માની જ ઉગ્ર ધૂન લાગી છે.'** આ મુનિદશા છે. આ તો ભાવમાં આવિર્ભાવ કરવાનો વિષય છે ને ! ભલે આવા મુનિ અત્યારે જોવા મળતા નથી. તો એનો અર્થ એમ નથી કે ક્યાંય નથી જગતમાં, છે તો ખરા. મહાવિદેહ આદિમાં જોવો તો ટોળાબંધ છે. જ્ઞાન એક એવી વસ્તુ છે કે એ ક્ષેત્રનું અંતર કાપી નાખે છે, કાળનું અંતર કાપી નાખે છે. ભૂત નૈગમનય અને ભાવિ નૈગમનય કાળનું અંતર કાપી નાખે છે.

ભાવિ તીર્થંકર ભગવાનની સ્થાપના કરી. પૂજ્ય 'બહેનશ્રી'એ કહ્યું કે ભાવિ નૈગમનયથી બાવીસથી ચોવીસ સાગર પછીની પર્યાયનું અંતર કપાઈ ગયું. બાવીસથી

ચોવીસ સાગર, ચાર ભવના થઈને, બધા થઈને. તો કે એ અંતર કપાઈ ગયું. ભાવિ નૈગમનયથી અત્યારે એ પર્યાયે છે એમ જોઈ શકાય છે. છે એમ જોઈ શકાય છે. થવાના છે એમ જોઈ શકાય એમ વાત નથી. છે એમ જોઈ શકાય છે. આ જ્ઞાનનું કાર્ય છે, સમ્યક્જ્ઞાનનું આ કાર્ય છે. ભાવના છે એ જ્ઞાનને સમર્થન આપે છે. જ્ઞાન વળી ભાવનાને સમર્થન આપે છે. આમ એકબીજાના પૂરક થઈ જાય છે. એ રીતે બન્ને એકસાથે એકબીજાના સહારે કામ કરે છે.

અહીંયાં કહે છે કે મુનિરાજને **'શાશ્વત આત્માની જ ઉગ્ર ધૂન લાગી છે.'** પોતાનું જે ધ્રુવ શાશ્વત પદ છે, પરિપૂર્ણ શુદ્ધ ચૈતન્ય પદ છે, પરમેશ્વર પદ છે એ રૂપ થઈ જવું, એ જ રૂપે અત્યારે એવી ઊંચી ઉગ્રમાં ઉગ્ર ઉત્કૃષ્ટ ધૂન લાગી છે. પરિણમનમાં એનું જોર વર્તે છે. પંચમકાળ છે એ એકવાર ભૂલી જાય છે. કેમ ભૂલી જાય છે ? કે પરિપૂર્ણ આત્મા જરાપણ દૂર દેખાતો નથી. પોતે જ છે. 'ચતુરાંગુલ હૈ દગસે મિલ હૈ' બહુ કર્યું, બહુ કર્યું. 'યમ, નિયમ, સંયમ આપ કીયો... તદપિ કછું હાથ હજુ ન પર્યો.. ચતુરાંગુલ હૈ દગ સે મિલ હૈ' અહીંયાં જ છે, ક્યાંય આઘે (નથી), ચાર આંગળ જેટલું પણ દૂર નથી. દૃષ્ટિ પડે એટલી વાર છે.

પ્રશ્ન :– ઉગ્ર ધૂન લાગી છે ?

સમાધાન :– હા, ઉગ્ર ધૂન લાગી છે. ઉગ્ર એટલે એકદમ જોરદાર છે, ઉગ્રનો અર્થ જોરદારપણું છે. પુરુષાર્થની ઉગ્રતા એવી છે. મુનિરાજે ચોવીસ કલાક અંદરમાં આત્માના અવલંબનની રમઝટ લગાવી છે. બીજું કામ કોઈ આવે તો બોજો લાગે, બોજો થઈ પડે છે, કોઈ રીતે પોસાતું નથી. એક જ કામ માટે બાહ્ય કાર્યોથી નિવૃત્ત થઈ ગયા છે. એને કોઈ બાહ્ય કાર્ય નથી.

કોઈવાર એવું બને કે આહારનો વિકલ્પ આવે એ બોજારૂપ લાગે કે આ આહારનો વિકલ્પ ક્યાં વચ્ચે ઊભો થાય છે ? અનાહારી આત્માને વિશે આહારના વિકલ્પનું પણ સ્થાન નથી અહીંયાં. અહીંયાં એનું કોઈ કામ નથી ને અહીંયાં એનું કોઈ સ્થાન નથી. તો વિકલ્પ ઉત્પન્ન થાય અને સ્વરૂપમાં વીતરાગતાની ઉગ્રતાની ધૂનમાં એ ટળી જાય. વારંવાર એવું થયા કરે તો દિવસોના દિવસો નીકળી જાય. એક વખત ઊભા ઊભા આહાર અઠ્ઠ્યાવીસ મૂળગુણમાં જે છે, અઠ્ઠ્યાવીસ મૂળગુણનો એ વિષય છે એ તો ઉત્કૃષ્ટ મર્યાદા છે. વધુમાં વધુ આહાર લેવાની મર્યાદા છે. ઓછામાં ઓછું

કે ગમે એટલા દિવસ ન લે. છ છ મહિના નીકળી જાય તો નીકળી જાય. જંગલમાં સિંહ જેમ મસ્તીમાં હોય (એમ) ગુફામાં ને જંગલની અંદર (મુનિરાજ રહે છે). આ દક્ષિણના ડુંગરા બધા જુઓ તો એવું લાગે.

'પોન્નુર' ગયા હતા, 'પોન્નુર હીલ' ગયા હતા. રળિયામણો પ્રદેશ છે. ત્યાં 'મદ્રાસ'વાળા પર્યુષણ પછી પહેલાં રવીવારે બધા જાય છે. મંડળ, આખું મંડળ જાય. આપણું 'મદ્રાસ'નું મંડળ. બસ કરીને જાય છે. પોતાના સાધન (હોય). મંડળ તરફથી બસ કરીને જાય છે. પણ એ પ્રદેશમાં મુનિરાજ વિહાર કરતા હશે એવો બધો પ્રદેશ છે. 'કર્ણાટક' છે, 'શ્રવણબેલગોલા' છે, આ 'તામીલનાડુ' છે. બન્ને પ્રદેશો, બન્ને પ્રાંતોમાં એવું જ છે બધું. નાના નાના ગામમાં જિન મંદિરો છે. બહુ નાના ગામડા હોય તોપણ એમાં જિનમંદિર હોય. પુરાણા સેંકડો પ્રતિમાઓ છે. અને ગામના ગામ દિગંબરની વસ્તીવાળા છે. વ્યવસાય બધો કરે છે પણ દિગંબરની વસ્તીવાળા છે. દેખાવ ઉપરથી ખ્યાલ ન આવે.

શું કહે છે ? મુનિદશાનો મહિમા કરે છે અથવા મુનિભક્તિ કરવામાં આવે છે. ખરેખર તો આ મુનિભક્તિ છે. પ્રચુર સ્વસંવેદન, એને ભાવલિંગ કહ્યું છે. આત્માનું છઠ્ઠા-સાતમા ગુણસ્થાન યોગ્ય પ્રચુર અંતર સ્વસંવેદન, એને ખરેખર મુનિદશા કહેવામાં આવે છે. પછી બહારમાં તો વીતરાગતાને લઈને બહારનો નગ્ન વેશ, મુનિ યોગ્ય બહારના આચરણ દેખાય છે એ તો વીતરાગતાને લઈને છે.

**'શાશ્વત આત્માની જ ઉગ્ર ધૂન લાગી છે.'** નિંદ્રા ઊડી ગઈ છે. આહારનો વિકલ્પ ઊડી ગયો છે, નિંદ્રા ઊડી ગઈ છે. એ અર્ધરાત્રી પછી, મધ્યરાત્રી પછી અને એક પ્રહર અંતર્મુહૂર્તની અંદર એ પણ વધુમાં વધુ એની લિમિટ છે. સૂવે જ એવો કોઈ નિયમ નથી. ધ્યાનમાં જામી ગયા હોય (તો) આખી રાત ધ્યાનમાં નીકળી જાય. સવાર ક્યારે પડે એની ખબર રહે નહીં. જેમ માણસને ગાઢ નિંદ્રા આવે તો એમ થાય કે હમણાં સૂતા હતા અને આંખ ઉઘડી ત્યાં સવાર થઈ. એવું લાગે છે કે નહીં ? વિકલ્પથી થાકી ગયું હોય મગજ, શરીર પણ પરિશ્રમથી થાકી ગયું હોય, મગજ પણ વિકલ્પના પરિશ્રમથી થાકી ગયું હોય ને ઊંઘ આવી જાય છે માણસને. ત્યારે એમ થાય છે કે થોડો આરામ મળી ગયો. શરીરને અને મગજને આરામ મળી ગયો. ભાઈ ! એ આરામ નથી મળ્યો. આરામ મળ્યો એવી તને ભ્રમણા થઈ છે. બાકી

આરામનું ધામ એવો જે આત્મા છે એના આશ્રયે આરામ મળે કે પથારીને (આશ્રયે મળે) ?

એટલે આત્માને અભિરામ સ્થળ કહેવામાં આવે છે. અભિરામ સ્થળ–આરામનું સ્થળ. એ રાત્રીની રાત્રીઓ, દિવસ-રાત શાશ્વત આત્માની જ ઉગ્ર ધૂન લાગી છે. પરમેશ્વર પદની રમણતામાં પડ્યા છે. અંદરથી શાંતિ અને આનંદના ફુવારા છૂટે છે. એનાથી અશાંતિમાં આવવું ગમતું નથી. એવા **'આત્માના પ્રચુર સ્વસંવેદનમાંથી બહાર આવવું ગમતું નથી.'** આત્માનું જે પ્રચુર સ્વસંવેદન છે. ચોથા ગુણસ્થાને સ્વસંવેદન તો ઊપજે છે. નિર્વિકલ્પ સમ્યગ્દર્શન થાય ત્યારે પ્રથમ સ્વસંવેદન ઉપજે છે પછી પણ જ્યારે જ્યારે શુદ્ધોપયોગની દશા થાય ત્યારે પણ સ્વસંવેદનરૂપ સ્વાનુભવ છે પણ તે મંદ છે, અલ્પ છે. તારતમ્યતાની અપેક્ષાએ એ જઘન્ય તારતમ્યતાવાળું છે. મુનિદશાનું જે સ્વસંવેદન છે એ પ્રચુર સ્વસંવેદન છે. એની તારતમ્યતા ઘણી છે. ઉપયોગ ઊંડો.. ઊંડો... ઊંડો ચૈતન્યમાં ઊતરી જાય છે. પ્રચુરપણે અંદર જાય છે. એમાંથી કોઈવાર એવો ઊંડો ચાલ્યો જાય કે જાણે પછી કોઈ દિવસ બહાર આવે નહીં.

આમાં એક બોલ આવ્યો છે. ધન્ય એ પળ હશે, ધન્ય એ ઘડી હશે કે જ્યારે ઉપયોગ બહાર જ નહીં આવે. અંદર ગયા તે ગયા, સમાયા તે સમાયા પછી બહાર નીકળવાનો પ્રશ્ન રહેતો નથી. એવા **'આત્માના પ્રચુર સ્વસંવેદનમાંથી બહાર આવવું ગમતું નથી.'** જ્ઞાનનું સ્વસંવેદન પ્રચુર છે. શાંતિનું અને સુખનું વેદન, આનંદનું વેદન પણ પ્રચુર હોય છે. જાણે કે પાંચ ઇન્દ્રિય અને દેહનો ઉપયોગ જ નથી. પાંચ ઇન્દ્રિય અને મનના ફેલાવ રહિત જેને પરિણમન વર્તી ગયું છે. જાણે દેહનો ઉપયોગ જ નથી. શરીરનું ખોખું છે એનું ક્યારેક લક્ષ જાય છે બાકી ભાન ભૂલી જાય છે. એવા પ્રચુર સ્વસંવેદનની અંદર ઉગ્ર ધૂનમાં મુનિરાજ પડ્યા છે. આ વિષય લીધો હતો, 'પોન્નુર'માં આ વિષય લીધો હતો. એમ જ ઉપરથી (લીધો હતો), શાસ્ત્ર નહોતા. યાત્રાએ આવ્યા છીએ એ યાત્રાનો હેતુ શું ?

'ગુરુદેવ' તો જ્યારે જ્યારે યાત્રાએ જતા ત્યારે યાત્રાના હેતુનો નિર્દેશ કરતા હતા કે જ્યાં વીતરાગી પુરુષો, મહામુનિઓ, તીર્થંકરો આદિ વિચર્યા છે એ વિચર્યાની એમની આ પાવન ભૂમિ છે. કોઈ નિર્વાણ સ્થળ છે, કોઈ જન્મ સ્થળ છે, કોઈ દીક્ષા સ્થળ છે, કોઈ કેવળજ્ઞાનનું સ્થળ છે. પાંચ કલ્યાણક આવે છે ને ? બધા પ્રસંગ

છે. એમના આત્માનું સ્મરણ, એમની સાધનાનું સ્મરણ કરવાનું એ નિમિત્ત છે. યાત્રા સ્થળ છે એ સાધનાનું સ્થળ-સાધના સ્થળ છે. એથી એમની સાધનાનું સ્મરણ થાય છે. એ સાધનાનું સ્મરણ કરતાં સાધકને પોતાના સાધકભાવનો વિશેષ વિશેષ આવિર્ભાવ થાય છે. આત્મગુણની સ્ફુરણા થાય છે, ચૈતન્યવીર્યની સ્ફુરણા થાય છે. અને વિશેષ વિશેષ આત્મભાવની સ્ફુરણા થઈ આવે એવું જો પરિણમન થાય તો એને ખરેખર એ યાત્રાનો વિકલ્પ યથાર્થ કહેવામાં આવે છે. નહીંતર તો યાત્રાનો વિકલ્પ પણ યથાર્થ નથી. પર્યટન કહેવાય પછી. ચાલો ક્યાં ગયા હતા ? જેમ હરવા ફરવા જાય છે લોકો એમ હરવા ફરવા જેવું થઈ જાય. ૧૯૨ બોલ (પૂરો) થયો.

સમ્યગ્દષ્ટિ જીવ જ્ઞાયકને જ્ઞાયક વડે જ પોતામાં ધારી રાખે છે, ટકાવી રાખે છે, સ્થિર રાખે છે – એવી સહજ દશા હોય છે.

સમ્યગ્દષ્ટિ જીવને તેમ જ મુનિને ભેદજ્ઞાનની પરિણતિ તો ચાલુ જ હોય છે. સમ્યગ્દષ્ટિ ગૃહસ્થને તેની દશાના પ્રમાણમાં ઉપયોગ અંતરમાં જાય છે તેમ જ બહાર આવે છે; મુનિરાજને તો ઉપયોગ બહુ ઝડપથી વારંવાર અંદર ઊતરી જાય છે. ભેદજ્ઞાનની પરિણતિ-જ્ઞાતાધારા-બન્નેને ચાલુ જ હોય છે. તેમને ભેદજ્ઞાન પ્રગટ થયું ત્યારથી પુરુષાર્થ વિનાનો કોઈ કાળ હોતો નથી. અવિરત સમ્યગ્દષ્ટિને ચોથા ગુણસ્થાન પ્રમાણે અને મુનિને છઠ્ઠા-સાતમા ગુણસ્થાન અનુસાર પુરુષાર્થ વર્ત્યા કરે છે. પુરુષાર્થ વિના કાંઈ પરિણતિ ટકતી નથી. સહજ પણ છે, પુરુષાર્થ પણ છે. ૧૯૩.

૧૯૩ બોલમાં જ્ઞાનીની દશાનું વર્ણન છે. મુમુક્ષુજીવ જ્ઞાનીની દશા એ દશાને પામવા અર્થે સ્મરણમાં લ્યે છે, વિચારમાં લ્યે છે, એનો મહિમા કરે છે. અહીંયાં તો સમ્યક્દૃષ્ટિ ઉપરાંત મુનિરાજની પણ વાત કરી છે. સાધકદશાની મુખ્યતાથી વાત કરી છે. **'સમ્યક્દૃષ્ટિ જીવ જ્ઞાયકને જ્ઞાયક વડે જ પોતામાં ધારી રાખે છે, ટકાવી રાખે છે, સ્થિર રાખે છે – એવી સહજ દશા હોય છે.'** શું કહે છે ? સમ્યક્દૃષ્ટિ જીવની સહજ દશા એવી હોય છે કે જ્ઞાયકભાવને – પોતાના જ્ઞાયકભાવને વીતરાગભાવને, સાધકભાવને, જ્ઞાતા-દૃષ્ટારૂપભાવને જ્ઞાયક વડે જ, જ્ઞાયકના આધારે જ, જ્ઞાયકપણાને સાધનરૂપે રાખીને જ પોતામાં ધારી રાખે છે. જ્ઞાયકથી જ્ઞાયકનું કાર્ય કરે છે. શુભરાગથી, નિમિત્તથી જ્ઞાયક પોતાનું કામ કરે છે એ વાત અહીંયાં નથી.

સમ્યક્દૃષ્ટિ જીવનું પરિણમન પોતાને પોતામાં પોતાનો ભાવ પોતામાં પોતાના આધારે પોતાના દ્વારા ધારણ કરવાનો છે, ધારણ કરે છે. ધારણ કરે છે એમ કહો, જ્ઞાયક દશાને ટકાવી રાખે છે એમ કહો, જ્ઞાયકમાં સ્થિરતા રાખે છે એમ કહો એવી સહજ દશા હોય છે. સમ્યક્દૃષ્ટિની આ સહજ દશા થઈ ગઈ છે. જ્ઞાયકના કોઈ અપૂર્વરસથી પરિણમન પેદા થયું છે. એમ છે.

સહજ કેમ થઈ ગયું ? જેમ બીજું પરિણમન સહજ થાય છે. સંસારીને સંસારને યોગ્ય પરિણમન સહજ થાય છે. કોઈને પૂછો કે સમયે સમયે અજ્ઞાન અને મિથ્યાત્વ તો નવા નવા થાય છે. સમય સમયની પર્યાય નવી નવી, સમય સમયના ભાવ નવા નવા તો અજ્ઞાન અને મિથ્યાત્વ સમયે સમયે નવું થાય છે એને ટકાવી રાખવા તમે શું વિકલ્પ કરો છો ? કોઈ વિકલ્પવાળો પ્રયત્ન કરો છો કે હું મિથ્યાત્વને ટકાવું, હું અજ્ઞાનને ટકાવું ? સહજ જ થાય છે.

એવો જ કોઈ આધાર ઊંધો હોવાથી રાગનો અને નિમિત્તનો ને દેહનો, દેહાત્મબુદ્ધિ, રાગની બુદ્ધિ, નિમિત્તાધિન બુદ્ધિ એ બધું એકમાં જ આવી જાય છે, સમાઈ જાય છે. આ તો ભેદ-પ્રભેદ છે. એવું ઊંધું પરિણમન હોવાથી મિથ્યાત્વ ને અજ્ઞાન સહજ જ થયા કરે છે, એનો વિકલ્પ કરવો પડતો નથી. એમ જેણે અંદરમાં પોતાના શુદ્ધ ચૈતન્યનો આધાર લીધો, ચૈતન્ય શીલાના આધારે અપૂર્વ મહિમાથી શ્રદ્ધા-જ્ઞાનના જે પરિણામ પ્રસરી ગયા, એનું ઢલણ એવું થઈ ગયું, એનું વલણ એવું થઈ ગયું કે સહેજે સહેજે જ્ઞાયકભાવથી પોતે પોતામાં સ્થિર રહે છે, પોતાની દશા

એ ટકાવી રાખે છે, એ દશાને એ ધારણ કરી રાખે છે. કેમકે પોતાના જ્ઞાયક સ્વરૂપથી બધું જ અનઉત્કૃષ્ટ દેખાય છે, બધું પર દેખાય છે, બધું ભિન્ન દેખાય છે. કોઈ ચીજ ઉપાદેય દેખાતી નથી, કોઈ દ્રવ્ય, કોઈ ભાવ ઉપાદેય દેખાતો નથી. એક પોતાનો શુદ્ધાત્મા સર્વસ્વપણે એક જ માત્ર ઉપાદેયરૂપ દેખાય છે. તેથી સહેજે પરિણામ એમાં લાગેલા રહે છે. અનિર્વાયપણે બહાર જાય છે એનો નિષેધ આવે છે. અંદરનું પુરુષાર્થ પૂર્વકનું પરિણમન ચાલુ રહી જાય છે એવી સહજદશા હોય છે. સમ્યક્દૃષ્ટિની આ અંતરંગ દશા છે.

બે દિવસ પહેલાં વાંચનમાં લીધું હતું. એનો અભ્યાસ જોઈએ. એ વચન ઉપરથી લીધું હતું, વાત તો વચનની લીધી છે. ('શ્રીમદ્ રાજચંદ્ર' પત્રાંક-૬૭૯). **'આત્મદશાના તારતમ્ય પ્રમાણે...'** જે વાણી નીકળે છે. તે આશય વાણી ઉપરથી, **'તે આશય, વાણી પરથી 'વર્તમાન જ્ઞાનીપુરુષ'ને સ્વાભાવિક દષ્ટિગત થાય છે.'** આ વાણી ઉપરથી ભાવ પકડે છે. આત્મા તો અરૂપી પદાર્થ છે. કાં તો અક્ષરદેહે જ્ઞાનમાં જ્ઞાનગમ્ય થાય છે. કાં તો આ જડ પરમાણુનો દેહ અક્ષરદેહ એટલે આ પરમાણુનો દેહ ઇન્દ્રિયજ્ઞાનમાં આવે છે પણ ઉત્કૃષ્ટ દશાના મુમુક્ષુને આ વાત સમજાય છે. શું (સમજાય છે ?) કે વાણી ઉપરથી જ્ઞાયકનું પરિણમન એને સમજાય છે. એટલે વચ્ચે વાણીનું માધ્યમ લીધું છે. વાણી ઉપરથી એનું પરિણમન સમજાય છે. વાણી ઉપરથી એ પરિણમનની તારતમ્યતા સમજાય છે.

આત્મા તો અરૂપી છે, એ તો કોઈ ચક્ષુ ઇન્દ્રિયનો વિષય નથી. અથવા કોઈ ઇન્દ્રિયજ્ઞાનનો એ વિષય નથી. પણ વાણી, વાણીની પાછળ જે રહેલો આશય, આશયરૂપ ભાવ એ ભાવ ઉપરથી જ્ઞાયકભાવનો રસ પકડે છે, અભિપ્રાય પકડે છે. ઉત્કૃષ્ટ મુમુક્ષુ અને વર્તમાન જ્ઞાની વિશેષ પ્રજ્ઞાવંત અને પ્રગટ બોધીબીજ સહિત પુરુષ છે. એને એ ઓળખાણ થાય છે, જ્ઞાનીપુરુષની એને ઓળખાણ થાય છે. એ એની અંતરંગ મૂળ પરિણતિથી એની ઓળખાણ થાય છે. ત્યારે એનું અલોકિક સ્વરૂપ એને જણાય છે. એ અલૌકિક સ્વરૂપ એને જણાતા સર્વાર્પણબુદ્ધિ થઈ આવે છે.

પ્રશ્ન :- ૬૭૯ માં છે ને ?

સમાધાન :- ૬૭૯ છે. વાણી ઉપરથી વાત લીધી છે. કેમકે આત્મા તો દેખાતો નથી ને.

એક જગ્યાએ એક પત્રમાં એવી વાત લીધી છે કે, એક તો એની મૂળદશા અને એક જ્ઞાનીની ઉત્તરદશા. એવો શબ્દ વાપર્યો છે. મૂળદશા છે એ આ છે, સહજ દશા જે લીધી છે. સમ્યક્દૃષ્ટિ જીવ જ્ઞાયકને જ્ઞાયક વડે જ પોતામાં સહજપણે એ દશામાં સ્થિર રહે છે એ એમની મૂળદશા છે. બહારમાં ઉદયાશ્રિત પરિણામ થાય એ એમની ઉત્તરદશા છે. એમ છે. મૂળ અને ઉત્તર એમ લીધું. જેને મૂળદશા સમજાય છે એને જ્ઞાનીની ઓળખાણ થાય છે. ઉત્તરદશાથી જ્ઞાનીની ઓળખાણ થતી નથી. કેમકે એ તો પૂર્વકર્મ અનુસાર દરેકને હોય છે. કોઈ જ્ઞાનીને એકસરખી હોતી નથી.

વાણી ઉપરથી તો બે વાત સમજાય છે. એક તો અપૂર્વ પદાર્થ જે આત્મા એ સંબંધીનું એમનું મહિમાવંત પરિણમન વાણી દ્વારા વ્યક્ત થાય છે અને બીજું, અનાદિથી જે માર્ગ અજાણ્યો છે એ એવા અપૂર્વ માર્ગના આ જ્ઞાતા છે એ વાત પણ એને વાણી દ્વારા સમજમાં આવે છે. ત્યારે એને એમ લાગે છે કે હવે આ માર્ગ મને અહીંથી કદાચ સમજાશે. જો મારી યોગ્યતા, જો મારો પુરુષાર્થ, મારી પાત્રતા અને લાયકાત તૈયાર થાય તો જરૂર અહીંથી સમજાવાનો અવસર છે. એવું એને લાગે છે.

મુમુક્ષુ :– મૂળદશા અને અંતરદશા બન્ને વિરુદ્ધદશા છે.

પૂજ્ય ભાઈશ્રી :– ઉત્તરદશા, મૂળદશા અને ઉત્તરદશા. અંતરદશા નહીં, ઉત્તરદશા એક જ પદાર્થમાં એક જ કાળે છે. એક જ પદાર્થમાં એક જ કાળે છે. ૪૬૭ (પત્ર) છે. આખો પત્ર જ વાંચવા જેવો છે. ૪૬૭ નંબરનો પત્ર છે. આની અંદર જ્ઞાનીની ઓળખાણ ઉપર થોડો પ્રકાશ પાડે છે.

**'અનાદિકાળથી વિપર્યયબુદ્ધિ હોવાથી, અને કેટલીક જ્ઞાનીપુરુષની ચેષ્ટા...'** એટલે બાહ્ય પ્રવર્તના **'અજ્ઞાનીપુરુષના જેવી જ દેખાતી હોવાથી...'** કેમકે પૂર્વકર્મ અજ્ઞાની ને જ્ઞાનીને અજ્ઞાનભાવે બાંધેલા કર્મનો જ છે. બન્નેને અજ્ઞાનભાવે બાંધેલા કર્મનો ઉદય વર્તે છે. **'અજ્ઞાનીપુરુષના જેવી જ દેખાતી હોવાથી જ્ઞાનીપુરુષને વિષે વિભ્રમ બુદ્ધિ થઈ આવે છે, અથવા જીવથી જ્ઞાનીપુરુષ પ્રત્યે તે તે ચેષ્ટાનો વિકલ્પ આવ્યા કરે છે.'** કે આ કેમ આમ બોલતા હશે ? આમ કેમ પ્રવર્તતા હશે ? આમ કેમ વાત કરી ? આવો વિકલ્પ કેમ આવ્યો ? એમ એને ચેષ્ટાનો વિકલ્પ આવ્યા કરે છે.

**'બીજી બાજુએથી જ્ઞાનીપુરુષનો જો યથાર્થ નિશ્ચય થયો હોય તો કોઈ વિકલ્પને ઉત્પન્ન કરવાવાળી એવી જ્ઞાનીની ઉન્મત્તાદિ ભાવવાળી ચેષ્ટા પ્રત્યક્ષ દીઠામાં આવે**

**તોપણ બીજી બાજુના નિશ્ચયના બળને લીધે તે ચેષ્ટા અવિકલ્પપણાને ભજે છે;...'** શું કીધું ? કે કોઈ વખત કોઈ જ્ઞાની ઉન્મત્તભાવની ચેષ્ટામાં હોય, ઠીક ! એવી કોઈ વેદના હોય તો રડી જાય. એવો કોઈ પ્રસંગ બન્યો હોય તો એ પ્રસંગને કારણે રડતા દેખાય. અજ્ઞાની રડે એવી રીતે રડતા દેખાય. એને ઉન્મત્ત ભાવવાળી ચેષ્ટા કહે છે. તો મુમુક્ષુજીવને યથાર્થ નિશ્ચય થયો હોય તો જે વિકલ્પને ઉત્પન્ન કરવાવાળી, એના વિકલ્પને નિમિત્ત થાય કે અરે...! આમ કેમ હશે ? એવી ચેષ્ટા પ્રત્યક્ષ જોવામાં આવે તોપણ **'બીજી બાજુના નિશ્ચયના બળને લીધે...'** એની મૂળદશાના નિશ્ચયનું બળ હોવાને લીધે **'તે ચેષ્ટા અવિકલ્પપણાને ભજે છે;...'**

**'અથવા જ્ઞાનીપુરુષની ચેષ્ટાનું કોઈ અગમ્યપણું જ એવું છે કે,...'** અંતરની મૂળ દશાનું કોઈ અગમ્યપણું એવું છે. એવી એક નિહિત દશા છે-છુપાયેલી દશા છે, રહસ્યમય દશા છે કે **'અધૂરી અવસ્થાએ કે અધૂરા નિશ્ચયે** (મુમુક્ષુ) **જીવને વિભ્રમ તથા વિકલ્પનું કારણ થાય છે',** કે આમ કેમ થયું હશે ? આમ કેમ થયું હશે ? એમ એને લાગે છે. શંકા પડે છે. **'પણ વાસ્તવ પણે તથા પૂરા નિશ્ચયે તે વિભ્રમ અને વિકલ્પ ઉત્પન્ન થવા યોગ્ય નથી; માટે આ જીવનો અધૂરો જ્ઞાનીપુરુષ પ્રત્યેનો નિશ્ચય છે, એ જ આ જીવનો દોષ છે.'** કેવી, કેટલી હદની વાત લીધી છે ! મુમુક્ષુજીવ લીધો છે. નિશ્ચય નથી કર્યો એ તો મહાદોષ છે, ઓળખાણ નથી થઈ એ તો મહાદોષ છે પણ અધૂરી ઓળખાણ હોય તો એ પણ મોટો દોષ છે એમ કહે છે. પાકટ ઓળખાણ, પરિપક્વ ઓળખાણ એને હોવી જોઈએ એમ કહે છે. નહીંતર દોષમાં જાય છે, એને દોષના ખાતામાં લઈ લીધું છે.

**'જ્ઞાનીપુરુષ બધી રીતે અજ્ઞાનીપુરુષથી ચેષ્ટાપણે સરખા હોય નહીં, અને જો હોય તો પછી જ્ઞાની નથી એવો નિશ્ચય કરવો તે યથાર્થ કારણ છે;...'** તોપણ આમ હોવા છતાં પણ **'જ્ઞાની અને અજ્ઞાની પુરુષમાં કોઈ એવાં વિલક્ષણ કારણોનો ભેદ છે, કે જેથી જ્ઞાનીનું, અજ્ઞાનીનું એકપણું કોઈ પ્રકારે થાય નહીં. અજ્ઞાની છતાં જ્ઞાનીનું સ્વરૂપ જે જીવ મનાવતો હોય તે તે વિલક્ષણપણા દ્વારાએ નિશ્ચયમાં આવે છે;...'** આ વિલક્ષણપણું – એનો જે અંતરરસ, ઉદય પ્રત્યેનો રસ, જ્ઞાયક પ્રત્યેનો રસ આ બેમાં મોટો આંતરો હોય છે. એકમાં ઉપેક્ષા-ઉદાસીનતા છે, બીજામાં એને ભરપૂર રસ ભર્યો છે. એ વિલક્ષણતા એને નિશ્ચયમાં આવે છે. **'માટે જ્ઞાનીપુરુષનું જે**

**વિલક્ષણપણું છે તેનો પ્રથમ નિશ્ચય વિચારવા યોગ્ય છે; અને જો તેવા વિલક્ષણ કારણનું સ્વરૂપ જાણી જ્ઞાનીનો નિશ્ચય થાય છે, તો પછી અજ્ઞાની જેવી ક્વચિત્ જે જે જ્ઞાનીપુરુષની ચેષ્ટા જોવામાં આવે છે તેને વિશે નિર્વિકલ્પપણું પ્રાપ્ત હોય છે;...'** એને શંકા ઉત્પન્ન થતી નથી. નિર્વિકલ્પ થઈ ગયો છે કે એનું સર્વ આચરણ મારે માટે વંદનીય છે, પૂજનીય છે. એ સિવાય બીજી કોઈ વાત રહેતી નથી. વિકલ્પ નથી.

**'તેમ નહીં તો જ્ઞાનીપુરુષની તે ચેષ્ટા તેને વિશેષ ભક્તિ અને સ્નેહનું કારણ થાય છે.'** નિર્વિકલ્પ હોય છે, નિર્વિકલ્પપણું પ્રાપ્ત હોય છે અને જ્ઞાનીપુરુષની તે ચેષ્ટા તેને વિશેષ ભક્તિ અને સ્નેહનું કારણ થાય છે. કથાનુયોગમાં આ પુરાણપુરુષના દૃષ્ટાંત આવે છે ને ? 'રામચંદ્રજી'ના, 'ભરત-બાહુબલી'ના. એ એની અંતરંગદશાનો મહિમા બતાવવા માટે વાત છે કે એની મૂળદશા તું જો તો જ્ઞાયકને ધારણ કરી રાખ્યો છે. અહીંયાં પહેલી લીટી લીધી ને ? બોલનું અનુસંધાન છે. જ્ઞાયકને જ્ઞાયક વડે ધારણ કરી રાખ્યો છે, ટકાવી રાખ્યો છે, સ્થિર કર્યો છે. બહારની ઉન્મત્ત જેવી દશા છે તોપણ અંદરનો ખીલો ખસતો નથી. આ મહિમા બતાવવા માટે વાત છે. દોષ પકડાવવા માટે વાત નથી, પણ અંદરનો મહિમા બતાવવો છે.

**'પ્રત્યેક જીવ, એટલે જ્ઞાની, અજ્ઞાની જો બધી અવસ્થામાં સરખા જ હોય તો પછી જ્ઞાની, અજ્ઞાની એ નામમાત્ર થાય છે; પણ તેમ હોવા યોગ્ય નથી. જ્ઞાનીપુરુષ અને અજ્ઞાનીપુરુષને વિષે અવશ્ય વિલક્ષણપણું હોવા યોગ્ય છે. જે વિલક્ષણપણું યથાર્થ નિશ્ચય થયે જીવને સમજવામાં આવે છે;...'** યથાર્થ નિશ્ચય થાય તો એને સમજવામાં આવે છે. નહીંતર ત્યાં સુધી ઓઘસંજ્ઞા છે અને એ અધૂરો નિશ્ચય છે અને એ જીવનો દોષ છે. એમ લેવું છે. **'સમજવામાં આવે છે; જેનું કંઈક સ્વરૂપ અત્રે જણાવવા યોગ્ય છે.'** આ પત્ર કોઈ કમનસીબે અપૂર્ણ રહી ગયો છે **'જેનું સ્વરૂપ અત્રે જણાવવા યોગ્ય છે.'** પોતાને આ વાત કહેવી છે એટલે પત્ર લખવાનો વિકલ્પ ચાલ્યો છે. **'જ્ઞાનીપુરુષ અને અજ્ઞાનીપુરુષનું વિલક્ષણપણું મુમુક્ષુ જીવને તેમની એટલે જ્ઞાની, અજ્ઞાની પુરુષની દશા દ્વારા સમજાય છે. તે દશાનું વિલક્ષણપણું જે પ્રકારે થાય છે. તે જણાવવા યોગ્ય છે. એક તો મૂળદશા, અને બીજી ઉત્તરદશા, એવા બે ભાગ જીવની દશાના થઈ શકે છે.'** આટલું કહે છે ત્યાં વાત અધૂરી રહી ગઈ છે. એ વાત અધૂરી રહી ગઈ છે. વિષય બહુ સારો છેડ્યો છે. મૂળદશા અને ઉત્તરદશાથી પ્રારંભ કરે છે. એ વિષય

અધૂરો રહી ગયો છે. અપૂર્ણ પત્ર છે. ૪૬૭ છે. પ્રશ્નાર્થ મૂક્યો છે. 'ખંભાત'ના 'ત્રિભોવન માણેકચંદ' કૌંસમાં લખીને પ્રશ્ન ચિહ્ન મૂક્યો છે. નક્કી નથી થયો પત્ર કોના ઉપરનો છે, અધૂરો પત્ર છે. અહીં સુધી રાખીએ.

## તા. ૨૯-૦૯-૧૯૮૭, વચનામૃત-૧૯૩
## પ્રવચન નં. ૧૪૬

'બહેનશ્રીનાં વચનામૃત' પાનું ૬૦. ૧૯૩ બોલ છે. ફરીથી શરૂઆત કરીએ છીએ. જ્ઞાનીની દશાનો બોલ છે. સાધકદશામાં ગૃહસ્થ સમ્યક્દૃષ્ટિની કે મુનિરાજની સાધકદશારૂપ અંતરંગ પરિણતિ કેવી હોય છે એનું વર્ણન છે આ બોલમાં.

**'સમ્યગ્દષ્ટિ જીવ જ્ઞાયકને જ્ઞાયક વડે જ પોતામાં ધારી રાખે છે, ટકાવી રાખે છે, સ્થિર રાખે છે–એવી સહજ દશા હોય છે.'** સમ્યક્દૃષ્ટિ જીવ પોતાના જ્ઞાયક સ્વરૂપના આધારે પોતાના જ્ઞાયક સ્વરૂપને જ સાધન બનાવીને તેને જ સાધ્ય તરીકે સાધે છે. જ્ઞાયક પરમાત્મા પોતે જ્ઞાયકભાવમાં આવીને જ્ઞાયકભાવપણે પરિણમે છે. અત્યંત સ્વરૂપરસથી, અત્યંત જ્ઞાયકના રસથી એવી સહજદશા અંતરંગમાં ઉત્પન્ન થઈ ગઈ હોય છે. એને અહીંયાં સમ્યક્દૃષ્ટિ જીવ કહે છે, એને અહીંયાં સાધક જીવ કહે છે, એને ધર્માત્મા કહેવામાં આવે છે. એવી સમ્યક્દૃષ્ટિની અંતરંગમાં સહજદશા હોય છે એ ધર્માત્માની મૂળદશા છે, એ સિવાયના બહારમાં ઉદયભાવરૂપ યોગ અને ઉપયોગની ક્રિયા જોવામાં આવે છે એ એમની મૂળની દશા નથી.

**'સમ્યક્દૃષ્ટિ જીવને તેમ જ મુનિને ભેદજ્ઞાનની પરિણતિ તો ચાલુ જ હોય છે.'** નિરંતરપણે કાળના કોઈપણ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવના ફેરફારો હોય, ગમે તે પ્રકાર હોય, પૂર્વકર્મ જનિત ઉદય હોય તે સર્વ પ્રકારોમાં ભેદજ્ઞાનની પરિણતિ તો સમ્યક્દૃષ્ટિ હોય કે મુનિ હોય બન્નેને ચાલુ જ છે. કહેવાય કે બન્નેને ભેદજ્ઞાનની પરિણતિ છે પણ પોતપોતાની દશા અનુસાર છે. મુનિરાજને ભેદજ્ઞાનની પરિણતિ, પરિણતિની ધારા ઉગ્રતાપણે વર્તે છે. સમ્યક્દૃષ્ટિને એટલી ઉગ્રતા હોતી નથી જેટલી મુનિરાજને હોય છે.

પ્રશ્ન :– ભેદજ્ઞાન એટલે સવિકલ્પદશા થઈ ?

સમાધાન :– હા, સવિકલ્પદશાના કાળમાં એક પરિણતિ છે એને નિર્વિકલ્પ

ભેદજ્ઞાન કહે છે. ભેદજ્ઞાનનો વિકલ્પ તે ભેદજ્ઞાન અહીંયાં નથી. સ્પષ્ટીકરણ શું છે એ વિષયનું ? કે કોઈ મુમુક્ષુ જીવ એમ વિચારે છે કે આ રાગ તે હું નહીં, જ્ઞાન સ્વભાવ જ્ઞાન તે હું. એવો વિકલ્પ તે ભેદજ્ઞાન નથી. એવો વિકલ્પ તે ભેદજ્ઞાન નથી. ભેદજ્ઞાન સંબંધીનો એવો વિકલ્પ છે તે સ્વયં ભેદજ્ઞાનરૂપ પરિણામ નથી. ભેદજ્ઞાનની પરિણતિ તો રાગાદિભાવ, સવિકલ્પ ભાવ, રાગાદિ ભાવ વર્તવાના કાળે અંદરમાં એક નિર્વિકલ્પ અનંત ગુણોની ધારારૂપ જે પરિણતિ જેને જ્ઞાનની મુખ્યતાથી જ્ઞાનધારા કહે છે એ નિર્વિકલ્પ પરિણતિ છે. એ આત્માનું શુદ્ધતારૂપ, શુદ્ધત્વરૂપ પરિણમન છે અને તે રાગાદિ ભાવ ચાલતો હોવા છતાં એમાં પોતાના અસ્તિત્વને જેણે ખસેડી લીધું છે. પહેલાં રાગાદિભાવ ચાલતો હતો એમાં જ અસ્તિત્વનું સ્થાપન કર્યું હતું કે આ રાગ તે હું એમ થતું હતું. એમાંથી જેનું અસ્તિત્વ ખસી ગયું છે અને જ્ઞાનમય સત્તાપણે જ્ઞાનસ્વભાવી આત્મામાં નિર્વિકલ્પભાવે, અભેદભાવે જે ધારાવાહી પરિણતિ ચાલે છે એને ભેદજ્ઞાનની પરિણતિ કહેવામાં આવે છે.

વિકલ્પ જુદો છે પરિણતિ જુદી વસ્તુ છે. બે જુદી જુદી વાત છે. દૃષ્ટાંત જુદાં જુદાં લઈએ કે કોઈ જ્ઞાની રડતા હોય ત્યારે એને ભેદજ્ઞાનની પરિણતિ ચાલુ છે અને કોઈ જ્ઞાની ભક્તિ કરતા હોય, ઉલ્લાસથી જિનેન્દ્ર ભક્તિ કરતા હોય ત્યારે પણ એને તે રાગથી જુદી એવી ભેદજ્ઞાનની પરિણતિ ચાલુ છે. આ હરખનો રાગ છે, પેલો શોકનો પરિણામ છે. બન્ને વખતે એનાથી ભિન્ન એવી કોઈ જ્ઞાનની અભેદ પરિણતિ ચાલુ હોય છે એને ભેદજ્ઞાનની પરિણતિ કહે છે.

'ગુરુદેવ'શ્રી ઘણીવાર કોઈ વખત બહુ હસતા હસતા વાત કરે. એ વખતે અમે વિચાર કરતા કે એ 'ગુરુદેવ' હસે છે સાથે સાથે આપણે બધા હસીએ છીએ. 'ગુરુદેવ' હસતા હસતા ભેદજ્ઞાનમાંથી જરાય ખસતા નથી, બાકી આ આખાને આખા જે આવી જાય છે. બહારની ક્રિયા બધાની સરખી દેખાય. કોઈ હસવાનો પ્રસંગ છે, એવો કોઈ હળવો પ્રસંગ છે ને બધા હસતા દેખાય છે. પણ અંદર જે ભેદજ્ઞાનની પરિણતિ છે, આત્માની ચૈતન્યની જાગૃત પરિણતિ છે અને જેમાં આત્મભાન વર્તે છે, એ ભેદજ્ઞાનની પરિણતિ સમ્યક્દૃષ્ટિને નિરંતર ચાલુ જ હોય છે, મુનિરાજને પણ ચાલુ જ હોય છે.

મુનિરાજને કોઈ અશુભ યોગ દેખાતા નથી. મુનિરાજની પરિણતિમાં કોઈ તીવ્ર

રાગ-દ્વેષના પ્રકાર અને ચેષ્ટાઓ દેખાતી નથી. જ્યારે સમ્યક્દષ્ટિ અને ગૃહસ્થ સાધકને પૂર્વકર્મ અનુસાર ચારે ગતિમાં વિભિન્ન પ્રકારે એના ઉદયમાન પરિણામો જોવામાં આવે છે, એના ઉદયની ચેષ્ટાઓ જોવામાં આવે છે. છતાં એનાથી એ જ વખતે ભેદજ્ઞાનની જુદી પરિણતિ, એનાથી જુદો પડતો એક ભાવ, ધારાવાહી ભાવ સદાય એને નિરંતર વર્તે છે. આ એક શુદ્ધ ચૈતન્યના અપૂર્વ રસે જે શુદ્ધોપયોગ થયો ત્યારથી જેમ પર્વત ઉપર વિજળી પડે અને બે ફાડ થઈ ગઈ એમ એક પરિણામની અંદર બે ભાવ જુદાં જુદાં થઈ ગયા. એક ભાવ ઉદય સાથે કામ કરે છે, તે જ સમયનો એક બીજો ભાવ આત્મા સાથે અભેદભાવે વર્ત્યા કરે છે. એમાં આત્માના શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર, આનંદ, સુખ આદિ અનંત ગુણના પરિણામ એની અંદર છે. કેમકે એ તો દ્રવ્યે જ પરિણમે છે.

પ્રશ્ન :– ભેદવિજ્ઞાનનો વિચાર એ વિપરીત ભાવ છે ?

સમાધાન :– એને નીચેથી લઈએ તો અનુકૂળ છે અને ઉપરથી લઈએ તો પ્રતિકૂળ છે. ક્યાંથી લેવું એ સવાલ છે. જેને ભેદજ્ઞાનનો વિચાર સુદ્ધાં નથી એમ નીચેથી લઈએ તો એમ કે ચાલો એ ભેદજ્ઞાન થવા અર્થે કાંઈક એને એનો વિચાર વિકલ્પ આવે છે. તો આગળ ઉપર જઈને જો એ ભેદજ્ઞાન કરશે એવી કોઈ એની સુયોગ્ય વિચારણા છે, જેને સુવિચારણા ‘શ્રીમદ્જી’ કહે છે **‘જ્યાં પ્રગટે સુવિચારણા ત્યાં પ્રગટે નિજ જ્ઞાન, જે જ્ઞાને ક્ષય મોહ થઈ પામે પદ નિર્વાણ.’** તો એમથી લઈએ તો એ એની આગળ વધતી દશાને અનુકૂળ છે, નિમિત્ત છે એમ કહેવાય છે પણ જ્યાં સુધી વિકલ્પ છે ત્યાં સુધી અનુભવ નહીં હોવાથી એ વિકલ્પ-પ્રતિકૂળ ભાવ છે, અનુભવથી– નિર્વિકલ્પ અનુભવથી પ્રતિકૂળ ભાવ છે. બન્ને વાત આવે, બન્ને વિવિક્ષા આવે. એક થોથું પકડી રાખે અને બીજાનો નિષેધ કરે તો એ આખી વાતને સમજ્યા વગર કરે છે એવી પરિસ્થિતિ થાય.

પ્રશ્ન :– નિર્વિકલ્પ દશાની અંદર પરિણતિની અંદર સવિકલ્પ દશામાં નિરંતર નિષેધ વર્તતો જ હોય છે ?

સમાધાન :– હા, નિરંતર નિષેધ (વર્તે છે). વિકલ્પપૂર્વક નિષેધ કરવો પડતો નથી પણ નિરંતર નિષેધ વર્તતો જ હોય છે. એટલે તો એ રીતે વાત લીધી કે રાગ ઉત્પન્ન થાય છે પણ એમાંથી આખું અસ્તિત્વ ખસી ગયું છે. ભૂતકાળમાં મિથ્યાત્વ અવસ્થામાં

એમાં જ હું.. હું.. હું.. હું.. હુંપણું થયા કરતું હતું. રાગ તે હું એમાં રાગમાં હુંપણારૂપ ભાવ એ ખસી ગયો છે. જેને રાગમાં હુંપણું નથી. બહુ છૂટું પાડતા 'ગુરુદેવ' ત્યારે એમ કહેતા કે જેમ બીજા જીવમાં રાગ થતો માલૂમ પડે છે, બીજાનો રાગ જેમ કોઈને જ્ઞાનમાં જણાય છે કે આને આવો રાગ થયો એમ જ્ઞાન, ભિન્ન પડેલું જ્ઞાન મારામાં નથી થતો એવો રાગ મારાથી અન્યપણે, મારાથી બીજામાં થતો એવો રાગ પછી તો એને પુદ્ગલનો પણ કહી દે છે, કર્મનો પણ કહી દે છે, એવો એને તદ્દન ભિન્ન જ જુએ છે, સાવ જુદો જુએ છે. કેમકે એમાં હુંપણું નથી અને એમાં કર્તાપણું પણ નથી. કર્તાપણું હોય ત્યાં હુંપણું હોય અને હુંપણું હોય ત્યાં કર્તાપણું અવશ્ય હોય, હોય ને હોય જ.

મુમુક્ષુ :– દૃષ્ટાંત સારો આપ્યો છે બીજાનો આ રાગ છે મારામાં આ રાગ નથી, ભિન્નતા તરત જ દેખાય છે.

પૂજ્ય ભાઈશ્રી :– આ બીજાનો રાગ છે, આ રાગ બીજાનો છે. એમ તે વખતે તે જ્ઞાન થતાં રાગને જાણે છે. પણ મિથ્યાદૃષ્ટિ જીવની જેમ પોતારૂપે જાણતા નથી, અન્યરૂપે એને જાણે છે. હું કરતો નથી, હું કરાવતો નથી, થાય છે એને હું ભલો જાણીને અનુમોદતો પણ નથી. હું જ્ઞાનમય સત્તાપણે ટકી રહું છું. મારી જ્ઞાનમય સત્તાનો મને સ્પષ્ટ અનુભવ વર્તે છે અને રાગાદિ ભાવ મારા દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી જાણે ક્યાંય બહાર વર્તતા હોય એવી રીતે મને માત્ર પરજ્ઞેયપણે જણાય છે, સ્વજ્ઞેયપણે જણાતા નથી. એને ભેદજ્ઞાન કહે છે.

ભેદજ્ઞાન વિકલ્પરૂપ નથી. વિકલ્પ ભેદ, આ હું નહીં ને આ હું, આ હું નહીં ને આ હું એવો જે વિકલ્પ એ કોઈ ભેદજ્ઞાન નથી. ભેદજ્ઞાન તો એ વખતે ચાલતા રાગથી જુદાંપણાનો ભાવ બતાવવા માટે એને ભેદજ્ઞાન એવું નામ અથવા સંજ્ઞા દેવામાં આવે છે. ખરેખર તો સ્વરૂપના અભેદજ્ઞાનની પરિણતિ, અસ્તિથી જોઈએ તો સ્વરૂપના અભેદજ્ઞાનની પરિણતિ, જેને સાધકની જ્ઞાનધારા કહેવામાં આવે છે એને પરની વિવિક્ષાથી ભેદજ્ઞાન કહેવામાં આવે છે. સ્વની વિવિક્ષાથી એને અભેદજ્ઞાન કહેવામાં આવે છે. તેને ને તેને જ અભેદજ્ઞાન એમ કહેવામાં આવે છે, કેમકે સ્વથી અભેદપણે વર્તે છે.

એક બીજો વિષય હવે વિચારવા જેવો છે કે 'ગુરુદેવ'ને એ નજરે ક્યારેય જોયા

છે ? અથવા પૂજ્ય 'બહેનશ્રી' સાથે ચર્ચા કરીએ છીએ, વાતચીત કરીએ છીએ (ત્યારે) એ નજરે ક્યારેય જોયા છે ? કે આ તત્ત્વ સમજાવે છે ત્યારે પણ એ પોતાના અભેદજ્ઞાનમાં રહીને, જ્ઞાનમય ભાવમાં રહીને વિકલ્પ અને વાણીની પ્રવૃત્તિ ભિન્ન ભિન્ન ભિન્ન ભિન્નપણે જુદી રહીને થયા કરે છે. એ નજરે જોવા જોઈએ. તો એ શું ચીજ છે ? એની અંદર શું વીતરાગતા છે ? એની અંદર શું આત્મભાવ છે ? અને એ અનાત્મભાવથી કેમ જુદાં વર્તે છે ? એના કોઈ આશ્ચર્યકારી પરિણમનનો કાંઈક એને ખ્યાલ આવે અને ખ્યાલ આવે તો એ દશા ઉત્પન્ન થવાનું આકર્ષણ જન્મે કે આ દશા પ્રગટ કરવા જેવી છે. મુનિરાજને તો એવી જ્ઞાનધારા બહુ ઉગ્ર હોય છે, સમ્યક્દૃષ્ટિને એટલી ઉગ્રતા નથી. વળી પૂર્વકર્મની વિચિત્રતા પણ ઉદયમાં અનેકવિધ પ્રકારે, ચિત્રવિચિત્ર પ્રકારે છે તેથી ઓળખવું જરા કઠણ પડે છે.

**'સમ્યક્દૃષ્ટિ ગૃહસ્થને તેની દશાના પ્રમાણમાં ઉપયોગ અંતરમાં જાય છે...'** હવે પરિણતિ સિવાયની વાત કરે છે કે સમ્યક્દૃષ્ટિ ચોથા ગુણસ્થાનવર્તી ગૃહસ્થ હોય (તેમને) પોતાની ચતુર્થ ગુણસ્થાન દશાના પ્રમાણની અંદર એના માપમાં ઉપયોગ અંતરમાં જાય છે અને **'બહાર આવે છે,...'** એને પણ શુદ્ધોપયોગ થાય છે. શુદ્ધ ઉપયોગમાં ચૈતન્યશીલા, ચૈતન્યગોળો આખો જુદો પડી જાય છે છતાં એનું પ્રમાણ જુદું છે, મુનિરાજનું એ જ સ્વાનુભવનું પ્રમાણ જુદું છે. અહીંયાં બે વચ્ચે તફાવત, બે સાધકદશા વચ્ચેનો તફાવત લે છે.

ખરેખર બોલ એ પ્રકારનો છે કે મુનિરાજ અને ગૃહસ્થ બન્ને સાધક છે છતાં બન્નેને દશાના પ્રમાણમાં શું ફરક છે એટલી વાત અહીંયાં તારતમ્યભેદે લેવી છે. પરિણામની Quality જેને કહીએ, એ એક જાતિના પરિણામ હોવા છતાં તારતમ્યભેદે ભિન્નતા છે, તફાવત છે એ તફાવતને સમજાવે છે. શાસ્ત્રોની અંદર પણ આટલી બધી ખોલીને વાત ભાગ્યે જ આવે. સ્વાનુભવથી ખોલેલી વાતો છે. પરમાગમ જોઈએ તો આટલી બધી ખોલેલી વાત ન મળે. અને ક્યાંક હોય તો એ આચાર્યોના, મુનિરાજોના શાસ્ત્રીય પરિભાષાના એવા કોઈ ઉચ્ચ કોટીના શબ્દો હોય છે કે એમાંથી સામાન્યજનને ભાવ કાઢવો, એટલો સ્પષ્ટ ભાવ ન કાઢી શકે.

એટલે એટલો ઊંડો ઉપયોગ નથી જતો એમ કહેવું છે. **'સમ્યક્દૃષ્ટિ ગૃહસ્થને તેની દશાના પ્રમાણમાં...'** પોતાની યોગ્યતાના પ્રમાણમાં **'ઉપયોગ અંતરમાં જાય**

**છે.'** એમાં એટલું બધું ઊંડાણ નથી હોતું. જેટલું ઊંડાણ મુનિરાજને હોય છે એટલું ઊંડાણ સમ્યક્દૃષ્ટિ ગૃહસ્થને હોતું નથી. એનો કાળ પણ ઓછો હોય છે, એનું જોર પણ ઓછું હોય છે, એનું ઊંડાણ પણ ઓછું હોય છે અને તરત બહાર નીકળી જાય છે. તરત ને તરત જ બહાર નીકળી જાય છે.

**'મુનિરાજને તો ઉપયોગ બહુ ઝડપથી વારંવાર અંદર ઊતરી જાય છે.'** મુનિરાજની વિશેષતા છે. સમ્યક્દૃષ્ટિને એમ થાય છે કે, અહો..! આવી મારી દશા ક્યારે થાય કે ક્ષણે ક્ષણે વારંવાર હું અંદરમાં ઊતરી જાઉં. આ તો ઘણા કાળે ઉપયોગ થાય છે. આ તો ઘણી શિથિલતા છે, ઘણો ઊણો પુરુષાર્થ છે, આ તો કે 'દી પાર આવે ? એમ લાગે છે. બહુ મુનિદશાને વાંછે છે. મુનિરાજ થાય છે એટલે પરિપૂર્ણ આત્મા, ભરેલું ભાણું મારા જ અંદરમાં છે અને અધૂરાશ શેની પાલવે આમાં ? એમને અધૂરાશ પોસાતી નથી.

પર્યાયદૃષ્ટિ ઊડી ગઈ છે અને પરિપૂર્ણ દ્રવ્ય લક્ષમાં છે એટલે એકેય દશામાં સંતોષ પકડાતો નથી. ઉપરની દશા, નીચેની દશા એના તફાવતનું જ્ઞાન જરૂર થાય છે. એનો વિવેક પણ જરૂર હોય છે કે આ નીચેની દશા કરતાં ઉપરની દશા એ આદરણીય છે, પરમ આદરણીય છે, સાધ્ય કરવા જેવી છે. શીઘ્રપણે મને એવી દશા પ્રગટ થાવ તોપણ પર્યાયદૃષ્ટિપણે એ ભાવો આવતા નથી. દ્રવ્ય લક્ષમાં છે અને પૂર્ણતા થવાના પ્રયત્નમાં વચ્ચે દશા ઉગ્ર થાય, થયા વિના પૂર્ણતા થવાનો પ્રશ્ન નથી. એટલે હજી ઉગ્રતા આવી નથી તો પૂર્ણતા આવવાનો ક્યાં પ્રશ્ન છે ? એમ.

**'મુનિરાજને તો ઉપયોગ બહુ ઝડપથી વારંવાર અંદર ઊતરી જાય છે.'** બહુ ઝડપથી (ઊતરી જાય છે). હાલતાં, ચાલતાં, ખાતાં, પીતાં, આહાર કરતાં મોઢું ખોલે અને કોળિયો અંદર મૂકે અને અંદરમાં સડસડાટ ઉપયોગ જાય, બહાર નીકળે વળી સડસડાટ ચાલ્યો જાય. ચાલતા દેખાય, ખાતા દેખાય, બોલતા દેખાય, પ્રવચન આપે, વાતચીત કરતા બોલતા દેખાય. ક્યારે અંદર ડૂબકી મારી જાય છે (એ) બહારવાળાને અંદરની ખબર પડતી નથી. મુનિદશા એવી કોઈ અલૌકિક અભૂતપૂર્વ દશા હોય છે.

પ્રશ્ન :- મુનિરાજને શાસ્ત્ર ક્રમસર લખાઈ જાય છે ?

સમાધાન :- છતાં Link નથી તૂટતી. આ Accountant લોકો છે, મુનીમ ચોપડો લખે. લખતા લખતા દુનિયાભરના વિચાર કરે. બરાબર લખે છે કે ક્યાંય ફેર પડે

છે ? તારીખ, વાર, જમે, ઉધાર, સરવાળા, બાદબાકી, Total, balance બધું ફટાફટ મૂકે. વાતો કરે, બીજા પણ અનેક જાતના વિચારો આવે છતાં એ બધા કામ ઉપરછલ્લા ઉપયોગથી થાય છે કે નહીં ? બહેનો રસોઈ કરે છે. મરી-મસાલાના ડબા હોય, ખાના હોય, અનેક જાતના મરી-મસાલા નાખે. વાતો કરતા જાય, વિચારો અનેક જાતના કરતા જાય, તો કાંઈ ખાંડના બદલે મીઠું નાખી દે ને મીઠાના બદલે ખાંડ નાખી દે છે એવું કાંઈ કરતા નથી. બધું સપ્રમાણ પડતું જાય છે. સાવ ઉપરછલ્લા ઉપયોગથી કામ થાય છે.

એવા બધા કામ તો સંસારમાં પણ ઉપરછલ્લા ઉપયોગથી થાય છે તો ઉપદેશ આદિનું જે કાર્ય છે એ તો અંતરંગમાં શુદ્ધાત્મા પ્રત્યક્ષ છે. પ્રત્યક્ષ પરિણતિ વડે પ્રત્યક્ષ છે, અતીન્દ્રિય પરિણતિ વડે પ્રત્યક્ષ છે. એ સંબંધીના સંકેત માત્રરૂપે વિકલ્પ અને વાણી સહેજે સહેજે ચાલે છે. અને પોતે કરતાં નથી એ રીતે ચાલે છે. વિકલ્પ પણ આવે છે, વાણી પણ આવે છે. બન્ને સ્વયં આવે છે. મારામાંથી, બેમાંથી એકેય મારામાંથી આવતા નથી. એમ ને એમ આવે છે. અને એ ક્રિયા ચાલતી જાય છે.

એ તો અંતરંગમાં જ્યાં વળગેલા છે ત્યાં જ વળગેલા છે. ધ્રુવ ખૂંટાને છોડ્યા વિના અથવા ધ્રુવ પરમાત્માને છોડ્યા વિના એ પરમાત્માને કહેતા જાય છે, પરમાત્માને ગાતા જાય છે એમ દેખાય છે. પણ વિકલ્પ અને વાણી મારામાં છે એવું એ જોતા નથી. નિજ પરમાત્મામાં નથી. એવા અનુભવ સાથે એ ક્રિયા એના સ્વકાળે થાય છે, એના જ્ઞાતા રહે છે અને કોઈ પાત્ર જીવ છે એ એમાંથી આખો વિષય પકડી લે છે કે, ઓહો..! આ તો કોઈ ગજબનો વિષય છે ! અંદરની વાત જુદી છે, બહારની વાત જુદી છે.

'ધર્મદાસજી ક્ષુલ્લક' 'સમ્યક્જ્ઞાન દીપિકા'માં કહે છે, હાથીના દાંત જેમ દેખાડવાના જુદાં અને ચાવવાના જુદાં. જગતમાં તો માયાચાર માટે એ કહેવત પડી છે. પણ અહીંયાં તો સહજ કુદરતી જે દશા હોય છે કે અંદરમાં જે ભેદજ્ઞાનની પરિણતિ એ અંદરના સ્વાનુભૂતિની વાત જુદી, અનુભૂતિની વાત જુદી અને બહારમાં રાગની અને રાગની ક્રિયાની વાત જુદી. એ દેખાવ જુદો છે અને અંદરની વાત જુદી છે. એવી સાધક દશાની પરિણતિ હોય છે.

**'બહુ ઝડપથી વારંવાર અંદર...'** ઘણો ઊંડો ઉપયોગ જાય છે. ચોથા ગુણસ્થાને

અંદર ઉપયોગ જાય અને સાતમા ગુણસ્થાને અંદર ઉપયોગ જાય, બેના ઊંડાણમાં ફેર છે, બેના સમય અંતરમાં પણ ફેર છે, કાળમાં પણ ફેર છે, એના અંતરાળમાં પણ ફેર છે. અંતરાળ એટલે વિકલ્પવાળો કાળ ઘણો ઘટી ગયો છે. ક્ષણમાત્રમાં અંદર આવે છે, ઘણે ઊંડે સુધી જાય છે અને મહાવિદેહ આદિમાં કોઈ મુનિરાજ ચરમશરીરી હોય છે, અત્યારે અહીંયાં એવા નથી હોતા, એ ઊંડે જાય છે, એ ઊંડે જ જાય છે પછી બહાર જ આવતા નથી. એવી ભીંસથી અંદર ચાલ્યા જાય છે પછી ગયા તે ગયા. પછી એને કોઈ બહિર્મુખ ઉપયોગ થાય એવી દશા જ ન પ્રગટે. અંતર્મુહૂર્તમાં ઊંડે જાય. આઠમે ગુણસ્થાન, નવમે ગુણસ્થાન, દસમે ગુણસ્થાન, બારમે ગુણસ્થાન અંતર્મુહૂર્તમાં તો કેવળજ્ઞાન પ્રગટ કરી લે છે. ફડાક કરતા જમીનથી પાંચસો ધનુષ ઊંચે આસન થઈ જાય છે, નીચે કમળની રચના થઈ જાય છે અને આયુષ્ય પર્યંત અરિહંત દશામાં બિરાજમાન રહે છે.

**'ભેદજ્ઞાનની પરિણતિ-જ્ઞાતાધારા...'** બે લીટી વચ્ચેનો જે શબ્દ છે એ એનો ને એનો બીજો Other word છે. ભેદજ્ઞાનની પરિણતિ કહો કે જ્ઞાતાધારા કહો, વીતરાગધારા કહો **'બન્નેને ચાલુ જ હોય છે.'** સમ્યક્દૃષ્ટિ ગૃહસ્થને પણ ચાલુ હોય છે, મુનિરાજને પણ ચાલુ જ હોય છે. એ ધારા છૂટી જાય તો સાધકપણું છૂટી જાય છે. એથી સાધકદશામાં તો આ ધારા ચાલુ ને ચાલુ જ રહે છે. એ જ સાધક પરિણતિ છે, એ જ સાધક દશા છે, એ જ સાધકપણું છે. જેના દ્વારા સ્વરૂપ સધાય છે તે સાધકપણું એટલે જ્ઞાતાધારા છે, એ ભેદજ્ઞાનની પરિણતિ હોય છે.

વિશ્વના કોઈપણ સંપ્રદાયનો ધર્મનો વિષય, ધર્મનું પ્રકરણ પકડો તો ભેદજ્ઞાનની વાત ક્યાંય નથી. આ જ્ઞાતાધારાની વાત ક્યાંય નથી. એટલે ધર્મની વાત જ ક્યાંય નથી. દિગંબર સાહિત્ય સિવાય ક્યાંય નથી. શ્વેતાંબરના સાહિત્યમાં આ વાત નથી. ભેદજ્ઞાનની જ્ઞાતાધારાની પરિણતિની વાત શ્વેતાંબર સાહિત્યમાં કે સંપ્રદાયમાં ક્યાંય ચાલતી નથી. અહીંયાં ભેદજ્ઞાનની વાત રૂઢિગતપણે ચાલે છે પણ ભાવ તો જ્ઞાનીઓના હૃદયમાં છે, બહાર શબ્દો રહી ગયા છે. સમજવું એને માટે તો યોગ્યતાની જરૂર પડે છે. નહીંતર એ તો જૈનના નામે સંપ્રદાય ચાલે છે, પણ મૂળ વિષયથી ખસી ગયા પછી એ વિષય હાથમાં આવતો નથી. એટલે એ વાત નથી રહી.

'ગુરુદેવ'શ્રી એકવાર કહેતા કે, ૪૫ આગમમાં આ વાત નથી કે..., એમ કહીને

કહેતા. શ્વેતાંબરના ૪૫ આગમ છે. કે જેમ કુંભારનો ઘડામાં પ્રવેશ નથી, ઘડારૂપી કાર્ય કરતો કુંભાર દેખાય છે. ચાકડા ઉપર ઘડો બનાવતો દેખાય છે. પણ જેમ કુંભાર ને ઘડો તદ્દન ભિન્ન છે, ઘડામાં કુંભારનો પ્રવેશ નથી. એમ સ્વભાવમાં વિભાવનો પ્રવેશ નથી, વિભાવના આદિ-મધ્ય-અંતમાં સ્વભાવનો પ્રવેશ નથી. ત્યાં એવો જે ભિન્નપણાનો અનુભવ અને એવો ભિન્નપણાનો વિષય ૪૫ આગમમાં ક્યાંય નથી. ક્યાંય એ વિષય મૂળમાં નથી. પોતે તો દીક્ષા પછીના કાળમાં બધું જોઈ ગયા છે, ફેરવી ગયા છે. ધર્મનો આ જે મૂળ વિષય છે એ વિષય નથી. ત્યાં બાકી બધી વિધિ-વિધાનની વાતો અને બીજી પણ કથાનુયોગની વાતો અનેક પ્રકારે ચાલી છે, જ્યાં અનેક પ્રકારે તત્ત્વનો સૈદ્ધાંતિક ભેદ પણ ઊભો થઈ ગયો છે. કેમકે મૂળ વાતનો ખ્યાલ રહ્યો નથી.

'**ભેદજ્ઞાનની પરિણતિ–જ્ઞાતાધારા – બન્નેને ચાલુ જ હોય છે. તેમને ભેદજ્ઞાન પ્રગટ થયું ત્યારથી પુરુષાર્થ વિનાનો કોઈ કાળ હોતો નથી.**' ચોથા ગુણસ્થાને સમ્યગ્દર્શનના નિર્વિકલ્પ શુદ્ધોપયોગમાંથી બહાર સવિકલ્પ દશામાં આવ્યા અને ભેદજ્ઞાનની જ્ઞાતાધારા ચાલુ રહી ગઈ. એ જ્યારથી પ્રગટ થયું ત્યારથી પુરુષાર્થ વિનાનો કોઈ કાળ હોતો નથી. એ વખતે તો અત્યંત પુરુષાર્થ છે. ભેદજ્ઞાન પ્રગટ થયું ત્યારથી શરૂઆતથી માંડીને એનો પુરુષાર્થ ચાલુ છે. પુરુષાર્થ ચાલુ છે એટલે હું શુદ્ધ ચૈતન્યમૂર્તિ પરમાત્મા છું, સાક્ષાત સિદ્ધપદ સ્વરૂપ છું, એ સંબંધીનું જે જોર છે અને જે જોરને લઈને રાગ અને જ્ઞાન વચ્ચે બે ફાડ પડી જાય છે, બે ભેગા થતાં નથી. જ્ઞાન–જ્ઞાનધારા અંતર્મુખપણે અંતર્મુખની દિશામાં પ્રવર્તે છે, રાગાદિભાવો છે એ બહિર્મુખ દિશામાં પરિણમે છે. એવા જે બે પ્રકારમાં અંતર્મુખ થવા માટેનો જે પુરુષાર્થ જોઈએ એ પુરુષાર્થ ચાલુ ને ચાલુ રહે છે.

અહીંયાં એ પુરુષાર્થ વિશિષ્ટ થોડી વાત કરી છે. ભેદજ્ઞાનની વાત કરી છે પણ પુરુષાર્થના પડખાંથી વાત કરી છે કે જે સાધકદશાની અંદર પુરુષાર્થ હોય છે એ પુરુષાર્થ નિરંતર વર્તતો એ પુરુષાર્થ છે. એ પુરુષાર્થ કોઈ પુરુષાર્થનો વિકલ્પ તે પુરુષાર્થ નથી. જેમ ભેદજ્ઞાનનો વિકલ્પ તે ભેદજ્ઞાન નથી. એમ હું આ આત્મામાં જાઉં, આત્માની શ્રદ્ધા કરું, આત્મામાં સ્થિર થાઉં, આત્મામાં સ્થિર રહી જાઉં એવો જે વિકલ્પ તે પુરુષાર્થ નથી. પણ અંદરમાં જે દર્શન-જ્ઞાન-ચારિત્ર, પુરુષાર્થ, સુખની જે ધારા પ્રગટ થઈ અનંત

ગુણની, એની અંદર એક જોર છે, એક આવેગ છે, એક સ્વરૂપ પ્રત્યેનો સંવેગ છે, એને પુરુષાર્થની ધારા કહેવામાં આવે છે. એ પણ અસાધારણ જોરવાળો વિષય છે.

એટલા માટે પુરાણપુરુષોના ચારિત્રમાં એ વિષય આવે છે કે પરિણામની અંદર ચારિત્રમોહના ઝંઝાવાત ઊભા થાય, એવા ચારિત્રમોહના ઝંઝાવાત હોય કે જેની અંદર એ સમ્યક્દૃષ્ટિ પુરુષ ધર્માત્મા છે કે કેમ એ નિશ્ચય રાખવો કે એ નિશ્ચય થયો હોય તો એમાં સ્થિર રહેવું કઠણ પડે, મુશ્કેલ પડે. એવા ચારિત્રમોહના ઝંઝાવાતના કાળે પણ અંદરમાં એ પુરુષાર્થ સ્વરૂપ પરિણતિને ટકાવતો રહે છે.

જે અહીં પહેલી વાત લીધી ને **'પોતામાં ધારી રાખે છે,...'** પહેલી જ લીટી **'ટકાવી રાખે છે, સ્થિર રાખે છે.'** ચારિત્રમોહના ઝંઝાવાતના કાળે પણ જ્ઞાયકભાવપણે પોતામાં ટકી રહે છે, પોતામાં સ્થિર રહે છે, પોતામાં ધારણ કરે છે, પોતાના પરમાત્માને છોડ્યા વિના પ્રવર્તે છે. એવો જે પુરુષાર્થ હોય છે એ પુરુષાર્થ વિનાનો એક સમય હોતો નથી. નિરંતર સ્વરૂપ પ્રત્યેનો સત્ય પુરુષાર્થ ધર્માત્માને ચાલુ ને ચાલુ રહે છે. જો એ પુરુષાર્થના દર્શન થાય (તો) એને ધર્માત્મા શું છે એ સમજાય. ત્યાં સુધી ઓઘે ઓઘે વાત છે.

આ સમજાય એને ધર્મ સમજાય, એને ધર્માત્મા સમજાય, એને સાધકપણું સમજાય. એને એ પુરુષાર્થનું અલૌકિક, અદ્‌ભુત, આશ્ચર્યકારી પરાક્રમ શું ચીજ છે એ એને સમજાય. એટલે એને સમજાવવા માટે જ્ઞાનીઓ શૈલી કરે છે કે જેમ કોઈ ભૂજાએ કરીને સ્વયંભૂરમણ સમુદ્ર તરી જાય છે તો એને એમ કહેવાય છે કે બહુ બળવાન છે. સ્વયંભૂરમણ સમુદ્ર એટલે અસંખ્ય યોજનનો સમુદ્ર છે. અસંખ્ય દ્વીપ સમુદ્ર છે એટલે અસંખ્ય યોજનનો સમુદ્ર છે. ભૂજાએ કરીને તરી જાય. એના કરતા વધારે બળવાનપણું ધર્મીના, ધર્માત્માના પુરુષાર્થનું જોવામાં આવે છે. 'શ્રીમદ્‌જી'એ બધા મથાળા બાંધ્યા છે. શૈલી કરી છે, વાતને સમજાવવાની બધી શૈલી છે.

એટલે એ વિષય જોઈને કહે છે કે જ્યારથી **'તેમને ભેદજ્ઞાન પ્રગટ થયું ત્યારથી પુરુષાર્થ વિનાનો કોઈ કાળ હોતો નથી.'** ધ્યાનમાં બેસે ત્યારે જ પુરુષાર્થ કરવા જ્ઞાની બેસે છે એમ અહીંયાં નથી કહેતા. સદાય એમનો પુરુષાર્થ ચાલુ છે. કોઈપણ ઉદય હોય એમનો પુરુષાર્થ ચાલુ છે. પુરુષાર્થ વિનાનો કોઈ કાળ હોતો નથી. એ પુરુષાર્થ સહજ છે. નીચે લે છે ને સહજ પણ છે. એ સહજ પુરુષાર્થ છે, કૃત્રિમ પુરુષાર્થ

નથી. હવે પાછા સરખામણી કરે છે.

**'અવિરત સમ્યક્દૃષ્ટિને ચોથા ગુણસ્થાન પ્રમાણે અને મુનિને છઠ્ઠા-સાતમા ગુણસ્થાન અનુસાર પુરુષાર્થ વર્ત્યા કરે છે.'** પોતપોતાની દશા પ્રમાણે. મુનિનો પુરુષાર્થ ઘણો ઉગ્ર છે. તેથી એમનો ઉપયોગ પણ વારંવાર અંદર આવી જાય છે. ચોથા ગુણસ્થાનવર્તી સાધકને એટલો જોરદાર પુરુષાર્થ હોતો નથી. એટલે શુદ્ધોપયોગમાં આવવાનો કાળનો અંતરાળ વિશેષ હોય છે, લાંબો હોય છે. એમ બન્નેને પુરુષાર્થ એક જાતિનો હોવા છતાં બન્નેની તારતમ્યતામાં ઘણો ફરક છે. ઘણો ફરક છે. ક્યાં ક્ષણ ક્ષણમાં અંદર આવવું. કાંઈ એનો વિકલ્પ નથી કરવો પડતો કે હું અંદર લીન થાઉં, હું અંદર લીન થાઉં એવો કોઈ વિકલ્પ કરવો પડતો નથી. સહેજે સહેજે (આવે છે). એટલે તો એમ કહે છે કે હાલતાં ચાલતાં સિદ્ધ છે.

મુનિરાજ છે એ હાલતાં ચાલતાં સિદ્ધ છે. કેમકે સિદ્ધ અંદરમાં ડૂબેલા છે તો મુનિરાજ હાલતાં જાય છે ને અંદર ડૂબકી મારતા જાય છે. એટલે એમ કહે છે કે આ તો હાલતાં ચાલતાં સિદ્ધ છે. વળી એ સિદ્ધ દશાની બહુ સમીપની દશામાં વર્તે છે. બાહ્યાભ્યંતર નિર્ગ્રંથદશામાં એટલી શાંતિ છે કે સિદ્ધપદનો અણસાર એમાં આવી જાય છે એમ કહે છે. જેને નિજ સિદ્ધપદ જ્ઞાનમાં છે એ મુનિરાજને જોવે છે ત્યારે એમ જોવે છે કે જે અંદરનું સિદ્ધપદ છે એનો અણસાર બહાર આવે છે. અણસાર સમજાય ને ? પિતાનો અણસાર પુત્રમાં આવે છે એમ. એટલે એ કહી શકે છે, ભાવલિંગી સંતને સમજી શકે છે કે આ મહાત્મા અલ્પ કાળમાં સિદ્ધ થાય તો એમાં કોઈ નવાઈની વાત નથી.

જેમ કોઈ લાખોની આવકવાળો વેપાર માંડે તો કે આ તો કરોડપતિ, અબજોપતિ થાય એમાં શું નવાઈ છે. ઢગલાબંધ એની આવક છે. એમ જેની ઢગલાબંધ નિર્જરાની પરિણતિ છે, નિર્મળ પરિણતિ છે, ઉગ્ર ધોધબંધ પરિણતિ છે એને સિદ્ધપદ લેતાં શું વાર ! એ તો હાલતાં ચાલતાં સિદ્ધ જ છે. 'પ્રવચનસાર'માં 'અમૃતચંદ્રઆચાર્યે' ભગવાને એને મોક્ષતત્ત્વ કીધું છે. છઠ્ઠા-સાતમા ગુણસ્થાને હોવા છતાં ચૌદમા, તેરમા અને ઉપર સિદ્ધની દશામાં ગુણસ્થાનથી પાર મોક્ષતત્ત્વ જેને કહીએ એ ત્યાં સ્થાપી દીધું છે.

મુમુક્ષુ :– 'ગુરુદેવશ્રી' કહેતા કે સિદ્ધ ભગવાન જોવા છે તો આ 'માતાજી' ચાલ્યા જાય છે જોઈ લ્યો !

પૂજ્ય ભાઈશ્રી :- હા, શાંતતા ઘણી છે ને ! બાહ્ય મન-વચન-કાયાના યોગ ઠરેલા હોય, અંદરમાં પણ પરિણતિની ઉગ્રતા હોય એ બહુ ભાગ્યે જોવા મળે એવો વિષય છે.

શું કહે છે ? કે મુનિરાજને છઠ્ઠા-સાતમા ગુણસ્થાન અનુસાર જોરદાર પુરુષાર્થ હોય છે. અત્યંત અસાધારણ પુરુષાર્થ વર્ત્યા કરે છે, નિરંતર વર્ત્યા કરે છે. પંચ મહાવ્રત, સમિતિ, ગુપ્તિ, અઠ્ઠ્યાવીસ મૂળગુણના વિકલ્પ કાળે. સર્વ ઉદયના કાળે વર્ત્યા જ કરે છે. એવી એક અંદરમાં વીર્યગુણના પરિણામની ધારા ઉત્પન્ન થઈ જાય છે. એવા **'પુરુષાર્થ વિના કાંઈ...'** જે તે ગુણસ્થાનની **'પરિણતિ ટકતી નથી.'** અહીંયાં શું કહે છે ? ચાહે ચોથું ગુણસ્થાન હોય, પાંચમું હોય કે છઠ્ઠું હોય, પુરુષાર્થ તે તે ગુણસ્થાન અનુસાર ચાલુ ને ચાલુ હોય તો જ એ પરિણતિ ટકે અને નહીંતર એ પરિણતિથી સાધક ચ્યુત થઈ જાય એમ કહેવું છે.

**'પુરુષાર્થ વિના કાંઈ પરિણતિ ટકતી નથી.'** એટલે અહીંયાં એમ કહેવું છે કે, બહારમાં એમ દેખાય કે જેવો ઉદય હોય એવું કાર્ય થતું જોવામાં આવે છે. આમાં પુરુષાર્થ શું હશે ? આમાં કાંઈ પુરુષાર્થ તો દેખાતો નથી. આમાં જોર શું છે ? જોર જેવી તો કાંઈ વાત દેખાતી નથી. એમ ઉપલક દૃષ્ટિએ જે વાત દેખાતી નથી એ વાત અહીંયાં સમજાવવી છે કે ચોથું ગુણસ્થાન હોય, પાંચમું ગુણસ્થાન હોય કે છઠ્ઠું-સાતમું ગુણસ્થાન હોય એ અનુસારની પુરુષાર્થની જે ધારા છે એ ગુણસ્થાન અનુસાર ચોથા કરતાં પાંચમાંની જુદી, પાંચમાં કરતાં છઠ્ઠા-સાતમાની જુદી (છે). એવા પુરુષાર્થ વિના એ પરિણતિ અને એ દશા ટકતી નથી. એવી પુરુષાર્થની પરિણતિ ઉગ્રપણે ચાલુ રહે છે, સહજપણે ચાલુ રહે છે અને એ ગુણસ્થાનમાં એ બિરાજમાન રહે છે. જો એ પરિણતિની ઉગ્રતા એવી ન હોય અથવા મોક્ષમાર્ગની દશામાં કોઈ એવો પ્રમાદ હોતો નથી એમ કહેવું છે કે જેને લઈને પુરુષાર્થ છૂટી જાય, એવો કોઈ પ્રમાદ ક્યારેય હોતો નથી.

પ્રશ્ન તો ઘણા એ કરે છે કે ઊંઘી જાય ત્યારે (પુરુષાર્થ ચાલુ છે ?) કે હા ત્યારે ઊંઘમાં પણ અવિરતપણે પુરુષાર્થ ચાલુ છે. જેમ કીધું ને કે ભેદજ્ઞાન પ્રગટ થયું ત્યારથી. 'જ્યારથી' અધ્યાહાર છે, 'જ્યારથી' શબ્દ છે એ અધ્યાહાર છે. જ્યારથી ભેદજ્ઞાન પ્રગટ થયું ત્યારથી પુરુષાર્થ વિનાનો કોઈ કાળ એટલે નિંદ્રાનો કાળ પણ

લઈ લેવો. નિંદ્રાનો કાળ, વેપારનો કાળ, યુદ્ધનો કાળ, ચક્રવર્તી હોય તો છ ખંડના વહીવટનો કાળ બધું આવી ગયું એની અંદર. એ બધા અશુભભાવ છે. તે ગુણસ્થાન અનુસારના પુરુષાર્થ વિનાનો કોઈ કાળ હોતો નથી.

આ પુરુષાર્થ મોક્ષમાર્ગનો એક ગજબનો વિષય છે ! એક મોક્ષમાર્ગને વિશે પુરુષાર્થનું પ્રકરણ જ જુદું છે સાવ, તદ્દન જુદું પ્રકરણ છે. આ તો સહજ જ વિષય છે. સહજ વિષય એટલા માટે લેવામાં આવે છે કે તમામ સમ્યક્દૃષ્ટિને સમ્યગ્દર્શન અને સમ્યગ્દર્શનનો વિષયભૂત પરમાત્મ તત્ત્વ એક સરખું છે. છતાં પુરુષાર્થની તારતમ્યતા જુદી. પાંચમા ગુણસ્થાને કહેવાય કે બધાના પાંચમા ગુણસ્થાન સરખા પણ પાંચમા ગુણસ્થાનમાં પણ તારતમ્યતા બધાયની જુદી. છઠ્ઠા-સાતમામાં પણ એમ. તો પુરુષાર્થમાં આમ કેમ ? જેટલો પુરુષાર્થ ઉગ્ર એટલી સિદ્ધિ નજીક, સિદ્ધ દશા નજીક. પણ એ સહજ જ છે. અકારણપણે ઓછીવત્તો (હોય) કેમકે એનું કોઈ કારણ નથી. એ દ્રવ્યનું સહજ સ્વકાળનું એ કારણ છે. બીજું કોઈ કારણ નથી. પણ એનું તાત્પર્ય શું ? આ વાતનું તાત્પર્ય શું ? આ વાતનું તાત્પર્ય કોઈ પ્રમાદ નથી. આ વાતનું તાત્પર્ય એ કે પોતે એવા સહજ પુરુષાર્થમાં વર્તવા માટે અંદરથી એનો ભાવ ઉછાળો મારે એ આ વિષયનું તાત્પર્ય છે. એમાંથી એ નીકળે છે. તાત્પર્ય નીકળે છે એમાંથી, જો એને સમ્યક્ પ્રકારે વિચારવામાં આવે તો. આમ છે.

મુમુક્ષુ :– એને પોતે કારણ કહેવાય કે નહીં. અકારણ કાર્ય કહ્યું તો દ્રવ્ય કારણભૂત ખરું કે નહીં ?

પૂજ્ય ભાઈશ્રી :– પોતે એટલે શું ?

મુમુક્ષુ :– પોતાનો આત્મા.

પૂજ્ય ભાઈશ્રી :– પણ પોતાનો આત્મા તો એકસરખો છે. મૂળ આત્મા જે છે એ તો બધાને એકસરખો જ છે. જો કારણ એકસરખું તો કાર્ય કેમ એકસરખું નહીં ? આ પ્રશ્ન થાય છે. જો એને કારણ કહો તો કારણ બધાને એક સરખું, એની શ્રદ્ધા બધાને એકસરખી તો પુરુષાર્થ કેમ એકસરખો નહિ ? એટલે એમ કહે છે કે એ સહજ છે અને એના સ્વકાળ અનુસાર છે. એનું તાત્પર્ય એ કે એવા પુરુષાર્થનો ઉછાળો ખાય એ. એ એનું તાત્પર્ય. આમ છે. એ જરા ગૂઢ વિષય છે.

મુમુક્ષુ :– આપે જે વાત કરી કે દ્રવ્ય તો સરખું જ છે.

પૂજ્ય ભાઈશ્રી :- દ્રવ્ય સરખું જ છે. હા, બિલકુલ બધાનું સરખું જ છે.

મુમુક્ષુ :-

પૂજ્ય ભાઈશ્રી :- આત્માનું એટલે શું ? એ યોગ્યતા એ જ કારણ ને એ જ કાર્ય. મૂળ સ્વરૂપ તો જેવું છે એવું બધાને સરખું જ છે. એની શ્રદ્ધામાં કોઈને ફેર નથી.

મુમુક્ષુ :- વર્તમાનમાં જે અવસ્થા છે એમાં જ થાય છે ને હીનાધિકતા ?

પૂજ્ય ભાઈશ્રી :- એમાં શું છે કે પુરુષાર્થ ઓછો કેમ ? બે જીવને એકસાથે સમ્યગ્દર્શન થયું. એક જ સમયે થયું એમ માનો. સમકાળ લઈ લ્યો. બન્ને સમકાળે થયેલા સમ્યક્દૃષ્ટિ. એક પુરુષાર્થમાં સડસડાટ આગળ વધીને બહુ અલ્પ કાળની અંદર પૂર્ણ થઈ જાય છે. એકને બે-પાંચ-દસ ભવ લાગી જાય છે. શું કારણ થયું ? કારણ ગણો તો એના પુરુષાર્થની હીનાધિકતા છે. તો કે એનું શું કારણ છે ? કે એનું કોઈ કારણ નથી.

પ્રશ્ન :- મોહનીય કર્મનું દબાણ નહીં ?

સમાધાન :- નહીં, મોહનીય-ફોહનીય કર્મ તો ક્યાંય પડ્યું રહ્યું. બન્નેને સરખું જ દબાણ હતું. બન્ને એકસાથે થયા તો ચારિત્રમોહનું દબાણ બન્નેને સરખું હતું. દર્શનમોહ બન્નેનો વ્યતીત થયો. ચારિત્રમોહનું દબાણ બન્નેને સરખું હતું. કેમકે બન્નેએ ચોથા ગુણસ્થાને એક જ વર્ગમાં સાથે પ્રવેશ કર્યો છે. એ પુરુષાર્થનો એકદમ સ્વતંત્ર પર્યાય ચાલે છે. ઇ આખા પ્રકરણને – પુરુષાર્થના પ્રકરણને જુદી રીતે સમજવા જેવું છે. બીજા ગુણોની અને બીજી વાતોની અપેક્ષા છોડીને નિર્પેક્ષપણે, નિરાલંબનપણે ચાલતો પુરુષાર્થ સહજ કેમકેવો હોય છે, એ સમજીને એ પુરુષાર્થમાં પોતે આવે ત્યારે એ પ્રકરણનું તાત્પર્ય એના હાથમાં આવ્યું. એમ વાત છે.

મુમુક્ષુ :- પહેલા અઢી લીટીમાં જે પાયો નાખ્યો કે જે આ જ્ઞાયકને જ્ઞાયક વડે. એમાં જ્ઞાતાધારા, પુરુષાર્થ અને સહજ ત્રણ મુદ્દા ચર્ચ્યા છે. જ્ઞાતાધારા, પુરુષાર્થ અને સહજ.

પૂજ્ય ભાઈશ્રી :- હા, સહજ દશા હોય છે. એ પહેલેથી જ લીધું છે. એવી સહજ દશા હોય છે. જ્ઞાયકપણે ધારણ કરવું, સહજપણે પોતાને એમાં ટકવું. એ દશાથી ચ્યુત ન થવું, ટકવું, સ્થિર રહેવું એ સહજ જ પ્રકાર (છે), બધો પ્રકાર સહજ જ છે. એ સહજતા તો પહેલેથી જ સહજતા લીધી છે.

મુમુક્ષુ :– એટલે ધ્રુવને પર્યાયમાં ધારણ કર્યો.

પૂજ્ય ભાઈશ્રી :– પોતાનું જે ત્રિકાળ અકૃત્રિમ સહજ સ્વરૂપ, પોતાનું મૂળ જે સ્વરૂપ છે એ ત્રિકાળ સહજ અકૃત્રિમ સ્વરૂપ (છે). એવો જ છું એવા જે પરિણામની ગતિ, આવો જ છું એવા જે પરિણામ ભાવની ગતિ એમાં પણ બધી સહજતા છે. એમાં ક્યાંય કૃત્રિમતાનો (પ્રકાર નથી). કૃત્રિમતાથી કોઈ કાર્ય એ રીતે થતું નથી. એ સહજ પ્રત્યેનું કાર્ય છે એ પણ સહજ જ છે. સદશ છે. જેવું સહજ સ્વરૂપ સહજ સદશ સહજ પરિણતિ પણ સહજ છે, એમ કહેવું છે.

મુમુક્ષુ :– એટલે ધાર્યો ઇ ધાર્યો જ્ઞાતાધારામાં ચાલુ જ છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, ચાલુ જ છે. એ ચાલુ ને ચાલુ સહેજપણે રહે છે. એ અંગેનો પુરુષાર્થ પણ સહેજપણે ચાલુ છે. વધતો પુરુષાર્થ ચાલુ છે ને પરિણતિ ટકે છે. એટલે એને ટકાવવા માટે જુદો પુરુષાર્થ કરવો પડતો નથી. એ વિષય એક જગ્યાએ આવી જાય છે. પુરુષાર્થ વધવા માટેનો છે એટલે એને ટકાવવાનો જુદો પુરુષાર્થ કરવો પડતો નથી.

મુમુક્ષુ :– પુરુષાર્થની થોડી ચર્ચા કરો. પુરુષાર્થની ઉત્પત્તિ ક્યાંથી થઈ ?

પૂજ્ય ભાઈશ્રી :– વિષય વ્યક્ત કરવો, વિષય વ્યક્ત થવો ઘણો અઘરો છે. જેટલો થવો જોઈએ એટલો સહેલો વિષય નથી અને આવી જુદાં જુદાં પડખેથી એની બધી વાતો વચનામૃતોમાં આવે છે. 'ગુરુદેવ'ના વચનામૃતોમાં, આ વચનામૃતોમાં, 'શ્રીમદ્જી'ના વચનામૃતોમાં (વાતો આવે છે). બધો આધાર, અનંત ગુણના વિકાસનો આધાર પુરુષાર્થ ઉપર છે. જેટલો પુરુષાર્થ એટલો ગુણનો વિકાસ. એટલો આત્માનો વિકાસ કહો, એટલો સિદ્ધિ પ્રત્યેની દશાનું વૃદ્ધિગતપણું કહો. બધો આધાર એક પુરુષાર્થ ઉપર છે. એટલે એનું પ્રકરણ જ આખું સ્વતંત્ર જુદું પાડીને સમજવા જેવું છે. જેટલું સમજાય કોશિશ કરીને એટલું સમજવું જોઈએ પણ એ સમજવા જેવો વિષય છે. નહીંતર શું થાય છે કે મુમુક્ષુ દશામાં તત્ત્વજ્ઞાનનો, સત્શાસ્ત્રનો અધ્યયન, પરિચય, એ બધું થાય છે. પણ પુરુષાર્થ જ્યાં સુધી નથી થતો ત્યાં સુધી કાર્ય સંપન્ન થતું નથી. પ્રારંભ થતો નથી. એ પ્રકરણને બરાબર સમજી લેવું જોઈએ. ક્યાં એને શ્રદ્ધા સાથે અનુસંધાન છે ? ક્યાં એને જ્ઞાન સાથે અનુસંધાન છે ? અને છતાં એ અનુસંધાન હોવા છતાં એ કેટલી સ્વતંત્રતા રાખીને એ ગુણ પ્રવર્તે છે ? આ બધો વિષય ભિન્ન

ભિન્ન પડખેથી લક્ષમાં લઈને સમજવું જોઈએ. નહીંતર કૃત્રિમ વિકલ્પનું જોર કર્યા કરે અને માને કે હું પુરુષાર્થ કરું છું. એ પુરુષાર્થ નથી થતો, ઊંધો પુરુષાર્થ થતો હોય છે, રાગનો પુરુષાર્થ થતો હોય છે અને માર્ગે ચડવાને બદલે ઉન્માર્ગે ચડી જાય છે.

**'પુરુષાર્થ વિના કાંઈ પરિણતિ ટકતી નથી. સહજ પણ છે,...'** અને સહજ છે એટલે, પુરુષાર્થ નથી એમ નથી. એમ કહે છે. સહજ પણ છે એટલે પુરુષાર્થ નથી એમ નથી ત્યાં **'પુરુષાર્થ પણ છે.'** સહજ પુરુષાર્થ-સહજપણારૂપ પુરુષાર્થ એ જ ખરેખર તો પુરુષાર્થનું સ્વરૂપ છે. દૃષ્ટાંત આપી શકાય કે કોઈ માણસને સ્વજનનો વિયોગ થાય છે તો આવેગ આવે છે, રડવા માટેનો, ખેદ માટેનો આવેગ આવી જાય છે, રોક્યો રોકી શકે નહીં એવો. તો એ એને શોક કરવાનો સહજ પુરુષાર્થ થયો. એ એમ વિચારે છે કે અત્યારે શોક કરું ? પછી કરું ? થોડો કરું ? જાજો કરું ? કાંઈ એવા વિચાર-વિકલ્પમાં ઊતર્યા વિના સીધો જ ઊતરી જાય છે એ બાજુના પરિણમનમાં. જ્ઞાન થતાં, જાણતાવેંત વાર લાગતી નથી. એવો જેમ અંદરથી આવેગ આવે છે એમ પોતાના પરિપૂર્ણ પરમાત્માને જોઈને અરે...! આવો હું ! એમ આવેગ અંદર આવે છે. એ સહજ જ આવે છે એમ કહેવું છે. અને એ આવેગ એક વખત એવો જોરથી અપૂર્વ ધારાએ આવે છે કે પછી જ્યારથી ઉત્પન્ન થાય છે ત્યારથી એ પુરુષાર્થનો કોઈ કાળ ન હોય, એવા આવેગ વિનાનો કોઈ કાળ ન હોય એવી પરિસ્થિતિ હોય છે.

બહારના ઉદયમાન પરિણામો ભુલાવામાં નાખે એવા હોય છે તોપણ અહીંયાં એમ કહેવું છે કે એ ભુલાવામાં પડવા જેવું નથી. એ અપૂર્વ ધારાએ ઊપડેલો આવેગ સદાને માટે ચાલુ રહે છે, વૃદ્ધિગત થતો જાય છે અને પૂર્ણ સિદ્ધિ લાવી રહે છે. એવું એનું કોઈ પ્રકારનું, એની એવી કોઈ Quality, એનો પ્રકાર એવો ઉત્પન્ન થાય છે કે એક વખત આવે છે, એ પૂર્ણતા લાવે જ લાવે છે. ઓછોવત્તો કાળ એ ગૌણતાનો વિષય છે, એ મુખ્યતાનો વિષય રહેતો નથી.

એટલે એમ કહે છે કે એ સહજપણે પુરુષાર્થ ચાલુ રહે છે અને પુરુષાર્થ વિના પરિણતિ ટકે નહીં. જો પુરુષાર્થ ન હોય અને પ્રમાદ થાય તો મિથ્યાત્વ દશામાં, બાધક દશામાં આવી જાય છે. પણ મુનિરાજને કે સમ્યક્દૃષ્ટિને એ પરિસ્થિતિ હોતી નથી.

(અહીં સુધી રાખીએ).

પૂજ્ય ગુરુદેવે મોક્ષનો શાશ્વત માર્ગ અંદરમાં દેખાડ્યો છે, તે માર્ગે જા. ૧૯૪.

તા. ૩૦-૦૯-૧૯૮૭,
વચનામૃત–૧૯૪, ૧૯૫, ૧૯૬
પ્રવચન નં. ૧૪૭

'બહેનશ્રીનાં વચનામૃત' પાનું–૬૧, બોલ–૧૯૪. પૂજ્ય 'ગુરુદેવ'નો મહિમા કર્યો છે. **'પૂજ્ય ગુરુદેવે મોક્ષનો શાશ્વત માર્ગ અંદરમાં દેખાડ્યો છે, તે માર્ગે જા.'** શું કહે છે ? મોક્ષનો માર્ગ છે તે અનાદિઅનંત છે. સર્વ કાળને વિશે એનું વિદ્યમાનપણું રહ્યું છે. વિશ્વમાં ક્યારેય પણ મોક્ષમાર્ગ જીવંત ન હોય એવું કદી બનતું નથી. ચારે ગતિને વિશે સમ્યગ્દર્શનરૂપ મોક્ષમાર્ગ શરૂ થાય છે, મુનિપણારૂપ મોક્ષમાર્ગ માત્ર મનુષ્યપર્યાયમાં જ હોય છે (એ) બન્ને પ્રકાર, ત્રીજો પૂર્ણતાનો અરિહંતદેવનો પ્રકાર અને ચોથો સિદ્ધાલયમાં સિદ્ધ પરમાત્માની વિદ્યમાનતાનો પ્રકાર આ ચારે અવસ્થાઓમાં ત્રણે કાળે જીવો હોય છે. કોઈ એક કાળ પણ ન હોય કે ક્યારેય પણ એ માર્ગને વિશે અનુપસ્થિતિ હોય, સર્વથા અનુપસ્થિતિ હોય એવું કદી બનતું નથી. લોકોને એવું લાગ્યું કે 'કાનજીસ્વામી'એ કોઈ નવો માર્ગ શરૂ કર્યો છે, નવો ધર્મ બતાવે છે. એવું ખરેખર નથી.

અહીંયાં પૂજ્ય 'બહેનશ્રી' કહે છે કે એ તો શાશ્વત માર્ગ છે. અનાદિ અનંત પ્રવર્તમાન એવો આ માર્ગ છે, કોઈ નવો માર્ગ કરવાનું સર્વજ્ઞ ભગવાને (કીધું નથી). જે માર્ગ જિનમાર્ગ જેને કહીએ એ માર્ગ જે શાશ્વત છે એનાથી કોઈ જુદો માર્ગ (કરે) એ તો જિન માર્ગ પણ રહેતો નથી, અન્ય માર્ગ થઈ જાય છે. જે માર્ગે ચાલ્યા અને જે માર્ગ અથવા ઉપાય, માર્ગ એટલે ઉપાય, જે ઉપાયના ફળમાં સાદિ અનંત

અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતસુખ, અનંતવીર્ય એવી સ્થિતિ અનંત કાળ પર્યંત પ્રાપ્ત થાય એ માર્ગનું મૂલ્ય પણ કાંઈ ઓછું નથી. જેનું ફળ આવું હોય એ માર્ગ પણ કોઈ અભૂતપૂર્વ માર્ગ છે. જીવે કદી ગ્રહણ નહીં કરેલો એવો માર્ગ છે. એવો જે મોક્ષનો શાશ્વત માર્ગ છે, સનાતન માર્ગ છે એ માર્ગ અંદરમાં દેખાડ્યો છે. વિશેષ વાત એ છે કે એ માર્ગ ક્યાં દેખાડ્યો છે ? માર્ગ અંદરમાં દેખાડ્યો છે. તું અંદરનું કર, અંદરમાં જા, તું અંતર્મુખ થા. એવો ઉપાય દેખાડ્યો છે, એવો માર્ગ દેખાડ્યો છે, એવી વિધિ બતાવી છે, એ કાર્યની પદ્ધતિ બતાવી છે એને સમજીને તું અંગીકાર કર. એ માર્ગે તું અંતર્મુખ થઈ અને તારું કલ્યાણ કર. એમ કહેવું છે.

એ રીતે વર્તમાનકાળમાં આ ક્ષેત્રને વિશે મોક્ષમાર્ગ લુપ્ત પ્રાય છે એવી સ્થિતિમાં માર્ગને દર્શાવ્યો છે, દેખાડ્યો છે. અનંત કાળ પોતાની મતિ કલ્પનાથી અને સ્વચ્છંદે માર્ગ પકડવા જાય તો માર્ગ મળતો નથી. એવી એક સ્થિતિ રહી છે, વસ્તુસ્થિતિ એવી રહી છે. 'પાવે નહીં ગુરુગમ વિના, યેહી અનાદિ સ્થિત.' વસ્તુસ્થિતિ એવી રહી છે. એ માર્ગ દર્શાવનાર નીકળ્યા, એ માર્ગ એમણે દેખાડ્યો. હવે એ માર્ગે ચાલવું, એ માર્ગે જવું એ તો દરેકનું વ્યક્તિગત જવાબદારીનું કાર્ય છે, વ્યક્તિગત સમજણનું કાર્ય છે. અને ધર્મ તો વ્યક્તિગત રીતે થાય છે, સમષ્ટિગત રીતે થતો નથી. જેમ પાપ કોઈ વ્યક્તિગત રીતે કરે છે, પુણ્ય પણ વ્યક્તિગત રીતે કરે છે એમ ધર્મ પણ વ્યક્તિગત રીતે કરે છે. વ્યક્તિગત થાય છે.

પ્રશ્ન :- અંદરમાં બતાવ્યો એટલે બહારમાં કાંઈ નહીં કોઈ જગ્યાએ ?

સમાધાન :- બહારમાં એના નિમિત્તો છે. માર્ગ નથી પણ માર્ગને દર્શાવનારા નિમિત્તો છે દેવ-ગુરુ-શાસ્ત્ર સત્પુરુષ આદિ એ માર્ગને દર્શાવનારા નિમિત્તો છે. માર્ગ એટલે ઉપાય તો જીવની પોતાની પર્યાય છે અને એ જીવમાં હોય છે, જીવની બહાર હોતી નથી.

વળી જે સંસારમાં રખડવાના કારણભૂત પરિણામ છે એ પરિણામ તો બાહ્ય ચેષ્ટાથી વિભાવભાવ હોવાથી બાહ્ય પ્રક્રિયાથી એ પરિણામ તો સમજાય છે, દેખાય છે, બીજાને પણ ખ્યાલમાં આવે છે પણ મોક્ષનો માર્ગ એ શાંત અંતર્મુખ માર્ગ હોવાથી એની શાંતતાની પ્રક્રિયા અવશ્ય થોડા ઓછાવત્તા અંશે મન-વચન-કાયાના યોગમાં પ્રદર્શિત થાય છે પણ એ તો જુદું પાડવું મુશ્કેલ પડે. કેમકે એવી શાંતિ કોઈવાર

મિથ્યાદૃષ્ટિને પણ કષાયની મંદતામાં દેખાતી હોય છે પણ એ કાંઈ ખરેખર માર્ગ નથી. માર્ગ તો જીવ અંતર્મુખ થાય એ જ માર્ગ છે ખરેખર એ સિવાય બીજો કોઈ માર્ગ નથી.

મુમુક્ષુ :– માર્ગ અંદર છે – બાર અંગનો સાર એક લીટીમાં આવી ગયો.

પૂજ્ય ભાઈશ્રી :– એક લીટીમાં કેટલી વાત લીધી છે. 'ગુરુદેવ'નો મહિમા કર્યો છે. શા માટે મહિમા કર્યો છે એ વાત પણ છે. માર્ગ દેખાડ્યો છે એ કારણ લીધું છે. માર્ગ ક્યાં દેખાડ્યો છે એ વાત પણ એક શબ્દમાં આવી જાય છે.

ચાર-પાંચ દિવસ પહેલા પ્રત્યક્ષ ચર્ચામાં એ વાત ચાલી હતી. વર્તમાન સામાજીક પરિસ્થિતિ ઉપર એક પ્રશ્ન ચાલ્યો હતો. 'ગુરુદેવે' અંદરમાં કાર્ય કરવાનું કહ્યું છે એમ વાત હતી. 'ગુરુદેવે' અંદરમાં કાર્ય કરવાનું કહ્યું છે પણ બહારમાં આ કામ હું કરું, આ પ્રચાર હું કરું એ વિષય ઉપર પરિસ્થિતિ બેહુદી થઈ, દેખાવ ખરાબ થયો. વળી તત્ત્વજ્ઞાનના વિષયમાં પણ કેટલાક સૈદ્ધાંતિક વિચારભેદો પણ જોવામાં આવે છે. એ વાતનો નિર્દેશ કર્યો. એ વિષય વધારે ગંભીર છે. બહારના વિચારભેદો તો ક્ષમ્ય છે, હોઈ શકે છે, થઈ શકે છે પણ સૈદ્ધાંતિક વિચારભેદો તો આત્માના હિત અને અહિતના વિષયમાં સીધા કારણભૂત થાય છે. એટલે એ વિષયની અંદર જ્યારે ભાગ્યે જ એવું કહે પણ એવું કહે ત્યારે તો સમજવા જેવું છે. અપસિદ્ધાંતમાં ચાલ્યા ગયા હોય એનું અહિત થાય, એને અનુસરવા જાય એનું પણ અહિત થાય. એવો ગંભીર વિષય છે.

એટલે વાત તો એ ચાલી હતી કે કાર્ય અંદરમાં કરવાનું છે અંદરના કાર્યમાં સાવધાન થા. એ સાવધાન થયા પછી અશક્તિવશ બહાર આવે ને બહારના કાર્યો જ્ઞાની કરતા જોવામાં આવે છે પણ એ તો અશક્તિવશ કરે છે. માર્ગને છોડીને કે માર્ગનો ત્યાગ કરીને કરવાનું તો ક્યાંય પણ ફરમાન નથી. એ માર્ગે જવાની અહીંયાં પ્રેરણા છે.

'ગુરુદેવે' અનંત જિનેન્દ્રોએ દર્શાવેલા શાશ્વત માર્ગને દર્શાવ્યો છે. કોઈ નવો માર્ગ દર્શાવ્યો નથી અને એ માર્ગે જવાની અહીંયાં પૂજ્ય 'બહેનશ્રી' પ્રેરણા આપે છે કે તું એ માર્ગે જા. એ માર્ગે જા, તારો હિતનો માર્ગ છે અને એ હિતના માર્ગે તું તારું હિત સાધ. એ જાતની એક પ્રકારની પ્રેરણા છે. ભલે થોડા શબ્દોમાં ઓછી

વાત દેખાય પણ અનંત આગમનો સાર હોય છે. એમ 'શ્રીમદ્જી'એ કહ્યું છે ને ? કે સત્પુરુષના એક વચનમાં, એક વચનમાં નહીં પણ એક શબ્દમાં, શબ્દ પણ લીધો છે કેમકે એક શબ્દ કોઈવાર એક વચનરૂપ હોય છે. એક શબ્દનું જ એક વચન હોય. એક વચનમાં, એક શબ્દમાં અનંત આગમ ભર્યા છે. એ વાત કેમ હશે ? આ વિચારવા જેવો વિષય છે.

અનંત આગમના સારભૂત અને અનંત આગમના રહસ્યભૂત એવો વિષય કોઈવાર એક શબ્દમાં આવી જતો હોય છે એટલે એ રીતે પણ એ વિષયનું મૂલ્યાંકન કરવું, એ પ્રકારે મૂલ્યાંકન કરવું. એમ લેવું. વાત તો આટલી જ એમની ઠીક છે કે શાશ્વત માર્ગ છે, અનંતા જીવો પામ્યા છે, અનંતા જીવો પામશે. હવે મારા માટે આ વાત મારે વિચારવી છે. આમ સ્વાધ્યાય કરવાનો આ પ્રકાર (હોવો જોઈએ). હવે એ રીતે વિચારવું છે કે અંદરમાં માર્ગ દેખાડ્યો છે તો અનંતા જીવોએ એ અંતરનો માર્ગ ખોલ્યો. હું કઈ રીતે આ માર્ગ પર જાઉં ? બસ ! એ વિષય ઉપર એ રીતે જવું જોઈએ. અને એ માર્ગે જવાની જો પ્રેરણા છે, હળવી ભાષામાં પ્રેરણા કહો, સીધી ભાષામાં કહો તો આજ્ઞા કહો. આજ્ઞા ઉથાપવાનો તો સ્વપ્ને પણ વિકલ્પ હોવો ઘટતો નથી. તેથી પોતાની પૂરી શક્તિથી–સર્વ ઉદ્યમથી જેને કહેવામાં આવે છે, એ માર્ગે જવાનો પોતે પ્રયત્ન કરે એવો એમાંથી સાર ગ્રહણ કરવાનો છે. ૧૯૪ (બોલ પૂરો) થયો.

**બધાએ એક જ કરવાનું છે :– દરેક ક્ષણે આત્માને જ ઊર્ધ્વ રાખવો, આત્માની જ પ્રમુખતા રાખવી. જિજ્ઞાસુની ભૂમિકામાં પણ આત્માને જ અધિક રાખવાનો અભ્યાસ કરવો. ૧૯૫.**

૧૯૫. **'બધાએ એક જ કરવાનું છે.'** કોઈને માટે અપવાદ નથી. કરવાયોગ્ય એવું જે કર્તવ્ય એ બધાને માટે એકસરખું છે, સર્વને માટે એકસરખું છે. બાળ હો,

યુવાન હો, વૃદ્ધ હો, સ્ત્રી હો, પુરુષ હો ગમે તે હો. **'બધાએ એક જ કરવાનું છે. દરેક ક્ષણે...'** એટલે વર્તમાન ક્ષણમાં જ દરેક ક્ષણનો અર્થ એ છે. પ્રત્યેક ક્ષણે પ્રત્યેક વર્તમાનમાં **'આત્માને જ ઊર્ધ્વ રાખવો.'** ઊર્ધ્વ રાખવો એટલે આગળ રાખવો, મોઢા આગળ રાખવો. ઊર્ધ્વ રાખવાનો અર્થ એ છે. આત્માને ઊર્ધ્વ રાખવો એટલે પોતાનું જે મૂળ સ્વરૂપ છે એ મૂળ સ્વરૂપની મુખ્યતા રાખવી. દ્રવ્યદૃષ્ટિ થતાં જ્ઞાનની જે પરિસ્થિતિ થાય છે એ પરિસ્થિતિમાં આવવા માટે એ જ પ્રકારને અનુસરવું અને બીજા કોઈ પ્રકારને અનુસરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. એમ લેવું. એમાં આપોઆપ હિત-અહિતનો વિષય એની અંદર આવી જાય છે.

એ જો આત્માને મુખ્ય કરે, પોતાના શુદ્ધાત્મ સ્વરૂપને મુખ્ય કરે તો એ હિતરૂપ પરિણામ છે અને એને ગૌણ કરે તો અહિતરૂપ પરિણામ છે. પર્યાય અપેક્ષાએ એમ કહેવાય કે આત્માના હિતને મુખ્ય કરવું. આત્માને મુખ્ય કરવો, આત્માને ઊર્ધ્વ કરવો એટલે આત્માનું હિત છે એ મુખ્ય રાખવું અને અહિત ન થાય એની સાવધાની, એની જાગૃતિ રાખવી. એ પર્યાય અપેક્ષાએ કહેવાય. દ્રવ્ય અપેક્ષાએ એ જ વાતને એમ કહેવાય કે દ્રવ્ય–ત્રિકાળી દ્રવ્ય સ્વરૂપ જે ધ્રુવ પરમાત્મા (છે) એને જ નજર સમક્ષ રાખવો. એ પરિપૂર્ણ શુદ્ધ હોવાથી ચાલતી અશુદ્ધિનો નિષેધ આવ્યા વિના, ઉત્પન્ન થતી અશુદ્ધિનો નિષેધ આવ્યા વિના નહીં રહે. એ એક જ કરવાનું છે, એક જ કાર્ય છે. ઘણાં કામ બતાવે અને માણસ ન કરી શકે એ સંભવિત છે પણ એમ કહે કે આ એક જ કામ તારે કરવાનું છે પછી એમાં મૂંઝવણ શું છે ? એમાં વિટંબણા શું છે ? એમાં તકલીફ શું છે ?

**'દરેક ક્ષણે આત્માને જ ઊર્ધ્વ રાખવો, આત્માની જ પ્રમુખતા રાખવી.'** મુખ્યતા કરવી. સર્વ જ્ઞાનીઓ એમ જ કરે છે. મોક્ષમાર્ગી ધર્માત્માઓ એમ જ પ્રવર્તે છે. એમની પરિણતિમાં મુખ્યપણે પોતાનો આત્મા છે અને બાકી બધું ગૌણ છે. ભલે બીજી કોઈ મુખ્યતાની વાત કરતા હોય તોપણ એ ગૌણ છે અને આત્મા મુખ્ય છે. અથવા એ વાતમાં આત્મા મુખ્ય છે માટે એ વાત છે. બીજી કોઈ વાત હોય તોપણ આત્માની મુખ્યતાને લીધે એ વાત છે, બીજા કારણે એ વાત નથી. આમ છે.

મુમુક્ષુ :– પ્રતિમા સ્થાપવાની મુખ્યતા કરી તો એમાં આત્માની જ મુખ્યતા છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, એમાં પર દ્રવ્યની મુખ્યતા નથી. એમાં આત્માની મુખ્યતા

છે. આત્માની મુખ્યતાને વશ એ વાત ચાલે છે, એને લઈને એ વાત ચાલે છે. એમ છે. એની પાછળનો જે હેતુ છે એ હેતુ ક્યારેય બદલાતો નથી. જેમ વ્યાપારના પ્રકાર ભલે અનેક હો પણ નફાનો પ્રકાર તો એક જ છે. ચાહે આ ચીજનો વેપાર કરો કે તે ચીજનો વેપાર કરે, નફો તો જે રૂપિયા-આના-પાઈમાં થવો ઘટે એ જ બધાને છે. એમ બહારમાં સીધી આત્માની મુખ્યતાની વાત કરે કે આત્મપ્રાપ્તિના નિદાનની, આત્મપ્રાપ્તિના હેતુભૂત એવા કોઈ કાર્યની વાત હોય તોપણ એમાં આત્મા જ મુખ્ય છે. બીજું કાંઈ મુખ્ય છે એમ વિચારવા યોગ્ય નથી.

**'દરેક ક્ષણે આત્માને જ ઊર્ધ્વ રાખવો. આત્માની જ પ્રમુખતા રાખવી. જિજ્ઞાસુની ભૂમિકામાં પણ આત્માને જ અધિક રાખવાનો અભ્યાસ કરવો.'** જિજ્ઞાસુ કહો, મુમુક્ષુ કહો બન્ને એક જ વાત છે. તે ભૂમિકામાં–મુમુક્ષુની ભૂમિકામાં (એમ) નામ દઈને સીધી વાત કરી છે. અહીંયાં કોઈ જ્ઞાનીની–સમ્યગ્દષ્ટિની ચર્ચા કરતા નથી. કર્તવ્યની અપેક્ષાએ અહીંયાં મુમુક્ષુના કર્તવ્યની ચર્ચા ચાલે છે. અને એ ભૂમિકામાં પણ આત્માને જ અધિક રાખવાનો અભ્યાસ કરવો. આત્મહિતની મુખ્યતા, આત્માની મુખ્યતા આ એક જ પ્રકાર મુમુક્ષુનો હોવો જોઈએ તો ક્યાંય ભુલાવો નહીં પડે. નહીંતર ભૂલવાના હજાર ઠેકાણાં છે, ક્યાંય ને ક્યાંય જીવ ગોથું ખાઈ જાય છે.

મુમુક્ષુ :– 'સોગાનીજી' ઘરેથી મંદિર આવતા હજારો વખત...

પૂજ્ય ભાઈશ્રી :– એકવાર એવી ચર્ચા ચાલી હતી કે અહીંથી મંદિર જવું હોય ત્યાં તો એક મિનિટનો રસ્તો છે. 'સોનગઢ'માં તો બધાના નિવાસ સ્થાનો આજુબાજુ જ છે. તે દિવસે તો (એક મુમુક્ષુને) ત્યાં ઊતરતા. અહીંથી મંદિર સુધી જવું હોય તો પચાસ વખત વચ્ચે ધ્રુવ આત્માનું કેમ સ્મરણ ન આવે ? કેટલી મુખ્યતા છે ! અને જિનેન્દ્ર ભગવાનના દર્શન કરતા હોય તો મારું રૂપ આવું છે એમ (કેમ ન આવે ?).

'શ્રીમદ્જી'નો ૮૬૦ નંબરનો પત્ર છે. 'નાકે રૂપ નિહાળતા.' માણસ જુએ છે ને કે નાક બહુ નમણું છે. મોઢું બહુ રૂપવાળું દેખાય છે. જિનેન્દ્ર ભગવાનને એક નાસાગ્ર દૃષ્ટિ છે. બહુ વિલક્ષણ પદ્ધતિથી વાત કરે છે કે 'નાકે રૂપ નિહાળતા.' ભગવાનનું રૂપ જોઈએ છીએ તો એમની નાસાગ્ર દૃષ્ટિ છે. અને એમાંથી નાસાગ્ર દૃષ્ટિથી વીતરાગ મુદ્રા છે એમ પ્રદર્શિત થાય છે. આમ આંખો, આંખો ચોડે છે ને ? એ પદ્ધતિ વીતરાગ મુદ્રાને અનુરૂપ નથી. આમ આંખો હોય અને ઢળેલા નયન હોય એ બે વચ્ચે બહુ

મોટો ફેર છે.

ભગવાન તો તેરમે ગુણસ્થાને પરમ શુક્લધ્યાનમાં બિરાજમાન છે. નિરવશેષપણે અંતર્મુખ ડૂબેલા છે. એમના પરિણામ પૂરેપૂરા અંતર્મુખ થઈ ગયા છે. ત્યારે એમને વીતરાગ મુદ્રારૂપ રૂપસ્થ ધ્યાન છે. એ રૂપસ્થ ધ્યાનમાંથી વીતરાગ ભાવ ભાસે, વીતરાગભાવનું ભાસન થાય તો એને આત્મધ્યાનની એમાંથી સ્ફુરણ થવાની, આત્મધ્યાનનો ભાવ આવિર્ભાવ થવાની એક નિમિત્તનૈમિત્તિક સંબંધની પરિણામની પરિસ્થિતિ ઊભી થાય. જિનદર્શન કેમ કરવા એના ઉપર એ છે.

૩૧ મું વર્ષ છે. **'પત્ર પ્રાપ્ત થયું. 'નાકે રૂપ નિહાળતા' એ ચરણનો અર્થ...'** કોઈ કાવ્ય છે એનું ચરણ લીધું છે. **'નાકે રૂપ નિહાળતા'** એટલું પદ અવતરણ ચિહ્નમાં લીધું છે. **'એ ચરણનો અર્થ વીતરાગમુદ્રાસૂચક છે.'** જુઓ ! સીધો આમાં અર્થ લીધો છે. ભગવાનનું રૂપ જોઈએ છીએ (તો) નાસાગ્ર દૃષ્ટિથી ધ્યાનસ્થ સ્થિતિમાં બિરાજમાન છે. એવું એમનું રૂપ અવલોકન કરવામાં આવે છે ત્યારે એમની વીતરાગતાનું રૂપ સાથે સાથે ભાવાત્મકરૂપ દેખાય છે અને એ **'રૂપાવલોકન દૃષ્ટિથી સ્થિરતા પ્રાપ્ત થયે...'** હવે પોતે ધ્યાનનો વિષય લે છે કે **'રૂપાવલોકન દૃષ્ટિથી સ્થિરતા પ્રાપ્ત થયે...'** એવું વીતરાગના રૂપનું અવલોકન કરતાં, વીતરાગભાવનું એમાં અવલોકન કરતાં અને એ અવલોકનની અંદર કાંઈક સ્થિરતા પ્રાપ્ત થતાં એમ લીધું છે વિશેષ દૃઢતા પ્રાપ્ત થતાં **'સ્વરૂપાવલોકનદૃષ્ટિમાં પણ સુગમતા પ્રાપ્ત થાય છે.'** નિજ સ્વરૂપનું અવલોકન – મારું આવું સ્વરૂપ છે એમ અંતર અવલોકન કરવામાં સુગમતા પ્રાપ્ત થાય છે.

**'દર્શનમોહનો અનુભાગ ઘટવાથી...'** અહીં સીધો સંબંધ લીધો. **'દર્શનમોહનો અનુભાગ ઘટવાથી સ્વરૂપાવલોકનદૃષ્ટિ પરિણમે છે.'** આવું સ્વરૂપ અવલોકનદૃષ્ટિમાં પરિણમવામાં, પરિણમવાના ઉદ્યમમાં, પ્રયત્નમાં, અભ્યાસમાં સીધો દર્શનમોહ ઉપર ઘા કરવાનું થાય છે. દર્શનમોહનો રસ ગળે છે.

**'મહત્પુરુષનો નિરંતર અથવા વિશેષ સમાગમ, વીતરાગશ્રુત ચિંતવના, અને ગુણજિજ્ઞાસા...'** મને ગુણ કેમ પ્રગટ થાય એવી જે જિજ્ઞાસા–ભાવના એ પણ **'દર્શનમોહનો અનુભાગ ઘટવાના મુખ્ય હેતુ છે,...'** મુખ્ય સાધન છે, મુખ્ય કારણ છે. કોઈ કોઈ પત્રમાં દર્શનમોહ સંબંધી સીધી વાત લીધી છે. મહત્‌પુરુષનો એટલે જ્ઞાની ધર્માત્મા પુરુષનું નિરંતર સમાગમ અથવા થઈ શકે એટલો વિશેષ સમાગમ,

વીતરાગશ્રુતની ચિંતવના, સત્‌શ્રુતની ચિંતવના અને ગુણ પ્રાપ્તિની ભાવના અથવા સ્વરૂપ પ્રાપ્તિની ભાવના, ગુણસ્વરૂપ આત્મા છે એટલે સ્વરૂપ પ્રાપ્તિની ભાવના એ દર્શનમોહનો અનુભાગ ઘટવાના મુખ્ય હેતુ છે. અને તેથી-તે કારણથી **'સ્વરૂપદૃષ્ટિ સહજમાં પરિણમે છે.'** સહજ માત્રમાં સમ્યગ્દર્શનની ઉત્પત્તિ થાય છે. ચોખ્ખે ચોખ્ખી પાધરી પાટી લીધી છે. વાત લીધી છે જિનદર્શન ઉપરથી, સીધે સીધી આ વાત લીધી છે. આટલો ટૂંકો પત્ર છે. સાડા ચાર લીટીનો, સવાચાર લીટીનો. કેટલું તત્ત્વ ભર્યું છે ! આ ૩૧ મું વર્ષ છે અને ૮૬૦ મો પત્ર છે.

એ રીતે વીતરાગમુદ્રાસૂચક જિન પ્રતિમાની સ્થાપના છે એની પાછળ બહુ મોટો પરમાર્થ રહેલો છે. એ વિષયમાં બહુ મોટા પરમાર્થનું કારણ હોવાથી મુખ્યપણે તો એ કાર્ય ધર્માત્મા કરે છે, ગૌણપણે એને અનુસરનારા મુમુક્ષુઓ કરે છે પણ મુખ્ય કાર્ય એ ધર્માત્મા કરે છે. એનો એ મોક્ષમાર્ગની અંદર એ વિકલ્પ એનો અનિવાર્ય વિકલ્પ છે.

૧૯૫ માં છેલ્લી લીટી. **'જિજ્ઞાસુની ભૂમિકામાં પણ આત્માને જ અધિક રાખવાનો અભ્યાસ કરવો.'** ઉદયનું ગમે તે કાર્ય હોય, કોઈપણ કાર્યને વિશે. જેને આત્માનું લક્ષ છે એને તો આત્મા મુખ્ય જ રહે છે પણ જેને હજી શુદ્ધાત્મા પ્રતિભાસ્યો નથી અને લક્ષ બંધાણું નથી અને જેને સ્વરૂપની, એવા સ્વરૂપની પ્રાપ્તિની ભાવના છે અને એ રૂપ લક્ષ છે.

લક્ષના બે પ્રકાર છે. એક ત્રિકાળી શુદ્ધાત્મા જ્ઞાનમાં નિર્ણય, નિશ્ચિત થાય તો એનું લક્ષ એ વખતે બંધાય ગયું. પછી એ સદાય નિરંતર અને ઊર્ધ્વ જ રહે છે, એ ઊર્ધ્વ જ રહ્યાં કરે છે. એની ગૌણતા થવાનો પ્રશ્ન રહેતો નથી. કેમકે એવું જ કોઈ અદ્‌ભુતથી અદ્‌ભુત સ્વરૂપ છે. અનંત ગુણનું નિધાન પ્રગટ પરમેશ્વર પદ. કેવું ? પરમેશ્વર પદ નહીં પણ પ્રત્યક્ષ પ્રગટ એવું જે પરમેશ્વર પદ. એને ગૌણ થવાનો પ્રશ્ન રહેતો નથી.

હવે એ સ્વરૂપ જ્યાં સુધી શોધનનો વિષય છે, જિજ્ઞાસાનો વિષય છે, સમજવાનો વિષય છે, જ્ઞાનમાં લેવાનો વિષય છે ત્યાં સુધી મુમુક્ષુને એક સ્વરૂપ પ્રાપ્તિની ગુણ પ્રાપ્તિની ભાવના (હોય છે). મારું અહિત ન થાય અને મારું હિત થાય એ પ્રકારનો એક જાગૃતિનો વિષય મુખ્ય રહે છે એને અહીંયાં આત્મા અધિક રાખ્યો એમ કહેવામાં

આવે છે. આ મોક્ષમાર્ગ પ્રગટ થાય છે એનો પાયો છે. બીજી ભાષામાં કહીએ તો મોક્ષમાર્ગની અંદર શું છે ? જેમકે 'સમયસાર'ની ૩૦, ૩૧, ૩૨ ગાથા લીધી કે **'જીતી ઇન્દ્રિયો જ્ઞાન સ્વભાવે અધિક જાણે આત્મને'** 'અધિક' શબ્દ વાપર્યો છે. અહીંયાં 'અધિક' શબ્દ પડ્યો છે. અધિક એટલે ઊર્ધ્વ, અધિક એટલે ભિન્ન, અધિક એટલે એ જ ઉપાસનીય. એને છોડીને બીજું કાંઈ ઉપાસનીય નહીં. આ બધો અર્થ એમાંથી નીકળે છે.

મોક્ષમાર્ગને વિશે મોક્ષમાર્ગી જીવને ભિન્ન આત્મા છે એ ભિન્ન આત્માની જ ઉપાસના વર્તે છે અને એની અધિકતાને લઈને એને ક્યાંય પણ બીજે અધિકતા થતી નથી. આ એક અધિકતાના પડખેથી આ વિષય થોડો પ્રયોજનભૂત રીતે વિચારવા યોગ્ય છે.

'પરમાગમસાર'માં પણ એક-બે જગ્યાએ 'ગુરુદેવશ્રી'ના એવા વચનો આવ્યા છે કે મુમુક્ષુ જીવ છે (એ) તત્ત્વજ્ઞાનો અભ્યાસ કરે છે, દેવ-ગુરુ-શાસ્ત્રને અનુસરે છે અને એનું બાહ્ય જીવન ઠીક દેખાતું હોવા છતાં પણ એને કેમ હજી પ્રાપ્તિ થતી નથી ? એવા એક સૂક્ષ્મ વિષય ઉપર પોતે પ્રકાશ પાડે છે. ત્યારે એમ કહે છે કે અંદરમાં એ તપાસનો વિષય રહી જાય છે કે પોતાનો આત્મા જેટલી અધિકતા પામવો જોઈએ અને આત્મહિતની જેટલી અધિકતા આવવી જોઈએ એટલી અધિકતા આવતી નથી અને ક્યાંક બીજે અધિકતા રહી જાય છે એથી એને પ્રાપ્તિ થવી જોઈએ તે પ્રાપ્તિ થતી નથી. આવો બોલ એક આવે છે. ૪૦૦-૫૦૦ આસપાસનો છે.

પ્રશ્ન :– ઊર્ધ્વ રાખવો, પ્રમુખતા રાખવી ને અધિક રાખવો ત્રણ બોલ આવ્યા પણ બધું એક જ છે ?

સમાધાન :– હા બધું એક જ છે. એ જુદાં જુદાં શબ્દથી એક જ ભાવને કહે છે. ઊર્ધ્વ રાખવો, મુખ્યતા રાખવી કે એની અધિકતા કરવી એક જ વાત છે.

બીજું, પરિણામના વિજ્ઞાનનો એક સિદ્ધાંત છે કે જીવ જેની મુખ્યતા કરે બીજા ગુણોના પરિણામ; જ્ઞાનથી મુખ્યતા કરે છે, બીજા ગુણોના સમગ્ર પરિણામ એને અનુસરવા લાગે છે. શેની મુખ્યતા કરી એના ઉપર આધાર છે. આમ તો વિષય બધો જાણવા મળે છે પણ મુખ્યતા શેને આપે છે એના ઉપર પરિણમનનો બધો આધાર છે.

જ્યાં વિચારણાની ભૂમિકા છે, મુમુક્ષુને જિજ્ઞાસુની ભૂમિકા છે ત્યાં આ આજ્ઞા છે, સત્પુરુષની આ આજ્ઞા છે કે આત્માને મુખ્ય રાખવો, આત્મહિતને મુખ્ય રાખવું. આત્મહિત ગૌણ થાય એ વાત ક્યારેય પણ એને લક્ષ બહાર, ધ્યાન બહાર રહેવી જોઈએ નહીં. બસ ! નહીંતર મુમુક્ષુની જે યોગ્યતા (છે), મુમુક્ષુનું પરિણમન જે છે એની યોગ્યતાનો જો વિચાર કરવામાં (આવે) તો પા પા પગલી પાડતા બાળક જેવી એની યોગ્યતા છે. આ માર્ગમાં કોઈ ચાલતા શીખતો બાળક હોય અને એકાદ ડગલું માંડે અને પડી જતા રહી જાય કે પડી જાય, પડી જતા રહી જાય કે પડી જાય એવી સ્થિતિ હોય એવી બહુ નાજુક પરિસ્થિતિ મુમુક્ષુની દશાની હોય છે.

એ દશાને વિશે સત્પુરુષોએ અમુક મુખ્ય સિદ્ધાંતો ગ્રહણ કરવાની સૂચના કરી છે, ભલામણ કરી છે કે આ એક વસ્તુ જો તું પકડી રાખીશ તો ચાલતા બરાબર શીખી જઈશ. તું લથડીશ નહીં, ગબડી પડીશ નહીં, સીધે સીધો ચાલતા શીખી જઈશ, મોક્ષમાર્ગમાં આવી જઈશ. કેમકે મોક્ષમાર્ગીને પણ આત્મા ઊર્ધ્વ છે, અહીંયાં તું પણ એની ઊર્ધ્વતા રાખ. પરિણામમાં મુખ્યતા-ગૌણતા તો થાય જ છે. કોઈપણ છદ્મસ્થનું પરિણમન મુખ્યતા-ગૌણતા સહિતનું જ હોય છે. એક સંસારી જીવને આત્મા છોડીને બધું મુખ્ય છે અને સંસારથી પાર ઊતરવાવાળા એવી જેણે લાઇન બદલી છે, સંસારમાં રહીને જે જુદી લાઈનમાં જવા માગે છે એને શરૂઆત અહીંથી થાય છે.

એણે જ્ઞાનીની આજ્ઞા અંગીકાર કરી છે કે એક આત્માને જ મુખ્ય રાખવો, એક આત્માને જ ઊર્ધ્વ રાખવો, આત્મહિતની જ મુખ્યતા કરવી અને આ ક્યારેય ચૂકવું નહીં. બસ ! પછી હજાર જાતની વાતો અને હજાર જાતના પ્રસંગો ઉત્પન્ન થશે, ક્યાંય તમે ગોથું નહીં ખાવ. અને નહીંતર ગોથું ખાધા વિના રહેવાશે નહીં. આ એવી નાજુક પરિસ્થિતિની ભૂમિકા છે. એટલે આવી કેટલીક (વાતો) જેનું મૂલ્ય ન થઈ શકે એવી વાતો કરી છે. સીધી મુમુક્ષુની ભૂમિકાને સ્પર્શે એવી વાત છે.

**પૂજ્ય 'ગુરુદેવશ્રી'એ વિશેષ પ્રશંસા કરી છે એના કેટલાક કારણો આવા છે. મહાન પરમાગમોમાંથી સીધી આવી વાત મળવી મુશ્કેલ પડે. આ સીધી સ્વાનુભવમાંથી ઉતારીને કહી છે. એટલે પછી 'ગુરુદેવ' એમ કહેતા કે આ આગમ છે, આ પરમાગમ છે, આ જિનવાણી છે.** એમ કહેવા પાછળ હેતુ એ હતો. જે આત્મામાંથી, જે સત્પુરુષના આત્મામાંથી વાણીરૂપ આગમ નીકળે છે અને જે આગમ વડે ભવ્ય જીવો આત્મહિતને

સાધે છે એવી સીધે સીધી આત્મહિતને સાધવાની વાત ઉઘાડી કરીને, ખુલ્લી કરીને સીધી આપી છે. એ વિષય વિશેષ ઉપકારી ગણીને એ પ્રશંસા મુમુક્ષુઓના હિતને અર્થે કરી છે. આ એક ધ્યાન ખેંચવા જેવો વિષય છે.

એ જ અભ્યાસ કરવો એટલે સતત પ્રયત્ન રાખવો, સતત પ્રયાસ રાખવો. સતત પ્રયત્નને 'અભ્યાસ' શબ્દથી કહે છે. આ ગ્રંથમાં અનેક જગ્યાએ 'અભ્યાસ' શબ્દનો જ્યાં પ્રયોગ છે ત્યાં વારંવારનો પ્રયત્ન કરવો એને અભ્યાસ કહ્યો છે. વારંવાર વિકલ્પ કરવો એ વાત નથી પણ વારંવાર એવો પ્રયત્ન કરવો એને અભ્યાસ કહેવામાં આવે છે. એ અર્થમાં 'અભ્યાસ' શબ્દનો પ્રયોગ છે. ૧૯૫ (બોલ પૂરો) થયો.

**સ્વરૂપ તો સહજ જ છે, સુગમ જ છે; અનભ્યાસે દુર્ગમ લાગે છે. કોઈ બીજાના સંગે ચડી ગયો હોય તો તેને તે સંગ છોડવો દુષ્કર લાગે છે; ખરેખર દુષ્કર નથી, ટેવને લીધે દુષ્કર કલ્પાય છે. પરસંગ છોડી પોતે સ્વતંત્રપણે છૂટા રહેવું તેમાં દુષ્કરતા શી? તેમ પોતાનો સ્વભાવ પામવો તેમાં દુષ્કરતા શી? તે તો સુગમ જ હોય ને ? ૧૯૬.**

૧૯૬. **'સ્વરૂપ તો સહજ જ છે, સુગમ જ છે; અનભ્યાસે દુર્ગમ લાગે છે.'** શું કહે છે ? જે સ્વરૂપ છે એ તો વસ્તુનું સ્વરૂપ છે. કોઈ નવું બનાવેલું નથી. શાશ્વત સ્વરૂપ છે, સહજ જ છે. એટલે સ્વરૂપ કરવાનું છે કે સ્વરૂપમાં કાંઈ કરવાનું છે એ પ્રશ્ન નથી. જેમ સિદ્ધાલયમાં સિદ્ધપદ છે એવું સિદ્ધપદ અખંડ સિદ્ધપદ શુદ્ધ ચૈતન્ય મૂર્તિ એવો આત્મા અંદરમાં શાશ્વતપણે બિરાજમાન છે. અત્યારે જોવે તો અત્યારે જ બિરાજમાન છે. જોવાનું તો વર્તમાનમાં છે. શાશ્વત હોવા છતાં જોવાનું તો વર્તમાનમાં જ છે.

**'સ્વરૂપ તો સહજ જ છે;...'** વળી કહે છે કે **'સુગમ જ છે;...'** આ વાત જરા

ન સમજાય એવી છે કે આપ સુગમ કહો છો પણ અમને તો વર્ષો વીતી ગયા પત્તો લાગતો નથી. આ વાત થોડીક જલ્દી બેસે નહીં એવી લાગે. સહજ છે એ ત્રિકાળ છે તે અપેક્ષાએ સહજ છે, ઠીક છે. સ્વાભાવિક છે સ્વભાવ સ્વરૂપ તો સ્વાભાવિક જ છે ને. પણ સુગમ જ છે. પાછો 'જ' શબ્દ વાપર્યો છે. જેટલું સહજ જ છે એમ લીધું છે, એટલું સુગમ જ છે એમ લીધું છે.

જે સુગમ છે એ તને સુગમ નથી લાગતું અને દુર્ગમ લાગે છે તો કે એ પણ તને બતાવી દઈએ કે, શું કરવા લાગે છે ? કે તને તારા સ્વરૂપને જોવાનો, તારા સ્વરૂપના દર્શન કરવાનો, તારા સ્વરૂપનો નિશ્ચય કરવાનો, તારા સ્વરૂપનો અનુભવ કરવાનો અભ્યાસ નામ પ્રયત્ન, અનઅભ્યાસ, અભ્યાસ નામ પ્રયત્ન વર્તતો નથી તે અનઅભ્યાસ છે. તારો પ્રયત્ન-પુરુષાર્થ તો વર્તે જ છે. પુરુષાર્થ વિનાનો કોઈ જીવ ક્યારેય નથી પણ તારો અભ્યાસ ઊલટો ચાલે છે, ઊંધો ચાલે છે, અન્યથા ચાલે છે, બીજા પ્રકારે ચાલે છે તેથી તને એમ લાગે છે કે આ વાત કઠણ છે, દુર્ગમ છે, અઘરી છે, કેમ કરીને મને પ્રાપ્ત થાય અને વળી એમ વિચારે છે કે અનંત કાળે પ્રાપ્ત નથી થઈ માટે દુર્ગમ છે. માટે જ અનંતકાળે પ્રાપ્ત નથી થઈ. જો સુગમ હોય તો કે 'દીની પ્રાપ્ત થઈ જવી જોઈએ.

ભાઈ ! એ દલીલબાજીનો વિષય નથી. અહીંયાં શું કહેવા ધારે છે, શું કહેવા માગે છે એને તું જરાક શાંત ચિત્તથી વિચારમાં લે. અનંત કાળથી પ્રાપ્ત નથી થયું એનું કારણ કે અનંત કાળ તેં એનો અભ્યાસ નથી કર્યો. અનઅભ્યાસ અનંતકાળ વર્ત્યો છે. ઊંધો અભ્યાસ, અનભ્યાસ અનંત કાળ વર્ત્યો છે. એટલે તને દુર્ગમ થઈ પડ્યું છે. પણ તેથી કાંઈ દુર્ગમ જ છે એમ નથી.

જે પદાર્થોમાં સુખ નથી અને જે પદાર્થોમાંથી સુખની પ્રાપ્તિ તેથી કરીને થઈ શકતી નથી, અશક્ય છે ત્યાંથી સુખ મેળવવાનો પ્રયત્ન, અશક્યમાંથી શક્ય કરવાનો તારો પ્રયત્ન અનંતકાળથી ચાલે છે. અને એ વાત તને દુર્ગમ દેખાતી નથી પાછી. અશક્ય હોવા છતાં પણ દુર્ગમ દેખાતી નથી. સુગમ દુર્ગમ તો શક્યતા ઉપર આધાર છે કે, શક્ય તો છે. પણ આ તો એ પ્રશ્ન નથી, અશક્ય જ છે, દુર્ગમનો ક્યાં પ્રશ્ન રહ્યો ? તોપણ તારો પ્રયત્ન ઊંધા નિશ્ચયને લીધે મટતો નથી. તો પછી આ શક્ય છે.

સુખ તારામાં ભર્યું છે અને એ સુખની પ્રાપ્તિની પૂરેપૂરી શક્યતા રહેલી છે.

'નિર્દોષ સુખ નિર્દોષ આનંદ લ્યો ગમે ત્યાંથી ભલે' ગમે ત્યાંથી એટલે આત્મા સિવાય તો ક્યાંય છે નહીં. પણ ગમે ત્યારે ગમે તેમ કરીને આત્મામાંથી નિર્દોષ સુખ અને નિર્દોષ આનંદ લ્યો કે જે આનંદ અને સુખ લેતા દિવ્ય શક્તિમાન એવો આત્મા બંધનમાંથી મુક્તિને પામે. બંધનમાંથી એનો છુટકારો થાય. 'દિવ્ય શક્તિમાન જેથી જંજીરેથી નીકળે.' એની જંજીર છૂટે. પંદરમેં વર્ષે તો કેટલા પ્રૌઢ વિચારો છે !

મુમુક્ષુ :– અહીંયાં નાડ પકડી છે – અનભ્યાસે દુર્ગમ લાગે છે.

પૂજ્ય ભાઈશ્રી :– અનઅભ્યાસે દુર્ગમ છે. અનઅભ્યાસનો પાછો બીજી લીટીમાં અર્થ કર્યો છે.

**'કોઈ બીજાના સંગે ચડી ગયો હોય તો તેને તે સંગ છોડવો દુષ્કર લાગે છે;....'** જેમ કે વ્યસન હોય છે, કુસંગ હોય છે, સંગની અંદર પ્રીતિ થઈ ગઈ હોય છે તો એને સંગ છોડવો દુષ્કર લાગે છે કે આ કેવી રીતે જલદી છૂટી જાય ? આટલા આટલા વર્ષથી અથવા આટલા આટલા પ્રેમથી સાથે ખાધા પીધા, ઊઠ્યા બેઠા, એક બીજાના કાર્યોમાં મદદ કરી. હવે કેવી રીતે છોડવું ? કેમ છૂટે જલદી કરીને ? એમ. એમ દુષ્કર લાગે છે.

એવી રીતે આ જીવને રાગનો સંગ થઈ ગયો છે. અંદરમાં જોઈએ તો રાગનો સંગ થઈ ગયો છે, બહારમાં જોઈએ તો પર સંગ થઈ ગયો છે, પરપદાર્થનો સંગ થઈ ગયો છે. અને એવી રીતે એ ટેવાઈ ગયો છે. ટેવાઈ ગયો છે નહીં, આધારબુદ્ધિ એવી રીતે ઊભી થઈ ગઈ છે કે જાણે કે હું સંયોગોની અનુકૂળતા વિના કેમ કરીને જીવી શકીશ ? મારા સંયોગો ચાલ્યા જશે, ખસી જશે, ટળી જશે, ભાંગી જશે, છૂટી જશે, શું થાશે મારું ? આમ એને લાગે છે. પણ ભાઈ ! તું કોઈના વિના ટકી રહ્યો છો અને કોઈના વિના જ અનંત કાળ ટકવાનો છો. અનંત કાળથી કોઈના વિના ટકી રહ્યો છો (અને) અનંત કાળ પર્યંત કોઈના વિના ટકવાનો છો. એવું તારું નિરાલંબન સ્વરૂપ છે. એવી તારી નિરાલંબનપણે રહેવાની જે શક્તિ છે એ સામર્થ્યને કાં ભૂલે છો ? બસ ! અને એ શક્તિની સંભાળ સાવધાનીથી કરવાને બદલે એને ભૂલીને સંયોગનો આધાર લઈને એની સાવધાનીમાં કાં પડ્યો છો ? બસ ! એને પર સંગ આ કારણે છે.

મુમુક્ષુ :– 'ગુરુદેવ' સિવાય નિરાલંબનની વાત તો ક્યાંય સાંભળવા નથી મળતી.

પૂજ્ય ભાઈશ્રી :- **એ તો 'ગુરુદેવે' તો ન્યાલ કરી દીધા ! એમ કહી શકાય કે છેલ્લા સેંકડો વર્ષોમાં અનેક સૈકાઓને તપાસવામાં આવે તો આવા તીર્થંકર દ્રવ્યનો ઉદય હોય અને આટલા આટલા લાંબા વર્ષો સુધી એમનો સમ્યગ્દર્શન જેવા પ્રયોજનભૂત વિષય પર ઉપદેશ ચાલ્યો હોય, ઇતિહાસમાં ગોતવા જાવ તો જડે એવું નથી, ગોતવા જાવ તો જડે એવું નથી.**

મુમુક્ષુ :- કોઈને અતિશયોક્તિ લાગે પણ 'મહાવીર' ભગવાન કરતા એમની દેશના વધારે લાભકારી છે.

પૂજ્ય ભાઈશ્રી :- ઉપકારી થાય એને તો અનંત તીર્થંકરથી વધારે છે. જેને ગોળી વાગે એના સંસારનું મૃત્યુ થઈ ગયું. એને તો અનંત તીર્થંકરોથી જે કામ ન થયું એ કામ થઈ ગયું. એમ છે ખરેખર પણ બાહ્ય દૃષ્ટિએ વિચાર કરો તોપણ છેલ્લા કેટલાક સૈકાઓમાં આવું કાર્ય થઈ શક્યું નથી. એ વાત સ્પષ્ટ છે.

મુમુક્ષુ :- ધડાકાબંધ વાત ક્યાંય નથી. સાંભળવામાં પણ નથી, બીજા પંડિતોના પુસ્તકો છે...

પૂજ્ય ભાઈશ્રી :- એમાં એવું છે કે કાળ એવો છે. નહીંતર ટોળાબંધ સમ્યક્દૃષ્ટિઓ હોય, ટોળાબંધ !

મુમુક્ષુ :- ટોળાબંધ હોય છે પણ વાણીનો યોગ ગજબ જ છે.

પૂજ્ય ભાઈશ્રી :- એવો વિષય છે.

શું કહે છે ? જીવ અનાત્માના સંગે ચડી ગયો છે. બીજાનો અર્થ એટલો છે. આત્માને છોડીને અનાત્માના સંગે ચડી ગયો હોય. અહીં તો દૃષ્ટાંત છે કે જેમ કોઈ કુસંગે ચડી ગયો હોય તો કુસંગ જલ્દી છૂટતો નથી. કુસંગ થવાનું કારણ એ છે કે, દોષિત અથવા દુષ્ટ પરિણામવાળા જીવોનો પોતાની પ્રીતિએ કરીને સંગ કર્યો છે. પોતે પ્રીતિથી સંગ કર્યો છે. એને કુસંગ કહેવામાં આવે છે.

સંગમાં બે વાત છે. જેમ કે ઘણા અજ્ઞાની જીવો જ્ઞાનીના સંગમાં આવે છે, આવે છે તો એમ ન કહી શકાય કે જ્ઞાની કુસંગ કરે છે. કેમકે જ્ઞાની પ્રીતિ કરતા નથી. એ નિષ્પૃહ રહે છે, અંતરંગ નિષ્પૃહતા છે એમની. પણ પોતાના ગુણની પ્રાપ્તિ અર્થે અવગુણી અથવા ઓછા ગુણવાન વિશેષ ગુણવાનના સંગમાં જાય ત્યારે એ સત્સંગને કરે છે, સત્સમાગમને કરે છે એવું કહી શકાય, એવું કહેવું જોઈએ અને

તે ન્યાય સંપન્ન છે. પણ કોઈ ગુણવાન હોય એ અવગુણીનો પ્રીતિથી સંગ કરે ત્યારે એને કુસંગ લાગુ પડે છે અને ત્યારે એ ગુણવાનનું પણ અધઃપતન થાય છે અને એને પણ બધા દોષની આપત્તિ આવી પડે છે.

એ રીતે કોઈ હીનગુણીના સંગમાં પ્રીતિ કરે અને એ છૂટી ન શકે, દુષ્કર લાગે એ દૃષ્ટાંત છે અહીંયાં પણ **'ખરેખર દુષ્કર નથી.'** જો પોતાનું હિત વિચારે, હિત-અહિતની મુખ્યતા કરે તો એ કાંઈ એટલું બધું દુષ્કર નથી. એને એમ લાગે કે આમાં મારું હિત પહેલી વાત છે. જગતની અંદર બધા કાર્યો જોતા શું કરે છે ? કે મને નુકસાન ન થવું જોઈએ. મને નુકસાન થાય તો હું કેવી રીતે આગળ વધું ? આ તો મારા ઘરમાં તમે નુકસાન કરવાની વાત કરો છો. માણસ તરત અટકી જાય. એમ પોતાને નુકસાન થાય કે પોતાને લાભ થાય એનું નામ આત્માને ઊર્ધ્વ રાખવો એ છે. જ્યાં એની મુખ્યતા થઈ ત્યાં એને સંગની અંદર પણ ભૂલ થતી નથી. અથવા તો એનો જે પુરુષાર્થ છે એ સાચી દિશા પકડવા માટે યોગ્ય થાય છે. એટલે એને જે ઊલટી ટેવ પડી છે એ છોડાવવા માટે એમ કહે છે કે તારી જે ટેવ છે એ ઊંધી ટેવને લીધે તને દુષ્કર છે એવી કલ્પના થઈ છે. જોયું ? **'કલ્પાય છે'** એમ કહ્યું છે.

તને લાગે છે કે આત્મકાર્ય ઘણું અઘરું અને દુષ્કર છે. એ લાગે છે એ સાચું છે એમ તને અમે ટેકો દેતા નથી. એ તારી કલ્પના છે, પોકળ કલ્પના છે. ખરેખર વસ્તુસ્થિતિ એમ નથી. અમે અમારા સ્વાનુભવથી એમ કહીએ છીએ કે આવું તને લાગતું હોય તો એ કલ્પનામાત્ર છે એમ કહે છે. અમારો સ્વાનુભવ એમ કહે છે કે લાઇન બદલી શકાય છે. જે તને દુર્ગમ લાગે છે એ લાઇન છૂટીને સુગમતાની લાઇનમાં આવી શકાય છે. ન આવી શકાય એવી વાત ખરેખર નથી.

વળી, પોતાનું કાર્ય પોતાએ કરવું છે. ખરી વાત તો એ છે કે પોતાનું કામ પોતાએ કરવું છે. કોઈનું કામ પોતાએ કરવું છે એવી પરાધીનતા નથી. પોતાનું કામ કરવામાં પોતાની સંપૂર્ણ સ્વતંત્રતા અને સ્વાધીનતા છે. વાત ટૂંકામા ટૂંકી એટલી છે કે આધાર બદલ. જે અધિકતા તેં રાગને અને સંયોગને આપી છે તે અધિકતા છોડી દે. અનાદિથી તારા જ્ઞાન દ્વારા જ્ઞાન સ્વભાવનો આધાર લીધો નથી. જ્ઞાનના આધારમાં આવી જા. નક્કર ભૂમિ છે, જ્ઞાનમય સત્તાની નક્કર ભૂમિ છે, વિજ્ઞાનઘન ભૂમિકા છે. એના આધારે (આવી જા). એ ખરેખર તો એનો આધાર કહેવામાત્ર છે. ખરેખર

તો એ વસ્તુ જ એવી શાશ્વત છે કે એનો આધાર ગુમાવવાનો ક્યાં પ્રશ્ન ઉપસ્થિત થાય છે ? એ તો ધ્રુવ શાશ્વત અનંત સામર્થ્યસંપન્ન વસ્તુ છે. એને જોવે ત્યાં એને એનો ઊલટો આધાર છૂટી જાય અને પરિણામને અવલંબનના આધારભૂત સ્વદ્રવ્ય પોતે જ મળી જાય છે. આટલું કાર્ય અંદરમાં દુર્ગમ કેમ કહેવું ? એ તો સુગમ જ છે એમ કહે છે. સુગમ નથી, સુગમ જ છે. જે વાત દુર્ગમમાં દુર્ગમ લાગે એને સરળ અને સુગમ કરીને મૂકી દીધી છે. વિષય બહુ સારો છે.

મુમુક્ષુ :- આબાળગોપાળ બધાને..

પૂજ્ય ભાઈશ્રી :- આબાળગોપાળને અનુભૂતિસ્વરૂપ ભગવાનઆત્મા અનુભવમાં આવી રહ્યો છે. ખરેખર તો સત્પુરુષોએ માર્ગને સુગમ કર્યો છે અને વસ્તુના સ્વરૂપે સુગમ કરીને દર્શાવી દીધો છે. ખરી વાત, મુખ્ય વાત તો એ છે. વિશેષ લઈશું..

## તા. ૨-૧૦-૧૯૮૭, વચનામૃત–૧૯૬
## પ્રવચન નં. ૧૪૮

'બહેનશ્રીનાં વચનામૃત' ૧૯૬ મો બોલ ચાલે છે. પાનું ૬૧. **'સ્વરૂપ તો સહજ જ છે, સુગમ જ છે;'** થોડુંક ચાલી ગયું છે, ફરીને લઈએ છીએ. **'અનભ્યાસે દુર્ગમ લાગે છે.'** અનાદિનો અજાણ હોવાથી અને સ્વરૂપ તરફ વળવાનો યથાયોગ્ય પ્રયત્ન નહીં હોવાને લીધે દુર્ગમ લાગે છે અને બીજાના સંગમાં એટલે રંગ અને રાગની પ્રીતિમાં હોવાને લીધે પ્રીતિને કારણે, રસને કારણે એ સંગ છોડવો દુષ્કર લાગે છે. પરસંગ છોડવો દુષ્કર લાગે છે. કેમકે પોતાનો રસ છે, પોતાની પ્રીતિ છે. જ્યાં પોતાનો રસ છે ત્યાં પોતાનો પુરુષાર્થ છે. પર પ્રત્યેનો પોતાનો પુરુષાર્થ છે, વેગ છે. વેગમાંથી પાછા ફરવું એ દુષ્કર લાગે છે. જે વેગમાં ચડી જવાય છે એ વેગમાંથી પાછા ફરવું દુષ્કર લાગે છે.

**'ખરેખર દુષ્કર નથી,'** હવે પોતે કહે છે કે, ભાઈ ! તને લાગે છે એ ઉપરના કારણવશાત તને કહ્યું એ કારણથી દુષ્કર લાગે છે તોપણ ખરેખર દુષ્કર નથી. તોપણ એ ખરેખર દુષ્કર નથી. **'ટેવને લીધે દુષ્કર કલ્પાય છે.'** એ રીતે તારા રસને લીધે તને સહજ થઈ ગયું છે અને બહુ લાંબા કાળના ઊંધા અભ્યાસને લીધે જે દુષ્કરપણું અનુભવાય છે એ ખરેખર કલ્પના છે. વસ્તુસ્થિતિ એવી રીતે દુષ્કર નથી. 'કલ્પાય છે' એમ લીધું છે. ટેવને લીધે દુષ્કર છે એવી કલ્પના થઈ ગઈ છે.

વાસ્તવિકતામાં જે ઊભા છે એ કલ્પનાને કલ્પનાના સ્વરૂપે સમજી શકે છે, કલ્પનામાં ઊભા છે એને કલ્પના વાસ્તવિક લાગે છે. આમ છે. જેમ કે બાહ્ય પદાર્થનું સુખ છે એ ખરેખર વાસ્તવિક દૃષ્ટિએ–વસ્તુદૃષ્ટિએ કલ્પનામાત્ર સુખ છે તોપણ કલ્પનામાં ઊભા છે એને વાસ્તવિક સુખ લાગે છે. એને તો વાસ્તવિક સુખ જ લાગે છે.

શેરડી છે એ મીઠી છે. મીઠી છે એટલે સારી જ છે. મીઠી છે એમાં સારી છે

એ કલ્પના શું ? મીઠી છે એ વાસ્તવિક સારી છે, કલ્પનામાં ઊભા છે એને એ વાસ્તવિક લાગે છે. વાસ્તવિકતામાં ઊભા છે એ એમ કહે છે કે મીઠી છે એ વાત જરૂર છે, પણ મીઠી છે એ સારી છે એ કલ્પના છે. આમ છે. ઘણો શરદીવાળો હોય. શરદીથી ભરેલું શરીર થઈ ગયું હોય અને એને કહે કે તું એક ગ્લાસ શેરડીનો રસ પી જા.

મુમુક્ષુ :- ન પીએ.

પૂજ્ય ભાઈશ્રી :- સારી છે ને ? સારી તો બધી અવસ્થામાં સારી જ રહેવી જોઈએ. કોઈ અવસ્થામાં એ નહીં સારી નહીં થવી જોઈએ. પણ સારાપણાની કલ્પના થાય છે. અને એ વખતે જ્યારે સારી નથી ત્યારે ખરાબપણાની પણ કલ્પના થાય છે.

એમ જીવને પોતાનું સહજ સ્વરૂપ છે એ પ્રાપ્ત કરવું, એનો અનુભવ કરવો, એના સંગમાં જવું, એ બાજુ વળવું એ દુષ્કર છે એવી એને કલ્પના થઈ ગઈ છે. લોકો કહે છે ને કે બહુ ઊંચી વાત છે. ઊંચી ઊંચી વાત અમને ન સમજાય. અમને તો કો'ક અમારે લાયક વાત કરો. કહે છે, ભાઈ ! ઊંચી વાત છે, ન સમજાય એવો પહેલેથી વિચારમાં પ્રતિબંધ મૂકી દેવા જેવો નથી. અભિપ્રાયનો એ પ્રતિબંધ સારો નથી, નુકસાનકારક છે, અહિતકર છે. સારી વાત છે, હિતકર વાત છે તો એ પ્રયત્ન કરીને રુચિથી અંગીકાર કરવા જેવી છે અને દૂરથી એને છોડવાનો અભિપ્રાય (રાખીશ તો) એમાં તો કોઈ વખત પણ નજીક આવવાનો પ્રસંગ રહેશે નહીં.

એક વાત જરૂર છે કે વાત સૂક્ષ્મ છે અને વિષય સૂક્ષ્મ હોવાથી એ સૂક્ષ્મ વિષયને સમજવા માટેનો એની પાસે સૂક્ષ્મ ઉપયોગ નહીં હોવાથી એને દુષ્કર લાગે છે. એટલી હકીકત હોવા છતાં જો પોતે જિજ્ઞાસામાં આવે, પોતે ભાવનામાં આવે, પોતે નિજ હિતના પ્રયાસમાં આવે તો ઉપયોગ સૂક્ષ્મ સહજપણે થઈ જાય છે. ઉપયોગ સૂક્ષ્મ કરવા માટે બીજી કોઈ પ્રક્રિયાની જરૂર પડતી નથી. પોતાની ભાવનાની અને જિજ્ઞાસાની ખામીને લીધે સ્થૂળ ઉપયોગે એને આ દુષ્કર લાગે છે પણ પોતાના હિતની બુદ્ધિએ ઉપયોગ સૂક્ષ્મ થતાં એ સહજ અને સુગમ લાગે છે. એવો અનુભવ કરીને આ વાત કહી છે, પ્રસિદ્ધ કરવામાં આવી છે કે એ રીતે દુષ્કરપણાની એમાં કલ્પનામાત્ર છે.

**'પરસંગ છોડી...'** એટલે પરસંગની રુચિ છોડીને એમ વાત છે. મૂળમાં પહેલેથી, પહેલા રુચિ છૂટે છે, પછી રાગ છૂટે છે. પહેલા રાગ છૂટે છે એમ સીધે સીધું રુચિ

છોડ્યા વિના પહેલાં રાગ છૂટે છે એ વાત તો બનતી નથી. રાગ અને રુચિ છોડ્યા વિના પદાર્થનો ત્યાગ કરે તો એને પરસંગ છોડ્યો છે એ વાત પણ યથાર્થપણે સિદ્ધ થતી નથી અથવા યથાર્થપણે એની અંદર પ્રવૃત્તિ થતી નથી.

**'પરસંગ છોડી પોતે સ્વતંત્રપણે છૂટા રહેવું તેમાં દુષ્કરતા શી ?'** પોતે પરની રુચિ-પ્રીતિ છોડવી અને સ્વતંત્રપણે છૂટા રહેવું, કોઈના બંધનમાં ન રહેવું, સ્વતંત્ર રહેવું એમાં દુષ્કરતા શી ? વસ્તુ કાંઈ ખરેખર કોઈને પરાધીન નથી. પરાધીનતા પણ પોતે ઊભી કરેલી છે, ખરેખર પરાધીનતા નથી. વ્યસનવાળા એમ કહે છે કે, વ્યસન છૂટતું નથી. સાચી વાત હશે ? વ્યસન છૂટતું નથી એમ ખરેખર નથી, પણ પોતે વ્યસન છોડતો નથી. પોતે વ્યસન છોડતો નથી એવી એની નબળાઈ છે (એટલે) કહે છે કે વ્યસન છૂટતું નથી. વળી નબળાઈ પણ ક્યાં સુધી છે ? કે અભિપ્રાયમાં હું નબળો થઈ ગયો છું ત્યાં સુધી છે. જ્યાં સુધી એને એવો અભિપ્રાય વર્તે છે કે, અરે..રે..! હું તો નબળો છું આ વ્યસન મારાથી નહીં છૂટી શકે. એવું જ્યાં સુધી એને અભિપ્રાયમાં પડ્યું છે ત્યાં સુધી એની નબળાઈ પણ નહીં છૂટે.

વ્યસનને ખબર નથી, વ્યસનવાળી ચીજને ખબર નથી કે હું આને વળગું. પોતાના પરિણામ છે, પોતાના કારણે છે. અને જો પોતે પોતાની શક્તિને સંભાળે, પોતાની જાતને સંભાળે તો સહજમાત્રમાં એ સ્વતંત્ર થઈ શકે છે, સહજમાત્રમાં સુગમપણે એ સ્વતંત્રપણે રહી શકે છે. એમાં કોઈ દુષ્કરતા માનવા જેવી કે કલ્પના કરવા જેવી નથી.

અહીંયાં તો જોરથી પ્રશ્ન ઉઠાવ્યો છે કે **'પરસંગ છોડી પોતે સ્વતંત્રપણે છૂટા રહેવું તેમાં દુષ્કરતા શી ?'** પર તો કાંઈ પરાણે વળગ્યું નથી.

કોઈ ચીજ તને પરાણે વળગતી નથી. તું પોતે સ્વતંત્રપણે પરિણામ કરે છો. પરાધીન થવાના પરિણામ પણ તું પોતે જ સ્વતંત્રપણે કરે છો. એટલે ૪૭ નયમાં એને 'ઈશ્વરનય' એવું નામ આપ્યું છે. ઈશ્વરનયે આત્મા પરતંત્ર છે. ઠીક ! ઈશ્વરનયે સ્વતંત્ર છે એમ ન કીધું પણ ઈશ્વરનયે આત્મા પરતંત્ર છે. એટલે પરતંત્ર થવામાં પણ એ ઈશ્વર છે એમ લેવું છે.

પરને સમજીને એટલે કે પરમાં મારું સુખ નથી એમ યથાર્થપણે સમજીને, યથાર્થપણે તપાસીને પર પ્રત્યેના પ્રેમને, રાગને, રુચિને છોડવા અને સ્વતંત્રપણે છૂટા

રહેવું એમાં કોઈ દુષ્કરતા નથી. એમાં કોઈ અઘરી વાત નથી.

**'તેમ પોતાનો સ્વભાવ પામવો તેમાં દુષ્કરતા શી ?'** પામવું છે એ પોતાનું સ્વરૂપ છે. જ્યાં પોતાનું સ્વરૂપ પામવું છે (એમાં દુષ્કરતા શી ?) કોઈ બીજી ચીજને પકડવી હોય તો હાથની વાત નથી. બીજી ચીજની પરિણમાવવી હોય તો હાથની વાત નથી. તારી ઇચ્છા પ્રમાણે એક પરમાણુને પરિણમાવી નહીં શકે, એક જીવને પણ, બીજા કોઈ જીવને તારી ઇચ્છા પ્રમાણે તું પરિણમાવી શકીશ નહીં.

**'પોતાનો સ્વભાવ પામવો તેમાં દુષ્કરતા શી ?'** તેમાં ખરેખર કોઈ દુષ્કરતા નથી. પોતાનો સ્વભાવ પોતાને પામવો છે. પોતામાં રહેલો પોતાનો સ્વભાવ છે. પોતાનો સ્વભાવ પામવો એટલે અનુભવ કરવો. અનુભવ કરવો એટલે પ્રાપ્તિ કરવી, પ્રાપ્તિ કરવી એટલે અનુભવ કરવો. તો સ્વભાવને જો સમજવામાં આવે તો પોતે પોતાના સ્વાનુભવમાં રહીને પરિણમે એવો તો સ્વભાવ છે.

સ્વભાવ પોતે અંદરથી કુદરતી મદદગાર થાય છે, જો જીવ પોતે અભિપ્રાય બદલે તો. જો જીવ પોતે પોતાના સ્વભાવનો અનુભવ કરવા માટેના અભિપ્રાયથી તૈયાર થાય છે તો અંદરથી સ્વભાવ એને મદદગાર થાય છે. અંદરથી સ્વભાવ મદદગાર થાય છે એટલે એ કાર્ય સુગમ થઈ જાય છે. સુગમ થવાનું આ કારણ છે. જે સુગમ કીધુંને કે વસ્તુ તો સહજ જ છે અને સુગમ જ છે. તો એનું આ કારણ છે કે, સ્વભાવ એવો છે.

સ્વાનુભવ થવો. સ્વસંવેદનમયી પ્રકાશ શક્તિ છે. આત્મામાં સ્વસંવેદનમયી પ્રકાશશક્તિ છે. સ્વસંવેદનમયપણે સ્વભાવ રહેલો છે. અને સ્વસંવેદન થવું એ આત્માની સ્વભાવગત ચીજ છે. પોતે ઊંધો ચાલે છે તો પોતે જ પોતાના સ્વસંવેદનથી દૂર જાય છે. પર વેદનમાં એટલે દુઃખના વેદનમાં સપડાય છે, ફસાય છે. ત્યાં ફસાઈ ગયા પછી એને એમ લાગે છે કે, અહીંથી બહાર નીકળવું બહુ મુશ્કેલ છે. નહીં નીકળી શકું, હું નહીં નીકળી શકું એને એમ થયા કરે છે. આત્મવિશ્વાસ ગુમાવે છે. જીવ પોતે આત્મવિશ્વાસ ગુમાવે છે. પોતાના સામર્થ્યને સમજે, ઓળખે, સંભાળે તો એ ગુમાવેલો વિશ્વાસ પાછો આવે છે. એને પોતાને અંદરથી ટેકો મળે છે કે મારો સ્વભાવ છે એમાં ઘણું સામર્થ્ય છે. મારા સામર્થ્યને જોતા પરતંત્રતા અને પરસંગ છોડવા એ મારા માટે કોઈ ખરેખર દુષ્કર વાત નથી.

**'પોતાનો સ્વભાવ પામવો તેમાં દુષ્કરતા શી ? તે તો સુગમ જ હોય ને ?'** એ તો સુગમ જ હોય ને ? પોતાનો સ્વભાવ પામવો એમાં દુષ્કરતા શી વળી ? દુષ્કરતા નથી એમ કહેવાને બદલે જોરથી પૂછે છે, એમાં વળી દુષ્કરતાની વાત કેવી રીતે લઈ આવ્યા તમે ? તમારો સ્વભાવ તમારે પ્રાપ્ત કરવો અને એ પ્રાપ્તિ થાય એવો તમારો કુદરતી સ્વભાવ છે પાછો. પછી એમાં દુષ્કરતા શી ? પણ એવી વાત જ્યાં સુધી સ્વભાવ પ્રત્યેની સ્વભાવ સંબંધી જીવને સમજાતી નથી ત્યાં સુધી એ પોતે પોતાના ઊલટા અભિપ્રાયને લઈને હારી ગયો છે. પોતે હારી ગયો છે કે, અરે..રે..! હું હારી ગયો છું.

આજે વિજયાદશમી છે ને ? 'રામચંદ્રજી'એ લંકામાં રાવણ સાથેના યુદ્ધમાં વિજય કર્યો હતો એટલે વિજયાદશમી કહે છે ? એ તો એક રૂપક છે. ખરેખર તો પોતાના કષાયો, વિભાવો, દોષો ઉપર આત્મા વિજય મેળવે છે. જ્યારે એ વિજય મેળવે છે ત્યારે એ વિજયાદશમી છે. લોકો કહે છે ને વિજયાદશમીનું મુહૂર્ત સારું. શું કહે છે ? મુહૂર્ત બહુ સારું કહેવાય. જોશી પાસે જોવડાવાની કાંઈ જરૂર નહીં. એ એનો સુકાળ લીધો છે–સારો કાળ લીધો છે.

તું જ્યારે સમ્યક્ પ્રકારે તારા વિભાવો ઉપર વિજય મેળવ એ તારો સ્વકાળ છે, એ તારો સુકાળ છે. એમાં કોઈ મુહૂર્ત જોવાની જરૂર નથી. સારામાં સારું મુહૂર્ત છે. જ્યારે તેં જૈનપણું – જૈનત્વ પ્રાપ્ત કર્યું, તારી અશાંતિને તેં ટાળી અથવા તારી શાંતિ તું ખોઈ બેઠો હતો એ જિનત્વમાં શાંતિની પ્રાપ્તિ છે ખરેખર તો. એટલે તો આ ભગવાનની પ્રતિમાને જિનપ્રતિમા કહેવાનું કારણ એ છે કે શાંતભાવ વીતરાગ સ્વરૂપ હોવાથી એને જિન પ્રતિમા કહેવામાં આવે છે.

**'તે તો સુગમ જ હોય ને?'** એ સહજ અને સુગમ જ હોય. એમાં ક્યાંય શંકા કરવા જેવી નથી. શંકામાં પણ રહેવા જેવું નથી. એમ જોરથી વાતને સ્થાપી છે. ૧૯૬ (બોલ પૂરો) થયો.

## વીતરાગ સત્‌સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ
## ઉપલબ્ધ પ્રકાશન (ગુજરાતી)

| | ગ્રંથનું નામ તેમજ વિવરણ | મૂલ્ય |
|---|---|---|
| ૦૧ | અધ્યાત્મિકપત્ર (પૂજ્ય શ્રી નિહાલચંદ્રજી સોગાનીજીના પત્રો) | ૦૨-૦૦ |
| ૦૨ | અધ્યાત્મ સંદેશ (પૂજ્ય ગુરુદેવશ્રીના વિવિધ પ્રવચનો) | અનુપલબ્ધ |
| ૦૩ | આત્મયોગ (શ્રીમદ રાજચંદ્ર પત્રાંક-૫૯૬, ૪૯૧, ૬૦૯ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૦૪ | અનુભવ સંજીવની (પૂજ્ય ભાઈશ્રી દ્વારા લિખિત વચનામૃત્તોનું સંકલન) | ૧૫૦-૦૦ |
| ૦૫ | અધ્યાત્મ સુધા (ભાગ-૧) બહેનશ્રીના વચનામૃત ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો | ૩૦-૦૦ |
| ૦૬ | અધ્યાત્મ સુધા (ભાગ-૨) બહેનશ્રીના વચનામૃત ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો | ૩૦-૦૦ |
| ૦૭ | અધ્યાત્મ સુધા (ભાગ-૩) બહેનશ્રીના વચનામૃત ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો | ૩૦-૦૦ |
| ૦૮ | અધ્યાત્મ પરાગ | - |
| ૦૯ | બીજુ કાંઈ શોધમા (પ્રત્યક્ષ સત્પુરુષ વિષયક વચનામૃત્તોનું સંકલન) | - |
| ૧૦ | બૃહદ દ્રવ્યસંગ્રહ પ્રવચન (ભાગ-૧) (દ્રવ્યસંગ્રહ ગ્રંથ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના સળંગ પ્રવચનો) | - |
| ૧૧ | બૃહદ દ્રવ્યસંગ્રહ પ્રવચન (ભાગ-૨) ( દ્રવ્યસંગ્રહ ગ્રંથ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના સળંગ પ્રવચનો) | - |
| ૧૨ | ભગવાન આત્મા (દ્રષ્ટિ વિષયક વચનામૃત્તોનું સંકલન) | - |
| ૧૩ | દ્વાદશ અનુપ્રેક્ષા (શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ વિરચિત | ૦૨-૦૦ |
| ૧૪ | દ્રવ્યદષ્ટિ પ્રકાશ (ભાગ-૩) (પૂજ્ય શ્રી નિહાલચંદજી સોગાની તત્ત્વચર્ચા) | ૦૪-૦૦ |
| ૧૫ | દસ લક્ષણ ધર્મ (ઉત્તમ ક્ષમાદિ દસ ધર્મો પર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચનો) | ૦૬-૦૦ |
| ૧૬ | ધન્ય આરાધના (શ્રીમદ રાજચંદ્રજીની અંતરંગ અધ્યાત્મ દશા ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા વિવેચન) | ૧૦-૦૦ |
| ૧૭ | દિશા બોધ (શ્રીમદ્ રાજચંદ્રજી પત્રાંક-૧૬૬,૪૪૯,અને ૫૭૨ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા પ્રવચનો) | ૧૦-૦૦ |
| ૧૮ | ગુરુ ગુણ સંભારણા (પૂજ્ય બહેનશ્રીના શ્રીમુખેથી સ્ફુરિત ગુરુભક્તિ) | ૦૫-૦૦ |
| ૧૯ | ગુરુ ગિરા ગૌરવ (પૂજ્ય સૌગાનીજીની અંગત દશા ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૨૦ | ગુરુ ગિરા ગૌરવ (ભાગ-૧) (દ્રવ્યદષ્ટિ પ્રકાશ ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પત્રો પર સળંગ પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૨૧ | ગુરુ ગિરા ગૌરવ (ભાગ-૨) (દ્રવ્યદષ્ટિ પ્રકાશ ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પત્રો પર સળંગ પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૨૨ | જિણસાસણં સવ્વં (જ્ઞાનીપુરુષ વિષયક વચનામૃત્તોનું સંકલન) | ૦૮-૦૦ |

| | | |
|---|---|---|
| ૨૩ | કુટુંબ પ્રતિબંધ (શ્રીમદ રાજચંદ્ર પત્રાંક-૧૦૩, ૩૩૨, ૫૧૦, ૫૨૮, ૫૩૭ તથા ૩૭૪ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૫-૦૦ |
| ૨૩ | કહાન રત્ન સરિતા (ભાગ-૧) (પરમાગમસારમાંથી ચૂંટેલા કેટલાક વચનામૃત્તો ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈનાં પ્રવચનો) | ૨૫-૦૦ |
| ૨૪ | કહાન રત્ન સરિતા (ભાગ-૨) (પરમાગમસારમાંથી ક્રમબદ્ધ પર્યાય વિષયક ચૂંટેલા કેટલાક વચનામૃત્તો ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈનાં પ્રવચનો) | ૩૦-૦૦ |
| ૨૫ | કાર્તિકેયાનુપ્રેક્ષા પ્રવચન (ભાગ-૧) કાર્તિકેયાનુપ્રેક્ષા ગ્રંથ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના સળંગ પ્રવચનો | ૩૦-૦૦ |
| ૨૬ | કાર્તિકેયાનુપ્રેક્ષા પ્રવચન (ભાગ-૨) કાર્તિકેયાનુપ્રેક્ષા ગ્રંથ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના સળંગ પ્રવચનો | ૩૦-૦૦ |
| ૨૭ | ક્રમબદ્ધપર્યાય | - |
| ૨૮ | મુમુક્ષતા આરોહણ ક્રમ (શ્રીમદ રાજચંદ્ર પત્રાંક-૨૫૪ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૧૫-૦૦ |
| ૨૯ | નિર્ભ્રાંત દર્શનની કેડીએ (લે. પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ) | ૧૦-૦૦ |
| ૩૦ | પરમાત્માપ્રકાશ (શ્રીમદ્ યોગીન્દ્રદેવ વિરચિત) | ૧૫-૦૦ |
| ૩૧ | પરમાગમસાર (પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના ૧૦૦૮ વચનામૃત્ત) | ૧૧-૨૫ |
| ૩૨ | પ્રવચન નવનીત (ભાગ-૧) (પૂજ્ય ગુરુદેવશ્રીના ખાસ પ્રવચનો) | અનુપલબ્ધ |
| ૩૩ | પ્રવચન નવનીત (ભાગ-૨) (પૂજ્ય ગુરુદેવશ્રીના ખાસ પ્રવચનો) | ૨૫-૦૦ |
| ૩૪ | પ્રવચન નવનીત (ભાગ-૩) (પૂજ્ય ગુરુદેવશ્રીના ૪૭ નય ઉપર ખાસ પ્રવચનો) | ૩૫-૦૦ |
| ૩૫ | પ્રવચન નવનીત (ભાગ-૪) (પૂજ્ય ગુરુદેવશ્રીના ૪૭ નય શક્તિઓ ઉપર ખાસ પ્રવચનો) | ૭૫-૦૦ |
| ૩૬ | પ્રવચન પ્રસાદ (ભાગ-૧) (પંચાસ્તિકાયસંગ્રહ પર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનો) | ૬૫-૦૦ |
| ૩૭ | પ્રવચન પ્રસાદ (ભાગ-૨) (પંચાસ્તિકાયસંગ્રહ પર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનો) | - |
| ૩૮ | પ્રયોજન સિદ્ધિ (લે. પૂજ્યભાઈશ્રી શશીભાઈ) | ૦૩-૦૦ |
| ૩૯ | પથ પ્રકાશ (માર્ગદર્શન વિષયક વચનામૃત્તોનું સંકલન) | ૦૬-૦૦ |
| ૪૦ | પરિભ્રમણના પ્રત્યાખ્યાન (શ્રીમદ રાજચંદ્ર પત્રાંક-૧૯૫, ૧૨૮ તથા ૨૬૪ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૪૧ | પ્રવચન સુધા (ભાગ-૧) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૪૦-૦૦ |
| ૪૨ | પ્રવચન સુધા (ભાગ-૨) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૮૫-૦૦ |
| ૪૩ | પ્રવચન સુધા (ભાગ-૩) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૩૦-૦૦ |
| ૪૪ | પ્રવચન સુધા (ભાગ-૪) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૪૦-૦૦ |
| ૪૫ | પ્રવચન સુધા (ભાગ-૫) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૩૦-૦૦ |
| ૪૬ | પ્રવચન સુધા (ભાગ-૬) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૩૦-૦૦ |
| ૪૭ | પ્રવચન સુધા (ભાગ-૭) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૨૦-૦૦ |
| ૪૮ | પ્રવચન સુધા (ભાગ-૮) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૨૦-૦૦ |
| ૪૯ | પ્રવચન સુધા (ભાગ-૯) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૨૦-૦૦ |

| | | |
|---|---|---|
| ૫૦ | પ્રવચન સુધા (ભાગ-૧૦) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૨૦-૦૦ |
| ૫૧ | પ્રવચન સુધા (ભાગ-૧૧) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૨૦-૦૦ |
| ૫૨ | પ્રવચનસાર | અનુપલબ્ધ |
| ૫૩ | પ્રચારિસ્તિકાય સંગ્રહ | અનુપલબ્ધ |
| ૫૪ | પદ્મનંદીપંચવિંશતી | - |
| ૫૫ | પુરુષાર્થ સિદ્ધિ ઉપાય | અનુપલબ્ધ |
| ૫૬ | રાજ હ્રદય (ભાગ-૧) (શ્રીમદ રાજચંદ્ર ગ્રંથ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૫૭ | રાજ હ્રદય (ભાગ-૨) (શ્રીમદ રાજચંદ્ર ગ્રંથ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૫૮ | રાજ હ્રદય (ભાગ-૩) (શ્રીમદ રાજચંદ્ર ગ્રંથ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૫૯ | સમ્યક્જ્ઞાનદીપિકા (લે. શ્રી ધર્મદાસજી ક્ષુલ્લક) | ૧૫-૦૦ |
| ૬૦ | જ્ઞાનામૃત્ત (શ્રીમદ રાજચંદ્ર ગ્રંથમાંથી ચૂંટેલા વચનામૃત્તો) | ૦૬-૦૦ |
| ૬૧ | સમ્યગ્દર્શનના નિવાસના સર્વોત્કૃષ્ટ નિવાસભૂત છ પદનો પત્ર (શ્રીમદ્ રાજચંદ્ર પત્રાંક-૪૯૩ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૬૨ | સિદ્ધપદનો સર્વશ્રેષ્ઠ ઉપાય (શ્રીમદ રાજચંદ્ર પત્રાંક-૧૪૭, ૧૯૪, ૨૦૦, ૫૧૧, ૫૬૦ તથા ૮૧૯ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૫-૦૦ |
| ૬૩ | સમયસાર દોહન (પૂજ્ય ગુરુદેવશ્રી કાનજી સ્વામીના નાઈરોબીમાં સમયસાર પરમાગમ ઉપર થયેલાં પ્રવચનો) | ૩૫-૦૦ |
| ૬૪ | સુવિધિદર્શન (પૂજ્ય ભાઈશ્રી દ્વારા લિખિત સુવિધિ લેખ ઉપર તેમનાં પ્રવચન) | ૨૫-૦૦ |
| ૬૫ | સ્વરૂપભાવના (શ્રીમદ રાજચંદ્ર પત્રાંક-૯૧૩, ૭૧૦ અને ૮૩૩ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૫-૦૦ |
| ૬૬ | સમક્તિનું બીજ (શ્રીમદ રાજચંદ્ર ગ્રંથમાંથી સત્પુરુષની ઓળખાણ વિષયક પત્રાંક-ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૩૦-૦૦ |
| ૬૭ | તત્ત્વાનુશીલન (પૂજ્ય ભાઈશ્રી દ્વારા લિખિત વિવિધ લેખ) | - |
| ૬૮ | વિધિ વિજ્ઞાન (વિધિ વિષયક વચનામૃત્તોનું સંકલન) | ૦૭-૦૦ |
| ૬૯ | વચનામૃત્ત રહસ્ય (પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના નાઈરોબીમાં બહેનશ્રીના વચનામૃત્ત પર થયેલાં પ્રવચનો) | ૨૫-૦૦ |
| ૭૦ | વચનામૃત્ત પ્રવચન (ભાગ-૧) | - |
| ૭૧ | વચનામૃત્ત પ્રવચન (ભાગ-૨) | - |
| ૭૨ | વચનામૃત્ત પ્રવચન (ભાગ-૩) | - |
| ૭૩ | વચનામૃત્ત પ્રવચન (ભાગ-૪) | - |
| ૭૪ | યોગસાર | અનુપલબ્ધ |
| ૭૫ | ધન્ય આરાધક | - |
| ૭૬ | અધ્યાત્મ સુધા ભાગ–૪ | ૨૦-૦૦ |

| | | |
|---|---|---|
| ૭૭ | છ ઢાળા પ્રવચન (ભાગ–૧) | ૨૦-૦૦ |
| ૭૮ | છ ઢાળા પ્રવચન (ભાગ–૨) | ૨૦-૦૦ |
| ૭૯ | છ ઢાળા પ્રવચન (ભાગ–૩) | ૨૦-૦૦ |
| ૮૦ | અધ્યાત્મ સુધા (ભાગ–૫) | ૨૦-૦૦ |

# श्री वीतराग सत्साहित्य प्रसारक ट्रस्ट
# उपलब्ध प्रकाशन (हिन्दी)

| | ग्रंथ का नाम एवं विवरण | मूल्य |
|---|---|---|
| ०१ | अनुभव प्रकाश (ले. दीपचंदजी कासलीवाल) | - |
| ०२ | आत्मयोग (श्रीमद् राजचंद पत्रांक-४६९, ४९१, ६०९ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | २०-०० |
| ०३ | अनुभव संजीवनी (पूज्य भाईश्री शशीभाई द्वारा लिखे गये वचनामृत्तोंका संकलन) | १५०-०० |
| ०४ | आत्मसिद्धि शास्त्र पर प्रवचन (पूज्य गुरुदेवश्री द्वारा) | ५०-०० |
| ०५ | आत्मअवलोकन | - |
| ०६ | बृहद द्रव्यसंग्रह | अनुपलब्ध |
| ०७ | द्रव्यदृष्टिप्रकाश (तीनों भाग-पूज्य श्री निहालचंदजी सोगानीजीके पत्र एवं तत्वचर्चा) | ३०-०० |
| ०८ | दूसरा कुछ न खोज (प्रत्यक्ष सत्पुरुष विषयक वचनामृतोंका संकलन) | ०६-०० |
| ०९ | दंसणमूलो धम्मा (सम्यक्त्व महिमा विषयक आगमोंके आधार) | ०६-०० |
| १० | धन्य आराधना (श्रीमद राजचंद्रजीकी अंतरंग अध्यात्म दशा पर ॉ पूज्य भाईश्री शशीभाई द्वारा विवेचन) | - |
| ११ | दिशा बोध (श्रीमद राजचंद्र पत्रांक-१६६, ४४९, ५७२ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | २५-०० |
| १२ | धन्य पुरुषार्थी | - |
| १३ | धन्य अवतार | - |
| १४ | गुरु गुण संभारणा (पूज्य बहिनश्री चंपाबहिन द्वारा गुरु भक्ति) | १५-०० |
| १५ | गुरु गिरा गौरव | - |
| १६ | जिणसासणं सव्वं (ज्ञानीपुरुष विषयक वचनामृतोंका संकलन) | ०८-०० |
| १७ | कुटुम्ब प्रतिबंध (श्रीमद् राजचंद्र पत्रांक-१०३,३३२,५१०, ५२८,५३७ एवं ३७४ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | २५-०० |
| १८ | कहान रत्न सरिता (परमागमसारके विभिन्न वचनामृतों पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | ३०-०० |

| | | |
|---|---|---|
| १९ | मूलमें भूल (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके विविध प्रवचन) | ०८-०० |
| २० | मुमुक्षुता आरोहण क्रम (श्रीमद राजचंद्र पत्रांक-२५४ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | - |
| २१ | मुक्तिका मार्ग (सत्ता स्वरूप ग्रन्थ पर पूज्य गुरुदेवश्रीके प्रवचन) | १०-०० |
| २२ | निर्भ्रांत दर्शनकी पगडंडी (ले. पूज्य भाईश्री शशीभाई) | १०-०० |
| २३ | परमागमसार (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके १००८ वचनामृत्त) | - |
| २४ | प्रयोजन सिद्धि (ले. पूज्य भाईश्री शशीभाई) | ०४-०० |
| २५ | परिभ्रमणके प्रत्याख्यान (श्रीमद राजचंद्र पत्रांक-१९५, १२८, २६४ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | २०-०० |
| २६ | प्रवचन नवनीत (भाग-१) (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके खास प्रवचन) | २०-०० |
| २७ | प्रवचन नवनीत (भाग-२) (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके खास प्रवचन) | २०-०० |
| २८ | प्रवचन नवनीत (भाग-३) (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके ४७ नय के खास प्रवचन) | २०-०० |
| २९ | प्रवचन नवनीत (भाग-४) (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके ४७ शक्ति के खास प्रवचन) | २०-०० |
| ३० | प्रवचन सुधा (भाग-१) (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके प्रवचनसार परमागम पर धारावाही प्रवचन) | २०-०० |
| ३१ | प्रवचन सुधा (भाग-२) (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके प्रवचनसार परमागम पर धारावाही प्रवचन) | २०-०० |
| ३२ | प्रवचनसार | अनुपलब्ध |
| ३३ | प्रंचास्तिकाय संग्रह | अनुपलब्ध |
| ३४ | सम्यक्ज्ञानदीपिका (ले. श्री धर्मदासजी क्षुल्लक) | १५-०० |
| ३५ | ज्ञानामृत्त (श्रीमद् राजचंद्र ग्रंथमें से चयन किये गये वचनामृत्त) | - |
| ३६ | सम्यग्दर्शनके सर्वोत्तकृष्ट निवासभूत छ पदोंका अमृत पत्र (श्रीमद रादचंद्र पत्रांक-४९३ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | १८-०० |
| ३७ | सिद्धिपका सर्वश्रेष्ठ उपाय (श्रीमद् राजचंद्र ग्रंथमें से पत्रांक-१४७,१९४, २००,५११,५६० एवं ८१९ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | २५-०० |
| ३८ | सुविधि दर्शन (सुविधि लेख पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | ४०-०० |
| ३९ | समयसार नाटक | अनुपलब्ध |
| ४० | समयसार कलस टीका | अनुपलब्ध |
| ४१ | समयसार | अनुपलब्ध |
| ४२ | तत्त्वानुशीलन (भाग-१,२,३) (ले. पूज्य भाईश्री शशीभाई) | २०-०० |
| ४३ | तत्थ्य | अनुपलब्ध |
| ४४ | विधि विज्ञान (विधि विषयक वचनामृत्तोंका संकलन) | १०-०० |
| ४५ | वचनामृत्त रहस्य (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके नाईरौबीमें हुए प्रवचन | २०-०० |
| ४६ | स्वरूप भावना (श्रीमद् राजचंद्र पत्रांक-९१३, ७१० एवं ८३३ पर पूज्य भाईश्री शशीभाई के प्रवचन) | २०-०० |

## वीतराग सत् साहित्य प्रसारक ट्रस्टमें से प्रकाशित हुई पुस्तकोंकी प्रत संख्या

| | | |
|---|---|---|
| ०१ | प्रवचनसार (गुजराती) | १५०० |
| ०२ | प्रवचनसार (हिन्दी) | ४२०० |
| ०३ | पंचास्तिकायसंग्रह (गुजराती) | १००० |
| ०४ | पंचास्तिकाय संग्रह (हिन्दी) | २५०० |
| ०५ | समयसार नाटक (हिन्दी) | ३००० |
| ०६ | अष्टपाहुड (हिन्दी) | २००० |
| ०७ | अनुभव प्रकाश | २१०० |
| ०८ | परमात्मप्रकाश | ४१०० |
| ०९ | समयसार कलश टीका (हिन्दी) | २००० |
| १० | आत्मअवलोकन | २००० |
| ११ | समाधितंत्र (गुजराती) | २००० |
| १२ | बृहद द्रव्यसंग्रह (हिन्दी) | ३००० |
| १३ | ज्ञानामृत (गुजराती) | १०,००० |
| १४ | योगसार | २००० |
| १५ | अध्यात्मसंदेश | २००० |
| १६ | पद्मनंदीपंचविंशती | ३००० |
| १७ | समयसार | ३१०० |
| १८ | समयसार (हिन्दी) | २५०० |
| १९ | अध्यात्मिक पत्रो (पूज्य निहालचंद्रजी सोगानी द्वारा लिखित) | ३००० |
| २० | द्रव्यदृष्टि प्रकाश (गुजराती) | १०,००० |
| २१ | द्रव्यदृष्टि प्रकाश (हिन्दी) | ६६०० |
| २२ | पुरुषार्थसिद्दिउपाय (गुजराती) | ६१०० |
| २३ | क्रमबद्धपर्याय (गुजराती) | ८००० |
| २४ | अध्यात्मपराग (गुजराती) | ३००० |
| २५ | धन्य अवतार (गुजराती) | ३७०० |
| २६ | धन्य अवतार (हिन्दी) | ८००० |
| २७ | परमामगसार (गुजराती) | ५००० |
| २८ | परमागमसरा (हिन्दी) | ४००० |
| २९ | वचनामृत प्रवचन भाग-१-२ | ५००० |
| ३० | निर्भ्रांत दर्शननी केडीए (गुजराती) | ५००० |
| ३१ | निर्भ्रांत दर्शनकी पगडंडी (हिन्दी) | ७००० |
| ३२ | अनुभव प्रकाश (हिन्दी) | २००० |
| ३३ | गुरुगुण संभारणा (गुजराती) | ३००० |
| ३४ | जिण सासणं सव्वं (गुजराती) | २००० |
| ३५ | जिण सासणं सव्वं (हिन्दी) | २००० |
| ३६ | द्वादश अनुप्रेक्षा (गुजराती) | २००० |
| ३७ | दस लक्षण धर्म (गुजराती) | २००० |
| ३८ | धन्य आराधना (गुजराती) | १००० |
| ३९ | धन्य आराधना (हिन्दी) | १५०० |
| ४० | प्रवचन नवनीत भाग-१-४ | ५८५० |
| ४१ | प्रवचन प्रसाद भाग-१-२ | २३०० |
| ४२ | पथ प्रकाश (गुजराती) | २००० |
| ४३ | प्रयोजन सिद्धि (गुजराती) | ३५०० |
| ४४ | प्रयोजन सिद्धि (हिन्दी) | २५०० |
| ४५ | विधि विज्ञान (गुजराती) | २००० |
| ४६ | विधि विज्ञान (हिन्दी) | २००० |
| ४७ | भगवान आत्मा (गुजराती) | २००० |
| ४८ | सम्यक्ज्ञानदीपिका (गुजराती) | १००० |
| ४९ | सम्यक्ज्ञानदीपिका (हिन्दी) | १५०० |
| ५० | तत्त्वानुशीलन (गुजराती) | ४००० |
| ५१ | तत्त्वानुशीलन (हिन्दी) | २००० |
| ५२ | बीजुं कांई शोध मा (गुजराती) | ४००० |
| ५३ | दूसरा कुछ न खोज (हिन्दी) | २००० |
| ५४ | मुमुक्षुता आरोहण क्रम (गुजराती) | २५०० |
| ५५ | मुमुक्षुता आरोहण क्रम (हिन्दी) | ३५०० |
| ५६ | अमृत पत्र (गुजराती) | २००० |
| ५७ | अमृत पत्र (हिन्दी) | २००० |
| ५८ | परिभ्रमणना प्रत्याख्यान (गुजराती) | १५०० |
| ५९ | परिभ्रमणके प्रत्याख्यान (हिन्दी) | २००० |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ६० | आत्मयोग (गुजराती) | १५०० | ८६ | द्रव्यसंग्रह प्रवचन (भाग-२) | १००० |
| ६१ | आत्मयोग (हिन्दी) | २५०० | ८७ | वचनामृत रहस्य (हिन्दी) | १००० |
| ६२ | अनुभव संजीवनी (गुजराती) | १००० | ८८ | प्रवचन सुधा (भाग-६) | १००० |
| ६३ | अनुभव संजीवनी (हिन्दी) | १००० | ८९ | राज हृदय (भाग-१) | १५०० |
| ६४ | ज्ञानामृत (हिन्दी) | २५०० | ९० | राज हृदय (भाग-२) | १५०० |
| ६५ | वचनामृत रहस्य | १००० | ९१ | अध्यात्मसुधा (भाग-१) | १००० |
| ६६ | दिशा बोध (हिन्दी-गुजराती) | ३००० | ९२ | अध्यात्मसुधा (भाग-२) | १००० |
| ६७ | कहान रत्न सरिता (हिन्दी-गुजराती) | २५०० | ९३ | गुरु गिरा गौरव (भाग-१) | १००० |
| ६८ | प्रवचन सुधा (भाग-१) | १४०० | ९४ | अध्यात्म सुधा (भाग-३) | १००० |
| ६९ | कुटुम्ब प्रतिबंध (हिन्दी-गुजराती) | ३५०० | ९५ | प्रवचन सुधा (भाग-७) | ७५० |
| ७० | सिद्धपद का सर्वश्रेष्ठ उपाय (हिन्दी-गुजराती) | ३००० | ९६ | प्रवचन सुधा (भाग-८) | ७५० |
| | | | ९७ | राज हृदय (भाग-३) | ७५० |
| ७१ | गुरु गिरा गौरव (हिन्दी-गुजराती) | ३००० | ९८ | मुक्तिनो मार्ग (गुजराती( | १००० |
| ७२ | आत्मसिद्धि शास्त्र पर प्रवचन | ७५० | ९९ | प्रवचन नवनीत (भाग-३) | १००० |
| ७३ | प्रवचन सुधा (भाग-२) | ७५० | १०० | प्रवचन नवनीत (भाग-४) | १००० |
| ७४ | समयसार दोहन | ७५० | १०१ | प्रवचन सुधा (भाग-९) | ७५० |
| ७५ | गुरु गुण संभारणा | ७५० | १०२ | गुरु गिरा गौरव (भाग-२) | ७५० |
| ७६ | सुविधिदर्शन | १००० | १०३ | प्रवचन सुधा (भाग-२) हिन्दी | १००० |
| ७७ | समकितनुं बीज | १००० | १०४ | प्रवचन सुधा (भाग-१०) (गुजराती) | ७५० |
| ७८ | स्वरूपभावना | १००० | १०५ | प्रवचन सुधा (भाग-११) (गुजराती) | ७५० |
| ७९ | प्रवचन सुधा (भाग-३) | १००० | १०६ | धन्य आराधक (गुजराती) | ७५० |
| ८० | प्रवचन सुधा (भाग-४) | १००० | १०७ | अध्यात्म सुधा (भाग-४) | ७५० |
| ८१ | कार्तिकेयानुप्रेक्षा प्रवचन भाग-१ | १००० | १०८ | प्रवचन सुधा (भाग-३) हिन्दी | १००० |
| ८२ | कार्तिकेयानुप्रेक्षा प्रवचन भाग-२ | १००० | १०९ | स्वरूप भावना (हिन्दी) | १००० |
| ८३ | सुविधि दर्शन (हिन्दी) | १००० | ११० | छः ढाला प्रवचन (गुजराती) (भाग-१) | १००० |
| ८४ | प्रवचन सुधा (भाग-५) | १००० | १११ | छः ढाला प्रवचन (गुजराती) (भाग-२) | १००० |
| ८५ | द्रव्यसंग्रह प्रवचन (भाग-१) | १००० | ११२ | छः ढाला प्रवचन (गुजराती) (भाग-३) | १००० |

## પાઠકોની નોંધ માટે

ॐ

શ્રી વીતરાગાય નમઃ

# અધ્યાત્મ સુધા

(ભાગ-૫)

પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના 'બહેનશ્રીનાં વચનામૃત'
ગ્રંથ ઉપરના પ્રવચનો
(વચનામૃત ૧૬૬ થી ૧૯૬)

પ્રકાશક
વીતરાગ સત્ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ
ભાવનગર

v **પ્રકાશક અને પ્રાપ્તિ સ્થાન :**
v **વીતરાગ સત્ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ**
૫૮૦, જૂની માણેકવાડી,
પૂજ્ય ગુરુદેવશ્રી કાનજી સ્વામી માર્ગ
ભાવનગર-૩૬૪૦૦૧
ફોન : (૦૨૭૮) ૨૪૨૩૨૦૭/ ૨૫૧૫૦૦૫
v **ગુરુ ગૌરવ**
**શ્રી કુંદકુંદકહાન જૈન સાહિત્ય કેન્દ્ર,**
પૂજ્ય સોગાનીજી માર્ગ, સોનગઢ.
v શ્રી ખીમજીભાઈ ગંગર (મુંબઈ) :
(૦૨૨) ૨૬૧૬૧૫૯૧
v શ્રી ડોલરભાઈ હેમાણી (કોલકાટા) :
(૦૩૩) ૨૪૭૫૨૬૯૭

v પ્રથમાવૃત્તિ : પ્રત : ૫૦૦, ૦૫-૦૯-૨૦૦૯, ઉત્તમ ક્ષમાવણી દિન
v પૃષ્ઠ સંખ્યા : ૮ + ૪૮૪ = ૪૯૨
v પડતર કિંમત : ૨૦૦/- મૂલ્ય : ૨૦/-

**લેસર ટાઈપ સેટિંગ :**
**પૂજા ઇમ્પ્રેશન્સ**
પ્લોટ નં. ૧૯૨૪/બી, ૬/ શાંતિનાથ બંગ્લોઝ,
શશીપ્રભુ ચોક, શશીપ્રભુ માર્ગ,
રૂપાણી સર્કલની પાસે,
ભાવનગર-૩૬૪૦૦૧
મો. ૯૭૨૫૨૫૧૧૩૧

**મુદ્રક :**
**ભગવતી ઑફસેટ**
૧૫/સી, બંસીધર મિલ કંપાઉન્ડ
બારડોલપુરા,
અહમદાવાદ–૩૮૦૦૦૪
ફોન : ૯૮૨૫૩૨૬૨૦૨

# પ્રસ્તાવના

પરમ આપ્ત સર્વજ્ઞ વીતરાગદેવ પ્રણીત પૂર્ણ નિર્દોષ થઈ સંપૂર્ણ સુખી થવાનો માર્ગ, પરંપરા આચાર્ય ભગવંતો દ્વારા તથા સત્પુરુષો દ્વારા વર્તમાનમાં જીવંત રહ્યો છે તે આપણા સૌનું મહાન સદ્‌ભાગ્ય છે. વર્તમાનકાળમાં **'સીમંધર'** ભગવાનની સાક્ષાત્ દિવ્યદેશના સાંભળીને આપણને સૌને તેનું રસપાન કરાવ્યું એવા સદ્ધર્મપ્રવર્તક શાસન શિરોમણિ અધ્યાત્મદિવાકર પૂજ્ય ગુરુદેવશ્રી **'કાનજીસ્વામી'**નો આપણા સૌ ઉપર અવિસ્મરણીય ઉપકાર વર્તી રહ્યો છે. તેઓશ્રીના પુનિત પ્રભાવનાના મંગલકારી યોગે માર્ગપ્રાપ્તિની દિવ્ય શિખા પ્રજ્વલિત રહેવા પામી છે. એ દિવ્ય દિપકની જ્યોતથી જેમના હૃદયસિંહાસનમાં જ્ઞાયકદેવના મંગલ પધરામણા થયા અને અપૂર્વ ભવાંતકારી સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થઈ, એવા પ્રશમમૂર્તિ ધન્યાવતાર ભગવતી માતા પૂજ્ય બહેનશ્રી **'ચંપાબહેન'**નો વર્તમાન મુમુક્ષુસમાજ ઉપર ન ભૂલી શકાય એવો ઉપકાર વર્તી રહ્યો છે. ભાવિ તીર્થાધિનાથના ભેટા કરાવનાર તથા અજોડ જ્ઞાનવૈભવધારી પૂજ્ય 'બહેનશ્રી'નો શું મહિમા કરવો !

લઘુવયથી જ પ્રખર વૈરાગ્યધારી, આ ભવમાં જ આત્મહિત કરી લેવા જેવું છે એવી તીખી તમન્ના જેમને સહેજે પ્રગટી અને અપૂર્વ પુરુષાર્થના પરાક્રમ દ્વારા પૂજ્ય 'ગુરુદેવશ્રી'ની દિવ્ય દેશનાને સફળ કરી એવા પૂજ્ય 'બહેનશ્રી'ના અંતર ગુણોનું વર્ણન પામર જીવોથી કઈ રીતે થઈ શકે ? પ્રતિપળ જ્ઞાયક તરફ દોડતી નિર્મળ પરિણતિ દ્વારા સાધનાની અપ્રતિહત અખંડ ધારા જાણે કે ઝટ કેવળજ્ઞાનને બોલાવી રહી છે ! પૂર્ણ શુદ્ધિ તરફની મીટ માંડી એક ક્ષણ પણ જાણે કે અપૂર્ણતામાં રહેવા ન માગતી હોય એવી અખંડ ધારા, સતત જ્ઞાયકદેવથી અભેદ રહેતી ધારા વારંવાર ઉપયોગને નિર્વિકલ્પ કરી અતીન્દ્રિય આનંદમાં રમણતા કરાવી રહી છે. હું ભરતમાં છું કે વિદેહમાં છું તેની પણ જેમને સ્મૃતિ રહેતી નથી એવી અવગાઢ ચિદ્‌પરિણતિના ધારક પૂજ્ય 'બહેનશ્રી'નો મહિમા વચનોમાં કરવો અસંભવ છે.

જૈનની ગીતા એટલે **'બહેનશ્રીનાં વચનામૃત'** ! મુમુક્ષુ માટે અમૃતની વેલડી ! જ્ઞાનીપુરુષોની અંતર પરિણતિ તો નિરંતર અમૃતનું પાન કરી જ રહી છે સાથે સાથે નિષ્કારણ કરુણાથી સંસારમાં પરિભ્રમણ કરતા જીવો પણ આ અમૃતનું પાન કરે એવી વિશાળ ભાવનાથી તેમના શ્રીમુખેથી મુખરિત થયેલા વચનોને પણ 'અમૃત'ની ઉપમા અપાય છે કેમકે આ વચનરૂપી અમૃતનું પાન કરી મુમુક્ષુ જીવ પણ મુક્તિરમાના અમૃતસુખનો ભોગી થાય છે. એક બાજુ દિવ્ય દેશનાનો ધોધ વહેવડાવનાર તીર્થંકરનું દ્રવ્ય હોય અને બીજી બાજુ દિવ્યદેશનાને ગ્રહણ કરનાર ગણધરનું દ્રવ્ય ! પછી તો પૂછવું જ શું !! એવા ગણધરદેવ દ્વારા ઝીલાયેલી દિવ્ય દેશનાનું મૂલ્ય કઈ

રીતે થાય ?

એવા પૂજ્ય બહેનશ્રી **'ચંપાબહેન'**ના વચનામૃતો ઉપર નિષ્કારણ કરુણાશીલ, અધ્યાત્મ સુધાનું પાન કરાવનાર, અધ્યાત્મનું રહસ્ય પ્રગટ કરનાર, મુમુક્ષુઓના પરમ તારણહાર પૂજ્ય ભાઈશ્રી **'શશીભાઈ'**ના આ પ્રવચનોનું પુસ્તક **'અધ્યાત્મ સુધા' ભાગ–૫** પાઠકના હસ્તકમળમાં મૂકતાં અમને અત્યંત હર્ષોલ્લાસ થાય છે. જ્ઞાનીપુરુષનું હૃદયગાંભીર્ય, તેમના વચનોમાં નિહિત માર્ગપ્રાપ્તિનું રહસ્ય, અખંડ મોક્ષમાર્ગ ઇત્યાદિક અનેક વિષયોની છણાવટ કરતા પૂજ્ય 'ભાઈશ્રી'ના આ પ્રવચનો મુમુક્ષુજીવ માટે અમૃતરસની લહાણ છે.

ભાવના, મુમુક્ષુની યથાર્થ ભૂમિકા, પ્રેરણા, પુરુષાર્થ, કર્તવ્ય, ગુરુ મહિમા, દ્રવ્યદૃષ્ટિ, જ્ઞાનીપુરુષની અંતર્‌બાહ્ય દશા, ભેદજ્ઞાન, દેવ-ગુરુ-શાસ્ત્રનું સ્વરૂપ, મુનિદશા આદિ અનેકાનેક પ્રયોજનભૂત વિષયોનું સ્પષ્ટીકરણ કરતા પૂજ્ય 'ભાઈશ્રી'ના આ પ્રવચનો મુમુક્ષુજીવ માટે એક 'પ્રવચનઉદધિ' સમાન છે. અનેક રત્નોનો સંગ્રહ જેમાં હિલોળા લઈ રહ્યો છે, જે પ્રવચનોમાં અતીન્દ્રિય આનંદની છોળો ઊછળી રહી છે, પરિપૂર્ણ આત્મહિતની ભાવનાના મોજાઓનો ગુંજારવ થઈ રહ્યો છે, પ્રવચનોના ધવલ–શ્વેત મોજાઓનો સમૂહ સંસારની કાલિમાને ધોઈ નાખવા તત્પર થઈ રહ્યો છે, મિથ્યાત્વરૂપી અંધકારને ભેદવા આ પ્રવચનઉદધિના ઘુઘવાટા થનગનાટ કરી રહ્યા છે, એવા પ્રવચનસમુદ્રમાં ડૂબકી લગાવી મુમુક્ષુ જીવ આત્મહિત સાધે અને અધ્યાત્મસુધાનું પાન કરે એવી ભાવના સાથે આ ગ્રંથનું પ્રકાશન કરતાં અમો કૃતકૃત્યતા અનુભવીએ છીએ.

પૂજ્ય 'બહેનશ્રી'ના એક એક વચનામૃતમાં રહેલ અર્થગાંભીર્ય, વિષયનું ઊંડાણ, તળસ્પર્શી અનુભવપૂર્ણ માર્ગદર્શન, તેઓશ્રીની નિષ્કારણ કરુણા, પૂર્ણતાની ભાવના ઇત્યાદિક અંતરંગ વૈભવયુક્ત અનેકાનેક ગુણોના દર્શન કરાવતા આ પ્રવચનો મુમુક્ષુ જીવને અવશ્ય અવશ્ય આત્મહિતમાં નિમિત્તભૂત થાય તેમ છે.

અંતતઃ પૂર્ણ શુદ્ધિની ભાવનાના ઉમંગોલ્લાસ સહિત, સંસારની કાલિમાને પ્રવચનઉદધિના શ્વેત મોજાઓના સમૂહમાં ધોઈ, અતીન્દ્રિય આનંદની છોળમાં આનંદરસનું રસાસ્વાદન કરતાં કરતાં અપૂર્વ રત્નત્રયરૂપી રત્નોને અંગીકાર કરી મુક્તિરમાને વરીએ એ જ ભાવના સાથે અત્ર વિરામ પામીએ છીએ.

ઇતિ શીવમ્

# પ્રકાશકીય

પ્રસ્તુત ગ્રંથ **'અધ્યાત્મ સુધા'** ભાગ-૫ પ્રકાશિત કરતાં અમોને અત્યંત હર્ષ થાય છે. આ ગ્રંથમાં **'બહેનશ્રીનાં વચનામૃત'** ગ્રંથ ઉપર કરુણાસાગર પૂજ્ય ભાઈશ્રી **'શશીભાઈ'** દ્વારા થયેલ પ્રવચનોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ ગ્રંથમાં ૩૧ વચનામૃત ઉપર થયેલા કુલ ૨૭ પ્રવચનો છે.

શ્રી સીમંધર સ્વામી દિગંબર જિન મંદિર, ભાવનગરમાં ૧૯૮૬માં આ પ્રવચનો થયેલા છે. કુલ ૩૫૫ જેટલા પ્રવચનોને ૧૧ ભાગમાં પ્રકાશિત કરવાની ભાવનાના ફળસ્વરૂપે આ પાંચમા ભાગનું પ્રકાશન કરવામાં આવી રહ્યું છે. ભાવનગર સ્થિત **'શ્રી શશીપ્રભુ સાધના સ્મૃતિ મંદિર'**માં નિયમિતપણે ચાલતા રોજના સી.ડી. પ્રવચનોમાં 'બહેનશ્રીનાં વચનામૃત' ગ્રંથ ઉપરના બધા જ પ્રવચનો સાંભળતાં એમ લાગ્યું કે જો આ પ્રવચનો પુસ્તકાકારરૂપે પ્રકાશિત કરવામાં આવે તો સમસ્ત મુમુક્ષુ સમાજને લાભનું કારણ થાય. તેથી ઉત્તમ ક્ષમાવણી દિન પ્રસંગે પાંચમા ભાગનું પ્રકાશન કરતાં અત્યંત હર્ષોલ્લાસ થાય છે.

પૂજ્ય 'બહેનશ્રી'ના સાદી ભાષામાં લખાયેલા આ વચનામૃતોની અંદર રહેલો ઊંડો મર્મ, આશય અને રહસ્યને પૂજ્ય ભાઈશ્રી **'શશીભાઈ'**એ સ્વયંની મૌલિક રોચક અને રસપ્રદ શૈલીમાં ખોલ્યા છે. પૂજ્ય 'ગુરુદેવશ્રી'એ 'બહેનશ્રીનાં વચનામૃત' ગ્રંથની મુક્તકંઠે જે પ્રશંસા ગાઈ છે તે સૌને સુવિદિત છે. તેનું કારણ ખોલતાં પૂજ્ય ભાઈશ્રી ફરમાવે છે કે, આ ગ્રંથમાં મુમુક્ષુજીવને ઉપયોગી એવું માર્ગદર્શન ભરપૂર માત્રામાં છે જે મુમુક્ષુજીવને મોક્ષમાર્ગ પર્યંત પહોંચવામાં પ્રકાશસ્તંભરૂપ છે. અનેક વિષયોને આવરી લેતા એવા એકેએક બોલમાં કેટલું ઊંડાણ રહેલું છે તે પ્રવચનો વાંચતાં પાઠકવર્ગને અવશ્ય પ્રતીતિમાં આવી શકશે. મુમુક્ષુજીવની જઘન્યભૂમિકાથી માંડીને મધ્યમ અને ઉત્કૃષ્ટ ભૂમિકા પર્યંતમાં મુમુક્ષુજીવે કેવી રીતે આગળ વધવું અને ક્યા પ્રકારે અટકી ન જવાય તેની સાવધાની અને જાગૃતિ રાખવી, તે સંબંધિત અનુભવપૂર્ણ સ્પષ્ટ માર્ગદર્શન પૂજ્ય 'બહેનશ્રીનાં વચનામૃત'ના આધારે આપેલ છે.

પ્રસ્તુત ગ્રંથના પ્રવચનોને સૌ પ્રથમ સી.ડી.માંથી સાંભળીને અક્ષરશઃ લખી લઈ તેનું સંપાદન કરવામાં આવેલ છે. પ્રવચનોમાં જ્યાં વ્યક્તિગત નામ બોલાયા હોય તે લેવામાં નથી આવેલ. શ્રોતાગણમાંથી આવેલ પ્રશ્ન જ્યાં સ્પષ્ટપણે સંભળાતા નથી ત્યાં ડોટ ડોટ કરીને

ખાલી જગ્યા છોડવામાં આવી છે તથા વાક્યરચના પૂર્ણ કરવા અર્થે જરૂર લાગી ત્યાં કૌંસ ભરવામાં આવ્યા છે. આ જ પ્રવચનોને મુદ્રણકાર્ય માટે મોકલતાં પહેલાં ફરીથી એક વાર સી.ડી.માંથી સાંભળીને તપાસી લેવામાં આવે છે જેથી કોઈ ત્રુટી રહી જવા પામી હોય તો તે નીકળી જાય. તેમ છતાં પ્રસ્તુત ગ્રંથના સંપાદનકાર્યમાં કોઈ ક્ષતિ રહી જવા પામી હોય તો તેની જિનવાણીમાતા પ્રત્યે ક્ષમાયાચના કરવામાં આવે છે. પાઠકવર્ગને કોઈ ક્ષતિ જાણમાં આવે તો અવશ્ય જાણ કરે. અનુક્રમણિકામાં ક્યા બોલમાં ક્યો વિષય છે તે પાઠકોની સુવિધા અર્થે આપવામાં આવેલ છે. આ વર્ગીકરણ પૂજ્ય 'ભાઈશ્રી' દ્વારા કરવામાં આવેલ છે.

ગ્રંથના પ્રકાશન કાર્યમાં જે જે મુમુક્ષુઓનો સહકાર પ્રાપ્ત થયો છે તેમનો અત્ર હૃદયપૂર્વક આભાર માનવામાં આવે છે. ગ્રંથના પ્રકાશન અર્થે પ્રાપ્ત દાનરાશિનું સાભાર વિવરણ અન્યત્ર આપેલ છે. ગ્રંથના સુંદર ટાઈપ સેટીંગ માટે પૂજા ઇન્પ્રેશન્સનો તથા સુંદર મુદ્રણકાર્ય માટે ભગવતી ઑફસેટનો આભાર માનવામાં આવે છે.

અંતતઃ વીતરાગ જિનવાણીના પ્રકાશન કાર્યમાં મન, વચન, કાયાથી અજાગૃતિપૂર્વક પ્રમાદવશ જે કોઈ ભૂલ રહી ગઈ હોય તો જન્મ-મરણના ભયસહિત વીતરાગ દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યે ક્ષમા યાચીએ છીએ અને આ અધ્યાત્મ સુધારસનું પાન કરી શીઘ્ર સૌ આત્મહિતને પામે એવી ભાવના સાથે અત્ર વિરામ પામીએ છીએ.

શ્રાવણ વદ ૨, તા. ૦૭-૦૮-૨૦૦૯
(પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનનો ૯૬ મો જન્મજયંતી મહોત્સવ)

ટ્રસ્ટીગણ
વીતરાગ સત્ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ
ભાવનગર

# અનુક્રમણિકા


| પ્ર. ક્રમાંક | તારીખ | બોલ | વિષય | પૃષ્ઠ સંખ્યા |
|---|---|---|---|---|
| ૧૨૨ | ૧૮-૭-૮૭ | ૧૬૬ / ૧૬૭ | વિધિ / શ્રીગુરુ મહિમા | ૦૦૧ |
| ૧૨૩ | ૧૯-૭-૮૭ | ૧૬૭ | શ્રીગુરુ મહિમા | ૦૨૨ |
| ૧૨૪ | ૨૦-૭-૮૭ | ૧૬૮ | જ્ઞાનીની દશા | ૦૪૧ |
| ૧૨૫ | ૨૧-૭-૮૭ | ૧૬૯ / ૧૭૦ | ધન્ય મુનિદશા / પ્રેરણા | ૦૬૨ |
| ૧૨૬ | ૨૨-૭-૮૭ | ૧૭૦ / ૧૭૧ | પ્રેરણા / સ્વરૂપ મહિમા–માર્ગદર્શન | ૦૮૧ |
| ૧૨૭ | ૨૩-૭-૮૭ | ૧૭૧ | સ્વરૂપ મહિમા–માર્ગદર્શન | ૧૦૨ |
| ૧૨૮ | ૨૫-૭-૮૭ | ૧૭૨ | જ્ઞાનીની દશા | ૧૨૦ |
| ૧૨૯ | ૫-૮-૮૭ | ૧૭૩ | વસ્તુ સ્વરૂપ | ૧૩૫ |
| ૧૩૦ | ૧૧-૮-૮૭ | ૧૭૪ / ૧૭૫ | જ્ઞાનીની દશા | ૧૫૩ |
| ૧૩૧ | ૧૨-૮-૮૭ | ૧૭૫ | જ્ઞાનીની દશા | ૧૬૯ |
| ૧૩૨ | ૧૪-૮-૮૭ | ૧૭૬ / ૧૭૭ | દેવ મહિમા / જ્ઞાનીની દશા | ૧૮૭ |
| ૧૩૩ | ૧૫-૮-૮૭ | ૧૭૮ | ભેદજ્ઞાન | ૨૦૫ |
| ૧૩૪ | ૧૬-૮-૮૭ | ૧૭૯ | માર્ગદર્શન | ૨૨૩ |
| ૧૩૫ | ૧૭-૮-૮૭ | ૧૮૦ | યથાર્થ ભૂમિકા | ૨૪૧ |
| ૧૩૬ | ૧૮-૮-૮૭ | ૧૮૧ | જ્ઞાનીની દશા | ૨૫૯ |
| ૧૩૭ | ૧૯-૮-૮૭ | ૧૮૨ | ભેદજ્ઞાન | ૨૭૮ |
| ૧૩૮ | ૨૧-૮-૮૭ | ૧૮૩ | સ્વરૂપ મહિમા | ૨૯૫ |
| ૧૩૯ | ૨૨-૮-૮૭ | ૧૮૪ | કર્તવ્ય | ૩૧૫ |
| ૧૪૦ | ૨૪-૮-૮૭ | ૧૮૬/ ૧૮૭ | ધન્ય મુનિદશા | ૩૩૭ |
| ૧૪૧ | ૨૬-૮-૮૭ | ૧૮૮ | ધન્ય મુનિદશા | ૩૫૫ |
| ૧૪૨ | ૨૭-૮-૮૭ | ૧૮૯ | માર્ગદર્શન | ૩૭૪ |
| ૧૪૩ | ૨૮-૮-૮૭ | ૧૯૦ | સંસારનું કારણ | ૩૮૮ |
| ૧૪૪ | ૩૦-૮-૮૭ | ૧૯૧ | જ્ઞાનીની દશા | ૪૦૬ |
| ૧૪૫ | ૨૮-૯-૮૭ | ૧૯૨ / ૧૯૩ | ધન્ય મુનિદશા / જ્ઞાનીની દશા | ૪૨૩ |
| ૧૪૬ | ૨૯-૯-૮૭ | ૧૯૩ | જ્ઞાનીની દશા | ૪૪૦ |
| ૧૪૭ | ૩૦-૯-૮૭ | ૧૯૪ / ૧૯૫ / ૧૯૬ | શ્રીગુરુ મહિમા / કર્તવ્ય / વસ્તુસ્વરૂપ | ૪૫૬ |
| ૧૪૮ | ૦૨-૧૦-૮૭ | ૧૯૬ | વસ્તુસ્વરૂપ | ૪૭૨ |

## 'અધ્યાત્મ સુધા' ભાગ–પના પ્રકાશનાર્થે પ્રાપ્ત દાનરાશિનું સાભાર વિવરણ

| | |
|---|---|
| જમનાદાસ હેમચંદ હેમાણી ચેરિટેબલ ટ્રસ્ટ, કોલકાટા દ્વારા | |
| સ્વ. પ્રાણકુંવરબહેન હેમાણીના સ્મરણાર્થે, હ. શ્રી ડોલરભાઈ હેમાણી | ૨૫,૦૦૦/- |
| શ્રીમતી ચંદ્રિકાબહેન શશીકાંતભાઈ શેઠ, ભાવનગર | ૫,૦૦૦/- |
| શ્રીમતી મીનાબહેન ઝવેરીભાઈ સાવલા, મુંબઈ | ૫,૦૦૦/- |
| શ્રી શાંતિલાલ વેલજી ડેડિયા, મુંબઈ | ૫,૦૦૦/- |
| શ્રી પ્રતીકભાઈ ઝવેરીભાઈ સાવલા, મુંબઈ | ૩,૦૦૦/- |
| શ્રી ન્યાલચંદ વીરચંદ વોરા પરિવાર, ભાવનગર | ૨,૫૦૦/- |
| શ્રી હેમંતભાઈ શાહ, મુંબઈ | ૨,૫૦૦/- |
| શ્રી પિયુષભાઈ ભાયાણી, કોલકાટા | ૨,૧૦૦/- |
| એક મુમુક્ષુ, મુંબઈ | ૨,૦૦૦/- |
| શ્રી પરિચંદજી ઘોષાલ, કોલકાટા | ૧,૦૦૦/- |
| શ્રીમતી જયાબહેન જયંતીલાલ દોશી, બોરીવલી-મુંબઈ | ૧,૦૦૦/- |
| એક મુમુક્ષુ, કોલકાટા | ૫૦૧/- |
| શ્રીમતી ચારૂબહેન જૈન, ભાવનગર | ૫૦૧/- |
| શ્રીમતી સ્નેહલતાબહેન જયેન્દ્રભાઈ શાહ, ભાવનગર | ૨૫૧/- |
| સ્વ. કસ્તુરીબહેન લક્ષ્મીચંદ શાહ, અમદાવાદ, હ. કનુભાઈ શાહ | ૨૫૧/- |
| સ્વ. મધુબહેન કનુભાઈ શાહ, અમદાવાદ, હ. કનુભાઈ શાહ | ૨૫૧/- |